بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصْحَابِكَ یَا حَبِیْبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


| | | |
|---|---|---|
| **કિતાબનું નામ** | : | **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (ભાગ : 3)** |
| **અઝ** | : | **હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہ |
| **અનુવાદક** | : | **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* |
| | | મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com** |
| **કંપોઝિંગ & ડિઝાઈન** | : | સાદિક્ યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮૧૭૩૯૯) |
| | : | મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮૬૨૭૨૮) |
| **પેજીસ** | : | ૫૫૨ ★ **કિંમત : ₹300/-** ★ **આવૃત્તિ** : પ્રથમ |
| **પ્રકાશન વર્ષ** | : | ૧૪ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૩ ★ **પ્રકાશન નં. :** ૨૬૫ |
| | | અંગ્રેજી તા. ૧૬/એપ્રિલ/૨૦૨૨, શનિવાર |
| **પ્રાપ્તિસ્થાન** | : | **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** |
| | | મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, |
| | | ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧ |
| | | **Email : anjuman2006@hotmail.com** |
| | | **www.barkatekhwaja.net** |

**પ્રકાશકો**

| ★ નકલ : ૧૧૦૦ | ★ નકલ : ૫૦૦ |
|---|---|
| **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** |
| C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** | C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** |
| તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, | તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, |
| ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, | ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, |
| મો. ૯૪૨૭૪૬૪૪૧૧ | મો. ૯૪૨૭૪૬૪૪૧૧ |

| | |
|---|---|
| **બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000303** | **Mo. 9427464411** |
| **Razvi Kitab Ghar, IFSC Code : BARB0DAYADR** | **(PhonePe/G.Pay/Paytm)** |


**નોંધ : અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૮૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે.

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા.....


| | |
|---|---|
| **કલેમાતે ખૈર...** *(મુહમ્મદશાકિર નૂરી રઝવી–મુંબઈ)* | 24 |
| **પ્રકાશકના બે બોલ....** *(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 25 |
| **ઝકાત વિશે પ્રકરણ** | 27 |
| **વિભાગ–૧** | |
| ઝકાતની સંખ્યા અને શર્તો | 27 |
| ઝકાત અન્ય સ્થળે મોકલવી જાઈઝ | 29 |
| ઝકાતમાં મધ્યમ માલ લેવામાં આવે | 29 |
| જાલિમ તથા રબની વચ્ચે કોઈ આડ કે પર્દો નથી | 29 |
| ગૈર ઝકાતી માલને આગ પર ગરમ કરીને તેમના માલિકની પેશાની ડામવામાં આવશે | 29 |
| જે ઊંટોની ઝકાત અદા ન કરી તેઓ પોતાના માલિકોને કયામતમાં કચડશે | 30 |
| ઝકાત આપ્યા વિનાની ગાય, બકરી પોતાના માલિકોને શીંગડાથી મારશે | 30 |
| ઘોડો સવાબનો સબબ છે | 30 |
| ઘોડાની ઝકાતનો હુકમ | 34 |
| જેહાદનો સામાન જમા કરવો સવાબનો સબબ છે | 34 |
| કયામતમાં દરેક બુરા ભલાને જોશે | 35 |
| ઝકાત ન આપાયેલો માલ બોડા સાપના રૂપમાં જાહેર થઈને પોતાના માલિકને કરડશે | 35 |
| કયામતમાં જિન તથા ઈન્સાનની જેમ જાનવર પણ ઝિંદા થશે | 36 |
| આમિલથી માલ છુપાવીને ઝકાત બચાવવી હરામ છે | 37 |
| સહાબા સદકા હુઝૂર ﷺના હાથથી અપાવતા અને હુઝૂર ﷺ દુઆઓ આપતા | 37 |
| અલ્લાહ રસૂલ માલદાર (ગની) કરે છે | 38 |
| વકફનો મસ્અલો | 39 |
| હાકિમોએ લાંચ વગેરે લેવું હરામ છે | 40 |
| આમિલનું હદિયા (તોહફા) રૂપે સોય લેવું પણ હરામ છે/શરઈ હીલો જાઈઝ છે | 42 |
| સંગ્રહખોરી કરવી હરામ | 43 |
| સૌથી બેહતર ઝખીરો નેક તથા આજ્ઞાંકિત પત્ની છે | 44 |
| આમિલોને રાજી કરો જુલ્મના તે ખુદ જિમ્મેદાર ઠરશે | 45 |
| આમિલ સાચો મુજાહિદ છે | 46 |
| આમિલને મજૂરી તથા સવાબ બંને મળે છે | 46 |
| ઝકાત ઘરે જઈને માલ જોઈને વસૂલ કરવામાં આવે, વરસ પસાર થવા પર ઝકાત વાજિબ છે | 47 |
| વરસ પૂર્ણ થતા પહેલાં આપી શકે છે. | 47 |
| હઝરત સિદ્દીકે અકબરનું ઝકાત ન આપનારાઓ પર લશ્કર મોકલવું તથા જંગ | 49 |
| માલ બોડો સાપ બનીને માલિકની આંગળીઓ ચાવશે | 51 |

| | |
|---|---|
| માલ સાપના રૂપમાં ગળાનો હાર બનશે | 52 |
| આલિમ તથા સૂફી જે ઈલ્મના ફયઝમાં કંજૂસી વર્તે તે માલના કંજૂસ કરતાં અધિક મુજરિમ છે | 52 |
| હરામ માલ હલાલને પણ બર્બાદ કરી દે છે | 52 |
| કઈ ચીજમાં ઝકાત વાજિબ છે ? (પ્રકરણ) | 54 |
| જાનવર, સોનુ ચાંદી તથા વેપારના માલમાં ઝકાત છે | 54 |
| વસક, સાઅ, રતલની સહીહ તેહક઼ીક઼/વેપારના ઘોડાઓમાં ઝકાત | 55 |
| ઉશ્ર વિશે ઈમામે આ'ઝમ અને રવાફેઅનો મતભેદ તથા દલીલો, ઔક઼િયા, દિરહમ અને મિષ્કાલનું વજન | 55 |
| પોતાના ખિદમતી ગુલામ તથા જાનવરમાં ઝકાત નથી | 55 |
| ગુલામનો સદક઼એ ફિત્ર આપવામાં આવશે, નોકરનો નહીં | 55 |
| જાલિમ હાકિમની ઈતાઅત (આજ્ઞાપાલન) વાજિબ નથી | 58 |
| ઊંટોની ઝકાતના વિગતવાર મસાઈલ | 58 |
| બકરીઓની ઝકાતના વિગતવાર મસાઈલ, વિના અયબનુ મધ્યમ કક્ષાનુ જાનવર આપવામાં આવશે | 60 |
| ન આમિલ અધિક વસૂલ કરવાની કોશિશ કરે અને ન માલિક અદાયગીમાં હુજ્જત કરે | 61 |
| ચાંદીમાં ચાલીસમો હિસ્સો છે | 61 |
| અનાજ વગેરેમાં દસમો તથા વીસમો હિસ્સો છે | 62 |
| જાનવરના ઝખ્મી કરવાથી અથવા કૂવા કે ખાણમાં પડીને મરે તો માલિક પર ક઼ેસાસ નથી | 62 |
| ખાણમાં પાંચસો હિસ્સો લેવામાં આવશે અને તેના હુકમો | 62 |
| હનફીઓ તથા શાફઈઓનો મતભેદ | 62 |
| ચાંદી તથા સોનાની ઝકાત તથા નિસાબના મસાઈલ | 63 |
| ઘર વપરાશના સામાન તથા જાનવરોમાં ઝકાત નથી | 64 |
| બકરી, ગાય, ભેંસ તથા ઊંટનો નિસાબ તથા ઝકાત | 64 |
| ઝકાતમાં ટાળ મટોળ તથા ખામીયુક્ત માલ આપનાર ન આપનારની જેમ છે | 65 |
| ઘઉં, જવ, ખજૂર તથા સૂકી દ્રાક્ષની ઉપજમાં ઝકાત છે | 66 |
| મધની ઝકાતના મસાઈલ | 68 |
| સોના ચાંદીનાં ઘરેણામાં નિસાબની શર્તે ઝકાત ફર્ઝ છે | 69 |
| ઘરેણાની ઝકાત ન આપનારીએ જહન્નમમાં આગના ઘરેણાં પહેરવાં પડશે | 69 |
| ઝકાત અદા કરવાથી માલ કન્ઝના હુકમમાં નથી રહેતો | 70 |
| વેપારના માલ સામાનમાં ઝકાત અનિવાર્યપણે અદા કરવાની છે | 72 |
| ઝકાત વાજિબ ન થવાની સ્થિતિઓ | 73 |
| સદક઼એ ફિત્રનું પ્રકરણ | 74 |
| સાઅની સ્પષ્ટતા વજનની તેહક઼ીક઼ | 74 |
| સદક઼એ ફિત્ર કોના પર વાજિબ છે ? | 75 |
| સદક઼ો ક્યારે અને કેટલો કાઢે ? | 75 |

| | |
|---|---|
| જવ, જવાર સાઅ, ઘઉં અડધો સાઅ, બાકી અનાજ તેમની કિંમતના બરાબર | 76 |
| કોને સદકો હલાલ નથી | 79 |
| સદકો, હદિયો, નઝરાણુ, અતિયો વગેરેનો તફાવત | 79 |
| સાદાત તથા આલે હાશિમે ઝકાત તથા (વાજિબ) સદકો લેવું હરામ | 79 |
| સદકો માલનો મેલ છે. | 80 |
| હુઝૂર ﷺ હદિયો ઉપયોગમાં લેતા અને સદકો વહેંચી દેતા | 81 |
| હીલો જાઈઝ હોવું / સદકો લેનાર પર ખત્મ થયો / જેને આપે તે હદિયો છે | 82 |
| બની હાશિમના ગુલામોએ ઝકાત લેવી હરામ | 82 |
| આઠ પ્રકારના લોકો ઝકાત લઈ શકે છે | 86 |
| સદકાના બારામાં હઝરત ઉમરની સાવધાની | 89 |
| માગવું કોના માટે હલાલ નથી (પ્રકરણ) | 90 |
| કેવળ ત્રણ વ્યક્તિઓ સવાલ કરી શકે છે, અન્યો માટે હરામ છે | 90 |
| સખત જરૂરત વિના સવાલ કરવો દોઝખમાં લઈ જશે | 92 |
| સવાલમાં જીદ કરવી અને જે મળે તે ન લેવું હરામ | 93 |
| મામૂલીથી મામૂલી કામ ઈજ્જતનો સબબ છે અને સવાલ કરવો લઅનતનો સબબ | 93 |
| ઉપરનો હાથ નીચેવાળા કરતાં બેહતર | 94 |
| કૌલે હકીમ હુઝૂર ﷺ આપના સિવાય કોઈનાથી સવાલ કરીશ નહીં. | 94 |
| ઉંચો હાથ દેવાવાળો નીચે હાથ લેવાવાળો | 95 |
| જે સવાલથી બચવા ચાહે અલ્લાહ તેને સવાલથી બચાવે છે | 96 |
| સબ્ર સૌથી શ્રેષ્ઠ | 96 |
| ગિનાએ ઉમર رضی اللہ عنہ | 97 |
| જે સવાલ તથા તલબ વગર મળે લઈ લો | 97 |
| મજબૂરન્ સવાલ જાઈઝ છે | 97 |
| ભીખારીઓનાં મોં કયામતમાં ખુત્રા (જેના મોઢા પર દાણા હોય) અને ઝખ્મી હશે | 98 |
| માણસ ગની કેટલી રકમથી બને છે | 99 |
| ગિના સવાર સાંજનું ખાવા છે | 99 |
| ગરીબ અન્સારીને વેપારના તરીકાની તાલીમ તથા સવાલની મનાઈ | 101 |
| ગરીબીનું પ્રદર્શન કરવાથી ગરીબી દૂર થશે નહીં | 103 |
| ગનાના પ્રદર્શનથી અલ્લાહ તેને ગની કરી દેશે | 103 |
| જે માગ્યા વિના મળે તે લો. આમિલો, ઉલમા, કાઝી, મુદર્રિસોએ પગાર લેવો જાઈઝ | 105 |
| હઝરત અલીએ અરફાતમાં એક ભીખારીને કોરડા માર્યા | 105 |
| જે સવાલ ત્યજી દે તેના માટે હુઝૂર ﷺ જન્નતના જામિન છે | 106 |
| સખાવત તથા કંજૂસી | 108 |

| | |
|---|---|
| જો ઓહદ પહાડ સોનાનો હોય તો ત્રણ દિવસમાં સદક઼ો કરી દઉં | 108 |
| ફરિશ્તા સખીને દુઆ અને બખીલને બદદુઆ આપે છે | 108 |
| જેટલો ખર્ચ કરશો અલ્લાહ પણ એટલુ જ આપશે | 109 |
| રબનું ફર્માન : ખર્ચ કર હું આપીશ | 109 |
| બચેલો માલ ખર્ચ કર, રોકવું (ખર્ચ ન કરવું) બુરુ છે | 110 |
| સખી તથા કંજૂસનું બેહતરીન દષ્ટાંત | 110 |
| કંજૂસી હલાલને હરામ બનાવી દે છે. | 111 |
| કંજૂસી તથા શુહ઼હ઼નો ફરક઼ તથા વ્યાખ્યા | 112 |
| ક઼યામતની નજીક ઝકાત લેનાર મળશે નહીં | 112 |
| જ્યારે ગરીબીનો ડર હોય તો સદક઼ો અધિક કરવો જોઈએ | 113 |
| બેખૌફ આગળ પાછળ ચો તરફ બંને હાથો વડે ખૈરાત કરે | 114 |
| સખી અલ્લાહ તથા જન્નતી લોકોની નજીક, દોઝખથી દૂર, કંજૂસ તેનાથી ઉલ્ટુ | 114 |
| જાહિલ સખી કંજૂસ આબિદથી બેહતર | 115 |
| તંદુરસ્તીની હાલતમાં આપેલ એક દિરહમ મૃત્યુ વેળાની બીમારીના સો દિરહમ કરતાં અફઝલ | 115 |
| મો'મિન કંજૂસ તથા બદ ખુલ્ક઼ (ખરાબ વર્તાવ કરનાર) નથી હોતો | 116 |
| ધોકાબાઝ, કંજૂસ, એહસાન જતાવનાર જન્નતમાં નહીં જાય | 116 |
| બદતરીન આદત કંજૂસી તથા બુઝદિલી છે | 117 |
| હુઝૂર ﷺથી ઉમ્મહાતુલ મોમિનીનનો મોતના વિશે સવાલ જવાબ | 118 |
| એક ઈસ્રાઈલીના સદક઼ાનો બનાવ | 119 |
| એક શખ્સના ખેતરના માટે ખાસ રીતની વર્ષા બનાવ | 121 |
| આંધળા, બોડા અને કોઢીના ઈમ્તેહાનનો કિ઼સ્સો | 123 |
| અલ્લાહના બંદાઓ દાફિઉલ બલા (બલા મુશ્કેલી દૂર કરનાર) છે | 125 |
| જરૂરતમંદ ફક઼ીરને કાંઈ ન કાંઈ આપવું જોઈએ | 128 |
| સાઈલને ગોશ્ત ન આપવાથી ગોશ્ત પથ્થર બની ગયો | 129 |
| જે અલ્લાહના નામ પર ન આપે તે બદતરીન ઈન્સાન છે | 130 |
| માણસ મરતી વખતે કાંઈ ન છોડે, પહેલાં જ વહેંચી આપે | 131 |
| જે ચીજ અલ્લાહની રાહમાં આડ બને તેને તરત દૂર કરવી જોઈએ | 132 |
| ખર્ચ કરો, જમા ન કરો, અલ્લાહ આપશે | 133 |
| સખાવત જન્નતમાં ઝાડ છે | 134 |
| સદક઼ાથી બલા દૂર થાય છે | 135 |
| સદક઼ાની ફઝીલત વિશે | 136 |
| ખૈરાત હલાલ કમાઈથી કરવી જોઈએ, તે જ ક઼બૂલ થાય છે | 136 |
| સદક઼ાનો અલ્લાહ ઉછેર કરે છે અને તે પહાડ જેવો થઈ જાય છે | 136 |

| | |
|---|---|
| ખૈરાતથી માલ ઓછો નથી થતો | 137 |
| માફી આપનાર અને આજીજી કરનારને અલ્લાહ સરબુલંદ કરે છે | 137 |
| જન્નતી જન્નતમાં એ દરવાજાઓએથી દાખલ થશે જે અમલની કષરત કરે | 138 |
| હઝરત સિદ્દીક઼ને સર્વ દરવાજાઓથી જન્નતના દરવાન પુકારશે | 138 |
| હઝરત સિદ્દીક઼ સર્વ ખૂબીઓના માલિક છે | 139 |
| પોતાના પડોશીના હદિયાને તુચ્છ ન સમજો | 140 |
| દરેક નેકી સદક઼ો છે | 140 |
| નાની નેકીને તુચ્છ સમજીને ન છોડો | 140 |
| મઝલૂમની મદદ, નેકી પ્રતિ આકર્ષવું, બુરાઈને રદિયો આપવો સદક઼ો છે | 142 |
| ત્રણસો સાઈઠ સાંધા છે અને દરેક સાંધાનો સદક઼ો એક નેકી છે | 143 |
| ઈન્સાફ, ઘોડા પર સવાર, સારી વાત, નમાઝની તરફ દરેક ક઼દમ, રસ્તામાંથી તકલીફદાયક ચીજ હટાવવી વગેરે સદક઼ો છે | 143 |
| હમ્દ, તકબીર, તહલીલ સદક઼ો છે | 144 |
| હલાલ સોહબત સવાબ તથા સદક઼ો છે | 145 |
| બાગ, ખેતરથી માસણ કે જાનવર, પક્ષીઓ કાંઈક ખાય લે એ સદક઼ો છે | 145 |
| કૂતરાનો જીવ બચાવવાથી એક ઝાનિયાની મગફેરત | 146 |
| એક સ્ત્રી બિલાડીને મારી નાખવાના કારણે અઝાબમાં સપડાઈ | 146 |
| રસ્તાની લાકડી હટાવવા જેટલી ખલ્ક઼ની (લોકોની) ખિદમત જન્નતનો સબબ છે | 147 |
| અબ્દુલ્લાહ ઈબ્ને સલામ સરકારનો ચહેરો જોઈને ઈમાન લાવ્યા | 148 |
| સલામ કરો, સંબંધો જોડો અને તહજ્જુદ પઢો અને જન્નતની બનો | 149 |
| દરેક ભલાઈ સદક઼ો છે, રબના ગઝબ અને બુરી મૌતથી બચાવે છે | 150 |
| ભાઈને જોઈને સ્મિત કરવું સદક઼ો છે | 150 |
| રસ્તો બનાવવો, પાણી પીવડાવવું સદક઼ો છે | 151 |
| બીરે ઉમ્મે સઅ્દ, સઅ્દની માનો કૂવો | 151 |
| ગૈરુલ્લાહ તરફ નિસ્બત કરવાથી હલાલ હરામ નથી થતું | 152 |
| મુસલમાનને કપડુ પહેરાવવાથી જન્નતી લિબાસ અને ખવડાવવાથી ખાણુ મળશે | 153 |
| મુસલમાનને પાણી પીવડાવવાથી જન્નતમાં શરાબ મળશે | 153 |
| માલમાં ઝકાત ઉપરાંત અન્ય હક્ક઼ો પણ છે | 154 |
| પાણી તથા નમક માટે મના કરવું સખત બેમુરવ્વતી છે | 154 |
| ઉજ્જડ જમીનને આબાદ કરવી સવાબ છે | 155 |
| કરજ આપવું ગુલામ આઝાદ કરવા સમાન છે | 155 |
| સહીહ સલામનો જવાબ આપવો વાજિબ | 156 |
| હુઝૂરની દુઆથી મુસીબતો દૂર થાય છે | 156 |

| | |
|---|---|
| ઈન્સાન બલ્કે જાનવરોને પણ કદી ગાળ ન આપી | 156 |
| પાયજામો, તેહબંદ ઘૂંટીઓથી ઉંચો, અયબજોઈ ન કરો | 158 |
| સદક઼ો બાકી રહે છે | 159 |
| જે બીજાને કપડુ આપે છે તેની અલ્લાહ હિફાઝત કરે અને અયબ છુપાવે | 159 |
| ત્રણ વ્યક્તિઓ અલ્લાહને પ્રિય મહબૂબ છે | 159 |
| ખૈરાત કરનાર તમામ આલમ પર ભારી છે | 161 |
| માલની સખાવત કરતાં હાલ તથા કમાલની સખાવત બેહતર છે | 164 |
| એક પ્રકારની બે ચીજો એટલે જોડી આપવી બેહતર છે | 164 |
| સદક઼ો ક઼યામતના દિવસે આપનારા પર સાયો કરશે | 165 |
| દસમી મુહર્રમનો સદક઼ો આખુ વરસ ખુશહાલી કરી દે છે | 165 |
| બેહતરીન સદક઼ા વિશે | 167 |
| સવાબની નિય્યતે પોતાના ઘરનો ખર્ચ સવાબનો સબબ છે | 167 |
| સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ)માં ડબલ સવાબ | 168 |
| હુઝૂરની કુદરતી ધાક દિલો પર | 170 |
| નફલી સદક઼ો પતિ તથા ઔલાદને આપવામાં ડબલ સવાબ | 170 |
| પતિ પત્ની એકબીજાને આપસમાં ઝકાત નથી આપી શકતા | 171 |
| ગુલામ આઝાદ કરવા કરતાં સિલએ રહમી અફઝલ | 173 |
| હદિયાનો અધિક મુસ્તહિક઼ નજીકના દરવાજાવાળો છે | 173 |
| પડોશનો ખયાલ ખૂબ જ જરૂરી છે | 173 |
| કયા લોકોને આપવું બેહતર છે | 174 |
| જેની પાસે અલ્લાહના નામ પર માગવામાં આવે અને ન દે તે બદતર છે | 175 |
| સાઈલને કાંઈક આપો ચાહે બળેલી ખરી હોય | 176 |
| પનાહ માગનારની પનાહ અને દાઈની દાવત ક઼બૂલ કરો | 176 |
| ભલાઈનો બદલો ભલાઈ તથા દુઆ છે | 177 |
| અલ્લાહના નામે કેવળ જન્નત માગો | 177 |
| અલ્લાહથી અલ્લાહને માગો | 178 |
| હઝરત તલ્હા અન્સારીના બાગનો કિ઼સ્સો | 178 |
| لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى | 178 |
| વક઼ફનું એલાન જરૂરી છે | 179 |
| વક઼ફને વક઼ફ કરનાર તથા ગરીબો તથા મુસ્તહિક઼ વાપરી શકે છે | 179 |
| બેહતરીન સદક઼ો ભૂખ્યા જાનદારને ખવડાવવું છે | 180 |
| પતિના માલથી પત્નીને ખૈરાત વિશે | 181 |
| સારી નિય્યતે ખૈરાતનો સવાબ પતિ પત્ની તથા ખજાનચીને છે | 182 |

| | |
|---|---|
| પત્નીને પતિના માલની ખૈરાત કરવાથી અડધો સવાબ મળે છે | 182 |
| મુસલમાન અમાનતદાર ખજાનચી પણ સવાબનો હક઼દાર છે | 182 |
| જીવતાઓની ખૈરાતથી મુડદાંઓને સવાબ મળે છે | 182 |
| બદની ઈબાદતનો સવાબ પણ મુડદાંઓને પહોંચે છે | 182 |
| ખૈરાતમાં પત્નીએ પતિની ઈજાઝત લેવાની જરૂરત છે | 184 |
| દરેક વખતે અલગથી ઈજાઝત લેવાની જરૂરત નથી | 184 |
| ગુલામ આક઼ાના માલથી ખૈરાત કરી શકે છે | 185 |
| કોણ સદક઼ો પરત ન લે | 187 |
| સદક઼ો આપીને પરત લેવો પોતાની ઉલ્ટી ચાટવા બરાબર | 187 |
| શારીરિક તથા માલી ઈબાદતમાં નાયબપણાની ઉમદા સ્પષ્ટતા | 188 |
| **રોઝા વિશે પ્રકરણ : રમઝાનનો અર્થ તથા ફાયદા** | 190 |
| રમઝાનમાં દૌઝખના દરવાજા બંધ અને શૈતાનો કેદ થાય છે | 190 |
| બાબુર્રયહાનનો અર્થ | 191 |
| રોઝામાં ઈશ્ક઼નો ગલ્બો છે | 192 |
| રોઝાનો બદલો ખુદ રબ છે | 192 |
| أُجْزَى તથા أَجْزِىનો તફાવત | 192 |
| રોઝાદારના મોંની બૂ મુશ્કથી બેહતર | 192 |
| રોઝાદાર જંગ વગેરે ન કરે | 192 |
| રમઝાનમાં શૈતાનોને કે઼દ કરી દેવામાં આવે છે | 196 |
| શબે ક઼દ્ર ૨૭મી રાત છે | 197 |
| રોઝા તથા કુર્આન શફાઅત કરશે | 197 |
| શબે ક઼દ્રથી બદનસીબ જ મેહરૂમ રહે છે | 198 |
| રમઝાનમાં નફ્લ ફર્ઝના બરાબર અને ફર્ઝ ૭૦ ફર્ઝો બરાબર | 198 |
| માહે રમઝાનનાં નામો | 200 |
| રોઝાદારને ઈફ્તાર કરાવવાથી જહન્નમથી આઝાદી અને રોઝાનો સવાબ મળે છે | 200 |
| પ્રથમ દસકો રહમત, બીજો મગફેરત, ત્રીજો જહન્નમથી આઝાદી | 201 |
| રમઝાનમાં કે઼દી આઝાદ કરવાનો હુકમ | 201 |
| હૂરો રોઝાદારોથી નિકાહની તમન્ના કરે છે | 202 |
| રમઝાનની અંતિમ રાતે બખ્શિશ થાય છે | 203 |
| **ચાંદ જોવા વિશે પ્રકરણ** | 204 |
| ચાંદના નામ તથા કયા મહીનાના ચાંદ આયોજનપૂર્વક જોવા જોઈએ | 204 |
| શરીઅતમાં ચાંદનો એતબાર છે જંત્રી (કેલેન્ડર) અવિશ્વસનીય | 204 |
| ચાંદ જોઈને રોઝો રાખો અને જોઈને ખોલો / ચાંદ જોયાનું એલાન | 205 |

| | |
|---|---|
| માહે રમઝાન તથા બક્ર ઈદ બંને ૨૯–૩૦ હોવાની તેહકીક઼ | 205 |
| ૨૯ શાબાનના રોઝાનો હુકમ | 207 |
| શાબાનનો ચાંદ જોવો જરૂરી છે | 208 |
| શકના દિવસે રોઝો ન રાખે | 209 |
| રમઝાનના માટે એક મુસલમાન ગવાહ પૂરતો છે | 209 |
| આકાશ સાફ ન હોય તો બે ગવાહ જરૂરી | 210 |
| ચાંદ નાનો મોટો હોવાનો એતબાર નથી | 211 |
| સેહરી ખાવામાં બરકત અહલે કિતાબથી તફાવત | 212 |
| ઈફતારમાં જલ્દી કરવું બેહતર | 214 |
| સૌમે વિસાલ (ઈફતારી વિનાના રોઝા) મના છે | 215 |
| તમારામાં મારા જેવો કોણ છે ? મને મારો રબ ખવડાવે પીવડાવે છે ! | 215 |
| રોઝાની નિય્યત ક્યારે કરવી જોઈએ ? | 217 |
| ઈફતારમાં જલ્દી કરનાર અલ્લાહનો મહબૂબ છે | 218 |
| ખજૂરથી રોઝો ઈફતાર કરવામાં બરકત છે | 218 |
| નમાઝ પહેલાં ઈફતાર સુન્નત છે | 218 |
| રોઝાદારને ઈફતાર, ગાઝીને સામાન આપવામાં એના સમાન સવાબ છે | 219 |
| રોઝો ઈફતાર કરવાની દુઆ | 220 |
| જલ્દી ઈફતારથી દીન ગાલિબ રહેશે | 221 |
| ઈસ્લામની મજબૂતી કાફિરોની વિરૂધ્ધતા છે | 221 |
| સેહરી તથા ઈફતારમાં ખારેકો ખાવી સુન્નત | 222 |
| રોઝાને પાક સાફ રાખવા વિશે | 224 |
| જે બુરાઈ ન છોડે તો અલ્લાહને તેનું ખાવા પીવા છોડવાની પરવા નથી | 224 |
| રોઝો દરેક અંગનો હોય છે | 224 |
| રોઝાના અમુક ભાગમાં જુનુબી રહેવાથી રોઝો તૂટતો નથી | 225 |
| એહતેલામથી રોઝો ફાસિદ નથી થતો | 225 |
| ગુસ્લથી રોઝો તૂટતો નથી | 225 |
| ભૂલથી ખાવા પીવા વગેરેથી રોઝો નથી તૂટતો | 226 |
| ઈરાદાપૂર્વક રોઝો તોડવાથી કફ્ફારો : ગુલામ આઝાદ કરે કે બે મહીના રોઝા રાખે અથવા ફકીરોને ખવડાવે | 227 |
| તેનો કફ્ફારો તેના જ માટે જાઈઝ કરી આપ્યો | 227 |
| હીલએ શરઈ દુરુસ્ત છે | 228 |
| વૃદ્ધ તથા મુત્તકી જે પોતાના નફ્સ પર કંટ્રોલ કરી શકે ચુંબન વગેરે કરી શકે, યુવાનને જાઈઝ નથી | 229 |
| વિના ઈરાદે ઉલ્ટીથી રોઝો નથી તૂટતો, જાણી જોઈને ઉલ્ટી કરવાથી જતો રહે છે | 230 |
| મિસ્વાક રોઝામાં વિના કરાહતે જાઈઝ છે | 232 |

| | |
|---|---|
| રોઝાની હાલતમાં આંખમાં દવા, સૂરમો નાખવો જાઈઝ છે | 232 |
| માથા પર તેલની માલિક કે પાણી વહાવવું વિના કરાહતે દુરુસ્ત | 232 |
| રમઝાનના એક રોઝાનો બદલો જીવનભરના રોઝા નથી થઈ શકતા | 234 |
| જે લોકો રોઝા તથા શબ બેદારીમાં સાવધાની નથી રાખતા તેઓ સવાબથી વંચિત રહે છે | 235 |
| થૂક ગળી જવાથી, હિજામાથી કે બ્લડ આપવાથી રોઝો નથી તૂટતો | 237 |
| નમક તથા મુસ્તગી (ગુંદર) ચાવવાનો હુકમ | 237 |
| સ્ત્રીઓ માટે મિસ્વાક મકરૂહ છે | 238 |
| મુસાફિરના રોઝા વિશે | 239 |
| સફરમાં રોઝો રાખવો બેહતર, ન રાખવાની ઈજાઝત/બેરોઝદાર જાહેરમાં ખાય પીયે નહીં | 239 |
| સફરની હાલતમાં સર સામાન વિના રોઝો બુરો, તબાહીનો સબબ | 240 |
| મુસાફિર દૂધ પીવડાવનારી, સગર્ભાને રોઝા રાખવા વિશે | 243 |
| કઝા વિશે પ્રકરણ | 247 |
| હુઝૂર ﷺની ખિદમત અન્ય ઈબાદતો કરતાં અફઝલ | 247 |
| પત્નીએ પોતાના પતિથી રજા લઈને નફ્લી રોઝો રાખવો જોઈએ | 247 |
| રમઝાનના રોઝાઓની કઝા બીજા રમઝાન આવતા પહેલાં કરે | 247 |
| હૈઝ દરમ્યાનના રોઝા તથા કઝા કરવાનો સબબ | 248 |
| મૈયતના રોઝાનો ફિદિયો તેના વાલી વારસો આપે | 249 |
| રોઝાના ફિદિયાનો હુકમ | 249 |
| કોઈ શખ્સ કોઈના તરફથી બદની ઈબાદત નથી કરી શકતો | 250 |
| નફ્લી રોઝા વિશે પ્રકરણ | 251 |
| હુઝૂર ﷺ માહે શાબાનમાં મોટાભાગે રોઝા રાખતા હતા | 251 |
| હુઝૂર ﷺ દરેક મહીનામાં અમુક દિવસ રોઝા રાખતા હતા | 252 |
| આશૂરાનો રોઝો અને તેની વિશિષ્ટતા | 253 |
| તહજ્જુદની નમાઝના ફઝાઈલ | 253 |
| આશૂરાના રોઝાની ફઝીલત | 254 |
| મુશાબેહતના ખૌફથી ૧૦મી સાથે ૯મીનો રોઝો પણ રાખે | 254 |
| બક્ ઈદથી પહેલા ૧૦ દિવસનો દરેક રોઝો સાલ બરાબર | 256 |
| સવાલનો તરીકો | 256 |
| સૌમે દવામ વ સૌમે દાઊદી | 258 |
| દર મહીને ત્રણ દિવસના રોઝા હમેશાના બરાબર | 258 |
| અરફાનો રોઝો પાછલા વરસ તથા આવતા વરસનો કફ્ફારો | 259 |
| પીર (સોમવાર)ના રોઝો રાખવો | 259 |
| વિલાદત શરીફ તથા નુઝૂલે કુર્આન | 259 |
| રમઝાન તથા શવ્વાલના છ રોઝા પૂરા સાલ બરાબર | 260 |

| | |
|---|---|
| વરસમાં પાંચ દિવસ રોઝા હરામ | 261 |
| કેવળ જુમ્આના દિવસે રોઝો ન રાખે આગળ પાછળનો દિવસ મિલાવે | 262 |
| એક દિવસનો રોઝો દોઝખથી સિત્તેર વરસની દૂરીનો સબબ | 263 |
| હમેશાં રોઝાને બદલે દર મહીને ત્રણ રોઝાનો હુકમ | 264 |
| ત્રીસ પારાઓની સાબિતી | 264 |
| રોઝાની હાલતમાં અમલો પેશ થવું પીર તથા જુમેરાતે બેહતર છે | 265 |
| અઠવાડિયા તથા સાલની શરૂઆતની તેહકીક઼ | 265 |
| ૧૩,૧૪,૧૫ ના રોઝા | 266 |
| જુમ્આના દિવસે રોઝાનો હુકમ | 266 |
| એક મહીને શનિ, રવિ, સોમ, બીજે મહીને મંગળ, બુધ, જુમેરાતના રોઝા | 266 |
| રોઝો રાખનારા અને દોઝખની વચ્ચે જમીન તથા આસ્માનના જેટલા અંતરની ખાઈ થશે | 269 |
| ઠંડીના રોઝા ગનીમત વિના તકલીફના | 269 |
| ઈસ્લામી યાદગારો મનાવવાની સાબિતી | 271 |
| ત્રણ પ્રકારના રોઝા હુઝૂર હમેશાં રાખતા હતા | 271 |
| ઐયામે બીજના રોઝાઓથી આદમ علیہ السلام નું શરીર નૂરાની થયું | 273 |
| રોઝા શરીરની ઝકાત છે | 273 |
| પીર તથા જુમેરાતના રોઝાઓના સબબ અલ્લાહ તઆલા મુસલમાનને બખ્શી દે છે | 273 |
| **રોઝાના વિવિધ મસાઈલ વિશે** | 276 |
| હયસ તથા હરિસાની તેહકીક઼ | 276 |
| નફ્લી રોઝો રાખીને તોડવાથી ક઼ઝા વાજિબ છે | 277 |
| મહેમાને નફ્લી રોઝો ન તોડવો અફઝલ | 277 |
| તોડવો જાઈઝ ક઼ઝા વાજિબ | 278 |
| વહેંચણી જમણી બાજુથી થવી જોઈએ | 279 |
| જો મહેમાન નારાજ ન થાય તો નફ્લી રોઝો ન તોડે | 272 |
| નફ્લી રોઝાદારને દેખાડીને ખાવું તેનો સવાબ વધારવું અને ફરિશ્તાઓની દુઆઓનો સબબ | 282 |
| ખાતી વખતે ખાવા બોલાવવું સુન્નત | 282 |
| રોઝાદારની બેહતરીન રોજી જન્નતમાં છે | 283 |
| કોઈને ખાતો જોઈને રોઝાદારનું દરેક હાડકુ તથા સાંધા તસ્બીહ કરે છે | 283 |
| શબે ક઼દ્ર વિશે | 284 |
| શબે ક઼દ્રની વિશિષ્ટતા તથા અર્થ અને તારીખની તેહકીક઼ | 284 |
| શબે ક઼દ્ર રમઝાનના અંતિમ દસકાની એકી રાતોમાં છે | 284 |
| સહાબાનું શબે ક઼દ્રને ખ્વાબમાં જોવું | 285 |
| શબે ક઼દ્રની તલાશમાં સરકાર ﷺ નું એ'તેકાફ કરવું | 286 |

| | |
|---|---|
| સરકાર ﷺનું શબે કદ્રને જોઈને બોલવાની હિકમતો | 287 |
| હઝરત ઉબય ઈબ્ને કઅ્બે કસમ ખાધી કે શબે કદ્ર ૨૭મી રાત છે | 289 |
| શબે કદ્રની સવારે સૂરજ કિરણો વિના ઉગે છે | 289 |
| સત્તાવીસની મુનાસિબત ઈબ્ને અબ્બાસની ઝબાનથી | 289 |
| હુઝૂર ﷺ રમઝાનના આખરી દસકામાં શબબેદારી તથા ઈબાદત વધુ કરે છે | 289 |
| શબે કદ્રને જો પામી લે તો તેની દુઆ | 291 |
| ઝઘડાના કારણે શબે કદ્રની નિશ્ચિત તારીખ ભૂલાવી દેવામાં આવી | 293 |
| શબે કદ્રમાં જિબ્રઈલનો નુઝૂલ, ઝિક્ર કરનારાઓને દુઆઓ | 293 |
| અલ્લાહ ઈદના દિવસે ફરિશ્તાઓ સામે પોતાના નેક આબિદ બંદાઓ પર ફખ્ર કરે છે | 294 |
| રોઝા, જેહાદ, દીનનો પ્રચાર, શહાદત કેવળ માણસો સાથે ખાસ છે | 295 |
| ઈદની નમાઝ બાદ દુઆ કબૂલ થાય અને ગુનાહોની જગાએ નેકીઓ લખવામાં આવે છે | 296 |
| રોઝાદારો ઈદની નમાઝ પઢીને બખ્શાયેલા પરત થાય છે | 296 |
| **એ'તેકાફ વિશે પ્રકરણ** | **297** |
| એ'તેકાફના દિવસોની સંખ્યા અને સુન્નતે મોઅક્કદા કિફાયા | 297 |
| રમઝાનમાં સરકાર ﷺ ખૂબ જ સખાવત કરતા હતા | 298 |
| હુઝૂર ﷺ જિબ્રઈલને પૂરું કુર્આને કરીમ સંભળાવતા હતા | 298 |
| હઝરત ઉમર رضی اللہ عنہને નઝર પૂરી કરવાનો હુકમ | 300 |
| વફાતના વરસે બે વાર કુર્આને કરીમનો દૌર, વીસ દિવસનો એ'તેકાફ | 301 |
| એ'તેકાફમાં કઝાએ હાજત (જાજરૂ) માટે જવું | 302 |
| એ'તેકાફને અસ્રની નમાઝથી કરવામાં આવે છે | 302 |
| મોઅતકિફ ન સ્ત્રીને સ્પર્શે ન જનાઝાની નમાઝ માટે જાય | 303 |
| એ'તેકાફ માટે રોઝા અને જામેઅ મસ્જિદ શર્ત છે | 303 |
| મોઅતકિફ મસ્જિદમાં ખાટલો બિછાવી શકે છે | 303 |
| એ'તેકાફ ગુનાહોથી દૂર રાખે છે | 304 |
| **ફઝાઈલે કુર્આન વિશે** | **305** |
| કુર્આનના અર્થની શાબ્દિક તેહકીક | 305 |
| કુર્આન શીખવનાર શીખવાડનાર અફઝલ છે | 305 |
| કુર્આનનો આલિમ ફરિશ્તાઓ અને નબીઓની સાથે હશે | 306 |
| બે વ્યક્તિઓ પર રશ્ક (બરાબરીની તમન્ના) જાઈઝ છે | 309 |
| કુર્આન પઢનાર તથા ન પઢનારનો ફરક | 309 |
| કુર્આન થકી કૌમોને સરબુલંદ અથવા ઝલીલ કરી શકાય છે | 311 |
| હઝરત ઉસૈદનું કુર્આને કરીમની તિલાવત કરતી વેળા ફરિશ્તાઓને જોવું | 311 |
| એક સહાબી પર સૂરએ કહફની તિલાવતના સમયે સકીનએ રહ્મત (ફરિશ્તાઓની એક જમાઅત)નું સાયો કરવું | 314 |

| | |
|---|---|
| હુઝૂર ﷺની પાસે હાજર થવાથી નમાઝ નથી તૂટતી | 314 |
| સૂરએ ફાતિહા અલ્હમ્દ આ'ઝમ સૂરત છે | 315 |
| જે ઘરમાં સૂરએ બકરહ પઢવામાં આવે ત્યાંથી શૈતાન નાસે છે | 317 |
| કુર્આન કયામતમાં તેને પઢનારાઓની શફાઅત કરશે | 317 |
| સૂરએ બકરહ તથા આલે ઈમરાન રબ તઆલાથી પોતાને પઢનારાઓની તરફથી ઝઘડશે | 318 |
| સૂરએ બકરહ તથા આલે ઈમરાન રબ તઆલાથી પોતાને પઢનારાઓ પર સાયો કરશે | 318 |
| આયત આયતુલ કુર્સી છે | 319 |
| હઝરત અબૂ હુરૈરહનું શૈતાનને ચોરી કરતાં પકડવું | 319 |
| હુઝૂરનું ઈલ્મે ગયબથી કહેવું કે આજે ફરી આવશે | 320 |
| અબૂ હુરૈરહને શૈતાને આયતુલ કુર્સી તથા તેના ફાયદા બતાવ્યા | 320 |
| અબૂ હુરૈરહની હદીષ પર વાંધાઓ અને જવાબો | 324 |
| સૂરએ ફાતિહા અને સૂરએ બકરહની અંતિમ આયતો ખૂબ જ અફઝલ છે | 325 |
| સૂરએ કહફની શરૂની દસ આયતો પર હમેશગી કરવી | 326 |
| સૂરએ ઈખ્લાસ દસ પારાઓ સમાન છે અને તેનો સવાબ | 326 |
| પીર, ઉસ્તાદ તથા સુલ્તાનથી શિકાયત ગીબત નથી | 327 |
| કુલ્હુવલ્લાહને હમેશાં પઢનાર અને સનદ કરનારને અલ્લાહ દોસ્ત રાખે છે | 328 |
| મુઅવ્વઝતૈનની જેમ તઅવ્વુઝ પનાહની કોઈ સૂરત નથી | 329 |
| સૂતી વખતે ઈખ્લાસ મુઅવ્વઝતૈનને પઢીને હાથો પર ફૂંકીને શરીર પર મસળવું સુન્નત છે અને | |
| આસેબ (જિન વગેરે)થી હિફાઝત, કુર્આન કરીમ રહમ તથા અમાનત, શફાઅત કરશે | 330 |
| કુર્આનના દરજા કુર્આનની આયતો બરાબર/દરેક આયતની તિલાવત પર એક દરજો | |
| જેને બિલ્કુલ કુર્આન યાદ ન હોય તેનું દિલ વિરાન ઘરની જેમ છે | 332 |
| અલ્લાહનું કલામ ઝાતે ઈલાહીની જેમ સર્વ મખ્લૂકના કલામો પર અફઝલ છે | 333 |
| કુર્આને કરીમના દરેક હર્ફની તિલાવત પર દસ નેકીઓનો સવાબ | 334 |
| દુનિયવી વાતો મસ્જિદમાં હરામ | 336 |
| કુર્આને કરીમ નિર્ણાયક કિતાબ છે | 336 |
| જે કુર્આને પાકની વિરૂધ્ધ ચાલશે તેને અલ્લાહ તઆલા ગુમરાહ કરી દેશે | 336 |
| કુર્આને કરીમ રંજો દૂર કરનાર અને અજોડ છે | 337 |
| તેનાથી તૃપ્તિ નથી થતી ન તે જૂનુ થાય છે | 337 |
| કારી, આમિલ, લેખક, દાઈએ કુર્આનની ફઝીલત | 337 |
| આલિમે બાઅમલના માબાપને નૂરાની તાજ પહેરાવવામાં આવશે | 338 |
| કુર્આને પાકના આગમાં ન સળગવાની બેહતરીન સ્પષ્ટતા | 338 |
| આલિમે કુર્આન પોતાના ઘરનાં દસ માણસોની શફાઅત કરશે | 339 |
| અલ્હમ્દના જેવી તૌરાત, ઈન્જીલ, ઝબૂર બલ્કે કુર્આનમાં પણ નથી | 340 |

| | |
|---|---|
| જરૂરત પ્રમાણે કુર્આને પાક યાદ કરવું ફર્ઝ અને પૂરુ યાદ કરવું ફર્ઝે કિફાયા | 341 |
| આલિમ તથા કારીનો સીનો મુશ્કના થેલા જેમ છે | 341 |
| જે આલિમ તથા કારી અમલ તથા તિલાવત ન કરે તે મોઢુ બંધ કરેલો થેલો છે | 341 |
| સવાર સાંજ હા–મીમ અને આયતુલ કુર્સીને પઢનાર સર્વ આફતોથી મેહફૂઝ રહેશે | 342 |
| નમાઝ વિના કોઈ વઝીફો કે અમલ ફાયદાકારક નથી | 342 |
| સૂરએ કહફની શરૂની આયત પઢનાર દજ્જાલથી મેહફૂઝ રહેશે | 343 |
| સૂરએ યાસીન કુર્આનનું દિલ, દસ વાર કુર્આન ખત્મનો સવાબ | 344 |
| તાહા તથા યાસીન સાંભળીને ફરિશ્તા બોલ્યા, સારાં છે તે સીના, ઝબાન તથા ઉમ્મત ..... | 344 |
| સૂરએ દુખાન પઢનારા માટે સિત્તેર હજાર ફરિશ્તા દુઆએ મગફિરત કરે છે | 345 |
| જુમ્આની રાતમાં દુખાન પઢનારની મગફેરત યકીની છે | 346 |
| તસ્બીહવાળી આયતો ગૈર તસ્બીહવાળી હજાર આયતોથી બેહતર છે | 346 |
| સૂરએ તબારકલ્લઝી ....... પોતાને પઢનારની શફાઅત કરે છે | 347 |
| એક સાહબનુ કબ્રમાં સૂરએ તબારક પઢવું / કબ્ર પર ચાલવું, ફરવું, સૂવું મના છે | 348 |
| સૂરએ તબારકને પઢનાર ખાત્માની ખરાબી, કબ્રની સંકડાશ અને આખેરતના અઝાબથી મેહફૂઝ રહેશે | 348 |
| હુઝૂર હમેશાં સૂતા પહેલાં અલિફ લામ મીમ તન્ઝીલ અને તબારક તિલાવત કરતા | 348 |
| ઈઝા ઝુલ્ઝિલત અડધા, કુલ્હુવલ્લાહ ત્રીજા ભાગનું અને સૂરએ કાફિરૂન ચોથાઈ કુર્આન બરાબર | 349 |
| સૂતી વખતે સૂરએ કાફિરૂન પઢનારનો ખાત્મો ઈમાન પર થશે | 349 |
| સવાર સાંજ અઊઝુબિલ્લાહ અને સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો પઢનારને શહીદનો દરજો અને ૭૦ હજાર ફરિશ્તા દુઆ કરે છે | 349 |
| બસોવાર સૂરએ ઈખ્લાસ પઢવાથી કર્ઝ સિવાયના ૫૦ વરસના ગુનાહ માફ થાય છે | 350 |
| સૂવાનો તરીકો | 350 |
| સૂતી વખતે ૧૦૦ વાર સૂરએ ઈખ્લાસ પઢનારને અલ્લાહ કયામતમાં જમણી બાજુ જન્નતમાં દાખલ કરશે | 350 |
| ઈખ્લાસની તિલાવતથી જન્નત વાજિબ થઈ જાય છે | 351 |
| આંધીના સમયે સૂરએ ફલક તથા નાસ પઢવું આંધી દૂર કરનાર છે | 352 |
| ઈખ્લાસ તથા મુઅવ્વઝતૈન દરેક ચીજ માટે પૂરતાં છે | 352 |
| કુર્આન કરીમનો પ્રચાર અને ફર્ઝો તથા નુકતાઓ (પોઈન્ટસ)ને પ્રદર્શિત કરો | 354 |
| નમાઝમાં કુર્આન પઢવું નમાઝ સિવાય કરતાં બેહતર | 355 |
| તિલાવતે કુર્આન તસ્બીહ તથા તકબીરથી બેહતર | 355 |
| તસ્બીહ ખૈરાતથી, ખૈરાત રોઝાથી, રોઝા આગથી ઢાલ છે | 356 |
| જોયા વિના તિલાવત હજાર દરજા અને જોઈને બમણી | 356 |
| કઈ ચીજોને જોવી ઈબાદત | 356 |
| કુર્આને પાકની તિલાવત અને મૌતની યાદ દિલની સફાઈનો સબબ છે | 357 |
| દરરોજ મૌતને યાદ કરનારને શહાદતનો દરજો મળશે | 357 |
| આ'ઝમ સૂરએ ઈખ્લાસ તથા આયતુલ કુર્સી છે | 357 |

| | |
|---|---|
| સૂરએ બક઼રહની અંતિમ આયતો અલ્લાહની રહમતના ખજાના છે સર્વ ભલાઈનો સમૂહ | 357 |
| સૂરએ ફાતિહા સર્વ બીમારીઓનો ઈલાજ | 358 |
| સૂરએ આલે ઈમરાનના અંતની તિલાવતથી સર્વ રાત ઈબાદતનો સવાબ અને જુમ્આના દિવસે પઢવા પર ફરિશ્તાઓ દુઆઓ કરે છે | 358 |
| બક઼રહની આખરી બે આયતો શીખો, સ્ત્રીઓને શીખવાડો | 359 |
| જુમ્આના દિવસે સૂરએ હૂદ પઢવું બરકતનો સબબ | 360 |
| કહફ દાફેએ બલા તથા ઈમાનને મુનવ્વર કરનારી | 360 |
| અલિફ લામ મીમ તન્ઝીલ નજાત આપનારી | 361 |
| અલિફ લામ મીમ તન્ઝીલની હમેશગી કરનારનો ક઼િસ્સો | 361 |
| હઝરત અતાઅ્ના વિશે ઈમામે આ'ઝમનું ફર્માન | 362 |
| દિવસની શરૂઆતમાં યાસીનની તિલાવતથી હાજતો કપૂરી થવા તથા ગુનાહોની બખ્શિશ | 362 |
| મરનાર પાસે યાસીન પઢવાનો હુકમ | 363 |
| સૂરએ રહમાન કુર્આનની દુલ્હન, અને જન્નતમાં અલ્લાહ એને પઢી સંભળાવશે | 364 |
| સૂરએ વાક઼િઆ પઢનાર કદી ફાક઼ાકશ ન થશે | 364 |
| સરકાર ﷺની سبح اسم ربک الاعلی ઘણી જ પ્રિય સૂરત/ઈઝાઝુલ્ઝિલતને પઢવાથી દીન તથા દુનિયાની કામયાબી અને એક સહાબીનો ક઼િસ્સો | 365 |
| અલ્હાકુમુત્તકાસુર સવાબમાં હજાર આયતોની જેમ છે તેની સંક્ષિપ્ત સ્પષ્ટતા | 367 |
| દર દસવાર ઈખ્લાસ પઢવામાં એક જન્નતી મહેલ મળશે | 367 |
| દરરોજ તિલાવતનો સવાબ | 368 |
| **આદાબે તિલાવત** | 369 |
| કુર્આનની નિગરાની આલિમ, હાફિઝ, ક઼ારી સાહબ રાખે, નહીં તો ભૂલી જશે | 369 |
| કુર્આનને નથી ભૂલતા પણ તે ભૂલાવી દેવામાં આવે છે | 370 |
| ક઼ાઝીને કિતાબો વાંચવા માટે છૂટ્ટી આપવી જોઈએ | 370 |
| કુર્આનની તિલાવત દિલ લગાડીને કરો અને દિલ લાગતા સુધી કરો | 370 |
| હુઝૂર ﷺની તિલાવત કેવી હતી ? | 371 |
| કુર્આન ખુશઈલ્હાની સાથે પઢવામાં આવે | 372 |
| જે કુર્આન ખુશઈલ્હાની સાથે ન પઢે એ અમારામાંથી નથી | 372 |
| કુર્આન સાંભળવું સંભળાવવું બંને સુન્નત | 373 |
| કુર્આન પઢતા તથા સાંભળતા રહેવું સુન્નત | 373 |
| સરકારનું ખાસ રીતે ઉબય ઈબ્ને કઅબને લમયકુનનું સંભળાવવું | 374 |
| કુર્આનના દુશ્મનથી કુર્આનની હિફાઝત કરો | 374 |
| હુઝૂરને જોઈને તાઝીમ માટે ઉભા થવું સહાબાની સુન્નત | 375 |
| નમાઝ તેમજ જેહાદની સફ સિવાય કુંડાળુ વળવુ બેહતર તથા સુન્નત છે | 377 |

| | |
|---|---|
| કુર્આનને પોતાના અવાજો વડે સજાવો | 377 |
| હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને એક ગવૈયાની હિકાયત | 377 |
| જે કુર્આનને પઢીને ભૂલાવી દે તે ક્યામતમાં કોઢી ઉઠશે | 378 |
| કુર્આન આમ લોકોએ કેટલા દિવસમાં ખત્મ કરવું જોઈએ અને બુઝુર્ગોએ કઈ રીતે ખતમ કર્યાં | 378 |
| આહિસ્તા તથા મોટા અવાજથી પઢવાના હુકમો તથા સવાબ અને હલાલ તથા હરામ પર ઈમાન | 379 |
| દિખાવા અને રિયા માટે કુર્આન તથા તજવીદ નિરર્થક, આખેરતમાં મેહરૂમી | 379 |
| કુર્આન અરબી લહેજા તથા અવાજો સાથે પઢો, મ્યુઝિકના રાગ સાથે ન પઢો | 380 |
| કુર્આનનો તકીયો ન બનાવો, એટલે અમલ તથા તિલાવતમાં સુસ્તી ન કરો | 384 |
| કુર્આનને તકીયો બનાવવું, તેના તરફ પગો કરવા, એના પર બીજી કિતાબ મૂકવી, ફાલ વગેરેનો હુકમ | 384 |
| **તિલાવત વિશે વિવિધ મસાઈલ** | 386 |
| સાત કિ્રાઅત અને તેના અહકામ તથા ફાયદો | 386 |
| સાત કિરાઅતના વિશે ઝઘડો ન કરો, પહેલાના લોકો પણ આ જ રીતે બર્બાદ થઈ ગયા | 388 |
| વિવિધ કિરાઅતોમાં હઝરત ઉબયનું અસમંજસમાં પડવું અને હુઝૂરનું તેમના સીના પર હાથ મારવું અને પૂરો કિસ્સો વર્ણવ્યો | 388 |
| સબ્આ હર્ફની સ્પષ્ટતામાં ઉલમા/ઉસૂલ તથા નહ્વ, મઆની અને સૂફીઓનો મતભેદ | 391 |
| કુર્આન સંભળાવીને સવાલ કરવો માગવું મના, ક્યામતમાં એના મોં પર ગોશ્ત નહીં હોય | 393 |
| બિસ્મિલ્લાહ ફસ્લે સૂરત માટે અને તેના અન્ય મસાઈલ | 395 |
| એક શરાબીનો એક કિ્રાઅતથી ઈન્કાર અને તેને હદ લગાડવું | 395 |
| કુર્આન કિતાબી સ્વરૂપમાં જમા કરવાનો બનાવ અને બિદઅતે હસનાની સમજૂતી | 396 |
| કાતિબે વહી હઝરાતના પવિત્ર નામો | 398 |
| કુર્આન ત્રણવાર જમા થયું : સરકાર તથા સિદ્દીક્ તથા ઉષ્માન સમયમાં | 399 |
| હઝરત ઉષ્માનના કુર્આન જમા કરવાનો બનાવ | 400 |
| હઝરત ઈબ્ને અબ્બાસનું હઝરત ઉષ્માનથી સૂરએ તૌબામાં બિસ્મિલ્લાહ ન લખવા વિશે સવાલ | 404 |
| આયતની તરતીબ (ગોઠવણી) તૌફીક઼ી છે અક્લી નથી | 405 |
| સિદ્દીક્ તથા ઉષ્માનના જમા કરવામાં ફરક | 406 |
| **દુઆઓ વિશે વર્ણન** | 407 |
| દુઆ બેહતર છે કે રઝા બિલ્ કઝા ? બંને પર અમલની સ્થિતિ | 407 |
| સૌ નબીઓએ દુનિયામાં પોતાની દુઆઓ ઉપયોગમાં લઈ લીધી, મેં શફાઅત માટે મેહફૂઝ રાખી છે | 407 |
| મારી બદ દુઆને પણ ઉમ્મતના હક્કમાં રહમત કર | 408 |
| દરેક દુઆ મજબૂત નિશ્ચય અને પૂરી ઉમ્મીદ સાથે માગો, તે સર્વ કાંઈ આપી શકે છે | 409 |
| જાઈઝ દુઆ જરૂર કબૂલ થાય છે. ઉતાવળ ન કરે, દુઆ કરતો રહે | 410 |
| દોસ્તના માટે તેની ગૈર મોજૂદગીમાં દુઆ પર ફરિશ્તા આમીન કહે છે, તેના જેમ તેને પણ મળશે | 410 |
| પોતાની જાન, માલ, ઔલાદ, દોસ્ત વગેરેના હક્કમાં બદ દુઆ ન કરો શક્ય છે કબૂલિયતનો સમય હોય | 411 |

| | |
|---|---|
| દુઆ માગો હું કબૂલ કરીશ | 412 |
| દુઆ ઈબાદતનું મગજ છે | 412 |
| અલ્લાહને દુઆ ઘણી જ પ્યારી છે | 413 |
| દુઆ કઝાને ટાળી દે છે / સદ્વર્તાવ ઉમર વધારી આપે છે | 413 |
| દુઆને મજબૂતીથી પકડો | 414 |
| દુઆ કરો અલ્લાહ મોં માગ્યુ આપે છે, નહીં તો કોઈ આફત ટાળે છે | 415 |
| અલ્લાહથી ફઝૂલ માગો, માગવું તેને પસંદ છે, મહેરબાનીની ઉમ્મીદ રાખો | 415 |
| દુઆ ન કરવાથી અલ્લાહ નારાજ થાય છે | 416 |
| જ્યારે અલ્લાહે આપવું હોય છે તો દુઆની તૌફીક આપે છે | 416 |
| અલ્લાહથી દીન દુનિયાની ભલાઈ માગો | 417 |
| મુસીબત વેળા દુઆ સ્વાર્થીપણુ, અને દરેક વખતે દુઆ ઈબાદત | 417 |
| બેપરવા તથા ગાફેલ દિલની દુઆ કબૂલ નથી | 417 |
| દુઆમાં હાથ કેવી રીતે ઉઠાવે અને ક્યાં સુધી ઉઠાવે, પછી મોં પર ફેરવે | 418 |
| અલ્લાહ ખાલી હાથ પરત કરવાથી હયા ફર્માવે છે | 418 |
| હુઝૂર દુઆ બાદ હાથ મોં પર જરૂર ફેરવતા | 419 |
| ગૈર હાજરની દુઆ ગૈર હાજર માટે ઘણી જ જલ્દી કબૂલ થાય છે | 419 |
| હાજીઓને દુઆ માટે કહેવું, તેમનું દુઆ કરવું સુન્નત છે | 420 |
| ઈફતાર વખતની દુઆ, આદિલ હાકિમ તથા મઝલૂમની દુઆ રદ નથી થતી | 421 |
| અલ્લાહ કસમની સાથે ફર્માવે છે, હે મઝલૂમ ! તારી મદદ જરૂર કરીશ ! | 421 |
| ત્રણ દુઆઓ વિના શંકાએ મકબૂલ : બાપ, મુસાફિર તથા મઝલૂમની | 421 |
| દરેક મોટી તેમજ મામૂલીમાં મામૂલી ચીજ અલ્લાહથી માગો | 422 |
| હુઝૂર દુઆમાં હાથ કેટલે કેટલે સુધી ઉઠાવતા હતા | 423 |
| દુઆ તથા ઈસ્તિગફારનો તરીકો : આજીજી તથા ગદગદ થવું તથા રૂદન | 423 |
| દુઆની કબૂલિયત અથવા આખેરતનો ઝખીરો અથવા બલા દૂર થવું | 425 |
| પાંચ દુઆઓ ખૂબ જ મકબૂલ થાય છે | 426 |
| **ઝિક્રુલ્લાહ વિશે પ્રકરણ** | 427 |
| ઝાકિરોને ઝિક્ર વખતે ફરિશ્તા તથા રહમત ઢાંકે છે | 428 |
| તેમના પર સકીના ઉતરે છે, અલ્લાહ તેમનો ઝિક્ર કરે છે, જે જગાએ ઝિક્ર કરવામાં આવે તે જગા ગવાહ છે અને ગર્વ કરે છે | 428 |
| એકાંતમાં એકલા, દુનિયાથી દૂર ઝિક્રુલ્લાહ, તેનો દોસ્ત ઝાકિર ઝિંદા, ગાફિલ મુર્દા | 429 |
| હય્યનો ઝિક્ર હમેશાંની હયાત બખ્શે છે | 430 |
| અલ્લાહ બંદાના ગુમાનની નજીક, જેવું ગુમાન કરે / યાદના સમયે બંદાની સાથે | 430 |
| બંદો જો ઝિક્ર ખફી (ધીમુ) કરે છે તો અલ્લાહ પણ એકાંતમાં તેને યાદ કરે છે | 430 |

| | |
|---|---|
| જો બંદો મજલિસમાં બુલંદ અવાજથી તેને યાદ કરે છે તો તે મેહફિલમાં તેનો ઝિક્ર કરે છે | 430 |
| નેકીનો બદલો દસ ગણો, ગુનોહ એકનો એક અથવા તે પણ માફ | 431 |
| જ્યારે બંદો નઝદીકી ચાહે છે તો અલ્લાહ તેનાથી ઘણો જ નજીક થઈ જાય છે | 431 |
| શિર્ક સિવાય સર્વ કાંઈ માફ કરે છે | 432 |
| વલીથી દુશ્મની કરનારાને અલ્લાહ તઆલા જંગનું એલાન આપે છે ! | 432 |
| વલીથી અદાવત તથા રાયના મતભેદમાં ફરક઼ તથા હુકમ | 432 |
| ફર્ઝો અદા કર્યા વિના નફ્લો મક઼બૂલ નથી | 433 |
| નફ્લોની કષરતથી બંદો અલ્લાહનો મહબૂબ થઈ જાય છે, જ્યારે બંદો મહબૂબ થઈ જાય છે તો તેના કાન, આંખ, હાથ, પગો રબની મરજી વિરૂધ્ધ વર્તાવ નથી કરતાં | 433 |
| અલ્લાહ તેમના દરેક સવાલને પૂરો કરે છે | 433 |
| નારી તથા નૂરી શક્તિનો તફાવત | 434 |
| અલ્લાહ મોમિનને મૌત માટે રાજી કરીને તેની રૂહ ક઼બ્ઝ કરે છે | 435 |
| ફરિશ્તા ઝાકિરોની મેહફિલોને તલાશ કરે છે | 435 |
| ઝિક્રની મેહફિલને ફરિશ્તા પ્રથમ આસ્માન સુધી ઢાંકી લે છે | 435 |
| અલ્લાહ તઆલાનો ફરિશ્તાઓથી સવાલ તથા જવાબ | 436 |
| અલ્લાહ તઆલાનું ફરિશ્તાઓને સાક્ષી બનાવીને બખ્શિશનું એલાન કરવું | 437 |
| ઝિક્ર સાંભળનારા પણ બખ્શાય જાય છે | 437 |
| ઝાકિરો સાથે બેસવાના ફાયદા | 437 |
| ઝાકિરોના સંબંધે ખુદાથી અર્ઝ તથા જવાબ | 437 |
| ઝિક્રના તુફૈલ ગુનેહગારોની બખ્શિશ | 437 |
| ગુનાહનો ઈક઼રાર ખુદાનો ખૌફ અ઼યન તક઼વો છે | 441 |
| હુઝૂરની સોહબતથી અ઼યનુલ યકીનનો ઈલ્મ થાય છે | 441 |
| હાલ હમેશાં એક સમાન નથી રહેતો | 441 |
| બીજા વિભાગ : સોના ચાંદી, ખૈરાત અને જેહાદ કરતાં ઝિક્ર બેહતર | 443 |
| હદીષે કુદ્સી : હું મારા ઝાકિરનો હમનશીં છું | 444 |
| ઝિક્રુલ્લાહ જેહાદે અકબર છે | 444 |
| મરતી વખતે જીભ ઝિક્રથી તર હોવી જોઈએ | 444 |
| ઝિક્રનાં કુંડાળાં (હલક઼ા) જન્નતની કયારીઓ છે | 445 |
| ઝિક્ર વિના મેહફિલ અફસોસજનક અને ઝિક્ર વિના સૂવું શર્મિંદગીનો સબબ | 445 |
| ઝિક્ર વિનાની મજલિસ મુરદાર ગધેડુ ખાનારાઓની મજલિસ | 446 |
| કોઈપણ મજલિસ ઝિક્ર દુરૂદ વિના અફસોસજનક છે | 446 |
| સારી વાતનો હુકમ બુરી વાતથી રોકવું તથા ઝિક્ર વિનાની વાતચીત વબાલ ! | 447 |
| દુનિયવી વાતચીતોથી દિલ સખત બને છે | 447 |

| | |
|---|---|
| અધિક હસવાથી દિલ સખત બને છે | 448 |
| સખત દિલવાળો અલ્લાહથી દૂર, મો'મિને કામિલ કે આરિફ કે મુત્તક઼ી નથી થઈ શક્તો | 448 |
| બેહતર માલ : ઝાકિર ઝબાન, શાકિર દિલ, મો'મિના પત્ની | 448 |
| આલિમ બનવું ફર્ઝે કિફાયા | 451 |
| જે શખ્સ આલિમે દીન ન થઈ શકે તે હમેશાં ઝિક્ર કરે | 451 |
| ક઼યામતના દિવસે ઝાકિરનો મર્તબો ઘણો જ બુલંદ હશે | 451 |
| ગાઝી તથા શહીદ કરતાં ઝાકિર દરજામાં બુલંદ | 451 |
| શૈતાન દિલને ચિપકે છે, ઝિક્રથી હટી જાય છે | 452 |
| કાફિરનું દિલ ઈબ્લીસનું ઘર છે | 453 |
| ઝિક્રુલ્લાહ વસવસાઓનો ઈલાજ છે | 453 |
| ઝિક્ર નૂર તથા રોશની છે | 453 |
| ગાફિલોમાં ઝાકિર અંધાર્યા ઘરમાં ચિરાગની જેમ | 453 |
| મૃત્યુ વખતે ઝાકિર જન્નત અને આશિક઼ રૂયત કરાવે છે | 454 |
| અઝાબના દુ:ખને દૂર કરે છે | 454 |
| હજારવાર કલ્મએ તૈયિબહ પઢીને બખ્શવાથી મુર્દાને અઝાબથી મુક્તિ મળે છે | 454 |
| ઝિક્ર વખતે અલ્લાહ ઝાકિરની સાથે હોય છે | 455 |
| ઝાકિરની સોહબત અલ્લાહની સોહબત છે | 455 |
| દિલનું ચૈન અલ્લાહનું ઝિક્ર છે | 455 |
| **અલ્લાહ તઆલાનાં નામો વિશે** | 457 |
| નવ્વાણુ નામ જપનાર જન્નતી | 457 |
| અલ્લાહ એક છે એકીને પસંદ કરે છે | 457 |
| બીજો વિભાગ : જેટલા નામો અલ્લાહનાં એટલા જ હુઝૂરનાં છે | 458 |
| નવ્વાણું અસ્માએ ઈલાહીના અર્થો તથા ભાવાર્થો | 458 |
| બેમિષ્લો બેમિષાલ (અજોડ તથા અનુપમ) | 458 |
| ઈસ્મે આ'ઝમ શું છે ? તેના વસીલાથી જ્યારે દુઆ કરવામાં આવે તો ક઼બૂલ થાય છે | 459 |
| ઈસ્મે આ'ઝમ : الله لا اله الا هو الحى القيوم يا الله الذى لا اله الا هو رب العرش العظيم છે | 459 |
| અલ્લાહનું જે નામ ખુલૂસ દિલથી લેવામાં આવે તે જ ઈસ્મે આ'ઝમ છે | 470 |
| યૂનુસ علیہ السلام નો ક઼િસ્સો, આયતે કરીમા ઈસ્મે આ'ઝમ છે અને નજાતનો સબબ છે | 471 |
| દરેક જોરથી પઢનાર રિયાકાર છે ? | 471 |
| ઝિક્ર બિલ્ જહર (જોરથી) સુન્નત છે | 472 |
| لا اله الا انت احد صمد ઈસ્મે આ'ઝમ છે | 473 |
| તેના વસીલાથી દુઆ ક઼બૂલ છે | 473 |
| મુહદ્દિષો તથા ઉલમાથી દુઆ બેહતર, નફરત લઅનત | 473 |

| | |
|---|---|
| તસ્બીહ, તમ્હ઼ીદ તથા તહ઼લીલ વિશે પ્રકરણ | 474 |
| ચાર કલમા મહાન સવાબના સબબ છે અને અલ્લાહને પ્યારા છે | 474 |
| સો વખત "સુબ્હ઼ાનલ્લાહિ વ બિહ઼મ્દિહી" પઢવાથી ગુનાહ માફ, ભલે સમુદ્રના ફીણ જેટલા હોય | 475 |
| બે કલમા જીભ પર હલકા, મીઝાનમાં ભારે, અલ્લાહને પ્યારા | 476 |
| સો વાર સુબ્હાનલ્લાહ પઢવાથી હજાર નેકીઓ લખાય અને હજાર ગુનાહ માફ | 477 |
| સો વાર કલ્મએ તૌહીદના ફાયદા | 480 |
| જોરથી ઝિક્રના ફાયદા | 481 |
| "લા હ઼ૌલ વલા કુવ્વત" જન્નતી ખજાનાઓમાંથી એક ખજાનો | 481 |
| ખુદાની દૈન તથા કરમથી જાહેરી બાતિની શક્તિઓ આવી શકે છે | 482 |
| દરેક સવારે એક ફરિશ્તો તસ્બીહ પઢવાનું એલાન કરે છે | 483 |
| "લાઈલાહ ઈલ્લલ્લાહ" અફઝલ અઝકાર છે અને દિલના જીવંત રહેવા માટે અકસીર છે | 483 |
| દુઆઓમાં અફઝલ દુઆ અલ્હ઼મ્દ છે, હ઼મ્દ તથા શુક્ર કરનાર | 484 |
| જન્નતમાં સૌ પ્રથમ પ્રવેશ કરશે | 484 |
| મૂસા عليه السلامની દુઆ જે હાલ કલ્મએ તૈયિબહ દુનિયા તથા તેમાં જે કાંઈ છે સૌથી અફઝલ અને સૌથી ભાર | 484 |
| કલ્મએ તયબહ અને લાહ઼ૌલ પઢનારાને જહન્નમની આગ નથી સળગાવતી | 486 |
| તસ્બીહ તથા ઠળિયા ગણત્રી માટે વાપરવાં જાઈઝ | 487 |
| તે કલમા જે સર્વ મખ્લૂક઼ની ગણત્રી બરાબર સવાબ ધરાવે છે | 488 |
| જે ચાર કલમા સો વાર પઢે તેને સો હજ્જ અને ઘોડા અને ગુલામ આઝાદ કરવાનો સવાબ | 489 |
| બે કલમા મીઝાનનું પલ્લુ ભરી દેનારા છે | 490 |
| કલમએ તયબહ ડાયરેક્ટ ખુદા સુધી પહોંચાડે છે | 490 |
| મુખ્લિસનો કલ્મો અર્શ સુધી પહોંચે છે | 490 |
| હઝરત ઈબ્રાહીમ عليه السلامનું ઉમ્મતને સલામ, અને જન્નતમાં બાગ લગાડનારા કલમાઓની હિદાયત કરવું | 491 |
| આંગળીઓ પર ગણવું અને તે ગવાહ થશે | 492 |
| ખુદાને યાદ ન કરનાર તેની રહમતથી મેહરૂમ છે | 493 |
| વઝીફાઓની ઈજાઝત હાંસલ કરવું સુન્નત છે, એ રૂહાની મેવા છે | 494 |
| વઝીફાઓ પછી રહમો કરમ તથા ફઝલો મગફિરતની માગ કરો | 494 |
| પાનખર ઋતુમાં પાંદડાં ખરે તેમ ચાર કલમા ગુનાહ ખંખેરી કાઢે છે | 495 |
| ૭૦ મુસીબતોને ટાળનારી દુઆ | 495 |
| લા હ઼ૌલ ૯૯ બીમારીઓનો ઈલાજ છે | 495 |
| લા હ઼ૌલ પઢનારનો અલ્લાહ વાલી વારસ છે | 496 |
| તમામ મખ્લૂક઼ની ઈબાદત તસ્બીહ છે | 496 |
| **તૌબા કરવા અને બખ્શિશ માગવા વિશે** | 498 |
| તૌબા તથા ઈસ્તિગફારનો શાબ્દિક અર્થ | 498 |
| તૌબા તથા ઈસ્તિગફાર વિશે હઝરત અલીનું ફર્માન | 498 |

| | |
|---|---|
| યક્રાન, ગ્યનની બેહતરીન સમજૂતી | 499 |
| હું દરરોજ સો વાર તૌબા કરું છું, હે લોકો ! તમે પણ તૌબા કર્યા કરો | 499 |
| અલ્લાહ તઆલા જુલ્મ નથી કરતો, તમે પણ આપસમાં જુલ્મ ન કરો | 500 |
| મારાથી હિદાયત, ખાવા, લિબાસ તથા બખ્શિશ માગો, આપીશ | 500 |
| નેકી તથા બદીથી આપણો જ ફાયદો તથા નુકસાન છે | 500 |
| રબના ખજાના અસીમિત છે, કોઈ કમી નથી થતી | 500 |
| નેકી પર હમ્દ તથા શુક્ર, બુરાઈ પર પોતાના નફ્સને કોસો | 501 |
| ૯૯ કત્લ કરનાર બની ઈસ્રાઈલની હિકાયત | 503 |
| બુઝુર્ગ મકામ તથા બુઝુર્ગાને દીન તરફ મોં કરવાથી તથા ધ્યાનિત થવાથી મગફેરત થાય છે અને એ ઈબાદત છે | 503 |
| જો તમે ગુનાહ તદ્દન ન કરો તો તમને ઉઠાવીને બીજા ગુનાહ કરીને માફી માગનારી કૌમની સાથે વસાવી દેશે | 505 |
| તૌબાનો દરવાજો બંધ થતા પહેલાં જ્યારે પણ તૌબા કરવામાં આવે અલ્લાહ કબૂલ કરે છે | 505 |
| પસ્તાવો તથા તૌબા તથા બચવાનો વાયદો તૌબાની કબૂલિયતની શરતો છે | 506 |
| ગુનેહગારની સાચી તૌબાથી અલ્લાહ ખુશ થાય છે | 506 |
| વારંવાર ગુનાહ તથા તૌબા કરનારને અલ્લાહ પોતાની અમાનમાં લઈને તેનો મુહાફિઝ થઈ જાય છે | 507 |
| આ સૈયદુલ ઈસ્તિગફારને પઢનારો જન્નતી છે | 510 |
| બંદો જ્યારે આશા બાંધીને તૌબા કરે છે તો તે સત્તાર તથા ગફ્ફાર છે | 511 |
| શિર્ક સિવાય સર્વ ગુનાહો તૌબાથી માફ થઈ જાય છે | 511 |
| ફર્માને ખુદા : જે મને ગફ્ફાર જાણે હું તેને જરૂર બખ્શી દઈશ | 511 |
| ફજરના સમયે ઈસ્તિગફાર કરનારને તંગી તથા ગમથી નજાત અને બેહિસાબ રોજી આપશે | 512 |
| એ ગુનેહગાર બેહતર છે જે તૌબા કરે, તૌબાથી દિલ સાફ થઈ જાય છે | 513 |
| ગુનાહથી દિલ પર કાળો ડાઘ, કુફ્રથી કાટ, અને નબીની અદાવતથી દિલ લાઈલાજ થઈ જાય છે | 514 |
| નિગાહે કરમ તથા અવલિયા તથા અંબિયાની સોહબતના ફાયદા | 515 |
| અંધા શીશા (ઝાંખા આઈના)માં ખાસ ખાસ જ ચમકે છે | 515 |
| મૌતના ગરગરા (સકરાત) સુધી તૌબા કબૂલ થાય છે, પગો તરફથી રૂહ કબ્ઝ થવાના ફાયદા, શૈતાનની કોશિશ દરેક સમયે ચાલુ છે, અલ્લાહથી પનાહ માગતો રહે | 515 |
| તૌબાનો દરવાજો સિત્તેર વરસના માર્ગ જેટલો પહોળો અને સૂરજના પશ્ચિમથી ઉગતા સુધી ખુલ્લો રહેશે | 516 |
| હિજરત તથા તૌબા સૂર્યના પશ્ચિમથી નીકળતા સુધી | 517 |
| એક આબિદ તથા ગુનેહગારનો કિસ્સો, ગુનેહગાર જન્નતી અને આબિદ દોઝખી ! કાફિર, પાગલ, કાફિરોની નાબાલિગ ઔલાદ જહન્નમી નથી | 518 |
| જે ગુનોહ શર્મિંદગી, આજીજી તથા પોતાને નીચ સમજવાની ભાવના (ઈન્કેસારી) પેદા કરી દે તે ઘમંડવાળી ઈબાદત કરતાં બેહતર છે | 519 |
| અબ્દુન્નબી, અબ્દુર્રસૂલ નામ રાખવુ જાઈઝ | 520 |
| બંદાઓની નેકી તથા ગુનાહથી રબ તઆલાનો ફાયદો કે નુકસાન નથી | 522 |

| | |
|---|---|
| અલ્લાહથી ડરનારાની બખ્શિશ લા'ઝમી છે | 524 |
| ઈસ્તિગફારના તે શબ્દો જે બદ્તરીન ગુનાહોની બખ્શિશના માટે લાભદાયી છે | 524 |
| ઔલાદની ઈસ્તિગફારની દુઆથી મૈયતને ફાયદો થાય છે | 525 |
| મુડદાં કૃબ્રમાં વારસોની દુઆની રાહ જોતા રહે છે | 526 |
| જીવતાંઓની દુઆ, સદકૃા કૃબ્રવાળાઓને પહાડ જેમ પેશ થાય છે | 527 |
| ખૂબીવાળા તે છે જેઓ કષરતથી (અતિ અધિક પ્રમાણમાં) ઈસ્તિગફાર કરતા હોય | 528 |
| નાના ગુનાહને પણ તુચ્છ ન સમજો | 529 |
| રબ બંદાની તૌબાથી ખૂબ જ ખુશ થાય છે | 529 |
| રૂહ, નફ્સ, શરીરનું શ્રેષ્ઠ દૃષ્ટાંત | 530 |
| હઝરત વહશીની બારગાહે રિસાલતમાં વાર્તાલાપનો એક કિ્સ્સો | 532 |
| શિર્ક બંદા તથા રબની વચ્ચે આડ છે | 532 |
| ગુનાહથી સાચી તૌબા કરનાર બેગુનાહ સમાન છે | 533 |
| ગુનાહ પર શરમાવું પણ તૌબા છે | 534 |
| **ઈસ્તિગફાર વિશે વિવિધ મસાઈલ** | 535 |
| લોહે મહેફૂઝ વિશે વિવિધ રિવાયતો | 535 |
| રહ્મત ગઝબ પર ગાલિબ (સવાર) છે | 535 |
| અલ્લાહે પોતાની એક રહ્મત કૃયામત સુધી બાકૃી રાખી છે | 535 |
| એક શબ્દ તથા કૃદમમાં જન્નત તથા દોઝખ છે | 537 |
| એક ગુનેગારની પોતાની ઔલાદને વસિયત | 537 |
| અલ્લાહ પોતાના બંદાઓ પર હેત વર્ષાવનારી મા કરતાં અધિક મહેરબાન છે | 539 |
| જન્નત અલ્લાહના ફઝ્લથી છે અમલથી નથી | 540 |
| બરાબર રહો, પાછલી રાતમાં અધિક નેકી કરો | 540 |
| નેકીના ઈરાદા પર એક નેકી કર્યા બાદ દસથી સાતસો ગણા સુધી | 541 |
| ગુનાહનો ઈરાદો ત્યજી દેવા પર એક નેકી, અને ગુનોહ કરવા પર એક ગુનોહ લખવામાં આવે છે | 542 |
| જે ગુનેહગાર અલ્લાહથી ખૌફ કરે તે જન્નતી છે | 543 |
| પક્ષીના બચ્ચાંની હિકાયત | 544 |
| ઈશ્કૃ માથાથી પગ સુધી હિંમત, બહાદુરી, સુજાઅત છે | 545 |
| એક સ્ત્રીનું સરકાર ﷺની ખિદમતમાં હાજર થવું, તેના સવાલ પર રડવું અને ફર્માવવું, અલ્લાહ કેવળ મુશ્રિકને જહન્નમમાં મોકલશે | 546 |
| જે બંદો અલ્લાહ તઆલાની ખુશ્નૂદી (રાજીપો) હાંસલ કરે છે તો અલ્લાહ તઆલા પોતાની રહમતનું એલાન કરે છે | 548 |
| આસ્માન તથા જમીનના ફરિશ્તા દુઆઓ આપે છે | 548 |
| ઈન્સાનોમાં તેની બુઝુર્ગીની ચર્ચા થાય છે | 549 |
| સર્વ મુસલમાન જન્નતી છે | 549 |

# કલેમાતે ખૈર

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ        نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ        اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ        اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

**કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ**

અલ્હમ્દુલિલ્લાહ ! રહમતે આલમ નૂરે મુજસ્સમ, ફખ્રે આદમો બની આદમ ﷺકે સદકો તુફૈલ **''મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ''**કી તીસરી જિલ્દકા ગુજરાતી તર્જમા આપકે હાથોંમેં હૈ. આપ મેહસૂસ કર સકતે હોંગે કે ઈતના અઝીમ ઈલ્મી કારનામા આપકે હવાલે કરના યહ કિતના ડિફિકલ્ટ હૈ. યાદ રખ્ખેં કિતાબ લિખના તો આસાન હૈ લેકિન કિતાબકા તર્જમા બહોત હી મુશ્કિલ હૈ. લેકિન અલ્હમ્દુલિલ્લાહ ! અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબ અપની ગૂનાગૂં મશ્રૂફિયત કે બાવજૂદ અપની કૌમકી ખિદમત ઔર ઉનકે ઈલ્મમેં ઈઝાફે કે લિયે, ઔર ઉનકો કુર્આનો હદીષસે કરીબ કરને કે લિયે યહ કારનામા અંજામ દે રહે હૈં. ઔર યહ ઈનકી ગિરાં કદ્ર ખિદમત લાઈકે કદ્ર ભી હૈ, લાઈકે તેહસીન ભી હૈ, ઔર કાબિલે મુબારકબાદ ભી હૈ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ ખિદમતે હદીષકા સિલા ઈનકો દોનોં જહાંમેં અતા ફર્માએ ઔર મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ કી તીસરી જિલ્દ પહલી જિલ્દોંકી તરહ મકબૂલે આમ ફર્માએ. ઔર પરવરદિગાર ﷻ મજીદ ઈલ્મી ખિદમાતકી ઈન્હેં તૌફીકે રફીક ફર્માએં, ઔર દારૈનકી સઆદતોંસે માલામાલ ફર્માએ. વસ્સલામ મઅલ ઈકરામ.

**–મુહમ્મદ શાકિર નૂરી**

*(મદીના મુનવ્વરા, ૯–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૩)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## જિંદગીને બેકાર કામોમાં ન વેડફો ! ઈલ્મની તરફ આવો !

હદીષેપાકમાં છે : ''માણસ સહીહ તથા કામિલ મોમિન ત્યાં સુધી નથી થતો જ્યાં સુધી કે બેકાર કામોને ત્યજી ન દે.'' હઝરત અલી ઈબ્ને હુસૈન એટલે ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''માણસ સારો મુસલમાન ત્યારે બને છે જ્યારે તે બેકારની તથા ફુઝૂલ વાતોને ત્યજી દે (સુનને તિર્મિઝી, ૯/૯૮, હદીષ–૨૪૮૮...વગેરે) એટલે કે જિંદગીને બેકાર કામોમાં ન વેડફે એ જ મોમિનની શાન છે. અને મોમિન માટે તો રબ તઆલાનું એલાન છે કુર્આનમાં કે : وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ''ન ગભરાવ ! ન ન ડરો ! તમે જ કામયાબ થશો ! શર્ત એ છે કે મોમિન બની જાવ !'' *(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯)*

હવે મોમિન કોણ ?! તો વધારે ડીટેઈલમાં ન જતાં જોઈએ કે અકીદાની દષ્ટિએ, અમલોની દષ્ટિએ મોમિન કેવો હોવો જોઈએ ? તો એક બાજુ અકીદાની ગુમરાહીમાં ''અહલે સુન્નત વ જમાઅત''માંથી નીકળીને અનેક ફિર્કાઓ અલગ થઈ ગયા જેમની સંખ્યા ઘણી મોટી છે પણ તેઓ નામના મુસલમાન રહી ગયા ! બાકી ઈમાનનો પટ્ટો તેમણે ગળેથી કાઢી નાખેલો છે ! (અલ્લાહની પનાહ !) રહ્યા બાકીના મુસલમાન, તો આપણા સમાજ તરફ નજર કરો અને આપણા દિલમાં ઝાંકીને જુઓ કે શું આપણે સાચા અર્થમાં મોમિન છીએ ? તો જવાબમાં એક પ્રકારની માયૂસી મેહસૂસ થશે કે આપણે મોમિન હોવાનો દાવો તો કરીએ છીએ પણ કુર્આન હદીષની કસોટી પર સાચા મોમિન નથી ! ઝબાની દાવા સુધી આપણે સીમિત છીએ. આપણી અમલી જિંદગીમાં ઈસ્લામની ઝલક નહિવત જોવા મળે છે. સાચા મોમિન કેવા હતા એ જ આપણને ખબર નથી ! સાચા મોમિન બનવા માટે આપણે સૌથી સાચા મોમિન એટલે કે રસૂલે પાક ﷺના જાંનિષાર સહાબીઓની જિંદગીની તેમજ અલ્લાહના વલીઓની જિંદગીઓની ભીતરમાં જવું પડશે. તેમણે કેવી રીતે જિંદગી ગુજારી એ શોધવું પડશે. શું તેઓ બેનમાઝી હતા ? શું તેઓ દાઢી મૂંડા કે ચોખા ચોખા જેટલી દાઢીવાળા હતા ? શું તેઓ જૂઠુ બોલતા હતા ? શું તેઓ બેરોઝાદાર હતા ? શું તેઓ દીન માટે કુર્બાન થવા તૈયાર ન હતા ? શું તેઓ ગીબત, ચુગલી, ગાળાગાળી, મારા મારી કરનારા હતા ? શું તેઓમાં હયા શરમ ન હતી ? શું તેમની આંખો પર સ્ત્રીઓ તથા ગંદા મન્ઝર જોવાની શોખિન હતી ? શું તેઓ વ્યભિચારી હતા ? શું તેઓ ભાઈ ભાઈ વચ્ચે વેર રાખનારા હતા ? શું તેઓ કોઈનો માલ પચાવી પાડવાવાળા હતા ? શું તેમની બહેન દીકરીઓ બજારોમાં પાર્કોમાં, શેરીઓમાં બેપર્દા બેહયા બની રખડતી હતી ? શું તેમની શાદીઓમાં બેન્ડ બાજા, ડીજે, ડાન્સ, છૂટ્ટાવાળો લહેરાવતી અત્યંત મેકઅપથી ચેહરો બદલી નાખનારી બેપર્દા સ્ત્રીઓ તથા અંગ્રેજ તથા યહૂદ જેવા ચહેરાવાળા તથા બેહયાઈના સ્ટેજો પર ડ્રામા કરવાવાળા યુવાન યુવતીઓ હતાં ?! શું તેઓ મા બાપના, વડીલોના બેઅદબ હતા ? શું તેઓ શરાબી, જુગારી, હલાલ હરામની પરવા ન કરનારા હતા ? શું તેઓ ઈલ્મે દીનથી, દીનની વાતો વાંચવા સાંભળવાથી, ઈલ્મી મેહફિલોથી દૂર ભાગનારા તથા અણગમો ધરાવનારા હતા ? વગેરે વગેરે...તો જવાબ હશે ના ! ના ! અને ના ! સહાબા, સહાબિયાત તથા અવલિયાના જીવનોમાં આ બાબતોનો પડછાયો પણ ન હતો.

હવે આપણા સમાજમાં જુઓ ! શું હાલ છે આપણો ! જેથી કહેવું પડશે કે તેઓ સાચા મોમિન હતા અને આપણે ''ડુપ્લિકેટ મુસલમાન'' છીએ ! જો ઈમાનને હાડપિંજર અને અમલોને શરીરનો ગોશ્ત પોશ્ત કહીએ તો આપણે કેવળ હાડપિંજરવાળા છીએ, અમલી જિંદગી ખતમ જેવી સ્થિતિમાં છે. (ઈલ્લા માશા અલ્લાહ !) અને તેમાંય મજબૂતી જેવી હોવી જોઈએ તેવી નથી ! અને તેનું જ પરિણામ છે કે આજે ગૈરો મુસલમાનોને જાનવરોની જેમ ફટકારી રહ્યા છે, અને આમથી તેમ હાંકી રહ્યા છે. જગતમાં દેશમાં આટલુ બધું થયા પછી પણ આપણે નહીં જ સુધરીએ ?! સાચા મોમિનો તો તે હતા કે મદીના પાકથી ઈસ્લામના અમ્નના પયગામનો ફેલાવો કરવા નીકળ્યા તો

તે સમયની મહાસત્તાઓ કૈસર તથા કિસરાને ધૂળ ચાટતી કરી દીધી અને જગતભરમાં ઈસ્લામનો ડંકો વગાડી દીધો. લગભગ દુનિયા પર તેમનું રાજ હતું અને તેમણે અમ્નો શાંતિ સ્થાપી હતી. શું સરસ કહ્યું છે ડો. ઈકબાલે કે :

*દશ્ત તો દશ્ત હૈ દરયા ભી ન છોળે હમને–બેહરે ઝુલ્માતમેં દોળા દિયે ઘોળે હમને*

*દીં અઝાનેં કભી યુરપકે કલીસાઓંમેં – કભી અફ્રિકાકે તપતે હુએ સહરાઓંમેં*

*નક્શ તૌહીદકા હર દિલમેં બિઠાયા કિસને ? – ઝેરે ખંજર ભી યહ પૈગામ સુનાયા કિસને ?*

કહેવાનો મતલબ એ છે કે આપણે મોમિનની શાન ગુમાવી દીધી છે જેથી આપણો હાથ પકડનાર કોઈ જણાતો નથી ! એનો ઈલાજ એક જ છે કે આપણે સાચા મોમિન બની જઈએ તો રબની રહમતો, રબની ઈનાયતો, રબની મદદો આપણો હાથ થામી લેશે. વર્તમાન મુસીબતોથી બહાર નીકળવાના માર્ગો કહેવાતા બુધ્ધિશાળીઓ અનેક બતાવશે પણ અલ્લાહની વાત પર ઈમાન છે તો એનો બતાવેલ માર્ગ એક જ છે કે સાચા મોમિન બની જાવ !

અને સાચા મોમિન થવા માટે ઉલમાથી ઈલ્મ શીખો, ઘરોમાં દીની કિતાબો વસાવો, દીની મંથલી મંગાવો, તેમને વાંચો અને સમજો કે સહાબા તથા અવલિયાની જિંદગી કેવી હતી પછી તેમના નક્શે ક્દમ પર ચાલવા કોશિશ કરો તો સઘળો મામલો સુધરી જશે, દુનિયા તથા આખેરતમાં આપણે કામયાબ થઈ જાશું.

પણ આજે તો મોબાઈલમાંથી કોઈએ મોઢું કાઢવું જ નથી ! ભાઈ ! ક્બરનું વિચારો ! ક્બરમાં મોબાઈલ સાથે નહીં આવે ! ઈમાન તથા નેક અમલો, ખુદા વ રસૂલની, સહાબા, અહલે બયત, અવલિયા, ઉલમાની મહોબ્બતો જ કામ આવશે જેથી મોબાઈલથી છૂટકારો મેળવો, અહલે સુન્નતના ઉલમાની કિતાબો વાંચો, તેમનાં બયાનો સાંભળો, સુન્ની મંથલી મંગાવો, પોતે વાંચો, ઔલાદને, ઘરવાળાંને વંચાવો અને ઘરમાં એક પુર સકૂન દીની માહોલ, શરીઅતની પાબંદીવાળો માહોલ બનાવો તો કામયાબી તમારા ક્દમો ચૂમશે. ઈન્શા અલ્લાહ !

અલ્લાહના ફઝ્લો કરમથી, નબી પાક ﷺની નઝરે ઈનાયતથી, બુઝુર્ગોની દુઆથી અલ્લાહના સૌથી મહ્બૂબ નબી ﷺની હદીષો (વાણી) જેમાં આપણી જ ભલાઈની વાતો છે અને તેની સમજૂતી (શરહ) ઉર્દૂમાં સુન્નીઓના મહાન બુઝુર્ગ હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہએ લખી તેને ગુજરાતીમાં આ ગુનેહગાર નાચીઝ આપના હાથોમાં રાખવા ચાહે છે ! પણ હવે ઘણે ઠેકાણેથી આવી મહાન કિતાબોને પણ ન મોકલવા કહેવાતા આશિક્ે રસૂલ ભાઈઓ બહેનો ધમકીના ટોનમાં જાણે કહે છે કે ખબરદાર ! અમને દીની કિતાબો મોકલતા નહીં ! અમારે ત્યાં કોઈ વાંચનાર નથી ! અમારી પાસે ટાઈમ નથી ! ''ટાઈમ નથી'' એ એટલુ મોટુ જૂઠ છે કે અલ્લાહ એવું બોલવાથી એમને બચાવે ! કેમ કે દુનિયાનાં સર્વ કામો માટે, મોબાઈલ માટે, મિત્રોમાં ગપસપ માટે, માલ કમાવામાં રચ્યા પચ્યા રહેવા માટે ટાઈમ છે, પણ ટાઈમ નથી તો અલ્લાહ જે આપણો ખાલિક્, માલિક, રાઝિક્...... બધુ જ છે તેની વાત સાંભળવાનો તથા નબી કરીમ ﷺ કે જેમના સદક્ામાં આ જીવન અને તેની નેઅમતો મળી અને ક્યામતમાં આપણે તેમનાથી શફાઅત ચાહીએ છીએ તેમની વાતો વાંચવામાં આપણે રસ નથી ! તો શું તમારે ફક્ત દુનિયા જ જોઈએ છે ?! આખેરતમાં જે થશે તે ?! એવું ધાર્યું છે ? જો એ જ હોય તો તમારી મરજી ! નહીં તો હવે એ ઈસ્લામ વિરુધ્ધની વાત ન કહેશો કે અમારે ત્યાં કિતાબો ન મોકલતા ! કેટલાક કહે છે કે એને ક્યાં રાખવી ?! બેઅદબી થાય છે ! અચ્છા ! તો કરન્સી નોટો, સોનુ, ચાંદી ક્યાં રાખો છો ?! તીજોરીમાં ?! ટી.વી. માટે શોકેશ રાખો છો ? તો આ અલ્લાહ વ રસૂલનો પયગામ સંભળાવતી કિતાબો માટે ઘરમાં એક સરસ કબાટ ન રાખી શકો કે ગમે ત્યારે તમે તથા તમારી ઔલાદ એને વાંચતી રહે ?!

ટૂંકમાં એ કે આપણી દુનિયા આખેરતની ભલાઈ ઈલ્મે દીન શીખવવામાં અને તેના પર ચાલવામાં છે જેથી આવી કિતાબની ક્દર કરશો કે જે ઘણી મુશ્કેલીઓ મહેનતો બાદ રેડી થઈને આપના હાથો સુધી પહોંચતી હોય છે. ઉમ્મીદ છે ક્દર કરશો ! ઈન્શા અલ્લાહ !

**(તારીખ : ૧૭–૪–૨૦૨૨) –પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

# કિતાબુઝ્ ઝકાત[1] كتاب الزكوة

## (ઝકાત વિશે વર્ણન)

## (વિભાગ : ૧) الفصل الاول

**૧.** ઝકાતનો શાબ્દિક અર્થ પાકી તથા વધવું છે. રબ તઆલા ફર્માવે છે : قَدۡ اَفۡلَحَ مَنۡ تَزَكّٰی "બેશક ! મુરાદે પહોંચ્યો જે સુથરો થયો." (સૂરએ આ'લા, ૮૭/૧૪) કેમ કે ઝકાતની બરકતથી ઈન્સાની નફ્સ કંજૂસીના મેલથી પાક તથા સાફ થઈ જાય છે. તેમજ એના કારણે માલમાં બરકત થાય છે, એટલા માટે એને ઝકાત કહે છે. ઝકાતનો સબબ વૃદ્ધિ પામનારો માલ છે. અને તેની શરતો : ઈસ્લામ, આઝાદી, બુદ્ધિ, પુખ્તા હોવું તથા કરજથી માલનું ખાલી હોવું છે. જેથી કાફિર, ગુલામ, બાળક તથા પાગલ પર ઝકાત ફર્ઝ નથી. હક્ક એ છે કે ઝકાતનો સંક્ષિપ્તમાં હુકમ હિજરતથી પહેલાં આવ્યો અને તેની વિગત હિ.સ. ૧૧માં વર્ણન થઈ. જેથી કુર્આની આયતોમાં ટકરાવ નથી. **ફુલ ચાર માલોમાં ઝકાત ફર્ઝ છે : સોનું ચાંદી, વેપારનો માલ, જંગલમાં ચરનારાં જાનવર, જમીની પેદાવાર.** *(અર્ઝ : મિર્કાત તથા અશ્અહ)*

**★ હદીષ : (૧)-૧૭૭૨ ★** (مُتَّفِق عَلَيۡهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ مُعَاذًا إِلَى الْيَمَنِ فَقَالَ: «إِنَّكَ تَأْتِي قوما من أهل الْكتاب. فَادْعُهُمْ إِلَى شَهَادَةِ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَنَّ مُحَمَّدًا رَسُولُ اللَّهِ. فَإِنْ هُمْ أطاعوا لذَلِك. فَأَعْلِمْهُمْ أَنَّ اللَّهَ قَدْ فَرَضَ عَلَيْهِمْ خَمْسَ صَلَوَاتٍ فِي الْيَوْمِ وَاللَّيْلَةِ. فَإِنْ هم أطاعوا لذَلِك فأعلمهم أن الله قد فرض عَلَيْهِم صَدَقَة تُؤْخَذ من أغنيائهم فترد فِي فُقَرَائِهِمْ. فَإِنْ هُمْ أَطَاعُوا لِذَلِكَ. فَإِيَّاكَ وَكَرَائِمَ أَمْوَالِهِمْ وَاتَّقِ دَعْوَةَ الْمَظْلُومِ فَإِنَّهُ لَيْسَ بَيْنَهَا وَبَين الله حجاب»

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત મઆઝને યમનની તરફ રવાના કર્યા[1] તો ફર્માવ્યું કે તમો અહલે કિતાબ કૌમની પાસે જઈ રહ્યા છો[2]. તો તેમને આ ગવાહીની દા'વત આપજો કે અલ્લાહ સિવાય કોઈ મઅ્બૂદ નથી, અને યકીનન ! મુહમ્મદ અલ્લાહના રસૂલ છે[3]. જો તેઓ એમાં ફર્માંબરદારી કરે તો તેમને બતાવજો કે અલ્લાહે એમના પર દિવસ રાતમાં પાંચ નમાઝો ફર્ઝ કરી[4]. પછી જો તેઓ એ પણ માની જાય તો તેમને શીખવાડજો કે અલ્લાહે એમના પર ઝકાત ફર્ઝ કરી છે[5] જે એમના માલદારોથી લેવામાં આવશે અને એમના જ ફકીરો (ગરીબો)ને પરત કરવામાં આવશે[6]. પછી જો એ પણ માની લે તો એમના બેહતરીન માલોથી બચજો[7]. અને જુલ્મ પામેલાની દુઆથી બચજો કે એના તથા રબની વચ્ચે કોઈ આડ નથી[8]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** હુઝૂરે અન્વર ﷺએ હઝરત મઆઝને યમનના ગવર્નર બનાવીને મોકલ્યા અને ખુદ જાતે પોતે તેમને ષનિયતુલ વિદાઅ સુધી પહોંચાડવા ગયા. હઝરત મઆઝ સરકાર ﷺના હુકમથી સવારી પર હતા અને હુઝૂરે અન્વર ﷺ પગપાળા હતા. તેમનાથી અલગ થતી વખતે ફર્માવ્યું કે હવે તમે મારી કૃબ્ર પર આવશો અને મને નહીં પામો. જેના પર હઝરત મઆઝ રડયા. યાદ રાખશો કે હઝરત મઆઝ યમન પર જેહાદ કરવા ન જઈ રહ્યા હતા, તે તો પહેલેથી જ કબજામાં આવી ચૂક્યું હતું, બલ્કે ત્યાંના હાકિમ બનીને જઈ રહ્યા હતા.

**૨.** જો કે યમનમાં અહલે કિતાબ પણ હતા તથા મુશ્રિકો પણ હતા. પરંતુ કેમ કે અહલે કિતાબ મુશ્રિકોથી બેહતર છે એટલા માટે ખાસ કરીને તેમનો ઉલ્લેખ કર્યો.

**૩.** કેવળ મુશ્રિકોને لَا اِلٰهَ اِلَّا اللّٰهُની દા'વત આપો અને સર્વ કાફિરોને مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِની. કેમ કે મુશ્રિકો તૌહીદના મુન્કિર છે અને બાકીના મુવહ્‌હિદ, કાફિરો તથા અહલે કિતાબ તૌહીદ (એક અલ્લાહ)ને તો માનનારા છે પણ રિસાલતે મુસ્તફવીના મુન્કિર છે. અલ્લામા શામી ફર્માવે છે કે દરેક કાફિરને મુસલમાન બનાવતી વખતે એ જ ચીજ પઢાવવામાં આવે જેના તેઓ મુન્કિર છે. આ હદીષથી જાણવા મળ્યું કે કાફિરો શરીઅતના હુકમોના બંધાયેલા નથી અને આ કાફિરોને ઈસ્લામ લાવવા માટે મજબૂર કરવામાં નહીં આવે. لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ "દીનમાં કોઈ જબરદસ્તી નથી." (સૂરએ બક્રહ, ૨/૨૫૬) અને એ કે તબ્લીગ તથા નરમી તથા ખુશ અખ્લાકી સાથે હોવી જોઈએ અને એ કે ઝિમ્મી કાફિરોને તબ્લીગ કરવી સુન્નત છે અને હાકિમો તથા અફસરો કેવળ દેશની વ્યવસ્થા જ ન કરે બલ્કે દીનની તબ્લીગ પણ કરે. હાકિમ મુબલ્લિગ પણ હોવો જોઈએ. અને એ કે ઓફિસરો તથા હાકિમો પોતે પણ શરઈ હુકમોથી માહિતગાર હોવા જોઈએ, નહીં તો તેઓ તબ્લીગ નથી કરી શકતા.

**૪.** એટલે કે જ્યારે તે મુસલમાન થઈ જાય તો તેમને નમાઝના હુકમો સંભળાવો, શીખવાડો કેમ કે ઈસ્લામમાં સર્વ અહકામથી પહેલાં નમાઝનો હુકમ આવ્યો. તેમજ એ શારીરિક ઈબાદત છે તેમજ એ દરેક મુસલમાન પર ફર્ઝ છે. એટલા માટે કલમો પઢાવ્યા પછી જ તેનો ઉલ્લેખ કરવો. યાદ રાખશો કે અહીં નમાઝે જનાઝા, ઈદોની નમાઝો, વિત્ર વગેરેનો ઉલ્લેખ નથી કર્યો, કેવળ પાંચ નમાઝો વિશે ફર્માવ્યું, તો એ વખતે એનો હુકમ થયો ન હતો. અથવા તે સર્વ ચીજો પાંચ નમાઝો હેઠળ ફર્માવી દેવામાં આવી. અથવા અહીં સર્વ શરઈ હુકમોનું વર્ણન નથી પણ ખાસ ખાસનું છે. એટલા માટે રોઝાનો ઉલ્લેખ નથી ઝકાતનો છે. જ્યારે કે રોઝા ઝકાતથી પહેલાં ફર્ઝ થઈ ચૂક્યા હતા. જેથી આ હદીષના આધારે એવું નથી કહી શકાતુ કે ઈદની કે વિત્રની નમાઝ વાજિબ નથી, અને આ હદીષ હનફીઓની વિરુદ્ધ છે.

**૫.** અહીં اِنْ એ اِذَا ના અર્થમાં છે એટલે જ્યારે તે નમાઝના અહકામ શીખી લે તો ઝકાતના હુકમો શીખવાડો. ધીમે રહીને તબ્લીગ કરો કે એમને શીખવાડવાનો હેતુ છે ન કેવળ બતાવી દેવાનો. હદીષનો એ અર્થ નથી કે જો તે મુસલમાન થયા પછી નમાઝને ફર્ઝ માની લે તો ઝકાત શીખવાડવી, અને જો નમાઝની ફર્ઝિયતથી ઈન્કાર કરી દે તો ઝકાત ન શીખવાડશો. કેમ કે મુસલમાનનું નમાઝથી ઈન્કાર કરવું (તેને ફર્ઝ ન માનવું) એ ઈર્તેદાદ (દીનથી ફરી જવું) છે, અને કોઈને મુર્તદ થઈ જવાની ઈજાઝત નથી, જેથી હદીષ પર કોઈપણ વાંધો નથી. અને ઝકાતના માટે નમાઝ શર્ત છે.

**૬.** એટલે કે અમો ટેકસની જેમ તમારાથી ઝકાત વસૂલ કરીને મદીના મુનવ્વરામાં ન લઈ જાશું અને પોતે ન ખાઈશું જેથી તમે સમજો કે ઈસ્લામનો પ્રચાર ખાવા કમાવા માટે છે, બલ્કે તમારા માલદારોથી ઝકાત લઈને તમારા જ ગરીબોને આપી દેવામાં આવશે. આના પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : (૧) કાફિર ઝકાત નથી આપી

શકતા (૨) બીજુ એ કે સખત મજબૂરી વિના એક જગાની સર્વ ઝકાત બીજી જગાએ તબદીલ કરવામાં ન આવે. (૩) ત્રીજુ એ કે માલદાર સાહિબે નિસાબ ઝકાત નથી લઈ શકતો, જેવું કે શબ્દ فقراء તથા ضَمِيۡرُهُمۡથી જાણવા મળ્યું. જરૂરતના મુજબ ઝકાતને તબદીલ કરવી બિલ્કુલ જાઈઝ છે. જેમ કે માલદારના સગાં અન્ય શહેરમાં રહેતાં હોય અન્ય બીજી જગાએ સખત ગરીબી તથા તંગદસ્તી હોય અથવા બીજી જગાએ સદકાનો સવાબ વધુ હોય, જેથી પોતાની અમુક ઝકાત મક્કા મદીના મોકલવી જેવો કે આજકાલ રિવાજ છે એ બિલ્કુલ જાઈઝ છે. (તે સમયે એ રિવાજ હશે, હાલ લગભગ નથી રહ્યો. –અનુવાદક) યાદ રાખશો કે અહીં اغنياءથી મુરાદ બાલિગ, આકિલ (પુખ્ત તથા બુદ્ધિવાળા) માલદાર મુરાદ છે, કેમ કે નમાઝની જેમ ઝકાત પણ બાળક તથા પાગલ પર ફર્ઝ નથી. એ યાદ રાખશો કે બાતિની માલ એટલે સોનું, ચાંદી વગેરેની ઝકાત ખુદ ગની જ અદા કરશે અને જાહેરી માલ જાનવર તથા પેદાવારની ઝકાત ઈસ્લામના હાકિમ વસૂલ કરીને પોતાના આયોજન પ્રમાણે ખર્ચ કરશે. અહીં تُؤْخَذُ માં બંનેવ સ્થિતિઓ સામેલ છે.

**૭.** એટલે કે ઝકાતમાં એમના બેહતરીન માલ વસૂલ ન કરો બલ્કે દરમિયાની (મધ્યમ કક્ષાના) માલ લો. હા! જો ખુદ માલિક જ બેહતરીન માલ પોતાની ખુશીથી આપે તો તેમની મરજી. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી : لَنۡ تَنَالُوا الۡبِرَّ حَتّٰى تُنۡفِقُوۡا مِمَّا تُحِبُّوۡنَ (તમો કદાપિ ભલાઈ સુધી નહીં પહોંચો જ્યાં સુધી ખુદાની રાહમાં તમારી પ્યારી ચીજ ન ખર્ચ કરો. *–સૂરએ આલે ઈમરાન, ૩/૯૨*) આ વાક્યથી નિર્દેશરૂપે જાણવા મળ્યું કે બર્બાદ થયેલ માલની ઝકાત ન લેવામાં આવે કેમ કે اموالهم ઈર્શાદ થયું.

**૮.** એટલે હે મઆઝ! તમે હાકિમ બનીને યમન જઈ રહ્યા છો ત્યાં કોઈના પર જુલ્મ ન કરશો, ન શારીરિક જુલ્મ ન માલી જુલ્મ, ન ઝબાની, કેમ કે અલ્લાહ તઆલા મઝલૂમની (ફરિયાદ) ઘણા જ જલ્દી સાંભળે છે. આમાં હકીકતમાં કયામત સુધીના હાકિમો (સત્તાધારીઓ)ને ન્યાયની તા'લીમ છે, નહીં તો સહાબીઓ જુલ્મ નથી કરતા. હઝરત સુલૈમાન علیہ السلامની કીડીએ કહ્યું : لَا يَحۡطِمَنَّكُمۡ سُلَيۡمٰنُ وَجُنُوۡدُهٗ ۙ وَهُمۡ لَا يَشۡعُرُوۡنَ (તમને કચડી ન કાઢે સુલૈમાન અને તેમનાં લશ્કર અજાણતામાં.) કીડીનો અકીદો હતો કે પયગંબરના સહાબા કીડીઓ પર પણ જુલ્મ નથી કરતા, જેથી આ હદીષથી સહાબાનું જાલિમ હોવું સાબિત નથી થઈ શકતું.

**★ હદીષ : (૨)-૧૭૭૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ صَاحِبِ ذَهَبٍ وَلَا فِضَّةٍ لَا يُؤَدِّي مِنْهَا حَقَّهَا إِلَّا إِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ صُفِّحَتْ لَهُ صَفَائِحُ مِنْ نَارٍ فَأُحْمِيَ عَلَيْهَا فِي نَارِ جَهَنَّمَ فَيُكْوَى بِهَا جَنْبُهُ وجبينه وظهره كلما بردت أُعِيدَتْ لَهُ فِي يَوْمٍ كَانَ مِقْدَارُهُ خَمْسِينَ أَلْفَ سَنَةٍ حَتَّى يُقْضَى بَيْنَ الْعِبَادِ فَيَرَى سَبِيلَهُ إِمَّا إِلَى الْجَنَّةِ وَإِمَّا إِلَى النَّارِ» قِيلَ: يَا

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે એવો કોઈ સોના ચાંદીવાળો નથી જે એનો હક્ક (ઝકાત) અદા ન કરે[૧]. પણ જ્યારે કયામતનો દિવસ હશે તો તેના માટે આગના પતરાં બનાવવામાં આવશે પછી તેના પર દોઝખની આગમાં તપાવવામાં આવશે[૨] જેના વડે તેનાં પાસાં, પેશાની તથા પીઠને ડામ દેવામાં આવશે[૩] જ્યારે પણ લાવવામાં આવશે તો પરત કરવામાં આવશે[૪] આવું દિવસભર થતુ રહેશે જેની માત્રા પચાસ હજાર વરસની છે, ત્યાં સુધી કે બંદાઓમાં ફેંસલો કરી*

رَسُولَ اللَّهِ فَالْإِبِلُ؟ قَالَ: «وَلَا صَاحِبُ إِبِلٍ لَا يُؤَدِّي مِنْهَا حَقَّهَا وَمِنْ حَقِّهَا حَلْبُهَا يَوْمَ وِرْدِهَا إِلَّا إِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ بُطِحَ لَهَا بِقَاعٍ قَرْقَرٍ أَوْفَرَ مَا كَانَت لَا يفقد مِنْهَا فصيلا وَاحِدًا تَطَؤُهُ بِأَخْفَافِهَا وَتَعَضُّهُ بِأَفْوَاهِهَا كُلَّمَا مَرَّ عَلَيْهِ أولاها رد عَلَيْهِ أخراها فِي يَوْمٍ كَانَ مِقْدَارُهُ خَمْسِينَ أَلْفَ سَنَةٍ حَتَّى يُقْضَى بَيْنَ الْعِبَادِ فَيُرَى سَبِيلُهُ إِمَّا إِلَى الْجَنَّةِ وَإِمَّا إِلَى النَّارِ» قيل: يَا رَسُول الله فَالْبَقَرُ وَالْغَنَمُ؟ قَالَ: «وَلَا صَاحِبُ بَقَرٍ وَلَا غَنَمٍ لَا يُؤَدِّي مِنْهَا حَقَّهَا إِلَّا إِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ بُطِحَ لَهَا بِقَاعٍ قَرْقَرٍ لَا يَفْقِدُ مِنْهَا شَيْئًا لَيْسَ فِيهَا عَقْصَاءُ وَلَا جَلْحَاءُ وَلَا عَضْبَاءُ تَنْطِحُهُ بِقُرُونِهَا وَتَطَؤُهُ بِأَظْلَافِهَا كُلَّمَا مَرَّ عَلَيْهِ أُولَاهَا رُدَّ عَلَيْهِ أُخْرَاهَا فِي يَوْمٍ كَانَ مِقْدَارُهُ خَمْسِينَ أَلْفَ سَنَةٍ حَتَّى يُقْضَى بَيْنَ الْعِبَادِ فَيُرَى سَبِيلُهُ إِمَّا إِلَى الْجَنَّةِ وَإِمَّا إِلَى النَّارِ» . قِيلَ: يَا رَسُول الله فالخيل؟ قَالَ: " الْخَيل ثَلَاثَةٌ: هِيَ لِرَجُلٍ وِزْرٌ وَهِيَ لِرَجُلٍ سِتْرٌ وَهِيَ لِرَجُلٍ أَجْرٌ. فَأَمَّا الَّتِي هِيَ لَهُ وِزْرٌ فَرَجُلٌ رَبَطَهَا رِيَاءً وَفَخْرًا وَنِوَاءً عَلَى أَهْلِ الْإِسْلَامِ فَهِيَ لَهُ وِزْرٌ. وَأَمَّا الَّتِي لَهُ سِتْرٌ فَرَجُلٌ رَبَطَهَا فِي سَبِيلِ اللَّهِ ثُمَّ لَمْ يَنْسَ حَقَّ اللَّهِ فِي ظُهُورِهَا وَلَا رِقَابِهَا فَهِيَ لَهُ سِتْرٌ. وَأَمَّا الَّتِي هِيَ لَهُ أَجْرٌ فَرَجُلٌ رَبَطَهَا فِي سَبِيلِ الله لأهل الْإِسْلَام فِي مرج أَو رَوْضَة فَمَا أَكَلَتْ مِنْ ذَلِكَ الْمَرْجِ أَوِ الرَّوْضَةِ مِنْ شَيْءٍ إِلَّا كُتِبَ لَهُ عَدَدَ مَا أَكَلَتْ حَسَنَاتٌ وَكُتِبَ لَهُ عَدَدَ أَرْوَاثِهَا وَأَبْوَالِهَا حَسَنَاتٌ وَلَا تَقْطَعُ طِوَلَهَا فَاسْتَنَّتْ شَرَفًا أَوْ شَرَفَيْنِ إِلَّا كَتَبَ اللَّهُ لَهُ عَدَدَ آثَارِهَا وأوراثها حَسَنَاتٍ وَلَا مَرَّ بِهَا صَاحِبُهَا عَلَى نَهْرٍ فَشَرِبَتْ مِنْهُ وَلَا

દેવામાં આવે[૫]. તો એ જન્નત કે દોઝખનો પોતાનો રસ્તો જુએ[૬] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم તો ઊંટ ?[૭] ફર્માવ્યું, એવો કોઈ ઊંટવાળો નથી જે એમનો હક્ક઼ અદા ન કરે, અને એમનો હક્ક઼ એમને દોહવું પણ છે તેમને ઘાટ પર લાવવાના દિવસે[૮]. પણ જ્યારે ક઼યામતનો દિવસ થશે તો આ તે ઊંટોની સામે ખુલ્લા મેદાનમાં ઊંધો નાખવામાં આવશે જેમનામાંથી એક બચ્ચુ પણ ઓછુ ન હશે. તે ઊંટો તેને પોતાની ખરીઓ વડે કચડશે અને પોતાના મોં વડે કરડશે[૯]. જ્યારે એના પર પ્રથમ ઊંટ પસાર થશે તો પાછલું ઊંટ પરત થશે[૧૦] આ તે દિવસે થતુ રહેશે જેની માત્રા પચાસ હજાર વરસ છે ત્યાં સુધી કે બંદાઓની વચ્ચે ફૈસલો કરી દેવામાં આવે તો એ પોતાનો રસ્તો જન્નત કે દોઝખની તરફ જુએ. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم પછી ગાય બકરીઓ ?[૧૧] ફર્માવ્યું, એવો કોઈ ગાય બકરીઓવાળો નથી જે એમનો હક્ક઼ (ઝકાત) ન આપતો હોય[૧૨] પણ જ્યારે ક઼યામતનો દિવસ થશે તો તેમની સામે ખુલ્લા મેદાનમાં ઉંધો નાખવામાં આવશે જેમનામાંથી કોઈ જાનવર ઓછુ ન હશે, તેમનામાં ન કોઈ વાંકી શિંગોવાળુ શિંગ વિનાનું[૧૩]. તેઓ તેને પોતાની શિંગો વડે ભેટીઓ મારશે અને ખરીઓ વડે કચડશે[૧૪]. જ્યારે પણ પહેલો ગુજરશે તો પાછલો પરત થશે. આ તે દિવસે થતુ રહેશે જેની માત્રા પચાસ હજાર વરસ છે, ત્યાં સુધી કે બંદાઓની વચ્ચે ફૈસલો કરી દેવામાં આવશે[૧૫] તો એ પોતાનો રસ્તો જન્નત કે જહન્નમની તરફ જુએ. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم તો ઘોડો ?! ફર્માવ્યું કે ઘોડા ત્રણ પ્રકારના છે[૧૬] એકના માટે ઘોડો ગુનોહ છે, બીજાના માટે આડ, ત્રીજાના માટે સવાબ[૧૭]. જેના માટે ઘોડો ગુનોહ છે તે તો તે શખ્સ જે દેખાવ કરવા, બડાઈ મારવા અને મુસલમાનોની અદાવતના માટે ઘોડો બાંધે, તેના માટે ગુનોહ[૧૮] અને જેના માટે ઘોડો આડ (પર્દો)

يُرِيدُ أَنْ يَسْقِيَهَا إِلَّا كَتَبَ اللَّهُ لَهُ عَدَدَ مَا شَرِبَتْ حَسَنَاتٍ " قِيلَ: يَا رَسُولَ اللَّهِ فَالْحُمُرُ؟ قَالَ: " مَا أُنْزِلَ عَلَيَّ فِي الْحُمُرِ شَيْءٌ إِلَّا هَذِهِ الْآيَةُ الْفَاذَّةُ الْجَامِعَةُ (فَمَنْ يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ وَمَنْ يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ) الزلزلة. رَوَاهُ مُسلم

*છે તે શખ્સ છે જે અલ્લાહની રાહમાં મુસલમાનો માટે ઘોડો બાંધે[૧૯]. પછી એની પીઠમાં અલ્લાહનો હક્ક ન ભૂલે[૨૦] ન તેમની ગરદનોમાં[૨૧] તે ઘોડાઓ એનો પર્દો છે[૨૨] પરંતુ તે ઘોડાઓ જે એના માટે સવાબ છે તે એ શખ્સ છે જે અલ્લાહની રાહમાં મુસલમાનો માટે કોઈ ચરાગાહ અથવા બાગમાં બાંધે[૨૩] તો તે ઘોડા એ ચરાગાહ અથવા બાગમાં કાંઈ નથી ખાતા, પણ જેટલા પ્રમાણમાં ખાય છે એટલા પ્રમાણમાં તેના હક્કમાં નેકીઓ લખવામાં આવે છે, અને તેમના લીડ તથા પેશાબના બરાબર નેકીઓ લખવામાં આવે છે[૨૪] અને એવું નથી થતું કે તે ઘોડાઓ પોતાની રસ્સી તોડીને એક બે ટેકરીઓ બરાબર ચઢી જાય પણ અલ્લાહ તેમનાં કદમોના નિશાન અને લીડના બરાબર નેકીઓ લખે છે[૨૫] અને તેમનો માલિક તેમને લઈને કોઈ નહેર પર નથી પસાર થતો જેનાથી તેઓ કાંઈ પી લે, જ્યારે કે માલિક પીવડાવવાનો ઈરાદો પણ ન કરતો હોય પણ અલ્લાહ તેમના પીવાની માત્રામાં નેકીઓ લખે છે[૨૬] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ તો ગધેડાં ? ફર્માવ્યું, ગધેડાઓના વિશે આ જામેઅ આયતના સિવાય કોઈ હુકમ નાઝિલ નથી થયો, જે રજ માત્ર નેકી કરશે તેને જોશે અને જે રજમાત્ર બુરાઈ કરશે તે જોશે." (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે હક્કથી મુરાદ ફર્ઝ કરવામાં આવેલ ઝકાત છે, કેમ કે ફિત્રો, કુર્બાની કે બંદાઓના હક્કો અદા કરવા પર એ ચેતવણી નથી જે અહીં વર્ણવેલ છે.

**૨.** એટલે કે તેનું સોનુ ચાંદીનાં પ્રથમ તો ગરમ પતરાં બનાવવામાં આવશે જે ગરમીના કારણે જાણે આગ જ હશે, પછી એ ગરમ પતરાંઓને ઔર પણ ગરમ કરવાના માટે દોઝખની આગમાં રાખીને તપાવવામાં આવશે. તેની સ્પષ્ટતા કુર્આને કરીમમાં આ પ્રમાણે છે : يَّوۡمَ يُحۡمٰى عَلَيۡهَا فِىۡ نَارِ جَهَنَّمَ (જે દિવસે તપાવવામાં આવશે જહન્નમની આગમાં. *–સૂરએ તૌબા, ૯/૩૫*) જેથી હદીષ પર એ વાંધો નથી કે આગનાં પતરાં નથી હોતાં, તેમજ આગના પતરાંને ફરી આગમાં તપાવવાં સમજમાં નથી આવતું.

**૩.** કેમ કે એ કંજૂસ ફકીરોથી મોં ફેરવી લેતો હતો. તેમને જોઈને પાસુ ફેરવી લેતો હતો, ફરી જઈને ચાલ્યો જતો હતો એટલા માટે એ બંનેવ સ્થાનો પર ડામ દેવામાં આવશે. જેવી રીતે ચોરના હાથ કાપવામાં આવે છે કે તેણે એના વડે જ ચોરી કરી.

**૪.** એટલે આ પતરાં જ્યારે પણ તેના શરીરને ડામ દઈને દોઝખમાં ફરી લાવવામાં આવશે તો તપાવીને ફરી તેના શરીર પર જ પરત લાવવામાં આવશે. વારંવાર ગરમ કરીને લગાડવામાં આવશે.

**૫.** એટલે કે ક઼યામતના દિવસે આ ડામ આપવું દિવસભર ચાલુ રહેશે. લોકો પોતાના હિસાબ કિતાબમાં વ્યસ્ત હશે અને આ સજા ભોગવી રહ્યો હશે. ક઼યામત બાદની સજા તથા બદલો અલગ છે. અને આ તકલીફના કારણે તેને એ દિવસ પચાસ હજાર વરસનો લાગશે અને નેકોકારોને ચાર રકાત નમાઝના સમય જેટલો લાગશે.

**૬.** એટલે કે ક઼યામત પછી પોતાનો રસ્તો જન્નતનો કે દોઝખનો જોશે. یرى મઅરૂફ છે કે મજહૂલ. એટલે આ અઝાબ તો ઝકાત ન આપવાનો થયો, હવે જો અન્ય ગુનોહ ન હોય અથવા હોય તો રબ તઆલા બખ્શી આપે તો જન્નતમાં મોકલી દેવામાં આવશે, અને જો ન બખ્શે તો તે ગુનાહોની સજામાં કેટલાક અરસાના માટે દોઝખમાં મોકલી આપે. આ વાક઼યની આ જ સ્પષ્ટતા ક઼વી (મજબૂત) છે.

**૭.** એટલે કે સોના ચાંદી તો કંજૂસને તપાવીને લગાડવામાં આવશે, જો ઊંટોની ઝકાત ન આપી હોય તો તેની સજા શું છે ? ઊંટ તો તપાવવામાં નથી આવતાં ?

**૮.** અરબમાં દસ્તૂર હતો કે ઊંટોને અઠવાડિયામાં એક બે વાર પાણી પીવડાવવા માટે ઘાટ અથવા કૂવા પર લઈ જતા હતા. તે દિવસે ફકીરોની ત્યાં ભીડ થઈ જતી હતી. ઊંટવાળાઓ ઊંટણીઓને દોહીને તે ફકીરો (ગરીબો) તથા મુસાફરોને દૂધ પીવડાવી દેતા હતા. હુઝૂરે અન્વર ﷺ ફર્માવી રહ્યા છે કે આ દૂધ પીવડાવવું પણ એ ઊંટોનો હક્ક઼ છે. યાદ રાખશો કે જાનવરોની ઝકાત તો ફર્ઝ છે પણ આ દૂધ પીવડાવવું મુસ્તહબ છે, અને મુસ્તહબ છોડવા પર અઝાબ નથી થતો, જેથી ક્યાં તો એનાથી તકલીફમાં પડેલા ગરીબોને દૂધ પીવડાવવું મુરાદ છે જેની ભૂખથી જાન જઈ રહી હોય, અથવા પહેલાં એ ફર્ઝ હતું, હવે મુસ્તહબ છે. જેમ કે તંગીનો જમાનો એટલે ઈસ્લામના શરૂમાં કુર્બાનીનો ગોશ્ત ફકત ત્રણ દિવસ જ રાખવો જાઈઝ હતો. મિર્ક઼ાતે ફર્માવ્યું, આ વાક઼યનો મતલબ એ પણ થઈ શકે છે કે તરસી ઊંટણીઓને ન દોહો, કેવળ ઘાટ પર લાવવાના દિવસે પાણી પીવડાવીને દોહો. આ પણ દુકાળના સમયના અહકામમાંથી છે.

**૯.** એટલે એ કંજૂસની સજા એ થશે કે તેને સપાટ મેદાનમાં ઉંધો નાખીને તેના પર તેનાં સર્વ ઊંટોને ઘુમાવવામાં આવશે. તે સૌ ઘણા જ ઊંચાં અને જાડાં હશે. તેને પોતાના પગો વડે કચડશે.

**૧૦.** એટલે કે એ કચડનારાં ઊંટો લાંબી લાઈનમાં નહીં હોય કે એના પર એ લાઈન કચડતી ચાલી જાય અને તેનો છૂટકારો થઈ જાય, બલ્કે ગોળ વર્તુળના સ્વરૂપમાં વર્તુળ બનાવેલ હશે અને છેલ્લા ઊંટના પસાર થયા પછી ફરી પ્રથમ ઊંટ તેના પર આવી જશે. અસલ ઈબારત (શબ્દો) એનાથી ઉલ્ટી હતી. એટલે કે છેલ્લાનું વર્ણન પ્રથમ હતું પ્રથમનું બાદમાં. જેવું કે મુસ્લિમની અમુક રિવાયતોમાં છે. અતિશયોક્તિ માટે અંતિમને પ્રથમ વર્ણવી દેવામાં આવ્યું. એટલે આ પ્રમાણે સતત રીતે તેના પર ઘુમશે કે જાણે પાછલુ ઊંટ પ્રથમ થઈ જશે અને પહેલુ પાછલુ. કેમ કે તેનું કંજૂસપણુ પણ કાયમી હતું એટલા માટે એ સજા પણ કાયમી થશે. દરમિયાનમાં ગાળો પડશે નહીં કે તેને કાંઈ આરામ મળી જાય.

**૧૧.** તેનો શું હુકમ છે જે શખ્સ નિસાબની માત્રા જેટલો તેમનો માલિક હોય પછી તેની ઝકાત ન કાઢે તો તેની સજા શું છે ?

**૧૨.** مِنْهَاમાં مِنْએ اجلના અર્થમાં અથવા لامના અર્થમાં છે. એટલે કે બકરીઓના કારણે જે ઝકાત ફર્ઝ થઈ તેને અદા ન કરતો હોય. જેથી આ હદીષ લાઝિમ નથી કે જાનવરની ઝકાતમાં જાનવર જ આપવામાં આવે, બલ્કે જાનવરની કિંમત પણ આપી શકાય છે. *(મિર્કાત)*

**૧૩.** એટલે કે ભલે દુનિયામાં તેની અમુક ગાયો ભેંસો તૂટેલા શીંગવાળી પણ હતી અને અમુક બિલ્કુલ બોડી. પણ કયામતમાં સૌની અણીદાર શીંગો હશે, યાદ રાખશો કે કયામતમાં દરેક ચીજ પોતાની દુનિયવી સ્થિતિમાં ઉઠશે. રબ તઆલા ફર્માવે છે : اَوَّلَ خَلْقٍ نُّعِيْدُهٗ (જેવી રીતે પહેલાં તેને બનાવેલું હતું. –સૂરએ અંબિયા, ૨૧/૧૦૪) પછી બાદમાં તેમના હાલાત બદલાશે. જેથી દુનિયામાં એ જાનવર જેવાં હતાં એવાં જ ઉઠશે, બાદમાં સૌને શીંગ મળશે. જેથી આ હદીષ આયતની વિરુદ્ધ નથી.

**૧૪.** અરબીમાં ગાય ભેંસની શીંગોને ظلف કહે છે એનું બહુવચન اظلاف. અને ઘોડાની ટાપને سُم. એટલે કે બખીલનાં આ જાનવર તેને શીંગ પણ મારશે અને ખરીઓ વડે પણ કચડશે. સારાંશ એ કે **કુર્બાનીના જાનવર પર સખી પોતે સવાર થશે અને ઝકાતમાં ન આપવામાં આવેલ જાનવર કંજૂસ પર સવાર કરશે.** જેવી રીતે કે સારી હજમ શક્તિવાળો જો જરૂરત પ્રમાણે ખાવા ખાય તો તે ખાવા પર સવાર થાય છે અને અધિક વધારે પડતુ ખાય જનારા પર ખાણુ સવાર થઈ જાય છે જેને તે ઉઠાવીને ફરતો રહે છે.

**૧૫.** તેની શરહ (સ્પષ્ટતા) પહેલાં વર્ણન થઈ ચૂકી. એટલે કયામતના દિવસે હિસાબ દરમિયાન સર્વ મખ્લૂક તો હિસાબ તથા કિતાબ આપતી હશે પણ આ કંજૂસ એ અઝાબમાં સપડાયેલો હશે.

**૧૬ .** યાદ રાખશો કે હનફીઓ (અહનાફ)ની નજીક સાઈમા (ચરવા મોકલેલ જાનવર) ઘોડાઓમાં પણ ઝકાત ફર્ઝ છે, શાફઈઓને ત્યાં નથી. જેથી આપણે ત્યાં આ જવાબનો મકસદ એ છે કે ઘોડામાં ઝકાતના ઉપરાંત અન્ય પણ પાબંદીઓ છે જે આગળ વર્ણન થયેલ છે. એટલે કે એમાં ફકત ઝકાતનો સવાલ ન કરો બલ્કે ગૈર સાઈમા એટલે કે ઘરે ખાનાર ઘોડો પણ સવારી માટે હોય જેમાં ઝકાત વાજિબ નથી થતી, તેનો પણ આ હુકમ છે. અને જો ઘોડામાં ઝકાત ફર્ઝ ન હોત તો હુઝૂરે અન્વર ﷺ ખચ્ચર તથા ગધેડાંની જેમ અહીં પણ ફર્માવી આપત કે એમના સંબંધે મારા પર કોઈ ખાસ હુકમ નથી આવ્યો. જેથી આ હદીષથી શાફઈઓ એ દલીલ નથી પકડી શકતા કે ઘોડામાં ઝકાત નથી. હુઝૂરે અન્વર ﷺનો આ જવાબ હકીમાના તરીકા પર છે. જેમ કે સહાબાએ કિરામે સવાલ કર્યો હતો કે અમે શું ખૈરાત કરીએ ? તો રબ તઆલાએ જવાબ આપ્યો, ફલાણી ફલાણી જગાએ ખૈરાત કરો. (કુર્આને કરીમ) એટલે કે જવાબ સવાલના મુજબનો નથી પણ પ્રશ્નકર્તાના હાલના પ્રમાણે છે.

**૧૭ .** એટલે કે પાલતુ ઘોડો જે વેપાર માટે ન હોય તે કોઈના માટે સવાબનો સબબ છે અને કોઈના માટે ન સવાબ ન અઝાબ. અથવા એક જ ઘોડો એક જ વ્યક્તિ માટે તેની નિય્યતના એતબારથી કદી સવાબ છે તો કદી અઝાબ અને કદીક કાંઈ નહીં. જેવી નિય્યત તેવું ફળ. એ જ હુકમ ઈમારતો બનાવવા તથા ઉમદા લિબાસ પહેરવાનો છે.

**૧૮ .** એટલે કે જે ઘોડો એ નિય્યતે રાખે કે લોકો પર મારી બડાઈ જાહેર થાય, અન્ય મુસલમાન મારી સામે નીચા નજર આવે. અને કોઈ મુસલમાન સાથે મારી લડાઈ થઈ જાય તો એ ઘોડા પર સવાર થઈને તેની વિરુદ્ધ જંગ કરું, તેના થકી ચોરી ડાકૂગીરી કરું, જેમ કે આમ નંબરદાર ચૌધરી (મેહસૂલ ઉઘરાવનાર મુખી) તથા ચોર, ડાકૂ ઘોડા એટલા માટે રાખતા હોય છે, એમના માટે ઘોડો રાખવો એ સખત અઝાબનો સબબ છે.

**૧૯ .** અહીં અલ્લાહની રાહથી મુરાદ જેહાદ નથી. એ તો ત્રીજા પ્રકારમાં આવશે. બલ્કે અલ્લાહના માર્ગથી મુરાદ પોતાની દુનિયવી જરૂરતો પૂર્ણ કરવી છે. કેમ કે મુસલમાનનું દુનિયા કમાવું પણ સબીલિલ્લાહ છે. અથવા વેપારના માટે પાળવું મુરાદ છે કે વેપાર પણ સબીલિલ્લાહ છે. બીજો અર્થ અધિક જાહેર છે.

**૨૦ .** એ રીતે કે જરૂરતના સમયે કોઈ મુસલમાન ભાઈને થોડાક દિવસો માટે ઉધારે ઘોડો આપી દે જેના વડે તે પોતાનું કામ કાઢી લે. અથવા કોઈની ઘોડી પર પોતાનો ઘોડો વિના વળતરે છોડી આપે કે એમાં મુસલમાન ભાઈનું કામ કાઢવું છે. યાદ રાખશો કે નર ઘોડા, બળદ, પાડા અને બકરાનું વળતર લઈને માદા પર છોડવું મના છે, તે વળતર નાજાઈઝ છે. જેવું કે આગળ આવશે.

**૨૧ .** ઘોડાની પીઠનો હક્ક઼ તો એ હતો જે ઉપર વર્ણન થયો. તેની ગરદનનો હક્ક઼ એ છે કે જો વેપારના માટે હોય તો તેની કિંમતમાં ચાલીસમો હિસ્સો ઝકાત આપે, સોએ અઢી રૂપિયા. આ શબ્દો ઈમામ અબૂ હનીફા رحمة الله عليهની દલીલ છે કે સાઈમા (જંગલમાં ચરનાર જાનવરો) અને વેપારના ઘોડામાં ઝકાત છે જેને હુઝૂરે અન્વર صلى الله عليه وسلمએ ઘોડાની ગરદનનો હક્ક઼ ફર્માવ્યો. બીજા હક્ક઼ો તો તેની પીઠના હક્ક઼માં આવી ગયા હતા. એ જે હદીષ શરીફમાં છે કે મો'મિન પર તેમના ઘોડા તથા ગુલામમાં સદક઼ો નથી. ત્યાં ઘોડાથી મુરાદ ક્યાં તો ગાઝીનો ઘોડો છે અથવા તે ઘોડો જે ઘરમાં ઘાસચારો ખાતો હોય. આ મસ્અલાની પૂરી તેહક઼ીક઼ લમ્આત શરહે મિશ્કાતમાં જુઓ. યાદ રાખશો કે કેવળ ઘોડાઓ તથા કેવળ ઘોડીઓમાં ઝકાત નથી. બલ્કે મિશ્રમાં ઝકાત છે, કે ક્યાં તો દરેક ઘોડાથી એક દીનાર (અશરફી) આપી દે અથવા તેની કિંમત લગાડીને દરેક સત્તાવન રૂપિયાથી ચાલીસમો હિસ્સો ઝકાત કાઢી નાખે. જેમ કે હઝરત ઉમરે અબૂ ઓબૈદા رضي الله عنهને જે પત્ર લખ્યો હતો તેમાં એ હતું કે ઘોડાવાળાઓને એ અખ્તયાર આપો. *(હિદાયહ, કિફાયહ વગેરે)*

**૨૨ .** એટલે આજે તેના અને લોકોની હાજતના વચ્ચે પર્દો છે, કાલે ક઼યામતમાં તેના તથા આગની વચ્ચે પર્દો હશે. આ વાક઼્ય બંનેવને સમાવે છે.

**૨૩.** એટલે કે જેહાદની નિય્યતથી સવાબ માટે ઘોડો પાળે. કેમ કે જેહાદનો લાભ મુસલમાનોને પહોંચે છે એટલા માટે لِاَهْلِ الْاِسْلَامِ પણ ફર્માવવામાં આવ્યું. એનાથી જાણવા મળ્યું કે ઈબાદતોમાં ખુદાના બંદાઓની ખિદમતની નિય્યત કરવી ઈબાદતને અપૂર્ણ નથી કરતુ બલ્કે તેને કામિલતર (પરિપૂર્ણ) કરી દે છે. જેમ કે કુર્આને કરીમની સ્પષ્ટ આયતોથી સાબિત છે. અરબીમાં مرج એ વિશાળ મેદાનને કહે છે જેમાં ઘાસચારો વગેરે પુષ્કળ પ્રમાણમાં હોય.

**૨૪ .** કેમ કે ખાવા અને પેશાબ તથા લીડ વગેરેથી તે ઘોડાઓની સલામતી છે અને જેવી રીતે નેકીના સબબો ભેગા કરવા ઈબાદત છે, એવી જ રીતે તેમની હિફાઝત પણ ઈબાદત છે. તેમજ એ ચારો તથા ઘાસ માલિકે પોતાના માલથી ખવડાવ્યો અને એ લીડ પેશાબ એ ચારાથી બન્યો. જાણવા મળ્યું કે નેકી બદલાયા બાદ પણ નેકી જ રહે છે.

**૨૫ .** એ ઘોડા ખીલાથી બંધાયેલા જે હરકત કરે કે ખાય પીએ તે તો એ માલિક માટે નેકીઓ છે જ, જો માલિકના ઈરાદા વિના રસ્સીને તોડાવીને નાસી જાય અને એ હાલતમાં જમીન પર તેમના ક઼દમો પડે અથવા તેઓ લીડ પેશાબ કરે તો પણ માલિકને સવાબ છે. યાદ રાખશો કે સવાબના માટે ભલે નિય્યત જરૂરી છે પણ દરેક ક્ષણે નવી નિય્યત જરૂરી નથી. મસ્જિદ બનાવનાર મૃત્યુ પણ પામે તો તેને ક઼બરમાં સવાબ પહોંચતો રહે છે. બનાવતી વેળાની નિય્યત ક઼યામત સુધી કામ આવે છે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ

(અમલોનો આધાર નિય્યત પર છે.) યાદ રાખશો કે લીડ તથા પેશાબનું વર્ણન કરવામાં એ તરફ નિર્દેશ છે કે જ્યારે જેહાદ માટેનું સાધન એટલે ઘોડાની ગંદી ચીજો પણ સવાબમાં સામેલ થઈ જાય છે તો પછી અસલ ઘોડાનું તો પૂછવું જ શું ?! અને વળી માલિકના દરજાનું શું કહેવું ! ઘોડો કેવળ દષ્ટાંત રૂપે છે. કેમ કે હવે ગોળી, દારૂ, બંદૂક, ટોપ, વિમાન તથા રોકેટ જે પણ જેહાદના માટે હોય સૌનો એ જ હુકમ છે.

**૨૬ .** એટલે કે આ સર્વ કામ ઘોડો કરે છે. અને નેકીઓ તેના માલિક મેળવે છે, ભલે માલિકે ઈરાદો પણ ન કર્યો હોય. તેનું કારણ હમણા વર્ણન થઈ ચૂક્યું.

**૨૭ .** એટલે કે ગધેડાઓમાં ઝકાત વાજિબ નથી, બલ્કે એક કાઈદા કુલ્લિયાના હેઠળ એમનામાં સવાબ છે કે જો ગધેડાં, ખચ્ચર વગેરે નેક નિયતીથી પાળવામાં આવ્યાં તો એમનામાં સવાબ છે અને જો બદ્‌નિયતીથી પાળવામાં આવ્યાં તો અઝાબ છે. અને જો દુનિયવી કારોબારના માટે છે તો ન સવાબ ન અઝાબ. કેમ કે આ આયતના શબ્દો ઘોડા છે અને વિષય તથા અહકામ ઘણા વિશેષ છે એટલા માટે جامعہ ફર્માવવામાં આવ્યું. અને કેમ કે આ વિષયની આ એક જ અજોડ આયત છે એટલા માટે એને فاذة ફર્માવવામાં આવ્યું. આ હદીષથી જાણવા મળ્યું કે ઘોડાઓમાં ઝકાત છે, ગધેડાઓ તથા ખચ્ચરોમાં નથી, જેવું કે ઉપર અર્ઝ કરવામાં આવ્યું. હા ! જો ગધેડા તથા ખચ્ચર વેપાર માટે છે તો તેમાં વેપારની ઝકાત થશે.

**★ હદીષ : (3)-૧૭૭૪ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ آتَاهُ اللَّهُ مَالًا فَلَمْ يُؤَدِّ زَكَاتَهُ مُثِّلَ لَهُ مَالُهُ شُجَاعًا أَقْرَعَ لَهُ زَبِيبَتَانِ يُطَوَّقُهُ يَوْمَ الْقِيَامَةِ يَأْخُذ بِلِهْزِمَتَيْهِ – يَعْنِي بشدقيه – يَقُولُ: أَنَا مَالُكَ أَنَا كَنْزُكَ ". ثُمَّ تَلَا هَذِهِ الْآيَة: (وَلَا يَحْسَبَنَّ الَّذِينَ يَبْخَلُونَ بِمَا آتَاهُمُ اللَّهُ من فَضله) إِلَى آخر الْآيَة. رَوَاهُ الْبُخَارِيّ

*"રિવાયત છે તેમનાથી જ. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે જેને અલ્લાહ માલ આપે[૧] પછી તે તેની ઝકાત ન આપે તો તેનો માલ ક઼યામતના દિવસે તેની સામે બોડા સાપના રૂપમાં હશે જેના બે વાળો હશે[૨] ક઼યામતમાં એનો તો઼ક઼ હશે. પછી તેનાં બંનેવ જડબાં પકડશે. પછી કહેશે, હું તારો માલ છું, હું તારો ખજાનો છું. પછી હુઝૂરે અન્વરે આ આયત તિલાવત કરી, જેઓ કંજૂસી કરે છે..... છેવટ સુધી[3]." (બુખારી)*

**૧.** એ માલ જેમાં ઝકાત વાજિબ થાય છે અને આપે પણ. નિસાબ પ્રમાણે જેમાં ઝકાત વાજિબ થવાની સર્વ શર્તો મૌજૂદ હોય. જેમ કે આગલા લખાણથી સ્પષ્ટ થાય છે. જેથી આનાથી એ લાઝિમ નથી થતુ કે દરેક માલ પર ઝકાત વાજિબ થાય.

**૨.** જ્યારે પાતળા ઝેરીલા સાપની ઉમર અધિક થઈ જાય છે તો તેની ફેણ પર કુદરતી વાળ જામી જાય છે. અને જ્યારે ઘણી જ અધિક ઉમર થઈ જાય છે તો તેનું ઝહેર એટલુ તેજ થઈ જાય છે કે તેની ગરમી તથા શુષ્કતાથી તેના એ વાળ ખરી જાય છે, તેને ઉર્દૂ બોલીમાં ગંજો (બોડો) સાપ કહે છે. અને અરબીમાં شجاع اقرع કહે છે. તેમનામાંથી ખબીષતરીન તે હોય છે જેની આંખો પર બે કાળા દાગ હોય છે તેમના ઝહેરની એ હાલત હોય છે કે તેના શ્વાસથી ઘાસ સળગી ઉઠે છે. હુઝૂર صلى الله عليه وسلم ઈર્શાદ ફર્માવી રહ્યા છે કે ઝકાત ન અપાયેલો માલ ક઼યામતના દિવસે તે સાપના સ્વરૂપમાં હશે. કેમ કે એ કંજૂસ પણ પોતાના માલ પર સાપની જેમ બેસી ગયો હતો કે કોઈ ગરીબ તેના માલની

હવા પણ ન પામી શકતો હતો એટલા માટે આજે તે માલ તેના માટે સાપ બની ગયો. હદીષ બિલ્કુલ પોતાના જાહેર પ્રમાણે જ છે, એમાં કોઈ તાવીલની જરૂરત નથી. દુનિયામાં પણ માલ સાપના સ્વરૂપમાં સપનામાં જોવા મળે છે. અમુક લોકો જ્યારે માલ દફન કરે છે તો તેના પર આટાનો સાપ બનાવીને બેસાડી દે છે. મશહૂર એ છે કે પછી એમાં કુદરતી જાન પડી જાય છે.

**૩.** ક્યામતના વિવિધ સ્થાનો છે અને તેની વિવિધ હાલતો છે. ક્યારેક કંજૂસનો સઘળો માલ તથા સોના ચાંદી તેના ગળાનો સાપ હશે, અને ક્યારેક તેનું સોનુ ચાંદી આગમાં તપાવવામાં આવશે. જેના વડે તેનાં પાસાં તથા પેશાનીને ડામવામાં આવશે અથવા અમુક માલ સાપ બનશે અને અમુકથી ડામ દેવામાં આવશે. જેથી આ હદીષ તથા વર્ણવેલ આયત શરીફ ડામ દેવાવાળી હદીષો તથા આયતોની વિરુદ્ધ નથી. યાદ રાખશો કે એ સાપ તેના જડબાં ચાવશે. અને તેમાં પોતાના ઝહેરનો ટીકો આપશે જેનાથી એ બખીલને સખત તકલીફ થશે પણ જાન નીકળશે નહીં.

**★ હદીષ : (૪)-૧૭૭૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي ذَرٍّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا مِنْ رَجُلٍ يَكُونُ لَهُ إِبِلٌ أَوْ بَقَرٌ أَوْ غَنَمٌ لَا يُؤَدِّي حَقَّهَا إِلَّا أَتَى بِهَا يَوْمَ الْقِيَامَةِ أعظم مَا يكون وَأَسْمَنَهُ تَطَؤُهُ بِأَخْفَافِهَا وَتَنْطِحُهُ بِقُرُونِهَا كُلَّمَا جَازَتْ أُخْرَاهَا رُدَّتْ عَلَيْهِ أُولَاهَا حَتَّى يُقْضَى بَيْنَ النَّاس»

*''હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે, એવો કોઈ શખ્સ નથી જેની પાસે ઊંટ કે ગાય કે બકરીઓ હોય જેમનો હક્ક્* V NFG SZTMCM[૧] *પણ તે જાનવર ક્યામતના દિવસે એટલા મોટાં અને જાડાં જેવડાં થઈ શકે છે એટલાં કરીને લાવવામાં આવશે. તે પોતાની ખરીઓ વડે તેને કચડશે અને પોતાની શીંગોથી ભેટી મારશે. જ્યારે પણ છેલ્લુ પસાર થઈ જશે તો પહેલુ પરત મોકલવામાં આવશે ત્યાં સુધી કે લોકોની વચ્ચે ફેંસલો કરી દેવામાં આવે[૨].''*
*(બુખારી, મુસ્લિમ)*

**૧.** અહીં હક્ક્થી મુરાદ શરીઅતનો ફર્ઝ કરેલો હક્ક્ છે, એટલે કે ઝકાત. કેમ કે નફલી હક્ક્ના ત્યજવા પર અઝાબ નથી થતો. જે કદાપિ ઝકાત અદા ન કરે તેની પણ આ જ સજા છે અને આડેધડ ઝકાત આપતો હોય કે કદી આપી કદી ન આપી અથવા પૂરી ન કાઢી તેની પણ આ જ સજા છે. કેમ કે અહીં لَا يُؤَدِّیْ મુત્લક્ છે.

**૨.** એની સજા પહેલાં વર્ણન થઈ ચૂકી. અહીં એટલુ અધિક સમજી લો કે એ તે જ દુનિયાનાં જાનવર હશે પણ જેઓ દૂબળાં હતાં તે જાડાં થઈને જેઓ શીંગ વિનાનાં હતાં તે શીંગવાળાં થઈને એ કંજૂસ પર લાગુ થશે અને કંજૂસને આ અઝાબ હિસાબ કિતાબ દરમ્યાન થશે કે લોકો હિસાબ આપી રહ્યા હશે અને એ પડેલો રહી કચડવામાં આવી રહ્યો હશે. દોઝખનો અઝાબ જો થયો તો તે એનાથી અલગ હશે. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ક્યામતમાં જિન તથા ઈન્સાનની જેમ જાનવર પણ ઝિંદા કરવામાં આવશે પણ દોઝખ કે જન્નતમાં મોકલવાના માટે નહીં, કેમ કે દોઝખ કેવળ જિન તથા માનવી માટે છે અને જન્નત કેવળ માનવીઓ માટે છે, બલ્કે આપસમાં એકબીજાનો બદલો આપવા માટે ઝિંદા કરવામાં આવશે. ફાસિક્ માલિકોને સજા આપવા અને મુત્તક્ી માલિકોની ખિદમત કરવાના માટે. હદીષ શરીફમાં છે કે કુર્બાનીનું જાનવર માલિકની સવારી બનીને તેને પુલ સિરાતથી ઉતારશે, ત્યાર બાદ એ જાનવર માટી કરી દેવામાં આવશે. બીજુ એ કે જો એક જાનવર કેટલાક માણસોની માલિકીમાં રહ્યું હતું

અને તેઓ સૌ કંજૂસ હતા તો તે સૌ માલિકોને પોતાના કદમો વડે કચડશે. અને જો કોઈ જાનવર પહેલાં કંજૂસની માલિકીમાં રહ્યું પછી બીજા માલિકની પાસે કુર્બાનીમાં ઝબહ થયું તો બખીલને કચડશે અને ત્યાર બાદ કુર્બાનીવાળાની સવારી બનશે.

★ હદીષ : (૫)-૧૭૭૬ ★

وَعَنْ جَرِيرِ بْنِ عَبْدُ اللَّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذا أَتَاكُمُ الْمُصَدِّقُ فَلْيَصْدُرْ عَنْكُمْ وَهُوَ عَنْكُمْ رَاضٍ» . رَوَاهُ مُسلم

*"હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારી પાસે સદકો વસૂલ કરનારો આવે[1] તો તે તમારાથી રાજી થઈને જાય[2]." (મુસ્લિમ)*

**૧.** જાહેરી માલ એટલે જાનવરો અને પેદાવારની ઝકાત ઈસ્લામના સુલ્તાન વસૂલ કરતા અને તે યોગ્ય જગાએ ખર્ચ કરતા હતા. એ ઝકાત વસૂલ કરવા માટે ઘણા માણસો નોકર રાખવામાં આવતા હતા. તેમને મસ્દક પણ કહે છે. અને આમિલ પણ. સરકાર علیہ الصلوۃ والسلام ફર્માવી રહ્યા છે કે અમારા તથા બાદ ઈસ્લામી આદિલ બાદશાહોનો ઝકાત વસૂલ કરનાર માણસ તમારી પાસે આવે.

**૨.** એ રીતે તમે તેની સાથે હસતે ચહેરે મળો અને સર્વ જાહેરી માલ તેને બતાવી દો જેથી તે આસાનીપૂર્વક હિસાબ કરીને ઝકાત વસૂલ કરે. તેને જોઈને ઉદાસ ન થાવ, માલ છુપાવવાની કોશિશ ન કરો, ટાળ મટોળથી કામ ન લો. બલ્કે બાતિની માલ એટલે સોનુ ચાંદી વગેરેની ઝકાત પણ ખુશદિલીથી આપવામાં આવે. ખુદાનો શુક્ર કરવામાં આવે કે તેણે આપણને આપવાને પાત્ર બનાવ્યા ન કે લેવાવાળા.

★ હદીષ : (૬)-૧૭૭૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدُ اللَّهِ بْنِ أَبِي أَوْفَى رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَتَاهُ قَوْمٌ بِصَدَقَتِهِمْ قَالَ: «اللَّهُمَّ صلى على آل فلَان».فَأَتَاهُ أَبِي بِصَدَقَتِهِ فَقَالَ: «اللَّهُمَّ صلى الله على آل أَبِي أوفى»وَفِي رِوَايَة: " إِذا أَتَى الرجل النَّبِي بِصَدَقَتِهِ قَالَ: «اللَّهُمَّ صلي عَلَيْهِ»

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફાથી[1] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની ખિદમતમાં જ્યારે કોઈ કૌમ પોતાનો સદકો લાવતી[2] તો આપ ફર્માવતા, ઈલાહી ! ફલાણાની ઔલાદ પર રહ્મત નાઝિલ કર[3]. મારા પિતા પોતાનો સદકો લાવ્યા તો આપે ફર્માવ્યું, ઈલાહી ! અબી અવફાની ઔલાદ પર રહ્મત કર[4]. (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં એવું છે કે જ્યારે કોઈ શખ્સ નબી કરીમ علیہ الصلوۃ والسلام ની ખિદમતમાં પોતાનો સદકો લાવતો તો આપ ફર્માવતા, ઈલાહી ! એના પર રહ્મત કર."*

**૧.** આ બંનેવ પિતા પુત્ર સહાબી છે અને આ અબ્દુલ્લાહ કૂફાના આખરી સહાબી છે જેમણે ત્યાં વફાત પામી. *(અશિઅહ)*

**૨.** જાહેર એ છે કે અહીં સદકાથી મુરાદ સોનુ ચાંદી વગેરે બાતિની માલોની ઝકાત છે. કેમ કે જાહેરી માલોની ઝકાત તો હુઝૂરે અન્વર ﷺનો આમિલ જઈને ખુદ તેમનાં ઘરોએથી લાવતો હતો. સહાબાએ કિરામની અકીદત એ હતી કે અમારા સદકાઓ હુઝૂરે અન્વર ﷺ પોતાના દસ્તે મુબારકથી ખયરાત કરે જેથી એ હાથની બરકતથી રબ તઆલા કબૂલ ફર્માવે. આજે પણ મુસલમાન ઈસાલે સવાબ કરતી વખતે પ્રથમ હુઝૂરે અન્વર ﷺનું નામ શરીફ લે છે. તેની અસલ આ હદીષ છે.

**૩.** اَللّٰھُمَّ صَلِّ દુરૂદ છે. હક્ક એ છે કે ગૈર નબી પર મુસ્તક઼લન દુરૂદ પઢવું મના છે. હુઝૂરે અન્વર ﷺનું આ ઈર્શાદ ફર્માવવું આપની વિશિષ્ટતાઓમાંથી છે, કેમ કે દુરૂદ શરીફ આપનો હક્ક છે, આપ જેને ચાહે પોતાનો હક્ક આપે. અમુકે ફર્માવ્યું, અહીં "સલાત" શાબ્દિક અર્થમાં છે, પણ પ્રથમ ક઼ૌલ મજબૂત છે. (મિર્ક઼ાત તથા લમ્આત) હુઝૂરે અન્વર ﷺનું એ ફર્માવવું આ આયત પર અમલ હતો : وَصَلِّ عَلَيۡهِمۡ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمۡ ؕ (અને તેમના હક્કમાં દુઆએ ખૈર કરો ! બેશક ! તમારી દુઆ તેમના દિલોનું ચૈન છે. *–સૂ. તૌબા, ૯/૧૦૩*) સુન્નત એ છે કે ઝકાત વસૂલ કરનાર આપનારાને દુઆઓ આપે. જો કે સાવધાની એમાં છે કે ઝકાત આપનાર તે વખતે દુઆ માટે પણ ન કહે કે એ દુઆ કરાવવું એ સદક઼ાના બદલામાં ન બની જાય. જુઓ એ સહાબીઓ એ વખતે હુઝૂરે અન્વર ﷺને દુઆ માટે કહેતા ન હતા. પણ હુઝૂર દુઆઓ આપતા હતા. તો તે એવા કરીમ છે કે અતા કરીને દુઆઓ આપે છે. (શેઅર)

*આતા હૈ ફ઼ક઼ીરોંપે ઉન્હેં પ્યાર કુછ ઐસા–ખૂદ ભીક દેં ઔર ખૂદ કહેં મંગતા કા ભલા હો*

**૪.** હઝરત અબ્દુલ્લાહ ગર્વરૂપે ખુદાનો શુક્ર અદા કરી રહ્યા છે કે હુઝૂરે અન્વર ﷺની દુઆઓ અમને તથા અમારા પિતાને પણ મળી ચૂકી છે. અમુકે ફર્માવ્યું કે અહીં "આલ" શબ્દ વધારાનો છે, પણ હક્ક એ છે કે આલ પોતાના અર્થમાં જ છે. હુઝૂરે અન્વર ﷺ કેવળ એ લોકોને જ નહીં બલ્કે તેમનાં બાળ બચ્ચાં સર્વ ઘરવાળાઓને પણ દુઆઓ આપતા હતા.

**★ હદીષ : (૭)-૧૭૭૮ ★** (مُتَّفِقٌ عَلَيۡهِ)

عَن أَبِي هُرَيْرَةَ. قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عُمَرَ عَلَى الصَّدَقَةِ. فَقِيلَ: مَنَعَ ابْنُ جَمِيلٍ وَخَالِدُ بْنُ الْوَلِيدِ وَالْعَبَّاسُ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا يَنْقِمُ ابْنُ جَمِيلٍ إِلَّا أَنَّهُ كَانَ فَقِيرًا فَأَغْنَاهُ اللَّهُ وَرَسُولُهُ. وَأَمَّا خَالِدٌ فَإِنَّكُمْ تَظْلِمُونَ خَالِدًا. قَدِ احْتَبَسَ أَدْرَاعَهُ وَأَعْتُدَهُ فِي سَبِيلِ اللَّهِ. وَأَمَّا الْعَبَّاسُ فَهِيَ عَلَيَّ. وَمِثْلُهَا مَعَهَا» . ثُمَّ قَالَ: «يَا عُمَرُ أَمَا شَعَرْتَ أَن عَم الرجل صنوا أَبيه؟»

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉમરને સદક઼ા માટે આમિલ બનાવીને મોકલ્યા. અર્ઝ કરવામાં આવી કે ઈબ્ને જમીલ[૧] અને ખાલિદ ઈબ્ને વલીદ અને અબ્બાસે ન આપ્યો[૨]. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઈબ્ને જમીલ તો કેવળ એટલા માટે ઈન્કાર કરે છે કે તે ફ઼ક઼ીર હતો અલ્લાહ રસૂલે તેને ગની કરી આપ્યો[૩]. પરંતુ ખાલિદ પર તમે ઝિયાદતી કરો છો, તેમણે પોતાની ઢાલો ખુદાની રાહમાં વક્ફ કરી આપી[૪]. રહ્યા અબ્બાસ તો એમની ઝકાત સાથમાં આટલી અધિક મારી જિમ્મેદારીમાં છે[૫]. પછી ફર્માવ્યું, હે ઉમર ! શું તમને ખબર નથી કે માણસના કાકા તેના પિતાના સમાન હોય છે[૬]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** લેખક رحمۃ اللہ علیہએ ફસ્લે સહાબામાં ફર્માવ્યું કે ઈબ્ને જમીલનું વર્ણન કેવળ કિતાબુઝ્ઝકાતમાં આવ્યું. એના નામની ખબર નથી, ફત્હુલ બારીમાં છે કે તેનું નામ અબ્દુલ અથવા હમીદ હતું. પહેલાં એ ગરીબ માણસ હતો. નબી કરીમ ﷺથી માલદારીની દુઆ કરાવી. પછી માલદાર થઈને મુનાફિક થઈ ગયો અને ઝકાતનો ઈન્કાર કરવા લાગ્યો. એના બારામાં આ આયતે કરીમા આવી : وَمِنۡهُمۡ مَّنۡ عٰهَدَ اللّٰهَ لَئِنۡ اٰتٰنَا مِنۡ فَضۡلِهٖ لَنَصَّدَّقَنَّ (અને એમનામાં કોઈ તે છે જેમણે અલ્લાહથી વાયદો કર્યો હતો કે જો અમને તારા ફઝ્લથી આપે તો અમે જરૂર ખયરાત કરીશું. –સૂરએ તૌબા, ૯/૭૫) આ શખ્સ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના સમયમાં મુનાફિક઼ત પર જ મરી ગયો. યાદ રાખશો

કે ઈબ્ને જમીલે સ્પષ્ટપણે ઝકાતનો ઈન્કાર ન કર્યો હતો, નહીં તો મુર્તદ અને વાજિબુલ કત્લ થઈ જતો, બલ્કે હીલાં બહાનાં બનાવ્યાં જેનાથી તેની આંત્રિક ઉદાસી મહેસૂસ થઈ.

**૨.** ઈબ્ને જમીલે તો વિના કારણે, અને એ બે બુઝુર્ગોએ કોઈ મજબૂરીને કારણે. એનાથી જાણવા મળ્યું કે હાકિમ અથવા ઉસ્તાદથી પ્રજા કે શાગિર્દોની પીઠ પાછળ ફરિયાદ કરવી જાઈઝ છે, એ ગીબત નથી બલ્કે ઈસ્લાહ છે.

**૩.** એટલે કે ઈબ્ને જમીલનું ઝકાત ન આપવું કેવળ નેઅમતની નાશુક્રીના લીધે છે, કોઈ મજબૂરીના કારણે નથી. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નબી કરીમ علیہ الصلوۃ والسلام લોકોના દિલોનો હાલ જાણે છે. જુઓ અહીં જાહેરી રીતે ત્રણેવ જણાથી એક કાર્ય ઉપસ્થિત થયું પણ ભલુબુરુ કેવળ એક પર જ કહેવામાં આવ્યું જેના દિલમાં ખોટ હતી, બીજુ એ કે એવું કહી શકાય છે કે અલ્લાહ રસૂલ ગની કરે છે, અલ્લાહ રસૂલ બંનેવ જહાનની નેઅમતો બખ્શે છે. રબ તઆલા ફર્માવે છે : اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ("અલ્લાહ વ રસૂલે તેમને પોતાના ફઝ્લથી ગની (માલદાર) કરી દીધા." *–સૂરએ તૌબા, ૯/૭૪*) અને ફર્માવે છે : اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ ("અલ્લાહે તેને નેઅમત આપી અને તમે તેને નેઅમત આપી." *–સૂરએ અહઝાબ, ૩૩/૩૭*) એને શિર્ક કહેનારા આ આયતો તથા હદીષો પર વિચારણા કરે.

**૪.** એટલે કે ખાલિદ એટલા સખી છે કે તેમણે નફલી તૌર પર પોતાનો જંગનો સામાન પણ વકફ કરી આપ્યો છે, તો કેવી રીતે બની શકે છે કે તે ફર્ઝ ઝકાતને અદા ન કરે. તેમના પર ઝકાત ફર્ઝ થશે જ નહીં, તમે ગલતીથી તેમની પાસે માગણી કરી. એક મતલબ એ છે કે તેમણે પોતાનું સર્વ કાંઈ ત્યાં સુધી કે જંગનો સામાન પણ વકફ કરી આપ્યો, અને વકફ માલમાં ઝકાત નથી હોતી. જેથી આ હદીષ પર એ વાંધો નથી થઈ શકતો કે કાંઈક વકફ કરી દેવાથી નિસાબની ઝકાત કેવી રીતે માફ થશે. આ વાક્યથી જાણવા મળ્યું કે નકલ કરેલ ચીજોનું વકફ મુત્લકન જાઈઝ છે. એ જ ઈમામે આ'ઝમનો કૌલ છે. શયખૈનની નજીક મન્કૂલ ચીજ ગૈર મન્કૂલના તાબે થઈને વકફ થઈ શકે છે. એ પણ જાણવા મળ્યું કે વાકિફનો મૌકૂફને (વકફ કરનારનું વકફ કરેલાને) પોતાના કબજામાં રાખવું દુરુસ્ત છે. જેવી રીતે અમુક વાકિફો પોતાની જિંદગીભરની તૌલિયાત (મુતવલ્લીપણુ) પોતાના માટે નિશ્ચિત કરી લે છે.

**૫.** આ વાક્યની તફસીરમાં ઘણા કથનો છે : અમુકે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી બે વરસની ઝકાત એડવાન્સમાં વસૂલ કરી ચૂક્યા હતા. અમુકે ફર્માવ્યું, એનો મતલબ એ છે કે અમે તેમનાથી વસૂલ કરી લઈશું. અમે એના જામિન છીએ. પણ એ તફસીર આગલા વાક્યના પ્રમાણે નથી. જાહેર એ છે કે હુઝૂર અન્વર صلی اللہ علیہ وسلم એ તેમની ઝકાત પોતાના માથે લઈ લીધી અને ફર્માવ્યું, તેમનાથી ન માગશો, તેમની ઝકાત જ નથી, બલ્કે એની સાથે એટલો જ નફ્લી સદકો એમના તરફથી અમે અદા કરીશું. એનાથી જાણવા મળ્યું કે **માલી ઈબાદતોમાં નાયબપણુ જાઈઝ છે. એટલે કે એકબીજા તરફથી અદા કરી શકે છે.** હઝરત અબ્બાસ હુઝૂર علیہ الصلوۃ والسلام ના એહસાનોના પહેલેથી આદી હતા. તેમને ખબર હતી કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم મારી ઝકાત અદા કરી આપશે.

**૬.** જેથી હઝરત અબ્બાસ જેઓ મારા કાકા છે તે મારા પિતા હઝરત અબ્દુલ્લાહની જેમ છે. એટલા માટે મારા પર તેમની ખિદમત લાઝિમ છે. તેમની ઝકાત અદા કરવી એ પણ એમની ખિદમત છે. અને હે ઉમર ! તમે એમના પર તકાદો ન કરશો ન ભલુબુરુ કહેશો, બલ્કે મારા આ સંબંધના કારણે તેમની હમેશાં અદબ કરજો. (અઝ : મિર્કાત વ લમ્આત) યાદ રાખશો કે صِنْوٌ એક જડ (મૂળ)ના બે ઝાડોને કહે છે. રબ તઆલા ફર્માવે છે : صِنْوَانٌ وَّغَيْرُ صِنْوَانٍ ("એક જ થાળાથી આગળ અને અલગ અલગ સૌને એક જ પાણી આપવામાં આવતુ હતું." *–સૂરએ રઅદ, ૧૩/૪*) કેમ કે કાકા તથા પિતા દાદાની ઔલાદ હોય છે એટલા માટે આ ફસહુલ ફસહા صلی اللہ علیہ وسلم એ એમને صِنْوٌ ફર્માવ્યું.

**★ હદીષ : (૮)-૧૭૭૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَن أبي حميد السَّاعِدِيّ: اسْتَعْمَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلًا مِنَ الأزد يُقَال لَهُ ابْن اللتبية الأتبية عَلَى الصَّدَقَةِ فَلَمَّا قَدِمَ قَالَ: هَذَا لَكُمْ وَهَذَا أُهْدِيَ لِي فَخَطَبَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَحَمِدَ اللَّهَ وَأَثْنَى عَلَيْهِ وَقَالَ: " أَمَّا بَعْدُ فَإِنِّي أَسْتَعْمِلُ رِجَالًا مِنْكُمْ عَلَى أُمُور مِمَّا ولاني الله فَيَأْتِي أحدكُم فَيَقُول: هَذَا لكم وَهَذَا هَدِيَّةٌ أُهْدِيَتْ لِي فَهَلَّا جَلَسَ فِي بَيْتِ أَبِيهِ أَوْ بَيْتِ أُمِّهِ فَيَنْظُرُ أَيُهْدَى لَهُ أَمْ لَا؟ وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَا يَأْخُذُ أَحَدٌ مِنْهُ شَيْئًا إِلَّا جَاءَ بِهِ يَوْمَ الْقِيَامَةِ يَحْمِلُهُ عَلَى رَقَبَتِهِ إِنْ كَانَ بَعِيرًا لَهُ رُغَاءٌ أَوْ بَقَرًا لَهُ خُوَارٌ أَوْ شَاة تَيْعر " ثُمَّ رفع يَدَيْهِ حَتَّى رَأَينَا عفرتي إِبطَيْهِ ثُمَّ قَالَ: «اللَّهُمَّ هَلْ بَلَّغْتُ اللَّهُمَّ هَل بلغت» . . قَالَ الْخَطَّابِيُّ: وَفِي قَوْلِهِ: «هَلَّا جَلَسَ فِي بَيْتِ أُمِّهِ أَوْ أَبِيهِ فَيَنْظُرُ أَيُهْدَى إِلَيْهِ أَمْ لَا؟» دَلِيلٌ عَلَى أَنَّ كُلَّ أَمْرٍ يُتَذَرَّعُ بِهِ إِلَى مَحْظُورٍ فَهُوَ مَحْظُورٌ وَكُلُّ دخل فِي الْعُقُودِ يُنْظَرُ هَلْ يَكُونُ حُكْمُهُ عِنْدَ الِانْفِرَادِ كَحُكْمِهِ عِنْدَ الِاقْتِرَانِ أَمْ لَا؟ هَكَذَا فِي شرح السّنة

*''હઝરત અબૂ હમીદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ અઝદ ક઼બીલાના એક શખ્સને જેમને ઈબ્ને લતબિયા કહેવામાં આવતો હતો સદક઼ા માટે આમિલ બનાવ્યો[૧]. જ્યારે તે પરત થયા તો બોલ્યા કે આ તમારું છે અને આ મને તોહફામાં આપવામાં આવ્યું[૨]. ત્યારે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ખુત્બો આપ્યો. અલ્લાહની હમ્દો ષના કરી પછી ફર્માવ્યું, હમ્દો ષના બાદ સાંભળો કે અમે તમારામાંના અમુકને એ ચીજો પર આમિલ બનાવીએ છીએ જેમના અલ્લાહે અમને વાલી બનાવ્યા[૩]. તો એમનામાંથી અમુક આવીને કહે છે કે આ તમારું છે અને આ મને હદીયો નઝરાણુ આપવામાં આવ્યું ! તો તે પોતાના બાપ માના ઘરે કેમ ન બેસી રહ્યો, પછી જોતો કે તેને નઝરાણુ મળે છે કે નહીં[૪]. તેની ક઼સમ ! જેના કબજામાં મારી જાન છે કે કોઈ શખ્સ એમાંથી કાંઈ ન લેશે, પણ ક઼યામતના દિવસે તેને પોતાની ગરદન પર ઉઠાવીને લાવશે[૫]. જો ઊંટ છે તો તે ભાંભરતુ હશે અથવા ગાય છે તો તે ચીખતી ચિલ્લાતી હશે અથવા બકરી કે બેં બેં કરતી હશે[૬]. પછી હુઝૂરે પોતાના હાથો ઉઠાવ્યા ત્યાં સુધી કે અમે હુઝૂરની બગલોની સફેદી જોઈ. પછી અર્ઝ કરી, ઈલાહી ! શું મેં તબ્લીગ કરી દીધી ? હે મૌલા ! શું મેં તબ્લીગ કરી દીધી[૭]. (મુસ્લિમ, બુખારી) ખિતાબીએ ફર્માવ્યું કે હુઝૂરે અન્વરના આ ફર્માનમાં કે તે પોતાની માના ઘરે અથવા બાપના ઘરમાં કેમ ન બેસી રહ્યો કે જોતો શું તેને હદિયો આપવામાં આવે છે કે નહીં ? એની દલીલ છે કે જેને મના કામનો ઝરીયો બનાવવામાં આવે તે પણ મના છે[૮]. અને જે ચીજ અક઼દો (સોદાઓ) માં દાખલ હોય તેમાં વિચારણા કરવામાં આવે કે શું તેનો અલગનો હુકમ બીજાઓને મળવાના હુકમની જેમ છે કે નહીં[૯] શરહુસ્સુન્નહમાં એ જ પ્રમાણે છે.''*

**૧.** આ સાહબનું નામ અબ્દુલ્લાહ છે. ક઼બીલા બની લતબના છે. જે કહતાનનો મશહૂર ક઼બીલો છે.

*(મિર્ક઼ાત તથા લમ્હાત)*

**૨.** એટલે કે તેમની પાસે વસૂલ કરેલી ઝકાત કરતાં વધુ માલ હતો જે ઝકાત આપનારાઓએ તેમને ઝકાત ઉપરાંત હદિયા રૂપે આપ્યો હતો. આ તે સહાબીની અત્યંત પ્રમાણિક્તા છે કે એ હદિયાને ઘરે ન લઈ ગયા અને સર્વ કાંઈ હુઝૂર علیہ الصلوۃ والسلامની બારગાહમાં રજૂ કરી આપ્યું અને અસલ બનાવ વર્ણવી આપ્યો.

**૩.** એટલે સદકા તથા ઝકાત વસૂલ કરવી અમારા જિમ્મે છે અને તમે લોકો અમારા નાયબ થઈને જાવ છો, અને અમને તો સદકા આપનારાઓથી હદિયો લેવો મના છે તો પછી તમને કઈ રીતે જાઈઝ થશે.

**૪.** એટલે કે આ નઝરાણુ નથી બલ્કે લાંચ છે, કે એના થકી સાહિબે નિસાબ ભાવિમાં ઝકાતમાંથી કાંઈક કમ કરાવવાની કોશિશ કરશે. તેમજ જ્યારે આ કામની પૂરી મજૂરી અમે આપીએ છીએ તો આ હદિયો શું ચીજ છે ! ફક઼ીહો ફર્માવે છે કે હાકિમોનાં નઝરાણા અને ખાસ દા'વતો રિશ્વત (લાંચ) છે. હા ! હાકિમ આમ વલીમા વગેરેની દા'વત ખાય શકે છે. તેમજ જે નઝરાણા, હદિયા તથા ભેટો એના હાકિમ બન્યા બાદ શરૂ થાય તે સૌ રિશ્વતો છે. હા ! જ્યારે લોકો સાથે તેની પ્રથમથી જ લેણદેણ હોય અને તેના હોદ્દાથી બરખાસ્ત થયા બાદ પણ તે જ લેણદેણ રહે તે લાંચ રિશ્વત નથી. જેવી રીતે સગાંઓ તથા પૂરાણા સાથીઓ સાથે શાદીમાં ચાંદલો વગેરે. આ મસાઈલની અસલ આ હદીષ છે.

**૫.** જે આમિલ ઝકાતમાં ચોરી કે ખયાનત કરે અથવા ઝકાત આપનારાઓથી લાંચ વસૂલ કરે. સારાંશ કે ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ જે રીતે પણ ગુપ્ત રીતે કે જાહેરી રીતે કાંઈ લે. શબ્દ منہ એ સૌને સમાવે છે. (મિર્કાત) સારાંશ અહીં ઝકાતની ચોરી મુરાદ જ નથી, કેમ કે એ સાહબે કોઈ ચોરી કરી ન હતી. યાદ રાખશો કે અહીં તો ગરદન ઉઠાવવાનું વર્ણન છે, પણ કુર્આન શરીફમાં પીઠો પર લાદવાનું કે ઈર્શાદ થયો : وَهُمْ يَحْمِلُوْنَ اَوْزَارَهُمْ عَلٰى ظُهُوْرِهِمْ "અને તેઓ પોતાનો બોજ પોતાની પીઠ પર લાદેલા છે." *(સૂરએ અન્આમ, ૬/૩૧)* કેમ કે આયતમાં કાફિરોનું વર્ણન છે અને અહીં ગુનેહગાર મુસલમાનનું. કેમ કે કાફિરોના ગુનાહ અધિક તથા ભારે હશે એટલા માટે તેઓ પીઠો પર લાદશે. અને મુસલમાન ગુનેહગારના ગુનાહ તેમનાથી ઓછા અને હલકા હશે એટલા માટે ગરદન પર ઉઠાવશે. એવું પણ કહી શકીએ છીએ કે પીઠનો છેડો ગરદન છે, જેથી ગરદન પર ઉઠાવવું જાણે પીઠ પર જ ઉઠાવવુ છે, પણ પ્રથમ વાત અધિક મજબૂત છે.

**૬.** એટલે કે જો ખયાનત કરીને કે લાંચની રીતે ગાય, બકરી કે કોઈ અન્ય જાનવર પણ લીધુ હશે તો તેને પણ પોતાની ગરદન પર ઉઠાવીને ફરશે, તે બોજથી દબાશે પણ અને એ અવાજોના કારણે આખા મહેશરમાં બદનામ પણ થશે. જાણવા મળ્યું કે નેકીઓ પર ક઼યામતમાં માણસ સવાર થશે અને બદીઓ માણસ પર સવાર થશે. યાદ રાખશો કે **અલ્લાહ તઆલા ક઼યામતમાં મુસલમાનના છુપા ગુનાહ ખોલશે નહીં, સત્તારી ફર્માવશે (છુપાવશે) પણ જે બેશરમ દુનિયામાં એલાનિયા ગુનાહ કરે અને તેના પર ગર્વ પણ કરે તે જરૂર ખુલશે.** જેથી આ હદીષ અયબપોશીની હદીષની વિરુદ્ધ નથી.

**૭.** سبحان اللہ કેટલી પાકીઝા અરજ તથા રજૂઆત છે ! રબ તઆલાને કહી રહ્યા છે અને બંદાઓને સંભળાવી રહ્યા છે કે હું મારા તબ્લીગના ફરજથી ફારિગ થઈ ચૂક્યો, હવે કોઈ મુજરિમથી એ બહાનુ ન થશે કે મને ખબર ન હતી. ક઼યામત સુધી દરેક મુસલમાન પર જરૂરત પ્રમાણે દીની મસાઈલ શીખવા ફર્ઝ છે. હવે જો કોઈ પોતે ન શીખે અને બેખબર રહે તો તેનો પોતાનો વાંક છે, હુઝૂરે અન્વર ﷺ તરફથી ઉણપ નથી.

૮. એટલે કે જે કામ જાતે પોતે તો સારુ છે પણ તેના થકી હરામ કામમાં પડવામાં આવે તો એ સારુ કામ પણ હરામ કામ થઈ જશે. કેમ કે આમિલ બનીને જવું તથા હાકિમ બનવું સારુ કામ છે, પણ જો લાંચ રૂશ્વતો લેવા માટે કરવામાં આવે તો હરામ થશે. જેવી રીતે કોઈ ગરીબને કરજ આપવું નેકી છે અથવા જરૂરતના સમયે કોઈ કરજદારની કોઈ ચીજ ગીરો રાખવી ભલાઈ છે પરંતુ જો કરજ પર વ્યાજ લેવામાં આવે અને ગીરો મકાનથી નફો લેવામાં આવે તો એ કરજ પણ હરામ થઈ જશે.

૯. એટલે કે જે અક્દ (સોદો) અલગ રહીને હરામ થશે તે હલાલથી મળીને પણ હરામ થશે. અને જે અલગ રહીને હલાલ હશે તે હલાલથી મળીને પણ હલાલ રહેશે. આ કાયદો એ લોકોની નજીક છે જેઓ શરઈ હીલાને નાજાઈઝ કહે છે, પણ **આપણે ત્યાં જરૂરત પ્રમાણે શરઈ હીલો જાઈઝ છે** જેથી આપણે ત્યાં આ કાયદો કુલ્લિયા નથી. અમારી દલીલ તે હદીષ છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રદ્દી ખજૂરો વધારે આપીને સારી ખજૂરો ઓછી લીધી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે આ વ્યાજ થઈ ગયું, તમારે જોઈતુ હતું કે આ રદ્દી ખજૂરો રુપિયાના બદલામાં વેચતા પછી એ રૂપિયાની બદલામાં ખરીદારથી સારી ખજૂરો લેતા. જુઓ **હરામથી બચવાનો આ હીલો છે.** સારાંશ કે નાજાઈઝ સોદો જાઈઝ સોદા સાથે મળીને ક્યારેક ખુદ જાઈઝ બની જાય છે અને ક્યારેક જાઈઝ કરી દે છે. આ કાયદો સારી રીતે યાદ રાખવામાં આવે. નાપાક પાણી પાક પાણીમાં મળીને ક્યારેક ખુદ પાક થઈ જાય છે. જેમ કે તળાવમાં નાખવામાં આવે, અને ક્યારેક તેને પણ નાપાક કરી દે છે જેમ કે કૂવામાં નાખવામાં આવે.

**★ હદીષ : (૯)-૧૭૮૦ ★**

وَعَنْ عَدِيِّ بْنِ عُمَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:«مَنِ اسْتَعْمَلْنَاهُ مِنْكُم على عمر فَكَتَمَنَا مِخْيَطًا فَمَا فَوْقَهُ كَانَ غُلُولًا يَأْتِي بِهِ يَوْمَ الْقِيَامَةِ».رَوَاهُ مُسلم

*"હઝરત અદી ઈબ્ને ઉમૈરાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અમે તમારામાંથી કામ પર આમિલ બનાવીએ, પછી તે અમારાથી સોય કે એનાથી વધુ છુપાવે તો એ પણ ખયાનત છે, જેને તે ક઼યામતના દિવસે લાવશે[૧]." (મુસ્લિમ)*

૧. એટલે કે **ખયાનત નાની હોય કે મોટી ક઼યામતમાં સજા તથા બેઈજ્જતીનો સબબ છે.** ખાસ કરીને જે ખયાનત ઝકાત વગેરેમાં કરવામાં આવશે. કેમ કે એ ઈબાદતમાં ખયાનત છે અને એમાં અલ્લાહનો હક્ક઼ મારવું છે અને ફકીરોને તેમના હક્ક઼થી વંચિત કરવું છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يَّغْلُلْ يَاْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيٰمَةِ "અને જે છુપાવી રાખે તે ક઼યામતના દિવસે પોતાની છુપાવેલી ચીજ લઈને આવશે." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૬૧)* યાદ રાખશો કે مَافَوْقَهٗથી મુરાદ ક્યાં તો સોયથી અધિક ચીજ છે અથવા સોયથી વધુ.

## (વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૦)-૧૭૮૧ ★

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: لَمَّا نَزَلَتْ (وَالَّذِينَ يَكْنِزُونَ الذَّهَبَ وَالْفِضَّةَ) كَبُرَ ذَلِكَ عَلَى الْمُسْلِمِينَ. فَقَالَ عُمَرُ أَنَا أُفَرِّجُ عَنْكُمْ فَانْطَلَقَ. فَقَالَ: يَا نَبِيَّ اللَّهِ قد كبر على أَصْحَابك هَذِه الْآيَة. فَقَالَ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ لم يفْرض الزَّكَاة إِلَّا ليطيب بهَا مَا بَقِيَ مِنْ أَمْوَالِكُمْ وَإِنَّمَا فَرَضَ الْمَوَارِيثَ وَذكر كلمة لتَكون لمن بعدكم» قَالَ فَكَبَّرَ عُمَرُ. ثُمَّ قَالَ لَهُ: «أَلَا أُخْبِرُكَ بِخَيْرِ مَا يَكْنِزُ الْمَرْءُ الْمَرْأَةُ الصَّالِحَةُ إِذَا نَظَرَ إِلَيْهَا سَرَّتْهُ وَإِذَا أَمَرَهَا أَطَاعَتْهُ وَإِذَا غَابَ عَنْهَا حفظته» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે આ આયત ઉતરી કે, "જે લોકો સોનુ, ચાંદી ભેગુ કરે છે..." છેવટ સુધી. તો મુસલમાનો પર ઘણી ભારે પડી[૧]. તો હઝરત ઉમર બોલ્યા કે તમારી આ તંગીને હું ખોલુ છું[૨] આપ ચાલ્યા, અર્ઝ કરી, યા નબીયલ્લાહ! આ આયત હુઝૂરના સહાબીઓ પર ભારે છે. હુઝૂરે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ઝકાત એટલા જ માટે ફર્ઝ કરી કે તમારા બાકી માલોને પાક કરી દે[3] અને વારસા એટલા જ માટે ફર્ઝ કર્યા (અને કાંઈક વાત કહી) જેથી એ પાક માલ તમારાં બાદવાળાઓનો થાય[૪]. રાવી ફર્માવે છે કે હઝરત ઉમરે તકબીર કહી[૫] પછી હુઝૂરે ફર્માવ્યું કે શું હું તમને તે બેહતરીન ચીજ ન બતાવુ જે માણસ ભેગી કરે. તે સારી પત્ની છે કે જ્યારે તેને જુએ તો પસંદ આવે અને જ્યારે તેને હુકમ આપે તો તે આજ્ઞાપાલન કરે અને જ્યારે તેને હુકમ આપે તો તે આજ્ઞાપાલન કરે અને જ્યારે પુરૂષ ગાયબ હોય તો તેની હિફાઝત કરે[૬]." (અબૂ દાઊદ)*

**૧.** કેમ કે મુસલમાને کنز નો શાબ્દિક અર્થ મુરાદ લીધો એટલે કે મુત્લક઼ન જમા કરવું અને એવું સમજ્યા કે સોના ચાંદીને જમા કરવું તદ્દન હરામ છે અને ક઼યામતના દિવસે ડામ દેવાનો સબબ છે, જ્યારે કાંઈ જમા કર્યા વિના દુનિયવી કારોબાર નથી ચાલી શક્તા.

**૨.** એટલે કે આયતનો જાહેરી અર્થ મુરાદ નથી હોઈ શક્તો કેમ કે ઈસ્લામ મધ્યમમાર્ગી દીન છે, અને નબી કરીમ علیہ الصلوٰۃ والسلام રહમતુલ્ લિલ્ આલમીન અને કુર્આને કરીમ મધ્યમમાર્ગીપણુ શીખવાડનારી કિતાબ છે. એવું કેવી રીતે થઈ શકે છે કે આ દીનમાં માલ જમા કરવું મુત્લક઼ન હરામ થઈ જાય! પછી જેહાદ કેવી રીતે થશે અને ઝકાત કઈ ચીજની આપવામાં આવશે. આપણી સમજની ગલતી છે.

**3.** એટલે કે અહીં کنز નો ઈસ્તેલાહી અર્થ મુરાદ છે કે માલ જમા રાખવો, એનાથી અલ્લાહનો હક઼ ન કાઢવો, ફ઼ક઼ીરોના હક઼્ક઼ો અદા ન કરવા. યાદ રાખશો કે ઝકાત કાઢવાથી માલ એવો જ પાક થઈ જાય છે જેવી રીતે જાનવરનું લોહી નીકળી જવાથી ગોશ્ત અથવા કેળા તથા કેરી વગેરેની છાલ કાઢી નાખવાથી મગજ (માવો) ખાવાને પાત્ર થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا "હે મહેબૂબ! એમના માલમાંથી ઝકાત હાંસલ કરો જેનાથી તમો તેમને સુથરા તથા પાકીઝા કરી દો." *(સૂરએ તૌબા, ૯/૧૦૩)*

**૪.** એટલે કે જો માલ જમા કરવું મુત્લક઼ન હરામ હોત તો એમાંથી ઝકાત શા માટે આપવામાં આવતી? અને

માલિકના મૃત્યુ બાદ વારસા રૂપે બીજા લોકોને કેવી રીતે મળત ? આ હુકમોથી જાણવા મળી રહ્યું છે કે માલને ભેગો કરવો મના નથી બલ્કે ઈબાદત છે, કેમ કે ઘણી બધી ઈબાદતો એના પર આધારિત છે. અને ઈબાદતનો મૌકૂફ અલૈહ પણ ઈબાદત હોય છે. ઝકાત ત્યારે અદા થશે જ્યારે વરસભર માલ માલિકની પાસે જમા રહે, અને વારસો ત્યારે વહેંચાય જ્યારે મરતા સમય સુધી માલ માલિકની પાસે જમા રહે. યાદ રાખશો કે ذکر کلمۃ, રાવીનો કૌલ છે : એટલે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ કાંઈક અધિક પણ ફર્માવ્યું જે મને યાદ નથી. જેનો અનુવાદ એ છે કે બાદવાળાઓને માલ મળે.

**૫.** એટલે કે સમસ્યા હલ થઈ જવા પર જનાબ ફારૂકે આ'ઝમને ખુશી થઈ અને ખુશીમાં અલ્લાહુ અકબર કહ્યું. એનાથી જાણવા મળ્યું કે દીની મસ્અલો માલૂમ પડવા પર ખુશ થવું અને ખુશીમાં અલ્લાહુ અકબરનો નારો મારવો સહાબાની સુન્નત છે.

**૬.** એટલે કે હે ઉમર ! ભલે માલ જમા કરવો જાઈઝ છે, પણ તમે લોકો એને પોતાનો મૂળ ધ્યેય ન બનાવી લો. એનાથી પણ બેહતર મુસલમાન માટે નેક પત્ની છે કે સૂરત (દેખાવે) પણ સારી હોય અને સીરત પણ સારી હોય, કે તેનો લાભ માલથી અધિક છે. કેમ કે સોનુ ચાંદી આપણી માલિકીમાંથી નીકળીને લાભ આપે છે, અને નેક પત્ની આપણી પાસે રહીને લાભ આપે છે. સોનુ ચાંદી એકવાર લાભ આપે છે અને પત્નીનો લાભ કયામત સુધી રહે છે. દા.ત. રબ તઆલા તેનાથી કોઈ નેક પુત્ર બખ્શે જે જિંદગીમાં બાપનો વઝીર બને અને મૃત્યુ બાદ તેનો ખલીફા બને. હદીષ શરીફમાં છે કે નિકાહથી પુરૂષનો ૨/૩ દીન સંપૂર્ણ તથા સુરક્ષિત થઈ જાય છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જમીલા સ્ત્રીનો ચહેરો અલ્લાહના જમાલનો આઈનો હોય છે. અને તેણીની નેક આદતો અલ્લાહની ખસલતોનો મઝહર હોય છે. سبحان اللہ ! સરકારે મદીના صلی اللہ علیہ وسلم નું ફર્માન કેટલુ સમૃદ્ધ છે, સ્ત્રીની સીરતને બે વાક્યોમાં વર્ણવી આપી કે જ્યારે પતિ ઘરમાં મૌજૂદ હોય તો તેની દરેક જાઈઝ વાત માને અને જ્યારે ગાયબ હોય એટલે સફરમાં હોય અથવા મરી જાય તો તેના માલ ઈજ્જત તથા રહસ્યોની હિફાઝત કરે. એટલે કે આમિના, અમીના તથા મામૂના હોય.

**★ હદીષ : (૧૧)-૧૭૮૨ ★**

عَنْ جَابِرِ بْنِ عَتِيكٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «سَيَأْتِيكُمْ رُكَيْبٌ مُبَغَّضُونَ فَإِذا جاؤكم فَرَحِّبُوا بِهِمْ وَخَلُّوا بَيْنَهُمْ وَبَيْنَ مَا يَبْتَغُونَ فَإِنْ عَدَلُوا فَلِأَنْفُسِهِمْ وَإِنْ ظَلَمُوا فَعَلَيْهِمْ وَأَرْضُوهُمْ فَإِنَّ تَمَامَ زَكَاتِكُمْ رِضَاهُمْ وَلْيَدْعُوا لَكُمْ» . رَوَاهُ أَبُو دَاوُد

*''હઝરત જાબિર ઈબ્ને અતીક رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારી પાસે ગૈર પસંદીદા સવાર આવ્યા કરશે તો તેઓ જ્યારે આવે તો તેને ભલે પધાર્યા કહો, જે તેઓ ચાહતા હોય તે તેમની સામે હાજર કરી દો[2] પછી જો તેઓ ઈન્સાફ કરે તો એમાં એમનો ફાયદો છે, અને જો જુલ્મ કરે તો તેમના માટે નુકસાન છે. તમારી ઝકાતની પૂર્ણતા તેમનું રાજી થવું છે, જોઈએ કે તેઓ તમને દુઆઓ આપે[3]. (અબૂ દાઊદ)*

**૧.** આપ અન્સારી છે અને મશહૂર સહાબી છે. આપની જંગે બદરની શિર્કતમાં મતભેદ છે, બાકી સર્વ ગઝવાઓમાં હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની સાથે રહ્યા. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. ઉમર શરીફ ૯૧ વરસ થઈ. હિ.સ. ૬૧માં વફાત પામ્યા.

**૨.** એટલે કે આવતા જમાનામાં કેટલાક સખત દિલવાળા તથા બદ્અખ્લાક હાકિમ પણ થશે. તમે તેમની

બદ્અખ્લાક઼ીના કારણે ઝકાતનો ઈન્કાર કરનાર ન થઈ જશો, કેમ કે તમારી ઝકાત અલ્લાહના માટે છે ન કે તેમના માટે. બલ્કે તેમને જોઈને ખુશ થજો કે તેમના થકી તમારો ફરીઝો અદા થશે. અમુક દીનદાર ગની ઝકાત આપતી વખતે ફકીરનું એહસાન માને છે કે એમના થકી અમારો ફર્ઝ અદા થયો.

**૩.** હદીષનો મતલબ એ નથી કે તેઓ જાહેરમાં જુલ્મનું પ્રદર્શન કરે કે ઝકાતથી વધારે લે અથવા ઝકાતની સાથે લાંચ માગે અને તમે આપી દો, કેમ કે જુલ્મ પર ઈમદાદ (મદદ) પણ જુલ્મ છે. બલ્કે મતલબ એ છે કે જો તેમનું કોઈ કૃત્ય તમને જુલ્મ જણાય પણ ખરેખર જુલ્મ ન હોય તો તમે પોતાની રાય પર અમલ ન કરો, તેમના હુકમ પર અમલ કરો. દા.ત. ઝકાતમાં મધ્યમ કક્ષાનું જાનવર લેવું જોઈએ. એક જાનવરને તમે ઉચ્ચ કક્ષાનું સમજો છો તે મધ્યમ કક્ષાનું અથવા પેદાવરનો દસમો હિસ્સો આપવું જોઈએ. તમે એક ઢગલાને સો મણ સમજો છો તો તે સવાસો મણ છે, તો તમે એમની વાત માની લો. હવે જો ખરેખર તેઓ અધિક લઈ ગયા છે તો તેના જવાબદાર તેઓ થશે ન કે તમે. અથવા આ કલામ (વાત) અતિશયોક્તિ રૂપે છે કે ધારો કે ખરેખર તેઓ જાલિમ પણ હોય તો પણ તમે તેમનો મુકાબલો કરશો નહીં. એમાં ઈસ્લામી સુલ્તાનની બગાવત થશે જેને દબાવવાના માટે તેઓ બળપ્રયોગ કરશે જેનાથી લડાઈ ઝઘડા તથા ખૂન થશે. બલ્કે તેમના જુલ્મની શિકાયત બાદશાહને કરો અને તેમની વિરુદ્ધ ક઼ાનૂની કાર્યવાહી કરો. જેથી હદીષ તદ્દન જાહેર છે, એમાં જુલ્મની ઈજાઝત નથી આપવામાં આવી. પણ પ્રથમ અર્થ રિવાજ પામેલ છે, કેમ કે તેમનાથી દુઆ લેવાનો હુકમ આપવામાં આવ્યો. જુલ્મથી દુઆ ક્યારે લેવામાં આવે છે ?

**★ હદીષ : (૧૨)-૧૭૮૩ ★**

عَن جَرِيرِ بْنِ عَبْدِ اللَّهِ قَالَ: جَاءَ نَاسٌ يَعْنِي مِنَ الْأَعْرَابِ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالُوا: إِنَّ نَاسًا مِنَ المصدقين يَأْتُونَا فيظلمونا قَالَ: فَقَالَ: «أَرْضُوا مُصَدِّقِيكُمْ وَإِنْ ظُلِمْتُمْ» رَوَاهُ أَبُو دَاوُدَ

*"હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે. ફર્માવે છે કે કેટલાક ગામડાવાસીઓ હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયા. બોલ્યા કે ઝકાત વસૂલ કરવા અમારી પાસે આવે છે તો અમારા પર જુલ્મ કરે છે. હુઝૂરે ફર્માવ્યું કે તમારા ઝકાત વસૂલ કરનારાને તમો રાજી કરો. તેઓ બોલ્યા, યા રસૂલલ્લાહ! ભલે તેઓ અમારા પર જુલ્મ કરે ! ફર્માવ્યું, તેમને રાજી કરો ભલે તમારા પર જુલ્મ કરવામાં આવે[૧]." (અબૂ દાઊદ)*

**૧.** એની સ્પષ્ટતા અગાઉ વર્ણન થઈ ચૂકી. એ બદવી (ગામડાવાસી) હઝરત શરઈ મસાઈલથી સંપૂર્ણપણે વાકેફ ન હતા. અને ઝકાત વસૂલ કરનારા આમિલ જેઓ હુઝૂર ﷺની તરફથી નિયુક્ત થતા હતા તેઓ લગભગ સર્વ મસ્અલાઓથી ખાસ કરીને ઝકાતના મસાઈલથી સંપૂર્ણપણે માહિતગાર રહેતા હતા. આ ગામડાવાસી હઝરાત પોતાની કમ ઈલ્મીના કારણે સમજતા હતા કે આમિલો અમારા પર જબરદસ્તી કરી રહ્યા છે. એટલા માટે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે ભલે તમો તેમના જાઈઝ અમલને જુલ્મ સમજતા રહો પણ તેમની વાત માનો, અને તેમના કહેલા પર અમલ કરો, તેમને રાજી કરીને પરત કરો કેમ કે મારા સહાબીઓ જાલિમ નથી હોય શકતા. તેઓ મારી સોહબત પામેલા તથા તા'લીમ પામેલા છે અને કુર્આને કરીમની શહાદત હેઠળ તેઓ સૌ આદિલ છે. જેથી આ હદીષમાં ન તો હાકિમોને જુલ્મની ઈજાઝત છે અને ન એનાથી સહાબીઓનું જાલિમ તથા ફ઼ાસિક઼ હોવું સાબિત થઈ શકે છે. યાદ રાખશો કે જે કોઈ સહાબીને જાલિમ માને તે કીડીથી પણ અધિક બેવકૂફ છે. કુર્આને કરીમ ફર્માવે છે કે

કીડીએ પોતાની સહેલીઓને સુલૈમાન علیہ السلامના લશ્કરથી ખબરદાર કરતાં આ પ્રમાણે કહ્યું, لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَ جُنُوْدُهٗ وَ هُمْ لَا يَشْعُرُوْنَ "તમને કચડી ન કાઢે સુલૈમાન અને તેમનાં લશ્કર બેખબરીમાં." (સૂરએ નમ્લ, ૨૭/૧૮) એટલે કે એવું ન બને કે તમને લશ્કરે સુલૈમાની એટલે હઝરત સુલૈમાન علیہ السلامના સહાબીઓના પગો તળે કચડવામાં આવે અને તેમને ખબર ન થાય. મતલબ એ છે કે તે હઝરાત જાણી બુઝીને કીડીને પણ નથી કચડતા. સહાબાએ કિરામની આપસમાં જંગો وَ هُمْ لَا يَشْعُرُوْنَના હેઠળ થઈ. જુઓ અહીં હુઝૂર علیہ الصلوۃ والسلامએ તે લોકોને જુલ્મની વિગત નથી પૂછી, કેમ કે આપ જાણતા હતા કે તેઓ જુલ્મ કરતા જ નથી.

**★ હદીષ : (૧૩)-૧૭૮૪ ★**

وَعَنْ بَشِيرِ بْنِ الْخَصَاصِيَّةِ قَالَ: قُلْنَا: أَنَّ أَهْلَ الصَّدَقَةِ يَعْتَدُونَ عَلَيْنَا أَفَنَكْتُمُ مِنْ أَمْوَالِنَا بِقَدْرِ مَا يَعْتَدُونَ؟ قَالَ: «لَا» رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત બશીર ઈબ્ને અસાસિયાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે અર્ઝ કરી કે ઝકાત વસૂલ કરનારા અમારા પર જબરદસ્તી કરે છે તો શું અમે તેમની જબરદસ્તીના જેટલો અમારો માલ છુપાવી લીધા કરીએ ? ફર્માવ્યું, નહીં ![૨]" (અબૂ દાઊદ)*

**૧.** આપના પિતાનું નામ મઅબદ અથવા યઝીદ છે. તેમની કુન્નિયત ખસાસા છે. ખસાસા એમનાં માનુ નામ હતું કેમ કે તેણી કબીલા ખસાસનાં હતો જે અઝદકા ખાનદાનનો એક મશહૂર કબીલો હતો.

**૨.** હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં આમિલોની શિકાયત કરવાવાળાઓનો હેતુ એ હતો કે તેમને અમુક નિસાબ છુપાવી લેવા અને ઝકાત પૂરી અદા ન કરવાની ઈજાઝત આપવામાં આવે. અને જો ઈજાઝત આપી દેવામાં આવત તો ક્રમ એવો વધી જાત કે દુનિયાથી ઝકાત જ નષ્ટ થઈને રહી જાત, એટલા માટે ફર્માવવામાં આવ્યું, છુપાવો નહીં, જો તેઓ વધારે માગે તો તેમને શરઈ મસ્અલો પૂછો, ન માને તો તેમની વિરુદ્ધ કાર્યવાહી કરો.

**★ હદીષ : (૧૪)-૧૭૮૫ ★**

وَعَن رَافع بن خديج قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْعَامِلُ عَلَى الصَّدَقَةِ بِالْحَقِّ كَالْغَازِي فِي سَبِيلِ اللّٰهِ حَتَّى يَرْجِعَ إِلَى بَيْتِهِ» . رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

*"હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઝકાતનો સાચો આમિલ અલ્લાહની રાહમાં જેહાદ કરનારાની જેમ છે ત્યાં સુધી કે પોતાના ઘરે આવી જાય[૧]." (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** એટલે કે જેવી રીતે મુજાહિદ આવતાં જતાં દરેક હાલતમાં ઈબાદતનો સવાબ મેળવે છે. એ જ પ્રમાણે ઈન્સાફવાળો આમિલ દરેક હાલતમાં સવાબ પામશે. કેમ કે મુજાહિદ ઈસ્લામને ફેલાવવાનો ઝરીયો છે અને આ આમિલ ઈસ્લામી કાનૂન ફેલાવવાનો ઝરીયો છે. માલદારોને તેમની ફરજોથી ફારિગ કરવાં અને ગરીબોને તેમને હક્ક અપાવવાનો ઝરીયો છે. આ હદીષથી જાણવા મળ્યું કે જો નિય્યત સારી હોય તો દીની ખિદમતો પર પગાર લેવાના કારણે એનો સવાબ ઓછો નથી થતો. જુઓ ! આ આમિલોને પૂરી મજૂરી આપવામાં આવતી પણ સાથે આ સવાબ પણ હતો. જેમ કે મુજાહિદને ગનીમત પણ મળે છે અને સવાબ પણ મળે છે. ખુલફાએ રાશિદીન હઝરાતમાં કેવળ ઉષ્માનગની સિવાય સૌએ પગારો લીધા પણ સવાબ કોઈનો ઓછો ન થયો. એ જ પ્રમાણે તે ઉલમા અથવા ઈમામો તથા મોઅઝ્ઝિન જેઓ પગારો લઈને તા'લીમ, અઝાન, ઈમામતની ફરજો અંજામ આપે છે, જો તેમની નિય્યત દીનની ખિદમતની છે તો ઈન્શા અલ્લાહ ! સવાબ પણ જરૂર પામશે. અમે અમારી તફસીરમાં લખ્યું છે કે

શરઈ મસ્અલો બતાવવાની મજૂરી (વળતર) લેવું હરામ છે, પણ ફતવો લખવાની મજૂરી લેવી જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : لَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ "ન કોઈ લખનારાને નુકસાન પહોંચાડો ન ગવાહને." *(સૂરએ બક્રહ, ૨/૨૮૨)*

**★ હદીષ : (૧૫)-૧૭૮૬ ★**

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا جَلَبَ وَلَا جَنَبَ وَلَا تُؤْخَذُ صَدَقَاتُهُمْ إِلَّا فِي دُورِهِمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ

*"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી[૧] રિવાયત કરે છે. તે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, ન માલ એક જગાએ મંગાવવો જાઈઝ છે ન દૂર લઈ જવો, લોકોના સદકા તેમના ઘરોમાંથી જ લેવામાં આવે[૨]." (અમ્ર દાઊદ)*

**૧.** યાદ રાખશો કે અમ્ર ઈબ્ને શોએબની અસ્નાદવાળી હદીષ મુસ્લિમ, બુખારીએ કદાપિ ન લીધી, કેમ કે તે દરેક જગાએ આ જ પ્રમાણે અસ્નાદ કરે છે. જ્યારે કે તેમની મુલાકાત પોતાના દાદા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી નથી, અને ન તે મુહમ્મદની મુલાકાત નબી કરીમ ﷺથી છે. જેથી આ અસ્નાદ કટ થયેલી છે, જોડાયેલી નથી. આ ચર્ચા અગાઉ પણ થઈ ચૂકી છે. *(મિર્કાત)*

**૨.** એટલે કે ન તો આમિલને એ જાઈઝ છે કે એક જગાએ બેસી જાય અને લોકોને કહે પોત પોતાનાં માલ જાનવર વગેરે અહીં લાવીને મને દેખાડો અને હિસાબથી ઝકાત આપો. કેમ કે એમાં માલવાળાઓને સખત તકલીફ ઉભી થશે. અને ન માલવાળાઓને એ જાઈઝ કે પોતાનાં જાનવર વગેરે વિખેરી કાઢે, દૂર દૂર મોકલી આપે કે આમિલ તેમને ગણવાના માટે દોડતો ફરે, કે એમાં આમિલને ખૂબ જ તકલીફ છે. બલ્કે આમિલ લોકો જાનવરોનાં ટોળાં અને બાગો તથા ખેતરોમાં જઈને દરેકની ઝકાત વસૂલ કરે. سبحان الله ! શું સુંદર તા'લીમ છે !

**★ હદીષ : (૧૬)-૧૭૮૭ ★**

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ اسْتَفَادَ مَالًا فَلَا زَكَاةَ فِيهِ حَتَّى يحول عيه الْحَوْلُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَذَكَرَ جَمَاعَةً أَنَّهُمْ وَقَفُوهُ على ابْن عمر

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે માલ હાંસલ કરે એમાં ઝકાત નથી, ત્યાં સુધી કે તેના પર વરસ પસાર થઈ જાય[૧]." (તિર્મિઝી) અને એક જમાઅતે આ હદીષને હઝરત ઈબ્ને ઉમર પર મૌકૂફ કરી[૨]."*

**૧.** એટલે કે ઝકાત અદા કરવા અને ઝકાત વાજિબ થવા માટે કોઈ મહિનો કે તારીખ નિશ્ચિત નથી. જેવું કે પંજાબમાં રજબ મહિનાને અને કાઠિયાવાડમાં રમઝાન મહિનાને ઝકાતનો મહિનો સમજવામાં આવે છે, બલ્કે જ્યારે માલ પર વરસ પસાર થશે તો ઝકાત વાજિબ થઈ જશે. યાદ રાખશો કે વરસ પસાર થવું ઝકાત વાજિબ થવા માટે શર્ત છે, જેથી જો કોઈ માલિકે નિસાબ થતાં જ ઝકાત આપવાનું શરૂ કરી આપે અને વરસ પર હિસાબ કરે અથવા અમુક વરસોની ઝકાત એકદમ (એક સાથે)અદા કરી આપે તો જાઈઝ છે, આ હદીષની વિરુદ્ધ નથી. તેમજ અસલ નિસાબ પર વરસ પસાર થવું જરૂરી છે, વધારા પર જરૂરી નથી. જેથી જો કોઈની પાસે અગ્યાર મહિના સુધી હજાર રૂપિયા રહ્યા અને બારમા મહિને દસ હજાર રૂપિયા અધિક આવી ગયા તો એ અગ્યાર હજારની ઝકાત આપશે, ભલે તે દિવસે દસ હજાર પર ત્રીસ દિવસ જ પસાર થયા છે, કેમ કે મૂળ નિસાબ રૂા. હજાર પર વરસ

પસાર થઈ ચૂક્યું. આ મસ્અલો પણ આ હદીષની વિરુદ્ધ નથી. એની પૂરી ચર્ચા ફત્હુલ કદીર તથા મિર્કાતમાં આ જ સ્થાને જુઓ. જો દરેક પૈસા (રકમ) પર અલગ વરસ પસાર કરવું શર્ત હોય તો વેપારીઓને મુસીબત ઉભી થઈ જાય, કેમ કે તેમની પાસે દરરોજ સેંકડો રૂપિયા આવજા કરતા હોય છે. હુઝૂરે અન્વર ﷺના ફર્માન مَنِ اسْتَفَادَમાં ઘણી જ વિશાળતા છે. માલ જે રીતે પણ હાંસલ થાય, કમાયને કે વારસામાં મળે કે કોઈના તોહફાથી પણ દરેક સ્થિતિમાં વરસ બાદ તેનામાં ઝકાત છે, કમાવવાની જ શર્ત નથી.

**૨.** એટલે કે ખુદ તેમનો કૌલ નકલ કર્યો. હુઝૂરે અન્વર ﷺ સુધી મરફૂઅ ન કર્યો. અને અમે એ વર્ણવણી ચૂક્યા છીએ કે એવી મૌકૂફ હદીષો જેમનામાં કયાસને દખલ નથી તે મરફૂઅના હુકમમાં છે. એટલે કે એ સહાબાએ હુઝૂર ﷺથી સાંભળીને જ કહી છે.

**★ હદીષ : (૧૭)-૧૭૮૮ ★**

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ: أَنَّ الْعَبَّاسَ سَأَلَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي تَعْجِيلِ صَدَقَةٍ قَبْلَ أَنْ تَحِلَّ: فَرَخَّصَ لَهُ فِي ذَلِكَ.رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત અબ્બાસે રસૂલુલ્લાહ ﷺથી ઝકાત ફર્ઝ થવાથી પહેલા અદા કરી દેવાના બારામાં પૂછયું તો હુઝૂર ﷺએ તેમને એની ઈજાઝત આપી[1]."*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ અને દારમી)*

**૧.** એટલે કે જો કોઈની પાસે નિસાબ જેટલો માલ આવી ગયો તો વરસ **પસાર થતા પહેલાં તેની ઝકાત આપી શકીએ છીએ.** કેમ કે વરસ પસાર થવું ઝકાતના માટે શર્ત તથા વાજિબ છે. એનો સબબ માલ છે. એ જ પ્રમાણે ફિત્રો ઈદ પહેલાં અદા કરી શકાય છે. નમાઝના માટે સમય નમાઝ વાજિબ થવાનો સબબ છે. એટલા માટે એ સમયથી પહેલાં નથી થઈ શકાતી. ઈમામ માલિકને ત્યાં ઝકાત પણ વરસ ગુજર્યા પહેલાં નથી આપી શકાતી. આ હદીષ ઈમામ અબૂ હનીફા તથા જમહૂર (બહુમતી) ઉલમાની દલીલ છે.

**★ હદીષ : (૧૮)-૧૭૮૯ ★**

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَطَبَ النَّاسَ فَقَالَ: «أَلَا مَنْ وَلِيَ يَتِيمًا لَهُ مَالٌ فَلْيَتَّجِرْ فِيهِ وَلَا يَتْرُكْهُ حَتَّى تَأْكُلَهُ الصَّدَقَةُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: فِي إِسْنَادِهِ مقَال: لِأَن الْمثنى بن الصَّباح ضَعِيف

*"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ લોકોને ખુત્બો આપ્યો તો ફર્માવ્યું કે જે કોઈ યતીમનો વાલી હોય, જેની પાસે માલ હોય તે એમાં વેપાર કરે તેને મૂકેલો ન રાખે કે ઝકાત ખાય જશે[1]. (તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું કે તેની અસ્નાદમાં કાંઈક ચર્ચા છે કેમ કે મુષન્ના બિન સબાહ ઝઈફ છે.*

**૧.** આ હદીષની બિના પર ઈમામ શાફઈ તથા માલિક તથા અહમદે ફર્માવ્યું કે નાબાલિગ બાળકના માલમાં ઝકાત વાજિબ છે. જુઓ, હુઝૂરે અન્વર ﷺએ યતીમના વલીને હુકમ આપ્યો કે યતીમનો માલ વેપારથી વધારો, એવું ન બને કે દર વર્ષે એમાં ઝકાત નીકળતી રહે અને માલ ખત્મ થઈ જાય. ઈમામે આ'ઝમની નજીક બાળક તથા પાગલના માલમાં ઝકાત નથી. કેમ કે ઝકાત પણ નમાઝ રોઝાની જેમ કેવળ ઈબાદત છે, જ્યારે એના પર નમાઝ રોઝા તથા હજ્જ નથી તો ઝકાત પણ નથી. અબૂ દાઊદ, નિસાઈ તથા હાકિમે સહીહ સનદો સાથે રિવાયત કરી કે

હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, ત્રણ શખ્સ મરફૂઉલ કલમ છે : સૂઈ રહેલો ત્યાં સુધી કે જાગી જાય, બાળક ત્યાં સુધી કે બાલિગ થઈ જાય. પાગલ ત્યાં સુધી કે શાન ભાનવાળો થઈ જાય. ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં હઝરત ઈબ્ને મસઊદથી રિવાયત કરી, આપે ફર્માવ્યું છે કે યતીમના માલમાં ઝકાત નથી. એ જ પ્રમાણે હઝરત ઈબ્ને અબ્બાસથી પણ રિવાયત થયેલ છે. રહી વાત હદીષની તો એ કેટલીક રીતે મજરૂહ છે કેમ કે તદલીસ છે. જેવું કે પહેલાં રજૂ કરવામાં આવી ચૂકેલ છે કે ન અમ્ર ઈબ્ને શોઐબ પોતાના દાદા મુહમ્મદ ઈબ્ને અમ્રને જોયા અને ન તેમના દાદાએ હુઝૂર علیہ الصلوۃ والسلامથી મુલાકાત કરી પણ બયાનનો તરીકો એવો છે કે જાણે બંનેની મુલાકાતો સાબિત છે એટલે કે ગૈર મુત્તસિલ જણાય છે. એને તદલીસ કહે છે. તેમજ ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે મુષન્ના ઈબ્ને સબાહ રાવી ઝઈફ છે. અને ઈમામ અહમદે ફર્માવ્યું કે આ હદીષ સહીહ નથી. દારકુત્નીએ તેની બે અસ્નાદો નકલ કરી અને બંનેવને ઝઈફ કહી. સારાંશ કે આ હદીષ દલીલને પાત્ર નથી. હનફી મઝહબ ખૂબ જ મજબૂત છે. યાદ રાખશો કે કેવળ ઈબાદત બાળક પર ફર્ઝ નથી પરંતુ ટેક્સ તથા મહેસૂલ બાળકના માલથી લેવામાં આવશે, કેમ કે તે ઈબાદત નથી. તેના પર ઝકાતને કયાસ નથી કરી શકતા.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૯)-૧૭૯૦ ★** (مُتَّفِق عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: لَمَّا تُوُفِّيَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَاسْتُخْلِفَ أَبُو بَكْرٍ وَكَفَرَ مَنْ كَفَرَ مِنَ الْعَرَبِ قَالَ عُمَرُ: يَا أَبَا بَكْرٍ كَيْفَ تُقَاتِلُ النَّاسَ وَقَدْ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أُمِرْتُ أَنْ أُقَاتِلَ النَّاسَ حَتَّى يَقُولُوا: لَا إِلَهَ إِلَّا اللَّهُ فَمَنْ قَالَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ عَصَمَ مِنِّي مَالَهُ وَنَفْسَهُ إِلَّا بِحَقِّهِ وَحِسَابُهُ على الله ". قَالَ أَبُو بَكْرٍ: وَاللَّهِ لَأُقَاتِلَنَّ مَنْ فَرَّقَ بَيْنَ الصَّلَاةِ وَالزَّكَاةِ فَإِنَّ الزَّكَاةَ حَقُّ الْمَالِ وَاللَّهِ لَوْ مَنَعُونِي عَنَاقًا كَانُوا يُؤَدُّونَهَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَقَاتَلْتُهُمْ عَلَى مَنْعِهَا. قَالَ عُمَرُ: فَوَاللَّهِ مَا هُوَ إِلَّا أَن رَأَيْت أَن قد شرح الله صَدْرَ أَبِي بَكْرٍ لِلْقِتَالِ فَعَرَفْتُ أَنَّهُ الْحَقُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે નબી કરીમ ﷺએ વફાત પામી અને આપના બાદ હઝરત અબૂબક્ર ખલીફા બન્યા અને ગામડાવાસીઓમાં જેઓ કાફિર બન્યા તે બન્યા[૧] તો હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે હઝરત અબૂબક્રને અર્ઝ કરી કે આપ એ લોકો સાથે જંગ કેવી રીતે કરશો ? રસૂલુલ્લાહ ﷺએ તો એવું ફર્માવ્યું છે કે મને લોકો સાથે જંગ કરવાનો હુકમ આપ્યો ત્યાં સુધી કે તેઓ કહે لا الہ الا اللہ તો જેણે لا الہ الا اللہ કહી લીધુ તેણે મારાથી પોતાની જાન તથા માલ બચાવી લીધા. પણ હક્ક઼ ઈસ્લામના હેઠળ છે અને તેઓ હિસાબ અલ્લાહના જિમ્મે છે[૨]. તો હઝરત અબૂબક્રએ ફર્માવ્યું, રબની કસમ! હું એના પર જેહાદ કરીશ જેઓ નમાઝ તથા ઝકાતમાં ફરક કરે. કેમ કે ઝકાત માલનો હક્ક઼ છે[૩]. અલ્લાહની કસમ ! જો તેઓ મને બકરીનું બચ્ચુ ન આપે જેને તેઓ હુઝૂરે અન્વર ﷺને આપ્યા કરતા હતા તો હું આ મના કરવા પર તેમની સાથે જેહાદ કરીશ[૪] હઝરત ઉમર ફર્માવે છે કે ખુદાની કસમ ! મારો એ હાલ થયો કે મેં એ યકીનની સાથે જાણી લીધું કે આ*

*જેહાદના માટે અબૂબક્રનો સીનો રબે ખોલ્યો છે. હું પહેચાની ગયો કે આ જેહાદ બરહક્ક છે[૫]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની વફાત પછી ક઼બીલા ગ઼ુત્ફાન ફઝારા બની સુલૈમ વગેરેએ ઝકાતના વાજિબ હોવાનો ઈન્કાર કરી દીધો અને બોલ્યા કે રબ તઆલા ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً "હે મહબૂબ ! તેમના માલમાંથી ઝકાત વસૂલ કરો." *(સૂરએ તૌબા, ૯/૧૦૩)* યા રસૂલલ્લાહ ! તેમના માલની ઝકાત આપ વસૂલ કરો. જ્યારે વસૂલ કરવાવાળા તશરીફ લઈ ગયા તો ઝકાત પણ ખત્મ. હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ તેમને મુર્તદ ઠરાવ્યા અને તેમના પર જેહાદની તૈયારી કરી.

એ જ પ્રમાણે કુર્આને કરીમે ઈશારો આપ્યો હતો :–

مَنْ يَّرْتَدَّ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَسَوْفَ يَاْتِي اللّٰهُ بِقَوْمٍ يُّحِبُّهُمْ وَ يُحِبُّوْنَهٗٓ الخ "હે ઈમાનવાળાઓ ! તમારામાંથી જે કોઈ પોતાના દીનથી ફરશે તો નજીકમાં જ અલ્લાહ એવા લોકો લાવશે કે તેઓ અલ્લાહના પ્યારા અને અલ્લાહ એમનો પ્યારો.......છેવટ સુધી." *(સૂરએ માઈદા, ૫/૫૪)* આ સિદ્દીક઼ જમાઅત જ તે જમાઅત છે જે એ મુર્તદોનાં માથા કચુંડવા માટે રબ તઆલા તરફથી નિયુક્ત થઈ. એ ખુદાને પ્યારે ખુદા તેમને પ્યારો. યાદ રાખશો કે એ જ સિદ્દીક઼ી યુગમાં ઘણા લોકો મુસૈલમા કઝ્ઝાબને નબી માનવા લાગ્યા અને મુર્તદ થઈ ગયા. પહેલા મુર્તદો (ઝકાતના મુન્કિરો) પર આપે ચઢાઈ કરી કે તેઓએ તૌબા લીધી, પણ આ બીજા મુર્તદોથી ખૂબ જ ઘમસાણની લડાઈ થઈ જેમાં મોટાભાગના ક઼ારી તથા હાફિઝ સહાબીઓ શહીદ થઈ ગયા. જેના લીધે કુર્આન જમા કરવાની જરૂરત ઉભી થઈ અને હઝરત સિદ્દીકે઼ કુર્આને પાક જમા કર્યું. આ પ્રસંગની કુર્આને કરીમે આ પ્રમાણે ખબર આપી : قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِيْ بَاْسٍ شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ الخ "એ પાછળ રહે ગયેલા ગમારોને ફર્માવી દો, નજીકમાં જ તમો એક સખત લડાઈવાળી ક઼ૌમની તરફ બોલાવવામાં આવશો કે તેમનાથી લડો અથવા તો તેઓ મુસલમાન થઈ જાય.....છેવટ સુધી."

**૨.** ફારૂકે઼ આ'ઝમ શરૂમાં ઝકાતના મુન્કિરો પર જેહાદના વિરોધી હતા. તેમની દલીલ આ હદીષના જાહેરી શબ્દો હતા કે કલમો પઢનાર પર જેહાદ કેવો ? જ્યારે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ જાહેરી કલ્મો પઢનારા મુનાફિક઼ો પર જેહાદ ન કર્યો તો આ ઝકાતના મુન્કિરો તો દિલથી કલમો પઢી રહ્યા છે. અને ઝકાતના સિવાય સર્વ ફર્ઝોના માનનારા છે, તો એમના પર આપ જેહાદ કેવી રીતે કરી શકો છો ? ફારૂકે઼ આ'ઝમની રજૂ કરેલી હદીષની સંપૂર્ણ સમજૂતી (શરહ) સંપૂર્ણ ચર્ચા સાથે કિતાબુલ ઈમાનની શરૂઆતમાં થઈ ચૂકી કે અહી હત્તા (حتیٰ) ભાવાર્થ રૂપે છે.

**૩.** સિદ્દીકે઼ અકબરનો આ જવાબ ખૂબ જ સમૃદ્ધ (જામેઅ) અને ટૂંકો છે. ખુલાસો એ છે કે હે ઉમર ! તમે પોતાની હદીષમાં આ શબ્દ ન જોયો. اِلَّا بِحَقِّهٖ એટલે કે કલ્માગોને ઈસ્લામના હક્ક઼ના કારણે ક઼ત્લ કરી શકાય છે. નમાઝ પણ ઈસ્લામનો હક્ક઼ છે અને ઝકાત પણ. જે આ બંનેવમાં ફર્ક કરે કે નમાઝને માને અને ઝકાતનો ઈન્કાર કરે તે યક઼ીનન ! જેહાદનો મુસ્તહિક઼ છે. રહ્યા મુનાફિક઼ો, તો તેમના વિશે હુઝૂરે અકરમ ﷺએ એ જ હદીષમાં ફર્માવ્યું : وَ حِسَابُهُمْ عَلَى اللّٰهِ એટલે કે અમે દિલથી બહષ ન કરીશું, જે કોઈ જાહેરી રીતે ઈસ્લામના સર્વ અરકાનોનો સ્વીકાર કરે અમે તેમના પર જેહાદ કરીશું નહીં, દિલમાં તેના કાંઈ પણ હોય. મુનાફિક઼ો કોઈ ઈસ્લામના રૂકનનો જીભ વડે

ઈન્કાર કરનાર ન હતા. سبحان الله ! શું પાકીઝા દલીલો છે !

૪. એટલે હે ઉમર ! ઝકાતના વાજિબ હોવાનો ઈન્કાર તો મોટી ચીજ છે, જો એ લોકો જાહેરી માલ એટલે પેદાવાર તથા જાનવરોની ઝકાત અમારા બયતુલ માલમાં દાખલ ન કરે ત્યારે પણ તો તેઓ સજાના મુસ્તહિક્ છે, કેમ કે એમાં એક સુન્નતે રસૂલ ﷺનો જાણી જોઈને ઈન્કાર છે. આ સ્થળે મિર્કાતમાં છે કે જો કોઈ કૌમ અઝાન આપવાનું છોડી આપે તો સુલ્તાને ઈસ્લામ તેની સાથે પણ જંગ કરશે. કેમ કે તેમાં ઈસ્લામી શિઆર (નિશાની)ને બંધ કરવાનું છે. યાદ રાખશો કે હવે કે બાદશાહ સામાન્યતઃ લાપરવા અને હાકિમ ફાસિક્ થઈ ગયા જેમનાથી ઉમ્મીદ નથી કે ઝકાતોને તેમના ખર્ચ કરવાની જગા (મસ્રફો) પર ખર્ચ કરે, જેથી તેમને કોઈ ઝકાત આપવામાં ન આવે. એટલા માટે સિદ્દીકે અકબરે مَنَعُوْنِيْ ફર્માવ્યું, એટલે કે મને અને મારા જેવા આદિલ સુલ્તાન (જેના સર્વ હાકિમો મુન્સિફ–ન્યાયી હોય)ને ઝકાત ન આપે તો તેમની સાથે જંગ થશે. મિર્કાતે આ જગાએ ફર્માવ્યું કે ઉષ્માન ગનીના જમાનામાં લોકોનો હાલ બદલાય ગયો હતો એટલા માટે આપે ઝકાત વસૂલ કરવામાં સખ્તી ન કરી બલ્કે માલવાળા પોતાની ઝકાતો પોતે જ આપવા લાગ્યા, અને કોઈ સહાબીએ આપના અમલનો ઈન્કાર ન કર્યો. યાદ રાખશો કે ઝકાતના વાજિબ હોવાનો ઈન્કાર કુફ્ર છે, એવા લોકો પર ઈસ્લામની જેહાદ થશે. અને એ જમાનામાં ખલીફતુલ મુસ્લિમીનને ઝકાત અદા ન કરવી એ બગાવત હતી જેના પર તેમના પર શિક્ષાત્મક કાર્યવાહી ત્યાં સુધી કે જંગ પણ કરી શકાતી હતી, જેથી આ હદીષ તદ્દન સ્પષ્ટ છે. અને એના શરૂમાં كَفَرَ مَنْ كَفَرَ ફર્માવવું તદ્દન દુરુસ્ત છે. મિર્કાતમાં અહીં છે કે અહનાફ (હનફીઓ)ની નજીક હાકિમને જબરદસ્તી ઝકાત વસૂલ કરવાનો હક્ક નથી, શાફઈઓને ત્યાં છે. આ હદીષ કેમ કે ઝકાતના મુન્કિરોના વિશે છે એટલા માટે હનફીઓની વિરુદ્ધ નથી.

૫. એટલે કે મેં હઝરત સિદ્દીકની રાયના તરફ રજૂઅ કરી લીધું. આ હદીષથી અમુક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે સિદ્દીકે અકબર નબીઓ બાદ સર્વ મખ્લૂકથી મહાન આલિમ અને મહાન રાજનીતિજ્ઞ હતા. તેમના જ ઈલ્મ પર હુઝૂર عليه الصلوة والسلامની દફનવિધિ પોતાના ઓરડામાં થઈ, તેમના જ ઈલ્મ પર હુઝૂરે અન્વર ﷺનો છોડેલો માલ વકફ બન્યો. તેમના જ ઈલ્મ પર આ જેહાદની તૈયારી થઈ. જો આજે આપ થોડી નરમી કરત તો ઈસ્લામના ફર્ઝોના ઈન્કારનો દરવાજો ખુલી જાત. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ પોતાની વફાતના સમયે આપને જાનશીન નમાઝના ઈમામ બનાવ્યા. તેમની રાજનીતિથી હિજાઝ બલ્કે અરબમાં અમ્નો અમાન (શાંતિ) સ્થાપાયો. અને ફારૂકી ફતહોના માટે રસ્તો સાફ થયો. **બીજુ** એ કે ઈસ્લામી નિશાનીઓનો ઈન્કાર પણ એવું જ કુફ્ર છે જેમ કે સર્વ અરકાનનો ઈન્કાર. **ત્રીજુ** એ કે કલમાગો મુર્તદ સાથે જેહાદ કરવામાં આવે.

**★ હદીષ : (૨૦)-૧૭૯૧ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَكُونُ كَنْزُ أَحَدِكُمْ يَوْمَ الْقِيَامَةِ شُجَاعًا أَقْرَعَ يَفِرُّ مِنْهُ صَاحِبُهُ وَهُوَ يَطْلُبُهُ حَتَّى يُلْقِمَهُ أَصَابِعه» . رَوَاهُ أَحْمد

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી દરેકનો ખજાનો કયામતના દિવસે બોડો સાપ બનશે જેનાથી તેનો માલિક નાસશે અને માલ તેને શોધશે ત્યાં સુધી કે તેની આંગળીઓનો કોળિયો કરી લેશે[૧]." (અહમદ)*

૧. એની પૂરી શરહ હમણા થોડીવાર પહેલાં થઈ ચૂકી. કેમ કે ઝકાત હાથથી અદા કરવામાં આવે છે જેનાથી એ બખીલ વંચિત રહ્યો એટલા માટે એ સાપ એની આંગળીઓ પણ ચાવશે.

★ હદીષ : (૨૧)-૧૭૯૨ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا مِنْ رَجُلٍ لَا يُؤَدِّي زَكَاةَ مَالِهِ إِلَّا جَعَلَ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ فِي عُنُقِهِ شُجَاعًا» ثُمَّ قَرَأَ عَلَيْنَا مِصْدَاقَهُ مِنْ كِتَابِ اللَّهِ: (وَلَا يَحْسَبَنَّ الَّذِينَ يبخلون بما آتاهُم الله من فَضله)الْآيَة. رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ وَابْن مَاجَه

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ علیہ الصلوۃ والسلام થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, એવો કોઈ શખ્સ નથી જે પોતાના માલની ઝકાત ન આપે, પણ અલ્લાહ કયામતના દિવસે તેના ગળામાં તેને સાપ બનાવીને નાખશે[૧] પછી આપે અમારા માટે આની દલીલમાં કુર્આન શરીફથી આ આયત પઢી કે, "જે લોકો કંજૂસી કરે છે એ ચીજમાં જે અલ્લાહે તેમને પોતાના ફઝ્લથી આપી, કદાપિ એને પોતાના માટે સારુ ન સમજે બલ્કે તે એમના માટે બુરુ છે નજીકમાં તે જેમાં કંજૂસી કરી હતી તે કયામતના દિવસે તેમના ગળાનો તોક બનશે. અને અલ્લાહ જ વારસ છે. આસ્માનો તથા જમીનોનો. અને અલ્લાહ તમારા કામોથી ખબરદાર છે."(સૂરએ આલે ઈમરાન, ૩/૧૮૦)[૨]" (તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** એ રીતે કે પ્રથમ એ માલ સાપ બનીને તેની પાછળ દોડશે પછી તેને પકડી તેના ગળામાં તોક બનીને વિટાઈ જશે. આંગળીઓ પણ ચાવતો રહેશે અને ડંખ મારતો પણ રહેશે. કેમ કે ગળાનો હાર દરેક વખતે જોવામાં આવે છે અને ખિસ્સાની અંદરની ચીજ દરેક વખતે નથી દેખાતી. એટલા માટે એ સાપ ગળામાં પડશે જેથી માલિક જોઈને સતત ડરતો રહે અને મહેશરના અન્ય લોકો ઓળખી જાય કે કંજૂસ આ છે ! આ બનાવ મુસલમાનોની અયબપોશીની વિરુદ્ધ નથી, જેમ કે હમણા અર્ઝ કરવામાં આવ્યું.

**૨.** સૂફિયાએ કિરામ ફર્માવે છે કે કંજૂસી કેવળ માલમાં જ નથી થતી બલ્કે માલ, કમાલ, આમાલ, અહવાલ, અફઝાલ સૌમાં થાય છે. શબ્દ مِنْ فَضْلِهٖ સૌને સમાવે છે. આલિમ તથા સૂફીએ જોઈએ કે લોકોમાં ઈલ્મ તથા હિદાયત ફેલાવે, નહીં તો તેમની પકડ માલી બખીલથી અધિક થશે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ مَآ اَنْزَلَ اللّٰهُ مِنَ الْكِتٰبِ "તે જેઓ છુપાવે છે અલ્લાહની કિતાબ અને તેના બદલે ઝલીલ કિંમત લે છે તેઓ પોતાના પેટમાં આગ જ ભરે છે...." *(સૂરએ બકરહ, ૨/૧૭૪)*

★ હદીષ : (૨૨)-૧૭૯૩ ★

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَا خَالَطَتِ الزَّكَاةُ مَالًا قَطُّ إِلَّا أَهْلَكَتْهُ» . رَوَاهُ الشَّافِعِيُّ وَالْبُخَارِيُّ فِي تَارِيخِهِ وَالْحُمَيْدِيُّ وَزَادَ قَالَ: يَكُونُ قَدْ وَجَبَ عَلَيْكَ صَدَقَةٌ فَلَا تُخْرِجْهَا فَيُهْلِكُ الْحَرَامُ الْحَلَالَ. وَقَدِ احْتَجَّ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે જ્યારે કદી ઝકાત માલમાં મિશ્ર થશે તો તેને બર્બાદ જ કરી દેશે[૧]. (શાફઈ તથા બુખારીએ પોતાની કિતાબમાં) અને હુમૈદીએ એ વધારો પણ કર્યો કે ફર્માવ્યું, એવું થાય છે કે તમારા પર ઝકાત ફર્ઝ હોય અને તમે ન કાઢો તો હરામ, હલાલને તબાહ કરી દે[૨]. આ જ હદીષથી તેમણે*

بِهِ من يرى تعلق الزَّكَاةِ بِالْعَيْنِ هٰكَذَا فِي الْمُنْتَقٰى وَرَوَى الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ عَنْ أَحْمَدَ بْنِ حَنْبَلٍ بِإِسْنَادِهِ إِلَى عَائِشَةَ. وَقَالَ أَحْمَدُ فِي «خَالَطَتْ» : تَفْسِيرُهُ أَنَّ الرَّجُلَ يَأْخُذُ الزَّكَاةَ وَهُوَ مُوسِرٌ أَوْ غَنِي وَإِنَّمَا هِيَ لِلْفُقَرَاء

*દલીલ કરી છે જેઓ ઝકાત અયન માલના સંબંધે માને છે. એ જ પ્રમાણે મુન્તકામાં છે[3]. અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈમામ ઈબ્ને હંબલથી રિવાયત કરી તેમની અસ્નાદ હઝરત આઈશા સુધી છે. ઈમામ અહમદે મિશ્ર થવાની તફસીર એ કરી કે કોઈ શખ્સ ઝકાત લે જ્યારે કે તે ખુદ ગની માલદાર હોય, કેમ કે ઝકાત તો ગરીબો માટે છે[4]."*

૧. માલમાં ઝકાત મિક્સ થવાની બે સ્થિતિઓ છે : **એક** તો એ કે સાહિબે નિસાબ જેના પર ખુદ ઝકાત ફર્ઝ હોય તે ફકીર બનીને લોકોથી ઝકાત લે અને પોતાના માલમાં મિલાવીને વધારો કરે. **બીજુ** એ કે માણસ ઝકાત ન કાઢે. જે માલ ઝકાતમાં નીકળવો જોઈતો હતો તેને પોતાના માલમાં જ રાખે. પ્રથમ અર્થ અધિક જાહેર છે અને બીજો અર્થ અધિક મજબૂત છે. હલાક (બર્બાદ) કરવાની પણ બે સ્થિતિઓ છે : એક એ કે ઝકાતના મિશ્ર હોવાના કારણે પૂરા માલની બરકત નષ્ટ થઈ જાય અને થોડાક દિવસોમાં માલ ખત્મ થઈ જાય, અથવા કોઈ આકસ્મિક આફત આવી પડે જેનાથી બધો જ માલ બર્બાદ થઈ જાય. જેમ કે બીમારી, કેસ, ચોરી, ડાકૂગીરી અથવા સળગવું, ડૂબવું. બીજુ એ કે એ સર્વ માલ ભલે રહે તો પણ તેનાથી લાભ ઉઠાવવું જાઈઝ ન થાય, કેમ કે હરામ અને હરામથી મિશ્રિત ચીજ લાભ ઉઠાવવાને પાત્ર નથી. બીજા અર્થના જ આધાર પર મિશ્કાતના લેખકનું આગળ લખાણ છે.

૨. قال (કાલ)નો કર્તા ઈમામ બુખારી છે. એટલે કે હુમૈદી કહે છે કે ઈમામ બુખારીએ પોતાની તારીખમાં આ હદીષની આ શરહ કરી.

૩. યાદ રાખશો કે ઈમામ શાફઈ વગેરે ફર્માવે છે કે, ઝકાત માલિકના જિમ્મામાં વાજિબ નથી હોતી, બલ્કે અયન માલમાં હોય છે જેથી તેમને ત્યાં દરેક માલની ઝકાત તેનાથી અદા કરવી પડશે. એની કિંમત કે એ કિંમતનો અન્ય માલ ઝકાતમાં નથી આપી શકાતો. બકરીઓની ઝકાતમાં બકરી જ આપવામાં આવશે, અને સોનાની ઝકાતમાં સોનુ અને ચાંદી. તેઓ ઝકાતને કુર્બાની અથવા હદી પર કયાસ કરે છે કે તેની કિંમત નહીં આપવામાં આવે. *(લમ્આત)* **આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہની નજીક માલની ઝકાત માલિકના જિમ્મે હોય છે, ચાહે એ માલમાંથી આપે કે બીજા માલમાંથી, અથવા કિંમત, ત્યાં સુધી કે સોના ચાંદીની ઝકાતમાં ખુદ સોનુ ચાંદી અથવા તેની કિંમત અથવા એ કિંમતની રોટલીઓ, કોઈ જાનવર, કપડુ, સાબુ વગેરે આપી શકે છે. કેમ કે ઝકાતનો હેતુ ફકીરને રોજી પહોંચાડવું અને તેની હાજત પૂરી કરવું છે.** એ બુઝુર્ગોનું આ હદીષથી દલીલ પકડવું કાંઈક ઝઈફ જેવું જ છે, કેમ કે તે હઝરતે શબ્દ خلط (ખલત)થી દલીલ પકડી છે કે ખલત (મિશ્રણ) માલનું થાય છે ન કે જિમ્માનું. પણ એ જાહેરની વિરુદ્ધ છે એટલા માટે ખુદ મિશ્કાતના લેખક આગલી વાત કહી રહ્યા છે.

૪. આ ખુલાસાએ હદીષને તદન સ્પષ્ટ કરી આપી કે જે માલ ઝકાત બનીને અમીર (માલદાર) પાસેથી નીકળી ચૂક્યો તેને જાણે ઝકાતનો ગૈર મુસ્તહિક ઝકાત લઈને પોતાના માલથી મિલાવી લે. હવે ખલત (મિશ્રણ)નો અર્થ તદન સ્પષ્ટ થઈ ગયો.

## બાબો માયજિબુ ફીહીઝ્ઝકાત[૧] باب ما يجب فيه الزكوة
## (કઈ ચીજમાં ઝકાત વાજિબ છે)

**૧.** યાદ રાખશો કે જાનવર, સોનુ, ચાંદી અને વેપારના માલોમાં સર્વની એકમતીએ ઝકાત વાજિબ છે. અલ્બત્ત શાકભાજીઓ, મેવાઓ જે વરસ સુધી ન રહી શકે તેનામાં મતભેદ છે. ઈમામે આ'ઝમને ત્યાં એમનામાં મુત્લક઼ન ઝકાત છે અને અન્ય ઈમામોને ત્યાં નથી. તેમજ ખજૂરો અને ખારેકો વગેરેમાં ઈમામે આ'ઝમને ત્યાં મુત્લક઼ન ઝકાત વાજિબ છે, ભલે કેટલીય પેદા થાય, અને સાહિબૈનને ત્યાં જ્યારે પાંચ વસક઼ હોય છે.

★ હદીષ : (૧)-૧૭૯૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ فِيمَا دُونَ خَمْسَةِ أَوْسُقٍ مِنَ التَّمْرِ صَدَقَةٌ وَلَيْسَ فِيمَا دُونَ خَمْسِ أَوَاقٍ مِنَ الْوَرِقِ صَدَقَةٌ وَلَيْسَ فِيمَا دُونَ خَمْسِ ذَوْدٍ من الْإِبِلِ صَدَقَةٌ»

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, પાંચ વસક ખારેકોથી ઓછામાં સદક઼ો વાજિબ નથી[૧]. અને પાંચ ઔક઼િયા ચાંદીથી કમમાં સદક઼ો વાજિબ નથી[૨] અને પાંચ સંખ્યાથી ઓછા ઊંટોમાં સદક઼ો વાજિબ નથી[૩]."*
*(મુસ્લિમ, બુખારી)*

**૧.** વસક઼, સાઅ, રતલ અરબના માપોનાં નામ છે. એક વસક઼ સાઈઠ સાઅનો છે અને એક સાઅ આપણા ૮૦ તોલાવાળા સેરથી લગભગ સાડા ચાર શેર થાય છે. તો આ હિસાબથી એક વસક઼ છ મણ ત્રણ શેર થયો. અને પાંચ વસક઼ ૩૩ મણ ૩૦ શેર લગભગ થયા. તો હદીષનો મતલબ એ થયો કે લગભગ ૩૪ મણથી ઓછામાં ઝકાત નથી. આ હદીષ ઈમામ શાફઈ વગેરેની દલીલ છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને ત્યાં મુત્લક઼ન (જે પણ ઉપજ થાય) ઉપજમાં ઝકાત છે, વધારે હોય કે ઓછી. ઈમામે આ'ઝમની દલીલ કુર્આને કરીમની આ આયત છે : وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ "અને એમાંથી જે અમે તમારા માટે જમીનથી કાઢયું." (સૂરએ બક઼રહ, ૨/૨૬૭) અને નબી કરીમ ﷺ નું આ ફર્માન છે : مَا اَخْرَجَتْهُ الْاَرْضُ فَفِيْهِ الْعُشْرُ અને બુખારીની તે રિવાયત છે : فِيْمَا سَقَتِ السَّمَاءُ اَوِ الْعُيُوْنُ اَوْكَانَ عَشَرِيًّا الْعُشْرُ وَفِيْمَا سُقِيَ بِالنَّضْحِ نِصْفُ الْعُشْرِ અને મુસ્લિમ શરીફની તે રિવાયત છે કે હુઝૂરે અન્વર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : فِيْمَا سَقَتِ الْاَنْهَارُ وَالْغَيْمُ الْعُشْرُ وَفِيْمَا سُقِيَ بِالنَّضْحِ نِصْفُ الْعُشْرِ આ આયત તથા હદીષોમાં મુત્લક઼ન مَا ફર્માવવામાં આવ્યું. એટલે કે જે પણ જમીનથી પેદા થાય એમાં દસમો અથવા વીસમો હિસ્સો ઝકાત છે. તેમજ અબ્દુર્રઝ્ઝાક઼ે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ મુજાહિદ તથા ઈબ્રાહીમ رضی اللہ عنہم થી રિવાયત કરી. આ સૌ હઝરત ફર્માવે છે : فيما انبتت الارض من قليل وكثير العشر જમીનની દરેક થોડી ઘણી ઉપજમાં દસમો હિસ્સો છે. આ હદીષનો મતલબ એ છે કે અનાજ વગેરેના વેપારીઓ પર વેપારની ઝકાત પાંચ વસક઼થી ઓછામાં ન હશે કેમ કે હુઝૂરે અકરમ ﷺ ના જમાનામાં એક વસક ખજૂરની કિંમત ચાલીસ દિરહમ હતી જેથી પાંચ વસક઼ની કિંમત બસો દિરહમ થઈ. ચાંદીનો ઝકાતનો નિસાબ ૨૦૦ દિરહમ જ છે. અને માની પણ લેવામાં આવે કે આ હદીષમાં ઉપજની જ ઝકાત મુરાદ છે તો હદીષોમાં ટકરાવ ઉભો થશે. અને ટકરાવના સમયે સાવધાની એમાં છે કે ઓછાની પણ ઝકાત કાઢવામાં આવે. યાદ રાખશો કે **વેપારની ઝકાત અલગ છે અને**

**(ખેતીની) ઉપજની ઝકાત અલગ છે.** એની સંપૂર્ણ તેહક઼ીક઼ ફત્હુલ ક઼દીરમાં અને એ જ જગાએ મિર્ક઼ાતમાં જુઓ. યાદ રાખશો કે એ ઈમામોની નજીક સડી બગડી જનારાં ફળો અને શાકભાજીઓમાં પણ ઝકાત નથી, જે વરસ સુધી રહી શકે એમાં ઝકાત છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક એનામાં પણ ઝકાત છે. એમની દલીલો એ જ છે જે હમણા વર્ણન થઈ.

**૨.** એક ઔક઼િયા ૪૦ દિરહમનો, પાંચ ઔક઼િયા ૨૦૦ દિરહમ થયા. અને દિરહમ સાત મિષ્ક઼ાલ સાડા ચાર માશાનો આ હિસાબથી બસો દિરહમ બાવન તોલા છ માશા થયા. આ ચાંદીનો નિસાબ છે. દિરહમની કિંમતનો એતબાર નથી, વજનનો લેહાઝ છે.

**3.** જાનવરોની ઝકાતની વિગત આગળ આવી રહી છે કે પાંચ ઊંટોમાં એક બકરી વાજિબ થાય છે જ્યારે કે તે સાઈમા (જંગલમાં ચરનારાં) હોય એટલે વરસનો મોટાભાગનો હિસ્સો જંગલમાં ચરે. માલિક પર એમના ચારાનો ખર્ચ ન થાય. યાદ રાખશો કે ذود નો અર્થ છે અદદ (સંખ્યા) અથવા નફર, એ ત્રણથી દસ સુધી બોલવામાં આવે છે.

**★ હદીષ : (૨)-૧૭૯૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ عَلَى الْمُسْلِمِ صَدَقَةٌ فِي عَبْدِهِ وَلَا فِي فَرَسِهِ» . وَفِي رِوَايَةٍ قَالَ: «لَيْسَ فِي عَبْدِهِ صَدَقَةٌ إِلَّا صَدَقَةُ الْفِطْرِ»

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મુસલમાન પર[1] ન તો તેના ગુલામમાં સદક઼ો વાજિબ છે ન તેના ઘોડામાં. અને એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, તેના ગુલામમાં ઝકાત તો નથી પણ સદક઼એ ફિત્ર વાજિબ છે[2].'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** મુસલમાનની શર્ત (ક઼ેદ)થી માલૂમ પડે છે કે કાફિરો પર ઝકાત ફર્ઝ નથી. એટલા માટે કોઈ કાફિર મુસલમાન થઈ જવા પર કુફ્રના જમાનાની ન નમાઝો ક઼ઝા કરે છે ન ઝકાત આપે છે. હા ! ક઼યામતમાં કાફિરોને ઈબાદતો ન કરવાની પણ સજા મળશે. રબ તઆલા ફર્માવે છે : દોઝખ કહેશે, قَالُوْا لَمْ نَكُ مِنَ الْمُصَلِّيْنَ ''તેઓ બોલ્યા, અમે નમાઝ પઢતા ન હતા.'' *(સૂરએ મુદ્દષ્ષિર, ૭૪/૯૩)* છેવટ સુધી. જેથી હદીષ તથા કુર્આનમાં કોઈ ટકરાવ નથી.

**૨.** વેપારના ઘોડાઓ અને ગુલામોમાં સર્વ ઈમામોની નજીક ઝકાત છે અને સવારીના ઘોડા તથા ખિદમતના ગુલામમાં કોઈને ત્યાં ઝકાત નથી. જે ઘોડા સવારી તથા વેપાર બંનેવ માટે ન હોય તેમની માદામાં ઈમામે આ'ઝમ અબૂ હનીફાની નજીક ઝકાત છે કે માલિક ક્યાં તો ઘોડી દીઠ એક અશરફી આપી દે અથવા એની કિંમતનો ચાલીસમો હિસ્સો કાઢી નાખે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની વિરુદ્ધ નથી, કેમ કે અહીં સવારીનો ઘોડો અને ખિદમત માટેનો ગુલામ મુરાદ છે. ફતાવા ક઼ાઝીખાનામાં છે કે ઘોડા તથા ગુલામમાં ફિત્રો માલિક પર વાજિબ છે, તેની ઝકાત નથી. નોકર ચાકરોનો ફિત્રો માલિક પર નથી, કેમ કે તેઓ એના ગુલામ નથી.

**★ હદીષ : (3)-૧૭૯૬ ★**

وَعَن أنس بن مَالك: أَن أَبَا بكر رَضِي الله عَنهُ كتب لَهُ هَذَا الْكتاب لما وَجهه إِلَى الْبَحْرين: بِسم الله

*''હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અબૂબક્રએ જ્યારે તેમને બહરૈન મોકલ્યા[1] તો તેમને આ ફર્માનનામુ લખીને આપ્યું : મહેરબાન રહમતવાળા અલ્લાહના નામથી આ ઝકાતનો ફરીઝો છે જે*

الرَّحْمَنِ الرَّحِيمِ هَذِهِ فَرِيضَةُ الصَّدَقَةِ الَّتِي فَرَضَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْمُسْلِمِينَ وَالَّتِي أَمَرَ اللَّهُ عز وَجل بِهَا رَسُوله فَمن سَأَلَهَا مِنَ الْمُسْلِمِينَ عَلَى وَجْهِهَا فَلْيُعْطِهَا وَمَنْ سُئِلَ فَوْقَهَا فَلَا يُعْطِ: فِي أَرْبَعٍ وَعِشْرِينَ مِنَ الْإِبِلِ فَمَا دونهَا خَمْسٍ شَاةٌ. فَإِذَا بَلَغَتْ خَمْسًا وَعِشْرِينَ إِلَى خَمْسٍ وَثَلَاثِينَ فَفِيهَا بِنْتُ مَخَاضٍ أُنْثَى فَإِذَا بلغت سِتا وَثَلَاثِينَ فَفِيهَا بنت لبون أُنْثَى. فَإِذا بلغت سِتَّة وَأَرْبَعين إِلَى سِتِّينَ فَفِيهَا حِقَّةٌ طَرُوقَةُ الْجَمَلِ فَإِذَا بَلَغَتْ وَاحِدَةً وَسِتِّين فَفِيهَا جَذَعَة. فَإِذا بلغت سِتا وَسبعين فَفِيهَا بِنْتَا لَبُونٍ. فَإِذَا بَلَغَتْ إِحْدَى وَتِسْعِينَ إِلَى عِشْرِينَ وَمِائَةٍ فَفِيهَا حِقَّتَانِ طَرُوقَتَا الْجَمَلِ. فَإِذَا زَادَتْ عَلَى عِشْرِينَ وَمِائَةٍ فَفِي كُلِّ أَرْبَعِينَ بِنْتُ لَبُونٍ وَفِي كُلِّ خَمْسِينَ حِقَّةٌ. وَمَنْ لَمْ يَكُنْ مَعَهُ إِلَّا أَرْبَعٌ مِنَ الْإِبِلِ فَلَيْسَ فِيهَا صَدَقَةٌ إِلَّا أَنْ يَشَاءَ رَبُّهَا. فَإِذَا بَلَغَتْ خَمْسًا فَفِيهَا شَاةٌ وَمَنْ بَلَغَتْ عِنْدَهُ مِنَ الْإِبِلِ صَدَقَةَ الْجَذَعَةِ وَلَيْسَتْ عِنْده جَذَعَة وَعِنْده حقة فَإِنَّهَا تقبل مِنْهُ الْحِقَّةُ وَيُجْعَلُ مَعَهَا شَاتَيْنِ إِنِ اسْتَيْسَرَتَا لَهُ أَوْ عِشْرِينَ دِرْهَمًا. وَمَنْ بَلَغَتْ عِنْدَهُ صَدَقَةَ الْحِقَّةِ وَلَيْسَتْ عِنْدَهُ الْحِقَّةُ وَعِنْدَهُ الْجَذَعَةُ فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ الْجَذَعَةُ وَيُعْطِيهِ الْمُصَدِّقُ عِشْرِينَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ. وَمَنْ بَلَغَتْ عِنْدَهُ صَدَقَةَ الْحِقَّةِ وَلَيْسَت إِلَّا عِنْده بِنْتُ لَبُونٍ فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ بِنْتُ لَبُونٍ وَيُعْطِي مَعَهَا شَاتَيْنِ أَوْ عِشْرِينَ دِرْهَمًا. وَمَنْ بَلَغَتْ صَدَقَتُهُ بنت لبون وَعِنْده حقة فَإِنَّهَا تقبل مِنْهُ الْحِقَّةُ وَيُعْطِيهِ الْمُصَدِّقُ

રસૂલુલ્લાહ ﷺએ મુસલમાનો પર ફર્ઝ કર્યો અને જેનો અલ્લાહે પોતાના રસૂલને હુકમ આપ્યો[2] તો જે મુસલમાનથી એ યાદીના પ્રમાણે માગવામાં આવે તે આપી દે, જેની પાસે વધારાની માગણી કરવામાં આવે તે ન આપે[3]. ૨૪ કે તેનાથી ઓછા ઊંટોની ઝકાત બકરી છે કે દરેક પાંચ ઊંટમાં એક બકરી[4] પછી જ્યારે એ ઊંટ ૨૫ પર પહોંચે તો ૩૫ સુધી એક વરસની માદા ઊંટણી છે[5]. પછી જ્યારે છત્રીસ પર પહોંચે તો ૪૫ સુધી બે વરસની માદા ઊંટણી છે[6]. પછી જ્યારે ૪૬ પર પહોંચે તો સાઈઠ સુધી ૪ વરસની ઊંટણી, એટલે ઊંટના સંભોગને લાયક[7]. પછી જ્યારે ૬૧ પર પહોંચે તો ૭૫ સુધીમાં એક પાંચ વરસની ઊંટણી[8]. પછી જ્યારે ૭૬ પર પહોંચે તો નેવુ સુધીમાં બે વરસની બે ઊંટણીઓ[9] પછી જ્યારે ૯૧ પર પહોંચે તો ૧૨૦ સુધી બે ચાર વરસની ઊંટણીઓ નર ઊંટના સંભોગના લાયક[10]. પછી જ્યારે એકસો વીસથી વધુ હોય તો દરેક ચાલીસમાં એક બે વરસની ઊંટણી છે, અને દરેક પચાસમાં ચાર વરસની[11]. અને જેની પાસે કેવળ ચાર જ ઊંટ હોય તો એમાં ઝકાત નથી. હા ! જો માલિક ચાહે[12]. જ્યારે પાંચ પર પહોંચે તો એમાં એક બકરી છે અને જેનાં ઊંટની ઝકાત પાંચ વરસની ઊંટણી સુધી પહોંચે. અને તેની પાસે પાંચ વરસ ન હોય બલ્કે ચાર વરસની હોય તો એની પાસે ચાર વરસની જ લઈ લેવામાં આવશે અને તેની સાથે બે બકરીઓ જો મયસ્સર હોય તો અથવા વીસ દિરહમ[13] અને જેનાં ઊંટોની ઝકાત ચાર વરસની પર પહોંચ અને તેની પાસે ચાર વરસની છે જ નથી બલ્કે પાંચ વરસની હોય તો એની પાસેથી પાંચ વરસની જ વસૂલ કરી લેવામાં આવે. અને ઝકાત વસૂલ કરનાર તેને ૨૦ દિરહમ અથવા બે બકરીઓ પરત કરે[14]. અને જેનાં ઊંટોની ઝકાત ચાર વરસની પર પહોંચે પણ તેની પાસે બે વરસની જ હોય તો તેની પાસેથી બે વરસની જ વસૂલ લેવામાં આવે અને માલિક બે બકરીઓ અને વીસ દિરહમ પણ આપે.

عِشْرِينَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ. وَمَنْ بَلَغَتْ صَدَقَتُهُ بِنْتَ لَبُونٍ وَلَيْسَتْ عِنْدَهُ وَعِنْدَهُ بِنْتُ مَخَاضٍ فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ بِنْتُ مَخَاضٍ وَيُعْطَى مَعَهَا عِشْرِينَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ. وَمَنْ بَلَغَتْ صَدَقَتُهُ بِنْتَ مَخَاضٍ وَلَيْسَتْ عِنْدَهُ وَعِنْدَهُ بِنْتُ لَبُونٍ فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ وَيُعْطِيهِ الْمُصَدِّقُ عِشْرِينَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ. فَإِنْ لَمْ تَكُنْ عِنْدَهُ بِنْتُ مَخَاضٍ عَلَى وَجْهِهَا وَعِنْدَهُ ابْن لَبُونٍ فَإِنَّهُ يُقْبَلُ مِنْهُ وَلَيْسَ مَعَهُ شَيْءٌ. وَفِي صَدَقَةِ الْغَنَمِ فِي سَائِمَتِهَا إِذَا كَانَتْ أَرْبَعِينَ فَفِيهَا شَاة إِلَى عشْرين وَمِائَة شَاة فَإِن زَادَتْ عَلَى عِشْرِينَ وَمِائَةٍ إِلَى مِائَتَيْنِ فَفِيهَا شَاتَان. فَإِن زَادَتْ عَلَى مِائَتَيْنِ إِلَى ثَلَاثِمِائَةٍ فَفِيهَا ثَلَاثُ شِيَاهٍ. فَإِذَا زَادَتْ عَلَى ثَلَاثِمِائَةٍ فَفِي كُلِّ مِائَةٍ شَاةٌ. فَإِذَا كَانَتْ سَائِمَةُ الرَّجُلِ نَاقِصَةً مِنْ أَرْبَعِينَ شَاةً وَاحِدَةً فَلَيْسَ فِيهَا صَدَقَةٌ إِلَّا أَنْ يَشَاءَ رَبُّهَا. وَلَا تُخْرَجَ فِي الصَّدَقَة هرمة وَلَا ذَات عور وَلَا تَيْسٌ إِلَّا مَا شَاءَ الْمُصَدِّقُ. وَلَا يجمع بَين متفرق وَلَا يفرق بَين مُجْتَمع خَشْيَةَ الصَّدَقَةِ وَمَا كَانَ مِنْ خَلِيطَيْنِ فَإِنَّهُمَا يَتَرَاجَعَانِ بَيْنَهُمَا بِالسَّوِيَّةِ. وَفِي الرِّقَةِ رُبُعُ الْعُشْرِ فَإِنْ لَمْ تَكُنْ إِلَّا تِسْعِينَ وَمِائَةً فَلَيْسَ فِيهَا شَيْءٌ إِلَّا أَنْ يَشَاءَ رَبُّهَا. رَوَاهُ الْبُخَارِيّ

*અને જેની ઝકાત બે વરસની પર પહોંચે પણ માલિક પાસે ચાર વરસની હોય તો તેની પાસેથી ચાર વરસની જ વસૂલ કરી લેવામાં આવે અને તેને આમિલ ૨૦ દિરહમ અથવા બે બકરીઓ પરત આપે. અને જેની ઝકાત બે વરસની પર પહોંચે અને બે વરસની તેની પાસે ન હોય બલ્કે તેની પાસે એક વરસની હોય તો તેની પાસેથી એક વરસની જ વસૂલ કરી લેવામાં આવે અને તેની સાથે માલિક ૨૦ દિરહમ અથવા બે બકરીઓ આપે[૧૫] અને જેની ઝકાત એક વરસની પર પહોંચે અને તેની પાસે એક વરસની ન હોય બલ્કે તેની પાસે બે વરસની હોય તો તેનાથી તે જ વસૂલ કરી લેવામાં આવે અને તેને આમિલ ૨૦ દિરહમ અથવા બે બકરીઓ પરત કરે. અને જો માલિકની પાસે ઝકાતના પ્રમાણે એક વરસની માદા ન હોય બલ્કે તેની પાસે એક વરસનો નર હોય તો તેનાથી તે જ લઈ લેવામાં આવે અને તેની સાથે કાંઈ નહીં[૧૬]. અને બકરીઓની ઝકાતમાં[૧૭] એટલે જંગલમાં ચરનારીઓ જ્યારે ૪૦ થાય તો ૧૨૦ સુધી એક બકરી છે[૧૮] પછી જ્યારે ૧૨૦ થી વધી જાય તો ૨૦૦ સુધીમાં બે બકરીઓ છે અને જ્યારે બસોથી અધિક થાય તો ૩૦૦ સુધીમાં ત્રણ બકરીઓ છે. જ્યારે ૩૦૦ થી વધુ થઈ જાય તો દરેક સોએ એક બકરી છે[૧૯]. વળી જ્યારે કોઈની જંગલમાં ચરનારી બકરીઓ ૪૦થી એક પણ ઓછી હોય તો એમનામાં ઝકાત નથી. જો માલિક ચાહે તો (ખૈરાત આપી દે)[૨૦] અને ઝકાતમાં ન તો ઘરડી આપવામાં આવે ન કાણી[૨૧] અને ન બકરો, પણ એ કે આમિલ ચાહે (તો લઈ લે)[૨૨] અને ન તો અલગ અલગ માલને ભેગો કરવામાં આવે, અને ન ઝકાતના ડરથી ભેગા માલને અલગ અલગ કરવામાં આવે[23] અને જે નિસાબ બે ભાગીદારોની વચ્ચે હોય તો તેઓ આપસમાં સરખા ભાગે એકબીજાથી લઈ લે[૨૪]. અને ચાંદીમાં ચાલીસમો હિસ્સો ઝકાત છે. અને જો કેવળ ૧૯૦ દિરહમ હોય તો એમાં કાંઈ ઝકાત નથી, પણ એ કે માલિક ચાહે (તો આપી દે)[૨૫]." (બુખારી)*

**૧.** હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ પોતાની ખિલાફતના જમાનામાં હઝરત અનસને બહરૈનના હાકિમ બનાવીને મોકલ્યા તો તેમને જે ક઼ાનૂનો લખીને આપ્યા તેમાં ઝકાતનો ક઼ાનૂન નીચે પ્રમાણે હતો. યાદ રાખશો કે બહરૈન અરબનુ એક રાજ્ય છે જે બસરાથી નજીક છે. કેમ કે એ વિસ્તાર બે સમુદ્રોની વચ્ચે છે એટલા માટે એને બહરૈન કહે છે.

**૨.** એટલે કે ઝકાતનો હુકમ અલ્લાહે આપ્યો છે અને તેની વિગત રસૂલુલ્લાહ ﷺએ વર્ણવી. અને કાંઈ હુકમ પર વિગત માલૂમ પડયા વિના અમલ નથી થઈ શકતો. એટલા માટે હિજરત પછી ઝકાત આપવાનું ફર્ઝ થયું. અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે ઝકાતનો હુકમ હિજરતથી પહેલાં આવ્યો પણ હુઝૂરે અન્વર ﷺએ તેની વિગત હિજરત પછી વર્ણવી. જેમ કે મક્કી આયતોમાં મળે છે : وَاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ "નમાઝ કાયમ કરો અને ઝકાત આપો." હઝરત સિદ્દીક઼નો આશય એ છે કે જે કાંઈ હું લખી રહ્યો છું તો મારા ઈજતેહાદ અથવા કુર્આન તથા હદીષમાં તાવીલથી નથી, બલ્કે અલ્લાહના સ્પષ્ટ હુકમ અને હુઝૂરે અકરમ ﷺના વિગતવાર વર્ણનથી છે. એનાથી જાણવા મળ્યું કે ફર્ઝિયત અને હુર્મતની નિસ્બત હુઝૂર علیہ الصلوۃ والسلامની તરફ કરવામાં આવી શકે છે. એવું કહી શકીએ છીએ કે હુઝૂર ﷺએ નમાઝ, રોઝા ફર્ઝ કર્યા અથવા દારૂ તથા વ્યભિચાર હરામ કર્યા.

**૩.** એટલે કે આમિલ તથા હાકિમ માલિક પાસે જુલ્મની રીતે અધિક માગે તો વધારાનું આપવામાં ન આવે બલ્કે આ લખાણના પ્રમાણે અદા કરવામાં આવે અથવા એવા જાલિમને તદ્દન ઝકાત આપવામાં ન આવે. માલિક ખુદ ફકીરોને આપે કેમ કે ફાસિક઼ બાદશાહ અને હાકિમનો શરીઅત વિરુદ્ધનો હુકમ લાગુ નથી. (મિર્ક઼ાત) આ પરથી જાણવા મળ્યું કે નાજાઈઝ ક઼ાનૂન અથવા હાકિમના નાજાઈઝ હુકમ પર અમલ કરવો શરીઅતની રૂએ વાજિબ નથી. બલ્કે જો શક્તિ હોય તો એવા ક઼ાનૂનો તથા હુકમોને તોડી નાખે. એ પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે આમિલોને રાજી કરો ભલે તેઓ જુલ્મ જ કરે. એના ત્રણ ચાર મતલબો અગાઉ વર્ણન કરી દેવામાં આવ્યા છે. એટલે જે ચીજ તમને જુલ્મ જણાય અને ખરેખર જુલ્મ ન હોય તો એમાં આમિલ સાથે ન ઝઘડો પણ કાયદેસર કાર્યવાહી કરો વગેરે. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી.

**૪.** એટલે કે પાંચ ઊંટોથી ઓછામાં ઝકાત નથી. પાંચ સાઈમા ઊંટોમાં એક બકરી વાજિબ છે. દસ ઊંટોમાં બે બકરીઓ, ૧૫માં ત્રણ અને વીસમાં ચાર. યાદ રાખશો કે ઊંટનો આ નિસાબ પાંચ છે અને વધારો માફ છે. જેથી જો કોઈની પાસે નવ ઊંટ હતાં અને ઝકાત આપતી વખતે ચાર મૃત્યુ પામ્યાં તો પણ પૂરી બકરી જ આપશે. એનાથી કાંઈ ઘટાડશે નહીં. એ જ હક્ક઼ છે. એના પર ફત્વો છે.

**૫.** એટલે કે ૨૪ સુધી ઊંટોની ઝકાત બકરીઓ વડે આપવામાં આવશે કે દરેક પાંચમાં એક બકરી, પછી એના બાદ ખુદ ઊંટથી જ આપવામાં આવશે અને ઝકાતમાં ઊંટની માદા લેવામાં આવશે ન કે ગૈર. બિન્તે મખાઝ તે ઊંટણી છે જે એક વરસની થઈને બીજા વરસમાં ક઼દમ રાખી દે, કેમ કે એ વખતે એની મા બીજા બચ્ચાથી ગર્ભવતી હોય છે. એટલા માટે એને બિન્તે મખાઝ કહે છે, એટલે કે સગર્ભાની બચ્ચી. مخاض ગર્ભને પણ કહે છે અને દરવાજાને પણ. રબ તઆલા ફર્માવે છે : فَاَجَآءَهَا الۡمَخَاضُ اِلٰى جِذۡعِ النَّخۡلَةِ એટલે "હઝરત મરયમને તેમનો હમલ અથવા પ્રસુતિ પીડા ખજૂરના ઝાડ પાસે લાવી." *(સૂરએ મરયમ, ૧૯/૨૩)*

**૬.** એટલે કે બકરીઓની હાલતમાં પાંચ પર નિસાબ વધતો હતો અને હવે દસ પર વધશે. બિન્તે લબૂન તે બે વરસની ઊંટણી છે જે ત્રીજા વરસમાં ક઼દમ રાખી દે, કેમ કે તે વખતે એની મા બીજા બાળકને દૂધ પીવડાવતી હોય છે એટલા માટે એને બિન્તે લબૂન કહે છે એટલે દૂધ પીવડાવનારીની બચ્ચી. لبن لبونથી છે, દૂધના અર્થમાં.

**૭.** એટલે કે ૪૬થી ૬૦ ઊંટોની ઝકાત ત્રણ વરસની ઊંટણી છે જે ચોથા વરસમાં પ્રવેશી જાય. કેમ કે એ વખતે ઊંટણી બોજ ઉઠાવવા લાયક થઈ જાય છે. અને નરના મિલનના પાત્ર પણ થઈ જાય છે. એટલા માટે તેને હક્ક઼ કહે છે. એટલે સંભોગને પાત્ર એનાથી જ હક઼ીક઼ છે લાયકના અર્થમાં. રબ તઆલા ફ઼ર્માવે છે : حَقِيْقٌ عَلٰٓى اَنْ لَّآ اَقُوْلَ عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ "મને શોભા આપે છે કે અલ્લાહ માટે ન કહું પણ સાચી વાત."

*(સૂરએ અઅ્રાફ઼, ૭/૧૦૫)*

**૮.** એટલે આ નિસાબમાં તે ઊંટણી વાજિબ થશે જે પાંચ વરસની થઈ છટ્ઠા વરસમાં પગ મૂકી દે. યાદ રાખશો કે جذع નો અર્થ છે ઉગવું એટલા માટે ઝાડના થડને جذع કહે છે કે એના પર ડાળીઓ ઉગે છે. રબ તઆલા ફ઼ર્માવે છે : فَاَجَآءَهَا الْمَخَاضُ اِلٰى جِذْعِ "પછી તેને પ્રસૂતિપીડા એક ખજૂરના થડમાં લઈ આવી." *(સૂરએ મરયમ, ૧૯/૨૩)* કેમ કે એ વખતે ઊંટણીના સર્વ દાંતો ઉગી જાય છે એટલા માટે એને جذع કહે છે.

**૯.** આ લખાણોથી જાણ થઈ રહી છે કે બે નિસાબોના વચ્ચેની કસરોમાં કાંઈ વાજિબ નથી, જેથી જો એમાંથી કાંઈક ઘટી જાય તો ઝકાત ઘટશે નહીં.

**૧૦.** ફ઼ત્હુલ ક઼દીરમાં છે કે ઝકાતના નિસાબમાં નમાઝની રકાતોની જેમ તૌફ઼ીક઼ી ચીજ છે જેમનામાં બુદ્ધિની દખલ નથી. યાદ રાખશો કે ઊંટની ઝકાતમાં કેવળ માદા અથવા તેની કિંમત લેવામાં આવશે. ગામ તથા બકરીઓની ઝકાતમાં માદા તથા નર બંનેવ લઈ શકાય છે.

**૧૧.** એના જાહેરી અર્થો પર ઘણા બધા ઉલમાનો અમલ છે કે તે ૧૨૦ ઊંટો પછી ચાલીસ સુધી ઝકાતમાં કાંઈ વધારો નથી કરતા. ચાલીસ પર એક બિન્તે લબૂન વધારે છે. પણ ઈમામ નખઈ તથા સુફ઼યાન ષૌરી તથા ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ૧૨૦ ઊંટો પછી પહેલાની જેમ ઝકાતમાં વધારો કરતા જાય છે. કેમ કે તેમને ત્યાં ૧૨૫ ઊંટોમાં બે હક્ક઼ા, એક બકરી, અને ૧૩૦માં બે હક્ક઼ બે બકરીઓ. એ જ પ્રમાણે પ્રથમ ક્રમાનુસાર વધારો થશે. આ બુઝુર્ગોની દલીલ તે હદીષ છે જે સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہથી નક઼લ થયેલ છે કે જ્યારે ઊંટો ૧૨૦ થી વધુ થઈ જાય તો ترد الفرائض الی اولها અને તે હદીષ છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ અમ્ર ઈબ્ને હઝમને ઝકાત, દિયતો વગેરેનું ફ઼ર્માનનામુ લખીને આપ્યું જેમાં ઊંટની ઝકાતના બારામાં લખ્યું : ان الابل اذا زادت علی عشرین و مائة استو نفت الفريضة ફ઼ત્હુલ ક઼દીરે આ જગાએ નબી કરીમ ﷺ અને હઝરત સિદીક઼ે અકબર તથા ફ઼ારૂક઼ رضی اللہ عنہماનાં ઘણા લખાણો નક઼લ કર્યા છે જેમનામાંથી અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહના હવાલાથી હઝરત ઉમરનું લખાણ અને નિસાઈ બાબુદિયાતના હવાલાથી અને મરાસીલ, અબૂ દાઊદના હવાલાથી અમ્ર ઈબ્ને હઝમનું લખાણ નક઼લ કર્યું. શરહે કન્ઝમાં ઘણી બધી હદીષો ભેગી કરી છે જે સૌમાં એ જ છે કે ૧૨૦ પછી નવેસરથી ઝકાત વાજિબ થશે. આ હદીષ જો કે બુખારીની છે પણ તે હદીષો પણ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલી છે અને ઈમામ બુખારીની પેદાઈશથી પહેલાં જ મુજતહિદોના ઈજતેહાદના આધારે ક઼વી (મજબૂત) થઈ ચૂકી હતી. જો કોઈની અસ્નાદમાં બાદમાં ઝોઅફ઼ (કમજોરી) પેદા થઈ હોય તો એ મુજતહિદોને નુકસાનકર્તા નથી. *(અઝ : મિર્ક઼ાત)*

**૧૩.** કેમ કે ચાર વરસની ઊંટણીની કિંમત ઓછી હોય છે અને પાંચ વરસવાળીની વધારે. માલિકે કેમ કે વાજિબ કરતાં ઓછી ઝકાત આપી છે એ કમીને પૂરી કરવા માટે ક્યાં તો સાથે બે બકરીઓ આપે અથવા વીસ દિરહમ એટલે પાંચ રૂપિયા. યાદ રાખશો કે એ જમાનામાં સામાન્યતઃ ચાર વરસની અને પાંચ વરસનીમાં આટલો જ ફ઼રક થતો હતો અને બકરીની કિંમત અઢી રૂપિયા જ હતી. એટલા માટે એવું ફ઼ર્માવવામાં આવ્યું, હવે એ પ્રમાણે

હિસાબ ન થશે. હવે તો એક બકરી ચાલીસ પચાસ રૂપિયાની (હાલ તો કમસેકમ પાંચ સાત હજારની) થાય છે જેથી હવે વર્તમાનકાળના હિસાબે વધઘટ લેવામાં આવશે.

**૧૪.** એનું કારણ પહેલાં વર્ણન થઈ ચૂક્યું. એ તે જમાનાની કિંમતોના હિસાબથી છે.

**૧૫.** ખુલાસો એ છે કે જો આમિલે ઝકાત કરતાં વધુ કિંમતી જાનવર વસૂલ કરી લીધું છે તો વધારાના જેટલુ માલિકને પરત કરે. અને જો એનાથી ઓછુ લીધુ છે તો કમી પૂર્ણ કરવા માટે કાંઈક બીજુ પણ સાથે લે પણ લેણદેણમાં હિસાબ બરાબર રાખવામાં આવશે કેમ કે ઈન્સાફ કરવાનો છે.

**૧૬.** એટલે કે ઊંટની ઝકાતમાં માદા જ વાજિબ છે પરંતુ જો માદા ન હોય તો તેનાથી ઉંચી ઉમરનો નર લેવામાં આવશે જેથી માદા હોવાનો બદલો ઉમ્રના વધારાથી થઈ જશે. યાદ રાખશો કે માદા ન હોવાની ત્રણ સ્થિતિઓ છે : એક એ કે માદા મૌજૂદ જ નથી. બીજી એ કે મૌજૂદ તો છે પણ બીમાર અથવા દૂબળી છે. અથવા મૌજૂદ તો છે પણ ખૂબ જાડી મોટી ખૂબ જ ઉચ્ચ કક્ષાની છે અને ઝકાતમાં દરમિયાની લેવામાં આવે છે. આ ત્રણેવ સ્થિતિઓમાં અધિક ઉમરનો નર લેવામાં આવશે. *(મિર્કાત)*

**૧૭.** અરબીમાં બકરીને "ગ઼નમ" કહે છે કેમ કે એની પાસે દુશ્મનથી બચવાનો કોઈ ઝરીયો નથી એટલા માટે એને દરેક દુશ્મન ગનીમતની જેમ આસાનીથી લઈ લે છે. ઘેટાં, મેંઢાં, બકરીઓના હુકમમાં છે.

**૧૮.** જંગલમાં ચરનારી તે બકરી છે જે વરસનો મોટાભાગ જંગલની કુદરતી પેદાવર ખાયને ઉછરે. જો અધિક હિસ્સો ઘરના ચારા પર ગુજારે તો તેને "અલૂફા" કહેવામાં આવશે. એમાં ઝકાત નથી. હા ! જો વેપારની બકરીઓ છે તો એમાં વેપારની ઝકાત છે, ઘરે ચરે કે જંગલમાં ચરે. યાદ રાખશો કે જો બકરીઓના દૂધનો વેપાર કરતો હોય ન કે અયન બકરીઓનો તો એમાં વેપારની ઝકાત નથી.

**૧૯.** ખુલાસો એ છે કે બકરીનો નિસાબ ચાલીસ છે, ચાહે કેવળ બકરીઓ હોય કે પછી બકરી બકરા મિક્સ હોય. કેવળ બકરાઓમાં ઝકાત નથી કેમ કે તેમની નસલ (વંશવેલો) નથી ચાલતી. વળી પહેલી કસર ૮૦ છે જેમાં ઝકાત નથી વધતી. એટલે કે ૧૨૦ સુધી એક જ બકરી વાજિબ થાય છે. એકસો વીસ પછી ફરી ૮૦ કસર છે જેનાથી ઝકાત નથી વધતી, બસો સુધી બે બકરીઓ વાજિબ થાય છે. પછી સો કસર છે જેનાથી ઝકાત નથી વધતી, ત્રણસો સુધી ત્રણ જ બકરીઓ રહે છે. ત્રણસો પછી પણ સો જ કસર છે. ચારસો પર ચાર બકરીઓ વાજિબ થશે. આમ ઉલમાનો એ જ ક઼ૌલ છે અલ્બત્ત ઈમામ નખઈ તથા હસન ઈબ્ને સાલેહ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો ત્રણસો પર એક બકરી પણ વધારે હશે તો ચાર બકરીઓ વાજિબ થશે, પણ પ્રથમ ક઼ૌલ અધિક મજબૂત છે. જાહેરી હદીષ એનું જ સમર્થન કરી રહી છે.

**૨૦.** અહીં રજલ رجل થી મુરાદ દરેક બાલિગ આક઼િલ મુસલમાન છે. પુરૂષ હોય કે સ્ત્રી. એટલે કેમ કે બકરીનો નિસાબ ૪૦ છે, જેથી જો ૩૯ બકરીઓ પણ હોય તો ઝકાત વાજિબ થશે નહીં. હા ! જો માલિક કાંઈક નફ્લી સદક઼ો આપી દે તો તેને અધિકાર છે.

**૨૧.** વૃદ્ધામાં બીમાર પણ સામેલ છે અને કાણીમાં દરેક તે અયબવાળી જેના લીધે કિંમત ઘટી જાય. આ હુકમ ત્યારે છે જ્યારે માલિકની પાસે યુવાન તથા બેઅયબ પણ હોય. પરંતુ જો તેની પાસે સર્વ વૃદ્ધા તથા અયબદાર જ હોય તો એમનામાંથી મધ્યમ કક્ષાની વૃદ્ધ તથા અયબદાર લેવામાં આવશે. *(મિર્કાત)*

**૨૨.** સહીહ એ છે કે અહીં مصدق થી મુરાદ સદકો લેનારો આમિલ છે ન કે આપનાર. અને આ અપવાદ કેવળ બકરાની તરફ પલટી રહેલ છે. એટલે કે ઝકાતમાં બકરો લેવામાં નહીં આવે. હા ! જો આમિલ બકરાને જ ફકીરો માટે ફાયદાકારક સમજે તો લઈ લે, કેમ કે એ ફકીરોનો વકીલ છે, તેમની ભલાઈનો લેહાઝ કરે. ક્યારેક બકરો ખાસ કરીને ખસ્સીવાળો કિંમતમાં બકરી કરતાં અધિક હોય છે. આ વાક્યની અન્ય ઘણી બધી શરહો કરવામાં આવી છે. પરંતુ ફકીર (લેખક)ની આ શરહ સીધી સાફ અને સ્વચ્છ છે.

**૨૩.** વાક્ય ખૂબ જ સમૃદ્ધ છે જેના ઘણા બધા અર્થો થઈ શકે છે. જો એમાં આમિલની પ્રતિ સંબોધન છે તો અર્થ એ થશે કે ન તો આમિલ ઝકાત લેવાના માટે અમુક શખ્સોનો થોડો માલ મિલાવીને નિસાબ બનાવી લે. દા.ત. બે શખ્સો પાસે વીસ વીસ બકરીઓ છે તો તેને મિલાવીને ચાલીસ બનાવી લે અને ઝકાત લઈ લે એ જાઈઝ નથી અને ન ઝકાત વધારવા માટે એક શખ્સના એક માલને અલગ અલગ કરી દે. દા.ત. કોઈની પાસે ૧૨૦ બકરીઓ છે જેનામાં એક બકરી વાજિબ થાય છે. આમિલ તેમને ૪૦ ચાલીસના ત્રણ નિસાબ બનાવી લે અને ત્રણ બકરીઓ લઈ લે, એ નાજાઈઝ છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ એ આ જ અર્થો કર્યા. અને જો સંબોધન માલિકની તરફ છે તો મતલબ એ થશે કે માલિક સર્વ ઝકાત ઓછી કરવા અથવા બચવા માટે અલગ અલગ માલ ભેગો ન કરે. દા.ત. બે શખ્સો પાસે ચાલીસ ચાલીસ બકરીઓ છે જેનામાં અલગ અલગ એક બકરી વાજિબ થાય છે પણ એ બંનેવ આમિલની સામે તેને ભાગીદારીનો માલ ગણાવીને એક બકરી આપે આ જુર્મ છે. અથવા બંનેવ માણસોની ભાગીદારીમાં ૪૦ બકરીઓ છે જેનામાં એક બકરી વાજિબ થાય છે, પણ આમિલની સામે એ બંનેવ થોડીવારના માટે ભાગીદારી તોડી નાખે. અને જો ભાગીદારી તોડી નાખે અને અલગ અલગ વીસ વીસ બકરીઓ બતાવીને ઝકાતથી બચી જાય. આ ખુલાસો ઈમામ શાફઈનો છે. અને શક્ય છે કે સંબોધન માલિક તથા આમિલ બંનેની તરફ હોય એટલે કે માલિક તો સદકાથી બચવા અથવા કમ કરવા માટે ભેગાને અલગ અલગ ન કરે અને આમિલ સદકો વધારવા અથવા વાજિબ કરવાના માટે અલગ અલગને ભેગાં ન કરે. સદકાનો ડર બંનેમાં સમાયેલો છે. માલિકને સદકો વાજિબ થવાનો અથવા વધી જવાનો ડર હોય છે, અને આમિલને સદકો વાજિબ ન રહેવાનો અથવા ઘટી જવાનો. અન્ય પણ એની ઘણી શરહો થઈ શકે છે. આ છે અફ્સહુલ ફુસ્હાની સમૃદ્ધ વાણી કે બે શબ્દોમાં ઘણી બધી સ્થિતિઓ વર્ણવી દીધી. (صلی اللہ علیہ وسلم)

**૨૪.** એટલે કે એક માલના બે સંયુક્ત માલિક હોય અને એમના પર હિસાબ અનુસાર શરઈ ઝકાત વાજિબ થઈ જાય તો ઝકાત ભેગી આપી દે. બાદમાં હિસાબ કરી લે. દા.ત. બે જણાની બસો બકરીઓ ભેગી છે એ રીતે કે ચાલીસ એકની છે તો એકસો સાઈઠ એકની છે. જેની બે બકરીઓ ઝકાતરૂપે આપવામાં આવી તો ચાલીસવાળો પણ પોતાના જિમ્મે એક બકરી લેશે અને એકસો સાઈઠવાળો પણ એક બકરી. એવું ન થશે કે બે બકરીઓનો ૧/૫ ચાલીસવાળો આપશે અને ૪/૫ એકસો સાઈઠવાળો આપશે. બરાબરીથી એ જ મુરાદ છે. (લમ્આત વગેરે) અહીં મિર્કાતે ઘણી મોટી ચર્ચા કરી પણ જેટલુ ફકીરે (લેખકે) રજૂ કરી આપ્યું એટલુ પૂરતુ છે. યાદ રાખશો કે નિસાબમાં ભાગીદારીની અમુક સ્થિતિઓ છે. એક એ કે એક માણસના બે પુત્રોને વારસો મળ્યો જે હજી વહેંચાયો નથી. બીજી એ કે બે શખ્સોએ પોતાના માલ મિક્સ કરીને તેના વડે ભેગો કારોબાર શરૂ કરી આપ્યો, વગેરે.

**૨૫.** પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે ચાંદી સોનાની ઝકાત વજન પર થાય છે ન કે કિંમત પર. અને એનો મામૂલી નિસાબ ૨૦૦ દિરહમ એટલે સાડા બાવન તોલા છે. ચાલીસમો હિસ્સો ઝકાત છે એટલે સો રૂપિયા પર અઢી રૂપિયા, અને હજાર પર પચીસ. એની સંપૂર્ણ ચર્ચા ફિકહની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૪)-૧૭૯૭ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «فِيمَا سَقَتِ السَّمَاءُ وَالْعُيُونُ أَوْ كَانَ عَثَرِيًّا الْعُشْرُ. وَمَا سقِي بالنضح نصف الْعشْر» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે તે નબી કરીમ عليه الصلوة والسلام થી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, આ જમીનમાં જેને આસ્માન અથવા ઝરણા સૈરાબ (તૃપ્ત) કરે અથવા ફારિગ હોય[1] તેમાં દસમો હિસ્સો છે અને જેને પાણી ખેંચીને સૈરાબ કરવામાં આવે તેમાં વીસમો હિસ્સો છે[2]." (બુખારી)*

**૧.** અરબીમાં عثری તે જમીન કહેવાય છે જે પાણીની નજીક હોવાના કારણે આપોઆપ તર રહે છે અને તેનો માલિક તેને પાણી આપવાથી ફારિગ હોય. હદીષ શરીફમાં છે કે માણસ બુરો છે એટલે જે દીન તથા દુનિયાથી ફારિગ (નવરો) થઈને કાંઈ કામ ન કરે તો બુરો છે. (અઝ : મિર્કાત વ અશિઅહ) તેમજ જે ઝાડનાં મૂળો ઊંડાઈએ પહોંચીને જમીનની કુદરતી તરી ખુદ લઈ લે તેને 'અષરા' કહે છે.

**૨.** ખુલાસો એ છે કે જે ખેતરમાં પાણી આપવા માટે માલિકનો ખર્ચ થાય તેની ઝકાત વીસમાં હિસ્સો છે, નહીં તો દસમો. ખેંચવામાં કૂવાથી, નહેરથી, નદીથી ખેંચવું સૌ સામેલ છે.

★ હદીષ : (૫)-૧૭૯૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «العجماء جرحها جبار والبئر جبار والمعدن جبار وَفِي الرِّكَاز الْخمس»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે જાનવરોનો ઝખ્મ બાતિલ છે[1] અને કૂવો બાતિલ છે અને ખાણ બાતિલ છે[2] અને ખાણમાં પાંચમો હિસ્સો છે[3]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જો કોઈનુ કોઈ જાનવર ઘોડો, ગાય, ભેંસ ભડકીને માલિકથી છૂટી જાય અને કોઈને ઝખ્મી કરી દે તો માલિક પર એ ઝખ્મનો કેસાસ કે તાવાન ન થશે, કેમ કે અહીં માલિક નિર્દોષ છે. હા ! જો માલિકની ગફલત અથવા તેના કુસૂરથી જાનવરે કોઈને જાની કે માલી નુકસાન પહોંચાડયું તો માલિક જિમ્મેદાર છે. જેમ કે કોઈ પોતાનો કરડતો કૂતરો દિવસમાં ખુલ્લો છોડી આપે અને તે કોઈને ઝખ્મી કરી દે અથવા કોઈનું જાનવર મારી નાખે. ઈન્શા અલ્લાહ ! એની પૂરી તેહકીક كتاب القصاص માં આવશે.

**૨.** એટલે કે જો કોઈ શખ્સ કોઈના કૂવા કે ખાણમાં પડીને મરી જાય તો કૂવા તથા ખાણવાળા પર જિમ્મેદારી નથી કેમ કે તે બેકુસૂર છે. હા ! જો કોઈ શખ્સ રસ્તામાં કૂવો કે ખાડો ખોદી કાઢે જેમાં કોઈ પડીને મરી જાય તો હવે એ જિમ્મેદાર છે કેમ કે મુજરિમ છે.

**૩.** એટલે કે જો કોઈની જમીનમાં સોના, ચાંદી અથવા કોઈ ધાતુની કુદરતી ખાણ નીકળી આવે તે પાંચમો હિસ્સો ઈસ્લામી હુકૂમતને આપશે અને ચાર હિસ્સા પોતાના ખર્ચમાં લાવશે. યાદ રાખશો કે رکاز رکز થી બન્યું જેનો અર્થ છે છુપાવું કે ગુપ્ત હોવું. એટલા માટે પગોની આહટ (પગરવ)ને رکز કહે છે. અને રબ તઆલા ફર્માવે છે : اَوْ تَسْمَعُ لَهُمْ رِكْزًا "શું તમો એમનામાં કોઈને જુઓ છો અથવા તેમની ભણક (સહેજ માત્ર) અવાજ સાંભળો છો." (સૂરએ મરયમ, ૧૯/૯૮) જાનવરના લાત મારી દેવાને પણ رکز કહે છે. ઈસ્તેલાહમાં رکاز ખાણને પણ કહે છે અને દફીના એટલે દાટી દીધેલ ખજાનાને પણ કહે છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફાને ત્યાં رکاز થી ખાણ મુરાદ છે અને

ઈમામ શાફઈને ત્યાં દફીનો (દાટેલો ખજાનો) મુરાદ છે. ઈમામે આ'ઝમની દલીલ તે હદીષ છે કે હુઝૂરે અન્વર ﷺને પૂછવામાં આવ્યું કે رکاز શું ચીજ છે ? તો આપે ફર્માવ્યું કે તે સોનું જેને રબ તઆલાએ જમીનમાં કુદરતી પેદા કર્યું. (બયહકી અને અબી હુરૈરહ) તેમજ અહીં હુઝૂરે અન્વર ﷺનો ઉલ્લેખ ખાણની સાથે કર્યો, જેનાથી માલૂમ પડે છે કે આ પણ ખાણ જ છે. મિર્કાતે ફર્માવ્યું કે ખાણથી અમુક ચીજો સડી જનારી પેદા થાય છે જેમ કે સોનું, ચાંદી, લોખંડ તથા અન્ય ધાતુઓ, અને અમુક પાતળી જેમ કે પાણી, તેલ તથા તાર કોલ અને અમુક ચીજો શુષ્ક ન પીગળનારી જેમ કે ચૂનો, દરેક પ્રકારના પથ્થર, યાકૂત, મીઠુ વગેરે. ઈમામે આ'ઝમને ત્યાં કેવળ ધાતુઓમાં ખમ્સ (પાંચમો ભાગ) વાજિબ છે. અને ઈમામ શાફઈને ત્યાં કેવળ સોના ચાંદીમાં. તે બાકીની ધાતુઓને શિકારના જાનવરની જેમ માને છે કે જેને મળી જાય તેની ગણાશે. *(લમ્આત, મિર્કાત, અશિઅહ)*

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૬)-૧૭૯૯ ★**

عَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَدْ عَفَوْتُ عَنِ الْخَيْلِ وَالرَّقِيقِ فَهَاتُوا صَدَقَةَ الرِّقَةِ: مِنْ كُلِّ أَرْبَعِينَ دِرْهَمًا دِرْهَمٌ وَلَيْسَ فِي تِسْعِينَ وَمِائَةٍ شَيْءٌ فَإِذَا بَلَغَتْ مِائَتَيْنِ فَفِيهَا خَمْسَةُ دَرَاهِمَ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَفِي رِوَايَةٍ لأبِي دَاوُد عَن الْحَارث عَنْ عَلِيٍّ قَالَ زُهَيْرٌ أَحْسَبُهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: " هَاتُوا رُبْعَ الْعُشْرِ مِنْ كُلِّ أَرْبَعِينَ دِرْهَمًا دِرْهَمٌ وَلَيْس عَلَيْكُمْ شَيْءٌ حَتَّى تَتِمَّ مِائَتَيْ دِرْهَمٍ. فَإِذَا كَانَتْ مِائَتَيْ دِرْهَمٍ فَفِيهَا خَمْسَةُ دَرَاهِمَ. فَمَا زَادَ فَعَلَى حِسَابِ ذَلِكَ. وَفِي الْغَنَمِ فِي كُلِّ أَرْبَعِينَ شَاةً شَاةٌ إِلَى عِشْرِينَ وَمِائَة ز فَإِن زَادَت وَاحِدَة فشاتان إِلَى مِائَتَيْنِ. فَإِن زَادَتْ فَثَلَاثُ شِيَاهٍ إِلَى ثَلَاثِمِائَةٍ فَإِذَا زَادَتْ على ثَلَاث مائَة فَفِي كُلِّ مِائَةٍ شَاةٌ. فَإِنْ لَمْ تَكُنْ إِلَّا تِسْعٌ وَثَلَاثُونَ فَلَيْس عَلَيْكَ فِيهَا شَيْءٌ وَفِي الْبَقَر: فِي كُلِّ ثَلَاثِينَ تَبِيعٌ وَفِي الْأَرْبَعين مُسِنَّة وَلَيْس على العوامل شَيْء "

*''હઝરત અલીથી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મેં ઘોડા તથા ગુલામની ઝકાતની તો માફી આપી દીધી[૧] પણ ચાંદીની ઝકાત આપો, દરેક ચાલીસમાં એક દિરહમ છે અને ૧૯૦માં કાંઈ નથી, જ્યારે બસો પર પહોંચે તો તેમાં પાંચ દિરહમ છે[૨]. (તિર્મિઝી તથા અબૂ દાઊદ) અને અબૂ દાઊદની એક રિવાયતમાં હઝરત હારિષ બિન અઊરથી છે[૩] તે હઝરત અલીથી રિવાયત કરે છે. રાવી ઝહીર કહે છે, અને ખયાલ છે કે હઝરત અલીએ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી રિવાયત કરી[૪] કે આપે ફર્માવ્યું કે ચાલીસમો હિસ્સો આપો દરેક ચાલીસ દિરહમમાં. અને તમારા પર કાંઈ નથી ત્યાં સુધી કે ૨૦૦ દિરહમ પૂરા થઈ જાય. તો જ્યારે બસો દિરહમ થઈ જાય તો એમાં પાંચ દિરહમમાં જે એના પર અધિક થાય તો એ હિસાબ પર છે[૫] અને બકરીઓમાં દર ચાલીસ બકરીઓમાં એક બકરી છે[૬] એકસો વીસ સુધી, કે જો એક અધિક થઈ જાય તો બે બકરીઓ બસો સુધી, જો અધિક થાય તો ત્રણ બકરીઓ ત્રણસો સુધી. પછી જો ત્રણસોથી અધિક થાય તો દર સેંકડે એક બકરી. જો બકરીઓ ૩૯ હોય તો એનુ તમારા પર કાંઈ નથી[૭]. અને ગાયોમાં દરેક ત્રીસમાં એક વરસનું બચ્ચુ છે[૮]. અને ચાલીસમાં બે વરસનું બચ્ચુ અને કામકાજના જાનવરોમાં કાંઈ નથી[૯].''*

**૧.** ઘોડાથી મુરાદ સવારીનો ઘોડો, અને ગુલામથી મુરાદ ખિદમતનો ગુલામ મુરાદ છે. અહીં ઘોડો તથા ગુલામ દષ્ટાંતરૂપે ફર્માવેલ છે. નહીં તો હાજતે અસલિયામાં ઘેરાયેલ (રોકાયેલ) કોઈ માલની ઝકાત નથી. એટલે કે મેં એ ચીજોની ઝકાત માફ કરી દીધી. અહીં મિર્કાતમાં છે : એનાથી જાણવા મળે છે કે હુઝૂરે અક્દસ علیہ الصلوٰۃ والسلام શરીઅતના હુકમોના માલિક છે. ફર્માવે છે કે, **"મેં માફ કરી દીધી." એટલે કે જો ચાહત તો એ સૌની ઝકાત વાજિબ કરી આપત."** (આનાથી પુરવાર થાય છે કે અલ્લાહે હુઝૂર ﷺને અખ્તયાર આપેલ છે. *–અનુવાદક*)

**૨.** હદીષનો ખુલાસો એ છે કે ચાંદીનો નિસાબ બસો દિરહમ એટલે સાડા બાવન તોલા છે, એનાથી ઓછામાં ઝકાત વાજિબ નથી. એટલે સાડા બાવાન તોલા છે, એનાથી ઓછામાં ઝકાત વાજિબ નથી. પછી બસો પછી ૩૯ (ઓગણ ચાલીસ) દિરહમ સુધી માફી, ચાલીસ પર એક દિરહમ એટલા માટે ફકીહો ફર્માવે છે કે ચાંદી સોનાની ઝકાતમાં બે નિસાબોની વચ્ચે પાંચ હિસ્સાથી ઓછુ માફ રહે છે. અને પાંચમા હિસ્સા પર ઝકાત વધે છે. જેમ કે સાડા સાત તોલા સોના પછી દોઢ તોલાથી કમમાં માફી થશે અને દોઢ તોલા પર ઝકાત વધશે. ચાંદીમાં સાડા બાવન તોલા બાદ સવા દસ તોલા સુધી માફી અને સાડા દસ તોલા પર ઝકાત વધશે.

**૩.** તેમનું નામ હારિષ ઈબ્ને અબ્દુલ્લાહ હમ્દાની છે. કુન્નિયત અબૂ ઝહીર છે. તાબઈ છે. મશહૂર એ છે કે આપ હઝરત અલી رضی اللہ عنہના સાથીઓમાંથી છે. અમુક મુહદ્દિષોએ આપમાં જરહ કરી છે. આપે હઝરત અલીથી કુલ ચાર હદીષો રિવાયત કરી છે. *(મિર્કાત વગેરે)*

**૪.** એટલે કે ઝહીર જે હદીષના રાવી છે તે ફર્માવે છે કે, મને યકીન નહીં બલ્કે ગુમાન છે કે આ હદીષ મરફૂઅ છે, મૌકૂફ નથી. હઝરત અલીનો ખુદ પોતાનો કૌલ નથી બલ્કે હુઝૂરે અન્વર ﷺનું ફર્માન છે.

**૫.** એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી. યાદ રાખશો કે ચાંદીની ઝકાતમાં સમયના ચલણ (નોટો, સિક્કા)નો એ'તબાર નથી બલ્કે વજનનો લેહાઝ કરાવવામાં આવે છે. વેપારના સામાનની ઝકાતમાં તેની કિંમત પર આધાર છે. જેથી બસો દિરહમનો શબ્દ ઘણો જ વિશાળ છે. ચોરીની સજામાં પણ ચોરાયેલ માલની કિંમતનો એ'તબાર છે. (મિર્કાત) આ હદીષના આધારે સાહિબૈન ફર્માવે છે કે બસો દિરહમ પછી દરેક દિરહમ પર ઝકાત વાજિબ છે, કેમ કે فما زاد આમ છે. પણ ઈમામે આ'ઝમ ફર્માવે છે કે ચાલીસ દિરહમથી ઓછામાં ઝકાત નથી. અહીં فما زادથી મુરાદ ચાલીસ દિરહમ છે જેવું કે ઉપરના વાક્યથી જણાયું. અને બીજી હદીષોએ તેની સ્પષ્ટતા કરી આપી. તેમજ અબૂ દાઊદની આ બીજી હદીષની અસ્નાદમાં હારિષ તથા આસિમ છે. તે બંનેવ પર મુહદ્દિષોએ સખ્ત જિરહ (પકડ) કરી છે. જેથી આ હદીષ સનદને પાત્ર નથી. સારાંશ કે فما زاد فعلی حسب ذالکની ઈબારત મજરૂહ (વિવાદાસ્પદ) છે, જેથી હક્ક એ જ છે કે બસો દિરહમ પછી ચાલીસ દિરહમથી ઓછા પર ઝકાત ન હશે.

**૬.** આ વાક્ય પણ સર્વ સહીહ હદીષોની વિરુદ્ધ છે, કેમ કે એનાથી જણાય છે કે દરેક ચાલીસ બકરીઓમાંથી એક બકરી ઝકાત આપવામાં આવે, જેથી ૧૨૦ માં ત્રણ બકરીઓ વાજિબ થાય. જ્યારે કે ચાલીસ બાદ એકસો વીસ સુધી ઝકાત નથી વધતી. મિર્કાતે ફર્માવ્યું કે શબ્દ کل (કુલ) વધારાનો છે. અમુકે ફર્માવ્યું કે એ "કુલ" ઈફરાદીની નથી બલ્કે સનફના બયાનના માટે છે. એટલે કે બકરી, ઘેટુ, મેંઢો વગેરે એ સર્વેમાં ચાલીસ પર ઝકાત છે. જેથી એ આવનારી હદીષની પણ વિરુદ્ધ નથી અને અન્ય હદીષોની પણ વિરુદ્ધ નથી.

**૭.** એની શરહ પહેલાં થઈ ચૂકી છે. યાદ રાખશો કે બકરીઓની ઝકાતમાં બકરીનું નાનુ બચ્ચુ આપવામાં નહીં આવે, બલ્કે જવાન બકરી કે બકરો જેને બકરી કહી શકીએ, પણ એમાં ઊંટ તથા ગાયની જેમ ઉમર નક્કી નથી કે

આટલા વરસ કે આટલા મહિનાની બકરી.

૮. એટલે કે ત્રીસ ગાયોમાં વરસની વાછરડી કે વાછરડો વાજિબ છે. એક સરખાં વાછરડાંને "તબીઅહ" એટલા માટે કહે છે કે એ વખતે બચ્ચુ તેની માના તાબે હોય છે. ઊંટની ઝકાતમાં કેવળ માદા જ વસૂલ કરવામાં આવે છે, પણ ગાયની ઝકાતમાં ફર્માવ્યું તે બંનેવ લઈ શકાય છે, કેમ કે અમુક લેહાઝથી માદા સારી છે નસલ (ઔલાદ) આપે છે, અને અમુક કારણોથી નર સારો છે કે ખેતીવાડીમાં કામ આવે છે.

૯. એ જ પ્રમાણે જો ઊંટ કામકાજના માટે હોય તો એમાં ઝકાત નથી. વળી ઉલૂફા એટલે ઘરે ચારો ખાનારી પર ઝકાત નથી.

**★ હદીષ : (૭)-૧૮૦૦ ★**

وَعَنْ مُعَاذٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا وَجَّهَهُ إِلَى الْيَمَنِ أَمَرَهُ أَنْ يَأْخُذَ مِنَ الْبَقَرَةِ: مِنْ كُلِّ ثَلَاثِينَ تَبِيعًا أَوْ تَبِيعَةً وَمِنْ كل أَرْبَعِينَ مُسِنَّةً. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ والدارمي

*"હઝરત મઆઝથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ જ્યારે તેમને યમનમાં મોકલ્યા[1] તો હુકમ આપ્યો કે ગાયમાં દરેક ત્રીસથી એક વરસનો નર કે માદા વસૂલ કરે અને દરેક ચાલીસથી બે વરસનો[2]."*

*(અબૂ દાઊદ, નિસાઈ, તિર્મિઝી, દારમી)*

૧. ત્યાંના હાકિમ બનાવીને. કેમ કે એ જમાનામાં ઈસ્લામી હાકિમો લોકોના જાહેરી માલ એટલે જાનવરો અને જમીનોની ઝકાત પણ વસૂલ કરતા હતા જે બાદમાં તેના ખર્ચાવાની જગાએ ખૂબ જ સાવધાનીપૂર્વક ખર્ચ કરવામાં આવતી હતી. એટલા માટે હુઝૂર ﷺએ તેમને એ તલ્કીન (સૂચના) કરી.

૨. بقرનો અર્થ છે ચીરવું ફાડવું. કેમ કે બળદ જમીનમાં હળ ચલાવે છે જેનાથી જમીન ચીરાય જાય છે એટલા માટે તેને بقر (બક્ર) કહે છે. بقرةમાં ة સ્ત્રી વાચક નથી, વહદતે નવ્ઈ અથવા સિન્ફીની છે. જેથી આ શબ્દ બળદ પર બોલવામાં આવે છે. કેમ કે અરબમાં ભેંસ નથી હોતી એટલા માટે એનો ઉલ્લેખ નથી કર્યો, નહીં તો ભેંસની ઝકાત પણ ગાયની જેમ છે. ખુલાસો એ કે ગાય ભેંસનો નિસાબ ત્રીસ છે. ત્રીસમાં એક વરસનું વાછરડુ કે વાછરડી વાજિબ છે. પછી ચાલીસ સુધી ઝકાત વધશે નહીં. અને ચાલીસમાં બે વરસનું વાછરડુ કે વાછરડી વાજિબ છે. સાઈઠમાં બે તબીએ અને સિત્તેરમાં એક તબીઅહ અને એક મસ્ના. સારાંશ કે દરેક ત્રીસ પર વાજિબ થતુ રહેશે (એક સમાન રીતે). અને દરેક ચાલીસ પર મસ્ના (બે વરસનું). ચાલીસ પછી સાઈઠથી ઓછામાં ઘણો જ મતભેદ છે. સાહિબૈનને ત્યાં આવા વધારાથી ઝકાત વધશે નહીં. ઈમામે આ'ઝમથી એમાં ત્રણ રિવાયત છે. એની તેહકીક હિદાયાની શરહમાં જુઓ. આ હદીષ જો કે મુન્કતઅ છે, કેમ કે એમાં મસ્રૂકે હઝરત મઆઝથી રિવાયત કરી પણ તેમણે મઆઝથી મુલાકાત નથી કરી. પરંતુ કેમ કે ઘણી હદીષોથી એને મજબૂતી મળી ચૂકી છે એટલા માટે અમલને પાત્ર છે એટલા માટે તિર્મિઝીએ તેને અહસન કહી.

**★ હદીષ : (૮)-૧૮૦૧ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْمُعْتَدِي فِي الصَّدَقَةِ كَمَانِعِهَا» . رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

*"હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ઝકાતમાં હદથી વધી જનાર ઝકાત ન આપનારની જેમ છે[1]."*

**૧.** આ હદીષના બે અર્થો થઈ શકે છે : એક એ કે જે આમિલ ઝકાત વસૂલ કરવામાં જબરદસ્તી કરે કે વધારે લે અથવા બેહતરીન માલ લે તે એવો જ ગુનેહગાર છે જેવો કે ઝકાત ન આપનારો. અથવા જે માલિક ઝકાત દેવામાં જબરદસ્તી કરે કે ક્યાં તો ઓછો આપવાની કોશિશ કરે અથવા અધૂરો અથવા ટાળમટોળ કરે તે એવો જ ગુનેહગાર છે જેવો કે ઝકાત ન આપનાર. ઉલમા ફર્માવે છે કે ઝકાત ખુશદિલથી આપો, તેને ઈબાદત સમજો, ટેક્સ ન સમજો, મુસ્તહિક઼ને આપો, જાણીબુજીને ગૈર મુસ્તહિક઼ને ન આપો. આપીને એહસાન ન જતાવો. જો પોતાના સગા ફક઼ીર (ગરીબ)ને આપી છે તો તેને ટોણા ન મારો, બલ્કે તેનો ઉલ્લેખ કદાપિ ન કરો, કેમ કે એનાથી સદક઼ો બાતિલ થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى "તમારા સદક઼ા બાતિલ ન કરી દો એહસાન જતાવીને." *(સૂરએ બક઼રહ, ૨/૨૬૪)* અને સૌ હદથી વધવામાં દાખલ છે.

**★ હદીષ : (૯)-૧૮૦૨ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَيْسَ فِي حَبٍّ وَلَا تَمْرٍ صَدَقَةٌ حَتَّى يَبْلُغَ خَمْسَةَ أَوْسُقٍ» . رَوَاهُ النَّسَائِيّ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوۃ والسلام એ ફર્માવ્યું કે દાણાઓ તથા ખજૂરોમાં ઝકાત નથી ત્યાં સુધી કે પાંચ વસક઼ સુધી પહોંચે[૧]." (નિસાઈ)*

**૧.** આ હદીષની સંપૂર્ણ શરહ પણ થોડાક અગાઉ થઈ ચૂકી છે કે ઈમામે આ'ઝમને ત્યાં ઝકાતથી વેપારની ઝકાત મુરાદ છે. કેમ કે એ જમાનામાં એક વસક઼ એટલે સાઈઠ સાઅ ચાલીસ દિરહમનો થતો હતો અને પાંચ વસક઼ બસો દિરહમનો. જેથી પાંચ વસક઼થી કમમાં ઝકાત ન હતી. ઝકાત પેદાવાર મુરાદ નથી કે એ તે દરેક થોડા કે વધુમાં છે.

**★ હદીષ : (૧૦)-૧૮03 ★**

وَعَنْ مُوسَى بْنِ طَلْحَةَ قَالَ: عِنْدَنَا كِتَابُ مُعَاذِ بْنِ جَبَلٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: إِنَّمَا أَمَرَهُ أَنْ يَأْخُذَ الصَّدَقَةَ مِنَ الْحِنْطَةِ وَالشَّعِيرِ وَالزَّبِيبِ وَالتَّمْرِ. مُرْسل رَوَاهُ فِي شرح السّنة

*"હઝરત મૂસા ઈબ્ને તલ્હાથી[૧] રિવાયત છે કે અમારી પાસે હઝરત મઆઝ ઈબ્ને જબલની કિતાબ છે. જે નબી કરીમ علیہ الصلوۃ والسلام ની તરફથી છે. ફર્માવ્યું કે તેમને હુઝૂરે એ હુકમ આપ્યો કે તે ઘઉં જો સૂકી દ્રાક્ષ ખજૂરથી ઝકાત લે[૨]." (શર્હુસ્સુન્નહ)*

**૧.** આપનું નામ મૂસા ઈબ્ને તલ્હા ઈબ્ને અબ્દુલ્લાહ છે. તમીમી છે. કર્શી છે. તાબઈ છે કે હુઝૂર અન્વર ﷺના જમાનામાં પેદા તો થયા પણ હુઝૂરે અન્વર ﷺની ઝિયારત ન કરી શક્યા. આપનું નામ મૂસા, હુઝૂરે અન્વર ﷺએ જ રાખ્યું. આપના પિતા તલ્હા અશ્રાએ મુબશિરામાંથી છે.

**૨.** આ હદીષ જાહેરી અર્થથી ઈમામે આ'ઝમની દલીલ થઈ શકે છે. કેમ કે એમાં એ ચીજોનું વજન નિશ્ચિત નથી કરવામાં આવ્યું જેનાથી માલૂમ પડે છે કે પેદાવરમાં મુત્લક઼ન ઝકાત વાજિબ છે, ઓછી હોય કે વધારે. આ હદીષનો મતલબ એ છે કે હઝરત મૂસા ફર્માવી રહ્યા છે, અમારી પાસે મઆઝ ઈબ્ને જબલના જ લખાણવાળી કિતાબ પણ છે અને અમને હુઝૂરે અન્વર ﷺથી આ ખબર પણ પહોંચી છે. આ સ્થિતિમાં આ હદીષ મુરસલ છે. કેમ કે તાબઈએ સહાબીનો ઉલ્લેખ કર્યા વિના હુઝૂરે અન્વર ﷺથી હદીષ નકલ કરી આપી. આ અર્થના આધારે લેખકે એને મુરસલ કહી. અને એ મતલબ પણ થઈ શકે છે કે હઝરત મઆઝની તે કિતાબ હુઝૂરે અન્વર ﷺની તરફથી અથવા હુઝૂર علیہ الصلوۃ والسلام ના ફર્માનને હઝરત મઆઝે લખી લીધુ હતું. આ સ્થિતિમાં આ હદીષ મુરસલ નહીં બલ્કે મુત્તસિલ છે.

★ હદીષ : (૧૧)-૧૮૦૪ ★

وَعَنْ عَتَّابِ بْنِ أَسِيدٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي زَكَاةِ الْكُرُومِ: «إِنَّهَا تُخْرَصُ كَمَا تُخْرَصُ النَّخْلُ ثُمَّ تُؤَدَّى زَكَاتُهُ زَبِيبًا كَمَا تُؤَدَّى زَكَاةُ النَّخْلِ تَمْرًا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

*"હઝરત અત્તાબ ઈબ્ને અસીદથી[1] રિવાયત છે. કે નબી કરીમ عليه الصلوة والسلام એ દ્રાક્ષની ઝકાતના બારામાં ફર્માવ્યું કે તેનો આમ જ અંદાઝો લગાડવામાં આવે, જેવો કે ખજૂરનો લગાડવામાં આવી શકે છે. પછી એની સૂકી દ્રાક્ષથી એ જ પ્રમાણે ઝકાત આપવામાં આવશે જેવી રીતે ખજૂરથી ખારેકોની આપવામાં આવે છે."*

*(તિર્મિઝી તથા અબૂ દાઊદ)*

**૧.** આપ કર્શી છે. ઉમ્વી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા અને આપને હુઝૂરે અકરમ ﷺએ મક્કાના હાકિમ બનાવ્યા. સિદ્દીકે અકબરે પોતાની ખિલાફતમાં આપને એ હોદ્દા પર યથાવત રાખ્યા. સિદ્દીકે અકબરની વફાતના દિવસે આપની મક્કા મુકર્રમામાં વફાત થઈ. ત્યાં જ દફન થયા. કુલ પચીસ વરસની ઉમર પામ્યા. ઘણા જ સાલેહ તથા મુત્તકી હતા.

**૨.** હદીષ તદ્દન જાહેર છે કે દ્રાક્ષના બાગનો માલિક સર્વ દ્રાક્ષો તોડીને વજન કરીને ઝકાત ન કાઢે બલ્કે પ્રથમ તો એ અંદાઝો લગાડે કે કુલ ફળ કેટલુ થશે. પછી એ કે સૂકી દ્રાક્ષ બનીને કેટલુ રહેશે તેનો દસમો કે વીસમો હિસ્સો ઝકાત કાઢે. કેમ કે ખૈબર પ્રથમ સાત હિજરીમાં ફતહ થઈ ચૂક્યો હતો જ્યાં ખજૂરના બાગો છે ત્યાં હુઝૂરે અન્વર ﷺએ અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાને અંદાઝો લગાડવાના માટે મોકલ્યા હતા, અને તાઈફ બાદમાં ફતહ થયું જ્યાં દ્રાક્ષના બાગો પુષ્કળ પ્રમાણમાં હતા એટલા માટે હુઝૂરે અન્વરે દ્રાક્ષની ઝકાતને ખજૂરની ઝકાતથી સરખામણી કરી.

*(અઝ : મિર્કાત)*

★ હદીષ : (૧૨)-૧૮૦૫ ★

وَعَنْ سَهْلِ بْنِ أَبِي حَثْمَةَ حَدَّثَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «إِذَا خَرَصْتُمْ فَخُذُوا وَدَعُوا الثُّلُثَ فَإِنْ لَمْ تَدَعُوا الثُّلُثَ فَدَعُوا الرُّبُعَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત સહલ ઈબ્ને અબી હષ્માથી, તેમણે ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવતા હતા કે જ્યારે તમો અંદાઝો લગાડો તો ૧/૩ ભાગ છોડી દો. જો ૧/૩ ન છોડો તો ચોથાઈ તો જરૂર છોડી દો[1]."*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આ હાકિમોને હુકમ છે. એટલે કે હે હાકિમો ! જ્યારે તમે બાગો અથવા ખેતીઓમાં ઝકાત લેવા જાવ તો પોતે પણ અને અન્ય જાણકારોની મદદથી પણ અંદાઝો લગાડો કે એમાં કુલ ફળ અથવા દાણા કેટલા છે. તેની ઝકાતનો હિસાબ લગાડો અને ૧/૩ કે ૧/૪ ઝકાત છોડી દો જેથી તે માલિક ખુદ પોતાના હાથથી ગરીબ સગાંઓ વગેરેને આપે અને ૨/૩ અથવા ૩/૪ પોતે લઈ આવો. યાદ રાખશો કે ઈમામ શાફઈ તથા અબૂ હનીફા رحمة الله عليهما ની નજીક આ હુકમ ખિરાજમાં છે, ઝકાત પૂરી આમિલ વસૂલ કરશે. તેમને ત્યાં હુકમ ખૈબરના હાકિમોને હતો જેઓ ખૈબરના યહૂદીઓથી પેદાવારનું અડધુ વસૂલ કરવા જતા હતા. કેમ કે એ લોકો સાથે એના પર સુલહ થઈ હતી કે પેદાવારનું અડધુ તમારું હશે, અને અડધુ મુસલમાનોનું. હુઝૂરે અન્વર ﷺએ દયાની દષ્ટિથી હુકમ આપ્યો કે તમારા અંદાઝાથી કાંઈક ઓછુ કરીને એનું અડધુ લો જેથી આપણી તરફ તેમનો હક્ક ન આવી જાય. આપણો તેમના તરફ રહી જાય તો વાંધો નથી.

★ હદીષ : (૧૩)-૧૮૦૬ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَبْعَثُ عبد الله ابْن رَوَاحَةَ إِلَى يَهُودِ فَيَخْرُصُ النَّخْلَ حِينَ يَطِيبُ قَبْلَ أَنْ يُؤْكَلَ مِنْهُ. رَوَاهُ أَبُو دَاوُدَ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાને[1] યહૂદી (ખૈબર)ની તરફ મોકલતા હતા તો તે ખજૂરોનો અંદાઝો લગાડતા હતા, પાકવાના સમયે ખાવામાં આવે તેના પહેલાં[2]. (અબૂ દાઊદ)[3]*

**૧.** આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે કે આપ મશહૂર સહાબી છે. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ના શાઈર છે. ગઝવએ મૌતામાં શહીદ થયા. આપના જિમ્મે તે ખિદમત હતી જે અગાઉ આવી રહેલ છે.

**૨.** આગલી હદીષમાં વર્ણન કરવામાં આવ્યું કે ખૈબરના યહૂદીથી એ વાત પર સુલહ થઈ હતી કે ખજૂરોના બાગો મુસલમાનોના રહેશે અને મહેનત એ યહૂદીઓની. પેદાવાર અડધી અડધી. હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ફળ પાકવાના સમયે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાને અંદાઝો કાઢવા માટે ખૈબર મોકલતા હતા, કેમ કે તે અંદાઝો લગાડવામાં નિષ્ણાત હતા. જેથી આપ તે યહૂદીઓને કહી આપ્યા કરતા હતા કે આ બાગમાં આટલાં ફળ છે, તમે ક્યાં તો એનાં અડધાં ફળ અમારી પાસેથી લઈ લો અને બાગ અમને સોંપી દો અને અડધાં ફળ અમને આપી દો અને બાગ તમારો. **આ ફૈસલા પર યહૂદી ઘણા જ ખુશ થતા અને કહેતા હતા કે આ તે ન્યાય છે જેના લીધે આસ્માન તથા જમીન કાયમ છે. મુસલમાનોના અદ્લો ઈન્સાફના કાફિર પણ માનનારા હતા.**

**૩.** આ હદીષ અબૂ દાઊદમાં બે જગાએ આવી છે : કિતાબુઝ્ ઝકાતમાં તથા કિતાબુલ બોયૂઅમાં. પહેલીની અસ્નાદમાં એક મજહૂલ શખ્સ છે, બીજીની અસ્નાદમાં જે હઝરત જાબિર رضی اللہ عنہ થી છે, તમામ રાવી ષિક્હ છે. જેથી આ હદીષ હસન લિગૈરિહી છે.

★ હદીષ : (૧૪)-૧૮૦૭ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فِي الْعَمَلِ: «فِي كُلِّ عَشْرَةِ أَزُقٍّ زِقٌّ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: فِي إِسْنَادِهِ مَقَالٌ وَلَا يَصِحُّ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي هَذَا الْبَاب كثير شَيْء

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મધના બારામાં ફર્માવ્યું કે દરેક દસ મશકમાં એક મશક છે[1]. (તિર્મિઝી) અને ફર્માવ્યું કે એની અસ્નાદમાં કલામ છે. અને એના બારામાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلام થી કાંઈ વધુ નક્લ થયેલ નથી[2]."*

**૧.** મધની ઝકાતનો મસ્અલો ઘણો વિવાદાસ્પદ છે. ત્રણ ઈમામોને ત્યાં એમાં ઝકાત નથી. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ને ત્યાં એમાં ઝકાત છે. વળી એના નિસાબના બારામાં ખુદ ઈમામ સાહબથી કેટલીયે રિવાયતો છે : એક એ કે જો મધ ઉશ્રી જમીનથી પ્રાપ્ત થયું તો એમાં મુત્લક્ન ઝકાત છે, થોડુ હોય કે વધારે. કેમ કે સરકાર ફર્માવે છે : مَا اَخْرَجَتْهُ الْاَرْضُ فَفِيْهُ الْعُشْرُ અને એક રિવાયતમાં એ છે મે ધમની કિંમત પર ઝકાત છે. એક રિવાયતમાં એ છે કે જો દસ મશકો હોય તો એક મશક એની ઝકાત છે. આ હદીષ આ ત્રીજા કૌલની દલીલ છે. ઈમામ શાફઈનો પણ પ્રથમ કૌલ આ જ હતો.

**૨.** એટલે કે મુહદ્દિષોની નજીક આ સહીહ નથી. યાદ રાખશો કે મુહદ્દિષોની આ જરહ ઈમામે આ'ઝમને નુકસાનકર્તા નથી. કેમ કે આ હદીષ ઈમામ સાહબને સહીહ મળી હતી એટલા માટે આપનો જમાનો હુઝૂરે અન્વર

ﷺથી ઘણો જ નિકટ છે. એ મુહદ્દિષોને ઝઈફ થઈને મળી. બાદનો ઝોઅફ (ઝઈફપણુ) ઈમામ સાહબને નુકસાનકર્તા ન થશે. તેમજ આ હદીષ ઘણી બધી રિવાયતોથી રિવાયત પામેલ છે. જેમ કે ઈબ્ને માજહએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરી કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ મધથી ઉશ્ર વસૂલ કર્યુ. અમુક હદીષોમાં એવું છે કે હુઝૂરે અન્વર ﷺના જમાનામાં મધનું ઉશ્ર લેવામાં આવતુ હતું. હિદાયાએ હદીષ આ પ્રમાણે નક્લ કરી કે બની શબાબા હુઝૂરે અન્વર ﷺને મધનુ ઉશર આપતા હતા. વિવિધ અસ્નાદોના કારણે હદીષનું મતન મજબૂત થઈ ગયું.

**★ હદીષ : (૧૫)-૧૮૦૮ ★**

وَعَنْ زَيْنَبَ امْرَأَةِ عَبْدِ اللّٰهِ قَالَتْ: خَطَبَنَا رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «يَا مَعْشَرَ النِّسَاءِ تَصَدَّقْنَ وَلَوْ مِنْ حُلِيِّكُنَّ فَإِنَّكُنَّ أَكْثَرُ أَهْلِ جَهَنَّمَ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત ઝયનબ ઝવજએ અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ)થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ! علیہ الصلوٰۃ والسلامએ અમને સંબોધન કર્યુ કે હે બીબીઓ ! ખયરાત આપો ભલે તમારા ઘરેણાથી જ હોય, કેમ કે ક્યામતમાં તમો અધિક દોઝખી હશો[૧]." (તિર્મિઝી)[૨]*

**૧.** એટલે કે પહેરવાનાં સોના ચાંદીના ઘરેણામાં પણ ઝકાત વાજિબ છે. અહીં સદકાથી મુરાદ ઝકાત છે. જેમ કે આગલી હદીષમાં સાફ આવી રહ્યું છે. યાદ રાખશો કે પહેરવાનાં તે ઘરેણા પર ઈમામે આ'ઝમને ત્યાં ઝકાત વાજિબ છે. ઈમામ શાફઈના જદીદ (નવીન) કૌલમાં, અને ઈમામ અહમદને ત્યાં એમાં ઝકાત નથી. આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે. એનું અમુક વર્ણન આગલી હદીષમાં આવી રહ્યું છે.

**૨.** મિર્કાતે ફર્માવ્યું કે આ હદીષની અસ્નાદ બિલ્કુલ સહીહ છે અને તેના રાવી સર્વ કવી (મજબૂત) છે. તેમજ એનું સમર્થન કુર્આને કરીમની આ આયતથી છે : وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ "અને તેઓ કે જેઓ સોનુ ચાંદી સાચવી સાચવીને રાખે છે." (સૂરએ તૌબા, ૯/૩૪) રબ તઆલાએ સોના ચાંદીમાં વેપારની કૈદ (શર્ત) નથી લગાડી. જાણવા મળ્યું કે પહેરવાનુ ઘરેણુ પણ આ હુકમમાં સામેલ છે. જેથી સોનુ ચાંદીના ઉપયોગમાં લેવામાં આવતાં ઘરેણા પર ઝકાત ફર્ઝ છે જ્યારે કે તેમનુ વજન નિસાબ પર પહોંચી જાય.

**★ હદીષ : (૧૬)-૧૮૦૯ ★**

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ: أَنَّ امْرَأَتَيْنِ أَتَتَا رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَفِي أَيْدِيهِمَا سِوَارَانِ مِنْ ذَهَبٍ فَقَالَ لَهُمَا: «تُؤَدِّيَانِ زَكَاتَهُ؟» قَالَتَا: لَا. فَقَالَ لَهُمَا رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَتُحِبَّانِ أَنْ يُسَوِّرَكُمَا اللّٰهُ بِسِوَارَيْنِ مِنْ نَارٍ؟» قَالَتَا: لَا. قَالَ: «فَأَدِّيَا زَكَاتَهُ» رَوَاهُ التِّرْمِذِيّ وَقَالَ: هَذَا حَدِيث قد رَوَاهُ الْمُثَنَّى بْنُ الصَّبَّاحِ عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ نَحْوَ هَذَا وَالْمُثَنَّى بْنُ الصَّبَّاحِ وَابْنُ لَهِيعَةَ يُضَعَّفَانِ فِي الْحَدِيثِ وَلَا يَصِحُّ فِي هَذَا الْبَابِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ شَيْء

*"હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہથી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે બે સ્ત્રીઓ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવી. તેમના હાથોમાં સોનાની બંગડીઓ (કડાં) હતી. તેણીઓને હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે તમે એની ઝકાત આપો છો ?[૧] બોલી કે નહીં ! ત્યારે એમને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શું તમો પસંદ કરો છો કે અલ્લાહ તમને આગની બંગડીઓ પહેરાવે ?[૨] તેણીઓ બોલી, નહીં ! ફર્માવ્યું, તો એની ઝકાત આપ્યા કરો. (તિર્મિઝી) અને ફર્માવ્યું કે આ હદીષ મુષન્ના ઈબ્ને સબાહે રિવાયત કરી અને ઈબ્ને લહીઆ હદીષમાં ઝઈફ માનવામાં આવે છે. અને આ પ્રકરણમાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી કોઈ સહીહ હદીષ સાબિત નથી[3]."*

**૧.** એ સોના ચાંદીની બંગડીઓ પહેરવા માટે હતી, વ્યાપાર માટેની ન હતી. વજનદાર હતી કે સાડા સાત તોલા એમનુ વજન હતું એટલા માટે તે સ્ત્રીઓને પૂછવામાં આવ્યું. આ સવાલ કરવું આગામી હુકમની પૂર્વભૂમિકા છે. જેમ કે રબ તઆલાએ મૂસા علیہ الصلوۃ والسلامને પહેલાં પૂછયું કે, "તમારા હાથમાં શું છે ?" શા માટે પૂછયું ? આગલી વાતની પ્રાસ્તાવિક્તા રૂપે. જેથી આ સવાલથી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمની બેઈલ્મી સાબિત નથી થઈ શકતી. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم પોતાના દરેક ઉમ્મતીના દરેક અમલથી ખબરદાર છે. જુઓ ! હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ હુઝૂર સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمને પૂછયું કે આપના કયા ઉમ્મતીના અમલો આસ્માનના તારાઓ બરાબર છે ? તો ફર્માવ્યું ઉમર ફારૂક઼ رضی اللہ عنہના. જાણવા મળ્યું કે દરેક ઉમ્મતીના અમલો બલ્કે તેના ટોટલની પણ ખબર છે.

**૨.** આ ધમકીથી માલૂમ પડે છે કે ઝકાતથી મુરાદ શરઈ ફર્ઝી ઝકાત છે, ન કે નફલી સદક઼ો. કેમ કે નફલ અદા ન કરવા પર સજા કે ચેતવણી નથી થતી.

**૩.** કદાચ ઈમામ તિર્મિઝીને આ હદીષ સહીહ થઈને ન મળી જેથી તે પોતાના ઈલ્મના મુજબ ફર્માવવા લાગ્યા. નહીં તો અસલ હદીષ ઘણી અસ્નાદોથી રિવાયત પામેલી છે. જેમ કે અબૂ દાઊદ તથા નિસાઈ અને ઈબ્ને માજહ બલ્કે ખુદ તિર્મિઝીએ પણ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ચાંદીની ઝકાત દરેક ૪૦ દિરહમથી એક દિરહમ અદા કરો. તેમજ અબૂ દાઊદ તથા નિસાઈએ રિવાયત કરી કે **એક સ્ત્રી પોતાની પુત્રીને લઈને હુઝૂરની બારગાહમાં હાજર થઈ જેના હાથોમાં સોનાની બંગડીઓ હતી. તો ફર્માવ્યું કે શું એની ઝકાત આપો છો ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, શું તમને એ પસંદ છે કે કાલે તમને દોઝખમાં આગની બંગડીઓ પહેરાવવામાં આવે ?! તે તેણીએ તરત જ ઉતારીને હુઝૂર صلی اللہ علیہ وسلمની તરફ ફેંકી દીધી** અને બોલી, "આ **અલ્લાહ વ રસૂલના માટે** સદક઼ો છે." આ હદીષ તદ્દન સહીહ અસ્નાદવાળી છે. તેમજ અબૂ દાઊદે અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદ ઈબ્નુલ હાદથી રિવાયત કરી કે અમો હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયા. તો આપે પોતાનો બનાવ સંભળાવ્યો કે **મારી પાસે એકવાર હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم તશરીફ લાવ્યા. હું હાથોમાં બંગડીઓ પહેરીને બેઠી હતી. તો ફર્માવ્યું, હે આઈશા ! શું એની ઝકાત આપો છો ? હું બોલી, નહીં ! તો ફર્માવ્યું કે દોઝખમાં જવા માટે એ પૂરતુ છે.** એને હાકિમે પણ નકલ કરી અને જણાવ્યું કે આ હદીષ સહીહ છે. સારાંશ કે ઘરેણા પર ઝકાત વાજિબ થવાની સહીહ હદીષો ઘણી છે. અને કુર્આની આયતથી તેનું સમર્થન છે. આગલી હદીષ પણ આવી રહી છે. (ફત્હુલ કદીર, મિર્કાત) યાદ રાખશો કે ઈબ્ને લહીઆને ઈમામ તિર્મિઝીએ ઝઈફ કહ્યા પણ ઈમામ તહાવીએ તેનું સમર્થન કર્યું છે. ઈમામે આ'ઝમનો મઝહબ અતિશય મજબૂત છે અને વપરાતાં ઘરેણા પર ઝકાત ફર્ઝ છે.

**★ હદીષ : (૧૭)-૧૮૧૦ ★**

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: كُنْتُ أَلْبَسُ أَوْضَاحًا مِنْ ذَهَبٍ فَقُلْتُ: يَا رَسُولَ اللّٰهِ أَكَنْزٌ هُوَ؟ فَقَالَ: «مَا بلغ أن يُؤدى زَكَاتُهُ فَزُكِّيَ فَلَيْسَ بِكَنْزٍ» . رَوَاهُ مَالِكٌ وَأَبُو دَاوُد

*"હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે કે હું સોનાની બંગડીઓ પહેર્યા કરતી હતી. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું આપણ ખજાનો કરવું છે ?[૧] ફર્માવ્યું, જો ઝકાત વાજિબ થવાની હદે પહોંચે તો તમે એની ઝકાત આપતી રહો તો ખજાનો નથી[૨]."*
*(માલિક તથા અબૂ દાઊદ)*

**૧.** ખજાનાથી મુરાદ તે ખજાનો છે જેની બુરાઈ કુર્આનમાં છે : وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ --الاية "અને તે

કે સાચવી સાચવીને રાખે છે સોનુ તથા ચાંદી અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા. તેમને ખુશખબરી સંભળાવો દર્દનાક અઝાબની." (સૂરએ તૌબા, ૯/૩૪) સવાલ એ કરી રહ્યાં છે કે આ સોનાનો વેપાર તો કરવાનો નથી કેવળ પહેરવા માટે છે, તો શું આ પણ એ આયતે કરીમાના હેઠળ આવે છે ? તે એવું સમજમાં હતાં કે જેવી રીતે પહેરવાનાં કપડામાં ઝકાત નથી તો બની શકે છે કે પહેરવાનાં ઘરેણામાં પણ ન હોય. તેણીને એ ખયાલ ન રહ્યો કે કપડુ જિંદગીની જરૂરતોની ચીજોમાંથી છે, પણ ઘરેણામાં એવું નથી.

**૩.** આ હદીષથી પણ સાબિત થયું કે વાપરવામાં આવતાં ઘરેણા પર ઝકાત છે. આ હદીષ તદન સહીહ છે. મીરકે ફર્માવ્યું કે એના રાવી ઈમામ બુખારીના શયખોમાંથી છે. એને હાકિમ અને ઈબ્ને કૃત્તાને પણ નકૃલ કરી. ઈબ્ને કૃત્તાને ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે. (મિર્કૃાત) મતલબ એ છે કે જો ઘરેણાની ઝકાત આપવામાં ન આવે તો એ પણ કન્ઝ (ખજાના)માં સામેલ છે જેના માટે કુર્આને કરીમમાં સખત ચેતવણી આવી. જો ઝકાત આપવામાં આવે તો કન્ઝ નથી.

**★ હદીષ : (૧૮)-૧૮૧૧ ★**

وَعَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَأْمُرُنَا أَنْ نُخْرِجَ الصَّدَقَةَ مِنَ الَّذِي نُعِدُّ لِلْبَيْعِ. رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત સમુરા ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અમને હુકમ આપતા હતા કે એ માલની ઝકાત આપો જે વપાર માટે રાખો છો[૧]."*

*(અબૂ દાઊદ)*

**૧.** એટલે કે સોના ચાંદીમાં તો ઝકાત છે જ, વેપાર માટે હોય કે પહેરવાનાં હોય, કે કોઈ અન્ય હેતુ માટે હોય. પણ એ બંનેના સિવાય અન્ય માલોમાં ઝકાત ત્યારે લાગુ થશે કે તે વેપારના માટે હોય. આ કુલ્લી કાઈદામાં સર્વ માલ સામેલ છે, ત્યાં સુધી કે કપડાં, જમીન, અનાજ, જાનવર. પણ યાદ રાખશો કે જાનવરોમાં સાઈમા (જંગલમાં ચરનાર જાનવરો)ની ઝકાત અલગ છે અને વેપારની ઝકાત કાંઈક અલગ. સાઈમાની ઝકાત તો એ છે જે પહેલાં વર્ણન થઈ ચૂકી કે પાંચ ઊંટમાં એક બકરી, દસમાં બે..... છેવટ સુધી. પણ વેપારનાં ઊંટોમાં કિંમત જો બસો દિરહમ સુધી પહોંચે તો ચાલીસમો હિસ્સો. એ જ પ્રમાણે પેદાવાર (ઉપજ)ની ઝકાત અલગ છે પણ દાણા, ફળોની ઝકાત કાંઈક અલગ. પેદાવારની ઝકાત વર્ણન થઈ ચૂકી કે થોડી કે ઘણી ઝકાત વાજિબ છે દસમો કે વીસમાં હિસ્સો. પણ તેમની વ્યાપારિક ઝકાત ચાલીસમો હિસ્સો થઈ, જ્યારે કે બસો દિરહમે પહોંચે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી કે અહીં વ્યાપારની ઝકાત મુરાદ છે.

**★ હદીષ : (૧૯)-૧૮૧૨ ★**

وَعَنْ رَبِيعَةَ بْنِ أَبِي عَبْدِ الرَّحْمَنِ عَنْ غَيْرِ وَاحِدٍ: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْطَعَ لِبِلَالِ بْنِ الْحَارِثِ الْمُزَنِيِّ معادن الْقبلية وَهِيَ مِنْ نَاحِيَةِ الْفُرْعِ فَتِلْكَ الْمَعَادِنُ لَا تُؤْخَذُ مِنْهَا إِلَّا الزَّكَاةُ إِلَى الْيَوْمِ. رَوَاهُ أَبُو دَاوُد

*"રિવાયત છે હઝરત રબીઆ ઈબ્ને અબી અબ્દુર્રહમાનથી. તે કેટલાક રાવીઓથી રિવાયત કરે છે[૧] કે રસૂલુલ્લાહ ﷺ એ બિલાલ ઈબ્ને હારિષ મુઝનીને[૨] કૃબીલાની ખાણો જાગીર આપી[૩]. કૃબીલો મકૃામે ફરઅના આસપાસ આવેલ છે તો એ ખાણોથી આજ સુધી ઝકાતના સિવાય કાંઈ લેવામાં નથી આવતુ[૪]."*

*(અબૂ દાઊદ)*

**૧.** એટલે કે હઝરત રબીઆ ઈબ્ને અબ્દુર્રહમાને જે મહાન મશહૂર તાબઈ છે, જેમનો લકબ રબીઆ રાય છે. ઘણા બધા સહાબીઓથી આ હદીષ નકલ કરી.

**૨.** બિલાલ ઈબ્ને હારિષ સહાબી છે. મુઝનિયાના પ્રતિનિધિ મંડળમાં હુઝૂર ﷺની પાસે હાજર થઈને ઈસ્લામ લાવ્યા. ૮૦ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૬૦માં વફાત પામ્યા.

**૩.** એટલે હુઝૂરે અન્વર ﷺએ તે બિલાલને ફરઅ સ્થળ પાસે જે મક્કા મદીના વચ્ચે એક જગા છે જે મદીનાથી પાંચ મંઝિલ પર છે ત્યાં મીઠાની ખાણો હતી તે અતા કરી, જાગીરના રૂપે કે ત્યાંથી સોનુ ચાંદી કાઢે અને પોતાનો ગુજારો કરે. કીલ પણ એક જગાનું નામ છે. જાણવા મળ્યું કે ઈસ્લામી બાદશાહ કોઈને કોઈ જમીન જાગીરરૂપે આપી શકે છે.

**૪.** એટલે કે ખાણથી નીકળનારી ધાતુમાં પાંચમો હિસ્સો વાજિબ થાય છે (ખમ્સ) પણ એ ખાણોના સોના ચાંદીમાં ખમ્સ વાજિબ ન થયું બલ્કે ઝકાત એટલે ૪૦મો હિસ્સો વાજિબ થયો. યાદ રાખશો કે હઝરત ઈમામ શાફઈને ત્યાં જાગીરની ખાણથી જે નીકળ્યું તેમાં ચાલીસમો હિસ્સો વાજિબ છે, પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફાની નજીક ખમ્સ જ વાજિબ છે. ઈમામ શાફઈની દલીલ આ હદીષ છે.

હઝરત ઈમામે આ'ઝમની દલીલ તે ગુજરી ગયેલી હદીષ છે કે وفی الرکاز الخمس. આ હદીષ મુન્કતઅ છે કે એનાથી દલીલ નથી પકડી શકાતી. (મિર્કાત) અથવા આ હઝરત બિલાલની વિશિષ્ટતાઓમાંથી છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૨૦)-૧૮૧૩ ★**

عَنْ عَلِيٍّ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَيْسَ فِي الْخَضْرَاوَاتِ صَدَقَةٌ وَلَا فِي الْعَرَايَا صَدَقَةٌ وَلَا فِي أَقَلَّ مِنْ خَمْسَةِ أَوْسُقٍ صَدَقَةٌ وَلَا فِي الْعَوَامِلِ صَدَقَةٌ وَلَا فِي الْجَبْهَةِ صَدَقَةٌ». قَالَ الصَّقْرُ: الْجَبْهَةُ الْخَيل وَالْبِغَال وَالْعَبِيد. رَوَاهُ الدَّارَقُطْنِيّ

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે ન તો શાકભાજી (સબ્ઝીઓ)માં ઝકાત[૧] છે ન ઉધાર લીધેલ ચીજોમાં[૨]. અને ન પાંચ વસકથી ઓછામાં ઝકાત[૩] છે ન કામ કાજના જાનવરમાં ઝકાત છે[૪]. અને ન પેશાનીઓમાં. ઈમામ સક્રે ફર્માવ્યું કે પેશાનીથી મુરાદ ઘોડા તથા ખચ્ચર તથા ગુલામ છે[૫]." (દારકુત્ની)*

**૧.** ઈમામે આ'ઝમની નજીક શાકભાજીઓમાં દસમો અથવા વીસમો હિસ્સો છે, સાહિબૈનને ત્યાં નથી. આ હદીષ સાહિબૈનની દલીલ છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہને ત્યાં એનાથી વેપારની ઝકાત મુરાદ છે, એની ચર્ચા અગાઉ થઈ ચૂકી છે. સબ્ઝીઓથી મુરાદ સર્વ ન રોકાનારી ચીજો છે જેમ કે શાકભાજીઓ ફૂલો, રીંગણના, દૂધી વગેરે.

**૨.** عرایا કે عریهનું બહુવચન છે. عریه તે ઝાડ છે જે કોઈને એક બે ફસલોના માટે ઉધાર આપી દેવામાં આવે કે તે એનાં ફળો ખાયા કરે, અસલ ઝાડ માલિકનું હોય. કદી કોઈનાથી સૂકી ખજૂરો લઈને એના બદલામાં ઝાડની ખજૂરો આપી દે છે, તેને પણ عریه કહેવામાં આવે છે. તેની સંપૂર્ણ ચર્ચા કિતાબુલ બુયૂઅમાં થશે. ઈન્શા અલ્લાહ!

**૩.** એની ચર્ચા અગાઉ થઈ ચૂકી છે કે ઈમામે આ'ઝમની નજીક અહીં ઝકાતથી મુરાદ વેપારની ઝકાત મુરાદ છે કેમ કે એ જમાનામાં એક વસક઼ ચાલીસ દિરહમનો થતો હતો જેથી પાંચ વસક઼ બસો દિરહમના થયા. એટલા માટે આ ઈર્શાદ થયો. નહીં તો પેદાવારની ઝકાત દરેક થોડી ઘણી પર થશે. દલીલો આ પ્રકરણમાં હમણા થોડીવાર પહેલાં વર્ણન કરવામાં આવી.

**૪.** એટલે કે કામકાજનાં ઊંટ ગાયો વગેરેમાં ઝકાત નથી, કેમ કે એ વેપારનો માલ નથી. એ જ પ્રમાણે ઉલૂફ઼ા એટલે ઘરનો ચારો ખાનાર જાનવરોમાં ઝકાત વાજિબ નથી. આ મસ્અલો પણ અગાઉ વર્ણન થઈ ચૂક્યો.

**૫.** કે જ્યારે એ વેપારના માટે ન હોય, ખિદમતના માટે હોય. તો એમનામાં ઝકાત નથી. હા ! એ ગુલામનો ફ઼િત્રો માલિક પર વાજિબ છે.

**★ હદીષ : (૨૧)-૧૮૧૪ ★**

وَعَنْ طَاوُسٍ أَنَّ مُعَاذَ بْنَ جَبَلٍ أَتَى بِوَقَصِ الْبَقَرِ فَقَالَ: لَمْ يَأْمُرْنِي فِيهِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِشَيْءٍ. رَوَاهُ الدَّارَقُطْنِيُّ وَالشَّافِعِيُّ وَقَالَ: الْوَقَصُ مَا لَمْ يَبْلُغِ الْفَرِيضَةَ

*"રિવાયત છે હઝરત તાઊસથી કે હઝરત મઆઝ ઈબ્ને જબલની પાસે નિસાબથી ઓછી ગાયો લાવવામાં આવી તો આપે ફ઼ર્માવ્યું કે મને એના બારામાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ કોઈ હુકમ નથી આપ્યો[૧]. (દારકુત્ની, શાફ઼ઈ) અને ઈમામ શાફ઼ઈએ ફ઼ર્માવ્યું કે وقص, (વક઼સ) તે સંખ્યા છે જે નિસાબે ન પહોંચે[૨].*

**૧.** કેમ કે ઝકાત વાજિબ થવા માટે માલનું નિસાબ જેટલા હોવું શર્ત છે. ઊંટનો નિસાબ પાંચ છે, ગામનો ત્રીસ, બકરીઓની ચાલીસ એનું અગાઉ વર્ણન થઈ ચૂક્યું.

**૨.** પહેલેથી જ નિસાબ પર ન પહોંચે તે પણ "વક઼સ" છે, અને બે નિસાબો વચ્ચેની કસર પણ વક઼સ છે. અહીં 5|YD ÂYIT DŽFN KPSD S[TD6 [V GLT¡ G h SFT G , LWLRc *(મિર્ક઼ાત તથા અશિઅહ વગેરે)*

# બાબો સદક્તિલ ફિત્ર[1] باب صدقة الفطر

## (સદક્એ ફિત્રનું બયાન)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** ફિત્રો ક્યાં તો افطار ઈફતારથી છે અથવા فطرة ફિત્રાથી. કેમ કે રમઝાન મહિનો પસાર થઈ જવા અને ઈદના દિવસે ઈફતાર કરવા પર વાજિબ થાય છે, જેથી એને ફિત્રો કહેવામાં આવે છે. અથવા બાળક પેદા થતાં જ તેના તરફથી તેના બાપ પર અદા કરવો વાજિબ થઈ જાય છે, જેથી ફિત્રો છે. શરીઅતની બોલી (ઈસ્તેલાહ)માં ઈદના દિવસે જે માલદાર પર રમઝાનનો સદક્ો વાજિબ થાય છે તે ફિત્રો છે. હનફીઓ (અહનાફ)ને ત્યાં ફિત્રો વાજિબ છે. ઈમામ શાફઈ તથા અહમદને ત્યાં ફર્ઝ, ઈમામ માલિકને ત્યાં સુન્નતે મોઅક્કદા. ઈમામ શાફઈને ત્યાં દરેક તે અમીર તથા ગરીબ પર જે એક દિવસની રોટી માટે શક્તિમાન હોય તેના પર ફિત્રો ફર્ઝ છે. નિસાબ નામી એટલે વધનારો હોય કે ન હોય. નિસાબમાં અહનાફનો મઝહબ પણ એ છે. ફિત્રાની વિગતવાર મસાઈલ ફિક્હની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૧)-૧૮૧૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ قَالَ: فَرَضَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ زَكَاةَ الْفِطْرِ صَاعًا مِنْ تَمْرٍ أَوْ صَاعًا مِنْ شَعِيرٍ عَلَى الْعَبْدِ وَالْحُرِّ وَالذَّكَرِ وَالْأُنْثَى وَالصَّغِيرِ وَالْكَبِيرِ مِنَ الْمُسْلِمِينَ وَأَمَرَ بِهَا أَنْ تُؤَدَّى قَبْلَ خُرُوجِ النَّاسِ إِلَى الصَّلَاةِ

*"હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સદક્એ ફિત્ર એક સાઅ ખારોકો અથવા એક સાઅ[1] જે દરેક ગુલામ, આઝાદ, પુરૂષ, સ્ત્રી, નાનાં તથા મોટાં મુસલમાન પર[2] નિશ્ચિત કર્યુ[3] અને હુકમ આપ્યો કે લોકોના ઈદગાહ જતા પહેલાં અદા કરી દેવામાં આવે[4]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** સાઅ અરબ શરીફનું પ્રખ્યાત માપિયુ છે (ટોપા) જેનાથી દાણા માપીને વેચવામાં આવે છે. જેવી રીતે આપણે ત્યાં દરેક ઈલાકાનો શેર વિવિધ છે એ જ પ્રમાણે ઈરાક્ હિજાઝ તથા યમનના સાઅ પણ વિવિધ છે. ફિત્રામાં હિજાઝી સાઅ જે હુઝૂરે અન્વર ﷺના જમાનામાં રિવાજ પામેલ હતો તે વિશ્વસનીય છે. તેહક્ીક્ એ છે કે તે સાઅ ૩૫૧ રૂપિયાભર છે એટલે આપણા પાકિસ્તાની ૮૦ રૂપિયાના શેરના ચાર શેર. દોઢ પા એક તોલો જેથી જો ફિત્રામાં જવ આપે તો એક શખ્સની તરફથી આટલા આપે. અને જો ઘઉં આપે તો એક શખ્સની તરફથી આટલા આપે. અને જો ઘઉં આપે તો અડધો સાઅ એટલે ત્રણ છટાંક છ માશા (૨.૪૭ કિલોગ્રામ). એની તેહક્ીક્ ફતાવા રઝવિય્યહ્ શરીફમાં વાંચો.

**૨.** યાદ રાખશો કે સદક્એ ફિત્ર એક એતબારથી શારીરિક (બદની) ઈબાદત છે કે એક બદની ઈબાદત રોઝાની પરિપૂર્ણતાના માટે છે. એટલા માટે ગુલામ પર પણ વાજિબ થયો, જેમ કે નમાઝ, રોઝા. તથા બીજા લેહાઝથી માલી ઈબાદત છે કે તે માલ વડે અદા થાય છે એટલા માટે ગુલામનો ફિત્રો એના માલિક પર વાજિબ થયો ન કે ખુદ ગુલામ પર. ત્રીજી હૈસિયતથી આ માલી ટેકસની હૈસિયત ધરાવે છે, જેમ કે પેદાવાર (ઉપજ)નું ખિરાજ

(મહેસૂલ). એટલા માટે નાબાલિગ બાળક પર પણ વાજિબ થયો. પણ બાળકનો ફિત્રો બાપ આપશે. હા ! જો બાળક પોતે માલદાર હોય તો તેના પોતાના માલ વડે આપવામાં આવશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે બાળક પર રોઝા, નમાઝ, ઝકાત ફર્ઝ નથી તો ફિત્રો કેવી રીતે વાજિબ થયો. આ હદીષથી જાણવા મળ્યું કે ફિત્રો વાજિબ થવાનો સબબ બદની અમલ છે મુસલમાનનો માલ નથી, માલ તો ફિત્રો વાજિબ થવાની શરત છે, કેમ કે તેને હુઝૂરે અકરમ ﷺએ બંદાની તરફ નિસ્બત આપી.

**૩.** આ હદીષથી ઈમામ શાફઈ رضی اللہ عنہએ બે મસ્અલા સાબિત કર્યા છે : એક એ કે ફિત્રો ફર્ઝ છે, કેમ કે અહીં શબ્દ فَرَضَ رَسُوْلُ اللّٰهِ છે.બીજુ એ કે દરેક અમીર તથા ગરીબ પર ફર્ઝ છે જેની પાસે એક દિવસના જેટલુ ખાવા બચેલુ હોય. કેમ કે હુઝૂરે અન્વર ﷺએ અહીં ગની (માલદાર)ની શર્ત નથી લગાડી. ઈમામે આ'ઝમ અબૂ હનીફા પહેલા મસ્અલાના વિશે ફર્માવે છે કે અહીં ફર્ઝ શાબ્દિક અર્થમાં છે, એટલે નિશ્ચિત કરી. રબ તઆલા ફર્માવે છે : قَدْ عَلِمْنَا مَا فَرَضْنَا عَلَيْهِمْ فِيْٓ اَزْوَاجِهِمْ "અમને માલૂમ છે જે અમે મુસલમાનો પર નિશ્ચિત કર્યું તેમની પત્નીઓ અને તેમના હાથની માલ લોંડીઓમાં." *(સૂરએ અહઝાબ, ૩૩/૫૦)* અને જો શરઈ ફર્ઝ જ મુરાદ હોય એટલે કે લાઝિમ કરી દેવું, તો પણ હદીષ "ઝન્ની" છે, અને ફર્ઝિયતના માટે "ક્તઈ" દલીલ જોઈએ. જેથી આ ફર્ઝથી વાજિબ હોવું સાબિત થશે ન કે ફર્ઝિયત. અને બીજા મસ્અલાના બારામાં ફર્માવે છે કે આ ઈત્લાક્થી તો આ હદીષ તમારી પણ વિરુદ્ધ છે. કેમ કે અહીં એક દિવસની રોટી છે, વધારે મિલ્કતનો પણ ઉલ્લેખ નથી. એવું હોવુ જોઈએ કે દરેક આઝાદ તથા ગુલામ પર ફિત્રો વાજિબ થાય ત્યાં સુધી કે ફકીર, લાચાર, હાથ પગ વિનાનો પણ ભીખ માગીને ફિત્રો આપે. વળી મજાની વાત તો એ કે જ્યારે દરેક ફકીર પર ફિત્રો આપવો ફર્ઝ થયો તો ફિત્રો લેશે કોણ ?! ઈમામે આ'ઝમની દલીલ તે હદીષ છે જે ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને ઈમામ બુખારીએ તઅલીકન બુખારી શરીફમાં નક્લ કરી કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, لا صدقة الا عن ظهر غنى સદકો માલદારીથી વાજિબ થાય છે. હવે તવંગરીની કોઈ હદ હોવી જોઈએ, તે નિસાબનું માલિકીપણુ છે.

**૪.** આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. બેહતર એ છે કે ફિત્રો ઈદના દિવસે કાઢે અને ઈદગાહ જતાં પહેલાં આપે. જો ઈદની નમાઝ પછી આપ્યો તો પણ જાઈઝ છે. અને જો ઈદના એક બે દિવસ પહેલાં આપી દીધો તો પણ દુરુસ્ત છે. જેથી બુખારી શરીફમાં હઝરત ઈબ્ને ઉમરની એક લાંબી રિવાયત નક્લ કરી જેના છેવટમાં وكانوا يعطون قبل الفطر بيوم اويومين, એટલે સહાબીઓ ઈદથી એકાદ બે દિવસ પહેલાં ફિત્રો આપી દેતા હતા. પણ ઈદના દિવસે નમાઝથી પહેલાં આપવો બેહતર છે જેથી ફકીરો પણ ઈદ મનાવી લે." *(અઝ : મિર્કાત વગેરે)*

**★ હદીષ : (૨)-૧૮૧૬ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: كُنَّا نُخْرِجُ زَكَاةَ الْفِطْرِ صَاعًا مِنْ طَعَامٍ أَو صَاعا من شعير أَو صَاعا من تَمْرٍ أَوْ صَاعًا مَنْ أَقِطٍ أَوْ صَاعًا من زبيب

*"હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે.* ODFJ[K[S[V D[; NSV[IO+ V ß; FV V GFH[1] *અથવા એક સાઅ જવ અથવા એક સાઅ ખારેકો અથવા એક સાઅ માખણ અથવા એક સાઅ સૂકી દ્રાક્ષ કાઢતા હતા[2]."* *(મુસ્લિમ, બુખારી)*

**૧.** હક્ક્ એ છે કે અહીં તઆમથી મુરાદ ઘઉં સિવાય બીજુ અનાજ છે. જવાર, બાજરી, મક્કાઈ વગેરે. કેમ કે ઘઉંનો અડધો સાઅ ફિત્રો હોય છે ન કે પૂરો સાઅ. અને જો ઘઉં મુરાદ હોય તો અડધો સાઅ ફિત્રો થશે અને અડધો નફ્લી સદકો. જેથી આ હદીષ અડધા સાઅ ઘઉંની હદીષોની વિરુદ્ધ નથી. શયખે અશિઅહમાં ફર્માવ્યું કે એ

જમાનામાં હિજાઝમાં જવારનો અધિક ઉપયોગ થતો હતો.

**૨.** એ طعام (અવ) અખ્તયાર આપવા માટે છે. જેનાથી માલૂમ પડે છે કે આપનારાને અખ્તયાર છે કે ફિત્રો એમાંથી કોઈ ચીજથી આપે, પરંતુ જો પૈસા કે કપડુ અથવા સાબુ વગેરે ફિત્રામાં આપે તો સવા બે શેર ઘઉંની કિંમતનો એતેબાર કરે. એટલી કિંમતની એ ચીજ આપે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૩)-૧૮૧૭ ★**

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: فِي آخِرِ رَمَضَانَ أخرجُوا صَدَقَةَ صومكم. فرض رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ هَذِهِ الصَّدَقَةَ صَاعًا مِنْ تَمْرٍ أَوْ شَعِيرٍ أَوْ نِصْفَ صَاعٍ مِنْ قَمْحٍ عَلَى كُلِّ حُرٍّ أَوْ مَمْلُوكٍ ذَكَرٍ أَوْ أُنْثَى صَغِيرٍ أَوْ كَبِيرٍ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. આપે રમઝાનમાં આખરમાં ફર્માવ્યું કે તમારા રોઝાઓનો સદકો કાઢો એ સદકો રસૂલુલ્લાહ ﷺ એ લાઝિમ ઠરાવ્યો છે. એક સાઅ ખજૂર અથવા જવ અથવા અડધો સાઅ ઘઉં[૧]. દરેક આઝાદ કે ગુલામ, પુરૂષ કે સ્ત્રી, નાના કે મોટાં પર છે[૨].*

*(અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આ હદીષથી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે ઈદના દિવસથી પહેલાં ફિત્રો આપી શકો છો. જુઓ, હઝરત ઈબ્ને અબ્બાસે આખિર રમઝાનમાં ફિત્રો કાઢવાનો હુકમ આપ્યો. બીજુ એ કે ઘઉંનો અડધો સાઅ ફિત્રામાં આપવામાં આવે ન કે પૂરો. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની ક઼વી (મજૂબત) દલીલ છે.

**૨.** એની શરહ પહેલાં થઈ ચૂકી કે માલિકીવાળા ગુલામનો ફિત્રો માલિક આપશે, ગુલામ મુસલમાન હોય કે કાફિર. એ જ પ્રમાણે નાના બાળકનો ફિત્રો બાપ પર છે, જો બાળક પાસે પોતાનો માલ ન હોય, નહીં તો ખુદ બાળકના માલથી આપવામાં આવશે.

**★ હદીષ : (૪)-૧૮૧૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: فَرَضَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ زَكَاةَ الْفِطْرِ طُهْرَ الصِّيَامِ مِنَ اللَّغْوِ وَالرَّفَثِ وَطُعْمَةً لِلْمَسَاكِينِ. رَوَاهُ أَبُو دَاوُد

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સદક઼એ ફિત્ર લાઝિમ કર્યો રોઝાઓને બેહૂદગી તથા ફ઼હશ (બેહયાઈનો કામ)થી પાક કરવા અને મિસ્કીનોને ખાણુ આપવા માટે[૧]. (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે ફિત્રો વાજિબ કરવામાં બે હિકમતો છે : એક તો રોઝાદારના રોઝાની ખામીઓની માફી. મોટાભાગે રોઝામાં ગુસ્સો વધી જાય છે તો વિના કારણે ઝઘડી પડે છે. ક્યારેક જૂઠ, ગીબત વગેરે પણ થઈ જાય છે. રબ તઆલા આ ફિત્રાની બરકતથી તે ઉણપો માફ કરી આપશે, કે નેકીઓથી ગુનાહ માફ થાય છે. બીજુ મિસ્કીનોની રોજીની વ્યવસ્થા થાય છે. બાળકો પર જો કે રોઝા ફર્ઝ નથી પરંતુ બીજી હિકમત અહીં પણ મૌજૂદ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે પછી બાળકો પર ફિત્રો કેમ છે કે તેઓ તો રોઝા રાખતા નથી.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૫)-૧૮૧૯ ★**

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ مُنَادِيًا فِي فِجَاجِ مَكَّةَ: «أَلَا إِنَّ صَدَقَةَ الْفِطْرِ وَاجِبَةٌ عَلَى كُلِّ مُسْلِمٍ ذَكَرٍ أَوْ أُنْثَى حُرٍّ أَوْ عَبْدٍ صَغِيرٍ أَوْ كَبِيرٍ مُدَّانِ مِنْ قَمْحٍ أَوْ سِوَاهُ أَوْ صَاعٍ من طَعَام» . رَوَاهُ التِّرْمِذِيّ

*'હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ મક્કાની ગલીઓમાં મુનાદી (એલાન કરનાર) મોકલ્યો[૧] કે ખબરદાર રહો ! સદકએ ફિત્ર વાજિબ છે દરેક મુસલમાન પુરૂષ, સ્ત્રી, આઝાદ, ગુલામ, નાના મોટા પર ઘઉં વગેરેથી બે મુદ[૨]. અથવા એના સિવાયના અનાજનો એક સાઅ[૩]." (તિર્મિઝી)*

**૧.** આ એલાન મક્કાની ફતહ પછી થયું. કેમ કે એનાથી પહેલાં ત્યાં ઈસ્લામી અહકામના એલાનની કોઈ સ્થિતિ જ ન હતી. કેમ કે મદીનાના મુસલમાનોને દરેક સમયે મહેબૂબની સોહબત મયસ્સર હતી એટલા માટે તેમને આ એહસાનની જરૂરત ન હતી. મક્કા મોઅઝ્ઝમાના મોટાભાગના મુસલમાન નવ મુસ્લિમ પણ હતા અને હુઝૂરે અન્વર ﷺની સોહબતથી દૂર પણ હતા, એટલા માટે આ એલાન કરવામાં આવ્યાં.

**૨.** એક સાઅ ચાર મુદનો થાય છે તો બે મુદનો અડધો સાઅ થયો. એટલે ઘઉંથી ફિત્રો અડધો સાઅ ફિકસ વાજિબ છે અને کل مسلم થી મુરાદ દરેક સાહિબે નિસાબ માલદાર મુસલમાન છે. જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું કે સદકો ગની વગર વાજિબ નથી થતો. અને આઝાદ તથા ગુલામ નાના મોટાથી મુરાદ વિના વાસ્તાએ કે વાસ્તા સાથે છે એટલે બાલિગ આઝાદ ગની હોય તો પોતાનો ફિત્રો જાતે આપે અને ગનીના ગુલામ તથા નાના બાળકોનો ફિત્રો તે ગની આપે. જેથી આ હદીષ ન તો અન્ય હદીષોની વિરુદ્ધ છે ન અહનાફની વિરુદ્ધ.

**૩.** અહીં ખાણાને ઘઉંની સરખામણીમાં કહેવામાં આવ્યું. જાણવા મળ્યું કે એનાથી ઘઉં સિવાયના અન્ય અનાજ મુરાદ છે. જેથી આ હદીષ પાછલી હદીષની જાણે શરહ છે જ્યાં ફર્માવવામાં આવ્યું હતું કે તઆમ (ખાણા)નો એક સાઅ વાજિબ છે. યાદ રાખશો કે ફિત્રામાં અસલ ઘઉં તથા જવ, જુવાર છે. જો એમના સિવાય કોઈ અન્ય અનાજ કે બીજી ચીજથી ફિત્રો આપવામાં આવે તો તે વર્ણવેલ દાણાઓની કિંમતનો લેહાઝ થશે. જેથી ચોખા, બાજરી અડધા સાઅ ઘઉંની કિંમત જેટલાં આપવાં પડશે.

**★ હદીષ : (૬)-૧૮૨૦ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ ثَعْلَبَةَ أَوْ ثَعْلَبَةَ بْنِ عَبْدِ اللَّهِ بْنِ أَبِي صُعَيْرٍ عَنْ أَبِيهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «صَاعٌ مِنْ بُرٍّ أَوْ قَمْحٍ عَنْ كُلِّ اثْنَيْنِ صَغِيرٍ أَوْ كَبِيرٍ حُرٍّ أَوْ عَبْدٍ ذَكَرٍ أَوْ أُنْثَى. أَمَّا غَنِيُّكُمْ فَيُزَكِّيهِ اللَّهُ. وَأَمَّا فَقِيرُكُمْ فَيَرُدُّ عَلَيْهِ أَكْثَرَ مَا أعطَاهُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ષઅલ્બાથી રિવાયત છે અથવા ષઅલ્બા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબી સુઐરથી[૧] તે પોતાના પિતાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એક સાઅ ઘઉં બે વ્યક્તિઓની તરફથી છે નાના કે મોટા, આઝાદ કે ગુલામ, પુરૂષ કે સ્ત્રી, પરંતુ[૨] તમારામાંના માલદાર અલ્લાહ તેને તો પાક કરી આપશે અને પરંતુ તમારો ફકીર અલ્લાહ તેને આપવાથી વધુ આપશે[૩]. (અબૂ દાઊદ)*

**૧.** આપ અબ્દુલ્લાહ ઈબ્ને ષઅલ્બા ઈબ્ને અબી સુઐ઼ર છે. આપ તાબઈ છે પણ આપના પિતા ષઅલ્બા સહાબી છે જેમના થકી કેવળ આ જ એક હદીષ મરવી છે. સુઈરની વફાત હિ.સ. ૮૭ અથવા હિ.સ. ૮૯માં થઈ. લગભગ ૯૦ વરસ ઉમર પામી. અને અબ્દુલ્લાહ ઈબ્ને ષઅલ્બા હિજરતથી ચાર વરસ પહેલાં પેદા થયા અને હિ.સ. ૮૯માં મૃત્યુ પામ્યા. હુઝૂરે અન્વર ﷺને જોયા છે પણ કાંઈ સાંભળ્યાનું સાબિત નથી. *(મિર્કાત)*

**૨.** નાના મોટા, આઝાદ ગુલામ સૌનો ફિત્રો એક સમાન છે, અડધો સાઅ ઘઉં.

**૩.** આ હદીષથી જાહેરી રીતે જણાય છે કે ફકીર પર પણ ફિત્રો વાજિબ છે. પણ આ હદીષ દલીલને પાત્ર નથી, કેમ કે તેની અસ્નાદમાં નોઅમાન ઈબ્ને રાશિદ છે જે સખત ઝઈફ છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું કે એ વહમી છે. ઈમામ અહમદે ફર્માવ્યું, આ હદીષ સહીહ નથી. વળી એ રાવીના નામમાં ઘણી ચર્ચા છે. અબ્દુર્રઝ્ઝાક઼ે આ હદીષ સહીહ સનદ સાથે ઈબ્ને જુર્રજ અન ઈબ્ને શહાબ અન અબ્દુલ્લાહ ઈબ્ને ષઅલ્બાથી રિવાયત કરી તો એમાં ફક઼ીર તથા ગની (ગરીબ માલદાર)નો ઉલ્લેખ નથી. કેવળ એ છે કે એક સાઅ ઘઉં બેની તરફથી અદા કરો. એની સંપૂર્ણ તથા ઉમદા તેહક઼ીક઼ અહીં મિર્ક઼ાતમાં જુઓ. તેમજ જો દરેક ફકીર તથા માલદાર પર સદક઼એ ફિત્ર આપવો વાજિબ થઈ જાય તો પછી ફિત્રો લેનાર કોણ હશે ?! કેમ કે એ તો ઈસ્લામના ઉસૂલની વિરુદ્ધ છે કે ફક઼ીર ફિત્રો આપે પણ અને અન્યોનો ફિત્રો લે પણ !

## બાબો મન્ લાતહિ઼લ્લુ લહુસ્સદક઼તુ باب من لاتحل له الصدقة
## (જે લોકો માટે ઝકાત હલાલ નથી તેનું વર્ણન[૧])

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** એટલે ક્યા શખ્સોને વાજિબ સદક઼ો, ઝકાત, હદિયો, ફ઼િત્રો નથી આપી શક્તા. અહીં અમુક મસાઈલ ખયાલમાં રાખવો જોઈએ. એક એ કે સદક઼ો તે માલ છે જે કેવળ સવાબના માટે કોઈને આપવામાં આવે. અને હદિયો તે માલ છે જે કોઈના સન્માન તથા રઝા માટે તેને આપવામાં આવે. સદક઼ામાં બીજા પર દયા કરવું છે અને હદિયામાં તેની તા'ઝીમ છે. બીજુ એ કે અમુક શખ્સોને ઝકાત વગેરે મના છે. કાફિર, ગની મુસલમાન, બની હાશિમ, પોતાની ઔલાદ, પોતાના ઉસૂલી એટલે સદક઼ો આપનાર જેમની ઔલાદમાંથી છે, પતિ કે પત્નીને. ત્રીજુ એ કે કાફિર ઝિમ્મીને વાજિબ સદક઼ો નથી આપી શકતા, નફ઼લી સદક઼ો આપી શકાય છે, જો કે તે પણ મુસલમાન ફ઼ક઼ીર (ગરીબ)ને આપવું બેહતર છે. કેમ કે ઝકાત ન લઈ શકનારાઓને બતાવી દેવાથી લઈ શકનારાઓની જાણ આપોઆપ થઈ જાય છે. એટલા માટે ન લેવાવાળાઓનો ઉલ્લેખ કર્યો કે એ થોડા છે. ચોથુ એ કે હદિયાના ત્રણ પ્રકારો છે : **નઝરાણુ** કે જે નાનો મોટાને આપે. **અતિયા,** જે મોટો નાનાને આપે, **હદિયો** જે સમાન કક્ષવાળાને આપે.

**★ હદીષ : (૧)-૧૮૨૧ ★** (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَنَسٍ قَالَ: مَرَّ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِتَمْرَةٍ فِي الطَّرِيقِ فَقَالَ: «لَوْلَا أَنِّي أَخَافُ أَنْ تَكُونَ مِنَ الصَّدَقَةِ لَأَكَلْتُهَا»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام રસ્તામાં એક ખજૂર પાસેથી પસાર થયા તો ફ઼ર્માવ્યું કે મને એ ડર ન હોત કે આ સદક઼ાનું હશે તો હું તેને ખાય લેત[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે ખતરો છે કે આ ખજૂર ઝકાતની હોય જે માલિકના હાથેથી પડી ગઈ હોય, એટલા માટે હું એને નથી ખાતો, જો એ ખતરો ન હોત તો હું એને ખાય લેત. એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂરે અન્વર ﷺ અને આપની ઔલાદ પર ક઼યામત સુધી ઝકાત લેવી હરામ છે, કેમ કે એ લોકોના હાથ તથા માલનો મેલ છે, એ સુથરાઓને કેવી રીતે જાઈઝ થઈ શકે છે. જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું. બીજુ એ કે લુક઼તા એટલે પડેલી ચીજ જો મામૂલી હોય જેની તલાશ માલિક કરશે નહીં, ન એના માલિકને શોધવો જરૂરી છે ન તેને સંભળાવવા તથા એલાન કરવાની જરૂરત છે બલ્કે તરત જ પોતાના ઉપયોગમાં લાવવું જાઈઝ છે. લુક઼તાની હદીષો કિંમતી ચીજોના સંબંધે છે જેની માલિક શોધ ખોળ કરે. ત્રીજુ એ કે ફ઼ત્વા તથા તક઼વામાં ફરક છે. ફ઼ત્વો મુહર્રમાત (હરામ ચીજો)થી બચવાનો છે પણ તક઼વો એ છે કે શંકાસ્પદ ચીજોથી પણ બચે. પણ શંકા તથા વહેમમાં ફરક છે. વહેમોનો એતબાર નથી. વિલાયતી કપડાંના ટાકા બજારમાં વેચાય છે તેમાં શંકા કરવી કે એ ગંદા પાણી વડે ધોયેલાં હશે એ તક઼વો નથી પણ વહેમ છે.

સહાબાએ કિરામ ગનીમતમાં કાફિરોનાં પોશાક મેળવતા હતા અને વિના ખચકાટે ઉપયોગ કરતા હતા. હુઝૂરે અન્વર ﷺએ કાફિર બાદશાહોના હદિયા લીધા અને તેનો ઉપયોગ પણ કર્યો. યાદ રાખશો કે અહીં ઉમ્મતની

તા'લીમના માટે આ ઈર્શાદ છે કે શંકાસ્પદથી બચો, નહીં તો હુઝૂર عليه‌الصلوٰة‌والسلام તો દરેક ચીજની અસલિયત તથા હકીકતથી ખબરદાર છે. જેમ કે અમે ઘણીવાર આ શરહમાં અને અમારી કિતાબ જાઅલ હક્ક, ભાગ–૧માં સાબિત કરી ચૂક્યા છીએ.

**★ હદીષ : (૨)-૧૮૨૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: أَخَذَ الْحَسَنُ بْنُ عَلِيٍّ تَمْرَةً مِنْ تَمْرِ الصَّدَقَةِ فَجَعَلَهَا فِي فِيهِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كِخْ كِخْ» لِيَطْرَحَهَا ثُمَّ قَالَ: «أما شَعرت أنا لَا نَأْكُل الصَّدَقَة؟»

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی‌اللہ‌عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત હસન ઈબ્ને અલીએ સદકાની ખારેકોમાંથી એક ખારેક લઈને પોતાના મોઢામાં નાખી દીધી તો નબી કરીમ عليه‌الصلوٰة‌والسلام એ ફર્માવ્યું, અખ ! અખ ! કે જેથી તેને થૂકી દે. પછી ફર્માવ્યું કે શું તમને ખબર નથી* S[V F56 [; NSMGYLB FTF[1]. *'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષે ફેંસલો કરી આપ્યો કે હુઝૂરે અન્વર ﷺની ઔલાદે ઝકાત લેવી હરામ છે. اَنَا (અના) બહુવચન ફર્માવીને કયામત સુધીની પોતાની ઔલાદને સામેલ કરી લીધી. એ જ હક્ક છે અને એના પર જ ફત્વો છે. અમુક લોકો જે કહે છે કે આ હુકમ એ જમાનામાં હતો, હવે સૈયદ ઝકાત લઈ શકે છે અથવા સૈયદની ઝકાત સૈયદ લઈ શકે છે, એ સૌ મરજૂઅ કૌલ છે. ફત્વો એના પર નથી. યાદ રાખશો કે બની હાશિમથી મુરાદ આલે અબ્બાસ, આલે જઅફર, આલે અકીલ, આલે હારિષ ઈબ્ને મુત્તલિબ અને આલે રસૂલ છે. અબૂ લહબની મુસલમાન ઔલાદ જો કે બની હાશિમ તો છે પણ તે ઝકાત લઈ શકતા હતા અને લઈ શકે છે કેમ કે ઝકાતની હુર્મત (હરામ હોવું) કરામત તથા ઈજ્જતના માટે છે. અબૂ લહબ હુઝૂરે અન્વર ﷺની તકલીફની કોશિશમાં રહ્યો એટલા માટે તે તથા તેની ઔલાદ આ અઝમતની મુસ્તહિક ન રહી. (અઝ : લમ્આત) આ હદીષથી જાણવા મળ્યું કે પોતાની નાસમજ ઔલાદને પણ નાજાઈઝ કામ ન કરવા દે. તે જુઓ હઝરત હસન એ સમયે ખૂબ જ નાની વયના અને નાસમજ હતા જેમ કે ''કખ કખ'' ફર્માવવાથી જણાય રહ્યું છે, પણ હુઝૂરે અન્વર ﷺએ તેમને પણ ઝકાતની ખારેકો ન ખાવા દીધી. ફકીહો ફર્માવે છે કે નાસમજ છોકરાઓને સોના ચાંદીનાં ઘરેણા પહેરાવવાં હરામ છે. આ મસ્અલાની માખઝ આ હદીષ પણ થઈ શકે છે. આ કાયદો ઘણો જ ફાયદાકારક છે. (મિર્કાત)

**★ હદીષ : (3)-૧૮૨૩ ★**

وَعَنْ عَبْدِ الْمُطَّلِبِ بْنِ رَبِيعَةَ قَالَ: قَالَ رَسُولُ اللهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن هَذِهِ الصَّدَقَاتِ إِنَّمَا هِيَ أَوْسَاخُ النَّاسِ وَإِنَّهَا لَا تَحِلُّ لِمُحَمَّدٍ وَلَا لِآلِ مُحَمَّدٍ» . رَوَاهُ مُسلم

*''હઝરત અબ્દુલ મુત્તલિબ ઈબ્ને રબીઅહથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ સદકાઓ લોકોનો મેલ છે[1]. એ ન હુઝૂર ﷺ ને અને ન આપની આપને હલાલ છે[2]. '' (મુસ્લિમ)*

**૧.** એ રીતે કે ઝકાત તથા ફિત્રા નીકળી જવાથી લોકોના માલ તથા દિલ પાક તથા સાફ થાય છે. જેમ કે મેલ નીકળી જવાથી શરીર કે કપડાં સાફ થઈ જાય છે. રબ તઆલા ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا ''હે મહબૂબ ! તેમના માલમાંથી ઝકાત વસૂલ કરો જેનાથી તમો એમને સુથરા તથા પાકીઝા કરી દો.'' (સૂરએ તૌબા, ૯/૧૦૩) જેથી એ મુસલમાનોનું ધોવણ છે.

**૨.** આ હદીષ એટલી સ્પષ્ટ તથા સાફ છે જેમાં કોઈ તાવીલ નથી થઈ શકતી. એટલે કે મને અને મારી ઔલાદને ઝકાત લેવી એટલા માટે હરામ છે કે એ માલનો મેલ છે. લોકો અમારા મેલથી સુથરા થાય, અમે કોઈનો મેલ શાથી લઈએ. હવે અમુકનું એ કહેવું કે કેમ કે સાદાતને ખમ્સ નથી મળતુ જેથી તેઓ ઝકાત લઈ શકે છે, એ ગલત છે, કેમ કે નસ (કુર્આની આયત)ના મુકાબલામાં "કેમ કે તથા જેમ કે" સાંભળવામાં નથી આવી શકતું.

**★ હદીષ : (૪)-૧૮૨૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أُتِيَ بِطَعَامٍ سَأَلَ عَنْهُ: «أَهَدِيَّةٌ أَمْ صَدَقَةٌ؟» فَإِنْ قِيلَ: صَدَقَةٌ: قَالَ لِأَصْحَابِهِ: «كُلُوا» وَلَمْ يَأْكُلْ وَإِنْ قِيلَ: هَدِيَّةٌ ضَرَبَ بِيَدِهِ فَأَكَلَ مَعَهُم

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺની પાસે જ્યારે કોઈ ખાણુ લાવવામાં આવતુ તો એના સંબંધે પૂછતા કે શું આ હદિયો છે કે સદકો ? જો કહેવામાં આવતું કે સદકો છે તો સહાબાને કહેતા કે ખાય લો[1] અને પોતે ન ખાતા. અને જો અર્ઝ કરવામાં આવતુ કે હદિયો છે તો હાથ શરીફ વધારતા અને તેમની સાથે ખાતા[2]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** માલદાર સહાબીઓ પોતાના વાજિબ તથા નફલી સદકા હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં પેશ કરતા હતા, જેથી હુઝૂરે અન્વર ﷺ પોતાના હાથો વડે ગરીબોમાં વહેંચી આપે કે આપના હાથોની બરકતથી રબ તઆલા કૃબૂલ ફર્માવી લે. હુઝૂરે અન્વર ﷺ અસ્હાબે સુફ્ફા વગેરે ગરીબો તથા સહાબીઓમાં વહેંચી આપતા હતા. અને અમુક લોકો ખુદ હુઝૂરે અન્વર ﷺના પોતાના હાથો વડે ગરીબોમાં વહેંચી આપે કે આપના હાથોની બરકતથી રબ તઆલા કૃબૂલ ફર્માવી લે. હુઝૂરે અન્વર ﷺ અસ્હાબે સુફ્ફા વગેરે ગરીબ તથા સહાબીઓમાં વહેંચી આપતા હતા. અને અમુક લોકો ખુદ હુઝૂરે અન્વર ﷺના માટે હદિયો તથા નઝરાણા લાવતા હતા. આમ બે પ્રકારના માલ હુઝૂરે અન્વર ﷺની પાસે આવતા હતા એટલા માટે જો લાવનાર સાફ સાફ ન કહેતો તો સરકાર ﷺ પોતે જ પૂછી લેતા હતા. હદિયાથી પોતે પણ ખાય લેતા હતા પણ સદકો પોતે ઉપયોગમાં લેતા ન હતા. અહીં સહાબીઓથી મુરાદ ગરીબ સહાબીઓ છે જેઓ વાજિબ સદકો લઈ શકતા હતા, હઝરત ઉષ્માન ગની વગેરે ગની સહાબા મુરાદ નથી. સદકા તથા હદિયાનો તફાવત આ પ્રકરણની શરૂઆતમાં બતાવી દેવામાં આવેલ છે.

**૨.** એટલે કે હદિયો તથા નઝરાણાનુ ખાણુ પોતે પણ ખાતા હતા અને મૌજૂદ સહાબીઓને પણ પોતાની સાથે ખવડાવતા હતા. યાદ રાખશો કે **ગની તથા સૈયદે નફલી સદકો લેવો જાઈઝ છે. તે સદકો તેમના માટે હદિયો બની જાય છે** પણ હુઝૂરે અન્વર ﷺ નફલી સદકો પણ લેતા ન હતા, કેમ કે એમાં સદકો આપનારા લેનારા પર રહમ તથા કરમ કરે છે જેનો સવાબ અલ્લાહથી ચાહે છે. સૌ હુઝૂરે અન્વર ﷺની રહમના ઈચ્છુક છે તો હુઝૂરે અન્વર ﷺ પર કયો ઈન્સાન રહમ કરે છે. હા ! સદકએ જારીયા જેમ કે કૂવાનું પાણી, મસ્જિદ તથા કબ્રસ્તાનની જમીન, તેનો હુકમ અલગ છે કે તે દરેક ગની તથા ફકીરે બલ્કે ખુદ સદકો કરનારે વકફ કરનારે ઉપયોગ કરવું જાઈઝ છે. એ હુઝૂરે અન્વર ﷺ માટે પણ મુબાહ હતું. *(અઝ : મિર્કાત વગેરે)*

**★ હદીષ : (૫)-૧૮૨૫ ★** رضی اللہ عنہ

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ فِي بَرِيرَةَ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત બરીરામાં ત્રણ શરઈ હુકમ થયા[1] એક*

ثَلَاثُ سُنَنٍ: إِحْدَى السُّنَنِ أَنَّهَا عُتِقَتْ فَخُيِّرَتْ فِي زَوْجِهَا وَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْوَلَاءُ لِمَنْ أَعْتَقَ» . وَدَخَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَالْبُرْمَةُ تَفُورُ بِلَحْمٍ فَقُرِّبَ إِلَيْهِ خُبْزٌ وَأُدْمٌ مِنْ أُدْمِ الْبَيْتِ فَقَالَ: «أَلَمْ أَرَ بُرْمَةً فِيهَا لَحْمٌ؟» قَالُوا: بَلَى وَلَكِنَّ ذَلِكَ لَحْمٌ تُصُدِّقَ بِهِ عَلَى بَرِيرَةَ وَأَنْتَ لَا تَأْكُلُ الصَّدَقَةَ قَالَ: «هُوَ عَلَيْهَا صَدَقَةٌ وَلَنَا هَدِيَّةٌ»

*હુકમ એ કે તે આઝાદ કરવામાં આવ્યાં તો તેમને પોતાના પતિના સંબંધે અખ્તયાર આપવામાં આવ્યો[2] અને ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે વલા આઝાદ કરનારના માટે છે[3]. અને રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા કે હાંડલી ગોશ્તથી ઉકળી રહી હતી. આપની ખિદમતમાં રોટી અને ઘરનું કોઈ શાક પેશ કરવામાં આવ્યું. તો ફર્માવ્યું કે શું મને ગોશ્તની હાંડલી નથી દેખાય રહી ?! અર્ઝ કરી, હા ! પરંતુ એ તે ગોશ્ત છે જે બરીરા પર સદક઼ો કરવામાં આવ્યો અને હુઝૂર ! આપ સદક઼ો તો ખાતા નથી. તો ફર્માવ્યું, તે* ***એમના માટે સદક઼ો છે, અમારા માટે હદિયો છે[4].''***

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** બરીરા رضی اللہ عنہا કરસમાના વઝન (પ્રાસ) પર સહાબિયા છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની આઝાદ કરેલ લોંડી છે. આપે હઝરત ઈબ્ને અબ્બાસ, ઉરવા બિન ઝુબેરથી હદીષો રિવાયત કરી. એટલે હઝરત બરીરા થકી આપણને ત્રણ શરઈ મસાઈલ માલૂમ પડયા.

**૨.** હઝરત બરીરાના પતિનું નામ મુગ઼ીષ હતું જે પહેલાં ગુલામ હતા. હઝરત બરીરાના આઝાદ થવાના સમયે આઝાદ થઈ ચૂક્યા હતા. જ્યારે આપ આઝદ થયાં તો હુઝૂરે અન્વર ﷺએ આપને ખયારે અતક઼ આપ્યો કે ચાહે તો નિકાહ બાકી રાખે ચાહે તો ફસ્ખ કરાવી દે. જાણવા મળ્યું કે લોંડીની આઝાદી પર ખયારે અતક઼ મળે છે, પતિ ગુલામ હોય કે આઝાદ હોય. એની સંપૂર્ણ ચર્ચા ઈન્શાઅલ્લાહ ! કિતાબુન્નિકાહ તથા કિતાબુલ અતક઼માં આવશે.

**૩.** હઝરત બરીરા એક યહૂદીની લોંડી હતાં જેણે આપને **મકાતિબ** કરી દીધાં હતાં કે **આટલો માલ આપો તો તમે આઝાદ** છો. આપ માલ આપવાથી લાચાર થયાં તો હઝરત આઈશા رضی اللہ عنہاથી અર્ઝ કરી. આપે ફર્માવ્યું કે તમારો માલ હું આપી દઉં છું તમારા માલિકને કહો કે તમને મારા હાથ પર વેચી દે, પછી હું તમને આઝાદ કરી દઈશ. તેમના માલિકે કહ્યું કે, હા ! હું વેચીશ તો ખરો પણ એ શર્ત પર કે તમારો વિલા એટલે આઝાદ કરવાનો હક્ક઼ મને રહે. આ મસ્અલો હુઝૂરે અન્વર ﷺને પૂછવામાં આવ્યો તો હુઝૂરે અન્વર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે વિલા આઝાદ કરનારને છે ન કે વેચનારને. આ બીજો મસ્અલો હઝરત બરીરા થકી જાણવા મળ્યો. વિલાની અસર એ હોય છે કે જો આઝાદ કરેલ ગુલામ લાવારિસ મૃત્યુ પામે તો વારસો માલિકને મળે છે. એ જ પ્રમાણે જો માલિક લાવારિસ મૃત્યુ પામે તો ગુલામ વારસો લે છે.

**૪.** એટલે કે બરીરાને કહો કે પોતાના એ ગોશ્તમાંથી જે એમને સદક઼ો મળ્યું છે અમને પણ આપે. કેમ કે સદક઼ો એમના પર ખત્મ થઈ ચૂક્યો હવે અમને બરીરા તરફથી હદિયો થઈને મળશે જે અમારા માટે મુબાહ થશે. એનાથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા. એક એ કે બની હાશિમનો આઝાદ કરેલો ગુલામ ઝકાત નથી લઈ શક્તો પણ બીજાઓનો ગુલામ ઝકાત લઈ શકે છે. કેમ કે હઝરત આઈશા કુરૈશિયા તો હતાં પણ હાશિમિયા ન હતાં એટલા માટે બરીરાને સદક઼ો લેવું દુરસ્ત થયું. બીજુ એ કે પોતાની પત્ની કે પત્નીની લોંડી અથવા ઔલાદથી કાંઈક માગવું જેમાં ઝિલ્લત

ન હોય એ હુઝૂરે અન્વર ﷺ માટે પણ જાઈઝ છે તો બીજા કોઈની તો વાત જ શું ! જે સવાલમાં મનાઈ છે તે ઝિલ્લતવાળો સવાલ છે. જુઓ, હુઝૂરે અન્વર ﷺએ હઝરત બરીરાથી ગોશ્ત માગ્યો. ત્રીજુ એ કે માલિકીપણુ બદલાય જવાથી હુકમ બદલાય જાય છે. જેથી જે ફકીરને ઝકાત આપવામાં આવી છે તે ઝકાત વડે કોઈ ગની કે સૈયદની દા'વત કરી દીધી અથવા તે ઝકાતની રકમ કોઈ મુસાફરખાના કે કૂવા પર ખેરાત કરીને લગાડી દીધી તો જાઈઝ છે. કેમ કે **ઝકાત તો ફકીર પર ખત્મ થઈ ગઈ, હવે એ ફકીર (ગરીબ)ની તરફથી હદિયો છે.** જુઓ ! હુઝૂરે અન્વર ﷺએ બરીરા પર સદકો કરેલો ગોશ્ત ખાય લીધો કે હવે એ હદિયો કે નઝરાણુ બની ગયો હતો. એનાથી ઘણા બધા ફિકહી મસાઈલ હલ થઈ શકે છે.

હઝરત ઈબ્ને ઉમરને જે હુઝૂરે અન્વર ﷺએ પોતાનો સદકો આપેલો ઘોડો ફકીરથી ખરીદવાની મનાઈ કરી આપી તેનું કારણ એ હતું કે તે આપને એટલા માટે કન્શેશન આપવા ચાહતો હતો કે આપે તેને સદકો આપ્યો હતો. આ રીતે કન્શેશન કરાવવું મના હતું. જેથી હદીષમાં ટકરાવ નથી.

**★ હદીષ : (૬)-૧૮૨૬ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُقَبِّلُ الْهَدِيَّة ويثيب عَلَيْهَا. رَوَاهُ الْبُخَارِيّ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ હદિયો કબૂલ કરતા હતા અને તેનો બદલો પણ અતા કરતા હતા[1]." (બુખારી)*

**૧.** બલ્કે હુઝૂરે અન્વર ﷺ હદિયો આપનારને પોતાની શાનને લાયક ભારે અતિયો આપતા હતા. હજી પણ જે ઉમ્મતી હુઝૂરે અન્વર ﷺની બારગાહમાં ઈસાલે સવાબ કરે છે તો હુઝૂરે અન્વર ﷺ તેમને દીન તથા દુનિયામાં કેટલુંય બેહતર એવઝ (બદલો) અર્પણ કરે છે અને કરશે, જેનો અનુભવ ઘણીવાર થયો અને થઈ રહ્યો છે. હુઝૂરે અન્વર ﷺની બારગાહમાં ઈસાલે સવાબ કરતા રહો હુઝૂરે અન્વર ﷺનો અતિયો કયામત સુધી જારી છે.

**★ હદીષ : (૭)-૧૮૨૭ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ دُعِيتُ إِلَى كُرَاعٍ لَأَجَبْتُ وَلَوْ أُهْدِيَ إِلَيَّ ذِرَاع لقبلت» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો મને પાયા (એટલે ગાય બકરીની ખરી વગેરે)ની તરફ દા'વત આપવામાં આવે તો કબૂલ કરી લઈશ અને જો મને દસ્તી આપવામાં આવે તો મંઝૂર કરી લઈશ[1]." (બુખારી)*

**૧.** એટલે કે અમને મામૂલી માણસની દા'વત અને મામૂલી હદિયો કબૂલ કરવામાં શરમ નથી આવતી, જરૂર કબૂલ કરીશું. એમાં માલદારો બલ્કે બાદશાહોને તા'લીમ છે કે ગરીબ અને પોતાના નોકરોના મામૂલી હદિયાઓને ન ઠુકરાવો, તેમની નિખાલસતાની કદર કરો. અને આપણે ગરીબોની હિંમત અફઝાઈ (પ્રોત્સાહન) છે કે જે રીતે બની શકે હુઝૂરે અન્વર ﷺની બારગાહે આલીમાં માલ તથા અમલોના સવાબોનો હદિયો કરતા રહીએ. અહીં کراع (કરાઅ)થી મુરાદ ખરીઓ (ગાય ભેંસના પાયા) છે ન કે کراع العمیم મંઝિલ જેવા, જેવું કે અમુક લોકોએ સમજ્યું. એ મતલબ પણ થઈ શકે છે કે જો કોઈ ફકીર સદકાનો મામૂલી માલ લઈને પણ આપણી દા'વત કરી આપે તો આપણે કબૂલ કરી લઈશું, કેમ કે સદકો એના પર ખત્મ થઈ ચૂક્યો. એટલા માટે આ હદીષ આ પ્રકરણમાં લાવવામાં આવી.

★ હદીષ : (૮)-૧૮૨૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ الْمِسْكِينُ الَّذِي يَطُوفُ عَلَى النَّاسِ تَرُدُّهُ اللُّقْمَةُ وَاللُّقْمَتَانِ وَالتَّمْرَةُ وَالتَّمْرَتَانِ وَلَكِنَّ الْمِسْكِينَ الَّذِي لَا يَجِدُ غِنًى يُغْنِيهِ وَلَا يُفْطَنُ بِهِ فَيُتَصَدَّقَ عَلَيْهِ وَلَا يَقُومُ فَيَسْأَلَ النَّاسَ»

*"એમનાથી જ રિવાયત છે. ફર્માવે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મિસ્કીન તે નથી જે લોકો સામે ચક્કર મારતો ફરે, તેને એક બે લુકમા કે એક બે ખારેક આપી દે, પરંતુ મિસ્કીન તે છે જે તવંગરી પણ ન પામે જેથી લોકોથી લાપરવા થઈ જાય. અને તેને ઓળખી પણ ન શકાય જેથી તેને સદકો આપી દેવામાં આવે અને ન ઉઠીને લોકોથી સવાલ કરે[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જે મિસ્કીનપણા પર સવાબ છે અને સાબિરોના વર્તુળમાં સામેલ છે તે આ ભિખારી ફકીર નથી, બલ્કે એ તો સામાનય સંજોગોમાં એ સવાલ પર ગુનેહગાર છે કે જ્યારે તે ભીખ માગવા માટે આટલી દોડધૂપ કરી શકે છે તો કમાવા માટે પણ કરી શકે છે. હા ! સાબિર તે મિસ્કીન છે જે હાજતમંદ હોય તેમ છતાં પણ કોઈના પર પોતાની હાજત જાહેર ન કરે. પોતાના ફક્રને છુપાવવાની કોશિશ કરે. એ જ મિસ્કીનની રબ તઆલાએ કુર્આને પાકમાં પ્રશંસા કરી છે કે ફર્માવ્યું : لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ ـ الاٰيَة "તે ફકીરોના માટે જે રાહે ખુદામાં રોકવામાં આવ્યા, જમીનમાં ચાલી નથી શક્તા, નાદાન તેમને તવંગર સમજ્યા બચવાના સબબે..... છેવટ સુધી." (સૂરએ બક્રહ, ૨/૨૭૩) એ યાદ રાખશો કે જે મિસ્કીનિયતની દુઆ હુઝૂરે અન્વર ﷺએ માગી છે તે મિસ્કીનપણુ દિલનું છે. એટલે દિલમાં આજિઝી તથા ઈન્કેસારી હોવું, ઘમંડ તથા અભિમાન ન હોવું. એવો શખ્સ જો માલદાર પણ હોય તો મુબારક મિસ્કીન છે. અને જે હદીષોમાં ફક્ર તથા મિસ્કીનિયતથી પનાહ માગવામાં આવી છે તે એવી તંગદસ્તી છે જે ફિત્નામાં સપડાવી દે. જેથી હદીષમાં ટકરાવ નથી અને ન વાંધો છે કે હુઝૂરે અન્વર ﷺએ તો મિસ્કીનિયતની દુઆ કરી પણ રબ તઆલાએ હુઝૂરે અન્વર ﷺને બાદશાહ બનાવી દીધા, એ દુઆ કબૂલ ન થઈ.

## (વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૯)-૧૮૨૯ ★

عَنْ أَبِي رَافِعٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ رَجُلًا مِنْ بَنِي مَخْزُومٍ عَلَى الصَّدَقَةِ فَقَالَ لِأَبِي رَافِعٍ: اصْحَبْنِي كَيْمَا تُصِيبُ مِنْهَا. فَقَالَ: لَا حَتَّى آتِي رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَسْأَلَهُ. فَانْطَلَقَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلَهُ فَقَالَ: «إِنَّ الصَّدَقَةَ لَا تَحِلُّ لَنَا وَإِنَّ مَوَالِيَ الْقَوْمِ مِنْ أَنْفُسِهِمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત અબૂ રાફેઅથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ બની મખ્ઝૂમના એક શખ્સને સદકા માટે નિયુક્ત કરીને મોકલ્યો. તેણે અબૂ રાફેઅને કહ્યું કે તમે પણ અમારી સાથે ચાલો કે તમે પણ કાંઈક મેળવી લો[૧]. બોલ્યા કે નહીં ! ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થઈને પૂછી લઉં[૨]. નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં હાજર થયા અને આપને પૂછયું તો આપે ફર્માવ્યું કે આપણને સદકો હલાલ નથી અને કૌમનો ગુલામ તેમનામાંથી જ હોય છે[૩].*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** ખુલાસો એ છે કે કોઈ મખ્ઝૂમીને હુઝૂરે અન્વર ﷺએ સદક઼ા માટે આમિલ બનાવ્યો જેને ઝકાતથી જ મહેનતાણુ આપવામાં આવતું. એ મખ્ઝૂમીએ હુઝૂરે અન્વર ﷺના આઝાદ કરેલા ગુલામ જેમનું નામ અસ્લમ છે. કુન્નિયત અબૂ રાફેઅ છે તેમને કહ્યું કે તમે પણ મારી સાથે ચાલો, જે મજૂરી મળશે એમાં તમારો હિસ્સો હશે. જેનાથી તમારું કાંઈક કામ ચાલી જશે. એ મતલબ નથી કે હું પોતે મજૂરી લઈને મારી તરફથી તમને હદિયા રૂપે આપી દઈશ.

**૨.** જાહેર એ છે કે અહીં મસ્અલો પૂછવાનો હેતુ નથી બલ્કે સાથે જવાની રજા લેવાનું મુરાદ છે. અબૂ રાફેઅ ભલે શારીરિક રીતે આઝાદ થઈ ચૂક્યા હતા પણ તેમનું દિલ હમેશાં માટે હુઝૂરે અન્વર ﷺનું ગુલામ બની ચૂક્યું હતું. હુઝૂર ﷺથી પૂછયા વિના હલન ચલન પણ કરતા ન હતા.

**૩.** એટલે કે અબૂ રાફેઅ ! તમે છો મારા ગુલામ અને અમો છીએ બની હાશિમથી, કેમ કે બની હાશિમ ઝકાતના આમિલ બનીને તેમાંથી મજૂરી પણ નથી લઈ શકતા જેથી તમો પણ એ મજૂરી નથી લઈ શક્તા. આ હદીષથી બે મહત્વના મસ્અલા હાંસલ થયા : એક એ કે બની હાશિમ હઝરાત, ખાસ કરીને સૈયદોની શાન ઈસ્લામમાં ખૂબ જ ઉચ્ચ છે કે માલદાર આમિલ ઝકાતથી ઉઝરત (મજૂરી) લઈ શકે છે પણ આ હઝરાત તો શું એમનો ખરીદેલો ગુલામ પણ આ ઉઝરત નથી લઈ શક્તો. એનાથી તે લોકો ઈબ્રત પકડે જેઓ આજકાલ સૈયદોને ઝકાત ખાવાનું જાઈઝ કરવાની ધુનમાં છે. સાદાતે ઝકાત લેવી કદાપિ જાઈઝ નથી. બીજુ એ કે શાનવાળાઓની નિસ્બતના કારણે અદના પણ શાનવાળા બની જાય છે. જુઓ સૈયદનો ગુલામ ભલે ગમે તે ક઼ૌમથી હોય પણ તે ઝકાત નથી લઈ શકતો. બલ્કે ઝકાતથી કામનું વળતર પણ નથી વસૂલ કરી શક્તો. એનાથી તે લોકો પણ બોધ લે જેઓ કહે છે કે નિસ્બત શું ચીજ છે, કેવળ આપણા અમલ સારા જોઈએ ! ત્રીજુ એ કે હુઝૂરે અન્વર ﷺ કુર્આની અહકામને આમ તથા ખાસ કરી શકે છે. રબ તઆલાએ મુત્લકન ફર્માવ્યું : وَالْعٰمِلِيْنَ عَلَيْهَا "અને જેઓ એને ઉઘરાવીને લાવે." *(સૂરએ તૌબા, ૯/૬૦)* પણ હુઝૂરે અન્વર ﷺએ આ આયતથી પોતાની ઔલાદ બલ્કે તેમના ગુલામોને અલગ કરી આપ્યા, નહીં તો કુર્આને કરીમે સૈયદ તથા ગૈર સૈયદનો તફાવત ઝકાત આપવાના બયાનમાં કોઈ નથી વર્ણવ્યો. ચોથુ એ કે સાચા પયગંબરોએ નબુવ્વતને રોજીનો ઝરીયો નથી ઠરાવ્યો. મિર્ઝા ક઼ાદયાની આ નબુવ્વતના (દાવા) થકી માલામાલ થઈ ગયો બલ્કે પોતાની ઔલાદને શીખવાડી ગયો કે બહિશ્તી મકબરાની કબરો વેચીને મજા ઉઠાવ્યા કરો. نعوذ بالله منه હુઝૂરે અન્વર ﷺએ ક઼યામત સુધી પોતાની ઔલાદને ઝકાતની આવકથી વંચિત કરી આપી. તેમને હુકમ આપ્યો કે તમે ઝકાત આપો પણ ગરીબ હોવા છતાં લો નહીં.

**★ હદીષ : (૧૦)-૧૮૩૦ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَحِلُّ الصَّدَقَةُ لِغَنِيٍّ وَلَا لِذِي مِرَّةٍ سَوِيٍّ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ સદક઼ો ન તો ગની (માલદાર)ને હલાલ છે ન સહી અંગોવાળાને[૧]."*
*(તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)*

**૧.** આ હદીષ હઝરત ઈમામ શાફઈની દલીલ છે. તેમને ત્યાં તંદુરસ્ત અને કમાવાની શક્તિ ધરાવનારો ઝકાત નથી લઈ શકતો, ભલે ગરીબ હોય. ઈમામે આ'ઝમને ત્યાં લઈ શકે છે. ઈમામે આ'ઝમની દલીલ કુર્આનની આ આયત છે : لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ "તે ફક઼ીરોના માટે જેઓ રાહે ખુદામાં રોકવામાં આવ્યા......"

*(સૂરએ બક઼રહ, ૨/૨૭૩)* અને હુઝૂરે અન્વર ﷺનો એ અમલ કે સરકાર ﷺ અસ્હાબે સુફ્ફાને જેઓ સિત્તેર હતા અને સૌ કમાવા માટે શક્તિમાન હતા પણ તેમણે પોતાને ઈલ્મે દીન શીખવા માટે વક઼્ફ કરી દીધા હતા તેમને ઝકાત આપતા હતા. એનું વર્ણન એ જ દર્શાવેલ આયતમાં છે. આ હદીષ આ આયત તથા આ અમલથી મન્સૂખ છે. અથવા અહીં لَا يَحِلُّનો અર્થ છે લાયક નથી. એટલે ગની (માલદારો) સદક઼ો લેવો લાયક નથી, હરામ છે અને તંદુરસ્ત ફક઼ીરને લાયક નથી (એટલે અયોગ્ય છે) અથવા સદક઼ાથી મુરાદ ભીખ માગવું છે. જેવું કે આગલા પ્રકરણની હદીષથી સાબિત છે. તે હદીષો આ હદીષની શરહ છે. ઈમામે આ'ઝમનો મઝહબ ક઼વી (મજબૂત) છે. કેમ કે રબ તઆલાએ ઝકાતના જે આઠ ખર્ચવાના સ્થાનો (મસ્રફ) વર્ણવ્યા : اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ--الیہ એમાં મજબૂર, બીમાર કે તંદુરસ્તની શરત નથી લગાડી. જાણવા મળ્યું કે દરેક ફક઼ીર (ગરીબ) તંદુરસ્ત કે બીમાર ઝકાત લઈ શકે છે.

**★ હદીષ : (૧૧)-૧૮૩૧ ★**

وَرَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ عَنْ أَبِي هُرَيْرَةَ

*"અને અહમદ તથા નિસાઈ તથા ઈબ્ને માજહએ હઝરત અબૂ હુરૈરહથી."*

**★ હદીષ : (૧૨)-૧૮૩૨ ★**

وَعَنْ عُبَيْدِ اللَّهِ بْنِ عَدِيِّ بْنِ الْخِيَارِ قَالَ: أَخْبَرَنِي رَجُلَانِ أَنَّهُمَا أَتَيَا النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِي حَجَّةِ الْوَدَاعِ وَهُوَ يُقَسِّمُ الصَّدَقَةَ فَسَأَلَاهُ مِنْهَا فَرَفَعَ فِينَا النَّظَرَ وَخَفَضَهُ فَرَآنَا جَلْدَيْنِ فَقَالَ: «إِنْ شِئْتُمَا أَعْطَيْتُكُمَا وَلَا حَظَّ فِيهَا لِغَنِيٍّ وَلَا لِقَوِيٍّ مكتسب» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અદી ઈબ્ને ખિયારથી રિવાયત કરી. ફર્માવે છે કે મને બે શખ્સોએ ખબર આપી કે તે બંનેવ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા જ્યારે કે આપ હજ્જતુલ વિદાઅમાં હતા. સદક઼ો વહેંચી રહ્યા હતા[૧]. તેમણે પણ હુઝૂરથી સદક઼ો માગ્યો તો હુઝૂરે અમારા પર નજર ઉઠાવી પછી ઝુકાવી, અમને તંદુરસ્ત તથા મજબૂત જોયા તો ફર્માવ્યું કે જો તમે ચાહો તો તમને આપી દઉં પણ આમાં ન ગનીનો હિસ્સો છે ન કમાવા લાયક તંદુરસ્તનો[૨]." (અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** જાહેર એ છે કે આ સદક઼ો ફર્ઝ એટલે ઝકાતનો હશે. અને હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હાજીઓએ પોતાની ઝકાત વહેંચવા માટે રજૂ કરી હશે, જેમ કે સહાબીઓનો દસ્તૂર હતો. આજે પણ મુસલમાન પોતાના સદક઼ાઓ હરમૈન શરીફૈન જનારાઓને આપી દે છે કે ત્યાં વહેંચણી કરી દેજો. (જો કે હવે એ રિવાજ નથી રહ્યો. *–અનુવાદક*) એ જ અમલનો માખઝ આ હદીષ છે. હરમૈનવાળાઓ રસૂલુલ્લાહ ﷺના પડોશી છે અને ત્યાં સદક઼ાનો સવાબ એકનો એક લાખ સુધી છે, એટલા માટે આ અમલ કરે છે. એ આ હદીષની વિરુદ્ધ નથી કે ક઼ૌમનો સદક઼ો અથવા કોઈ શહેરનો સદક઼ો એ જ ક઼ૌમ કે શહેરમાં ખર્ચ કરવામાં આવે. કેમ કે ત્યાં હેતુ એ છે કે બધો જ સદક઼ો બહાર અથવા બીજી ક઼ૌમમાં ન મોકલી દો અને એ શહેર તથા ક઼ૌમને તદ્દન વંચિત ન કરી દો.

**૨.** એમાં બંનેવ ને તક઼વા તથા પાકીઝગીની તાલીમ છે. એટલે કેમ કે તમે બંનેવ ભલે ફકીર (ગરીબ) છો પણ તંદુરસ્ત અને કમાવાને પાત્ર છો એટલા માટે એમાંથી લેવું તમારા માટે યોગ્ય નથી. જો તેમને એ સદક઼ો લેવું હરામ હોત જેવું કે હઝરત ઈમામ શાફઈ ફર્માવે છે તો હુઝૂરે અન્વર ﷺ એવું ન ફર્માવતા કે જો તમે ચાહો તો તમને આપી દઉં. આ અખ્તયાર આપવાથી માલૂમ થઈ રહ્યું છે કે આપવું જાઈઝ છે પણ બેહતર નથી.

**★ હદીષ : (૧૩)-૧૮૩૩ ★**

وَعَنْ عَطَاءِ بْنِ يَسَارٍ مُرْسَلًا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: " لَا تَحِلُّ الصَّدَقَةُ لِغَنِيٍّ إِلَّا لِخَمْسَةٍ: لِغَازٍ فِي سَبِيلِ اللَّهِ أَوْ لِعَامِلٍ عَلَيْهَا أَوْ لِغَارِمٍ أَوْ لِرَجُلٍ اشْتَرَاهَا بِمَالِهِ أَوْ لِرَجُلٍ كَانَ لَهُ جَارٌ مِسْكِينٌ فَتَصَدَّقَ عَلَى الْمِسْكِينِ فَأَهْدَى الْمِسْكِينِ للغني".رَوَاهُ مَالك وَأَبُو دَاوُد

*"હઝરત અતા ઈબ્ને યસારથી મુરસલન[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, પાંચના સિવાય કોઈ ગનીને સદકો હલાલ નથી : અલ્લાહની રાહમાં જેહાદ કરનાર[૨] અને સદકા પર આમિલ[૩] અને કરજદાર[૪] અથવા તેને જે પોતાના માલથી સદકો ખરીદે અથવા તેને જેનો કોઈ પડોશી મિસ્કીન હતો, તો મિસ્કીન પર સદકો કરવામાં આવ્યો પછી મિસ્કીને તે ગનીને હદિયો આપ્યો.[૫]"*

**★ હદીષ : (૧૪)-૧૮૩૪ ★**

وَفِي رِوَايَةٍ لِأَبِي دَاوُدَ عَنْ أَبِي سَعِيدٍ: «أَوابن السَّبِيل»

*"અને અબૂ દાઊદની એક રિવાયતમાં જે હઝરત અબૂ સઈદથી છે કે અથવા મુસાફિર."*

**૧ :** આપ જલીલુલ કદર તાબઈ છે. હઝરત ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا ના આઝાદ કરેલા ગુલામ છે. મહાન આલિમ તથા આબિદ હતા. કેમ કે આ અસ્નાદમાં સહાબીનો ઉલ્લેખ નથી, એટલા માટે આ હદીષ મુરસલ છે અને અહનાફને ત્યાં હદીષ મુરસલ હુજ્જત (દલીલ) છે.

**૨.** ઈમામ શાફઈને ત્યાં માલદાર સહાબી ઝકાત લઈ શકે છે. આ હદીષ તેમની દલીલ છે પણ આપણે ત્યાં ગાઝી મુસાફિર જેની પાસે માલ ખત્મ થઈ ચૂક્યો કે તે સફરના કારણે લઈ શકે છે ન કે કેવળ જેહાદના કારણે. આપણે ત્યાં એ મુસાફિર ગાઝી જ મુરાદ છે. અને ઈમામ શાફઈને ત્યાં હદીષે મુરસલ હુજ્જત નથી એટલા માટે તે આ હદીષથી દલીલ નથી લઈ શકતા. તેમજ અન્ય હદીષોમાં સ્પષ્ટપણે ફર્માવવામાં આવ્યું કે માલદારોથી ઝકાત લો અને ફકીરો (ગરીબો)ને આપો. ત્યાં ગાઝી અપવાદ નથી. અથવા ઈર્શાદ ફર્માવ્યો કે સદકો માલદાર માટે હલાલ નથી. ફત્હુલ કદીર તથા મિર્કાતે ફર્માવ્યું, આ હદીષ ઝઈફ છે.

**૩.** આમિલથી મુરાદ ઝકાતની વસૂલાતનું કામ કરનાર છે. જેમ કે આશિર, હાસિબ, કાતિબ વગેરે. એઓ સૌ પોતાની મજૂરી ઝકાતથી લેશે તેમના માટે એ ઉઝરત (મજૂરી, વળતર) ગણાશે ન કે ઝકાત. પણ અલ્લાહુ અકબર ! બની હાશિમ આમિલ થઈને પણ ઝકાતથી ઉઝરત નથી લઈ શકતા.

**૪.** હક્ક એ છે કે કરજદારથી તે મુરાદ છે જે માલિકે નિસાબ તો છે પણ તેનો નિસાબ કરજમાં ડૂબેલો છે. દા.ત. સો રૂપિયાનો માલિક છે પણ નેવુ રૂપિયાનો કરજદાર છે અને તેને ગનીમાં દાખલ કરવો એ જાહેરી હાલતના કારણે છે, નહીં તો હકીકતમાં તે ફકીર છે.

**૫.** આ જાઈઝ હોવું એ બિના પર છે કે માલિકી બદલાય જવાથી હુકમ બદલાય જાય છે. જુઓ, હુઝૂરે અન્વર ﷺ એ તે ગોશ્ત ખાધો જે બરીરાને સદકો આપવામાં આવ્યો હતો. જેથી જ્યારે મિસ્કીનથી ઝકાત ખરીદી લીધી અને તેણે હદિયા રૂપે તેને કાંઈ આપી દીધુ તો હવે એ ઝકાત ન રહી. એના પર ઘણા બધા શરઈ હુકમો સંપાદિત થશે. પણ યાદ રાખશો કે એમાં ખરીદ વેચાણમાં ધોકો ન હોય. રબ તઆલા નિય્યત જાણે છે જેથી સાહિબે નિસાબ ફકીર પાસેથી પોતાની ઝકાત ધોકાથી સસ્તી ન ખરીદે. હઝરત ઈબ્ને ઉમરને જે હુઝૂરે અન્વર ﷺ એ ખુદ પોતાના

સદકાનો ઘોડો ફકીરથી ખરીદવાનુ મના કરી આપ્યું. એનું કારણ એ હતું કે તે ફકીર હઝરત ઈબ્ને ઉમરને એટલા માટે સસ્તુ આપતો હતો કે એમનો જ સદકો છે. જેથી આ હદીષ આ બનાવની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૧૫)-૧૮૩૫ ★**

وَعَنْ زِيَادِ بْنِ الْحَارِثِ الصُّدَائِيِّ قَالَ: أَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَايَعْتُهُ فَذَكَرَ حَدِيثًا طَوِيلًا فَأَتَاهُ رَجُلٌ فَقَالَ: أَعْطِنِي مِنَ الصَّدَقَةِ. فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ لَمْ يَرْضَ بِحُكْمِ نَبِيٍّ وَلَا غَيْرِهِ فِي الصَّدَقَاتِ حَتَّى حَكَمَ فِيهَا هُوَ فَجَزَّأَهَا ثَمَانِيَةَ أَجْزَاءٍ فَإِنْ كُنْتَ مِنْ تِلْكَ الْأَجْزَاءِ أَعطيتك» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત ઝિયાદ ઈબ્ને હારિષ સુદાઈથી ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. આપે બયઅત કરી.[૧] તેમણે એક લાંબી હદીષ સંભળાવી કે આપની પાસે એક શખ્સ આવ્યો, બોલ્યો કે મને સદકામાંથી આપો[૨]. તેમને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ સદકાઓના વિશે નબી વગેરેના હુકમથી રાજી ન થયો ત્યાં સુધી કે તેનો ખુદ હુકમ આવ્યો[૩] મસ્રફ (ઝકાત આપી શકાય તેઓ)ના આઠ પ્રકાર રબ તઆલાએ કર્યા. જો તમે એ આઠ પ્રકારોમાંથી હોવ તો હું તમને આપી દઉં.[૪]" (અબૂ દાઊદ)*

**૧.** આ બયઅત ઈસ્લામની બયઅત હતી. હુઝૂરે અન્વર ﷺએ કોઈને મુસલમાન કરતી વખતે દીન પર અડગતાની બયઅત, તૌબાની, તક્વાની, કોઈ ખાસ હુકમ પર અમલ કરવાની પણ બયઅત લીધી છે. ઈસ્લામની બયઅતનું વર્ણન આ આયતમાં છે : اِذَا جَآءَكَ الْمُؤْمِنٰتُ يُبَايِعْنَكَ---الیہ (હે નબી ! જ્યારે તમારી સમક્ષ મુસલમાન સ્ત્રીઓ હાજર થાય એના માટે બયઅત કરવા કે અલ્લાહનો કોઈ શરીક ન ઠરાવશે... છેવટ સુધી.

*(સૂ. મુમ્તહિના, ૬૦/૧૨)*

**૨.** સદકાથી મુરાદ ઝકાત છે જેવું કે આગામી જવાબથી માલૂમ થઈ રહ્યું છે. હુઝૂરે અન્વર ﷺની પાસે ગની સહાબીઓ પોતાની ઝકાતો વહેંચવા આપી જતા હતા. હુઝૂરે અન્વર ﷺ પર ઝકાત ફર્ઝ ન હતી. અહીં તે ઝકાતો મુરાદ છે.

**૩.** એટલે કે રબ તઆલા એ ડાયરેક્ટ જેટલા પ્રમાણે ઝકાત જેમને આપી શકાય તેની વિગત વર્ણવી એટલી વિગત અન્ય અહકામની નથી વર્ણવી ત્યાં સુધી કે ખુદ ઝકાત તથ નમાઝનું સંક્ષિપ્ત વર્ણન પણ કર્યું, નબીના વર્ણન પર પૂરતુ ન રાખ્યું. રાજી ન હોવાથી મુરાદ પૂરતુ ન જાણવું છે. આ શબ્દથી ધોકો ન ખાવો જોઈએ કેમ કે અલ્લાહ તઆલા પોતાના મહબૂબ તથા તેમના સર્વ અહકામથી રાજી છે. તેમના ગુલામોના બારામાં ફર્માવ્યું رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ (અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી. *સૂ. માઈદા, ૫/૧૧૯)*

**૪.** આ કલામનો હેતુ એ છે કે તમે એ આઠમાંથી નથી, જેથી તમે ઝકાત નથી લઈ શકતા. આ ચર્ચા ચેતવણી રૂપે થઈ છે જેથી એના કારણે એ નથી કહી શકાતુ કે હુઝૂરે અન્વર ﷺ લોકોની આંત્રિક સ્થિતિઓથી બેખબર છે. ઈસા علیہ السلام ફર્માવે છે કે જે કાંઈ તમે ઘરોમાં ખાઓ બચાવો છો તે હું તમને અહીં બતાવી શકુ છું. હુઝૂરે અન્વર ﷺએ દફન થયેલ મુદડાંઓના વિશે ફર્માવ્યું, આ ચુગલખોર હતો, આ પેશાબના છાંટાઓથી બચતો ન હતો. યાદ રાખશો કે અહનાફને ત્યાં ઝકાત સર્વ મસરિફ (ઝકાત જેમને આપી શકાય) પર વહેંચણી કરવી જરૂરી નથી કોઈ એક મસ્રફને પણ આપી શકીએ છીએ. આ હદીષ હનફીઓ (અહનાફ)ની વિરૂધ્ધ નથી.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૬)-૧૮૩૬ ★**

عَنْ زَيْدِ بْنِ أَسْلَمَ قَالَ: شَرِبَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ لَبَنًا فَأَعْجَبَهُ فَسَأَلَ الَّذِي سَقَاهُ: مِنْ أَيْنَ هٰذَا اللَّبَنُ؟ فَأَخْبَرَهُ أَنَّهُ وَرَدَ عَلَى مَاءٍ قَدْ سَمَّاهُ فَإِذَا نَعَمٌ مِنْ نَعَمِ الصَّدَقَةِ وَهُمْ يَسْقُونَ فَحَلَبُوا مِنْ أَلْبَانِهَا فَجَعَلْتُهُ فِي سِقَائِي فَهُوَ هٰذَا: فَأَدْخل عمر يَده فاستقاءه. رَوَاهُ مَالِكٌ وَ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*"હઝરત ઝયદ ઈબ્ને અસ્લમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે દૂધ પીધું તો આપને પસંદ આવ્યું તો પીવડાવનારાને પૂછયું કે આ દૂધ ક્યાંથી લાવ્યો ?[૨] તેણે બતાવ્યું કે તે એક ઘાટ પર ગયો હતો, જેનું તેણે નામ લીધુ. તો ત્યાં સદકાનાં જાનવર હતાં તે પાણી પીવડાવી રહ્યા હતા. તેમણે એ જાનવરોનું દૂધ દોહ્યું તો મેં મારા મશકમાં રેડી લીધું[૩] આ તે દૂધ છે. તો હઝરત ઉમરે મોંમા હાથ નાખ્યો અને ઉલ્ટી કરી દીધી.[૪]" (માલિક, બયહકી શોઅબુલ ઈમાન)*

**૧.** આપ તાબઈ છે. હઝરત ઉમર ફારૂકના આઝાદ કરેલા ગુલામ છે. મહાન ફકીહ તથા આબિદ હતા. આપના દર્સમાં ચાલીસ ફકીહો બેસતા હતા ત્યાં સુધી કે હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ આપના દર્સમાં શરીક થતા હતા. *(અશિઅતુલ લમ્આત)*

**૨.** મિર્કાતે ફર્માવ્યું કે આ હઝરત ઉમરની ફરાસત (દૂરંદેશી) છે. આપે મેહસૂસ કર્યું કે દરરોજ હું દૂધ પીતો હતો તો નફસ આટલા પ્રમાણમાં ખુશ થતો ન હતો, આજે આટલુ પસંદ કેમ કરે છે ?! નફસ એનાથી આટલો રાજી તથા ખુશ કેમ થયો ? એમાં કાંઈક રાઝ છે. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, મોમિન ફરાસતથી ડરો ! તે અલ્લાહના નૂરથી જુએ છે.

**૩.** એટલે કે ઝકાતનાં ઊંટો કૂવા તથા ઘાટ પર પાણી પીવા આવતાં હતાં. એનુ દૂધ ખૈરાત કરવામાં આવ્યું. મેં પણ તે ખૈરાતી દૂધ લઈ લીધું કેમ કે હું ફકીર છું. અરબમાં જ્યારે જાનવર પાણી પીવડાવવા માટે એકત્ર થતાં હતાં તો ફકીરો (ગરીબો) ભેગા થઈ જતા હતા જેમને દૂધ ખૈરાતના રૂપે આપવામાં આવતુ હતું.

**૪.** ઉલમા ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہનું ઉલ્ટી કરી દેવું એ તકવો હતો કે મારા પેટમાં સદકાનું દૂધ ન રહે, અને શરીરનો ભાગ ન બને. અને હુઝૂરે અન્વર ﷺનું હઝરત બરીરા પર સદકો કરેલ ગોશ્તને હદિયા રૂપે સ્વીકારવું ફત્વો છે. પરિણામ એ આવ્યું કે ફકીરનો હદિયો કરેલો માલ ખાય લેવો શરીઅતની રૂએ જાઈઝ છે, અને ન ખાવો એહતેયાત (સાવધાની) છે. એ પણ થઈ શકે છે કે હઝરત ઉમરને શંકા ગઈ કે કદાચ દૂધ આપનારાઓને (બીજાને) આપવાનો અખ્તયાર ન હોય અથવા લેનારો લેવાનો મુસ્તહિક ન હોય, એ શંકાના આધારે આપે આ સાવધાની વર્તી હોય.

**લતીફો** : એક આલિમના પુત્રને કોઈ લોંડીએ પોતાનું દૂધ પીવડાવી દીધુ. તેમણે તેના ગળામાં આંગળી નાખીને તે દૂધ કાઢી નાખ્યું અને ફર્માવ્યું કે હું નથી ચાહતો કે કમીની સ્ત્રીનું દૂધ મારા બાળકનો ભાગ બને અને તેની તબીઅતમાં કમીનાપણુ પેદા થાય. આના જેવી સાવધાનીઓની દલીલ આ હદીષ છે.

# باب لاتحل له المسئلة ومن تحل له
# બાબો લા તહિલ્લુ લહુલ્ મસ્અલતુ વ મન તહિલ્લુલહૂ[1]
## (માગવું કોના માટે હલાલ છે અને કોને નથી ?)

## (વિભાગ : ૧) الفصل الاول

અહીં માગવાથી મુરાદ ઝિલ્લત તથા બેઈજ્જતીનું માગવું છે એટલે ભીખ માગવી. જેથી બાપનુ ઔલાદથી અથવા માલિકનું ગુલામથી અથવા એનાથી ઉલ્ટુ અથવા તેમનાથી કાંઈક માગવું જેમનાથી માગવામાં કાંઈ શરમ ન હોય એ જાઈઝ છે. હુઝૂરે અન્વર ﷺથી શફાઅત તથા અલ્લાહના ઈનામો તથા આખેરતની નેઅમતોની ભીખ માગવી એ બાદશાહો માટે ગર્વ તથા ઈજ્જતની વાત છે. એના પર ઉલમાની એકમતી છે કે વિના જરૂરતે માગવું મના છે. એમાં મતભેદ છે કે મકરૂહ છે કે હરામ. હક્ક એ છે કે હરામ છે. સવાલની જરૂરમાં ઘણી વિગત છે જે આગળ આવી રહી છે. યાદ રાખશો કે ઝકાત વાજિબ થવાનો નિસાબ અલગ છે અને ઝકાત લેવાની હુર્મત (હરામ હોવા)નો નિસાબ અલગ છે પણ સવાલ હરામ થવાનો નિસાબ કાંઈ અલગ જ છે. જેની પાસે બે સમય જેટલુ ખાવાનું હોય અથવા કમાવા શક્તિમાન હોય તે ભીખ ન માગે. الا بماهو يجيئ عن قريب

### ★ હદીષ : (૧)-૧૮૩૭ ★

عَن قبيصَة بن مُخَارق الْهِلَالِي قَالَ: تَحَمَّلْتُ حَمَالَةً فَأَتَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَسْأَلُهُ فِيهَا. فَقَالَ: «أَقِمْ حَتَّى تَأْتِينَا الصَّدَقَة فنأمر لَك هَا» . قَالَ ثُمَّ قَالَ: «يَا قَبِيصَةُ إِنَّ الْمَسْأَلَةَ لَا تَحِلُّ إِلَّا لِأَحَدِ ثَلَاثَةٍ رَجُلٍ تَحَمَّلَ حَمَالَةً فَحَلَّتْ لَهُ الْمَسْأَلَةُ حَتَّى يُصِيبَهَا ثُمَّ يُمْسِكُ وَرَجُلٍ أَصَابَتْهُ جَائِحَةٌ اجْتَاحَتْ مَالَهُ فَحَلَّتْ لَهُ الْمَسْأَلَةُ حَتَّى يُصِيبَ قِوَامًا مِنْ عَيْشٍ أَوْ قَالَ سِدَادًا مِنْ عَيْشٍ وَرَجُلٍ أَصَابَتْهُ فَاقَةٌ حَتَّى يقوم ثَلَاثَة من ذَوي الحجى مِنْ قَوْمِهِ. لَقَدْ أَصَابَتْ فُلَانًا فَاقَةٌ فَحَلَّتْ لَهُ الْمَسْأَلَةُ حَتَّى يُصِيبَ قِوَامًا مِنْ عَيْشٍ أَوْ قَالَ سِدَادًا مِنْ عَيْشٍ فَمَا سِوَاهُنَّ من الْمَسْأَلَة يَا قبيصَة سحتا يأكلها صَاحبهَا سحتا» . رَوَاهُ مُسلم

*"હઝરત કબીસા ઈબ્ને મુખારિક઼થી રિવાયત છે ફર્માવે છે કે હું એક કરજનો જામિન બની ગયો હતો[1] રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એના માટે કાંઈક માગવા માટે હાજર થયો.[2] તો હુઝૂરે ફર્માવ્યું, થોભો, ત્યાં સુધી કે સદક઼ો આવી જાય, તો અમે તેનો તમારા માટે હુકમ આપી દઈશું[3] પછી ફર્માવ્યું, હે કબીસા ! ત્રણ શખ્સો સિવાય કોઈએ માગવું જાઈઝ નથી : એક તે શખ્સ જે કોઈ કરજનો જામિન થઈ ગયો હોય, તેમણે માગવું જાઈઝ છે, ત્યાં સુધી કે કરજ જેટલુ મેળવી લે પછી દૂર રહે.[4] એક તે જેના પર આફત આવી જાય જે તેનો માલ બર્બાદ કરી દે, તેણે માગવું હલાલ છે.[5] ત્યાં સુધી કે જિંદગી સ્થગિત કરી લે પામે અથવા ફર્માવ્યું કે જિંદગીની દુરુસ્તી પામે[6] અને એક તે જેને ફાક઼ા પહોંચી જાય ત્યાં સુધી કે તેની કૌમના ત્રણ બુધ્ધિવાળા ઉઠીને કહી દે કે ફલાણો ફાક઼ાએ પહોંચી ગયો છે, તો તેણે માગવું હલાલ છે[7] ત્યાં સુધી કે જિંદગીનું ઠેકાણુ કે જિંદગીની દુરુસ્તી પામે. હે કબીસા ! એના સિવાય માગવું હરામ છે કે માગનાર હરામ ખાય છે.[8]" (મુસ્લિમ)*

**૧.** حمالہ એટલે એ ઝમાનતની સ્થિતિ એ હોય છે કે બે કૌમો દિયત અથવા બીજા કરજના માલના કારણે આપસમાં લડવા લાગી. કોઈ એમાં સુલહ કરાવવા અને બુરાઈ દૂર કરવા માટે કરજદારનું કરજ અથવા મક્તૂલની દિયત પોતાના માથે લઈ લે, એટલે ઝઘડો મિટાવવા અથવા સુલહ કરાવવા માટે માલનો જામિન બની જવું અથવા પોતાના માથે લઈ લેવું. *(મિર્કાત તથા લમ્આત વગેરે)*

**૨.** જેથી કરીને હુઝૂરે અન્વર ﷺ મને માલ અતા કરી દે જેનાથી હું તે કરજ ચૂકવી દઉં અથવા દિયત અદા કરી દઉં.

**૩.** સદક઼ાથી મુરાદ જાહેરી માલ, જાનવરો તથા પેદાવારની ઝકાત છે જેને ઈસ્લામી હુકૂમત વસૂલ કરતી હતી અથવા બાતિની માલ એટલે સોનુ ચાંદી વગેરેની ઝકાત જે ગની સહાબીઓ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર કરતા હતા જેથી હુઝૂર ﷺ જ ખૈરાત કરી આપે. અને હુઝૂરે અન્વર ﷺની બરકતથી ખૈરાત ક઼બૂલ થાય. એટલે હે ક઼બીસા ! એટલી રાહ જુઓ કે ઝકાત વસૂલ થઈ જાય તો એના વડે તમારી ઝમાનતની રકમ અદા કરી દેવામાં આવે.

**૪.** એનાથી જાણવા મળ્યું કે એવો જામિન ભલે માલદાર પણ હોય તો સદક઼ો માગી શકે છે કેમ કે એ માગવુ પોતાના માટે નથી બલ્કે તે કરજદાર ગરીબના માટે છે જે ફ઼ક઼ીર છે તેનો એ જામિન છે. રબ તઆલાએ ઝકાતના મસારિફમાં ગાઝમીન (કરજદારો)નો પણ ઉલ્લેખ કર્યો છે, તે આ જ કરજદાર છે.

**૫.** એટલે કે એ શખ્સ ગની હતો પણ અચાનક આફતે માલ બર્બાદ કરીને તેને ફ઼ક઼ીર કરી દીધો. ભલે તંદુરસ્ત છે, કમાવા માટે શક્તિમાન છે, પણ કમાતા સુધી શું ખાય, તે એ સમય સુધી માગી શકે છે. જ્યારે કાંઈ ગુજારા જેટલુ કમાય તો સવાલથી રોકાય જાય.

**૬.** سدادًا (સદાદુન) કે سُدٌّ (સદુન) સીનના ફતહથી રુકાવટ તથા આડના અર્થમાં. અથવા سِدٌّ (સદુન) સીનના ઝેર (કસરા)થી છે દુરુસ્તી તથા સુધારણાના અર્થમા. એટલે એટલો માલ હાંસલ કરે જેનાથી ફ઼ક્રો ફ઼াক઼ા રોકાયને જિંદગી દુરુસ્ત થઈ જાય. સારાંશ કે ભીખ માગવી મુરદાર જાનવરની જેમ છે.

**૭.** આ ગવાહીની કેદ (શર્ત) એના માટે છે જેના સંબંધે લોકોને શંકા હોય કે માલદાર છે છતાં વિના જરૂરતે માગી રહ્યો છે. કૌમથી મુરાદ એની સ્થિતિથી માહિતગાર લોકો છે ચાહે તેની બિરાદરીના હોય અથવા આસપાસના. એટલે ઓછામાં ઓછા ત્રણ હાલથી વાકેફ લોકો જેમને ગરીબી અમીરી, હાજત તથા માલદારીની પહેચાન હોય તેઓ બતાવી દે કે ખરેખર આ ફ઼ાક઼ામાં છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની હિજરતથી પહેલાં મદીનાવાસીઓ કરજ લેવા તથા સવાલ કરવામાં શરમ અનુભવતા ન હતા, તેના તેઓ આદી હતા. હુઝૂરે અન્વર ﷺએ તેમની આદતોને બદલવાના માટે સવાલ પર તો આ પાબંદીઓ લગાડી. કરજદારની જનાઝાની નમાઝ ખુદ ન પઢી, બીજાઓ પાસે પઢાવી જેથી બોધ લે અને કરજ બને ત્યાં સુધી ન લે.

**૮.** યાદ રાખશો ત્રણનો આ હસ્ર (લિમિટ) ઈઝાફ઼ી છે હક઼ીક઼ી નથી, આ ત્રણના સિવાય અન્ય સ્થિતિઓ પણ છે જેમાં સવાલ દુરુસ્ત હોય છે. જેમ કે તે હાથ પગ વિનાનો જે કમાવા શક્તિમાન નથી. તે તાલિબે ઈલ્મ જેણે પોતાને ઈલ્મની તલબના માટે વક઼્ફ઼ કરી દીધો હોય અને લોકો ધ્યાન ન કરતા હોય, માગ્યા વિના ન આપતા હોય. મિર્કાતે ફ઼ર્માવ્યું કે ખાનકાહોના તે મુજાવર જેમણે પોતાને રિયાઝત તથા મુજાહિદાઓ માટે સાચા અર્થમાં વક઼્ફ઼ કરી દીધા હોય, તેમના માટે તેમનામાંનો જ કોઈ એક જણ સવાલ કરી શકે છે. રોટી કપડાં ભેગાં કરી શકે છે. પણ યાદ રાખશો કે રબ તઆલા નિય્યતથી ખબરદાર છે જેથી માગવાના માટે (બનાવટી) સૂફ઼ી ન બની જાય.

**★ હદીષ : (૨)-૧૮૩૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَأَلَ النَّاسَ أَمْوَالَهُمْ تَكَثُّرًا فَإِنَّمَا يَسْأَلُ جمرا. فليستقل أَو ليستكثر» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ માલ વધારવાના માટે ભીખ માગે તો તે અંગારો માગે છે, હવે ચાહે ઓછુ કરે કે વધારે.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે સખત જરૂરત વિના ભીખ માગે. હાજત પ્રમાણે તો માલ ધરાવતો હોય છતાં વધારા માટે માગતો ફરે તે જાણે દોઝખના અંગારા જમા કરી રહ્યો છે. કેમ કે એ માલ દોઝખમાં જવાનો સબબ છે એટલા માટે તેને અંગારો દર્શાવ્યો. આ હદીષથી આજકાલના સામાન્ય ધંધાદારી ભીખારીઓએ ઈબ્રત લેવી જોઈએ. હાલમાં જ રાવળપિંડીમાં એક ભીખારીએ ત્યજાએલા મકાનની લિલામીમાં ૪૫ હજાર રૂપિયાની બોલી બોલીને મકાન ખરીદયું. તે ભીખ જ માગતો હતો. અફસોસ છે કે આજે મુસલમાનોમાં ભીખ માગવાની બીમારી ખૂબ જ અધિક પ્રમાણમાં છે. આ ગુનાહમાં તેઓ પણ શરીક છે જેઓ આ જાડા તગડા ધંધાદારી ભીખારીઓને ભીખ આપે છે.

**★ હદીષ : (3)-૧૮૩૯ ★** رضی اللہ عنہ

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا يَزَالُ الرَّجُلُ يَسْأَلُ النَّاسَ حَتَّى يَأْتِيَ يَوْمَ الْقِيَامَةِ لَيْسَ فِي وَجْهِهِ مُزْعَةُ لحم»

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે માણસ લોકોથી માગતો રહે છે ત્યાં સુધી કે ક઼યામતના દિવસે એ રીતે આવશે કે તેના ચહેરામાં ગોશ્તનો ટુકડો ન હશે.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે ધંધાદારી ભીખારી અને વિના જરૂરતે લોકોથી માગવાનો આદી ક઼યામતમાં એ રીતે આવશે કે તેના ચહેરામાં કેવળ હાડકાં અને ચામડી હશે, ગોશ્તનું નામ ન હશે, જેનાથી મહેશરવાળા પહેચાની લેશે કે એ ભીખારી હતો. અથવા એ મતલબ છે કે તેના ચહેરા પર ઝિલ્લત તથા બેઈજ્જતીની અસરો હશે. જેવી રીતે દુનિયામાં પણ ભીખારીનું મોં છુપાયેલુ નથી રહેતું, લોકો જોતાં જ ઓળખી જાય છે કે આ માગનારો છે. યાદ રાખશો કે એ જે હદીષ શરીફમાં છે કે ક઼યામતમાં રબ તઆલા ઉમ્મતે મુહમ્મદીની પર્દાપોશી કરશે. એનો અર્થ ક્યાં તો એ છે કે તેમના દુનિયવી છુપા અમલો બીજા ઉમ્મતીઓ પર જાહેર કરશે નહીં. અને ભીખ છુપી અયબ ન હતી, ઉઘાડી હતી. જેના માટે ભીખારી શરમ પણ કરતો ન હતો. અથવા એ મતલબ છે કે આપણા અયબો બીજી ઉમ્મતો પર જાહેર કરશે નહીં. ભીખારીનો આ બનાવ ખુદ મુસલમાનોમાં જ થશે. જેથી હદીષોમાં ટકરાવ નથી. મિર્ક઼ાતમાં આ જગાએ છે કે ઈમામ અહમદ બિન હંબલ આ દુઆ માગ્યા કરતા હતા, ઈલાહી ! જેવી રીતે તેં મારા ચહેરાને ગૈરના સિજદાથી બચાવ્યો એવી જ રીતે મારા મોઢાને અન્યોથી માગવાની લઅનતથી બચાવ.

**★ હદીષ : (૪)-૧૮૪૦ ★**

وَعَنْ مُعَاوِيَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُلْحِفُوا فِي الْمَسْأَلَةِ فوَاللّٰه لَا يسألني أحدق مِنْكُمِ شَيْئًا فَتُخْرِجَ لَهُ مَسْأَلَتُهُ مِنِّي شَيْئًا وَأَنَا لَهُ كَارِهٌ فَيُبَارَكَ لَهُ فِيمَا أَعْطَيْتُهُ» . رَوَاهُ مُسلم

*"હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે માગવામાં જીદ ન કરો[૧] અલ્લાહની ક઼સમ ! એવું નથી થઈ શકતું કે તમારામાંથી કોઈ મારાથી કાંઈ માગે તેનું માગવું મારાથી કાંઈક કઢાવે જો કે હું નાખુશ હોઉં તો એને મારા આપેલામાં બરકત આપવામાં આવે.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે સવાલ પર અડી ન જાય કે સામેવાળો આપવા ન ચાહે અને તમે લીધા વગર હટવા ન ચાહો. માગવું એક અયબ છે અને તેના અડી જવું (હઠ કરવી) દસ ગણી અયબ છે. રબ ફર્માવે છે : لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا (લોકોથી સવાલ નથી કરતા કે કરગરવુ પડે. *સૂ. બક઼રહ, ૨/૨૭૩)*

**૨.** હુઝૂરે અન્વર ﷺએ ઝિક્ર (ઉલ્લેખ) તો પોતાનો કર્યો પણ કુલ્લી ક઼ાનૂન દર્શાવ્યો. જે ભીખારી હઠ કે અડીથી ભીખ વસૂલ કરે અને આપનારો આપવા ન ચાહે તો તે ભીખમાં સખત બેબરકતી થશે. ઈમામ ગિઝાલી ફર્માવે છે, જે ફકીર એ જાણવા છતાં કે આપનારો કેવળ શરમના કારણે આપી રહ્યો છે, તેનું દિલ આપવા નથી ચાહતુ તો એ માલ ભીખારી માટે હરામ છે. યાદ રાખશો કે ભીખારીની જીદ કાંઈ અલગ છે અને ચંદો કરનારાઓનો લેહાઝ કાંઈ અલગ. જીદ હરામ છે, લેહાઝનો હુકમ નથી. આજે મસ્જિદો, મદ્‌રસાઓના ચંદાઓમાં સામાન્યતઃ જોવામાં આવે કે શહેરનો મહાન ઈજ્જતદાર માણસ માલદાર માણસ અધિક વસૂલી કરી શકે છે. વળી પોતાના માટે માગવાના અને દીની કામો માટે ચંદો કરવાના એહકામમાં પણ ફરક છે.

**★ હદીષ : (૫)-૧૮૪૧ ★**

وَعَنِ الزُّبَيْرِ بْنِ الْعَوَّامِ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَأَنْ يَأْخُذَ أَحَدُكُمْ حَبْلَهُ فَيَأْتِيَ بِحُزْمَةِ حَطَبٍ عَلَى ظَهْرِهِ فَيَبِيعَهَا فَيَكُفَّ اللّٰهُ بِهَا وَجْهَهُ خَيْرٌ لَهُ مِنْ أَنْ يَسْأَلَ النَّاسَ أَعْطَوْهُ أَوْ مَنَعُوهُ» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત ઝુબેર ઈબ્ને અવામથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ પોતાની રસ્સી લે પછી પોતાની પીઠ પર લાકડીઓનો ભારો લાદે, તેને વેચે જેનાથી અલ્લાહ તેની ઈજ્જત બચાવે. તે એનાથી બેહતર છે કે લોકોથી માગે, અને લોકો તેને આપે કે ન આપે.[૧]" (બુખારી)*

**૧.** ખુલાસો એ છે કે મામૂલીથી મામૂલી કામ કરવું અને થોડા પૈસાના માટે ઘણી જ મહેનત કરવી બેહતર છે. એનાથી ઈજ્જત નથી જતી, પણ ભીખ માગવું બુરુ છે કે એનાથી ઈજ્જત જતી રહે છે, બરકત નથી થતી. એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે **જો કોઈ મોટા માણસ પર કોઈ સમય આવી પડે તો મહેનત મજૂરી કરવામાં શરમ ન કરે, કેમ કે એ નબીઓની સુન્નત છે.** હુઝૂરે અન્વર ﷺએ મામૂલીથી મામૂલી કામ પણ પોતાના હાથ શરીફ વડે કર્યા છે, બલ્કે જોવામાં એ આવ્યું છે કે ભીખારી ભીખ માગવામાં ઘણી મહેનતો કરે છે, જો મજૂરી કરે અથવા ટોપલો વેચે તો એના પર મહેનત પણ ઓછી પડે અને ઈજ્જતથી ખાશે. આ હદીષથી ઉર્દેશરૂપે એ જાણવા મળ્યું કે જંગલના જાતે પોતે ઉછરી જતાં ઝાડ મુબાહ છે. તેનો જે કબજો કરીને કાપી લે તે તેનો માલિક થઈ જશે. જેમ કે જંગલી શિકાર અથવા જાહેર કૂવાનું પાણી. કેમ જો એ લાકડી કાપનાર એનો માલિક ન હોત તો તેને વેચવું જાઈઝ કેવી રીતે થાત અને હુઝૂરે અન્વર ﷺએ કામને ભલુ શા માટે કહેતા. (શેઅર)

بہ دست آهك تفته کردن خمیر ۔ بہ از دست بر سینہ پیش امیر

**અર્થાત** : અમીર સમક્ષ હાથ બાંધીને ઉભા રહેવાથી ગરમ ચૂનાને હાથ વડે ગુંદવું બેહતર છે.

★ હદીષ : (૬)-૧૮૪૨ ★ (مُتَّفِق عَلَيهِ)

وَعَنْ حَكِيمِ بْنِ حِزَامٍ قَالَ: سَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَعْطَانِي ثُمَّ سَأَلْتُهُ فَأَعْطَانِي ثُمَّ قَالَ لِي: «يَا حَكِيمُ إِنَّ هَذَا الْمَالَ خَضِرٌ حُلْوٌ فَمَنْ أَخَذَهُ بِسَخَاوَةِ نَفْسٍ بُورِكَ لَهُ فِيهِ وَمَنْ أَخَذَهُ بِإِشْرَافِ نَفْسٍ لَمْ يُبَارَكْ لَهُ فِيهِ. وَكَانَ كَالَّذِي يَأْكُلُ وَلَا يَشْبَعُ وَالْيَدُ الْعُلْيَا خَيْرٌ مِنَ الْيَدِ السُّفْلَى» . قَالَ حَكِيمٌ: فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ وَالَّذِي بَعَثَكَ بِالْحَقِّ لَا أَرْزَأُ أَحَدًا بَعْدَكَ شَيْئًا حَتَّى أُفَارِقَ الدُّنْيَا "

*''હઝરત હકીમ ઈબ્ને હિઝામથી[1] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ થી માગ્યું, હુઝૂરે આપ્યું. મેં ફરી માગ્યું, હુઝૂરે મને અધિક આપ્યું.[2] પછી મને ફર્માવ્યું, હે હકીમ ! આ માલ ખુશનુમા ખુશઝાઈકા (મીઠો) છે[3] જે એને દિલી લાપરવાહીથી લેશે તેને એ માલમાં બરકત થશે અને જે એને નફસાની લાલચ સાથે લેશે તેને બરકત થશે નહીં.[4] અને તે એના જેમ હશે જે ખાય અને ધરાય નહીં.[5] ઉપરવાળો હાથ નીચેવાળા હાથ કરતાં બેહતર છે.[6] હઝરત હકીમ ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એની કસમ ! જેણે આપને હક્કની સાથે મોકલ્યા કે હું આપના સિવાય કોઈનાથી કાંઈ ન માગીશ ત્યાં સુધી કે દુનિયા ત્યજી દઉં.[7]'' (મુસ્લિમ)*

**૧.** આપ સહાબી છે. હઝરત ખદીજતુલ કુબરાના ભત્રીજા છે. આપની પેદાઈશ ખાનએ કાબામાં થઈ. એકસો વીસ વરસની ઉમર પામ્યા. સાઈઠ વરસ જાહિલિયતમાં પસાર કર્યાં અને સાઈઠ વરસો ઈસ્લામમાં.

*(અશિઅતુલ લમ્આત)*

**૨.** પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે જાહિલિયતના જમાનામાં લોકો માગવામાં અયબ સમજતા ન હતા. વિના જરૂરતે પણ માગવા માટે હાથ લાંબો કરી દેતા હતા. નવ મુસ્લિમ હઝરાત એ આદત મુજબ શરૂમાં માગતા હતા. નબી કરીમ ﷺ મોટાભાગે તેમને આપીને સવાલ કરવાથી મના કરતા હતા. આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન સાહબ رحمۃ اللہ علیہ ને જોવામાં આવ્યા કે આપ મસ્જિદના ભીખારીને પ્રથમ આપતા અને પછી માગવાથી મના કરતા. કદાચ આપના અમલનો માખઝ આ હદીષ છે.

**3.** سبحان الله ! કેટલી મજબૂત વાત છે ! ખુશનુમા (સુંદર) લીલોતરીથી આંખ ધરાતી નથી અને સ્વાદિષ્ટ ખાણાથી દિલ ભરાતુ નથી. પરંતું જો કાયદા વિના ખાય જાવ તો તકલીફ આપે છે. એ જ પ્રમાણે માલથી ન આંખ ભરાય ન દિલ, પરંતું હવસ (લાલચ)નો અંજામ બુરો છે.

**૪.** લાપરવાહીથી મુરાદ લાલચ તથા હવસનું વિરૂધ્ધાર્થી છે. એટલે જે માલ લે પણ સબ્ર તથા કનાઅત (જે મળે તે થોડામાં રાજી) સાથે કે નાજાઈઝ તરફ નજર ન ઉઠાવે, અને જાઈઝ માલની પણ હવસ ન હોય તો ભલે તેની પાસે માલ થોડો હોય પણ બરકત થશે. કેમ કે એમાં અલ્લાહ વ રસૂલની રઝા સામેલ હશે. યાદ રાખશો કે માલની અધિકતા અલગ છે અને બરકત કાંઈ અલગ. અને માલની અધિકતા ક્યારેક હલાક (તબાહ) કરી દે છે પણ માલની બરકત દીન તથા દુનિયામાં રબ તઆલાની રહમત હોય છે. બરકતવાળુ થોડુ પાણી તરસ છીપાવી. દે છે, અને ઘણુ બધુ પાણી ડૂબાડી દે છે. જુઓ તાલૂત કે જેમના સાથીઓએ નહેરથી એક ખોબા પાણી પર કનાઅત કર્યો (સંતોષ માન્યો) તો તેઓ કામયાબ રહ્યા, અને ઘણુ બધુ પીવાવાળા માર્યા ગયા. કેમ કે ખોબામાં બરકત હતી અને એમાં કેવળ કષરત (અધિકતા).

**૫.** جوع البقر (એક બીમારી જેમાં દરેક સમય ભૂખની ઈચ્છા રહે છે) બીમારીવાળો ખાવાથી ધરાતો નથી અને ઈસ્તિસ્કાવાળો પાણીથી નથી ધરાતો. આ બંનેવની આ ભૂખ તથા તરસ ક્યારેક મોતનો સબબ બની જાય છે. હુઝૂરે અન્વર ﷺએ માલની હવસને جوع البقر ઠરાવેલ છે.

**૬.**ઉપરવાળા હાથથી મુરાદ આપનાર છે અને નીચેવાળા હાથથી મુરાદ માગીને લેનાર છે. ચાહે આપનાર નઝરાણા રૂપે નીચો હાથ કરીને જ આપે અને લેનાર ઉપર હાથ કરીને જ ઉઠાવે, પણ તેમ છતાં આપનારો જ ઉંચો છે. અહીં આપવા તથા લેવાથી મુરાદ ભીખ આપવી અને લેવી છે ઔલાદનું માબાપને આપવું, સાચા મુરીદનું પોતાના કામિલ શયખની ખિદમતમાં કાંઈક પેશ કરવું, અન્સારનું હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં નઝરાણા પેશ કરવું આ હુકમથી અલગ છે. જો આપણી ચામડીના જોડા બને અને ધોળી નસની દોરીઓ અને હુઝૂરે અન્વર ﷺ તેનો ઉપયોગ કરે તો પણ તેમના હક્કનો કરોડમો હિસ્સો પણ અદા ન થશે. આ હદીષથી અમુક લોકો કહે છે કે માલદારી ફકીરીથી બેહતર છે અને ગની શાકિર, ફકીર સાબિરથી અફઝલ છે. પણ હક્ક એ છે કે ફકીર સાબિર એ ગની શાકિર કરતાં અફઝલ છે. અમારી આ તકરીર (ચર્ચા)થી આ હદીષ ગનીના અફઝલ હોવાની દલીલ નથી થઈ શકતી, કેમ કે અહીં ભીખારી ફકીરનું વર્ણન છે ન કે સાબિરનું. અમુક સૂફીઓ ફર્માવે છે કે અહીં ઉપરવાળા હાથથી ફકીર સાબિર મુરાદ છે અને નીચેવાળા હાથથી ભીખારી. ત્યારે તો સુબ્હાનલ્લાહ ! ખૂબ જ મજાની વાત છે.

**૭.** بعدનો અર્થ ''સિવાય'' ખૂબ જ યોગ્ય છે જે શયખે અપનાવ્યો. એટલે કે આપનાથી તો જીવતાં જીવત, કબ્રમાં, હશ્રમાં માગતો જ રહીશ, કેમ ન માગું કે હું ભીખારી અને આપ દાતા છો. રબ તઆલા ફર્માવે છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ (અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે.... છેવટ સુધી. સૂ. નિસાઅ, ૪/૬૪) અને ફર્માવ્યું : اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ (અને અલ્લાહ વ રસૂલે તેને પોતાના ફઝલથી ગની કરી દીધા. –સૂ. તૌબા, ૯/૭૪) અને ફર્માવે છે : وَاَمَّا السَّآىِٕلَ فَلَا تَنْهَرْ (અને માંગનારાને ન ખખડાવો. સૂ. વદુહા, ૯૩/૧૦) આપનાથી માગવામાં આપણી ઈજ્જત છે. હા ! આપના સિવાય કોઈનાથી ન માગો. (શેઅર)

*ઉન્કે દર કી ભીક છોડેં સરવરી કે વાસ્તે–ઉન્કે દર કી ભીક અચ્છી સરવરી અચ્છી નહીં*

કાલે કયામતમાં પૂરી મખ્લૂક હુઝૂર ﷺથી શફાઅત વગેરેની ભીખ માગશે. હઝરત હકીમે એ વાયદો એવો પૂરો કર્યો કે જો ઘોડાથી આપનો કોરડો પડી જતો તો જાતે ઉતરીને લેતા, કોઈનાથી માગતા નહીં. યાદ રાખશો કે رزء رزءٌથી ઓછા કરવાના અર્થમાં છે. કેમ કે માગવાથી માગનારની ઈજ્જત ઘટી જાય છે અને આપનારનો અમુક માલ પણ ઓછો થઈ જાય છે એટલા માટે તેને رزءٌ ફર્માવ્યું.

**★ હદીષ : (૭)-૧૮૪૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ وَهُوَ عَلَى الْمِنْبَرِ وَهُوَ يَذْكُرُ الصَّدَقَةَ وَالتَّعَفُّفَ عَنِ الْمَسْأَلَةِ: «الْيَدُ الْعُلْيَا خَيْرٌ مِنَ الْيَدِ السُّفْلَى وَالْيَد الْعليا هِيَ المنفقة وَالْيَد السُّفْلى هِيَ السائلة»

*''હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ મિમ્બર પર ફર્માવ્યું જ્યારે કે આપ સદકાનુ અને અધિક માગવાથી દૂર રહેવાનું વર્ણન કરી રહ્યા હતા[1] કે ઊંચો હાથ નીચેના હાથ કરતાં બેહતર છે. ઊંચો હાથ આપનારો છે અને નીચો હાથ માગનારો છે.[2]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.**એટલે માલદારોને સદકો આપવા પ્રોત્સાહિત કરી રહ્યા હતા અને ફકીરોને સબ્રનો તથા માગવાથી દૂર રહેવાનો હુકમ આપી રહ્યા હતા.

**૨.** الحمد لله! આ હદીષે ફકીર (લેખક)ની અગાઉ વર્ણવેલ શરહનું સમર્થન કરી આપ્યું. એટલે ભીખારી આપનાર કરતાં નીચો છે. દરેક લેનાર નીચો નથી, ઘણી વાર આપનારો ખાદિમ હોય છે અને લેનારો મખ્દૂમ હોય છે. જેના દૃષ્ટાંતો પણ વર્ણવવામાં આવ્યાં. જાહેર એ છે કે આ તફસીર હુઝૂરે અન્વર ﷺની જ છે ન કે સૈયદના ઈબ્ને ઉમરની, જેવું કે અમુક શરહકર્તાઓએ સમજયું છે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે ભીખારી એટલા માટે નીચો થયો કે તે એ માગવાથી માલદારી પ્રતિ વળેલો છે અને સખી એટલા માટે અફઝલ થયો કે તે ફક્ર (ફકીરી) તરફ વળેલો છે. એટલે ફકીર માલ લઈ રહ્યો છે અને સખી માલ આપીને ઓછો કરી રહ્યો છે. જેથી આ હદીષથી એ જ સાબિત થયું કે માલદારો કરતાં ફકીરો અફઝલ છે.

**★ હદીષ : (૮)-૧૮૪૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: إِنَّ أُنَاسًا مِنَ الْأَنْصَارِ سَأَلُوا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَعْطَاهُمْ ثُمَّ سَأَلُوهُ فَأَعْطَاهُمْ حَتَّى نَفِدَ مَا عِنْدَهُ. فَقَالَ: «مَا يَكُونُ عِنْدِي مِنْ خَيْرٍ فَلَنْ أَدَّخِرَهُ عَنْكُمْ وَمَنْ يَسْتَعِفَّ يُعِفَّهُ اللَّهُ وَمَنْ يَسْتَغْنِ يُغْنِهِ اللَّهُ وَمَنْ يَتَصَبَّرْ يُصَبِّرْهُ اللَّهُ وَمَا أُعْطِيَ أَحَدٌ عَطَاءً هُوَ خَيْرٌ وَأَوْسَعُ مِنَ الصَّبْرِ»

*'હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે કેટલાક અન્સારી લોકોએ રસૂલુલ્લાહ ﷺથી માગ્યું[૧] હુઝૂરે તેમને આપ્યું. ફરી માગ્યું તો હુઝૂરે ફરી આપ્યું, ત્યાં સુધી કે જે આપની પાસે હતું તે ખત્મ થઈ ગયું[૨] પછી ફર્માવ્યું, જે કાંઈ માલ મારી પાસે હશે તે તમારાથી કદાપિ બચાવીને રાખીશ નહીં[૩] જે સવાલથી બચવા ચાહે અલ્લાહ તેને બચાવશે અને જે માલદારી ચાહે અલ્લાહ તેને માલદારી આપશે, અને જે સબ્ર ચાહશે અલ્લાહ તેને સબ્ર આપશે.[૪] અને કોઈને સબ્રથી બેહતર અને વિશાળ કોઈ ચીજ ન મળી.[૫]''*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** જાહેર એ છે કે આ માગવું વિના જરૂરતે હતું, જેવું કે આગલા ફર્માનથી જણાય રહ્યું છે. જરૂરત મુજબ માગનારાઓને હુઝૂરે અન્વર ﷺ ખુદ પણ આપતા હતા અને અન્યોથી પણ અપાવતા હતા.

**૨.** એટલે કે તે હઝરાત માગતા રહ્યા અને હુઝૂરે અન્વર ﷺ આપતા રહ્યા. તેમને સર્વ કાંઈ આપીને પછી મસ્અલો બતાવ્યો. એમાં તબ્લીગ પણ છે અને મુત્લક સખાવતનું પ્રદર્શન પણ છે. જાણવા મળ્યું કે જરૂરત વિના માગનારાઓને આપવું હરામ નથી ભલે તેમણે માગવું મના છે. યાદ રાખશો કે જેને હુઝૂરે અન્વર ﷺએ કાંઈક ખુશ થઈને આપ્યું છે તે ઘણા અરસા સુધી ખત્મ ન થયું. જેમ કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને થોડુ થોડુ જે અતા કર્યુ હતું તે વરસો વરસ એ બુઝુર્ગોએ ખાધુ અને ખવડાવ્યું, પછી જ્યારે તોલ્યું તો એટલુ જ હતું પણ તોલવાથી ખત્મ થઈ ગયું. હઝરત તલ્હાને ત્યાં સાડા ચાર શેર જવની રોટી પર સેંકડો માણસોની દાવત કરી આપી. જેવું કે બાબુલ મોઅજિઝાતમાં આવશે. જેથી આ ખત્મ થવાથી કોઈ ધોકો ન ખાય. યારના રંગ વિવિધ છે, જ્યારે ખુશીથી આપે તો સર્વ કાંઈ છે અને જો કોઈ નાખુશ કરીને લે તો એમાં બરકત નથી.

**૩.** خیر (ખયર)થી મુરાદ માલ છે. કેમ કે હુઝૂરે અન્વર ﷺ હલાલ માલ જ લેતા હતા એટલા માટે એને ખયર કહ્યો. આ ફર્માનથી માલૂમ થાય છે કે નબી કરીમ ﷺએ કદી માલ જમા ન કર્યો અને ન વફાત બાદ કાંઈ

વારસા રૂપે છોડયો. જે બાગ વગેરે હતાં તે સૌ મુસલમાનો પર વક્ફ રહ્યાં.

**૪.** આ હદીષ આ હદીષે કુદસીની શરહ છે : اَنَا عِنْدَ ظَنِّ عَبْدِیْ بِیْ એટલે રબ તઆલા ફર્માવે છે કે હું મારા બંદાના ગુમાનની નજીક રહું છું. એનો ઝહૂર આખેરતમાં તો થશે જ કે જો બંદો માફીની ઉમ્મીદ કરતો મરી જાય તો ઈન્ શા અલ્લાહ ! તેને માફી જ મળશે. મોટાભાગે દુનિયામાં પણ થઈ જાય છે કે જે કરજ ન લેવા કે ન માગવાનો ખુદાના ભરોસા પર પૂરો ઈરાદો કરી લે તો અલ્લાહ તઆલા તેને તેનાથી બચાવી જ લે છે. અને જે એ કોશિશ કરે કે દુનિયાવાળાઓથી લાપરવા રહું તો ઘણાખરા અંશે અલ્લાહ તેને લાપરવા જ રાખે છે. પણ એ કેવળ ઝબાની દાવો ન હોય, અમલી કોશિશ પણ હોય કે કમાવામાં મશગૂલ રહે, ખર્ચ મધ્યમ કક્ષાનો રાખે, ગુલછડીઓ ન ઉડાડે. અલ્લાહ રસૂલ સાચા છે, તેમના વાયદા હક્ક છે. ગલતી આપણે કરી જઈએ છીએ.

**૫.** એટલે કે રબ તઆલાની અતાઓમાંથી બેહતરીન અને ખૂબ જ ગુંજાઈશવાળી અતા સબ્ર છે, કે રબ તઆલાએ તેનો ઉલ્લેખ નમાઝ પહેલાં કર્યો. اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ (સબ્ર તથા નમાઝથી મદદ ચાહો. *–સૂ. બકરહ, ૨/૪૫*) અને સાબિરની સાથે અલ્લાહ હોય છે. તેમજ સબ્રના થકી માણસ મોટી મોટી તકલીફો સહન કરી લે છે અને મહાન મહાન દરજા પ્રાપ્ત કરી લે છે. રબ તઆલાએ ઐયૂબ علیہ السلام ના બારામાં ફર્માવ્યું : اِنَّا وَجَدْنٰهُ صَابِرًا (અમે તેમને સાબિર બંદા પામ્યા. સૂ. સાદ, ૩૮/૪૪) સબ્રની જ બરકતથી હઝરત હુસૈન رضی اللہ عنہ સૈયદુશ્શોહદા થયા.

**★ હદીષ : (૯)-૧૮૪૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُعْطِينِي الْعَطَاءَ فَأَقُولُ: أَعْطِهِ أَفْقَرَ إِلَيْهِ مِنِّي. فَقَالَ: «خُذْهُ فَتَمَوَّلْهُ وَتَصَدَّقْ بِهِ فَمَا جَاءَكَ مِنْ هَذَا الْمَالِ وَأَنْتَ غَيْرُ مُشْرِفٍ وَلَا سَائِلٍ فَخذه. ومالا فَلَا تتبعه نَفسك»

*"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم મને અતિયો આપવા ચાહતા તો હું અર્ઝ કરતો કે એ મારા કરતાં અધિક હાજતમંદને અતા કરો.[૧] તો આપ ફર્માવતા, આ લઈ લો, એને માલ બનાવી લો, એને સદકો કરો.* ***તમને જે માલ વગર માગ્યે અને તમઅ (લાલચ) વિના મળે એને લઈ લીધા કરો,*** *અને જે ન મળે તેની પાછળ પોતાને ન લગાડો.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** મુસ્તફા صلی اللہ علیہ وسلم ની પાક સોહબતની એ તાસીર હતી કે હઝરત ઉમર رضی اللہ عنہ કેવળ ગની નહીં બલ્કે ગનીતર તથા ગનીગર થઈ ગયા. માગવાનુ તો દૂર રહ્યું પણ વણમાગ્યે આવતી ચીજમાં પણ ઈષાર (ત્યાગવૃત્તિ) કરે છે અને બીજાઓને પોતાના પર અગ્રતા આપે છે. પોતાની ખિલાફતના દૌરમાં જ્યારે ફારસ (ઈરાન) તથા રોમમાં ખજાના મદીનામાં લાવે છે તો એ વખતે પણ પોતે એક કમીસ જ ધોઈ ધોઈને પહેરે છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! શું અજોડ તાલીમ છે ! મક્સદ એ છે કે જે માગ્યા વિના તથા તમઅ વિના મળે તે રબ તઆલાનો અતિયો છે, તેને ન લેવો એ જાણે એ અતિયાની બેકદરી છે. દુનિયાવાળાઓથી બેપરવાઈ સારી અને અલ્લાહ વ રસૂલના હમેશાં મોહતાજ રહેવું સારું. મશાઈખે કિરામ મામૂલી નઝરાણુ પણ કબૂલ કરી લે છે. તેમનો માખઝ આ હદીષ છે. વળી શું સરસ ફર્માવ્યું કે પોતે લઈને સદકો કરી દો જેથી તમને લેવાનો સવાબ પણ મળે અને આપવાનો પણ.

**હિકાયત :** હઝરત બુનાન હમ્માલીનો ધંધો કરતા હતા, એકવાર ઈમામ અહમદ બિન હંબલનો કેટલોક

સામાન મજૂરી પર ઘરે પહોંચાડયો. ત્યાં ભટ્ટીથી રોટીઓ નીકળતી જોઈ. ઈમામ અહમદે પોતાના પુત્રને કહ્યું કે બે રોટીઓ બુનાનને પણ આપી દો. બુનાને ઈન્કાર કરી દીધો. જ્યારે ચાલ્યા ગયા તો ઈમામે ફરી બે રોટીઓ તેમની પાસે મોકલી. બુનાનને કૃબૂલ કરી લીધી. કોઈએ ઈમામ અહમદથી બુનાનના આવા વર્ણનનું કારણ પૂછયું કે તેમણે પહેલાં કેમ ન લીધી અને પાછળથી કેમ લઈ લીધી ? ઈમામે ફર્માવ્યું કે તે મુત્તકી મર્દ છે. પહેલાં તેમના નફસમાં ઈન્તેઝાર પેદા થઈ ગયો હતો જેથી ન લીધી. પરત થઈ ગયા બાદ નિરાશ થઈ ગયા હતા પછી લઈ લીધી. અને આપે આ જ હદીષ પઢી. *(મિર્કાત)*

## (વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૦)-૧૮૪૬ ★

عَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْمَسَائِلُ كُدُوحٌ يَكْدَحُ بِهَا الرَّجُلُ وَجْهَهُ فَمَنْ شَاءَ أَبْقَى عَلَى وَجْهِهِ وَمَنْ شَاءَ تَرَكَهُ إِلَّا أَنْ يَسْأَلَ الرَّجُلُ ذَا سُلْطَانٍ أَوْ فِي أَمْرٍ لَا يَجِدُ مِنْهُ بُدًّا» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ

*''હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સવાલ, ખરૂંચા (ખવારિયાં) છે જેના વડે માણસ પોતાનુ મોં ખવરે (ખોતરે) છે. તો જે ચાહે પોતાના મોં પર આ ખવરિયાં રાખે અને જે ચાહે એનાથી બચે.[૨] પણ એ કે માણસ હુકૂમતવાળાથી કાંઈ માગે અથવા એવી ચીજ કે એના વગર ચારો ન પામે.[૩]''*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)*

**૧** : આપ મશહૂર સહાબી છે. આપના શાગિર્દોમાંથી મહાન શાગિર્દ ઈબ્ને સીરીન તથા ઈમામ શઅબી છે. બસરામાં કૃયામ રહ્યો. હિ.સ. ૫૫માં ત્યાં જ વિસાલ થયો.

**૨** : મોઢાના ખંજવાળથી મુરાદ બેઈજ્જતીની અસર છે કે જેવી રીતે મોઢાના ઝખ્મ દૂરથી જોવા મળે છે એવી જ રીતે ભીખારી દૂરથી ઓળખી લેવામાં આવે છે. તેના ચહેરા પર ન તો રોનક હોય છે ન વકૃાર, બલ્કે એ બેઈજ્જતીની અસરો કૃયામતમાં પણ તેના પર હશે જેવું કે પહેલાં હદીષ શરીફમાં આવી ચૂક્યું.

**૩** : એટલે આ બે સવાલ જાઈઝ છે : મુસ્તહિકૃનું સમયના હાકિમથી પોતાનો વઝીફો નિશ્ચિત કરાવવું, કે એ ભીખ નથી બલ્કે પોતાના હક્કૃની માગણી છે. બીજુ સખત જરૂરતના સમયે જ્યારે શરીઅતની રૂએ તેણે માગવું જાઈઝ હોય તો કાંઈક માગી લેવું. ઈમામ ગઝાલીએ ફર્માવ્યું કે જે માલદાર પર હજ ફર્ઝ થયો અને વિના કારણે હજ ન કરે, પછી ગરીબ થઈ જાય તો એના પર વાજિબ છે કે હજનો ખર્ચો માગે અને હજ માટે જાય કે એમાં પોતાને ફિસ્કૃથી કાઢવું છે. જ્યારે મજબૂરન ભૂખ કે નગ્નતા દૂર કરવા માટે સવાલ કરવો વાજિબ છે તો આ પણ જરૂરી છે.

★ હદીષ : (૧૧)-૧૮૪૭ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «من سَأَلَ النَّاسَ وَلَهُ مَا يُغْنِيهِ جَاءَ يَوْمَ الْقِيَامَةِ وَمَسْأَلَتُهُ فِي وَجْهِهِ خُمُوشٌ أَوْ خُدُوشٌ أَوْ كُدُوحٌ» . قِيلَ يَا رَسُولَ اللّٰهِ وَمَا يُغْنِيهِ؟ قَالَ: «خَمْسُونَ

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે લોકોથી માગે જ્યારે કે તેની પાસે હાજત પૂરી કરી શકાય એટલુ છે[૧] તો કૃયામતમાં એ રીતે આવશે કે તેના સવાલ તેના ચહેરામાં ખોતરેલ કે ખંજવાળેલ કે ઝખ્મ હશે[૨] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ*

دِرْهَمًا أَوْ قِيمَتُهَا مِنَ الذَّهَبِ».رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

*માલદારી જેટલુ શું છે? ફર્માવ્યું, પચાસ દિરહમ અથવા તેની કિંમતનું સોનુ[3]"*

*(અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** એટલે તેની પાસે રોજની જરૂરીયાત ખાવા, કપડાં છે અને ખાસ કોઈ જરૂરત ઉભી નથી થઈ. જેથી આ હદીષ પાછળની વિરૂધ્ધ નથી જ્યાં હતું કે જામિન બની જનારો સવાલ કરી શકે છે કે ઝમાનતે તેને સવાલની જરૂરત ખડી કરી આપી.

**૨.** જાહેર એ છે કે ત્રણેવ શબ્દો أَوْ ની સાથે હુઝૂર ﷺના જ છે. રાવીની શંકા નથી, અને એ ત્રણેવના અલગ અલગ અર્થો છે. દરેક બીજા શબ્દમાં પહેલા કરતાં અધિક પ્રગતિ છે જેવું કે અમે તર્જુમામાં જાહેર કરી આપ્યું. કેમ કે વિના જરૂરતના ભીખારી ત્રણ પ્રકારના હતા : મામૂલી, કદી કદી માગી લેનારા અને હમેશાંના ભીખારી જિદ્દી તથા હઠધર્મીવાળા ભીખારી. એટલા માટે તેમના ચહેરાની અસરો પણ ત્રણ પ્રકારની થઈ. જેવી ભીખ તેવી તેની અસર. જેથી أَوْ વહેંચણીના માટે છે, શકના માટે નથી.

**૩.** યાદ રાખશો કે જે નિસાબથી સવાલ હરામ થાય છે તેની માત્રાઓ વિવિધ આવી છે. આ તો પચાસ દિરહમ એટલે લગભગ સાડા બાર રૂપિયા ઈર્શાદ થયા. બીજી રિવાયતમાં એક ઔક્યિા ઈર્શાદ થયું એટલે ચાલીસ દિરહમ, લગભગ દસ રૂપિયા. ત્રીજી રિવાયતમાં દિવસ રાતનું ખાણુ ઈર્શાદ થયું. જેમ કે આગળ આવી રહ્યું છે. જેથી અમુક શરહ કર્તાઓએ આ બંનેવ હદીષોને દિવસ રાતના ખાણાવાળી હદીષથી મન્સૂખ માની. પરંતું કેમ કે દરેક વ્યક્તિની હાજત અલગ અલગ હોય છે. મોટા કુટુંબવાળાનો દરરોજનો ખર્ચ વધારે હોય છે, મધ્યમ કક્ષાના કુટુંબનો ખર્ચ મધ્યમ હોય છે અને એકલા માણસનો ખર્ચ પણ ઘણો મામૂલી હોય છે. સરકાર ﷺના આ ત્રણ ઈર્શાદો ત્રણ પ્રકારના લોકોના લેહાજથી છે. જેવો મોકો અને જેવો મસ્અલો પૂછનાર એવો હુઝૂર ﷺનો જવાબ. હકીમની દરેક વાત હિકમતથી હોય છે, જેથી હદીષોમાં ટકરાવ નથી. અને શક્ય છે કે સવાલના હરામ હોવાનો હુકમ ક્રમે ક્રમે ધીરેથી આવ્યો છે, શરૂમાં પચાસ દિરહમવાળાઓને રોકવામાં આવ્યા, પછી ચાલીસવાળાઓને, છેવટમાં દિવસ રાતના ખાવા માટે શક્તિમાનને. જેવી રીતે શરાબની હુર્મતનો હાલ થયો. કેમ કે અરબવાસીઓ સવાલની આદતવાળા હતા. એકદમ સવાલ છોડી શકતા ન હતા, એટલા માટે આ ક્રમથી વર્તવામાં આવ્યું.

**★ હદીષ : (૧૨)-૧૮૪૮ ★**

وَعَنْ سَهْلِ بْنِ الْحَنْظَلِيَّةِ قَالَ: قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَأَلَ وَعِنْدَهُ مَا يُغْنِيهِ فَإِنَّمَا يَسْتَكْثِرُ مِنَ النَّارِ» . قَالَ النُّفَيْلِيُّ. وَهُوَ أَحَدُ رُوَاتِهِ فِي مَوْضِعٍ آخر: وَمَا الْغِنى الَّذِي لَا يَنْبَغِي مَعَهُ الْمَسْأَلَةُ؟ قَالَ: «قَدْرُ مَا يُغَدِّيهِ وَيُعَشِّيهِ» . وَقَالَ فِي مَوْضِعٍ آخَرَ: «أَنْ يَكُونَ لَهُ شِبَعُ يَوْمٍ أَوْ لَيْلَةٍ وَيَوْمٍ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત સહલ ઈબ્ને હંઝલાથી રિવાયત છે. CDFJ[K[S[Z; } ]K FC ﷺએ ફર્માવ્યું કે જે માગે જ્યારે કે તેની પાસે માલદારી જેટલુ હોય તો તે આગ વધારે છે[1] નુફૈલીએ ફર્માવ્યું, જે બીજી જગાએ આ હદીષના રાવી છે.[2] તેવા ગના (માલદારી) શું છે જેના હોવાની સ્થિતિમાં સવાલ યોગ્ય નથી? ફર્માવ્યું, એટલા પ્રમાણમાં કે સવાર સાંજ ખાય. અને બીજી જગાએ ફર્માવ્યું કે તેની પાસે એક દિવસનું અથવા એક દિવસ તથા રાતનું ખાણુ હોય.[3]" (અબૂ દાઊદ)*

**૧.** એનાથી જણાય રહ્યું છે કે વિના જરૂરતે સવાલ હરામ છે, કેમ કે ખાસ રીતે સખત અઝાબની ચેતવણી આવી K[V FU JWFZJFYLDZFN V FUGLTLJ]TF4E 0S4E 0SFJWFZJFP**૨.** નુફૈલીનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ છે. અબૂ દાઊદ સજિસ્તાનીના ઉસ્તાદ છે. નુફૈલ તેમના કોઈ દાદાનું નામ છે.

**૩.** એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે દિવસ રાતના ખોરાકની હદ દરેક વ્યક્તિ માટે જુદી હોય છે. મોટા કુંબાવાળાના માટે વધારે માલ છે. મધ્યમવાળા માટે મધ્યમ, અને એક બે માણસો માટે મામૂલી. અહીં ખાસ મુસીબતમાં સપડાયેલ અપવાદ છે. કરજદાર, જામિન અથવા જેનો માલ બર્બાદ થઈ ગયો તેના માટે સવાલ જાઈઝ છે, ભલે દિવસ રાતના ખાણાનો માલિક હોય. જેથી આ હદીષ પાછલી હદીષોની વિરૂધ્ધ નથી. યાદ રાખશો કે આ માગવાનુ વર્ણન છે. રહ્યું ઝકાત લેવું તેના વિશે અહીં મિર્કાતે ફર્માવ્યું કે ફકીર પોતાના તથા પોતાનાં બીવી બચ્ચાંનો એક વરસનો ખર્ચ ઝકાતથી જમા કરી શકે છે. ખર્ચથી મુરાદ ખાવા તથા કપડાં બંનેવ છે.

**★ હદીષ : (૧૩)-૧૮૪૯ ★**

وَعَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ رَجُلٍ مِنْ بَنِي أَسَدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَأَلَ مِنْكُمْ وَلَهُ أُوقِيَّةٌ أَوْ عَدْلُهَا فَقَدْ سَأَلَ إِلْحَافًا» . رَوَاهُ مَالك وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત અતા બિન યસાર رضی اللہ عنہ થી રિવાયત છે તે બની અસદના એક શખ્સથી રિવાયત કરે છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી જે માગે જ્યારે કે તેની પાસે એક ઔકિયા અથવા તેના બરાબર હોય તો તે ગદગદ થઈને (રૂદન આજીજી સાથે) માગે છે.[૨]" (માલિક તથા અબૂ દાઉદ, નિસાઈ)*

**૧ :** અતા ઈબ્ને યાસર તાબઈ છે અને તેમના શયખ જેમનું તેમણે નામ ન લીધુ, કેવળ એવું કહી આપ્યું કે બની અસદના એક સાહબ તે સહાબી છે. કેમ કે સહાબી સર્વે આદિલ જ છે, કોઈ ફાસિક્ નથી એટલા માટે તેમન હાલ કે નામ માલૂમ ન હોવું હદીષની સેહત (સહીહ હોવા) માટે નુકસાનકર્તા નથી. ન એવા સહાબીને મજહૂલ કહેવામાં આવી શકે છે, ન હદીષને" *(મિર્કાત)*

**૨ :** એટલે કે કુર્આન શરીફમાં જે આવેલુ છે : لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا (લોકોથી સવાલ નથી કરતા કે ગદ ગદ થઈ જાય. –સૂ. બકરહ, ૨/૨૭૩) આ اِلْحَافًا માં વિના જરૂરતે માગવું પણ દાખલ છે. ઔકિયા ચાલીસ દિરહમનો હોય છે. આ નિશ્ચિતતાનું કારણ હમણા થોડેક અગાઉ વર્ણન કરવામાં આવી ચૂક્યું છે.

**★ હદીષ : (૧૪)-૧૮૫૦ ★**

وَعَنْ حُبْشِيِّ بْنِ جُنَادَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ الْمَسْأَلَةَ لَا تَحِلُّ لِغَنِيٍّ وَلَا لِذِي مِرَّةٍ سَوِيٍّ إِلَّا لِذِي فَقْرٍ مُدْقِعٍ أَوْ غُرْمٍ مُفْظِعٍ وَمَنْ سَأَلَ النَّاسَ لِيُثْرِيَ بِهِ مَالَهُ: كَانَ خُمُوشًا فِي وَجْهِهِ يَوْمَ الْقِيَامَةِ وَرَضْفًا يَأْكُلُهُ مِنْ جَهَنَّمَ فَمَنْ شَاءَ فَلْيُقِلَّ وَمَنْ شَاءَ فليكثر ". رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત હુબ્શી ઈબ્ને જુનાદાથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ન તો ગની માટે સવાલ જાઈઝ છે ન સાજા અંગોવાળાએ, પણ જમીનથી મળેલા ફકીર અથવા બેઈજ્જતીવાળા કરજદારને.[૨] અને જે લોકોથી માલ વધારવાના માટે માગે તો એ સવાલ કયામતના દિવસે તેના ચહેરા પર ખોતરેલ હશે અને દોઝખના અંગારા જેને તે ખાશે. હવે જે ચાહે તે ઓછુ કરે, જે ચાહે તે વધારે.[૩]" (તિર્મિઝી)*

૧. તેમની કુન્નિયત અબુલ જનૂબ છે. કૂબીલા બની બકર ઈબ્ને હવાઝિનથી છે. હુઝૂરે અન્વર ﷺને હજ્જતુલ વિદાઅમાં જોયા. આપની ગણના કૂફાવાસીઓમાં થાય છે.

૨.આ ઈસ્તિફતા સાજા સમા અંગોવાળાથી છે. એટલે તંદુરસ્ત માણસ આ બે સ્થિતિઓમાં માગી શકે છે. એક સખત ફકીર જે એને ધૂળમાં મિલાવી દે જેના તે ન ક્યાંય કારોબાર કરી શકે ન કમાવા માટે સફર. રબ તઆલા ફર્માવે છે : اَوْ مِسْكِيْنًا ذَا مَتْرَبَةٍ (અથવા ખાકનશીન મિસ્કીનને. –સૂ. બલદ, ૯૦/૧૬) એવો કરજદાર જેના કરજ માગનારા તેની આબરૂ પાછળ પડી ગયા હોય, તે ભલે તંદુરસ્ત છે પણ આ મુસીબતોને દૂર કરવા માટે માગી શકે છે.

3. આ અંતિમ વાક્ય અખ્તયાર આપવા માટે નથી બલ્કે ગઝબ પ્રદર્શિત કરવા માટે છે. રબ તઆલા ફર્માવે છે : فَمَنْ شَآءَ فَلْيُؤْمِنْ وَّمَنْ شَآءَ فَلْيَكْفُرْ (તો જે ચાહે ઈમાન લાવે અને જે ચાહે કુફ્ર કરે. સૂ. કહફ, ૧૮/૨૯)

رِضَفٌ رِضَةٌ નું બહુવચન છે. رضفه તે તીવ્ર ગરમ પથ્થર છે જેનાથી દૂધ ઉકાળવામાં આવે છે.

**★ હદીષ : (૫)-૧૮૫૧ ★**

وَعَن أنس بن مَالك: أَنَّ رَجُلًا مِنَ الْأَنْصَارِ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْأَلُهُ فَقَالَ: «أَمَا فِي بَيْتك شَيْءٌ؟» قَالَ بَلَى حِلْسٌ نَلْبَسُ بَعْضَهُ وَنَبْسُطُ بَعْضَهُ وَقَعْبٌ نَشْرَبُ فِيهِ مِنَ الْمَاءِ. قَالَ: «ائْتِنِي بِهِمَا» قَالَ فَأَتَاهُ بِهِمَا فَأَخَذَهُمَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهِ وَقَالَ: «مَنْ يَشْتَرِي هَذَيْنِ؟» قَالَ رَجُلٌ أَنَا آخُذُهُمَا بِدِرْهَمٍ قَالَ: «مَنْ يَزِيدُ عَلَى دِرْهَمٍ؟» مَرَّتَيْنِ أَوْ ثَلَاثًا قَالَ رجل أنا آخذهما بِدِرْهَمَيْنِ فَأَعْطَاهُمَا إِيَّاه وَأخذ الدِّرْهَمَيْنِ فَأَعْطَاهُمَا الْأَنْصَارِيُّ وَقَالَ: «اشْتَرِ بِأَحَدِهِمَا طَعَامًا فانبذه إِلَى أهلك واشتر بِالْآخرِ قدومًا فأتني بِهِ» . فَأَتَاهُ بِهِ فَشَدَّ فِيهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عُودًا بِيَدِهِ ثُمَّ قَالَ لَهُ اذْهَبْ فَاحْتَطِبْ وَبِعْ وَلَا أَرَيَنَّكَ خَمْسَةَ عَشَرَ يَوْمًا ". فَذهب الرجل يحتطب وَيبِيع فجاء وَقَدْ أَصَابَ عَشَرَةَ دَرَاهِمَ فَاشْتَرَى بِبَعْضِهَا ثَوْبًا وَبِبَعْضِهَا طَعَامًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَذَا خَيْرٌ لَكَ مِنْ

*''હઝરત અનસથી રિવાયત છે કે એક અન્સારી શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં માગવા માટે આવ્યો[1] આપે ફર્માવ્યું કે શું તારા ઘરમાં કાંઈ નથી[2] ? અર્ઝ કરી, હા ! એક ટાટ છે જેને અમે થોડીક બિછાવી લઈએ છીએ, થોડીક ઓઢી લઈએ છીએ[3] અને એક પ્યાલો જેમાં પાણી પીએ છીએ. અને ફર્માવ્યું, તે બંનેવને અમારી પાસે લઈ આવો. તે એ બંને ચીજો હાજર લાવ્યા. તેને રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથમાં લીધી. અને ફર્માવ્યું, આને કોણ ખરીદે છે ?[4] એક શખ્સે કહ્યું, એક દિરહમમાં લઉં છું. આપે બે કે ત્રણ વાર ફર્માવ્યું, એક દિરહમથી વધારે કોણ આપે છે ?[5] એક સાહબ બોલ્યા કે હું બે દિરહમમાં લઉં છું. આપે ફર્માવ્યું, આ બંને ચીજો એમને આપી દો.[6] અને બે દિરહમ તે અન્સારીને આપ્યા અને ફર્માવ્યું, એમાંથી એકનું અનાજ ખરીદીને તારા ઘરમાં રાખી દે અને બીજાની કુહાડી ખરીદીને મારી પાસે લાવ.[7] તે હુઝૂરની પાસે કુહાડી લાવ્યા. હુઝૂરે અન્વર ﷺએ પોતાના હાથ મુબારક વડે તેમાં હાથો નાખ્યો[8] પછી ફર્માવ્યું, જાવ ! લાકડીઓ કાપો અને વેચો. અને હવે હું તમને પંદર દિવસ જોઈશ નહીં[9] પછી તે સાહબ લાકડીઓ કાપતા અને વેચતા રહ્યા. પછી હાજર થયા અને દસ દિરહમ કમાય ચૂક્યા હતા. તેમણે અમુક દિરહમ કપડાં અને અમુક દિરહમોથી અનાજ ખરીદયુ[10] હુઝૂરે*

أَنْ تَجِيءَ الْمَسْأَلَةُ نُكْتَةً فِي وَجْهِكَ يَوْمَ الْقِيَامَةِ إِنَّ الْمَسْأَلَةَ لَا تَصْلُحُ إِلَّا لِثَلَاثَةٍ لِذِي فَقْرٍ مُدْقِعٍ أَوْ لِذِي غُرْمٍ مُفْظِعٍ أَوْ لِذِي دَمٍ مُوجِعٍ».رَوَاهُ أَبُو دَاوُدَ وَرَوَى ابْن مَاجَه إِلَى قَوْله: «يَوْمَ الْقِيَامَةِ»

*અન્વર ﷺએ ફર્માવ્યું કે તમારા માટે આ તેનાથી બેહતર છે કે સવાલો તમારા મોઢામાં કયામતના દિવસે ડાઘ બનીને આવે[૧૧] ત્રણ શખ્સો સિવાય કોઈને સવાલ જાઈઝ નથી, કમરતોડ ફકીરી બેઈજ્જત કરનારુ કરજ, અથવા તકલીફદાયક ખૂનથી[૧૨]" (અબૂ દાઊદ) અને ઈબ્ને માજહએ يوم القيامت સુધી રિવાયત કરી."*

**૧.** હુઝૂરે અકરમ ﷺની મદીના મુનવ્વરા તશરીફ આવરી (આગમન)થી પહેલાં લોકો કરજ તથા સવાલમાં ઘેરાયેલા હતા. જેમ કે યહૂદીને ત્યાં ઘણી જમીન જાયદાદ, માલ, મકાન વગેરે ગીરો પડેલાં હતાં. સવાલ કરવાનો આમ રિવાજ હતો કેમ કે મોટાભાગના લોકો ખૂબ જ ગરીબ તથા નાદાર હતા. એના જ અનુસંધાનમાં આ હઝરત નબી કરીમ ﷺની બારગાહમાં સવાલ કરવા હાજર થયા.

**૨.** સુબ્હાનલ્લાહ ! આ છે બગડેલી કોમને બનાવવું ! અહીં એ શક્ય હતું કે હુઝૂરે અન્વર ﷺ તેને કાંઈક આપી દેત, પણ તે તેને થોડાક દિવસમાં ખાયને નવરુ કરી આપતો. હુઝૂરે અન્વર ﷺએ આ રીતે તેની બલ્કે તેની પેઢીઓની જિંદગી સમારી દીધી. **ફકીરને આપી દેવું સરળ છે પણ તેની જિંદગી સમારી આપવી ઘણુ મુશ્કેલ છે.** અનુભવ છે કે **પહાડ પાડી નાખવો અને દરિયો ઉલેચી કાઢવો આસાન પણ બગડેલી કૌમને સંભાળી લેવી મુશ્કેલ છે.** હુઝૂરે અન્વર ﷺએ આ કામ એવી સરસ રીતે અંજામ આપ્યાં જેનું દષ્ટાંત નથી મળતુ.

**૩.** حلس ح ના કસ્રાથી ટાટને પણ કહે છે અને જાડા કંબલને પણ જે ઊંટની પીઠ પર કાઠલા નીચે રાખવામાં આવે છે. અહીં બંનેવ અર્થોની શક્યતા છે. ભલા ગરીબીની હદ થઈ ગઈ કે એ અલ્લાહના બંદાના પૂરા ઘરમાં કુલ ઘરવખરી આ બે ચીજો છે ! હાલત એ કે એક જ કંબલને અડધી બચાવીને ખુદ બીવી બચ્ચાં સૌ સૂઈ જતાં અને તેનું અડધુ એ સૌ ઓઢી લેતાં. જેમ કે نَبْسُطُ ના જમા મુતકલ્લિમથી જણાય રહ્યું છે. હુઝૂરે અન્વર ﷺએ એ ગરીબોને તખ્તો તાજના માલિક બનાવ્યા છે.

**૪.** જો કે એ પણ થઈ શકતુ હતું કે સરકાર ﷺ તે મિસ્કીનને જ કહી આપતા કે આ બંનેવ ચીજો વેચીને કુહાડી ખરીદી લો જેનાથી લાકડીઓ કાપો અને વેચો અને તમારું કામ ચલાવો. પણ આ સ્થિતિમાં તે મહત્વ જાહેર ન થતું જે હુઝૂરે અન્વર ﷺના અમલ શરીફથી જાહેર થયું. એનાથી જાણવા મળ્યું કે **કેવળ કહી દેવાથી કૌમની સુધારણા નથી થતી, એના માટે કાંઈક કરીને પણ બતાવવું પડે છે.** મુબલ્લિગો મૌખિક તબ્લીગને પૂરતી ન સમજે (એટલાથી સંતોષ ન માને) બલ્કે અમલી તબ્લીગ પણ કરે.

**૫.** એનાથી લિલામની પણ સાબિતી થઈ જેને અરબીમાં બયએ મનયઝીદ (مَنۡ یَزِیۡدُ) કહે છે. અને લિલામમાં વારંવાર બોલી માગવી પણ સાબિત થયું. આ બંને ચીજો સુન્નતથી સાબિત છે.

**૬.** યાદ રાખશો કે જે હદીષમાં બીજાના ભાવ પર ભાવ ચઢાવવુ મના કરવામાં આવ્યું ત્યાં એ સ્થિતિ મુરાદ છે જ્યાં વેપારી તથા ખરીદનાર રાજી થઈ ચૂક્યા હોય.

**૭.** એટલે એક દિરહમના જવ ખરીદીને પોતાની પત્નીને આપે જેથી તે રોટી પકાવીને પોતે પણ ખાય, તને તથા બાળકોને પણ ખવડાવે અને બીજા દિરહમની કુહાડી ખરીદીને મને આપ. જા અને રોટી ખાયને ફરી આવજે. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે ફકીર નાદાર પર પણ બીબી બચ્ચાંનો ખર્ચો વાજિબ છે. કેમ કે હુઝૂરે

અન્વર ﷺએ કુહાડી કેવળ પુરૂષને આપી, બે કુહાડીઓ લઈને પુરૂષ તથા સ્ત્રીમાં વહેંચી નથી. એનાથી તે લોકો ઈબ્રત પકડે (બોધ ગ્રહણ કરે) જેઓ છોકરીઓથી કમાઈ કરાવવા માટે બી.એ., એમ.એ. કરાવી રહ્યા છે અને જે જરૂરી મસાઈલ છોકરીઓને શીખવાડવા ફર્ઝ છે તેનાથી તદ્દન બેખબર છે.

૮. એનાથી જાણવા મળ્યું કે જેનાથી કોઈ કામકાજ શરૂ કરાવવામાં આવે તેની કાંઈક શારીરિક મદદ પણ કરવામાં આવે. જુઓ હુઝૂરે અન્વર ﷺ એ અહીં તેને માલી મદદ ન કરી બલ્કે બદની મદદ કરી. કેમ કે બદની ઈમદાદથી તેની માગવાની આદત ન છૂટત. હવે તેને ઈબ્રત થઈ ગઈ કે જ્યારે સરકાર ﷺ ખુદ પોતાના હાથ વડે આટલુ કામ કરી શકે છે તો હું કેમ ન મહેનત કરું.

૯. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે જંગલી લાકડીઓ શિકારી જાનવરોની જેમ આમ મુબાહ છે, જે કબજો કરી લે તે એનો માલિક છે કે તે એને વેચી પણ શકે છે. બીજુ એ કે નબી કરીમ ﷺ ઈલાહીના ફર્માન મુજબ અહકામના માલિક છે. જુઓ હુઝૂરે અકરમ ﷺએ તેના માટે એ પંદર દિવસો માટે જમાઅતથી નમાઝ માફ કરી દીધી, ત્યાં સુધી કે દરમિયાનમાં જુમ્આ પણ આવ્યો તે પણ તેના માટે માફ રહ્યો. એ દરમિયાનમાં તેણે મસ્જિદમાં આવવું માફ થઈ ગયું. કેમ કે તેને ફર્માવવામાં આવ્યું, તને હું જોઉં નહીં. હવે જો તે મસ્જિદમાં હાજર થાત તો આ મનાઈને અવગણનાર બનતા. તેમણે એ સમયમાં દિવસની નમાઝ જંગલમાં અને રાતની નમાઝ ઘરે પઢી.

૧૦.એનાથી પણ જણાય છે કે તે હઝરત પંદર દિવસ સુધી મસ્જિદમાં તદ્દન હાજર ન થયા, નહીં તો એ દરમ્યાનમાં ઈશાની જમાઅત માટે પણ કદી આવ્યા હોત તો એનો જરૂર ઉલ્લેખ અહીં થાત. અને સરકાર ﷺ તેમનાથી દરરોજનો હિસાબ પૂછત. આ તેમની વિશિષ્ટતામાંથી છે. કદાપિ વેપારી કે ધંધાવાળાને એ જાઈઝ નથી કે કારોબારમાં મશગૂલ થઈને જમાઅત ત્યજી દે.

૧૧.એટલે કે **હલાલ ધંધો ભલે ગમે તેટલો મામૂલી હોય ભીખ માગવા કરતાં અફઝલ છે કે એમાં દુનિયા તથા આખેરતમાં ઈજ્જત છે.** અફસોસ ! આજે ઘણા બધા લોકો આ તાલીમને ભૂલી ગયા. મુસલમાનોમાં સેંકડો ખાનદાન ધંધાદારી ભીખારી છે !

૧૨. તકલીફદાયક ફકીરી (ગરીબી)માં ફાકા (ભૂખે ટંક જવા) અને ફકીરની મઅઝૂરી એટલે હાથ પગ વિનાના હોવું બંને સામેલ છે. અને બેઈજ્જત કરનાર કરજથી તે કરજ મુરાદ છે જેમાં કરજ માગનારો મોહલત ન આપે, કરજદારની બઈજ્જતી માટે તૈયાર હોય. તકલીફ તે ખૂનથી મુરાદ છે કે તેણે કોઈને કત્લ કરી નાખ્યો જેની દિયત તેના પર લાઝિમ થઈ. તેની પાસે ન માલ છે ન સગાં વહાલાં. આ ત્રણેવ માણસો જરૂરત મુજબ સવાલ કરી શકે છે. યાદ રાખશો કે આ પાબંદીઓ માગવા માટે છે, ઝકાત લેવા માટે નથી.

**★ હદીષ : (૧૬)-૧૮૫૨ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَصَابَتْهُ فَاقَةٌ فَأَنْزَلَهَا بِالنَّاسِ لَمْ تُسَدَّ فَاقَتُهُ. وَمَنْ أَنْزَلَهَا بِاللّٰه أوشك الله لَهُ بالغنى إِمَّا بِمَوْتٍ عَاجِلٍ أَوْ غِنًى آجِلٍ» . رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

*"હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેને ફાકા (ભખે ટંક જાય) તે લોકો સમક્ષ રજૂ કરે તો તેના ફાકા બંધ નહીં થાય[1] અને તેને અલ્લાહ સમક્ષ પેશ કરે તો તેને ઘણો જ જલ્દી ગની કરી આપશે અથવા ત્વરીત મૃત્યુની કે ભાવિમાં માલદારીથી[2]" (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** એટલે કે પોતાની ગરીબીની શિકાયત લોકોને કરતો ફરે અને બેસબ્રી જાહેર કરે અને લોકોને પોતાના હાજતરવા જાણીને તેમનાથી માગવાનુ શરૂ કરી દે તેનો અંજામ એ થશે કે તેને માગવાની આદત પડી જશે જેમાં બરકત થશે નહીં અને હમેશાં ફકીર જ રહેશે.

**૨.** એટલે કે પોતાના ફાકા લોકોથી છુપાવે, રબ તઆલાની બારગાહમાં દુઆઓ માગે અને હલાલ ધંધામાં કોશિશ કરે તો રબ તઆલા તેને માગવાની જરૂરત ઉભી કરશે જ નહીં. જો તેના નસીબમાં દોલતમંદી નથી તો તેને ઈમાન પર મૌત નસીબ કરીને જન્નતની નેઅમતો અતા કરશે. અને જો માલદારી નસીબમાં છે તો તે જલ્દી નહીં તો મોડેથી પણ અતા કરી આપશે. કે તેની કમાણીમાં બરકત આપશે. અમારી આ તકરીર (ચર્ચા)થી એ વાંધો ઉઠી ગયો કે મૌતથી માલદારી કેવી રીત હાંસલ થાય છે. કેમ કે પહેલા ગનાથી મુરાદ માલદારી નથી બલ્કે લોકોથી બેનિયાઝી છે. યાદ રાખશો કે માણસ મરીને લોકોના માલથી બેનિયાઝ થઈ જાય છે. ભલે તેમના ઈસાલે સવાબનો મુન્તઝિર રહે છે. અહીં માલી ગના મુરાદ છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૭)-૧૮૫૩ ★**

عَنِ ابْنِ الْفِرَاسِيِّ أَنَّ الْفِرَاسِيَّ قَالَ: قُلْتُ لِرَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَسْأَلُ يَا رَسُولَ اللّٰهِ؟ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا وَإِن كنت لابد فسل الصَّالِحين» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"ઈબ્ને ફરાસીથી[૧] રિવાયત છે કે ફરાસી ફર્માવે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! હું માગી શકુ છું ? તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું નહીં ! અને જો માગવું પડી જાય તો નેકોથી માગો[૨]" (અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આપના નામની ભાળ ન મળી. આપની નિસ્બત ફરાસ ઈબ્ને ગનમ ઈબ્ને માલિક ઈબ્ને કનાનીની તરફ છે. આપના વાલિદ ફરાસી સહાબી છે.

**૨.** મતલબ એ છે કે સખત મજબૂરી વિના કોઈનાથી કાંઈ ન માગો. જ્યારે સખત મજબૂર થઈ જાવ જેનાથી શરઅન માગવું દુરુસ્ત થઈ જાય તો અલ્લાહના મુત્તકી તથા નેક બંદાઓથી જ માગો. કેમ કે તેમની રોજી હલાલ હશે તેમજ એમાં બરકત થશે જે તમને પણ નસીબ થઈ જશે. તેમજ તેઓ ભલુબુરુ ન કહેશે, ધમકાવશે નહીં. તેમજ તેઓ તમારા માટે દુઆ પણ કરશે જેનાથી તમારી ફકીરી દૂર થઈ જશે. આ હુકમ ભીખ માગવાના સંબંધે છે, પણ બરકત હાંસલ કરવા માટે તેમનાં તબર્રુક માગવાં ખૂબ જ બેહતર છે જેના પર બાદશાહોને ફખ્ર થાય છે. સહાબાએ કિરામે હુઝૂરે અન્વર ﷺના બાલ શરીફ, તેહબંદ, ધોવાણનું પાણી માગ્યું છે. બાલ મુબારક તથા તેહબંદ શરીફ પોતાની કબરોમાં લઈ ગયા. હુઝૂર ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہના લંગરનું તબર્રુક દક્ષિણના (દક્કનના) સુલ્તાનો માગી માગીને હાંસલ કરતા રહ્યા છે. આપણને એના પર જ ગર્વ છે કે આપણે આસ્તાનાએ ગૌષિયાના ગદા (ભીખારી) છીએ. (رضی اللہ عنہ)

**★ હદીષ : (૧૮)-૧૮૫૪ ★**

وَعَنِ ابْنِ السَّاعِدِيِّ الْمَالِكِي أَنه قَالَ: استعملني عمر بن الْخطاب رَضِي الله عَنْهُم عَلَى الصَّدَقَةِ فَلَمَّا فَرَغْتُ

*"હઝરત ઈબ્ને સાઅદીથી રિવાયત છે.[૧] ફર્માવે છે કે મને હઝરત ઉમરે સદકા માટે આમિલ બનાવ્યો.[૨] જ્યારે હું એનાથી ફારિગ થયો અને સદકો આપની ખિદમતમાં અદા કરી આપ્યો તો મને મજૂરીનો હુકમ*

مِنْهَا وَأَدَّيْتُهَا إِلَيْهِ أَمَرَ لِي بِعُمَالَةٍ فَقُلْتُ إِنَّمَا عَمِلْتُ لِلَّهِ وَأَجْرِي على الله فَقَالَ خُذْ مَا أُعْطِيتَ فَإِنِّي قَدْ عَمِلْتُ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَعَمَّلَنِي فَقُلْتُ مِثْلَ قَوْلِكَ فَقَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أُعْطِيتَ شَيْئًا من غير أَن تسْأَل فَكل وَتَصدق» . رَوَاهُ مُسلم وَأَبُو دَاوُد

*આપ્યો, મેં અર્ઝ કરી કે મેં અલ્લાહના માટે કામ કર્યું છે, મારી મજૂરી અલ્લાહ પર છે[3] ફર્માવ્યું, જે તમને આપવામાં આવે તે લઈ લો. મેં પણ ઝમાનાએ નબવી ﷺમાં આ અમલ કર્યો હતો. મને હુઝૂરે અન્વર ﷺએ મજૂરી આપી હતી તો મેં પણ તમારી જેવી અરજ કરી હતી તો મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું હતું, જે કાંઈ તમને વિના માગ્યે મળે તે ખાય લો અને સદકો કરો.[4]" (અબૂ દાઊદ)*

**૧.** આપને ઈબ્ને સઅદી પણ કહે છે. પોતાની આ કુન્નિયતમાં મશહૂર છે. સહાબી છે. શામ (સીરિયા)માં હિ.સ. ૫૭માં વફાત પામ્યા. *(અશિઅહ)*

**૨.** એટલે કે હઝરત ઉમર ફારૂકે પોતાના ખિલાફતના જમાનામાં મને લોકોના જાહેરી માલ (જાનવર, ખેતીની ઉપજ)ની ઝકાત વસૂલ કરવા મોકલ્યો. એ જમાનામાં ઝકાતની વસૂલીનું બાકાયદા મંત્રાલય રહેતુ હતું જેમાં એ લોકોને ઝકાતમાંથી મજૂરી આપવમાં આવતી હતી જેમને આમિલ કહેતા હતા. તેમને મજૂરીનો અમાલા કહેવાતુ. રબ તઆલા ફર્માવે છે. وَالْعٰمِلِيْنَ عَلَيْهَا (અને જે તેને ઉઘરાવીને લાવે. *–સૂ. તૌબા, ૯/૬૦*)

**૩.** હઝરત ઈબ્ને સાઅદીનો ખયાલ એ હતો કે મજૂરી લઈ લેવાથી સવાબ જતો રહેશે અને મેં આ કામ સવાબ માટે કર્યું છે, એટલા માટે કબૂલ કરવાથી ઈન્કાર કર્યો.

**૪.** સુબ્હાનલ્લાહ ! શું પ્યારી તાલીમ છે ! મકસદ એ છે કે માગ્યા વિના જે રબ આપે તેને ન લેવું એ અલ્લાહની નેઅમતને ઠુકરાવવું છે, જે અલ્લાહ તઆલાને સખત નાપસંદ છે, જેથી એને જરૂર લઈ લો. એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નેક અમલોની મજૂરી લેવી જાઈઝ છે. જેમ કે ઉલમા, કાઝી, મુદર્રિસો ત્યાં સુધી કે ખુદ ખલીફાની તન્ખ્વાહ બયતુલ માલથી આપવામાં આવશે, ઉષ્માન ગની رضی اللہ عنہ સિવાયના બાકી ત્રણેવ ખલીફાએ બયતુલ માલથી ખિલાફતનો પગાર વસૂલ કરેલો છે. બીજુ એ કે **જ્યારે કામ કરનારની નિય્યત સારી હોય તો પગાર લેવાથી ઈન્શા અલ્લાહ ! સવાબ ઓછો થશે નહીં. કેવળ પગારના માટે જ દીની કામ ન કરે, પગાર તો ગુજારા માટે વસૂલ કરે પણ મૂળ હેતુ દીની ખિદમત હોય.** ત્રીજુ એ કે ગની પણ આ વળતર લઈ શકે છે કે કેવળ ફકીરને જ ઈજાઝત નથી. પછી લઈને પોતે પણ ખાય શકે છે, તેનાથી ખયરાત પણ કરી શકે છે. યાદ રાખશો કે ઈમામ અહમદને ત્યાં હદિયો કબૂલ કરવો વાજિબ છે. આ હદીષના આધારે બાકી જમહૂર ઉલમાને ત્યાં આ હુકમ ઈસ્તિહબાબી (મુસ્તહબ રૂપે) છે. મિર્કાતે આ જગાએ ફર્માવ્યું કે ઈસ્લામી સુલ્તાન પર વાજિબ છે કે એવા ઉલમા, મુફતીઓ, મુદર્રિસોના પગારો નિશ્ચિત કરે જેમણે પોતાને દીની ખિદમતો માટે વકફ કરી દીધા હોય.

**★ હદીષ : (૧૯)-૧૮૫૫ ★**

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّهُ سَمِعَ يَوْمَ عَرَفَةَ رَجُلًا يَسْأَلُ النَّاسَ فَقَالَ: أَفِي هَذَا الْيَوْمِ: وَفِي هَذَا الْمَكَانِ تسْأَل من يغر الله؟ فخفقه بِالدرة. رَوَاهُ رزين

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે આપે અરફાના દિવસે એક શખ્સને સાંભળ્યો કે લોકોથી માગે છે તો ફર્માવ્યું કે શું આ દિવસમાં અને આ જગાએ ગૈરે ખુદાથી માગે છે ! આપે તેને કોરડા માર્યા.[1]" (રઝીન)*

**૧.** એનાથી જાણવા મળ્યું કે ભલે ભીખ માગવું હમેશાં અને દરેક જગાએ જ બુરુ છે, પરંતુ મુબારક તારીખો અને મુબારક સ્થળોએ બંદાઓથી ભીખ માગવું ખૂબ જ અધિક બુરુ છે કે એ જગા ઈબાદતના માટે છે ભીખ માગવા માટે નથી. મિર્કાતે ફર્માવ્યું કે એ જ પ્રમાણે મસ્જિદોમાં અને જુમ્આના દિવસે ભીખ માગવી ખૂબ જ બુરુ છે કે એ જગા ઈબાદતના માટે છે, ભીખ માટે નથી. સૂફીઓ ફર્માવે છે કે **અલ્લાહની જગામાં ગૈરુલ્લાહથી માગવું રહમતના દરવાજા બંધ કરી દે છે.**

**★ હદીષ : (૨૦)-૧૮૫૬ ★**

وَعَن عمر رَضِي الله عَنهُ قَالَ: تَعْلَمُنَّ أَيُّهَا النَّاسُ أَنَّ الطَّمَعَ فَقْرٌ وَأَنَّ الْإِيَاسَ غِنًى وَأَنَّ الْمَرْءَ إِذَا يَئِسَ عَن شَيْءٍ اسْتَغْنَى عَنهُ. رَوَاهُ رزين

*"હઝરત ઉમરથી રિવાયત છે કે આપે ફર્માવ્યું, હે લોકો ! યક઼ીન રાખો કે તમઅ (લાલચ) ફક઼ીરી છે અને નાઉમ્મીદી ગના છે. અને જ્યારે માણસ કોઈ ચીજથી નિરાશ થઈ જાય છે તો તેનાથી લાપરવા થઈ જાય છે.[૧]" (રઝીન)*

**૧.** એટલા માટે કહેવામાં આવે છે કે માયૂસી (નિરાશા) પણ એક પ્રકારની રાહત છે. કોઈએ હઝરત અબૂ મુહસિન શાઝલીને કીમિયા પૂછી. આપે ફર્માવ્યું, મખ્લૂક઼ (લોકો)થી ઉમ્મીદ તોડી નાખો અને તક઼દીર પર શાકિર રહો. સૌથી મહાન કીમિયો આ છે.

آز بگذار وپادشاهی کن ۔ گردنِ بے طمع بلند بود

**અર્થાત** : "લાલચ છોડ અને બાદશાહી કર, લાલચ વિના ગરદન ઉંચી રહે છે."

**★ હદીષ : (૨૧)-૧૮૫૭ ★**

وَعَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ يَكْفُلُ لِي أَنْ لَا يَسْأَلَ النَّاسَ شَيْئًا فَأَتَكَفَّلَ لَهُ بِالْجَنَّةِ؟» فَقَالَ ثَوْبَانُ: أَنَا فَكَانَ لَا يَسْأَلُ أَحَدًا شَيْئًا. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત ષૌબાન رضی اللہ عنہથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે મને એની જમાનત આપે કે લોકોથી કાંઈ માગશે નહીં,** તો હું તેના માટે જન્નતનો જામિન છું.[૨]" હઝરત ષૌબાને કહ્યું, હું તો કોઈનાથી કાંઈ માગતો ન હતો.[૩]"*

*(અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આપ ષૌબાન ઈબ્ને વજદ છે. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ અથવા અબૂ અબ્દુર્રહમાન છે. હુઝૂરે અન્વર ﷺના આઝાદ કરેલા ગુલામ છે. હુઝૂરે અન્વર ﷺએ તેમને મક્કા મઅઝૂઝમા અને યમનની વચ્ચે સિરાત સ્થળેથી ખરીદયા. આપ હુઝૂરે અન્વર ﷺની વફાત સુધી સફર તથા ઉતારે હુઝૂરે અન્વર ﷺની સાથે જ રહ્યા, કદી જુદા ન થયા. હુઝૂરે અન્વર ﷺની વફાત પછી મદીનામાં દિલ ન લાગ્યું તો શામ ચાલ્યા ગયા. ઈમ્લા સ્થળે અમુક દિવસો રહ્યો પછી હમ્સ સ્થળે રહ્યા. ત્યાં હિ.સ. ૫૪માં વફાત પામ્યા. ઘણી મખ્લૂકે઼ (લોકોએ) આપનાથી હદીષ લીધી.

**૨.** એટલે **જે મારાથી ભીખ ન માગવાનો વાયદો કરે તો હું તેની ચાર ચીજોનો જિમ્મેદાર થાઉં છું : જિંદગી તક઼વા પર, મૌત ઈમાન પર, ક઼બ્રમાં કામયાબી, હશ્રમાં છૂટકારો. કેમ કે જન્નત આ ચાર ચીજો બાદ નસીબ થશે.** આનાથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને**

**પોતોની જન્નતમાં માલિક તથા મુખ્તાર બનાવ્યા છે. કેમ કે અખ્તયાર વિના જમાનત કેવી ?!** એ પણ જાણવા મળ્યું કે સવાલથી બચનારને હુઝૂરે અન્વર ﷺ પોતાની અમાનમાં લઈ લે છે. પછી તેના પર ન શૈતાનનો દાવ ચાલે ન નફ્સે અમ્મારા કાબૂ પામે. જેને આપ પોતાના દામનમાં છુપાવી લે તેનું કોઈ શું બગાડી શકે છે ?! એ પણ માલૂમ પડયું કે હુઝૂરે અન્વર ﷺનો તસર્રુફ તથા હુઝૂર ﷺની અમ્નો અમાન આલમમાં કયામત સુધી જારી છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺની આ જમાનત કેવળ સહાબાને માટે નથી બલ્કે કયામત સુધી દરેક સવાલથી બચનારા મોમિનના માટે છે. (શેઅર)

*ઢુંઢા હી કરેં સદરે કયામતમેં સિપાહી—વો કિસ કો મિલે જો તેરે દામનમેં છુપા હો*

અહીં શયખે ફર્માવ્યું કે અંબિયાએ કિરામની આ જમાનતો અલ્લાહના હુકમથી છે અને બરહક્ક છે, ત્યાં સુધી કે એક પગગંબરનું નામ જ ઝુલ કિફ્લ છે, કેમ કે તે પોતાની ઉમ્મતના માટે જન્નતના કફીલ થઈ ગયા હતા.

**૩.** એટલે સૌ પ્રથમ આ હદીષ પર ખુદ હઝરત ષૌબાને એવો અમલ કર્યો કે વફાત સુધી કોઈનાથી કાંઈ ન માગ્યું. જાણવા મળ્યું કે ઈલ્મ પર આલિમ પહેલાં ખુદ અમલ કરે.

**★ હદીષ : (૨૨)-૧૮૫૮ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: دَعَانِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يَشْتَرِطُ عَلَيَّ: «أَنْ لَا تَسْأَلَ النَّاسَ شَيْئًا» قُلْتُ: نَعَمْ. قَالَ: «وَلَا سَوْطَكَ إِنْ سَقَطَ مِنْكَ حَتَّى تنزل إِلَيْهِ فتأخذه» . رَوَاهُ أَحْمَدُ .

*"હઝરત અબૂ ઝરથી રિવાયત છે, ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺએ શર્તની સાથે બોલાવ્યો કે લોકોથી કાંઈ ન માગશો.[૧] મેં અર્ઝ કરી, હા. ફર્માવ્યું, જો તમારો કોરડો પડી જાય તો તે પણ ન માગતા, ત્યાં સુધી કે જાતે ઉતરીને લેજો.[૨]" (અહમદ)*

**૧.** એટલે મારાથી એના માટે બયઅત લીધી. ક્યારેક નબી ﷺએ ખાસ ખાસ એહકામ પર પણ બયઅતો લીધી છે, એમાંથી આ પણ છે.

**૨.** જાહેર એ છે કે આ હુકમ એમના જ માટે ખાસ હતો, નહીં તો પડેલો કોરડો કોઈની પાસેથી ઉઠાવી લેવો એ નાજાઈઝ નથી. અમુક બુઝુર્ગોના માટે અમુક જાઈઝ ચીજો નાજાઈઝ કરી દેવામાં આવે છે. જેમ કે હઝરત અલી મુર્તઝા માટે ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની મૌજૂદગીમાં બીજો નિકાહ. અને અમુક બુઝુર્ગોના માટે અમુક નાજાઈઝ ચીજો જાઈઝ કરી દેવામાં આવે છે, જેમ કે સિદ્દીકે અકબરના માટે જનાબતની હાલતમાં મસ્જિદથી પસાર થવું અમુકે ફર્માવ્યું કે સરકાર ﷺનું આ ફર્માન અતિશયોક્તિ છે પણ પ્રથમ વાત અધિક મજબૂત જણાય છે.

# બાબુલ ઈન્ફાકે વ કરાહિયતિલ્ ઈમ્સાક باب الإنفاق وكراهية الإمساك

## (ખર્ચ કરવો અને કંજૂસાઈની બુરાઈ[૧])

### (વિભાગ : ૧) الفصل الاول

**૧** : એટલે સખાવતની તારીફ અને કંજૂસીની બુરાઈઓ આ પ્રકરણમાં વર્ણન પામશે. **સખી** તે છે જે પોતાના માલથી પોતે પણ ખાય અને અન્યોને પણ ખવડાવે. **જવ્વાદ** તે છે જે પોતે ન ખાય પણ અન્યોને ખવડાવે. એટલા માટે રબ તઆલાને સખી નથી કહી શકતા પણ જવ્વાદ કહેવામાં આવે છે. **કંજૂસ** તે છે જે પોતાનો માલ ખુદ ખાય અને બીજાને હક્ક ન આપે. **મુમ્સિક** તે છે જે ન ખુદ ખાય અને ન કોઈને ખાવા દે. જોડે અને છોડે. શયખે ફર્માવ્યું કે અહીં ઈમ્સાકથી મુરાદ કંજૂસી છે, અને ઈન્ફાકથી મુરાદ ફર્ઝો કરતાં અધિક નફલોમાં ખર્ચ કરવું છે. કેમ કે ઝકાતના ખર્ચનું વર્ણન પહેલાં થઈ ચૂક્યું છે.

**★ હદીષ : (૧)-૧૮૫૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ كَانَ لِي مِثْلُ أُحُدٍ ذَهَبًا لَسَرَّنِي أَنْ لَا يَمُرَّ عَلَيَّ ثَلَاثُ لَيَالٍ وَعِنْدِي مِنْهُ شَيْءٌ إِلَّا شَيْءٌ أَرْصُدُهُ لِدَيْنٍ» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ જો મારી પાસે ઓહદ પહાડ બરાબર સોનુ હોય તો મને એ સારુ લાગશે કે ત્રણ રાતો એવી ન પસાર થાય કે જેનામાં એ સોનામાંથી કાંઈ પણ મારી પાસે હોય સિવાય એટલુ જે કરજની અદાયગી માટે રાખુ.[૧]" (બુખારી)*

**૧.** હદીષનો મતલબ બિલકુલ જાહેર છે. આ ચર્ચા જાહેરના લેહાઝથી છે, નહીં તો નબી કરીમ ﷺ જો ચાહત તો આપની સાથે સોનાના પહાડ છે. આમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે **કરજદાર નફ્લી સદકો ન આપે બલ્કે પ્રથમ કરજ અદા કરે.** તેમજ આટલી અઝીમુશ્શાન સખાવત તે કરી શકે છે જેના બીવી બચ્ચાં પણ સાબિર તથા શાકિર હોય, નહીં તો તેમને ભૂખ્યાં મારીને નફ્લી ખૈરાત ન કરે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ જે સર્વ કાંઈ ખૈરાત કરી દીધું તેનું કારણ એ હતું કે તેમનાં ઘરવાળાં પણ સાબિરોના સરદાર હતા. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે તમારા પર તમારી પત્નીનો હક્ક પણ છે અને તમારાં બાળકોનો પણ. કેમ કે ત્યાં આપણા જેવાઓના માટે કાનૂનનું વર્ણન છે અને અહીં હુઝૂર દાતાના ખાસ કરમનું.

**★ હદીષ : (૨)-૧૮૬૦ ★** (مُتَّفِق عَلَيه)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا مِنْ يَوْمٍ يُصْبِحُ الْعِبَادُ فِيهِ إِلَّا مَلَكَانِ يَنْزِلَانِ فَيَقُولُ أَحَدُهُمَا: اللَّهُمَّ أطع مُنْفِقًا خَلَفًا وَيَقُولُ الْآخَرُ: اللَّهُمَّ أَعْطِ مُمْسِكًا تلفا "

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવો કોઈ દિવસ નથી જેમાં બંદાઓ સવાર કરે અને બે ફરિશ્તા ન ઉતરે જેમાંથી એક તો કહે છે, ઈલાહી ! સખીને અધિક સારો બદલો આપ. અને બીજો કહે છે, ઈલાહી ! કંજૂસને બર્બાદી આપ ![૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે **સખીના માટે દુઆ અને કંજૂસના માટે બદદુઆ દરરોજ ફરિશ્તાઓના મોઢેથી નીકળે છે, જે યકીનન ! કબૂલ છે.** યાદ રહે કે "ખલ્ફ" મુત્લકન એવઝ (બદલા)ને કહે છે, દુન્યાવી હોય કે આખેરતનો, ભૌતિક હોય કે રૂહાની. પણ તલફ, દુન્યવી તથા ભૌતિક બર્બાદીને કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : وَمَآ اَنْفَقْتُمْ مِّنْ شَیْءٍ فَهُوَ یُخْلِفُهٗ (અને તંગી ફર્માવે છે જેના માટે ચાહે. *–સૂ. સબા, ૩૪/૩૯*)નો અનુભવ દિવસ રાત થઈ રહ્યો છે કે કંજૂસનો માલ હકીમ, ડોક્ટર, વકીલ અથવા નાલાયક ઔલાદ બર્બાદ કરે છે.

**★ હદીષ : (૩)-૧૮૯૧ ★** (مُتَّفِقٌ عَلَيۡهِ)

وَعَنْ أَسْمَاءَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنْفِقِي وَلَا تُحْصِي فَيُحْصِيَ اللَّهُ عَلَيْكِ وَلَا تُوعِي فَيُوعِيَ اللَّهُ عَلَيْكِ ارْضَخِي مَا اسْتَطَعْتِ»

*"હઝરત અસ્માથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખૂબ ખર્ચ કરો, ન ગણો,, નહીં તો અલ્લાહ તઆલા પણ ગણત્રી કરશે.[૧] અને ન બચાવો, નહીં તો અલ્લાહ પણ તમારાથી બચાવશે. જેટલુ કરી શકતી હોવ રાહે ખુદામાં આપો.[૨]"*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે હે અસ્મા ! તમારા માલમાંથી મુત્લકન અને પોતાના પતિના માલથી ઈજાઝત પ્રમાણે ખર્ચ કરતા રહો, નફલી સદકાનો હિસાબ ન લગાડો, નહીં તો શૈતાન દિલમાં કંજૂસી પેદા કરી દેશે. જેથી આ હદીષ ઝકાતના હિસાબની વિરૂધ્ધ નથી. બેહિસાબ અલ્લાહના નામ પર આપો તો ત્યાંથી તમને એટલુ મળશે કે તમો હિસાબ નહીં કરી શકો. એ મતલબ નથી કે રબ તઆલાના હિસાબથી બહાર હશે ! ખેતરમાં પાણી આપતી વખતે એક શખ્સ કૂવેથી પાણી છોડે છે અને બીજો કયારીઓમાં ફેલાવે છે. જ્યાં સુધી એ ફેલાવતો રહે છે ત્યાં સુધી ત્યાંથી પાણી આવતુ રહે છે. દીની માર્ગો અલ્લાહની કયારીઓ છે, માલદાર લોકો એમાં પાણી ફેલાવનારા છે, અને રોજી પહોંચાડવાવાળા ફરિશ્તા પાણી છોડનારા છે.

**૨.**એટલે એ ખયાલ ન કરો કે આટલી થોડી તથા મામૂલી ચીજ આટલી મોટી બારગાહમાં શું પેશ કરું ! ત્યાં માલની માત્રા નથી જોવામાં આવતી, દિલનો ઈખ્લાસ જોવામાં આવે છે. યાદ રાખશો કે રબ તઆલા ફર્માવે છે : لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ (તમે કદાપિ ભલાઈએ પહોંચશો નહીં, જ્યાં સુધી રાહે ખુદામાં પોતાની પ્યારી ચીજ ન ખર્ચ કરો. સૂ. આલે ઈમરાન, ૩/૯૨) અને જ્યાં હુકમ આપવામાં આવ્યો કે જે બની શકે ખૈરાત કરો. આ બંનેમાં ટકરાવ નથી. આયતનો હેતુ એ છે કે હમેશાં મામૂલી ચીજ જ ખૈરાત ન કરો, સારી ચીજો પણ ખૈરાત કરો. અને આ હદીષનો હેતુ એ છે કે મોટી ચીજના ઈન્તેઝારમાં નાની ખૈરાતોથી દૂર ન રહો. જે ચીજ ખાવા પીવાથી બચી રહી તેના બગડી જવાનો ખતરો છે તેને તરત જ કોઈને આપી દો, નહીં તો બર્બાદ થઈ જશે.

**★ હદીષ : (૪)-૧૮૯૨ ★** (مُتَّفِقٌ عَلَيۡهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَالَ اللَّهُ تَعَالَى: أَنْفِقْ يَا ابْن آدم أنْفق عَلَيْك "

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **રબ તઆલા ફર્માવે છે, કે ઈન્સાન ! ખર્ચ કર, હું તારા પર ખર્ચ કરીશ.**[૧] " (મુસ્લિમ, બુખારી)*

**૧.** સુબ્હાનલ્લાહ ! કેવી નઝરે કરમ છે. મક્સદ એ છે કે હે ઈન્સાન ! ખતમ થઈ જનાર અને નષ્ટ થઈ જનારો માલ તો મારી રાહમાં આપ ! હું તને એનાથી કેટલાય અંશે અધિક માલ પણ આપીશ અને ન મિટનારો સવાબ પણ.

રબ તઆલા ફર્માવે છે : مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ (જે તમારી પાસે છે થઈ જશે અને જે અલ્લાહની પાસે છે હમેશાં રહેશે. સૂ. નહ્લ, ૧૬/૯૬) (અઝ : મિર્કાત) યાદ રાખશો કે જે નાશવંત ચીજને રબ તઆલા કબૂલ ફર્માવી લે તે બાકી રહી જાય છે. દુનિયા શૂન્ય છે એટલે ખાલી, રઝાએ ઈલાહી આંક. શૂન્ય એકલો હોય તો કાંઈ નહીં, અને જો આંકથી મળી જાય તો દસ ગણો થશે. એનાથી નિર્દેશ રૂપે માલૂમ પડયું કે સદકાથી તકદીર બદલાય જાય છે, બદનસીબ નસીબદાર થઈ જાય છે. તકદીરની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ ''તફસીરે નઈમી'' ભાગ–રમાં જુઓ.

**★ હદીષ : (૫)-૧૮૬૩ ★**

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا ابْنَ آدَمَ إِنْ تَبْذُلِ الْفَضْلَ خَيْرٌ لَكَ وَإِنْ تُمْسِكْهُ شَرٌّ لَكَ وَلَا تُلَامُ عَلَى كَفَافٍ وَابْدَأْ بِمن تعول».رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે[1] હે ઈન્સાન ! જો તું યોગ્ય જગાએ માલ ખર્ચ કરી દે તો તારા માટે સારુ છે, અને જો તું એને રોકી રાખે તો તારા માટે બુરુ છે.[2] અને જો જરૂરત પ્રમાણેના પર મલામત (ટીકા ટીપ્પણ) નથી, અને પોતાનાં બીવી બચ્ચાંથી શરૂઆત કરો.[3] '' (મુસ્લિમ)*

**૧.** મિશ્કાત શરીફના આમ નુસ્ખાઓ તથા મિર્કાતમાં પણ قال اللّٰه تعالىٰ નથી, પણ અશિઅતુલ લમ્આત આ વાક્ય મૌજૂદ છે. શયખે પણ ફર્માવ્યું કે જાહેર એ જ છે કે આ હદીષ પણ કુદસી છે, જો કે નબી કરીમ ﷺ પણ ઈબ્ને આદમ (માનવી)ને સંબોધન કરી શકે છે.

**૨.** એટલે કે પોતાની જરૂરિયાતથી બચેલો માલ ખૈરાત કરી આપવો ખુદ તારા માટે જ ફાયદાકારક છે કે એનાથી તારું કોઈ કામ નહીં રોકાય અને તેને દુનિયા તથા આખેરતમાં એવઝ (બદલો) મળી જશે. અને એને રોકી રાખવું (રહેવા દેવું) ખુદ તારા માટે પણ બુરુ છે, કેમ કે તે ચીજ સડી બગડી જાય અથવા અન્ય રીતે બેકાર થઈ જશે અને તું સવાબથી વંચિત થઈ જઈશ. એટલા માટે હુકમ છે કે **નવુ કપડુ મેળવો તો જૂનુ બેકાર કપડુ ખૈરાત કરી દો. જોડા રબ તઆલા આપે તો જૂના જોડા જે તમારી જરૂરતથી બચેલો છે તે કોઈ ફકીરને આપી દો કે તમારા ઘરનો કચરો નીકળી જશે અને તેનુ ભલુ થઈ જશે.**

**3.** આમાં બે હુકમ વર્ણન થઈ ગયા : એક એ કે જે માલ અત્યારે તો વધારાનો છે પણ કાલે જરૂરત ઉભી થશે માટે તેને જમા રાખી લો. આજે નફલી સદકા આપીને પોતે ભીખ ન માગો. બીજુ એ કે ખૈરાત પહેલાં પોતાનાં સગાં ગરીબોને આપો પછી અજાણ્યાઓને, કેમ કે સગાંઓને આપવામાં સદકો પણ છે અને સિલએ રહમી (સગાંથી સદ્વર્તાવ) પણ છે એનું વર્ણન આગળ પણ આવશે.

**★ હદીષ : (૬)-૧૮૬૪ ★** (مُتَّفِق عَلَيْه)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَثَلُ الْبَخِيلِ وَالْمُتَصَدِّقِ كَمَثَلِ رَجُلَيْنِ عَلَيْهِمَا جُنَّتَانِ مِنْ حَدِيدٍ قَدِ اضْطُرَّتْ أَيْدِيهِمَا إِلَى ثُدِيِّهِمَا وَتَرَاقِيهِمَا فَجَعَلَ الْمُتَصَدِّقُ كُلَّمَا

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કંજૂસ તથા સખીની કહેવત એ બે શખ્સો જેવી છે જેમના પર લોખંડનાં બે બખ્તર હોય.[1] જેમણે તેમના હાથ તેમની છાતી તથા ગળાથી બાંધી દીધા હોય[2] સખી જ્યારે ખૈરાત કરવા લાગે તો બખ્તર ફેલાય જાય અને કંજૂસ*

| | |
|---|---|
| تَصَدَّقَ بِصَدَقَة انبسطت عَنهُ الْبَخِيلُ كُلَّمَا هَمَّ بِصَدَقَةٍ قَلَصَتْ وَأَخَذَتْ كُلُّ حَلقَة بِمكانها» | *જ્યારે ખૈરાતનો ઈરાદો પણ કરે તો બખ્તર અધિક સંકોચાય જાય અને દરેક કડી પોતાની જગાએ ચિપકી જાય.[3]" (મુસ્લિમ, બુખારી)* |

**૧.** આ સરખામણી સંયુક્ત (મુરક્કબ) છે જેમાં બે શખ્સોની પૂરી હાલતને બીજા બે શખ્સોની હાલત સાથે સરખાવેલ છે. એટલે કે કંજૂસ તથા સખીની હાલતો એ બે શખ્સ જેવી છે જેમના શરીર પર બે લોખંડના બખ્તરો છે. માણસની જન્મજાત માલની મહોબ્બત અને ખર્ચ ન કરવાને દિલ ન ચાહવાને બખ્તરો સાથે સરખાવવામાં આવેલ છે કે જેવી રીતે બખ્તર શરીરને ઘેરેલુ અને ચિપકેલુ હોય છે, એ જ પ્રમાણે માલની મહોબ્બત માણસના દિલને ચિપકેલી હોય છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ "અને જે પોતાના નફસની લાલચથી બચાવવામાં આવ્યો, તો તે જ કામયાબ છે." (સૂ. હશ્ર, ૫૯/૯) અમુક લોકોએ એને جبتان (બે) بથી પઢયું પણ جنتان જ સહી છે, નૂન છે.

**૨.** تراقی ترقوت નું બહુવચન છે. ترقوت એ હાડકુ છે જે છાતીથી ઉપર અને ગરદનથી નીચે છે કેમ કે એ હાડકાં ગરદનની બે બાજુ હોય છે, એટલા માટે બે માણસોનાં ચાર હાડકાં થયાં એ લેહાજથી تراقی બહુવચન ઈર્શાદ થયું. اُضْطُرَّتْ મજહૂલ ફર્માવીને નિર્દેશ રૂપે એ બતાવ્યું કે માણસનું આ કંજૂસપણુ કુદરતી છે ઈખ્તિયારી નથી.

**૩.** સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા સરખામણી છે ! એને કંજૂસ પણ ક્યારેક ખૈરાત કરવાનો ઈરાદો તો કરે છે પણ તેના દિલનો ખચકાટ એના ઈરાદા પર સવાર થઈ જાય છે અને તે ખૈરાત નથી કરતો. અને સખીને પણ ખૈરાત કરતી વખતે ખચકાટ તો થાય છે પણ તેનો ઈરાદો એના પર સવાર થઈ જાય છે. આ ઈરાદાના સવાર થવા પર સખી સવાબ પામે છે. પછી સખાવત કરતાં કરતાં નફસે અમ્મારા એટલો દબાય જાય છે કે તેને કદી ખૈરાત પર ખચકાટ પેદા જ નથી થતો. આ ઘણો ઉચ્ચ મકામ છે જ્યાં પહોંચીને ઈન્સાન ખુલ્લા દિલથી સદકા કરવા લાગે છે. દરેક ઈબાદતનો આ જ હાલ છે કે પહેલાં નફસે અમ્મારા રોકયા કરે છે પણ જ્યારે તેનું માનવામાં ન આવે તો રોકવાનુ છોડી આપે છે. નફસનું દષ્ટાંત દૂધ પીતા બાળક જેવું છે જે દૂધ છોડતી વખતે માને ખૂબ જ પરેશાન કરે છે પણ મા તેની જીદની પરવા નથી કરતી તો પછી તે દૂધ નથી માગતો.

### ★ હદીષ : (૭)-૧૮૬૫ ★

| | |
|---|---|
| وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: "اتَّقُوا الظُّلْمَ فَإِنَّ الظُّلْمَ ظُلُمَاتٌ يَوْمَ الْقِيَامَةِ وَاتَّقُوا الشُّحَّ فَإِنَّ الشُّحَّ أَهْلَكَ مَنْ كَانَ قَبْلَكُمْ: حَمَلَهُمْ عَلَى أَنْ سَفَكُوا دِمَاءَهُمْ وَاسْتَحَلُّوا مَحَارِمهمْ". رَوَاهُ مُسلم | *"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલલાહ ﷺ એ કે જુલ્મથી બચો કેમ કે જુલ્મ કયામતના દિવસે અંધાર્યો હશે[1] અને કંજૂસીથી બચો કેમ કે કંજૂસીએ તમારાથી પહેલાવાળાઓને હલાક (બર્બાદ) કરી દીધા. કંજૂસીએ તેમને આકર્ષ્યા કે તેમણે ખૂનરેજી કરી, હલાલને હરામ જાણ્યું.[2]" (મુસ્લિમ)* |

**૧.** જુલ્મનો શાબ્દિક અર્થ છે કોઈ ચીજને અસ્થાને વાપરવી, અને કોઈનો હક્ક મારવો. એના ઘણા પ્રકારો છે : ગુનોહ કરવો એ પોતાની જાન પર જુલ્મ છે, સગાઓ તથા કરજ માગનારાઓનો હક્ક ન આપવો એ તેમના પર જુલ્મ છે, કોઈને સતાવવો, ઈજા આપવી એ તેના પર જુલ્મ છે. આ હદીષ સૌને સમાવે છે અને હદીષ પોતાના

જાહેરી અર્થ પર છે. એટલે જાલિમ પુલસિરાત પર અંધારાંઓમાં ઘેરાયેલો હશે. એ જુલ્મ અંધકાર બનીને તેની સામે હશે જેવી રીતે કે મોમિનનું ઈમાન તથા તેના નેક અમલો રોશની બનીને તેની સામે ચાલશે. રબ તઆલા ફર્માવે છે : يَسْعٰى نُوْرُهُمْ بَيْنَ اَيْدِيْهِمْ (તેમનું નૂર છે તેમની આગળ અને તેમના જમણે દોડે છે. –સૂ. હદીદ, ૫૭/૧૨) કેમ કે જાલિમ દુનિયામાં હક્ક નાહક્કનો ફરક ન કરી શક્યો એટલા માટે અંધારામાં રહ્યો.

**૨** : અરબીમાં شحّ (શુહ્‌હ્) કંજૂસીથી બદતર છે, કંજૂસી પોતાનો માલ કોઈને ન આપવું છે અને شحّ (શુહ્‌હ્) પોતાનો માલ તો ન આપવો પણ બીજાના માલ પર નાજાઈઝ કબજો કરવું છે. સારાંશ કે شحّ (શુહ્‌હ્) કંજૂસી, લાલચ, અને જુલ્મનો સમૂહ છે. એટલા માટે એ ફિત્ના ફસાદ, ખૂન, ખૂનરેજી તથા સંબંધ કટ કરવાની જડ છે. જ્યારે કોઈ બીજાઓનો હક્ક અદા ન કરે બલ્કે તેમના અધિક હક્ક છીનવા ચાહે તો ફોગટમાં ઝઘડો થશે.

**★ હદીષ : (૮)-૧૮૬૬ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ حَارِثَةَ بْنِ وَهْبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " تصدقوا فَإِنَّهُ يَأْتِي عَلَيْكُمْ زَمَانٌ يَمْشِي الرَّجُلُ بِصَدَقَتِهِ فَلَا يَجِدُ مَنْ يَقْبَلُهَا يَقُولُ الرَّجُلُ: لَوْ جِئْتَ بِهَا بِالْأَمْسِ لَقَبِلْتُهَا فَأَمَّا الْيَوْمَ فَلَا حَاجَةَ لِي بِهَا "

*"હઝરત હારિષા ઈબ્ને વહબથી[1] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સદકો કરો ! કેમ કે તમારા પર એક સમય એવો આવશે[2] કે કોઈ શખ્સ પોતાનો સદકો લઈને ચાલશે તો કોઈ એને સ્વીકારનારો મળશે નહીં. માણસો કહેશે કે જો તમે કાલે આવતા તો હું લઈ લેત, આજે મારે એની જરૂરત નથી[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.**આપ સહાબી છે, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબના સોતેલા પુત્ર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના અખ્યાફી ભાઈ (બાપ અલગ મા એક એવા ભાઈ) કૂફામાં વસવાટ રહ્યો.

**૨.** عَلَيْكُمْ થી મુરાદ સઘળી ઉમ્મતે રસૂલુલ્લાહ ﷺ છે ન કે સહાબીઓ, કેમ કે માલની આ ભરચાર કયામત નજીક હઝરત ઈમામ મેહદીના જમાનામાં થશે. અને શક્ય છે કે સહાબીઓથી જ સંબોધન હોય અને સૈયદના ખિઝર علیہ السلام એમાં સામેલ હોય કે તે પણ હુઝૂરે અન્વર ﷺના સહાબી છે અને તે એ જમાનો પામશે કે એમની વફાત તદ્દન કયામતને અડીને થશે.

**૩.** જાહેર એ છે કે કબૂલ ન કરવું માલદારીના કારણે હશે કે સર્વ લોકો એટલા માલદાર થઈ જશે કે આસાનીથી કોઈ ઝકાત લેનારો મળશે નહીં. આ હદીષના આધારે જણાય રહ્યું છે કે એ સમયે પણ ફકીર મળશે તો ખરા પણ ખૂબ શોધખોળ અને મુશ્કેલીથી મળશે, નહીં તો માલદારો પર ઝકાત ન રહેતી. જેવી રીતે જેના વુઝૂના અંગો એવાં ઝખ્મી હોય જેના પર ન પાણી પહોંચી શકે ન તયમ્મુમનો હાથ ફરી શકે તો તેના પર વુઝૂ તથા તયમ્મુમ બંનેવ માફ થઈ જાય છે. આ હદીષથી માલૂમ થયું કે ફકીરોનું હોવું પણ અલ્લાહની રહમત છે કે તેમના થકી ઘણા ફર્ઝોની અદાયગી થઈ જાય છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે એ જમાનામાં લોકો ઝાહિદ, સાબિર અને દુનિયા ત્યાગ કરનારા થઈ જશે જેઓ ઝકાત લેવું પસંદ જ નહીં કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**★ હદીષ : (૯)-૧૮૬૭ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ أَيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કયા સદકાનો મોટો સવાબ છે ?[1] ફર્માવ્યું, એ*

الصَّدَقَةِ أَعْظَمُ أَجْرًا؟ قَالَ: " أَنْ تَصَدَّقَ وَأَنْتَ صَحِيحٌ شَحِيحٌ تَخْشَى الْفَقْرَ وَتَأْمُلُ الْغِنَى وَلَا تُمْهِلَ حَتَّى إِذَا بَلَغَتِ الْحُلْقُومَ قُلْتَ: لِفُلَانٍ كَذَا وَلِفُلَانٍ كَذَا وَقَدْ كَانَ لِفُلَانٍ "

*કે તમે તમારી તંદુરસ્તી અને કંજૂસીની હાલતમાં સદકો કરો જ્યારે કે તમને ફકીરોનો ડર અને અમીરીની ઉમ્મીદ હોય.[2] અને એટલી વાર ન લગાડો કે જ્યારે જાન ગળામાં પહોંચે તો તમે કહો કે ફલાણાને આટલુ આપજો અને ફલાણાને આટલું,[3] જ્યારે કે એ ફલાણાનું થઈ ચૂક્યું ![4]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** જાહેર એ છે કે સદકાથી મુરાદ નફલી સદકો છે. કેમ કે એ ઘણા પ્રકારનો હોય છે અને તેની વિવિધ સ્થિતિઓ હોય છે. એટલા માટે તેમણે આ સવાલ કર્યો કે ક્યા સમયની કઈ ખૈરાત બેહતર છે ? મસ્જિદ બનાવવી, કૂવો કે મુસાફરખાનુ તૈયાર કરવું કે કોઈને ખાવા કે કપડાં આપવાં, વગેરે.

**૨.** ખૂબ જ હિકમતપૂર્ણ જવાબ છે. એટલે કે તંદુરસ્તીનો સદકો અફઝલ છે. કેમ કે એ વખતે ખુદ પોતાને પણ માલની જરૂરત હોય છે. કંજૂસીથી મુરાદ માલની ફિતરી (સ્વભાવિક) મહોબ્બત છે. એટલે તંદુરસ્તીમાં જ્યારે તમને પોતાને પણ જરૂરત છે, પોતાની જરૂરતમાં આપીએ કે ફકીરની જરૂરતને અગ્રતા આપવી એ ઘણી હિંમતનું કામ છે. અને તેની રબની બારગાહમાં ઘણી કદર છે. શૈતાન પણ એ વખતે બેહકાવે છે કે અરે ! તારા સામે આટલા ખર્ચા છે ! ખૈરાત ન કર !

**૩.**જાહેર એ છે કે ફલાણાથી મુરાદ મૂસાલહૂ છે જેના માટે વસિયત કરવામાં આવે, અને આટલાથી મુરાદ માલની માત્રા છે. એટલે કે તમે વારસોને કહો કે મારો આટલો માલ મારા બાદ ફલાણી ફલાણી જગાએ ખર્ચ કરજો. અને શક્ય છે કે ફલાણાથી મુરાદ મુકરલહૂ હોય અથવા વારિસ. કેમ કે વારિસને વસિયત જાઈઝ છે, જ્યારે કે અન્ય વારસદારો રાજી હોય. *(અશિઅહ વગેરે)*

**૪.**અહીં ફલાણાથી મુરાદ વારસદારો છે. એટલે કે હવે તમે વસિયત કરો કે ન કરો તમારી પાસેથી માલ ચાલ્યો ગયો. આ હદીષથી જાણવા મળ્યું કે મૃત્યુ શૈયા પર રહેલા બીમારના માલમાં વારસોનો હક્ક થઈ જાય છે. એટલા માટે ફકીહો ફર્માવે છે કે આ બીમાર કેવળ ૧/૩ માલની વસિયત કરી શકે છે. એ પણ જાણવા મળ્યું કે આ હાલતમાં સદકા તથા ખૈરાતનો સવાબ ઘણો ઓછો છે, કેમ કે ખુદ તેને હવે જરૂરત ન રહી. માણસે જોઈએ કે તંદુરસ્તી તથા જિંદગીને ગનીમત જાણે અને જે થઈ શકે તે નેકીઓ કરી લે.

*તોશએ આ'માલ અપના સાથ લે જાઓ*
*કૌન પીછે કબ્રમેં ભેજેગા સોચો તો સહી*
*બા'દ મરને કે તુમ્હેં અપના પરાયા ભૂલ જાએ*
*ફાતિહા કો કબ્ર પર ફિર કોઈ આએ યા ન આએ*

**★ હદીષ : (૧૦)-૧૮૬૮ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: انْتَهَيْتُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ جَالِسٌ فِي ظِلِّ الْكَعْبَةِ فَلَمَّا رَآنِي قَالَ: «هُمُ الْأَخْسَرُونَ وَرَبِّ الْكَعْبَةِ» فَقُلْتُ: فَدَاكَ أَبِي وَأُمِّي مَنْ هُمْ؟ قَالَ: " هُمُ الْأَكْثَرُونَ أَمْوَالًا إِلَّا مَنْ قَالَ: هَكَذَا وَهَكَذَا وَهَكَذَا مِنْ بَين يَدَيْهِ وَمن خَلفه وَعن يَمِينه وَعَن شِمَاله وَقَلِيل مَا هم "

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. હુઝૂર કાબાના છાંયડામાં બેઠેલા હતા. જ્યારે હુઝૂરે મને જોયો તો ફર્માવ્યું, રબની કસમ ! એ લોકો મહાન નુકસાનમાં છે[૧] મેં અર્ઝ કરી, મારાં માબાપ આપના પર કુર્બાન ! તે કોણ લોકો છે ?! ફર્માવ્યું, મોટા માલદાર લોકો, એના સિવાય જેઓ આ રીતે તથા આ રીતે અને આ રીતે આપે.[2] એટલે આગળ પાછળ, જમણે ડાબે, અને તેઓ છે ઘણા જ થોડા.[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** હઝરત અબૂઝર ગફ્ફારી તે છે જેમણે અમીરી પર લાત મારીને ફકીરી અપનાવી હતી. હુઝૂરે અન્વર ﷺ એ આ હિમ્મત વધારનારી વાત તેમની ઈજ્જત વધારવાના માટે કરી. એટલે હે અબૂ ઝર ! તમે નુકસાનમાં નથી, નુકસાનમાં સામાન્યતઃ માલદાર લોકો છે.

**૨.** અહીં قَالَ એ فَعَلَના અર્થમાં છે. અને فعلથી મુરાદ સદકા તથા ખૈરાત છે. આ મુહાવરો અરબીમાં ઘણો સામાન્ય છે. (લમ્આત) એટલે તે સખી જે ગણ્યા વિના બંને હાથો ભરી ભરીને નેકીઓમાં ખર્ચ કરે તે નુકસાનમાં નથી.

**૩.** એ ચાર દિશાઓથી મુરાદ દરેક નેકી, દરેક જગાએ નેકી, દરેક હાલમાં નેકી કરવું છે. પોતાના વતનમાં પણ વાપરે, હરમૈન શરીફૈનમાં પણ મોકલે, જ્યાં મુસલમાનને તથા ઈસ્લામને જરૂરત હોય ત્યાં પહોંચાડે. ખરેખર આવી તૌફીકવાળા માલદારો થોડા છે. રબ તઆલા ફર્માવે છે : وَقَلِيلٌ مِّنْ عِبَادِيَ الشَّكُورُ (અને મારા બંદાઓમાં ઓછા છે શુક્રવાળા. સૂ. સબા, ૩૪/૧૩) સામાન્યતઃ માલદારો પર ફુઝૂલ ખર્ચાઓ, બદકારીઓ તથા ઐયાશીઓના દરવાજા ખુલી જાય છે. અલ્લાહ ઉષ્માનગનીના ખજાનાનો પૈસો અતા કરે. (આમીન)

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૧૧)-૧૮૬૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «السَّخِيُّ قَرِيبٌ مِنَ اللَّهِ قَرِيبٌ مِنَ الْجَنَّةِ قَرِيبٌ مِنَ النَّاسِ بَعِيدٌ مِنَ النَّارِ. وَالْبَخِيلُ بَعِيدٌ مِنَ اللَّهِ بَعِيدٌ مِنَ الْجَنَّةِ بَعِيدٌ مِنَ النَّاسِ قَرِيبٌ مِنَ النَّارِ. وَلَجَاهِلٌ سَخِيٌّ أَحَبُّ إِلَى اللَّهِ مِنْ عَابِدٍ بَخِيلٍ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સખી અલ્લાહની નજીક છે, જન્નતથી નજીક છે, લોકોથી નજીક છે, આગથી દૂર છે.[૧] કંજૂસ અલ્લાહથી દૂર છે, જન્નતથી દૂર છે, લોકોથી દૂર છે, આગની નજીક છે. અને યકીનન ! જાહિલ સખી કંજૂસ આબિદ કરતાં અફઝલ છે.[2]" (તિર્મિઝી)*

**૧.** અમે **સખી** તથા **જવ્વાદ**નો ફરક પહેલાં વર્ણવી ચૂક્યા છીએ. અહીં મિર્કાતે ફર્માવ્યું કે હકીકી સખી તે છે જે

માલદારી પર રબ તઆલાની રઝાને અગ્રતા આપે તેના ત્રણ કુર્બ (નિકટતા) વર્ણન થયા અને એક દૂરી. અલ્લાહ તઆલા તો દરેકથી નજીક છે, પણ તેનાથી નજીક કોઈક જ છે. (શેઅર)

دوست نزدیکتر از من بہ منست۔ وین عجبتر کہ من از وی دورم

**અર્થ** : મારો યાર મારાથી અધિક મારાથી નજીક છે આશ્ચર્ય તો એ છે કે હું તેનાથી દૂર છું.

આ હદીષમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે માલની સખાવત સારો માલ એટલે સારા અંજામનો ઝરીયો છે. સખીથી લોકો (મખ્લૂક) આપોઆપ રાજી રહે છે.

**હિકાયત** : કોઈ આલિમને પૂછવામાં આવ્યું કે સખાવત બેહતર છે કે શુજાઅત (બહાદુરી) ? ફર્માવ્યું, ખુદા તઆલા જેને સખાવત દે તેને શુજાઅતની જરૂરત જ નથી ! લોકો આપોઆપ તેની સામે હાર માની લેશે. કેમ કે **સદકો ગઝબની આગ બુઝાવે છે એટલા માટે સખી દોઝખથી દૂર છે.**

**૨.** અહીં આબિદથી મુરાદ આલિમ આબિદ છે. જેવું કે જાહિલની સરખામણી પરથી માલૂમ પડે છે. એટલે કે જે શખ્સ આલિમ પણ હોય આબિદ પણ હોય કંજૂસ કે ન ઝકાત આપે ન વાજિબ સદકા અદા કરે તે યકીનન ! જાહિલ સખી જાહિલ કરતાં બદતર થશે. કેમ કે એ આલિમ હકીકતમાં બેઅમલ છે. કંજૂસી ઘણા બધા ફિસ્ક (ગુના) પેદા કરી આપે છે. અને સખાવત ઘણી બધી ખૂબીઓનું બીજ છે, બલ્કે તે આબિદ પણ કામિલ નથી કેમ કે માલી ઈબાદત એટલે ઝકાત વગેરે અદા નથી કરતા. કેવળ શારીરિક ઈબાદત ઝિક્ર તથા ફિક્ર પર સંતોષ પામે છે. જેમાં કાંઈ વાંધો ન હોય.

**★ હદીષ : (૧૨)-૧૮૭૦ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَأَنْ يَتَصَدَّقَ الْمَرْءُ فِي حَيَاتِهِ بِدِرْهَمٍ خَيْرٌ لَهُ مِنْ أَنْ يَتَصَدَّقَ بِمِائَةٍ عِنْدِ مَوته» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માણસનું પોતાના જીવનમાં એક દિરહમ ખૈરાત કરવું મરતી વખતે સો ખૈરાત કરવાથી બેહતર છે.[૧]" (અબૂ દાઊદ)*

**૧.** જિંદગીથી મુરાદ તંદુરસ્તીની જિંદગી છે એન મૌતના સમયથી મુરાદ મૃત્યુ શૈયા વેળાની બીમારી છે. જ્યારે જિંદગીની આશા તૂટી જાય છે. એટલે કે તંદુરસ્તીમાં થોડુ ખૈરાત કરવું એ મરતી વખતે ઘણા બધા માલની ખૈરાત કરતાં બેહતર છે કેમ કે તંદુરસ્તીની ખૈરાતમાં નફસ પર જેહાદ પણ છે, અને મરતા સમયની ખૈરાતમાં પોતાનુ નુકસાન નથી બલ્કે પોતાના વારસોને નુકસાન પહોંચાડે છે. એની સંપૂર્ણ શરહ હમણા અગાઉ થઈ ચૂકી.

**★ હદીષ : (૧૩)-૧૮૭૧ ★**

وَعَنْ أَبِي الدَّرْدَاءِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَثَلُ الَّذِي يَتَصَدَّقُ عِنْدَ مَوْتِهِ أَوْ يُعْتِقُ كَالَّذِي يُهْدِي إِذَا شَبِعَ» . رَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيُّ والدارمي وَالتِّرْمِذِيّ وَصَححَ

*"હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તેનું દષ્ટાંત જે મરતી વખતે ખૈરાત અથવા આઝાદ કરે, એના જેમ છે જે પોતાનુ પેટ ભરાઈ જતાં કોઈને હદિયો આપે.[૧]" (અહમદ, નિસાઈ, દારમી, તિર્મિઝીએ એ એને સહીહ કહી)*

**૧.** કે જો હદિયો લેનારો માલદાર પણ હોય અને આપનારની આ કાર્યપદ્ધતિથી જાણકાર પણ હોય તો તે

એની કદર નથી કરતો. એ સમજે છે કે એણે પોતાના નફસને મારા પર અગ્રતા આપી અને સમજ્યો કે એ બચેલી ચીજ બર્બાદ થઈ જશે તો લાવો ફલાણાને જ મોકલી આપુ. આ રીતે રબ તઆલા ગની પણ છે અને આપણી નિય્યતોથી માહિતગાર પણ છે. સદકાઓ તેની બારગાહમાં હદિયા છે. જો એની બારગાહમાં કદર ચાહો છો તો તંદુરસ્તીમાં મોકલો કે ત્યાં ઈખ્લાસ જોવામાં આવે છે.

ما بروں را ننگریم وقال را۔ ما دروں را بنگریم وحال را

**અર્થાત** : અમે જાહેર અને બોલચાલને નથી જોતા અમે તો દિલ અને અંદરના હાલને જોઈએ છીએ.

**★ હદીષ : (૧૪)-૧૮૭૨ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: " خصلتان لَا تجتمعان فِي مُؤْمِنٍ: الْبُخْلُ وَسُوءُ الْخُلُقِ ". رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મોમિનમાં બે ખાસિયતો કદી ભેગી નથી થતી, કંજૂસી અને બદ અખ્લાકી[૧]" (તિર્મિઝી)*

**૧.** એટલે કે એવું નથી થતું કે કોઈ કામિલ મોમિન પણ હોય અને હમેશાંનો બખીલ (કંજૂસ) તથા બદ અખ્લાક પણ હોય. જો સંજોગોવસાત કદી તેનાથી કંજૂસી કે બદ અખ્લાકી જાહેર થઈ જાય તો તરત જ તે પસ્તાવો કરતો પણ થઈ જાય છે. તેનો એક અર્થ એ પણ થઈ શકે છે કે **મોમિન ન કંજૂસ હોય છે ન બદ અખ્લાક.** જે દિલમાં કામિલ ઈમાન વસી ગયું હોય તો એ દિલથી આ બંનેવ અયબો નીકળી જાય છે. (લમ્આત) યાદ રાખશો કે બદ ખુલ્કી (બદ અખ્લાકી, અસભ્યતા) અલગ છે અને ગુસ્સો અલગ છે. અલ્લાહ તઆલાના માટે ગુસ્સો કરવો ઈબાદત છે. રબ તઆલા ફર્માવે છે : اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ "કાફિરો પર સખત છે અને આપસમાં નરમ દિલ." (સૂ. ફતહ, ૪૮/૨૯) આપણી આ શરહથી હદીષ પર ન એ વાંધો ઉઠી શકે છે કે અમુક મોમિન કંજૂસ પણ હોય છે અને બદ ખુલ્ક (અસભ્યતાવાળા) પણ. કેમ કે તેઓ કયાં તો કામિલ મો'મિન નથી હોતા અથવા તેમની આ આદતો ટેમ્પરરી હોય છે. અને ન એ વાંધો રહ્યો કે આ હદીષ કુર્આનની વિરૂધ્ધ છે કે કુર્આને કરીમે અમુક ગુસ્સાઓની પ્રશંસા કરી છે.

**★ હદીષ : (૧૫)-૧૮૭૩ ★**

وَعَنْ أَبِي بَكْرٍ الصِّدِّيقِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ خِبٌّ وَلَا بَخِيلٌ وَلَا منان» . رَوَاهُ التِّرْمِذِيّ

*હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જન્નતમાં ન ધોકાબાઝ માણસ જશે ન કંજૂસ ન એહસાન જતાવનાર." (તિર્મિઝી)*

**૧.** આપનુ નામ શરીફ અબ્દુલ્લાહ ઈબ્ને ઉષ્માન (અબૂ કહાફા) ઈબ્ને આમિર અમ્ર ઈબ્ને કઅબ ઈબ્ને સઅદ ઈબ્ને તમીમ ઈબ્ને મર્રા છે. આપ સાતમા દાદા એટલે મર્રામાં નબી ﷺથી મળી જાય છે. આપની કુન્નિયત અબૂ બકર અને હુઝૂરે અન્વર ﷺની તરફથી અતા ફર્માવેલા અલ્કાબ સિદીકે અકબર તથા અતીક છે. નબી કરીમ ﷺની સાથે સર્વ ગઝવાઓમાં શરીક રહ્યા. ઈસ્લામથી પહેલાં અને ઈસ્લામ લાવ્યા બાદ કદી હુઝૂર ﷺથી જુદા ન થયા. સૌ પ્રથમ આપ જ હિજરતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. હુઝૂરે અન્વર ﷺના યારેગાર કહેવાયા.

આપ જ નબીઓ બાદ (લોકો)માં સૌથી અફઝલ છે. ઉષ્માન ગની આપની તબ્લીગથી ઈમાન લાવ્યા. હઝરત બિલાલ તથા આમિર ફહીરા رضی اللہ عنہما જેવા શાનદાર સહાબીઓ આપના આઝાદ કરેલા ગુલામ છે. **આપ ચાર પેઢીના સહાબી છે. મા બાપ સહાબી, પોતે સહાબી અને સર્વ ઘરવાળાં સહાબી, બધી જ ઔલાદ સહાબી, પૌત્રા નવાસા સહાબી.** ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا આપના દુખ્તરે નેક અખ્તર છે. આપના ફઝાઈલમાં ઘણી બધી આયતો ઉતરી. રબ તઆલાએ આપને ثَانِیَ اثْنَیْنِ ફર્માવ્યા, એટલે જિંદગી, વફાત તથા ક઼બ્રમાં રસૂલુલ્લાહના ષાની છે.

*યા'ની ઈસ અફ્ઝલુલ્ ખલ્ક બઅ્દર્રુસુલ–ષાની ઈષ્નૈને હિજરત પે લાખોં સલામ*

ઈસ્લામ લાવનાર રસૂલુલ્લાહ ﷺ છે અને ફેલાવનારા સિદીકે અકબર رضی اللہ عنہ. ફારૂકી વિજયોનો પાયો આપે જ રાખ્યો હતો. આપ મક્કા મોઅઝ્ઝમામાં હાથીવાળા બનાવથી બે વરસ અને પોણા પાંચ મહિના બાદ પેદા થયા અને મદીના મુનવ્વરામાં બાવીસ જમાદિયુલ આખર હિ.સ. ૧૩ મંગળની રાત્રે મગરિબ તથા ઈશાની વચ્ચે વફાત પામ્યા. આપના પત્ની અસ્મા બિન્તે અમીસે આપને ગુસ્લ આપ્યું. ઉમર ફારૂકે નમાઝે જનાઝા પઢાવી. ૬૩ વરસની ઉમર પામ્યા. બે વરસ અમુક મહિના હુઝૂરે અન્વર ﷺ કરતાં ઉમરમાં નાના હતા. તે જ હુઝૂરે અન્વર ﷺના બાદ પૂરા કર્યા અને પછી હમેશાંના માટે હુઝૂરે અન્વર ﷺની બાજુમાં ગુંબદે ખદ્રામાં આરામ કરતા થઈ ગયા. આપના ફઝાઈલ આસ્માનના તારાઓ અને રેતીનાં રણોનાં રજકણોથી પણ અધિક છે. આપના થકી ખૂબ ઓછી હદીષો રિવાયત પામી છે. (અકમાલ વગેરે)

**૨.** એટલે કે જે એ અયબો પર મૃત્યુ પામે તે જન્નતી નથી, કેમ કે તે મુનાફિક છે. મો'મિનમાં પ્રથમ તો એ અયબો હોતી જ નથી, અને જો હોય તો રબ તઆલા તેને મરતાં પહેલાં તૌબા નસીબ કરી આપે છે. એ મતલબ પણ થઈ શકે છે કે એવો માણસ જન્નતમાં પહેલો જશે નહીં. એહસાન જતાવવાથી મહેણુ મારવું મુરાદ છે, નહીં તો અમુક સ્થિતિઓમાં એહસાન જતાવવું ઈબાદત છે, જ્યારે એનાથી સામેવાળાની સુધારણા મુરાદ હોય. રબ તઆલા ફર્માવે છે : بَلِ اللّٰهُ یَمُنُّ عَلَیْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِیْمَانِ "બલ્કે અલ્લાહ તમારા પર એહસાન રાખે છે કે તેણે તમને ઈસ્લામની હિદાયત કરી, જો તમો સાચા છો." *(સૂ. હુજુરાત, ૪૯/૧૭)*

**★ હદીષ : (૧૬)-૧૮૭૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «شَرُّ مَا فِي الرَّجُلِ شُحٌّ هَالِعٌ وَجُبْنٌ خَالِعٌ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَسَنَذْكُرُ حَدِيثَ أَبِي هُرَيْرَةَ: «لَا يَجْتَمِعُ الشُّحُّ وَالْإِيمَانُ» فِي كِتَابِ الْجِهَادِ إِن شَاءَ الله تَعَالَى

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, માણસ સૌથી બુરી આદત ગભરાહટવાળી કંજૂસી અને ડરવાળી બુઝદિલી છે[1] (અબૂ દાઊદ) અમે અબૂ હુરૈરહની આ હદીષ لا یجتمع છેવટ સુધી કિતાબુલ જેહાદમાં વર્ણવીશું. ઈન્ શા અલ્લાહુ તઆલા !"*

**૧.**એટલે કે માણસના સર્વ અયબોમાં આ તે બદતરીન અયબ છે કે જેના લીધે સેંકડો અયબો પેદા થઈ જાય છે. شح નો અર્થ પહેલાં વર્ણવવામાં આવેલ છે કે એ બુખ્લ તથા લાલચનો સમૂહ છે. મહાન બુઝદિલી તે છે જે માણસને

કાફિરો સાથે જેહાદથી અને અબરાર (પરહેઝગારો) જેવા અમલોથી રોકે. હુઝૂરે અન્વર ﷺએ પુરૂષની શર્ત એટલા માટે રાખી કે સ્ત્રીમાં આ અયબો એટલા બુરા નથી જેટલા પુરૂષમાં, કેમ કે એ સખાવત તથા બહાદુરી માટે પેદા કરવામાં આવ્યો છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૭)-૧૮૭૫ ★**

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا أَنَّ بَعْضُ أَزْوَاجِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قُلْنَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَيُّنَا أَسْرَعُ بِكَ لُحُوقًا؟ قَالَ: " أَطْوَلُكُنَّ يَدًا فَأَخَذُوا قَصَبَةً يَذْرَعُونَهَا فَكَانَت سَوْدَةَ أَطْوَلَهُنَّ يدا فعلمنَا بعد أنما كَانَت طُولُ يَدِهَا الصَّدَقَةَ وَكَانَتْ أَسْرَعَنَا لُحُوقًا بِهِ زَيْنَبُ وَكَانَتْ تُحِبُّ الصَّدَقَةَ. رَوَاهُ الْبُخَارِيُّ. وَفِي رِوَايَةِ مُسْلِمٍ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «أَسْرَعكُنَّ لُحُوقا بِين أَطْوَلكُنَّ يَدًا» . قَالَتْ: فَكَانَتْ أَطْوَلَنَا يَدًا زَيْنَبُ؟ لِأَنَّهَا كَانَت تعْمل بِيَدِهَا وَتَتَصَدَّق

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺની અમુક પત્નીઓએ નબી કરીમ ﷺને અર્ઝ કરી કે અમારા બધામાંથી આપને પ્રથમ કોણ મળશે ?[૧] ફર્માવ્યું, તમારામાં લાંબા હાથવાળી[૨] તેણીઓએ વાંસ લઈને હાથ માપવાના શરૂ કરી દીધા[૩] તો હઝરત સૌદા લાંબા હાથવાળાં નીકળ્યાં. બાદમાં જાણવા મળ્યું કે હાથની લંબાઈથી મુરાદ સદકો ખૈરાત હતી. અમારા સૌમાં પ્રથમ હુઝૂરની પાસે ઝયનબ પહોંચ્યાં[૪] (બુખારી) મુસ્લિમની રિવાયતમાં છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી પ્રથમ મને તે મળશે જે લાંબા હાથવાળી હોય. ફર્માવે છે કે પવિત્ર પત્નીઓ ઝઘડતી હતી કે કોના હાથ લાંબા છે. અમારા સૌમાં લાંબા હાથવાળી ઝયનબ જ છે કેમ કે તે પોતાના હાથ વડે કામ કરતાં હતાં અને ખૈરાત કરતાં હતાં.[૫]''*

**૧.** આ સવાલ કેટલાક સવાલોનો સમૂહ છે : એક એ કે અમારામાંથી દરેકના મૌતનો સમય ક્યારે છે ? બીજુ એ કે અમારા સૌનું મૃત્યુ કયા હાલમાં થશે ? ઈમાન પર અને ઈમાનના કયા દરજા પર ? ત્રીજુ એ કે અમારી બાકીની જિંદગી તક્વાના કયા દરજા પર પસાર થશે. ચોથુ એ કે મૃત્યુ બાદ અમારો મકામ કયાં હશે ? કેમ કે વફાત બાદ હુઝૂર ﷺને તે જ મળી શકે છે જેનો ખાત્મો ઈમાન પર થાય, જિંદગી ઉચ્ચ કક્ષાના તક્વા તથા પાકીઝગીથી પસાર થાય. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે **અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)નો એ અકીદો હતો કે અલ્લાહ તઆલાએ હુઝૂરે અન્વર ﷺને ઈલ્મે ખમ્સા અતા કર્યો છે કે સરકાર બ અતાએ ઈલાહી દરેકના મૃત્યુનો સમય પણ જાણે છે અને દરેકની સઆદત (નેક બખ્તી) તથા શકાવત (કમબખ્તી)થી પણ વાકેફ છે. અને દરેકના ઈમાનના દરજા તથા તક્વાના મર્તબાથી પણ વાકેફ છે. બલ્કે એ પણ જાણે છે કે મૃત્યુ પછી કોનો કયો મર્તબો હશે અને કોણ ક્યાં રહેશે.** આ અકીદો તેમનો કેમ ન હોય કેમ કે આ બીવીઓએ જોયું હતું કે **હુઝૂરે અન્વર ﷺએ જંગે બદરથી એક દિવસ પહેલાં જમીન પર રેખા તાણીને બતાવી દીધું હતું કે કાલે ફલાણો કાફિર અહીં માર્યો જશે અને ફલાણો અહીં.** બીજુ એ કે અઝવાજે પાક (બીવીઓ) હુઝૂરે અન્વર ﷺની વફાત પછી મૃત્યુ માટે એવી આતુર હતી જેવી રીતે દુલ્હન

બારાતની. કેમ કે તેમના માટે મૌત એ હબીબના મિલનનો ઝરીયો હતી. (શેઅર)

*આજ ફૂલે ન સમાએંગે કફનમેં 'આસી'–જિસકે જોયાં થે હૈ ઉસ ગુલસે મુલાકાત કી રાત*

★ ★ ★

*જાન તો જાતે હી જાએગી કયામત યહ હૈ–કે યહાં મરને પે ઠહરા હૈ નઝારા તેરા*

**૨.**એટલે હે પાક બીવીઓ ! તમો સૌ ઉચ્ચ તક્વા પર જીવશો, ઈમાનના કમાલ પર વફાત પામશો અને તમો સૌ મારી સાથે રહેશો, પણ સૌ પ્રથમ મારી પાસે તમારામાંથી તે પહોંચશે જે અધિક સખી હશે. આ જવાબથી જાણવા મળ્યું કે કામિલ મો'મિન મૃત્યુ પામતાં જ હુઝૂરે અન્વર ﷺની બારગાહમાં પહોંચી જાય છે. વિસાલ પછી કયામત પર મૌકૂફ નથી. તેમજ જાણવા મળ્યું કે જે મૃત્યુ બાદ હુઝૂરે અન્વર ﷺને મળવા ચાહે તે જિંદગીમાં નેક અમલો અને સદકા તથા ખૈરાત અધિક કરે.

**૩.**આ થઈ ખતાએ ઈજતેહાદી. તે બીવીઓ એવું સમજી કે હાથથી આ શરીરનો હાથ મુરાદ છે. તે બીવીઓએ પોતાના હાથ જાતે માપ્યા હતા પણ તાઝીમ તથા એહતેરામના માટે اَخَذُوا બહુવચન વર્ણવવામાં આવ્યું. રબ તઆલા ફર્માવે છે : وَكَانَتْ مِنَ الْقٰنِتِيْنَ (અને આજ્ઞાંકિતોમાં થઈ." –સૂ. તહરીમ, ૬૬/૧૨) અને શાયર કહે છે : اَنْ سِيِّتِ حَرَّمَتُ النِّسَاءَ سِوَاكُمْ قَانِتِيْن થી પણ મુઝક્કર (પુ. વાચક) છે અને كُمْ પણ.

**૪.**એટલે કે શરીરનો હાથ તો હઝરત સૌદા رضی اللہ عنہاનો લાંબો હતો પણ સખાવતનો હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاનો લાંબો હતો. હઝરત ઝયનબની વફાત હિ.સ. ૨૧માં થઈ. આપ હુઝૂરે અન્વર ﷺનાં પ્રથમ પત્ની છે અને હઝરત સૌદાની વફાત હિ.સ. ૨૪માં અને હઝરત આઈશા સિદ્દીકાની વફાત હિ.સ. ૫૭માં થઈ છે : *(મિર્કાત, લમ્આત)*

**૫.** જેથી પોતાના હાથો વડે ચામડાં રંગતાં હતાં અને તેને વેચતાં હતાં અને કિંમત ખૈરાત કરી દેતાં હતાં. એ અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યું કે અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)નું ભરણ પોષણ હુઝૂરે અન્વર ﷺની વફાત બાદ પણ હુઝૂરે અન્વર ﷺના જ જિમ્મે છે, કેમ કે તેણીઓ હુઝૂરે અકરમ ﷺના નિકાહમાં છે, જેથી હઝરત ઝયનબ رضی اللہ عنہاનું આ મહેનત કરવું પોતાના ખર્ચ માટે ન હતું બલ્કે રાહે ખુદા عزوجلમાં ખૈરાત કરવા માટે હતું. તેણીનો ખયાલ હતો કે પોતાની મહેનતનો પૈસો ખૈરાત કરવો અધિક સવાબને પાત્ર છે.

**★ હદીષ : (૮)-૧૮૭૬ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " قَالَ رَجُلٌ: لَأَتَصَدَّقَنَّ بِصَدَقَةٍ فَخَرَجَ بِصَدَقَتِهِ فَوَضَعَهَا فِي يَدِ سَارِقٍ فَأَصْبَحُوا يَتَحَدَّثُونَ تصدق عَلَى سَارِقٍ فَقَالَ اللَّهُمَّ لَكَ الْحَمْدُ عَلَى سَارِقٍ لَأَتَصَدَّقَنَّ بِصَدَقَةٍ فَخَرَجَ بِصَدَقَتِهِ فَوَضَعَهَا

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે એક માણસ બોલ્યો, હું ખૈરાત કરીશ.[1] તે પોતાના સદકો લઈને નીકળ્યો તો કોઈ ચોરના હાથમાં આપી દીધો[2] લોકો સવારે ચર્ચા કરવા લાગ્યા કે આજે રાતે ચોરને ખૈરાત આપવામાં આવી. તે બોલ્યો, ઈલાહી ! શુક્ર છે કે ચોર પર સદકો કર્યો[3] હવે ફરી સદકો કરીશ. તે પોતાનો સદકો લઈને નીકળ્યો તો એક ઝાનિયા (વ્યભિચારી સ્ત્રી)ના હાથમાં આપી દીધો[4] લોકો સવારમાં ચર્ચા કરવા લાગ્યા કે આજે*

فِي يَدي زَانِيَةٍ فَأَصْبَحُوا يَتَحَدَّثُونَ تُصُدِّقَ اللَّيْلَةَ عَلَى زَانِيَةٍ فَقَالَ اللَّهُمَّ لَكَ الْحَمْدُ عَلَى زَانِيَةٍ لَأَتَصَدَّقَنَّ بِصَدَقَة فَخرج بِصَدَقَتِهِ فوضعها فِي يَدي غَنِي فَأَصْبَحُوا يتحدثون تصدق عَلَى غَنِيٍّ فَقَالَ اللَّهُمَّ لَكَ الْحَمْدُ عَلَى سَارِق وعَلى زَانِيَة وعَلى غَنِي فَأُتِيَ فَقِيلَ لَهُ أَمَّا صَدَقَتُكَ عَلَى سَارِقٍ فَلَعَلَّهُ أَنْ يَسْتَعِفَّ عَنْ سَرِقَتِهِ وَأَمَّا الزَّانِيَةُ فَلَعَلَّهَا أَنْ تَسْتَعِفَّ عَنْ زِنَاهَا وَأَمَّا الْغَنِيُّ فَلَعَلَّهُ يَعْتَبِرُ فَيُنْفِقَ مِمَّا أَعْطَاهُ اللَّهُ ". مُتَّفَقٌ عَلَيْهِ وَلَفظه لِلْبُخَارِيِّ

*રાતે ઝાનિયાને સદક઼ો આપવામાં આવ્યો[૫] તે બોલ્યો, ઈલાહી ! તારો શુક્ર છે કર્યો ઝાનિયાને ખૈરાતમાં, અધિક સદક઼ો કરીશ. પછી તે પોતાનો સદક઼ો લઈને ચાલ્યો તો કોઈ માલદારના હાથમાં આપી દીધો[૬] લોકો સવારમાં ચર્ચા કરવા લાગ્યા કે આજે રાતે ગની (માલદાર)ને સદક઼ો આપી દીધો.[૭] તે બોલ્યો, ઈલાહી ! તારો શુક્ર જ છે કર્યો ચોર પર, ઝાનિયા પર અને ગની પર.[૮] તેને જવાબમાં કહેવામાં આવ્યું કે ઈલાહી ! તારી ખૈરાતની રહમત ચોર પર તો કદાચ તે ચોર ચોરીથી દૂર રહે, પરંતું ઝાનિયા તો કદાચ તે ઝિનાથી દૂર રહે, પરંતું ગની તો કદાચ તે ઈબ્રત પકડે અને અલ્લાહના આપેલામાંથી કાંઈક ખૈરાત કરે.[૯] (મુસ્લિમ, બુખારી) શબ્દો બુખારીના છે.''*

**૧.** એટલે કે તમારાથી પહેલાં એક બની ઈસ્રાઈલે પોતાના દિલમાં કહ્યું, અથવા પોતાના દોસ્તો અથવા ઘરવાળાંઓ પર પોતાનો એ ઈરાદો જાહેર કર્યો અથવા રબ તઆલાની બારગાહમાં અર્ઝ કરી કે આજે હું ખૈરાત આપીશ. જાહેર એ છે કે ખૈરાતથી નફલી સદક઼ો મુરાદ હશે. શક્ય છે તેણે કોઈ નઝર માની હોય જેને પૂર્ણ કરવાનો ઈરાદો કર્યો.

**૨.** એટલે કે રાતના અંધકારમાં એકલામાં એક શખ્સને ફક઼ીર જાણીને તે ખૈરાત આપી દીધી. તેણે લોકોમાં ફેલાવી દીધું કે મને એક માણસ ખૈરાત આપી ગયો. જેમ કે આવારા લોકોનો તરીક઼ો છે કે ધોકો આપવા પર ફખ્ર કરતા ફરે છે અને ધોકો ખાનારની મજાક ઉડાવે છે. તેની લોકોમાં ચર્ચા થઈ ગઈ. મિર્ક઼ાતે ફર્માવ્યું, શક્ય છે કે લોકોને આ ખબર અલ્લાહના ઈલ્હામથી માલૂમ થઈ હોય અને શક્ય છે કે કોઈ ફરિશ્તો માનવ સ્વરૂપમાં આવીને લોકોને એવું કહી ગયો હોય. સારાંશ કે એની ચર્ચા થઈ ગઈ.

**૩.** આ વાક્ય આશ્ચર્યનું છે એટલે કે તે શખ્સ સદક઼ો બેકાર થવા પર રંજીદા ન થયો બલ્કે તેણે ખુદાનો શુક્ર જ કર્યો અને આશ્ચર્યરૂપે આવું કહ્યું. અલ્લાહના મક઼બૂલ બંદાઓ મુસીબત પર પણ શુક્ર કરે છે.

**૪.** એટલે કે મારો તે સદક઼ો તો બેકાર ગયો કેમ કે સહીહ આપવાની જગાએ ન પહોંચ્યો જેમ કે ક્ષારવાળી જમીનમાં દાણો, તો એની જગાએ અન્ય સદક઼ો આપીશ. એનાથી જાણવા મળ્યું કે જો સદક઼ો સહીહ જગાએ ન પહોંચે તો પરત ન લે, બલ્કે તેના બદલે અન્ય સદક઼ો આપે. કેમ કે આજે પણ સદક઼ો છુપાવવા માટે અંધારી રાતમાં જ નીકળ્યો હતો એટલા માટે એક ફાસિક઼ા ઝાનિયા સ્ત્રીને મિસ્કીન જાણીને ખૈરાત આપી દીધી અને ધોકો ખાય ગયો.

**૫.** આ ચર્ચાનું કારણ હમણા વર્ણવી દેવામાં આવ્યું કે ક્યાં તો ખુદ ઝાનિયાએ પણ લોકોમાં વહેતું કર્યું અથવા ફરિશ્તા થકી એનું એલાન થઈ ગયું.

**૬.**એને ફકીર સમજીને. એ માલદાર કોઈ કંજૂસ હતો જેણે ફાટેલાં પૂરાણાં કપડાં પહેર્યા હતાં અને લાલચુ પણ

હતો કે જાણવા છતાં ખૈરાત લઈ લીધી. જેવું કે આજકાલ પણ કંજૂસોને જોવામાં આવે છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે આપનારાએ ધોકો કેવી રીતે ખાધો, અને લેનારાએ ગની હોવા છતાં ખૈરાત શા માટે લઈ લીધી. વર્તમાનકાળ માં સંજોગોને જોતાં આ વાંધાઓને અવકાશ જ નથી.

૭. જાહેર એ છે કે ગનીએ ખુદ કોઈને ન કહ્યું હશે, કેમ કે કંજૂસ લાલચી લોકો એ વાતોની ચર્ચા નથી કરતા, બલ્કે છુપાવવાની કોશિશ કરે છે. આ એલાન ફરિશ્તા થકી જ થયુ હશે.

૮. એટલે કે મૌલા ! હું કઈ રીત કરું કે સદકો સહીહ જગાએ પહોંચે ! ત્રણવાર ખૈરાત કરી ચૂક્યો પણ દરેક વાર બેકાર જ ગઈ.

૯. ખુલાસો એ છે કે તારા એ ત્રણેવ સદકા કાર આમદ (કામના) છે, કોઈ બેકાર નથી ગયો. ચોર તથા ઝાનિયાના માટે તો ગુનાહોથી બચવાનો ઝરીયો બનશે અને ગનીના માટે સખાવતની તબ્લીગ થશે. આ હદીષથી જાણવા મળ્યું કે જો ગલતીથી ઝકાત અયોગ્ય જગાએ ખર્ચ થઈ જાય (આપી દેવામાં આવે), દા.ત. કોઈને ફકીર (ગરીબ) સમજીને ઝકાત આપી, પછી ખબર પડી કે તે ગની છે તો ઝકાત અદા થઈ જશે, તેને ફરી આપવી વાજિબ નથી. તરફૈન (ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદ)નો આ જ કૌલ છે. તેમની દલીલ આ હદીષ પણ છે, કેમ કે અહીં એને ચોથીવાર સદકો આપવાનો હુકમ નથી આપવામાં આવ્યો. પણ સર્વ ઈમામો ફર્માવે છે કે આ સ્થિતિમાં સદકો પરત લે. હા! એમાં મતભેદ છે કે પોતે લેનારા માટે એ માલ હલાલ છે કે નહીં. મજબૂત એ છે કે જો તેણે ગલતીથી લઈ લીધો છે તો હલાલ છે. જાણી જોઈને લીધો છે તો હરામ છે. એની દલીલ હઝરત મઅન ઈબ્ને યઝીદની તે હદીષ છે જે બુખારીએ રિવાયત કરી કે ફર્માવે છે, મારા વાલિદે સદકાના અમુક દીનાર મસ્જિદમાં રાખ્યા. મેં ઉઠાવી લીધા. પછી આ બનાવ બારગાહે નબવીમાં રજૂ થયો તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે યઝીદ ! તમારા માટે તમારી નિય્યત. અને હે મઅન જે તમે લીધુ તે તમારું છે. *(ફત્હુલ કદીર તથા મિર્કાત)*

**★ હદીષ : (૧૯)-૧૮૭૭ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «بَيْنَا رَجُلٌ بِفَلَاةٍ مِنَ الْأَرْضِ فَسَمِعَ صَوْتًا فِي سَحَابَةٍ اسْقِ حَدِيقَةَ فُلَانٍ فَتَنَحَّى ذَلِكَ السَّحَابُ فَأَفْرَغَ مَاءَهُ فِي حَرَّةٍ فَإِذَا شَرْجَةٌ مِنْ تِلْكَ الشِّرَاجِ قَدِ اسْتَوْعَبَتْ ذَلِكَ الْمَاءَ كُلَّهُ فَتَتَبَّعَ الْمَاءَ فَإِذَا رَجُلٌ قَائِمٌ فِي حَدِيقَتِهِ يُحَوِّلُ الْمَاءَ بِمِسْحَاتِهِ فَقَالَ لَهُ يَا عَبْدَ اللَّهِ مَا اسْمُكَ فَقَالَ لَهُ يَا عَبْدَ اللَّهِ لِمَ تَسْأَلُنِي عَنِ اسْمِي فَقَالَ إِنِّي سَمِعْتُ صَوْتًا فِي السَّحَابِ الَّذِي هَذَا مَاؤُهُ يَقُول اسْقِ حَدِيقَةَ فُلَانٍ لِاسْمِكَ فَمَا تَصْنَعُ فِيهَا قَالَ أما إِذْ قُلْتَ هَذَا فَإِنِّي أَنْظُرُ إِلَى مَا يَخْرُجُ مِنْهَا

*"તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે એક શખ્સ કોઈ જમીનના જંગલમાં હતો. તેણે વાદળમાં અવાજ સાંભળ્યો[1] કે ફલાણાના બાગને સૈરાબ કર. એ વાદળ એક તરફ ગયું અને પથરીલી જમીન પર પાણી વરસાવ્યું[2] તો નાળીઓમાંથી એક નાળીએ સર્વ પાણી ભેગુ કરી લીધું. તો એ શખ્સ એ પાણીની પાછળ ચાલતો થયો. જોયું કે એક શખ્સ પોતાના બાગમાં ઉભો રહીને પાવડા વડે પાણી બાગમાં ફેરવી રહ્યો છે[3] તેને પૂછયું કે હે અલ્લાહના બંદા ! તારું નામ શું છે ? તે બોલ્યો, ફલાણુ એટલે તે જ નામ જે તેણે વાદળમાં સાંભળ્યું હતું. તેણે પૂછયું, હે અલ્લાહના બંદા ! તું મારું નામ શા માટે પૂછે છે ? તો એ બોલ્યો કે મેં આ વાદળમાં જેનું આ પાણી છે એક અવાજ સાંભળ્યો હતો કે કોઈ તારું નામ*

فَأَتَصَدَّقُ بِثُلُثِهِ وَآكُلُ أَنَا وَعِيَالِي ثُلُثًا وأرد فِيهَا ثلثه» رَوَاهُ مُسلم .

*લઈને કહી રહ્યું હતું કે ફલાણાના બાગને સૈરાબ કર. તો તું આમાં શું નેકી કરે છે ? તે બોલ્યો કે જ્યારે તું પૂછે છે તો બતાવું છું કે હું આ બાગની ઉપજમાં વિચાર કરું છું તો ૧/૩ ખૈરાત કરી દઉં છું અને ત્રીજા ભાગમાં મારા બીવી બચ્ચાં ખાય છે અને ત્રીજા ભાગથી ફરી ખર્ચ (વાવણી) કરું છું.[૬]" (મુસ્લિમ)*

**૧.** કદાચ એ શખ્સ એ સમયના ઔલિયામાંથી હશે જેણે ફરિશ્તાનો આ અવાજ સાંભળ્યો અને સમજી પણ લીધો. જાહેર એ છે કે આ વાદળની ગરજ જ હતી. ગરજ ફરિશ્તાનો અવાજ જ હોય છે જે વાદળોને અહકામ આપે છે.

**૨.** આ બનાવથી જાણવા મળ્યું કે વાદળ પર ફરિશ્તો નિયુક્ત છે જેના હુકમથી વાદળ આવતાં, જતાં, વરસતાં તથા ખુલતાં રહે છે. એ પણ જાણવા મળ્યું કે અમુક નેક બંદાઓના તુફૈલ બુરાઓ પર પણ વરસાદ થઈ જાય છે.

**૩.** સુબ્હાનલ્લાહ ! આ નેક બંદાની કેવી ઈજ્જત કરવામાં આવી કે પાણી પથરીલા ઈલાકામાં વરસાવવામાં આવ્યું પછી તેને એક નાળીમાં જમા કરવામાં આવ્યું. તે નાળી થકી તેના બાગમાં એ પાણી પહોંચાડવામાં આવ્યું. ખુદ વાદળને એ બાગ પર વરસાવવામાં ન આવ્યું. જેમ કે તે ગુનેહગાર જે એક વસ્તીમાં ગુનોહ કરીને બીજી વસ્તીમાં આલિમની પાસે તૌબા કરીને જઈ રહ્યો હતો. રસ્તામાં મરી ગયો. રબ તઆલાએ હુકમ આપ્યો કે એ જે વસ્તીની નજીક હોય તેના અહકામ તેના પર લાગુ કરી દો. માપવામાં આવ્યું તો તદ્દન વચમાં હતો. તો ગુનાહની વસ્તી પાછળ હટાવવામાં આવી અને તૌબાની વસ્તી આગળ વધારવામાં આવી. ખુદ તેની લાશને હરકત ન આપવામાં આવી, તેના એહતેરામના કારણે. એ નાળીના કિનારાવાળાં ખેતરોને પણ તેના તુફૈલ પાણી મળી ગયું હશે.

**૪.**અધિકતર એ સમજાય છે કે ખુદ હુઝૂર ﷺએ જ તેનું નામ ન બતાવ્યું બલ્કે ફલાણા કહી આપ્યું. એ રાવી નથી ભૂલ્યા અને ફલાણા કહેવું એટલા માટે છે કે નામ લેવાની જરૂરત ન હતી. આનાથી હુઝૂરે અન્વર ﷺની બેઈલ્મી કે કમ ઈલ્મી સાબિત નથી થતી.

**૫.** એટલે કે રબ તઆલાને ત્યાં તારી આટલી ઈજ્જત કે તારા નામની ચર્ચા વાદળોમાં છે ! અને તારા માટે દૂરથી વાદળ લાવવામાં આવે છે ! આ તારી કોઈ નેકીના કારણે છે તો તું બતાવ કે તે ખાસ નેકી કઈ તું કરે છે ? જાણવા મળ્યું કે કોઈની છુપી નેકીઓ વિશે પૂછવું કે જેથી પોતે પણ તે નેકી કરે એ જાઈઝ બલ્કે બેહતર છે. કુર્આને પાકમાં જે ફર્માવ્યું : وَلَا تَجَسَّسُوْا (અને અયબ ન શોધો. સૂ. હુજુરાત, ૪૯/૧૨) ત્યાં લોકોની અયબો શોધવું મુરાદ છે. એટલે કે લોકોની છુપાવેલી અયબો ન શોધો. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી.

**૬.**એટલે કે મારી પાસે અન્ય તો કોઈ નેકી નથી, કેવળ એ છે કે એની ઉપજને ગુનાહો પાછળ નથી વાપરતો. પોતાના બાળકોથી રોકતો નથી ખુદાનો હક્ક઼ ભૂલતો નથી. બધી એકદમ વાપરી નથી કાઢતો. એનો ત્રીજો ભાગ ખેરાત કરવું નફલી સદક઼ો પણ હતું. નહીં તો બની ઈસ્રાઈલને ત્યાં દરેક માલની ઝકાત ચોથાઈ હિસ્સો હતી. આપણે ત્યાં ઉપજની ઝકાત દસમો કે વીસમો હિસ્સો છે, અને ચાંદી સોનુ વગેરેની ચાલીસમો હિસ્સો છે. આ બનાવથી જાણવા મળ્યું કે **પોતાની છુપી નેકીઓ કોઈને બતાવવી કે જેથી તે પણ તેના પર અમલ કરે એ રિયા નથી બલ્કે તબ્લીગ છે, ફખ્ર નથી બલ્કે રબ તઆલાનો શુક્ર છે.**

(مُتَّفَقٌ عَلَيْهِ)

**★ હદીષ : (૨૦)-૧૮૭૮ ★**

وَعَن أَبِي هُرَيْرَةَ أَنَّهُ سَمِعَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ ثَلَاثَة فِي بَنِي إِسْرَائِيلَ أَبْرَصَ وَأَقْرَعَ وَأَعْمَى فَأَرَادَ اللَّهُ أَنْ يَبْتَلِيَهُمْ فَبَعَثَ إِلَيْهِمْ مَلَكًا فَأَتَى الْأَبْرَصَ فَقَالَ أَيُّ شَيْءٍ أَحَبُّ إِلَيْكَ قَالَ لَوْنٌ حَسَنٌ وَجِلْدٌ حَسَنٌ وَيَذْهَبُ عَنِّي الَّذِي قَدْ قَذِرَنِي النَّاسُ» قَالَ: «فَمَسَحَهُ فَذَهَبَ عَنْهُ قَذَرُهُ وَأُعْطِيَ لَوْنًا حَسَنًا وَجِلْدًا حَسَنًا قَالَ فَأَيُّ الْمَالِ أَحَبُّ إِلَيْكَ قَالَ الْإِبِلُ - أَوْ قَالَ الْبَقر شكّ إِسْحَق - إِلَّا أَنَّ الْأَبْرَصَ أَوِ الْأَقْرَعَ قَالَ أَحَدُهُمَا الْإِبِلُ وَقَالَ الْآخَرُ الْبَقَرُ قَالَ فَأُعْطِيَ نَاقَةً عُشَرَاءَ فَقَالَ بَارَكَ اللَّهُ لَكَ فِيهَا» قَالَ: «فَأتى الْأَقْرَع فَقَالَ أَي شَيْء أحب إِلَيْك قَالَ شَعَرٌ حَسَنٌ وَيَذْهَبُ عَنِّي هَذَا الَّذِي قَدْ قَذِرَنِي النَّاسُ» . قَالَ: " فَمَسَحَهُ فَذَهَبَ عَنْهُ وَأُعْطِيَ شَعَرًا حَسَنًا قَالَ فَأَيُّ الْمَالِ أَحَبُّ إِلَيْكَ قَالَ الْبَقَرُ فَأُعْطِيَ بَقَرَةً حَامِلًا قَالَ: «بَارَكَ اللَّهُ لَكَ فِيهَا» قَالَ: «فَأَتَى الْأَعْمَى فَقَالَ أَيُّ شَيْءٍ أَحَبُّ إِلَيْكَ قَالَ أَنْ يَرُدَّ اللَّهُ إِلَيَّ بَصَرِي فَأُبْصِرَ بِهِ النَّاسَ» . قَالَ: «فَمَسَحَهُ فَرَدَّ اللَّهُ إِلَيْهِ بَصَرَهُ قَالَ فَأَيُّ الْمَالِ أَحَبُّ إِلَيْكَ قَالَ الْغَنَمُ فَأُعْطِيَ شَاة والدا فأنتج هَذَانِ وَولد هَذَا قَالَ فَكَانَ لِهَذَا وَادٍ مِنَ الْإِبِلِ وَلِهَذَا وَادٍ مِنَ الْبَقَرِ وَلِهَذَا وَادٍ مِنَ الْغَنَمِ» . قَالَ: «ثُمَّ إِنَّهُ أَتَى الْأَبْرَصَ فِي صُورَتِهِ وَهَيْئَتِهِ فَقَالَ رَجُلٌ مِسْكِينٌ قَدِ انْقَطَعَتْ بِيَ الْحِبَالُ فِي سَفَرِي فَلَا بَلَاغَ لِيَ الْيَوْمَ إِلَّا بِاللَّهِ ثُمَّ بِكَ أَسْأَلُكَ بِالَّذِي أَعْطَاكَ اللَّوْنَ الْحسن وَالْجلد الْحسن وَالْمَال بَعِيرًا أتبلغ عَلَيْهِ

*"તેમનાથી જ રિવાયત છે કે તેમણે નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે બની ઈસ્રાઈલમાં ત્રણ શખ્સ હતા. કોઢી, ગંજો (ટાલીયો) અને આંધળો. અલ્લાહ તઆલાએ તેમનો ઈમ્તેહાન લેવા ચાહ્યું[૧] તો એમની તરફ એક ફરિશ્તો મોકલ્યો. તે કોઢીની પાસે આવ્યો અને બોલ્યો, તને કઈ ચીજ પસંદ છે ? તે બોલ્યો. સારો રંગ અને સારી ચામડી અને આ બીમારી જતી રહે જેના કારણે લોકો મારાથી ધૃણા કરે છે.[૨] હુઝૂરે ફર્માવ્યું કે ફરિશ્તાએ એના પર હાથ ફેરવ્યો તો તેની બીમારી જતી રહી અને તેને સારો રંગ સારી ચામડી આપી દેવામાં આવી[૩] ફરિશ્તો બોલ્યો, તને કયો માલ પસંદ છે ? તે બોલ્યો, ઊંટ અથવા હુઝૂરે ફર્માવ્યું, ગાય. ઈસ્હાકને શક છે પણ કોઢી તથા ગંજામાંથી એક જણને ઊંટણી આપી દેવામાં આવી. ફરિશ્તાએ કહ્યું, અલ્લાહ તને આમાં બરકત આપે.[૫] ફર્માવે છે કે પછી ફરિશ્તો ગંજા (ટાલવાળા) પાસે પહોંચ્યો અને પૂછ્યું કે તને કઈ ચીજ પસંદ છે ? તે બોલ્યો, સારા વાળ, અને એ કે મારી બીમારી જતી રહે, જેના લીધે લોકો મારાથી નફરત કરે છે. ફર્માવ્યું કે ફરિશ્તાએ એના પર હાથ ફેરવ્યો તો તેનું ગંજાપણુ જતુ રહ્યું. ફર્માવ્યું કે તેને સારા વાળ આપી દેવામાં આવ્યા.[૬] પૂછ્યું, તને કયો માલ પસંદ છે ? બોલ્યા, ગાય. તો તેને સગર્ભા ગાય આપી અને કહ્યું કે અલ્લાહ તને એમાં બરકત આપે. ફર્માવ્યું, પછી તે આંધળાની પાસે પહોંચ્યો. કહ્યું, તને કઈ ચીજ પસંદ છે ? તે બોલ્યો કે અલ્લાહ મને મારી આંખો પરત કરી આપે જેનાથી હું લોકોને જોઉં. ફર્માવ્યું કે તેણે આંધળા પર હાથ ફેરવ્યો તો અલ્લાહે તેની દષ્ટિ પાછી આપી દીધી.[૭] પછી પૂછ્યું કે તને કયો માલ પસંદ છે ? કહ્યું, બકરીઓ. તેને સગર્ભા (ગાભણ) બકરી આપી દેવામાં આવી. પછી એ બંનેવ જાનવરોએ બચ્ચાં આપ્યાં પછી તે પણ વ્યાહયાં તો તેની પાસે ઊંટોનું જંગલ થઈ ગયું અને તેની પાસે ગાયોનું જંગલ અને*

فِي سَفَرِي فَقَالَ الْحُقُوق كَثِيرَة فَقَالَ لَهُ كَأَنِّي أَعْرِفُكَ أَلَمْ تَكُنْ أَبْرَصَ يَقْذَرُكَ النَّاسُ فَقِيرًا فَأَعْطَاكَ اللَّهُ مَالًا فَقَالَ إِنَّمَا وَرِثْتُ هَذَا الْمَالَ كَابِرًا عَنْ كَابِرٍ فَقَالَ إِنْ كُنْتَ كَاذِبًا فَصَيَّرَكَ اللَّهُ إِلَى مَا كُنْتَ» . قَالَ: «وَأَتَى الْأَقْرَعَ فِي صُورَتِهِ فَقَالَ لَهُ مِثْلَ مَا قَالَ لِهَذَا وَرَدَّ عَلَيْهِ مِثْلَ مَا رَدَّ عَلَى هَذَا فَقَالَ إِنْ كُنْتَ كَاذِبًا فَصَيَّرَكَ اللَّهُ إِلَى مَا كُنْتَ» . قَالَ: «وَأَتَى الْأَعْمَى فِي صُورَتِهِ وَهَيْئَتِهِ فَقَالَ رَجُلٌ مِسْكِينٌ وَابْنُ سَبِيلٍ انْقَطَعَتْ بِيَ الْحِبَالُ فِي سَفَرِي فَلَا بَلَاغَ لِيَ الْيَوْمَ إِلَّا بِاللَّهِ ثُمَّ بِكَ أَسْأَلُكَ بِالَّذِي رَدَّ عَلَيْكَ بَصَرَكَ شَاةً أَتَبَلَّغُ بِهَا فِي سَفَرِي فَقَالَ قَدْ كُنْتُ أَعْمَى فَرَدَّ اللَّهُ إِلَيَّ بَصَرِي فَخُذْ مَا شِئْتَ وَدَعْ مَا شِئْتَ فَوَاللَّهِ لَا أجهدك الْيَوْمَ شَيْئًا أَخَذْتَهُ لِلَّهِ فَقَالَ أَمْسِكْ مَالَكَ فَإِنَّمَا ابْتُلِيتُمْ فقد رَضِي عَنْك وَسخط على صاحبيك»

તેની પાસે બકરીઓનું જંગલ.[૮] ફર્માવ્યું, પછી ફરિશ્તો કોઢીની પાસે પોતાના એ જ સ્વરૂપમાં આવ્યો[૯] બોલ્યો, મિસ્કીન માણસ છું. સફરની હાલતમાં મારો સર્વ સામાન જતો રહ્યો[૧૦] તો હવે અલ્લાહની તૌફીક પછી તારી મદદ વગર ઘરે નથી પહોંચી શકતો[૧૧] હું તારાથી ખુદાના નામ પર એક ઊંટ માગુ છું જેણે તને સારો રંગ, સારી ચામડી અને માલ આપ્યો જેથી હું મારા સફરમાં મકસદ પર પહોંચી જઉં.[૧૨] તો તે બોલ્યો કે હક્કો મારા પર ઘણા છે[૧૩] ફરિશ્તો બોલ્યો, હું કદાચ તને ઓળખુ છું, તું કોઢી ફકીર ન હતો ? કે તારાથી લોકો ઘૃણા કરતા હતા. પછી તને અલ્લાહે માલ આપ્યો. તે બોલ્યો કે હું તો આ માલનો પેઢી દર પેઢી વારસ છુ[૧૪] ફરિશ્તો બોલ્યો કે જો તું જૂઠો હોય તો અલ્લાહ તને એવો જ કરી દે જેવો તું હતો[૧૫] ફર્માવ્યું, પછી તે ગંજાની પાસે એ જ સૂરતમાં આવ્યો. તેને તે જ કહ્યું જે કોઢીને કહ્યું હતું. અને તેણે એવો જ જવાબ આપ્યો જેવો તેણે આપ્યો હતો[૧૬] ફરિશ્તો બોલ્યો, જો તું જૂઠો છે તો અલ્લાહ તને એવો જ કરી દે જેવો તું હતો. ફર્માવ્યું પછી તે પોતાના અસલ સ્વરૂપમાં આંધળાની પાસે આવ્યો. બોલ્યો, મિસ્કીન તથા મુસાફર છું. મારો સામાન સફરમાં ગુમ થઈ ગયો છે. આજે ખુદા તઆલાની પછી તારી મદદ વગર હું મંઝિલ સુધી નથી પહોંચી શકતો[૧૭] હું તારાથી તે અલ્લાહના નામ પર જેણે તને આંખો પરત આપી એક બકરી માગુ છું જેના થકી મારા સફરથી મારા ઘરે પહોંચી શકુ[૧૮] તે બોલ્યો, હું આંધળો હતો, અલ્લાહે મને રોશની પરત આપી. તું જે ચાહે લઈ લે અને જે ચાહે રહેવા દે. રબની કસમ ! આજે તું જે કાંઈ અલ્લાહના નામ પર લઈશ એનાથી હું તને મના કરીશ નહીં[૧૯] ફરિશ્તો બોલ્યો, તારો માલ રાખ. તમારા સૌની આઝમાઈશ કરવામાં આવી છે. તારાથી રબ રાજી થયો તારા બે મિત્રોથી નારાજ.[૨૦]"

(મુસ્લિમ, બુખારી)

૧. શિફા તથા માલ આપીને અને પછી અમુક માલ તલબ કરીને રબ તઆલા શુક્રનો ઈમ્તેહાન લે છે. પરંતું સબ્રનો આ ઈમ્તેહાન ખુદ રબ તઆલાના પોતાના ઈલ્મ (જાણકારી પામવા) માટે નથી હોતો બલ્કે દુનિયાવાળાઓ સમક્ષ દષ્ટાંત સ્થાપિત કરવા માટે હોય છે જેથી આવા બનાવોથી બોધ ગ્રહણ કરે.

૨. એ ફરિશ્તો માનવ સ્વરૂપમાં આવ્યો હતો જેવું કે હદીષના આગલા હિસ્સાથી જાહેર થાય છે. લગભગ ડોક્ટરના સ્વરૂપમાં હશે અથવા મકબુલુદુઆ વલીના રૂપમાં, ત્યારે તો તે બીમારે એ ઈચ્છા પ્રદર્શિત કરી જેથી તે દવા કે દુઆ આપે.

૩. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે મક્બૂલોના હાથ ફેરવવાથી બમારીઓ જતી રહે છે, મુસીબતો ટળી જાય છે, બલ્કે તેમના ધોવણથી શિફાઓ મળે છે. આબે ઝમઝમ હઝરત ઈસ્માઈલ علیہ السلامની એડીનું ધોવણ છે જે કયામત સુધી શિફા છે. હઝરત ઐયૂબ علیہ السلامના પગોનું ધોવણ શિફા હતું. રબ તઆલા ફર્માવે છે : اُرْكُضْ بِرِجْلِكَ ۚ هٰذَا مُغْتَسَلٌۢ بَارِدٌ وَّ شَرَابٌ (અમે ફર્માવ્યું, જમીન પર પોતાનો પગ માર, આ ઠંડો ચશ્મો (ઝરણુ) નહાવા તથા પીવાનો. સૂ. સાદ, ૩૮/૪૨) બીજુ એ કે બુઝુર્ગોનું તકલીફની જગાએ હાથ રાખીને ફયઝ આપવુ જાઈઝ છે. અને અમલે સલબે ઈમરાઝ જાઈઝ છે એટલે કે સ્પર્શ કરીને બીમારી દૂર કરી દેવું. તેની અસલ આ હદીષ છે. એટલા માટે રબ તઆલાએ ફરિશ્તાના વાસ્તાથી એને શિફા આપી.

૪. એટલે ઈસ્હાક ઈબ્ને અબ્દુલ્લાહ જે આ હદીષના રાવીઓમાંથી એક રાવી છે, તેમને એ શક થઈ ગયો કે નબી કરીમ ﷺએ ઊંટ કોના માટે ફર્માવ્યું અને ગાય કોના માટે. અધિકતર એ છે કે એ ગંજાએ ઊંટ જ માગ્યું હતું. કેમ કે આગળ ગાયનું વર્ણન જઝ્મથી આવી રહ્યું છે.

૫. عشراء-عના પેશ અને شના ઝબર (ફતહ) عشرથી બન્યું. દસના અર્થમાં. દસ મહિનાની સગર્ભા ઊંટણીને عشراء કહે છે. પછી મુત્લક્ન સગર્ભાને عشراء કહેવા લાગ્યા. બાદમાં ઘરબાર, ઘોડા અને જાનવર વગેરે પર આ શબ્દ બોલવા લાગ્યા. (અશિઅહ) લગભગ કુંબા (કુટુંબ)ને અશીરા એટલા માટે કહે છે કે જેનાથી માણસ દસગણો થઈ જાય છે. ફરિશ્તાએ એ ઊંટણી કુદરતી તેને આપી, ક્યાંકથી ખરીદીને કે કોઈ અન્યનો માલ નથી આપ્યો. એનાથી જાણવા મળ્યું કે જો દસ્તે ગયબમાં ફરિશ્તાઓના થકી ગયબી માલ મળે તો હલાલ છે. એનો માખઝ આ હદીષ છે. જિન્નાતનું લાવેલ, હલાલ નથી કે તેઓ મોટાભાગે બીજાઓનું ચોરી કરીને લઈ આવે છે. ફરિશ્તાએ તેને ખૈરાત પણ આપી અને દુઆ પણ આપી, એ દુઆની બરકતથી જ તેનો માલ ખૂબ જ વધ્યો. જવ્વાદ માલ પણ આપે છે અને દુઆ પણ.

*જબ દેને કો ભીક આએ સર કૂએ ગદામાં—લબ પર યહ દુઆ થી મેરે મંગતા કા ભલા હો*

૬. જાહેર એ છે કે ફરિશ્તાએ તેના માથા પર હાથ ફેરવ્યો કેમ કે શિફા આપવા માટે બીમારીની જગાને જ સ્પર્શવામાં આવે છે. હદીષના શબ્દોથી જાણવા મળે છે કે ફરિશ્તાના સ્પર્શ કરતાં જ ટાલીયાપણુ પણ જતુ રહ્યું અને ચામડી પર તરત જ વાળ આવી ગયા અને વધી પણ ગયા. અન્યોના વાળો કરતાં દેખાવે સુંદર હતા. જેવું કે حَسَنًا થી જણાય રહ્યું છે. ફિરઔનના ગર્ક થવાના દિવસે હઝરત જિબ્રઈલની ઘોડીની ટાપ (ડગલુ) જ્યાં પડતી હતી ત્યાં ઘાસ ઉગી નીકળતી હતી. એ જ માટીને સામરીએ સંભાળીને રાખી લીધી. પછી ફિરઔની સોનાનુ વાછરડુ બનાવી તેના મોઢામાં રાખી દીધી તો વાછરડામાં જાન પેદા થઈ ગઈ અને તે ભાંભરવા લાગ્યું. રબ તઆલા ફર્માવે છે :

قَبۡضَةً مِّنۡ اَثَرِ الرَّسُوۡلِ فَنَبَذۡتُهَا (તો એક મુટ્ઠી ભરી લીધી ફરિશ્તાના નિશાનથી પછી તેને રાખી દીધી. સૂ. તાહા, ૨૦/૯૬) કોઈ મુન્કિર હદીષનો એના પર એ વાંધો નથી ઉઠાવી શકતો કે ફરિશ્તાના હાથથી તરત જ વાળ કેવી રીતે ઉગી શકે છે. અને **જ્યારે નૂરી ફરિશ્તાનો આ ફયઝ થઈ શકે છે તો નબી કરીમ તથા ઉમ્મતના અવલિયાનો ફયઝ કેવો હશે ?!** મૌલાના (રૂમ) ફર્માવે છે.

اے ہزاراں جبرئیل اندر بشر     بہر حق سوئے غریباں یک نظر

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! આપની શાને બશરિયત હજારો જિબ્રઈલથી બેહતર છે. અલ્લાહના વાસ્તે ગરીબો તરફ એક નજર ફર્માવો.

આ હદીષ ફરિશ્તાઓના ફયઝ વિશેની બેહતરીન દલીલ છે.

**૭.** એટલે કે ફરિશ્તાના હાથ લગાડતાં જ તેની બંને આંખો રોશન થઈ ગઈ. આ હદીષથી જણાય છે કે અલ્લાહના મકબૂલ બંદાઓ અલ્લાહના હુકમથી દાફેઉલ બલા હોય છે. જુઓ ટાલવાળા હોવું (ગંજ), કોઢ તથા અંધાપો એ સખત બલાઓ છે જે ફરિશ્તાનો હાથ લગાડતાં જ જતી રહી. યુસૂફ علیہ السلامની કમીસ યાકૂબ علیہ السلامની સફેદ આંખ પર લાગી તો આંખ રોશન થઈ ગઈ. (કુર્આને હકીમ) ઈસા علیہ السلامએ આમ એલાન કર્યું હતું : وَاُبۡرِئُ الۡاَكۡمَهَ وَالۡاَبۡرَصَ وَاُحۡىِ الۡمَوۡتٰى بِاِذۡنِ اللّٰهِ (અને હું શિફા આપુ છું જન્મ જાત આંધળા અને સફેદ ડાઘવાળાને, અને હું મુડદાં જીવતાં કરું છું અલ્લાહના હુકમથી. સૂ. આલે ઈમરાન, ૩/૪૯) દુરૂદે તાજમાં જે આવે છે : دَافِعِ الْبَلَاءِ وَالْوَبَاءِ તેનો માખઝ કુર્આને કરીમની આ આયતો તથા હદીષો છે. જ્યારે ડોક્ટરની ગોળીઓ તથા જંગલની જડી બુટ્ટીઓ કબજીયાત દૂર કરનાર, તાવ દૂર કરનાર થઈ શકે છે. એક શરબતનું નામ શરબતે ફર્યાદરસ હોય શકે છે તો શું અલ્લાહના મહબૂબોનો દરજો એ ચીજોથી પણ કમ છે ?!

**૮.** એ જમાનામાં જાનવરોથી માલદારી ગણાતી હતી. તો મતલબ એ થયો કે એ લોકો પોતાનાં શહેરના મોટા માલદાર બની ગયા.

**૯.** જાહેર એ છે કે બંને ઝમીરો ફરિશ્તાની તરફ પલ્ટી રહી છે અને સૂરતથી મતલબ તે ફરિશ્તાની પહેલી તે સૂરત (સ્વરૂપ) છે જે સૂરતમાં આગલી વખતે આવ્યો હતો. મક્સદ એ છે કે એ શખ્સ માલ મેળવીને એવો એહસાન ફરામોશ થઈ ગયો કે તેણે પોતાના મોહસિન (એહસાન કરનાર)ને આવો લુખો જવાબ આપ્યો. અને બની શકે છે કે ઝમીરનો મરજઅ ખુદ કોઢી હોય. એટલે એ ફરિશ્તો એ કોઢીના સ્વરૂપમાં આવ્યો જે પહેલાં ખુદ તેનું પોતાનું સ્વરૂપ હતું. જેથી તે પોતાનો કોઢ યાદ કરીને તેના પર રહમ કરે. પ્રથમ અર્થ અધિક સ્પષ્ટ છે. એનાથી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે ફરિશ્તા દરેક સ્વરૂપમાં આવી શકે છે. બીજુ એ કે ધોકામાં નાખીને ઈમ્તેહાન લેવી જાઈઝ છે, એ ધોકો નથી બલ્કે ઈમ્તેહાન છે.

**૧૦.** ઈલ્મી લેહાઝથી આ વાક્ય ખબર માટે નથી કે જેથી તેને જૂઠ કહેવામાં આવે બલ્કે ખયાલ (કલ્પના) છે. આ કલ્પનાઓ સવાલો તથા કસોટીઓમાં કામ આવે છે, જેમ કે મસ્અલો પૂછવામાં આવે છે કે ઝયદે પોતાની પત્નીને તલાક આપી. જ્યારે કે શહેરમાં ન કોઈ ઝયદ હોય છે ન તેની પત્ની, પણ કેવળ મસ્અલાની સ્થિતિ રજૂ કરવામાં આવે છે. કુર્આને કરીમ ફર્માવી રહ્યું છે કે દાઊદ علیہ السلامની પાસે બે ફરિશ્તા માનવ સ્વરૂપમાં આવ્યા. એમનામાંથી એક બોલ્યો : اِنَّ هٰذَاۤ اَخِىۡ لَهٗ تِسۡعٌ وَّتِسۡعُوۡنَ نَعۡجَةً وَّلِىَ نَعۡجَةٌ (બેશક ! આ મારો ભાઈ છે તેની પાસે ૯૯

ઘેટીઓ છે અને મારી પાસે એક ઘેટી. હવે એ કહે છે કે એ પણ મને આપી દે. –સૂરએ સાદ, ૩૮/૨૩) જ્યારે કે ત્યાં ન બકરીઓ હતી ન કોઈ ઝઘડો. જેથી એના પર વાંધો નથી કે ફરિશ્તાએ જૂઠુ શા માટે કહ્યું.

**૧૧.** એનાથી જાણવા મળ્યું કે રબ તઆલાની સાથે બંદાઓથી પણ ઈમદાદ લેવી જાઈઝ છે. અને બંદાનો ઝિક્ર રબ તઆલાની સાથે મિલાવીને કરી શકે છે. રબ તઆલા ફર્માવે છે : اَغْنٰىهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ (અને શું તેમને બુરુ લાગ્યું એ જ ને કે અલ્લાહ તથા રસૂલ તેમને પોતાના ફઝ્લથી ગની (માલદાર) કરી દીધા. *–સૂરએ તૌબા, ૯/૭૪*)

**૧૨.** એટલે કે તારા પૂરાણા હાલને યાદ કર અને આ હાલની તબદીલીના શુક્રિયામાં મને એક ઊંટ આપી દે.

**૧૩.** બીવી બચ્ચાં, નોકર ચાકર ખૂબ રાખુ છું જેના કારણે ખર્ચ વધારે છે, તેમનું જ પૂરુ નથી થતું તો તને ક્યાંથી આપું !

**૧૪.** આ સવાલ તથા જવાબથી માલૂમ પડે છે કે **દરેક શખ્સને પોતાની અસલી ફકીરી તથા વહી ગયેલી મુસીબતો યાદ હોવી જોઈએ કે એ શુક્રનો ઝરીયો છે. અને બદ્નસીબ છે તે શખ્સ જે ઐશ તથા તેશમાં અલ્લાહને ભૂલી જાય અને કોઈના યાદ અપાવવા પર જૂઠુ બોલે.**

**૧૫.** આ "અગર મગર" શકના માટે નથી પણ ઈમ્તેહાનના માટે જ છે. જાહેર એ છે કે ફરિશ્તાની આ બદ્દુઆ તેને લાગી અને તે ફરી ફકીર તથા કોઢી થઈ ગયો. એનાથી જાણવા મળ્યું કે ફકીરોના વેશમાં કદીક સાહિબે દિલ (સખી) પણ આવી જાય છે. એટલા માટે રબે ફર્માવ્યું : وَ اَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ (અને માગનારાને ન ધમકાવો. *–સૂરએ દુહા, ૯૩/૧૦*)

خاکساران جہاں رابحقارت منگر　　　توچہ دانی کہ دریں گرد سوارے باشد

**અર્થાત.** દુનિયાના ગરીબો દુરવેશો અને સાદા નેક લોકોને તુચ્છતાથી ન જુઓ, શું ખબર કે તેમનામાં કોઈ અલ્લાહનો મહેબૂબ હોય.

**૧૬.** પોતાની સૂરત (સ્વરૂપ)ની શરહ (સ્પષ્ટતા) હમણા કરવામાં આવી ચૂકી છે કે એનાથી મુરાદ તેના ગંજા (ટાલીયા) હોવાની સૂરત છે. એટલે ગંજો તથા ફકીર બનીને આવ્યો હતો અથવા ખુદ ફરિશ્તો તે સ્વરૂપ જેમાં આપતી વખતે આવ્યો હતો. એનાથી ગંજાની નાશુક્રી પ્રદર્શિત કરવાનો હેતુ છે.

**૧૭.** કેમ કે અલ્લાહ તઆલાની ઈમદાદ હકીકી છે અને બંદાની મજાઝી છે, એટલા માટે ثُمَّ (ષુમ્મ) ફર્માવવામાં આવ્યું જેથી બંનેવ મદદોમાં ફરક માલૂમ પડે. હદીષ શરીફમાં છે : એ ન કહો કે, "જો અલ્લાહ ચાહે અને ફલાણો ચાહે" બલ્કે આ પ્રમાણે કહો કે, "અલ્લાહ ચાહે પછી ફલાણો ચાહે." અને અમે હમણા વર્ણવી ચૂક્યા છીએ કે આ હુકમ પણ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. નહીં તો وَاو થી પણ કહી શકો છો જેની દલીલ કુર્આન શરીફ થકી રજૂ કરવામાં આવેલી છે.

**૧૮.** અથવા એ રીતે કે એને વેચીને કિંમતથી તોશો (ભાથુ) અને સવારી મેળવી લઉં અથવા એ રીતે કે બકરીને પોતાની સાથે રાખું અને તેનું દૂધ પીતો તથા વેચતો ચાલ્યો જઉં. બીજો અર્થ અધિક જાહેર છે કે જો કિંમત હેતુ હોત તો તેનાથી પૈસા જ કેમ ન માગી લેત. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે બકરીથી સફર કેવી રીતે થશે, તે તો સવારી લાયક નથી. જેમ કે હદીષના મુન્કિરો કહે છે.

**૧૯.** હદીષની ઈબારત (લખાણ)થી બે ચીજો માલૂમ પડે છે : એક એ કે એ શખ્સ જન્મજાત આંધળો ન હતો, બલ્કે પહેલાં આંખોવાળો હતો, બાદમાં નાબીના બન્યો. નહીં તો રોશની પરત કરવાનો શો અર્થ થાત. તેમજ અરબીમાં જન્મજાત આંધળાને اَکْمَہ કહે છે, અને ટેમ્પરરી આંધળાને اعمیٰ કહે છે. બીજુ એ કે એ સદકો ફર્ઝ ન હતો

બલ્કે નફ્લી હતો. કેમ કે ફર્ઝી સદકો નિશ્ચિત હોય છે. આ હદીષથી જાણવા મળ્યું કે બધો માલ ફકીરની સામે રાખી દીધો, જેટલો ચાહે તે લઈ લે. આ પ્રથમ કક્ષાની સખાવત છે.

**૨૦.** સુબ્હાનલ્લાહ ! આ થયુ એ ઈમ્તેહાનનું પરિણામ કે બંનેવ દુનિયવી તથા ઉખરવી (આખેરત)ના ગઝબમાં આવી ગયા, કે તેમનો માલ પણ ગયો અને તંદુરસ્તી પણ, અને રબ તઆલાની નારાજી એ સૌથી અલગ. આ તરફ આ નાબીનાની પાસે માલ પણ રહ્યો અને આંખો પણ, અને ઉપરથી ખુદાની રઝા પણ મળી. એનાથી જાણવા મળ્યું કે નેકીનો ઈરાદો પણ સારો છે. જુઓ, તેની પાસેથી સદકો લેવામાં નથી આવ્યો પણ કેમ કે તે આપવા માટે તૈયાર થઈ ગયો હતો એટલા માટે ફાયદો પહોંચી ગયો.

**★ હદીષ : (૨૧)-૧૮૭૯ ★**

وَعَن أم بجيد قَالَتْ: قُلْتُ يَا رَسُولَ اللَّهِ إِنَّ الْمِسْكِينَ لِيَقِفُ عَلَى بَابِي حَتَّى أَسْتَحْيِيَ فَلَا أَجِدُ فِي بَيْتِي مَا أَدْفَعُ فِي يَدِهِ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ادْفَعِي فِي يَدِهِ وَلَوْ ظِلْفًا مُحْرَقًا» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

*''હઝરત ઉમ્મે બજીદ رضی اللہ عنہا થી[1] રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈ ગરીબ મારા દરવાજા પર ઉભો રહે છે, ત્યાં સુધી કે હું શરમાય જઉં છું[2] અને મારા ઘરમાં કાંઈ પામતી નથી જે એના હાથમાં આપું. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તેના હાથમાં કાંઈક જરૂર આપી દો, ભલે બળેલી ખરી હોય[3]. (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે.*

**૧.** આપનુ નામ હવ્વા બિન્તે યઝીદ ઈબ્ને સકન છે. હઝરત અસ્મા બિન્તે યઝીદની બહેન છે. સહાબિયા છે. અન્સારિયા છે.

**૨.** એટલે કે હું તેના વારંવાર સવાલ કરવાથી શરમાઈ જઉં છું. તેને ખાલી પરત કરવામાં ગૈરત આવે છે, અને પાસે કાંઈ નથી હોતું કે જે આપું. આ કશમકશ (અસમંજશ)માં શું કરું. એમાં ફકીરોની શિકાયત નથી બલ્કે શરઈ મસ્અલો પૂછવો છે કે આવી મજબૂરીઓમાં એને મના કરી દેવું નાજાઈઝ તો નથી.

**૩.** સળગેલી ખરી ફકત દષ્ટાંત રૂપે છે, એનાથી મુરાદ ઘણી જ મામૂલી કિંમત વિનાની ચીજ છે. એટલે કે એવું ન વિચારો કે કોઈ આ'લા ચીજ હોય તો જ આપુ, મામૂલી ચીજ પણ આપી દો. યાદ રાખશો કે ખુદ હુઝૂર ﷺએ અમુક મિસ્કીનોને કાંઈ નથી આપ્યું. તે મસ્અલાની તા'લીમના માટે હતું કે વિના જરૂરતે સવાલ જાઈઝ નથી. આ તબ્લીગ હતી ન કે મસાઈલનો રદ. આ તા'લીમનું એ પરિણામ આવ્યું હતું કે મદીના પાકમાં કોઈપણ શખ્સ સખત મજબૂરી વિના માગતો જ ન હતો. હઝરત ઉમ્મે બજીદને એ આદેશ આપ્યો કે, કેમ કે હવે મજબૂર તથા મા'ઝૂર લોકો જ માગે છે જેથી તેમને મેહરૂમ ન ફેરવ્યા કરો. જેથી આ હદીષ હકીમ ઈબ્ને હિઝામ વગેરેની હદીષોની વિરુદ્ધ નથી. **હવે ધંધાદારી સવાલ કરનારાઓને મના કરી દેવું જાઈઝ બલ્કે જરૂરી છે.**

**★ હદીષ : (૨૨)-૧૮૮૦ ★**

وَعَن مولى لعُثْمَان رَضِي الله عَنهُ قَالَ: أُهْدِيَ لِأُمِّ سَلَمَةَ بُضْعَةٌ مِنْ لَحْمٍ وَكَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُعْجِبُهُ

*''હઝરત ઉષ્માનના ગુલામથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમ્મે સલમાને ગોશતનો ટુકડો હદિયો મોકલવામાં આવ્યો અને નબી કરીમ ﷺને ગોશત પ્રિય હતો. તો તેમણે ખાદિમને ફર્માવ્યું[1] કે એને ઘરમાં*

اللَّحْمُ فَقَالَتْ لِلْخَادِمِ: ضَعِيهِ فِي الْبَيْتِ لَعَلَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْكُلُهُ فَوَضَعَتْهُ فِي كَوَّةِ الْبَيْتِ. وَجَاءَ سَائِلٌ فَقَامَ عَلَى الْبَابِ فَقَالَ: تَصَدَّقُوا بَارَكَ اللَّهُ فِيكُمْ. فَقَالُوا: بَارَكَ اللَّهُ فِيكَ. فَذَهَبَ السَّائِلُ فَدَخَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «يَا أُمَّ سَلَمَةَ هَلْ عِنْدَكُمْ شَيْءٌ أَطْعَمُهُ؟» . فَقَالَتْ: نَعَمْ. قَالَتْ لِلْخَادِمِ: اذْهَبِي فَأْتِي رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِذَلِكِ اللَّحْمِ. فَذَهَبَتْ فَلَمْ تَجِدْ فِي الْكَوَّةِ إِلَّا قِطْعَةَ مَرْوَةٍ فَقَالَ النَّبِي صلى الله عَلَيْهِ وَسلم: «فَإِن ذَلِك اللَّحْمَ عَادَ مَرْوَةً لِمَا لَمْ تُعْطُوهُ السَّائِلَ» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي دَلَائِل النُّبُوَّة

*રહેવા દો જેથી નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ખાય. ખાદિમાએ એને તાખલામાં રાખી દીધો. એક સાઈલ આવ્યો. દરવાજા પર ઉભો રહ્યો. બોલ્યો, અલ્લાહ તમને બરકત દે[2] કાંઈક ખૈરાત કરો. ઘરવાળાંએ કહ્યું, અલ્લાહ તને બરકત દે. સાઈલ ચાલ્યો ગયો[3]. પછી નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, હે ઉમ્મે સલમા ! શું તમારી પાસે કાંઈ છે જેને હું ખાઉં ?[4] અર્ઝ કરી, હા ! ખાદિમાને બોલ્યાં, જાવ તે ગોશ્ત નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં લાવે. તે ગયાં તો તાખલામાં પથ્થરના ટુકડાના સિવાય કાંઈ ન પામ્યું[5]. ત્યારે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે તમે સાઈલને ગોશ્ત ન આપ્યો એટલે તે ગોશ્તનો પથ્થર બની ગયો[6].*
*(બયહક્રી, દલાઈલુન્નબુવ્વત)*

**૧.** અહીં ખાદિમથી મુરાદ હઝરત ઉમ્મે સલમાની લોંડી છે. ખાદિમનો શબ્દ પુરૂષ તથા સ્ત્રી બંનેવ પર બોલી દેવામાં આવે છે. ખબર ન પડી કે એ મૌલા ઉષ્માન કોણ છે અને એ ખાદિમા કોણ હતી. પણ કેમ કે સર્વ સહાબીઓ આદિલ છે, કોઈ એમનામાં ફાસિક નથી એટલા માટે તેમનાં નામ માલૂમ ન હોવું હદીષની સેહત (સહી હોવા)ના માટે નુકસાનકર્તા નથી. અને ન એનાથી હદીષ મજહૂલ થશે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે સાઈલનું સવાલ કરતી વખતે ઘરવાળાંઓને દુઆઓ આપવું બેહતર છે. અમુક ભીખારી કેવળ દુઆઓ આપે છે, કેવળ પોતાની મોહતાજીનું રૂદન રડે છે. અમુકને જોવામાં આવ્યા કે કેવળ ગઝલો તથા ક્સીદા જ પઢે છે. હા ! ભીખની નિય્યતે કુર્આની આયતો પઢવી સખત મના છે. જુઓ શામી વગેરે.

**૩.** અરબમાં એ દસ્તૂર છે કે જ્યારે સાઈલને મના કરવું હોય છે તો ક્યારેક કહી દે છે : بَارَکَ اللّٰہُ فِیْکَ અને કદીક કહી દે છે : અલ્લાહ કરીમ. અને કદીક કહે છે : اَللّٰہُ یُغْنِیْکَ عَمَّنْ سِوَاہُ. જેમ કે આપણે ત્યાં કરી દે છે, માફી આપો, અથવા બરકત છે, વગેરે. સારાંશ કે સાઈલને ધમકાવવું જોઈએ નહીં, બલ્કે નરમ શબ્દોમાં ઈશારાથી સંકેતથી મના કરી દેવું જોઈએ. જ્યારે તે ન માને તો સ્પષ્ટ શબ્દોમાં મના કરે કે હવે તે સાઈલ નથી બલ્કે અડિયલ છે. રબ તઆલા ફર્માવે છે : وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ "સાઈલને ન ધમકાવો."

**૪.** એટલે કાંઈ ખાવાનુ છે જે અમે ખાઈએ. કેમ કે હુઝૂર ﷺનાં ઘરોમાં કદી ખાવાનુ હોતુ કદી નહીં, એટલા માટે આ સવાલ કરવો પડયો. આ સવાલ આગલા બનાવની પ્રસ્તાવના છે, નહીં તો હુઝૂરે અન્વર ﷺને તો ખબર રહેતી હતી કે ઘરમાં કાંઈ છે કે નથી. કેમ ન હોય કે હઝરત ઈસા علیہ السلام ફર્માવે છે : وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ فِیْ بُیُوْتِكُمْ "જે કાંઈ તમે ખાવ છો અને ઘરમાં છુપાવો છો તે હું તમને બતાવી શકું છું." *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૯)* અહીં كُمْ ઝમીર જમા ઈર્શાદ થઈ એહતેરામના માટે અથવા સર્વ ઘરવાળાંઓને સંબોધન છે.

**૫.** مروہ અરબીમાં નાના અથવા સફેદ પથ્થરને કહે છે. એ પથ્થરને પણ કહે છે જેનાથી આગ નીકળે છે એટલે ચકમક. સારાંશ કે ખાદિમાએ તાખલામાં ગોશ્તને બદલે તે પથ્થર જોયો જેને ઘસવાથી આગ પેદા થાય છે.

**૬.** હુઝૂરે અન્વર ﷺના આ ફર્માનનથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂરે અન્વર ﷺને એ સર્વ વાતોની ખબર રહેતી હતી જે આપની પાછળ ઘરોમાં થતી હતી. ઘરવાળાંઓ ભીખારીના આવવા જવાના બનાવને વર્ણવ્યો ન હતો પણ સરકાર ﷺએ તેને બેઠે બેઠો જ વર્ણવી આપ્યો. બીજુ એ કે મોટાઓના અહકામ અલગ છે અને નાનાઓના કાંઈ અલગ. જુઓ, નફલી સદકો ન આપવો ગુનોહ નથી, બલ્કે જ્યારે ચીજ થોડી હોય અને ઘરવાળાંઓને પણ તેની જરૂરત હોય તો સદકો ન કરવો બેહતર છે. પણ શાને નબુવ્વત એ હતી કે તેમના દરવાજાથી કોઈ મેહરૂમ ન જાય એટલા માટે રબ તઆલાએ બુઝુર્ગોને આ રીતે ચેતવ્યા.

موسیا آداب دانان دیگرند۔سوختہ جان وروانان دیگرند

**અર્થાત** : હે મૂસા ! આદાબ જાણવાવાળા અલગ હોય છે. જાન અને રૂહ જલાવેલા (આશિકો) અલગ હોય છે.

હદીષ શરીફ તદ્દન જાહેર પર છે. એમાં કોઈ તાવીલની જરૂરત નથી. ગોશ્ત માટીમાં રહીને માટી બની જાય છે, તો રબ તઆલાની કુદરતથી પથ્થર પણ બની શકે છે. પાછલી ઉમ્મતોમાં મસ્ખ થયો, કોઈ વાંદરો કે સુવ્વર બની. અમુક લોકો પથ્થર બની ગયા. જો રબ તઆલાએ આ ગોશ્ત મસ્ખ કરીને પથ્થર બનાવી દીધો તો શું મુશ્કેલ કામ છે ?! સાંરાશ કે આ હદીષ પર કોઈ વાંધો નથી.

**★ હદીષ : (૨૩)-૧૮૮૧ ★**

وَعَن ابْن عَبَّاس رَضِي الله عَنْهُمَا قَالَتْ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَلَا أُخْبِرُكُمْ بِشَرِّ النَّاسِ مَنْزِلًا؟ قِيلَ: نَعَمْ قَالَ: الَّذِي يُسْأَلُ بِاللَّهِ وَلَا يُعْطِي بِهِ ". رَوَاهُ أَحْمد

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે શું હું તમને બદ્તર દરજાવાળા માણસની ખબર ન આપું ? અર્ઝ કરવામાં આવ્યું, હા ! ફર્માવ્યું, તે જેની પાસે અલ્લાહના નામ પર માગ્યું અને ન આપે[૧]." (અહમદ)*

**૧.** આ હદીષના બે મતલબ થઈ શકે છે. એક એ કે તે માગનારો સાઈલ બદ્તરીન સાઈલ છે જે લોકોથી અલ્લાહના નામનો વાસ્તો આપીને માગે અને તેમને મળે કાંઈ પણ નહીં. એટલે يَسْئَلُ મઅરૂફના સેગાથી હોય. મતલબ એ થશે કે એવો સાઈલ કેમ કે રબ તઆલાના નામની તૌહીન કરે છે કે ગમે તેની પાસે અલ્લાહના નામ પર માગતો ફરે છે, કોઈ આપે છે તો કોઈ નથી આપતુ. જાણવા મળ્યું કે અલ્લાહના નામને ભીખનો ઝરીયો ન બનાવો. બીજુ એ કે તે શખ્સ બદ્તરીન માણસ છે જેની પાસે સાઈલ અલ્લાહના નામ પર માગે અને તેનું દિલ રબના નામ પર પણ ન પીગળે, અને તેને કાંઈ ન આપે. ત્યારે એનાથી એ સ્થિતિ મુરાદ થશે કે સાઈલ બેચેની તથા સખત મજબૂરીની હાલતમાં હોય. ખુદાના નામનો વાસ્તો દઈને પોતાની જાન બચાવવાના માટે માગી રહ્યો હોય અને એ જાણીબુજીને ન આપે. કેમ કે એ અતિશય કઠણ હૃદયી છે એટલા માટે બદ્તર છે. સારાંશ કે ધંધાદારી ભીખારીઓ સંબંધે આદેશ નથી થઈ રહ્યો.

**★ હદીષ : (૨૪)-૧૮૮૨ ★**

وَعَنْ أَبِي ذَرٍّ أَنَّهُ اسْتَأْذَنَ عَلَى عُثْمَانَ فَأَذِنَ لَهُ وَبِيَدِهِ

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે હઝરત ઉષ્માનની ખિદમતમાં હાજરીની ઈજાઝત માગી. મળી ગઈ. અબૂ ઝરના હાથમાં તેમની લાઠી*

عَصَاهُ فَقَالَ عُثْمَانُ: يَا كَعْبُ إِنَّ عَبْدَ الرَّحْمَنِ تُوُفِّيَ وَتَرَكَ مَالًا فَمَا تَرَى فِيهِ؟ فَقَالَ: إِنْ كَانَ يَصِلُ فِيهِ حَقَّ اللَّهِ فَلَا بَأْسَ عَلَيْهِ. فَرَفَعَ أَبُو ذَرٍّ عَصَاهُ فَضَرَبَ كَعْبًا وَقَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَا أُحِبُّ لَوْ أَنَّ لِي هَذَا الْجَبَلَ ذَهَبًا أُنْفِقُهُ وَيُتَقَبَّلُ مِنِّي أَذَرُ خَلْفِي مِنْهُ سِتَّ أَوَاقِيَّ» . أَنْشُدُكَ بِاللَّهِ يَا عُثْمَانُ أَسَمِعْتَهُ؟ ثَلَاثَ مَرَّاتٍ. قَالَ: نعم. رَوَاهُ أَحْمد

*હતી[1] હઝરત ઉષ્માને કહ્યું, હે કઅબ ! અબ્દુર્રહમાનની વફાત થઈ, તેમણે ઘણો બધો માલ છોડયો[2] એના બારામાં તમારી રાય શું છે ? ફર્માવ્યું કે જો એમાં અલ્લાહનો હક્ક અદા કરતા હોય તો કોઈ વાંધો નથી[3]. ત્યારે અબૂ ઝરે લાઠી ઉઠાવીને કઅબને મારી[4]. અને ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે મને એ પસંદ નથી કે મારી પાસે આ પહાડ બરાબર સોનુ હોય જેને હું ખૈરાત કરું અને તે કબૂલ થઈ જાય કે તેને છ ઔક઼િયા મારી પાછળ છોડી દઉં[5] હે ઉષ્માન ! તમને અલ્લાહની કસમ ! શું તમે હુઝૂરને આવું કહેતાં સાંભળ્યા ? (ત્રણવાર ફર્માવ્યું) આપે કહ્યું, હા ![6]" (અહમદ)*

**૧.** ખભાઓ સુધી લાંબી લાઠી હતી જે એમની સાથે રહેતી હતી. લાઠી (લાકડી, અસા) સાથે રાખવી સુન્નત છે. અને તેના ઘણા બધા ફાયદા છે.

**૨.** એટલે કે ઉષ્માન ગનીએ અબૂ ઝર ગફ્ફારીની મૌજૂદગીમાં કઅબ અહબારને મસ્અલો પૂછયો કે અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ ઘણો બધો માલ છોડીને ઈન્તેકાલ કરી ગયા છે. તમારો શું ખયાલ છે કે શું માલ જમા કરવો અને બીવી બચ્ચાં માટે છોડી જવો જાઈઝ છે કે નહીં ? મિર્કાતમાં છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે બે લાખ દીનાર છોડયા હતા. યાદ રાખશો કે હઝરત અબૂ ઝર ગફ્ફારી ઝાહિદતરીન સહાબી હતા, તેમનો ખયાલ હતો કે (શેઅર) :–

*તજ ડાલ માલો ધન કો કોળી ન રખ કફન કો–જિસને દિયા હૈ તન કો દેગા વહી કફન કો*

ઝુહદ તથા તર્કે દુનિયાની હદીષ પર સખ્તીથી અમલ કરનારા હતા. એટલા માટે તેમની મૌજૂદગીમાં આ સવાલ જવાબ થયા જેથી તે શરઈ હુકમ અને ઝુહદ તેમજ તક્વા તથા ફત્વામાં ફરક કરી લે.

**3.** એટલે કે માલ જમા રાખવો, મૃત્યુ બાદ છોડી જવો હલાલ છે, જ્યારે એનાથી ઝકાત, ફિત્રા, કુર્બાની, બંદાઓના, હક્કો અદા કરવામાં આવતા રહ્યા હોય. આ ખજાનામાં દાખલ નથી જેની કુર્આને કરીમમાં બુરાઈ આવી છે.

**૪.** આ મારવું એ જઝ્બ (દીવાનગી જેવી) હાલતમાં હતું. આપ પોતાના નફ્સ પર કાબુ ન પામી શક્યા. કેમ કે અબૂ ઝર અતિ બુઝુર્ગ સહાબી હતા. સર્વ સહાબીઓ આપનું ખૂબ જ માન રાખતા હતા, તેમની નારાઝગી અને મારવા પર નારાજ ન થતા હતા. જેમ કે આજે પણ નેક બખ્ત યુવાન મહોલ્લાના વડીલોની સખ્તી પર નારાજ નથી થતા. એટલા માટે ખલીફા ઉમ્મુલ મો'મિનીને તેમને કસાસના માટે ન કહ્યું, ન હઝરત કઅબે કાંઈ બુરુ લગાડયું. શક્ય છે કે આપનો આ માર ચેતવણી તથા ધમકાવવાના માટે હોય કે તમે તો કહી રહ્યા છો કે માલ જમા કરવામાં કોઈ વાંધો નથી જ્યારે અમીર સખી પણ મિસ્કીનો કરતાં પાંચસો વરસ મોડા જન્નતમાં જશે. હિસાબમાં મોડુ થશે. અહીં મિર્કાતમાં છે કે બાદમાં હઝરત ઉષ્માને અબૂ ઝર ગફ્ફારીને મદીના મુનવ્વરાથી રબ્ઝા સ્થળે મોકલી આપ્યા હતા. આપ વફાત સુધી ત્યાં જ રહ્યા કેમ કે આપની તબીઅત ઘણી જ જલાલી હતી.

**૫.** જવાબનો ખુલાસો એ છે કે હે કઅબ ! તમે તો કહો છો કે માલ જમા કરવામાં વાંધો નથી જ્યારે કે એના થકી ફર્ઝો અદા કરી દેવામાં આવે, પણ મેં મારા મહબૂબ ﷺને આવુ ફર્માવતાં સાંભળ્યાં, "માલ પૂરો પૂરો ખૈરાત કરી દેવો, કાંઈ બાકી ન રાખવું સુન્નત છે. અને જમા કરવું સુન્નત વિરુદ્ધ છે. તો શું સુન્નત વિરુદ્ધમાં વાંધો નથી !" પણ આ જૂદો સખા હુઝૂરે અન્વર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે ખુદ હુઝૂરે અન્વર ﷺ તથા આપનાં સૌ ઘરવાળાં સૈયદુલ મુતવક્કિલીન હતાં.

**૬.** હઝરત ઉષ્માન رضی اللہ عنہએ હદીષ સાંભળવાનો ઈકરાર તો કર્યો પણ હદીષનો મતલબ સમજાવ્યો કે હુઝૂરે અન્વર ﷺએ પોતાના માટે ફર્માવ્યું છે, આમ મુસલમાનોને એનો હુકમ નથી આપ્યો. કેવળ એહતેરામ તથા અદબના માટે કે જો મેં આવુ કર્યું તો અબૂ ઝર જવાબ આપવાની કોશિશ કરશે, મુનાઝરાની મજલિસ જામી જશે અને આપની સાથે મુનાઝરો કરવાનો છે નથી.

**★ હદીષ : (૨૫)-૧૮૮૩ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ الْحَارِثِ قَالَ: صَلَّيْتُ وَرَاءَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِينَةِ الْعَصْرَ فَسَلَّمَ ثُمَّ قَامَ مُسْرِعًا فَتَخَطَّى رِقَابَ النَّاسِ إِلَى بَعْضِ حُجَرِ نِسَائِهِ فَفَزِعَ النَّاسُ مِنْ سُرْعَتِهِ فَخَرَجَ عَلَيْهِمْ فَرَأَى أَنَّهُمْ قَدْ عَجِبُوا مِنْ سُرْعَتِهِ قَالَ: «ذَكَرْتُ شَيْئًا مِنْ تِبْرٍ عِنْدَنَا فَكَرِهْتُ أَنْ يَحْبِسَنِي فَأَمَرْتُ بِقِسْمَتِهِ» . رَوَاهُ الْبُخَارِيُّ. وَفِي رِوَايَةٍ لَهُ قَالَ: «كُنْتُ خَلَّفْتُ فِي الْبَيْتِ تِبْرًا مِنَ الصَّدَقَةِ فَكَرِهْتُ أَنْ أبيته»

*"હઝરત ઉક્બા ઈબ્ને હારિષથી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની પાછળ મદીના મુનવ્વરામાં અસરની નમાઝ પઢી. આપે સલામ ફેરવી પછી ઝડપ ભેર ઉભા થયા[૧]. લોકોની ગરદનો ફલાંગતા ફલાંગતા અમુક બીવીઓના હુજરા (ઓરડા)માં તશરીફ લઈ ગયા[૨] લોકો હુઝૂર ﷺની જલ્દીથી ગભરાય ગયા. પછી પાછા તશરીફ લાવ્યા તો જોયું કે તેઓ આપની જલ્દીથી આશ્ચર્ય કરી રહ્યા છે[૩]. ફર્માવ્યું, મને મારી પાસે સોનાનુ પતરુ યાદ આવી ગયું, તો મને એ નાપસંદ પડયું કે તે મને મશગૂલ કરે જેથી મેં એને વહેંચી કાઢવાનો હુકમ આપી દીધો[૪]. બુખારીની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવ્યું, મેં ઘરમાં સદક઼ાનું પતરુ રાખ્યું હતું જેને રાતમાં મારા ઘરમાં રાખવું નાપસંદ કર્યું[૫].*

**૧.** એટલે કે સલામ ફેરવતાં જ દુઆ માગ્યા વિના ખૂબ જ ઝડપભેર દોલતખાનામાં તશરીફ લઈ ગયા. કેમ કે હજી આપે પરત આવીને દુઆ માગવાની હતી, નહીં તો વિના કારણે મુસલ્લાથી દુઆ માગ્યા વિના જવું ન જોઈએ.

**૨.** માલૂમ થયું કે જરૂર પડયે લોકોની ગરદનો ફલાંગીને મસ્જિદથી નીકળી જવું જાઈઝ છે. જેમ કે જો ઈમામનું નમાઝ દરમિયાન વુઝૂ તૂટી જાય તો તે બીજાને પોતાનો નાયબ નિયુક્ત કરીને ગરદનો ફલાંગતો જ વુઝૂખાના સુધી પહોંચશે. જે હદીષોમાં ગરદનો ફલાંગવાની મનાઈ આવી છે ત્યાં વિના જરૂરતે ફલાંગવું મુરાદ છે. જેમ કે કોઈ નમાઝના માટે મસ્જિદમાં પાછળથી પહોંચે પછી લોકોને ચીરતો આગલી સફમાં જવાની કોશિશ કરે એ મના છે. જેથી હદીષોમાં ટકરાવ નથી.

**૩.** સહાબાએ કિરામ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દરેક હાલનો ખૂબ જ ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા હતા અને આવી મામૂલી જુંબિસ (હલન ચલન) પર દીવાનાવાર ગભરાય જતા હતા. મિશ્કાત શરીફના શરૂમાં આવી ચૂક્યુ છે જો

સરકાર સામાન્ય નિયમ વિરુદ્ધ કદી અદશ્ય થતા તો મદીના મુનવ્વરાની ગલીઓમાં અને આસપાસના જંગલોમાં શોધવા નીકળી પડતા હતા. આજે સામાન્ય નિયમ વિરુદ્ધ હુઝૂર ﷺને દુઆ માગ્યા વિના જતા જોયા તો ગભરાય ગયા.

**૪.** જાહેર એ છે કે એ સોનાનુ પતરુ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પોતાની માલિકીનું હતું અને તાત્કાલિક જરૂરતથી વિશેષ હતું. તેને ઘરમાં રાખવું પણ નાપસંદ આવ્યું જેથી તુરત જ ખૈરાત કરી આપ્યું. મશગૂલ રાખવામાં બે સંભાવના છે : એક એ કે તેના કારણે નમાઝમાં ધ્યાન ભંગ થશે કે તેને ક્યાં સંભાળીશું, ક્યાં રાખીશું. બીજુ એ કે રબ તઆલાથી ખાસ કુર્બમાં એ આડ બનશે. અહીં હઝરત શયખે ફર્માવ્યું કે માસિવા અલ્લાહ (અલ્લાહ સિવાયના)ની પ્રતિ ધ્યાન જવું મુકર્રબ બંદાઓને પણ મશગૂલ કરી દે છે. આ ઝુહદ તથા દુનિયાના ત્યાગની અતિશયતા કે જે ચીજ યારથી આડ બને તેને ફાડી કાઢો. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તો ફરઝંદના ગળા પર છરી ચલાવી દીધી. હઝરત અદહમે પોતાના પુત્ર ઈબ્રાહીમના માટે દુઆ કરી, ખુદાયા ! એને મૌત આપી દે કે તેને ચૂમવાના કારણે હું એક ક્ષણ તારાથી ગાફિલ થઈ ગયો.

**૫.** જો આ તે જ બનાવ છે ત્યારે તો આ રિવાયત એની તફસીર છે. જેનાથી જણાય રહ્યું છે કે એ સોનુ આપના પોતાના ખર્ચ માટેનુ ન હતું પણ ઝકાતનું હતું. અને જો બીજો બનાવ છે તો જાણવા મળે છે કે સદકાનું મસ્રફ પર (તેના પાત્ર સુધી) જલ્દી પહોંચવું જરૂરી છે.

**★ હદીષ : (૨૬)-૧૮૮૪ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عِنْدِي فِي مَرضه سِتَّةُ دَنَانِيرَ أَوْ سَبْعَةٌ فَأَمَرَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ أُفَرِّقَهَا فَشَغَلَنِي وَجَعُ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ سَأَلَنِي عَنْهَا: «مَا فَعَلَتِ السِّتَّةُ أَوِ السَّبْعَة؟» قلت: لَا وَاللهِ لقد كَانَ شَغَلَنِي وَجَعُكَ فَدَعَا بِهَا ثُمَّ وَضَعَهَا فِي كَفِّهِ فَقَالَ:«مَا ظَنُّ نَبِيِّ اللَّهِ لَوْ لَقِيَ اللَّهَ عَزَّ وَجَلَّ وَهَذِهِ عِنْدَهُ؟».رَوَاهُ أَحْمد

*"હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. આપ ફર્માવે છે કે હુઝૂર ﷺની બીમારીના જમાનામાં આપના મારી પાસે છ કે સાત દીનાર હતા[૧] તો રસૂલુલ્લાહ ﷺએ તેને વહેંચી કાઢવા હુકમ આપ્યો. પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બીમારીએ મને તેની ફુરસત ન આપી. ફરી હુઝૂરે એના બારામાં મને પૂછયું કે એ છ સાત દીનારનું તમે શું કર્યુ ? તેમણે અર્ઝ કરી, અલ્લાહની કસમ ! આપની બીમારીએ મને વ્યસ્ત રાખી. આપે તે મંગાવ્યા. તેને પોતાના હાથ પર રાખ્યા. ફર્માવ્યું કે, અલ્લાહના નબીનો ખયાલ છે કે અલ્લાહથી આ હાલમાં મળે કે આ એની પાસે હોય[૨]." (અહમદ)*

**૧.** આપના પોતાની માલિકીના. જેમ કે "લામ"થી માલૂમ થઈ રહ્યું છે કે સદકો કરવાની નિય્યતથી રાખ્યા હોય અથવા ખર્ચ કરવાના ઈરાદાથી.

**૨.** એટલે કે હુઝૂર સૈયુદલ અંબિયા ﷺની શાને આલીના એ લાયક નથી કે ઘરમાં કેટલોક માલિકીનો માલ છોડીને વફાત પામે. દિલમાં અલ્લાહનું નૂર અને ઘરમાં અલ્લાહનું નામ પૂરતુ છે. આ હદીષથી તે લોકો ઈબ્રત પકડે જેઓ કહે છે કે સિદીકે અકબરે હુઝૂર ﷺના વારસાની વહેંચણી ન કરીને જુલ્મ કર્યો. હુઝૂર ﷺએ માલ છોડયો જ શું હતો જે રહેવાનું મકાન હતું તે પણ વકફ થઈ ગયું અને એમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની કબ્ર શરીફ બનાવી દેવામાં આવી. યાદ રાખશો કે બનાવ હદીષ છે સુન્નત નથી. સુન્નત એ બનાવો છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ખૈબરની ફતહ

બાદ અઝવાજે મુતહ્હરાતને એક વરસનો ખર્ચ આપી દીધા કરતા હતા. અથવા અમુક સહાબીઓને સર્વ કાંઈ બલ્કે અડધા માલની ખૈરાતથી મના કર્યું અને ત્રીજા ભાગની ખૈરાતની ઈજાઝત આપી અને ફર્માવ્યું, એનાથી ઓછી ખૈરાત કરવી બેહતર છે. તમારા વારસોને માલદાર કરીને જાવ.

موسیا آداب دانان دیگرند۔سوختہ جان و روانان دیگرند

અર્થાત : હે મૂસા ! આદાબ જાણવાવાળા અલગ હોય છે, જાન અને રૂહ જલાવેલા (આશિક઼ો) અલગ હોય છે.

જાણવા મળ્યું કે હદીષ તથા સુન્નતમાં ઘણો ફરક છે.

**★ હદીષ : (૨૭)-૧૮૮૫ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ عَلَى بِلَالٍ وَعِنْدَهُ صُبْرَةٌ مِنْ تَمْرٍ فَقَالَ: «مَا هَذَا يَا بِلَالُ؟» قَالَ: شَيْءٌ ادَّخَرْتُهُ لِغَدٍ. فَقَالَ: «أَمَا تَخْشَى أَنْ تَرَى لَهُ غَدًا بخارا فِي نَار جَهَنَّمَ يَوْمَ الْقِيَامَةِ أَنْفِقْ بِلَالُ وَلَا تَخْشَ من ذِي الْعَرْش إقلالا»

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوۃ والسلام હઝરત બિલાલ رضی اللہ عنہ ની પાસે તશરીફ લાવ્યા. તેમની પાસે ખજૂરોનો ઢગલો હતો. ફર્માવ્યું, હે બિલાલ ! આ શું અર્ઝ કર્યું કે એને મેં કાલના માટે જમા કરેલ છે ! ફર્માવ્યું, શું તમને એનાથી ડર નથી કે તમે કાલે એના સબબે દોઝખની આગમાં બુખાર ક઼યામતના દિવસે જુઓ[૧]. હે બિલાલ ! ખર્ચ કરો અને અર્શવાળાથી કમીનો ખતરો ન કરો.''*

**૧.** એમાં હઝરત બિલાલને અત્યંત તક઼વા તથા તર્કે દુન્યા (દુનિયાના ત્યાગ)ની તા'લીમ છે. અને તવક્કુલથી આ'લા તવક્કુલની તરફ પ્રગતિ આપવું (પ્રોત્સાહિત કરવું) છે. એટલે હે બિલાલ ! હું જે દરજા પર તમને પહોંચાડવા ચાહુ છું તે ત્યારે જ હાંસલ થશે જ્યારે કે તમો પોતાની પાસે એટલુ પણ ન રાખો જેથી તમને ક઼યામતના દિવસે તેનો હિસાબ આપવામાં કાંઈ પણ રોકાવું ન પડે. આ જ મતલબ છે દોઝખના બુખારને જોવાનો. હઝરત બિલાલ એ વખતે એકલા હતા, બીવી બચ્ચાં ન ધરાવતા હતા. આપના માથે કોઈના હક્ક઼ો ન હતા. એકલી જાન માટે જમા કરવાની ફિકર કેમ કરો છો ! રબ અમારા આસ્તાનાથી તમને આપતો જાય, તમે ખાતા જાવ. સૂફિયાએ કિરામ પોતાના અમુક મુરીદોને ક્યારેક ચુલ્લુ (ખોબા)થી મુજાહિદો કરાવે છે. આ જમાનામાં તર્કે દુન્યા તર્કે હૈવાનાત કામિલ કરાવે છે તેની અસ્લ આ હદીષ છે. આ હદીષ દુનિયા જમા કરવાની વિરુદ્ધ નથી. જો માલ જમા કરવો હરામ હોત તો ઈસ્લામનો એક રુકન એટલે ઝકાત જ નીકળી જાત કે ઝકાત ત્યારે જ તો વાજિબ થાય છે જ્યારે મુસલમાનની પાસે એક સાલ સુધી નિસાબ જેટલો માલ જમા રહે.

**★ હદીષ : (૨૮)-૧૮૮૬ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «السَّخَاءُ شَجَرَةٌ فِي الْجَنَّةِ فَمَنْ كَانَ سَخِيًّا أَخَذَ بِغُصْنٍ مِنْهَا فَلَمْ يَتْرُكْهُ الْغُصْنُ

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સખાવત જન્નતમાં એક ઝાડ છે, જે સખી બન્યો તેણે એ ઝાડની ડાળી પકડી લીધી[૧] તે ડાળી તેને છોડશે નહીં ત્યાં સુધી કે તેને જન્નતમાં દાખલ કરી દેશે[૨]. કંજૂસી આગમાં ઝાડ છે. જે બખીલ (કંજૂસ) બન્યો તેણે એની ડાળી પકડી. એ*

حَتَّى يُدْخِلَهُ الْجَنَّةَ. وَالشُّحُّ شَجَرَةٌ فِي النَّارِ فَمَنْ كَانَ شَحِيحًا أَخَذَ بِغُصْنٍ مِنْهَا فَلَمْ يَتْرُكْهُ الْغُصْنُ حَتَّى يُدْخِلَهُ النَّارَ» . رَوَاهُمَا الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

*તેને છોડશે નહીં ત્યાં સુધી કે આગમાં દાખલ કરી દેશે[3]. આ બંનેવ હદીષ બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી."*

**૧.** એટલે સખાવતની જડ જન્નતમાં છે અને તેની ડાળીઓ દુનિયામાં. કેમ કે સખાવતના ઘણા પ્રકારો છે એટલા માટે ફર્માવવામાં આવ્યું કે એ ઝાડની દુનિયામાં ડાળીઓ ઘણી ફેલાયેલી છે. જેમ કે કુર્આને કરીમ ફર્માવે છે કે કલ્મએ તયબહની જડ મુસલમાનના દિલમાં છે અને ડાળીઓ આસ્માનમાં છે. હમેશાં પોતાનાં ફળ આપે છે. આ આયતમાં પણ સરખામણી છે, તેમ આ હદીષમાં પણ.

**૨. શરીઅતમાં સખાવતનો અદના દરજો એ છે કે માણસ ફર્ઝ સદકા અદા કરે** અને **તરીકતમાં અદના દરજો એ છે કે પોતાની જરૂરિયાત પર અન્યોની જરૂરિયાતને પ્રાથમિક્તા આપે.** એમાંથી દરેક દરજાના સદકાના પરિણામો વિવિધ છે.

**૩.** જે અર્થો સખાવતના વર્ણવવામાં આવેલ છે તેની સામે કંજૂસીના પણ અર્થો છે.

**★ હદીષ : (૨૯)-૧૮૮૭ ★**

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «بَادِرُوا بِالصَّدَقَةِ فَإِنَّ الْبَلَاءَ لَا يَتَخَطَّاهَا» . رَوَاهُ رَزِينٌ

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***સદકામાં જલ્દી કરો[1] કે બલા એનાથી આગળ નથી વધતી[2]."*** *(રઝીન)*

**૧.** આ વાક્યના બે અર્થો થઈ શકે : એક એ કે જ્યારે કોઈ પ્રકારની જાની અથવા માલી બલા આવે તો ખૂબ જ જલ્દી સદકા આપવાનું શરૂ કરી દો, બાકીની સર્વ તદબીરો, ઈલાજ વગેરે બાદમાં કરો, જેથી એ સદકાઓની બરકતથી આગલી તદબીરો પણ કામયાબ થાય. અમુક લોકો આફત આવતાં જ મીલાદ શરીફ, ગ્યારવીં શરીફ, ખત્મે ખ્વાજગાન, ખત્મે ગૌષિયા, ખત્મે બુખારી, ખત્મે આયતે કરીમા કરાવે છે. તેમનો માખઝ આ હદીષ છે કે એ કામોમાં અલ્લાહનો ઝિક્ર, તેના હબીબ ﷺની નઅત શરીફ વગેરે પણ છે અને સદકો પણ. ઝિક્રુલ્લાહ પણ દાફએ બલા છે તથા સદકો પણ. અમુક લોકો બીમારીઓમાં બીમારનો જાનવર પર હાથ લગાડાવીને ઝબહ કરીને ખૈરાત કરી દે છે, એ સૌનો માખઝ આ જ હદીષ છે કે અહીં સદકો મુત્લક છે. બીજુ એ કે **દરેક હાલમાં હમેશાં સદકા કરતા રહો કેમ કે દરેક જ સમયે આફત આવવાનો ખતરો છે જેથી તમો આફતથી પહેલાં સદકો આપી દો.** અમુક લોકો હમેશાં મીલાદ શરીફ, ગ્યારવી શરીફ, દર મહિને ખત્મે ખ્વાજગાન વગેરે કરાવતા રહે છે જેથી આફતો દૂર રહે. તેમનો માખઝ પણ આ હદીષ છે. (શેઅર)

**૨.** એ રીતે કે આવનારી આફત આવતી નથી અને જે આવી ચૂકી છે તે ફરતી નથી બલ્કે પરત થઈ જાય છે. સદકો માણસ તથા આફતોની વચ્ચે મજબૂત પર્દો છે. (મિર્કાત) આ અમલ ઘણો જ મુજર્રબ છે. જો કદી સદકાથી આફત ન જાય તો એ રબ તઆલાની આઝમાઈશ છે, એના પર સબ્ર કરે.

# બાબો ફઝ્લિસ્સદકતે باب فضل الصدقة
## (સદકા વિશે પ્રકરણ[1])

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** સદકો સિદ્ક (صدق) થી બન્યો છે અર્થ સચ્ચાઈ. કેમ કે ખૈરાત સખીના સાચા મો'મિન હોવાની નિશાની છે, એટલા માટે એને સદકો કહે છે. મુત્લકન ખૈરાતથી માલી ખૈરાત મુરાદ હોય છે, નફ્લ હોય કે ફર્ઝ. અહીં એ મુરાદ છે. જો કે અમુક બદની અમલોને પણ સદકો કહેવામાં આવે છે, એટલે હુકમી સદકો.

★ હદીષ : (૧)-૧૮૮૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ تَصَدَّقَ بِعَدْلِ تَمْرَةٍ مِنْ كَسْبٍ طَيِّبٍ وَلَا يَقْبَلُ اللَّهُ إِلَّا الطَّيِّبَ فَإِنَّ اللَّهَ يَتَقَبَّلُهَا بِيَمِينِهِ ثُمَّ يُرَبِّيهَا لِصَاحِبِهَا كَمَا يُرَبِّي أَحَدُكُمْ فَلُوَّهُ حَتَّى تَكُونَ مِثْلَ الْجَبَلِ»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે હલાલ કમાઈ વડે ખારેકના બરાબર સદકો કરે[1]. અલ્લાહ તઆલા કેવળ હલાલ જ કબૂલ કરે છે[2] તો અલ્લાહ તેને જમણા હાથમાં કબૂલ કરે છે. પછી સદકાવાળા માટે તેનો એવો ઉછેર કરે છે જેવી રીતે તમારામાંથી કોઈ પોતાના વાછરડાની, ત્યાં સુધી કે પહાડની જેમ થઈ જાય છે[3]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે મામૂલીથી મામૂલી ચીજ અલ્લાહની રાહમાં આપે. અરબ શરીફમાં ખજૂર મામૂલી છે પછી એનો ટુકડો તો ખૂબ જ મામૂલી થયો.

**૨.** આ ઘણો જ મહત્વનો કાનૂન છે કે ખૈરાત હલાલ કમાઈથી કરવામાં આવે ત્યારે જ કબૂલ થશે. ત્યાં સુધી કે હજ પણ તૈયબ તથા પાક કમાઈથી કરે. અહીં બે કાયદા યાદ રાખવા જોઈએ : એક એ કે મિક્સ માલથી મજૂરી, સદકો, દઅવત વગેરે લેવી જાઈઝ છે. જુઓ મૂસા علیہ السلام એ ફિરઔનને ત્યાં અને હુઝૂરે અન્વર ﷺ એ અબૂ તાલિબને ત્યાં પરવરિશ પામી જેમનો માલ મિક્સ હતો. જો માલ પર હરામના હુકમો લાગુ થાત તો રબ તઆલા પોતાના આ મહબૂબોની ત્યાં પરવરિશ ન કરાવત. બીજુ એ કે હરામ માલ બે પ્રકારનો છે : એક તે જે માણસની માલિકીમાં આવતો જ નથી. જેમ કે ઝિનાની મજૂરી, વ્યાજનો પૈસો, બયએ બાતિલનું વળતર, સુવ્વર, શરાબ વગેરેની કિંમતો. બીજો તે જે માલિકીની મિલ્કતમાં તો આવી જાય છે જો કે માલિક એ કારોબાર પર ગુનેહગાર થાય છે, જેમ કે બયએ બિશ્શર્ત (તે વેચાણ જે શર્તી હોય) વગેરે સર્વ ફાસિદ બયઅ (વેચાણ)ની કિંમત અને નાજાઈઝ ધંધાઓ (ગાવા, વગાડવા, દાઢી મૂંડાવવા વગેરે)ની મજૂરી. પહેલા પ્રકારનુ હરામ કોઈના પણ કબજામાં પહોંચે હરામ જ રહેશે, કેમ કે પ્રથમ શખ્સ જે તેનો માલિક ન બન્યો. અને બીજા પ્રકારનું હરામ બીજાની માલિકીમાં પહોંચીને તેના માટે હલાલ થશે. એ જે ફકીહો ફર્માવે છે કે **જેની પાસે હરામ કે શંકાસ્પદ પૈસા હોય તે બીજાથી કરજ લઈને હજ્જ અથવા સદકો કરે અને પોતાના માલથી તે કરજ અદા કરી આપે.** એનાથી

મુરાદ આ જ આખરી હરામ છે, કેમ કે માલિકીપણુ બદલાવાથી હુકમ બદલાય જાય છે. હુઝૂરે અન્વર ﷺ ફર્માવે છે : لَهَا صَدَقَةٌ وَلَنَا هَدِيَّةٌ

**૩.** જમણા હાથમાં કૂબૂલ કરવાથી મુરાદ રાજી થઈને કૂબૂલ ફર્માવે છે. અને મતલબ એ છે કે માલ તથા સારી નિય્યતનો સદકો અલ્લાહની રઝાનો સબબ છે. અને તે સદકાના સમયથી લઈને કયામત સુધી ભારે થતો જશે, ત્યાં સુધી કે મીઝાનમાં સર્વ ગુનાહો પર ગાલિબ આવી (સવાર થઈ) જશે. જેવી રીતે સારી જમીનમાં વાવેલાં આદુ, બટાટા વગેરે. આ હદીષનું સમર્થન આ આયતથી છે : يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ "અલ્લાહ બર્બાદ કરે છે વ્યાજને અને વધારે છે ખૈરાતને." *(સૂરએ બકરહ, ૨/૨૭૬)*

**★ હદીષ : (૨)-૧૮૮૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا نقصت صَدَقَة من مَال شَيْئا وَمَا زَادَ اللَّهُ عَبْدًا بِعَفْوٍ إِلَّا عِزًّا وَمَا تَوَاضَعَ أَحَدٌ لِلَّهِ إِلَّا رَفَعَهُ اللَّهُ» . رَوَاهُ مُسلم

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ખૈરાત માલ ઓછો નથી SZTL[1]. અને અલ્લાહ માફીના કારણે બંદાની ઈજ્જત જ વધારે છે[2] અને કોઈ શખ્સ અલ્લાહના માટે ઈન્કેસાર (આજીજી) નથી કરતો પણ અલ્લાહ તેને બુલંદી આપે છે[3]." (મુસ્લિમ)*

**૧.** બલ્કે માલ વધારે છે ઝકાત આપનારની ઝકાત, દર વર્ષે વધતી જ રહે છે. અનુભવ છે કે જે ખેડૂત ખેતર બીજ ફેંકી આવે છે તે જાહેરમાં તો કોઠરીઓ ખાલી કરી નાખે છે પરંતુ હકીકતમાં વધારાની સાથે ભરી લે છે. ઘરમાં રાખેલા કોથળા ઉંદર......વગેરેની આફતોથી બર્બાદ થઈ જાય છે. અથવા એ મતલબ છે કે જે માલમાંથી સદકો નીકળતો રહે એમાંથી ખર્ચ કરતા રહો, ઈન્શા અલ્લાહ ! વધતો જ રહેશે. કૂવાનું પાણી ભરતા જઈએ તો વધતુ જ જાય છે.

**૨.** એટલે કે જે બદલો લેવા શક્તિમાન હોય છતાં મુજરિમને માફી આપી દે તો એનાથી મુજરિમના દિલમાં એનું આજ્ઞાંક્તિપણુ તથા તથા મહોબ્બત પેદા થઈ જાય છે. અને જો બદલો લેવામાં આવે તો તેના દિલમાં પણ બદલાની આગ ભડકી ઉઠે છે. ફતહે મક્કાના દિવસની આમ માફીથી સર્વ કાફિરો મુસલમાન થઈને હુઝૂર અન્વર ﷺના આજ્ઞાંક્તિ બની ગયા, માફી આપવાથી દિલો પર કબજો થઈ જાય છે, પણ માફી પોતાના હક્કોમાં હોવી જોઈએ ન કે શરીઅતના હક્કોમાં. કૌમી, મિલ્લી, દીની મુજરિમોને કદી માફ ન કરો પણ પોતાના મુજરિમને માફ કરી દો.

**૩.** ઈન્કેસારી (આજીજી) જે ખુદ્દારીની સાથે હોય તે ઘણી બેહતર છે. તેનો અંજામ દરજાતની બુલંદી છે. પણ બેગૈરતીની ઈન્કેસારી એ ઈન્કેસારી નથી બલ્કે લઘુતાગ્રંથિ છે. જેહાદમાં કાફિરોની સામે ગર્વ કરવો ઈબાદત છે. મુસલમાન ભાઈની સામે ઝુકવું સવાબ છે.

اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ "કાફિરો પર સખત અને આપસમાં રહ્‌મ દિલ." *(સૂરએ ફતહ, ૪૮/૨૯)*

**★ હદીષ : (૩)-૧૮૯૦ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અલ્લાહની રાહમાં કોઈ ચીજનું જોડુ ખેરાત કરે[1] તો જન્નતના દરવાજાઓથી*

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَنْفَقَ زَوْجَيْنِ مِنْ شَيْءٍ مِنَ الْأَشْيَاءِ فِي سَبِيلِ اللَّهِ دُعِيَ مِنْ أَبْوَاب الْجنَّة وللجنة أَبْوَابٌ فَمَنْ كَانَ مِنْ أَهْلِ الصَّلَاةِ دُعِيَ مِنْ بَابِ الصَّلَاةِ وَمَنْ كَانَ مِنْ أَهْلِ الْجِهَاد دعِي من بَاب الْجِهَاد وَمن كَانَ مَنْ أَهْلِ الصَّدَقَةِ دُعِيَ مِنْ بَابِ الصَّدَقَةِ وَمَنْ كَانَ مِنْ أَهْلِ الصِّيَامِ دُعِيَ مِنْ بَابِ الرَّيَّانِ» . فَقَالَ أَبُو بَكْرٍ: مَا عَلَى مَنْ دُعِيَ مِنْ تِلْكَ الْأَبْوَابِ مِنْ ضَرُورَةٍ فَهَلْ يُدْعَى أَحَدٌ مِنْ تِلْكَ الْأَبْوَابِ كُلِّهَا؟ قَالَ: «نعم وَأَرْجُو أَن تكون مِنْهُم»

*બોલાવવામાં આવશે[2] જન્નતના ઘણા દરવાજા છે. તો જે નમાઝવાળાઓમાંથી હશે તેને નમાઝના દરવાજેથી પોકારવામાં આવશે, અને જે જેહાદવાળાઓમાંથી હશે તો તેને જેહાદના દરવાજાથી પુકારવામાં આવશે, અને જે સદકો આપનારાઓમાંથી હશે તેને સદકાવાળા દરવાજેથી બોલાવવામાં આવશે, અને જે રોઝાવાળાઓમાંથી હશે તેને દરવાજા રૈયાનથી બોલાવવામાં આવશે[3]. ત્યારે હઝરત અબૂબક્રએ અર્ઝ કર્યું કે એની જરૂરત તો નથી કે કોઈને સર્વ દરવાજાઓએથી બોલાવવામાં આવે[4], પણ શું કોઈને સર્વ દરવાજાઓએથી બોલાવવામાં આવશે ? હુઝૂરે ફર્માવ્યું, હા ! અને મને ઉમ્મીદ છે કે તમે એમનામાંથી છો[5]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે એક જાતીની બે ચીજો જેમ કે બે પૈસા, બે રૂપિયા, બે કપડાં, બે રોટલીઓ વગેરે. શબ્દ زوج બેના સમૂહને પણ કહે છે. અને બંનેમાંથી દરેકને પણ, જેમ કે પતિ પત્નીને ઝવજૈન કહે છે. રબ તઆલા ફર્માવે છે : مِنۡ كُلٍّ زَوۡجَيۡنِ اثۡنَيۡنِ "દરેક જાતીમાંથી એક નર તથા માદા." (સૂરએ હૂદ, ૧૧/૪૦) અને શક્ય છે કે زَوۡجَيۡنِથી મુરાદ વારંવાર સદકો અથવા દિવસ રાતમાં સદકો અ થવા એલાનિયા તથા છુપી રીતે સદકો મુરાદ છે. મિર્કાતે ફર્માવ્યું, શક્ય છે કે સદકાથી સર્વ નેકીઓ મુરાદ હોય, બે રોઝા, બે રકાત નમાઝ વગેરે, કેમ કે ફકીરના માટે નફલી નમાઝ, રોઝા એવા છે જેવી રીતે અમીરના માટે ખૈરાત.

**૨.** એટલે بَابِ الصدقه (બાબુસ્સદકા)થી અહીં احد છુપો છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે કેવળ સદકાના કારણે જેહાદ વગેરેના દરવાજાઓથી કેમ બોલાવવામાં આવ્યા. (મિર્કાત) અને શક્ય છે કે ખૂબ જ અધિક ખૈરાત કરવાવાળાને દરેક દરવાજેથી જવાનો હક્ક હોય, ઈજ્જતના પ્રદર્શન માટે.

**૩.** એટલે કે જેના પર જે ઈબાદત ગાલિબ (સવાર) થશે તે જ દરવાજાથી જશે. ઈબાદતના ગાલિબ થવાથી મુરાદ નફ્લોની અધિક્તા છે. દા.ત. જે શખ્સ નમાઝ ફક્ત ફર્ઝ તથા વાજિબ જ અદા કરે છે પણ જેહાદનો ખૂબ જ શોખિન છે, હમેશાં જેહાદ કે એની તૈયારીમાં મશગૂલ રહે છે તો તે જેહાદના રસ્તાથી જન્નતમાં જશે. ريّان رَىٌّથી બન્યું જેનો અર્થ લીલોતરી, તૃપ્તતા અને શાદાબી. કેમ કે રોઝાદાર દુનિયામાં રોઝાની હાલતમાં શુષ્ક હોઠો, તરસ્યા મોઢા સાથે રહ્યો જેથી એના માટે એવો દરવાજો તજવીઝ થયો જે પ્યાસા હોઠોનો બદલો બનશે.

**૪.** એટલે કે જન્નતમાં પ્રવેશના માટે એક દરવાજેથી બોલાવવામાં આવવું જ પૂરતુ છે, દરેક તરફથી પોકારો પડવાની જરૂરત નથી, પણ આ પોકારમાં તેની ઈજ્જત વધારવું જરૂર છે કે દરેક દરવાજાના દરવાન ચાહે કે આ જન્નતી અમારા દરવાજાથી જાય અને અમને ખિદમતનો શરફ (બુઝુર્ગી) નસીબ થાય. આ વાક્યમાં مَا નાફિયા છે مِنۡ ضَرُوۡرَةٍની مِنۡ ઝાઈદા. અને مَا ضَرُوۡرَةٍનો ઈસ્મ اَعَلٰى مَنۡ دُعِىَ__الخ એની ખબર.

**૫.** એટલે જે શખ્સ સર્વ ઈબાદતોમાં પ્રથમ નંબરે હશે તેને એ સર્વ દરવાજાઓએથી બોલાવવામાં આવશે કે ચોતરફ એના નામની ધુમ મચી જશે. અને કેમ કે હે સિદ્દીક્ ! તમે સર્વ નેકીઓમાં અવ્વલ છો જેથી તમો પણ એમનામાંથી હશો. આ હદીષથી કેટલાક મસ્અલા માલૂમ પડયા : એક એ કે **અબૂ બક્ર સિદ્દીક્** رضی اللہ عنہ **ઈલ્મ તથા અમલમાં અંબિયા પછી સારી મખ્લૂક્ કરતાં અફ્ઝલ છે** કે રબ તઆલાએ તેમને اَتْقٰی ફર્માવ્યા. એટલે "ઘણો જ પરેહઝગાર" وَسَيُجَنَّبُهَا الْاَتْقَى (અને ખૂબ જ એના દૂર રાખવામાં આવશે જે સૌથી અધિક પરહેઝગાર. સૂરએ લૈલ, ૯૨/૧૭) અને નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાની મૃત્યુ વેળાની બીમારીમાં સિદ્દીકે અકબરને ઈમામ બનાવ્યા. ઈમામ મોટા આલિમને જ બનાવવામાં આવે છે. યાદ રાખશો કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ આમ નેકીઓમાં સૌથી વધીને છે અને રબ તઆલાએ અમુક ખાસ નેકીઓ આપને એવી અતા કરી જેમાં આપનો કોઈ ભાગીદાર નથી. જેમ કે હુઝૂર અન્વર ﷺને પોતાના ખભાઓ પર ગારે ષૌર સુધી લઈ જવું. પોતાની જાંગો પર સૂવડાવવું, પોતાને સાપથી કરડાવવું વગેરે. જ્યારે કુર્આને કરીમનું રહલ બાકી સૌ લાકડીઓથી અફઝલ છે તો જેની જાંગો કુર્આને કરીમવાળાની રહલ બને તે સર્વ મખ્લૂકથી અફઝલ હશે. બીજુ એ કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام દરેક શખ્સના દરેક દુનિયવી ઉખરવી હાલથી વાકેફ છે, ત્યાં સુધી જાણે છે કે કોણ જન્નતમાં ક્યાં જશે, અને ક્યા દરવાજાથી જશે. સહાબીઓનો એ જ અકીદો હતો, નહીં તો સિદ્દીકે અકબર رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺને એવું શાથી પૂછતા ? યાદ રાખશો કે કરીમોનું ઉમ્મીદ અપાવવું યકીનના માટે હોય છે. રબ તઆલા ફર્માવે છે : لَعَلَّكُمْ تُرْحَمُوْنَ (અને પરહેઝગારી કરો કે તમારા પર રહમ થાય. સૂરએ અન્આમ, ૬/૧૫૫) હદીષના શબ્દોથી માલૂમ પડે છે કે હુઝૂરે અન્વર ﷺની ઉમ્મતમાં એવા ખુશનસીબ લોકો ઘણા હશે જેમનાં નામોની પોકાર જન્નતના સર્વ દરવાજાઓએથી થશે. એ જમાઅતના અમીર સિદ્દીકે અકબર હશે. (رضی اللہ عنہ)

**★ હદીષ : (૪)-૧૮૯૧ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَصْبَحَ مِنْكُمُ الْيَوْمَ صَائِمًا؟» قَالَ أَبُو بكر: أَنا قَالَ: «فن تَبِعَ مِنْكُمُ الْيَوْمَ جنَازَةً؟» قَالَ أَبُو بَكْرٍ: أَنَا. قَالَ: «فَمَنْ أَطْعَمَ مِنْكُمُ الْيَوْمَ مِسْكِينًا؟» قَالَ أَبُو بَكْرٍ: أَنَا. قَالَ: «فَمَنْ عَادَ مِنْكُمُ الْيَوْمَ مَرِيضًا؟» . قَالَ أَبُو بَكْرٍ: أَنَا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا اجْتَمَعْنَ فِي امْرِئٍ إِلَّا دَخَلَ الْجَنَّةَ» . رَوَاهُ مُسلم

*"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આજે તમારામાંથી કોણે રોઝાદાર થઈને સવાર કરી[1] હઝરત અબૂબક્રએ કહ્યું, મેં ! ફર્માવ્યું, આજે તમારામાંથી કોઈ જનાઝાની સાથે ગયું ? હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબરે અર્ઝ કરી, મેં ! ફર્માવ્યું, આજે તમારામાંથી કોણે કોઈ મિસ્કીનને ખવડાવ્યું ? હઝરત અબૂબક્રએ અર્ઝ કરી, મેં ! ફર્માવ્યું, આજે તમારામાંથી કોણે કોઈ બીમારની અયાદત કરી ? હઝરત અબૂબક્રએ અર્ઝ કરી, મેં ! ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ શખ્સમાં આ ખાસિયતો એકત્ર નથી થતી પણ તે જન્નતમાં જાય છે[2]." (મુસ્લિમ)*

**૧.** હુઝૂરે અન્વર ﷺનું સહાબીઓની જમાઅતને આ સવાલ કરવું સિદ્દીકે અકબર رضی اللہ عنہની ફઝીલત જાહેર કરવા તથા તેમને આપના દરરોજના અમલો દેખાડવા માટે છે. નહીં તો હુઝૂરે અન્વર ﷺ તો દરેકના સર્વ જાહેર તથા છુપા અમલોથી ખબરદાર છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّآ اَرْسَلْنَآ اِلَيْكُمْ رَسُوْلًا ۙ شَاهِدًا عَلَيْكُمْ (બેશક ! અમે તમારા પર એક રસૂલ મોકલ્યા કે તમારા પર હાઝિર નાઝિર છે. *–સૂરએ મુઝમ્મિલ, ૭૩/૧૫*)

**૨.** આ હદીષથી કેટલાક મસ્અલા માલૂમ પડયા : એક એ કે શયખનું પોતાના મુરીદોના હાલાતની પૂછતાછ કરવી, એ જ પ્રમાણે ઉસ્તાદનું શાગિર્દોના ખાનગી હાલાત માલૂમ કરવા સુન્નતથી સાબિત છે. બીજુ એ કે ઉમ્મતીનું નબીથી, મુરીદનું શયખથી, શાગિર્દનું ઉસ્તાદથી પોતાની છુપી નેકીઓ વર્ણન કરવું રિયા નથી બલ્કે તેમની દુઆ લઈને અધિક કુબૂલને પાત્ર બનાવવું છે. ત્રીજુ એ કે હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ સહાબીઓમાં આબાદતરીન સહાબી છે કે આપના દરરોજના આ અમલો છે.યાદ રાખશો કે انا (અના) એટલે "મેં" કહેવું ફખ્ર વગેરે માટે હોય તો મના છે. આજીજી તથા નિયાઝના તૌર પર જાઈઝ છે. ચોથુ એ કે અબૂબક સિદીક رضی اللہ عنہ હદીષ તથા કુર્આની શહાદતથી જન્નતી છે.

**★ હદીષ : (૫)-૧૮૯૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا نِسَاءَ الْمُسْلِمَاتِ لَا تَحْقِرَنَّ جَارَةٌ لِجَارَتِهَا وَلَوْ فِرْسِنَ شَاةٍ»

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે મોમિન બીબીઓ ! કોઈ પડોશણનો હદિયો તુચ્છ (હલકો) ન જાણે બકરીની ખરી જ હોય[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જો તમે માલદાર છો અને તમારી પડોશણ ગરીબ છે. અને તે ગરીબ પોતાની મહોબ્બતથી કોઈ મામૂલી ચીજ હદિયા રૂપે મોકલે તો ન તેને પરત કરી દો અને ન તેને તુચ્છતાભરી નજરે જુઓ, બલ્કે ખુશીથી કબૂલ કરો કે તેનું દિલ ખુશ થઈ જાય. અલ્લાહ તઆલા ઈખ્લાસનો એક પૈસો પણ કુબૂલ કરી લે છે. આ હદીષનો મતલબ એનાથી ઉલ્ટો પણ થઈ શકે છે. એટલે કોઈ સ્ત્રી પોતાની પડોશણને મામૂલી હદિયો આપવામાં સંકોચ ન અનુભવે, જે કાંઈ બની શકે આપતી રહે, કે હદિયા (તોહફા) આપવાથી મહોબ્બત વધે છે. કેમ કે વસ્તુઓમાં અયબ કાઢવાની આદત અધિક્તર સ્ત્રીઓમાં હોય છે, એટલા માટે તેમને જ સંબોધન કરવામાં આવ્યું. આ હદીષ આપણે ગરીબોને માટે ઘણી પ્રોત્સાહક છે, કેમ કે એનાથી માલૂમ પડી રહ્યું છે કે ખુદ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام મિસ્કીનોના મામૂલી હદિયા સવાબને પણ રદ નથી કરતા.

**★ હદીષ : (૬)-૧૮૯૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ وَحُذَيْفَةَ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ مَعْرُوف صَدَقَة»

*"હઝરત જાબિર તથા હુઝૈફાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક ભલાઈ સદકો છે[૧]." (મુસ્લિમ બુખારી)[૨]*

**૧.** સુબ્હાનલ્લાહ ! કેટલી હિંમત વધારનારી હદીષ છે ! એટલે સદકો કેવળ માલથી જ નથી થતો બલ્કે દરેક મામૂલી નેકી જો ઈખ્લાસ સાથે કરવામાં આવે તો તેના પર સદકાનો સવાબ મળે છે, ત્યાં સુધી કે **મીઠી તથા નરમ વાતો કરવી પણ સદકો છે.** જેમ કે આગળ આવી રહ્યું છે. હવે કોઈ ફકીર પણ એવું નથી કહી શકતો કે હું સદકા માટે શક્તિમાન નથી.

**૨.** એ રીતે કે બુખારીએ હઝરત જાબિર رضی اللہ عنہ થી આ હદીષ નકલ કરી છે અને મુસ્લિમે હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી, જેથી રાવીના નામમાં દરેક કિતાબ મુફરદ (અલગ) છે અને હદીષના મતન (મૂળ લખાણ)માં બંનેવ મુત્તફિક (સહમત).

★ હદીષ : (૭)-૧૮૯૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَحْقِرَنَّ مِنَ الْمَعْرُوفِ شَيْئًا وَلَوْ أَنْ تَلْقَى أَخَاكَ بِوَجْهٍ طليق» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈ ભલાઈને તુચ્છ ન સમજો, ભલે એ હોય કે પોતાના ભાઈ સાથે હસતે ચહેરે મળો[૧]." (મુસ્લિમ)*

**૧.** સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **કોઈ નેકીને તુચ્છ જાણીને છોડી ન દો કે ક્યારે એક ઘૂંટડો પાણી જાન બચાવી લે છે.** અને **કોઈ ગુનાહને તુચ્છ સમજીને કરી ન લો કે ક્યારેક નાની ચિંગારી ઘરને સળગાવી દે છે.** તેમનો માખઝ આ હદીષ છે. મુસલમાન ભાઈથી ખુશ થઈને મળવું તેના દિલની ખુશીનો સબબ છે અને મો'મિનને ખુશ કરવો પણ ઈબાદત છે.

★ હદીષ : (૮)-૧૮૯૫ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَى كُلِّ مُسْلِمٍ صَدَقَةٌ» . قَالُوا: فَإِنْ لَمْ يَجِدْ؟ قَالَ: «فَلْيَعْمَلْ بِيَدَيْهِ فَيَنْفَعَ نَفْسَهُ وَيَتَصَدَّقَ» . قَالُوا: فَإِنْ لَمْ يَسْتَطِعْ؟ أَوْ لَمْ يَفْعَلْ؟ قَالَ: «فيعين ذَا الْحَاجَةِ الْمَلْهُوفَ».قَالُوا: فَإِنْ لَمْ يَفْعَلْهُ؟ قَالَ:«فيأمر بِالْخَيْرِ».قَالُوا: فَإِن لمي فعل؟ قَالَ: «فَيمسك عَنِ الشَّرِّ فَإِنَّهُ لَهُ صَدَقَة»

*"હઝરત અબૂ મૂસા અશ્અરીથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક મુસલમાન પર સદકો છે[૧]. સહાબાએ અર્ઝ કરી કે જો ન પામે ? ફર્માવ્યું કે પોતાના હાથ વડે કામ કરે, ખુદ લાભ ઉઠાવે અને ખૈરાત કરે[૨] અર્ઝ કરી, જો એ પણ ન કરી શકે અથવા ન કરે ? ફર્માવ્યું, તો કોઈ મઝલૂમ જરૂરતમંદની મદદ કરે[૩] બોલ્યા, જો એ પણ ન કરે ? ફર્માવ્યું, તો સારી વાતનો હુકમ આપે[૪] બોલ્યા, જો એ પણ ન કરે તો ? ફર્માવ્યું કે બુરાઈથી બચે કે એના માટે આ સદકો છે[૫]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** અહીં علیٰ વાજિબ હોવા માટે નથી, બલ્કે આકર્ષણ આપવા માટે છે. એટલે કે મુસલમાને જોઈએ કે અલ્લાહના શુક્ર માટે એ નફલી નેકીઓને પણ પોતાના પર લાઝિમ સમજે અને દરરોજ તેના પર અમલની કોશિશ કરે.

**૨.** સહાબાએ કિરામ અહીં સદકાથી માલી ખૈરાત સમજ્યા હતા એટલા માટે એમને એ શંકા ઉપસ્થિત થઈ કે અમુક મિસ્કીન મુસલમાન એવા તંગદસ્ત હાલવાળા હોય છે જેમની પાસે ખાવાનુ પણ નથી હોતુ તેઓ સદકો કેવી રીતે કરે. સરકારના આ જવાબથી જણાય રહ્યું છે કે માલ કમાવો પણ ઈબાદત છે કે એની બરકતથી મુસલમાન હજારો ગુનાહોથી બચી જાય છે, જેમ કે ભીખ, ચોરી વગેરે. તેમજ નકામો માણસ પોતાનો સમય ગુનાહોમાં પસાર કરવા લાગે છે. નફ્સને હલાલ કામોમાં લગાડેલ રાખો કે જેથી તમને હરામમાં ન ફસાવી દે.

**૩.** હાથ પગથી મદદ જેમ કે ભૂલેલાને રસ્તો બતાવી દેવો, પર્દાનશીન સ્ત્રીઓનું બહારનુ કામ કરી આપવું, એમાં પણ સવાબ છે.

**૪.** કે એમાં ન કાંઈ ખર્ચ થાય છે ન હાથ પગ હલાવવા પડે છે અને મફતમાં સવાબ મળી જાય છે કેમ કે તબ્લીગ ઈબાદત છે જેનો મોટો સવાબ છે. આ વાક્યથી જાણવા મળ્યું કે દરેક શખ્સને શરીઅતના હુકમો શીખવાડવા જોઈએ કેમ કે જાણ્યા વિના અન્યોને બતાવવું અશક્ય થશે. એ પણ જાણવા મળ્યું કે તબ્લીગ કેવળ ઉલમાનું જ કામ

નથી. જેને જે મસ્અલો યાદ હોય તે બીજાને બતાવે.

**૫.** બુરાઈથી બચવાની બે સ્થિતિઓ છે : એક એ કે ફસાદ (ખરાબી)ના જમાનામાં ઘરમાં ગોશાનશીન થઈ જાય કે નમાઝના સમયે મસ્જિદમાં બાકી ઘર કે જંગલમાં સમય પસાર કરે. બીજુ એ કે બુરી મજલિસોમાં જાય પણ બુરાઈ કરવા માટે નહીં, બલ્કે બીજાઓને બુરાઈથી રોકવા માટે, કેમ કે એ મહાન જેહાદ છે. આ વાક્યથી જાણવા મળ્યું કે જેવી રીતે નેકીઓ ન કરવું ગુનોહ છે એવી જ રીતે ગુનોહ ન કરવું સવાબ છે. ન કરવાથી મુરાદ બચવું છે. એટલે કે સલ્બે અદૂલી ન કે સલબે મહઝ (મંતિક઼ની પરિભાષા છે) જેથી હદીષ પર એ વાંધો નથી કે આપણે દરેક વખતે, ખાસ કરીને સૂવાની હાલતમાં લાખો ગુનાહોથી બચેલા રહીએ છીએ, તો જોઈએ કે અમને દરેક શ્વાસમાં કરોડો નેકીઓ મળતી રહે. રબ તઆલા ફર્માવે છે : وَ اَمَّا مَنۡ خَافَ مَقَامَ رَبِّهٖ وَ نَهَى النَّفۡسَ عَنِ الۡهَوٰى (અને તે જે પોતાના રબની સમક્ષ ઉભો થવાથી ડર્યો અને નફસને ખ્વાહિશથી રોકયો. સૂ. નાઝિયાત, ૭૯/૪૧) આ હદીષ આ આયતની તફસીર છે.

★ હદીષ : (૯)-૧૮૯૬ ★ (مُتَّفِقٌ عَلَيۡهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " كُلُّ سُلَامَى مِنَ النَّاسِ عَلَيْهِ صَدَقَةٌ: كُلَّ يَوْمٍ تَطْلُعُ فِيهِ الشَّمْسُ يَعْدِلُ بَيْنَ الِاثْنَيْنِ صَدَقَةٌ وَيُعِينُ الرَّجُلَ عَلَى دَابَّتِهِ فَيَحْمِلُ عَلَيْهَا أَوْ يَرْفَعُ عَلَيْهَا مَتَاعَهُ صَدَقَةٌ والكلمة الطّيِّبَة صَدَقَة وكل خطْوَة تخطوها إِلَى الصَّلَاةِ صَدَقَةٌ وَيُمِيطُ الْأَذَى عَنِ الطَّرِيقِ صَدَقَة

*"હઝરત અબૂ હુરૈરહ રضی اللہ عنہ થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ઈન્સાનના દરેક જોળ (સાંધા)ના બદલામાં દરેક દિવસે જેમાં સૂરજ ચમકે એના પર સદકો છે[૧] બેની વચ્ચે ન્યાય કરી આપે એ પણ સદક઼ો છે અને કોઈ શખ્સની તેના ઘોડા પર મદદ કરી દે કે એના પર એને સવાર કરી દે અથવા એના પર એનો સામાન ચઢાવી દે એ પણ સદક઼ો છે. અને સારી વાત સદક઼ો છે[૨] અને દરેક તે ક઼દમ જેનાથી નમાઝની તરફ જાય એ સદક઼ો છે[૩] અને રસ્તાથી તકલીફ આપનાર ચીજ હટાવી દે એ સદક઼ો છે.[૪]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** سُلامی સ ના પેશથી છે, જેનો શાબ્દિક અર્થ છે અંગ, હાડકુ અને સાંધા, અહીં ત્રીજો અર્થ મુરાદ છે. માણસના શરીરમાં ૩૬૦ સાંધા છે જેવું કે આગલી હદીષમાં છે. ભલે આપણુ દરેક રોંગટુ (રૂવાંટી) અલ્લાહની નેઅમત છે, પરંતુ દરેક સાંધો તેની અગણિત નેઅમતોનો મઝહર (ઉદ્‌ભવ સ્થાન) છે એટલા માટે ખાસ રીતે એનો શુક્રિયા જરૂરી થયો. સદક઼ાથી મુરાદ નેક અમલ છે જેમ કે આગલા લખાણથી જાહેર છે. અહીં પણ علی લુગ્વી લઝૂમના માટે છે ન કે શરઈ વજૂબ (વાજિબ હોવા)ના માટે. મતલબ એ છે કે દરેક શખ્સ પર અખ્લાક઼ી રીતે દિયાનતદારીની રૂએ લાઝિમ છે કે દરરોજ દરેક સાંધાના બદલામાં કમસે કમ એક નફલ નેકી કર્યા કરે. એ હિસાબથી દરરોજ ૩૬૦ નેકીઓ કરવી જોઈએ જેથી કે દિવસે સાંધાઓનો શુક્રિયા અદા થાય. સૂરજ ચમકવાનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે સૂર્ય તો દરેક શખ્સ પર ચમકે છે જેથી શુક્રિયા પણ દરેક શખ્સ માટે છે.

**૨.** અખ્લાકની તેહઝીબ (સુસંસ્કૃતિ), મંઝિલની તદબીર, મદની સિયાસત, લોકો સાથે સદ્‌વર્તન સદક઼ો છે, એ શર્ત કે અલ્લાહને રાજી કરવાના હેતુથી હોય. દરેક મામૂલીથી મામૂલી કામ જ્યારે સુન્નતની અદાયગીની નિય્યતે કરવામાં આવશે તો તે મોટુ થઈ જશે, કેમ કે મન્સૂબ ભલે નાનો છે પણ મન્સૂબ અલૈહ જેની તરફ નિસ્બત છે (صلی اللہ علیہ وسلم) તે તો મહાન છે

**૩.** મિર્કાતે ફર્માવ્યું કે નમાઝનું વર્ણન દ્દષ્ટાંત રૂપે છે, નહીં તો તવાફ, બીમારપુર્સી, જનાઝામાં શિર્કત, ઈલ્મે દીનની તલબ, સારાંશ કે દરેક નેકીના માટે કદમ મૂકવો સદકો છે.

**૪.** એટલે કે રસ્તેથી કાંટા, હાડકુ, ઈંટ, પથ્થર, ગંદકી સારાંશ કે જેનાથી કોઈ મુસલમાન વટેમાર્ગુને તકલીફ પહોંચવાનો અંદેશો હોય તેને હટાવી દેવું પણ નેકી છે, જેના પર સદકાનો સવાબ તથા સાંધાનો શુક્ર છે.

**★ હદીષ : (૧૦)-૧૮૯૭ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَلَقَ كُلَّ إِنْسَانٍ مِنْ بَنِي آدَمَ عَلَى سِتِّينَ وَثَلَاثِمِائَةِ مَفْصِلٍ فَمَنْ كَبَّرَ اللَّهَ وَحَمِدَ اللَّهَ وَهَلَّلَ اللَّهَ وَسَبَّحَ اللَّهَ وَاسْتَغْفَرَ اللَّهَ وَعَزَلَ حَجَرًا عَنْ طَرِيقِ النَّاسِ أَوْ شَوْكَةً أَوْ عَظْمًا أَوْ أَمَرَ بِمَعْرُوفٍ أَوْ نَهَى عَنْ مُنْكَرٍ عَدَدَ تِلْكَ السِّتِّينَ وَالثَّلَاثِمِائَةِ فَإِنَّهُ يَمْشِي يَوْمَئِذٍ وَقَدْ زَحْزَحَ نَفْسَهُ عَنِ النَّارِ» . رَوَاهُ مُسلم

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આદમની ઔલાદ (માનવી)માં દરેક માણસ ૩૬૦ સાંધાઓ પર પેદા કરવામાં આવ્યો[૧] તો જે અલ્લાહની તકબીર કહે, તેની હમ્દ કરે, તહલીલ કરે, તસ્બીહ પઢે, અલ્લાહથી માફી ચાહે, લોકોના રસ્તેથી પથ્થર અથવા કાંટા કે હાડકુ હટાવી દે અથવા સારી વાતનો હુકમ આપે અથવા બુરાઈથી મના કરે, એ ત્રણસો સાઈઠની ગણત્રીના બરાબર. તો તે એ દિવસની જેમ ચાલશે કે પોતાની જાનને આગથી દૂર કરશે.[૨]" (મુસ્લિમ)*

**૧.** ઈન્સાનની એટલા માટે કેદ (શર્ત) લગાડી જેથી તેનાથી ફરિશ્તા તથા જિન્નાત નીકળી જાય, કે ન તેમનાં શરીરમાં એટલા સાંધા છે ન તેમના આ હુકમો. આપણા આ સાંધા આંગળીનાં બેડકાંઓથી લઈને પગોના નખો સુધી છે. જો તેમનામાંથી એક સાંધો ખરાબ થઈ જાય તો જિંદગી મુશ્કેલ થઈ જાય. કુદરતે હાડકાને હાડકામાં એ રીતે પ્રવેશ કરાવેલ છે કે બારણાના મિજાગરાની જેમ હાડકુ ઘુમતુ હાલતુ રહે છે, તેમ છતાં ન ઘસાય છે ન ખરાબ થાય છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! કેટલી સમૃધ્ધ હદીષ છે જેમાં ઈબાદતો, મામલાઓ અને વિર્દો વઝીફા બધુ જ આવી ગયું. મિર્કાતે ફર્માવ્યું કે સારી વાતોનો હુકમ અને બુરી વાતોથી મનાઈ ઝબાની પણ હોય છે, દિલી પણ અને અમલી પણ. આલિમની દીની વઅઝ ઝબાની તબ્લીગ છે. દીની કિતાબ લખીને જવું કલમી તબ્લીગ કે જ્યાં સુધી એ કિતાબનો ફયઝ ચાલુ છે ત્યાં સુધી તેનો સવાબ બાકી રહેશે. અને લોકોની સામે સારા અમલો કરવું અને બુરા અમલોથી બચવું એ અમલી તબ્લીગ છે કે જેટલા લોકો એને જોઈને નેક બનશે એ સૌનો સવાબ તેને મળશે. બલ્કે દરરોજ મળતો રહેશે અને તેના સાંધાઓનો શુક્રિયા અદા થતો રહેશે. આ હદીષના અંતિમ વાક્યથી નિર્દેશ રૂપે જણાય છે કે ક્યારેક નફલી ઈબાદતના ત્યજવા પર પણ પકડ થઈ જાય છે, કેમ કે સરકારે ફર્માવ્યું, જે દિવસે આટલાં કામો કરી લીધાં તે દિવસે પોતાને આગથી દૂર કરી લીધો. **જે શખ્સ બે રકાતો ઈશ્રાકની પઢી લે તેના સર્વ સાંધાઓનો શુક્રિયા અદા થઈ ગયો.** જેવું કે કિતાબુસ્સલાતમાં આવી ગયું છે.

**★ હદીષ : (૧૧)-૧૮૯૮ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ بِكُلِّ تَسْبِيحَةٍ صَدَقَةً وَكُلِّ تَكْبِيرَةٍ صَدَقَةٌ

*"હઝરત અબૂ ઝરથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક તસ્બીહમાં સદકો છે અને દરેક તકબીરમાં સદકો છે અને દરેક હમ્દમાં સદકો છે અને દરેક તહલીલમાં સદકો છે અને દરેક*

وَكُلُّ تَحْمِيدَةٍ صَدَقَةٌ وَكُلُّ تَهْلِيلَةٍ صَدَقَةٌ وَأَمْرٌ بِالْمَعْرُوفِ صَدَقَةٌ وَنَهْيٌ عَنِ الْمُنْكَرِ صَدَقَةٌ وَفِي بُضْعِ أَحَدِكُمْ صَدَقَةٌ» قَالُوا: يَا رَسُولَ اللّٰهِ أَيَأْتِي أَحَدُنَا شَهْوَتَهُ وَيَكُونُ لَهُ فِيهَا أَجْرٌ؟ قَالَ: «أَرَأَيْتُمْ لَوْ وَضَعَهَا فِي حَرَامٍ أَكَانَ عَلَيْهِ فِيهِ وِزْرٌ؟ فَكَذَٰلِكَ إِذَا وَضَعَهَا فِي الْحَلَالِ كَانَ لَهُ أجر» . رَوَاهُ مُسلم

*હમ્દમાં સદકો છે અને દરેક તહલીલમાં સદકો છે.[1] ભલાઈનો હુકમ આપવામાં સદકો છે અને બુરાઈથી રોકવામાં સદકો છે.[2] લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! શું અમારામાંથી કોઈ પોતાની વાસના પૂરી કરે તો તેમાં એને સવાબ મળે છે? ફર્માવ્યું, બતાવો તો કે જો એ વાસના હરામમાં વાપરત તો તેના પર ગુનોહ થાત? તો એવી જ રીતે જ્યારે તેને હલાલમાં વાપરશે તો તેને સવાબ મળશે.[4]" (મુસ્લિમ)*

**૧.** આ આલીશાન ફર્માનથી જાણવા મળ્યું કે જે કોઈ سُبْحَانَ اللّٰه અથવા اَللّٰهُ اَكْبَر અથવા اَلْحَمْدُ لِلّٰه અથવા لَا اِلٰهَ اِلَّا اللّٰه કોઈ રીતે પણ કહે તે નફલી સદકાનો સવાબ પામશે, ચાહે ઝિક્રુલ્લાહની નિય્યત કહે કે કોઈ હાજતના માટે વઝીફામાં આ શબ્દો પઢે અથવા આશ્ચર્યની વાત સાંભળીને سُبْحَانَ اللّٰه વગેરે કહે અથવા ખુશખબરી સાંભળીને اَلْحَمْدُ لِلّٰه પઢે, સારાંશ કે સવાબ મળશે. કેમ કે અલ્લાહનું નામ લેવું દરેક રીતે ઈબાદત છે. જો કોઈ શખ્સ ઠંડકના માટે વુઝૂનાં અંગો ધૂએ તો પણ વુઝૂ થઈ જશે કે એનાથી નમાઝ જાઈઝ થશે. અલ્લાહનું નામ ઝબાનનું વુઝૂ છે.

چوں بیاید نام پاکش در دہاں۔ نے پلیدی ماند و نے آں دہاں

**અર્થાત :** જ્યારે અલ્લાહ તઆલાનું પાક નામ મોઢા પર આવે છે તો (તેમાં) ન નાપાકી રહે છે ન તે મોઢું રહે છે.

**૨.** એટલે કે દરેક તબ્લીગમાં ખૈરાતનો સવાબ છે, બલ્કે એનો સવાબ પહેલા સવાલો કરતાં અધિક છે કે એમાં ઝિક્રુલ્લાહ પણ છે અને લોકોને ફયઝ પહોંચાડવું પણ છે. કલમી તબ્લીગ સદકએ જારીયા છે કે જ્યાં સુધી લોકો તેની કિતાબથી દીની ફાયદો ઉઠાવશે ત્યાં સુધી તેને સવાબ મળતો રહેશે. આ એક વાક્ય ખૂબ જ જામેઅ (સમૃધ્ધ) છે.

**૩.** بُضْع નો શાબ્દિક અર્થ છે ટુકડો, પણ ઈસ્તેલાહમાં શર્મગાહને કહે છે. અહીં હલાલ સોહબત મુરાદ છે. અહીં فِي ફર્માવીને એ તરફ નિર્દેશ કરવામાં આવ્યો કે સોહબત (સંભોગ) જાતે પોતે સવાબ નથી બલ્કે એના હેઠળ પતિ પત્નીની પાકદામની, પતિ પત્નીના હક્કોની અદાયગી, નેક ઔલાદની તલબ છે અને આ સર્વ ચીજો ઈબાદત છે એટલા માટે સોહબત ઈબાદતોમાં સામેલ છે. આ સૈયદુલ ફુસહા ﷺની ફસાહત (ઉમદા વાણી) જુઓ કે પ્રથમ ચીજોમાં بِ ઈર્શાદ થયું હતું અને અહીં فِي જેથી જાણ થાય કે તે ચીજો જાતે પોતે ઈબાદત હતી અને આ સોહબત ઈબાદતો પર આધારિત છે (લમ્આત) મિર્કાતે અહીં ફર્માવ્યું, જાહેર હદીષથી માલૂમ પડે છે કે હલાલ સોહબત મુત્લકન સદકો છે ચાહે ચીજોની નિય્યતથી હોય કે ન હોય.

**૪.** એટલે જાતે પોતે સ્વંય સોહબત સવાબ નથી બલ્કે સોહબતને હલાલમાં વાપરવી સવાબ છે. જેમ કે ઈદના દિવસે અથવા રમઝાનની સહરીઓમાં ખાવુ પીવું સ્વંય સવાબ નથી બલ્કે એ સમયોમાં ખાવુ ઈબાદત છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જ્યારે ખ્વાહિશ હિદાયતથી મળી જાય તો ઝુહદ બની જાય છે. એના પ્રતિ કુર્આને કરીમ નિર્દેશ કરી રહેલ છે : وَمَنْ اَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوٰىهُ بِغَيْرِ هُدًى مِّنَ اللّٰهِ ؕ سبحان الله! (અને એનાથી વધીને ગુમરાહ કોણ જે પોતાની ખ્વાહિશની પયરવી કરે. *–સૂ. કસસ, ૨૮/૫૦*) સુબ્હાનલ્લાહ ! હવા હુદાથી (ઈચ્છા હિદાયતથી મળીને) એવી બને છે જેવી રીતે માખણ મધથી મળીને બને છે. (અઝ : મિર્કાત) જેથી હદીષ પર વાંધો નથી કે નિય્યત વિના

સવાબ કેવો ?! કેમ કે નિય્યત શર્ત ઈબાદતે મહઝામાં છે. **ઈબાદતે મહઝા** : જે ઈબાદત કોઈ વિશેષ સિફત અને પદ્ધતિ સાથે ખાસ હોય. જેમ કે ઝકાત કે એક ખાસ નિસાબ અને વરસ વગેરે સાથે ખાસ છે.

**★ હદીષ : (૧૨)-૧૮૯૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نِعْمَ الصَّدَقَةُ اللِّقْحَةُ الصَّفِيُّ مِنْحَةً وَالشَّاةُ الصَّفِيُّ مِنْحَةً تَغْدُو بِإِنَاءٍ وَتَرُوحُ بِآخَرَ»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બેહતરીન સદકો ખૂબ જ દૂધવાળી ઊંટણી અને ખૂબ જ દૂધવાળી બકરીનો અતિયો છે જે સવારે વાસણ ભરીને દૂધ અને અને સાંજે બીજુ ભરીને.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** અરબમાં દસ્તૂર હતો કે જાનવરોવાળા પોતાના દૂધાળાં જાનવર થોડા દિવસો માટે કરજા રૂપે કોઈ પ્રિય મિસ્કીનને આપી દેતા હતા. તે જમાનામાં જાનવરનો ખર્ચો તે ફકીરના માથે રહેતો અને દૂધ પણ તે જ પીતો હતો. મુદત પસાર થઈ જતાં જાનવર પરત કરી દેવામાં આવતુ હતુ. તેને منحه (મિન્હતુન) કહેતા હતા. અહીં એનું જ વર્ણન થઈ રહ્યું છે કે આ જાનવરનું દરેક વખતનું દૂધ સદકો ગણાશે.

**★ હદીષ : (૧૩)-૧૯૦૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ مُسْلِمٍ يَغْرِسُ غَرْسًا أَوْ يَزْرَعُ زَرْعًا فَيَأْكُلُ مِنْهُ إِنْسَانٌ أَوْ طَيْرٌ أَوْ بَهِيمَةٌ إِلَّا كَانَت لَهُ صَدَقَة»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એવો કોઈ મુસલમાન નથી જે કોઈ બાગ લગાડે અથવા ખેતર વાવે પછી તેનાથી માણસ કે પક્ષીઓ અથવા જાનવર કાંઈ ખાય લે પણ તેના માટે સદકો હોય છે.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** અરબમાં દસ્તૂર હતો કે બાગવાળા મુસાફરોને એકાદ બે ફળ તોડી લેવાથી મના કરતા ન હતા. જેવી રીતે આપણે ત્યાં ચણાના ચોચયા તોડવાથી લોકો મના નથી કરતા. મુસાફર પણ આ દસ્તૂરથી વાકેફ હતા. તેઓ પણ ચોરીની નિય્યતથી નહીં બલ્કે ઉર્ફી ઈજાઝતના સબબે બે ચાર દાણા મોંમા નાખી દેતા હતા. તેમજ ક્યારેક જાનવર ખેતર પરથી પસાર થતી વખતે લીલોતરીમાં એકાદ મોં મારી દે છે, સરકાર ﷺએ એ સર્વને માલિકના માટે સદકો ઠરાવ્યો. એનું કારણ અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે ક્યારેક નિયત વગર પર સવાબ મળી જાય છે.

**★ હદીષ : (૧૪)-૧૯૦૧ ★**

وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ عَنْ جَابِرٍ: «وَمَا سُرِقَ مِنْهُ لَهُ صَدَقَة»

*"અને મુસ્લિમની રિવાયતમાં હઝરત જાબિરથી આ પ્રમાણે છે કે જે એમાંથી ચોરી થઈ જાય એ પણ સદકો છે.[૧]"*

**૧.** સબ્ર કરવા પર અને નુકસાન સહન કરવા પર જરૂર સવાબ પામશે જેવી રીતે કાંટો વાગી જવા પર સવાબ મળે છે.

**★ હદીષ : (૧૫)-૧૯૦૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તે ઝાનિયા સ્ત્રીની મગફિરત થઈ ગઈ[૧] જે એક કૂતરા પાસેથી*

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «غُفِرَ لِامْرَأَةٍ مُومِسَةٍ مَرَّتْ بِكَلْبٍ عَلَى رَأْسِ رَكِيٍّ يَلْهَثُ كَادَ يَقْتُلُهُ الْعَطَشُ فَنَزَعَتْ خُفَّهَا فَأَوْثَقَتْهُ بِخِمَارِهَا فَنَزَعَتْ لَهُ مِنَ الْمَاءِ فَغُفِرَ لَهَا بِذَلِكَ» . قِيلَ: إِنَّ لَنَا فِي الْبَهَائِمِ أَجْرًا؟ قَالَ: «فِي كُلِّ ذَاتِ كبد رطبَة أجر»

*પસાર થઈ જે એક કૂવાના કિનારે હાંફી રહ્યો હતો. નજીક હતું કે તરસ તેને મારી નાખતી. તેણીએ પોતાના મોજા ઉતાર્યા. તેને પોતાની ઓઢણી સાથે બાંધ્યા, એ રીતે પાણી કાઢ્યુ[2] એ કારણે બખ્શી દેવામાં આવી. અર્ઝ કરવામાં આવી કે શું અમને જાનવરોમાં પણ સવાબ છે ? ફર્માવ્યું, દરેક તર કલેજાવાળા (જાનદાર)માં સવાબ છે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** مُومِسَةٌ وَمُسٌّથી બન્યું રગડવાના અર્થમાં. એનો મસ્દર ایماس છે, ઝિના કરવાના અર્થમાં. જાહેર એ છે કે તેના સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવ્યા હતા. જેમ કે غفرના ઈત્લાક઼થી માલૂમ પડે છે.

**૨.** એટલે કે તેણી પાસે ડોલ રસ્સી ન હતાં જેથી તેણે પોતાની ઓઢણીને રસ્સી બનાવી અને મોજાને ડોલ બનાવી કે મોજામાં પાણી ભરીને કૂતરાના મોઢામાં રેડી આપ્યું જેનાથી તેની આંખ ખુલી ગઈ અને તે ચાલ્યો ગયો.

**૩.** તર કલેજાવાળાથી મુરાદ દરેક સજીવ છે પણ એમાંથી મૂઝી જાનવરો અપવાદ છે. જેથી **સાપ, વીછી, સિંહ વગેરેને મારી દેવું સવાબ છે.** આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ગુનાહે કબીરા તૌબા વિના માફ થઈ શકે છે. બીજુ એ કે ક્યારેક મામૂલી નેકી મોટામાં મોટા ગુનાહોના બખ્શાઈ જવાનો સબબ બની જાય છે. ત્રીજુ એ કે અમુક સૂફીઓ પોતાને ત્યાં ઈન્સાનોના લંગરની સાથે જાનવરોના માટે દાણા પાણીની વ્યવસ્થા પણ કરે છે. તેમનો માખઝ આ હદીષ છે. એ જ હદીષ શરીફમાં છે કે તમારું ખાણુ. જેથી હદીષોમાં વિરોધાભાસ નથી.

**★ હદીષ : (૧૬)-૧૯૦૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ وَأَبِي هُرَيْرَةَ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عُذِّبَتِ امْرَأَةٌ فِي هِرَّةٍ أَمْسَكَتْهَا حَتَّى مَاتَتْ مِنَ الْجُوعِ فَلَمْ تَكُنْ تُطْعِمُهَا وَلَا تُرْسِلُهَا فَتَأْكُلَ مِنْ خَشَاشِ الْأَرْضِ»

*"હઝરત ઈબ્ને ઉમર તથા અબૂ હુરૈરહ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એક સ્ત્રીને એક બિલાડીના કારણે અઝાબ આપવામાં આવ્યો[1] જેને તેણીએ બાંધી રાખી હતી ત્યાં સુધી કે ભૂખથી મરી ગઈ. તેને ન ખાવા આપતી હતી ન છોડતી હતી, જેથી જમીનના કીડા મકોડા ખાઈ લેતી.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે તેના માટે જહન્નમના અઝાબનો હુકમ થઈ ગયો, અથવા તેના પર કોઈ દુનિયવી અઝાબ નાઝિલ થયો અથવા ક઼બ્રના અઝાબમાં સપડાઈ ગઈ. નહીં તો દોઝખનો અઝાબ તો ક઼યામત પછી થશે. એ જ સ્ત્રીને નબી કરીમ ﷺએ મેઅરાજમાં દોઝખમાં સળગતી જોઈ. પણ તે એટલા માટે નહીં કે તે દોઝખમાં પહોંચી ચૂકી હતી બલ્કે એટલા માટે કે અંબિયાની નજરો ક઼યામત બાદ થનારા બનાવોને પણ જોઈ લે છે.

**૨.** એનાથી પણ અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે પાળેલા જાનવરનો પણ હક્ક઼ છે કે તેને ખાવા પાણી આપવામાં આવે. બીજુ એ કે જાનવરો પર જુલ્મ પણ ગુનોહ છે. અલ્લામા શામી ફર્માવે છે કે જાનવર પર જુલ્મ ઈન્સાનના જુલ્મ કરતાં બદતર છે કેમ કે ઈન્સાન ઝબાનવાળો છે, પોતાનાં દુઃખ અન્યોને કહી શકે છે. બેઝબાન જાનવર ખુદા સિવાય કોને કહે. ત્રીજુ એ કે ક્યારેક ગુનાહે સગીરા પર પણ અઝાબ થઈ જાય છે, કબીરાઓથી

બચે કે ન બચે. રબ તઆલાનું આ ફર્માન : اِنۡ تَجۡتَنِبُوۡا كَبَآئِرَ مَا تُنۡهَوۡنَ عَنۡهُ نُكَفِّرۡ عَنۡكُمۡ سَيِّاٰتِكُمۡ (જો બચેલા રહો કબીરા ગુનાહોથી જેની તમને માલૂમાત છે તો તમારા અન્ય ગુનાહો અમે બખ્શી દઈશું. –સૂ. નિસાઅ, ૪/૩૧) એમાં બખ્શિશના પાકો વાયદો નથી, બલ્કે ઉમ્મીદ અપાવવામાં આવી છે અને આ બખ્શિશ રબ તઆલાની મરજી પર મૌકૂફ છે. કેમ કે બીજી આયતમાં રબ તઆલા ફર્માવે છે : وَيَغۡفِرُ مَا دُوۡنَ ذٰلِكَ لِمَنۡ يَّشَآءُ (અને કુફ્રની નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે. –સૂ. નિસાઅ, ૪/૪૮) જેથી ન તો આયતોમાં વિરોધાભાસ છે અને ન આ હદીષ કોઈ આયતની વિરૂધ્ધ છે. અમુક ઉલમાએ આ હદીષથી એ મસ્અલો કાઢયો કે ગુનાહે સગીરા હમેશાં કરવાથી કબીરા બની જાય છે, કેમ કે એ સ્ત્રીનું બિલાડીને એક દિવસ ખાવા પાણી ન આપવું ગુનાહે સગીરા હતું પણ સતત અરસા સુધી ન આપવાથી તે કબીરા બની ગયો. પણ આ હદીષથી એ દલીલ કરવું ઝઈફ છે, એટલા માટે કે કુર્આની આયત મૌજૂદ છે : وَلَمۡ يُصِرُّوۡا عَلٰى مَا فَعَلُوۡا (અને પોતાના કરેલા પર જાણીબુજીને અડી ન જાવ. સૂ. આલે ઈમરાન, ૩/૧૩૫)

**★ હદીષ : (૧૭)-૧૯૦૪ ★** (مُتَّفِقٌ عَلَيۡهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَرَّ رَجُلٌ بِغُصْنِ شَجَرَةٍ عَلَى ظَهْرِ طَرِيقٍ فَقَالَ: لَأُنَحِّيَنَّ هَذَا عَنْ طَرِيقِ الْمُسلمين لَا يؤذيهم فَأُدْخل الْجنَّة "

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એક શખ્સ ઝાડની એક ડાળી પાસે થઈને પસાર થયો જે રસ્તા વચ્ચે પડી હતી. તે બોલ્યો કે આને મુસલમાનોના રસ્તેથી હટાવી દઉં, ક્યાંક એમને તકલીફ ન આપે.[1] તેને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** તે ડાળી ક્યાં તો કાંટાળી હતી જેના કાંટા લોકોને વાગવાનો અંદેશો હતો અને જો કાંટા વિનાની હતી તો એટલી મોટી હતી કે જેનાથી વટે માર્ગુ ઠોકર ખાતા. આ હદીષથી નિર્દેશ થઈ રહ્યો છે કે મૂઝી ચીજને રસ્તામાંથી હટાવવામાં મુસલમાનોની ખિદમતની નિય્યત કરે ન કે કાફિરોની.

**૨.** અહીં મિર્કાતે ફર્માવ્યું કે એ શખ્સે હટાવવાની નિય્યત જ કરી હતી એ નિય્યત પર બખ્શાઈ ગયો. નેકીનો ઈરાદો પણ નેકી છે, અને શક્ય છે કે તેણે હટાવી પણ આપી હોય જેનું અહીં વર્ણન નથી થયું.

**★ હદીષ : (૧૮)-૧૯૦૫ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«لَقَدْ رَأَيْتُ رَجُلًايَتَقَلَّبُ فِي الْجَنَّةِ فِي شَجَرَةٍ قَطَعَهَا مِنْ ظَهْرِ الطَّرِيقِ كَانَتْ تُؤْذِي النَّاس».رَوَاهُ مُسلم

*"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* ***મેં એક શખ્સને જન્નતમાં મજાથી ફરતો જોયો એ ઝાડના કારણે જેને તેણે રસ્તાના કિનારેથી કાપી નાખ્યું હતું જે લોકોની તકલીફનો સબબ હતું.[1]*** *" (મુસ્લિમ)*

**૧.** એટલે કે ઝાડ કાંટાળુ હતું અથવા કાટા વિનાનું તેનુ મૂળ રસ્તાના છેડા પર હતું પણ ડાળીઓ રસ્તામાં ફેલાયેલી હતી. તેણે તકલીફ દૂર કરવા માટે તેને મૂળમાંથી ઉખેડી નાખ્યું હતું જેથી ભવિષ્યમાં પણ ડાળીઓ ન ફેલાય શકે. જો એ ઝાડ તેની પોતાની માલિકીનુ હતું અથવા સ્વંય ઉગી નીકળેલુ હતું ત્યારે તો તેને કાપી નાખવામાં તથા તેનાં લાકડા ઘરે લઈ જવામાં કોઈ સવાલ જ નથી પેદા થતો અને જો ગૈરની માલિકીમાં હતું તો તેણે કેવળ તકલીફ દૂર કરવા માટે કાપી નાખ્યુ હશે, તેનાં લાકડાં પર કબજો કર્યો નહીં હોય. આ સ્થિતિમાં આ હદીષથી મસ્અલો મુસ્તંબિત

થશે (નીકળશે) કે મૂઝી ચીજને ખત્મ કરી દેવી જાઈઝ છે ભલે બીજાની માલિકીમાં હોય. પાગલ કૂતરો જે કોઈનો પાલતુ હતો, સરકસવાળાનો નાસી છૂટેલો સિંહ, મદારીઓનો છૂટેલો સાપ મારી નાખવામાં આવશે. રસ્તામાં ખોદેલ કૂવો પૂરી દેવામાં આવશે, એમાં માલિકની રજાની જરૂરત નથી. હુઝૂરે અન્વર ﷺએ તેને જન્નતમાં કે શબે મેઅરાજમાં જોયો અથવા નમાઝે કસૂફમાં જ્યારે આપના પર જન્નત પેશ કરવામાં આવી અથવા આમ હાલતમાં.

**★ હદીષ : (૧૯)-૧૯૦૬ ★**

وَعَنْ أَبِي بَرْزَةَ قَالَ: قُلْتُ: يَا نَبِيَّ اللَّهِ عَلِّمْنِي شَيْئًا أَنْتَفِعْ بِهِ قَالَ: «اعْزِلِ الْأَذَى عَنْ طَرِيقِ الْمُسْلِمِينَ» . رَوَاهُ مُسْلِمٌ وَسَنَذْكُرُ حَدِيث عدي ابْن حَاتِمٍ: «اتَّقُوا النَّارَ» فِي بَابِ عَلَامَاتِ النُّبُوَّةِ

*"હઝરત અબૂ બરઝા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! ﷺ મને એ વાત શીખવાડો જેનાથી ફાયદો ઉઠાવું. ફર્માવ્યું, મુસલમાનોના માર્ગથી મૂઝી ચીજ હટાવી દો[૧] (મુસ્લિમ) અને અને હઝરત અદી ઈબ્ને હાતિમની આ હદીષ اتقوا النار ઈન્ શા અલ્લાહ ! બાબુ અલામાતિ નબુવ્વતમાં વર્ણન કરીશું.[૨]"*

**૧.** સવાલ કરનારે તો કોઈ પઢવાનો વઝીફો પૂછયો હશે પણ સરકાર ﷺએ એવું ફર્માવ્યું કે **આખેરતની નજાત કેવળ વઝીફાઓ પર મૌકૂફ નથી બલ્કે મુસલમાનોની ખિદમતથી પણ મયસ્સર થઈ જાય છે.** મિર્કાતે ફર્માવ્યું કે આ સાઈલ કોઈ જલીલુલ કદર સહાબી હતા જે સર્વ નેક અમલો પહેલેથી જ કરતા હતા. હુઝૂરે અન્વર ﷺએ તેમને આ અમલ બતાવીને ઈશારામાં સમજાવી આપ્યા કે ખિદમતે ખલ્ક (લોકસેવા) એ પણ ઉચ્ચ પ્રકારની નેકી છે.

**૨.** એટલે આ હદીષ મસાબીહમાં અહીં હતી પણ અમે મિશ્કાતમાં બાબે અલામાતે નબુવ્વતમાં વર્ણવી, કેમ કે એના માટે અધિક યોગ્ય હતી.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૨૦)-૧૯૦૭ ★**

عَنْ عَبْدِ اللَّهِ بْنِ سَلَامٍ قَالَ: لَمَّا قَدِمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ جِئْتُ فَلَمَّا تَبَيَّنْتُ وَجْهَهُ عَرَفْتُ أَنَّ وَجْهَهُ لَيْسَ بِوَجْهِ كَذَّابٍ. فَكَانَ أَوَّلُ مَا قَالَ: «أَيُّهَا النَّاسُ أَفْشُوا السَّلَامَ وَأَطْعِمُوا الطَّعَامَ وَصِلُوا الْأَرْحَامَ وَصَلُّوا بِاللَّيْلِ وَالنَّاسُ نِيَامٌ تَدْخُلُوا الْجَنَّةَ بِسَلَامٍ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે નબી કરીમ ﷺ મદીના તશરીફ લાવ્યા તો હું હાજર થયો[૨] જ્યારે મેં ચેહરએ અન્વર ધ્યાનપૂર્વક જોયો તો ઓળખી લીધું કે આપનો ચેહરએ પાક કોઈ જૂઠાનો ચહેરો નથી,[૩] પ્રથમ વાત જે હુઝૂરે ફર્માવી એ હતી કે, **હે લોકો ! સલામને ફેલાવો અને ખાવા ખવડાવો.[૪] સંબંધો જોડો. સર્વ લોકો સૂતા હોય ત્યારે નમાઝ પઢો તો સલામતીથી જન્નતમાં ચાલ્યા જશો.[૫]"***

*(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** આપ મશહૂર સહાબી છે. આપની કુન્નિયત અબૂ યૂસુફ છે. યૂસુફ علیہ السلامની ઔલાદમાંથી છે. યહૂદી આલિમોમાંથી છે. હુઝૂરે અન્વર ﷺએ આપના જન્નતી હોવાની બશારત આપી. મદીના મુનવ્વરામાં હિ.સ.

૪૩માં વફાત થઈ. જ્યારે હુઝૂરે અન્વર ﷺ હિજરત કરીને મદીના મુનવ્વરા પહોંચ્યા તો આપ એક બાગમાં ખજૂરો તોડી રહ્યા હતા. આગમનના સમાચાર મળતાં જ આતુરતાપૂર્વક દોડતા આવ્યા. ખજૂરો ખોળામાં જ હતી તેને રાખવાનું પણ ભૂલી ગયા. હુઝૂરે અન્વર ﷺનો ચહેરો જોતાં જ દિલમાં ઈમાન આવી ગયું.

**૨.** બાગથી હુઝૂર ﷺની કયામગાહ પર ઝિયારતના માટે આવ્યા તો જોયું કે આ શમ્એ રિસાલત ﷺને પરવાનાઓએ ઘેરેલ હતા, લોકો ફિદા થઈ રહ્યા હતા.

**૩.** ધ્યાનપૂર્વક જોવાનો મતલબ એ છે કે મેં નબી આખિરુઝઝમાં ﷺની તે નિશાનીઓ જે તૌરાત શરીફમાં વર્ણવેલ છે તેને આપના ચહેરએ અન્વરથી મિલાવી તો બિલકુલ મળતી પામી, બાળ બરાબર ફરક ન હતો. ત્યારે મેં યકીન કરી લીધું કે આપનો નબુવ્વતનો દાવો હક્ક છે, ગલત નથી. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺથી પહેલાં અરબમાં કોઈએ નબુવ્વતનો દાવો કર્યો ન હતો, પણ કેમ કે મક્કાના કાફિરો અને મદીનાના યહૂદીઓએ આપને જૂઠલાવ્યા હતા એટલા માટે આપ આવું કરી રહ્યા છે. અમુક ઉલમાએ એના એ અર્થો વર્ણવ્યા કે મેં ફરાશતથી માલૂમ કર્યું કે જૂઠ બોલનારનો ચહેરો આવો નૂરાની નથી હોતો. દિલની કૈફિયત ચહેરા પર જાહેર થાય છે.

**૪.** એટલે કે મેં જે પહેલી વાત સાંભળી તે આ હતી. કેમ કે ત્યાં આશિકોની ભીડ હતી એટલા માટે الناس (હે લોકો !)થી સંબોધન કર્યું. સલામ ફેલાવવાનો મતલબ એ છે કે સલામને રિવાજ આપો. ઈસ્લામથી પહેલાં મુલાકાત માટે સલામનો રિવાજ ન હતો. صبحک اللہ بالخیر વગેરે કહેતા હતા. જેમ કે હિંદુસ્તાનમાં આદાબ અર્ઝ ગુડ મોર્નિંગ, બંદગી, કુર્નિશ વગેરે કહેવામાં આવતુ હતું. ઈસ્લામે السلام علیکم (અસ્સલામુ અલૈકુમ) કહેવાનુ શીખવાડયું, ખાવા ખવડાવવાથી મુરાદ છે. મહેમાનો ફકીરો, યતીમોને ખાવા આપો. અમુક લોકોએ કહ્યું કે સલામ ઉંચા અવાજે કહો જે સામાવાળો સાંભળી લે અને પોતાનાં બાળકોને ખાવા આપો. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે.

**૫.** એટલે સગાં સંબંધીઓના હક્કો અદા કરો, એ હક્કોની વિગત ફિકહની કિતાબોમાં વર્ણન થયેલી છે, અને પંજગાના નમાઝથી સંતોષ ન લો બલ્કે આખરી રાતમાં જ્યારે સામાન્યતઃ લોકો સૂતેલા હોય છે તો તમે તહજ્જુદની નમાઝ પઢયા કરો. જો તમે આ ચાર વાતો પર અમલ કરી લીધો તો અઝાબ તથા હિજાબથી સલામત રહેશો અને જન્નતમાં ખૈરિયતથી પહોંચશો જ્યાં તમને રબ તઆલા અને ફરિશ્તાઓના તરફથી સલામ થતી રહેશે. અમારી આ શરહથી જાણવા મળ્યું કે بِسَلَامٍ ના બે અર્થો છે. કેમ કે હજી સુધી ઝકાત, રોઝા, હજ્જ તથા જેહાદના એહકામ આવ્યા ન હતા એટલા માટે એમનો ઉલ્લેખ નથી કર્યો. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**★ હદીષ : (૨૧)-૧૯૦૮ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «اعْبُدُوا الرَّحْمَنَ وَأَطْعِمُوا الطَّعَامَ وَأَفْشُوا السَّلَامَ تَدْخُلُوا الْجَنَّةَ بِسَلَامٍ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, રહમાનને પૂજો, ખાવા ખવડાવો, સલામ ફેલાવો તથા જન્નતમાં સલામતીથી ચાલ્યા જાય.[૧]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષ થોડાક ફરક સાથે હમણા વર્ણન પામી. રહમાનને પૂજવું ઘણુ જ સમૃધ્ધ ફર્માન છે જેમાં દરેક પ્રકારની ઈબાદતો સામેલ છે અને આ હદીષ ઝકાત તથા રોઝાની ફર્ઝિયત પછીની હોય તો પણ દુરૂસ્ત છે કે રહમાનની ઈબાદત (પૂજા)માં એ ચીજો પણ આવી ગઈ.

★ હદીષ : (૨૨)-૧૯૦૯ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الصَّدَقَةَ لَتُطْفِئُ غَضَبَ الرَّبِّ وَتَدْفَعُ مِيتَةَ السَّوْءِ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **સદકો રબ તઆલાના ગઝબને બુઝાવે છે**[1] અને **બુરી મૌતને દૂર કરે** છે.[2]" (તિર્મિઝી)*

**૧.** એટલે કે ખૈરાત કરનારા સખીની જિંદગી પણ સારી હોય છે કે પ્રથમ તો એના પર દુનિયવી મુસીબતો આવતી નથી અને જો આઝમાઈશના રૂપે આવી પણ જાય તો રબ તઆલાના તરફથી તેને દિલી સુકૂન નસીબ થાય છે જેનાથી તે સબ્ર કરીને સવાબ કમાય લે છે. સારાંશ કે એના માટે મુસીબત ગુનાહના લીધે નથી આવતી બલ્કે મગફિરત લઈને આવે છે. ગુનાહોવાળી મુસીબત ખુદા તઆલાનો ગઝબ છે અને મગફિરતવાળી મુસીબત અલ્લાહની રહમત છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે સખીઓ પર મુસીબતો આવી જાય છે. ઉષ્માન ગની رضی اللہ عنہ જેવા સખીને ઘણી બેબર્દી સાથે શહીદ કરવામાં આવ્યા.

**૨.** مِيتَةٌ مَوْتٌ થી બન્યું વર્ણનની શૈલીના માટે એને فِعْلَةٌ ના વજન પર લાવ્યા. તો મીમના ઝબહ (કસ્રા)ના કારણે વાવથી બદલાઈ ગયું. બુરી મૌતથી મુરાદ ખાત્માની ખરાબી છે અથવા ગફલતની અચાનક મૌત અથવા મૌત વખતે એવી નિશાનીનું જાહેર થવું છે જે મૌત પછી બદનામીનો સબબ બને અને એવી સખત બીમારી છે જે મૈયતના દિલમાં ગભરાહટ પેદા કરીને ઝિકુલ્લાહથી ગાફેલ કરી દે. મતલબ એ કે સખી બંદો આ સર્વ બુરાઈઓથી મેહફૂઝ રહેશે. મારા પાક નબી સાચા, તેમનો રબ સાચો. અલ્લાહ તઆલા તેમના તુફૈલ આપણને સૌને સખાવતની તૌફીક઼ આપે અને આ નેઅમતો અતા કરે. (આમીન)

★ હદીષ : (૨૩)-૧૯૧૦ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ مَعْرُوفٍ صَدَقَةٌ وَإِنَّ مِنَ الْمَعْرُوفِ أَنْ تَلْقَى أَخَاكَ بِوَجْهٍ طَلْقٍ وَأَنْ تُفْرِغَ مِنْ دَلْوِكَ فِي إِنَاءِ أَخِيكَ» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક ભલાઈ સદકો છે અને ભલાઈમાંથી એ પણ છે કે તું પોતાના ભાઈને ખુશ ચહેરે મળે અને તારા ડોલથી પોતાના ભાઈના વાસણમાં ડોલ આપે.[1]" (તિર્મિઝી)*

**૧.** પ્રકરણની શરૂઆતમાં સદકાના અર્થો વર્ણવવામાં આવી ગયા છે. સદકો હકીકી માલથી થાય છે અને સદકો હુકમી અમલોથી પણ થાય છે. મુસલમાન ભાઈને મહોબ્બતથી મળવું તેના દિલને ખુશ કરવાનો ઝરીયો છે અને મુસલમાનને ખુશ કરવું સવાબ છે જેથી આ અમલ સદકો છે. તેમજ કૂવા પર જે લોકો પાણી લેવા માટે જમા હોય તેમના વાસણોમાં પાણી ભરી આપવું પણ તેમની રાહત તથા ખુશીનો ઝરીયો છે, જેથી એ પણ સદકો છે. પાણી ભરી દેવું એ દ્ષ્ટાંતરૂપે છે, મક઼સદ એ છે કે મુસલમાન ભાઈની સાથે જરા સરખી ભલાઈ કરવી પણ સવાબ છે.

★ હદીષ : (૨૪)-૧૯૧૧ ★

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તારું પોતાના ભાઈ સામે મુસ્કુરાઈ દેવું (સ્મિત કરવું) સદકો છે [1] અને*

وَسَلَّمَ: «تَبَسُّمُكَ فِي وَجْهِ أَخِيكَ صَدَقَة وأمرك بِالْمَعْرُوفِ صَدَقَة وَنَهْيُكَ عَنِ الْمُنْكَرِ صَدَقَةٌ وَإِرْشَادُكَ الرَّجُلَ فِي أَرْضِ الضَّلَالِ لَكَ صَدَقَةٌ وَنَصْرُكَ الرَّجُلَ الرَّدِيءَ الْبَصَرِ لَكَ صَدَقَةٌ وَإِمَاطَتُكَ الْحَجَرَ وَالشَّوْكَ وَالْعَظْمَ عَنِ الطَّرِيقِ لَكَ صَدَقَةٌ وَإِفْرَاغُكَ مِنْ دَلْوِكَ فِي دَلْوِ أَخِيكَ لَكَ صَدَقَةٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

*ભલાઈનો હુકમ આપવું સદકો છે અને બુરાઈથી રોકવું સદકો છે. અને તારું કોઈને બહેકી, (ભટકી) જવાવાળી જમીનમાં રાહ દેખાડવું તારા માટે સદકો છે[3] અને તારું રસ્તેથી પથ્થર, કાંટા, હાડકુ હટાવી દેવું તારા માટે[4] સદકો છે. અને તારું પોતાની ડોલ વડે પોતાના ભાઈની ડોલમાં પાણી રેડી આપવું તારા માટે સદકો છે[5] (તિર્મિઝી) અને ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.''*

**૧.** ખુશીમાં સ્મિત કરવું જેનાથી સામેવાળો સમજે કે મારા આવવાથી એને ખુશી થઈ જેનાથી તે પણ ખુશ થઈ જાય, મશ્કરાનું મુસ્કુરાવું મુરાદ નથી જેનાથી આવનારાને તકલીફ થાય કે એ તો ગુનોહ છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! શું રબ તઆલાની મહેરબાનીઓ છે જે નબી કરીમ ﷺના તુફૈલ આ ઉમ્મતને મળી. તે મામૂલી કામ જેમાં ન ખર્ચ થાય ન તકલીફ તે સવાબનો સબબ બની ગયાં. કોઈને રસ્તો બતાવી દેવું અથવા મસ્અલો સમજાવી દેવું પણ સવાબનો સબબ બની ગયું.

**૩.** અથવા એ રીતે કે તેની આંગળી પકડીને જ્યાં જવા ચાહે છે ત્યાં પહોંચાડી આપે. અથવા એ રીતે કે તેનું કામકાજ કરી આપે, સૌમાં સવાબ છે. કે આંધળા તથા કમજોર નજરવાળાઓની સેવા ચાકરી આંખની નેઅમતનો શુક્રિયા છે. દરેક નેઅમતનો શુક્ર અલગ અલગ છે, અને શુક્ર પર અધિક્તામાં નેઅમતનો વાયદો છે. لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ (જો એહસાન માનશો તો હું તમને અધિક આપીશ. *–સૂરએ ઈબ્રાહીમ, ૧૪/૭*)

**૪.** કે એનાથી લોકો તકલીફથી બચશે અને તમને સવાબ મળશે. જાણવા મળ્યું કે જેવી રીતે મુસલમાનને નફો પહોંચાડવું સવાબ છે એવી જ રીતે તેમને તકલીફથી બચાવવું પણ સવાબ છે. કોઈ ભલા માણસને બદમાશની બુરાઈથી બચાવી લેવો સવાબ છે. જો કોઈ શરીફ માણસ અજાણતામાં બુરા માણસ સાથે સગાઈ કરવા ચાહતો હોય તો તેનાથી બચાવી લેવો પણ સવાબ છે.

**૫.** જ્યારે પોતાની ડોલ વડે બીજાની ડોલમાં પાણી ભરી આપવું સવાબ થયો તો જેની પાસે ડોલ કે રસ્સી જ ન હોય તેને પાણી આપવાથી ઘણો જ સવાબ થશે.

**★ હદીષ : (૨૫)-૧૯૧૨ ★**

وَعَنْ سَعْدِ بْنِ عُبَادَةَ قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ أُمَّ سَعْدٍ مَاتَتْ فَأَيُّ الصَّدَقَةِ أَفْضَلُ؟ قَالَ: «الْمَاءُ» . فَحَفَرَ بِئْرًا وَقَالَ: هَذِهِ لأم سعد. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*''હઝરત સઅદ ઈબ્ને ઓબાદાથી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ઉમ્મે સઅદ વફાત પામી ગયાં તો હવે કયો સદકો બેહતર છે ?[1] ફર્માવ્યું, પાણી.[2] જેથી સઅદે કૂવો ખોદાવ્યો અને ફર્માવ્યું, આ કૂવો ઉમ્મે સઅદનો છે.[3]''*

*(અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** એટલે હું કયો સદકો આપીને એમની રૂહને એનો સવાબ બખ્શું. એનાથી જાણવા મળ્યું કે વફાત બાદ મૈયતને નેક અમલો, ખાસ કરીને માલી સદકાનો સવાબ બખ્શવું સુન્નત છે. કુર્આને કરીમમાં જે ફર્માવવામાં આવ્યું : لَهَا مَا كَسَبَتْ وَ عَلَيْهَا مَا اكْتَسَبَتْ (એનો ફાયદો છે જે સારું કમાયો, અને તેનું નુકસાન છે જેણે બુરાઈ કમાઈ. *–સૂરએ બક્રહ, ૨/૨૮૬*) અથવા ફર્માવવામાં આવ્યું : لَّيْسَ لِلْاِنْسٰنِ اِلَّا مَا سَعٰى (અને એ કે માણસ ન પામશે પણ પોતાની કોશિશ. –સૂરએ નજ્મ, ૫૩/૩૯) જેનાથી જાણયા મળ્યું કે માણસે કેવળ પોતાની કરેલી નેકીઓ ફાયદામંદ છે, ત્યાં શારીરિક ફર્ઝો મુરાદ છે એટલા માટે كَسَبَتْ અથવા اِلَّا مَا سَعٰى ફર્માવવામાં આવ્યું. એટલે કે કોઈ કોઈ અન્યના તરફથી ફર્ઝ નમાઝો અદા નથી કરી શક્તો. સવાબ દરેક અમલનો બખ્શી શકે છે, જેથી આ હદીષ તે આયતોની વિરુદ્ધ નથી. **કુર્આને કરીમથી તો ત્યાં સુધી સાબિત છે કે નેક લોકોની બરકતથી બુરા લોકોની આફતો ટળી જાય છે.** રબ તઆલા ફર્માવે છે : وَ كَانَ اَبُوْهُمَا صَالِحًا (અને તેમનો બાપ નેક આદમી હતો.... *–સૂરએ કહફ, ૧૮/૮૨*)

**૨.** એટલે કે તેમના તરફથી પાણીની ખૈરાત કરો, કેમ કે પાણીથી દીની દુનિયવી ફાયદા હાંસલ થાય છે. ખાસ કરીને તે ગરમ તથા શુષ્ક એરિયાઓમાં જ્યાં પાણીની કમી હોય. અમુક લોકો પરબો લગાડે છે. આમ મુસલમાન ખત્મે ફાતિહા વગેરેમાં અન્ય ચીજોની સાથે પાણી પણ રાખી દે છે, એ સૌનો માખઝ આ હદીષ છે. કેમ કે એના થકી જાણવા મળ્યું કે પાણીની ખૈરાત બેહતર છે.

**૩.** એટલે કે ઉમ્મે સઅદની રૂહના સવાબ માટે છે. આ લામ નફાનો છે ન કે મિલ્કિયતનો. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે સવાબ બખ્શતી વખતે ઈસાલે સવાબના શબ્દો જીભ વડે ઉચ્ચારવા એ સહાબાઓની સુન્નત છે કે હે ખુદા ! આનો સવાબ ફલાણાને પહોંચે. બીજુ એ કે કોઈ ચીજ પર મૈયતનું નામ આવી જવાથી તે ચીજ હરામ ન થશે. જુઓ હઝરત સઅદે આ કૂવાને પોતાની મર્હૂમા માના નામથી સંબંધિત કર્યો. તે કૂવો આજ સુધી આબાદ છે અને તેનુ નામ "બીરે ઉમ્મે સઅદ" જ છે. ફક઼ીરે (લેખકે) એનું પાણી પીધુ છે. આ وَ مَاۤ اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ (અને તે જાનવર જે ગૈર ખુદાનું નામ લઈને ઝબહ કરવામાં આવે. *–સૂરએ બક્રહ, ૨/૧૭૩*)ના વિરુદ્ધ નથી, કેમ કે ત્યાં એ જાનવર મુરાદ છે જે ગયરે ખુદાના નામ પર ઝબહ કરવામાં આવે. યાદ રાખશો કે આ હદીષ કેટલીક અસ્નાદોથી રિવાયત પામેલી છે. જેમ કે અબૂ દાઊદની એક અસ્નાદમાં આ પ્રમાણે છે : عَنْ اَبِيْ عَنْ اِسْحَاقَ الْبُسَّيْعِيْ عَنْ رَجُلٍ عَنْ سَعْدِ ابْنِ عُبَادَةَ કેમ કે એમાં عَنْ رَجُلٍ આવી ગયું જેથી આ અસ્નાદ મજહૂલ થઈ ગઈ. બીજી અસ્નાદ આ પ્રમાણે છે : عَنْ سَعِيْدِ بْنِ الْمُسَيَّبِ اَنَّ سَعْدًا اَتَى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ فَقَالَ--الخ આ અસ્નાદ અબૂ દાઊદ તથા નિસાઈ, ઈબ્ને હબ્બાનમાં પણ છે. ત્રીજી અસ્નાદ આ પ્રમાણે છે : عِنْ سَعِيْدِ ابْنِ الْمَسَيَّبِ وَ الْحَسَنِ الْبَصَرِيِّ كِلَاهُمَا عَنْ سَعْدِبْنِ આ બંનેવ અસ્નાદો મુન્કતઅ છે, કેમ કે સઈદ ઈબ્ને મુસૈયિબ અને હસન બસરીની મુલાકાત હઝરત સઅદ ઈબ્ને ઓબાદાથી નથી થઈ. (અઝ : મિર્કાત) પણ ઈન્કિતાઅ (મુન્કતઅ હોવું, કટ હોવું) તથા જહાલત કાંઈ નુકસાનકર્તા નથી, કેટલાક કારણોસર : એક એ કે હદીષ એ કારણે વધુમાં વધુ ઝઈફ થઈ શકે છે, અને એ હદીષ ફઝાઈલે આમાલ તથા સબૂતે ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવાની સાબિતી) માટે પૂરતી હોય છે. જુઓ કુતુબે ફિક્હ અને શામી વગેરે. ઈસાલે સવાબ ફર્ઝ કે વાજિબ નથી, કેવળ સુન્નતે મુસ્તહબા છે. બીજુ એ કે એ કોઈ સહીહ હદીષથી વિરુદ્ધ નથી. કોઈ હદીષમાં એવું નથી આવ્યું કે ઈસાલે સવાબ હરામ છે કે જેથી આ હદીષ ત્યજી દેવામાં આવે. ત્રીજુ એ કે આ હદીષનું સમર્થન ઘણી સહીહ હદીષોથી થાય છે. જેમ કે સહીહ હદીષમાં છે કે હુઝૂરે અન્વર علیہ الصلوۃ والسلام એક કુર્બાની પોતાની ઉમ્મતની તરફથી કરતા હતા અને

ફર્માવતા હતા, ઈલાહી ! એને કબૂલ કરી લે ઉમ્મતે મુસ્તફા તરફથી. *(મુસ્લિમ, બુખારી)* અને સૈયદના અલી મુર્તઝા હમેશાં હુઝૂરે અન્વર ﷺની તરફથી કુર્બાની કરતા રહ્યા. ફર્માવતા હતા, મને હુઝૂરે અન્વર علیہ الصلوٰۃ والسلامએ એનો હુકમ આપ્યો છે. *(અબૂ દાઊદ, તિર્મિઝી)* ચોથુ એ કે આ હદીષનું સમર્થન કુર્આની આયતોથી પણ થાય છે : وَفِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ (અને એમના માલોમાં હક્ક હતો માગનારા અને બેનસીબનો. *–સૂરએ ઝારિયાત, ૫૧/૧૯)* અને ફર્માવે છે : وَيَتَّخِذُ مَا يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ الرَّسُوْلِ (અને જે ખર્ચ કરે તેને અલ્લાહની નઝદીકીઓ અને રસૂલોથી દુઆઓ લેવાનો ઝરીયો સમજે. *–સૂરએ તૌબા, ૯/૯૯)* એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "જા અલ્ હક્ક" ભાગ–૧ અને ફેહરિસતુલ કુર્આનમાં જુઓ. પાંચમું એ કે હમેશાંથી સર્વ મુસલમાન ઈસાલે સવાબ પર અમલ કરતા રહ્યા અને ઉમ્મતના અમલના કારણે ઝઈફ હદીષ પણ કવી (મજબૂત) થઈ જાય છે. જુઓ અમારી કિતાબ જાઅલ હક્ક, ભાગ–૨, અને શામી વગેરે. છઠ્ઠુ એ કે જ્યારે ઈમામ બુખારીની તઅલીક સ્વીકાર્ય છે જેમાં તેઓ તે અસ્નાદ વર્ણન જ નથી કરતા, ડાયરેક્ટ કરી આપે છે : قال ابن عباس (ઈબ્ને અબ્બાસે કહ્યું) કેમ કે ઈમામ બુખારી ષિકહ છે. તો હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ તથા ખ્વાજા હસન બસરીનો ઈન્કેતાઅ (કટ થયેલ) પણ સ્વીકાર્ય છે. કેમ કે આ બંને હઝરત ઈમામ બુખારીથી ઓછા ષિકહ નથી, બલ્કે પોતાના કામિલ યકીનના આધારે ડાયરેક્ટ હઝરત સઅદનો બનાવ વર્ણવી આપ્યો.

**★ હદીષ : (૨૬)-૧૯૧૩ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا مُسْلِمٍ كَسَا مُسْلِمًا ثَوْبًا عَلَى عُرْيٍ كَسَاهُ اللَّهُ مِنْ خُضْرِ الْجَنَّةِ وَأَيُّمَا مُسْلِمٍ أَطْعَمَ مُسْلِمًا عَلَى جُوعٍ أَطْعَمَهُ اللَّهُ مِنْ ثِمَارِ الْجَنَّةِ. وَأَيُّمَا مُسلم سقا مُسْلِمًا عَلَى ظَمَأٍ سَقَاهُ اللَّهُ مِنَ الرَّحِيقِ الْمَخْتُومِ».رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

*"હઝરત અબૂ સઈદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે મુસલમાન કોઈ નગ્ન મુસલમાનને પહેરાવે, અલ્લાહ તઆલા તેને જન્નતના લીલા જોડ પહેરાવશે[1]. અને જે મુસલમાન કોઈ ભૂખ્યા મુસલમાનને ખવડાવે તો અલ્લાહ તઆલા તેને જન્નતનાં ફળો ખવડાવશે અને જે મુસલમાન કોઈ તરસ્યા મુસલમાનને પીવડાવે તો અલ્લાહ તેને નહેરવાળી પાક તથા સાફ શરાબ પીવડાવશે[2]."** (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** એટલે કે પહેરાવનાર પણ મુસલમાન હોય અને પેહરનાર પણ, ખાસ કરીને નમાઝી હોય, ભલે તેને એક કપડુ પહેરાવે કે સર્વ કપડાં જન્નતનીઓનો લિબાસ લીલો હશે. રબ તઆલાએ ફર્માવ્યું : وَّيَلْبَسُوْنَ ثِيَابًا خُضْرًا (અને લીલાં કપડાં કરીબ તથા કનાવીઝ (રેશમના પ્રકાર)નાં. *–સૂરએ કહ્ફ, ૧૮/૩૧)*

**૨.** સારાંશ કે મુસલમાનની હાજત પૂરી કરવી રબ તઆલાને ઘણી પ્યારી છે. ખાવા, પીવા અને પોશાકની જરૂરતો સામાન્ય છે. તેમની ખૈરાત ઘણી જ મકબૂલ છે. જન્નતમાં પાણી, દૂધ, મધ વગેરેની નહેરો પણ હશે. રબ તઆલા ફર્માવે છે : فِيْهَا عَيْنٌ جَارِيَةٌ (તેમાં વહેતી નહેર છે. *–સૂરએ ગાશિયા, ૮૮/૧૨)* અને અમુક શરાબોની સીલ કરેલી બોટલો પણ. રબ તઆલા ફર્માવે છે : يُسْقَوْنَ مِنْ رَّحِيْقٍ مَّخْتُوْمٍ (નિતરેલી શરાબ પીવડાવવામાં આવશે જે સીલબંધ મૂકેલી છે. *–સૂરએ મુતફ્ફીન, ૮૩/૨૫)* જેથી ન આયત વિરોધાભાસી છે અને ન આ હદીષ આયતોની વિરુદ્ધ છે.

**★ હદીષ : (૨૭)-૧૯૧૪ ★**

وَعَن فَاطِمَة بنت قبيس قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ فِي الْمَالِ لَحقًّا سِوَى الزَّكَاةِ» ثُمَّ تَلَا: (لَيْسَ الْبِرَّ أَنْ تُوَلُّوا وُجُوهَكُمْ قبل الْمشرق وَالْمغْرب)الْآيَة. رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه والدارمي

*"હઝરત ફાતિમા બિન્તે કૈસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે માલમાં ઝકાતના સિવાય અન્ય પણ હક્ક છે[1] પછી હુઝૂરે આ આયત તિલાવત કરી કે ભલાઈ કેવળ એ નથી કે તમે તમારા મોં પૂર્વ તથા પશ્ચિમ તરફ કરી લો."*

*(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** જેમાંથી અમુક ફર્ઝ છે જેમ કે નઝર પૂરી કરવી અથવા હજ્જ અને અમુક વાજિબ, જેમ કે ફિત્રો તથા કુર્બાની. અને અમુક નફ્લ જેમ કે ભીખારીઓને ભીખ આપવી અથવા જરૂરતમંદોને કરજ આપવું અથવા જરૂરત પર ડોલ, હાંડલી, પ્યાલુ વગેરે ઉછીનું આપવું, પડોશીઓને આગ, મીઠુ વગેરે આપવું. આ હદીષની એ સૌને સમાવે છે.

**૨.** આ આયત આગળ આ પ્રમાણે છે : وَاٰتَى الْمَالَ عَلٰى حُبِّهٖ ذَوِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ (અને અલ્લાહની મહોબ્બતમાં પોતાનો અઝીઝ માલ આપે, સગા સંબંધીઓ તથા યતીમો તથા મિસ્કીનો તથા વટેમાર્ગુઓ તથા સાઈલોને. –સૂરએ બક્રહ, ૨/૧૭૭) જેથી આ આયત હદીષની સમર્થક છે.

**★ હદીષ : (૨૮)-૧૯૧૫ ★**

وَعَنْ بُهَيْسَةَ عَنْ أَبِيهَا قَالَتْ: قَالَ: يَا رَسُول الله مَا لشَيْء الَّذِي لَا يَحِلُّ مَنْعُهُ؟ قَالَ: «الْمَاءُ» . قَالَ: يَا نَبِيَّ اللَّهِ مَا الشَّيْءُ الَّذِي لَا يَحِلُّ مَنْعُهُ؟ قَالَ: «الْمِلْحُ» . قَالَ: يَا نَبِيَّ الله مَا لاشيء الَّذِي لَا يَحِلُّ مَنْعُهُ؟ قَالَ: «أَنْ تَفْعَلَ الْخَيْرَ خير لَكَ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત બુહૈસા رضی اللہ عنہا થી[1] રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે કઈ ચીજ છે જેની ના પાડવી જાઈઝ નથી ? ફર્માવ્યું, પાણી. પછી અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! ﷺ બીજી કઈ ચીજ છે જેનું મના કરવું જાઈઝ નથી ? ફર્માવ્યું, મીઠુ[2]. અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! ﷺ અન્ય કઈ ચીજ છે જેને મના કરવું જાઈઝ નથી ? ફર્માવ્યું, દરેક સારું કામ કરવું તમારા માટે બેહતર છે[3]." (અબૂ દાઊદ)*

**૧.** સહીહ એ છે કે હઝરત બુહૈસા رضی اللہ عنہا પોતે પણ સહાબિયા છે પણ આપની હદીષો ઘણી ઓછી છે.

**૨.** અહીં જાઈઝ હોવાથી મુરાદ શરઈ જવાઝ (જાઈઝ હોવુ) નથી બલ્કે ઉફી જવાઝ છે, એટલે મુરવ્વત વગેરે કે એ ચીજોનું મના કરવું મુરવ્વતની વિરુદ્ધ છે. અને એ પણ ત્યાં છે જ્યાં પાણીની ખુદ માલિકને જરૂરત ન હોય, નહીં તો અમુક તે ઈલાકા જ્યાં પાણીની અછત હોય છે બલ્કે મળવું મુશ્કેલ હોય છે ત્યાં જરૂરતના સમયે પાણી ન આપવું, ન મુરવ્વતની વિરુદ્ધ છે ન તો ગુનોહ. એ જ પ્રમાણે મીઠાનું પણ છે.

**૩.** આ આમ હુકમ છે એટલે એની વિગત ક્યાં સુધી વર્ણન કરવામાં આવે, જે નેકી થઈ શકે તે કરી છૂટો, સમયની કદર કરો કે.... *ગયા વક્ત ફિર હાથ આતા નહીં.* રબ તઆલા ફર્માવે છે : فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ (જે એક રજકણ જેટલી ભલાઈ કરે તેને જોશે. *–સૂરએ ઝિલ્ઝાલ, ૯૯/૭*) શેઅર :–

*ઉતરતે ચાંદ, ઢલતી ચાંદની, જો હો સકે કર લે–અંધેરા પાખ આતા હૈ યે દો દિનકી ઉજાલી હૈ*

મિયાં મુહમ્મદ બખ્શ સાહબ ફર્માવે છે :–

صدا نہ بلبل باغیں بولے سدا نہ باغ بہاراں     صدا نہ حسن جوانی ماپے سدا نہ صحبت یاراں

**અર્થાત** : બુલબુલ હમેશાં બાગમાં બોલતુ નથી, ન હમેશાં બાગમાં રહે છે, ન હુસ્ન જવાની હમેશાં રહે છે, ન હમેશાં દોસ્તની સંગત રહે છે.

**★ હદીષ : (૨૯)-૧૯૧૬ ★**

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «من أحيى أَرْضًا مَيِّتَةً فَلَهُ فِيهَا أَجْرٌ وَمَا أَكَلَتِ الْعَافِيَةُ مِنْهُ فَهُوَ لَهُ صَدَقَةٌ» . رَوَاهُ النَّسَائِيُّ والدارمي

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ઉજ્જડ જમીનને આબાદ કરી લે[૧] તો એમાં એને સવાબ છે. અને જે જાનવરો એમાંથી ખાય તો એ એના માટે સદકો છે[૨]." (દારમી)*

**૧.** એટલે કે પોતાની મહેનતથી ઉજ્જડ જમીનને ખેતી લાયક બનાવી દે એ ઘણા જ સવાબનો હક્કદાર છે, કેમ કે એમાં લોકો માટે રોજીની વ્યવસ્થા છે. ગવર્નમેન્ટો પોતાના વસ્તી વિનાના વિસ્તારો (ગોચરો) લોકોને મફત આપે છે, તેનો ટેકસ માફ કરી દે છે, બલ્કે હજારો રૂપિયા વડે આબાદ કરનારાઓને મદદ કરે છે. એનો માખઝ આ જ હદીષ છે. એના બારામાં ઈમામોનો મતભેદ આગળ જતાં વર્ણન થશે.

**૨.** એની ચર્ચા અગાઉ થઈ ચૂકી કે ક્યારેક વગર ઈરાદાએ નેકી થઈ જવા પર પણ સવાબ મળી જાય છે. عافیہ عفی થી બન્યું રોજીની તલબના અર્થમાં. عافی રોજીની તલાશ કરનાર હવે જાનવરો તથા પક્ષીઓને કહે છે. મિર્કાતે ફર્માવ્યું કે સવાબ ત્યારે મળશે જ્યારે કે તેનો સબ્ર તથા શુક્ર કરવામાં આવે.

**★ હદીષ : (30)-૧૯૧૭ ★**

وَعَنِ الْبَرَاءِ قَالَ: قَالَ رَسُولُ اللهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ مَنَحَ مِنْحَةَ لَبَنٍ أَو روق أَوْ هَدَى زُقَاقًا كَانَ لَهُ مِثْلَ عِتْقِ رَقَبَة» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે દૂધનુ જાનવર ઉછીનુ આપે અથવા ચાંદી કરજમાં આપે અથવા કોઈને રસ્તો બતાવે, તો તેને ગુલામ આઝાદ કરવાનો સવાબ છે[૧]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે કોઈને દૂધનુ જાનવર અમુક દિવસો માટે ઉછીનુ આપવું કે તે એનું દૂધ પી લે, અથવા કોઈ જરૂરતમંદને અમુક રૂપિયા કરજ આપવું, નાબીના અથવા અજાણાને રસ્તો બતાવી દેવાનો સવાબ ગુલામ આઝાદ કરવાના બરાબર છે. જ્યારે કરજ આપવાનો આ સવાબ છે તો ખયરાત આપવાનો કેટલો હશે ?! જાતે જ વિચારી લો. એટલા માટે આ હદીષ સદકાના પ્રકરણમાં લાવ્યા. ઉલમાએ કિરામ ફર્માવે છે કે ક્યારેક કરજ આપવું સદકો આપવા કરતાંય વધી જાય છે. કેમ કે સદકો તો જરૂરતમંદ ન હોય તેવો પણ લઈ લે છે, પણ કરજ તો જરૂરતવાળો જ લે છે. અને આ હદીષથી જાણવા મળ્યું કે ક્યારેક મામૂલી નેકીનો સવાબ મોટામાં મોટા કામથી વધી જાય છે. તરસ્યાને એક ઘૂંટડો પાણી પીવડાવીને એની જાન બચાવી લેવાનો સવાબ સેંકડો રૂપિયા ખૈરાત કરવાથી અધિક છે. એટલા માટે હદીષ શરીફમાં છે કે કયામતમાં નેકીઓનો સવાબ અમલના પ્રમાણે મળશે.

## ★ હદીષ : (૩૧)-૧૯૧૮ ★

وَعَنْ أَبِي جُرَيٍّ جَابِرِ بْنِ سُلَيْمٍ قَالَ: أَتَيْتُ الْمَدِينَةَ فَرَأَيْتُ رَجُلًا يَصْدُرُ النَّاسُ عَنْ رَأْيِهِ لَا يَقُولُ شَيْئًا إِلَّا صَدَرُوا عَنْهُ قُلْتُ مَنْ هَذَا قَالُوا: هَذَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قُلْتُ: عَلَيْكَ السَّلَامُ يَا رَسُولَ اللَّهِ مَرَّتَيْنِ قَالَ: «لَا تقل عَلَيْك السَّلَام فَإِن عَلَيْكَ السَّلَامُ تَحِيَّةُ الْمَيِّتِ قُلِ السَّلَامُ عَلَيْكَ» قلت: أَنْت رَسُول الله؟ قَالَ: «أَنا رَسُول الله الَّذِي إِذا أَصَابَكَ ضُرٌّ فَدَعَوْتَهُ كَشَفَهُ عَنْكَ وَإِنْ أَصَابَكَ عَامُ سَنَةٍ فَدَعَوْتَهُ أَنْبَتَهَا لَكَ وَإِذَا كُنْتَ بِأَرْض قفراء أَوْ فَلَاةٍ فَضَلَّتْ رَاحِلَتُكَ فَدَعَوْتَهُ رَدَّهَا عَلَيْكَ». قُلْتُ: اعْهَدْ إِلَيَّ. قَالَ: «لَا تَسُبَّنَّ أَحَدًا» قَالَ فَمَا سَبَبْتُ بَعْدَهُ حُرًّا وَلَا عَبْدًا وَلَا بَعِيرًا وَلَا شَاةً. قَالَ: «وَلَا تَحْقِرَنَّ شَيْئًا مِنَ الْمَعْرُوفِ وَأَنْ تُكَلِّمَ أَخَاكَ وَأَنْتَ مُنْبَسِطٌ إِلَيْهِ وَجْهُكَ إِنَّ ذَلِكَ مِنَ الْمَعْرُوفِ وَارْفَعْ إِزَارَكَ إِلَى نِصْفِ السَّاق فَإِنْ أَبَيْتَ فَإِلَى الْكَعْبَيْنِ وَإِيَّاكَ وَإِسْبَالَ الْإِزَارِ فَإِنَّهَا مِنَ الْمَخِيلَةِ وَإِنَّ اللَّهَ لَا يُحِبُّ الْمَخِيلَةَ وَإِنِ امْرُؤٌ شَتَمَكَ وَعَيَّرَكَ بِمَا يَعْلَمُ فِيكَ فَلَا تعيره بِمَا تعلم فِيهِ فَإِنَّمَا وَبَالُ ذَلِكَ عَلَيْهِ».رَوَاهُ أَبُو دَاوُدَ وَرَوَى التِّرْمِذِيُّ مِنْهُ حَدِيثَ السَّلَامِ. وَفِي رِوَايَةٍ: «فَيَكُونَ لَكَ أَجْرُ ذَلِكَ وَوَبَالُهُ عَلَيْهِ»

''હઝરત અબૂ જુરી જાબિર ઈબ્ને સુલૈમથી ફર્માવે છે, કે હું મદીના મુનવ્વરા આવ્યો[૧] તો મેં એક સાહબને જોયા કે લોકો એમની રાયથી કામ કરે છે. તે કોઈ વાત નથી કહેતો પણ લોકો તેના પર અમલ કરે છે[૨]. મેં પૂછયું, આ કોણ સાહબ છે ? લોકો બોલ્યા, આ રસૂલુલ્લાહ છે[૩]. ફર્માવે છે, મેં બીજીવાર અર્ઝ કર્યું : عليك السلام يا رسول الله[૪] તો ફર્માવ્યું : عليك السلام ન કહ્યા કરો કેમ કે عليك السلام મુડદાંઓનો આપસમાં સલામ છે[૫]. બલ્કે કહો السلام عليك[૬] મેં અર્ઝ કરી કે આપ રસૂલુલ્લાહ છો ? ફર્માવ્યું, હું અલ્લાહનો એવો રસૂલ છું કે જો તમને કોઈ તકલીફ પહોંચે અને હું તેને દુઆ કરું તો તે તમારી તકલીફ દૂર કરી આપે. અને જો તમને દુકાળ આવી પડે અને હું તેનાથી દુઆ કરું તો તે તમારી તકલીફ દૂર કરી આપે[૭] અને જ્યારે તમે સપાટ જમીન અને જંગમાં હોવ અને તમારી સવારી ગુમ થઈ જાય, હું તેનાથી દુઆ કરું તો અલ્લાહ તે તમને પરત કરી આપે[૮]. મેં અર્ઝ કરી, મને નસીહત કરો ! ફર્માવ્યું, કોઈને ગાળ ન આપશો. ફર્માવે છે, ત્યાર બાદ મેં કોઈ આઝાદ કે ગુલામ અને ઊંટ તથા બકરીને ગાળ નથી આપી[૯]. ફર્માવ્યું, અને કોઈ સારી વાતને હલકી ન જાણશો[૧૦] અને પોતાના ભાઈ સાથે હસતે મુખે વાત કર્યા કરજો, એ પણ નેકી છે. અને પોતાનુ તેહબંદ અડધી પિંડલી સુધી ઊંચી રાખજો, જો ન માનો તો ઘૂટી સુધી[૧૧]. અને તેહબંદ અધિક નીચુ રાખવાથી હમેશાં બચજો કે એ ઘમંડ છે અને અલ્લાહ તઆલા ઘમંડને પસંદ નથી કરતો. અને જો કોઈ શખ્સ તમને ગાળ આપે અને તમને કોઈ એવા અયબથી શરમ અપાવે જે તમારામાં એ જાણે છે તો તમે તેને તેના એવા અયબથી શરમ ન અપાવો જે તમે એનાથી જાણો છો[૧૨]. એનો વબાલ એના પર છે. (અબૂ દાઊદ, તિર્મિઝી) અને તિર્મિઝી એ તેમના સલામની હદીષ નક્લ કરી. અને એક રિવાયતમાં છે કે તમને એનો સવાબ મળશે અને એના પર એનો વબાલ થશે[૧૩].

**૧.** સહીહ એ છે કે આપનું નામ જાબિર ઈબ્ને સુલૈમ છે. અમુકે સુલૈમ ઈબ્ને જાબિર પણ કહ્યું છે પણ એ ગલત છે. સહાબી છે પણ ખૂબ જ ઓછી હદીષો આપવાથી રિવાયત પામી છે. ગામડાના રહેવાસી હતા. કામના માટે કદીક મદીના પાક આવતા હતા. આ વખતે આવ્યા તો હુઝૂર ﷺ સાથે મુલાકાતનો શરફ હાંસલ થયો. જેનો બનાવ અહીં વર્ણન થયેલ છે.

**૨.** એટલે કે આપની દરેક વાત માને છે, કારણ નથી પૂછતા. صَدَرُ صدور થી બન્યુ જેનો અર્થ છે સમજ્યા વિચાર્યા વિના ચાલી નીકળવું.

**૩.** એટલે કે મેં અમીરો હાકિમો તથા બાદશાહોના ખાદિમો પણ જોયા, પણ કોઈના ખાદિમો આવા "બંદા બેદામ" ન પામ્યા. અને આશ્ચર્ય થયું કે તેમની શાન તો શાહાના (રાજા જેવી) નથી પણ ફર્માન શાહોથી આ'લા છે. એટલા માટે આશ્ચર્યથી પૂછયું.

**૪.** પણ આપે જવાબ ન આપ્યો કેમ કે સલામ ગલત હતી. જાણવા મળ્યું કે સહીહ સલામનો જવાબ આપવો વાજિબ છે, ગલત સલામનો દુરુસ્ત કરવી જરૂરી છે. આપણે ત્યાં અમુક જાહિલો ભૈયા સલામ, અબ્બા સલામ કહે છે અથવા આદાબ અર્ઝ, તસ્લીમાત અર્ઝ વગેરે કહે છે, તેમાંથી કોઈનો જવાબ આપવો વાજિબ નથી બલ્કે તેમને સલામ શીખવાડવી જોઈએ.

**૫.** આ શબ્દોના ઘણા અર્થો કરવામાં આવેલા છે : એક એ કે ક઼બ્રસ્તાનમાં જઈને મુર્દાઓને علیک السلام કહો, પણ એ ગલત છે. કેમ કે ત્યાં પણ السلام علیکم કહેવું સુન્નત છે. બીજુ એ કે અરબના કાફિરો ક઼બ્રસ્તાન જઈને મુડદાંઓને આ સલામ કરતા હતા. ત્રીજુ એ કે જ્યારે મુડદાં આપસામાં એકબીજાથી મળે છે તો علیک السلام કહે છે. ચોથુ એ કે علیک السلام કહેવું મુડદાંઓના માટે યોગ્ય છે ઝિંદાને સલામ તો السلام علیکمથી કરે અને જવાબમાં وعلیکم السلام બોલે. واللہ اعلم, ફક઼ીરની નજીક ત્રીજી સ્પષ્ટતા મજબૂત છે.

**૬.** એટલે કે જ્યારે એકબીજાથી મળો તો السلام علیک કહો અથવા અમારી સાથે મુલાકાતના સમયે તહિય્યતના માટે એ કહો. દુરૂદ શરીફના મોક઼ા પર સલાતો સલામ જમા કરીને કહો. રબ તઆલા ફર્માવે છે : صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا (દુરૂદ તથા ખૂબ સલામ કોલો. સૂરએ અહઝાબ, ૩૩/૫૬) જેથી આ હદીષ આ આયતથી વિરુદ્ધ નથી.

**૭.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે અહીં ત્રણેવ સેગા મુતકલ્લિમના છે અને اَلَّذِی રસૂલની સિફત છે. એટલે કે હું તે રસૂલ છું કે મારી દુઆથી અલ્લાહ તઆલા લોકોની મુસીબતો ટાળે છે. હુઝૂર ﷺની આ દુઆઓ હુઝૂરે અન્વર ﷺના મો'જિઝાઓ છે અને શક્ય છે કે ત્રણેવ સેગા મુખાતબના હોય અને اَلَّذِی અલ્લાહ તઆલાની સિફત હોય. એટલે કે હું તો અલ્લાહનો રસૂલ છું કે જો તું મુસીબતોમાં મારા વસીલાથી તેનાથી દુઆઓ કરે તો પરવરદિગાર તારી આફતો ટાળી દેશે. (મિર્ક઼ાત) વસીલાની શર્ત એટલા માટે લગાડી કે અહીં હુઝૂરે અકરમ ﷺ પોતાની ઓળખ કરાવી રહ્યા છે, એ ખુદાને તો પહેલાં પણ પહેચાનતો હતો. ફક઼ીર (લેખક)ની નજીક પ્રથમ અર્થ અધિક મુનાસિબ છે, કેમ કે એમાં હુઝૂરે અન્વર ﷺની મઅરેફત અધિક છે જે અહીં મૂળ હેતુ છે.

**૮.** બીજા અર્થના આધારે અહીં એ સાબિત થશે કે હુઝૂર ﷺ પોતાના હાજર તથા ગાયબ ગુલામોના દુઃખ દર્દથી ખબરદાર છે અને તેમને દુઆઓ આપતા રહ્યા છે. રબ તઆલા ફર્માવે છે : عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ (તમારી ભલાઈની અતિશય ચાહનારા. *–સૂરએ તૌબા, ૯/૧૨૮*)

**૯.** જો بَذِيٌّથી મુરાદ બિભત્સ ગંદી ગાળ છે. ત્યારે તો હદીષ તદ્દન જાહેર છે કે **મુસલમાન બિભત્સવાણીવાળો નથી હોતો.** અને જો બુરો કહેવું મુરાદ છે તો જો કે અમુક વખતે કોઈને બુરો કહેવું જાઈઝ તો હોય છે પણ એનાથી બચવું બેહતર છે. એ સહાબીએ આ બેહતર પર અમલ કર્યો.

**૧૦.** એટલે કે જો ખુદા તને થોડી નેકીની પણ તૌફીક઼ આપે તો એને કરી લે અને ખુદાનો ખૂબ જ શુક્ર કર, મોક઼ાને ગનીમત જાણ કે ક્યારેક થોડી નેકીથી જ નજાત થઈ જશે. અને શુક્રની તૌફીક઼થી ભાવિમાં મોટી નેકીઓ પણ નસીબ થઈ જશે.

**૧૧.** આ હુકમ પુરૂષો માટે છે કે તેણે **ઘૂંટીની નીચે લેંગો કે તેહબંદ (લુંગી) ઘમંડના રૂપે રાખવી હરામ છે અને બેપરવાઈથી હોય તો ખિલાફે ઉલા (અફઝલિયત વિરુદ્ધ) છે.** પણ આજકાલ અડધી પિંડલી સુધીની પાયજામા વહાબીઓની નિશાની બની ગઈ છે, જેમ કે હમેશાં માથૂ મૂંડાવવું, જેથી ઘૂંટીની ઉપર રાખે. સ્ત્રીઓનું તેહબંદ કે પાયજામા (ઈજાર) ઘૂંટીની નીચે હોવું જોઈએ.

**૧૨.** અત્યંત હુસ્ને અખ્લાક઼ (સદ્‌વર્તાવ)ની તા'લીમ છે કે જો કોઈ તમારી અયબો ખોલે તો તમે એના અયબ ન ખોલો. કોઈકે શું મજાનો શેઅર કહ્યો : (શેઅર)

بدی رابدی سہل باشد جزاء　　　　اگر مردے اَحۡسِنۡ اِلیٰ مَنۡ اَسَاءَ

**અર્થાત** : બુરાઈનો બદલો બુરાઈથી આપવો સરળ છે, જો તું મર્દ છે તો જે બુરાઈ કરે તેની સાથે ભલાઈ કર.

પણ આ પોતાના અંગત મામલામાં છે અને તે પણ મુસલમાનોની સાથે, **જો કોઈ બદ્‌નસીબ અલ્લાહના મહબૂબોને અયબ લગાડે તો તેના સર્વ છુપા અયબો ખોલી દેવા સુન્નતે ઈલાહિયા છે.** જુઓ વલીદ બિન મુગીરાએ નબી કરીમ ﷺને મજનૂન કહ્યા તો રબ તઆલા જે સત્તારે ઓયૂબ (અયબો છુપાવનાર) છે તેણે સૂરએ નૂનમાં તેની દસ અયબો ખોલી, ત્યાં સુધી કે છેવટમાં ફર્માવ્યું : عُتُلٍّ بَعۡدَ ذٰلِكَ زَنِيۡمٍ કે, "તે હરામના નુત્ફાનો (હરામની ઔલાદ) છે. *–સૂરએ ક઼લમ, ૬૮/૧૩*" જેથી આ હદીષ આ આયતોની વિરુદ્ધ નથી. **પોતાના દુશ્મનને માફી આપવું કમાલ છે અને દીનના દુશ્મનોથી બદલો લેવો કમાલ છે.**

**૧૩.** યાદ રાખશો કે અંગત મામલામાં કોઈ મુસલમાનના અયબ ખોલવા સખત જુર્મ છે જેનો વબાલ ઘણો છે, પણ દીની મામલાઓમાં ખુદ મુસલમાનના અયબ ખોલવા ઈબાદત છે. હદીષના મુહદ્દિષો રાવીઓના અયબો વર્ણન કરતા હોય છે એ ગીબત કે અયબ લગાડવાના માટે નથી, બલ્કે હદીષનો દરજો નિશ્ચિત કરવા માટે હોય છે કે તેના રાવીઓમાં કેમ કે ફલાણી અયબ છે જેથી આ હદીષ ઝઈફ છે. ફઝાઈલે આમાલમાં કામ આવશે પણ અહકામમાં કામ લાગશે નહીં.

**★ હદીષ : (૩૨)-૧૯૧૯ ★**

وَعَن عَائِشَةَ إِنَّهُمْ ذَبَحُوا شَاةً فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا بَقِيَ مِنْهَا؟» قَالَتْ: مَا بَقِي مِنْهَا إِلَّا كتفها قَالَ: «بَقِي كلهَا غير كتفها» . رَوَاهُ التِّرْمِذِيّ وَصَححهُ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે અહલે બયતે બકરી ઝબહ કરી[૧] તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે એમાંથી શું બચ્યું ? તે બોલ્યાં કે ખભા સિવાય કાંઈ ન બચ્યું[૨] ફર્માવ્યું, ખભા સિવાયનું સૌ બચી ગયું[3] અને તિર્મિઝીએ એને સહીહ કહી."*

**૧.** બકરી ઝબહ કરનારા અમુક સહાબાએ કિરામ હતા અથવા અમુક અઝવાજે પાક (પાક બીવીઓ). બીજી

સંભાવનાને મુહદ્દિષોએ અગ્રતા આપી છે. કેમ કે અઝવાજે પાકને અહલે બયત પણ કહેવામાં આવે છે અને આ શબ્દ મુઝક્કર (નર વાચક) છે જેથી એટલા માટે નર વાચક બહુવચન ઈર્શાદ થયું. ફરિશ્તાઓએ બીબી સારા ઈબ્રાહીમ علیہ السلام નાં પત્ની رضی اللہ عنہا ને અર્ઝ કરી હતી : اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَبَرَكٰتُهٗ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ "ફરિશ્તા બોલ્યા, શું અલ્લાહના કામનો અચંબો કરો છો ? અલ્લાહની રહ્મત અને તેની બરકતો તમારા પર આ ઘરવાળાઓ !" *–સૂરએ હૂદ, ૧૧/૭૩)*

**૨.** એટલે કે બધો ગોશ્ત ખૈરાત કરી દેવામાં આવ્યો કેવળ ખભો (આગલી રાંગ) બચેલ છે. લગભગ એ ઘર વપરાશ માટે રાખવામાં આવેલ હશે અને એ બકરી સદકા માટે ઝબહ કરેલ હશે નહીં, કેમ કે સદકાનો ગોશ્ત ઘર ખર્ચ માટે નથી રાખવામાં આવતો.

**૩.** એટલે કે જે રાહે ખુદામાં સદકો કરી દેવામાં આવ્યું તો બાકી અને સલામત થઈ ગયું અને જે પોતાના ખાવા માટે રાખવામાં આવ્યું તે હજમ થઈને ફના થઈ જશે. રબ તઆલા ફર્માવે છે : مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ (જે તમારી પાસે છે તે નષ્ટ થઈ જશે અને જે અલ્લાહની પાસે છે તે હમેશાં રહેનારુ છે. *–સૂરએ નહ્લ, ૧૬/૯૬)*

**★ હદીષ : (૩૪)-૧૯૨૦ ★**

وَعَن ابْن عَبَّاس قَالَ ك سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَا مِنْ مُسْلِمٍ كَسَا مُسْلِمًا ثَوْبًا إِلَّا كَانَ فِي حفظ من الله مادام عَلَيْهِ مِنْهُ خرقَة».رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા **કે કોઈ મુસલમાન કોઈ મુસલમાનને કપડુ નહીં પહેરાવે પણ જ્યાં સુધી તેના શરીર પર એક ચીથરુ પણ રહે એ અલ્લાહની હિફાઝતમાં રહેશે."** (અહમદ તિર્મિઝી)*

**૧.** એટલે કે જ્યાં સુધી ફકીર (ગરીબ)ના શરીર પર એ કપડાની એક ચીજ બાકી છે ત્યાં સુધી અલ્લાહ તઆલા પહેરાવનારને દુનિયવી આફતોથી મહેફૂઝ રાખે છે, કેમ કે સદકો આફતોથી બચાવવામાં અજોડ છે. અથવા મતલબ એ છે કે ત્યાં સુધી અલ્લાહ તેની અયબપોશી ફર્માવતો રહે છે. હદીષ શરીફમાં છે કે જે મુસલમાન કોઈ મુસલમાનની સતરપોશી કરે તો અલ્લાહ તેની અયલપોશી કરે છે. આ હદીષ એ હદીષની શરહ છે. આ તો કપડુ પહેરાવવાનો દુનિયવી ફાયદો થયો, આખેરતનો ફાયદો તો આપણા ખયાલથી બહારનો છે. આ પરથી જાણવા મળ્યું કે જેવી રીતે સદકાની બકા (બાકી રહેવું) એવી જ રીતે તેના ફાયદાનું પણ બાકી રહેવું છે જેથી સદકાએ જારિયા ખૂબ જ આ'લા છે.

**★ હદીષ : (૩૪)-૧૯૨૧ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ يَرْفَعُهُ قَالَ: " ثَلَاثَةٌ يُحِبُّهُمُ اللَّهُ: رَجُلٌ قَامَ مِنَ اللَّيْلِ يَتْلُوا كِتَابَ اللَّهِ وَرَجُلٌ يَتَصَدَّقُ بِصَدَقَةٍ بِيَمِينِهِ يُخْفِيهَا أُرَاهُ قَالَ: مِنْ شِمَالِهِ وَرَجُلٌ كَانَ فِي سَرِيَّةٍ فَانْهَزَمَ أَصْحَابُهُ فَاسْتَقْبَلَ الْعَدُوَّ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَيْرُ مَحْفُوظٍ أَحَدُ رُوَاتِهِ أَبُو بكر بن عَيَّاش كثير الْغَلَط

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે તે એને મરફૂઅ કરે છે. ફર્માવ્યું, **ત્રણ શખ્સો સાથે અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે**[1] એક તે જે રાતે ઉઠીને કુર્આન પઢે[2] બીજો તે જે પોતાના જમણા હાથથી ખૈરાત કરે અને તેને છુપાવે. મને ખયાલ છે કે ફર્માવ્યું, પોતાના ડાબા હાથથી[3]. ત્રીજો તે જે કોઈ લશ્કરમાં હતો એવામાં તેના સાથી નાસી છૂટયા, તો એ દુશ્મનથી સામનો કરતો રહ્યો.[4] (તર્મિઝી) અને*

*તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગૈર મહફૂઝ છે. તેના એક રાવી અબૂબકર ઈબ્ને અબ્બાસ છે જે ખૂબ જ ગલતીઓ કરે છે[૫].''*

**૧.** ખાસ પ્રકારની મહોબ્બત, નહીં તો સામાન્ય મહોબ્બત તો અલ્લાહ તઆલા દરેક મો'મિનથી કરે છે. અમુક સરખામણીમાં સહાબાએ કિરામથી અલગ પ્રકારની મહોબ્બત કરે છે. અને વિવિધ પ્રકારની વ્યક્તિઓથી અલગ પ્રકારની મહોબ્બત કરે છે. એ જ હાલ રઝાએ ઈલાહીનો છે. **રબ તઆલાની ખાસ મહોબ્બતની એ નિશાની છે કે તેને નેક અમલોની તૌફીક઼ બખ્શે છે અને ગુનાહોથી બચાવે છે.** અલ્લાહ આપણને સૌને નસીબ કરે.

**૨.** અથવા તહજ્જુદની નમાઝ અથવા આમ જ નમાઝ સિવાય, જાણવા મળ્યુ કે છેવટ રાતની તિલાવત તથા નમાઝ ખૂબ જ આ'લા છે કે એમાં રિયાનો સાયો નથી. એમાં તે હિફ્ઝે કુર્આનવાળા તલબા પણ સામેલ છે જેઓ છેવટ રાતમાં કુર્આને પાક યાદ કરે.

**૩.** આ છુપાવવાની અતિશ્યોક્તિ દર્શાવવા માટે છે. એટલે કે તે પોતાનાં બીવી બચ્ચાં અને ખાસ દોસ્તોથી પણ એ સદકાનો ઉલ્લેખ નથી કરતો, જેથી રિયાની શંકા પણ નથી પેદા થતી. યાદ રાખશો કે ફર્ઝ સદકો મોટાભાગે જાહેર કરીને આપવો અફઝલ છે જેથી ફિસ્ક઼ની તોહમતથી બચે અને નફલી સદકો મોટાભાગે છુપાવીને આપવો બેહતર છે. હા ! ચંદો વગેરે માટે સદકાનું એલાન કરે જેથી બીજાઓને પણ આપવા માટે આકર્ષણ જાગે એ બેહતર છે. વિવિધ સંજોગોના વિવિધ હુકમો છે. રબ તઆલા ફર્માવે છે : اِنۡ تُبۡدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِىَ‌ۚ وَاِنۡ تُخۡفُوۡهَا وَتُؤۡتُوۡهَا الۡفُقَرَآءَ فَهُوَ خَيۡرٌ لَّکُمۡ (જો ખૈરાત એલાનિયા આપો તો એ કેટલી સારી વાત છે અને જો છુપાવીને ફકીરો (ગરીબો)ને આપો એ તમારા માટે સૌથી બેહતર છે.–સૂ. બક઼રહ, ૨/૨૭૧) જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી.

**૪.** પોતાની ફોજના ભાગી જવા પર અને ખુદ એકલા રહી જવા પર દુશ્મન સામે અડગ થઈ જવું જાણે પોતાની મૌતને દાવત આપવું છે, પણ કેમ કે અલ્લાહના કલમાને બુલંદ કરવાના માટે મરી જવું પણ ઈબાદત છે. એટલા માટે એ ગાઝી અલ્લાહનો ઘણો જ મહબૂબ બન્યો અને એના પર આત્મ હત્યાનો ઈલ્ઝામ ન આવ્યો. જો જંગની હાલતમાં આ હદીષ દરેક ગાઝીની સામે રહે તો ઈન્ શા અલ્લાહ ! ઈસ્લામી ફોજના કદમ ડગમગી શકતા જ નથી. મિર્કાતે ફર્માવ્યું કે આ ત્રણેવ બંદાઓ મુજાહિદ જ છે, એટલા માટે એ ત્રણેવના એકી સાથે ફઝાઈલ વર્ણવવામાં આવ્યા. તહજ્જુદગુઝાર એ વખતે સૂનારાઓની વિરૂધ્ધ કરે છે અને નફસે અમ્મારાનો મુકાબલો કરે છે, કેમ કે એ વખતે નફસને ઊંઘ પ્રિય હોય છે અને તેને અલ્લાહનો ઝિક્ર પ્યારો હોય છે. અને સખી પોતાના માલમાં જેહાદ કરે છે અને પોતાના નફસથી મુકાબલો કરે છે. કેમ કે નફસ માલથી મહોબ્બત કરે છે અને આ માલના ખાલિક઼થી. અને એ અડગ રહેનાર ગાઝી તો જાહેરી રીતે જ મુજાહિદ છે કે જો તે ગનીમત કે નામના માટે ગયો હોત તો આવા નાઝુક સમયે મેદાનમાં કદી ન રોકાત.

**૫.** આ હઝરત પોતાના સમયના ઈમામ હતા પણ હાફિઝો (યાદ શક્તિ) કમજોર હતો એટલા માટે ઝઈફ છે, પણ આ જ વિષયની હદીષો તથા સનદોથી પણ મરવી છે જે મોટાભાગે સહીહ છે, જેમનામાંથી થોડાક ફરક઼ સાથે એક આગળ પણ આવી રહી છે. જેથી હદીષનુ મતન (અસલ શબ્દો) ઝઈફ નથી. *(અશિઅહ તથા મિર્કાત)*

**★ હદીષ : (૩૫)-૧૯૨૨ ★**

وَعَنْ أَبِي ذَرٍّ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «ثَلَاثَةٌ يُحِبُّهُمُ اللَّهُ وَثَلَاثَةٌ يُبْغِضُهُمُ اللَّهُ فَأَمَّا الَّذِينَ يُحِبُّهُمُ اللَّهُ فَرَجُلٌ أَتَى قَوْمًا فَسَأَلَهُمْ بِاللَّهِ وَلم يسألهم بقرَابَة بَيْنَهُ وَبَيْنَهُمْ فَمَنَعُوهُ فَتَخَلَّفَ رَجُلٌ بِأَعْيَانِهِمْ فَأَعْطَاهُ سِرًّا لَا يَعْلَمُ بِعَطِيَّتِهِ إِلَّا اللَّهُ وَالَّذِي أَعْطَاهُ وَقَوْمٌ سَارُوا لَيْلَتَهُمْ حَتَّى إِذَا كَانَ النَّوْمُ أَحَبَّ إِلَيْهِمْ مِمَّا يُعْدَلُ بِهِ فَوَضَعُوا رُءُوسَهُمْ فَقَامَ يَتَمَلَّقُنِي وَيَتْلُو آيَاتِي وَرَجُلٌ كَانَ فِي سَرِيَّةٍ فلقي الْعَدو فهزموا وَأَقْبل بِصَدْرِهِ حَتَّى يُقْتَلَ أَوْ يُفْتَحَ لَهُ وَالثَّلَاثَةُ الَّذِينَ يُبْغِضُهُمُ اللَّهُ الشَّيْخُ الزَّانِي وَالْفَقِيرُ الْمُخْتَالُ والغني الظلوم» . رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ

*''હઝરત અબૂઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ત્રણ શખ્સોથી મહોબ્બત કરે છે અને ત્રણથી સખત નારાજ છે[૧] જેનાથી મહોબ્બત કરે છે તે એક તો તે શખ્સ છે જે કોઈ ક઼ૌમની પાસે પહોંચ્યો[૨] તેમનાથી અલ્લાહના નામ પર કાંઈ માગ્યુ, પોતાની આપસની સગાઈના કારણે ન માગ્યુ[૩] લોકોએ તેને મના કરી આપ્યું તો એમનામાંથી એક શખ્સ પાછળ હટયો. તેને કાંઈક આપી દીધુ જેનો અતિયો અલ્લાહના સિવાય અને તે આપનારના સિવાય કોઈ નથી જાણતો[૪] અને એક તે ક઼ૌમ જે રાતભર ચાલતી રહી ત્યાં સુધી કે તેમને ઊંઘ દરેક ચીજ કરતાં પ્યારી થઈ ગઈ તો માથુ રાખીને સૂઈ ગયા એ તો એ ઉભો થઈને મારી ખુશામદ કરવા લાગ્યો અને મારી આયતો તિલાવત કરી.[૫] અને તે શખ્સ જે કોઈ લશ્કરમાં હતો. દુશ્મન સાથે જંગ કરી. લોકો નાસી છૂટયા તો એ પોતાની છાતી તાણીને ઉભો થઈ ગયો, ત્યાં સુધી કે કતલ કરી દેવામાં આવ્યો અથવા તેના કારણે જીત થઈ ગઈ.[૬] અને તે ત્રણ જેમનાથી અલ્લાહ સખત નારાજ છે : એક વૃધ્ધ ઝાની[૭] ઘમંડી ફક઼ીર અને જાલિમ ગની[૮] '' (તિર્મિઝી, નસાઈ)*

**૧.** તેમનાથી મહોબ્બત કરવાનો અર્થો અગાઉ વર્ણવવામાં આવી ગયો, કે ખાસ મહોબ્બત મુરાદ છે. નારાજીથી પણ ખાસ નારાજી મુરાદ છે, નહીં તો રબ તઆલા કાફિરો તથા ફાસિક઼ો (ગુનેહગારો)થી નારાજ છે. જેથી હદીષ સ્પષ્ટ છે, એના પર કોઈ વાંધો નથી.

**૨.** આ પહોંચનારો અને માગનારો ખુદાનો મહબૂબ નથી. મહબૂબ તો તે આપનાર છે જેનું વર્ણન આગળ આવી રહ્યું છે. તેના સદક઼ાનું મહત્વ દેખાડવા માટે આ પૂરો બનાવ વર્ણવ્યો.

**૩.** જો કે સગા ફક઼ીર (ગરીબ)ને આપવામાં બમણો સવાબ છે પણ અહીં આ સખીનું તે અજનબી ફક઼ીરને ખૈરાત આપવું ખૂબ જ કામિલ થયું કેમ કે અહીં અલ્લાહની રઝા સિવાય અન્ય કોઈ ચીજ ફક઼ીરની એહસાનમંદી વગેરે લક્ષમાં ન હતું. જેથી હદીષ પર એ વાંધો નથી કે સગા સંબંધીઓને ખૈરાત આપવી અફઝલ છે.

**૪.** أَعْطَاهُ ''માં બે સંભાવનાઓ છે : એક એ કે એનાથી લેનારો ફક઼ીર મુરાદ હોય. બીજુ એ કે તેનાથી આપનારો સખી મુરાદ હોય. બીજો અર્થ અધિક જાહેર છે. મતલબ એ છે કે તે સખીએ પોતાનું મોં છુપાવીને અથવા અંધારામાં એ રીતે આપ્યું કે ફક઼ીરને પણ ખબર ન પડી કે કોણ આપી ગયું. કેમ કે એ શખ્સે સદક઼ો પણ આપ્યો, તે કૌમની વિરૂધ્ધતા પણ કરી અને ફક઼ીરની તૂટેલી આશા પણ પૂરી કરી, એટલા માટે એ ખુદાનો અધિક પ્યારો થયો.

**૫.** અરબમાં સામાન્યતઃ રાતમાં સફર થાય છે અને થાક ઉતારવા માટે મુસાફર છેવટ રાતમાં આરામ કરી લે છે. કેમ કે એ તહજ્જુદગુઝારે ત્રણ બહાદુરીઓ કરી એટલા માટે એ ખુદા તઆલાને અધિક મહબૂબ થયો : (૧) આવી હાલતમાં ઊંઘ પર ઈબાદતને અગ્રતા આપવી (૨) સૌને ઊંઘતા જોઈને પણ ન સૂવું, આબિદોમાં ઈબાદત આસાન કરવી છે, ગાફિલોમાં મુશ્કેલ છે. (૩) અને તહજ્જુદની નમાઝ. ملق تملقથી બન્યું દોસ્તી તથા નરમીના અર્થમાં. નાજાઈઝ નરમીનું નામ ચાપલૂસી છે અને જાઈઝ નરમીનુ ખુશામદ, નિયાઝમંદી વગેરે છે. અહીં બીજો અર્થ છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે અસલ ઈરફાન અને બંદા તથા રબની વચ્ચે ખાસ સંબંધનો સબબ છે. એ હાલ ક઼ાલથી ઉપર છે.

**૬.** એ રીતે કે એ એકલાની હિંમત તથા બહાદુરીને જોઈને ભાગનારાઓમાં દિલેરી પેદા થઈ, પલટી આવ્યા અને અડગતાથી લડયા. જેવું કે ગઝવએ હુનૈનમાં થયું કે તે દિવસે સર્વ ગાઝીઓના ક઼દમ ડગમગી ગયા હતા. સૈયદુલ અરજઈન ﷺ મેદાનમાં જામેલા રહ્યા તો તે જ સહાબીઓ પલટી આવ્યા અને અડગપણે લડયા અને મેદાન જીતી લીધુ. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

**૭.** જાહેર એ છે કે શયખ વૃધ્ધના અર્થમાં છે ન કે શાદીશુદા યુવાન, કેમ કે ઘડપણમાં મૌત નજીક જણાય છે, કામ વાસનાઓ કમજોર પડી જાય છે, વૃધ્ધ માણસ ઘણી જ તકલીફથી સંભોગ કરી શકે છે. એટલા માટે એનો ઝિના અત્યંત ખબાષત (ગંદકી)ની દલીલ છે કે એને ન મૌતનો ડર છે ન અલ્લાહ રસૂલની શરમ.

**૮.** જો કે દરેક ઘમંડ બુરો છે પણ ફક઼ીરનો ઘમંડ અધિક બુરો છે કે તેની પાસે તેના સબબો નથી પણ કેવળ શૈતાનના ધોકાથી પોતાને મોટો સમજે છે. યાદ રાખશો કે તકબ્બુર, ઈસ્તગના અને તઅફફુફમાં ઘણો ફરક છે. અને મુસલમાનોને પોતાનાથી નીચા જાણવું તકબ્બુર છે, અને પોતાને તેમનાથી બેનિયાઝ સમજવું, કેવળ અલ્લાહ વ રસૂલના જ મોહતાજ સમજવું ખૂબ જ ઉચ્ચ ગુણ છે, એને જ ઈસ્તગના વગેરે કહે છે. એને આ'લા હઝરત قُدِّسَ سِرُّهٗએ આ પ્રમાણે વર્ણવ્યું છે : (શેઅર)

*તેરે ક઼દમોમેં જો હૈં ગૈરકા મુંહ ક્યા દેખેં – કૌન નઝરોંમેં જચે દેખ કે તલ્વા તેરા*
*(શેઅર) ક્યૂં ન વો બેનિયાઝ હો–તુઝસે જિસે નિયાઝ હો.*

મિર્ક઼ાતે ફર્માવ્યું કે કાફિરો તથા ઘમંડીઓના મુક઼ાબલામાં ઘમંડ કરવો ઈબાદત છે. અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે હઝરત બશીર ઈબ્ને હારિષે અમીરુલ મો'મિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہને ખ્વાબમાં જોયા. અર્ઝ કરી, મને કાંઈક નસીહત કરો. ફર્માવ્યું કે અમીરોનું ફક઼ીરો પર મહેરબાની કરવું ઘણુ જ સારું છે પણ ફક઼ીરોનું ખુદા પર તવક્કુલ કરીને અમીરોથી ઘમંડ કરવું તેનાથી પણ સારું છે. આ ફક઼ીર ઘમંડીઓમાં તે જાહિલ પણ સામેલ છે જે આલિમોને તુચ્છ સમજે કે તે ઈલ્મના ફક઼ીર છે.

**૯.** પોતાના નફસ પર જાલિમ, કે નેઅમતોનો શુક્ર નથી કરતો, અને મખ્લૂક઼ પર જાલિમ કે તેમને લાભ પહોંચાડવાના બદલે સતાવે છે. કેમ કે એ લોકોના જુર્મ સખત છે જેથી અલ્લાહ તઆલા તેમનાથી સખત નારાજ છે.

**★ હદીષ : (૩૬)-૧૯૨૩ ★**

وَعَن أنس بن مَالك عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَمَّا خَلَقَ اللَّهُ الْأَرْضَ جَعَلَتْ تَمِيدُ فَخَلَقَ

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહે જમીનને પેદા કરી તો જમીન હલવા લાગી[૧] તો પહાડોને પેદા કર્યા તો એમને જમીનમાં ખોસી દીધા તો જમીન*

الْجبَالَ فَقَالَ بِهَا عَلَيْهَا فَاسْتَقَرَّتْ فَعَجبَتِ الْمَلَائِكَةُ مِنْ شِدَّةِ الْجبَالِ فَقَالُوا يَا رَبِّ هَلْ مِنْ خَلْقِكَ شَيْءٌ أَشَدُّ مِنِ الْجبَالِ قَالَ نعم الْحَدِيد قَالُوا يَا رَبِّ هَلْ مِنْ خَلْقِكَ شَيْءٌ أَشَدُّ مِنَ الْحَدِيدِ قَالَ نَعَمِ النَّارُ فَقَالُوا يَا رب هَل من خلقك شَيْء أَشد من النَّار قَالَ نعم المَاء قَالُوا يَا رب فَهَل مِنْ خَلْقِكَ شَيْءٌ أَشَدُّ مِنَ الْمَاءِ قَالَ نَعَمِ الرِّيحُ فَقَالُوا يَا رَبِّ هَلْ مِنْ خَلْقِكَ شَيْءٌ أَشَدُّ مِنَ الرِّيحِ قَالَ نَعَمِ ابْن آدم تصدق بِصَدَقَة بِيَمِينِهِ يخفيها من شِمَالِهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

وَذُكِرَ حَدِيثُ مُعَاذٍ: «الصَّدَقَةُ تُطْفِئُ الْخَطِيئَةَ» . فِي كتاب الْإِيمَان

*થંભી ગઈ[૨] તો ફરિશ્તાઓએ પહાડોની મજબૂતી પર આશ્ચર્ય કર્યું. બોલ્યા, ઈલાહી ! તારી મખ્લૂક઼માં કોઈ ચીજ પહાડોથી પણ વધુ સખત છે ? ફર્માવ્યું, હા ! લોખંડ છે.[૪] અર્ઝ કરી, હે ઈલાહી ! શું તારી મખ્લૂક઼માં કોઈ ચીજ લોખંડથી પણ અધિક સખત છે ? ફર્માવ્યું, હા ! આગ છે[૫] અર્ઝ કરી, મૌલા ! શું તારી મખ્લૂક઼માં કોઈ ચીજ આગ કરતાં અધિક સખત છે ? ફર્માવ્યું, પાણી છે[૬] બોલ્યા, યા ઈલાહલ આલમીન ! શું તારી મખ્લૂક઼માં કોઈ ચીજ પાણીથી પણ અધિક સખત (શક્તિવાન) છે ? ફર્માવ્યું, હા ! હવા છે[૭] બોલ્યા, હે પરવરદિગાર ! શું તારી મખ્લૂકમાં કોઈ ચીજ હવાથી પણ અધિક શક્તિવાન છે ? ફર્માવ્યું હા ! તે માણસ જે જમણા હાથે ખૈરાત કરે જેને ડાબા હાથથી છુપાવે[૮] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

*અને હઝરત મઆઝની એ હદીષ કે સદક઼ો ગુનાહો મિટાવી દે છે એ કિતાબુલ ઈમાનમાં વર્ણન થઈ ચૂકી છે."*

**૧.** જેવી રીતે હલકી નાવડી તથા જહાઝ પાણી પર હાલે છે એ જ પ્રમાણે જમીન હલતી હતી. ફરિશ્તાઓએ ગુમાન કર્યું કે એનાથી લોકો ફાયદો ઉઠાવી શકશે નહીં.

**૨.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે પહેલાં અબૂ કુબૈસ પહાડ પેદા થયો, પછી બીજા પહાડો. એ પહાડોથી જમીન એવી ઠરી ગઈ જેવી રીતે જહાઝમાં વજન રાખી દેવાથી દરિયા પર ઠરી જાય છે, હાલક ડોલક નથી કરતું. قَالقول થી બન્યુ ખોસી દેવાના અર્થમાં. પહાડ જમીનમાં એવા ખોસાઈ ગયા છે જેવી રીતે જમીનમાં મજબૂત ઝાડ કે પહાડોની જડો દૂર સુધી ફેલાયેલી હોય છે. રબ તઆલા ફર્માવે છે : وَاَلْقٰى فِى الْاَرْضِ رَوَاسِىَ اَنْ تَمِيْدَ بِكُمْ (અને તેણે જમીનમાં લંગાર નાખ્યા કે તમને લઈને ન કાંપે. *–સૂરએ નહ્લ, ૧૬/૧૫*) કેટલાક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં "ક઼ાલ" કહેવાના જ અર્થમાં છે, એટલે કે પહાડ પેદા કરીને જમીનને કહ્યું તો થંભી ગઈ. એટલે કે જમીનનું થંભી જવું "કુન" ફર્માવવાથી છે, પહાડ કેવળ સબબ છે. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે, જેવું કે આગલા લખાણથી જાહેર છે.

**૩.** ફરિશ્તાઓને આશ્ચર્ય એ થયું કે પહાડોએ આટલી મોટી જમીનને એ રીતે જકડી લીધી કે તેને હલવા નથી દેતા તો પછી એનાથી શક્તિવાન મખ્લૂક઼ કઈ હશે ?! યાદ રાખશો કે પહાડ જમીન કરતાં અધિક વજનદાર નથી પણ જેવી રીતે જહાઝનો સામાન જહાઝના વજન કરતાં કેટલાય હલકો હોય છે પણ જહાઝને હલવા નથી દેતો, એ જ પ્રમાણે પહાડનું છે.

**૪.** કેમ કે લોખંડ પહાડને તોડી નાખે છે પણ પહાડ લોખંડને નથી તોડતો.

**૫.** કેમ આગ લોખંડને ઓગાળી દે છે, બલ્કે અધિક તેજ થાય તો લોખંડને ઓગાળીને પાણી બનાવી દે છે.

૬. કે પાણી આગને ઓલવી કાઢે છે ભલે આગ પાણીને ગરમ પણ કરી દે છે અને સળગાવી પણ દે છે, પણ કોઈ વાસણની મદદથી જ્યારે પાણી એમાં બંધ હોય, જો આડ હટાવી દેવામાં આવે તો પાણી જ આગને ઓલવી નાખે છે. જેથી હદીષ પર કોઈ એતરાઝ નથી. પાણી કેદમાં રહીને બળે છે.

૭. કેમ કે હવા પાણીથી ભરેલા વાદળોને ઉડાડતી ફરે છે અને સમુદ્રમાં વંટોળ ઉભુ કરી દે છે જેનાથી ત્યાં તોફાન ખડુ થઈ જાય છે.

૮. કેમ કે એવો સખી એ નાફર્માન નફસને તાબે કરી લે છે જે પહાડ કરતાં અધિક સખત અને સમુદ્ર તથા હવા કરતા અધિક તોફાની છે. નફ્સ પ્રથમ તો કંજૂસી શીખવાડે છે. જ્યારે સખાવત કરવામાં આવે તો દેખાડાને પસંદ કરે છે. આ છુપી સખાવત કરનાર નફસની બંનેવ ખ્વાહિશોને કચડી નાખે છે અને નફસની આગને બુઝાવી દે છે, જેથી ઘણો બહાદુર છે. તેમજ છુપી રીતે સદકો કરવાથી અલ્લાહના ગઝબની આગ બુઝાય જાય છે, અલ્લાહની રઝા હાંસલ થાય છે, આ નેઅમતો પહાડ, લોખંડ, આગ, પાણી, હવાથી હાંસલ નથી થઈ શકતી. જેથી આ સદકો તેમનાથી બેહતર છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે માલની સખાવત કરતાં હાલની સખાવત અફઝલ છે, અને હાલની સખાવત કરતાં કમાલની સખાવત બેહતર છે, કેમ કે માલની સખાવતમાં ફકીરની આ જ જિંદગીના બે એક દિવસ સંભલી જાય છે, પણ હાલ તથા કમાલની સખાવતથી આપણા જેવા મિસ્કીનોના બંનેવ જહાન દુરુસ્ત થઈ જાય છે. હુઝૂરે અન્વર ﷺએ કયામત સુધીના લોકાના દીન તથા દુનિયા સમારી આપ્યાં. હુઝૂરે અન્વર ﷺ

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૩૭)-૧૯૨૪ ★**

عَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ عَبْدٍ مُسْلِمٍ يُنْفِقُ مِنْ كُلِّ مَالٍ لَهُ زَوْجَيْنِ فِي سَبِيلِ اللَّهِ إِلَّا اسْتَقْبَلَتْهُ حَجَبَةُ الْجَنَّةِ كُلُّهُمْ يَدْعُوهُ إِلَى مَا عِنْدَهُ» . قُلْتُ: وَكَيْفَ ذَلِكَ؟ قَالَ: «إِنْ كَانَتْ إِبِلًا فَبَعِيرَيْنِ وَإِنْ كَانَت بقرة فبقرتين» . رَوَاهُ النَّسَائِيّ

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાન પોતાના દરેક માલથી જોડ અલ્લાહની રાહમાં ખૈરાત નથી કરતો[૧] પણ જન્નતના દરવાન તેનું સ્વાગત કરશે, તેમનામાંથી દરેક તેની તરફ બોલાવશે જે એની પાસે છે[2] મે અર્ઝ કરી, એવું કેવી રીતે કરે ? ફર્માવ્યું, જો ઊંટ હોય તો બે ઊંટ આપે અને જો ગાય હોય તો બે ગાયો આપે.[3]" (નિસાઈ)*

૧. અમુક લોકો ફકીરને કપડાંની જોડ અને જોડા (બુટ) પણ આપે છે, તેમજ રૂપિયા પૈસા ખૈરાત કરે છે તો કમસે કમ બે આપે છે, તેનો માખઝ આ હદીષ છે. હદીષ તદ્દન જાહેરી અર્થ પર છે, એમાં કાંઈ તાવીલની જરૂરત નથી.

૨. એટલે કે જન્નતના દરેક દરવાજા પર તેની પોકાર થશે કે આ તરફથી આવો ! આ ઈજ્જતના પ્રદર્શન માટે હશે. આ લોકો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ની ફોજ હશે અને તે આ જમાઅતના ઉચ્ચ સરદાર હશે : يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ *(જે દિવસે અમે દરેક જમાઅતને તેમના ઈમામની સાથે બોલાવીશું."*

*(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૭૧)*

**૩.** આ શરહે બતાવી દીધું કે હદીષમાં એક જાતિની બે સ્થિતિઓ મુરાદ નથી. એટલે કે રોટલી અને પાણી, જોડા અને ટોપી બલ્કે એક જ પ્રકારના બે બે મુરાદ છે, એટલે પૈસા ખૈરાત કરો તો બે રૂપિયા હોય, કપડાં હોય તો બે.

**★ હદીષ : (૩૮)-૧૯૨૫ ★**

وَعَنْ مَرْثَدِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ: حَدَّثَنِي بَعْضُ أَصْحَابِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ سَمِعَ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ ظِلَّ الْمُؤْمِنِ يَوْمَ الْقِيَامَةِ صدقته» . رَوَاهُ أَحْمد

*"હઝરત મર્ષદ ઈબ્ને અબ્દુલ્લાહથી[1] રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺના અમુક સહાબીઓએ ખબર આપી કે તેમણે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, ક઼યામતના દિવસે મુસલમાનનો સાયો તેનો સદક઼ો હશે.[2]" (અહમદ)*

**૧.** આપની કુન્નિયત અબુલ ખૈર છે. કબીલા મુઝૈનાથી છે. મિસરના રહેવાસી તાબઈનથી છે. પોતાના સમયના મુફતીયે આ'ઝમ હતા, ત્યાં સુધી કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ આપનાથી ફત્વા લેતા હતા. હઝરત ઈબ્ને ઉમર, અબૂ ઐયૂબ, ઉક઼બા ઈબ્ને આમિર સહાબીઓથી મુલાકાત છે.

**૨.** એટલે કે મો'મિનના સદક઼ા તથા ખૈરાત ખાસ કરીને ફી સબીલિલ્લાહ મુસાફરખાનાં, મસ્જિદો બનાવવી તથા બાગો ઉગાડવા વગેરે કાલે ક઼યામતમાં છાંયડાવાળાં ઝાડોના સ્વરૂપમાં જાહેર થશે જેમના છાંયડામાં સખી હશે અને ક઼યામતની ગરમીથી મેહફૂઝ રહેશે. કેમ કે દુનિયામાં ગરીબો, ફક઼ીરોને તેણે દયાના છાંયડામાં રાખ્યા હતા. હદીષ બિલ્કુલ જાહેરી અર્થમાં છે, કોઈ તાવીલની જરૂરત નથી. ત્યાં માલ બલ્કે અમલોનાં વિવિધ સ્વરૂપો હશે. **કંજૂસનો માલ ગંજા સાપના સ્વરૂપમાં અને સખીનો માલ સાયાદાર ઝાડના સ્વરૂપમાં જાહેર થશે.** આજે દુનિયામાં આપણે ખ્વાબમાં એ ચીજોને વિવિધ સ્વરૂપોમાં જોઈએ છીએ. મિસરના બાદશાહે દુકાળના વરસો શુષ્ક વાળ અને દૂબળી ગાયોનાં સ્વરૂપમાં જોયાં હતાં. *(કુર્આને કરીમ)*

**★ હદીષ : (૩૯)-૧૯૨૬ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ وَسَّعَ عَلَى عِيَالِهِ فِي النَّفَقَةِ يَوْمَ عَاشُورَاءَ وَسَّعَ اللّٰهُ عَلَيْهِ سَائِرَ سَنَتِهِ» . قَالَ سُفْيَانُ: إِنَّا قَدْ جربناه فوجدناه كَذَلِك. رَوَاهُ رزين

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે દસમી મુહર્રમે પોતાના બાળકોમાં ઉદારતા કરશે[1] સુફયાન ફર્માવે છે કે અમે આ હદીષનો અનુભવ કર્યો તો એવી જ પામી.[2]" (રઝીન)*

**૧** : એટલે કે **મુહર્રમની દસમી તારીખે પોતાનાં બીવી બાળકો, નોકર, ખાદિમો, ફક઼ીરો, મિસ્કીનોના માટે વિવિધ પ્રકારનાં ખાણ તૈયાર કરે તો ઈન્શા અલ્લાહુ તઆલા ! વરસભર સુધી એ ખાણાઓમાં બરકત થશે.** મુસલમાન આશુરાના દિવસે હલીમ પકાવે છે તેનો માખઝ આ હદીષ છે. કેમ કે હલીમમાં દરેક ખાણુ હોય છે. ઘઉં, ગોશ્ત અને દાળો, ચાવલ વગેરે. તો ઈન્શા અલ્લાહ ! હલીમ પકાવનારાના ઘરે એ સર્વ ખાણાઓમાં બરકત થશે.

**૨** : એટલે કે સુફયાન ફર્માવે છે કે આ હદીષ અમારા અને અમારા સાથીઓના અનુભવમાં આવી છે. ખરેખર આ અમલથી બરકત થાય છે જેથી આ હદીષ ક઼વી છે. યાદ રાખશો કે અનુભવથી પણ હદીષને મજબૂતી મળે છે.

એટલા માટે મુહદિષો હદીષોના સમર્થનના માટે પોતાના અનુભવનો ઉલ્લેખ પણ કરી આપે છે. અહીં પણ એવું જ છે. એની ચર્ચા અમારી કિતાબ જાઅલ્ હક્ક્ ભાગ–રમાં જુઓ. યાદ રાખશો કે આશૂરાના દિવસે પોતે રોઝો રાખો અને બાળકો તથા ફક઼ીરોને ખૂબ ખવડાવો પીવડાવો. આ હદીષ આશૂરાના રોઝાની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૪૦)-૧૯૨૭ ★**

وَرَوَى الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ عَنْهُ وَعَنْ أَبِي هُرَيْرَةَ وَأَبِي سعيد وَجَابِر وَضَعفه

*"અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં આ જ ઈબ્ને મસ્ઊદ અને અબૂ હુરૈરહ અને અબૂ સઈદ તથા જાબિરથી રિવાયત કરી અને તેને ઝઈફ કહી.[૧]"*

**૧.** બયહક઼ીએ આ જ જગાએ ફર્માવ્યું કે આ હદીષ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલ છે જે સૌ ઝઈફ છે, પણ કેટલીક ઝઈફ અસ્નાદો મળીને હદીષને ક઼વી (મજબૂત) કરી દે છે. જેથી આ હદીષ હસન લિગૈરહૂ છે. (અશિઅહ) ઈમામ ઈરાક઼ીએ ફર્માવ્યું કે આ હદીષની અમુક અસ્નાદો સહીહ પણ છે. ઈમામ મુસ્લિમની શર્ત પર છે, જેથી હદીષનું મતન સહીહ છે (મિર્ક઼ાત) જો હદીષ ઝઈફ પણ હોય તો અમલોના ફઝાઈલમાં સ્વીકાર્ય છે. આશૂરાના દિવસે અન્ય ઘણા અમલો કરવા જોઈએ, જેમ કે ગુસલ કરવું, સુરમો લગાડવો, રોઝો રાખવો વગેરે એની વિગત અમારી કિતાબ "ઈસ્લામી ઝિંદગી"માં જુઓ.

**★ હદીષ : (૪૧)-૧૯૨૮ ★**

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ أَبو ذَرٍّ: يَا نَبِيَّ اللّٰهِ أَرَأَيْتَ الصَّدَقَةُ مَاذَا هِيَ؟ قَالَ: «أَضْعَافٌ مُضَاعَفَةٌ وَعِنْدَ اللّٰهِ الْمَزِيدُ» . رَوَاهُ أَحْمد

*"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે કે અબૂ ઝરે અર્ઝ કરી, હે અલ્લાહના નબી! જણાવો તો સદક઼ાનો દરજો શું છે? ફર્માવ્યું, તે ઘણો જ વધારે (ડબલથી ડબલ) છે અને અલ્લાહને ત્યાં અધિકતા અલગ છે.[૧]"*

**૧.** આ વાક્યના બે અર્થો થઈ શકે છે : એક એ કે સદક઼ાની બરકતો દુનિયામાં બમણી તમણી છે અને કાલે ક઼યામતમાં જે વધારા થશે તે આપણા હિસાબથી બહારના છે. રબ તઆલા ફર્માવે છે : يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ (અલ્લાહ તબાહ કરે છે વ્યાજને અને વધારે છે ખૈરાતને. –સૂ. બક઼રહ, ૨/૨૭૬) અનુભવ પણ છે કે સદક઼ાથી માલ ઘણો જ વધે છે. બીજુ એ કે ક઼યામતમાં સદક઼ાનો સવાબ દસથી સાતસો ઘણા સુધી છે અને જે અધિકતાઓ રબ અતા કરશે તે હિસાબ બહારની છે. રબ તઆલા ફર્માવે છે : وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ (અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. *–સૂ. બક઼રહ, ૨/૨૬૧*)

# બાબુ અફઝલુસ્સદકૃતિ باب افضل الصدقة
## (બેહતરીન સદકા વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** આમ તો દરેક સદકો સર્વાંશે સારો છે પણ ક્યારેક ટેમ્પરરી સંજોગોમાં ઘણો જ સારો થઈ જાય છે, ચાહે ખૈરાત આપવાવાળાના હોય કે લેનારાના હોય કે માલના હોય. જેમ કે તંદુરસ્તીની ખૈરાત મૃત્યુ વેળાની ખૈરાત કરતાં બેહતર છે એ જ પ્રમાણે મુત્તકી, પરહેઝગાર, બાળબચ્ચાંવાળાને આપવું ફાસિકને આપવા કરતાં બેહતર, એ જ પ્રમાણે જે ચીજની એ સમયે તંગી હોય તેનો સદકો અફઝલ છે. જ્યાં પાણીની તંગી હોય ત્યાં કૂવો ખોદાવવો ઘણો જ સવાબનો સબબ છે. આ પ્રકરણમાં એ સર્વ સંજોગોનું વર્ણન થશે જેનાથી સદકો ઘણો બેહતર થઈ જાય છે.

**★ હદીષ : (૧)-૧૯૨૯ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ وَحَكِيمِ بْنِ حِزَامٍ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَيْرُ الصَّدَقَةِ مَا كَانَ عَنْ ظَهْرِ غِنًى وأبدأ بمن تعول» . رَوَاهُ الْبُخَارِيّ وَمُسلم عَن حَكِيم وَحده

*"હઝરત અબૂ હુરૈરહ અને હકીમ ઈબ્ને હિઝામ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બેહતરીન સદકો તે છે જે કુવ્વતે ગના (માલદારીની તાકત)થી હોય[1] અને એનાથી શરૂ કરો જેની તમે પરવરિશ કરતા હોવ.[2] (બુખારી) અને મુસ્લિમે કેવળ હકીમથી રિવાયત કરી."*

**૧** : અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહી ظهر શબ્દ વધારે છે જેનો કોઈ અર્થ નથી, પણ હક્ક એ છે કે વધારાનો નથી પણ શક્તિ તથા ગલ્બાના અર્થમાં છે. એટલે કે સદકો બેહતર તે છે કે સદકો આપનાર સદકો આપીને પોતે પણ ખૂબ ગની રહે, ક્યાં તો માલનો ગની રહે, એટલે કે સર્વ ખૈરાત ન કરી દે કે કાલે ખુદ તથા તેનાં બીવી બચ્ચાં ભીખ માગતાં ફરે. સારાંશ કે સદકો આપીને ખુદ ફકીર ભીખારી ન બની જાવ. અથવા દિલનો ગની કે સર્વ કાંઈ આપીને પણ લોકોથી બેનિયાઝ (બેપરવા) રહે. જેમ કે હઝરત અબૂ બક્ર સિદ્દીકે સર્વ કાંઈ રાહે ખુદામાં આપી દીધું કે ઘરમાં કાંઈ ન રાખ્યું. જેથી આ હદીષ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના આ અમલની વિરૂધ્ધ નથી. ખુલાસો એ કે સામાન્ય મુસ્લિમ લોકો અસલી જરૂરતથી અધિક માલને ખૈરાત કરે. રબ તઆલા ફર્માવે છે : وَيَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ ۬ قُلِ الْعَفْوَ (તમને પૂછે છે, શું અર્થ કરીએ ? તમે ફર્માવો, જે ફાજલ બચે. *–સૂ. બકરહ, ૨/૨૧૯*) عفو થી મુરાદ જરૂરત કરતાં બચેલો માલ. અને ખાસ મુતવક્કિલીન (તવક્કુલવાળાઓ) કુલ માલ પણ લૂટાવી શકે છે. આ હદીષ બંનેવને સમાવે છે.

**૨** : એટલે કે પોતાનો માલ પ્રથમ પોતાના બાલ બચ્ચાંઓ પર, ગરીબ સગા સંબંધીઓ પર, પછી બીજા લોકો પર ખર્ચ કરો. કેમ કે મો'મિનને એ સૌ ખર્ચાઓમાં સદકાનો સવાબ મળે છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એ એ ખર્ચાઓને સદકામાં સામેલ કર્યા. સુબ્હાનલ્લાહ ! કેટલો પ્યારો ક્રમ છે અને કેટલી ઉમદા તાલીમ છે. સગા સબંધીઓને સદકો આપવામાં સદકાનો પણ સવાબ છે અને સગાઈ અદા કરવાનો પણ, જેવું કે આગલી હદીષમાં આવી રહ્યું છે.

**★ હદીષ : (૨)-૧૯૩૦ ★**

وَعَنْ أَبِي مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذا أَنْفَقَ الْمُسْلِمُ نَفَقَةً عَلَى أَهْلِهِ وَهُوَ يَحْتَسِبُهَا كَانَت لَهُ صَدَقَة»

*"હઝરત અબૂ મસ્ઊદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ કે જ્યારે મુસલમાન પોતાના ઘરવાળાઓ પર સવાબની તલબમાં ખર્ચ કરે છે તો એ એના માટે સદકો હોય છે.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** ઘરવાળાઓથી મુરાદ બીવી બચ્ચાં અને સર્વ સગાં છે. એમનો ક્રમ ફિક્હની કિતાબોમાં જુઓ. અને અજરની તલબથી મુરાદ એ છે કે સુન્નતે જનાબે મુસ્તફા عليه الصلاة والسلام સમજીને. એ સૌના પર ખર્ચ કરે સૂફિયાએ કિરામ ફર્માવે છે કે સુન્નતની નિય્યતથી તો ખુદ પોતાનુ ખાવુ, પીવું, સૂવુ, હસવું, રડવું બલ્કે જીવવું મરવું ઈબાદત છે. અલ્લાહ તઆલા ભલી નિય્યત નસીબ કરે. દુનિયાને દેખાડવા અને પોતાની નામના માટે તો નમાઝ પઢવી પણ ઈબાદત નથી, તો આ ખર્ચ કેવી રીતે ઈબાદત ગણાશે ! જેથી **શાદી વિવાહોમાં જે વિવિધ રસમોના હેઠળ સગા સંબંધીઓને નેક દસ્તૂર અથવા હક્કો આપવામાં આવે છે તેનો સવાબ નથી કેમ કે તે અલ્લાહના માટે નથી હોતુ પણ પોતાની નામના માટે હોય છે.** આ સૈયદુલ ફુસહા ﷺએ સવાબના તલબની શર્ત રાખી. અલ્લાહ તઆલા ખૈર તથા ઈખ્લાસ નસીબ કરે. આમીન.

**★ હદીષ : (૩)-૧૯૩૧ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «دِينَار أنفقته فِي سَبِيل الله ودينار أنفقته فِي رَقَبَةٍ وَدِينَارٌ تَصَدَّقْتَ بِهِ عَلَى مِسْكِينٍ وَدِينَارٌ أَنْفَقْتَهُ عَلَى أَهْلِكَ أَعْظَمُهَا أَجْرًا الَّذِي أنفقته على أهلك» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અશરફી તું અલ્લાહની રાહમાં ખર્ચ કરે[૧] અને જે અશરફી તું ગરદન આઝાદ કરવામાં ખર્ચ કરી દે[૨] અને જે અશરફી તું કોઈ મિસ્કીન પર સદકો કરે અને જે અશરફી તું તારા ઘરવાળાંઓ પર ખર્ચ કરે, એ સૌમાં અધિક સવાબ એનો છે જે તું તારાં ઘરવાળાંઓ પર ખર્ચ કરે[૩]." (મુસ્લિમ)*

**૧.** અહીં અલ્લાહ તઆલાની રાહથી મુરાદ હજ તથા જેહાદ વગેરે તે સ્થળો જ્યાં કોઈ બંદાની રઝાનો તદન હેતુ ન હોય.

**૨.** એમાં મકતબોની ઈમદાદ, ગુલામની આઝાદી, કરજદારને કરજથી આઝાદ કરાવવું, કોઈ મુસીબતમાં ફસાએલાને એ મુસીબતથી કાઢવું, સૌ દાખલ છે. ખૂબ જ સમૃધ્ધ વાક્ય છે.

**૩.** ઘરવાળાઓ પર ખર્ચ એ સૌ ખૈરાતો કરતાં ક્યાં તો એટલા માટે બેહતર છે કે એ ખૈરાતો નફ્લ હતી અને આ ખર્ચ ફર્ઝ છે. મોટાભાગે ફર્ઝ નફલ કરતાં બેહતર હોય છે. અથવા એટલા માટે કે આ ખર્ચ આપવામાં સદકો પણ છે અને સિલએ રહમી (સગાં સાથે સદવર્તાવ) પણ અને સગાઓના હક્કની અદાયગી પણ છે. અને બે નેકીઓ એક નેકીથી અફઝલ છે. એટલા માટે અમુક લોકો ગ્યારહવીં શરીફ વગેરેની શીરીની મોટાભાગે સૈયદોને આપે છે કે એ હઝરાત ઔલાદે રસૂલ છે. એમાં ખૈરાત પણ છે અને ઔલાદે રસૂલના હક્કની અદાયગી પણ છે. તેમનો માખઝ આ હદીષ છે.

★ હદીષ : (૪)-૧૬૩૨ ★

وَعَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفْضَلُ دِينَارٍ يُنْفِقُهُ الرَّجُلُ دِينَارٌ يُنْفِقُهُ عَلَى عِيَالِهِ وَدِينَارٌ يُنْفِقُهُ عَلَى دَابَّتِهِ فِي سَبِيلِ اللَّهِ وَدِينَارٌ يُنْفِقُهُ عَلَى أَصْحَابه فِي سَبِيل الله» . رَوَاهُ مُسلم

*"હઝરત થૌબાન رضي الله عنه થી રિવાયત છે. ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ કે બેહતરીન અશરફી જે માણસ ખર્ચ કરે છે તે એ અશરફી છે જેને પોતાનાં બાળબચ્ચાં પર ખર્ચ કરે, અને તે અશરફી છે જેને પોતાના અલ્લાહ વાસ્તેના ઘોડાઓ પર ખર્ચ કરે[1] અને તે અશરફી છે જેને અલ્લાહની રાહમાં પોતાના દોસ્તો પર ખર્ચ કરે.[2]"*

*(મુસ્લિમ)*

**૧ :** આ તર્જુમો ઘણો જ મુનાસિબ(યોગ્ય) છે. في سبيل الله (ફી સબીલિલ્લાહ) ઘોડાની સિફત છે, ખર્ચના વિશે નથી. એટલે જે ઘોડો જેહાદના માટે પાળ્યો હોય એના પર ખર્ચ કરવો બેહતર છે, અને ઘોડો પોતાની સવારી વગેરેના માટે હોય તે ખયાલ (બાળ બચ્ચાં)માં સામેલ છે. એટલે બીવી બચ્ચાં વગેરે જેમની પરવરિશ (ભરણ પોષણ) આપણા પર લાઝિમ છે.

**૨ :** જાહેર એ છે કે અહીં દોસ્તોથી મુરાદ જેહાદના સફર કે હજના સફરના સાથી છે. તેમના પર ખર્ચ કરવો બમણો સવાબ છે. સાથી સાથે વર્તાવ અને હાજી કે ગાઝીની મદદ કરવી. યાદ રાખશો કે આ હદીષથી એ તો માલૂમ થયું કે આ ત્રણ ખર્ચ અન્ય ખર્ચાઓથી અફઝલ છે, પણ એ ત્રણેવમાંથી કોણ અન્યથી અફઝલ છે એ જાણ ન થઈ. કેમ કે "વાવ" બહુવચન માટે આવે છે ક્રમ નથી ચાહતો. જેથી તેમનામાંથી એક બીજાની અફઝલિયત સમય તથા સંજોગના આધારે થશે. જો જેહાદની સખત જરૂરત આવી પડી છે તો ગાઝીઓ પર ખર્ચ અફઝલ અને ઘરવાળાં ખૂબ જ જરૂરતમંદ હોય તો તેમના પર ખર્ચ બેહતર છે.

★ હદીષ : (૫)-૧૬૩૩ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَلِيَ أَجْرٌ أَنْ أُنْفِقَ عَلَى بَنِي أَبِي سَلَمَةَ؟ إِنَّمَا هُمْ بَنِيَّ فَقَالَ: «أَنْفِقِي عَلَيْهِمْ فَلَكِ أَجْرُ مَا أَنْفَقْتِ عَلَيْهِم»

*"હઝરત ઉમ્મે સલમાથી[1] રિવાયત છે. ફર્માવે છે : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જો હું અબૂ સલમાના બાળકો પર જે જાણો મારાં જ બાળકો છે ખર્ચ કરું તો શું મને સવાબ મળશે ? ફર્માવ્યું, એમના પર ખર્ચ કરો, તમને એમના પર ખર્ચનો સવાબ છે. "*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** ઉમ્મે સલમાના પ્રથમ પતિનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ અસદ હતું. કુન્નિયત અબૂ સલમા. તેમની વફાત પછી આપ હુઝૂરે અન્વર ﷺના પત્ની થવાના શરફથી મુશર્રફ થયાં. અબૂ સલમાની કેટલીક ઔલાદ અન્ય પત્નીથી હતી જે ઉમ્મે સલામની મત્રાઈ (સોતેલી) ઔલાદ હતી. ઉમર, ઝીનત અને કેટલીક ઔલાદ ખુદ ઉમ્મે સલમાના પેટની હતી. એટલે સલમાની સગી ઔલાદ મુહમ્મદ, દર્રા. અહીં સવાલ સોતેલી ઔલાદ વિશે છે, નહીં તો આપ બની અબી સલમાન ફર્માવતાં. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૨.** કેમ કે એ યતીમ પણ છે અને તમારા અઝીઝતરીન (ખૂબ જ પ્યારાં) પણ છે, તેમના પર ખર્ચ કરવો યતીમને પામવું પણ છે અને સગાઈનો હક્ક અદા કરવું પણ છે. પોતાના મૃત્યુ પામેલ પતિની રૂહને ખુશ કરવું પણ છે.

★ હદીષ : (૬)-૧૯૩૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ زَيْنَبَ امْرَأَةِ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَصَدَّقْنَ يَا مَعْشَرَ النِّسَاءِ وَلَوْ مِنْ حُلِيِّكُنَّ» قَالَتْ فَرَجَعْتُ إِلَى عَبْدِ اللَّهِ فَقُلْتُ إِنَّكَ رَجُلٌ خَفِيفُ ذَاتِ الْيَدِ وَإِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ أَمَرَنَا بِالصَّدَقَةِ فَأْتِهِ فَاسْأَلْهُ فَإِنْ كَانَ ذَلِكَ يَجْزِي عني وَإِلَّا صرفتها إِلَى غَيْرِكُمْ قَالَت فَقَالَ لِي عَبْدُ اللَّهِ بَلِ ائْتِيهِ أَنْتِ قَالَتْ فَانْطَلَقْتُ فَإِذَا امْرَأَةٌ مِنَ الْأَنْصَارِ بِبَابِ رَسُولِ الله صلى الله عَلَيْهِ وَسلم حَاجَتِي حَاجَتَهَا قَالَتْ وَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قد ألقيت عَلَيْهِ المهابة. فَقَالَت فَخَرَجَ عَلَيْنَا بِلَالٌ فَقُلْنَا لَهُ ائْتِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبِرْهُ أَنَّ امْرَأَتَيْنِ بِالْبَابِ تسألانك أتجزئ الصَّدَقَة عَنْهُمَا على أَزْوَاجهمَا وَعَلَى أَيْتَامٍ فِي حُجُورِهِمَا وَلَا تُخْبِرْهُ مَنْ نَحْنُ.قَالَتْ فَدَخَلَ بِلَالٌ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلَهُ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ هما» . فَقَالَ امْرَأَة من الْأَنْصَار وَزَيْنَب فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّ الزَّيَانِبِ» . قَالَ امْرَأَةُ عَبْدِ اللَّهِ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَهما أَجْرَانِ أجر الْقَرَابَة وَأجر الصَّدَقَة» . وَاللَّفْظ لمُسلم

*'હઝરત ઝયનબ, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદનાં પત્ની ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે સ્ત્રીઓની જમાઅત ! સદક઼ો કરો, ભલે તમારાં ઘરેણાથી હોય.[૧] ફર્માવે છે કે અબ્દુલ્લાહની તરફ પરત થતાં બોલી કે તમે કાંઈક મિસ્કીન તથા તંગદસ્ત છો અને રસૂલુલ્લાહ ﷺએ અમને સદક઼ાનો હુકમ આપ્યો છે. તમે ત્યાં હાજર થઈને પૂછીને આવો. જો તમને મારું સદક઼ો કરવું દુરુસ્ત હોય તો સારુ[૨] નહીં તો હું તમારા લોકો સિવાય કોઈ અન્ય જગાએ ખર્ચ કરું[૩] ફર્માવે છે કે મને અબ્દુલ્લાહ બોલ્યા કે તમે જ ત્યાં જાવ[૪] હું ચાલી તો હુઝૂરના દરવાજા પાક પર એક અન્ય અન્સારી સ્ત્રી પણ હતાં જેમને મારી જેવું જ કામ હતું.[૫] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પર કુદરતી પ્રભાવ આપવામાં આપેલો હતો[૬] ફર્માવે છે કે અમારી પાસે હઝરત બિલાલ આવ્યા. અમે તેમને અર્ઝ કરી કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં જાવ, અરજ કરજો કે દરવાજા પર બે સ્ત્રીઓ છે જે હુઝૂરને પૂછે છે[૭] કે શું તેમનું પોતાના પતિ તથા યતીમો પર ખર્ચ કરી દેવું જે એમની પરવરિશમાં હોય તે સદક઼ો બની જશે ?[૮] અને એ ન બતાવશો કે અમે કોણ છીએ.[૯] ફર્માવે છે કે હઝરત બિલાલ, રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને મસ્અલો પૂછયો. તેમને રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, તે કોણ છે ? અર્ઝ કરી કે એક અન્સારી બીબી અને ઝયનબ છે.[૧૦] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કઈ ઝયનબ ?! અર્ઝ કરી, અબ્દુલ્લાહની પત્ની. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તેમને બમણો સવાબ છે. એક સવાબ સગા સંબંધીનો અને બીજો સદક઼ાનો[૧૨] (મુસ્લિમ, બુખારી) અને શબ્દો મુસ્લિમના છે.''*

**૧.** લગભગ હુઝૂર عليه الصلوة والسلامનો આ ઈર્શાદ (આદેશ) ઈદના દિવસે હતો. કેમ કે એ જમાનામાં સ્ત્રીઓ પણ ઈદની નમાઝના માટે ઈદગાહ જતી હતી અને એમના પછી નમાઝ બાદ ખાસ વાઅઝ થતી હતી. એ વાઅઝમાં આપનાથી આ સાંભળ્યું. આ હદીષથી જાણવા મળે છે કે સ્ત્રીઓના વપરાશના ઘરેણાં પર ઝકાત ફર્ઝ છે અને એ

ઝકાત ખુદ સ્ત્રી પર ફર્ઝ છે ન કે તેના પતિ પર, ચાહે પિયરથી ઘરેણા મળ્યાં હોય કે સાસરીવાળાંએ આપ્યાં હોય, શર્ત એ કે તેણીને માલિક બનાવી આપેલ હોય. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે. ઈમામ શાફઈને ત્યાં પહેરવાનાં ઘરેણામાં ઝકાત નથી. ઈન્શા અલ્લાહ ! એની તેહક઼ીક઼ મસારિફે ઝકાત (ઝકાત કયા લોકોને આપવી)માં આવશે. આ સ્થિતિમાં ઘરેણાથી મુરાદ ચાંદી સોનાનાં ઘરેણાં છે. કેમ કે પહેરવાનાં મોતી, મરજાન, લાઅલ, હીરા પર ઝકાત નથી.

**૨.** એટલે કે જો તમને મારું સદક઼ો આપવું દુરુસ્ત હોય, ત્યારે તો હું તમને જ મારો સદક઼ો આપી દઈશ, નહીં તો કોઈ અન્યને. એનાથી જાણવા મળ્યું કે માલદાર સ્ત્રીનો પતિ અને માલદાર પત્નીનો પતિ એકબીજાની માલદારીથી માલદાર માનવામાં નહીં આવે. જેમ કે માલદારની બાલિગ ઔલાદ બાપની માલદારીથી માલદાર નથી થતી. જુઓ, હઝરત ઈબ્ને મસ્ઊદની પત્ની માલદાર હતી પણ ખુદ ઈબ્ને મસ્ઊદ મિસ્કીન હતા.

**૩.** હઝરત ઈબ્ને મસ્ઊદની કેટલીક ઔલાદ પણ હતી, અને હવે હઝરત ઝયનબ તેમનો ઉછેર કરતાં હતાં. غیر کمમાં આ સૌને સંબોધન છે. એટલે કે જો તમને અને તમારાં આ બાળકોને મારો સદક઼ો લેવો દુરુસ્ત હોય તો હું તમને આપી દઉં, નહીં તો અન્ય લોકોને આપી દઉં.

**૪.** અને હુઝૂરે અન્વર ﷺથી આ મસ્અલો પૂછવામાં શરમ આવે છે કે એનાથી અમુક લોકો મને લાલચી સમજશે. એનાથી જાણવા મળ્યું કે પતિ પોતાની પત્નીથી બહારનું કામ પણ કરાવી શકે છે, જ્યારે કે હિજાબ તથા પર્દા સાથે હોય. એ પણ જાણવા મળ્યું કે મસ્અલો ખુદ ન પૂછવું અને કોઈ બીજા થકી પૂછાવી લેવું પણ દુરુસ્ત છે, જ્યારે એનાથી કાંઈક નડતર હોય. હઝરત અલી رضی اللہ عنہએ મઝીનો મસ્અલો હુઝૂરે અન્વર ﷺને ખુદ ન પૂછયો બલ્કે હઝરત મિક઼દાદ થકી પૂછાવ્યો.

**૫.** એટલે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દરવાજા પર એક અન્ય સ્ત્રી પણ આવુ જ પૂછવા ઉભેલી હતી. મને એનાથી ખુશી થઈ કે અમે બે થઈ ગઈ.

**૬.** એટલે રબ્બુલ આલમીને દિલોમાં આપનો પ્રભાવ (ધાક) રાખી દીધી હતી જેના કારણે દરેક શખ્સ ઈજાઝત વિના ખિદમતમાં હાજર થવાની તથા અરજ રજૂ કરવાની હિંમત કરતો ન હતો અને બારગાહમાં હાજર રહેલા પણ એવા બાઅદબ ખામોશ બેસતા હતા જાણે એમનાં માથાંઓ પર પક્ષીઓ છે. જ્યારે સરકાર علیہ الصلوٰۃ والسلام અતિશય સારા સ્વભાવના અને ઘણા જ રહીમ તથા કરીમ હતા.

ہیبت حق است ایں از خلق نیست ہیبت ایں مرد صاحب دلق نیست

**અર્થાત** : આ રુઆબ હક્ક઼ તઆલાથી તઅલ્લુક઼નો છે, આ ગોદડી પહેરનાર ફક઼ીરનો નથી.

એના કારણે એ બંનેવ સ્ત્રીઓ દરવાજા પર ઉભી રહી ગઈ, બારગાહે પાકમાં હાજર ન થઈ.

**૭.** એટલે કે ખુદ શરમ તથા પ્રભાવના કારણે હાજર નથી થતી અને મારા થકી આ મસ્અલો પૂછાવી રહી છે. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે મસ્અલો ડાયરેક્ટ પૂછવો પણ જાઈઝ અને કોઈના થકી પૂછવવો પણ જાઈઝ. બીજુ એ કે દીની વાતોમાં એકની ખબર મોઅતબર છે, ગવાહી ક઼ાયમ કરવાની જરૂરત નથી. જુઓ, હઝરત બિલાલ رضی اللہ عنہએ સ્ત્રીઓને જે પણ મસ્અલો આવીને બતાવતા તેને તેઓ સ્વીકારી લેતી. ફક઼ીહો ફર્માવે છે કે **જ્યારે આકાશ ધુમાડામય હોય તો રમઝાનના ચાંદમાં એકની ખબર સ્વીકાર્ય છે.** અને મુહદ્દિષો કહે છે કે

હદીષોમાં ખબરે વાહિદ (એકની ખબર) મોઅતબર છે. તેમની દલીલો કુર્આની આયતો તથા સહીહ હદીષો છે. તેમનામાંથી આ એક હદીષ પણ છે.

૮. લગભગ યતીમોથી તેમના પતિઓની ઔલાદ મુરાદ છે જેમની મા મરી ચૂક્યાં હતાં, એટલે તેમની સોતેલી ઔલાદ, એમને યતીમ કહેવું મજાઝન છે, નહીં તો માણસ યતીમ તે નાબાલિગ હોય છે જેનો બાપ મૃત્યુ પામ્યો હોય. અને જાનવરોમાં તે બચ્ચુ યતીમ જેની મા મરી જાય. એ સ્ત્રીઓનો ખયાલ એ હતો કે કેમ કે એ સૌ લોકો અમારી સાથે જ રહે છે અને સાથે જ ખાય પીએ છે, જો તેમને સદક઼ો આપવામાં આવે તો તેનો અમુક હિસ્સો અમારા ખાવામાં પણ આવી જશે, જેથી નાજાઈઝ હોવું જોઈએ.

૯. કે જેથી હાજરજનોમાં અમારું નામ ન લેવામાં આવે અને અમારો સવાલ રિયા (દેખાડો) ન બની જાય અથવા અમને બોલાવી લેવામાં ન આવે.

**૧૦.** હઝરત બિલાલનો જવાબ અતિશય ઈમાન અફરોઝ છે, કેમ કે એ સ્ત્રીઓએ કહ્યું હતું કે અમારું નામ ન બતાવશો. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, નામ બતાવો ! તો રસૂલના હુકમ અને ઉમ્મતીના હુકમમાં ટકરાવ થયો, અને રસૂલુલ્લાહ ﷺના હુકમને અગ્રતા આપવામાં આવી, જેથી ઉમ્મતીનો હુકમ અમલને પાત્ર ન રહ્યો. મિર્ક઼ાતે અહીં ફર્માવ્યું કે હઝરત બિલાલ પર નામ બતાવી આપવું શરઈ ફર્ઝ થઈ ગયું કેમ કે હુઝૂર ﷺનો હુકમ માનવો ફર્ઝ છે. તેમને બીજી સ્ત્રીનું નામ માલૂમ ન હતું, નહીં તો તે પણ જણાવી આપત.

**૧૧.** એટલે કે મદીના મુનવ્વરામાં ઘણી સ્ત્રીઓનું નામ ઝયનબ છે જેથી સ્પષ્ટ બતાવો કે કઈ ઝયનબ છે. ત્યારે હઝરત બિલાલે અર્ઝ કરી કે અબ્દુલ્લાહની પત્ની. જો કે અબ્દુલ્લાહ નામના ઘણા સહાબીઓ હતા, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ વગેરે, પણ એ સૌમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ ઘણા જ મશહૂર ફક઼ીહતરીન હતા. ઈલ્મે ફિક઼હના કારણે ફકત અબ્દુલ્લાહ કહેવા પર લોકોના ઝહન (દિમાગ) એમના જ તરફ જતાં હતાં. એટલા માટે હઝરત બિલાલે ઈબ્ને મસઊદ ન કહ્યું, બલ્કે હુઝૂર ﷺનું ફરી ન પૂછવું કે કોણ અબ્દુલ્લાહ ! એ જ જલાલતે શાન (મહાન શાન)ની તરફ નિર્દેશ કરે છે. આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા મોટાભાગે ફક઼ીહોમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની જ પયરવી કરે છે.

**૧૨.** સર્વ ઈમામો એના પર એકમત છે કે પતિ પોતાની પત્નીને પોતાની ઝકાત નથી આપી શકતો. પણ એમાં મતભેદ છે કે પત્ની પતિને ઝકાત આપી શકે છે કે નહીં ? આપણા ઈમામે આ'ઝમ ફર્માવે છે કે નથી આપી શકતી. અન્ય ઈમામો ફર્માવે છે કે આપી શકે છે, તે બુઝુર્ગોની દલીલ આ હદીષ છે. ઈમામે આ'ઝમ ફર્માવે છે કે અહીં નફલી સદક઼ો મુરાદ છે, ફર્ઝ સદક઼ાની સ્પષ્ટતા નથી. મનાઈની સ્પષ્ટ હદીષ આગળ આવી રહી છે. તેમજ પત્ની તથા પતિના માલો લગભગ સંયુક્ત હોય છે. તો પતિ પત્ની ઝકાત ન આપી શક્યો તો પત્ની પતિને ઝકાત કેવી રીતે આપી શકે છે ?! સદક઼ાનો શબ્દ સામાન્યતઃ નફલી સદક઼ા માટે બોલાય છે. જેમ કે કિતાબુઝ્ ઝકાતની અંતિમ હદીષમાં આવશે કે એક સ્ત્રીએ પોતાની માને સદક઼ો આપ્યો, એટલે નફ્લી સદક઼ો.

**★ હદીષ : (૭)-૧૯૩૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ مَيْمُونَةَ بِنْتِ الْحَارِثِ: أَنَّهَا أَعْتَقَتْ وَلِيدَةً فِي زَمَانِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَتْ ذَلِكَ لِرَسُولِ

*''હઝરત મૈમૂના બિન્તે હારિષ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એક લોંડી આઝાદ કરી. પછી રસૂલુલ્લાહ ﷺથી*

اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَوْ أَعْطَيْتِهَا أخوالك كَانَ أعظم لأجرك»

*એનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું કે જો તમે લોંડી તમારા મામાઓને આપી દેત તો તમને ઘણો સવાબ મળતો[1]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલા માટે આઝાદ કરવામાં કેવળ સદકાનો સવાબ છે અને તેમને આપવામાં સદકો પણ છે અને સગાંથી સિલએ રહમી (સદ્વર્તાવ) પણ છે. જાણવા મળ્યું કે સગા સાથે સદ્વર્તાવ ગુલામ આઝાદ કરવાથી પણ અફઝલ છે. યાદ રાખશો કે વલીદા તે લોંડી કહેવાય છે જે પોતાની માલિકીના ગુલામ તથા લોંડીના પેટથી પેદા થાય. એટલે ખાનાઝાદ. અને આ મૈમૂના ઉમ્મુલ મો'મિનીન છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનાં માસી. *(અશિઅતુલ લમ્આત)*

**★ હદીષ : (૮)-૧૯૩૬ ★**

وَعَن عَائِشَة قَالَت: يَا رَسُول الله إِن لي جارين فَإلَى أَيهمَا أُهْدِي؟ قَالَ: «إِلَى أقربهما مِنْك بَابا» . رَوَاهُ البُخَارِيّ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા બે પડોશી છે તેમનામાંથી કોને હદિયો આપ્યા કરું ? ફર્માવ્યું, જેનો દરવાજો તમારાથી અધિક નજીક હોય[1]." (બુખારી)*

**૧.** આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે પડોશીઓને હદિયો (તોહફો) આપવો સુન્નત છે કે એનાથી મહોબ્બત વધે છે. બીજુ એ કે તેનો સબબ પડોશી હોવું છે. જેટલા પ્રમાણમાં પડોશપણુ મજબૂત હશે એટલા પ્રમાણમાં હદિયાનો હક્ક વધી જશે. ત્રીજુ એ કે પડોશીની નિકટતા દરવાજાથી થાય છે, ન છતથી, ન દીવાલથી. જો એક શખ્સના મકાનની દીવાલ અને છત તો તમારા મકાનથી મળેલી હોય પણ દરવાજો દૂર હોય, પણ બીજાની ન છત મળેલી હોય ન દીવાલ મળેલી હોય પણ દરવાજો નજીક હોય તો અધિક નજીક આ બીજો જ માનવામાં આવશે. અને એનું કારણ પણ જાહેર છે. કેમ કે દરવાજાના કારણે મુલાકાત થાય છે અને એના જ થકી અધિક મેળમેળાપ રહે છે અને એકને બીજાના દર્દોગમમાં શરીક થવાનો અધિક મોકો મળે છે. આ હદીષ આ આયતે કરીમાની તફસીર છે : وَالْجَارِ الْجُنُبِ وَالصَّاحِبِ بِالْجَنْبِ (અને નજીકના પડોશી અને દૂરના પડોશી. *–સૂરએ નિસાઅ, ૪/૩૬*) હદીષનો મતલબ એ નથી કે દૂરવાળા પડોશીને બિલ્કુલ ન આપો. મતલબ એ કે સૌને આપો પણ નજીકવાળાને અગ્રતા આપે.

**★ હદીષ : (૯)-૧૯૩૭ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا طَبَخْتَ مَرَقَةً فَأَكْثر ماءها وتعاهد جيرانك» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે રસો પકાવો તો તેનું પાણી અધિક કરો અને પોતાના પડોશીઓનો ખયાલ રાખો[1]." (મુસ્લિમ)*

**૧.** આ હદીષથી કેટલાક મસ્અલા માલૂમ થયા : એક એ કે મામૂલી સાલન (શાક) પણ પડોશીઓને મોકલતા રહેવું જોઈએ. કેમ કે સરકાર علیہ الصلوٰۃ والسلام એ અહીં રસો ફર્માવ્યું એ ગોશ્તનો હોય કે કોઈ અન્ય ચીજનો હોય. બીજુ એ કે દરેક પડોશીને હદિયો (તોહફો) આપવો જોઈએ, નજીક હોય કે દૂર, ભલે નજીકવાળાઓનો હક્ક વધુ છે. ત્રીજુ એ કે હમેશાં લિજ્જત પર ઉલ્ફત તથા મહોબ્બતને અગ્રતા આપવી જોઈએ. કેમ કે રસામાં ફક્ત પાણી પડશે તો ટેસ્ટ

ઓછો થઈ જશે પરંતુ તેના થકી પડોશીઓથી સંબંધો વધી જશે. એટલા માટે مَآءَهَا ફર્માવ્યું, એટલે કેવળ પાણી જ વધારી દો, ભલે ઘી કે મસાલો ન વધારી શકો.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૧૦)-૧૯૩૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ أَيُّ الصَّدَقَةِ أَفْضَلُ؟ قَالَ: «جُهْدُ الْمُقِلِّ وَابْدَأْ بِمَنْ تَعُولُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કયો સદકો બેહતર છે ? ફર્માવ્યું, ગરીબ માણસની તકલીફ[1]. "અને તેમનાથી શરૂ કરો જેમની પરવરિશ કરો છો[2]."*

*(અબૂ દાઊદ)*

**૧.** એટલે ગરીબ માણસ મહેનત મજૂરી કરે પછી એમાંથી ખૈરાત પણ કરે તેનો મોટો દરજો છે. યાદ રાખશો કે અમુક લેહાઝથી ગની (માલદાર)ની ખૈરાત અફઝલ છે, જ્યારે કે તે તવક્કુલમાં કામિલ ન હોય. અને અમુક લેહાઝથી ફકીરની ખૈરાત અફઝલ છે જ્યારે કે તે તથા તેનાં ઘરવાળાં સબ્ર તથા તવક્કુલમાં કામિલ હોય. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી કે માલદારીનો સદકો બેહતર છે. ખુલાસો એ છે કે જો હાથનો ફકીર દિલનો ગની થોડી સરખી ખૈરાત કરે તો હાથના ગનીની ઘણી બધી ખૈરાત કરતાં અફઝલ છે, જેથી ત્યાં માલદારીવાળી હદીષમાં દિલની માલદારી મુરાદ હોય શકે છે, તો પણ હદીષોમાં ટકરાવ નથી.

**૨.** એટલે કે કોઈ શખ્સ પોતાનાં બાલ બચ્ચાંને ભૂખ્યાં રાખીને ખૈરાત ન કરે પણ પ્રથમ તેમનું પેટ ભરો, શરીર ઢાંકો પછી ખૈરાત કરો. એ મતલબ નથી કે પોતાની ઝકાત પહેલાં પોતાનાં બીવી બચ્ચાંને આપો પછી બીજા લોકોને આપો. કેમ કે પોતાની ઝકાત પોતાની ઔલાદ તથા પત્ની ન લાગતી.

**★ હદીષ : (૧૧)-૧૯૪૦ ★**

وَعَنْ سَلْمَانَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " الصَّدَقَةُ عَلَى الْمِسْكِينِ صَدَقَةٌ وَهِيَ عَلَى ذِي الرَّحِمِ ثِنْتَانِ:صَدَقَةٌ وَصِلَةٌ ".رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ علیہ الصلوۃ والسلام ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, મારી પાસે એક અશરફી છે[1] ફર્માવ્યું, તેને પોતાના પર ખર્ચ કર[2] અર્ઝ કરી, મારી પાસે બીજી પણ છે. ફર્માવ્યું, તેને તારાં ઘરવાળાઓ[3] પર ખર્ચ કર. અર્ઝ કરી, મારી પાસે એક અન્ય પણ છે. ફર્માવ્યું, તેને તારા ખાદિમ પર ખર્ચ કર[4] અર્ઝ કરી, મારી પાસે એક અન્ય પણ છે. ફર્માવ્યું, તમે જાણો[5]." (અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** અહીં સાઈલનો સવાલ દૃષ્ટાંત રૂપે હતો. એટલે કે જો મારી પાસે એક જ અશરફી હોય જે એક જ શખ્સ માટે પૂરતી હોય તો હું કોના પર ખર્ચ કરું ? જેથી હદીષ પર એ વાંધો નથી કે સાઈલ જૂઠુ બોલ્યો કે તેની પાસે વધારે અશરફીઓ હતી છતાં કહ્યું કે એક અશરફી છે.

**૨.** કેમ કે સૌથી પહેલાં આપણા પર આપણા નફ્સ (જીવ)નો હક્ક છે કે જો આપણે જીવંત રહીશું તો સર્વ

હક્કો અદા કરીશું. અને જો આપણે જ મરી ગયા તો ઈબાદતો, મામલાઓ સર્વ ખત્મ થઈ જશે, જાત સિફતો પર અગ્ર સ્થાને છે.

**૩.** અહલ એટલે ઘરવાળાંથી મુરાદ પત્ની છે. કુર્આને કરીમે અહલે બયત પત્નીને ફર્માવેલ છે. અને ઔલાદનો હક્ક પત્ની પર અમુક દરજાએ વધીને છે : એક એ કે પત્ની આકિલા બાલિગા છે, જરૂરતના સમયે કમાઈ શકે છે, પણ નાનાં બાળકો બાપનાં તદ્દન મોહતાજ છે કે કમાવા માટે શક્તિમાન નથી. બીજુ એ કે પત્નીનો ખર્ચ તેના પર લાઝિમ નથી, જો તલાક આપી દે તો ખત્મ થઈ ગયો, પણ ઔલાદનો ખર્ચ લાઝિમ છે કે તે તેના પિતૃત્વથી નથી નીકળી શક્તાં. ત્રીજુ એ કે પત્ની તલાક બાદ બીજાના નિકાહમાં જઈને તેનાથી ખર્ચ લઈ શકે છે. નાની ઔલાદ બીજાને ન બાપ બનાવી શકે છે ન તેનાથી ખર્ચ લઈ શકે છે. અહીં ઔલાદથી ફકીર ઔલાદ મુરાદ છે. જો પુત્ર ગની તથા બાલિગ હોય તો પત્ની તેના પર અગ્રતા પામશે. કેમ કે પ્રશ્નકર્તાનાં માબાપ ન હતાં એટલા માટે માબાપના ખર્ચનો ઉલ્લેખ ન કર્યો.

**૪.** ખાદિમથી મુરાદ ખિદમતગાર છે, માણસ હોય કે ઘોડો વગેરે જાનવર કે એ સૌનો ખર્ચ માલિકના DFY[KP *(અશિઅહ)*

**૫.** એટલે કે તમને અખત્યાર છે કે એ બચેલા દીનારને રાખી મૂકો કે પોતાના પડોશી કે અન્ય સગાવહાલાં પર ખર્ચ કરી દો અથવા કોઈ સારી જગાએ લગાડો. સુબ્હાનલ્લાહ ! કેટલો ઉમદા ક્રમ છે.

**★ હદીષ : (૧૩)-૧૯૪૧ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلَا أُخْبِرُكُمْ بِخَيْرِ النَّاسِ؟ رَجُلٌ مُمْسِكٌ بِعِنَانِ فَرَسِهِ فِي سَبِيلِ اللَّهِ. أَلَا أُخْبِرُكُمْ بِالَّذِي يَتْلُوهُ؟ رَجُلٌ مُعْتَزِلٌ فِي غُنَيْمَةٍ لَهُ يُؤَدِّي حَقَّ اللَّهِ فِيهَا. أَلَا أُخْبِرُكُمْ بِشَرِّ النَّاسِ رَجُلٌ يُسْأَلُ بِاللَّهِ وَلَا يُعْطِي بِهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શું તમને બેહતરીન માણસ ન બતાવું ?[૧] તે શખ્સ છે જે અલ્લાહની રાહમાં પોતાના ઘોડાની લગામ પકડેલી રાખે.[૨] શું તમને ન બતાવું કે એના પછી કોણ છે ? તે શખ્સ છે જે પોતાની બકરીઓમાં રહે, એમનામાંથી અલ્લાહનો હક્ક અદા કરતો રહે.[3] શું હું તમને બદ્તરીન માણસ ન બતાવું ? તે શખ્સ છે જે અલ્લાહના નામ પર માગવામાં આવે અને તેમ છતાં પણ ન આપે[૪]." (તિર્મિઝી, નિસાઈ, દારમી)*

**૧.** સરકાર علیہ الصلوٰۃ والسلام નું આવું પૂછવું સાંભળનારાઓને શોખ અપાવવા માટે હતું કે એનાથી એમને આતુરતા જાગે અને જે ચીજ આતુરતા પછી માલૂમ પડે છે તે યાદ રહી જાય છે. અને ભલાઈ તથા બુરાઈથી ઈઝાફી ભલાઈ તથા બુરાઈ મુરાદ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે બેહતરીન બંદો મો'મિન છે. રબ તઆલા ફર્માવે છે : أُولَٰئِكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ (એ જ સર્વ મખ્લૂકમાં બેહતરીન છે. *–સૂ. બૈયિના, ૯૮/૭*) અને બદ્તરીન માણસ કાફિર છે. રબ તઆલા ફર્માવે છે : أُولَٰئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ (એ જ સર્વ મખ્લૂકમાં બદ્તર છે. *–સૂરએ બૈયિના, ૯૮/૬*)

**૨.** એટલે કે દરેક સમયે જેહાદ માટે તૈયાર રહે, જંગના એલાનની રાહ જોતો રહે. કેમ કે એ સમયમાં ઘોડો જેહાદ માટે મોટુ હથિયાર હતું એટલા માટે એનો ખાસ રીતે ઉલ્લેખ કર્યો. આજે તોપ તથા બંદુકની પ્રેક્ટિસ કરે, હવાઈ સર્વિસનો માણસ જ્યારે જેહાદની તૈયારી માટે એ સર્વ કાંઈ કરે એ એમાં સામેલ થશે. શયખે ફર્માવ્યું કે આ

વાત સીમા બાંધવા માટે નથી બલ્કે સમાવવા માટે છે. એટલે કે એ મુજાહિદ પણ બેહતરીન લોકોમાંથી છે.

**૩.** અરબમાં જાનવરોવાળા લોકો જંગલમાં પોતાનુ ઘર બનાવી લેતા હતા, ત્યાં જ જાનવરોમાં રહેતા હતા. તેમની હિફાઝત પણ કરતા હતા અને પોતાના ગુજારો પણ. તેમને એટલા માટે અફઝલ ફર્માવવામાં આવ્યા કે તેઓ આબાદીના મોટા ભાગના ફિત્નાઓથી મહેફૂઝ રહે છે. લોકો સાથે ભેળસેળ એ ઘણા બધા ગુનાહોનો સબબ છે.

**૪.** આ વાક્યના બે અર્થો થઈ શકે છે : એક એ કે તે શખ્સ બદ્તરીન છે જેનાથી ફક઼ીર અલ્લાહના નામ પર કાંઈ માગે અને તે ન આપે. આ સ્થિતિમાં આપવાથી મુરાદ મુત્લક઼ન આપવું છે, ભલે એક પૈસો જ હોય. અથવા મજબૂરીની હાલતમાં ફક઼ીરને સારી દુઆ જ આપવું છે. એક એ કે તે સાઈલ ભીખારી બદ્તરીન શખ્સ છે જે લોકો પાસે અલ્લાહના નામ પર માગે અને લોકો એને કાંઈ ન આપે. કેમ કે એ સાઈલ અલ્લાહ તઆલાના નામની તૌહીન કરે છે કે પૈસા પૈસા માટે અલ્લાહ તઆલાનું નામ ગમે તેવાની સામે લે છે. *(અશિઅતુલ લમ્આત)*

**★ હદીષ : (૧૪)-૧૯૪૨ ★**

وَعَن أم بجيد قَالَتْ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «رُدُّوا السَّائِلَ وَلَوْ بِظِلْفٍ مُحْرَقٍ» . رَوَاهُ مَالِكٌ وَ النَّسَائِيُّ وَرَوَى التِّرْمِذِيُّ وَأَبو دَاوُدَ مَعْنَاهُ

*"ઉમ્મે બજીદથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સાઈલને આપીને પરત કરો ભલે સળગેલી ખરી જ હોય[૨]. (માલિક, નિસાઈ) અને તિર્મિઝી તથા અબૂ દાઊદે એના અર્થો રિવાયત કર્યો."*

**૧.** આપનું નામ હવ્વા બિન્તે ઝયદ ઈબ્ને સકન છે પણ પોતાની કુન્નિયતથી મશહૂર છે. અન્સારિયા છે. સહાબિયા છે. આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

**૨.** અહીં સાઈલ (સવાલ કરનાર)થી મુરાદ હાજતમંદ સાઈલ છે અને સળગેલી ખરીદીથી મુરાદ ખૂબ જ મામૂલી ચીજ છે જેની કોઈ કિંમત ન હોય. એટલે જો કોઈ હાજતમંદ સાઈલ આવે તો ભલે મામૂલી ચીજ પણ બની શકે તે આપી દો. યાદ રાખશો કે આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્હબ રૂપે) છે. આજકાલના ધંધાદારી સાઈલ અને જે સાઈલોને આપવું મના છે તે આમાં સામેલ નથી. જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ અમુક સાઈલોને નથી પણ આપ્યું, કેમ કે ત્યાં સાઈલ ગૈરહાજતમંદ હતા અથવા એવી ચીજ માગતા હતા જેના તેઓ મુસ્તહિક઼ (પાત્ર) ન હતા અથવા ભીખના ધંધાથી તેમને રોકવાનો હેતુ હતો.

**★ હદીષ : (૧૫)-૧૯૪૩ ★**

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ اسْتَعَاذَ مِنْكُمْ بِاللّٰهِ فَأَعِيذُوهُ وَمَنْ سَأَلَ بِاللّٰهِ فَأَعْطُوهُ وَمَنْ دَعَاكُمْ فَأَجِيبُوهُ وَمَنْ صَنَعَ إِلَيْكُمْ مَعْرُوفًا فَكَافِئُوهُ فَإِنْ لَمْ تَجِدُوا مَا تُكَافِئُوهُ فَادْعُوا لَهُ حَتَّى تُرَوْا أَنْ قَدْ كَافَأْتُمُوهُ» . رَوَاهُ أَحْمَدُ وَأَبو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે તમારાથી અલ્લાહની પનાહ લે તેને પનાહ આપી દો[૧] અને જે અલ્લાહના નામ પર માગે એને કાંઈક આપો અને જે તમને દા'વત આપે તેની દા'વત ક઼બૂલ કરો અને જે કોઈ તમારી સાથે ભલાઈ કરે તેનો બદલો કરો[૩] જો બદલાની ચીજ ન પામો તો તેને દુઆઓ આપો[૪] ત્યાં સુધી કે સમજી લો કે તમે એનો બદલો કરી આપ્યો[૫]. (અહમદ, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** જે તમારી સખ્તી અથવા ગૈરની સખ્તીથી તમારી પાસે અલ્લાહની પનાહ માગે તો તેને આપી દો કે જો તમે કોઈને મારવા ચાહો છો તો માફી આપી દો અથવા કોઈ બીજો તેના પર સખ્તી કરવા ચાહે છે અને તમે દફેઅ કરી શક્તા હોવ તો કહી દો. આ હુકમ પોતાના અંગત મામલાઓમાં છે. **કૌમ કે દીનના મુજરિમને કદાપિ માફ નથી કરી શક્તા, ભલે તે ગમે તેવી પનાહ લે જેથી અમ્ન (શાંતિ, સલામતી) તથા દીનમાં ખલેલ ન પડે.** જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે આપે ફાતિમા મખ્ઝૂમાને જેણે ચોરી લીધી હતી તેને માફી ન આપી.

**૨.** એ શરતે કે દા'વત શરીઅતે મના કરેલી બાબતોથી ખાલી હોય. જેથી જે વલીમામાં નાચગાન ખાસ ખાવાની જગાએ હોય ત્યાં ન જાય. એ જ પ્રમાણે મૈયતના ખાણા પર રસ્મી દા'વત કૂબૂલ ન કરે. જેથી આ ફર્માન ફકીહોના ફત્વાની વિરુદ્ધ નથી.

**૩.** એ રીતે કે તે જે પ્રકારનો વર્તાવ તમારી સાથે કરે કૌલી, અમલી, માલી રીતે તો તમે પણ એમની સાથે એવો જ વર્તાવ કરો. રબ તઆલા ફર્માવે છે : جَزَآءُ الْإِحْسَانِ إِلَّا الْإِحْسَانُ (નેકીનો બદલો શું છે ? પણ નેકી. *–સૂરએ રહ્માન, ૫૫/૬૦*) અને ફર્માવે છે : وَأَحْسِنْ كَمَآ أَحْسَنَ اللّٰهُ إِلَيْكَ (અને એહસાન કર જેવું અલ્લાહે તારા પર એહસાન કર્યું. *–સૂરએ અલ્ કસસ, ૨૮/૭૭*)

*લિયા ઝુલ્મ કા અફ્વસે ઈન્તેકામ–અલૈહિસ્સલાતુ વસ્સલામ*

**૪.** એ રીતે કે કહો : جزاک الله (જઝાકલ્લાહ !) અથવા એનું ખાવા ખાઈને કહો : اللهم اطعم من اطعمنا واسق من سقانا વગેરે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને જ્યારે કોઈ સાઈલ દુઆઓ આપતો તો આપ પ્રથમ તેને દુઆઓ આપતાં પછી ભીખ અતા કરતાં. કોઈકે પૂછયું કે આપ આપતાં પહેલાં દુઆ શા માટે આપો છો ? ફર્માવ્યું કે મારો સદકો એવઝ (બદલા)થી બચેલો રહે. رضی اللہ عنہا *(મિર્કાત)*

**૫.** આના આધારે સૂફિયા હઝરાત ફર્માવે છે કે હમેશાં જ દુરૂદ શરીફ પઢવું જોઈએ. કેમ કે કોઈ શખ્સ ન તો હુઝૂરે અન્વર علیہ الصلوٰۃ والسلامના એહસાનોનો બદલો કરી શકે છે અને ન એહસાનના પ્રમાણે દુઆઓ પણ આપી શકે છે. કેમ કે તેમનાં એહસાનો દરેક પળે અસંખ્ય પહોંચી રહ્યાં છે. દરેક કલમા, દરેક તિલાવત, દરેક નમાઝ, બલ્કે દરેક નેક અમલમાં હુઝૂર અન્વર ﷺનાં આપણા પર એહસાનો છે. જેથી મરતાં મરતાં તેમને દુઆઓ આપો એટલે દુરૂદ શરીફ પઢો. (શેઅર) :–

*હય્ય વ બાકી જિસકી કરતા હૈ ષના–મરતે દમ તક ઉસકી મિદહત કીજિયે*
*જિસ્કા હુસ્ન અલ્લાહ કો ભી ભા ગયા–ઉસ્કે પ્યારે સે મહબ્બત કીજિયે*

**★ હદીષ : (૧૬)-૧૯૪૪ ★**

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُسْأَلُ بِوَجْهِ اللّٰهِ إِلَّا الْجَنَّةُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહના નામ પર કેવળ જન્નત જ માગવામાં આવે.[૧]" (અબૂ દાઊદ)*

**૧.** શયખે આ હદીષના બે મતલબ વર્ણવ્યા : એક એ કે કોઈ શખ્સથી અલ્લાહના નામ પર કાંઈ ન માગો કેમ કે અલ્લાહ તઆલાના નામ પર માગવાની ચીજ જન્નત છે અને એ શખ્સ જન્નત આપી નથી શકતો. બીજુ એ કે

અલ્લાહ તઆલાથી તેના નામ પર દુનિયવી ચીજ ન માગો બલ્કે એના નામ પર તેનાથી જન્નત માગો. આ પ્રમાણે અર્ઝ કરો : اَللّٰهُمَّ اِنَّا نَسْئَلُکَ بِوَجْهِکَ الْکَرِیْمِ اَنْ تُدْخِلَنَا الْجَنَّةَ ફકીર અહમદ યારખાં કહે છે કે રસૂલુલ્લાહ ﷺથી અલ્લાહના નામ પર જન્નત માગો. જેમ કે રબીઆ رضی اللہ عنہاએ હુઝૂર ﷺથી જન્નત માગી. اَسْئَلُکَ مُرَافَقَتَکَ فِی الْجَنَّةِ અમુક આશિકો કહે છે કે ખુદા તઆલાથી જનાબે મુસ્તફા ﷺને માગો અને જનાબ નબી ﷺથી ખુદા તઆલાને માગો.

محمد صلی اللہ علیہ وسلم از تو مے خواہم خدارا — خدایا از تو عشق مصطفےٰ را

**અર્થાત** : હે મુહમ્મદ ! તમારાથી હું અલ્લાહને માગુ છું. હે અલ્લાહ ! તારાથી હું મુસ્તફાનો ઈશ્ક ચાહું છું.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૭)-૧૯૪૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَن أنس بن مَالك قَالَ: كَانَ أَبُو طَلْحَة أَكثر أَنْصَارِي بِالْمَدِينَةِ مَالًا مِنْ نَخْلٍ وَكَانَ أَحَبُّ أَمْوَالِهِ إِلَيْهِ بيرحاء وَكَانَت مُسْتَقْبل الْمَسْجدَ وَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدْخُلُهَا وَيَشْرَبُ مِنْ مَاءٍ فِيهَا طَيِّبٍ قَالَ أنس فَلَمَّا نزلت (لَنْ تَنَالُوا الْبِرَّ حَتَّى تُنْفِقُوا مِمَّا تُحِبُّونَ)قَامَ أَبُو طَلْحَة فَقَالَ يَا رَسُولَ اللَّهِ إِنَّ اللَّهَ تَعَالَى يَقُول: (لَنْ تَنَالُوا الْبِرَّ حَتَّى تُنْفِقُوا مِمَّا تُحِبُّونَ)وَإِنَّ أَحَبَّ مَالِي إِلَيَّ بَيْرَحَاءُ وَإِنَّهَا صَدَقَةٌ لله أَرْجُو بِرَّهَا وَذُخْرَهَا عِنْدَ اللَّهِ فَضَعْهَا يَا رَسُولَ اللَّهِ حَيْثُ أَرَاكَ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «بَخٍ بَخٍ ذَلِكَ مَالٌ رَابِحٌ وَقَدْ سَمِعْتُ مَا قُلْتَ وَإِنِّي أَرَى أَنْ تَجْعَلَهَا فِي الْأَقْرَبِينَ» . فَقَالَ أَبُو طَلْحَة أَفْعَلُ يَا رَسُولَ اللَّهِ فَقَسَّمَهَا أَبُو طَلْحَة فِي أَقَارِبه وَفِي بني عَمه

*''હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબૂ તલ્હા મદીનામાં સર્વ અન્સારો કરતાં અધિક બાગોવાળા હતા અને તેમને અધિક પ્યારો માલ બાગે બીર હાઅ્ હતો[1] જે મસ્જિદ શરીફની સામે હતો. રસૂલુલ્લાહ ﷺ ત્યાં તશરીફ લઈ જતા હતા અને ત્યાંનું બેહતરીન પાણી પીતા હતા.[2] હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે આ આયત لَنْ تَنَالُوا الْبِرَّ નાઝિલ થઈ[3] તો હઝરત અબૂ તલ્હા રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં ઉભા રહીને બોલ્યા, યા રસૂલલ્લાહ ! રબ તઆલા ફર્માવે છે કે તમો ભલાઈ ત્યાં સુધી નથી પામી શકતા જ્યાં સુધી કે પોતાનો પસંદીદા માલ ખર્ચ ન કરો. અને મને ખૂબ જ પસંદીદા માલ બાગે બીરે હાઅ્ છે, તો હવે તે અલ્લાહના માટે સદકો છે. હું અલ્લાહની પાસે એનો સવાબ અને એનો ખજાનો ચાહુ છું.[4] યા રસૂલલ્લાહ ! આપ તેને ત્યાં ખર્ચ કરો જ્યાં રબ તઆલા આપની રાય કાયમ કરે.[5] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સરસ ! સરસ ! આ તો ઘણો જ નફાનો માલ છે.[6] જે તમે કહ્યું તે મેં સાંભળી લીધું. મારી રાય એ છે કે તમે એને તમારાં સગા કુટુંબીઓમાં વકફ કરી દો.[7] અબૂ તલ્હા બોલ્યા, યા રસૂલલ્લાહ ! હું એવું જ કરું છું. પછી તેને તલ્હાએ પોતાના સગાં તથા કાકાના પુત્રોમાં વહેંચી આપ્યો.[8]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** હઝરત તલ્હાના એક બાગનું નામ છે, એ નામના મુહદ્દિષોએ આઠ અર્થો કહ્યા છે. જેમાંથી એક એ કે "હાઅ્" એક માણસનું નામ હતું જેણે આ કૂવો ખોદાવ્યો હતો. કેમ કે એ કૂવો એ બાગમાં હતો જેથી બાગનું નામ પણ એ જ પડયું. એ કૂવો હજી સુધી મૌજૂદ છે. ફકીરે એનું પાણી પીધુ છે. બીજુ એ કે બીરે હાઅ્ બયરૂને ફાઈલ છે. એક જ શબ્દ છે બરાહ (براح)થી મુશ્તક. ખુલ્લી જમીનના અર્થમાં. પ્રથમ સ્થિતિમાં એનો અર્થ થશે હાઅ્ નો કૂવો. બીજી સ્થિતિમાં થશે ખુલ્લો બાગ. *(અઝ : મિર્કાત વગેરે)*

**૨.** એટલે કે હુઝૂર ﷺને પણ અહીંનું પાણી ખૂબ પ્રિય હતું એટલા માટે જાણકાર હાજીઓ બરકતના માટે એનું પાણી જરૂર પીએ છે.

**૩.** જેમાં ઈર્શાદ (આદેશ) થયો કે તમે ભલાઈ એટલે રઝાએ ઈલાહી અથવા જન્નત ત્યાં સુધી નથી પામી શકતાં જ્યાં સુધી કે પોતાની પ્યારી ચીજ ખર્ચ ન કરો. આ આયતની સંપૂર્ણ તફસીર અમારી તફસીર "નૂરુલ ઈર્ફાન"માં જુઓ.

**૪.** હઝરત અબૂ તલ્હાની આ અરજ તથા વિનંતિનો મક્સદ એ હતો કે હુઝૂરે અન્વર ﷺ આપના આ નેક અમલ પર ગવાહ બની જાય અને મુસલમાનોમાં આ વક્ફનું એલાન થઈ જાય. યાદ રાખશો કે અન્ય નફલી સદકા મોટાભાગે ગુપ્ત રીતે આપવા બેહતર છે પણ વક્ફનું દરેક રીતે એલાન કરી દેવું સખત જરૂરી છે કે જેથી ભાવિમાં એ વક્ફ થયેલ ચીજ પર કોઈ કબજો ન કરી શકે, ત્યાં સુધી કે મસ્જિદની ઈમારતમાં મીનારા, ગુંબદ વગેરે એવી નિશાનીઓ સ્થાપી દેવામાં આવે જેનાથી તે દૂરથી જ મસ્જિદ માલૂમ પડે. એમાં રિયા નથી, બલ્કે વક્ફને સલામત રાખવું છે. તેમજ આપનું પોતાનો દિલી ઈખ્લાસ જાહેર કરવું રિયા માટે ન હતું, બલ્કે હુઝૂર ﷺથી દુઆ પ્રાપ્ત કરવા માટે હતું, જેથી હદીષે પાક પર કોઈ વાંધો નથી.

**૫.** એટલે હુઝૂર ﷺ જ્યાં ચાહે એ બાગની આવકને લગાડી દે કે ત્યાં વપરાતી રહે. કેમ કે હુઝૂર ﷺનું ચાહવું પોતાના નફસની તરફથી નથી હોતુ બલ્કે રબ તઆલાની તરફથી હોય છે. એટલા માટે આ પ્રમાણે અર્ઝ કરી, حَيْثُ اَرَاكَ اللّٰهُ સહાબાએ કિરામ પોતાના સદકા હુઝૂર ﷺના દસ્તે મુબારકથી ખર્ચ કરાવતા હતા જેથી એ હાથની બરકતથી કબૂલ થઈ જાય. રબ તઆલા ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا એટલે આપ એમના માલોના સદકા વસૂલ કરી લો અને એના થકી તેમને પાક તથા સાફ કરી દો. (સૂ. તૌબા, ૯/૧૦૩) આજે મુસલમાન ખતમ તથા ફાતિહામાં અર્ઝ કરે છે : નઝર અલ્લાહ નિયાઝે રસૂલ, તેનો માઅઝ આ હદીષ પણ છે.

**૬.** અરબીમાં અતિશય ખુશી પ્રદર્શિત કરતી વેળા કહેવામાં આવે છે : بَخٍ بَخٍ એટલે સરસ ! સરસ ! رابح ربح થી બન્યું નફાના અર્થમાં રબ તઆલા ફર્માવે છે : فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ એટલે આ માલ ઘણો નફાવાળો છે. (સૂ. બકરહ, ૨/૧૬) જેમ કે لابن દૂધવાળા અને تامر ખારેકોવાળા એટલે હે અબૂ તલ્હા ! તમને આ બાગના વક્ફથી ખૂબ લાભ થશે. જાણવા મળે છે કે હુઝૂરે અન્વર ﷺને અમલોની કબૂલિયતની પણ ખબર છે અને એ પણ કે કોનો કયો અમલ કયા દરજાએ કબૂલ છે. આ બાગ કેમ કબૂલ ન થતો. બાગ પણ સારો હતો અને વક્ફ કરનાર પણ સારો હતો. એ સહાબી અને જેમના તુફૈલ વક્ફ કરવામાં આવ્યો તે તો સારાઓના શહેનશાહ છે ! ﷺ

**૭.** એટલે પોતાનાં સગાં વહાલાં ગરીબોને તેના મસ્રફ (જેમના પર તેને વાપરવામાં આવે) બનાવો જેથી હમેશાં તેઓ એની આવક ખાયા કરે જેથી તમને સદકાની સાથે સગા સંબંધીઓના હક્કો અદા કરવાનો પણ સવાબ મળતો રહે. યાદ રાખશો કે કેટલાક વક્ફો એવાં હોય છે કે જેનાથી અમીર તથા ગરીબ, ત્યાં સુધી કે વક્ફ કરનારાઓ

પણ નફો હાંસલ કરી શકે છે, જેમ કે કૂવો, મસ્જિદ, કબ્રસ્તાન, મુસાફિરખાના.

**૮.** એના બે અર્થો થઈ શકે છે : એક એ કે બાગ તો વકફ રહ્યો પણ તેનુ મુતવલ્લીપણુ વહેંચી દેવામાં આવ્યું કે એટલા હિસ્સાના ફલાણા મુતવલ્લી કે પોતે ખાય અને અન્યોને પણ ખવડાવે, અને આટલા હિસ્સાના ફલાણા. બીજુ એ કે ખુદ બાગને વહેંચી આપ્યો કે એ લોકોને એ હિસ્સાઓના માલિક બનાવી દીધા. પણ અશિઅતુલ લમ્આતમાં શયખે ફર્માવ્યું કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ પોતાના જમાનામાં તેમનાં સગા સંબંધીઓથી તે બાગ ખરીદી લીધો અને ત્યાં પોતાની ઈમારતો બનાવી. એનાથી જાણવા મળે છે કે એ વહેંચણી તમ્લીકના રૂપે હતી, વહેંચણી રૂપે મુતવલ્લીપણુ ન હતું. હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત તથા ઉબય ઈબ્ને કઅબને પણ એમાંથી ભાગ મળ્યો હતો.

**★ હદીષ : (૧૮)-૧૯૪૬ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفْضَلُ الصَّدَقَةِ أَنْ تُشْبِعَ كَبِدًا جَائِعًا» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બેહતરીન સદકો એ છે કે તમે કોઈ ભૂખ્યા કલેજાને તૃપ્ત કરો.[૧]''*

*(બયહકી ફી શોઅબુલ ઈમાન)*

**૧.** ભૂખ્યા કલેજાની મુરાદ દરેક ભૂખ્યુ જાનદાર છે, માણસ હોય કે અન્ય જાનવર, વળી માણસોમાં મોમિન હોય કે કાફિર. (મિર્કાત તથા અશિઅહ) પણ એનાથી મૂઝી જાનવરો અલગ છે, જેમ કે સિંહ, વરૂ, સાપ વગેરે. અમુક મશાઈખને ત્યાં આમ લંગર ચાલુ રહે છે જ્યાં દરેક આવનારો ખાય છે. અમુક બુઝુર્ગોને ત્યાં જાનવરો, કબૂતરો, કાગડા વગેરેને દાણા નાખવામાં આવે છે. અમુક લોકો મદીના મુનવ્વરાના કબૂતરો માટે હાજીઓ સાથે દાણા મોકલે છે તેમની અસ્લ આ હદીષ છે.

# باب صدقة المرأ من مال الزوج

# બાબો સદક઼તિલ્ મર્અતિ મિમ્માલિઝ્ઝવજે

## (પતિના માલથી પત્નીની ખૈરાત વિશે)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** જો કે પ્રકરણમાં કેવળ પત્નીનો ઉલ્લેખ છે પણ એમાં ખજાનચી, નોકર ચાકર સૌ સામેલ છે એટલા માટે આ પ્રકરણમાં ખજાનચીના ખર્ચ કરી દેવાનું પણ વર્ણન કરવામાં આવશે. કેમ કે સામાન્યતઃ પત્નીઓ જ પતિના માલથી ખૈરાત કરે છે, ખજાનચી તો કોઈક કોઈની પાસે હોય એટલા માટે પત્નીઓનું વર્ણન થયું.

**★ હદીષ : (૧)-૧૯૪૭ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَال رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذْ أَنْفَقَتِ الْمَرْأَةُ مِنْ طَعَامِ بَيْتِهَا غَيْرَ مُفْسِدَةٍ كَانَ لَهَا أَجْرُهَا بِمَا أَنْفَقَتْ وَلِزَوْجِهَا أَجْرُهُ بِمَا كَسَبَ وَلِلْخَازِنِ مِثْلُ ذَلِكَ لَا يَنْقُصُ بَعْضُهُمْ أَجْرَ بعض شَيْئًا»

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે સ્ત્રી પોતાના ઘરના ખાણામાંથી કાંઈક ખૈરાત કરે એ શરતે કે બર્બાદીની નિય્યત ન હોય તો તેને ખૈરાત કરવાનો સવાબ મળશે.[૧] અને તેના પતિને કમાવાનો સવાબ અને ખજાનચીને પણ તેના બરાબર, જેમનામાંથી કોઈ બીજાના સવાબથી કાંઈ ઓછુ કરશે નહીં[૨]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** જો કે હદીષે પાકમાં ખાવાની ખૈરાતનું વર્ણન છે પણ એમાં સર્વ તે મામૂલી ચીજો સામેલ છે જેને ખૈરાત કરવાની પતિના તરફથી રિવાજ પ્રમાણે ઈજાઝત હોય છે. જેમ કે ફાટેલાં જૂનાં કપડાં, તૂટેલા જોડા વગેરે અને ખાવામાં પણ સામાન્ય ખાણુ રોટી શાક સામેલ છે જેને ખૈરાત કરવાથી પતિ તરફથી નારાજી નથી થતી. જો કે પતિએ કોઈ ખાસ હલવો કે મા'જૂન પોતાના ઘરના માટે ઘણા રૂપિયા ખર્ચ કરીને તૈયાર કરી છે તો એમાંથી ખૈરાતની પત્નીને ઈજાઝત નથી. મિર્ક઼ાતે ફર્માવ્યું, અહીં ખર્ચ કરવામાં બાળકો પર ખર્ચ, મહેમાનોની આગતા સ્વાગતામાં ખર્ચ, ભીખારી ફક઼ીર પર ખર્ચ સૌ સામેલ છે, પણ શર્ત એ જ છે કે માલ બર્બાદ કરવાની નિય્યત ન હોય બલ્કે સવાબ પામવાનો ઈરાદો હોય, અને એટલો જ ખર્ચ કરે જેટલો ખર્ચ કરવામાં નિયમ (રિવાજ) હોય.

**૨.** અહીં અસલ સવાબમાં સૌ સરખા છે, જો કે સવાબની માત્રામાં ફરક છે. કમાનારનો સવાબ એ સૌમાં અધિક હશે, જેથી આ હદીષ આગલી હદીષની વિરૂધ્ધ નથી જેમાં પત્ની માટે અડધો સવાબ કહેવામાં આવેલ છે, કે અહીં અસલ સવાબમાં સમાન હોવાનો હેતુ છે અને ત્યાં સવાબની માત્રામાં ફરક છે.

★ હદીષ : (૨)-૧૯૪૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَنْفَقَتِ الْمَرْأَةُ مِنْ كَسْبِ زَوْجِهَا مِنْ غَيْرِ أَمْرِهِ فَلَهَا نِصْفُ أَجْرِهِ»

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે પતિની કમાઈથી[1] તેને સ્પષ્ટપણેના હુકમ વિના ખૈરાત કરે તો તેણીને પતિ કરતાં અડધો સવાબ મળશે.[2]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** પતિની કમાઈની એટલા માટે શર્ત રાખી કે જો પત્ની પોતાની માલિકીમાંથી ખૈરાત કરે તો તેનો આ હુકમ નથી.

**૨.** આ એ સંજોગોમાં છે કે પતિએ સ્પષ્ટપણે તો ખૈરાતની ઈજાઝત ન આપી હોય પણ આમ રિવાજ મુજબ ઈજાઝત હોય. પત્નીને ખબર હોય કે પતિ આ ખર્ચથી નારાજ નહીં થાય. પત્નીને અડધો સવાબ એટલા માટે ફર્માવ્યું કે પુરૂષ કમાનારો છે, કમાવામાં મહેનત અધિક હોય છે અને સવાબ મહેનત મુજબ મળે છે.

★ હદીષ : (૩)-૧૯૪૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْخَازِنُ الْمُسْلِمُ الْأَمِينُ الَّذِي يُعْطِي مَا أُمِرَ بِهِ كَامِلًا مُوَفَّرًا طَيِّبَةً بِهِ نَفْسُهُ فَيَدْفَعُهُ إِلَى الَّذِي أُمر لَهُ بِهِ أحد المتصدقين»

*''હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મુસલમાન અમાનતદાર ખજાનચીને[1] જે તેને હુકમ આપવામાં આવે તે પૂરો કરે અને સંપૂર્ણ ખુશદિલી સાથે ખૈરાત કરી દે અને તેને આપે જેને આપવાનું કહેવામાં આવ્યું, તે પણ બેમાંથી એક સદકો આપનારો છે.[2]'' (બુખારી, મુસ્લિમ)*

**૧.** બાદશાહો, અમીરોને ત્યાં ખજાનચી પણ નોકર હોય છે જેમની પાસે માલિકના રૂપિયા જમા રહે છે જેની તેઓ લેણદેણ કરે છે અને હિસાબ રાખે છે. ખજાનચી મુસલમાન પણ હોય છે અને કાફિર પણ. આગલો સવાબ કેવળ મુસલમાન ખજાનચીના માટે જ છે, કેમ કે કાફિર કોઈ નેકીના સવાબનો મુસ્તહિક્ નથી. સવાબ ક્બૂલિયત પર મળે છે અને ક્બૂલિયતની શર્ત ઈસ્લામ છે. આ હદીષમાં એ તરફ નિર્દેશ છે કે મુસલમાને જોઈએ કે શક્ય ત્યાં સુધી ખજાનચી મુસલમાન રાખે અને ચાવી ધરાવનારાઓ મુસલમાન રાખે. રબ તઆલા ફર્માવે છે : لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ ''કાફિરોને તમારા સલાહકાર ન બનાવો.'' *(સૂ. આલે ઈમરાન, ૩/૧૧૮)* તેમજ અમીન તથા હિસાબ જાણનાર મુસલમાનને ખજાનચી બનાવો.

**૨.** એટલે જો મુસલમાન અમીન ખજાનચીમાં સદકો આપતી વખતે ચાર ખૂબીઓ ભેગી થઈ જાય તો માલિકની જેમ તેને પણ સદકાનો સવાબ મળશે. (૧) માલિકના હુકમથી સદકો આપે. (૨) પૂરેપૂરો સદકો આપે, હુકમ કરતાં ઓછો ન આપે. (૩) ખુશદિલી સાથે આપે, જલીને ન આપે. જેમ કે અમુક ખજાનચીઓની આદત છે કે માલિક ખૈરાત કરે અને તે બળી મરે ! (૪) જ્યાં સદકો આપવાનું કહેવામાં આવ્યું છે ત્યાં જ આપે, મસ્રફ (જગા) ન બદલે. મસ્જિદમાં આપવાનું કહ્યું છે તો મસ્જિદમાં આપે. ખાનકાહ પર ખર્ચ કરવાનું કહ્યું છે તો ત્યાં જ ખર્ચ કરે. વહીના વિશે કુર્આને કરીમ ફર્માવે છે : فَمَنْ بَدَّلَهٗ بَعْدَ مَا سَمِعَهٗ فَاِنَّمَآ اِثْمُهٗ عَلَى الَّذِيْنَ يُبَدِّلُوْنَهٗ (''તો જે વસિયતને સાંભળ સંભળાવીને બદલી નાખે એનો ગુનોહ તે જ બદલનારાઓ પર છે.'' *(સૂ. બક્રહ, ૨/૧૮૧)* આ હદીષ જાણે આ આયતની તફસીર છે.

**★ હદીષ : (૪)-૧૯૫૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: أَنَّ رَجُلًا قَالَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: إِنَّ أُمِّي افْتُلِتَتْ نَفْسَهَا وَأَظُنُّهَا لَوْ تَكَلَّمَتْ تَصَدَّقَتْ فَهَلْ لَهَا أَجْرٌ إِنْ تَصَدَّقت عَنْهَا؟ قَالَ: نعم "

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે હુઝૂર ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે મારી માં અચાનક મૃત્યુ પામી ગયાં. મારો ખયાલ છે કે જો કાંઈક બોલતાં તો ખૈરાત કરતાં.[1] તો શું એમને સવાબ થશે જો હું તેમના તરફથી ખૈરાત કરી દઉં ? ફર્માવ્યું, હા ![2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** સવાલ કરનાર (સાઈલ) હઝરત ઓબાદા ઈબ્ને ઓબાદા હતા. તેમનાં વાલિદા ઉમરા બિન્તે મસઊદ ઈબ્ને કૈસ ઈબ્ને અમ્ર ઝૈદ હતાં. હિ.સ. ૫માં હાર્ટ ફેઅલના કારણે વફાત પામી ગયાં. **અચાનક મૌત ગાફિલના માટે અઝાબ છે કે તેને તૌબા તથા નેક અમલનો મોકો નથી મળતો, પણ ઝિક્રે ખુદામાં રહેનારાઓ મોમિનોના માટે રહમત છે કે અલ્લાહ તઆલા તેમને બીમારીઓની તકલીફોથી બચાવી લે છે.** જેથી હદીષ પર કોઈ વાંધો નથી. આપનાં વાલિદા સહાબિયા છે. હુઝૂરે અન્વર ﷺથી બયઅત કરી ચૂક્યાં હતાં. ઘણા જ આબિદા ઝાહિદા હતાં.

**૨.** એટલે કે, હા તેમના તરફથી તમે સદકો આપો કે તેમને જરૂરથી સવાબ મળશે. લમ્આતમાં હઝરત શયખે ફર્માવ્યું કે આ હદીષથી સ્પષ્ટપણે જાણવા મળ્યું કે મૈયતની તરફથી સદકો કરવો તથા તેના માટે દુઆ કરવી સુન્નત છે, એનાથી મૈયતને ફાયદો પહોંચે છે. સદકાનો સવાબ પહોંચવા બાબતે તમામ અહલે હક્કની એકમતિ છે, અલ્બત્ત બદની (શારીરિક) ઈબાદતો વિશે ઉલમામાં મતભેદ છે. પણ હક્ક એ છે કે તેમનો સવાબ પણ પહોંચે છે. અમે ઉમ્મે સઅદની માના કૂવાવાળી હદીષમાં આ મસ્અલાની સ્પષ્ટતા કરી ચૂક્યા છીએ કે આ પ્રકારના ઈસાલે સવાબની હદીષો ન તો આ આયતની વિરૂધ્ધ છે કે لَّيْسَ لِلْإِنسَانِ إِلَّا مَا سَعَىٰ ("પણ એ કે માણસ ન પામશે પણ પોતાની કોશિશ." સૂ. નજ્મ, ૫૩/૩૯) અને ન આના વિરૂધ્ધ છે : لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ("એનો ફાયદો છે જે સારું કમાયો અને તેનું નુકસાન છે જે બુરાઈ કમાયી." –સૂ. બકરહ, ૨/૨૮૬) કેમ કે આ આયતોમાં એ છે કે કોઈ શખ્સ કોઈની તરફથી બદની ઈબાદતો અદા નથી કરી શકતો કે તેની તરફથી ફર્ઝ નમાઝો અદા કરી આપ્યા કરે અથવા રોઝા રાખી આપ્યા કરે. ફર્ઝની અદાયગી અલગ છે અને ઈસાલે સવાબ કાંઈ અલગ. એટલા માટે આયતમાં سعی તથા کسب નો ઉલ્લેખ થયો, ન કે સવાબનો. ઈસાલે સવાબ તો કુર્આને કરીમની આયતથી સાબિત છે. જુઓ અમારી કિતાબ "ફેહરિશ્તે કુર્આન." અશિઅતુલ લમ્આતમાં આ જ જગાએ છે કે શયખ અઝીઝુદ્દીન અબ્દુસ્સલામને કોઈએ એમના મૃત્યુ બાદ ખ્વાબમાં જોયા તો ફર્માવ્યું, અમે દુનિયામાં તિલાવતે કુર્આનનો સવાબ પહોંચવાના મુન્કિર હતા પણ આ દુનિયામાં આવીને જાણ થઈ કે એનો સવાબ પણ પહોંચે છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૫)-૧૯૫૧ ★**

عَنْ أَبِي أُمَامَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ فِي خُطْبَتِهِ عَامَ حُجَّةِ الْوَدَاعِ: «لَا تُنْفِقُ امْرَأَةٌ

*"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને હજ્જતુલ વિદાઅના વરસે ખુત્બામાં ફર્માવતા સાંભળ્યા કે કોઈ સ્ત્રી પોતાના પતિના ઘરેથી પતિની રજા વિના કાંઈ ખર્ચ ન કરે[1]*

شَيْئًا مِنْ بَيْتِ زَوْجِهَا إِلَّا بِإِذْنِ زَوْجِهَا» . قِيلَ: يَا رَسُولَ اللّٰهِ وَلَا الطَّعَامَ؟قَالَ:«ذَٰلِكَ أفضل أَمْوَالِنَا».رَوَاهُ التِّرْمِذِيّ

*અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ ખાવા પણ નહીં ? ફર્માવ્યું, એ તો આપણો બેહતરીન માલ છે.[2]" (તિર્મિઝી)*

**૧.** એટલે કે પત્ની પતિના માલમાંથી ઈજાઝત વિના ખૈરાત ન કરે. ઈજાઝત ચાહે સ્પષ્ટપણે હોય કે રિવાજ મુજબની. જેમ કે સામાન્યતઃ પત્નીઓને પતિઓ તરફથી રોટીના ટુકડા, મામૂલી ચીજ ખૈરાત કરી દેવાની મહેમાનોની આગતા સ્વાગતા (ખિદમત) કરવાની ઈજાઝત હોય છે, બલ્કે પતિ એ જાણીને ખુશ થતા હોય છે કે અમારી પત્ની સભ્યતાવાળી, આવડતવાળી છે, મહેમાનનવાઝ છે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ નથી.

**૨.** એટલે કે ખાણુ તો બેહતરીન માલ છે જેના પર જિંદગી નિર્ભર છે. જ્યારે પોતાની ઈજાઝત વિના મામૂલી ચીજ પણ ખર્ચી નથી શકતી તો ખાણા જેવી બેહતરીન ચીજ કેવી રીતે ખૈરાત કરી શકે છે. એનો મતલબ હમણા અર્ઝ કરવામાં આવ્યો.

**★ હદીષ : (૬)-૧૯૫૨ ★**

وَعَنْ سَعْدٍ قَالَ: لَمَّا بَايَعَ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ النِّسَاءُ قَامَتِ امْرَأَةٌ جَلِيلَةٌ كَأَنَّهَا مِنْ نِسَاءِ مُضَرَ فَقَالَتْ: يَا نَبِيَّ اللّٰهِ إِنَّا كَلٌّ عَلَى آبَائِنَا وَأَبْنَائِنَا وَأَزْوَاجِنَا فَمَا يَحِلُّ لَنَا مِنْ أَمْوَالِهِمْ؟ قَالَ: «الرطب تأكلنه وتهدينه» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત સઅદથી રિવાયત છે ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રીઓથી બયઅત લીધી ત્યારે એક શાનદાર સ્ત્રી કદાચ તે મુઝરની સ્ત્રીઓમાંથી હતી[1] ઉઠી અને બોલી, હે અલ્લાહના નબી ! અમે તો અમારા બાપ, દાદાઓ, ઔલાદ અને પતિઓ પર બોજ છીએ[2] અમને તેમના માલોમાંથી કેટલા પ્રમાણમાં દુરુસ્ત છે ? તર ખાવા જેને તમે ખાય લો અને હદિયો આપી શકો.[3]" (અબૂ દાઊદ)*

**૧.** એટલે હસીન સૂરત, લાંબુ કાઠુ ઈજ્જત તથા શરફવાળી કે કબીલા મુઝરના લોકો એવા જ હોય છે જેમ કે આજે મિસરી લોકો છે. એટલે લગભગ એ સ્ત્રી કબીલા મુઝર ઈબ્ને નઝ્ઝારથી હતાં.

**૨.** એટલે કે લોકો અમને અમારા હક્કો પૂરા નથી આપતા. અમારા પર ખર્ચ કરતાં ગભરાય છે, યાદ રાખશો કે છોકરીનો ખર્ચ શાદીથી પહેલાં બાપની જિમ્મેદારીમાં છે અને શાદી પછી પતિની જિમ્મેદારીમાં છે. ઔલાદવાળી બન્યા બાદ પુત્ર પર માબાપની દરેક પ્રકારની ખિદમત લાઝિમ છે, તેમ છતાં પણ પતિ પર તેણીનો ખર્ચો રહેશે.

**૩.** એટલે કે રાંધેલા ખોરાક, તર મેવા જે વધુ સમય નથી રહી શકતા, તેમને પોતે પણ ખાવ અને હદિયો પણ આપો. દરેક વખતે અલગથી ઈજાઝત લેવાની જરૂરત નથી, કેમ કે એ ચીજોને હદિયો કરવાની ઉર્ફમાં ઈજાઝત હોય છે. હક્ક એ છે કે આ હદીષ પિતા, ઔલાદ, પતિ સૌના માલના સંબંધે છે. પુત્રી પિતાના માલથી, મા ઔલાદના માલથી, પત્ની પતિના માલથી સ્પષ્ટ ઈજાઝત વિના આ પ્રકારની ચીજોમાંથી સદકો હદિયો સર્વ કાંઈ કરી શકે છે, હક્ક આ જ છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૭)-૧૯૫૩ ★**

عَنْ عُمَيْرٍ مَوْلَى آبِي اللَّحْمِ قَالَ: أَمَرَنِي مَوْلَايَ أَنْ أُقَدِّدَ لَحْمًا فَجَاءَنِي مِسْكِينٌ فَأَطْعَمْتُهُ مِنْهُ فَعَلِمَ بِذَلِكَ مَوْلَايَ فَضَرَبَنِي فَأَتَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرْتُ ذَلِكَ لَهُ فَدَعَاهُ فَقَالَ: «لِمَ ضَرَبْتَهُ؟» فَقَالَ يُعْطِي طَعَامِي بِغَيْرِ أَنْ آمُرَهُ فَقَالَ: «الْأَجْرُ بَيْنَكُمَا» . وَفِي رِوَايَةٍ قَالَ: كُنْتُ مَمْلُوكًا فَسَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أأتصدق مِنْ مَالِ مَوَالِيَّ بِشَيْءٍ؟ قَالَ: «نَعَمْ وَالْأَجْرُ بَيْنَكُمَا نِصْفَانِ» . رَوَاهُ مُسْلِمٌ

*''હઝરત ઉમૈર رضی اللہ عنہ થી રિવાયત છે જે અબીલ્લહ્મના[૧] ગુલામ છે. ફર્માવે છે કે મારા માલિકે મને ગોશ્ત સૂકવવાનો હુકમ આપ્યો[૨] એવામાં એક મિસ્કીન આવી ગયો જેને મેં એમાંથી કાંઈક આપી દીધું[૩] તેની જાણ મારા માલિકને થઈ તો તેણે મને માર્યો. હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને આ બનાવ હુઝૂર સમક્ષ રજૂ કર્યો[૪] હુઝૂરે તેમને બોલાવ્યા. ફર્માવ્યું, તમે આને કેમ માર્યો ? અર્ઝ કરી કે એ મારુ ખાવા મારી રજા વિના આપી દે છે. ફર્માવ્યું, સવાબ તમને બંનેવને છે[૫] એક રિવાયતમાં એવું છે કે ફર્માવે છે, હું મઝલૂમ હતો. મેં રસૂલુલ્લાહ ﷺ ને પૂછયું કે શું પોતાના માલિકના માલમાંથી કાંઈક ખૈરાત કરી દીધા કરું ? ફર્માવ્યું, હા ! સવાબ તમને બંનેવને અડધો અડધો થશે.[૬] '' (મુસ્લિમ)*

**૧.** ઉમૈર સહાબી છે. ગઝવએ ખૈબરમાં નબી કરીમ ﷺની સાથે હતા. તેમના માલિક પણ સહાબી છે. તેમના માલિકનું નામ અબ્દુલ્લાહ છે. લક્બ અબીલ્લહ્મ એટલે કે ગોશ્તની ના પાડનારા. કેમ કે એ ગોશ્તનો વેપાર કરતા હતા પણ પોતે બિલકુલ ખાતા ન હતા એટલા માટે તેમનો આ લક્બ પડયો. અમુકે ફર્માવ્યું કે એ જાહિલિયતના જમાનામાં મૂર્તિઓના નામનો ઝબહ કરેલો ગોશ્ત ખાતા ન હતા. મશહૂર તથા પૂરાણા સહાબીઓમાંથી છે. જંગે બદરમાં શરીક થયા અને ગઝવએ હુનૈનમાં શહીદ થયા.

**૨.** قَدٌّ، قِدٌّ થી બન્યુ, એટલે ગોશ્તના લાંબા ટુકડા કરવા. કેમ કે ટુકડા સૂકવવા માટે કરવામાં આવે છે એટલા માટે હવે સૂકવવાના અર્થમાં વપરાય છે. અરબવાસીઓ ગોશ્ત સૂકવીને મહિનાઓ સુધી ઉપયોગમાં લે છે. હજી પણ સૂકો ગોશ્ત વિલાયતથી બંધ ડબ્બાઓમાં આવે છે.

**૩.** ચોરી અથવા માલિકના નુકસાનની નિય્યતથી નહીં, બલ્કે કેવળ સવાબની નિય્યતથી, કેમ કે ગુલામોને આ પ્રકારના સદકાઓની રિવાજ પ્રમાણે ઈજાઝત હોય છે.

**૪.** આ વાક્યથી ફકીરની (લેખકની) શરહને મજબૂતી મળે છે. જો તેમની નિય્યત ફાસિદ (ખરાબ) હોત તો આ બનાવને દબાવી લેતા, હુઝૂર ﷺની પાસે શિકાયત ન લાવતા. શિકાયતનો હેતુ એ જ હતો કે હું તો માલિકના માલથી સદકો કરીને એમનો ફાયદો કરું છું અને એ મને મારે છે !

**૫.** એટલે કે જો તમે એના આપેલાથી રાજી થઈ જાવ તો તમે પણ સવાબ પામશો. એનો મક્સદ એ નહીં કે ગુલામને માલિકની ઈજાઝત વિના તેના માલમાં હેર ફેર કરવાની મુત્લક્ન ઈજાઝત આપી દેવામાં આવે, બલ્કે કેમ કે નબી કરીમ ﷺ ગુલામની નેક નિય્યતીથી માહિતગાર હતા એટલા માટે એમના માલિકને એક બેહતર વાતની

હિદાયત કરી. એનાથી જાણવા મળ્યું કે જો માલિક વિના કુસૂરે પણ ગુલામને મારી દે તો માલિક પર તેનો ક઼ેસાસ નથી. એ જ પ્રમાણે જો બાપ પુત્રને, ઉસ્તાદ શાગિર્દને ગલતફહમીમાં વિના કારણે પણ મારે તો ક઼ેસાસ નથી. જુઓ, મૂસા علیہ السلامએ વિના વાંકે હારૂન علیہ السلامની દાઢી અને માથાના વાળ પકડી લીધા પણ અસલ બનાવમાં હારૂન علیہ السلامની બેકુસૂરી માલૂમ પડતાં તેમના માટે દુઆ કરી પણ ક઼ેસાસ ન આપ્યો. જેથી નબી કરીમ صلی اللہ علیہ وسلمનું પોતાને હઝરત અકાશાની સામે પેશ કરી દેવું ન્યાયની તાલીમ માટે હતું ન કે ક઼ાનૂન વર્ણવવા માટે.

૬. એનો મતલબ એ જ છે જે અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યો છે કે એનાથી એ સ્થિતિઓ મુરાદ હોય છે જેનામાં માલિક તરફથી ગુલામને ઉર્ફ પ્રમાણે ખર્ચ કરી દેવાની ઈજાઝત હોય છે, નહીં તો કોઈનો માલ તેની ઈજાઝત વિના ખૈરાત નથી કરી શકતા.

# باب من لا يعود فى الصدقة
# બાબો મન લા યઊ઼દુ ફીસ્સદક઼તે[1]
## (કયો શખ્સ સદક઼ો પરત ન લે)

## (વિભાગ : ૧) الفصل الاول

**૧.** સદક઼ો પાછો લેવાની કેટલીક સ્થિતિઓ છે : આપીને પાછો લઈ લેવો, આપીને ખરીદી લેવો, આપ્યા પછી વારસા રૂપે સદક઼ાનું પરત આપવું. પ્રથમ સ્થિતિ તદન નાજાઈઝ છે અને ત્રીજી સ્થિતિ એકદમ જાઈઝ છે. બીજી સ્થિતિમાં થોડી વિગતે ચર્ચા છે. યાદ રાખશો કે "હદિયો" આપીને પરત લઈ લેવો જાઈઝ છે. જો કે ઘણુ જ બુરૂ છે. તેની ચર્ચા અગાઉ થઈ ચૂકી, પણ "સદક઼ો" આપીને પાછો લઈ લેવો જાઈઝ નથી.

**★ હદીષ : (૧)-૧૯૫૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: حَمَلْتُ عَلَى فَرَسٍ فِي سَبِيلِ اللَّهِ فَأَضَاعَهُ الَّذِي كَانَ عِنْدَهُ فَأَرَدْتُ أَنْ أَشْتَرِيَهُ وَظَنَنْتُ أَنَّهُ يَبِيعُهُ بِرُخْصٍ فَسَأَلْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَا تَشْتَرِهِ وَلَا تَعُدْ فِي صَدَقَتِكَ وَإِنْ أَعْطَاكَهُ بِدِرْهَمٍ فَإِنَّ الْعَائِدَ فِي صَدَقَتِهِ كَالْكَلْبِ يَعُودُ فِي قَيْئِهِ» . وَفِي رِوَايَةٍ: «لَا تَعُدْ فِي صَدَقَتِكَ فَإِنَّ الْعَائِدَ فِي صَدَقَتِهِ كالعائد في قيئه»

*"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضي الله عنه થી રિવાયત છે ફર્માવે છે કે મેં કોઈને અલ્લાહની રાહમાં ઘોડો આપ્યો[1] જેની પાસે એ ઘોડો હતો તેને તેણે બર્બાદ કરી દીધો.[2] મેં ઈચ્છયું કે ઘોડો ખરીદી લઉં. મારો ખયાલ હતો કે સસ્તો વેચી દેશે.[3] મેં નબી કરીમ ﷺ ને પૂછયું, આપે ફર્માવ્યું, એને ન ખરીદો અને તમારા સદક઼ો પરત ન લો ભલે તમને એક દિરહમમાં આપી દે.[4] કેમ કે પોતાના સદક઼ામાં રુજૂઅ કરનાર (પરત લેનાર) એ કૂતરાની જેમ છે જે ઉલ્ટી કરીને ચાટી લે. એક અન્ય રિવાયતમાં છે. સદક઼ો પર ન લો કે પોતાના સદક઼ામાં રુજૂઅ કરનાર એવો છે જેમ કે પોતાની ઉલ્ટી બીજીવાર ખાય લેનારો છે.[5]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** ખૈરાત રૂપે જેથી એના પર જેહાદ વગેરે કર્યા કરે. ઉછીના આપવું મુરાદ નથી બલ્કે માલિક બનાવી દેવું મુરાદ છે.

**૨.** એ રીતે કે એની ખિદમત ઓછી કરી જેનાથી તે કમજોર દુબળો થઈને જાણે કે બર્બાદ થઈ જ ગયો.

**૩.** અથવા એટલા માટે કે ઘોડો કમજોર થઈ ચૂક્યો છે જેના લીધે તેની કિંમત ઘટી ગઈ, અથવા એટલા માટે કે હું તેનો મોહસિન (એહસાનકર્તા) છું એટલા માટે મને રાહત દરે આપશે, કેમ કે એહસાનનો બદલો એહસાન છે. બીજી સંભાવના અધિક મજબૂત છે.

**૪.** આ વાક્યના સબબે અમુક ઉલમા ફર્માવે છે કે પોતાના આપેલા સદક઼ાને ખરીદવું હરામ છે, પણ હક્ક઼ એ

છે કે મકરૂહે તન્ઝીહી છે અને કરાહતનું કારણ પણ એ છે કે એ મોકા પર ફકીર સદકો આપનારની આગળ થયેલ મહેરબાનીને લક્ષમાં રાખીને તેને સસ્તુ આપી દેશે અને આ કિંમતની કમી સદકો પરત લેવું છે. દા.ત. જો સો રૂપિયાનો માલ તેણે એંસીમાં આપી દીધો તો જાણે સદકો આપનારે વીસ રૂપિયા સદકો કરીને પરત લઈ લીધા. જેથી હદીષ પર એ એતરાઝ નથી કે માલિકી બદલાવાથી હુકમો બદલાય જાય છે. એનું દષ્ટાંત બિલ્કુલ આ પ્રમાણે છે કે જો તમે પોતાના પડોશી ફકીર (ગરીબ)ને સદકો આપ્યો. તેણે એ માલનું ખાણુ પકાવીને તમારી દાવત કરી, એ જો એ મહેરબાનીના શુક્રિયામાં હોય તો દાવત નાજાઈઝ છે, અને જો આમ દાવત હતી તેમાં સંજોગોવસાત તમને પણ બોલાવી લેવામાં આવ્યા તો કાંઈ વાંધો નથી.

**૫.** આ સરખામણીથી જણાય રહ્યું છે કે મનાઈ તન્ઝિહી છે, કેમ કે કૂતરાના તેની ઉલ્ટીને ચાટી લેવાથી તેનું પેટ તો ભરાય જ જશે, પણ એ કામ ઘૃણાજનક છે. એ જ પ્રમાણે પોતાના સદકાને ખરીદી લેવાથી માલિકીપણુ તો હાંસલ થઈ જ જશે જો કે એ કામ ઘણુ બુરુ છે. આ જ દષ્ટાંત ભેટ આપેલુ પરત લેવા બાબતે પણ આપવામામાં આવેલ છે, જ્યારે કે ભેટનું પરત લેવું એકમતિએ જાઈઝ છે, જો કે મકરૂહ છે.

**★ હદીષ : (૨)-૧૯૫૫ ★**

وَعَنْ بُرَيْدَةَ قَالَ: كُنْتُ جَالِسًا عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ أَتَتْهُ امْرَأَةٌ فَقَالَت يَا رَسُول الله إِنِّي كنت تَصَدَّقْتُ عَلَى أُمِّي بِجَارِيَةٍ وَإِنَّهَا مَاتَتْ قَالَ: «وَجَبَ أَجْرُكِ وَرَدَّهَا عَلَيْكِ الْمِيرَاثُ» . قَالَتْ يَا رَسُولَ اللَّهِ إِنَّهُ كَانَ عَلَيْهَا صَوْمُ شَهْرٍ أفأصوم عَنْهَا قَالَ: «صومي عَنْهَا» . قَالَت يَا رَسُول الله إِنَّهَا لَمْ تَحُجَّ قَطُّ أَفَأَحُجُّ عَنْهَا قَالَ: «نعم حجي عَنْهَا» . رَوَاهُ مُسلم

*"હઝરત બુરૈદા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હું નબી કરીમ ﷺ ની ખિદમતમાં બેઠેલો હતો એવામાં એક સ્ત્રી હાજર થઈ. બોલી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં મારી માને એક લોંડી સદકામાં આપી હતી અને મા મૃત્યુ પામી[1] ફર્માવ્યું, તારો સવાબ પૂરો થઈ ગયો અને વારસાએ તને લોંડી પરત આપી દીધી[2] અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! મારી મા પર એક મહિનાના રોઝા હતા તો શું હું તેણીના તરફથી રોઝા રાખી લઉં ? ફર્માવ્યું, રાખી લો[3] બોલી, તેણીએ હજ ન કરી હતી તો શું હું કરું ? ફર્માવ્યું, હા ! તેણી તરફથી હજ કરી દો[4]" (મુસ્લિમ)*

**૧.** અને તે લોંડી વારસા પેટે મને મળી રહી છે તો શું હું એને લઉં કે ન લઉં ?! અને ન લઉં અને કોઈને ખૈરાત આપી દઉં ? આ વાક્યથી જાણવા મળ્યું કે ગરીબ માબાપને નફલી સદકો આપી શકાય છે, ફર્ઝ સદકો નથી આપી શકતા. એની તેહકીક અગાઉ કરવામાં આવી ચૂકી. અને શક્ય છે કે એ બીબીએ પોતાના માટે લોંડી હદિયા રૂપે આપી હોય અને સદકાથી હદિયો મુરાદ લીધો હોય.

**૨.** આ હદીષે સ્પષ્ટતા કરી આપી કે વારસા રૂપે જો આપણો સદકો પરત આવે તો તેને લેવું જાઈઝ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે બીજા ફકીર (ગરીબ)ને આપી દે કેમ કે અલ્લાહનો હક્ક બની ચૂક્યો છે, પણ આ કયાસ હદીષ વિરૂધ્ધ છે જેથી રદ છે.

**૩.** ઈમામ અહમદ رحمۃ اللہ علیہ એ આ હદીષના આધારે ફર્માવ્યું કે મૈયતના કઝા રોઝા વારસ રાખી શકે છે.

પરંતું ઈમામ અબૂ હનીફા તથા શાફઈ તથા માલિક علیہم الرحمۃ والرضوان ફર્માવે છે, નથી રાખી શકતા, કેમ કે રોઝા ખાલિસ બદની શારીરિક ઈબાદત છે જેમાં નાયબપણુ નાજાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : لَّيْسَ لِلْاِنْسَانِ اِلَّا مَا سَعٰى (એ કે માણસ પામશે નહીં પણ પોતાની કોશિશ. સૂ. રહમાન, ૫૩/૩૯) અને ફર્માવે છે : لَهَا مَا كَسَبَتْ (તેમના માટે તેમની કમાઈ. સૂ. બક઼રહ, ૨/૧૩૪, ૧૪૧, ૨૨૫) અને ફર્માવ્યું : وَ عَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ (અને જેને એની શક્તિ ન હોય તે ફિદિયો આપે. સૂ. બક઼રહ, ૨/૧૮૪) હુઝૂરે અન્વર ﷺ ઈર્શાદ ફર્માવે છે, "ન કોઈ કોઈના તરફથી નમાઝ પઢે, ન રોઝા રાખે." નહીં રોઝાનો કફ્ફારો આપવું મુરાદ છે, એટલે કે તમો તમારા માના રોઝાઓનો ફિદિયો આપી દો જે હુકમની રીતે રોઝા છે.

**૪.** ચાહે તેમણે વસિયત કહી હોય અથવા ન કરી હોય. જો તેણી પર હજ ફર્ઝ હતો તો તેમના તરફથી તમે કરી દો. સર્વ ઉલમા એના પર એકમત છે કે માલદારીની નજીકવાળા બીમાર કે વૃધ્ધની તરફથી અને મૈયતની તરફથી હજ્જે બદલ કરવી જાઈઝ છે, કેમ કે હજ્જ કેવળ બદની ઈબાદત નથી બલ્કે બદની તથા માલીનું સંગમ છે જે સખત મજબૂરી તથા મઅઝૂરીની હાલતમાં બીજાએ અદા કરી દેવાથી અદા થઈ શકે છે, જેથી આ હદીષ એ સર્વ બુઝુર્ગોની દલીલ છે. ઈબાદતો ત્રણ પ્રકારની છે : કેવળ બદની, કેવળ માલી, બદની તથા માલી ભેગી. કેવળ બદની ઈબાદતોમાં નાયબપણુ તદ્દન નાજાઈઝ છે. જેમ કે રોઝા, નમાઝ, અને કેવળ માલીમાં મુત્લક઼ન જાઈઝ છે. જેમ કે ઝકાત તથા સદક઼ાએ ફિત્ર વગેરે. અને ભેગામાં કાયમી ઉઝરમાં જાઈઝ, સામાન્ય સ્થિતિમાં નાજાઈઝ છે.

# કિતાબુસ્સોમ كتاب الصوم

## (રોઝા વિશે પ્રકરણ)

## (વિભાગ : ૧) الفصل الاول

**૧.** صوم (સોમ)નો શાબ્દિક અર્થ છે દૂર રહેવું. કુર્આને કરીમ ફર્માવે છે : اِنِّیْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْمًا (મેં આજે રહમાનનો રોઝો માન્યો છે. *–સૂરએ મરયમ, ૧૯/૨૬*) એટલે કે મેં વાતચીતથી દૂર રહેવાની નઝર માની છે. શરીઅતમાં સવારથી સાંજ સુધી ઈબાદતની નિય્યતથી સોહબતથી અને કોઈ ચીજને પેટ કે દિમાગમાં દાખલ કરવાથી દૂર રહેવાને 'સોમ' (રોઝો) કહેવામાં આવે છે. રોઝાનો હેતુ છે નફસનું જોર તોડવું, દિલમાં સફાઈ પેદા કરવી, ગરીબી તથા મિસ્કીનોથી મળતાપણુ કરવું, મિસ્કીનો પર પોતાના દિલને નરમ બનાવવું. મિર્કાતમાં છે કે યૂસુફ علیہ السلام દુકાળના જમાનામાં ભરપેટ ખાવા ખાતા ન હતા જેથી ભૂખ્યાઓ ફાકા કરનારાઓનો હક્ક ન ભૂલી જાય. લમ્આત, મિર્કાત અને દુર્રે મુખ્તાર વગેરેમાં છે કે હિ.સ. ૨માં કિબ્લાની તબદીલીના એક મહિના બાદ હિજરતથી અઢારમા મહિને દસમી શાબાને રોઝા ફર્ઝ થયા. રોઝાની ફર્ઝિયતમાં છ પ્રકારની તબદીલીઓ થઈ જેને અમે અમારી ''તફસીરે નઈમી'' પારા–૨માં વિગતવાર વર્ણન કરેલ છે.

**★ હદીષ : (૧)-૧૯૫૬ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذا دخل شهر رَمَضَانُ فُتِحَتْ أَبْوَابُ السَّمَاءِ» . وَفِي رِوَايَةٍ: «فُتِّحَتْ أَبْوَابُ الْجَنَّةِ وَغُلِّقَتْ أَبْوَابُ جَهَنَّمَ وَسُلْسِلَتِ الشَّيَاطِينُ» . وَفِي رِوَايَةٍ: «فُتِحَتْ أَبْوَابُ الرَّحْمَةِ»

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે રમઝાન આવે છે[૧] તો આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને એક રિવાયતમાં છે કે જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે[૨] અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. શૈતાનોને સાંકળોમાં જકડી દેવામાં આવે છે[3] એક રિવાયતમાં છે કે રહમતના દરવાજા ખોલી દેવામાં આવે છે.'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** રમઝાન رمض (રમ્ઝ)થી બન્યું ગરમી અથવા ગરમના અર્થમાં. કેમ કે ભટ્ટી ગંદા લોખંડને સાફ કરે છે અને સાફ લોખંડને ટુકડા (સ્પેરપાર્ટ) બનાવીને કિંમતી કરી દે છે. અને સોનાને મહબૂબના પહેરવા લાયક બનાવી દે છે. એ જ પ્રમાણે રોઝા ગુનેહગારોના ગુનાહ માફ કરાવે છે, નેકોકારના દરજા વધારે છે અને અબરાર (નેકો)નો કુર્બે ઈલાહી વધારે છે, એટલા માટે એને રમઝાન કહે છે. તેમજ એ અલ્લાહની રહમત, મહોબ્બત, ઝમાન, અમાન તથા નૂર લઈને આવે છે એટલા માટે રમઝાન કહેવાય છે. યાદ રાખશો કે રમઝાન આ પાંચ જ નેઅમતો લાવે છે. અને પાંચ જ ઈબાદતો : રોઝા, તરાવીહ, એતેકાફ, શબે કદ્રમાં ઈબાદતો તથા તિલાવતે કુર્આન. આ જ મહિનામાં કુર્આને કરીમ ઉતર્યું અને આ જ મહિનાનું નામ કુર્આન શરીફમાં લેવામાં આવ્યું. માહે રમઝાનના વિગતવાર ફઝાઈલ અમારી કિતાબ ''તફસીરે નઈમી'' ભાગ–૨માં જુઓ.

**૨.** હક્ક઼ એ છે કે માહે રમઝાનમાં આસ્માનોના દરવાજા પણ ખુલે છે જેનાથી અલ્લાહની ખાસ રહમતો જમીન પર ઉતરે છે અને જન્નતોના દરવાજા પણ ખુલે છે જેના કારણે જન્નતવાળા હુરો ગિલ્માનને ખબર થઈ જાય છે કે દુનિયામાં રમઝાન આવી ગયો, અને તેઓ રોઝાદારો માટે દુઆઓમાં મશગૂલ થઈ જાય છે. હદીષ પોતાના જાહેરી અર્થમાં છે કોઈ તાવીલની જરૂરત નથી.

**૩.** આ વાક્ય પણ પોતાના જાહેરી અર્થમાં જ છે કે માહે રમઝાનમાં ખરેખર દોઝખના દરવાજા બંધ થઈ જાય છે જેના કારણે આ મહિનામાં ગુનેહગારો બલ્કે કાફિરોની કબરો પર પણ દોઝખની ગરમી નથી પહોંચતી. એ જે મુસલમાનોમાં મશહૂર છે કે રમઝાનમાં ક઼બ્રનો અઝાબ નથી થતો, એનો આ જ મતલબ છે. અને હક઼ીક઼તમાં ઈબ્લીસ પોતાની ઔલાદોની સહિત કેદ કરી દેવામાં આવે છે. આ મહિનામાં જે કોઈ પણ ગુનાહ કરે છે તે પોતાના નફસે અમ્મારાની શરારતથી કરે છે ન કે શૈતાનના બહેકાવવાથી. ફક઼ીર (લેખક)ની આ ચર્ચાથી આ હદીષ સંબંધે ઘણા બધા વાંધાઓ દૂર થઈ ગયા. દા.ત. જ્યારે અત્યારે જન્નતમાં કોઈ જઈ જ નથી રહ્યું તો તેના દરવાજા ખોલવાથી શું ફાયદો ? અથવા એ કે જ્યારે દોઝખના દરવાજા બંધ થઈ ગયા તો રમઝાનમાં ગરમી ક્યાંથી આવે છે અથવા એ કે જ્યારે શૈતાન કેદ થઈ ગયો તો આ મહિનામાં ગુનાહ કેવી રીતે થાય છે.

**★ હદીષ : (૨)-૧૯૫૭ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " فِي الْجَنَّةِ ثَمَانِيَةُ أَبْوَابٍ مِنْهَا: بَابٌ يُسَمَّى الرَّيَّانَ لَا يدْخلهُ إِلَّا الصائمون "

*"હઝરત સહલ બિન સઅ્દથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જન્નતમાં આઠ દરવાજા છે.[૧] જેમનામાંથી એક બાબે રૈયાન છે, જેમાં કેવળ રોઝાદાર જ દાખલ થશે.[૨]"*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** અથવા એ રીતે કે જન્નતમાં આઠ તબક઼ા છે, દરેક તબક઼ાનો એક દરવાજા છે. અથવા એ રીતે કે જન્નતની પહેલી જ દીવાલમાં આઠ દરવાજા છે જેથી દરેક પ્રકારના નેક લોકો પોત પોતાના અલગ દરવાજેથી પ્રવેશ પામે.

**૨.** ریان બરવઝને فعلان રૂંથી બન્યુ, તરોતાઝગી, સૈરાબી, સબ્ઝીના અર્થમાં. કેમ કે રોઝાદાર રોઝાઓમાં ભૂખ્યા, તરસ્યા રહે છે અને ભૂખની સરખામણીમાં તરસની અધિક તકલીફ ઉઠાવતા હતા એટલા માટે તેમના પ્રવેશના માટે એ દરવાજો પસંદ કરવામાં આવ્યો જ્યાં પાણીની નહેરો, બેહિસાબ લીલોતરી, ફળફુટ તથા તૃપ્તતા છે. જેની ખૂબસૂરતી આજે ન આપણા વહેમ તથા ગુમાનમાં આવી શકે છે ન વર્ણનમાં. ઈન્શાઅલ્લાહ ! જોઈને જ માલૂમ થશે. એનાથી જાણવા મળ્યું કે રોઝાચોર અને રોઝા તોડ મુસલમાન ભલે રહમતે ખુદાવંદી તથા શફાઅતે મુસ્તફવીની બરકતથી બખ્શી પણ દેવામાં આવે અને જન્નતમાં પ્રવેશી પણ જશે પણ આ દરવાજેથી નહીં જઈ શકે, કેમ કે આ દરવાજો તો રોઝાદારો માટે ખાસ છે.

**★ હદીષ : (૧)-૧૯૫૮ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ صَامَ رَمَضَانَ إِيمَانًا وَاحْتِسَابًا غُفِرَ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهِ. وَمَنْ قَامَ رَمَضَانَ

*'હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***જે ઈમાન તથા ઈખ્લાસની સાથે રમઝાનના રોઝા રાખે તેના પાછલા ગુનાહો માફ કરી દેવામાં આવે છે***[૧] *અને જે રમઝાનમાં* ***ઈમાન તથા ઈખ્લાસની સાથે***

إِيمَانًا وَاحْتِسَابًا غُفِرَ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهِ. وَمَنْ قَامَ لَيْلَةَ الْقَدْرِ إِيمَانًا وَاحْتِسَابًا غُفِرَ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهِ»

*રાતોમાં **ઈબાદત કરે** તો તેના **પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.**[2] અને જે **શબે કૃદ્રમાં ઈમાન** તથા **ઈખ્લાસની** સાથે ઈબાદત કરે તો તેના **પાછલા ગુનાહ બખ્શી દેવામાં આવશે.**[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** حسبٌ احتسابથી બન્યું, ગુમાન કરવાના તથા સમજવાના અર્થમા. احتسابનો અર્થ છે સવાબ તલબ કરવો. એટલે કે જે રોઝાની સાથે ઈમાન તથા ઈખ્લાસ એકઠાં થઈ જાય તેનો ફાયદો તો અગણિત છે. નુકસાનનું દૂર થવું એ છે કે તેના સર્વ સગીરા ગુનાહ, હુકૂકુલ્લાહ માફ થઈ જાય છે. આ હદીષથી જાણવા મળ્યું કે હિંદુઓના વ્રત (ઉપવાસ), કાફિરોના પોતાના રોઝાઓનો કોઈ સવાબ નથી, કેમ કે ત્યાં ઈમાન નથી, અને જે શખ્સ બીમારીના ઈલાજના માટે રોઝા રાખે ન કે સવાબ પામવાના માટે તો કોઈ સવાબ નથી કે ત્યાં સવાબની તલબ (નિય્યત) નથી.

**૨.** આ ઈબાદતથી મુરાદ તરાવીહની નમાઝ છે જે કેવળ રમઝાનમાં અદા થાય છે અથવા તહજ્જુદની નમાઝ.

**૩.** મિર્કાતે ફર્માવ્યું કે એના જેવા નેક અમલોથી સગીરા ગુનાહો તો માફ થઈ જાય છે અને ગુનાહે કબીરા સગીરા બની જાય છે, અને બેગુનાહ લોકોના દરજા બુલંદ થઈ જાય છે. જેથી આ હદીષનો મતલબ એ થયો કે રમઝાનમાં રોઝાઓની બરકતથી સગીરા ગુનાહ માફ થઈ જાય છે અને તરાવીહની બરકતથી કબીરા (મોટા) ગુનાહ હલકા પડી જાય છે, અને શબે કૃદ્રની બરકતથી દરજા વધી જાય છે. જેથી હદીષ પર કોઈ એતરાઝ નથી કે જ્યારે રોઝાઓથી ગુનાહ માફ થઈ ગયા તો પછી તરાવીહ અને શબે કૃદ્રની ઈબાદતથી શું થવાનું !

**★ હદીષ : (૪)-૧૯૫૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " كُلُّ عَمَلِ ابْنِ آدَمَ يُضَاعَفُ الْحَسَنَةُ بِعَشْرِ أَمْثَالِهَا إِلَى سَبْعِمِائَةِ ضِعْفٍ قَالَ اللَّهُ تَعَالَى: إِلَّا الصَّوْمَ فَإِنَّهُ لِي وَأَنَا أَجْزِي بِهِ يَدَعُ شَهْوَتَهُ وَطَعَامَهُ مِنْ أَجْلِي لِلصَّائِمِ فَرْحَتَانِ: فَرْحَةٌ عِنْدَ فِطْرِهِ وَفَرْحَةٌ عِنْدَ لِقَاءِ رَبِّهِ وَلَخُلُوفُ فَمِ الصَّائِمِ أَطْيَبُ عِنْدَ اللَّهِ مِنْ رِيحِ الْمِسْكِ وَالصِّيَامُ جُنَّةٌ وَإِذَا كَانَ يَوْمُ صَوْمِ أَحَدِكُمْ فَلَا يَرْفُثْ وَلَا يصخب وفإن سَابَّهُ أَحَدٌ أَوْ قَاتَلَهُ فَلْيَقُلْ إِنِّي امْرُؤٌ صَائِم "

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માણસની સર્વ નેકીઓ દસ ગણાથી સાતસો ગણા સુધી વધારવામાં આવે છે.[1] રબ તઆલા ફર્માવે છે, રોઝાના સિવાય, કે રોઝો મારો છે[2] અને હું જ એનો બદલો આપીશ[3] તે મારા માટે પોતાની વાસના અને પોતાનું ખાવા છોડે છે[4] રોઝાદારને બે ખુશીઓ છે : એક ખુશી ઈફ્તારના સમયે અને બીજી ખુશી પોતાના રબને મળતી વખતે[5] રોઝાદારના મોંની બદબૂ અલ્લાહને ત્યાં મુશ્કની ખુશ્બુથી પણ બેહતર છે[6] અને રોઝા ઢાલ છે[7] અને જ્યારે તમારામાંથી કોઈનો રોઝાનો દિવસ હોય તો ન બુરી વાત કહે ન શોર મચાવે[8] જો કોઈ તેની સાથે ગાળ ગલોચ અથવા લડાઈ કરે તો કહી દે કે હું રોઝાદાર છું. ?"*
*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે કાનૂનની રૂએ એક નેકીનો સવાબ કમસે કમ દસ ગણો અને વધુમાં વધુ સાત ગણો છે, જો અલ્લાહ

અધિક વધારે આપે તો તેનો કરમ છે. આ હદીષથી બે આયતોની તરફ ઈશારો છે. એક તો مَنۡ جَآءَ بِالۡحَسَنَةِ فَلَهٗ عَشۡرُ اَمۡثَالِهَا (જે એક નેકી લાવે તેના માટે એના જેવી દસ છે. –સૂ. અન્આમ, ૬/૧૬૦) અને બીજી اَنۡۢبَتَتۡ سَبۡعَ سَنَابِلَ فِىۡ كُلِّ سُنۡۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ (એ દાણાની જેમ જેણે ઉગાડી સાત કંતીઓ, દરેક કંતીમાં સો દાણા અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. –સૂ. બક઼રહ, ૨/૨૬૧)

**૨.** જો કે સર્વ ઈબાદતો અલ્લાહ તઆલાની છે પણ ખાસ કરીને રોઝાને ફર્માવ્યું કે આ મારો છે, કેટલાક કારણોસર : એક એ કે અન્ય ઈબાદતોમાં ઈતાઅત ગાલિબ (આજ્ઞાંકિતપણુ સવાર) છે અને રોઝામાં ઈશ્ક઼ ગાલિબ હોય છે અને રોઝાદારમાં ઈશ્ક઼ની નિશાનીઓ એકત્ર થઈ જાય છે. (શેઅર)

عاشقاں راشس نشان است اے پسر　　آہ سرد و رنگ زرد و چشم تر
گر ترا پرسند سہ دیگر کدام　　کم خورد کم گفتن و خفتن حرام

**અર્થાત** : બેટા ! આશિકોની ત્રણ નિશાનીઓ છે, ઠંડી આહ, પીળો રંગ, અને રડતી આંખ, જો તારાથી બીજી ત્રણ નિશાનીઓ કોઈ પૂછે તો તે ઓછુ જમવું, ઓછું બોલવું અને ઉંઘ હરામ હોવી છે.

અને આજ્ઞાંકિતપણાનો બદલો સવાબ છે અને આશિકનો બદલો યારની મુલાકાત. બીજુ એ કે અન્ય ઈબાદતોમાં રિયા હોય શકે છે કેમ કે તેમની કોઈ ન કોઈ સ્થિતિ હોય છે અને એમાં કાંઈક કરવાનુ હોય છે, પણ રોઝામાં રિયા નથી હોઈ શકતી કે ન એની કોઈ સ્થિતિ છે અને ન એમાં કાંઈ કરવાનુ છે. જે અંદર બહાર કાંઈ ન ખાય પીએ તે યક઼ીનન ! મુખ્લિસ જ છે. રિયાકાર ઘરમાં ખાયને પણ રોઝો જાહેર કરી શકે છે. ત્રીજુ એ કે કાલે ક઼યામતમાં બીજી ઈબાદતો હક્ક઼ોવાળા છીનવી શકે છે ત્યાં સુધી કે કરજ માગનારા કરજદારથી સાતસો નમાઝો ત્રણ પૈસા કરજના બદલામાં લેશે. (શામી) પણ રોઝો કોઈ હક઼વાળાને આપવામાં આવશે નહીં. રબ તઆલા ફર્માવશે કે રોઝો તો મારો છે, એ કોઈને નહીં મળે. ચોથુ એ કે કાફિર મુશ્રિકો બીજી ઈબાદતો મૂર્તિઓના માટે પણ કરી લે છે : કુર્બાની, સિજદો, હજ્જ તથા ખૈરાત વગેરે, પણ કોઈ કાફિર રોઝો મૂર્તિ માટે નથી રાખતો. જો રોઝો રાખે પણ છે તો નફ઼સની સફાઈના માટે જેથી એ સફાઈ થકી મૂર્તિઓથી કુર્બ (નઝદીકી) હાંસલ થાય. સારાંશ કે રોઝો ગૈરુલ્લાહના માટે નથી હોતો. *(અઝ : મિર્ક઼ાત, અશિઅહ વગેરે)*

**૩.** આ ઈબારત (લખાણ)ની બે ક઼િરાઅતો છે અજઝી મઅરૂફ઼ અને અજઝી મજહૂલ, એટલે કે રોઝાનો બદલો હું ડાયરેક્ટ ખુદ આપીશ. હું આપનાર અને રોઝાદાર લેનાર. જે ચાહું તે આપુ એની જઝા (બદલો) નિશ્ચિત નથી. અથવા રોઝાનો બદલો હું પોતે જ છું. એટલે કે સર્વ ઈબાદતોનો બદલો તો જન્નત છે અને રોઝાનો બદલો જન્નતવાળો રબ. એનું કારણ આગળ આવી રહ્યું છે.

**૪.** એટલે કે બીજા આબિદ, આબિદ છે અને આ આબિદ પણ અને આશિક઼ પણ. અથવા રોઝાદાર રિયા માટે ખાવા પીવા નથી છોડતો, તે કેવળ મારી રઝા માટે છોડે છે. રિયાકાર છુપાયને ખાયને રોઝો જાહેર કરી શકે છે.

**૫.** سبحان الله ! કેટલુ પ્યારુ ફર્માન છે ! રોઝાદારને ઈફતારના સમયે રૂહાની ખુશી પણ થાય છે કે ઈબાદત અદા થઈ, રબ તઆલા રાજી થયો, સીનામાં નૂર દિલમાં સુરૂર (ખુશી) થઈ અને શારીરિક રાહત પણ કે સખ્ત તરસ પછી ઠંડુ પાણી ખૂબ જ રાહતનો સબબ છે અને તીવ્ર ભૂખમાં રબ તઆલાની રોજી ખૂબ જ સ્વાદિષ્ટ જણાય છે અને ઈન્શા અલ્લાહ ! મરતી વખતે પણ, ક઼યામતના દિવસે પણ રબ તઆલાની મહેરબાનીઓ જોઈને રોઝાદારને જે

ખુશી થશે એ તો અવર્ણનીય છે ! **એ કરીમ ફર્માવશે કે દુનિયામાં જે મેં કહ્યું તે તેં કર્યું, હવે જે તું કહીશ તે હું કરીશ !** અલ્લાહ તઆલા ખૈરિયતથી તે સમય દેખાડે. (આમીન) અલ્લાહનો શુક્ર છે કે ફક઼ીર હક઼ીર ગુનેહગાર (લેખક) આ વર્ણન પણ આજ ૨૫ રમઝાનુલ મુબારક હિ. ૧૩૭૯ જુમેરાતના રોજ લખી રહેલ છે. રબ તઆલા પોતાના ફઝ઼્લો કરમથી અને મહબૂબે મોઅઝ઼્ઝમ ﷺના સદક઼ાથી આ ક઼ાલને હ઼ાલ બનાવી દે.

**૬.** યાદ રાખશો કે મોંની તે બૂ જે દાંતોના મેલ વગેરે અથવા બીમારીથી પેદા થાય તેને નહ઼ર કહેવાય છે અને જે પેટ ખાલી હોવાના કારણે પેદા થાય તેને ખલૂફ કહે છે. દાંતોના મેલની ગંધ તો મિસ્વાક તથા મંજનથી જઈ શકે છે અને બીમારીની ગંધ દવાઓથી, પણ ખલૂફ પેટની ગંધ કેવળ ખાવાથી જઈ શકે છે. અનુભવ એ છે કે એ બૂ મિસ્વાક પછી પણ રહે છે, જેથી આ હદીષ ન ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની એના માટે દલીલ છે કે ઝવાલ બાદ રોઝામાં મિસ્વાક મના છે, અને ન ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہના આ મસ્અલાની વિરૂધ્ધ છે કે રોઝામાં મિસ્વાક દરેક સમયે જાઈઝ છે. અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે આ વાક્ય એવું છે જેમ કે મા કહે કે મને મારા બાળકનો પરસેવો કેવડા ગુલાબ કરતાં પ્યારો છે. એનો મતલબ એ નથી કે તે પરસેવો ધોવામાં પણ ન આવે. રોઝામાં મિસ્વાકની પૂરી ચર્ચા ઈન્ શા અલ્લાહ આગળ આવશે.

**૭.** કે દુનિયામાં નફસ તથા શૈતાનની બુરાઈથી બચાવે છે અને આખેરતમાં દોઝખની આગથી બચાવશે.

**૮.** શોરથી મુરાદ લડાઈ ઝઘડાનો શોર છે. શરીઅતમાં રોઝો પેટ તથા દિમાગનો હોય છે પણ તરીક઼તમાં સર્વ અંગોનો કે એમને ગુનાહોથી બચાવવામાં આવે. આ વાક્યમાં એ જ રોઝાની તાલીમ છે.

**૯.** જેથી હું તારી સાથે લડવા તૈયાર નથી. આના પર ઈન્ શા અલ્લાહ ! તે પોતે જ શર્મિંદો થઈ જશે અથવા મતલબ એ છે કે હું રોઝાદાર છું, અલ્લાહની ઝમાનમાં છું, મારાથી લડવુ જાણે રબનો મુક઼ાબલો કરવું છે. એનાથી જાણવા મળ્યું કે જરૂરતના સમયે પોતાની છુપી ઈબાદતને જાહેર કરવું જાઈઝ છે, શર્ત એ કે ફખ્ર તથા રિયાના માટે ન હોય.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૫)-૧૯૬૦ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا كَانَ أَوَّلُ لَيْلَةٍ مِنْ شَهْرِ رَمَضَانَ صُفِّدَتِ الشَّيَاطِينُ وَمَرَدَةُ الْجِنِّ وَغُلِّقَتْ أَبْوَابُ النَّارِ فَلم يفتح مِنْهَا بَاب الْجَنَّةِ فَلَمْ يُغْلَقْ مِنْهَا بَابٌ وَيُنَادِي مُنَادٍ: يَا بَاغِيَ الْخَيْرِ أَقْبِلْ وَيَا بَاغِيَ الشَّرِّ أقصرن وَلِلَّهِ عُتَقَاءُ مِنَ النَّارِ وَذَلِكَ كُلَّ لَيْلَةٍ ". رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

*"હઝરત અબૂ હુરૈરહથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જ્યારે માહે રમઝાનની પહેલી રાત હોય છે તો શૈતાનો અને નાફર્માન જિનો કેદ કરી દેવામાં આવે છે અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે કે એમનામાંથી કોઈ દરવાજો ખોલવામાં નથી આવતો, અને જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે જેમનામાંથી કોઈ પણ દરવાજો બંધ કરવામાં નથી આવતો[૧] અને પુકારનારો પુકારે છે કે હે ભલાઈ ચાહનારા ! આવ[૨] અને બુરાઈ ચાહનારા દૂર રહે[૩] અને અલ્લાહની તરફથી લોકોને આગથી આઝાદ કરવામાં આવે છે. આવું દરેક રાતે થાય છે.[૪]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** આ ત્રણ વાક્યોની શરહ હમણા થોડાક પહેલાં થઈ ચૂકી છે. કે આ ત્રણેવ વાક્યો પોતાના જાહેરી અર્થોમાં છે એમાં કોઈ તાવીલ કે ખુલાસાની જરૂરત નથી. કેમ કે ઈબ્લીસ એક છે અને તેની પ્રજા ઘણા જ પ્રકારની છે જેમનાં નામો પણ વિવિધ છે. અને કામો પણ અલગ છે. સૌને એક મહિના માટે કેદ કરી દેવમાં આવે છે, એટલા માટે શૈતાનો બહુવચનમાં ફર્માવ્યું. મિર્કાતમાં અહીં ફર્માવ્યું કે રમઝાનના સિવાય અન્ય મહિનાઓમાં જન્નત તથા દોઝખના દરવાજા કદીક ખુલે છે કદીક બંધ થાય છે, પણ રમઝાનમાં પૂરો મહિનો દોઝખના દરવાજા બંધ રહે છે અને જન્નતના ખુલ્લા રહે છે. સુબ્હાનલ્લાહ ! હુઝૂરે અન્વર ﷺના રોઝએ અત્હરનો દરવાજો અન્ય મહિનાઓમાં જુમ્આની રાતે ખુલે છે પણ રમઝાન મહિનામાં હમેશાં ખુલ્લો રહે છે, કેમ ન હોય કે તે અમ ગરીબોની જન્નત છે. (શેઅર)

مسجد من کعبہ من خلد من　　　آستان تو در تو کوئے تو

**અર્થાત :** મારી મસ્જિદ, મારો કા'બા, મારી જન્નત, તારી ચોખટ, તારો દ્વાર, તારી ગલી છે.

**૨.** અલ્લાહની તરફ આવ, રસૂલુલ્લાહની તરફ આવ, જન્નતની તરફ આવ, મસ્જિદની તરફ આવ, ઈબાદતની તરફ આવ, કેમ કે હવે થોડા અમલ પર બહોળો બદલો મળશે. જમાનો કમાવાનો આવી ગયો કાંઈ કમાઈ લે !

**૩.** ગુનાહોથી દૂર થા, ગૈરુલ્લાહની તરફ ભાગવાથી દૂર થા, રમઝાન રબનો મહેમાન છે, એનાથી શરમ કર. આ અવાજની અસર એ જોવામાં આવી રહી છે કે એ જમાનામાં બેનમાઝી નમાઝી બની જાય છે, કંજૂસ સખી બની જાય છે, બાળકો તથા બીમાર જેઓ નમાઝથી ગભરાય તેઓ રોઝા માટે લાલચુ બની જાય છે, જ્યારે કે રોઝો નમાઝ કરતાં મુશ્કેલ છે, રોઝામાં આદત મુજબ સુસ્તી તથા ઊંઘ વધી જાય છે, તેમ છતાં પણ મસ્જિદો ભરેલી રહે છે અને રાતો ઝિક્રુલ્લાહથી આબાદ રહે છે.

**૪.** એટલે મહિના સુધી દરરોજ ઈફતારના સમયે ઘણા બધા આપણા જેવા ગુનેહગાર જેઓ પોતાના અગ્યાર મહિનાઓની બદકારીઓના કારણે દોઝખના મુસ્તહિક઼ થઈ ચૂકેલા હોય છે તેમને અલ્લાહ રોઝાની બરકતથી માફી આપી દે છે. ફર્માવે છે, ભલે ગુનેહગાર છે પણ રોઝાદાર છે, બખ્શી દીધો.

**★ હદીષ : (૬)-૧૯૬૧ ★**

(مُتَّفقٌ عَلَيْهِ)

وَرَوَاهُ أَحْمد عَن رجل وَقَالَ التِّرْمِذِيّ هَذَا حَدِيث غَرِيب

*''અહમદે એક શખ્સથી રિવાયત કરી, તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[૧]''*

**૧.** એટલે હદીષ મરફૂઅ ગરીબ છે, મૌકૂફ સહીહ છે. અને શક્ય છે કે ગરીબ પણ હોય અને સહીહ પણ. કેમ કે ગરાબત (ગરીબ હોવું) હસન અથવા સહીહ હોવાની વિરૂધ્ધ નથી. (મિર્કાત) ઈમામ જઝરી ફર્માવે છે કે આ હદીષના એક રાવી અબૂ બકર ઈબ્ને અયાશ પણ છે જેમનાષિક઼હ હોવામાં મતભેદ છે. અમુકે ફર્માવ્યું કે ભલે ઈમામ આસિમ ક઼ારીના શાગિર્દ છે અને ઈમામ હફ્સ પર ક઼િર્અતમાં અગ્રસ્થાને છે અને ફઝાઈલ તથા કમાલોમાં પોતાના જમાનાવાળાઓ પર અગ્રતા ધરાવે છે પણ કાંઈક યાદ શાક્તિના કમજોર છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૭)-૧૯૬૨ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَتَاكُمْ رَمَضَانُ شَهْرٌ مُبَارَكٌ فَرَضَ اللَّهُ عَلَيْكُمْ صِيَامَهُ تُفْتَحُ فِيهِ أَبْوَابُ السَّمَاءِ وَتُغْلَقُ فِيهِ أَبْوَابُ الْجَحِيمِ وَتُغَلُّ فِيهِ مَرَدَةُ الشَّيَاطِينِ لِلَّهِ فِيهِ لَيْلَةٌ خَيْرٌ مِنْ أَلْفِ شَهْرٍ مَنْ حُرِمَ خَيْرَهَا فَقَدْ حُرِمَ» . رَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રમઝાન આવી ગયો બરકતવાળો મહિનો છે[૧] અલ્લાહે તમારા પર એના રોઝા ફર્ઝ કર્યા[૨] એમાં આસ્માનના દરવાજા ખોલવામાં આવે છે[૩] દોઝખના દરવાજા બંધ કરવામાં આવે છે અને એમાં મરદૂદ શૈતાનો કૈદ કરી દેવામાં આવે છે[૪] એમાં એક રાત છે હજાર મહિનાઓથી બેહતર[૫] જે એની ભલાઈથી વંચિત રહ્યો તે તદ્દન જ મેહરૂમ રહ્યો.[૬]" (અહમદ, નિસાઈ)*

**૧.** બરકતનો અર્થ છે બેસી જવું, જામી જવું. એટલા માટે ઊંટના તબેલાને مبارک الابل કહે છે કે ત્યાં ઊંટો બેસે છે બંધાય છે. હવે તે ભલાઈનો વધારો જે આવીને ન જાય તે બરકત કહેવાય છે. કેમ કે રમઝાન મહિનામાં હિસ્સી (ભૌતિક) બરકતો પણ છે અને ગયબી બરકતો પણ, એટલા માટે આ મહિનાનું નામ માહે મુબારક પણ છે. રમઝાનમાં કુદરતી રીતે મોમિનોની રોજીમાં બરકત થાય છે અને દરેક નેકીઓ સવાબ સિત્તેર ગણો અથવા એનાથી પણ વધુ છે. આ હદીષથી જાણવા મળ્યું કે **માહે રમઝાનના આગમન પર ખુશ થવું, એક બીજાને મુબારકબાદ આપવી સુન્નત છે.** અને જેના આગમન પર ખુશ થવું જોઈએ તેની વિદાય પર ગમ પણ થવો જોઈએ. જુઓ નિકાહ ખત્મ થવા પર સ્ત્રી પર શરીઅતની રૂએ ગમ લાઝિમ છે એટલા માટે મોટાભાગના મુસલમાન જુમ્અતુલ્ વિદાઅ પર ગમગીન અને અશ્રુમય આંખોવાળા બને છે. અને ખતીબો એ દિવસે કાંઈક વિદાયના કલમા કહે છે જેથી મુસલમાન બાકી રહેલી ઘડીઓને ગનીમત જાણીને નેકીઓમાં અધિક વધારે કોશિશ કરે. આ સૌનો માખઝ આ હદીષ છે.

**૨.** એટલે કે સર્વના પર રમઝાનના રોઝા જ ફર્ઝ છે, રોઝાની શક્તિ ધરાવનાર ફિદિયો નથી આપી શકતો. રબ તઆલા ફર્માવે છે : فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ (તો તમારામાંથી જે કોઈ આ મહિનો પામે તે જરૂર એના રોઝા રાખે. –સૂ. બકરહ, ૨/૧૮૫) ત્યાં સુધી કે હૈઝવાળી સ્ત્રી નમાઝોની કઝા નથી કરતી પણ રોઝાની કઝા કરે છે. જેથી હદીષ પોતાના જાહેર પર છે.

**૩.** આસ્માનના ઘણા પ્રકારોના દરવાજા છે : રોઝી તથા ફરિશ્તા ઉતરવા માટેના દરવાજા, લોકોના અમલો જવાના દરવાજા, અઝાબ આવવાના દરવાજા, ખાસ રહમતો ઉતરવાના દરવાજા, વગેરે. અહીં આ અંતિમ પ્રકારના દરવાજા મુરાદ છે. એટલે રમઝાનમાં ખાસ રહમતો અથવા ખાસ ફરિશ્તાઓના આગમનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે આસ્માનના દરવાજા તો હમેશાં ખુલ્લા રહે છે.

**૪.** આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે. બેહતરીન મતલબ એ છે કે આમ શૈતાનોને તો આમ જેલખાનાઓમાં બંધ કરવામાં આવે છે પણ ઘણા જ અધિક સરકશ (નાફર્માન) શૈતાનો જંઝીરો તથા તોકોમાં બાંધવામાં આવે છે.

જેવી રીતે દુનિયામાં ફાંસીના મુજરિમો કાળી કોઠરીમાં બંધ હોય છે અને ડાકૂઓને બેડીઓ પહેરાવી દેવામાં આવે છે. એટલા માટે અહીં تُغَلُّ ફર્માવવામાં આવ્યું. تغل غل થી બન્યું, જંઝીર તથા તોક઼ના અર્થમાં. જેથી અહીં મરદૂદની કેદ એહતેરાઝી છે અને આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ પણ નથી.

**૫.** એ રાત શબે ક઼દ્ર છે જે બફઝ્લિહી તઆલા માહે રમઝાનમાં હોય છે કે બીજી હજાર મહિનાઓની ઈબાદતથી જેમાં શબે ક઼દ્ર ન હોય આ એક રાતની ઈબાદત બહેતર છે. અને લગભગ એ રાત રમઝાનની સત્તાવીસમી રમઝાન છે. એની ઉમદા ચર્ચા અમારી કિતાબ "મવાઈઝુન્નઈમિયા" જુઓ. યાદ રાખશો કે لَيۡلَةِ الۡقَدۡرِ માં નવ હર્ફ (અક્ષરો) છે અને સૂરએ ક઼દ્રમાં એ શબ્દ ત્રણવાર આવ્યો છે. નવ ત્રણવાર હોય તો સત્તાવીસ થશે. તેમજ સૂરએ ક઼દરમાં ત્રીસ શબ્દો છે. અંતિમ આયત : هِيَ حَتّٰى مَطۡلَعِ الۡفَجۡرِ માં هِيَ ઝમીર જે لَيۡلَةِ الۡقَدۡرِ ની તરફ પલટી રહી છે, ૨૯મો શબ્દ છે. આ કારણોસર નિર્દેશરૂપે જણાય છે કે શબેકદ્ર ૨૯મી રમઝાન છે.

**૬.** એટલે કે જેણે આ રાત ગુનાહોમાં પસાર કરી અથવા આ રાતે પણ વિના મજબૂરીએ ઈશા અને ફજર જમાઅતથી ન પઢી એટલા માટે એની ખૈરો બરકતથી મેહરૂમ રહ્યો તે બાકીના દિવસોમાં પણ ભલાઈ કમાશે નહીં. શબે ક઼દ્રમાં ઈબાદતોના ત્રણ પ્રકાર છે, જેમાંથી છેલ્લો પ્રકાર છે ઈશા તથા ફજરને જમાઅત સાથે અદા કરવી, જેણે એ પણ ન કર્યું તે ખરેખર ઘણો જ મેહરૂમ છે. الحمد لله ! ગુનેહગાર અહમદ યારખાં આજે ૨૭ રમઝાન હિ. ૧૩૭૯એ આ લખાણ લખી રહ્યો છે, આજે શબે ક઼દ્ર છે.

**★ હદીષ : (૮)-૧૯૬૩ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " الصِّيَامُ وَالْقُرْآنُ يَشْفَعَانِ لِلْعَبْدِ يَقُولُ الصِّيَامُ: أَيْ رَبِّ إِنِّي مَنَعْتُهُ الطَّعَامَ وَالشَّهَوَاتِ بِالنَّهَارِ فَشَفِّعْنِي فِيهِ وَيَقُولُ الْقُرْآنُ: مَنَعْتُهُ النَّوْمَ بِاللَّيْلِ فَشَفِّعْنِي فِيهِ فيشفعان ". رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રોઝા તથા કુર્આન બંદાની શફાઅત કરશે[1] રોઝા અર્ઝ કરશે, યા રબ ! મેં એને દિવસમાં ખાવા તથા વાસનાથી રોકયો જેથી એના બારામાં મારી શફાઅત ક઼બૂલ કર. અને કુર્આન કહેશે, મેં એને રાતમાં સૂવાથી રોકયો જેથી એના સંબંધે મારી શફાઅત ક઼બૂલ કર[2] બંનેવની શફાઅત ક઼બૂલ થશે.[3]"*

*(બયહક઼ી શોઅબુલ ઈમામ)*

**૧.** એટલે કે રોઝા રાખનારા, તરાવીહ પઢનારા ગુનેહગાર બંદાની તો માફીની સિફારિશ કરશે અને બેગુનાહ બંદાના દરજાઓની બુલંદીની સિફારિશ કરશે. જેથી કુર્આન તથા રમઝાનની શફાઅતથી સર્વે મોમિનો ફાયદો ઉઠાવશે. કેમ કે કુર્આને કરીમ રમઝાન મુબારકમાં જ આવ્યું અને રમઝાન મુબારકમાં જ એની તિલાવત અધિક થાય છે, અને દિવસમાં રોઝામાં અને રાતે તરાવીહમાં તિલાવતે કુર્આન થાય છે, એટલા માટે એ બંનેવને એકઠાં કરવામાં આવ્યાં.

**૨.** એટલે રોઝો ઈફતાર કરીને એની તબીઅત આરામ પ્રતિ આકર્ષાતી હતી, હાથ પગોમાં સુસ્તી ફેલાય જતી હતી એવામાં ઈશાની નમાઝની અઝાનનો અવાજ સાંભળતાં જ તરાવીહમાં મને સાંભળવા આવી જતો હતો,

જેથી અહીં તરાવીહ પઢવાવાળા મુરાદ છે, તહજ્જુદવાળા જ મુરાદ નથી, કેમ કે તહજ્જુદ તો વરસભર પઢવામાં આવે છે. અહીં ખાસ કરીને રમઝાનનો ઉલ્લેખ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે અહીં રમઝાને તો હે રબ ! અર્ઝ કર્યુ, પણ કુર્આને હે રબ ! ન કહ્યું, જાણવા મળે છે કે કુર્આન કલામે ઈલાહી કદીમ છે અને મખ્લૂક નથી. *(મિર્કાત)*

**૩.** એ રીતે કે રોઝાઓની શફાઅતથી ગુનાહ માફ થશે અને કુર્આનની શફાઅતથી દરજા બુલંદ થશે. અથવા રોઝાઓની શફાઅતથી અલ્લાહના ગઝબની આગ ઠંડી પડશે અને કુર્આનની શફાઅતથી રહમતે ઈલાહીની હવા ચાલશે...વગેરે. રોઝા તથા કુર્આન બલ્કે સર્વ અમલો ત્યાં શકલોમાં (સ્વરૂપમાં) જાહેર થશે જેવી રીતે આજે દુનિયામાં આપણે બનાવોને સ્વપ્નમાં વિવિધ સ્વરૂપોમાં જોઈ લઈએ છીએ. મિસરના બાદશાહે આવનારા દુકાળની સ્થિતિઓને ગાયો તથા કંતીઓના સ્વરૂપમાં જોયી હતી.

**★ હદીષ : (૯)-૧૯૬૪ ★**

وَعَنْ أَنَسِ بْنِ مَالِكٍ قَالَ: دَخَلَ رَمَضَانُ فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ هَذَا الشَّهْرَ قَدْ حَضَرَكُمْ وَفِيهِ لَيْلَةٌ خَيْرٌ مَنْ أَلْفِ شَهْرٍ مَنْ حُرِمَهَا فَقَدْ حُرِمَ الْخَيْرَ كُلَّهُ وَلَا يُحْرَمُ خَيْرَهَا إِلَّا كل محروم» . رَوَاهُ ابْن مَاجَه

*'હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રમઝાન આવ્યો તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આ મહિનો તમારી પાસે આવી ગયો[1] એમાં રાત છે હજાર મહિનાઓથી ભલી. જે આ રાતથી મેહરૂમ રહ્યો તે સર્વ ભલાઈથી મેહરૂમ રહ્યો[2] અને બધી ભલાઈથી પૂરો બદનસીબ મેહરૂમ રહે છે.[3] " (ઈબ્ને માજહ)*

**૧.** એટલે માહે રમઝાન તે સખી છે જે તમારી પાસે આવીને આપે છે જેવી રીતે વાદળ આવીને પાણી આપે છે, કૂવાની જેમ બોલાવીને નથી આપતો.

**૨.** એટલે કે આ એક રાત ૮૩ વરસ ચાર મહિનાથી બેહતર છે જો તે શબે કદ્રથી ખાલી હોય.

**૩.** એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે એ રાતની ઈબાદતમાં મહેનત ખૂબ જ ઓછી છે અને સવાબ ઘણો જ અધિક છે. જે આટલી પણ મહેનત ન કરી શકે તે પૂરેપૂરો મેહરૂમ તથા બદ્નસીબ છે.

**★ હદીષ : (૧૦)-૧૯૬૫ ★**

وَعَن سلمَان قَالَ: خَطَبَنَا رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي آخِرِ يَوْمٍ مِنْ شَعْبَانَ فَقَالَ: «يَا أَيُّهَا النَّاسُ قَدْ أَظَلَّكُمْ شَهْرٌ عَظِيمٌ مُبَارَكٌ شَهْرٌ فِيهِ لَيْلَةٌ خَيْرٌ مَنْ أَلْفِ شهر جعل الله تَعَالَى صِيَامَهُ فَرِيضَةً وَقِيَامَ لَيْلِهِ تَطَوُّعًا مَنْ تَقَرَّبَ فِيهِ بخصلة من الْخَيْرِ كَانَ كَمَنْ أَدَّى فَرِيضَةً فِيمَا سِوَاهُ وَمَنْ أَدَّى فَرِيضَةً فِيهِ كَانَ كَمَنْ أَدَّى سَبْعِينَ فَرِيضَةً فِيمَا سِوَاهُ وَهُوَ شَهْرُ الصَّبْرِ

*''હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ શાબાનના છેલ્લા દિવસે અમારામાં વઅઝ કરી તો ફર્માવ્યું, હે લોકો ! તમારા પર અઝમતવાળો મહિનો સાયો કરી રહ્યો છે[1] આ મહિનો બરકતવાળો છે જેની એક રાત એવી છે જે હજાર મહિનાઓથી બેહતર છે, આ તે મહિનો છે જેના રોઝા અલ્લાહે ફર્ઝ કર્યા અને જેની રાતનો કયામ નફલ બનાવ્યો[2] જે આ મહિનામાં નફલી ભલાઈથી કુર્બે ઈલાહી હાંસલ કરે તો જાણે તેણે અન્ય મહિનામાં ફર્ઝ અદા કર્યો, અને જે આ મહિનામાં એક ફર્ઝ અદા કરે તો એવું થશે કે જાણે અન્ય મહિનામાં સિત્તેર ફર્ઝો અદા*

وَالصَّبْر ثَوَابه الْجنَّة وَشهر الْمُوَاسَاة وَشهر يزْدَاد فِيهِ رِزْقُ الْمُؤْمِنِ مَنْ فَطَّرَ فِيهِ صَائِمًا كَانَ لَهُ مَغْفِرَةً لِذُنُوبِهِ وَعِتْقَ رَقَبَتِهِ مِنَ النَّارِ وَكَانَ لَهُ مِثْلُ أَجْرِهِ مِنْ غَيْرِ أَنْ يَنْقُصَ مِنْ أَجْرِهِ شَيْءٌ» قُلْنَا: يَا رَسُولَ اللَّهِ لَيْسَ كلنا يجد مَا نُفَطِّرُ بِهِ الصَّائِمَ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يُعْطِي اللَّهُ هَذَا الثَّوَابَ مَنْ فَطَّرَ صَائِمًا عَلَى مَذْقَةِ لَبَنٍ أَوْ تَمْرَةٍ أَوْ شَرْبَةٍ مِنْ مَاءٍ وَمَنْ أَشْبَعَ صَائِمًا سَقَاهُ اللَّهُ مِنْ حَوْضِي شَرْبَةً لَا يَظْمَأُ حَتَّى يَدْخُلَ الْجَنَّةَ وَهُوَ شَهْرٌ أَوَّلُهُ رَحْمَةٌ وَأَوْسَطُهُ مَغْفِرَةٌ وَآخِرُهُ عِتْقٌ مِنَ النَّارِ وَمَنْ خَفَّفَ عَنْ مَمْلُوكِهِ فِيهِ غَفَرَ اللهُ لَهُ وَأَعْتَقَهُ من النَّار» . رَوَاهُ الْبَيْهَقِيّ

*કયા.[૭] આ સબ્રનો મહિનો છે[૮] જે આ મહિનામાં કોઈ રોઝાદારને ઈફ્તાર કરાવે તો તેના ગુનાહોની બખ્શિશ, તેની ગરદનની આગથી આઝાદી થશે અને તેને રોઝાદારના જેવો સવાબ મળશે.[૯] એના વિના કે રોઝાદારના સવાબમાંથી કાંઈ કમ થાય.[૮] અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી દરેક શખ્સ તે નથી પામતો જેના વડે રોઝો ઈફ્તાર કરાવે,[૯] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ આ સવાબ તેને આપશે જે રોઝાદારને એક ઘૂંટડો દૂધ કે ખજૂર કે ઘૂંટડા જેટલુ પાણીથી[૧૦] તેને ઈફ્તાર કરાવે. અને જે રોઝાદારને તૃપ્ત કરે તેને અલ્લાહ મારા હોજથી તે પાણી પીવડાવશે કે કદી તરસ્યો થશે નહીં, ત્યાં સુધી કે જન્નતમાં દાખલ થઈ જાય" આ તે મહિનો છે જેના પ્રારંભમાં રહમત, વચ્ચે બખ્શિશ અને આખરમાં આગથી આઝાદી છે.[૧૨] અને જે આ મહિનામાં પોતાના ગુલામથી કમી કરે તો અલ્લાહ તેને બખ્શી આપશે અને આગથી આઝાદ કરી દેશે.[૧૩]"*

**૧.** અગાઉથી માહિતી આપવામાં માહે રમઝાનની ફઝીલતને પ્રદર્શિત કરવું છે અને મુસલમાનોને તેની ઈબાદતોના માટે તૈયાર કરવું છે. اظل ફર્માવીને નિર્દેશ રૂપે બતાવ્યું કે જેવી રીતે ઝાડ તથા છત બંદાને પોતાના છાંયડામાં લઈને સૂરજના તાપથી બચાવી લે છે, એ જ પ્રમાણે માહે રમઝાન મોમિનને પોતાના સાયામાં લઈને દુનિયવી તથા આખેરતના અઝાબથી બચાવી લે છે, જાણે રમઝાન છાંયડાવાળુ વજનદાર ઝાડ છે કે ઢાલ છે.

**૨.** અહીં نفل શાબ્દિક અર્થમાં છે એટલે વધારાની ચીજ. અને રાતના કયામથી મુરાદ તરાવીહ છે. એટલે કે આ મહિનામાં તરાવીહની નમાઝ વધારાની નમાઝ છે કે જે અન્ય મહિનાઓમાં નથી હોતી. જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે તરાવીહ નફલ હોય, એ તો સુન્નતે મોઅક્કદા છે. તરાવીહની પૂરી ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક ભાગ–૨માં જુઓ.

**૩.** એટલે કે માહે રમઝાનની નફલ અન્ય મહિનાઓની ફર્ઝ બરાબર છે, અને આ મહિનાની ફર્ઝ બીજા મહિનાના સિત્તેર ફર્ઝોના બરાબર છે. જેથી જો મક્કા મોઅઝ્ઝમામાં રમઝાન મુબારકમાં એક હજાર અદા કરવામાં આવે તો તેને સવાબ સિત્તેર લાખ ફર્ઝનો છે. કેમ કે અન્ય દિવસમાં ત્યાં એકનો સવાબ એક લાખ છે, તો રમઝાનમાં સિત્તેર લાખ થશે. એ હિસાબથી મદીના મુનવ્વરામાં માહે રમઝાનની એક ફર્ઝનો સવાબ ૩૫ લાખ છે. આ વધારો તો રમઝાનના આમ દિવસોમાં છે. શબે કદ્ર અને રમઝાનના જુમ્આની નેકીઓ તો ઘણી જ અધિક હશે. ઈન્શા અલ્લાહ !

**૪.** એટલે અન્ય મહિના શુક્રના છે જેમાં ખાવ, આરામ કરો અને શુક્ર અદા કરો. આ મહિનામાં ન ખાવ,

રાતમાં ન સૂઓ અને સબ્ર કરો. રમઝાનનાં ચાર નામો છે : માહે રમઝાન, માહે સબ્ર, માહે મુવાસાત, માહે મુબારક. આ નામોનો સબબ અમે અમારી તફસીરે નઈમીમાં વિગતવાર દર્શાવેલ છે.

**૫.** કે આ મહિનામાં કુદરતી તૌર પર મુસલમાનોમાં ગરીબો, સગાંઓની ગમખ્વારીની ભાવના મોજાં મારતી હોય છે. અમુક લોકો રમઝાનમાં પોતાની શાદી થયેલી પુત્રીઓને બોલાવી લે છે, અમુક લોકો પૂરો મહિનો મિસ્કીનોને ખવડાવે છે. એ સૌનો માખઝ આ હદીષ છે અને મુવાસાત પર અમલ છે. મુવાસાત એ મુસાહેમતના અર્થમાં છે. સહમનો અર્થ હિસ્સાથી મુસ્તક઼ (નીકળેલ) છે. એટલે કે પોતાની રોજીમાં અન્ય લોકોને હિસ્સાદાર બનાવવું, સખાવત કરવી.

**૬.** રોજી હિસ્સી (ભૌતિક) પણ અને મઅનવી (રૂહાની) પણ. દર વર્ષે એનો અનુભવ થાય છે કે દરેક રોઝાદારને રમઝાનમાં તે નેઅમતો મળે છે જે અન્ય મહિનાઓમાં નથી મળતી. તેમજ આ મહિનામાં કુદરતી તૌર પર દિલ પર તે અસર થાય છે જે અન્ય મહિનાઓમાં નથી થતી.

**૭.** એટલે **રોઝો ઈફતાર કરાવવાના ત્રણ ફાયદા થાય છે : ગુનાહોથી બખ્શિશ, દોઝખથી આઝાદી અને તેને રોઝાનો સવાબ.** અમુક લોકો ઈફતારના સમયે મસ્જિદોમાં ફળફૂટ અથવા ખાણા મોકલે છે તેમની અસલ આ હદીષ શરીફ છે. કાઠિયાવાડ અને યુ.પી.માં દરેક નમાઝી મગરિબના સમયે કાંઈક લઈને આવે છે અને કોશિશ રહે છે કે દરેક બીજાના ખાવાથી રોઝો ઈફતાર કરે. એની અસલ પણ આ જ હદીષ છે. યાદ રાખશો કે રોઝો ઈફતાર કરાવવાથી રોઝાનો સવાબ તો મળી જાય છે પણ એનાથી રોઝો અદા નથી થતો. જેથી કોઈ માલદાર માણસ લોકોને ઈફતાર કરાવીને પોતે રોઝાથી બેનિયાઝ નથી થઈ શકતો, રોઝા તો રાખવા જ પડશે.

**૮.** જેમ કે ઈલ્મ, રોશની તથા હવા જેમ છે કે જેનાથી ભલે કેટલાય લોકો ફાયદો ઉઠાવે પણ કમી નથી થતી, એ જ પ્રમાણે સવાબ વહેંચવાથી ઓછો નથી થતો. જેથી હદીષ પર એ વાંધો નથી કે વહેંચાયને સવાબમાં કમી કેમ નથી થતી. ભૌતિક ચીજો વહેંચાવાથી ઘટે છે, નૂરમાં એ ક઼ાયદો નથી. બલ્કે સમુદ્ર અને ઝરણાનું પાણી ખર્ચથી ઘટતુ નથી.

**૯.** એ હઝરાત સમજે કે રોઝો ઈફતાર કરાવવાનો અર્થ તેને ધરાવી (તૃપ્ત કરી) દેવો. એટલા માટે આવો સવાલ કર્યો.

**૧૦.** જવાબનો ખુલાસો એ છે કે **કેવળ પેટ ભરવા પર સવાબ આધારિત નથી બલ્કે જે ચીજ પણ પ્રથમ રોઝાદારના ગળાથી નીચે ઉતારવામાં આવે, એ સવાબ મળી જાય છે.** બલ્કે **જો થોડાક માણસો મળીને રોઝાદારને કોઈ ચીજથી ઈફતાર કરાવી દે તો સૌને અલગ અલગ રોઝાનો સવાબ થશે.** દાતાની દૈનનાં બહાનાં હોય છે, સદક઼ો છે તેના હબીબ ﷺનો.

**૧૧.** એટલે કે કેવળ ઈફતાર કરાવવાનો સવાબ તો વર્ણન થઈ ચૂક્યો. રોઝાદારને ધરાઈને ખવડાવવાનો સવાબ આ છે. યાદ રાખશો કે જેવી રીતે આજે દુનિયામાં સૌને ખવડાવવાની સખત જરૂરત છે એવી જ રીતે કાલે મેહશરના મેદાનમાં પાણીની સખત જરૂરત પડશે, ત્યાં ભૂખ નહીં હોય પણ તરસ હશે. અલ્લાહ તઆલા હોઝે કૌષરની એક નહેર મેહશરના મેદાનમાં પહોંચાડી આપશે જેનાથી ઉમ્મતે મુસ્તફા ﷺ ત્યાં જ એ પાણી પીશે અને તરસથી અમ્નમાં રહેશે. એકવાર જેણે એ પાણી પી લીધુ તો જન્નતમાં પ્રવેશ સુધી તરસ લાગશે નહીં. અલ્લાહ તઆલા આપણને સૌને ત્યાં એ હોઝનું પાણી નસીબ કરે. પછી જન્નતમાં પહોંચીને ન ભૂખ હશે ન તરસ. જેથી હદીષ એકદમ સ્પષ્ટ છે. એના પર ન તો વાંધો છે કે મેહશરમાં હૌઝે કૌષર ક્યાં ? હોઝ તો જન્નતમાં હશે ! ન એ વાંધો

રહ્યો કે ખાવાનો બદલો પાણી કેવી રીતે, એનો બદલો તો ખાવા જ જોઈએ ! યાદ રાખશો કે જન્નતમાં ન ભૂખ હશે ન તરસ, પણ ત્યાં ખાવા પીવા સર્વ કાંઈ હશે લિજ્જત (આનંદ માણવા) માટે, ન કે ભૂખ તરસ દૂર કરવા માટે, એટલા ત્યાં મેવા છે અનાજ નથી, કેમ કે અનાજ ભૂખ મિટાવવા માટે હોય છે અને મેવા લિજ્જત માટે.

**૧૨.** એટલે કે માહે રમઝાનના ત્રણ દસકા છે : પ્રથમ દસકમાં રબ તઆલા મો'મિનો પર ખાસ રહમતો નાઝિલ કરે છે જેનાથી તેમને રોઝા તરાવીહની હિંમત થાય છે, અને ભાવિમાં મળનારી નેઅમતોની કાબેલિયત પેદા થાય છે. બીજા દસકામાં સર્વ સગીરા ગુનાહોની માફી છે જે જહન્નમથી આઝાદી અને જન્નતમાં પ્રવેશનો સબબ છે. ત્રીજા દસકમાં રોઝાદારોના જન્નતી થઈ જવાનું એલાન અને ત્યાંના દાખલાનો વીઝા (VISA) તથા પાસપોર્ટ (Passport)નું લખાણ. ફકીર (લેખક)ની આ શરહથી આ ક્રમનું કારણ પણ જાણવા મળ્યું અને એ વાંધો પણ ન રહ્યો કે જ્યારે પ્રથમ બે દસકોમાં રહમત તથા મગફિરત થઈ ચૂકી તો ત્રીજા દસકામાં આગથી આઝાદીનો અર્થ શું ? તે તો પ્રથમ જ હાંસલ થઈ ચૂકી.

**૧૩.** ઈસ્લામી બાદશાહ રમઝાનમાં દરેક ખાતાઓ (મંત્રાલયો)માં છૂટ્ટી કરતા હતા. આજે પણ તમામ ઈસ્લામી મદ્રસાઓ રમઝાનમાં બંધ રહે છે જેથી મુદર્રિસોને રાહત તથા તલબાને ફરાગત મળે. કેટલાક અમીરો આ મહિનામાં નોકરો પાસેથી ક્યાં તો કામ લેતા નથી અથવા ઘણુ ઓછુ લે છે પણ તેમનો પગાર તથા ખાવા વગેરે બરાબર આપતા રહે છે. એ સૌની અસલ આ હદીષ શરીફ છે. તમે તમારા હાથ નીચેનાઓ, નોકરો પર મહેરબાની કરો તો અલ્લાહ તમારા પર મહેરબાની કરશે.

**★ હદીષ : (૧૧)-૧૯૬૬ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا دَخَلَ شَهْرُ رَمَضَانَ أَطْلَقَ كُلَّ أَسِيرٍ وَأَعْطَى كُلَّ سَائِلٍ. رَوَاهُ الْبَيْهَقِيّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે કે જ્યારે રમઝાનનો મહિનો આવતો તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم દરેક કેદીને છોડી આપતા હતા[૧] અને દરેક માગનારાને આપતા હતા.[૨]"*

**૧.** હક્ક એ છે કે અહીં કેદીથી મુરાદ તે શખ્સ છે જે અલ્લાહના હક્ક અથવા બંદાના હક્કમાં ગિરફતાર થયો અને આઝાદ કરવાથી તેના હક્ક અદા કરી અથવા કરાવી આપવું મુરાદ છે, નહીં તો એ પાક જમાનામાં એ કાફિરો સિવાય જેઓ ગઝવા જેહાદમાં કેદ થઈને આવ્યા અન્ય કોઈને કેદ કરવામાં આવતુ ન હતું અને એવા કેદીઓને હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ કોઈ રમઝાનમાં આઝાદ ન કર્યા, કેમ કે તેમને છોડી આપવા એ ફિત્નાથી ખાલી ન હતું કેમ કે તેઓ પછી જઈને મુસલમાનો સામે થતા. હનફીઓની નજીક જંગના કાફિર કેદીઓને છોડવું મન્સૂખ છે. તેમના માટે ક્યાં તો કતલ થયું છે અથવા ગુલામ બનાવવું અથવા ફિદિયા પર છોડવું. فَإِمَّا مَنًّا بَعْدُ (પછી એના બાદ ચાહે એહસાન કરીને છોડી દો. –સૂ. મુહમ્મદ, ૪૭/૪) મન્સૂખ છે. એની નાસિખ છે : فَاقْتُلُوا الْمُشْرِكِينَ حَيْثُ وَجَدْتُّمُوهُمْ (મુશ્રિકોને મારો જ્યાં પામો અને તેમને પકડો. સૂ. તૌબા, ૯/૫) હા ! શાફઈઓને ત્યાં આઝાદ કરવાનો પણ હક્ક છે. આ અર્થો અમે જે રજૂ કર્યા મુત્તફક અલૈહ છે.

**૨.** આમ તો સરકાર હમેશાં જ દરેક સાઈલને આપતા હતા. કરીમ છે, સખી છે, દાતા છે, પણ માહે રમઝાનમાં આપની સખાવતનો સમુદ્ર મોજાં મારતો હતો. અહીં બે વાતો ધ્યાનમાં રાખશો : એક એ કે અમીરોથી કેવળ માલ માગવામાં આવે છે પણ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمથી માલ, અમલો, આમાલ, કમાલ, રઝાએ રબ્બે ઝુલ જલાલ અને

જન્નત, તેમજ દાઝખથી પનાહ, ઈમાન પર ખાત્મો, સર્વ કાંઈ માગવામાં આવે છે. હઝરત રબીઆએ હુઝૂરે અન્વર ﷺથી જન્નત માગી. હુઝૂરે અન્વર ﷺ આમ તો હમેશાં ખાસ કરીને રમઝાનમાં દરેક સાઈલને તેની મોં માગ્યી મુરાદ આપતા હતા. બીજુ એ કે સરકાર ﷺની આ બખ્શિશ કેવળ એ જમાનાથી ખાસ નથી બલ્કે કયામત સુધી તેમનો દરવાજો દરેક ફકીરના માટે ખુલ્લો છે. કેમ ન હોય કે રબ તઆલાએ ફર્માવ્યું : وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ (અને માગનારને ન ધુત્કારો. –સૂ. ૯૩/૧૦) "સાઈલ"માં સમય તથા સ્થળની શર્ત નથી જેથી આજે પણ રમઝાનમાં હુઝૂરે અન્વર ﷺથી દરેક મોમિને નજાત પણ માગવી જોઈએ અને જન્નત વગેરે પણ માગવી જોઈએ. અમે અર્ઝ કર્યું છે :

*શર્મ કૈદી ! યહ જુર્મ વ બે હયાઈ–રિહાઈ યા રસૂલલ્લાહ રિહાઈ*
*છુળાયા કૈદસે હિરની કો તુમને–મુઝે ભી ઈસ બલાસે દો રિહાઈ*

**★ હદીષ : (૧૨)-૧૯૬૭ ★**

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ الْجَنَّةَ تُزَخْرَفُ لِرَمَضَانَ مِنْ رَأْسِ الْحَوْلِ إِلَى حَوْلِ قَابِلٍ» . قَالَ: " فَإِذَا كَانَ أَوَّلُ يَوْمٍ مِنْ رَمَضَانَ هَبَّتْ رِيحٌ تَحْتَ الْعَرْشِ مِنْ وَرَقِ الْجَنَّةِ عَلَى الْحُورِ الْعِينِ فَيَقُلْنَ: يَا رَبِّ اجْعَلْ لَنَا مِنْ عِبَادِكَ أَزْوَاجًا تَقَرُّ بِهِمْ أَعْيُنُنَا وَتَقَرُّ أَعْيُنُهُمْ بِنَا ". رَوَى الْبَيْهَقِيُّ الْأَحَادِيثَ الثَّلَاثَةَ فِي شُعَبِ الْإِيمَانِ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે માહે રમઝાનના માટે જન્નત વરસની શરૂઆતથી આગલા વરસ સુધી શણગારવામાં આવે છે.[૧] ફર્માવ્યું, જ્યારે રમઝાનનો પહેલો દિવસ થાય છે તો અર્શની નીચે જન્નતનાં પાંદડાં જેવી આંખોવાળી હૂરો પર એક ખુશગવાર હવા ચાલે છે[૨] તો હૂરો અર્ઝ કરે છે, યા રબ ! તારા બંદાઓને અમારા પતિ બનાવ, તેમનાથી અમારી આંખો અને અમારાથી તેમની આંખો ઠંડી થાય[૩] આ ત્રણેવ હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં નકલ ફર્માવી.[૪]"*

**૧.** ઈદુલ ફિત્રનો ચાંદ નજર આવતાં જ આગલા રમઝાનના માટે જન્નતની સજાવટ શરૂ થઈ જાય છે અને વરસભર સુધી ફરિશ્તા તેને સજાવતા રહે છે. જન્નત ખુદ આમ જ સજેલી છે અને અધિક સજાવવામાં આવે, વળી સજાવનારા ફરિશ્તા હોય તો કેવી સજાવવામાં આવતી હશે ! એની સજાવટ આપણા વહેમ તથા ગુમાનથી પર છે. અમુક મુસલમાન રમઝાનમાં મસ્જિદો સજાવે છે, ત્યાં કલઈ, ચૂનો કરે છે, ઝંડીઓ લગાડે છે, રોશની કરે છે, તેની અસલ આ જ છે.

**૨.** એટલે કે એ હવા અર્શથી શરૂ થાય છે, જન્નતનાં ઝાડો ફળોથી સુગંધિત થઈને હૂરો પર પહોંચે છે. મિર્કાતે ફર્માવ્યું, એ રોઝાદારોના મોંની બૂની અસરથી હોય છે. واللہ اعلم !

**૩.** એટલે અમને એ રોઝાદારોના નિકાહમાં આપ કે તેઓ અમારા પતિ બને અને અમે તેમની પત્નીઓ. યાદ રાખશો કે નિકાહના માટે નામઝદગી તો પહેલેથી જ થઈ ચૂકી છે કે ફલાણી હૂર ફલાણાની પત્ની, પણ નિકાહ જન્નતમાં પહોંચીને થશે અથવા નિકાહ પ્રથમ થઈ ચૂક્યા છે પણ વિદાયગીરી એટલે અતા કયામત બાદ થશે. આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : وَزَوَّجْنٰهُمْ بِحُوْرٍ عِيْنٍ (અને અમે તેમને પનાહ આપી ખૂબ જ કાળી તથા રોશન આંખોવાળીઓથી. –સૂ. દુખાન, ૪૪/૫૪) قرۃ ખુશગવાર ઠંડકને કહે છે. એટલા માટે પુત્રને قرۃالعین (કુર્રતુલ

ઐન) કહે છે. (આંખોની ઠંડક)

**૪.** આ હદીષો ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલ છે, જેથી મજબૂત (ક઼વી) છે. અસ્નાદોની ખૂબ અધિકતા ઝઈફને ક઼વી કરી દે છે. *(મિર્ક઼ાત)*

**★ હદીષ : (૧૩)-૧૯૬૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: «يُغْفَرُ لِأُمَّتِهِ فِي آخِرِ لَيْلَةٍ فِي رَمَضَانَ» . قِيلَ: يَا رَسُولَ اللَّهِ أَهِيَ لَيْلَةُ الْقَدْرِ؟ قَالَ: «لَا وَلَكِنَّ الْعَامِلَ إِنَّمَا يُوَفَّى أجره إِذا قضى عمله» . رَوَاهُ أَحْمد

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી કરીમ صلی اللہ علیہ وسلم થી રાવી કે આપે ફર્માવ્યું, મારી ઉમ્મતની બખ્શિશ રમઝાનની આખરી રાતમાં થાય છે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ! صلی اللہ علیہ وسلم શું એ શબે ક઼દ્ર છે ? તો ફર્માવ્યું, નહીં ? પરંતું મજદૂરને મજદૂરી ત્યારે મળે છે જ્યારે તે પોતાનુ કામ પૂરુ કરી લે છે[૧]" (અહમદ)*

**૧.** એટલે કે રમઝાનની ૨૯મી કે ૩૦ મી રાતે રોઝાદારોની બખ્શિશનું ફરિશ્તાઓમાં એલાન થઈ જાય છે કે તેમના રોઝા, તરાવીહ, એ'તેકાફ, શબે ક઼દ્રની ઈબાદતો ક઼બૂલ કરી લેવામાં આવી અને તેમની બખ્શિશનો ફૈંસલો કરી દેવામાં આવ્યો. આજ રાત બંદાઓના અમલથી ફરાગતની રાત છે, રબ તઆલાની અતાની રાત પણ છે. હુસ્ને ઈત્તેફાક (સુખદ સંજોગ) છે કે આ ગુનેહગાર બંદો અહમદ યારખાં (લેખક) આજે ૨૯મી રમઝાન સોમવાર હિ. ૧૩૭૯ના રોજ આ શરહ લખી રહ્યો છે. ખુદા કરે આ રાતમાં આ ગુનેહગારની માફી પણ થઈ ગઈ હોય અને જે મુસલમાન ભાઈ મારી મગફેરતની દુઆ કરે અલ્લાહ તેની પણ મગફેરત ફર્માવે. આમીન

وَصَلَّى اللّٰهُ تعالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ مُحَمَّدٍ وَّآلِهٖ وَصَحْبِهٖ وَسَلَّم

# બાબો રૂચતિલ્ હિલાલ[૧] باب رؤية الهلال
## (ચાંદ જોવા વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** અરબીમાં ત્રીજી રાત સુધીના ચાંદને "હિલાલ" કહે છે. તેના પછીની રાતોમાં "કૃમર" કહેવામાં આવે છે. ૧૪મી રાતના ચાંદને "બદર" કહેવામાં આવે છે. આખરી રાતોમાં "મહાક" કહે છે. અહીં રમઝાન વગેરેની પ્રથમ રાતનો ચાંદ મુરાદ છે. ઘણી બધી ઈસ્લામી ઈબાદતો ચાંદ પર નિર્ભિત છે એટલા માટે દરેક જ મહિનાનો ચાંદ જોવો જોઈએ, પણ ખાસ કરીને શબે બરાત, રમઝાન, શવ્વાલ, બક્ર ઈદનો ચાંદ જરૂર જોવો જોઈએ, કે એના સાથે રોઝા, ઈદ, કુર્બાની વગેરે સંબંધિત છે, એટલા માટે લેખકે ચાંદ જોવા વિશેનુ અલગ પ્રકરણ રહ્યું છે.

**★ હદીષ : (૧)-૧૯૬૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَصُومُوا حَتَّى تَرَوُا الْهِلَالَ وَلَا تُفْطِرُوا حَتَّى تَرَوْهُ فَإِنْ غُمَّ عَلَيْكُمْ فَاقْدِرُوا لَهُ» . وَفِي رِوَايَةٍ قَالَ: «الشَّهْرُ تِسْعٌ وَعِشْرُونَ لَيْلَةً فَلَا تَصُومُوا حَتَّى تَرَوْهُ فَإِنْ غُمَّ عَلَيْكُمْ فَأَكْمِلُوا الْعِدَّةَ ثَلَاثِينَ»

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે રોઝો ન રાખો ત્યાં સુધી કે રમઝાનનો ચાંદ જોઈ લો અને ઈફ્તાર ન કરો ત્યાં સુધી કે ચાંદ જોઈ લો.[૧] જો તમારા પર વાદળના કારણે ચાંદ છુપાય જાય તો મહિનાનો અંદાઝો લગાડી લો[૨] અન્ય એક રિવાયતમાં છે કે મહિનો ૨૯ રાતોનો છે તો રોઝો ન રાખો ત્યાં સુધી કે ચાંદ જોઈ લો[૩] પછી જો તમારા પર ચાંદ શંકાસ્પદ થઈ જાય તો ત્રીસ દિવસની ગણત્રી પૂરી કરી લો.[૪]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે ન તો શંકાસ્પદ દિવસમાં રોઝો રાખો ન શંકાસ્પદમાં ઈદ મનાવો. જેથી ૩૦મા શાબાને રોઝો ન રાખો કે કદાચ કાલે ચાંદ થઈ ગયો હોય અને ૩૦મી રમઝાને ઈદ ન મનાવો શંકાની સ્થિતિમાં કે કાલે કદાચ શવ્વાલનો ચાંદ થઈ ગયો હોય, બલ્કે જ્યારે રમઝાન અથવા શવ્વાલનો ચાંદ યકીની તૌર પર થઈ જાય ત્યારે રોઝો અથવા ઈદ મનાવો. આ વાક્ય પર ઘણા બધા શરઈ હુકમો સંપાદિત થઈ શકે છે. ફકીહો ફર્માવે છે કે શકના દિવસે રોઝો રાખવો મના છે. એનો માખઝ આ જ હદીષ છે.

**૨.** એટલે ૩૦ દિવસ પૂરા કરી લો, કેમ કે ચાંદનો મહિનો ૨૯ દિવસથી ઓછો નથી હોતો અને ૩૦ દિવસથી અધિક નથી હોતો. ચાંદ જોવાની કેટલીક વિગત આગલી હદીષમાં આવી રહી છે.

**૩.** એટલે કે અરબી મહિનો ૨૯નો પણ હોય છે પરંતુ જો ચાંદ નજર ન આવે તો ત્રીસનો થશે. આ હદીષથી જાણવા મળ્યું કે ચાંદમાં જોવાનો એતબાર છે. જંત્રી, હિસાબ (કેલેન્ડર) વગેરે શરીઅતમાં તદ્દન અવિશ્વસનીય છે, જેવું કે આગળ આવી રહ્યું છે.

**૪.** આ વાક્ય આ આયની તફસીર છે : وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ (અને એટલા માટે કે તમે ગણત્રી પૂરી કરો અને અલ્લાહની બડ઼ાઈ બોલો એના પર કે એણે તમને હિદાયત કરી. –સૂ. બક઼રહ, ૨/૧૮૫) એટલે માહે રમઝાનની ગણત્રી પૂર્ણ કરવી ફર્ઝ છે. અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે જો જંત્રી (કેલેન્ડર)વાળો પોતાના હિસાબથી રોઝા રાખે અથવા ઈદ કરે તો સખત ગુનેહગાર થશે, કેમ કે શરીઅતમાં ચાંદ જોવાનો એતબાર છે. અને જો હિસાબ પર ઈદ મનાવે તો સખત ફાસિક઼ થશે અને જો એના હિસાબ પર લોકોના રોઝા તોડાવી નાખે તો સૌના પર કફ્ફારો વાજિબ થશે. અને **જો આ હિસાબ પર અમલને વાજિબ જાણીને રોઝા કે ઈદને ફર્ઝ જાણે તો કાફિર થઈ જશે, કેમ કે તે વર્ણવેલ આયતનો પણ મુન્કિર થયો, અને મુતવાતિર હદીષોનો પણ.**

**★ હદીષ : (૨)-૧૯૭૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «صُومُوا لِرُؤْيَتِهِ وَأَفْطِرُوا لِرُؤْيَتِهِ فَإِنْ غم عَلَيْكُم فَأَكْمِلُوا عِدَّةَ شَعْبَانَ ثَلَاثِينَ»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ચાંદ જોઈને રોઝા રાખો અને ચાંદ જોઈને ઈફ્તાર કરો[1] પછી જો ચાંદ તમારા પર શંકાસ્પદ થઈ જાય તો શાબાન 30 દિવસનો ગણો.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** صُوْمُوْاના કર્તા સર્વ મુસલમાન છે. لِرُؤْيَتِهٖમાં ઝમીરનો મરજઅ ચાંદ છે. لِرُؤْيَتِكُمْ ન ફર્માવ્યું, જેનાથી **જાણવા મળ્યું કે ક્યાંય પણ ચાંદ થઈ જાય સર્વ મુસલમાનો પર રોઝો ફર્ઝ થઈ જશે, એ શરતે કે તેમને ચાંદનો "શરઈ સબૂત" પહોંચી જાય.** ચાંદમાં એના તુલૂઅ થવાના સ્થળો (ક્ષિતિજો)ની વિવિધતાનો એતબાર ન થશે, જેમ કે શાફઈઓનો ખયાલ છે કે એક ઈલાકામાં દેખાવું બીજા ઈલાક઼ાવાળાઓ માટે વિશ્વસનીય નથી. આ હદીષ તેમની વિરૂધ્ધ છે અને અહનાફની દલીલ છે. શાફઈઓની દલીલ હઝરત ઉમરનું આ ફર્માન : لَهُمْ رُؤْيَتُهُمْ وَلَنَا رُؤْيَتُنَا (એમના માટે એમનું જોવું અને અમારા માટે અમારું જોવું) એનો જવાબ ઈન્ શા અલ્લાહ ! આ જ હદીષના હેઠળ આપવામાં આવશે, કે ત્યાં શરઈ ગવાહી ન હોવાના કારણે આવું ફર્માવ્યું હતું. **અમુક જાહિલો ત્રીસમી રમઝાને ઈદનો ચાંદ અસ્રના સમયે જોઈને સમજે છે કે ઈદનો ચાંદ નજર આવી ગયો અને રોઝો ખોલી નાખે છે તો એ ગલત છે. અહીં ઈફ્તારથી મુરાદ કાલે રોઝો ન રાખવો અને ઈદ મનાવવી છે, ન કે રોઝો તોડી નાખવો.** જેવું કે આગલા વાક્યથી જણાય રહ્યું છે.

**૨.** ચાંદ શંકાસ્પદ થવાની બે સ્થિતિઓ છે, એક એ કે ક્યાંય દેખાય જ નહીં જંત્રીવાળા કહેતા હોય કે કાલે ચાંદ થઈ ગયો. બીજુ એ કે ઉડતી ખબર મળે કે ફલાણી જગાએ ચાંદ થઈ ગયો પણ શરઈ ગવાહી ન પહોંચે. ફક઼ીરે રેડીયાની ખબરના વિશે ફત્વો એ આપ્યો છે કે જો રેડિયા પર ક્યાંક ચાંદ થયાની ખબર આપવામાં આવે તો વિશ્વસનીય નથી, સાંભળનાર આ ખબર પર રોઝો કે ઈદ નથી મનાવી શકતા, પરંતુ **જો ઈસ્લામી હુકૂમતનો સ્થાપિત કરેલી હિલાલ કમિટી શરઈ ક઼ાયદાઓની રૂએ શરઈ ગવાહી લઈને ચાંદ થઈ જવાનો ફૈંસલો કરે અને પોતાના ફૈંસલાનું રેડિયો પર એલાન કરે તો વિશ્વસનીય છે કેમ કે પ્રથમ સ્થિતિમાં ચાંદની ખબરનું એલાન છે અને આ સ્થિતિમાં હાકિમના ફૈંસલાનું એલાન છે.** પહેલો અવિશ્વસનીય, બીજો વિશ્વસનીય છે. **હાકિમના ફૈંસલાની જાણ તો ફાયરીંગ, ટોપગોળો, ચિરાગાં વગેરેથી કરી દેવી પણ જાઈઝ છે, તો રેડિયો થકી તેની ખબર તો એના કરતાં કેટલીય અધિક મજબૂત છે.** આ મસ્અલાની ખૂબ જ ઉમદા તેહક઼ીક઼ અમારા "ફતાવા નઈમિયા"માં જુઓ. યાદ રાખશો કે ફક઼ીરનો આ ફત્વો એ સ્થિતિમાં છે કે

હિલાલ કમિટીના સભ્યો શરીઅતના મસાઈલથી વાકેફ હોય અને ગવાહી વગેરે શરઈ કાયદાનુસાર હાંસલ કરે.

★ હદીષ : (3)-૧૯૭૧ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنَا أُمَّةٌ أُمِّيَّةٌ لَا نَكْتُبُ وَلَا نَحْسُبُ الشَّهْرُ هَكَذَا وَهَكَذَا وَهَكَذَا» . وَعَقَدَ الْإِبْهَامَ فِي الثَّالِثَةِ. ثُمَّ قَالَ: «الشَّهْرُ هَكَذَا وَهَكَذَا وَهَكَذَا» . يَعْنِي تَمَامَ الثَّلَاثِينَ يَعْنِي مَرَّةً تِسْعًا وَعِشْرِينَ وَمَرَّةً ثَلَاثِينَ "

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અમે લોકો અનપઢ જમાઅત છીએ, ન લખે ન હિસાબ લગાડે[1] મહિનો ક્યાં તો આટલો આટલો અને આટલો છે. ત્રીજીવારમાં અંગૂઠો શરીફ બંધ કરી લીધો. પછી ફર્માવ્યું કે મહિનો આટલો આટલો અને આટલો. એટલે પૂરા ત્રીસ દિવસનો, એટલે ક્યારેક ઓગણતીસનો અને ક્યારેક તીસનો.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** શબ્દ اُمِّی اُم થી બન્યું, અસલ (જડ) અથવા માના અર્થમાં એમાં ઈશારો અરબવાસીઓ તરફ છે. اُمّی નો અર્થ છે (ઉમ્મુલ કુરા એટલે મક્કા અથવા હિજાઝવાળો અથવા ન પઢેલો શખ્સ કે જેવી રીતે માના પેટથી પેદા થાય એવો જ રહે. હુઝૂરે અન્વર ﷺ ને ઉમ્મી કહેવામાં આવે છે. એની ઉમદા તફસીર અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન"માં જુઓ. એટલે કે આપણે હિજાઝી લોકો સામાન્યતઃ હિસાબ કિતાબ નથી કર્યા કરતા. અથવા આમ સહાબા પઢેલા નથી, હિસાબ નથી લગાડતા. પણ કયામત સુધીના સર્વ મુસલમાનો એ જ ન પઢેલાઓના તાબે છે. (મિર્કાત) યાદ રાખશો કે ઉમ્મીનો અર્થ ન પઢેલો છે બેઈલ્મ નહીં. અલ્લાહ તઆલાએ સહાબાએ કિરામને હુઝૂરે અન્વર ﷺ ની સોહબતથી એવા આલિમ બનાવ્યા હતા કે દુનિયાભરના ઉલમા તેમની શાગિર્દી કરે. હુઝૂરે અન્વર ﷺ એ અર્થમાં ઉમ્મી છે કે પૈદાઈશી આલિમ, આરિફ, મુઅલ્લિમ છે. (ﷺ) શેઅર :–

*જો ફલસફીઓંસે હલ ન હૂએ ઔર નુક્તાવરોંસે ખુલ ન સકે*
*વો રાઝ ઈક ઉમ્મી લકબીને સમઝા દીએ ચંદ ઈશારોં મેં*

આ હદીષથી સ્પષ્ટપણે માલૂમ પડયું કે **ચાંદમાં હિસાબ, જંત્રી, ચાંદની ગતિનો કયાસ, ચાંદનું નાનો મોટો હોવું, ૨૮ તારીખે ન દેખાવું વગેરે કાંઈ પણ વિશ્વસનીય નથી,** કેવળ રૂયત (દેખાવા)નો એતબાર છે, જો ૨૯ના ન દેખાય તો ત્રીસ દિવસ પૂરા કરવા લાઝિમ છે.

**૧.** સુબ્હાનલ્લાહ ! આ પાક ઈશારા (નિર્દેશો) પર આપણી જાનો કુર્બાન થાય ! બે ઈશારાઓમાં હજારો મસાઈલ હલ કરી આપ્યા. ઈશારો કરવાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે હદો તથા કેસાસ સિવાયના બાકી સર્વ શરઈ અહકામમાં ઈશારો વિશ્વસનીય છે. જો કોઈ પોતાની પત્નીને ત્રણ આંગળીઓ બતાવીને કહે, તને આટલી તલાકો, તો ત્રણ તલાકો લાગુ થઈ જશે. હાકિમની સામે કોઈ દસેવ આંગળીઓ બતાવીને કહે, મારા પર ફલાણાના આટલા રૂપિયા કરજ છે, તો દસ રૂપિયાનો ઈકરાર થયો. જો કોઈ સ્ત્રી તરફ ઈશારો કરીને કહે કે તારો નિકાહ આની સાથે કરું છું, તો નિકાહ થઈ જશે, વગેરે વગેરે. એ જ પ્રમાણે ગુંગો ઈશારાથી નિકાહ તલાક વગેરે કરી શકે છે.

★ હદીષ : (૪)-૧૯૭૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي بَكْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " شَهْرَا عِيدٍ لَا يَنْقُصَانِ: رَمَضَانُ وَذُو الْحِجَّةِ

*"હઝરત અબૂ બકરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈદના બે મહિના[1] કદી કમ નથી થતા, રમઝાન અને બક્ર ઈદ[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** રમઝાન અને બક્ર ઈદ, કેમ કે રમઝાન એ ઈદુલ ફિત્રની પ્રસ્તાવના છે. અથવા તેની દરેક ઘડી ખુશી તથા આનંદની છે, એટલા માટે એને પણ માહે ઈદ કહી દેવામાં આવ્યું. અથવા ગલ્બો આપી (એકને બીજાના હેઠળ કરી)ને કહી દેવામાં આવ્યું, જેમ કે ચાંદ તથા સૂરજને "ક઼મરૈન" કહી દે છે, અને હઝરત અબૂ બક્ર ઉમરને ઉમૈરન.

**૨.** અમુકે એનો મતલબ એ સમજ્યો છે કે એક વરસમાં માહે રમઝાન તથા બક઼ ઈદ બંને ૨૯ના નથી હોતા અથવા બંનેવ ૩૦ના થશે, અથવા એક ૨૯નુ બીજુ ત્રીસનુ. પણ એ ગલત છે અનુભવની વિરૂધ્ધ છે. અમુકે ફર્માવ્યું કે મોટાભાગે એ ક઼ાયદો છે, પણ એ પણ ગલત છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ કુલ નવ રમઝાનના રોઝા રાખ્યા જેમાં બે તીસ્યા હતા બાકી સાત ૨૯વાળા. અત્યારે પણ ઘણીવાર રમઝાન તથા બક્ર ઈદ બંને ૨૯ના થઈ જાય છે. જેથી અહીં કમીથી મુરાદ સવાબ તથા દરજાની કમી છે ન કે સંખ્યાની. દિવસોની કમી એટલે રમઝાન તથા બક્ર ઈદ ૨૯ના થાય કે ત્રીસના પણ અમલનો સવાબ બરાબર જ મળશે, એટલે ૨૯નો સવાબ ત્રીસના બરાબર, અથવા બક્ર ઈદના પહેલા દસકાની નેકીઓનો સવાબ રમઝાનના પહેલા દસકાની નેકીઓના બરાબર છે, ન આ ઓછો ન તે ઓછો. ! واللہ اعلم

**★ હદીષ : (૫)-૧૯૭૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَتَقَدَّمَنَّ أَحَدُكُمْ رَمَضَانَ بِصَوْمِ يَوْمٍ أَوْ يَوْمَيْنِ إِلَّا أَنْ يَكُونَ رَجُلٌ كَانَ يَصُومُ صوما فليصم ذَلِكَ الْيَوْمَ»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોઈ રમઝાનથી પહેલાં એક કે બે દિવસ પહેલાં રોઝો ન રાખે[૧] પણ હા ! જે કોઈ રોઝો રાખતો હોય તો તે એ દિવસે રોઝો રાખે.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે રમઝાનના ચાંદથી એક બે દિવસ પહેલાં નફલી રોઝા ન રાખે કે જેથી નફ્લ તથા ફર્ઝ મિક્સ ન થઈ જાય. જેવી રીતે ફર્ઝ નમાઝથી મિલાવીને નફ્લ ન પઢે બલ્કે અંતર રાખીને (વક઼ફા કરીને) જગા બદલીને પઢે અથવા એટલા માટે ન મિલાવે જેથી લોકોને રમઝાનના ચાંદ થવાની શંકા ન થઈ જાય, લોકો સમજે કે કદાચ તેણે ચાંદ જોઈ લીધો છે. આ મનાઈ તન્ઝીહી છે, તે પણ પબ્લિકના માટે. ખાસ ઉલમા જો રોઝો રાખી લે અને કોઈના પર જાહેર ન કરે તો દુરુસ્ત છે. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં છે કે હુઝૂર ﷺ શાબાનના રોઝા માહે રમઝાનથી મિલાવી દેતા હતા. (લમ્આત વ મિર્ક઼ાત) એનાથી જાણવા મળ્યું કે ક઼ઝા તથા નઝરના રોઝા એ દિવસોમાં રાખવા વિના કરાહતે જાઈઝ છે.

**૨.** એટલે કે જો કોઈ મુસલમાનની આદત છે કે દરેક સોમવાર અથવા દરેક જુમેરાત અથવા જુમ્આના નફ્લી રોઝા રાખ્યા કરે છે અને સંજોગોવસાત ૨૯મી શાબાન તે દિવસે આવી તો તેણે વિના કરાહતે એ નફલી રોઝા રાખી લેવો જાઈઝ છે કે એ શકના દિવસનો રોઝો નથી બલ્કે પોતાની આદતના દિવસનો રોઝો છે. આ હદીષથી જાણવા મળ્યું કે કોઈ ખાસ દિવસમાં હમેશાં રોઝો રાખવો અથવા નવાફિલ પઢવા અથવા ખૈરાત કરવું જાઈઝ છે, ન એ નિશ્ચિત કરવું હરામ છે અને ન આ મુક઼ર્રર કરવું મકરૂહ છે. જેથી **દરેક મહિનાની બારમીએ મીલાદ શરીફ કરવી, ૧૧મી તારીખે ગૌષપાકની ફાતિહા કરવી, એમાં નફ્લો પઢવા, ખત્મે કુર્આન કરવું, સદક઼ા તથા ખૈરાત કરવું જાઈઝ અને સવાબનો સબબ છે.** આનાથી તે લોકો ઈબ્રત પકડે જેઓ કહે છે કે નફલી ઈબાદતમાં નિશ્ચિત કરવું હરામ છે, ખુદ એ બુઝુર્ગોને ત્યાં દીની મદ્રસાઓની છૂટ્ટીઓ તથા પરીક્ષા નિશ્ચિત દિવસોમાં થાય છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૬)-૧૯૭૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا انْتَصَفَ شَعْبَانُ فَلَا تَصُومُوا» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે માહે શાબાન અડધો પસાર થઈ જાય તો રોઝા ન રાખો.[૧]" (અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** આ મનાઈ તે કમજોર લોકો માટે છે જેઓ એ જમાનામાં નફલી રોઝા રાખીને રમઝાનના રોઝાઓ પર શક્તિમાન ન રહે અથવા એનાથી ખૂબ જ તકલીફ ઉઠાવે અથવા તે લોકોના માટે જેઓ શાબાનની શરૂઆતમાં તો રોઝા ન રાખે અને ૧૫ મી શાબાન બાદ વિના કારણે સતત રોઝા શરૂ કરી આપે. જેથી આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ નથી જેમાં આવ્યું કે નબી કરીમ ﷺ આખો મહિનો શાબાનના રોઝા રાખતા હતા. મિર્કાતે ફર્માવ્યું કે આ મનાઈ તન્ઝીહી છે અને હુઝૂરે અન્વર ﷺનો અમલ જાઈઝ હોવાના બયાન માટે છે.

**★ હદીષ : (૭)-૧૯૭૫ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أحصوا هِلَال شعْبَان لرمضان» . رَوَاهُ التِّرْمِذِيّ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રમઝાનના માટે શાબાનના ચાંદનો હિસાબ રાખો.[૧]" (તિર્મિઝી)*

**૧.** એ રીતે કે શાબાનનો ચાંદ ખૂબ જ તેહકીકથી જુઓ અને તેના દિવસો ગણતા રહો જેથી રમઝાનનું આવવું યકીનથી માલૂમ થાય. ફકીહો ફર્માવે છે કે શાબાનનો ચાંદ જોવો પણ જરૂરી છે રમઝાનના માટે. આ મસ્અલાનો માખઝ આ હદીષ છે.

**★ હદીષ : (૮)-૧૯૭૬ ★**

وَعَن أم سَلمَة قَالَتْ: مَا رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ إِلَّا شَعْبَانَ وَرَمَضَانَ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

*"હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ ને સતત બે મહિના રોઝા રાખતા નથી જોયા સિવાય શાબાન તથા રમઝાનના.[૧]" (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** જાહેર એ છે કે નબી કરીમ ﷺ પૂરા શાબાનના મોટાભાગના રોઝા રાખતા હતા, ત્યાં સુધી કે ૨૯મી તથા ૩૦મીનો પણ એની મનાઈની સ્પષ્ટતાઓ અગાઉ કરી દેવામાં આવેલી છે કે કમજોરો માટે ૧૫મી શાબાન બાદ રોઝા મુનાસિબ નથી, શક્તિવાન માટે મુનાસિબ છે. અમુક રિવાયતોમાં એ પણ છે કે હુઝૂરે અન્વર ﷺ શાબાનમાં અધિક રોઝા રાખતા હતા અને ઈફતાર ઓછો કરતા હતા. એટલે ક્યારેક તે અમલ કરતા હતા, ક્યારેક આ કરતા. જેથી હદીષોમાં ટકરાવ નથી.

**★ હદીષ : (૯)-૧૯૭૭ ★**

وَعَنْ عَمَّارِ بْنِ يَاسِرٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: «مَنْ صَامَ الْيَوْمَ الَّذِي يُشَكُّ فِيهِ فَقَدْ عَصَى أَبَا الْقَاسِمِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

*''હઝરત અમ્માર ઈબ્ને યાસિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, જે શકના દિવસે રોઝો રાખે તેણે અબુલ કાસિમ صلی اللہ علیہ وسلم ની નાફર્માની કરી[૧]''*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** આ નાફર્માનીના ત્રણ પ્રકારો છે : **એક** એ કે પૂરા શાબાનમાં કદી રોઝા ન રાખે, કેવળ શકના દિવસે વિના કારણે નફલી રોઝો રાખે. બીજુ એ કે શકના દિવસે રમઝાનની નિય્યતે ફર્ઝી રોઝો રાખે. ત્રીજુ એ કે રોઝામાં અચોક્કસ નિય્યત કરે કે આજે જો રમઝાનની પહેલી છે તો આ રોઝો ફર્ઝી છે અને જો શાબાનની ત્રીસમી છે તો આ રોઝો નફલી છે. આ ત્રણેવ પ્રકારો મના છે. બીજી સ્થિતિ અધિક બુરી કે એમાં અહલે કિતાબની મુશાબેહત (સરખાપણુ) છે જેથી આ હદીષ પાછલી હદીષે અબાહતની વિરૂધ્ધ નથી. મિર્કાતમાં છે કે ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ શવ્વાલના છ રોઝાઓને રમઝાનથી મિલાવવાને અવામ (પબ્લિક)ના માટે નાપસંદ કરતા હતા.

**૨.** તિર્મિઝીએ આ હદીષને હસન સહીહ ફર્માવી અને બુખારીએ એને તઅલીકન રિવાયત કરી. હાકિમે એને શયખૈનની શર્તે બતાવી. તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસથી મૌકૂફન્ રિવાયત કરી. સારાંશ કે આ હદીષ સહીહ છે. જે લોકોએ એને મૌઝૂઅ બતાવી તેમણે સખત ગલતી કરી. યાદ રાખશો કે તિર્મિઝી વગેરેમાં અસલ હદીષ આ પ્રમાણે છે કે હઝરત સુલહ ઈબ્ને ઝફર ફર્માવે છે કે અમે શકના દિવસે હઝરત અમ્માર ઈબ્ને યાસિરની પાસે હતા. આપની ખિદમતમાં ભૂંજેલી બકરી લાવવામાં આવી. અમુક લોકો પાછળ હટી ગયા. ત્યારે આપે ફર્માવ્યું, જે આ દિવસે રોઝો રાખે તેણે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની નાફર્માની કરી. આ પ્રકારની મૌકૂફ હદીષો મરફૂઅના હુકમમાં હોય છે.

**★ હદીષ : (૧૦)-૧૯૭૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: " جَاءَ أَعْرَابِيٌّ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي رَأَيْتُ الْهِلَالَ يَعْنِي هِلَالَ رَمَضَانَ فَقَالَ: «أَتَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ؟» قَالَ: نَعَمْ قَالَ: «أَتَشْهَدُ أَنَّ مُحَمَّدًا رَسُولُ اللَّهِ؟» قَالَ: نَعَمْ. قَالَ: «يَا بِلَالُ أَذِّنْ فِي النَّاسِ أَن يَصُومُوا غَدا» .رَوَاهُ أَبُودَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે એક બદવી (ગામડાવાસી) હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં આવીને બોલ્યા કે મેં ચાંદ જોયો છે, એટલે રમઝાનનો ચાંદ[૧] હુઝૂરે ફર્માવ્યું, શું તું એ ગવાહી આપે છે કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી ? બોલ્યા, હા ! ફર્માવ્યું, શું એ પણ ગવાહી આપે છે કે હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહના રસૂલ છે ? બોલ્યા, હા ![૨] ફર્માવ્યું, હે બિલાલ ! લોકોમાં એલાન કરી દો કે કાલે રોઝો રાખે.[૩]''*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** એટલે કે તેણે ન તો પોતાની સાથે કોઈ અન્ય ગવાહ પેશ કર્યા અને ન ગવાહીના શબ્દો અદા કર્યા. એનાથી જાણવા મળ્યું કે એ ચાંદમાં ખબર પૂરતી હોય છે.

**૨.** એ જમાનામાં કેમ કે ઈસ્લામમાં ફિર્કા બન્યા ન હતા, કેવળ કલ્મએ તૈયબ પઢી લેવું મુસલમાન થવા માટે પૂરતુ હતું. તેમજ કલ્મએ તૈયેબહ પઢવું એ સર્વ ઈસ્લામી અકીદાઓને માની લેવાની દલીલ હતું. હુઝૂરે અન્વર

ﷺએ તેમની પાસે આ બે ઈક઼રાર કરાવ્યા. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે રમઝાનના ચાંદમાં મુસલમાનની ખબર વિશ્વસનીય છે ન કે કાફિરની. **બીજુ** એ કે કોઈ વાતના જવાબમાં હા કહી દેવું એ પણ ઈક઼રાર હોય છે. એનાથી નિકાહ તલાકના ઈક઼રારના ઘણા બધા મસાઈલ નીકળશે. દા.ત. કોઈએ પૂછયું કે શું તેં તારી પત્નીને તલાક઼ આપ દીધી ? તેણે કહ્યું, હા ! તો તલાક઼ થઈ ગઈ, વગેરે. અલ્બત્ત ક઼ેસાસની હદોમાં ઈક઼રારના સ્પષ્ટ શબ્દો બોલવા જરૂરી છે, ત્યાં ફક્ત "હા" પૂરતુ નથી. કેમ કે એ ચીજો શંકાઓથી ખત્મ થઈ જાય છે. ફક઼ીરે (લેખકે) હદીષની જે શરહ રજૂ કરી એનાથી માલૂમ થઈ ગયું કે હવે મિર્ઝાઈઓ વગેરેનું ફક્ત કલમો પઢી લેવું ઈસ્લામ માટે પૂરતુ નથી. ખુદ નબવી જમાનામાં (ﷺ) મુનાફિક઼ોનું કલમો પઢવું તેમના ઈસ્લામના માટે પૂરતુ ન હતું. જેથી આ હદીષ ન તો કુર્આને કરીમની આ આયતની વિરૂધ્ધ છે : وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ (અને અલ્લાહ ગવાહી આપે છે કે મુનાફિક઼ જરૂર જૂઠા છે. –સૂ. મુનાફિકૂન, ૬૩/૧) અને ન તે હદીષોના વિરુદ્ધ જેમનામાં ફર્માવવામાં આવ્યું કે ભવિષ્યમાં લોકો કુર્આન તથા નમાઝો પઢશે પણ ઈસ્લામથી દૂર હશે.

૩. ફક઼ીહો ફર્માવે છે કે **જો ૨૯મી શાબાને વાદળ સાફ ન હોય તો એક આદિલ મુસલમાનની ખબરથી રમઝાનના ચાંદની સાબિત થઈ જશે.** તેમનો માખઝ આ હદીષ છે. આ હદીષથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે **સર્વ સહાબીઓ આદિલ છે,** કેમ કે હુઝૂરે અકરમ ﷺએ તેનાથી કલમાનો ઈક઼રાર કરાવીને અમલોની તેહક઼ીક઼ નથી કરી. તેમજ એ પણ જાણવા મળ્યું કે રમઝાનના રોઝાની નિય્યત દિવસમાં પણ થઈ શકે છે, રાતથી નિય્યત કરવી જરૂરી નથી.

**★ હદીષ : (૧૧)-૧૯૭૯ ★**

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: تَرَاءَى النَّاسُ الْهِلَالَ فَأَخْبَرْتُ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِنِّي رَأَيْتُهُ فَصَامَ وَأَمَرَ النَّاسَ بِصِيَامِهِ. رَوَاهُ أَبُو دَاوُد والدارمي

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે લોકોએ ચાંદ જોવાની કોશિશ કરી. મેં રસૂલુલ્લાહ ﷺને ખબર આપી કે મેં ચાંદ જોઈ લીધો, હુઝૂરે ખુદ રોઝો રાખ્યો અને લોકોને રોઝાનો હુકમ આપ્યો.[૧]" (અબૂ દાઊદ)*

**૧.** એટલે ૨૯ શાબાને વાદળ સાફ ન હતું. લોકોએ ચાંદ જોવાની કોશિશ કરી પણ કોઈને ન દેખાયો, કેવળ મારી ખબર પર હુઝૂર ﷺએ રોઝાનો હુકમ આપી દીધો. યાદ રાખશો કે હઝરત ઈમામ શાફઈને ત્યાં રમઝાનના ચાંદમાં જ્યારે કે વાદળ સાફ ન હોય બે શખ્સોની ગવાહી જરૂરી છે. પણ આ હદીષો તેમના આ ફર્માનની વિરૂધ્ધ છે. એટલા માટે કે મોટાભાગના શાફઈઓ આ હદીષ પર ફત્વો આપીને કેવળ એક મુસલમાનની ખબરને વિશ્વાસપાત્ર માને છે. આપણા ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہને ત્યાં કેવળ એક આદિલની ખબર પૂરતી છે, અને **જો આકાશ સાફ હોય તો મોટી જમાઅતની ગવાહીથી ચાંદની સાબિતી થશે.** ઈદના ચાંદમાં **જો વાદળ સાફ ન હોય તો બેની ગવાહી જરૂરી છે,** અને **જો સાફ હોય તો મોટી જમાઅતની ગવાહી જરૂરી છે.** કેમ કે રમઝાનના ચાંદ પર કેવળ શરઈ અહકામ લાગુ પડે છે જેમાં એકની ખબર પૂરતી હોય છે, પણ ઈદના ચાંદથી બંદાઓના હક્કો જોડાયેલા છે જેથી અહીં બેની ગવાહી જરૂરી હોય છે. મોટી જમાઅતમાં મતભેદ છે. **ઈમામ અબૂ યૂસુફને ત્યાં ૫૦ માણસો મોટી જમાઅત છે. અમુકને ત્યાં સંખ્યા નિશ્ચિત નથી. એટલા લોકોની ગવાહી જરૂરી છે કે ચાંદનું ગુમાન ગાલિબ થઈ જાય.**

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૨)-૧૯૮૦ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَتَحَفَّظُ مِنْ شَعْبَانَ مَالَا يَتَحَفَّظُ مِنْ غَيْرِهِ. ثُمَّ يَصُومُ لِرُؤْيَةِ رَمَضَانَ فَإِنْ غُمَّ عَلَيْهِ عَدَّ ثَلَاثِينَ يَوْمًا ثُمَّ صَامَ. رَوَاهُ أَبُو دَاوُد

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ શાબાન મહિનાની એટલી નિગરાની કરતા હતા જેટલી અન્ય મહિનાની કરતા ન હતા[૧]. પછી રમઝાનનો ચાંદ જોઈને રોઝા રાખતા હતા. પછી જો શંકાસ્પદ થતુ જતું[૨] તો ત્રીસ દિવસ પૂરા કરતા પછી રોઝો રાખતા. (અબૂ દાઊદ)*

**૧.** એ રીતે કે શાબાનનો ચાંદ ખૂબ જ કાળજીપૂર્વક જોતા હતા. પછી તેના દિવસની ગણત્રી રાખતા હતા, કેમ કે એના પર માહે રમઝાનનો દારોમદાર છે. બક્ર ઈદના ચાંદ પર પણ જો કે હજ્જ વગેરેનો દારોમદાર છે, પણ હજ્જ દર વર્ષે દરેક માણસ નથી કરતો અને બક્ર ઈદની નમાઝ તથા કુર્બાની ચાંદના દસ દિવસ પછી થાય છે જેમાં ચાંદની ખબર પડી જાય છે. રમઝાનનો ચાંદ થતાં જ દરેક શખ્સ રોઝો રાખે છે, જેથી એના ચાંદની અધિક વ્યવસ્થા થવી જોઈએ.

**૨.** એટલે કે જો રમઝાનનો ચાંદ પોતે પણ ન જુએ અને ન શરઈ સબૂત પામે તો ૩૦ દિવસ શાબાનના પૂરા કરે.

**★ હદીષ : (૧૩)-૧૯૮૧ ★**

وَعَنْ أَبِي الْبَخْتَرِيِّ قَالَ: خَرَجْنَا لِلْعُمْرَةِ فَلَمَّا نَزَلْنَا بِبَطْنِ نَخْلَةَ تَرَاءَيْنَا الْهِلَالَ. فَقَالَ بَعْضُ الْقَوْمِ: هُوَ ابْنُ ثَلَاثٍ. وَقَالَ بَعْضُ الْقَوْمِ: هُوَ ابْنُ لَيْلَتَيْنِ فَلَقِينَا ابْنَ عَبَّاسٍ فَقُلْنَا: إِنَّا رَأَيْنَا الْهِلَالَ فَقَالَ بَعْضُ الْقَوْمِ: هُوَ ابْنُ ثَلَاثٍ وَقَالَ بَعْضُ الْقَوْمِ: هُوَ ابْنُ لَيْلَتَيْنِ. فَقَالَ: أَيُّ لَيْلَةٍ رَأَيْتُمُوهُ؟ قُلْنَا: لَيْلَةَ كَذَا وَكَذَا. فَقَالَ: إِنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَدَّهُ لِلرُّؤْيَةِ فَهُوَ لِلَيْلَةِ رَأَيْتُمُوهُ

وَفِي رِوَايَةٍ عَنْهُ. قَالَ: أَهْلَلْنَا رَمَضَانَ وَنَحْنُ بِذَاتِ عِرْقٍ فَأَرْسَلْنَا رَجُلًا إِلَى ابْنِ عَبَّاسٍ يَسْأَلُهُ فَقَالَ ابْنُ عَبَّاسٍ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِن الله تَعَالَى قد أَمَدَّهُ لِرُؤْيَتِهِ فَإِنْ أُغْمِيَ عَلَيْكُمْ فَأَكْمِلُوا الْعِدَّةَ» . رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ બખ્તરીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, અમે ઉમરાના માટે રવાના થયા જ્યારે બતને નખ્લામાં ઉતર્યા[૨] તો અમે ચાંદ જોવા એકત્ર થયા[૩] અમુક કૌમે કહ્યું કે આ ત્રીજી રાતનો છે અને અમુકે કહ્યું, બીજી રાતનો છે.[૪] પછી હઝરત ઈબ્ને અબ્બાસને મળ્યા. અમે અર્ઝ કરી, અમે ચાંદ જોયો છે તો અમુકે કહ્યું કે ત્રીજી રાતનો છે અને અમુકે કહ્યું, બીજી રાતનો છે. તો આપે ફર્માવ્યું, તમે કઈ રાતે જોયો ?[૫] અમે અર્ઝ કરી, ફલાણી રાતે[૬] તો ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ચાંદની મુદત જોવા સુધીની રાખી છે, જેથી એ તે રાતનો છે જ્યારે તમે જોયો[૭] એમનાથી એક રિવાયત છે કે અમે રમઝાનનો ચાંદ જોયો જ્યારે અમે ઝાતે અર્કમાં હતા[૮] તો અમે હઝરત ઈબ્ને અબ્બાસની પાસે એક શખ્સને મસ્અલો પૂછવા મોકલ્યો. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ચાંદની મુદત જોતા સુધી રાખી, તો જો તમારા પર શંકાસ્પદ થઈ જાય તો ત્રીસ દિવસની ગણત્રી પૂર્ણ કરો.[૯]'' (મુસ્લિમ)*

**૧.** એમનું નામ ઈબ્ને ફીરોઝ છે. તાબઈનમાંથી છે. કૂફી છે. માણસ સારા હતા. રાફઝિયત તરફ વળેલા હતા. તેમની સમઈ (સાંભળેલી) હદીષો મક્બૂલ છે, બીજી નહીં. *(મિર્કાત વગેરે)*

**૨.** બતને નખ્લા મક્કાથી પૂર્વ તરફ તાઈફના રસ્તા પર આવેલુ છે. મશહૂર મંઝિલ છે. હવે તેને મુઝીક્ કહે છે.

**૩.** કે મેદાનમાં જમા થઈને એકબીજાને બતાવવા લાગ્યા કે પેલો રહ્યો ચાંદ ! યાદ રાખશો કે **ચાંદની તરફ ઈશારો કરવો દેખાડવા માટે જાઈઝ છે, વિના જરૂરતે મકરૂહ છે કે એ કાફિરોનો ફેઅલ છે.** *(મિર્કાત તથા શામી)*

**૪.** એટલે કે ચાંદ ઉંચો તથા મોટો હતો એટલા માટે અમુકે કહ્યું, બીજી રાતનો છે, અમુકે કહ્યું, ત્રીજી રાતનો છે. એટલે કે કોઈએ કહ્યું કે કાલે થઈ ચૂક્યો છે, કોઈએ કહ્યું, પરમ દિવસે થઈ ચૂક્યો છે. એ ચાંદ રમઝાનનો હતો. એ હઝરાત શાબાનના અંતમાં ઉમરા કરવા ગયા હતા.

**૫.** એટલે કે મને તમારો અંદાઝો ન બતાવો, તમારા જોયાની ખબર આપો, કે તમારામાંથી કોણે એને પહેલા જોયો હતો, કાલે કે પરમ દહાડે ?

**૬.** એટલે કે હઝરત ઈબ્ને અબ્બાસના કહેવા પર હવે અમે જોયાની રાત બતાવી કે દા.ત. કાલે જોયો હતો.

**૭.** એટલે કે **ચાંદ નાનો મોટો હોવું કે ઉંચો હોવાનો એતબાર નથી પણ જોવાનો એતબાર છે (કે ક્યારે દેખાયો)**. આ પરથી તે લોકો ઈબ્રત તથા નસીહત પકડે કે કેવળ જંત્રી કે વર્તમાન પત્રમાં લખેલી તારીખ જોઈને અથવા ચાંદની મોટાઈ જોઈને ઝઘડે છે.

**૮.** ઝાતે અર્ક્ ઈરાક્વાળાઓનું મીક્ાત છે, જ્યાં એ લોકો એહરામ બાંધે છે. તાઈફના રસ્તા પર આવેલ છે. હવે એનું નામ સહલ છે. ટ્રકો, બસોનો મશહૂર અડ્ડો છે. ફકીર (લેખક) ત્યાં થઈને પસાર થયેલ છે. ઈરાક્થી મક્કા મોઅઝ્ઝમા જતી વેળા પણ અને મક્કાથી તાઈફ આવતાં જતાં પણ. મોટા ઉમરાનો એહરામ અહીંથી જ બાંધવામાં આવે છે. અહીંનું પાણી ખૂબ જ સ્વાદિષ્ટ અને હજમ કરનારુ છે.

**૯.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનો ક્યામ (રહેઠાણ) તાઈફમાં હતો. ત્યાં જ આપનું મઝારે પુર અન્વાર છે. ફકીરે ઝિયારત કરી છે. લગભગ એ હઝરાતે તાઈફ પહોંચીને એમને આ મસ્અલો પૂછયો હશે. જવાબનો સાર એ છે કે શાબાનની મુદ્દત રમઝાનનો ચાંદ જોતા સુધી છે. હિસાબ વગેરેનો એતબાર નથી. મિર્કાતે ફર્માવ્યું કે અહીં لِلّیۡ ફર્માવવાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે **જો દિવસમાં ઝવાલ પછી રમઝાન કે ઈદનો ચાંદ જોવા મળે પણ મગરિબ બાદ જોવા ન મળે તો એને જોવાનો કોઈ એતબાર નથી, સૂર્ય ડૂબ્યા બાદ દેખાવાનો એતબાર છે.** واللہ اعلم !

# باب
# પ્રકરણ-૧

**૧.** કેમ કે આ પ્રકરણમાં રોઝાના વિશે વિવિધ હદીષો લાવવામાં આવશે એટલા માટે આ પ્રકરણનો કોઈ તર્જુમો નિશ્ચિત ન કર્યો. અમુક નુસ્ખાઓમાં બાબુસ્ સહૂર છે, પણ સહીહ એ છે કે આ પ્રકરણ વિના તર્જમાનું છે.

## (વિભાગ : ૧) الفصل الاول

**★ હદીષ : (૧)-૧૯૮૨ ★** (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَسَحَّرُوا فَإِنَّ فِي السَّحُورِ بَرَكَةً»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સહરીમાં બરકત છે.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવા માટે) છે ન કે વજૂબી, કેમ કે રોઝાના માટે સહરી મુસ્તહબ છે, વાજિબ કે ફર્ઝ નથી. સવારથી પહેલાંના સમયને સહર કહે છે અને એ વખતે ખાવા તથા પીવાને સહરી કહે છે, એટલે અંતિમ રાતનો ખોરાક. સહરીનો સમય અડધી રાતથી શરૂ થઈ જાય છે પણ સુન્નત એ છે કે રાતના આખરી છઠ્ઠા હિસ્સામાં ખાવામાં આવે.

**૨.** سحور (સહૂર) સીનના પેશથી પણ છે અને ઝબરથી, પણ ઝબરથી અધિક ફસીહ છે. અમુકે ફર્માવ્યું કે سحور સીનના પેશથી સહરી ખાવું અને સીનના ઝબરથી એ સમયનો ખોરાક. (મિર્કાત તથા અશિઅહ) સહરીનું ખાવું મુબારક છે અને ખાવાના ઉપયોગમાં બરકત છે, કેમ કે એ સુન્નત છે, અને સુન્નતે મુબારકા છે. તેમજ એ ખાણાથી રોઝામાં મદદ મળે છે. તેમજ એ ખાવાના કારણે મુસલમાનો તથા ઈસાઈઓ તથા કાફિરોમાં ફરક થઈ જાય છે. યાદ રાખશો કે ઉલમાથી રોશનાઈ (શાહી), બપોરના સમયે થોડાક આરામ કરવો, રોઝાઓમાં સહરી ખાવું સૌ મુબારક છે કે એમનો સંબંધ ઈબાદતોથી છે. જ્યારે કે ઈબાદતના સંબંધે આદત મુબારક બની જાય છે તો દુનિયા દીન બની જાય છે, તો પછી અંબિયા તથા અવલિયા હઝરાતથી જે ચીજને નિસ્બત થઈ જાય તે પણ યકીનન! મુબારક થઈ જાય છે. જુઓ શબે કદ્ર મુબારક, માહે રમઝાન મુબારક છે કેમ કે તેમને ઈબાદતોથી સંબંધ છે. ઈસા علیہ السلام એ પોતાના વિશે ફર્માવ્યું હતું. وَّ جَعَلَنِیْ مُبٰرَكًا "મને અલ્લાહે મુબારક બનાવ્યો." *(સૂરએ મયરમ, ૧૯/૩૧)* આ હઝરાત જાતે પોતે મુબારક છે અને તેમની તરફ સંબંધિત ચીજો તેમના સબબે મુબારક છે.

**★ હદીષ : (૨)-૧૯૮૩ ★**

وَعَنْ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَصْلُ مَا بَيْنَ صِيَامِنَا وَصِيَامِ أَهْلِ الْكِتَابِ أَكْلَةُ السَّحَرِ» . رَوَاهُ مُسلم

*"હઝરત અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આપણા તથા અહલે કિતાબના રોઝાઓમાં ફરક સહરીના અમુક લુકમા છે.[૧]" (મુસ્લિમ)*

**૧.** اکلۃ અલિફના પેશ અને કાફના જઝમથી, લુકમા તથા નિવાલા (કોળિયા)ના અર્થમાં, અને અલિફના ઝબરથી ખાવાના અર્થમાં. એટલે કે સેહરીના નિવાલા અથવા સહરી ખાવું મુસલમાન અને અહલે કિતાબના રોઝાઓમાં ફરકનો સબબ છે, કેમ કે તેમને ત્યાં રાતે સૂતા પછી ખાવું હરામ થઈ જાય છે. ઈસ્લામમાં પણ પહેલાં એ જ હુકમ હતો, હવે પોહ ફાટતાં સુધી ખાવુ પીવુ હલાલ કરી દેવામાં આવ્યું. સહરી ખાવામાં અલ્લાહની દાવતને ક઼બૂલ કરવું છે અને તેની આ નેઅમતનો શુક્રિયા છે. اُکْلۃ ફર્માવવામાં એ બાજુ નિર્દેશ છે કે સહરી થોડી ખાવી બેહતર છે, એટલી વધુ ખાવી કે બપોર સુધી ખાટા ઓડકાર આવે એ બેહતર નથી.

**★ હદીષ : (3)-૧૯૮૪ ★** (مُتَّفِق عَلَيۡهِ)

وَعَنْ سَهْلٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَزَالُ النَّاسُ بِخَيْرٍ مَا عَجَّلُوا الْفِطْرَ»

*"રિવાયત છે હઝરત સહલથી, ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લોકો ભલાઈમાં રહેશે જ્યાં સુધી ઈફ્તાર જલ્દી કરતા રહેશે[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** ઈફ્તાર જલ્દી કરવાની બે સ્થિતિઓ છે : એક એ કે ઈફ્તાર મગરિબની નમાઝથી પહેલાં કરવામાં આવે. પણ નમાઝ પહેલાં પઢી લેવી બાદમાં ઈફ્તાર કરવો, આ હદીષની વિરૂધ્ધ છે. (મિર્ક઼ાત) બીજુ એ કે સૂર્ય ડૂબવાનું યક઼ીન થઈ જવા પર ઈફ્તાર કરી લેવામાં આવે, પછી મોડુ ન કરવામાં આવે. યાદ રાખશો કે ઈફ્તારના સમયો પણ ત્રણ છે : મુસ્તહબ સમય, મુબાહ સમય, અને મકરૂહ સમય. મુસ્તહબ સમય તો તે છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો કે સૂરજનો આખરી કિનારો છુપાતાં જ રોઝો ઈફ્તાર કરવામાં આવે. મુબાહ સમય તારા ભેગા થઈ જવાથી થોડાક પહેલા સુધી વાર લગાડવી, અને તારા ભેગા થઈ જવા પર ઈફતાર કરવો મકરૂહ છે. એ કરાહતનું કારણ એ છે કે એ વખતે યહૂદી રોઝા ઈફ્તાર કરે છે. એમાં એમની સાથે મુશાબેહત (મળતાપણુ) છે અને જલ્દી ઈફતાર કરવામાં આપણી આજીજી તથા બંદગીનો ઈઝહાર (પ્રદર્શન) પણ છે અને અલ્લાહની આપેલી ઈજાઝતનું જલ્દી ક઼બૂલ કરવું છે. (મિર્ક઼ાત) એ જ મિર્ક઼ાતમાં છે કે અમુક ઉલમાએ ફર્માવ્યું, નફસ પર તકલીફ નાખવા અને મગરિબ તથા ઈશાને મિલાવવાના માટે મોડેથી ઈફતાર કરવી બેહતર છે, પણ એ ગલત છે. કેમ કે સુન્નતે રસૂલુલ્લાહ સીધો રસ્તો છે અને એની વિરૂધ્ધ કરવું ગુમરાહી છે. હમેશાં રસૂલુલ્લાહ ﷺ અને સહાબાએ કિરામ ઈફ્તારમાં જલ્દી અને સહરીમાં મોડુ કરતા હતા. નફસકુશી (નફસને મારવા) માટે સુન્નતની વિરૂધ્ધ ન કરો કે એ નફસકુશી નથી બલ્કે રહબાનિયત (સન્યાસ) છે. **આપણી નફસકુશી હુઝૂર ﷺની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન)માં છે અને અલ્લાહની આપેલી ઈજાઝતને જલ્દી ક઼બૂલ કરવું છે.**

**★ હદીષ : (૪) ૧૯૮૫ ★** (مُتَّفِق عَلَيۡهِ)

وَعَنْ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَقْبَلَ اللَّيْلُ من هٰهُنَا وَأدبر النَّهار من هٰهُنَا وَغَرَبَتِ الشَّمْسُ فَقَدْ أَفْطَرَ الصَّائِمُ»

*"હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે રાત આ બાજુથી આવી જાય અને દિવસ પેલી બાજુથી ચાલ્યો આવે[૧] અને સૂરજ ડૂબી જાય તો રોઝાદાર ઈફ્તાર કરે.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** પહેલાં આ બાજુથી એટલે મગરિબની દિશા મુરાદ છે અને બીજુ પેલી બાજુથી, પૂર્વ દિશા મુરાદ છે. કેમ કે પશ્ચિમ તરફ કાળાશ પ્રથમ જાહેર થાય છે અને સૂરજનો આખરી કિનારો પાછળ ડૂબે છે. એટલા માટે આ

સૈયદુસ્સુફહા ﷺએ રાતને આવવાનો ઉલ્લેખ પ્રથમ કર્યો. દિવસના જવાથી મુરાદ સૂરજનો આખરી કિનારો ડૂબી જવું છે, ન કે લાલાશ ગાયબ થઈ જવી, કેમ કે લાલાશ ગાયબ થવા પર તો સાહિબૈનને ત્યાં ઈશા આવી જાય છે. એટલા માટે આગલુ વાક્ય કહેવાય રહ્યું છે.

**૨.** આ વાક્યએ દિવસ જવાની સ્પષ્ટતા કરી આપી. એટલે કે સૂર્ય છુપાતાં જ રોઝો ઈફતાર કરો અને હવે નફસકુશીના બહાને તથા વહેમોનું અનુસરણ ન કરો. આવે ફોગટમાં દિવસ હોવાની શંકા કરવી એ શક નહીં બલ્કે વહેમ છે.

**★ હદીષ : (૫)-૧૯૮૬ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْوِصَالِ فِي الصَّوْمِ. فَقَالَ لَهُ رجل: إِنَّك تواصل يَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: وَأَيُّكُمْ مِثْلِي إِنِّي أَبِيتُ يُطْعِمُنِي رَبِّي ويسقيني "

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ રોઝામાં વિસાલ કરવાથી મના ફર્માવ્યું[૧] તો હુઝૂર ﷺને કોઈ શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપ તો વિસાલ કરો છો ?![૨] ફર્માવ્યું,* ***તમારામાં મારા જેવો કોણ છે ?***[3] *હું એ રીતે રાત ગુજારુ છું કે મારો રબ મને ખવડાવે પીવડાવે છે.[૪]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** રોઝાનો વિસાલ એ છે કે રાતે ઈફતાર કર્યા વિના, કાંઈ ખાધા વિના બીજો રોઝો રાખી લેવામાં આવે. હક્ક એ છે કે આ વિસાલ આપણા માટે મકરૂહે તહરીમી છે અને અહીં મનાઈ હુર્મત (હરામ હોવા)ની છે. આ મનાઈમાં સેંકડો હિકમતો છે. વિસાલથી શરીર ખૂબ જ કમઝોર થઈ જાય છે. વિસાલથી બીજી ઈબાદતો ભારે પડી જાય છે. વિસાલમાં જોગીઓ, સાધુઓની મુશાબેહત (મળતાપણુ) છે. વિસાલ સર્વ ઉમ્મતના માટે નાજાઈઝ છે, ચાહે અવલિયા હોય કે અન્ય વર્ગના લોકો.

**૨.** નબી કરીમ ﷺ કેવળ એક દિવસનો નહીં બલ્કે સતત કેટ કેટલાયે રોઝાનો વિસાલ કરતા હતા કે સતત રોઝા પર રોઝા રાખતા હતા. એટલા માટે સાઈલને શંકા ગઈ કે વિસાલ તો રસૂલુલ્લાહ ﷺની સુન્નત હોવી જોઈએ મના શાથી છે ?!

**૩.** આ પૂછવું ઈન્કારી (નકારવા માટે) છે અને اَیُّکُمમાં સહાબા તથા સર્વ ઈન્સાનોને સંબોધન છે. એટલે કે તમારામાં મારા જેવો કોઈ નથી. **જ્યારે સહાબીઓ હુઝૂર ﷺના સમાન ન થઈ શક્યા તો અન્ય કોઈની શું હૈસિયત છે જે એમનાથી બરાબરીનો દાવો કરે.** આપણો અકીદો તો એ છે કે :

نسبت خود بسگت کردم و بس منفعلم    زاں کہ نسبت بسگ کوئے تو شد بے ادبی است

**અર્થાત** : મેં પોતાની નિસ્બત આપના કૂતરાથી કરી પરંતુ હવે શર્મસાર છું કારણ કે આપની ગલીના કૂતરાથી પોતાને નિસ્બત આપવી પણ બેઅદબી છે.

રબ તઆલાના ફર્માન : قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ (તો ફર્માવો કે જાહેરી માનવ સ્વરૂપમાં તો હું તમારા જેવો છું –સૂ. કહફ, ૧૮/૧૧૦)માં કેવળ માનવ સ્વરૂપમાં સરખામણી છે જેમાં ઉલૂહિયતની દખલ ન હોય, એટલે કે હું તમારી જેમ કેવળ માનવ છું, ન ખુદા છું ન ખુદાનો ભાગીદાર. પછી મારી બશરીયતથી નબુવ્વતની દખલ થઈ જેને یُوْحٰۤی اِلَیَّએ વર્ણવ્યું. જેથી આ હદીષ કુર્આનની આ આયતથી વિરૂધ્ધ નથી. **સર્વ જહાનના અવલિયા એક**

**સહાબીની જેમ નથી થઈ શકતા જેમણે ઈમાનની નિગાહ વડે એમનો ચેહરો એક ક્ષણ માટે જોયો, તો પછી આપ ﷺની જાત તો ખૂબ જ ઉચ્ચ છે.**

૪. ઉલમાએ આ ખવડાવવા પીવડાવવાના ઘણા ખુલાસા આપેલા છે : અમુકે કહ્યું, એનાથી સહન શક્તિ મુરાદ છે. અમુકે કહ્યું કે એનાથી રૂહાની ગિઝાઓ મુરાદ છે. અમુકે ફર્માવ્યું કે એનાથી રૂહાની ફયઝાન તથા મુનાજાતની લિજ્જતો મુરાદ છે. અમુકે ફર્માવ્યું કે એનાથી ભૂખ તરસ ન હોવાનું મુરાદ છે, વગેરે. પણ હઝરતે ઈશ્ક઼નો ફત્વો એ છે કે હદીષ પોતાના તદ્દન જાહેરી અર્થ પર છે અને એમાં હુઝૂરે અન્વર ﷺએ રબ તઆલાની ત્રણ નેઅમતોનો ઉલ્લેખ કર્યો : એક એ કે તમો સૌ પોતાનાં બાળકો પત્નીઓની પાસે રાત પસાર કરો છો અને હું મારા રબની પાસે.

فرشی و براوج عرش منزل　　امی و کتاب خانہ در دل

امی و دقیقہ دان عالم　　بے سایہ و سائبان عالم

**અર્થાત** : આપ ફર્શ (જમીન) પર રહો છો અને અર્શની બુલંદી પર આપનો મક઼ામ છે. આપ કોઈનાથી કાંઈ પઢયા નથી, પરંતુ આપના સીનામાં અસંખ્ય કિતાબો છે. આપ સમસ્ત જગતની બારીકીઓ જાણો છો. આપનો સાયો નથી પરંતુ આપ જગતને સાયો આપનાર છો.

બીજુ એ કે હું રબ તઆલાની પાસે રહીને ખુદ નથી ખાતો, પીતો બલ્કે મને રબ તઆલા ખવડાવે પીવડાવે છે. ખવડાવનાર તેનો દસ્તે કરમ અને ખાનાર હું. ત્રીજુ એ કે રબ તઆલા મને એ રોજી ખવડાવે પીવડાવે છે જેનાથી ન રોઝો તૂટે ન રોઝાઓનો સતત ક્રમ જાય. એટલે જન્નતના મેવા અને સલસબીલે તસ્નીમ (જન્નત નહેર) વગેરેનું શરબત. આ વાક્યથી અમુક મસ્અલા જાણવા મળ્યા : (૧) એક એ કે કોઈ શખ્સ કોઈ દરજા પર પહોંચીને હુઝૂરે અન્વર ﷺની જેમ નથી થઈ શકતો. જાણે માણસ નાતિક (બોલનાર)ની ક઼ૈદે સર્વ પ્રાણીઓથી જાતી વિશિષ્ટતા આપી દીધી, તો નબુવ્વત તથા વહીની સિફતોએ (ખૂબીઓએ) પણ હુઝૂરે અન્વર ﷺને તમામ માનવો કરતાં જાતી વિશિષ્ટતા આપી દીધી. (૨) બીજુ એ કે જો હુઝૂરે અન્વર ﷺ ઈબાદતની નિય્યતે ખાવા પીવા છોડી આપે તો ભલે અઠવાડિયાઓ સુધી ન ખાય છતાં ઝોઅફ તથા કમજોરી તદ્દન લાગુ ન થશે, અને પેટ મુબારક પર પથ્થર પણ બાંધવામાં આવશે. કેમ કે હુઝૂરે અન્વર ﷺ નૂર પણ છે અને બશર પણ છે. ઈબાદતમાં નૂરાનિયતનો ઝહૂર અને આદત (નિત્યક્રમ, નિયમ)માં બશરિયતની જલ્વાગરી છે. જેથી આ હદીષ હઝરત જાબિરની આ રિવાયતની વિરૂધ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺએ બે સમય ખાવા ન ખાવા પર બે પથ્થર પેટ પર બાંધ્યા. (૩) ત્રીજુ એ કે જન્નતી મેવા ખાવાથી અને ત્યાંનું પાણી પીવાથી રોઝો નથી જતો, જેવી રીતે રબ તઆલાથી કલામ કરવાથી અને હુઝૂર ﷺને સલામ કરવાથી નમાઝ નથી જતી. અમુક અવલિયા ખ્વાબમાં ખાય પી લે છે કે ખાવાની ખુશ્બુ જાગ્યા પછી તેમના મોંમાં જોવા મળે છે, પણ તેમનો રોઝો ક઼ાયમ રહે છે. જુઓ, એહતેલામથી આપણો રોઝો નથી જતો.

૪. ચોથુ એ કે અમુક બંદાઓને આ જ જિંદગીમાં જન્નતી મેવા મળે છે. હઝરત મરયમ رضی اللہ عنہاનું જન્નતી મેવા ખાવું કુર્આન પાકથી સાબિત છે. (૫) પાંચમુ એ કે હુઝૂર ﷺનું દરેક કામ આપણા માટે સુન્નત નથી, બલ્કે તે કામ સુન્નત છે. જે આપણા માટે અમલને પાત્ર હોય. હુઝૂર ﷺની વિશિષ્ટતાઓ આપણા માટે સુન્નત નથી. રોઝએ વિસાલ (વગર ઈફતારીના સતત રોઝા) નવ પત્નીઓ નિકાહમાં ભેગી કરવી આપણા માટે ન સુન્નત છે ન અમલને પાત્ર. સુન્નત તથા હદીષમાં એ જ ફરક છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૬)-૧૯૮૭ ★**

عَن حَفْصَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَمْ يَجْمَعِ الصِّيَامَ قَبْلَ الْفَجْرِ فَلَا صِيَامَ لَهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ أَبُو دَاوُد: وَقفه على حَفْصَة معمر والزبيدي وَابْنُ عُيَيْنَةَ وَيُونُسُ الْأَيْلِيُّ كُلُّهُمْ عَنِ الزُّهْرِيِّ

*"હઝરત હફસા رضی اللہ عنہا થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ફજરથી પહેલાં રોઝાનો ઈરાદો (નિય્યત) ન કરે તેના રોઝા નથી થતા.[૧]" (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી) અબૂ દાઊદે ફર્માવ્યું કે એને મુઅમ્મર ઝુબેદી ઈબ્ને ઐનિયા અને યૂનુસ અયલીએ હઝરત હફસા પર મૌકૂફ કર્યું. આ તમામ હઝરાત ઝુહરીથી રાવી છે.[૨]"*

**૧.** એટલે કે રોઝાની નિય્યત રાતથી કરવી જોઈએ સુબ્હ સાદિકથી પહેલાં જેથી દિવસનો દરેક હિસ્સો રોઝાની નિય્યતથી ગુઝારે. અહીં એનાથી મુરાદ એ રોઝો છે જે ફર્ઝ હોય પણ મુકર્રર ન હોય, જેમ કે રમઝાનની કઝા અથવા મુત્લક નઝરનો રોઝો, નફલી રોઝો અને નિશ્ચિત ફર્ઝ રોઝાની નિય્યત દિવસમાં ઝહવાએ કુબરાથી પહેલાં થઈ શકે છે, કેમ કે હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે કદી હુઝૂરે અન્વર ﷺ મારી પાસે સવારે તશરીફ લાવતા તો ફર્માવતા, કાંઈક ખાવા માટે છે ? હું અર્ઝ કરતી, કાંઈ નથી, તો ફર્માવતા, સારું તો મારે રોઝો છે. તેમજ રિવાયતમાં છે કે એકવાર રમઝાનનો ચાંદ થઈ જવાની ખબર મળી તો હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, કે જેણે હજી સુધી કાંઈ ખાધુ પીધુ ન હોય તે રોઝો રાખી લે. ફકીરની આ શરહ પર આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી, કે ત્યાં નફલી રોઝા છે અથવા ફર્ઝી મોઅય્યન રોઝો, અને અહીં ફર્ઝી ગૈર મુઅય્યન રોઝો મુરાદ છે.

**૨.** આ હદીષના વિશે તિર્મિઝીએ ફર્માવ્યું કે નાફેએ હઝરત ઈબ્ને ઉમરનો કૌલ નકલ કર્યો. નિસાઈએ ફર્માવ્યું કે સહીહ એ જ છે કે આ હદીષ મૌકૂફ છે. દાર કુત્નીએ એને મરફૂઅન નકલ કરી. ઈમામ નબવીએ ફર્માવ્યું કે હદીષ સહીહ છે ઘણી જ અસ્નાદોથી રિવાયત પામેલી છે.

**★ હદીષ : (૭)-૧૯૮૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا سَمِعَ النِّدَاءَ أَحَدُكُمْ وَالْإِنَاءُ فِي يَدِهِ فَلَا يَضَعْهُ حَتَّى يَقْضِيَ حَاجَتَهُ مِنْهُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ અઝાન સાંભળે અને વાસણ તેના હાથમાં હોય તો પોતાની જરૂરત પૂરી કર્યા વિના તેને ન રાખે.[૧]" (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે ઈફતારના સમયે મગરિબની અઝાન થતી રહે તમે રોઝો ઈફતાર કરતા રહો. ઈફતારથી ફારિગ થઈને નમાઝ માટે આવો. અઝાન સાંભળીને ઈફતારનું ખાવા પીવા ન છોડી દો. અથવા સેહરીના વખતે જો ફજરની અઝાન થઈ જાય અને તમને ગાલિબ ગુમાન હોય કે હજી પોહ નથી ફાટી, મોઅઝ્ઝિને ગલતીથી અઝાન કહી દીધી છે તો સહરી ખાતા પીતા રહો. (મિર્કાત, અશિઅતુલ લમ્આત) જેથી આ હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે. એના પર એ લાઝિમ નથી આવતુ કે ફજરની અઝાનના સમયે સહરી ખાતા રહો.

**★ હદીષ : (૮)-૧૯૮૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَالَ اللَّهُ تَعَالَى: أَحَبُّ عِبَادِي إِلَيَّ أَعْجَلُهُمْ فطرا ". رَوَاهُ التِّرْمِذِيّ

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે, મારા બંદાઓમાં મને ઘણા જ પ્યારા તે છે જેઓ . OTFZDFH<NLSZP[1] '' (તિર્મિઝી)*

**૧.** એટલે કે યહૂદી તથા ઈસાઈ અથવા રાફઝીઓથી બેહતર મુસલમાન અહલે સુન્નત છે કે એ લોકો રોઝો મોડેથી ખોલે છે અને સુન્ની મુસલમાન જલ્દી ઈફતાર કરી લે છે. સૂર્ય ડૂબી ગયા પછી વાર નથી લગાડતા. કેમ કે જલ્દી ઈફતાર રસૂલુલ્લાહ ﷺની સુન્નત તથા સહાબીની સુન્નત, બલ્કે અંબિયા عَلَيْهِمُ السَّلَامની સુન્નત છે. અને જલ્દી ઈફતારમાં રબ તઆલાની રહમતની તરફ જલ્દી કરવું પોતાની હાજતમંદીને પ્રદર્શિત કરવું છે. *(તિર્મિઝી)*

**★ હદીષ : (૯)-૧૯૯૦ ★**

وَعَنْ سَلْمَانَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَفْطَرَ أَحَدُكُمْ فَلْيُفْطِرْ عَلَى تَمْرٍ فَإِنَّهُ بَرَكَةٌ فَإِنْ لَمْ يَجِدْ فَلْيُفْطِرْ عَلَى مَاءٍ فَإِنَّهُ طَهُورٌ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ. وَلَمْ يَذْكُرْ: «فَإِنَّهُ بَرَكَةٌ» غَيْرُ التِّرْمِذِيِّ

*''હઝરત સુલૈમાન ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જ્યારે તમારામાંથી કોઈ રોઝો ઈફતાર કરવા લાગે તો ખજૂરથી ઈફતાર કરે કે એ પાક કરનાર છે.[2] (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી) અને انه برکته નો શબ્દ તિર્મિઝી સિવાય કોઈએ રિવાયત નથી કર્યો.'' (પોતાની બીજી રિવાયતમાં)*

**૧.** ખજૂર વડે રોઝો છોડવો કેમ કે હુઝૂર ﷺની સુન્નત છે, સહાબાએ કિરામની સુન્નત છે. તેમજ **ખાલી પેટે મીઠી ચીજ ખાવી તંદુરસ્તી માટે ખાસ કરીને નજરના માટે ખૂબ જ ફાયદાકારક છે, એટલા માટે આ અમલ દીની તથા દુનિયવી બરકતોનો ઝરીયો છે.** ખજૂર મહબૂબ બંદાઓનો ખોરાક છે.

**૨.** એટલે કે પાણી જેવી રીતે શરીરોને પાક કરનાર છે, એવી જ રીતે દિલો દિમાગને પણ પાક તથા સાફ કરનાર છે. તેમજ પાણીમાં હરામ હોવાની સંભાવના ખૂબ જ ઓછી હોય છે, કેમ કે કૂવાનું પાણી, જંગલનો શિકાર અસલમાં મુબાહ છે. અન્ય ચીજોમાં સંભાવના છે કે હરામ કમાઈથી હાંસલ કરેલી હોય. રોઝો હલાલ ચીજથી ઈફતાર કરવો બેહતર છે. આ કાર્ય મુસ્તહબના હુકમમાં છે.

**★ હદીષ : (૧૦)-૧૯૯૧ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُفْطِرُ قَبْلَ أَنْ يُصَلِّيَ عَلَى رطبات فَإِن لم تكن فتميرات فإنلم تكن تُمَيْرَات حسى حَسَوَاتٍ مِنْ مَاء. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيب

***(હદીષ : ૧૯૯૧)*** *''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ નમાઝથી પહેલાં થોડીક ભીની ખજૂરોથી રોઝો ઈફતાર કરતા હતા[1] જો ભીની ખજૂરો ન હોય તો સૂકી ખારેકોથી.[2] જો ખારેકો પણ ન હોય તો પાણીના અમુક ઘૂંટડા પી લેતા.[3] (તિર્મિઝી, અબૂ દાઊદ) તિર્મિઝીએ ફર્માવ્યું કે હદીષ હસન ગરીબ છે.''*

**૧.** આના પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે રોઝાદાર ઈફતાર પ્રથમ કરે. મગરિબની નમાઝ બાદ ઈફતાર કરવો સુન્નતની વિરૂધ્ધ છે. બીજુ એ કે થોડીક ખજૂરો ઈફતાર વખતે ખાવી મસ્નૂન છે, ત્રણ અથવા પાંચ. અમુક રિવાયતોમાં ત્રણ ખારેકોનો ઉલ્લેખ છે. મિર્કાતે ફર્માવ્યું કે હઝરત ઉમર ફારૂક તથા ઉષ્માન ગની رضی اللہ عنہما કદીક મગરિબની નમાઝ બાદ ઈફતાર કરતા હતા. ક્યાં તો જાઈઝ હોવાના વર્ણન માટે કે જેથી લોકો નમાઝ પહેલાં ઈફતારને ફર્ઝ ન સમજી લે અથવા એટલા માટે કે સંજોગોવસાત તે વખતે ઈફતારના માટે કાંઈ હાજર ન હોતું. સારાંશ કે નમાઝથી પહેલાં ઈફતાર સુન્નત છે. અને નમાઝ પછી ઈફતાર જાઈઝ છે પણ સુન્નતની વિરૂધ્ધ છે. હા ! જો કાંઈ મૌજૂદ ન હોય તો નમાઝ બાદ ઈફતાર કરી લે. અથવા હઝરત ઉમર તથા ઉષ્માન رضی اللہ عنہماની હદીષમાં ઈફતારથી મુરાદ ખાવા ખાવું છે. એટલે કે ઈફતાર તો નમાઝ પહેલાં કરી લેતા હતા અને ખાવા નમાઝ બાદ ખાતા હતા. સારાંશ કે હદીષની તાવીલ કરવી વાજિબ છે.

**૨.** આ ક્રમથી જાણવા મળ્યું કે લીલા ખજૂર વડે રોઝો ઈફતાર કરવો ઘણુ સારુ છે. પછી જો એ ન મળે તો સૂકી ખજૂરોથી ઈફતાર કરવો. આપણે ત્યાં રમઝાન શરીફમાં ખૂબ જ અધિક પ્રમાણમાં બજારમાં ખજૂરો આવી જાય છે, અને સામાન્યતઃ લોકો ખરીદે છે, મસ્જિદોમાં મોકલે છે, એ સૌનો માખઝ આ હદીષ છે.

**૩.** સારાંશ કે રોટી, ચાવલ અથવા કોઈ મહેનતપૂર્વક બનાવેલ ચીજથી રોઝો ઈફતાર કરતા ન હતા. પંજાબમાં અમુક રોઝાદારોને જોવામાં આવ્યા કે સિગરેટથી રોઝો ઈફતાર કરે છે ! نعوذ باللہ રોઝાદારમાં મોઢામાં પ્રથમ પાકીઝા ચીજ જવી જોઈએ. સિગરેટ ગંદી દુર્ગંધમય ચીજ પણ છે અને તેનાથી રોઝો ઈફતાર કરવો તંદુરસ્તી માટે હાનિકારક પણ છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે બેહતર એ છે કે આગ વડે રાંધેલી ચીજથી રોઝો ન ખોલે બલ્કે ગરમીમાં પાણી વડે ઠંડીમાં ખજૂર વડે ઈફતાર કરે. જ્યારે આગથી પાકેલી ચીજ વડે રોઝો ઈફતાર કરવો ન જોઈએ તો પછી તો ખુદ આગથી રોઝો ઈફતાર કરવો કેટલુ બુરુ ગણાશે. અમુક લોકો કહે છે કે મક્કાવાળા હમેશાં આબે ઝમઝમથી રોઝો ઈફતાર કરે છે, એ ગલત છે, સુન્નતની વિરૂધ્ધ છે. સુન્નત તો ખજૂર કે ખારેકથી ઈફતાર કરવું છે, જો એ ન મળે તો પાણીથી ઈફતાર કરવું.

**★ હદીષ : (૧૧)-૧૯૯૨ ★**

وَعَنْ زَيْدِ بْنِ خَالِدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «من فَطَّرَ صَائِمًا أَوْ جَهَّزَ غَازِيًا فَلَهُ مِثْلُ أَجْرِهِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ وَمُحْيِي السّنة فِي شرح السّنة وَقَالَ صَحِيح

*"હઝરત ઝયદ બિન ખાલિદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે રોઝાદારને ઈફતાર કરાવે અથવા ગાઝીને સામાન આપે તો તેને તેમના જેવો જ સવાબ છે[1] (બયહકી, શોઅબુલ ઈમાન) મુહયુસ્સુન્નહએ શરહે સુન્નહમાં તેને રિવાયત કરી અને ફર્માવ્યું, સહીહ છે.[2]"*

**૧.** એટલા માટે કે રોઝાદારને ઈફતાર કરાવવામાં અથવા ગાઝીને સામાન આપવામાં નેકી પર મદદ કરવું છે. રબ તઆલા ફર્માવે છે : تَعَاوَنُوا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى "અને પરહેઝગારી પર એક બીજાની મદદ કરો." (સૂ. માઈદા, ૫/૨) કેમ કે રોઝાદાર નફસ તથા શૈતાનથી જેહાદ કરે છે એટલા માટે તેનો ઉલ્લેખ ગાઝી સાથે વર્ણવ્યો. યાદ રાખશો કે રોઝો ઈફતાર કરાવવાથી રોઝાનો સવાબ મળી જશે પણ તેનાથી રોઝો અદા થશે નહીં, તે તો રાખવાથી જ અદા થશે. સવાબ મળી જવું અલગ છે અને અદા થવુ અલગ છે.

**૨.** આ હદીષ તિર્મિઝી, ઈબ્ને માજહ, નિસાઈ, ઈબ્ને હબ્બાન વગેરે મુહદ્દિષોએ નક્લ કરી છે. એને હસન સહીહ દર્શાવી. કદાચ હઝરત મુસન્નિફ قدس سرہ (મિર્કાતના કર્તા) આ અસ્નાદોથી માહિતગાર ન હોય એટલા માટે એનો ઉલ્લેખ નથી કર્યો.

**★ હદીષ : (૧૨)-૧૯૯૩ ★**

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَفْطَرَ قَالَ: «ذَهَبَ الظَّمَأُ وَابْتَلَّتِ الْعُرُوقُ وَثَبَتَ الْأَجْرُ إِنْ شَاءَ اللّٰهُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ જ્યારે રોઝો ઈફતાર કરતા તો ફર્માવતા, તરસ જતી રહી અને રગો તર થઈ અને ઈન્ શા અલ્લાહ ! સવાબ સાબિત થઈ ગયો.[1]" (અબૂ દાઊદ)*

**૧.** એમાં રબ તઆલાનો અતિશય શુક્ર છે કે તરસ અને રગોની શુષ્કતા એક ટેમ્પરરી ચીજો હતી જે ઈફતાર કરતાં જ દૂર થઈ ગઈ. પણ ટેમ્પરરી તકલીફ પર રબ તઆલાએ જે સવાબ અતા કર્યો તે અઝીમુશ્શાન અને કાયમી છે ઈન્ શા અલ્લાહ ! અથવા કેવળ બરકતના માટે ફર્માવવામાં આવ્યું. અથવા આપણી તાલીમના માટે કેમ કે આપણને રોઝો મક્બૂલ થયાની કે મરદૂદ થયાની ખબર નથી. જો રબ તઆલાએ ક્બૂલ કરી લીધો હોય તો પછી અજ્ર જ અજ્ર (સવાબ જ સવાબ) છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે اِنْ એ اِذْ ના અર્થમાં છે અને તેનો સંબંધ પાછલી ત્રણેવ ચીજો સાથે છે પણ પ્રથમ ખુલાસો મજબૂત છે અને સંજોગોને અનુરૂપ પણ છે.

**★ હદીષ : (૧૩)-૧૯૯૪ ★**

وَعَنْ مُعَاذِ بْنِ زُهْرَةَ قَالَ: إِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَفْطَرَ قَالَ: «اَللّٰهُمَّ لَكَ صُمْتُ وَعَلَى رِزْقِكَ أَفْطَرْتُ» . رَوَاهُ أَبُو دَاوُد مُرْسَلا

*'હઝરત મઆઝ ઈબ્ને ઝહ્રા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ જ્યારે રોઝો ઈફતાર કરતા તો ફર્માવતા, ઈલાહી ! મેં તારા માટે રોઝો રાખ્યો અને તારી રોજી વડે ઈફતાર કર્યો.[1]" (અબૂ દાઊદ મુરસલન)*

**૧.** ઈફતારના સમયે આ દુઆ માગવી સુન્નત છે. મિર્કાતે ફર્માવ્યું કે જો આ પણ કહી લે : وَبِکَ اٰمَنْتُ જો કે આ વાક્યની કોઈ અસ્લ તો નથી પણ દુરુસ્ત છે. અમુક લોકો છેવટમાં આ પણ કહી લે છે : وَبِصَوْمِ غَدٍ نَّوَیْتُ આ કાલના રોઝાની નિય્યત છે. અને **ઝબાન વડે નિય્યતના શબ્દો અદા કરવા બિદઅતે હસના (સારી બિદઅત) છે.** અમુક લોકો ઈફતાર વખતે આ પ્રમાણે કહે છે :

اَللّٰھُمَّ لَکَ صُمْتُ وَ بِکَ اٰمَنْتُ وَ عَلَیْکَ تَوَکَّلْتُ وَبِرِزْقِکَ اَفْطَرْتُ فَاغْفِرْلِیْ مَا قَدَّمْتُ وَ مَا اَخَّرْتُ وَ مَ اَعْلَنْتُ وَمَا اَسْرَرْتُ

એમાં પણ વાંધો નથી. સારાંશ કે દુઆના શબ્દોમાં વધારો કરવું જાઈઝ છે. અમુક લોકો اَلتَّحِیَّاتُ માં, દુરૂદે ઈબ્રાહીમીમાં, શબ્દ مُحَمَّدٍ "મુહમ્મદ"થી પહેલાં سَیِّدِنَا "સૈયિદિના" વધારી દે છે. અમુક હાજીઓ તલબિયામાં આટલો વધારો કરી આપે છે : اِنَّ عَبْدَکَ وَ ابْنَ عَبْدَیْکَ وَاقِفٌ بَیْنَ یَدَیْکَ حَالُہٗ لَا یَخْفٰی عَلَیْکَ વગેરે, એમાં પણ વાંધો નથી. હા ! દુરૂદ તથા વઝીફાઓના શબ્દો બિલ્કુલ ન બદલવામાં આવે, કેમ કે તે કોઈ ખાસ અસરના માટે હોય છે અને એ અસર નકલ થયેલ શબ્દો સાથે સંબંધિત છે અને દુઆઓ કેવળ સવાબ માટે છે, એમાં જેટલા શબ્દો વધારે એટલા સવાબ વધારે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૪)-૧૯૯૫ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَزَالُ الدِّينُ ظَاهِرًا مَا عَجَّلَ النَّاسُ الْفِطْرَ لِأَنَّ الْيَهُودَ وَالنَّصَارَى يُؤَخِّرُونَ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, દીન ગાલિબ રહેશે જ્યાં સુધી લોકો જલ્દી ઈફતાર કરતા રહે[1] કેમ કે યહૂદી અને ઈસાઈ મોડેથી ઈફતાર કરતા હતા.[2]''(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે મુસલમાનોનું જલ્દી રોઝો ઈફતાર કરતા રહેવું દીનના ગલ્બાનો સબબ છે. જાણવા મળ્યું કે સુન્નતો બલ્કે મુસ્તહબોની પાબંદી મુસલમાનોની શાનો શૌકત તથા દીનના ઝહૂર તથા દબદબાનો સબબ છે. તો પછી ફર્ઝોનું તો શું પૂછવું ! યાદ રાખશો કે અહીં જલ્દીથી મુરાદ જાઈઝ સમયમાં જલ્દી છે. જ્યારે સૂર્ય ડૂબી જાય પછી મોડુ ન કરે. વિના કારણે મોડુ કરવું સુન્નતની વિરૂધ્ધ છે. અને એટલુ મોડુ કરવું કે તારાઓ ગુંથાય જાય એ મકરૂહે તહરીમી છે.

**૨.** એટલે મોડેથી ઈફતાર કરવામાં અહલે કિતાબ સાથે મુશાબેહત છે. મિર્કાતે તથા અશિઅહએ ફર્માવ્યું : આ હદીષથી જાણવા મળ્યું કે ઈસ્લામની દુરુસ્તી સર્વ કાફિરોની વિરૂધ્ધતાથી સંબંધિત છે. તેમની સાથે મુશાબેહત (મળતાપણા)માં દીનની કમજોરી છે. અફસોસ એ મુસલમાનો પર જેઓ કેવળ ઈસાઈઓની મુશાબેહતના માટે દાઢીઓ મુંડાવે છે, ઉભા ઉભા પેશાબ કરે છે, ઉઘાડા માથે ફરે છે. રબ તઆલા ફર્માવે છે : لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَالنَّصٰرٰٓى اَوْلِيَآءَ **''અને તમારામાંથી જે કોઈ તેમની સાથે દોસ્તી રાખશે તે તેમનામાંથી જ છે.''** (સૂ. માઈદા, ૫/૫૧) આ પરથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ ખૂબ જ મોડુ કરીને રોઝો ઈફતાર કરવાને દીન સમજે છે. સૂરજ ડૂબતાંની વારમાં તરત જ રોઝો ઈફતાર કરવો જોઈએ એટલા માટે રબ તઆલાએ ફર્માવ્યું, ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى الَّيْلِ ''અને તમારામાંથી જે કોઈ એમની સાથે દોસ્તી રાખશે તે તેમનામાંથી છે.'' (સૂ. માઈદા, ૫/૫૧) وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ''પછી રાત આવતા સુધીમાં રોઝો પૂરા કરો.'' (સૂ. બકરહ, ૨/૧૮૭) (સૂરએ બકરહ, ૨/૧૮૭) નથી ફર્માવ્યું. એટલે રોઝાને રાતમાં બિલકુલ દાખલ ન કરો, રાત આવતાવેંત જ રોઝો ખત્મ કરો.

**★ હદીષ : (૧૫)-૧૯૯૬ ★**

وَعَنْ أَبِي عَطِيَّةَ قَالَ: دَخَلْتُ أَنَا وَمَسْرُوقٌ عَلَى عَائِشَةَ فَقُلْنَا: يَا أُمَّ الْمُؤْمِنِينَ رَجُلَانِ مِنْ أَصْحَابِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَحَدُهُمَا يُعَجِّلُ الْإِفْطَارَ وَيُعَجِّلُ الصَّلَاةَ وَالْآخَرُ: يُؤَخِّرُ الْإِفْطَارَ وَيُؤَخِّرُ الصَّلَاةَ. قَالَتْ: أَيُّهُمَا يُعَجِّلُ الْإِفْطَارَ وَيُعَجِّلُ الصَّلَاةَ؟ قُلْنَا عَبْدُ اللّٰهِ بْنُ مَسْعُودٍ. قَالَتْ: هَكَذَا صَنَعَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَالْآخَرُ أَبُو مُوسَى. رَوَاهُ مُسْلِمٌ

*''હઝરત અબૂ અતિય્યા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું તથા મસરૂક હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે ગયા[1] અમે અર્ઝ કર્યું, હે ઉમ્મુલ મો'મિનીન ! હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ના સહાબીઓમાંથી બે જણા છીએ. એક તો ઈફતાર પણ જલ્દી કરે છે અને નમાઝ પણ જલ્દી પઢે છે. અને બીજા સાહબ ઈફતાર પણ મોડેથી કરે છે અને નમાઝ પણ મોડેથી પઢે છે.[2] ફર્માવવા લાગ્યાં, કોણ સાહબ નમાઝ તથા ઈફતારમાં જલ્દી કરે છે ?[3] અમે અર્ઝ કર્યું, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ. બોલ્યાં, એવું જ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કર્યું છે. અને બીજા હઝરત અબૂ મૂસા છે.[4]'' (મુસ્લિમ)*

**૧.** આ બંનેવ હઝરાત જલીલુલ કદ્ર તાબઈ છે. એમનામાં મગરિબની નમાઝ અને રોઝાના ઈફતારમાં DTE [NYI MH[YLQ] , FGFDFB[pdD] DMDGLG V F. XFI; ¡LSF رضی اللہ عنہا ની પાસે હાજર થયા, કેમ કે આપ મહાન ફકીહા આલિમા હતાં.

**૨.** નમાઝથી મુરાદ મગરિબની નમાઝ છે. અને જલ્દીથી મુરાદ ખૂબ જ જલ્દી, એટલે સૂર્યનો કિનારો છુપાતાં જ બિલકુલ તરત જ, અને મોડે કરવાથી મુરાદ અમુક મિનિટ સાવચેતી પૂરતુ મોડુ કરવું છે, ન કે તારા ગુંથાઈ જાય ત્યાં સુધીનું મોડુ. જેથી આમાંથી કોઈ બુઝુર્ગ પર વાંધો નથી. એક સાહબ અઝીમત પર આમિલ છે અને બીજા રુખસદ પર.

**૩.** સુબ્હાનલ્લાહ ! જનાબ ઉમ્મુલ મો'મિનીનનો કેવો હકીમાના સવાલ છે ! મોડુ કરનારનું નામ ન પૂછયું, જેથી એમના પર આક્ષેપનો ઉલ્લેખ ન થાય.

**૪.** અંતિમ વાક્ય રાવીનું પોતાનું છે. હઝરત ઉમ્મુલ મો'મિનીને જનાબ અબ્દુલ્લાહના અમલને સુન્નતે મુસ્તહબના પ્રમાણે બતાવ્યો અને થોડુક મોડુ કરવાને મુસ્તહબ ઠરાવ્યું. જાણવા મળ્યું કે જનાબ ઉમ્મુલ મો'મિનીન રસૂલના મિજાઝને ઓળખનારાં છે અને મુસ્તફા ﷺની હાલતોના જાણકાર છે. ગાલિબ એ છે કે એ ખબર હઝરત અબૂ મૂસા અશ્અરીને પહોંચી હશે અને તેમણે પોતાના અમલમાં તબદીલી કરી લીધી હશે. સહાબીઓથી સાંભાવના થઈ જ શકતી નથી કે હુઝૂરે અન્વર ﷺના અમલથી વાકેફ થઈને તેનાથી વિરૂધ્ધ અમલ કરે.

**★ હદીષ : (૧૬)-૧૯૯૭ ★**

وَعَنِ الْعِرْبَاضِ بْنِ سَارِيَةَ قَالَ: دَعَانِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى السَّحُورِ فِي رَمَضَانَ فَقَالَ: «هَلُمَّ إِلَى الْغَدَاءِ الْمُبَارَكِ» . رَوَاهُ أَبُو دَاوُد والسنائي

*''હઝરત અરબાઝ ઈબ્ને સારિયાથી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺએ રમઝાનમાં સહેરી માટે બોલાવ્યો[1] તો ફર્માવ્યું, બરકતવાળા નાશ્તા માટે આવો, કેમ કે સેહરીમાં બરકત છે.[2]''*

*(અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** જાહેર એ છે કે હઝરત અરબાઝ સહરીના સમયે ખિદમતે અક્દસમાં હાજર થયા હશે, તો ફર્માવ્યું, આવો ! સેહરી ખાઈ લો. તેમને બાકાયદા દાવત આપીને ઘરેથી બોલાવ્યા નહીં હોય. એનાથી જાણવા મળ્યું કે ખાતી વખતે જો કોઈ મુસલમાન આવી જાય તો તેના સમક્ષ ખાવા પેશ કરી દેવું સુન્નત છે.

**૨.** એની શરહ પહેલાં થઈ ચૂકી કે સહરી ખાવી સુન્નત પણ છે, જેથી એમાં આખેરતની બરકત છે અને એનાથી રોઝામાં મદદ પણ મળે છે, જેથી એમાં દુનિયવી બરકત પણ છે. યાદ રાખશો કે هَلُمَّ ઈસ્મે ફેઅલ છે, એકના માટે પણ વપરાય છે અને અધિક માટે પણ. રબ તઆલાએ સર્વ મુશ્રિકોને ફર્માવ્યું, هَلُمَّ شُهَدَآءَكُمُ ''તમે ફર્માવો, લાવો તમારા તે ગવાહ જેઓ ગવાહી આપે.'' *(સૂ. અન્આમ, ૬/૧૫૦)*

**★ હદીષ : (૧૭)-૧૯૯૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «نِعْمَ سَحُورُ الْمُؤْمِنَ التَّمْرُ».رَوَاهُ أَبُو دَاوُدَ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મો'મિનની સારી સહેરી ખારેકો છે.[1]'' (અબૂ દાઊદ)*

**૧.** એ રીતે કે સહરીના સમયે કાંઈક ખાવા ખાઈને છેવટમાં અમુક ખજૂરો પણ ખાય લે છે જેથી રોઝાની શરૂઆત પણ ખજૂરથી થાય અને અંત પણ. સહેરી ખાવી પણ સુન્નત છે, એ રીતે બે સુન્નતોનો મેળાપ થઈને ઈન્શા અલ્લાહ ! રોઝો નૂરુન આ'લા નૂર થઈ જશે. એ મતલબ પણ થઈ શકે છે કે સહેરીમાં બહુ ખાવા ન ખાવ જે બદહજમીનો સબબ બને બલ્કે થોડીક ખજૂરો ખાયને પાણી પી લીધા કરો.

# બાબો તન્ઝીહિસ્સૌમ[1] باب تنزيه الصوم

## (રોઝાને પાક તથા સાફ રાખવા વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** تنزیہ (તન્ઝિયા)નો શાબ્દિક અર્થ છે દૂર રાખવું કે અમલ કરવું. શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં તન્ઝિયહે સૌમ એ છે કે જે ચીજોથી રોઝો તૂટી જાય છે અથવા મકરૂહ થઈ જાય છે અથવા એનો સવાબ ઓછો થઈ જાય છે. તેમનાથી રોઝાને દૂર રાખવો. એટલે કે રોઝાદારનું અલગ રહેવું જેથી રોઝો દરેક નુકસાનથી પાક તથા સાફ રહે. એ ચીજ ઘણી જ જરૂરી છે.

**★ હદીષ : (૧)-૧૯૯૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَمْ يَدَعْ قَوْلَ الزُّورِ وَالْعَمَلَ بِهِ فَلَيْسَ لِلَّهِ حَاجَةٌ فِي أَنْ يَدَعَ طَعَامَهُ وَشَرَابَه» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે જૂઠી વાતો અને બુરાં કામો ન છોડે[1] તો અલ્લાહ તઆલાને એના ખાવા પાણી છોડી દેવાની પરવા નથી.[2]" (બુખારી)*

**૧.** અહીં જૂઠી વાતથી મુરાદ દરેક નાજાઈઝ વાતચીત છે. જૂઠ, આક્ષેપ, ગીબત, ચુગલી, તોહમત, ગાળ, ભલુ બુરુ કહેવું વગેરે જેનાથી બચવું ફર્ઝ છે. અને બુરા કામથી મુરાદ દરેક નાજાઈઝ કામ છે, આંખ, કાનનુ હોય કે હાથ પગો વગેરેનું હોય. કેમ કે જીભના ગુનાહ અન્ય અંગોના ગુનાહો કરતાં અધિક છે એટલા માટે એમનો અલગથી ઉલ્લેખ કર્યો. આ હદીષ ખૂબ જ સમૃધ્ધ છે. બે વાક્યમાં સર્વ ચીજો વર્ણવી આપી. જો કે બુરાં કામો દરેક હાલતમાં અને હમેશાં માટે બુરાં છે, પણ રોઝાની હાલતમાં અધિક બુરાં છે, કેમ કે તેમને કરવામાં રોઝાની બહુર્મતી અને માહે રમઝાનની બેઅદબી છે, એટલા માટે ખાસ કરીને રોઝાનો ઉલ્લેખ કર્યો. દરેક જગાએ એક ગુનાહનો અઝાબ એક, પણ મક્કા મુકર્રમામાં એક ગુનાહનો અઝાબ એક લાખ છે, કેમ ? એ પાક ભૂમિની બેઅદબીના કારણે.

**૨.** અહીં હાજત જરૂરતના અર્થમાં નથી, કેમ કે અલ્લાહ તઆલા જરૂરતોથી પાક છે, બલ્કે ધ્યાનના લક્ષ, પરવાના અર્થમાં છે. એટલે કે અલ્લાહ તઆલા એવા માણસનો રોઝો કૂબૂલ નથી કરતો. કૂબૂલ ન થવાથી રોઝો જાણે કે ફાકૃ (ભૂખે મરવું) બની જાય છે. એમાં નિર્દેશ રૂપે જણાવવામાં આવ્યું કે એ રોઝો શરીઅતની રૂએ તો દુરુસ્ત થઈ જશે કે ફર્ઝ અદા થઈ જશે પણ કૂબૂલ થશે નહીં. જાઈઝ હોવાની શરતોમાં તો કેવળ નિય્યત છે, અને ખાવુ, પીવું, સોહબત છોડવું છે. પણ કૂબૂલ થવાની શરતોમાં એ વાતો છોડવું છે જે રોઝાનો અસલ હેતુ છે. રોઝાનો હેતુ નફસનુ જોર તોડી નાખવું છે જેના પરિણામે ગુનાહનું છોડવું છે. જ્યારે રોઝામાં ગુનાહ ન છૂટે તો જાણવા મળ્યું કે નફસ નથી મર્યો. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે રોઝો દરેક અંગનો હોવો જોઈએ, કેવળ હલાલ ચીજો એટલે ખાવા પીવાને છોડવું જ નથી, બલ્કે હરામ ચીજો એટલે કે જૂઠ, ગીબતને પણ છોડો. મિર્કાતે ફર્માવ્યું કે એવા બેબાક રોઝાદારને અસલ રોઝાનો સવાબ મળશે અને તે ચીજોનો ગુનોહ થશે.

**★ હદીષ : (૨)-૨૦૦૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُقَبِّلُ وَيُبَاشِرُ وَهُوَ صَائِمٌ وَكَانَ أَمْلَكَكُمْ لأربه

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ રોઝાની હાલતમાં બોસો કિનાર (ચુંબન વગેરે) કરી લેતા હતા, અને હુઝૂર પોતાની નફસી હાજત પર સૌથી અધિક માલિક (શક્તિમાન) હતા.[૧]" (મુસ્લિમ)*

**૧.** આ હદીષથી જાણવા મળ્યું કે રોઝાદાર જો પોતાના નફસ પર સંપૂર્ણ કાબૂ ધરાવતો હોય અથવા બીમારી અથવા ઘડપણની કમજોરીના કારણે અથવા તક્વો કે પરહેઝગારીના સબબે તે પોતાની પત્નીથી બોસ વ કિનાર કરી શકે છે. અને જે કાબૂ ન રાખે તે કદાપિ કદાપિ એ કામ ન કરે. એટલા માટે ઉમ્મુલ મોમિનીન ફર્માવે છે કે હુઝૂર ﷺ પોતાની નફસી હાજત પર શક્તિમાન હતા. હઝરત આઈશાનું આવા બનાવો વર્ણવવું શરીઅતના મસ્અલાને વર્ણન કરવા માટે છે. તેને બેગૈરતી કહેવું મૂર્ખામી છે. રબ તઆલા ફર્માવે છે કે : لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ "અને તે જેઓ પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે." (સૂ. મુઅ્મિનૂન, ૨૩/૫) ડોકટર લોકો બીમારીઓ તથા ઈલાજોના વર્ણનમાં ઉઘાડી ઉઘાડી વાતો વર્ણવે છે, એ બેશર્મીપણાને કારણે નહીં, બલ્કે ઈલાજના વર્ણન ખાતર કરે છે.

**★ હદીષ : (૩)-૨૦૦૧ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُدْرِكُهُ الْفَجْرُ فِي رَمَضَانَ وَهُوَ جُنُبٌ مِنْ غَيْرِ حُلْمٍ فَيَغْتَسِلُ وَيَصُومُ

*"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ને રમઝાનમાં જનાબતની હાલતમાં સવાર થતી હતી.[૧] એહતેલામ વિના[૨] પછી આપ ગુસ્લ કરતા અને રોઝો રાખતા.[૩]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એ રીતે કે તહજ્જુદની નમાઝ પછી પોતાની પાક બીવીઓ સાથે સોહબત કરતા અને તુરંત ગુસ્લ કરતા ન હતા બલ્કે ફજરની નમાઝના સમયે પોહ ફાટયા બાદ, કેમ કે હુઝૂરે અન્વર ﷺ પર તહજ્જુદની નમાઝ ફર્ઝ હતી જેની ખૂબ જ પાબંદી કરતા હતા, ખાસ રમઝાન શરીફમાં.

**૨.** સર્વ ઉલમાની એના પર એકમતિ છે કે અંબિયાએ કિરામને સ્વપ્નદોષ નથી થઈ શકતો. કેમ કે સ્વપ્નદોષ શૈતાની અસરથી થાય છે કે ઈબ્લીસ સ્ત્રીના રૂપમાં સ્વપ્નમાં આવે છે, અને આ હઝરાત એની અસરથી મેહફૂઝ છે. બલ્કે જે બીવીઓ હુઝૂરે અકરમ ﷺના નિકાહમાં આવનાર હોતી તેમને પણ કદી સ્વપ્નદોષ નથી થતો, જેવું કે અમે બાબે ગુસ્લમાં વર્ણન કરી ચૂક્યા છીએ. હા ! એમાં મતભેદ છે કે સ્વપ્ન વિના ઊંઘમાં તેમણે ઈન્ઝાલ થઈ શકે છે કે નહીં, એટલે કે વિર્યની અધિકતાના કારણે. હક્ક એ છે કે એ હઝરાત એનાથી પણ મેહફૂઝ છે. અહીં હઝરત ઉમ્મુલ મો'મિનીનનું مِنْ غَيْرِ حُلْمٍ ફર્માવવું એ દર્શાવવા માટે છે કે હુઝૂરે અન્વર ﷺની જનાબત સોહબતથી થતી હતી, એ હેતુ નથી કે ત્યાં સ્વપ્નદોષની શક્યતા હોય. હઝરત ઉમ્મુલ મો'મિનીનનો મક્સદ એ છે કે હુઝૂરે અન્વર ﷺ સોહબતથી જ જુનુબી થતા હતા, ન કે એહતેલામ (સ્વપ્નદોષ)થી, કેમ કે ત્યાં સ્વપ્નદોષની તો શક્યતા જ નથી. *(મિર્કાત વ અશિઅહ)*

**૩.** એનાથી જાણવા મળ્યું કે રોઝાના અમુક હિસ્સામાં જુનુબી રહેવું રોઝાને ફાસિદ નથી કરતું, ચાહે રોઝો ફર્ઝ હોય કે નફ્લ. આ કૌલ સહીહ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પહેલાં ફર્માવ્યા કરતા હતા કે જે જનાબતમાં સવાર

પામી લે તેનો રોઝો નથી. પણ આ હદીષ સાંભળીને રજૂઅ કરી લીધું અને બોલ્યા, કે હઝરત આઈશા તથા ઉમ્મે સલમા رضی اللہ عنہا મારા કરતાં અધિક જાણે છે. આ હદીષનું સમર્થન આ આયતથી પણ થાય છે : فَالْـٰٔنَ بَاشِرُوْهُنَّ (તો હવે તેમની સાથે સોહબત કરો. –સૂ. બક્રહ, ૨/૧૮૭) તેમજ આ આયતથી પણ : اُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآئِكُمْ (રોઝાની રાતોમાં પોતાની પત્નીઓ પાસે જવું તમારા માટે હલાલ થયું. –સૂ. બકરહ, ૨/૧૮૭) કેમ કે જ્યારે રમઝાનમાં રાતભર સોહબત કરવાની ઈજાઝત આપવામાં આવી તો પોહ ફૂટતા સુધી સોહબત જાઈઝ થઈ, હવે આપોઆપ ગુસ્લ પોહ ફૂટવા પર જ થશે. તેમજ જો રોઝાદારને દિવસમાં સ્વપ્નદોષ થઈ જાય તો રોઝામાં કોઈ નુકસાન નથી. અમુક ઉલમાએ ફર્ઝ તથા નફલીમાં ફરક કર્યો છે પણ હક્ક એ છે કે કોઈ ફરક નથી.

**★ હદીષ : (૪)-૨૦૦૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: إِنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ احْتَجَمَ وَهُوَ مُحْرِمٌ وَاحْتَجَمَ وَهُوَ صَائِمٌ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ એહરામની હાલતમાં અને રોઝાની હાલતમાં રગથી લોહી કઢાવ્યું."*
*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એનો એ મતલબ નથી કે હુઝૂરે અકરમ ﷺ મુહરિમ પણ હતા અને રોઝા દાર પણ હતા. એ હાલમાં પછના લગાડાવ્યું, લોહી કઢાવ્યું, (હિજામા કરાવ્યું.) જેમ કે અમુક શરહકર્તાઓએ સમજ્યું, બલ્કે બંનેવ બનાવો અલગ અલગ છે. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ એહરામની હાલતમાં પણ લોહી કઢાવ્યું અને રોઝાની હાલતમાં પણ. માલૂમ પડયું કે લોહી કઢાવવાથી ન એહરામ ખરાબ થાય ન રોઝો ફાસિદ થશે પણ એહરામમાં જરૂરી એ છે કે વાળ ન ઉખડે, નહીં તો કફ્ફારો વાજિબ થશે. આ હદીષથી જાણવા મળ્યું કે **લોહી કઢાવવું ન તો રોઝો તોડે છે અને ન તો તેનાથી રોઝો મકરૂહ થાય છે.** આ જ ઈમામે આ'ઝમ અબૂ હનીફાનું ફર્માન છે. આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે. લોહી કઢાવનાર તથા કાઢનાર બંનેવનો રોઝો બાકી રહે છે તૂટતો નથી. ઈમામ અહમદને ત્યાં હાજિમ તથા મજહૂમ (હિજામા કરનાર કરાવનાર) બંનેનો રોઝો તૂટી જાય છે, પણ એમના પર કફ્ફારો નથી કેવળ કઝા છે, આ હદીષ તેમની વિરૂધ્ધ છે. તેમની દલીલ બીજી હદીષ છે જેના વિશે તેની શરહમાં ઈન્ શા અલ્લાહ ! રજૂઆત કરવામાં આવશે.

**★ હદીષ : (૫)-૨૦૦૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «من نسي وَهُوَ صَائِم فأل أَوْ شَرِبَ فَلْيُتِمَّ صَوْمَهُ فَإِنَّمَا أَطْعَمَهُ اللَّهُ وسقاه»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે રોઝાની હાલતમાં ભૂલી જાય, ખાય પી લે તે પોતાનો રોઝો પૂરો કરી લે.[૧] કે તેને રબ તઆલાએ ખવડાવ્યું પીવડાવ્યું છે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હુકમ ફર્ઝ તથા નફ્લ સર્વ રોઝાઓના માટે છે કે એમાં ભૂલથી ખાય પી લેવાથી રોઝો નથી તૂટતો. ભૂલ (ભૂલી જવું) એ છે કે રોઝો યાદ ન રહે અને ખાવા પીવા ઈરાદાપૂર્વક હોય. એમાં ન કઝા છે ન કફ્ફારો. ખતા (મિસ્ટેક) એ છે કે **રોઝો યાદ હોય પણ વિના ઈરાદાએ પાણી ગળેથી ઉતરી જાય, જેમ કે કુલ્લી અથવા ગરગરો કરતી વખતે, તો એમાં કઝા છે કફ્ફારો નથી.** એ છે કે **રોઝો પણ યાદ હોય** અને **ખાવા પીવા**

**પણ ઈરાદાપૂર્વક હોય તેમાં કઝા પણ છે અને કફ્ફારો પણ** છે. સંભોગ પણ ખાવા પીવાના હુકમમાં છે જેથી જો રોઝાદાર ભૂલમાં સોહબત કરી લે તો પણ રોઝો જશે નહીં. આ જ હનફીઓનો મઝહબ છે. فليتم અમ્રથી માલૂમ પડે છે કે નફ્લી રોઝો શરૂ કરી દેવાથી ફર્ઝ થઈ જાય છે, તેને પૂરો કરવો ફર્ઝ છે.

**૨.** એટલે કે આ ભૂલ રબ તઆલાની રહમત છે, તેણે ચાહ્યું કે મારો બંદો ખાય પી પણ લે અને તેનો રોઝો પણ થઈ જાય. યાદ રાખશો કે આપણી ભૂલ ચૂક ગફલત તથા કમજોરીના સબબે હોય છે પણ એના પર માફી આપવું રબ તઆલાની તરફથી છે, જેથી હદીષ પર એ વાંધો નથી કે ભૂલ તો શૈતાની અસર છે. રબ તઆલા ફર્માવે છે : وَمَآ اَنْسٰنِيْهُ اِلَّا الشَّيْطٰنُ "અને મને શૈતાને જ ભૂલાવી દીધું." *(સૂ. કહફ, ૧૮/૬૩)* પછી એને રબની તરફ સંબંધિત કેમ કર્યુ.

**★ હદીષ : (૬)-૨૦૦૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن أَبِي هُرَيْرَةَ قَالَ: بَيْنَمَا نَحْنُ جُلُوسٌ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ جَاءَهُ رَجُلٌ فَقَالَ: يَا رَسُول الله هَلَكت. قَالَ: «مَالك؟» قَالَ: وَقَعْتُ عَلَى امْرَأَتِي وَأَنَا صَائِمٌ.فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ تَجِدُ رَقَبَةً تُعْتِقُهَا؟» . قَالَ: لَا قَالَ: «فَهَلْ تَسْتَطِيعُ أَنْ تَصُومَ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ؟» قَالَ: لَا. قَالَ: «هَلْ تَجِدُ إِطْعَامَ سِتِّينَ مِسْكِينًا؟» قَالَ: لَا. قَالَ: «اجْلِسْ» وَ مَكَثَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فَبينا نَحْنُ عَلَى ذَلِكَ أُتِيَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِعَرَقٍ فِيهِ تَمْرٌ وَالْعَرَقُ الْمِكْتَلُ الضَّخْمُ قَالَ: «أَيْنَ السَّائِلُ؟» قَالَ: أَنَا. قَالَ: «خُذْ هَذَا فَتَصَدَّقْ بِهِ» . فَقَالَ الرَّجُلُ: أَعَلَى أَفْقَرَ مِنِّي يَا رَسُولَ اللَّهِ؟ فَوَاللَّهِ مَا بَيْنَ لَابَتَيْهَا يُرِيدُ الْحَرَّتَيْنِ أَهْلُ بَيْتٍ أَفْقَرُ م أَهْلِ بَيْتِي. فَضَحِكَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى بَدَتْ أَنْيَابُهُ ثُمَّ قَالَ: «أَطْعِمْهُ أهلك»

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺ ની બારગાહમાં હતા એવામાં હુઝૂરની ખિદમતમાં એક શખ્સ આવ્યો[૧] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું તો બર્બાદ થઈ ગયો.[૨] ફર્માવ્યું, તને શું થયું ? અર્ઝ કરી, મેં રોઝાની હાલતમાં મારી પત્ની સાથે સોહબત કરી લીધી.[૩] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું તું ગુલામ ધરાવે છે જેને આઝાદ કરી આપે ?[૪] બોલ્યો, નહીં ! ફર્માવ્યું, શું તું સતત બે મહિનાના રોઝા રાખી શકે છે ? બોલ્યો, નહીં ![૫] ફર્માવ્યું, શું સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવી શકે છે ? બોલ્યો, નહીં.[૬] ફર્માવ્યું, બેસી જા ! નબી કરીમ ﷺ એ થોડો સમય ગુજાર્યો.[૭] અમે એ જ હાલતમાં હતા એવામાં નબી કરીમ ﷺ ની ખિદમતમાં ઝંબીલ લાવવામાં આવ્યું જેમાં ખજૂરો હતી. અર્ક મોટી ઝંબીલ હોય છે.[૮] ફર્માવ્યું, મસ્અલો પૂછનારો ક્યાં છે ? બોલ્યો, હું છું ! ફર્માવ્યું, આ લે અને સદકો કરી આપ.[૯] તે શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું મારા કરતાં અધિક મોહતાજ પર સદકો કરું ?! ખુદાની કસમ ! મદીનાના બે ખૂણાઓ એટલે બે પહાડીઓની વચ્ચે મારા ઘરવાળાંઓથી વધુ કોઈ ખાનદાન મોહતાજ નથી.[૧૦] નબી કરીમ ﷺ હસી પડયા ત્યાં સુધી કે આપના દાંત મુબારક ચમકી ઉઠયા[૧૧] ફર્માવ્યું, ઘરવાળાંઓને જ ખવડાવે.[૧૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હાજર થનારા સાહબ હઝરત સલમા ઈબ્ને સખર અન્સારી બયાઝી છે. અમુકે ફર્માવ્યું એમનું નામ

સુલૈમાન અન્સારી છે. પણ પ્રથમ કથન અધિક સહીહ છે. તેમણે રમઝાનમાં રોઝાની હાલતમાં દિવસમાં પોતાની પત્ની સાથે સંભોગ કરી લીધો હતો, એટલા માટે બારગાહમાં હાજર થયા હતા.

**૨.** આ રીતે કે ઈસ્લામી કાનૂન ભંગ કરીને સખત સજાનો મુસ્તહિક઼ (પાત્ર) થઈ ચૂક્યો અને પોતાની પત્નીને આ જુર્મમાં સપડાવી દીધી કે તેણી પણ રોઝાદાર હતાં. એટલા માટે બર્બાદીને કેવળ પોતાના તરફ સંબંધિત કરી. એવું ન કહ્યું કે અમો બંનેવ બર્બાદ થઈ ગયાં, કેમ કે તે બેકુસૂર હતાં, તેમને જબરદસ્તી સોહબત કરી હતી.

**૩.** પત્નીને મજબૂર કરીને તેણી એના પર રાજી ન હતી ન તેના માટે તૈયાર હતી.

**૪.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે રમઝાન મહિનામાં રોઝાની હાલતમાં ઈરાદાપૂર્વક દિવસમાં સોહબત કરી લેવાથી કઝા પણ વાજિબ છે અને કફ્ફારો પણ. બીજુ એ કે જાણીબુઝીને ખાય પી લેવાથી પણ કફ્ફારો વાજિબ છે, કેમ કે કફ્ફારાનો સબબ રમઝાનમાં રોઝો તોડવું છે. રોઝો જેવી રીતે સંભોગથી તૂટી જાય છે એવી જ રીતે ખાવા પીવાથી તૂટી જાય છે. ત્રીજુ એ કે જો પત્ની સાથે જબરદસ્તી સોહબત કરી હોય તો તેણી પર કફ્ફારો નથી બલ્કે પતિ પર કફ્ફારો છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺએ કફ્ફારામાં કેવળ પુરૂષને સંબોધન કર્યું. ચોથુ એ કે કફ્ફારામાં ક્રમ વિશ્વસનીય છે કે જો ગુલામ આઝાદ કરી શકે છે તો એવું કરે. જો ગુલામ ન પામે તો બે મહિનાના સતત રોઝા રાખે. જો એ શક્ય ન હોય તો સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવે. દારકુત્નીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે રમઝાનના દિવસે રોઝાની હાલતમાં ઈરાદાપૂર્વક ખાય પી લીધું હતું. તેને પણ હુઝૂર ﷺએ ગુલામ આઝાદ કરવાનો હુકમ આપ્યો. એ જ દારકુત્નીમાં સઈદ ઈબ્ને મુસૈયિબની રિવાયતથી છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં રોઝો તોડી નાખ્યો છે તેને પણ કફ્ફારાનો હુકમ આપવામાં આવ્યો. સારાંશ કે રમઝાનમાં જે રીતે પણ ઈરાદાપૂર્વક રોઝો તોડી નાખે તો કફ્ફારો વાજિબ છે. આ જ અહનાફનો કૌલ છે.

**૫.** એટલે કે મારી અંદર સતત બે મહિના રોઝા રાખવાની શક્તિ નથી કેમ કે મારા નફસને પત્નીથી નથી રોકી શકતો, જેવું કે બીજી રિવાયતમાં આવેલું છે. જાણવા મળ્યું કે રોઝાની શક્તિ ન હોવી, ઘડપણ, બીમારી, શહવતના ગલ્બો દરેક રીતે સાબિત થઈ જાય છે.

**૬.** એટલે મારી પાસે મારા પોતાનાં ખાવાનાં ઠેકાણાં નથી તો સાઈઠ ફકીરોને ક્યાંથી ખવડાવીશ ?! જેવું કે બીજી રિવાયતમાં છે.

**૭.** એટલે કે રાહ જોઈ કે ક્યાંકથી કાંઈક આવી જાય તો તેને કફ્ફારાની અદાયગી માટે આપી દેવામાં આવે. યાદ રાખશો કે એવા ફક઼ીર પર કફ્ફારો વાજિબ નથી, કેવળ તૌબા કરે. પણ અહીંનો આ બનાવ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે.

**૮.** એ ખજૂરો સદક઼ાની હતી જે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં ખૈરાત કરવા માટે હાજર કરવામાં આવી હતી. અરક઼ તે મોટો ટોપલો છે જેમાં ત્રીસ સાઅ ખજૂરો સમાય છે. કફ્ફારામાં સાઈઠ મિસ્કીનોને મિસ્કીન દીઠ અડધો સાઅ ખજૂરો આપવામાં આવે છે. જેથી એ ખજૂરો તેના કફ્ફારા માટે પૂરતી હતી. અમુકે ફર્માવ્યું કે એ ઝંબીલમાં ૧૫ સાઅ ખજૂરો હતી, દરેક મિસ્કીનને ચોથાઈ સાઅ એટલે 'મુદ' (માપિયુ) ખજૂરો આપવામાં આવે.

**૯.** એટલે કે એ સદક઼ાનો પ્રથમ તું માલિક બની જા પછી માલિક બનીને તારા તરફથી સાઈઠ મિસ્કીનોને

ખૈરાત કરી આપ, કેમ કે માલિકી બદલાવાથી હુકમ બદલાય જાય છે. **એનાથી જાણવા મળ્યું કે "શરઈ હીલાઓ" દુરુસ્ત છે.** કે કોઈ ફકીરને ઝકાતનો માલિક બનાવી દેવામાં આવે પછી તે ઝકાત તેની પાસે બીજી જગાએ ખૈરાત કરાવી દેવામાં આવે. સૈયદને અપાવી દે અથવા મસ્જિદમાં ખર્ચ કરાવી દે. હીલાની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ જ્યાં કુર્આની આયતો તથા નબવી હદીષોથી એની સાબિતી આપવામાં આવી.

**૧૦.** એટલે કે કફ્ફારો ફકીરોને આપવો જોઈએ, પણ મદીના મુનવ્વરામાં સૌથી વધુ ફકીર (ગરીબ) તથા હાજતમંદ અમે જ છીએ ! મતલબ એ હતો કે ઈજાઝત હોય તો તેને હું અને મારાં બીવી બચ્ચાં જ ખાઈ લઈએ. તલબાના માટે પણ મોં જોઈએ, કેવા ઢંગથી દાતાથી માગ્યું.

**૧૧.** એટલે કે સ્મિત કર્યું ત્યાં સુધી આપના દાંત મુબારકમાંથી અણીઓ જાહેર થઈ ગઈ.

**૧૨.** એટલે તારો એ કફ્ફારો તું પોતે પણ ખાય લે અને તારાં ઘરવાળાંઓને પણ ખવડાવી દે તારો કફ્ફારો અદા થઈ જશે. આ છે હુઝૂરે અન્વર ﷺનો ખુદાદાદ અખત્યાર કે મુજરિમને માટે તેનો કફ્ફારો તેના માટે ઈનામ બનાવી આપ્યો, નહીં તો કોઈ શખ્સ પોતાનો કફ્ફારો, પોતાની ઝકાત ન તો ખુદ ખાય શકે છે ન તો તેનાં બીવી બચ્ચાં. પણ અહીં તેનો પોતાનો જ કફ્ફારો છે અને જાતે પોતે જ ખાય રહ્યો છે. અહીં અમુક લોકોએ ઘણાં ગોથાં ખાધાં છે. કહે છે કે એ કફ્ફારો ન હતો કેમ કે તે ફકીર હતો અને એવા ફકીર પર માલી કફ્ફારો વાજિબ નથી, બલ્કે હુઝૂરે અન્વર ﷺનો મક્સદ એ હતો કે હમણા તું એ ખાઈ લે, જ્યારે કદી તારી પાસે માલ આવી જાય તો કફ્ફારો અદા કરી આપજે. પણ એ અમુક કારણોસર ગલત છે : એક એ કે હુઝૂરે અન્વર ﷺએ સાફ ફર્માવ્યું, فَتَصَدَّقْ بِهٖ "આનો સદકો આપી દે." પછી એ કેવી રીતે કહી શકાય છે કે એ કફ્ફારો ન હતો. જો ફકીરને કફ્ફારા જેટલો માલ આપી દેવામાં આવે તો તે કફ્ફારો જરૂર આપે, અહીં એવું જ થયું બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺએ તેને એવું ન ફર્માવ્યું કે ભાવિમાં તું કફ્ફારો આપી દેજે. તમે એવું ક્યાંથી કહો છો ? આ શરત તમારા તરફથી છે, હદીષમાં તો નથી ! ત્રીજુ એ કે રિવાયતમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે આ કેવળ તને જ પૂરતો છે, બીજાને પૂરતો ન થશે. *(હિદાયા)* જો ભાવિમાં કફ્ફારો અપાવવાનો હોત તો આ વિશિષ્ટતાનો શો અર્થ ? ચોથુ એ કે દાર કુત્નીમાં આ હદીષના અંતમાં છે કે અલ્લાહે તારો કફ્ફારો અદા કરી આપ્યો, પછી ભાવિમાં કફ્ફારો આપવાનો શો અર્થ ? પાંચમુ એ કે ઈમામ ઝુહરી વગેરે મુહદ્દિષોએ એને એ શખ્સનું વિશિષ્ટપણુ માન્યું. જુઓ મિર્કાત તથા અશિઅતુલ લમ્આત વગેરે. મતલબ કે તાવીલ ઘણી કમજોર છે, હક્ક એ જ છે જે ફકીરે (લેખકે) અર્ઝ કર્યું કે આ હુઝૂર ﷺના ખુદાદાદ અખત્યારોમાંથી છે. આ અખત્યારની પૂરી ચર્ચા અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા"માં જુઓ.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૭)-૨૦૦૫ ★**

عَن عَائِشَةَ: أَن النبِي صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: كَانَ يُقَبِّلُهَا وَهُوَ صَائِم ويمص لسنانها. رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ રોઝાની હાલતમાં તેમને ચૂમતા અને તેમની ઝબાન શરીફ ચૂસતા હતા.[1]" (અબૂ દાઊદ)[2]*

**૧.** જાહેર એ છે કે આ બનાવ માહે રમઝાનમાં બનતો હતો, જ્યારે કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا પણ રોઝાદાર હોતાં હતાં. એટલા માટે જાણવા મળ્યું કે રોઝાદાર જો પોતાના નફસ પર શક્તિમાન હોય તો પોતાની પત્નીનો બોસો પણ લઈ શકે છે અને તેની જીભ પણ ચૂસી શકે છે એ શર્તે કે એક બીજાનું થૂંક બીજાના મોંમા ન જાય, જો જાય તો ગળી ન જાય બલ્કે થૂકી દે, આ મસ્અલો બતાવવાના માટે હઝરત ઉમ્મુલ મો'મિનીન આ બનાવ વર્ણવી રહ્યાં છે. અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ કે ડોક્ટર ઈલાજના વર્ણનમાં મોટી મોટી ગુપ્ત વાતો વર્ણવી આપે છે, એને વર્ણવવામાં શરમ નથી કરતા. જો શરમ કરે તો ઈલાજ કેવી રીતે થાય ? એ જ પ્રમાણે આ હઝરાત શરઈ મસ્અલો વર્ણન કરવા માટે છુપાવ્યા વિના ગુપ્ત વાતો વર્ણન કરી આપે છે. જો શરમ કરે તો દીની મસાઈલ કેમ કરીને જાહેર થાય અને લોકોને હિદાયત કેવી રીતે મળે ?

**૨.** મિર્ક़ાત, અશિઅતુલ લમ્આત વગેરેએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે. તેની અસ્નાદમાં સઅદ અવસ બસરી તથા મુહમ્મદ ઈબ્ને દીનાર છે. સઅદ ઈબ્ને અવસ તો ઝઈફ છે અને જીભ ચૂંસવાની રિવાયત મુહમ્મદ ઈબ્ને દીનાર સિવાય કોઈએ નથી કરી, અને મુહમ્મદ ઈબ્ને દીનાર પણ ઝઈફ છે.

**★ હદીષ : (૮)-૨૦૦૬ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ إِنَّ رَجُلًا سَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ الْمُبَاشَرَةِ لِلصَّائِمِ فَرخص لَهُ. وَأَتَاهُ آخَرُ فَسَأَلَهُ فَنَهَاهُ فَإِذَا الَّذِي رَخَّصَ لَهُ شَيْخٌ وَإِذَا الَّذِي نَهَاهُ شَابٌّ. رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે નબી કરીમ ﷺ થી રોઝાદારના ચૂમવા, બગલગીર થવાના વિશે પૂછ્યું. આપે તેને ઈજાઝત આપી દીધી[1] ખિદમતે આલીમાં બીજો હાજર થયો અને એ જ પૂછ્યું તો તેને મના કરી આપ્યું. જેને ઈજાઝત આપી હતી તે વૃધ્ધ હતો અને જેને મના કર્યું તે યુવાન હતો.[2]" (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે તેને હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું કે તારા જેવા રોઝાદાર માટે રોઝાની હાલતમાં ચુંબન, બગલગીર થવાની ઈજાઝત છે. આ મસ્અલો બતાવવાનો હતો.

**૨.** આ તફાવતથી ફિક़્હનો મસ્અલો સ્પષ્ટ થયો કે વૃધ્ધ અથવા બીમાર અથવા અશક્ત અથવા ઘણો જ મુત્તક़ી જે ચુંબન વગેરે છતાં પોતાના નફસ પર કાબુ રાખે તેને એની ઈજાઝત છે, બીજાને માટે નથી કે જેથી રોઝો ન તોડી બેસે. આ હદીષ સહીહ છે. તેની અસ્નાદ ખૂબ જ જબરદસ્ત તથા મજબૂત છે.

**★ હદીષ : (૯)-૨૦૦૭ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «من ذرعه الْقَيْء وَهُوَ صَائِمٌ فَلَيْسَ عَلَيْهِ قَضَاءٌ وَمَنِ اسْتَقَاءَ عَمْدًا فَلْيَقْضِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ لَا نَعْرِفُهُ إِلَّا مِنْ حَدِيثِ عِيسَى بْنِ يُونُس. وَقَالَ مُحَمَّد يَعْنِي الْبُخَارِيّ لَا أَرَاهُ مَحْفُوظًا

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેને રોઝાની હાલતમાં ઉલ્ટી આવી જાય તો તેના પર ક़ઝા નથી, અને જે જાણી જોઈને ઉલ્ટી કરે તે ક़ઝા કરે.[1] (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે જેને અમે ઈસા ઈબ્ને યૂનુસ સિવાય કોઈનાથી નથી માલૂમ કરતા. ઈમામ મુહમ્મદ બુખારીએ ફર્માવ્યું કે હું એને મેહફૂઝ નથી જાણતો.[2]"*

**૧.** એના પર ચારેવ ઈમામોનો અમલ છે કે **જો કોઈ શખ્સ રોઝો યાદ હોવા છતાં જાણી જોઈને ઈરાદાપૂર્વક ઉલ્ટી કરે તો રોઝો જતો રહેશે.** કેમ કે ઉલ્ટીનો અમુક મેહસૂસ ન થાય તેવો હિસ્સો ગળામાં પરત ઉતરી જાય છે જેનો એહસાસ નથી થતો. જેવી રીતે કે સૂઈ જવું વુઝૂ તોડી નાખે છે કે એમાં મોટાભાગે વા સરી જાય છે, પણ એહસાસ નથી થતો. હા ! ઈમામ અબૂ યૂસુફે ઈરાદાપૂર્વકની સાથે મોં ભરીને ઉલ્ટી થવાની શર્ત લગાડી છે, પણ ઉલ્ટી કરી દેવાથી કેવળ કઝા વાજિબ થશે કફ્ફારો ન થશે. ઉલ્ટીના સંપૂર્ણ મસાઈલ ફિક્હની કિતાબોમાં જુઓ.

**૨.** أراه ની ઝમીરનો મરજઅ હદીષ છે. એટલે કે હું આ હદીષને મેહફૂઝ નથી જાણતો. યાદ રાખશો કે ઈમામ તિર્મિઝી તથા બુખારીને આ હદીષ ગરીબ થઈને મળી. એને હાકિમ ઈબ્ને હબ્બાન, દારકુત્નીએ સહીહ સનદોથી નકલ કરી. હાકિમે ફર્માવ્યું, હદીષ સહીહ શયખૈનની શર્ત પર છે. દારકુત્નીએ ફર્માવ્યું કે તેના સર્વ રાવીઓ ષિક્હ છે. મોઅત્તામાં ઈમામ માલિકે હઝરત ઈબ્ને ઉમર પર મૌકૂફન્ રિવાયત કરી. નિસાઈ તથા અબ્દુર્રઝ્ઝાકે હઝરત અબૂ હુરૈરહ પર મૌકૂફન્ રિવાયત કરી. ઈબ્ને માજહએ મરફૂઅન્ નકલ કરી જેનુ લખાણ તથા શબ્દો આનાથી કાંઈક ફરક ધરાવે છે. સારાંશ કે હદીષનું મતન સહીહ છે.

**★ હદીષ : (૧૦)-૨૦૦૮ ★**

وَعَنْ مَعْدَانَ بْنِ طَلْحَةَ أَنَّ أَبَا الدَّرْدَاءِ حَدَّثَهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَاءَ فَأَفْطَرَ. قَالَ: فَلَقِيتُ ثَوْبَانَ فِي مَسْجِدِ دِمَشْقَ فَقُلْتُ: إِنَّ أَبَا الدَّرْدَاءِ حَدَّثَنِي أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَاءَ فَأَفْطَرَ. قَالَ: صَدَقَ وَأَنَا صَبَبْتُ لَهُ وضوءه. رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ والدارمي

*"હઝરત મઅદાન ઈબ્ને તલ્હાથી[1] રિવાયત છે કે અબૂ દર્દાએ તેમને ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺએ ઉલ્ટી કરી તો રોઝો ઈફતાર કરી આપ્યો.[2] ફર્માવે છે કે હું દમિશ્કની મસ્જિદમાં હઝરત ષૌબાનથી મળ્યો. મેં કહ્યું કે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہએ મને ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺએ ઉલ્ટી કરી તો રોઝો ઈફતાર કરી લીધો. ફર્માવ્યું, તેમણે સાચુ કહ્યું, અને મેં વુઝૂના માટે પાણી રેડયું.[3]"*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, દારમી)*

**૧.** આપ જલીલુલ કદર તાબઈ છે. હઝરત ઉમર, હઝરત અબૂ દર્દા તથા ષૌબાનથી હદીષો રિવાયત કરે છે.

**૨.** એટલે કે હુઝૂરે અન્વર ﷺએ રોઝામાં ઈરાદાપૂર્વક ઉલ્ટી કરી કોઈ જરૂરતથી, તો તેને રોઝો તોડનાર માન્યુ, જેના પછી ખાવા વગરે ખાધુ.

**૩.** હઝરત ષૌબાન હુઝૂરે અન્વર ﷺના ગુલામ છે. તેમણે હઝરત અબૂ દર્દાનુ સમર્થન કરતાં પોતાનો બનાવ વર્ણવ્યો કે હુઝૂરે અન્વર ﷺએ ઉલ્ટીને વુઝૂ તોડનાર પણ ઠરાવી. જેમ કે આપે વુઝૂ કર્યું અને પાણી મેં હાજર કર્યું. એનાથી જાણવા મળ્યું કે **મોં ભરીને ઉલ્ટી રોઝો પણ તોડી નાખે છે અને વુઝૂ પણ. એ જ આપણો મઝહબ છે.** આ હદીષ આપણા ઈમામે આ'ઝમ قدس سرہની દલીલ છે. ઈમામ શાફઈને ત્યાં ઉલ્ટીથી વુઝૂ નથી તૂટતુ. અહીં વુઝૂથી મુરાદ કુલ્લી કરવું છે, પણ ઈમામે આ'ઝમનો કૌલ અધિક મજબૂત છે. વિના કારણે શરઈ અર્થ છોડવો કમજોર જેવી વાત છે.

**★ હદીષ : (૧૧)-૨૦૦૯ ★**

وَعَنْ عَامِرِ بْنِ رَبِيعَةَ قَالَ: رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا لَا أُحْصِي يَتَسَوَّكُ وَهُوَ صَائِمٌ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

*"હઝરત આમિર ઈબ્ને રબીઆથી રિવાયત છે. ફર્માવે છે મેં નબી કરીમ ﷺને અગણિત વખત રોઝાની હાલતમાં મિસ્વાક કરતા જોયા.[૧]"*

*(તિર્મિઝી, અબૂ દાઊદ)[૨]*

**૧.** આ હદીષના કારણે ઈમામ અબૂ હનીફા તથા માલિક رضی اللہ عنہما ફર્માવે છે કે રોઝામાં દરેક સમયે દરેક પ્રકારની મિસ્વાક વિના કરાહતે જાઈઝ છે. ઝવાલથી પહેલાં કરે કે બાદમાં, તર મિસ્વાક કરે કે સૂકી, દરેક સ્થિતિમાં વિના કરાહતે દુરુસ્ત છે. યાદ રાખશો કે આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે રોઝાદારની મોંની બૂ અલ્લાહ તઆલાને મુશ્કની ખુશ્બુ કરતાં અધિક પસંદ છે. કેમ કે ત્યાં શબ્દ خلوف છે ન કે શબ્દ بخر-خلوف મોંની તે બૂ છે જે પેટ ખાલી હોવાના કારણે મોંમાં પેદા થાય છે, તે મિસ્વાકથી નથી જતી. જેમ કે અનેકવારનો અનુભવ છે. રહ્યો હઝરત મૂસા علیہ السلامનો તૂરવાળો બનાવ, તો એ હઝરત મૂસા علیہ السلامની વિશિષ્ટતાઓમાંથી છે કે આપે રોઝામાં મિસ્વાક કરી લીધી. પછી તૌરાત લેવા બારગાહે ઈલાહીમાં હાજર થયા તો ઈર્શાદ થયો, હે મૂસા ! દસ રોઝા અધિક રાખો જેથી પછી તે જ મહેક પેદા થાય જે મિસ્વાકથી જતી રહી છે. નહીં તો મિસ્વાકથી રોઝાની ક઼ઝા અને પછી દસ રોઝા રાખવાનો હુકમ કોઈ ઈમામને ત્યાં નથી. ઈમામ શાફઈને ત્યાં ઝવાલ પછી રોઝામાં મિસ્વાક મકરૂહ છે અને ઈમામ અહમદને ત્યાં દિવસના છેવટમાં મકરૂહ છે. પણ હનફી મઝહબ ઘણો જ મજબૂત છે. જેમ કે દાર કુત્નીમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, રોઝાદારનુ બેહતરીન કૃત્ય મિસ્વાક છે. તિબ્રાનીમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ગનમથી રિવાયત છે કે તેમણે હઝરત મઆઝ ઈબ્ને જબલથી પૂછયું, શું હું રોઝામાં મિસ્વાક કરી શકુ છું ? ફર્માવ્યું, હા ! પૂછયું, દિવસના કયા હિસ્સામાં ? ફર્માવ્યું, દરેક હિસ્સામાં. યાદ રાખશો કે રોઝાદારના મોંની બૂ રબ તઆલાને એવી જ પ્યારી છે જેથી રીતે ગાઝીના ક઼દમની ધૂળ. જો ગાઝી પોતાનાં ક઼દમો પર આમ ધૂળ નાખી લે તો સવાબ મળતો નથી, અને જો તે ક઼દમોની ધૂળ ખંખેરી લે તો સવાબ ઘટતો નથી. એ જ પ્રમાણે જો તે રોઝાદાર કોશિશપૂર્વક મોઢામાં બૂ પેદા કરી લે તો સવાબ મળતો નથી અને જો મિસ્વાક કરે તો સવાબ ઘટતો નથી. એટલા માટે બયહક઼ી, ઈબ્ને હબ્બાન, તિબ્રાની વગેરેમાં આમ સહાબાનો અમલ વર્ણન થયો કે તે હઝરાત રોઝામાં દરેક વખતે મિસ્વાક કરી લેતા હતા. એની પૂરી તેહક઼ીક઼ અહીં મિર્ક઼ાતમાં જુઓ.

**૨.** આ હદીષને તિર્મિઝીએ હસન ફર્માવી અને અહમદ ઈબ્ને ખુઝૈમાએ પણ રિવાયત કરી.

**★ હદીષ : (૧૨)-૨૦૧૦ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:"اشتكيت عَيْنِي أَفَأَكْتَحِلُ وَأَنَا صَائِمٌ؟ قَالَ: «نَعَمْ».رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: لَيْسَ إِسْنَادُهُ بِالْقَوِيِّ وَأَبُو عَاتِكَةَ الرَّاوِي يضعف

*"હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. બોલ્યો, હું આંખોનો બીમાર છું. શું રોઝાની હાલતમાં સુરમો લગાડી શકુ છું ? ફર્માવ્યું, હા.[૧] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે એની અસ્નાદ ક઼વી (મજબૂત) નથી અને અબૂ આતિકા રાવી ઝઈફ માનવામાં આવે છે.[૨]"*

**૧.** આ જ ત્રણેવ ઈમામોનો મઝહબ છે. એટલે ઈમામ અબૂ હનીફા, શાફઈ તથા માલિક, કે રોઝાદારે સુરમો લગાડવો આંખમાં શુષ્ક અથવા પાતળી ભલે ચીકણી હોય એવી દવા નાખવી દરેક સમયે જાઈઝ છે એટલે સૂતા

પહેલાં પણ અને બાદમાં પણ. દવાનો રંગ કે સ્વાદ ગળામાં મેહસૂસ થાય તો પણ નુકસાનકર્તા નથી. ઈમામ અહમદ સૂવાથી પહેલાં સૂરમો લગાડવાને મકરૂહ કહે છે. આ હદીષ આ ત્રણેવ ઈમામોની દલીલ છે.

**૨.** આ હદીષ ઘણા બધા તરીકાઓથી વિવિધ અસ્નાદોથી ઘણી બધી કિતાબોમાં રિવાયત પામેલી છે. સર્વ અસ્નાદો ઝઈફ છે, પરંતુ અસ્નાદોની અધિકતા અને ઉલમાના અમલના કારણે મજબૂત થઈ ગઈ. સર્વ અસ્નાદો વિગતવાર અહીં મિર્કાતે નકલ ફર્માવી અને તેની પૂરી તેહકીક અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૨માં જુઓ કે અસ્નાદની અધિકતા ઉલમાના અમલથી ઝઈફ હદીષ પણ કવી થઈ જાય છે.

**★ હદીષ : (૧૩)–૨૦૧૧ ★**

وَعَنْ بَعْضِ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: لَقَدْ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْعَرْجِ يَصُبُّ عَلَى رَأْسِهِ الْمَاءَ وَهُوَ صَائِمٌ مِنَ الْعَطَشِ أَوْ مِنَ الْحَرِّ. رَوَاهُ مَالك

*"નબી કરીમ ﷺ ના અમુક સહાબાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ ને અર્જ સ્થળમાં[1] રોઝાની હાલતમાં માથા મુબારક પર તરસ કે ગરમીના કારણે પાણી નાખતા જોયા[2].*

*(માલિક, અબૂ દાઊદ)*

**૧.** અર્જ મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા દરમિયાન એક મંઝિલનું નામ હતું અને મદીના મુનવ્વરામાં એક મહોલ્લો પણ હતો. અહીં બંનેવ સંભાવનાઓ છે કે ક્યાં તો આ સફરનો બનાવ હોય કે ઘરનો.

**૨.** એટલે કે ગુસ્લ કરી રહ્યા ન હતા બલ્કે ઠંડક હાંસલ કરવાના માટે કેવળ માથા મુબારક પર પાણી વહાવી રહ્યા હતા. આ હદીષથી આ બંને મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે શરીરના છીદ્રો થકી જે પાણી વગેરે શરીરમાં પહોંચી જાય તે રોઝા માટે નુકસાનકર્તા નથી. જેથી **રોઝાદારનું નહાવું, પાણીમાં ડૂબકી મારવી, માથા કે શરીર પર તેલની માલિશ કરવી, ભીનું કપડુ શરીર પર લપેટવું રોઝા માટે નુકસાન કર્તા નથી. ઈન્જેકશન લગાડવાનો મસ્અલો અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે કે તેનાથી રોઝો નથી જતો, જેવી રીતે સાપ, વીછી ઝેરીલી માખીના કરડી ખાવાથી રોઝો નથી જતો. બીજુ** એ કે રોઝામાં માથા પર પાણી રેડવું, વધારે નહાવું મકરૂહ નથી, જ્યારે કે ગભરાહટને પ્રદર્શિત કરવા માટે ન હોય. જો દિખાવા અને ગભરાહટ પ્રદર્શિત કરવા માટે હોય તો મકરૂહ છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૧૪)–૨૦૧૨ ★**

وَعَنْ شَدَّادِ بْنِ أَوْسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَتَى رَجُلًا بِالْبَقِيعِ وَهُوَ يَحْتَجِمُ وَهُوَ آخِذٌ بِيَدِي لِثَمَانِيَ عَشْرَةَ خَلَتْ مِنْ رَمَضَانَ فَقَالَ: «أَفْطَرَ الْحَاجِمُ وَالْمَحْجُومُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ. قَالَ الشَّيْخُ الْإِمَامُ مُحْيِي السُّنَّةِ رَحِمَهُ اللَّهُ عَلَيْهِ: وَتَأَوَّلَهُ بَعْضُ مَنْ رَخَّصَ فِي الْحِجَامَةِ: أَيْ

*"હઝરત શદ્દાદ ઈબ્ને અવસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ બકીઅમાં એક શખ્સ પાસે તશરીફ લાવ્યા જે લોહી કઢાવી (હિજામા) રહ્યો હતો. હુઝૂરે અન્વર ﷺ એ મારો હાથ પકડેલો હતો[1] રમઝાનના ૧૮ દિવસ વહી ચૂક્યા હતા. તો ફર્માવ્યું, લોહી કાઢનાર અને લોહી કઢાવનારનો રોઝો તૂટી ગયો.[2] (અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી) શયખ ઈમામુસ્સુન્નહ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે જે અમુક ઉલમાએ લોહી કઢાવવાની ઈજાઝત આપી દીધી તેઓ*

تَعَرَّضَا لِلْإِفْطَارِ: اَلْمَحْجُومُ لِلضَّعْفِ وَالْحَاجِمُ لِأَنَّهُ لَا يَأْمَنُ مِنْ أَنْ يَصِلَ شَيْءٌ إِلَى جَوْفِهِ بِمص الملازم

*એની તાવીલ આ પ્રમાણે કરે છે કે બંનેવ રોઝો તોડવા નજીક પહોંચી ગયા, લોહી કઢાવનાર તો કમજોરીના કારણે અને લોહી કાઢનાર એટલા માટે કે તે તેનાથી સંતોષિત નથી કે ચૂંસણીથી ચૂંસવાના કારણે તેના પેટમાં કાંઈક પહોંચી જાય.[3]"*

**૧.** એટલે કે હું હુઝૂર ﷺથી ઘણો જ નજીક હતો જેથી મેં આપના શબ્દો ખૂબ જ સહીહ સાંભળ્યા અથવા એ મતલબ છે કે મારા પર એ દિવસે અલ્લાહનો મહાન ફઝ્લ હતો કે મારો હાથ હુઝૂરે અન્વર ﷺએ પકડેલો હતો.

**૨.** આ જ મઝહબ છે ઈમામ અહમદ તથા ઈસ્હાક઼નો કે લોહી કઢાવવાથી બંને (કાઢનાર તથા કઢાવનાર)નો રોઝો તૂટી જાય છે. બાકીના ઈમામો ફર્માવે છે કે એનાથી રોઝો નથી તૂટતો, કેમ કે હુઝૂર ﷺ અને સહાબાએ કિરામે રોઝામાં વારંવાર લોહી કઢાવેલ છે જેથી આ હદીષ ક્યાં તો મન્સૂખ છે અથવા એની તાવીલ જરૂરી છે. જેમ કે ઉલમાએ તેની ઘણી તાવીલો કરી છે જેમાંથી એક તાવીલ એ છે કે જે ખુદ મિશ્કાત શરીફમાં જ આગળ આવી રહી છે.

**૩.** લોહી ચૂંસનાર પ્રથમ નસ્તર વડે અંગ પર ઝખ્મ લગાડે છે પછી ચૂંસણીનો પહોળો ભાગ ઝખ્મ પર રાખીને તેનો બારીક હિસ્સો પોતાના મોંમા લઈને જોરથી ચૂંસે છે પછી એ ચૂંસણીના કાણાને આટા વગેરેથી બંધ કરી આપે છે. જેનાથી અંગનુ લોહી ભેગુ થતુ રહે છે. લોહી નીકળી જવાના કારણે લોહી કઢાવનાર ખૂબ જ કમજોર થઈ જાય છે. અમુક વાર તેણે તરત જ કાંઈક ખાવુ પીવુ પડે છે. અને લોહી ચૂંસનારના મોં બલ્કે ગળામાં બેઈખ્તિયારી તૌર પર ચૂસતી વખતે કાંઈક લોહી પહોંચી જાય છે. જેથી હદીષનો મતલબ એ થયો કે એ બંનેવ રોઝો તૂટવાની નજીક પહોંચી ગયા. લોહી ચૂંસનારો એટલા માટે કે કદાચ અમુક લોહી ગળામાં ઉતરી ગયું હોય અને લોહી ચૂંસાવનાર એટલા માટે કે કદાચ તે અધિકતર કમજોરીના સબબે કાંઈક ખાવા પીવા માટે મજબૂર થઈ જાય. સેંગી (ચૂંસણી)ને મુલાઝિમ (ચોંટનાર) એટલા માટે કહે છે કે તે ઝખ્મ સાથે ચોંટી જાય છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે તે બંનેવ હઝરાત સાંજના સમયે ઈફતારની નજીક લોહી કાઢવાનું કામ કરી રહ્યા હતા ત્યારે હુઝૂરે અન્વર ﷺએ આ ફર્માવ્યું. એટલે કે એ બંનેવ ઈફતાર કરવાના જ હતા તો થોડુ અધિક રોકાય જાત. સારાંશ કે આ હદીષ વાજિબુત્તાવીલ છે અને લોહી ચૂંસાવનાર (હિજામા)ની હદીષોની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૧૫)-૨૦૧૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَفْطَرَ يَوْمًا مِنْ رَمَضَانَ مِنْ غَيْرِ رُخْصَةٍ وَلَا مَرَضٍ لَمْ يَقْضِ عَنْهُ صَوْمُ الدَّهْرِ كُلِّهِ وَإِنْ صَامَهُ».رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَ الدَّارِمِيُّ وَالْبُخَارِيُّ فِي تَرْجَمَةِ بَاب وَقَالَ التِّرْمِذِيُّ: سَمِعْتُ مُحَمَّدًا يَعْنِي الْبُخَارِيّ يَقُول. أَبُو الطوس الرَّاوِي لَا أَعْرِفُ لَهُ غَيْرَ هَذَا الْحَدِيثِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે રમઝાનમાં શરઈ ઈજાઝત વિના તથા બીમારી વિના એક દિવસનો રોઝો ન રાખે તો ભલે પછી જીવનભર રોઝા રાખે, તેની કઝા ન કરશે.[1]" (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી) અને બુખારીએ તર્જુમા બાબમાં રિવાયત કરી. તિર્મિઝી ફર્માવે છે કે મેં હઝરત મુહમ્મદ એટલે ઈમામ બુખારીને ફર્માવતાં સાંભળ્યા કે અબુલ મતૂસ રાવીથી આ હદીષના સિવાય અન્ય હદીષ મને ખબર નથી.[2]"*

**૧.** એટલે કે વિના કારણે રમઝાનમાં એક રોઝો પણ ન રાખનાર તેના બદલામાં ઉમરભર રોઝા રાખે તો પણ તે દરજાનો તો સવાબ પામશે નહીં જે રમઝાનમાં રાખવાથી પામત. જો કે શરઅન એક રોઝાથી તેની કઝા થઈ જશે. ફર્ઝની અદાયગી અલગ છે અને દરજો પામવું કાંઈક અલગ છે. રુખસદથી મુરાદ શરઈ ઈજાઝત છે. જેમ કે સફર અથવા સ્ત્રીનું સગર્ભા થવું અથવા બાળકને દૂધ પીવડાવવું વગેરે. એનાથી જાણવા મળ્યું કે સમય પર ઈબાદત કરી લેવી ખૂબ જ બેહતર છે. નમાઝ વગેરે સર્વ ઈબાદતનો આ જ હાલ છે સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **જવાનીની ઈબાદત ઘડપણની ઈબાદતથી અફઝલ છે,** કે ઈબાદતોનો અસલ સમય જવાની છે. (શેઅર)

*કર જવાનીમેં ઈબાદત કાહિલી અચ્છી નહીં–જબ બુળ્હાપા આ ગયા કુછ બાત બન પળતી નહીં*
*હૈ બુળ્હાપા ભી ગનીમત જબ જવાની હો ચૂકી–યહ બુળ્હાપા ભી ન હોગા મૌત જિસ દમ આ ગઈ*

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

*ઈબાદત કે યહી દિન હૈં–બુળ્હા પે મેં કહાં હિમ્મત*
*જો કરના હૈ અભી કર લો–અભી 'નૂરી' જવાં તુમ હો*

સમયની કદર કરો, એને ગનીમત જાણો..... *ગયા વક્ત ફિર હાથ આતા નહીં.*

**૧.** એટલે કે આ હદીષની અસ્નાદમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરનાર રાવી અબુલ મતૂસ છે. તેમનાથી કેવળ એક આ જ હદીષ રિવાયત પામેલી છે. ઈબ્ને ખલફ કુર્તબીએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે, પણ યાદ રાખશો કે એક અસ્નાદ ઝઈફ હોવાથી હદીષના મતનનુ ઝોઅફ (કમજોર) થઈ જવું લાઝિમ નથી. તિર્મિઝીની અસ્નાદમાં અબુલ મતૂસ છે, બાકી અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી તથા અહમદે વિવિધ અસ્નાદોથી આ હદીષ નકલ કરી. અસ્નાદની સંખ્યા ઝઈફ હદીષને કવી (મજબૂત) કરી આપે છે.

**★ હદીષ : (૧૬)–૨૦૧૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَمْ مِنْ صَائِمٍ لَيْسَ لَهُ مِنْ صِيَامِهِ إِلَّا الظَّمَأُ وَكَمْ مِنْ قَائِمٍ لَيْسَ لَهُ من قِيَامه إِلَّا السهر» . رَوَاهُ الدَّارِمِيّ

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ઘણા બધા રોઝાદાર તે છે જેમને રોઝાઓથી તરસના સિવાય કાંઈ હાંસલ નથી.[1] અને ઘણા રાત્રે જાગનારા તે છે જેમને રાત્રિ જાગરણમાં ઉજાગરા સિવાય કાંઈ મયસ્સર નથી થતુ.[2] (દારમી) અને લકીત ઈબ્ને સબરાની હદીષ ''બાબુ સુનનુલ વુઝૂ''માં વર્ણવી દેવામાં આવી.''*

**૧.** આ તે લોકો છે જેઓ રોઝામાં ગાળ ગલોચ, જૂઠ, ગીબત, આક્ષેપ વગેરે ગુનાહોથી નથી બચતા, કે એ લોકો ભૂખ તરસની તકલીફ તો ઉઠાવે છે પણ રોઝાનો સવાબ હાંસલ નથી કરતા. કેમ કે રોઝામાં ભૂખની સરખામણીમાં તરસની તકલીફ અધિક થાય છે એટલા માટે કેવળ તરસનો ઉલ્લેખ કર્યો. યાદ રાખશો કે એવા રોઝાથી શરઈ ફર્ઝ અદા થઈ જશે. અદા થવું અલગ ચીજ છે, તેની શર્તો કાંઈ અલગ છે, અને કબૂલિયત અલગ ચીજ છે અને તેની શર્તો પણ અલગ છે.

**૨.** એટલે કે તે તહજ્જુદ પઢનાર જે હુઝૂરે કલ્બી વિના તહજ્જુદ પઢે તે જાગવાની તકલીફ તો ઉઠાવી લે છે પણ તેનો સવાબ નથી પામતા. અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે એનાથી તે લોકો મુરાદ છે જેઓ પચાવી પાડેલી જમીનમાં

નમાઝ પઢે અને નમાઝમાં મના કરેલ ચીજોથી બચે નહીં અને સુન્નતો તથા મુસ્તહબોનો લેહાઝ ન રાખે. આ ફર્માનનો હેતુ એ નથી કે એવા લોકો રોઝા અથવા તહજ્જુદ છોડી દે, બલ્કે મક્સદ એ છે કે એ બુરાઈઓ છોડી દે. અલ્લાહ તઆલા તેમને મહબૂબ ﷺના સદકામાં મક્બૂલ ઈબાદતોની તૌફીક આપે. આપણે કમજોર છીએ, નફસે અમ્મારા તથા શૈતાન જેવા મજબૂત દુશ્મનો થકી ઘેરાયેલા છીએ, હે કવી તથા કાદિર ! અમને તારી અમાનમાં લઈ લે.

**★ હદીષ : (૧૭)-૨૦૧૫ ★**

عَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ثَلَاثٌ لَا يُفْطِرْنَ الصَّائِمَ الْحِجَامَةُ وَالْقَيْءُ وَ الِاحْتِلَامُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَيْرُ مَحْفُوظٍ وَعَبْدُ الرَّحْمَنِ بْنُ زيد الرَّاوِي يضعف فِي الحَدِيث

*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણ ચીજો રોઝાદારનો રોઝો નથી તોડતી : હિજામા (લોહી ચૂંસાવવું), ઉલ્ટી, એહતેલામ.[૧] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ "ગૈર મહફૂઝ છે અને અબ્દુર્રહમાન ઈબ્ને ઝૈદને હદીષના રાવીઓમાં ઝઈફ માનવામાં આવે છે.[૨]"*

**૧.** એની તેહકીક પહેલાં કરવામાં આવી ચૂકી છે. ઉલ્ટીથી મુરાદ તે ઉલ્ટી છે જે આપોઆપ થઈ જાય. જેથી આ હદીષ પાછલી વર્ણન પામેલ હદીષની વિરૂધ્ધ નથી, જેમાં ઉલ્ટીને રોઝો તૂટવાનો સબબ ઠરાવવામાં આવી, કેમ કે તે ઉલ્ટી મુરાદ હતી જાતે કરવામાં આવે.

**૨.** જેથી આ શાઝ પણ છે અને ઝઈફ પણ. યાદ રાખશો કે આ હદીષ કેવળ તિર્મિઝીની અસ્નાદમાં ઝઈફ છે. એને દાર કુત્ની, બયહકી, અબૂ દાઊદે પણ રિવાયત કરી. અબૂ હાતિમે કહ્યું કે અબૂ દાઊદની રિવાયત અશબહ બિષ્ષવાબ છે. અબૂ ઝરઆ ફર્માવે છે કે આ હદીષ ખૂબ જ સહીહ છે. બઝ્ઝારે સૈયિદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી અને તિબ્રાનીએ ષૌબાનથી મરફુઅન્ રિવાયત કરી. બુઝ્ઝારે ફર્માવ્યું, હદીષ સહીહ છે.

**★ હદીષ : (૧૮)-૨૦૧૬ ★**

وَعَنْ ثَابِتٍ الْبُنَانِيِّ قَالَ: سُئِلَ أَنَسُ بْنُ مَالِكٍ: كُنْتُمْ تَكْرَهُونَ الْحِجَامَةَ لِلصَّائِمِ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ قَالَ: لَا إِلَّا مِنْ أَجْلِ الضَّعْفِ. رَوَاهُ الْبُخَارِيُّ

*"હઝરત ષાબિત બુનાનીથી રિવાયત છે[૧] ફર્માવે છે, હઝરત અનસ ઈબ્ને માલિકથી પૂછવામાં આવ્યું કે શું તમે લોકો રસૂલુલ્લાહ ﷺના જમાનામાં રોઝાદારના માટે હિજામાને નાપસંદ કરતા હતા ? ફર્માવ્યું, નહીં ! પણ કમજોરીના કારણે.[૩]" (બુખારી)*

**૧.** આપ ષાબિત ઈબ્ને અસ્લમ મશહૂર તાબઈ છે, બસરાના ઉલમાએ અઅ્લામમાંથી હતા. હઝરત અનસ رضی اللہ عنہથી સાથે ચાલીસ વરસ રહ્યા.

**૨.** સહાબાએ કિરામથી હિજામાના બારામાં આ સવાલો આ હદીષના કારણે થતા હતા જે લોકોમાં મશહૂર થઈ ચૂકી હતી : اَفْطَرَالْحَاجِمُ وَالْمَحْجُوْمُ એનો મતલબ અમો અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ.

**૩.** એટલે કે કેમ કે હિજામા (લોહી ચૂંસાવવા)થી લોહી નીકળી જવાના કારણે માણસ કમજોર પડી જાય છે, તો

શક્ય છે કે રોઝો પૂર્ણ ન કરી શકે અથવા ખૂબ જ તકલીફ ઉઠાવે, એટલા માટે રોઝામાં હિજામાને બેહતર જાણતા ન હતા, આ હદીષે આગળ વર્ણન થઈ ગયેલી હદીષ اَفْطَرَالْحَاجِمُ وَالْمَحْجُوْمُની તફસીર કરી આપી, જેમ કે અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ.

**★ હદીષ : (૧૯)–૨૦૧૭ ★**

وَعَنِ الْبُخَارِيِّ تَعْلِيقًا قَالَ: كَانَ ابْنُ عُمَرَ يَحْتَجِمُ وَهُوَ صَائِمٌ ثُمَّ تَرَكَهُ فَكَانَ يَحْتَجِمُ بِاللَّيْلِ

*"ઈમામ બુખારીથી તઅલીક્ન રિવાયત છે[૧] ફર્માવે છે કે હઝરત ઈબ્ને ઉમર રોઝાની હાલતમાં હિજામા (લોહી ચૂંસાવવું) કરાવતા હતા પછી છોડી દીધું. પછી રાતમાં લોહી ચૂંસાવતા હતા.[૨]"*

**૧.** હદીષની અસ્નાદ વર્ણવ્યા વિના હદીષ વર્ણન કરવાને તઅલીક્ કહે છે. બુખારીની તઅલીક્રો સૌ મક્બૂલ તથા વિશ્વસનીય છે. કેમ કે ઈમામ બુખારી એ જ જગાએ અસ્નાદ છોડે છે જ્યાં તેમને હદીષના સહીહ હોવાનું યક્રીન હોય છે. જ્યારે ઈમામ બુખારીની તઅલીક્ વિશ્વસનીય છે તો ષિક્હ તાબઈનો ઈરસાલ પણ સ્વીકાર્ય છે. બલ્કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہનું ફર્માવી દેવું કે, "હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું" એ બિલ્કુલ સ્વીકાર્ય છે. આ હઝરાત ઈમામ બુખારી કરતાં અધિક મર્તબાવાળા છે.

**૨.** એનો મતલબ જાહેર છે કે આપ યુવાની તથા શક્તિના જમાનામાં રોઝામાં લોહી ચૂંસાડતા હતા કે એ વખતે આપને કમજોરીનો ડર ન હતો. પછી ઘડપણ તથા કમજોરીમાં આ અમલ છોડી આપ્યો કેમ કે લોહી ચૂંસાવ્યા (હિજામા) બાદ રોઝો પૂરો કરવો મુશ્કેલ હતું.

**★ હદીષ : (૨૦)–૨૦૧૮ ★**

وَعَن عَطاء قَالَ: إن مضمض ثُمَّ أَفْرَغَ مَا فِي فِيهِ مِنَ الْمَاءِ لَا يضيره أَنْ يَزْدَرِدَ رِيقَهُ وَمَا بَقِيَ فِي فِيهِ وَلَا يَمْضُغُ الْعِلْكَ فَإِنِ ازْدَرَدَ رِيقَ الْعِلْكِ لَا أَقُولُ: إِنَّهُ يُفْطِرُ وَلَكِنْ يُنْهَى عَنْهُ. رَوَاهُ الْبُخَارِيُّ فِي تَرْجَمَةِ بَاب

*"હઝરત અતાથી રિવાયત છે. ફર્માવે છે, પછી કુલ્લી કરે પછી મોંમાંનું પાણી પાછુ કાઢી નાખે તો તેને થૂક તથા જે પાણીની અસર મોંમાં રહી ગઈ છે તેને ગળી જવું નુસકાનકર્તા નથી.[૧] અને ગુંદર ન ચાવે[૨] જો ગુંદર વાળુ થૂક ગળી ગયો તો હું એ નથી કહેતો રોઝો તૂટી જશે પરંતુ એનાથી મના કરવું જોઈએ.[૩]" (બુખારી) તર્જુમએ બાબ.*

**૧.** એટલે કે રોઝાદારે કુલ્લી કરીને થૂક ગળી જવું જાઈઝ છે, ભલે એમાં પાણીની ઠંડક અને તેની અસર રહી ગઈ હોય, કેમ કે આવી રીતની અસરથી બચવું અશક્ય છે. એનો ક્રાઈદા કુલ્લિયા એ છે કે જે જે ચીજથી રોઝાદાર ન બચી શકે તેનાથી રોઝો નથી જતો. જેથી **ધૂળ, ધુમાડો, માખી, મચ્છર અને આટાની મશીનનો ઉડતો આટો, કુલ્લી (કોગળા)ના પાણીની તરી રોઝાદારના ગળામાં જતી રહે તો તેનાથી રોઝો નથી તૂટતો.**

**૨.** علک અરબનો મશહૂર ગુંદર છે જેને દાંતોની સફાઈ અને મજબૂતીના માટે ચાવવામાં આવે છે. મુસ્તગા (પિસ્તાંના ઝાડના ગુંદર)ની જેમ દાણા દાણા હોય છે.

**૩.** ખુલાસો એ છે કે રોઝામાં ગુંદર મુસ્તગા વગેરે ચાવીને થૂકી દેવું મકરૂહ છે, કેમ કે અંદેશો છે કે ગુંદરના અમુક અંશો ગળામાં ઉતરી જશે, જાણે એમાં રોઝાને ઈફતારની નજીક કરી દેવું છે. જે શખ્સ એને ચાવીને સારી રીતે

થૂકી દે પછી થૂક ગળે તો ભલે ગુંદરના અમુક નામાલૂમ રજકણો ગળામાં ઉતરી જાય પણ રોઝો જશે નહીં.

**મસ્અલા** : દરજીએ (ટેલરે) રંગીન દોરો દાંત વડે તોડયો જેનાથી તેનું થૂક રંગીન થઈ ગયું, તો જો દોરાની જેમ તેજ રંગીન થઈ ગયું તો તેને ગળી જવું રોઝો તોડી નાખશે, અને જો આછુ રંગીન થઈ ગયું તો, નહીં.

**મસ્અલા : સ્ત્રીઓ માટે મિસ્વાક મકરૂહ છે** કે તેમનાં મસોડાં કમજોર હોય છે. તેમના માટે ગુંદર, સુકડ઼ા, આંગળી, જાડુ કપડુ મિસ્વાકના સ્થાને છે.

**મસ્અલા** : પુરૂષોના માટે મંજન તથા સુકડ઼ા (એક ખાસ પ્રકારના ઝાડની છાલ) ઘસવું મકરૂહ છે કે એમાં સ્ત્રીઓ સાથે મુશાબેહત (મળતાપણુ) છે.

# બાબુ સૌમિલ્ મુસાફિર باب صوم المسافر
## (મુસાફિરના રોઝા વિશે)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** શરીઅતમાં મુસાફિર તે છે જે પોતાના શહેરથી ત્રણ મંઝિલ એટલે ૩૬ કોસ (58 માઈલ, 92 km)ના ઈરાદાથી નીકળે પછી જ્યાં સુધી તે ઘરે પરત ન થઈ જાય અથવા કોઈ જગાએ ૧૫ દિવસ રોકાવાની નિય્યત ન કરે ત્યાં સુધી મુસાફર જ રહેશે, કે એના પર નમાઝમાં કસર વાજિબ થશે અને રોઝો કઝા કરવાની ઈજાઝત રહેશે. ઈમામ અબૂ હનીફા, માલિક, શાફઈ તથા થૌરીને ત્યાં મુસાફરે રોઝો રાખવો બેહતર છે. અને ઈમામ અહમદ તથા અવઝાઈને ત્યાં ઈફતાર બેહતર. આ સામાન્ય સંજોગોમાં છે. અમુક હાલતોમાં તેના પર રોઝો ઈફતાર કરવો (છોડવો) વાજિબ થઈ જાય છે. જેમ કે મુસાફિર ગાઝી કે જ્યારે રોઝાના કારણે જેહાદ કરવાને બદલે બીજા પર બોજ બની જાય. *(અઝ : લમ્આત)*

**★ હદીષ : (૧)-૨૦૧૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: إِنَّ حَمْزَةَ بْنَ عَمْرٍو الْأَسْلَمِيَّ قَالَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَصُومُ فِي السَّفَرِ وَكَانَ كَثِيرَ الصِّيَامِ. فَقَالَ: «إِنْ شِئْتَ فَصم وَإِن شِئْت فَأَفْطر»

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત હમ્ઝા ઈબ્ને ઉમર અસ્લમીએ નબી કરીમ ﷺ ને અર્ઝ કર્યું કે શું હું સફરમાં રોઝા રાખું ? તે ખૂબ જ રોઝા રાખતા હતા.[1] તો હુઝૂરે ફર્માવ્યું, જો ચાહો તો રોઝો રાખો, જો ચાહો તો ઈફતાર કરો.[2]"* *(મુસ્લિમ, બુખારી)*

**૧.** અહીં મિર્કાતે ફર્માવ્યું, કે આપ સાઈમુદ્દહર એટલે હમેશાંના રોઝાદાર હતા. ચાહતા હતા કે સફરમાં પણ કદી રોઝો ન છૂટે જેથી આ સવાલ કર્યો કે સફરમાં રોઝો રાખવું ગુનોહ તો નથી ? કદાચ આપ હુઝૂરે અન્વર ﷺનું આ ફર્માન સાંભળી ચૂક્યા હતા કે સફર (મુસાફરી)માં રોઝા સારા નથી, એટલા માટે આ સવાલ કર્યો.

**૨.** આ જવાબથી નિર્દેશ થઈ રહ્યો છે કે ભલે મુસાફરને રોઝા રાખવા ન રાખવાનો અખત્યાર છે પણ સામાન્ય સંજોગોમાં રોઝો રાખી લેવો બેહતર છે કે જેથી આમ મુસલમાનોની મુવાફિકત પણ થઈ જશે અને રમઝાન બાદ કઝા કરવું ભારે પણ નહીં પડે. કેમ કે સરકાર ﷺએ રોઝા રાખવાનો ઉલ્લેખ પ્રથમ કર્યો. યાદ રાખશો કે **ભલે મુસાફરને રોઝો ન રાખવાનો અધિકાર છે પણ માહે રમઝાનની બેહુર્મતી કરવાનો અધિકાર નથી,** જેથી બજારોમાં ખુલ્લેઆમ ન ખાય પીએ, ન સિગરેટ પીતો ફરે, બલ્કે છુપાયને કાંઈક ખાય પીએ. હૈઝ તથા નિફાસવાળી સ્ત્રીઓ માટે પણ આ જ હુકમ છે કે તેણી છુપાયને ખાય પીએ.

**★ હદીષ : (૨)-૨૦૨૦ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: غَزَوْنَا مَعَ رَسُولِ اللَّهِ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે જેહાદ કર્યો જ્યારે કે માહે રમઝાનના ૧૬ દિવસ પસાર થઈ*

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِستَّ عَشْرَةَ مَضَتْ مِنْ شَهْرِ رَمَضَانَ فَمِنَّا مَنْ صَامَ وَمِنَّا مَنْ أَفْطَرَ فَلَمْ يَعِبِ الصَّائِمُ عَلَى الْمُفْطِرِ وَلَا الْمُفْطِرُ عَلَى الصَّائِمِ. رَوَاهُ مُسلم

*ગયા હતા.[૧] તો અમારામાંથી અમુકે રોઝો રાખ્યો અને અમુક તેઓ હતા જેમણે રોઝો છોડી આપ્યો. તો ન રોઝાદારોએ બેરોઝાદારોને અયબ લગાડયો અને ન બેરોઝાદારોએ રોઝાદારોને.[૨]" (મુસ્લિમ)*

**૧.** અમુક લોકો કહે છે કે જો કોઈ રમઝાન દરમિયાનમાં સફર કરે તો તેને ઈફતાર (રોઝો છોડવો) જાઈઝ નથી, તેના પર રોઝો જ ફર્ઝ છે. ઈફતારની ઈજાઝત કેવળ તેને જ છે જેને સફરની હાલતમાં રમઝાન શરૂ થાય. આ હદીષમાં તેમની ઉઘાડી રદ છે. જુઓ ૧૬મી રમઝાનના સફર શરૂ થયો અને અમુક સહાબીઓએ રોઝા ન રાખ્યા.

**૨.** હદીષ જાહેરી રીતે જોતાં તે ઉલમાની દલીલ છે જેઓ સફર (મુસાફરી)માં રોઝા રાખવા ન રાખવાને એક સમાન કહે છે, કોઈને અગ્રતા નથી આપતા. પણ આ દલીલ કરવું ઝઈફ જેવું છે, કેમ કે અહીં અયબ લગાડવાનો નકાર છે, મુસ્તહબ ત્યજવા પર ન અયબ લગાડવામાં આવે છે, ન વાંધો થાય છે. યાદ રાખશો કે આ ગઝવામાં સંજોગો નિયમિત હશે, નહીં તો જંગની હાલતમાં રોઝો ન રાખવો બેહતર છે.

**★ હદીષ : (૩)–૨૦૨૧ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَفَرٍ فَرَأَى زِحَامًا وَرَجُلًا قَدْ ظُلِّلَ عَلَيْهِ فَقَالَ: «مَا هَذَا؟» قَالُوا: صَائِمٌ. فَقَالَ: «لَيْسَ مِنَ الْبِرِّ الصَّوْمُ فِي السَّفَرِ»

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એક સફરમાં હતા તો લોકોની ભીડ જોઈ અને એક શખ્સને જોયો જેના પર છાંયડો કરવામાં આવ્યો હતો.[૧] ફર્માવ્યું, આ શું છે ? લોકોએ કહ્યું, એક રોઝાદાર છે. ફર્માવ્યું, સફરમાં આ રીતે રોઝો રાખવો ભલાઈ નથી.[૨]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એ સાહબનું નામ કૈસ અથવા કૈસર છે. કુન્નિયત અબૂ ઈસ્રાઈલ છે. સખત ગરમી હતી. ગઝવએ તબૂકનો મોક્રો હતો. જયારે કે ઈસ્લામી લશ્કરમાં ખાવાની પણ કમી હતી. તે એક ઝાડની પાસે રોકાયેલા હતા. સેહરી વિનાનો મોંઢે રોઝો હતો એવામાં બેહોશ થઈને પડી ગયા. સહાબાએ કિરામે પોતાની ચાદરો વડે છાંયડો કરી લીધો, અથવા એમના પર તંબુ તાણી લીધો, કેમ કે અરબના સામાન્ય ઝાડોનો છાંયડો પૂરતો નથી હોતો.

*(અઝ : મિર્કાત)*

**૨.** બલ્કે બુરુ છે. الصوم માં અલિફ અહદે ખારજી છે અથવા સફરમાં અથવા બંનેમાં એટલે કે તેણે કઠિન સફરમાં આવો બેસરો સામાનીનો રોઝો રાખવું ભલાઈ નથી બલ્કે બુરુ છે. અને રબ તઆલાના આ ફર્માનની વિરૂધ્ધ છે : يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ (અલ્લાહ તમારા પર આસાની ચાહે છે અને તમારા પર મુશ્કેલી નહીં. –સૂ. બકરહ, ૨/૧૮૫) જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી કે નબી કરીમ ﷺ એ ફતહે મક્કાના દિવસે સફર દરમ્યાન રોઝા રાખ્યા. અહીં મિર્કાતે ફર્માવ્યું કે **સાલેહીનની ખિદમત નવાફિલથી અફઝલ છે.** એટલે કે એ સાહબ રોઝો ન રાખત તો નબી કરીમ ﷺ તથા સહાબાએ કિરામની ખિદમત કરતા. હવે રોઝા રાખીને ખુદ જલીલુલ કદર સહાબીઓથી ખિદમત લેવા લાગ્યા.

**★ હદીષ : (૪)-૨૦૨૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي السَّفَرِ فَمِنَّا الصَّائِمُ وَمِنَّا الْمُفْطِرُ فَنَزَلْنَا مَنْزِلًا فِي يَوم حَارٍّ فَسَقَطَ الصَّوَّامُونَ وَقَامَ الْمُفْطِرُونَ فَضَرَبُوا الْأَبْنِيَةَ وَسَقَوُا الرِّكَابَ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ذَهَبَ الْمُفْطِرُونَ الْيَوْمَ بِالْأَجْرِ»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺ ની સાથે સફરમાં હતા. અમારામાંથી અમુક રોઝાદાર હતા અને રોઝા વિનાના. અમે ગરમ દિવસમાં એક મંઝિલ પર ઉતર્યા. રોઝાદાર તો ગબડી પડયા[૧] અને બેરોઝા ઉભા રહ્યા. તેમણે તંબુ તાણ્યા, ઊંટોને પાણી પીવડાવ્યું[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આજે રોઝા વિનાના (લોકો) સવાબ લઈ ગયા.[૩]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે રોઝાદાર લોકો રોઝાના કારણે મંઝિલ પર પહોંચતાં જ સૂઈ ગયા, કાંઈ કામ ન કરી શક્યા. અહીં ગબડી પડવાથી મતલબ બેહોશ થઈને નહીં, નહીં તો તેમના પર પણ ચેતવણી થઈ જાય જે પાછલી હદીષમાં ગુજરી.

**૨.** અને સર્વ તે જરૂરી કામો કર્યાં જે સફરોમાં સામાન્યતઃ અને જેહાદમાં ખાસ રીતે કરવામાં આવે છે, જેથી એ સર્વ કામો સવાબ છે.

**૩.** સવાબથી મુરાદ કામિલ સવાબ છે એટલે કે રોઝાદારોએ તો રોઝાઓનો સવાબ પામ્યો જેને એ લોકો પણ રમઝાન બાદ કઝા કરીને હાંસલ કરી લેશે, પણ રોઝા વિહોણાઓએ જેહાદની તૈયારી તથા ઈસ્લામી લશ્કરની ખિદમત કરીને તે સવાબ કમાય લીધો જેની તેઓ કઝા કરી શકશે નહીં. (શેઅર)

*નમાઝેં ગર કઝા હોં ફિર અદા હોં—નિગાહોંકી કઝા કબ અદા હો*

શું તમને ખબર નથી કે સૈયદના અલી મુર્તઝાએ હુઝૂરે અન્વર ﷺની નીંદ પર અસરની નમાઝ કઝા કરી આપી. યાદ રાખશો કે એ રોઝાદાર હઝરાત બાકીના સહાબીઓ પર બોજ ન બન્યા એટલા માટે એમના પર એતાબ ન ફર્માવ્યો.

**★ હદીષ : (૫)-૨૦૨૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: خَرَجَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ الْمَدِينَةِ إِلَى مَكَّةَ فَصَامَ حَتَّى بَلَغَ عُسْفَانَ ثُمَّ دَعَا بِمَاءٍ فَرَفَعَهُ إِلَى يَدِهِ لِيَرَاهُ النَّاسُ فَأَفْطَرَ حَتَّى قَدِمَ مَكَّةَ وَذَلِكَ فِي رَمَضَانَ. فَكَانَ ابْنُ عَبَّاسٍ يَقُولُ: قَدْ صَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَفْطَرَ. فَمن شَاءَ صَامَ وَمن شَاءَ أفطر "

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મદીનાથી મક્કા મોઅઝ્ઝમા તશરીફ લઈ ગયા[૧] તો રોઝા રાખતા રહ્યા ત્યાં સુધી કે ઉસ્ફાન પહોંચી ગયા.[૨] પછી પાણી મંગાવ્યું તો તેને પોતાના હાથમાં ઉઠાવ્યું[૩] કે જેથી આપને લોકો જોઈ લે[૪] પછી ઈફતાર કરતા રહ્યા ત્યાં સુધી કે મક્કા મોઅઝ્ઝમા આવી ગયા.[૫] અને આ બનાવ રમઝાનમાં હતો.[૬] જેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ સફરમાં રોઝા પણ રાખ્યા છે અને ઈફતાર પણ કર્યો છે. તો જે ચાહે રોઝા રાખે અને જે ચાહે ઈફતાર કરે.[૭]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** ફતહે મક્કાના વરસે. યાદ રાખશો કે નબી કરીમ ﷺએ જંગે બદર તથા ફતહે મક્કાના મોકાઓ પર

રમઝાનમાં સફર કર્યો છે. એ બે સફરો સિવાય અન્ય કદી રમઝાનમાં સફર સાબિત નથી. (મિર્ક઼ાત) એ જે રિવાયતોમાં આવે છે કે અમે એકવાર સખત ગરમીમાં જેહાદના સફરમાં હતા હુઝૂરે અન્વર ﷺના સિવાય અમારામાં કોઈ રોઝાદાર ન હતું. ત્યાં રમઝાનનો ઉલ્લેખ નથી.

**૨.** ઉસ્ફાન, મક્કા મોઅઝ્ઝમાથી મદીના મુનવ્વરાના રસ્તા પર બીજી મંઝિલ છે. મશહૂર જગા છે.

**૩.** اِلٰى એ فِى ના અર્થમાં છે. જેમ કે لَيَجۡمَعَنَّكُمۡ اِلٰى يَوۡمِ الۡقِيٰمَةِ "અને તે જરૂર તમને એકત્ર કરશે ક઼યામતના દિવસે." (સૂરએ નિસાઅ, ૪/૮૭) અને શક્ય છે કે مَعَ ના અર્થમાં હોય, જેમ કે مَنۡ اَنۡصَارِىۡۤ اِلَى اللّٰهِ "હવ્વારીઓએ કહ્યું, અમે ખુદાના દીનના મદદગાર છીએ." (સૂરએ આલે ઈમરાન, ૩/૫૨) અથવા જેમ કે لَا تَاۡكُلُوۡۤا اَمۡوَالَهُمۡ اِلٰۤى اَمۡوَالِكُمۡ "અને તેમના માલ પોતાના માલોમાં મિલાવીને ન ખાય જાવ." (સૂરએ નિસાઅ, ૪/૨) અને શક્ય છે કે عَلٰى ના અર્થમાં હોય. અને બની શકે છે કે પોતાના જ અર્થમાં હોય, એટલે કે અંતિમ હદના માટે. અને અસલ લખાણ આ પ્રમાણે હોય : اِلٰى مَدِّ يَدِهٖ એટલે પાણીનો પ્યાલો પોતાના હાથમાં ઉઠાવ્યો. પોતાના હાથ પર અથવા દસ્તે મુબારકની સાથે પ્યાલો પણ ઉપર ઉઠાવ્યો, અથવા પ્યાલો હાથમાં લઈને હાથ પૂરો ઉંચો કરી આપ્યો. الحمدللّٰه ! ઈબારત (લખાણ)માં કોઈ શંકા નથી.

**૪.** આ લોકોને દેખાડવું માહે રમઝાનની બેહુર્મતી માટે ન હતું બલ્કે લોકોને મસ્અલો બતાવવા માટે હતું, કેમ કે ત્યાં સર્વ મુસાફરો જ હતા. એનાથી જાણવા મળ્યું કે મુસાફર રમઝાનમાં મુસાફરો સાથે જાહેરમાં ખાય શકે છે.

**૫.** અમુક શરહકર્તાઓએ اَفۡطَرَ નો અર્થ એ સમજ્યો કે હુઝૂરે અન્વર ﷺએ રોઝો રાખીને તોડી નાખ્યો એના લીધે તેમણે ફર્માવ્યું કે મુસાફરે રમઝાનમાં રોઝો રાખીને તોડી નાખવો જાઈઝ છે, પણ એ ગલત છે. اَفۡطَرَ નો તે જ અર્થ છે જે ફક઼ીરે (લેખકે) રજૂ કર્યો, નહીં તો હમણા હદીષમાં આવી ગયું કે અમુક સહાબા જેહાદના સફરમાં રોઝાના કારણે બેહોશ થઈને પડી ગયા, એના પર સહાબાએ છાંયડો તો કર્યો પણ હુઝૂરે અન્વર ﷺએ તેમને રોઝો તોડવાની ઈજાઝત નથી આપી.

**૬.** એટલે કે નબી કરીમ ﷺ ફતહે મક્કાના માટે ૨ રમઝાન હિ.સ. ૮માં અસર બાદ મદીના મુનવ્વરાથી રવાના થયા. (મિર્ક઼ાત) અને વીસ રમઝાને મક્કા મોઅઝ્ઝમા ફતહ થયું. અમુક ઈતિહાસકારોએ ૧૦ મી રમઝાને રવાનગી વર્ણવી છે.

**૭.** અમુક શીઆ સફરમાં રોઝાને મુત્લક઼ન્ નજાઈઝ કહે છે, અને આ ક઼ૌલને સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તરફ સંબંધિત કરે છે, પણ એ દુરુસ્ત નથી. હઝરત ઈબ્ને અબ્બાસનો ક઼ૌલ તે છે જે અહીં નક઼લ થયું.

| ★ હદીષ : (૬)-૨૦૨૪ ★ | |
|---|---|
| وَفِي رِوَايَة لُمسلم عَن جَابر رَضِي الله عَنهُ أَنه شرب بعد الْعَصْر | *"મુસ્લિમની રિવાયતમાં હઝરત જાબિરથી આ પ્રમાણે છે કે આપે અસર બાદ પાણી પીધું.[૧]"* |

**૧.** એનો મતલબ એ જ છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો છે કે સરકાર ﷺએ એ દિવસે રોઝો રાખ્યો જ ન હતો, એને અસર બાદ આ રીતે પ્રદર્શિત કર્યું. એ મતલબ નથી કે રોઝો રાખીને તોડી નાખ્યો. હુઝૂરે અન્વર ﷺનું આ પાણી પીવું એક શરઈ મસ્અલાની અમલી તબ્લીગ હતી, ન કે માહે રમઝાનની બેહુર્મતી.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૭)-૨૦૨૫ ★**

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ الْكَعْبِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن اللَّهَ وَضَعَ عَنِ الْمُسَافِرِ شَطْرَ الصَّلَاةِ وَالصَّوْمَ عَنِ الْمُسَافِرِ وَعَنِ الْمُرْضِعِ وَالْحُبْلَى» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

*"હઝરત અનસ ઈબ્ને માલિક કઅબીથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મુસાફરને અડધી નમાઝ માફ કરી આપી[૨] અને રોઝો મુસાફર, દૂધ પીવડાવનારી તથા સગર્ભાથી[૩]"*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** આ અનસ બિન માલિક તે મશહૂર અનસ નથી જે અબૂ તલ્હા અન્સારીના સોતેલા પુત્ર અને હુઝૂરે અન્વર ﷺના ખાસ ખાદિમ છે. તે તો અન્સારી નજ્જારી ખઝરજી છે. ઘણી હદીષોના રાવી છે, બલ્કે આ અનસ ઈબ્ને માલિક, અબ્દુલ્લાહ ઈબ્ને કઅબની ઔલાદથી છે એટલા માટે કઅબી કહેવાય છે. તેમના થકી ઘણી જ ઓછી હદીષો, એટલે કેવળ આ જ મરવી છે. (મિર્કાત) અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે ૨૦ સહાબીઓનાં નામ "અનસ" છે. જેમાંથી બેનાં નામ અનસ ઈબ્ને માલિક છે. એક હુઝૂરે અન્વર ﷺના ખાસ ખાદિમ જે ઘણી બધી હદીષોના રાવી છે, બીજા આ. એમનું રહેઠાણ બસરા રહ્યું.

**૨.** એ રીતે કે **મુસાફર પર નમાઝમાં કસર વાજિબ છે, કેવળ જાઈઝ નથી.** જેમ કે અમે મુસાફિરવાળા પ્રકરણમાં સાબિત કરી ચૂક્યા છીએ, અને અમારી કિતાબ, જાઅલ હક્ક઼ ભાગ–૨માં ઘણી બધી દલીલો સાથે વર્ણવી ચૂક્યા છીએ.

**૩.** એટલે આ ત્રણ શખ્સોનું ત્વરિત વાજિબ હોવું માફ થઈ ચૂક્યું છે, જો ચાહે તો ક઼ઝા કરી દે. યાદ રાખશો કે સગર્ભા તથા દૂધ પીવડાવનારી સ્ત્રી પર પણ રોઝાની ક઼ઝા જ વાજિબ છે, તેણી ફિદિયો નથી આપી શકતી. એ જ આપણે હનફીઓનો મઝહબ છે. એ બંનેવ આ હુકમમાં મુસાફરના જેમ છે. તેમજ એ બંને સ્ત્રીઓને ક઼ઝાની ઈજાઝત ત્યારે છે જ્યારે કે તેણીઓને રોઝાથી પોતાના બાળક માટે ડર હોય. અશિઅહએ ફર્માવ્યું કે માલદાર સ્ત્રી જેનું બાળક દૂધ પીતુ હોય તે બાળકના માટે દૂધ પીવડાવનારી રાખે અને ખુદ રોઝા રાખે.

**★ હદીષ : (૮)-૨૦૨૬ ★**

وَعَنْ سَلَمَةَ بْنِ الْمُحَبَّقِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ كَانَ لَهُ حَمُولَةٌ تَأْوِي إِلَى شِبْعٍ فَلْيَصُمْ رَمَضَانَ من حَيْثُ أَدْرَكَهُ» . رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત સલમા ઈબ્ને મુહબ્બક઼થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેની પાસે સવારી હોય જે તેને તૃપ્તતાની હાલતમાં મંઝિલ સુધી પહોંચાડી આપે[૨] તે રમઝાનના રોઝા રાખે જ્યાં પામે.[૩]" (અબૂ દાઊદ)[૩]*

**૧.** આપ પોતે પણ સહાબી છે અને આપના પુત્ર સનાન ઈબ્ને સલમા પણ સહાબી છે. સનાન મોટા પહેલવાન હતા. ઘણા બધા ગઝવાતમાં હુઝૂરે અન્વર ﷺની સાથે રહ્યા.

**૨.** એટલે કે આરામ તથા રાહતની સાથે મંઝિલ પર ઈફ્તારથી પહેલાં પહોંચી જાય અથવા એનો ખાવા

પીવાનો સામાન સાથે હોય તો તે સફરમાં રોઝો કઝા ન કરે, બલ્કે સર્વ મુસલમાનોની મુવાફિક્તમાં રોઝો રાખે.

**૩.** આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબના હુકમમાં) છે. એટલે કે આરામના સફરમાં રોઝો રાખી લેવો બેહતર છે, કઝા કરી દેવો યોગ્ય નથી. આજકાલ રેલ્વે, મોટર (ફલાઈટના) સફરોમાં તો ખૂબ જ આસાનીઓ છે, આ સફરોમાં રોઝો રાખવો જ સારુ છે.

**૪.** આ હદીષની અસ્નાદમાં અબ્દુસ્સમદ ઈબ્ને હબીબ અઝદી છે, મોટાભાગના મુહદ્દિષોને ત્યાં કવી (મજબૂત) નથી જેથી આ હદીષ ઝઈફ છે, પણ ફઝાઈલે આમાલમાં ઝઈફ હદીષ સ્વીકાર્ય છે, જેવું કે વારંવાર અર્ઝ કરવામાં આવ્યું. અહીં પણ અમલની ફઝીલતનું જ વર્ણન છે. એટલે કે આસાન સફરમાં રોઝો રાખી લેવો બેહતર છે. જેથી સ્વીકાર્ય છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૯)-૨૦૨૭ ★**

عَنْ جَابِرٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ عَامَ الْفَتْحِ إِلَى مَكَّةَ فِي رَمَضَانَ فَصَامَ حَتَّى بَلَغَ كُرَاعَ الْغَمِيمِ فَصَامَ النَّاسُ ثُمَّ دَعَا بِقَدَحٍ مِنْ مَاءٍ فَرَفَعَهُ حَتَّى نَظَرَ النَّاسُ إِلَيْهِ ثُمَّ شَرِبَ فَقِيلَ لَهُ بَعْدَ ذَلِكَ إِنَّ بَعْضَ النَّاسِ قَدْ صَامَ. فَقَالَ: «أُولَئِكَ الْعُصَاةُ أُولَئِكَ الْعُصَاةُ» . رَوَاهُ مُسلم

*"હઝરત જાબિરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફતહના વરસે રમઝાનમાં મક્કા મોઅઝ્ઝમાની તરફ રવાના થયા[1] તો રોઝા રાખતા રહ્યા ત્યાં સુધી કે (الغميم)ગમીમ પહોંચી ગયા[2] લોકો પણ રોઝાદાર રહ્યા. પછી હુઝૂરે પાણીનો પ્યાલો મંગાવ્યો, તેને ઉઠાવ્યો ત્યાં સુધી કે આપને લોકોએ જોયા પછી પીધું.[3] ત્યારબાદ હુઝૂરને અર્ઝ કરવામાં આવ્યું કે અમુક લોકોએ રોઝો રાખી લીધો[4] ફર્માવ્યું કે એ લોકો ગુનેહગાર છે, એ લોકો ગુનેહગાર છે.[5]" (મુસ્લિમ)*

**૧.** ફતહે મક્કાના માટે હુઝૂરે અન્વર ﷺની રવાનગી પણ રમઝાનમાં તથા ફતહ કરવું પણ રમઝાનમાં થયું. જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે.

**૨.** આ મશહૂર જગા છે જે મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મનુવ્વરા વચ્ચે આવેલી છે. ઉસ્ફાનથી ત્રણ માઈલના અંતરે. કેમ કે એ જંગલનો નકશો બકરીની પિંડલીની જેમ છે એટલા માટે એને كراع (કરાઅ) કહેવામાં આવે છે. "ગમીમ" જંગલના અર્થમાં, એટલે બકરીની પિંડલીના નમૂનાનું જંગલ.

**૩.** એટલે કે આજ સુધી રોઝો રાખ્યો અને આજથી ઈફતાર (રોઝા છોડવાનું) કર્યું. એ મતલબ નથી કે આજે રોઝો રાખીને તોડી નાખ્યો, જેવું કે જાહેર છે.

**૪.** એટલે કે સહાબાએ કિરામમાંથી અમુકે તો હુઝૂરે અન્વર ﷺના અમલ પર અમલ કરીને રોઝો ન રાખ્યો અને અમુકે એ ખયાલથી રાખી લીધો કે સફરમાં રોઝો રાખવો જાઈઝ છે ને એ ન સમજી શક્યા કે આ સફરમાં હવેથી રોઝો ન રાખવો એ સુન્નત છે અને રાખવો એ સુન્નત વિરૂધ્ધ છે. સારાંશ કે ખતાએ ઈજતેહાદી થઈ.

**૫.** આ વાક્યની તકરાર તાકીદ બલ્કે તગ્લીઝના માટે છે એટલે આ લોકો યકીનન ! સખત ગુનેહગાર છે, બે કારણોસર : (૧) એક એ કે મારી મૌજૂદગીમાં તેમણે ઈજતેહાદ ન કરવો જોઈતો હતો, બલ્કે ડાયરેક્ટ મને મસ્અલો

પૂછી લેવો જોઈતો હતો, કેમ કે ઈજતેહાદ હદીષ ન મળવા પર થાય છે. (૨) બીજુ એ કે આજથી રોઝો ન રાખવું મારી સુન્નત થઈ ચૂક્યું હતું, જેથી તેમનું રોઝો રાખવું સુન્નત વિરૂધ્ધ થયું અને સુન્નતની મુખાલફત યકીનન ! ગુનોહ છે. ફકીરની આ તકીરીરથી એ વાંધો પણ જતો રહ્યો કે સહાબાએ કિરામ તો ફિસ્કથી પાક છે પછી તે હઝરાત આ ગુનો કેવી રીતે કરી બેઠા ! કેમ કે એ બુઝુર્ગોએ ન તો ગુનાહની નિય્યતથી કામ કર્યું હતું ન બાદમાં એના પર કાયમ રહ્યા. અને ફિસ્કના માટે બંનેવ ચીજો જરૂરી છે. અને એ વાંધો પણ ઉઠી ગયો કે ખતાએ ઈજતેહાદી પર પકડ નથી, અને ન તે ગુનોહ છે. પછી હુઝૂરે અન્વર ﷺએ તેમને ગુનેહગાર કેમ કહ્યા. કેમ કે સરકાર ﷺએ પોતાની મૌજૂદગીમાં તેમના ઈજતેહાદને ગુનોહ ઠરાવ્યો કે તેમણે મારાથી પૂછવું જોઈતું હતું. એ વાંધો પણ ઉઠી ગયો કે સફરમાં રોઝો રાખવો જાઈઝ છે, એના પર એ હઝરાત ગુનેહગાર કેમ થઈ ગયા ? કેમ કે એ સમયથી ઈફતાર કરવું (રોઝો છોડવો) સુન્નત થઈ ગયું હતું, અને સુન્નતની મુખાલફત (વિરૂધ્ધ કરવું) યકીનન ! ગુનોહ છે. યાદ રાખશો કે સુન્નત પર ન હોવું અલગ છે અને સુન્નત વિરૂધ્ધ જવું કાંઈ અલગ છે. અને આ બનાવથી જાણવા મળ્યું કે રોઝા, નમાઝ જાતે પોતે સવાબનો સબબ નથી બલ્કે હુઝૂરે અન્વર ﷺનુ અનુસરણ સવાબનો સબબ છે. જે ઈબાદત આપના અનુસરણથી ખાલી થઈ જાય તે ગુનોહ બની જાય છે. ઈદના દિવસનો રોઝો, સૂરજ નીકળતાં ડૂબતાં નમાઝ પઢવી મના છે એવી જ રીતે હવે એમના (રોઝાદાર સહાબા) માટે રોઝો રાખવું. એના મુજબ થઈ ગયું કે હુઝૂરે અન્વર ﷺના હિજરત કરી જવા પર મક્કા મોઅઝ્ઝમામાં રહેવું ગુનોહ બની ગયું હતું.

**★ હદીષ : (૧૦)-૨૦૨૮ ★**

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ عَوْفٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «صَائِمُ رَمَضَانَ فِي السَّفَرِ كَالْمُفْطِرِ فِي الْحَضَرِ» . رَوَاهُ ابْن مَاجَه

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સફરમાં રમઝાનના રોઝા રાખનાર એવો છે જેવો કે ઘરમાં ઈફતાર કરનાર.[૧]" (ઈબ્ને માજહ)*

**૧.** અહીં اَلسَّفَر માં અલિફ લામ અહદી છે, અને એનાથી એ સફર મુરાદ છે જેમાં રોઝા હલાકત અથવા સખત તકલીફનો સબબ હોય. અથવા તે જેહાદનો સફર મુરાદ છે જેમાં રોઝાદાર જેહાદ કરવાને બદલે અન્ય ગાઝીઓ પર બોજ બની જાય. જેથી આ હદીષ સફરમાં રોઝા રાખવાની હદીષોની વિરૂધ્ધ નથી. એટલે એવો મુસાફિર સફરમાં રોઝો રાખવાથી એવો જ ગુનેહગાર થશે જેવી રીતે ગૈર મુસાફિર ઘરમાં રહીને વિના મજબૂરીએ રોઝા ન રાખવા પર ગુનેહગાર થાય છે.

**★ હદીષ : (૧૧)-૨૦૨૯ ★**

وَعَن حَمْزَة بن عَمْرو السّلمِيّ أَنَّهُ قَالَ: يَا رَسُولَ اللّٰهِ إِنِّي أَجِدُ بِي قُوَّةً عَلَى الصِّيَامِ فِي السَّفَرِ فَهَلْ عَلَيَّ جُنَاحٌ؟ قَالَ: «هِيَ رُخْصَةٌ مِنَ اللّٰهِ عَزَّ وَجَلَّ فَمَنْ أَخَذَ بِهَا فَحَسَنٌ وَمَنْ أَحَبَّ أَنْ يَصُومَ فَلَا جُنَاحَ عَلَيْهِ» . رَوَاهُ مُسلم

*"હઝરત હમ્ઝા ઈબ્ને અમ્ર અસ્લમીથી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું મારામાં સફરમાં રોઝાની શક્તિ ધરાવું છું તો શું મારા પર ગુનોહ છે ? ફર્માવ્યું, એ તો અલ્લાહ عزوجل ની તરફથી રુખસદ છે. જે એને કૂબૂલ કરે તો સારું છે, અને જે રોઝો રાખવું પસંદ કરે એના માટે ગુનોહ નથી.[૧]" (મુસ્લિમ)*

**૧.** આ હદીષ પાછલી હદીષની તફસીર છે કે સફરમાં રોઝા રાખવાની પણ ઈજાઝત છે અને ન રાખવાની પણ. અહીં એક વાંધો છે તે એ કે જાહેરી રીતે માલૂમ પડે છે કે મુસાફરે રોઝો ન રાખવો બેહતર, રાખવો ખિલાફે ઉલા છે, કેમ કે સરકારે ન રાખવાને સારુ કહ્યું, અને રાખવાને لَا جُنَاحَ જવાબ એ છે કે અરબમાં મુસાફરી ખાસ કરીને ગરમીની ૠતુની સામાન્યતઃ મુશ્કેલ હોય છે અને એમાં રોઝો સખત તકલીફનો સબબ હોય છે. અમુક લોકો અંદાઝામાં ગલતી કરીને રોઝો રાખી લેતા હતા અને પછી ઘણી મુસીબત વેઠતા હતા, એટલા માટે ફર્માવવામાં આવ્યું કે આ સંજોગોમાં રોઝો ન રાખવું જ બેહતર છે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી જેમાં રોઝાને અફઝલ ઠરાવવામાં આવ્યો. નહીં તો સામાન્ય સંજાગોમાં સફરની હાલતમાં રોઝો રાખી લેવો જ બેહતર છે.

# બાબુલ કઝા[1] باب القضاء
## (રોઝાની કઝા વિશે)

**૧.** જાહેર એ છે કે કઝાથી રોઝાઓની કઝા મુરાદ છે, જેવું કે આ મોકાથી તથા આવનારી હદીષોથી માલૂમ થઈ રહ્યું છે. યાદ રાખશો કે દરેક ઈબાદતની કઝા ખૂબ જ જલ્દી કરી લેવી જોઈએ, કેમ કે મૌતની ખબર નથી. ત્યાં સુધી કે હૈઝવાળી તથા મુસાફરના પાંચ રોઝા કઝા થઈ ગયા, પછી હૈઝવાળી તથા મુસાફર ઘર આવવાના ત્રણ દિવસ બાદ મૃત્યુ પામ્યાં તો એ ત્રણ દિવસની પકડમાં આવી જશે. રબની પનાહ !

**★ હદીષ : (૧)-૨૦૩૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ يَكُونُ عَلَيَّ الصَّوْمُ مِنْ رَمَضَانَ فَمَا أَسْتَطِيعُ أَنْ أَقْضِيَ إِلَّا فِي شَعْبَانَ. قَالَ يَحْيَى بْنُ سَعِيدٍ: تَعْنِي الشّغل من النَّبِي أَو بِالنَّبِيِّ صلى الله عَلَيْهِ وَسلم

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મારા પર રમઝાનના રોઝા રહેતા હતા[1] તો હું શાબાન સિવાય કઝા કરી શકતી ન હતી[2] યહ્યા ઈબ્ને સઈદે ફર્માવ્યું કે આપની મુરાદ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં મશ્ગૂલિયત છે.[3]''*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** માસિક ગાળા અથવા બીમારીના કારણે રહી જતા હતા. પ્રથમ અર્થ અધિક યોગ્ય છે.

**૨.** એટલે કે હુઝૂરે અન્વર ﷺના હયાત શરીફના જમાનામાં રમઝાનના રોઝાઓની કઝા શાબાનથી પહેલાં કરી શકતી ન હતી. શાબાનમાં કઝા કરતી હતી, કે તે આખરી મહિનો હતો જેના બાદ બીજો રમઝાન શરૂ થતો અથવા માહે શાબાનમાં હુઝૂરે અન્વર ﷺ મોટાભાગે રોઝો રાખતા હતા એટલા માટે હું ફરાગત પામી લેતી હતી.

**૩.** આ વાક્યનો મતલબ છે કે દસ મહિનામાં જે વખતે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર રહેવા માટે તૈયાર રહેતી હતી કે માલૂમ નહીં હુઝૂરે અન્વર ﷺ મને કયા સમયે શર્ફે કુર્બત એનાયત કરે, એટલા માટે રોઝા કઝા કરતી ન હતી. જાણવા મળી રહ્યું છે કે ઉમ્મુલ મો'મિનીન દસ મહિનાઓમાં નફલી રોઝા પણ રાખતાં ન હતાં, જ્યારે ફર્ઝ કઝા કરી શકતાં ન હતાં તો નફલનો સવાલ જ પેદા નથી થતો. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે પતિને હક્ક છે કે એક સ્ત્રીની વારીના દિવસમાં બીજી સ્ત્રી સાથે સોહબત કરે કેમ કે વારી કેવળ રાતના રોકાણની હોય છે ન કે સોહબતની. બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺની ખિદમત અન્ય ઈબાદતોથી અફઝલ છે. જુઓ, હઝરત આઈશા رضی اللہ عنہا હુઝૂરે અન્વર ﷺની ખિદમતના લીધે નફલી રોઝા રાખતાં ન હતાં. હુઝૂરે અન્વર ﷺની વફાત પછી મોટાભાગે રોઝાદાર રહેતાં હતાં. ત્રીજુ એ કે ઉમ્મુલ મો'મિનીનને હુઝૂરે અન્વર ﷺના બતાવી દેવાથી માલૂમ હતું કે હું હુઝૂરે અન્વર ﷺની મૌજૂદગીમાં વફાત પામીશ નહીં. જો આપને આપની વફાતનો સતત ખતરો રહેતો તો આપના પર કઝા ખૂબ જ જલ્દી કરવું જરૂરી થાત. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ હજ ફર્ઝ થવા પર પ્રથમ વરસે હજ ન કરી કેમ કે આપને આપની જિંદગીનું યકીન હતું. પણ આપણા પર ફર્ઝ થતાં જ કરી લેવી જરૂરી છે અને મોડુ કરવું ગુનોહ છે. ચોથુ એ કે એક વરસના રમઝાનની કઝા બીજી રમઝાન આવતા પહેલાં જરૂર કરી લેવી જોઈએ. શાબાનમાં જરૂર કરી લે.

★ હદીષ : (૨)-૨૦૩૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحِلُّ لِلْمَرْأَةِ أَنْ تَصُومَ وَزَوْجُهَا شَاهِدٌ إِلَّا بِإِذْنِهِ وَلَا تَأْذَنَ فِي بَيْتِهِ إِلَّا بِإِذْنِهِ» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કોઈ સ્ત્રીને ન તો એ દુરુસ્ત છે કે જ્યારે તેણીનો પતિ હાજર હોય તો તેની રજા વિના રોઝા રાખે[૧] ન એ કે તેની રજા વિના તેના ઘરમાં કોઈને આવવા દે.[૨]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે પતિ જ્યારે ઘરે હોય તો તેની સ્પષ્ટ અથવા ઉર્ફી ઈજાઝત વિના ન નફલી રોઝા રાખે ન નફલી એ'તેકાફ કરે, કેમ કે પતિને દિવસમાં સોહબત કરવાનો હક્ક છે અને તેણીનો રોઝો અથવા એતેકાફ તે હક્કને રોકી દેશે. જેથી હક્કવાળાથી ઈજાઝત લઈ લે. આ હુકમથી નઝર, મન્નતો તથા રમઝાનના રોઝા અપવાદ છે, કેમ કે તે શરીઅતનો હક્ક છે. જો પત્નીએ પતિની રજા વિના નફલી રોઝો રાખી લીધો તો તે તેણીથી તોડાવીને સોહબત કરી શકે છે, જેની કઝા વાજિબ થશે. એટલા માટે મિશ્કાતના કર્તા આ હદીષ પ્રકરણ "બાબુલ કઝા"માં લાવ્યા. ફકીરની આ તકરીરથી ઘણા બધા વાંધાઓ ઉઠી ગયા અને હદીષ સ્પષ્ટ થઈ ગઈ. યાદ રાખશો કે સ્ત્રીને નફ્લ નમાઝથી મના નથી કરવામાં આવ્યું, કેમ કે તે થોડીવારમાં થઈ જાય છે, એના લીધે પતિનો સોહબતનો હક્ક નથી માર્યો જતો.

**૨.** એટલે કે પતિની નારાજી પર કોઈ પુરૂષ કે સ્ત્રી, અજનબી કે સગાને ઘરમાં આવવાની ઈજાઝત ન આપે. ફકીહો ફર્માવે છે કે પતિ પત્નીને તેણીનાં માબાપથી મળવાથી નથી રોકી શકતો. હા ! તેમને પોતાના ઘરમાં આવવાથી રોકી શકે છે, સ્ત્રી ત્યાં જઈને મળે. એનો માખઝ આ હદીષ છે.

★ હદીષ : (3)-૨૦૩૨ ★

وَعَنْ مُعَاذَةَ الْعَدَوِيَّةِ أَنَّهَا قَالَتْ لِعَائِشَةَ: مَا بَالُ الْحَائِضِ تَقْضِي الصَّوْمَ وَلَا تَقْضِي الصَّلَاةَ؟ قَالَتْ عَائِشَةُ: كَانَ يُصِيبُنَا ذَلِكَ فَنُؤْمَرُ بِقَضَاءِ الصَّوْمِ وَلَا نُؤْمَرُ بِقَضَاءِ الصَّلَاةِ. رَوَاهُ مُسْلِمٌ

*"હઝરત મુઆઝા અદ્વિય્યહથી રિવાયત છે કે તેમણે હઝરત આઈશાથી અર્ઝ કરી કે માસિકવાળી (હાઈઝા)નો શું હાલ છે કે તે રોઝા તો કઝા કરતી અને નમાઝ કઝા નથી કરતી.[૧] હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે એ માહવારી અમને આવતુ હતું તો અમને રોઝાની કઝાનો હુકમ આપવામાં આવતો હતો અને નમાઝની કઝાનો હુકમ આપવામાં આવતો ન હતો.[૨]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે નમાઝ પણ ફર્ઝ છે રોઝા પણ ફર્ઝ અને હૈઝ તથા નિફાસ બંનેવ માટે અવરોધરૂપ છે. તો પછી નમાઝની કઝા કેમ નથી હોતી અને રોઝાની કેમ હોય છે. જાણવા મળ્યું કે **અહકામે શરઈય્યાની અકલી હિકમતો પૂછવું બુરુ નથી. હા ! શરીઅતના હુકમો પર વાંધો કરવો ગુનોહ છે.** ફકીરે (લેખકે) એક કિતાબ લખી "અસ્રારુલ અહકામ" એમાં અહકામે શરીઅત તથા તરીકતની અકલી હિકમતો વર્ણવી છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! કેટલો ઈમાન અફરોઝ જવાબ છે કે મને અકલી હિકમતો સાથે લેવા દેવા નથી, અમે તો હુકમના તાબે છીએ. કેમ કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ રોઝાની કઝાનો હુકમ આપ્યો અને નમાઝની કઝાનો નહીં,

એટલા માટે આ ફરક પડી ગયો. અમારે અકલી હિકમતોથી શું લેવા દેવા ?! બીમાર ડોક્ટરના નુસ્ખા પીવાની કોશિશ કરે છે દવાઓના વજનો વિચારવામાં સમય નથી વેડફતો. ફકીહો ફર્માવે છે કે રોઝાની કઝામાં ઓછાપણુ હોય છે કે વર્ષમાં સાત આઠ રોઝા કઝા કરવા પડે છે એટલા માટે એમાં મુશ્કેલી નથી અને નમાઝની કઝામાં અધિકતા છે કે દર મહિને સાત આઠ દિવસોની દરરોજની પાંચ નમાઝો કઝા કરવી પડતી. એટલે ચાલીસ અમુકને પચાસ નમાઝો કઝા કરવી પડતી, એમાં ઘણી મુશ્કેલી થાત. એટલા માટે નમાઝોની કઝા નથી, રોઝાની છે. واللّٰہ و رسولہ اعلم !

**★ હદીષ : (૪)-2033 ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ مَاتَ وَعَلَيْهِ صَوْمٌ صَامَ عَنْهُ وليه»

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે મરી ગયો અને તેના પર રોઝા હતા તો તેની તરફથી તેનો વલી રોઝા અદા કરે.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જે શખ્સ પર રમઝાન અથવા નઝર (મન્નત)નો રોઝો કઝા થઈ ગયો પછી તેને કઝા કરવાનો મોકો મળ્યો પણ કઝા ન કર્યો કે મરી ગયો તો તેના વલી વારસો તેના તરફથી રોઝા અદા કરી. આપે ઈમામ અહમદને ત્યાં આ પ્રકારના રોઝા રાખી લે, અને બાકી સર્વ ઈમામોને ત્યાં આ રીતના રોઝાઓનો ફિદિયો આપી દે, અમુક કારણો સર : એક એ કે રબ તઆલા ફર્માવે છે : وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ (અને જેને શક્તિ ન હોય તે બદલો આપે એક મિસ્કીનનું ખાણુ. –સૂ. બકરહ, ૨/૧૮૪) જે રોઝાઓની શક્તિ ન ધરાવે તેમના પર ફિદિયો છે અને મૈયત પણ શક્તિ નથી ધરાવતું. **બીજુ** એ કે ખુદ હદીષ શરીફમાં સ્પષ્ટપણે આવ્યું કે الا لایصوم من احدٌ عن احد و لا یصلین احد عن احد કોઈ કોઈની તરફથી ન રોઝા રાખે ન નમાઝ પઢે. જેવું કે આગળ આવી રહ્યું છે. **ત્રીજુ** એ કે ખુદ સહાબાએ કિરામનો ફત્વો એ રહ્યો કે મૈયતની તરફથી રોઝાઓનો ફિદિયો આપવામાં આવે, રોઝો રાખવામાં ન આવે. જુઓ મિર્કાત. ચોથુ એ કે શરઈ કયાસ પણ એ જ ચાહે છે, કેમ કે રોઝાની સરખામણી અધિક મહત્વની તથા જરૂરી છે પણ મૈયતની તરફથી કોઈ નમાઝો નથી પડતું તો રોઝા કેવી રીતે રાખી શકે છે. સર્વ શારીરિક ઈબાદતો પોતે જ કરવી પડે છે, અન્યથી નથી કરાવવામાં આવતી.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૫)-૨૦૩૪ ★**

عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ مَاتَ وَعَلَيْهِ صِيَامُ شَهْرِ رَمَضَانَ فَلْيُطْعَمْ عَنْهُ مَكَانَ كُلِّ يَوْمٍ مِسْكِينٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: وَالصَّحِيحُ أَنه مَوْقُوف على ابْن عمر

*"હઝરત નાફેઅથી રિવાયત છે. તે હઝરત ઈબ્ને ઉમરથી, તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, જે મરી જાય અને તેના પર માહે રમઝાનના રોઝા હોય તો તેની તરફથી દરેક દિવસના બદલામાં એક મિસ્કીનને ખવડાવી દેવામાં આવે[૧] (તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું કે સહીહ એ છે કે આ ઈબ્ને ઉમર પર મૌકૂફ છે.[૨]"*

**૧.** આ હદીષ પાછલી હદીષની તફસીર છે, પણ આ મૌકૂફ હદીષ મરફૂઅના હુકમમાં છે, કેમ કે સહાબાએ

કિરામના તે કથનો જે બુધ્ધિથી પર હોય તે હદીષે મરફૂઅના હુકમમાં હોય છે કે સહાબીએ હુઝૂરે અન્વર ﷺથી સાંભળીને જ ફર્માવ્યું છે, બુધ્ધિની એમાં ગુંજાઈશ નથી.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૬)–૨૦૩૫ ★**

عَنْ مَالِكٍ بَلَغَهُ أَنَّ ابْنَ عُمَرَ كَانَ يُسْأَلُ: هَلْ يَصُومُ أَحَدٌ عَنْ أَحَدٍ أَوْ يُصَلِّي أَحَدٌ عَنْ أَحَدٍ؟ فَيَقُولُ: لَا يَصُومُ أَحَدٌ عَنْ أَحَدٍ. وَلَا يُصَلِّي أَحَدٌ عَنْ أحد. رَوَاهُ فِي الْمُوَطَّأ

*"હઝરત માલિકથી રિવાયત છે. તેમને રિવાયત પહોંચી કે હઝરત ઉમરને પૂછવામાં આવતું કે શું કોઈ કોઈકના તરફથી રોઝા રાખી લે અથવા નમાઝ પઢી લે ? તો ફર્માવતા હતા કે ન કોઈ કોઈની તરફથી રોઝા રાખે અને ન કોઈની તરફથી નમાઝ પઢે.[૧]" (મોઅત્તા)*

**૧.** આ હદીષનું સમર્થન કુર્આની આયતો કરી રહી છે : રબ તઆલા ફર્માવે છે : لَّيْسَ لِلْاِنْسَانِ اِلَّا مَا سَعٰى (માણસ નહીં પામે પણ પોતાની કોશિશ. –સૂ. નજ્મ, ૫૩/૩૯) તથા لَهَا مَا كَسَبَتْ وَ عَلَيْهَا مَا اكْتَسَبَتْ (એનો ફાયદો છે જે સારુ કમાયો અને તેનું નુકસાન છે જે બુરાઈ કમાયો. સૂ. બક્રહ, ૨/૨૮૬) જેનાથી જાણવા મળ્યું કે سعی તથા کسب એટલે શારીરિક ઈબાદતો ખુદ બંદાએ જ કરવી પડશે, બીજા થકી નથી કરાવી શકતો. નિસાઈ શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી તદન આ જ પ્રમાણે ફત્વો નક્લ કર્યો. અબ્દુર્રઝ્ઝાકે હઝરત ઈબ્ને ઉમરથી આ કૌલ નકલ કર્યો. ઈમામ માલિકે ફર્માવ્યું કે મેં કોઈ સહાબી કે તાબઈના વિશે એવુ નથી સાંભળ્યું કે કોઈકે કોઈની તરફથી નમાઝ કે રોઝા અદા કરી આપવાની ઈજાઝત આપી હોય. આ ચર્ચા નમાઝ તથા રોઝામાં નાયબપણાના સંબંધે છે. રહ્યું એ ઈબાદતોનો સવાબ બખ્શવું, એ એકમતીએ અહલે સુન્નતમાં જાઈઝ છે. (મિર્કાત) એની તેહકીક અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ.

## સિયામુત્તતવ્વુઅ[1] صيام التطوع

## (નફલી રોઝા વિશે બયાન)

**૧.** طوع-طوع તત્વુઅ થી બન્યું ખુશી તથા આકર્ષણ (લાલચ)ના અર્થમા. રબ ફર્માવે છે : قَالَتَآ اَتَيۡنَا طَآئِعِيۡنَ (અર્ઝ કરી કે અમે આકર્ષણપૂર્વક હાજર થાય." (સૂ. ફુસ્સિલત, ૪૧/૧૧) નફલી ઈબાદતોને تطوع એટલા માટે કહે છે કે બંદો તે કામ પોતાની ખુશીથી કરે છે, રબ તઆલાએ તેના પર ફર્ઝ નથી કરી. એટલે કે હુઝૂરે અન્વર ﷺ કોઈ મહિનામાં સતત એટલા રોઝા રાખતા કે અમે ગુમાન કરતા અથવા તેને સંબોધનાર તો ગુમાન કરતો કે આ મહિનામાં તદ્દન ઈફતાર નહીં કરે. (રોઝા નહીં છોડે) અને કોઈ મહિનામાં સતત એટલો ઈફતાર કરતા કે જણાતુ કે આ મહિનામાં આપ કોઈ રોઝો રાખશો નહીં. સારાંશ કે નફલી રોઝામાં આપ હમેશગી કરતા ન હતા.

**★ હદીષ : (૧)-૨૦૩૯ ★ (مُتَّفق عَلَيْهِ)**

عَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ حَتّٰى نَقُولَ: لَا يُفْطِرُ وَيُفْطِرُ حَتّٰى نَقُولَ: لَا يَصُومُ وَمَا رَأَيْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اسْتَكْمل صِيَام شهر قطّ إِلَّا رَمَضَانَ وَمَا رَأَيْتُهُ فِي شَهْرٍ أَكْثَرَ مِنْهُ صِيَامًا فِي شَعْبَانَ وَفِي رِوَايَةٍ قَالَتْ: كَانَ يَصُوم شعْبَان كُله وَكن يَصُوم شعْبَان إِلَّا قَلِيلا

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ રોઝા રાખતા રહેતા ત્યાં સુધી કે અમે કહેતા, ઈફતાર કરશે નહીં. અને ઈફતાર કરતા રહેતા ત્યાં સુધી કે રોઝા રાખશે નહીં. અને મેં રસૂલુલ્લાહ ﷺ ને ન જોયા કે રમઝાન સિવાય કોઈ મહિનાના પૂરા રોઝા રાખ્યા હોય[1] અને મેં હુઝૂરને શાબાન કરતાં અધિક કોઈ મહિનામાં રોઝા રાખતા નથી જોયા.[2] એક રિવાયતમાં છે, ફર્માવે છે કે લગભગ પૂરા શાબાનના રોઝા રાખતા હતા અને સિવાય અમુક દિવસોના, સર્વ શાબાનના રોઝા રાખતા હતા.[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ કુલ્લી હુકમ છે જેનાથી કોઈ મહિનો અપવાદ નથી કે સરકાર ﷺએ માહે રમઝાન સિવાય કોઈ મહિનાના પૂરેપૂરા રોઝા કદી નથી રાખ્યા.

**૨.** એટલે કે આપ રમઝાનના સિવાય બાકીના સર્વ મહિનાઓમાં જરૂરથી રોઝા રાખતા હતા, પણ શબાનમાં અધિક રાખતા હતા. اَكْثَرَ فِیْ شَهْرٍ ની ઝમીરથી હાલ છે અને مِنْهُ فِیْ شَعْبَانَ ની ઝમીરથી હાલ અથવા એ બંને ઝર્ફ છે.

**૩.** આ લખાણનું બીજુ વાક્ય પ્રથમ વાક્યની તફસીર છે, એટલે કે પૂરા શાબાનથી મુરાદ લગભગ પૂરો શાબાન છે. કેમ કે શાબાન રમઝાનનો પડોશી છે એટલા માટે તે પણ હુર્મતવાળો છે. તેમજ આ મહિનામાં રમઝાનની ઈબાદતોની તૈયારી કરવી જોઈએ. એટલા માટે એ મહિનામાં નફલી નમાઝ, રોઝા ખૂબ જ અધિક પ્રમાણમાં અદા કરવા બેહતર છે.

★ હદીષ : (૨)-૨૦૩૭ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ شَقِيقٍ قَالَ: قُلْتُ لِعَائِشَةَ: أَكَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُوم شهرا كُله؟ قَالَ: مَا عَلِمْتُهُ صَامَ شَهْرًا كُلَّهُ إِلَّا رَمَضَانَ وَلَا أَفطرَهُ كُلَّهُ حَتَّى يَصُومَ مِنْهُ حَتَّى مضى لسبيله. رَوَاهُ مُسلم

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શકીક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં હઝરત આઈશા رضی اللہ عنہا થી કહ્યું કે શું નબી કરીમ ﷺ કોઈ મહિનાના પૂરા રોઝા પણ રાખતા હતા ?[1] બોલ્યાં, મને ખબર નથી કે રમઝાન સિવાય કોઈ અન્ય પૂરા મહિનાના રોઝા રાખ્યા હોય અથવા કોઈ મહિનો પૂરો ઈફતાર કર્યો હોય, દરેક મહિનામાં અમુક રોઝા રાખતા હતા[2] ત્યાં સુધી કે પોતાના માર્ગે તશરીફ લઈ ગયા.[3]" (મુસ્લિમ)*

**૧.** કેમ કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ખાસ રીતે હુઝૂર ﷺનાં હમદમ તથા હમરાઝ હતાં અને આપના દરેક હાલ પર નિગાહ રાખતાં હતાં. સાથોસાથ મહાન ફકીહ તથા આલિમા પણ હતાં, એટલા માટે હુઝૂરે અન્વર ﷺના આંત્રિક તથા બાહ્ય હાલાત અધિકતર આપને જ પૂછવામાં આવતા હતા.

**૨.** حَتّٰی یَصُوْمَ માં حَتّٰی અર્થમાં છે. એટલે કે કોઈ મહિનામાં સર્વ દિવસો રોઝા નથી છોડયા જેથી દરેક મહિનામાં અમુક દિવસો રોઝા રાખવું સુન્નત બને. અને શક્ય છે કે حَتّٰی અંતિમની હદનું હોય. પણ એમાં ખૂબ જ તકલીફ છે. *(મિર્કાત)*

**3.** حَتّٰی ત્રણ વાક્યોની સીમા (હદ) છે અને પોતાના માર્ગે તશરીફ લઈ જવાથી મુરાદ વફાત પામવું છે.

★ હદીષ : (3)-૨૦૩૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَّهُ سَأَلَهُ أَوْ سَأَلَ رَجُلًا وَعِمْرَانَ يَسْمَعُ فَقَالَ: «يَا أَبَا فُلَانٍ أَمَا صُمْتَ مِنْ سَرَرِ شَعْبَانَ؟» قَالَ: لَا قَالَ: «فَإِذَا أَفْطَرْتَ فَصُمْ يَوْمَيْنِ»

*"હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺએ તેમને પૂછયું અથવા કોઈ અન્યને પૂછયું અને ઈમરાન સાંભળી રહ્યા હતા, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હે અબૂ ફલાં ! શું તમે શાબાન મહિનાના છેવટના રોઝા ન રાખ્યા ?[1] તે બોલ્યા, નહીં ! ફર્માવ્યું, જ્યારે એ રોઝા રાખી ચૂકો તો બે દિવસ રોઝા રાખી લેજો.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** سرر તથા اسرار મહિનાઓના શરૂના દિવસોને પણ કહે છે, દરમિયાનીને પણ અને છેવટનાને પણ કહે છે, પણ અધિકતર આખરી રાતને કહેવામાં આવે છે. કેમ કે એમાં ચાંદ તદ્દન છુપાયેલો હોય છે અમુક લોકોએ અહીં શરૂ કે દરમિયાનીને પણ અને છેવટનાને પણ કહે છે, પણ અધિકતર આખરી રાતને કહેવામાં આવે છે. કેમ કે એમાં ચાંદ તદ્દન છુપાયેલો હોય છે અમુક લોકોએ અહીં શરૂ કે દરમિયાની મહિનો મુરાદ લીધો છે, કેમ કે શાબાનની અંતિમ તારીખમાં રોઝા મના છે, જેમ કે વર્ણન થઈ ચૂક્યું પણ લમ્આત, અશિઅતુલ લમ્આત, મિર્કાત વગેરેએ ફર્માવ્યું કે અહીં આખરીના અર્થમાં જ છે. એ સાહબ દર મહિનાને અંતે રોઝો રાખવાના આદી હતા અથવા એની મન્નત માની ચૂક્યા હતા, પણ હુઝૂરે અન્વર ﷺની મનાઈ સાંભળીને તેમણે શાબાનના છેવટમાં રોઝો ન રાખ્યો, ત્યારે હુઝૂર ﷺએ આવું ફર્માવ્યું.

**★ હદીષ : (૪)-૨૦૩૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«أَفْضَلُ الصِّيَامِ بَعْدَ رَمَضَانَ شَهْرُ اللَّهِ الْمُحَرَّمِ وَأَفْضَلُ الصَّلَاةِ بَعْدَ الْفَرِيضَةِ صَلَاةُ اللَّيْلِ».رَوَاهُ مُسلم

*'હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે રમઝાન બાદ અફઝલ રોઝા અલ્લાહના મહિના મુહર્રમના છે[૧] અને ફર્ઝ પછી અફઝલ નમાઝ રાતની નમાઝ છે.[૨]" (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે મુહર્રમથી મુરાદ આશૂરાનો દિવસ છે ન કે પૂરો મુહર્રમ. નબી કરીમ صلی اللہ علیہ وسلم શાબાનના રોઝા અધિક પ્રમાણમાં રાખ્યા કરતા હતા, કેમ કે આશૂરાનો દિવસ મુહર્રમમાં આવેલો છે અને **આશૂરામાં ઘણા મહત્વના બનાવો બની ચૂકેલા છે જેમ કે : આદમ علیہ السلام ની તૌબાની કૂબૂલિયત, નૂહ علیہ السلام ની કશ્તીનુ જૂદી પહાડ પર રોકાવું, યાકૂબ علیہ السلام નું પોતાના ફરઝંદ યૂસુફ علیہ السلام થી મળવું, ફિરઔનનું ડૂબી જવું અને મૂસા علیہ السلام ની નજાત, ઐયૂબ علیہ السلام ની શિફા, યૂનુસ علیہ السلام નું માછલીના પેટથી બહાર આવવું વગેરે** બનાવો આશૂરાના દિવસે જે બન્યા. બાદમાં ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદત થઈ અને કયામતનું આવવું એ જ દિવસે થનાર છે. એટલા માટે પૂરા મુહર્રમને "અલ્લાહનો મહિનો" ફર્માવવામાં આવ્યો. એટલે અલ્લાહના મહબૂબોનો મહિનો કે અલ્લાહના બંદાઓનો થઈ જશે તે અલ્લાહનો થઈ જાય છે. અને જે દિવસ અથવા જે મહિનામાં કોઈ મહત્વનું કામ થયું હોય એમાં ઈબાદતો કરવી બેહતર છે, જેથી રબી ઉષ્માનીની ગ્યારવીં, રબીઉલ અવ્વલની બારહવીં, રજબની ૨૭મી એ અફઝલ તારીખો છે અને એમનામાં ઈબાદત, રોઝા, નવાફિલ, મીલાદ શરીફ વગેરે કરવી ખૂબ જ બેહતર છે. આ હદીષ ઘણા બધા સૂફિયાણા તથા આલિમાના મસાઈલનો માખઝ છે. સૂફિયાએ કિરામ ઘણા અમલોની ઝકાત આશૂરાના દિવસે અદા કરે છે. તેની તેહકીક અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ.

**૨.** ફર્ઝથી મુરાદ પંજગાના નમાઝ છે સુન્નતે મોઅક્કદા તથા વિત્રના સહિત. અને રાતની નમાઝથી મુરાદ તહજ્જુદ છે એટલે કે ફર્ઝો, વિત્ર તથા સુન્નતે મોઅક્કદા પછી દરજ્જો તહજ્જુદની નમાઝનો છે. કેમ ન હોય કે એ નમાઝમાં તકલીફ પણ વધારે છે અને ખાસ હુઝૂરી પણ ગાલિબ. એ નમાઝ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم પર ફર્ઝ હતી. રબ તઆલા ફર્માવે છે : وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ (અને રાતના અમુક હિસ્સામાં તહજ્જુદ કરો, આ ખાસ તમારા માટે અધિક છે. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૯) રબ તઆલાએ તહજ્જુદ પઢનારાઓના ઘણા ફઝાઈલ વર્ણવ્યા. تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ (તેમની કરવટો (પાસાં) અલગ થાય છે સૂવાના સ્થળોએથી. –સૂ. સજદા, ૩૨/૧૬) અને ફર્માવે છે : وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا (અને તેઓ રાત પસાર કરે છે પોતાના રબના માટે સજદા તથા કયામતમાં. –સૂ. ફુર્કાન, ૨૫/૬૪) વગેરે. **ફકીર (લેખક)ની વસિયત છે કે દરેક મુસલમાન હમેશાં તહજ્જુદ પઢે અને એ નમાઝનો સવાબ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં હદિયો કરી દીધા કરે બલ્કે તેમના તરફથી અદા કરવામાં આવે, ઈન્શા અલ્લાહ ! ત્યાંથી ઘણુ બધુ મળશે.**

**★ હદીષ : (૫)-૨૦૪૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: مَا رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ન જોયા કે આપ કોઈ દિવસના રોઝાઓને અન્ય દિવસો પર*

وَسَلَّمَ يَتَحَرَّى صِيَامَ يَوْمٍ فَضَّلَهُ عَلَى غَيْرِهِ إِلَّا هَذَا الْيَوْمَ: يَوْمَ عَاشُورَاءَ وَهَذَا الشَّهْرُ يَعْنِي شَهْرَ رَمَضَانَ

*બુઝુર્ગી આપીને તલાશ કરતા હોય[1] કે સિવાય આ દિવસ, એટલે આશૂરાના દિવસ. મને આ મહિનામાં એટલે માહે રમઝાનના.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે એને ખૂબ જ બેહતર પણ સમજતા હોય અને અતિશ્યોક્તિ સાથે તેની શોધ પણ કરતા હોય, અને વરસભર સુધી તેની રાહ જોતા હોય. એટલે આપનું રાહ જોવું તથા તલાશ કરવું આકસ્મિક ન હતું બલ્કે તેને સૌથી અફઝલ વર્ણવવું હતું.

**૨.** હુઝૂરે અન્વર ﷺ સર્વ દિવસોમાં આશૂરાના દિવસને ખૂબ જ અફઝલ જાણતા હતા અને મહિનાઓમાં રમઝાનના મહિનાને. આશૂરાની અઝફલિયતના કારણો હમણા વર્ણન કરવામાં આવ્યાં. માહે રમઝાન કુર્આનના નુઝૂલનો મહિનો છે. એમાં શબે કૃદ્ર હજાર મહિનાઓથી અફઝલ છે. તેનો આખરી દસકો એ'તેકાફનો જમાનો છે. આ મહિનામાં જિબ્રઈલે અમીન નબી કરીમ ﷺની સાથે કુર્આને કરીમનો દોર કર્યા કરતા હતા. તેમજ આ મહિનામાં દોઝખ બંધ રહે છે, જન્નતના દરવાજા ખુલ્લા રહે છે, શૈતાનો કેદ થઈ જાય છે, એટલા માટે આ મહિનો અન્ય મહિનાઓથી અફઝલ છે. યાદ રાખશો કે કુરેશ આશૂરાનો રોઝો રાખતા હતા અને હિજરતથી પહેલાં હુઝૂર ﷺનો પણ એ જ અમલ હતો. હિજરત પછી ઈસ્લામમાં એ દિવસનો રોઝો ફર્ઝ થયો, પછી રમઝાનની ફર્ઝિયતથી એ રોઝાનું ફર્ઝ હોવું તો મન્સૂખ થઈ ગયું પણ સુન્નત હોવું તથા મુસ્તહબ હોવું આજે પણ બાકી છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે રોઝો આશૂરાનો અફઝલ અને દિવસ અરફાનો અફઝલ એટલે નવમી ઝિલ હજ્જ કેમ કે તે હજનો દિવસ છે. જેથી આ હદીષ અરફાની અફઝલિયતની હદીષ વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૬)-૨૦૪૧ ★**

وَعَن ابْنِ عَبَّاسٍ قَالَ: حِينَ صَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ عَاشُورَاءَ وَأَمَرَ بِصِيَامِهِ قَالُوا: يَا رَسُولَ اللَّهِ إِنَّهُ يَوْمٌ يُعَظِّمُهُ الْيَهُودُ وَالنَّصَارَى. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَئِنْ بَقِيتُ إِلَى قَابِلٍ لأصومن التَّاسِعِ» . رَوَاهُ مُسلم

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, જ્યારે રસૂલુલ્લાહ ﷺએ આશૂરાના દિવસે રોઝો રાખ્યો અને તેના રોઝાનો હુકમ આવ્યો[1] તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺઆ તે દિવસ છે જેની યહૂદી તથા ઈસાઈ તાઝીમ કરે છે[2] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો અમે આવતા વરસે ઝિંદા રહ્યા તો નવમી મુહર્રમનો પણ રોઝો રાખીશું.[3]" (મુસ્લિમ)*

**૧.** પ્રથમ વાજિબ હોવાનો હુકમ આપ્યો અને રમઝાનની ફર્ઝિયત પછી મુસ્તહબ હોવાનો. પ્રસંગ એ બન્યો કે હુઝૂરે અન્વર ﷺએ હિજરત બાદ મદીનાના યહૂદીઓને રોઝો રાખતા જોયા તો તેમને તેનું કારણ પૂછયું. તેઓ બોલ્યા કે આ દિવસે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને ફિરઔનથી નજાત આપી કે તેને ડૂબાડી દીધો. સરકાર ﷺએ ફર્માવ્યું : نَحْنُ اَحَقُّ بِمُوْسٰی مِنْكُمْ તમારી સરખામણીમાં મૂસા علیہ السلامનો અમારા પર અધિક હક્ક છે. આવું ફર્માવીને આશૂરાનો રોઝો મુસલમાનો પર ફર્ઝ કરી આપ્યો. પછી રમઝાનના રોઝા ફર્ઝ થવાથી તેની ફર્ઝિયત તો મન્સૂખ થઈ ગઈ પણ હુઝૂર મુસ્તહબરૂપે પોતે પણ આ રોઝો રાખતા રહ્યા અને સહાબાને પણ હુકમ આપતા રહ્યા. ત્યારે એ બનાવ ઉપસ્થિત થયો જે અહીં વર્ણન થયો છે.

**૨.** જેથી જો આપણે પણ આશૂરાની તાઝીમ કરીશું તો અહલે કિતાબથી મુશાબેહત થઈ જશે, અને કાફિરો

સાથે મુશાબેહત ઈસ્લામમમાં હરામ છે. આ આ વાતચીત હિ.સ. ૧૦માં થઈ.

**૩.** એટલે કે યહૂદી તથા નસારાની મુશાબેહતથી એ રીતે બચી જઈશું કે તેઓ કેવળ એક રોઝો રાખે છે અને આપણે નવમી મુહર્રમનો પણ રોઝો રાખીને બે કરી લીધા કરીશું, એટલે કે મુશાબેહત (મળતાપણા)ના ડરથી નેકી બંધ ન કરીશું બલ્કે તેમાં વધારો કરીને ફરક કરી દીધા કરીશું. પણ હુઝૂરે અન્વર ﷺ આગલા વરસ સુધી રહ્યા નહીં બલ્કે એ જ વરસે રબીઉલ અવ્વલમાં વફાત પામી ગયા. ફક઼ીહો ફર્માવે છે કે હવે સુન્નત એ જ છે કે આશૂરાના બે રોઝા રાખે. ક઼ૌલી સુન્નત તો સ્પષ્ટપણે છે અને ફેઅલી સુન્નત ઈરાદા રૂપે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે **બુઝુર્ગોની યાદગારો ક઼ાયમ કરવી શિર્ક તથા હરામ નથી** બલ્કે ઈસ્લામનો રુકન છે. નમાઝ પંજગાનાની રકાતો, બક્ર ઈદની નમાઝ તથા કુર્બાની અને હજના સર્વ અરકાન અબિયા عَلَيْهِمُ السَّلَامُની યાદગારો જ છે. જુઓ અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ–૧, જેથી ઉર્સ, મીલાદ શરીફ, ગ્યારહવીં પાક સૌ અફઝલ ચીજો છે. **બીજુ** એ કે **હુઝૂરે અન્વર ﷺ અલ્લાહના હુકમથી અહકામના "માલિક" તથા "મુખ્તાર" છે.** આશૂરાના રોઝાની કોઈ આયત મૌજૂદ નથી. હુઝૂરે અન્વર ﷺએ જ્યારે ચાહ્યું તો ફર્ઝ થઈ ગયો અને જ્યારે ચાહ્યું મુસ્તહબ રહી ગયો. **ત્રીજુ** એ કે હદીષ કુર્આનથી મન્સૂખ થઈ શકે છે. જુઓ આશૂરાનો રોઝો હદીષથી સાબિત હતો અને તેનો નસ્ખ (મન્સૂખ થવું) રમઝાનથી થયું જે કુર્આનથી સાબિત છે. **ચોથુ** એ કે કાફિરો સાથે દરેક સરખામણી બરાબર નથી, બલ્કે બુરી વાતોમાં અથવા એ ચીજોમાં સરખામણી હરામ છે જેને ઈસ્લામે તેમની મજબૂત તથા ધાર્મિક નિશાની ઠરાવી દીધી હોય. સરખામણી (મળતાપણુ) તથા ભાગીદારી (ઈશ્તેરાક)માં ઘણો ફરક છે. જુઓ હિ.સ. ૧૦ સુધી હુઝૂરે અન્વર ﷺએ આશૂરાનો એક જ રોઝો રાખ્યો અને સહાબાના અર્ઝ કરવા પર પણ એ રોઝાને હરામ ન કહ્યો. **પાંચમુ** એ કે થોડા ફરકથી સરખાપણુ ઉઠી જાય છે. સરખાપણાના બહાનાથી ઈબાદતો બંધ ન કરો. આ પરથી તે લોકો સબક લે જેઓ મીલાદ શરીફને કનૈયાના જન્મ સાથે અને નિયાઝ ફાતિહાને શ્રાધ સાથે સરખાવીને હરામ કહે છે. (મઆઝલ્લાહ !) અલ્લાહ સાચી સમજ અતા ફર્માવે. **છઠ્ઠુ** એ કે હુઝૂર ﷺને પોતાની વફાતનો ઈલ્મ હતો કે એ વરસે થઈ જશે એટલા માટે કેવળ એ મોક઼ા પર "જો" ફર્માવ્યું, આ "જો" પોતાના શકના માટે ન હતું બલ્કે અન્ય લોકોને શંકામાં રાખવા માટે કહ્યું. રબ તઆલા ફર્માવે છે : اِنْ يَّعْلَمِ اللّٰهُ فِيْ قُلُوْبِكُمْ خَيْرًا (અલ્લાહે તમારા દિલમાં ભલાઈ જાણી તો...... સૂ. અન્ફાલ, ૮/૭૦)

**★ હદીષ : (૭)-૨૦૪૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أُمِّ الْفَضْلِ بِنْتِ الْحَارِثِ: أَنَّ نَاسًا تَمَارَوْا عِنْدَهَا يَوْمَ عَرَفَةَ فِي صِيَامِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ بَعْضُهُمْ: هُوَ صَائِمٌ وَقَالَ بَعْضُهُمْ: لَيْسَ بِصَائِمٍ فَأَرْسَلْتُ إِلَيْهِ بقدح لبن وَهُوَ وَاقِف عل بعيره بِعَرَفَة فشربه

*"ઉમ્મુલ ફઝ્લ બિન્તે હારિષ رَضِيَ اللّٰهُ عَنْهَا થી રિવાયત છે[1] કે કેટલાક લોકોએ તેમની પાસે અરફાના દિવસે હુઝૂર ﷺના રોઝાના વિશે ચર્ચા કરી. અમુકે કહ્યું કે હુઝૂર રોઝાદાર છે અને અમુકે કહ્યું કે હુઝૂર રોઝાદાર નથી[2] તો ઉમ્મુલ ફઝ્લે એક પ્યાલો દૂધ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં મોકલ્યો જ્યારે કે આપ અરફાતમાં હતા, પોતાના ઊંટ પર બિરાજમાન હતા, તો આપે પી લીધુ.[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** આપનું નામ લબાબા છે. હઝરત અબ્બાસનાં પત્ની, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા ફઝ્લ ઈબ્ને અબ્બાસનાં વાલિદા છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂનાનાં બહેન છે. આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા.

**૨.** આ બનાવ હજ્જતુલ વિદાઅમાં અરફાના દિવસે થયો. જ્યારે હુઝૂરે અન્વર ﷺ અરફાતમાં રોકાયેલા હતા. યાદ રાખશો કે અહીં صیام મસ્દર છે બહુવચન નથી, જેમ કે કયામ કદીક મસ્દર છે કદીક બહુવચન. صوم صیامનું બહુવચન પણ આવે છે અને صائمનું પણ, અને મસ્દર પણ.

**૩.** સુબ્હાનલ્લાહ ! ઉમ્મુલ ફઝ્લની ફરાશત (નૂરાની દૃષ્ટિ) પર કુર્બાન જાવ કે આપે ખૂબ જ સરળતાપૂર્વક તેમનો ઝઘડો ખત્મ કરી આપ્યો અને દૂધ મોકલ્યું, કેમ કે તે હુઝૂર ﷺને અધિક પ્રિય હતું. ફકીહો ફર્માવે છે કે અરફાનો રોઝો ગૈર હાજી માટે સુન્નત છે, હાજી માટે સુન્નત નથી, બલ્કે એવા કમજોરને જે રોઝો રાખીને હજના અરકાન અદા ન કરી શકે તેના માટે મકરૂહ છે. અને હુઝૂરે અન્વર ﷺનું ઊંટ પર દૂધ પીવું તેને પ્રદર્શિત કરવા માટે હતું.

**★ હદીષ : (૮)-૨૦૪૩ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: مَا رَأَيْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَائِما فِي الْعشْر قطّ. رَوَاهُ مُسلم

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને બક઼ ઈદના દસ દિવસોમાં કદી રોઝા રાખતા નથી જોયા.[૧]'' (મુસ્લિમ)*

**૧.** એમાં ઉમ્મુલ મો'મિનીન પોતાના ઈલ્મની નફી (નકાર) કરી રહેલ છે, ન કે અસલ રોઝાની. આ હદીષ નિસાઈની આ રિવાયતની વિરૂધ્ધ નથી કે આપ નવમી બક઼ ઈદે રોઝો રાખેલ હતા. તેમજ સરકાર ﷺએ ફર્માવ્યું કે **બક઼ ઈદના પહેલા દસકાનો દરેક રોઝો એક વરસના રોઝાઓના બરાબર છે. અને એમાં દરેક રાતમાં ક઼યામ (નફ્લો પઢવા) ''શબે ક઼દ્ર''ના ક઼યામ બરાબર છે.** ઈમામ ગઝાલી ફર્માવે છે કે રમઝાન બાદ બક઼ ઈદથી પહેલાં અશરા (દસ દિવસ)ની ઈજ્જત છે. યાદ રાખશો કે જો નફી (નકાર) અને સાબિતીની હદીષોમાં ટકરાવ હોય તો સબૂતવાળી હદીષોને અગ્રતા આપવી જોઈએ. *(મિર્કાત)*

**★ હદીષ : (૯)-૨૦૪૪ ★**

وَعَنْ أَبِي قَتَادَةَ: أَنَّ رَجُلًا أَتَى النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ كَيْفَ تَصُومُ فَغَضِبَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ قَوْله. فَلَمَّا رأى عمر رَضِي الله عَنْهُم غَضَبَهُ قَالَ رَضِينَا بِاللّٰهِ رَبًّا وَبِالْإِسْلَامِ دِينًا وَبِمُحَمَّدٍ نَبِيًّا نَعُوذُ بِاللّٰهِ مِنْ غَضَبِ اللّٰهِ وَغضب رَسُوله فَجعل عمر رَضِي الله عَنْهُم يُرَدِّدُ هَذَا الْكَلَامَ حَتَّى سَكَنَ غَضَبُهُ فَقَالَ عمر يَا رَسُول الله كَيفَ بمن يَصُومُ الدَّهْرَ كُلَّهُ قَالَ: «لَا صَامَ وَلَا أَفْطَرَ» . أَوْ قَالَ: «لَمْ يَصُمْ وَلَمْ يُفْطِرْ» . قَالَ كَيْفَ مَنْ يَصُومُ يَوْمَيْنِ وَيُفْطِرُ يَوْمًا قَالَ: «وَيُطِيقُ ذَلِكَ أَحَدٌ» . قَالَ

*''હઝરત અબૂ ક઼તાદાથી રિવાયત છે કે એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, આપ રોઝા કેવી રીતે રાખો છો ? તો એની વાતથી હુઝૂર ﷺ નારાજ થયા[૧] જ્યારે હઝરત ઉમરે આપની નારાજી જોઈ તો અર્ઝ કરી, અમે અલ્લાહની રબૂબિયત (રબ હોવું), ઈસ્લામના દીન હોવા પર અને મુહમ્મદ મુસ્તફા ﷺના નબી હોવા પર રાજી છીએ. અમે અલ્લાહ વ રસૂલના ગઝબથી અલ્લાહની પનાહ માગીએ છીએ[૨] હઝરત ઉમર એ વારંવાર કહેતા રહ્યા, ત્યાં સુધી કે હુઝૂરની નારાજી જતી રહી.[૩] પછી હઝરત ઉમરે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ જે આખુ જીવન રોઝા રાખે તે કેવો ? ફર્માવ્યું, ન તેણે રોઝા રાખ્યા, ન ઈફતાર કર્યો. અથવા ફર્માવ્યું, ન રોઝા રાખી શક્યો અને ન ઈફતાર કરી શક્યો[૪] અર્ઝ કરી, જે બે દિવસ*

كَيْفَ مَنْ يَصُوم يَوْمًا وَيفطر يَوْمًا قَالَ: «ذَاكَ صَوْم دَاوُد عَلَيْهِ السَّلَام» قَالَ كَيْفَ مَنْ يَصُومُ يَوْمًا وَيُفْطِرُ يَوْمَيْنِ قَالَ: «وَدِدْتُ أَنِّي طُوِّقْتُ ذَلِكَ» . ثُمَّ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ثَلَاث مِنْ كُلِّ شَهْرٍ وَرَمَضَانُ إِلَى رَمَضَانَ فَهَذَا صِيَامُ الدَّهْرِ كُلِّهِ صِيَامُ يَوْم عَرَفَةَ أَحْتَسِبُ عَلَى اللَّهِ أَنْ يُكَفِّرَ السَّنَةَ الَّتِي قَبْلَهُ وَالسَّنَةَ الَّتِي بَعْدَهُ وَصِيَامُ يَوْم عَاشُورَاءَ أَحْتَسِبُ عَلَى اللَّهِ أَنْ يُكَفِّرَ السَّنَةَ الَّتِي قَبْلَهُ» . رَوَاهُ مُسلم

*રોઝા રાખે અને એક દિવસ ઈફતાર કરે (રોઝો છોડે) તે કેવો ? ફર્માવ્યું, શું કોઈ એની શક્તિ ધરાવે છે ?[૫] અર્ઝ કરી, જે એક દિવસ રોઝો રાખે અને એક દિવસ ઈફતાર કરે તે કેવો છે ? ફર્માવ્યું, એ દાઊદ عليه السلام ના રોઝા છે.[૬] અર્ઝ કરી, જે એક દિવસ રોઝો રાખે અને બે દિવસ ઈફતાર કરે તે કેવો ? ફર્માવ્યું, મારી તમન્ના છે કે મને એ શક્તિ મળતી.[૭] પછી ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ દરેક મહિનામાં ત્રણ દિવસના રોઝા અને રમઝાનથી રમઝાન સુધીના રોઝા આખા જીવનના રોઝા છે.[૮] અરફાના દિવસનો રોઝો, મને અલ્લાહના કરમ પર ઉમ્મીદ છે કે એક વરસ આગલા અને એક વરસ પાછલાનો કફ્ફારો બની જાય છે[૯] અને આશૂરાના દિવસનો રોઝો મને અલ્લાહના કરમ પર ઉમ્મીદ છે કે પાછલા વરસનો કફ્ફારો બનાવી દે." (મુસ્લિમ)*

**૧.** અમુક કારણોસર એ નારાજી થઈ : એક એ કે સવાલમાં બેઅદબીનો અણસાર છે. પ્રશ્નકર્તાએ જોઈએ કે પોતાના વિશે સવાલ કરે ન કે મુફતીના બારામાં. તેમણે પૂછવું જોઈતુ હતું કે હું કેવી રીતે રોઝા રાખ્યા કરું. બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺના હાલાત વિવિધ હતા, આપ કદીક અધિક રોઝા રાખતા હતા કદીક ઓછા. જેથી જવાબ મુશ્કેલ હતો. ત્રીજુ એ કે ઘણા બધા નેક અમલો હુઝૂરે અન્વર ﷺ છોડી આપતા હતા જેથી ઉમ્મતને મુશ્કેલી ન પડે, તેમના પર આસાની રહે. ચોથુ એ કે હુઝૂરે અન્વર ﷺ ઈસ્લામની તબ્લીગ, પત્નીઓના હક્ક તથા સલ્તનતની વ્યવસ્થા, મહેમાનોની આગતા સ્વાગતામાં અધિક વ્યસ્ત રહેતા હતા જેના કારણે રોઝા ક્યારેક ઓછા રાખતા હતા. પાંચમુ એ કે હુઝૂરે અન્વર ﷺને થોડા અમલો પર તે સવાબ મળતો હતો જે અન્યોને અધિક અમલો પર પણ નથી મળતો. શક્ય હતું કે તે સાઈલ હુઝૂરે અન્વર ﷺના રોઝા સાંભળીને તેને ઓછા સમજયો જેવું કે અમુક લોકોએ હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا હુઝૂરે અન્વર ﷺની ઈબાદતો વિશે સાંભળીને તેમને ઓછી જાણી. *(મિર્કાત તથા અશિઅહ તથા લમ્આત)*

**૨.** એટલે કે હું સર્વ મુસલમાનોની તરફથી અર્ઝ કરું છું કે અમારાથી જે બેઅદબીઓ થઈ જાય છે તેનું કારણ એ નથી કે અમને આપના મર્તબાઓનો ઈન્કાર છે બલ્કે કેવળ દરબારી આદાબથી નાવાકેફિયતની બિના પર છે. આ'લા હઝરતે શું સરસ ફર્માવ્યું :

*સરકાર હમ ગવારોંમેં તર્ઝે અદબ કહાં –હમકો તો તમીઝ યહી ભીક ભર કી હૈ*

મિર્કાતે અહીં ફર્માવ્યું કે કેમ કે હુઝૂરે અન્વર ﷺની નારાજી પર રબ તઆલા પણ નારાજ થાય છે. એટલા માટે જનાબ ઉમરે અલ્લાહના ગઝબનો પણ ઉલ્લેખ કર્યો. યાદ રાખશો કે અલ્લાહ રસૂલના ગઝબથી રબની બારગાહ સિવાય ક્યાંય પનાહ નથી મળી શકતી.

**૩.** જાણવા મળ્યું કે આજીજી તથા ખુશામદ ઘણી અકસીર છે. (શેઅર)

عاجزی محبوب درگاہ خداست　　　　عجز کار انبیاء و اولیاء ست

**અર્થાત :** આજીજી અંબિયા તથા અવલિયાનો અમલ છે. આજીજી અલ્લાહની બારગાહમાં મહબૂબ છે.

**૪.** એવો શખ્સ હમેશાં દિવસમાં ખાવાથી મેહરૂમ રહ્યો અને રોઝાઓનો સવાબ પણ ન પામી શક્યો. કેમ કે સાલમાં પાંચ દિવસ રોઝા મના હતા તે એ દિવસોમાં પણ રોઝા રાખીને ગુનેહગાર થયો. અથવા આ હુકમ એના સંબંધે છે જે હમેશાંના રોઝાઓ પર શક્તિમાન ન હોય, ખૂબ જ તકલીફ ઉઠાવીને અને નફસને બર્બાદીમાં નાખીને રોઝા રાખે અને એ રોઝાઓના લીધે હક્ક઼વાળાઓના હક્ક઼ અદા ન કરી શકે, જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી, કેમ કે હઝરત અબૂ તલ્હા અન્સારી અને હમ્ઝા ઈબ્ને અમ્ર અસ્લમી હુઝૂર ﷺના જમાનામાં જ એ પાંચ દિવસો સિવાય હમેશાં રોઝા રાખતા હતા અને હુઝૂરે અન્વર ﷺએ તેમને ખબર પડવા છતાં મના કર્યુ ન હતું. તેમજ બયહક઼ી શરીફમાં છે કે જે હમેશાં રોઝા રાખે તેના પર દોઝખ એવી તંગ થઈ જશે જેમ કે નેવુનો આંકડો, કે કલમાની આંગળીનો કિનારો અંગૂઠાના મૂળમાં લગાડી દેવામાં આવે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે આ ચેતવણી તે લોકો માટે છે જેઓ હમેશાં રોઝા રાખવાના કારણે એવા આદી થઈ જશે કે તેમને તકલીફ થાય. (લમ્આત વ મિર્કાત) જેથી ઈમામે આ'ઝમ અબૂ હનીફાનું ચાલીસ વરસમાં સતત રોઝા રાખવું આ ચેતવણી હેઠળ નથી આવતું.

**૫.** એટલે કે આમ લોકો પર પણ મુશ્કેલ છે, એનાથી પણ લોકોના સર્વ કારોબાર બંધ થઈ જશે. આ જવાબથી માલૂમ પડી રહ્યું છે કે મનાઈનું કારણ લોકોની કમજોરી છે. જો કોઈનામાં હમેશાં રોઝા રાખવાની શક્તિ હોય જેનાથી તેનું કોઈ કામ બંધ ન થાય તો તેના માટે એ જ અફઝલ છે.

**૬.** એટલે કે આપ હમેશાં આમ જ રોઝા રાખતા હતા એ બેહતર તરીક઼ો છે. અથવા એ મતલબ છે કે અવામ (પબ્લિક) પર એ પણ મુશ્કેલ છે. એ તો દાઊદ علیہ السلام જ હતા જે આવી રીતે રોઝા રાખી ગયા. બીજો અર્થ અધિક જાહેર છે, જેવું કે આગલા લખાણથી જાહેર થઈ રહ્યું છે. અને બીજી હદીષો પ્રથમ અર્થનું સમર્થન કરે છે. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે બેહતરીન રોઝા દાઊદ علیہ السلامની પાસે છે. ઉલમા ફર્માવે છે કે અમલ એટલો કરો જે તમને ઈલ્મથી ન રોકે, અને ઈલ્મમાં એટલા મશ્ગૂલ ન થઈ જાવ જે તમને અમલોથી ન રોકે. મધ્યમ ચાલ સારી.

**૭.** એટલે કે મારા પર ઉમ્મતનો બોજ, અઝવાજ (પાક બીવીઓ)ના હક્ક઼, સલ્તનતની વ્યવસ્થાઓ ન હોત તો હું એ જ પ્રમાણે રોઝા રાખ્યા કરત. જો હું એવા રોઝા રાખવા લાગુ તો કમજોર મુસલમાન પણ એ સુન્નત પર અમલ કરવા લાગે જેનાથી તેમના કારોબારો બંધ થઈ જશે. અહીં શક્તિ ધરાવવાથી મુરાદ મોકો પામવું છે. જેથી આ હદીષ તેની વિરૂધ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺ રોઝા વિસાલ (ઈફતાર સહરી વિનાના સતત રોઝા) રાખ્યા હતા કે તે હમેશાં ન રાખતા હતા, કદી કદી રાખતા હતા. છતાં પણ સહાબાને એનાથી મના નથી કરી આપ્યું. જેથી આ લખાણથી કોઈ ધોકો ન ખાય અને એ ન સમજે કે نعوذ باللہ હુઝૂરે અન્વર ﷺ કમજોર હતા, અને આપનામાં એ રોઝાઓની પણ શક્તિ ન હતી. હુઝૂરે અન્વર ﷺના ગુલામ **હઝરત બાયઝીદ બોસ્તામીએ એકવાર ત્રણ વરસ સુધી પાણી ન પીધું. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી મૌલાના અહમદ રઝાખાં સાહબ قدس سرہએ એકવાર ૨૯ દિવસ કાંઈ ન ખાધુ પીધુ અને કોઈ કામમાં ફરક ન આવ્યો.** આ બનાવ મને મારા મુર્શિદે બરહક઼ સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہએ વર્ણવ્યો. દરેક મહિનાની તેરમી, ચૌદમી તથા પંદરમી તારીખના રોઝા રાખી લેવામાં આવે તો તેને આખી ઉમરના રોઝાઓનો સવાબ મળી જાય છે. રબ તઆલા ફર્માવે છે : مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તો એના માટે તેના જેવી દસ છે.

–સૂ. અન્આમ, ૬/૧૬૦) જ્યારે એકનો સવાબ દસ મળે છે તો ઈન્શા અલ્લાહ ! તે ત્રણ રોઝાઓમાં ત્રીસનો સવાબ મળશે. આ હિસાબથી આખી જિંદગીના રોઝા થઈ જશે. આ સૌ રહમતો એ રહમતવાળા મહબૂબ ﷺના સદકાથી છે.

**૮.** પહેલાં અર્ઝ કરવામાં આવી ચૂક્યું કે صِيَام (સિયામ) મસ્દર છે ન કે صوم (સોમ) અથવા سائم (સાઈમ)નું બહુવચન. એટલે કે ઝિલ હજ્જની નવ તારીખનો રોઝો આગલા પાછલા બે વરસના સગીરા ગુનાહોને મિટાવી આપે છે. અને ગુનાહે સગીરા ન હોય તો દરજા બુલંદ કરી આપે છે. ગુનાહે કબીરા તૌબા વિના અને બંદાઓના હક્ક અદા કર્યા વિના માફ નથી થતા. અમુક ઉલમા ફર્માવે છે કે આવતા એક વરસના ગુનાહ મિટાવવાનો અર્થ એ છે કે તેને ગુનાહોથી બચવાની તૌફીક મળી જાય છે. યાદ રાખશો કે આ હદીષ ગૈર હાજીઓના માટે છે, હાજીએ અરફાતમાં એ દિવસે રોઝો ન રાખવો બેહતર છે.

**૯.** આ હદીષથી જણાય છે કે આશૂરાના રોઝાથી નવમી બક્ર ઈદનો રોઝો અફઝલ છે, કેમ કે આશૂરાનો રોઝો તો એક વરસના ગુનાહોનો કફફારો છે અને અરફાનો રોઝો બે વરસના. પણ આશૂરાનો દિવસ અરફાના દિવસ કરતાં અમુક રીતે અફઝલ છે, જેથી આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ નથી જેમાં આશૂરાના દિવસની અફઝલિયત વર્ણવવામાં આવી.

**★ હદીષ : (૧૦)–૨૦૪૫ ★**

وَعَنْ أَبِي قَتَادَةَ قَالَ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَوْمِ الِاثْنَيْنِ فَقَالَ: «فِيهِ وُلِدْتُ وَفِيهِ أُنْزِلَ عَلَيَّ» . رَوَاهُ مُسْلِمٌ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને પીર (સોમવાર)ના રોઝા વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું,[૧] એ દિવસે હું પૈદા થયો અને એ દિવસે મારા પર કુર્આન ઉતારવામાં આવ્યું.[૨]" (મુસ્લિમ)*

**૧.** ક્યાં તો પૂછવામાં આવ્યું કે એ દિવસમાં રોઝો રાખવું કેવું છે અને તેનો શું સવાબ છે ? અથવા એ કે યા રસૂલલ્લાહ ! ﷺ આપ દરેક પીરના રોજ રોઝો કેમ રાખો છો ? એમાં શું ખાસપણુ છે ? *(મિર્કાત તથા લમ્આત)*

**૨.** એટલે કે પીરના દિવસે દુનિયાને બે નેઅમતો મળી : **એક** મારુ આગમન થયું અને **બીજુ** કુર્આનનો ઉતરાણની શરૂઆત, કેમ કે ગારે હિરામાં પ્રથમ વહી اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ‎‎-الايه (ઈક્રાબિસ્મિ..... છેવટ સુધી) પીરના દિવસે જ આવી. જેથી એ દિવસે રોઝો રાખવો ખૂબ જ બેહતર છે. આ હદીષથી અમુક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે સમય તથા જગા અશરફ (બુઝુર્ગીવાળા) બનાવોના કારણે બુઝુર્ગીવાળા (અશરફ) બની જાય છે. (મિર્કાત) **બીજુ** એ કે હુઝૂરે અન્વર ﷺની વિલાદતે કરીમા (જન્મ મુબારક) એ અલ્લાહ તઆલાની ખૂબ જ મહાન નેઅમત છે કે હુઝૂરે અન્વર ﷺએ તેને નેઅમતોમાં ગણાવી. રબ તઆલાએ કેવળ આ નેઅમત પર مَنَّ ફર્માવીને એહસાન જતાવ્યું કે ફર્માવ્યું : لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ (બેશક ! અલ્લાહનું મહાન એહસાન થયું મુસલમાન પર. સૂ. આલે ઈમરાન, ૩/૧૬૪) **ત્રીજુ** એ કે મહત્વના બનાવોની યાદગારો મનાવવી સુન્નતથી સાબિત છે. **ચોથુ** એ કે યાદગારમાં ખેલકૂદ ન હોવું જોઈએ, બલ્કે ઈબાદતો હોય. એટલા માટે મીલાદ શરીફ, ઈદે મેઅરાજ, ઉર્સ વગેરેની સાબિતી હોય છે. **પાંચમુ** એ કે ઈમામ માલિકને ત્યાં પીરનો દિવસ જુમ્આથી પણ અફઝલ છે. એમની દલીલ આ હદીષ પણ છે.

★ હદીષ : (૧૧)-૨૦૪૬ ★

وَعَنْ مُعَاذَةَ الْعَدَوِيَّةِ أَنَّهَا سَأَلَتْ عَائِشَةَ: أَكَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ مِنْ كُلِّ شَهْرٍ ثَلَاثَةَ أَيَّامٍ؟ قَالَتْ: نَعَمْ فَقُلْتُ لَهَا: مِنْ أَيِّ أَيَّامِ الشَّهْرِ كَانَ يَصُومُ؟ قَالَتْ:لَمْ يَكُنْ يُبَالِي مِنْ أَيِّ أَيَّامِ الشَّهْرِ يَصُوم. رَوَاهُ مُسلم

*''હઝરત મઆઝા અદવિય્યહથી રિવાયત છે કે તેમણે હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺ દર મહિનામાં ત્રણ દિવસ રોઝા રાખતા હતા ? ફર્માવ્યું, હા ! મેં અર્ઝ કર્યું કે મહિનાના કયા હિસ્સામાં રોઝા રાખતા હતા ? ફર્માવ્યું, તેની પરવા ન કરતા હતા કે કયા હિસ્સામાં રોઝા રાખે.[૧]'' (મુસ્લિમ)*

**૧.** કેમ કે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا હુઝૂરે અન્વર ﷺનો દરેક હાલ નિગાહમાં રાખતાં હતાં, એટલા માટે સરકાર ﷺના હાલાત અધિકતર ઉમ્મુલ મો'મિનીનથી જ પૂછવામાં આવતા હતા. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ મહિનામાં વિવિધ રોઝા રાખતા હતા, ક્યારેક વધુ ક્યારેક ઓછા, પણ ત્રણ દિવસથી ઓછા કદી રાખતા ન હતા. મોટાભાગે તેરમી, ચૌદમી, પંદરમીના રોઝા રાખતા હતા. ક્યારેક એના સિવાય અન્ય તારીખોમાં પણ રાખતા. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺ એ ત્રણ તારીખોમાં રોઝા રાખતા હતા, કેમ કે ત્યાં મોટાભાગના હાલાતનો ઉલ્લેખ છે. અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે આ ત્રણ રોઝાની તારીખોમાં દસ કથનો છે.

★ હદીષ : (૧૨)-૨૦૪૭ ★

وَعَنْ أَبِي أَيُّوبَ الْأَنْصَارِيِّ أَنَّهُ حَدَّثَهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ صَامَ رَمَضَانَ ثُمَّ أَتْبَعَهُ سِتًّا مِنْ شَوَّال كَانَ كصيام الدَّهْرِ» . رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ ઐયૂબ અન્સારીથી રિવાયત છે તેમણે ખબર આપી[૧] કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે રમઝાનના રોઝા રાખે પછી તેના બાદ શવ્વાલના છ રોઝા રાખે[૨] તો આખી જિંદગીના રોઝાની જેમ થશે.[3] (મુસ્લિમ)[૪]''*

**૧.** પોતાનાથી નીચેના રાવીને એટલે પોતાના શાગિર્દ ઈબ્ને અમ્ર ઈબ્ને ષાબિતને. તેમણે આ હદીષ વર્ણવી જેનું વર્ણન આગળ આવી રહ્યું છે. **૨.** સતત કે અલગ અલગ, પણ અલગ અલગ અફઝલ છે, એ રીતે કે ઈદની (પછીની) સવારમાં એક રોઝો રાખી લીધો, બાકી પાંચ રોઝા પૂરા મહિનામાં અમુક અમુક અંતરેથી રાખી લીધા.

**3.** કેમ કે વરસમાં દિવસો લગભગ ૩૬૦ હોય છે અને દરેક નેકીનો સવાબ દસ ગણો, તો રમઝાનના ત્રીસ રોઝા ત્રણસો બની ગયા અને આ છ રોઝા સાઈઠ બની ગયા. યાદ રાખશો કે આ હદીષ એ રિવાયતની વિરૂધ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે દરેક મહિનામાં ત્રણ રોઝા ઉમરભરના રોઝા છે, કેમ કે શક્ય છે કે એ રોઝાઓનો પણ એ જ સવાબ થયો, અને એમના પણ એ જ. સવાબ એક પરંતુ એને હાંસલ કરવાના ઝરીયા ઘણા.

**૪.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે આ હદીષ લગભગ ત્રીસ સહાબીઓ થકી રિવાયત પામી છે. તિર્મિઝીએ તેને હસન કહી. બાકીની ૨૯ અસ્નાદો તેની અત્યંત સહીહ છે. જેમ કે એને તિબ્રાની, બઝ્ઝાર, ઈબ્ને માજહ, નિસાઈ, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન, અહમદ, બયહક઼ી વગેરે કિતાબોએ અબૂ હુરૈરહ, જાબિર, ષૌબાન, બરાઅ ઈબ્ને આઝિમ, ઈબ્ને અબ્બાસ, સઅદ ઈબ્ને સઈદ, અબૂ ઐયૂબ અન્સારી તથા હઝરત આઈશા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયતો કરી. આ હદીષને ઝઈફ કહેવી સખત ગલતી છે.

★ હદીષ : (૧૩)-૨૦૪૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَوْمِ يَوْمِ الْفِطْرِ وَالنَّحْرِ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈદ તથા કુર્બાનીના દિવસોમાં રોઝા રાખવાથી મના કર્યુ.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** નહરના દિવસે તશરીકના સર્વ દિવસો મુરાદ છે. કેમ કે એમનામાંથી મોટાભાગનામાં કુર્બાની થાય છે. એટલા માટે એ સૌને નહરનો દિવસ કહ્યો ૧૦મી ઝિલ હજ્જ કેવળ કુર્બાનીનો દિવસ છે. ૧૧મી ૧૨મી કુર્બાનીનો દિવસ પણ છે અને તશરીકનો પણ, અને ૧૩મી કેવળ તશરીકનો દિવસ છે. ખુલાસો એ છે કે વરસમાં પાંચ દિવસ રોઝો રાખવો હરામ છે. ૫હેલી શવ્વાલ અને ૧૦,૧૧,૧૨ અને ૧૩ ઝિલ હજ્જ.

**મસ્અલા :** જે શખ્સ એ દિવસોમાં રોઝાની નઝર માની લે તો અન્ય ઈમામોને ત્યાં એ નઝર જ દુરુસ્ત નથી અને ઈમામે આ'ઝમને ત્યાં નઝર સહીહ છે પણ તેની કઝા વાજિબ છે.

★ હદીષ : (૧૪)-૨૦૪૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَا صَوْمَ فِي يَوْمَيْنِ: الْفطر وَالضُّحَى "

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બે દિવસ રોઝો જાઈઝ નથી, ઈદ તથા બક્ર ઈદ.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** બે દિવસથી મુરાદ બે પ્રકારના દિવસ છે અને બક્ર ઈદથી મુરાદ દસમી ઝિલ હજ્જથી બાદવાળા ત્રણ દિવસ સહિત. જેવું કે આગલી હદીષથી માલૂમ પડી રહ્યું છે. સારાંશ કે આ હદીષ મુજમલ (સંક્ષિપ્ત) છે જેની તફસીલ આગળ આવી રહી છે.

★ હદીષ : (૧૫)-૨૦૫૦ ★

وَعَنْ نُبَيْشَةَ الْهُذَلِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيَّامُ التَّشْرِيقِ أَيَّامُ أكل وَشرب وَذكر الله» . رَوَاهُ مُسلم

*"હઝરત નુબૈશા હુઝલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તશરીકનો સમય ખાવા પીવા અને અલ્લાહના ઝિક્રનો સમય છે[૧] (મુસ્લિમ)[૨]"*

**૧.** બક્ર ઈદના ત્રણ દિવસ બાદ સુધી એટલે ૧૩ તારીખ સુધી અરબવાસીઓ કુર્બાનીનો ગોશ્ત સૂકવતા હતા, એટલા માટે એ બંનેવને તશ્રીક એટલે સૂકવવાનો તથા તડકો દેખાડવાનો જમાનો કહે છે. મતલબ એ છે કે આ ચાર દિવસ બંદાઓની મહેમાનીના છે જેમાં રબ તઆલા મેજબાન અને બંદાઓ મહેમાન છે. એટલા માટે એ દિવસોમાં રોઝા રાખતા જાણે કે રબ તઆલાની દાવતથી ઈન્કાર છે. એ સમયમાં ખૂબ ખાવ, ખૂબ પીઓ અને ખૂબ અલ્લાહનો ઝિક્ર કરો. આ હદીષ પાછલી હદીષની તફસીલ છે જેણે બતાવ્યું કે ત્યાં બક્ર ઈદથી મુરાદ આ ચારેવ દિવસો હતા.

**૨.** અહમદ, તિબ્રાની, દારકુત્ની, ઈબ્ને અબી શયબા વગેરેએ વિવિધ શબ્દો વડે રિવાયતો કરી કે નબી કરીમ صلی اللہ علیہ وسلم મિનાના જમાનામાં એલાન કરાવતા હતા. સહાબા મિનાના બજારમાં શોર કરતા ફરતા હતા કે ખબરદાર ઐયામે તશરીકમાં રોઝા ન રાખતા, આ દિવસ ખાવા પીવા તથા અલ્લાહના ઝિક્રના છે.

★ હદીષ : (૧૬)-૨૦૫૧ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَصُومُ أَحَدُكُمْ يَوْمَ الْجُمُعَةِ إِلَّا أَن بِصَوْم قبله أَو بِصَوْم بعده»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ જુમ્આના દિવસે રોઝા ન રાખે[1] પણ એ કે તેની આગળ પાછળ રોઝા રાખે.[2]"*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે નફ્લી રોઝો કેવળ જુમ્આના દિવસનો ન રાખે, ક્યાં તો જુમેરાત, જુમ્આ અથવા જુમ્આ શનિવાર બે દિવસ રોઝા રાખે તેની તેહકીક્ આગળ આવી રહી છે.

**૨.** ફત્હુલ કદીરમાં છે કે ઈમામ અબૂ હનીફા તથા ઈમામ મુહમ્મદને ત્યાં કેવળ જુમ્આનો રોઝો જાઈઝ છે, એ મનાઈ તન્ઝીહી છે તે પણ કેટલીક સ્થિતિઓમાં, જેવું કે આગલી હદીષમાં આવી રહ્યું છે. નફ્લી રોઝો કેવળ જુમ્આનો ન રાખવો બેહતર છે, તેનું કારણ અલ્લાહ વ રસૂલ જ જાણે છે. શક્ય છે કે એ દિવસ ગુસલ કરવા, કપડાં બદલવા, ખુત્બો સાંભળવા, નમાઝે જુમ્આ પઢવા વગેરે ઈબાદતોનો છે. શક્ય છે રોઝાના કારણે બંદો એ કામ સારી રીતે અંજામ ન આપી શકે. જેમ કે હાજીના માટે અરફાના દિવસે રોઝો રાખવો બેહતર નથી કે તે એ દિવસે રોઝો રાખીને એ દિવસનાં કામો સારી રીતે ન કરી શકશે. શરહકર્તાઓએ અન્ય ઘણા કારણો વર્ણવેલ છે પરંતું આ કારણ અધિક મજબૂત છે. અમુકે ફર્માવ્યું કે યહૂદીઓને ત્યાં શનિવારનો દિવસ અફઝલ છે અને ઈસાઈઓને ત્યાં રવિવાર બેહતર છે તે લોકો એ દિવસોમાં રોઝા રાખે છે. જો મુસલમાન પોતાના અફઝલ દિવસે એટલે કેવળ જુમ્આનો રોઝો રાખે તો તેમનાથી મુશાબેહત થઈ જશે. واللہ اعلم !

★ હદીષ : (૧૭)-૨૦૫૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَخْتَصُّوا لَيْلَةَ الْجُمُعَةِ بِقِيَامٍ مِنْ بَيْنِ اللَّيَالِي وَلَا تَخْتَصُّوا يَوْمَ الْجُمُعَةِ بِصِيَامٍ مِنْ بَيْنِ الْأَيَّامِ إِلَّا أَنْ يَكُونَ فِي صَوْمٍ يَصُومُهُ أحدكُم» . رَوَاهُ مُسلم

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જુમ્આની રાતને અન્ય રાતોમાં શબ બેદારીથી ખાસ ન કરો[1] ને જુમ્આના દિવસને અન્ય દિવસોમાં રોઝાથી ખાસ ન કરો[2] પણ એ કે જુમ્આ એ તારીખમાં આવી જાય જેમાં કોઈ રોઝો રાખતો હોય[3].*

*(મુસ્લિમ)*

**૧.** એ રીતે કે કેવળ એ જ રાતમાં ઈબાદતને લાઝિમ કરી લો અથવા સમજી લો, બીજી રાતોમાં તદન જ ગાફેલ રહો, બલ્કે અન્ય રાતોમાં પણ ઈબાદત કર્યા કરો. આ સ્પષ્ટતા પર હદીષ બિલ્કુલ સાફ છે. એટલે જુમ્આની રાતમાં ઈબાદત કરવી મના નથી બલ્કે અન્ય રાતોમાં તદન ઈબાદત ન કરવી મુનાસિબ નથી, કેમ કે એ ગફલતની દલીલ છે. કેમ કે જુમ્આની રાત જ અધિક અઝમતવાળી છે જેથી અંદેશો હતો કે લાકો એને નફ્લી ઈબાદતો માટે ખાસ કરી લેશે એટલા માટે એ રાતનું નામ લેવામાં આવ્યું.

**૨.** કેમ કે જુમ્આ અઠવાડિયાભરની ઈદ છે તો કેવળ ઈદમાં રોઝો રાખવો કેવો ? લમ્આતમાં ઈમામ માલિક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે કોઈ ફકીહ કેવળ જુમ્આના રોઝાને મના નથી કરતો, બલ્કે અમુક ફકીહો ઈરાદાપૂર્વક જુમ્આનો જ રોઝો રાખતા હતા. (અશિઅહ) સારાંશ કે સર્વ ફકીહોને ત્યાં આ હદીષ ખિલાફે ઉલાના (અફઝલિયતના વિરુદ્ધ)ના

પૂરતી છે, કેમ કે આગળ સ્પષ્ટપણે હદીષમાં આવી રહ્યું છે કે હુઝૂરે અન્વર ﷺ જુમ્આમાં ખૂબ જ ઓછો ઈફતાર કરતા, રોઝો જ રાખતા હતા.

**૩.** દા.ત. કોઈ શખ્સ દરેક ૧૧મી અથવા ૧૨મીના રોજ રોઝો રાખવાનો આદી હોય અને સંજોગોવસાત એ દિવસે જુમ્આ આવે તો રાખી લે, તો ખિલાફે ઉલા પણ નથી. અમુક લોકો ખાસ તારીખોમાં ખાસ ઈબાદતો કરવાને મના કરે છે અને કહે છે કે પોતાના તરફથી ઈબાદત અથવા દિવસ નિશ્ચિત કરવો હરામ છે. અને આ બે હદીષોની આડ પકડે છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ વાક્યએ તેમના ખયાલને બાતિલ કરી આપ્યો. સ્પષ્ટ બતાવી આપ્યું કે જુમ્આનો રોઝો નિશ્ચિત કરવાના કારણે હરામ નથી થયો બલ્કે તેનું કારણ કાંઈ અલગ છે જે અગાઉ અર્ઝ કરવામાં આવી ચૂક્યું, નહીં તો એ તારીખોને નિશ્ચિત કરવું શાથી દુરુસ્ત થાત. એની સંપૂર્ણ ચર્ચા આ જગાએ મિર્કાતમાં જુઓ.

**★ હદીષ : (૧૮)-૨૦૫૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ صَامَ يَوْمًا فِي سَبِيلِ اللَّهِ بَعَّدَ اللَّهُ وَجْهَهُ عَنِ النَّارِ سَبْعِينَ خَرِيفًا»

*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જે અલ્લાહની રાહમાં એક દિવસ રોઝો રાખે તો અલ્લાહ તેને આગથી સિત્તેર વરસ દૂર રાખશે[૧].*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** અરબીમાં ખરીફ પાનખર ૠતુને કહે છે, કેમ કે અરબવાસીઓ પોતાના કારોબારમાં આ ૠતુથી વરસ શરૂ કરે છે એટલા માટે એનાથી પૂરુ વરસ પણ મુરાદ લઈ લે છે. અને હદીષ બિલ્કુલ પોતાના જાહેર પર છે. રોઝાથી નફલી રોઝો મુરાદ છે. એટલા માટે મિશ્કાતના કર્તા આ હદીષ નફલી રોઝાના પ્રકરણમાં લાવ્યા છે. એટલે મુસ્લિમ બંદો જો એક નફલી રોઝો રાખે અને અલ્લાહ કુબૂલ કરે તો દોઝખમાં જવાનું તો દૂર રહ્યું તે દોઝખની નજીક પણ થશે નહીં અને ત્યાંની હવા પણ પામશે નહીં.

**★ હદીષ : (૧૯)-૨૦૫૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا عَبْدَ اللَّهِ أَلَمْ أُخْبَرْ أَنَّكَ تَصُومُ النَّهَارَ وَتَقُومُ اللَّيْلَ؟» فَقُلْتُ: بَلَى يَا رَسُولَ اللَّهِ. قَالَ: «فَلَا تَفْعَلْ صُمْ وَأَفْطِرْ وَقُمْ وَنَمْ فَإِنَّ لِجَسَدِكَ عَلَيْكَ حَقًّا وَإِنَّ لِعَيْنِكَ عَلَيْكَ حَقًّا وَإِنَّ لِزَوْجِكَ عَلَيْكَ حَقًّا وَإِنَّ لِزَوْرِكَ عَلَيْكَ حَقًّا. لَا صَامَ مَنْ صَامَ الدَّهْرَ. صَوْمُ ثَلَاثَةِ أَيَّامٍ مِنْ كُلِّ شَهْرٍ صَوْمُ الدَّهْرِ كُلِّهِ. صُمْ كُلَّ شَهْرٍ ثَلَاثَةَ أَيَّامٍ وَاقْرَأِ الْقُرْآنَ فِي كُلِّ شَهْرٍ» . قُلْتُ: إِنِّي أُطِيقُ أَكْثَرَ مِنْ ذَلِكَ. قَالَ: "

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ! શું મને એ ખબર ન મળી કે તમે હમેશાં દિવસમાં રોઝા રાખો છો અને રાતે કુયામ કરો છો ?![૧] મેં અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ. ફર્માવ્યું, એવું ન કરો ! રોઝા પણ રાખો, ઈફતાર પણ કરો (છોડો પણ), કુયામ પણ કરો અને સૂઓ પણ[૨]. કેમ કે તમારા પર તમારા શરીરનો પણ હક્ક છે અને તમારા પર તમારી આંખોનો પણ હક્ક છે[૩] અને તમારા પર તમારી પત્નીનો પણ હક્ક છે અને તમારા પર તમારા મુલાકાતીઓનો પણ હક્ક છે[૪]. જેણે ઉમરભર રોઝા રાખ્યા તેણે રોઝા રાખ્યા જ નથી[૫] દર મહિને ત્રણ રોઝા આખી જિંદગીના રોઝા છે[૬] અને દર મહિને*

صُمْ أَفْضَلَ الصَّوْمِ صَوْمَ دَاوُدَ: صِيَامُ يَوْمٍ وَإِفْطَارُ يَوْمٍ. وَاقْرَأْ فِي كُلِّ سَبْعِ لَيَالٍ مَرَّةً وَلَا تَزِدْ عَلَى ذَلِكَ

*એક કુર્આન ખત્મ કરો[૭]. મેં અર્ઝ કરી કે હું એનાથી અધિકની શક્તિ ધરાવું છું[૮] ફર્માવ્યું, તો તમે બેહતરીન રોઝા એટલે રાઝાએ દાઊદ રાખો કે એક દિવસ રોઝો એક દિવસ ઈફતાર, અને સાત રાતોમાં એક કુર્આન ખત્મ કરો. એનાથી વધુ ન કરો[૯]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ સવાલ ઈન્કારી છે એટલે મને ખબર મળી છે કે તમે પાંચ મના દિવસો સિવાય બાકી વરસભર સતત નફલી રોઝા રાખો છો અને રાતે ઈબાદત, કે ન દિવસમાં કદી ઈફતાર કરો (રોઝો છોડો) છો ન રાતમાં સૂઓ છો.

**૨.** નહીં તો તમે એટલા કમજોર થઈ જશો કે ફર્ઝી ઈબાદતો અને લોકોના શરઈ હક્કો અદા કરી શકશો નહીં. અને નફલના કારણે ફર્ઝ છોડવાના અથવા ફર્ઝ છૂટવાના સબબો પર અમલો કરવો ન બૌદ્ધિક દૃષ્ટિએ યોગ્ય છે ન શરીઅતની રૂએ. યાદ રાખશો આ સ્થિતિમાં આ મનાઈ તહરીમી છે. જે ચીજ ફર્ઝ છોડવી દે તે હરામ છે.

**૩.** હમેશાં રોઝા રાખવાથી તમારું શરીર ઘણુ જ અશક્ત થઈ જશે અને બિલ્કુલ ન સૂવાથી નિગાહ કમજોર પડી જવાનો ખતરો છે.

**૪.** અને હમેશાં રોઝા રાખવાથી તથા રાત્રી જાગરણ કરવાથી તમો કમાઈ શક્શો નહીં અને પત્ની તરફ ધ્યાન નહીં આપો, મુલાકાતી લોકો અને મહેમાન ચાહે છે કે તમે તેમની સાથે ખાવ પીઓ અને રાતે બે ઘડી તેમની સાથે વાતચીત કરો, તમો એ પણ નહીં કરી શકો. આ વાક્યોથી જાણવા મળ્યું કે હમેશાં રોઝા રાખવાની મનાઈ આપણા જેવા લોકો માટે છે જેઓ સર્વ હક્કો છોડી બેસે. જેમના માટે હમેશાંનો રોઝો અને રાતભર જાગવું વર્ણવેલ હક્કોમાં આડ ન બને તેમના માટે એમાં વાંધો નથી. પણ આવા બહાદુર લોકો લાખોમાં એકાદ છે. જેમ કે હઝરત તલ્હા વગેરે સહાબામાં અને ઈમામ અબૂ હનીફા તાબઈનમાં.

**૫.** એટલે કામિલ રોઝા ન જેનાથી પૂરો સવાબ મળે. અમારી પહેલી શરહથી માલૂમ થઈ ચૂક્યું છે કે અહીં صُمْથી મુરાદ તે આમ મુસલમાન છે જેઓ દિવસમાં ઈબાદતોમાં મશગૂલ થઈને બાકીના હક્કો અદા ન કરી શકે.

**૬.** કેમ કે એક નેકીનો બદલો દસ ગણો છે તો દરેક મહિનામાં ત્રણ રોઝાઓનો સવાબ પૂરા મહિનામાં રોઝા બરાબર થશે. બેહતર એ છે કે આ ત્રણ રોઝા ચાંદની ૧૩,૧૪,૧૫ના રાખવામાં આવે.

**૭.** આ વાક્ય કુર્આને કરીમના ત્રીસ પારા બનાવવાની અસ્લ છે. નબવી જમાનામાં કુર્આને કરીમની વહેંચણી સૂરતો તથા મંઝિલો પર હતી, રુકૂઅ તથા પારાઓ પર ન હતી. પછી ઉષ્માની ખિલાફતમાં એમાં રુકૂઅ કયામ કરવામાં આવ્યા. એ રીતે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ તરાવીહની કરામતોમાં જે પ્રમાણે તિલાવત કરીને રુકૂઅ ફર્માવતા, તેનું નામ રુકૂઅ રાખવામાં આવ્યું અને હાશિયા પર ع નું નિશાન લગાડવામાં આવ્યું કે જેથી તરાવીહનો બાકાયદા રિવાજ આપનારા જનાબ ઉમર તથા એ રિવાજને પૂરી દુનિયામાં ફેલાવનારા હઝરત ઉષ્માનગની તરફ નિર્દેશ થાય. તરાવીહ દરરોજ ૨૦ રકાત થતી હતી અને સત્તાવીસમી રાતે ખત્મે કુર્આન. એટલા માટે કુર્આને કરીમના ૫૪૦ રુકૂઅ થયા. ઘણા અરસા પછી કુર્આને કરીમના ૩૦ પારા કરવામાં આવ્યા જેથી દરરોજ તિલાવત કરનારાઓને આસાની રહે કે તે આ હદીષ પર અમલ કરીને દર મહિને એક કુર્આન ખત્મ કરી લીધા કરે.

**૯.** કે દરરોજ ફમી બેશોક★ના ક્રમ પ્રમાણે એક મંઝિલ પઢો જેથી અઠવાડિયામાં એક કુર્આન ખત્મ થાય.

★ ***ફમી બેશોક*** *: એટલે કુર્આન પઢવાનો તરીકો કે એક મંઝિલથી બીજી મંઝિલ સુધી તિલાવત કરવામાં આવે. ફમી બેશોકનો ક્રમ : (૧)* ***ફા*** *: સૂરએ ફાતિહાથી માઈદા સુધી. (૨)* ***મીમ*** *: માઈદાથી સૂરએ યૂનુસ સુધી. (૩)* ***યા*** *: સૂરએ યૂનુસથી બની ઈસ્રાઈલ સુધી (૪)* ***બા*** *: બની ઈસ્રાઈલથી સૂરએ શુઅરા સુધી (૫)* ***શીન*** *: સૂરએ શુઅરાથી સૂ. સાફ્ફાત સુધી (૬)* ***વાવ*** *: વસ્સાફ્ફાતથી સૂરએ કાફ સુધી અને (૭)* ***કાફ*** *: સૂરએ કાફથી સૂ. નાસ સુધી.*

હમણા અર્ઝ કરવામાં આવી ચૂકયું કે આ હુકમ એ લોકો માટે છે જેઓ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર જેવી શક્તિ ધરાવતા હોય. તેમના કમજોર લોકો મહિનામાં ખત્મ કરે અને તેમનાથી વધુ મજબૂત અઠવાડિયાથી કમમાં પણ ખત્મ કરી શકે છે. એક મહિનામાં પણ ખત્મ ન કરવું ઘણી મેહરૂમી છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૨૦)–૨૦૫૫ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ الِاثْنَيْنِ وَالْخَمِيس. رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام પીર તથા જુમેરાતે રોઝો રાખતા હતા[૧]." (તિર્મિઝી, નિસાઈ)*

**૧.** એટલે હુઝૂરે અન્વર ﷺ મોટાભાગે જુમેરાત તથા સોમવારના દિવસે નફલી રોઝા રાખતા હતા. તેનું કારણ આગલી હદીષોમાં આવી રહ્યું છે. પીરને યૌમુલ અષ્નૈન લગભગ એટલા માટે કહે છે કે એ હુઝૂરે અન્વર ﷺની પેદાઈશનો દિવસ છે અને હુઝૂર અન્વર ﷺ (શેઅર) : *બા'દ અઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર.* અમુકે કહ્યું કે અરબમાં અઠવાડિયું રવિવારથી શરૂ થાય છે જેથી રવિવાર પ્રથમ દિવસ થયો અને પીર બીજો, જુમેરાત પાંચમો. પણ ઉલમાનો કૌલ એ છે કે અઠવાડિયુ શનિવારથી શરૂ થાય છે. (મિર્કાત) હદીષોથી જણાય છે કે અઠવાડિયાનો પ્રથમ દિવસ જુમ્આ છે કે એ દિવસે જ આલમની પેદાઈશની શરૂઆત થઈ. ! واللہ اعلم

**★ હદીષ : (૨૧)–૨૦૫૬ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «تُعْرَضُ الْأَعْمَالُ يَوْمَ الِاثْنَيْنِ وَالْخَمِيسِ فَأُحِبُّ أَنْ يُعْرَضَ عَمَلِي وَأَنَا صَائِمٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અમલો પીર (સોમ) તથા જુમેરાતે પેશ કરવામાં આવે છે[૧] જેથી હું ચાહું છું કે મારા અમલ એ હાલમાં રજૂ થાય કે હું રોઝાવાળો હોઉં[૨]." (તિર્મિઝી)*

**૧.** એ રીતે કે અમલો લખનારા ફરિશ્તા બંદાઓના પૂરા અઠવાડિયાના અમલો એ બે દિવસોમાં રબ તઆલાની બારગાહમાં રજૂ કરે છે. યાદ રાખશો કે અમલોને ઉઠાવવું એટલે આસ્માનો પર પહોંચાડવું અલગ છે અને રબની બારગાહમાં પેશ કરવું કાંઈક અલગ. અમલોને ઉઠાવવું ચોવીસ કલાકમાં દરરોજ બે વાર થાય છે કે દિવસના અમલો રાતથી પહેલાં અને રાતના અમલો દિવસથી પહેલાં ત્યાં પહોંચાડવામાં આવે છે, પણ રજૂ અઠવાડિયામાં બે વાર થાય છે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી જેમાં દરરોજ બે વાર અમલો ઉઠાવવાનો ઉલ્લેખ છે. (મિર્કાત) અથવા તેનો અર્થ એ છે કે અમલો લખનારા ફરિશ્તા આમાલનામાં એ ફરિશ્તાઓ પર પેશ કરે છે જેઓ આમાલનામાંની નકલ પોતાના રજીસ્ટરમાં કરે છે. (અશિઅહ) ત્યારે તો આ હદીષ બિલ્કુલ સાફ છે.

**૨.** જેથી રોઝાની બરકતથી રહમતે ઈલાહીનો દરિયો જોશ મારે. યાદ રાખશો કે સાલભરના અમલોની વિગતવાર રજૂઆત શાબાનમાં થાય છે, કેમ કે તે અલ્લાહને ત્યાં વરસનો અંતિમ મહિનો છે અને રમઝાન વરસનો શરૂઆતનો મહિનો છે. જેવું કે બીજી રિવાયતથી માલૂમ પડે છે. સારાંશ કે ફર્શી સાલ અલગ છે જેની શરૂઆત

મુહર્રમથી અને અંત બક્ ઈદ ૫૨ અને અર્શી સાલ કાંઈ અલગ છે. (અઝ : મિર્કાત)

**★ હદીષ : (૨૨)-૨૦૫૭ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا ذَرٍّ إِذَا صُمْتَ مِنَ الشَّهْرِ ثَلَاثَةَ أَيَّامٍ فَصُمْ ثَلَاثَ عَشْرَةَ وَأَرْبَعَ عَشْرَةَ وَخَمْسَ عَشْرَةَ» . رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ

*"હઝરત અબૂઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબૂઝર ! જ્યારે તમે દર મહિને ત્રણ રોઝા રાખો તો ૧૩મી, ૧૪મી, ૧૫મીના રાખો[૧]." (તિર્મિઝી, નિસાઈ)*

**૧.** એ જ દિવસોને અરબીમાં ઐયામે બીજ એટલે ચમકદાર દિવસ કહેવામાં આવે છે જેની રાતો રોશન છે. GALSZID علیہ الصلوٰۃ والسلام એ તારીખોમાં મોટાભાગે રોઝા રાખતા હતા. જેમ કે આગલી હદીષમાં આવી રહ્યું છે.

**★ હદીષ : (૨૩)-૨૦૫૮ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ مِنْ غُرَّةِ كُلِّ شَهْرٍ ثَلَاثَةَ أَيَّامٍ وَقَلَّمَا كَانَ يفْطر يَوْم الْجُمُعَةَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَرَوَاهُ أَبُو دَاوُدَ إِلَى ثَلَاثَة أَيَّام

*"હઝરત અબૂઝર ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ દર મહિને પ્રથમ ત્રણ તારીખોમાં રોઝા રાખતા હતા[૧] અને જુમ્આના દિવસે ખૂબ જ કમ ઈફતાર કરતા હતા[૨].(તિર્મિઝી, નિસાઈ) અને અબૂ દાઊદે ત્રણ દિવસો સુધી રિવાયત કરી."*

**૧.** પ્રથમ, બીજી, ત્રીજી તારીખોમાં અથવા એની નજીક. હઝરત ઈબ્ને મસઊદની આ રિવાયત પોતાના ઈલ્મના લેહાઝથી છે, નહીં તો સરકારનો આ અમલ કદી કદી હતો. મોટાભાગે ૧૩,૧૪,૧૫ના રોઝા રાખ્યા કરતા હતા, જેથી આ હદીષ ન તો એ હદીષની વિરુદ્ધ છે કે સરકાર علیہ الصلوٰۃ والسلام મહિનાઓના રોઝાઓમાં ખાસ તારીખોના પાબંદ ન હતા અને ન તેના વિરોધી, કેમ કે હુઝૂરે અન્વર ﷺ ઐયાબે બીજ એટલે કે ૧૩મી, ૧૪મી, ૧૫મીના રોઝા રાખતા હતા.

**૨.** એટલા માટે મોટાભાગે જુમ્આનો રોઝો રાખતા હતા, કેમ કે જુમ્આની નેકીનો સવાબ ૭૦ ગણો છે. જાહેર એ છે કે આપ કેવળ જુમ્આનો રોઝો રાખતા હતા અને એ આપની વિશિષ્ટતાઓમાં નથી. દરેક શખ્સને એ દિવસના રોઝાની ઈજાઝત છે જેથી આ હદીષ હનફી મઝહબમાં તથા ફુકહાના ફત્વાની સમર્થક છે કે જુમ્આનો રોઝો મના નથી. જ્યાં મનાઈ આવી છે ત્યાં કોઈ કારણથી છે અથવા ખિલાફે ઉલાના અર્થમાં છે. *(મિર્કાત તથા અશિઅ્અહ)*

**★ હદીષ : (૨૪)-૨૦૫૯ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ مِنَ الشَّهْرِ السَّبْتَ وَالْأَحَدَ وَالِاثْنَيْنِ وَمِنَ الشَّهْر الآخر الثُّلَاثَاء وَالْأَرْبعَاء وَالْخَمِيس. رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એક મહિનામાં શનિ, રવિ અને સોમનો રોઝો રાખતા હતા. અને બીજા મહિનામાં મંગળ, બુધ અને જુમેરાતનો." (તિર્મિઝી)*

**૧.** એટલે કે આપે અઠવાડિયાના સર્વ દિવસોમાં પોતાના રોઝા વહેંચી કાઢયા હતા, જેથી કોઈ દિવસ હુઝૂરે અન્વર ﷺના રોઝાની બરકતથી મહેરૂમ ન રહે. જેમ કે એક મહિનામાં ત્રણ દિવસ અને બીજામાં આગલા ત્રણ દિવસ રોઝા રાખતા હતા. અને જુમ્આના રોઝાની તો આદતે કરીમા હતી જ, જેમ કે હમણા હદીષે પાકમાં આવી

ગયું. આપણે લોકો દિવસોથી બરકત હાંસલ કરીએ છીએ અને નબી કરીમ ﷺની ઈબાદતથી દિવસ બરકત પામતા હતા. જેમ કે આપણે ચાંદથી રોશની પામીએ છીએ અને ચાંદ સૂરજથી.

**★ હદીષ : (૨૫)-૨૦૬૦ ★**

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْمُرُنِي أَنْ أَصُومَ ثَلَاثَةَ أَيَّامٍ مِنْ كُلِّ شَهْرٍ أَوَّلُهَا الِاثْنَيْنِ وَالْخَمِيس. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મને હુકમ આપતા હતા કે હું ત્રણ રોઝા દર મહિનામાં રાખુ જેમનામાં પ્રથમ રોઝો પીર કે જુમેરાતનો હોય[૧].'' (અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) હતો, ન કે વાજિબ રૂપે, એટલા માટે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاના રોઝા નફલ રહેતા હતા. મિર્કાતે ફર્માવ્યું કે ઈષ્નૈન (اثنين) પીરના દિવસનું નામ બની ચૂક્યું છે, જેવી રીતે બહરૈન એક વિસ્તારનું નામ છે. અને નામોમાં તબદીલી નથી થતી. એટલા માટે અહીં રફઅની હાલતમાં اثنان ન આવ્યું બલ્કે اثنين જ આવ્યું. અમુકનો ખયાલ છે કે અહીં યૌમ (یوم) છુપાયેલ છે اثنين એનો મઝાફ અલૈહ છે પણ પ્રથમ વાત ઘણી મજબૂત છે. મતલબ એ છે કે કોઈ મહિનામાં પીર, મંગલ અને બુધના દિવસે રોઝો રાખો અને કોઈ મહિનામાં જુમેરાત, જુમઆ અને શનિવારના રાખો. અમુક શરહકર્તાઓના ખયાલમાં આ વાવ (وَ) આવ (اَوْ)ના અર્થમાં છે, એટલે તમને અખ્તયાર છે કે પીરથી શરૂ કરો કે જુમેરાતથી.

**★ હદીષ : (૨૬)-૨૦૬૧ ★**

وَعَن مُسلم الْقرشِي قَالَ: سَأَلت أَوْ سُئِلَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَن صِيَام الدَّهْر فَقَالَ: «إِنَّ لِأَهْلِكَ عَلَيْكَ حَقًّا صُمْ رَمَضَانَ وَالَّذِي يَلِيهِ وَكُلَّ أَرْبِعَاءَ وَخَمِيسٍ فَإِذًا أَنْتَ قَدْ صُمْتَ الدَّهْرَ كُلَّهُ».رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ

*''હઝરત મુસ્લિમ કુર્શીથી રિવાયત છે. ફર્માવે છે કે, ક્યાં તો મેં અથવા કોઈ અન્યએ રસૂલુલ્લાહ ﷺથી ઉમરભરના રોઝાઓના વિશે પૂછ્યું[૧] તો ફર્માવ્યું કે તમારી પત્નીનો તમારા પર હક્ક છે. રમઝાનના અને તેનાથી જોડાયેલ રોઝા રાખો[૨]. અને દરેક બુધ તથા જુમેરાતના રોઝા રાખો તો તમે જીવભનભરના રોઝા રાખી લીધા[૩].'' (અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** કે પાંચ મનાઈ કરેલ દિવસો સિવાય બાકી આખા વરસના રોઝા રાખવા વિશે શરઈ હુકમ શું છે ? સવાબ છે કે ગુનોહ ?

**૨.** જોડાયેલથી મુરાદ શાબાન છે અથવા શવ્વાલ છે એટલે મોટાભાગના શાબાન તથા પૂરા રમઝાનના રોઝા રાખો. અથવા આખા રમઝાન તથા શવ્વાલના છ રોઝા રાખો. આ હદીષ મુજમલ છે જેની શરહ પ્રથમ હદીષો હતી.

**૩.** એટલે તે રોઝાઓમાં તમને આખી જિંદગીના રોઝાઓનો સવાબ મળી જશે. અહીં મિર્કાતે ફર્માવ્યું, એનાથી જણાય રહ્યું છે કે ઉમરભરના રોઝા જાતે પોતે મના નથી, બલ્કે જો અશક્તિ પેદા કરે જેનાથી મુસલમાન અન્ય હક્કો અદા ન કરી શકે તો મના છે. જેથી અમુક સહાબાએ કિરામ અને મશાઈખે એઝામનું જીવનભર રોઝા રાખવું આ હદીષની વિરુદ્ધ નથી.

**★ હદીષ : (૨૭)-૨૦૯૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: نَهَى عَنْ صَوْمِ يَوْمِ عَرَفَةَ بِعَرَفَةَ. رَوَاهُ أَبُو دَاوُد

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ અરફાતના સ્થળમાં અરફાના રોઝાથી મના કર્યું[1]. (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે હાજીએ નવમી બક્ ઈદના દિવસે અરફાત શરીફમાં રોઝો રાખવાથી મના કરવામાં આવ્યું જેથી હાજી એ દિવસે દુઆ માગે. નમાઝોને ભેગી કરવામાં અને હજ્જના અન્ય કામોથી આજિઝ ન થઈ જાય, અને રોઝાના કારણે તેના અખ્લાક્ પોતાના સાથીઓ સાથે ખરાબ ન થઈ જાય. આ મનાઈ પણ તન્ઝીહી છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ અનેકવાર એ દિવસે રોઝો રાખ્યો છે. હઝરત અતાઅ્ ફર્માવે છે કે જો ઠંડીમાં એવો મોકો આવે તો હું રોઝા રાખી લઉં છું, ગરમીઓમાં નહીં.

**★ હદીષ : (૨૮)-૨૦૯૩ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ بُسْرٍ عَنْ أُخْتِهِ الصَّمَّاءِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَصُومُوا يَوْمَ السَّبْتِ إِلَّا فِيمَا افْتُرِضَ عَلَيْكُمْ فَإِنْ لَمْ يَجِدْ أَحَدُكُمْ إِلَّا لِحَاءَ عِنَبَةٍ أَوْ عُودَ شَجَرَةٍ فَلْيَمْضُغْهُ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુસ્રથી રિવાયત છે, તે પોતાની બહેન સમ્માથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શનિવારના દિવસે એના સિવાય કે તમારા પર ફર્ઝ હોય અન્ય રોઝો ન રાખો[1]. જો તમારામાંથી કોઈ દ્રાક્ષની છાલ અથવા ઝાડની લાકડીના સિવાય કાંઈ ન પામે તો તે જ ચાવે[2]. (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)[3]*

**૧.** એટલે કે નફલી રોઝો કેવળ શનિવારના દિવસે ન રાખો, કેમ કે એમાં યહૂદીઓથી મુશાબેહત છે કે તેઓ જો કે તે દિવસે રોઝો તો નથી રાખતા પણ તેની તા'ઝીમ ખૂબ જ કરે છે. તમારાં એ રોઝામાં તેમની સાથે મળતાપણુ થશે. જમહૂર ઉલમાનો ક઼ૌલ એ છે કે આ મનાઈ પણ તન્ઝીહી છે જેથી આ હદીષ શનિવારના દિવસના રોઝાની હદીષોની વિરુદ્ધ ન થશે, કેમ કે તે જાઈઝ હોવાના વર્ણન માટે છે અને આ હદીષ મુસ્તહબ હોવાના વર્ણન માટે છે. જો શનિવારની સાથે અન્ય દિવસનો પણ રોઝો રાખી લેવામાં આવે તો ન મુશાબેહત રહેશે ન મનાઈ. અહીં ફર્ઝથી મુરાદ કેવળ શરઈ ફર્ઝ નથી બલ્કે જરૂરીના અર્થમાં છે. જેથી રમઝાન, રમઝાનની ક઼ઝા, નઝર, કફ્ફારો, આશૂરા, ૧૧વીં, ૧૨વીં વગેરે મોતબર્રક તારીખોના રોઝા એ દિવસે રાખવા વિના કરાહતે જાઈઝ છે. *(મિર્ક઼ાત તથા લમ્આત)*

**૨.** એટલે શનિવારના દિવસે આકસ્મિક રીતે ફાક઼ો પણ ન કરે. જો કે ઘરમાં કોઈ ખાવા પીવાનું ન હોય તો મામૂલી ચીજ મળીને પણ ફાક઼ાથી બચી જાય. આ ફર્માન અતિશયોક્તિ માટે છે અને શક્ય છે કે આ મનાઈ તહરીમી હોય અને હદીષ મન્સૂખ હોય.

**૩.** આ હદીષને હાકિમે સહીહ અને બુખારીની શર્ત પર કહી, અને નવવી ફર્માવે છે કે મુહદ્દિષોએ તેની તસ્હીહ કરી (સહીહ બતાવી) છે. અબૂ દાઊદ ફર્માવે છે કે આ હદીષ મન્સૂખ છે. *(મિર્ક઼ાત)*

**★ હદીષ : (૨૯)-૨૦૬૪ ★**

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ صَامَ يَوْمًا فِي سَبِيلِ اللّٰهِ جَعَلَ اللّٰهُ بَيْنَهُ وَبَيْنَ النَّارِ خَنْدَقًا كَمَا بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ અલ્લાહની રાહમાં એક દિવસ રોઝો રાખે[૧] તો અલ્લાહ તઆલા તેના અને આગની વચ્ચે એવી ખાઈ કરી દેશે જેવી આસ્માન અને જમીનની વચ્ચે[૨]." (તિર્મિઝી)*

**૧.** અલ્લાહની રાહથી મુરાદ જેહાદ, હજ્જ, ઉમરા, ઈલ્મે દીનની તલબનો સફર છે. એટલે કે એમનામાંથી જે મુસાફર એક દિવસ પણ રાખી લે અથવા એનાથી મુરાદ અલ્લાહની રઝા છે. એટલે જે કોઈ ઘર તથા સફરમાં એક નફ્લી રોઝો રાખી લે.

**૨.** એટલે કે પાંચસો વરસની રાહ (અંતર). આનાથી પહેલાં સિત્તેર વરસનુ અંતર પણ આવી ચૂકયું છે. પણ એમનામાં આપસમાં ટકરાવ નથી, કેમ કે ઈખ્લાસના ફરક્થી સવાબમાં ફરક પડી જાય છે. ખંદક (ખાઈ) કહીને એ બાજુ નિર્દેશ કરવામાં આવ્યો કે ઈન્ શા અલ્લાહ ! એના સુધી આગ તો શું આગની આંચ પણ પહોંચી શકશે નહીં, જેવી રીતે કે આવી લાંબી પહોળી ખાઈ ફલાંગીને દુશ્મન નથી પહોંચી શક્તો.

**★ હદીષ : (30)-૨૦૬૫ ★**

وَعَنْ عَامِرِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْغَنِيمَةُ الْبَارِدَةُ الشِّتَاءِ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ مُرْسل

*"હઝરત આમિર ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઠંડી ગનીમત શિયાળાના રોઝાઓ છે[૨] (અહમદ, તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ મુરસલ છે[૩].*

**૧.** તેમના નામ તથા તેમની સહાબિયતમાં ઘણો મતભેદ છે. અમુકે કહ્યું કે એ આમિર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ છે. તાબઈ છે. અમુકે કહ્યું કે આ આમિર ઈબ્ને મસ્ઊદ ઈબ્ને ઉમૈયા ઈબ્ને ખલફ જમઈ છે, એટલે સફવાન ઈબ્ને ઉમૈયાના ભત્રીજા. હક્ક્ એ જ છે કે આપ સહાબી નહીં તાબઈ છે.

**૨.** જેમાં તકલીફ ખૂબ થોડી અને અસલ રોઝાનો સવાબ પૂરો. જેમ કે દુશ્મન મુકાબલો કર્યા વિના ભાગી જાય અને ઠંડીની ઋતુ પણ હોય કે ગાઝી વિના તકલીફે સવાબ તથા ગનીમત લઈ આવે છે. ઠંડી ઋતુના રમઝાનનો પણ એ જ હાલ છે. યાદ રાખશો કે આ અસલ સવાબમાં ચર્ચા છે, નહીં તો ગરમીના રોઝાઓમાં અધિક તકલીફનો સવાબ પણ મળશે. એટલા માટે હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે મને ત્રણ ચીજો ઘણી પ્યારી છે : ઈકરામુઝ્ ઝૈફ, સિયામુસ્સૈફ, જેહાદ બિસ્સૈફ. એટલે મહેમાનની ખિદમત, ગરમીના રોઝા અને તલ્વારથી જેહાદ.

**૩.** કેમ કે આમિર ઈબ્ને મસ્ઊદે હુઝૂરે અન્વર ﷺ ની સોહબત ન પામી. યાદ રાખશો કે આપ ઈબ્રાહીમ ઈબ્ને આમિર કર્શીના પિતા છે અને આપની આના સિવાય કોઈ હદીષ નથી.

**★ હદીષ : (૩૧)-૨૦૬૬ ★**

وَذَكَرَ حَدِيثَ أَبِي هُرَيْرَةَ: «مَا مِنْ أَيَّامٍ أحب إِلَى الله» فِي بَاب الْأُضْحِية

*"અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની આ હદીષ ما من ایام અલ્હદીષ, કુર્બાનીના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી."*

## (વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૩૨)-૨૦૬૭ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَدِمَ الْمَدِينَةِ فَوَجَدَ الْيَهُودَ صِيَامًا يَوْمَ عَاشُورَاءَ فَقَالَ لَهُمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا هَذَا الْيَوْمُ -[639]- الَّذِي تَصُومُونَهُ؟» فَقَالُوا: هَذَا يَوْمٌ عَظِيمٌ: أَنْجَى اللَّهُ فِيهِ مُوسَى وَقَوْمَهُ وَغَرَّقَ فِرْعَوْنَ وَقَوْمَهُ فَصَامَهُ مُوسَى شُكْرًا فَنَحْنُ نَصُومُهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَنَحْنُ أَحَقُّ وَأَوْلَى بِمُوسَى مِنْكُمْ» فَصَامَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَمَرَ بصيامه

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ મદીના તશરીફ લાવ્યા તો યહૂદીઓને આશૂરાના દિવસે રોઝો રાખતા જોયા[1] તેમને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આ કેવો દિવસ છે જેમાં તમે રોઝા રાખો છો ?[2] તે બોલ્યા, આ તે અઝમતવાળો દિવસ છે જેમાં અલ્લાહે મૂસા علیہ السلام અને તેમની કૌમને નજાત આપી અને ફિરઔન અને તેની કૌમની ડૂબાડી. મૂસા علیہ السلام એ શુક્રિયામાં રોઝો રાખ્યો જેથી અમે પણ રાખીએ છીએ[3]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અમો મૂસા علیہ السلام ના તમારા કરતાં વધુ હક્કદાર છીએ[4]. જેથી આ રોઝો રસૂલુલ્લાહ ﷺ એ પણ રાખ્યો[5] અને એ રોઝાનો હુકમ પણ આપ્યો[6]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે હિજરતના બીજા વરસે જ્યારે આશૂરાનો દિવસ આવ્યો તો આપે યહૂદીઓને રોઝાદાર જોયા કેમ કે રબીઉલ અવ્વલ શરીફમાં હુઝૂરે અન્વર ﷺ મદીના તયબહ પહોંચ્યા હતા. એ વરસનો આશૂરા ગુજરી ચૂક્યો હતો.

**૨.** યાદ રાખશો કે યહૂદીઓના મહિના અને તારીખો ઈસ્લામી મહિનાઓ તથા તારીખોના સિવાય હતી પણ તેમણે આશૂરાના દિવસને રોઝાના માટે તારવી લીધો હતો જેમાં ચાંદના હિસાબથી જ રોઝા રાખ્યા હતા કેવળ બરકતના માટે. જેથી હદીષ પર એ વાંધો નથી જ્યારે યહૂદીના મહિના જ અલગ હતા તો તેમનો આશૂરાના દિવસે રોઝો કેવો ?

**૩.** શરઈ કાયદાથી દીની વાતોમાં કાફિરોની ખબર વિશ્વસનીય નથી પણ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ તેમની આ ખબર વિશ્વસનીય માની, ક્યાં તો એટલા માટે કે અબ્દુલ્લાહ ઈબ્ને સલામ વગેરે યહૂદી ઉલમા જેઓ ઈસ્લામ લાવી ચૂક્યા હતા તેમણે પણ આ ખબર આપી, અથવા એટલા માટે કે હુઝૂરે અન્વર ﷺ ને આ બનાવ વહી થકી માલૂમ હતો. તેનું સમર્થન કરાવવા માટે એ સવાલ કરવામાં આવ્યો. તવાતુરે મુસ્તકીલ મોટી સાબિતિ છે.

**૪.** કેમ કે અંબિયા عَلَيْهِمُ السَّلَام સર્વ ભાઈ છે. અસલ દીનમાં સૌ સહમત છે. હે યહૂદ ! તમે તો તેમની કિતાબ જ બદલી નાખી અને તમે અસલ દીનમાં જ તેમના વિરોધી થઈ ગયા. તો તમે એમની ખુશીમાં ભાગીદારી કરો છો તો અમે પણ તેમની ખુશીમાં ભાગીદાર થઈશું અને તેમની યાદગાર કાયમ કરીશું. એમાં બારીક નિર્દેશ એ બાજુ પણ છે કે અમે આશૂરાનો રોઝો તમારી મુશાબેહતના માટે નથી રાખતા બલ્કે મૂસા علیہ السلام ની મુવાફિકતના માટે રાખીએ છીએ અને અંબિયા عَلَيْهِمُ السَّلَام ની મુવાફિકત ઘણી પ્યારી ચીજ છે. જુઓ સૂરએ સાદનો સજદો દાઊદ علیہ السلام ની મુવાફિકતના માટે છે ન કે દાઊદીઓની મુશાબેહતના માટે. ફકીરની આ તકરીરથી આ હદીષ પરથી એ શંકા ઉઠી ગઈ કે યહૂદ તથા નસારાથી મુશાબેહત ઈસ્લામમાં મના છે. એ પણ કહી શકાય છે કે ઈસ્લામના શરૂમાં

એ મુશાબેહત મના ન હતી. બલ્કે હુઝૂરે અન્વર ﷺ ઘણી બધી વાતોમાં અહલે કિતાબની મુવાફિકત કરતા હતા, ત્યાં સુધી કે ઈસ્લામનો પ્રથમ કિબ્લો બૈતુલ મુકદ્દસ રહ્યો તેમના દિલોને રાજી કરવા માટે. પછી જ્યારે તેમની હઠધર્મી જાહેર થઈ ગઈ તો ઈસ્લામમાં તેમની મુખાલફત લાઝિમ કરી દેવામાં આવી.

**૫.** હુઝૂરે અન્વર ﷺનું આ રોઝો રાખવું મૂસા عليه السلامની મુવાફિકત (મળતાપણા)ના માટે છે ન કે તેમની મુતાબિઅત (તાબેદારી)ના માટે. મુવાફિકત અને મુતાબિઅતમાં જમીન તથા આસ્માનનો ફરક છે. રબ તઆલા ફર્માવે છે : فَبِهُدٰىهُمُ اقْتَدِهْ (તો તેમની જ રાહ ચાલો. –સૂરએ અન્આમ, ૬/૯૦) અહીં મુવાફિકતનો (તેમના જેમ કરવાનો) ઉલ્લેખ છે કે તમો સર્વ અંબિયાની મુવાફિકત કરો. અને હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જો મૂસા عليه السلام તજલ્લિયાતે જાહેરી ઝિંદા હોત તો તેમને મારી પયરવી વગર ચારો ન હતો. અહીં પયરવીનું વર્ણન છે. ખુલાસો એ છે કે હુઝૂરે અન્વર ﷺ અંબિયાના મુવાફિક છે અને અંબિયાએ કિરામ હુઝૂરે અન્વર ﷺના તાબે છે.

**૬.** જેમ કે ઈસ્લામના શરૂમાં આશૂરાનો રોઝો ફર્ઝ રહ્યો, પછી રમઝાનની ફર્ઝિયતથી આશૂરાના રોઝાની ફર્ઝિયત તો મન્સૂખ થઈ ગઈ પણ સુન્નિયત (સુન્નત હોવું) હજી સુધી બાકી છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે મોઅઝ્ઝમ બનાવોની યાદગારો મનાવવું ઈસ્લામી રુકન છે. **બીજુ** એ કે અહીં યાદગારો કેવળ એટલા માટે હરામ ન કહેવામાં આવશે કે એમાં કાફિરોની મુશાબેહતનો અણસાર છે. **ત્રીજુ** એ કે **ઈસ્લામી યાદગારો ખેલકૂદથી ન મનાવવામાં આવે બલ્કે ઈબાદતોથી મનાવવામાં આવે. જુઓ હુઝૂરે અન્વર ﷺએ મૂસા عليه السلامના બનાવની યાદગારમાં રોઝા રાખ્યા કે જે ઈબાદતમાં છે. ચોથુ** એ કે અલ્લાહવાળાઓની ખુશીમાં ભાગીદાર થવું કાંઈક મળવાનું બહાની બની જાય છે. બાદશાહોના નોકર ચાકર શહઝાદાઓની બર્થડેમાં દેખાડો કરવાની ખુશી મનાવીને પણ કાંઈક મેળવી લે છે તો જો આપણે ઈદે મીલાદ, ઈદે મેઅરાજ દિલથી મનાવીએ તો ઈન્ શા અલ્લાહ ! મોં માગી મુરાદો પામીશું બલ્કે પામી રહ્યા છીએ. એ સર્વ ઈદોની અસ્લ આ હદીષ છે.

**★ હદીષ : (33)-૨૦૯૮ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَصُومُ يَوْمَ السَّبْتِ وَيَوْمَ الْأَحَدِ أَكْثَرَ مَا يَصُومُ مِنَ الْأَيَّامِ وَيَقُولُ: «إِنَّهُمَا يَوْمَا عِيدٍ لِلْمُشْرِكِينَ فَأَنَا أُحِبُّ أَن أخالفهم» . رَوَاهُ أَحْمد

*"હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જે દિવસોમાં રોઝા અધિક રાખતા હતા તેમાં મોટાભાગે શનિવાર તથા રવિવારે રાખતા હતા[૧] અને ફર્માવતા હતા કે આ બંનેવ દિવસો મુશ્રિકોની ઈદના દિવસો છે. હું ચાહું છું કે તેમની મુખાલફત (વિરુદ્ધ) કરો." (અહમદ)*

**૧.** યાદ રાખશો કે શનિવાર કે રવિવાર કે બંને દિવસોના રોઝા રાખવા યહૂદીઓ ઈસાઈઓની વિરુદ્ધતા કરવાના માટે ખૂબ જ બેહતર છે અને એ દિવસોની તા'ઝીમના માટે રોઝો રાખવો સખત મના છે. જેથી આ હદીષ એ પાછલી હદીષની વિરુદ્ધ નથી જેમાં શનિવારના રોઝાથી મના કરવામાં આવ્યું હતું કેમ કે ત્યાં બીજા પ્રકારનો રોઝો મુરાદ હતો અને અહીં પ્રથમ પ્રકારનો રોઝો મુરાદ છે. અને શક્ય છે કે ત્યાં કેવળ શનિવારનો રોઝો મુરાદ હોય અહીં શનિ તથા રવિ બંને દિવસોનો રોઝો મુરાદ છે.

**૨.** એટલે કે શનિવારનો દિવસ યહૂદીઓની ઈદ છે અને રવિવારનો દિવસ ઈસાઈઓની ઈદ. તેમાં એ લોકો ખૂબ ખાય પીએ છે અને એશ કરે છે, અમે તેમની વિરુદ્ધતામાં રોઝો રાખ્યો. મુશ્રિકોથી મુરાદ યહૂદી ઈસાઈ છે. કેમ

**કે યહૂદી ઉઝૈર علیہ السلام ને ખુદાનો પુત્ર માનીને તેમની પૂજા કરે છે અને ઈસાઈ ઈસા علیہ السلام ની. જેથી એ બંને મુશ્રિક થયા.** કુર્આન શરીફમાં સામાન્યતઃ શિર્ક, કુફ્રના અર્થમાં અને મુશ્રિક, કાફિરના અર્થમાં વપરાયુ છે, અને ઈસાઈ ઈસા علیہ السلام ની (પૂજા કરે છે) જેથી એઓ બંનેવ (યહૂદી, ઈસાઈ) મુશ્રિક થયા. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ (બેશક ! શિર્ક મહાન જુલ્મ છે. સૂરએ લુકમાન, ૩૧/૧૩) અને ફર્માવ્યું, اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ (બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે. –સૂરએ નિસાઅ્, ૪/૪૮) આ આયતોમાં શિર્કનો અર્થ કુફ્ર છે કે અહીં મુશ્રિકોથી કાફિરો મુરાદ હોય.

**★ હદીષ : (૩૪)–૨૦૬૯ ★**

وَعَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْمُرُ بِصِيَامِ يَوْمِ عَاشُورَاءَ وَيَحُثُّنَا عَلَيْهِ وَيَتَعَاهَدُنَا عِنْدَهُ فَلَمَّا فُرِضَ رَمَضَانُ لَمْ يَأْمُرْنَا وَلَمْ يَنْهَنَا عَنْهُ وَلم يتعاهدنا عِنْده. رَوَاهُ مُسلم

*"હઝરત જાબિર ઈબ્ને સમુરહથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આશૂરાના દિવસે અમારી તેહકીકાત કરતા હતા. પછી જ્યારે રમઝાન ફર્ઝ થયો તો ન અમને એનો હુકમ આપ્યો ન મના કર્યું ન તેહકીકાત કરી[૧]." (મુસ્લિમ)*

**૧.** આ બંનેવ બનાવો હિજરત બાદના છે. હિજરતથી પહેલાં હુઝૂરે અકરમ ﷺ એ કોઈ રોઝાનો હુકમ આપ્યો ન હતો. આ હદીષથી જાણવા મળ્યું કે ઈસ્લામના શરૂમાં આશૂરાનો રોઝો ફર્ઝ હતો, કેમ કે એનો હુકમ આપવું અને આશૂરા આવવા પર તહકીકાત કરવું કે કોણ રોઝો રાખ્યો અને કોણ નહીં, એ ફર્ઝિયતની નિશાની છે. રમઝાનની ફર્ઝિયત પછી આશૂરાની ફર્ઝિયત ઉઠી ગઈ પણ સુન્નત હોવું બાકી રહ્યું, કેમ કે નબી કરીમ ﷺ એ વફાત શરીફ સુધી એ રોઝો રાખ્યો છે. મુસ્લિમ, બુખારી હઝરત સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે કે હુઝૂર અન્વર ﷺ એ એક શખ્સ પાસે એ એલાન કરાવ્યું કે જેણે કાંઈ ખાય લીધુ હોય તે બાકીનો દિવસ કાંઈ ન ખાય અને જેણે કાંઈ ન ખાધુ હોય તે રોઝો રાખી લે, કેમ કે આજે આશૂરા છે. આ હદીષ એ જમાનાની છે જ્યારે આશૂરાનો રોઝો ફર્ઝ હતો.

**★ હદીષ : (૩૫)–૨૦૭૦ ★**

وَعَنْ حَفْصَةَ قَالَتْ: أَرْبَعٌ لَمْ يَكُنْ يَدَعُهُنَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «صِيَامُ عَاشُورَاءَ وَالْعَشْرِ وَثَلَاثَةُ أَيَّامٍ مِنْ كُلِّ شَهْرٍ وَرَكْعَتَانِ قبل الْفجْر» . رَوَاهُ النَّسَائِيّ

*"હઝરત હફ્સા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ચાર કામ ન છોડતા હતા : આશૂરાનો રોઝો, બક્ર ઈદના દસ દિવસ અને દર મહિને ત્રણ દિવસના રોઝા[૧] અને ફજરથી પહેલાંની બે રકાતો." (નિસાઈ)*

**૧.** એટલે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ વફાત શરીફ સુધી આ ત્રણેવ પ્રકારના રોઝા રાખ્યા. જેથી આ સૌ સુન્નત છે. બક્ર ઈદના દસ દિવસથી મુરાદ નવ દિવસ છે, નહીં તો દસમી બક્ર ઈદનો રોઝો હરામ છે. અહીં હુઝૂરે અન્વર ﷺ નો મોટાભાગનો અમલ મુરાદ છે ન કે હમેશાંનો. જેથી આ હદીષ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની એ અગાઉ વર્ણવેલી હદીષની વિરુદ્ધ નથી. જેમાં આપ ફર્માવે છે કે મેં આપને બક્ર ઈદના અશરા (દસ દિવસો)માં રોઝા રાખતાં નથી જોયા. બક્ર ઈદના દસ દિવસોનો સમય એ બેહતરીન સમય છે. અમુક ઉલમા ફર્માવે છે કે રમઝાનના

આખરી અશરાની રાતો બેહતરીન છે કે એ સૌમાં (દરેક રાતમાં) શબે ક઼દ્ર છે અને બક઼ ઈદના પહેલા અશરા (દસ દિવસો)ના દિવસો અફઝલ છે કે એમાં અરફાનો દિવસ છે.

**★ હદીષ : (૩૬)–૨૦૭૧ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يُفْطِرُ أَيَّامَ الْبيض فِي حضر وَلَا فِي سفر. رَوَاهُ النَّسَائِيّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ચાંદનીના રોશન દિવસોમાં રોઝા છોડતા ન હતા ઘરમાં ન સફરમાં[૧]." (નિસાઈ)*

**૧.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું, ઐયામે બીજના સંબંધે ઉલમાના નવ ક઼ૌલ છે જેમાંથી અધિક ક઼વી (મજબૂત) ક઼ૌલ એ છે કે તે ચાંદની ૧૩મી, ચૌદમી, પંદરમી રાતો છે તેમને ઐયામે બીજ ક્યાં તો એટલા માટે કહે છે કે તેમની રાતો ઉજાસવાળી છે અથવા એટલા માટે કે એમના રોઝા દિવસોને નૂરાની તથા ઉજ્જવળ કરે છે. અથવા એટલા માટે કે આદમ علیہ السلام ના અંગો જન્નતથી આવીને કાળા પડી ગયાં હતાં. રબ તઆલાએ તેમને એ ત્રણ રોઝાઓનો હુકમ આપ્યો. દરેક રોઝાથી આપતુ ૧/૩ શરીર ચમકીલુ થયું ત્યાં સુધી કે ત્રણ રોઝાઓ પછી આખુ શરીર અતિશય હસીન બની ગયું.

**★ હદીષ : (૩૭)–૨૦૭૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لِكُلِّ شَيْءٍ زَكَاةٌ وَزَكَاةُ الْجَسَدِ الصَّوْمُ» . رَوَاهُ ابْن مَاجَه

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, દરેક ચીજની ઝકાત છે અને શરીરની ઝકાત રોઝો છે[૧]." (ઈબ્ને માજહ)*

**૧.** કે રોઝાની બરકતથી મોટાભાગે માણસ દુબળો થઈ જાય છે. શરીરનો અમુક ગોશ્ત ઓગળી જાય છે, અથવા રોઝાની બરકતથી શરીર ગુનાહોથી પાક તથા સાફ થઈ જાય છે, અથવા રોઝાની બરકતથી આગ રોઝાદાર સુધી પહોંચી શકશે નહીં. સારાંશ કે રોઝો ઝકાત જેવાં ત્રણેવ કામો કરે છે.

**★ હદીષ : (૩૮)–૨૦૭૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: كَانَ يَصُومُ يَوْمَ الِاثْنَيْنِ وَالْخَمِيسِ. فَقِيلَ: يَا رَسُولَ اللَّهِ إِنَّكَ تَصُومُ يَوْمَ الِاثْنَيْنِ وَالْخَمِيس. فَقَالَ: " إِنَّ يَوْمَ الِاثْنَيْنِ وَالْخَمِيسِ يَغْفِرُ اللَّهُ فِيهِمَا لِكُلِّ مُسْلِمٍ إِلَّا ذَا هَاجِرَيْنِ يَقُولُ:دَعْهُمَا حَتَّى يصطلحا".رَوَاهُ أَحْمد وَابْن مَاجَه

*"તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم પીર તથા જુમેરાતના દિવસે રોઝો રાખતા હતા. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم પીર તથા જુમેરાતના રોઝા રાખો છો ? તો ફર્માવ્યું કે પીર તથા જુમેરાતના દિવસે અલ્લાહ અદાવતવાળાઓ સિવાય બાકી સૌ મુસલમાનોને બખ્શી દે છે[૧] એમના વિશે ફર્માવ્યું છે કે તેમને છોડી આપો ત્યાં સુધી કે આપસમાં સુલહ કરી લે[૨]." (અહમદ, ઈબ્ને માજહ)*

**૧.** સુબ્હાનલ્લાહ ! આ બંનેવ દિવસ ઘણી બરકત તથા અઝમતવાળા છે, કેમ ન હોય કે તેમને અઝમતવાળ ાઓથી નિસ્બત છે. જુમેરાત તો જુમ્આનો પડોશી છે અને હઝરત આમિના ખાતૂનના સગર્ભા થવાનો દિવસ છે અને

પીર હુઝૂરે અન્વર ﷺની વિલાદતનો દિવસ પણ છે અને કુર્આને કરીમના નુઝૂલનો પણ જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું. બુખારી શરીફમાં છે કે એક સહાબી (હઝરત અબ્બાસ رضی اللہ عنہ)એ અબૂ લહબને તેના મૃત્યુ બાદ ખ્વાબમાં જોયો. પૂછયું, શું હાલ છે ? બોલ્યો, સખત અઝાબમાં સપડાયેલો છું પણ પીરના દિવસે મારો અઝાબ કાંઈક હલકો થાય છે. અને મારા જમણા હાથની પહેલી આંગળી વડે મને પાણી મળે છે. કેમ કે મેં એ દિવસે હુઝૂરે અન્વર ﷺની પેદાઈશની ખુશીમાં પોતાની લોંડી ષૌબિયાને એ આંગળીના ઈશારા વડે કહ્યું, જા ! તું આઝાદ છે. સુબ્હાનલ્લાહ ! કયામત સુધી આ બે દિવસોમાં અલ્લાહના ફઝ્લથી આપણે ગુનેહગાર બખ્શિશ તથા મગફેરતની મીઠાઈઓ લેતા રહીશું. *બુઝુર્ગોં સે નિસ્બત બળી ચીઝ હૈ–ખુદા કી યહ નેઅમત બળી ચીઝ હૈ*

અહીં મિર્કાતે ફર્માવ્યું કે હદીષનો મતલબ એ છે કે પીર તથા જુમેરાતના દિવસે એ મુસલમાનોની બખ્શિશ થાય છે જેઓ એ દિવસોમાં રોઝો રાખવાના આદી છે.

**૨.** એ સંબોધન કે એમને છોડી દો, એ કયાં તો એ ફરિશ્તાથી થાય છે જે અમલોના રજીસ્ટરોથી લોકોના ગુનાહ મિટાવવા માટે નિયુક્ત છે, અથવા એ લોકોને થાય છે જેઓ એમના માટે મગફેરતની દુઆ કરે. (મિર્કાત, અશિઅહ) એટલે કે હમણા એમના ગુનાહ બાકી રહેવા દો જ્યાં સુધી કે તેઓ આપસમાં સુલહ ન કરી લે. અદાવતથી મુરાદ દુનિયવી અદાવતો છે જે માલ જાયદાદ વગેરેના સબબે હોય. દીની અદાવતો તો ઈબાદત છે. દરેક મો'મિન દરેક કાફિરથી અદાવત રાખે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ مِنۡ اَزۡوَاجِكُمۡ وَاَوۡلَادِكُمۡ عَدُوًّا لَّكُمۡ فَاحۡذَرُوۡهُمۡ ''તમારી અમુક પત્નીઓ તથા બાળકો તમારાં દુશ્મન છે તો એમનાથી સાવધાની વર્તો !'' (સૂરએ તગાબૂન, ૬૪/૧૪) એનાથી જાણવા મળ્યું કે મુસલમાનથી કીનો તથા અદાવત અલ્લાહ તઆલાની મહાન રહમતથી મેહરૂમીનો સબબ છે. સીનો (દિલ) પાક રાખો જેથી તેમાં મદીનાના અન્વાર જુઓ, ગંદી તખ્તી પર અક્ષરો કોતરાતા નથી.

**★ હદીષ : (૩૯)–૨૦૭૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ صَامَ يَوْمًا ابْتِغَاءَ وَجْهِ اللّٰهِ بَعَّدَهُ اللّٰهُ مِنْ جَهَنَّمَ كَبُعْدِ غُرَابٍ طَائِرٍ وَهُوَ فرخ حَتَّى مَاتَ هرما» . رَوَاهُ أَحْمد

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે અલ્લાહની રઝા (રાજીપા)ની તલાશમાં એક દિવસ રોઝો રાખે[1] તો અલ્લાહ તેને દોઝખથી એટલો દૂર કરી આપશે જેવી રીતે ઉડનાર કાગડાની દૂરી જ્યારે તે બાળક હોય ત્યાં સુધી કે વૃદ્ધ થઈને મરી જાય[2].'' (અહમદ)*

**૧.** જાહેર એ છે કે એ રોઝાથી મુરાદ નફલી રોઝો છે એટલા માટે મિશ્કાતના કર્તા આ હદીષ નફલી રોઝાના પ્રકરણમાં લાવ્યા. રબની રઝાની શર્ત એટલા માટે લાવ્યા કે કોઈ અમલ ઈખ્લાસ વિના ન કબૂલ થશે ન તેનો સવાબ મળશે, ન તેનો લાભો જાહેર થશે. એમાં નિર્દેશ રૂપે બતાવવામાં આવી રહ્યું છે કે જ્યારે એક નફ્લી રોઝાના સવાબનો આ હાલ છે તો અંદાઝો લગાડો કે ફર્ઝ રોઝાઓનો સવાબ કેટલો હશે ?!

**૨.** કાગડાની પ્રાકૃતિક વય એક હજાર વરસ છે. (મિર્કાત) અને તે ખૂબ જ ઝડપથી ઉડે છે. અહીં દોઝખથી અતિશય દૂરી બતાવવા માટે દષ્ટાંત રૂપે કહેવામાં આવ્યું કે **કાગડાનું બચ્ચુ જો પેદા થતાં જ ઉડવાનું શરૂ કરી આપે અને મરતા દમ સુધી એટલે એક હજાર વરસો સુધી સતત ઉડતુ રહે તો અંદાઝો લગાડો કે પોતાના માળાથી કેટલા દૂર પહોંચી જશે ?! રબ તઆલા એ રોઝાદારને દોઝખથી એટલો દૂર રાખશે.**

હદીષ બિલ્કુલ જાહેર પર છે, કોઈ તાવીલની જરૂરત નથી. રબ તઆલાની અતાઓ આપણા વહેમ તથા ગુમાનથીય ઉપર છે.

| ★ હદીષ : (૪૦)-૨૦૭૫ ★ | |
|---|---|
| وَرَوَى الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيْمَانِ عَنْ سَلَمَةَ بن قيس | *"અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં હઝરત સલમા ઈબ્ને કૈ઼સથી રિવાયત કરી[૧]."* |

**૧.** મિર્ક઼ાતે ફર્માવ્યું, હક્ક઼ એ છે કે તેમનું નામ સલમા ઈબ્ને કૈ઼સ નથી બલ્કે સલમા ઈબ્ને કૈ઼સ઼ર હઝરમી છે. તિબ્રાનીએ એમનું નામ સલામા બતાવ્યું. والله اعلم !

# باب

## (રોઝાના વિવિધ મસાઈલ વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** કેમ કે આ પ્રકરણમાં ગુજરી ગયેલ પ્રકરણો વિશે વિવિધ વિષયે વર્ણન છે. નફ્લી રોઝામાં રોઝો રાખીને તોડી દેવો, રોઝાની કઝા વગેરે. એટલા માટે લેખકે તેનો તર્જુમો તથા ટાઈટલ ન લખ્યું જાણો કે આ "બાબે મુતફર્રિકાત" વિવિધ બાબતોના વિશે પ્રકરણ છે.

**★ હદીષ : (૧)-૨૦૭૬ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: دَخَلَ عَلَيَّ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ذَاتَ يَوْمٍ فَقَالَ: «هَلْ عِنْدَكُمْ شَيْءٌ؟» فَقُلْنَا: لَا قَالَ: «فَإِنِّي إِذًا صَائِمٌ» . ثُمَّ أَتَانَا يَوْمًا آخَرَ فَقُلْنَا: يَا رَسُولَ اللَّهِ أُهْدِيَ لَنَا حَيْسٌ فَقَالَ: «أَرِينِيهِ فَلَقَدْ أَصْبَحْتُ صَائِمًا» فَأَكَلَ. رَوَاهُ مُسلم

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે એક દિવસ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام મારી પાસે તશરીફ લાવ્યા તો ફર્માવ્યું, શું તમારી પાસે કાંઈ છે ? અમે અર્ઝ કરી કે નહીં ![1] ફર્માવ્યું, સારું ! તો અમારો રોઝો છે[2]. પછી બીજા અન્ય દિવસે તશરીફ લાવ્યા તો અમે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમને હદિયો આપ્યો છે[3] ફર્માવ્યું, મને બતાવો ! મેં તો આજે રોઝાદાર થઈને સવાર કરી હતી. પછી આપે ખાય લીધું[4]. (મુસ્લિમ શરીફ)*

**૧.** હુઝૂરે અન્વર ﷺના આ સવાલ તમામ અઝવાજે પાક (પાક બીવીઓ)થી હતો અને આ જવાબ પણ સૌની તરફથી જોયો. એટલે કે નવ પત્નીઓમાંથી કોઈના ઘરમાં ખાવાની કોઈ ચીજ નથી. જે માલિકે કૌનેન છે તેમના પોતાના ઘરનો આ હાલ છે ! (શેઅર)

*માલિકે કૌનૈન હૈ ગો પાસ કુછ રખતે નહીં—દો જહાં કી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથ મેં*

હુઝૂરે અન્વર ﷺના આ ફક્ો ફાકા ઈખ્તિયારી છે. ફર્માવે છે, "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલે."

**૨.** એટલે કે આજે ઘરમાં કોઈ ખાવા માટે નથી જેથી હું હવે આ સમયથી નફ્લી રોઝાની નિય્યત કરું છું. એનાથી જાણવા મળ્યું કે નફ્લ રોઝાની નિય્યત ઝહ્વએ કુબરા એટલે નિસ્ફુન્નિહારે શરઈ (ઝવાલ)થી પહેલાં પહેલાં થઈ શકે છે. રાતથી હોવી જરૂરથી નથી. લેખક એ જ હેતુ માટે આ હદીષ અહીં લાવ્યા.

**૩.** એટલે કે કોઈ શખ્સે ખજૂરનો હલ્વો હદિયા રૂપે મોકલ્યો છે, હુઝૂર ખાઈ શકો છો. અરબીમાં حیس (હૈસ)નો અર્થ છે મિક્સ કે ભેળસેળવાળી ચીજ. ઈસ્તેલાહ (બોલી)માં એ એક હલ્વો છે જે માખણ, પનીર, ખજૂરથી અથવા આટો, માખણ અને ઘીથી તૈયાર કરવામાં આવે છે. હરીસા એનાથી ઉચ્ચ કક્ષાનો હોય છે. ફકીરે (અહમદ યારખાં)એ મદીના મુનવ્વરામાં હૈસ ખાધેલ છે અને હરીસા પણ.

**૪.** આ સ્થિતિ પહેલાથી વિપરિત બની કે ત્યાં તો ઘરમાં ખાવા ન હોવાના કારણે રોઝાની નિય્યત કરી લેવામાં આવી હતી અને અહીં ખાવા જોઈને નફ્લી રોઝો તોડી નાખવામાં આવ્યો. આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો મઝહબ એ છે કે નફ્લી રોઝો અથવા નફ્લી નમાઝ શરૂ કરવાથી વાજિબ થઈ જાય છે કે એને પૂરો કરવો જરૂરી હોય છે. કેમ કે રબ તઆલાએ ફર્માવ્યું છે : لَا تُبْطِلُوْٓا اَعْمَالَكُمْ (અને તમારા અમલ બાતિલ ન કરો. ૪૭/૩૩) અને ફર્માવ્યું : فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا (અલ્લાહની રઝા ચાહવા માટે પેદા કરી પછી તેને ન નિભાવી જેવો કે તેને નિભાવવાનો હક્ક હતો. –સૂરએ હદીદ, ૫૭/૨૭) એટલે અહલે કિતાબ નેક અમલો શરૂ કર્યા પણ તેને નિભાવ્યા નહીં. જાણવા મળ્યું કે નેકી શરૂ કરીને પૂરી કરવી વાજિબ છે.જો કોઈ શખ્સ નફલી રોઝો શરૂ કરીને તોડી નાખે તો તેની કઝા વાજિબ છે. આ બે વર્ણવેલી આયતોના કારણે અને આ હદીષના કારણે જે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની રિવાયત આગળ આવી રહી છે, અને નફ્લી હજ્જ તથા ઉમરા પર કયાસના કારણે એ બંનેવ ચીજો એહરામ બાંધતાં જ વાજિબ થઈ જાય છે કે જો તેમને પૂર્ણ ન કરી શકીએ તો કઝા કરવી વાજિબ છે. યાદ રાખશો કે નફ્લી રોઝો તથા નમાઝો વિના ઉઝરે (મજબૂરી વિના) તોડવી નાજાઈઝ છે. દા'વત તથા મહેમાનનું આવવું પણ ઉઝર છે. આ હદીષ હનફીઓની વિરુદ્ધ નથી કે અહીં હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمનું આ રોઝો તોડવું ઉઝરના કારણે હતું. એટલે કેટલાય દિવસોથી ખાવા ખાધુ ન હતું. અને એમાં એ ઉલ્લેખ નથી કે આપે એ રોઝાની કઝા ન કરી. જેથી આ હદીષ ન શાફઈઓની દલીલ છે ન માલિકીઓની, અને ન હનફીઓની વિરુદ્ધ છે.

**નોંધ** : શાફઈઓને ત્યાં નફ્લી રોઝો તોડવાથી મુત્લકન કઝા વાજિબ નથી. અને માલિકીઓને ત્યાં જો વિના મજબૂરીઓ તોડયો હોય તો કઝા વાજિબ છે. આપણે ત્યાં મુત્લકન કઝા વાજિબ છે.

**★ હદીષ : (૨)–૨૦૭૭ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: دَخَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى أُمِّ سُلَيْمٍ فَأَتَتْهُ بِتَمْرٍ وَسَمْنٍ فَقَالَ: «أَعِيدُوا سَمْنَكُمْ فِي سِقَائِهِ وَتَمْرَكُمْ فِي وِعَائِهِ فَإِنِّي صَائِمٌ» . ثُمَّ قَامَ إِلَى نَاحِيَةٍ مِنَ الْبَيْتِ فَصَلَّى غَيْرَ الْمَكْتُوبَةِ فَدَعَا لأم سليم وَأهل بَيتهَا. رَوَاهُ الْبُخَارِيّ

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ઉમ્મે સુલૈમને ત્યાં તશરીફ લાવ્યા[૧] તો તેણી હુઝૂરની ખિદમતમાં ખજૂરો તથા ઘી લાવ્યાં.[૨] તમારુ ઘી તો મશકમાં ઠાલવી દો અને તમારાં ખજૂરો આ વાસણમાં રાખી દો, હું રોઝદાર છું[૩]. પછી ઘરના એક ખૂણામાં ઉભા થયા તો ફર્ઝ સિવાયની નમાઝ પઢી પછી ઉમ્મે સુલૈમ અને તેમનાં ઘરવાળાંઓને માટે* NJV FSZL[૪]. *'' (બુખારી)*

**૧.** ઉમ્મે સુલૈમ બિન્તે મલ્હાનના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે કે હઝરત અનસનાં મા છે અને અબૂ તલ્હાનાં પત્ની. તેણીના નામમાં ખૂબ જ મતભેદો છે, ઉમામા છે કે તયકા, અથવા ગમીસા અથવા રબીસા. પહેલાં માલિક ઈબ્ને નઝરના નિકાહમાં હતાં. તેમનાથી હઝરત અનસ પેદા થયા. પછી હઝરત અબૂ તલ્હા સાથે ઈસ્લામની શરત પર નિકાહ કર્યા.

**૨.** જાહેર એ છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم કેવળ મુલાકાતના માટે તશરીફ લાવ્યા હતા અને ઉમ્મે સુલૈમે આગતા સ્વાગતામાં આ પેશ કર્યું. બાકાયદા દા'વત ન હતી. નહીં તો ઉમ્મે સુલૈમ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمને આપના રોઝાના દિવસે દા'વત ન આપતાં અથવા હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم રોઝાની મજબૂરીમાં દા'વત ન સ્વીકારત. તેમજ દા'વતમાં સામાન્યતઃ રોટી શાક વગેરે પેશ કરવામાં આવે છે ન કે કેવળ ખજૂર ઘી. એટલા માટે માલૂમ પડયું કે **મુલાકાતી તથા મહેમાનની સેવા**

**ચાકરી કરવી સુન્નત છે.** ઉલમા ફર્માવે છે કે, **"ખાયા પીયા વિના મુડદાંઓ જેવી મુલાકાત છે."**

**૩.** રોઝો હોવું એટલા માટે પ્રદર્શિત કરી આપ્યું કે જનાબ ઉમ્મે સુલૈમને આ રદ કરી આપવા પર રંજ ન થાય. એનાથી જાણવા મળ્યું કે નફલી રોઝાદારને જો ખબર હોય કે મારા રોઝા વિશે જાણ થવાથી ન ખાવા પર નારાજ નહીં થાય તો રોઝો ન તોડવો અફઝલ છે અને જો તેમના રંજમય થવાનો અંદેશો હોય તો રોઝો તોડી નાખવો અને કાંઈક ખાય લેવું બેહતર છે, બાદમાં કઝા કરવામાં આવે. એ પણ જાણવા મળ્યું કે પોતાની છુપી દરેક ઈબાદતનું જાહેર કરવું રિયા નથી. એ પણ જાણવા મળ્યું કે ઘરમાં ખાવા પીવાનો સામાન જમા રાખવો તવક્કુલની વિરુદ્ધ નથી. જુઓ હઝરત ઉમ્મે સુલૈમના ઘરે ઘીની મશકો ભરેલી હતી અને ખજૂરોના ટોપલા હતા.

**૪.** ઘરના ખૂણામાં નમાઝ તો એટલા માટે પઢી જેથી તે ઘર હુઝૂરે અન્વર ﷺના નફ્લથી બરકતવંત થઈ જાય અને એ જગા ઘરવાળાઓ માટે કાયમી નમાઝની જગા બની જાય. અને દુઆ એટલા માટે કરી કે જેથી માલૂમ થઈ જાય કે રોઝાદાર આવીને ખાવા ન ખાય તો ઘરવાળાઓ માટે દુઆ જરૂર કરે.

**★ હદીષ : (૩)-૨૦૭૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا دُعِيَ أَحَدُكُمْ إِلَى طَعَامٍ وَهُوَ صَائِمٌ فَلْيَقُلْ: إِنِّي صَائِمٌ ". وَفِي رِوَايَةٍ قَالَ: «إِذَا دُعِيَ أَحَدُكُمْ فَلْيُجِبْ فَإِنْ كَانَ صَائِمًا فَلْيُصَلِّ وَإِن كَانَ مُفطرا فيطعم» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જ્યારે તમારામાંથી કોઈને દા'વત આપવામાં આવે અને તે રોઝાદાર હોય તો કહી આપે, હું રોઝાથી છું[1]. એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈને દા'વત આપવામાં આવે તો કૂબૂલ કરી લે, વળી જો રોઝદાર હોય તો દુઆ કરી આપે અને જો બેરોઝા હોય તો ખાય લે[2]." (મુસ્લિમ)*

**૧.** અથવા એ રીતે કે દા'વત કૂબૂલ ન જ કરે અથવા એ રીતે કે કૂબૂલ કરી લે અને પહોંચી પણ જાય પણ ત્યાં ખાય નહીં, આ ઉઝર પેશ કરી આપે. બીજો અર્થ અધિક મજબૂત છે જેવું કે આગલા લખાણથી માલૂમ થઈ રહ્યું છે. યાદ રાખશો કે નફલી રોઝાને છુપાવવું બેહતર છે પણ કેમ કે અહીં છુપાવવાથી ક્યાં તો ઘરવાળાના દિલમાં અદાવત પેદા થશે અથવા રંજ તથા ગમ, અને મુસલમાનના દિલને ખુશ કરવું પણ ઈબાદત છે. એટલા માટે રોઝાને પ્રદર્શિત કરવાનો હુકમ આપવામાં આવ્યો.

**૨.** દુઆનો હુકમ તો ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે કે ત્યાં જ નફ્લ પઢીને અથવા નફ્લ પઢયા વિના દુઆ કરી આપવી બેહતર છે. અને ખાવાનો હુકમ વજૂબી (વાજિબ રૂપે) પણ હોય શકે છે અને ઈસ્તેહબાબી પણ. જેવો દા'વત આપનાર અને જેવો મોકો તેવો હુકમ. (મિર્કાત) જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમનામાં દા'વતના મોકા પર રોઝો તોડવાનો હુકમ છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૪)-૨૦૭૯ ★**

عَنْ أُمِّ هَانِئٍ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: لَمَّا كَانَ يَوْمُ

*"હઝરત ઉમ્મે હાનીથી રિવાયત છે ફર્માવે છે કે જ્યારે ફતહે મક્કાનો દિવસ થયો તો હઝરત ફાતિમા*

الْفَتْحِ فَتْحِ مَكَّةَ جَاءَتْ فَاطِمَةُ فَجَلَسَتْ عَلَى يَسَارِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأُمُّ هَانِئٍ عَنْ يَمِينِهِ فَجَاءَتِ الْوَلِيدَةُ بِإِنَاءٍ فِيهِ شَرَابٌ فَنَاوَلَتْهُ فَشَرِبَ مِنْهُ ثُمَّ نَاوَلَهُ أُمَّ هَانِئٍ فَشَرِبَتْ مِنْهُ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ لَقَدْ أَفْطَرْتُ وَكُنْتُ صَائِمَةً فَقَالَ لَهَا: «أَكُنْتِ تَقْضِينَ شَيْئًا؟» قَالَتْ: لَا. قَالَ: «فَلَا يَضُرُّكِ إِنْ كَانَ تَطَوُّعًا» .رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَفِي رِوَايَةٍ لِأَحْمَدَ وَالتِّرْمِذِيِّ نَحْوُهُ وَفِيهِ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ أَمَا إِنِّي كُنْتُ صَائِمَةً فَقَالَ:«الصَّائِمُ أَمِيرُ نَفْسِهِ إِنْ شَاءَ صَامَ وَإِنْ شَاءَ أفطر»

*ઝહ્રા આવ્યાં અને રસૂલુલ્લાહ ﷺની ડાબી બાજુ બેસી ગયાં અને ઉમ્મે હાની હુઝૂર ﷺની જમણી બાજુ હતાં[૧]. તો એક લોંડી એક વાસણ લાવી જેમાં શરબત હતું. હુઝૂરને પેશ કર્યું. આપે તેમાંથી પીધું પછી ઉમ્મે હાનીને આપી દીધું તેમણ પીધું[૨] પછી બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ મેં રોઝો તોડી કાઢયો, હું તો રોઝાદાર હતી ![3] તો ફર્માવ્યું, શું તમે કોઈ રોઝો કૃઝા કરી રહ્યા હતાં ? બોલ્યાં, નહીં ! ફર્માવ્યું, જો નફ્લી રોઝો હતો તો તમને કોઈ નુકસાન નથી[૪]. (અબૂ દાઊદ, તિર્મિઝી, દારમી) અને અહમદ તથા તિર્મિઝીની રિવાયતમાં એના જ જેમ છે અને એમાં એ છે કે આપ બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ હું રોઝાદાર હતી. તો ફર્માવ્યું, નફ્લી રોઝાદાર પોતાના નફ્સનો ખુદ મુખ્તાર છે જો ચાહે તો રોઝો પૂરો કરી લે જો ચાહે તો ઈફ્તાર કરી લે[૫].*

**૧.** લગભગ મજલિસની આ ગોઠવણી હુઝૂર ﷺના હુકમથી હતી કેમ કે ઉમ્મે હાની ફાતિમા ઝહ્રાના નણંદ હતા અને ફોઈ પણ. ઉમરમાં આપનાથી મોટા હતાં એટલા માટે તેમને હુઝૂરે અન્વર ﷺએ ડાબી બાજુ બેસાડયાં અને ઉમ્મે હાનીને જમણી બાજુ. આજે પણ ઈજતેમાના મોકા પર બેઠકમાં મર્તબા પ્રમાણે ક્રમ હોવો જોઈએ. લગભગ આ બનાવ ઉમ્મે હાનીના પોતાના ઘરમાં નથી બન્યો બલ્કે કોઈ અન્ય ઘરમાં થયો, નહીં તો ઉમ્મે હાની મિજબાનીની ખિદમત ખુદ અંજામ આપતાં. યાદ રાખશો કે ઉમ્મે હાનીએ મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરી ન હતી.

**૨.** સુન્નત એ છે કે **મજલિસમાં પાણી વગેરેનું વાસણ પ્રથમ બુઝુર્ગની સેવામાં રજૂ કરવામાં આવે. પછી જમણી બાજુ દૌર ચાલે ભલે એ બાજુ નાનો માણસ કે બાળક ભલે હોય અને ડાબી બાજુ મોટા, પણ જમણી બાજુવાળાને જ આપવામાં આવે.** અને અહીં તો સંજોગોવસાત જમણી બાજુ ઉમ્મે હાની હતાં જે સગાઈ સંબંધ તથા ઉમરમાં ફાતિમા ઝહરાથી મોટાં હતાં. આ હદીષથી જાણવા મળ્યું કે સગા વહાંલા સંબંધીઓ એકબીજાનું એઠુ પાણી પી શકે છે. જે રિવાયતોમાં છે કે સ્ત્રી પુરૂષનું એઠુ ન પીએ ન પુરૂષ સ્ત્રીનું. ત્યાં અજનબી લોકો મુરાદ છે. જેથી આ હદીષ તેની વિરુદ્ધ નથી.

**૩.** સુબ્હાનલ્લાહ ! કેવો અજબનો અમલ છે ! કે ઉમ્મે હાનીએ પ્રથમ રોઝો તોડયો પછી મસ્અલો પૂછયો. તેમની નજીક હુઝૂર ﷺનું પીધેલુ તબર્રુક પીવું રોઝા કરતાં અફઝલ હતું. તેમના દિલે ફત્વો આપ્યો કે રોઝાની કૃઝા અથવા કફ્ફારો અદા કરી લઈશ પણ હુઝૂર ﷺનું એઠુ (પીધેલુ) પછી ક્યાં મળશે ! ઈશ્કના રંગ નિરાળા હોય છે.

نیست ایں باراں ازیں ابر شما — ہست باراں دیگر و دیگر سما

**અર્થાત** : આ વર્ષા વાદળના લીધે નથી, વર્ષા અલગ છે અને વાદળ અલગ.

**૪.** એટલે જો એ રોઝો નઝર તથા રમઝાનની કઝાનો હતો તો એને તોડવું મના હતું, અને જો કેવળ નફલી હતો તો તોડવો બિલ્કુલ જાઈઝ, જો કે એની કઝા વાજિબ છે. એનાથી જાણવા મળ્યું કે મુરીદ અથવા શાગિર્દ પોતાના પીર અથવા ઉસ્તાદનાં તબર્રુક ખાવા માટે નફલી રોઝો તોડી શકે છે, દા'વતની જેમ આ પણ રોઝા તોડવાનું એક ઉઝર છે.

**૫.** આ જાહેરી શબ્દો વડે ઈમામ શાફઈએ ફર્માવ્યું કે નફ્લી રોઝો તોડી દેવાથી કઝા વાજિબ નથી, પરંતુ આ દલીલ ઝઈફ છે, કેમ કે અહીં ગુનાહની નફી (નકાર) છે ન કે કઝાની. કઝાનો હુકમ તો આગલી હદીષમાં આવી રહ્યો છે. اَمِيْرُ نَفْسِهٖનો મતલબ એ છે કે **નફલી રોઝાદાર કોઈ મોકા અને સ્થળ પર ઈફતાર (છોડી દેવું) બેહતર જાણે તો તોડી શકે છે.** આ હદીષ પર મોટો વાંધો એ છે કે ફતહે મક્કા રમઝાનમાં થઈ. ઉમ્મે હાની તે દિવસે મુસાફર ન હતાં. તેમના પર રમઝાનના રોઝા ફર્ઝ હતા. નફલી રોઝા રાખી શકતાં ન હતાં. એટલા માટે તિર્મિઝીએ ફર્માવ્યું કે તેની અસ્નાદમાં કાંઈક ઝોઅફ છે. નિસાઈએ કહ્યું કે તેની અસ્નાદમાં ખૂબ જ મતભેદ છે. ઈમામ મુન્ઝરી ફર્માવે છે કે આ હદીષ સાબિત નથી, અને જો સહીહ હોય તો પણ અહીં ફતહે મક્કાના દિવસથી ફતહે મક્કાનો જમાનો મુરાદ છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺએ ફતહે મક્કા બાદ મક્કામાં અરસા સુધી રોકાણ કર્યું હતું જેથી આ બનાવ માહે રમઝાન બાદ બન્યો શયખે ફર્માવ્યું કે ફતહે મક્કા માટે મદીના મુનવ્વરાથી સફર રમઝાનમાં શરૂ થયો પણ ફતહ બાદ રમઝાન થઈ. પરંતુ પ્રથમ ખુલાસો મજબૂત જણાય છે કેમ કે સર્વ ઈતિહાસકારોની એના પર એકમતિ છે કે ફતહે મક્કા પણ રમઝાનમાં જ થઈ.

**★ હદીષ : (૫)-૨૦૮૦ ★**

وَعَنِ الزُّهْرِيِّ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ قَالَتْ: كُنْتُ أَنَا وَحَفْصَةُ صَائِمَتَيْنِ فَعَرَضَ لَنَا طَعَامٌ اشْتَهَيْنَاهُ فَأَكَلْنَا مِنْهُ فَقَالَتْ حَفْصَةُ: يَا رَسُولَ اللَّهِ إِنَّا كُنَّا صَائِمَتَيْنِ فَعُرِضَ لَنَا طَعَامٌ اشْتَهَيْنَاهُ فَأَكَلْنَا مِنْهُ. قَالَ: «اقْضِيَا يَوْمًا آخَرَ مَكَانَهُ». رَوَاهُ التِّرْمِذِيُّ وَذَكَرَ جَمَاعَةً مِنَ الْحُفَّاظِ رَوَوْا عَنِ الزُّهْرِيِّ عَنْ عَائِشَةَ مُرْسَلًا وَلَمْ يذكرُوا فِيهِ عَنْ عُرْوَة وَهَذَا أَصح وَرَوَاهُ أَبُو دَاوُدَ عَنْ زُمَيْلٍ مَوْلَى عُرْوَةَ عَنْ عُرْوَةَ عَن عَائِشَة

*''હઝરત ઝહરીથી તે ઉરવાથી તે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રિવાયત કરે છે. ફર્માવે છે કે હું તથા હફસા AGU ZMNFZ CTR[1] અને અમારી સામે તે ખાવા આવ્યું જેનું અમને આકર્ષણ હતું. અમે તેમાંથી ખાય લીધું. હઝરત હફસાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે બંનેવ રોઝાદાર હતી. અમારી સાથે પસંદીદા ખાવા આવ્યું તો અમે ખાય લીધું[2] સરકાર ﷺએ ફર્માવ્યું, એની જગાએ એક દિવસની કઝા કરો[3] (તિર્મિઝી) હાફિઝૈનની એક જમાઅતે તેને ઝુહરીથી, તેમણે હઝરત આઈશાથી મુરસલન રિવાયત કરી. અબૂ દાઊદે એને ઉરવાના મૌલા ઝુમૈલથી, તેમણે ઉરવાથી, તેમણે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી[4].*

**૧.** આ વાક્યથી જાણવા મળ્યું કે આ બંનેવ બુઝુર્ગ બીબીઓનો એ રોઝો નફલી હતો. રમઝાનની કઝા કે નઝરનો ફર્ઝ રોઝો ન હતો. કેમ કે ફર્ઝી રોઝો તોડી નાખવાની હિંમત કોઈ સામાન્ય મુસલમાન પણ નથી કરતો તો કઈ રીતે બની શકે કે અઝ્વાજે મુતહ્હરાત (પાકબીવીઓ) સારુ ભોજન જોઈને એક મહત્વની ઈબાદત તોડી નાખે. જેથી અમુક શાફઈઓનું તેને ફર્ઝી રોઝો ઠરાવવું દુરુસ્ત નથી. એ બુઝુર્ગ હસ્તીઓની શાનની વિરુદ્ધ છે.

**૨.** આ બંનેવ બુઝુર્ગ બીબીઓ સમજી કે જ્યારે દા'વતના માટે નફલી રોઝો તોડી દેવો જાઈઝ છે તો હદિયાના માટે પણ જાઈઝ હોવું જોઈએ કે બંનેવ લગભગ સમાન છે. એ જ ઈજતેહાદી ગલતી અથવા ખતા હતી.

**૩.** આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે કેમ કે اقضیا અમ્ર છે, અને અમ્ર વાજિબ હોવાના માટે હોય છે. જાણવા મળ્યું કે જો નફલી રોઝો શરૂ કરીને તોડી નાખવામાં આવે તો તેની કઝા વાજિબ થાય છે, જેથી નફલી રોઝો શરૂ કરી દેવાથી વાજિબ થઈ જાય છે. શાફઈઓ ફર્માવે છે કે ક્યાં તો આ રોઝો કઝા અથવા નઝરનો વાજિબ રોઝો હતો, તેનો જવાબ તો હમણાં રજૂ કરી દેવામાં આવ્યો. અથવા એ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે ન કે વાજિબ હોવા માટે, કેમ કે નફ્લ પહેલાં પણ નફલ છે અને શરૂ થયા પછી પણ નફ્લ છે. શરૂ પછી વાજિબ થઈ જવું એ તેની નફલિયતની વિરુદ્ધ છે. પણ તે હઝરાત પણ નફ્લ હજ્જ ઉમરાને શરૂ થઈ ગયા બાદ વાજિબ માને છે અને તોડી નાખવા તથા છોડી દેવા પર કઝા લાઝિમ સમજે છે, જેથી તેમની આ દલીલ કરવું પણ કમજોર છે. તેમજ જ્યારે નઝર માની લેવાથી નફ્લ વાજિબ થઈ જાય છે તો શરૂ કરી દેવાથી પણ વાજિબ થઈ જવામાં કાંઈ વાંધો નથી. આ મસ્અલા પર ઘણી મજબૂત દલીલો છે જે હમણા થોડા પહેલાં રજૂ કરવામાં આવી ચૂકી છે. દારકુત્નીએ હઝરત જાબિર رضی اللہ عنہથી અને અબૂ દાઊદ તયાલ્સીએ હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી કે એક શખ્સે નબી કરીમ ﷺ તથા સહાબાની દા'વત કરી. જ્યારે સૌ હઝરાત ખાવા લાગ્યા તો એક સાહબ અલગ બેસી ગયા. બોલ્યા, મારે રોઝો છે. હુઝૂરે અન્વર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તોડી નાખો અને તમારા ભાઈ મિજબાનને ખુશ કરો અને તેની કઝા કરી લો. *(મિર્કાત તથા લમ્આત)*

**૪.** અહીં મુરસલથી ઈસ્તેલાહી મુરસલ મુરાદ નથી, એટલે કે સહાબીનું છૂટી જવું. બલ્કે શાબ્દિક મુરસલ મુરાદ છે એટલે કે અસ્નાદમાં રાવીનું રહી જવું જેને મુહદ્દિષોને ત્યાં મુન્કતઅ કહે છે. મતલબ એ છે કે જનાબ ઝુહરી અને હઝરત આઈશાના દરમિયાન ઉરવા છે જેનો આ અસ્નાદમાં ઉલ્લેખ નથી.

**૫.** એટલે કે અસ્નાદમાં પણ ઈન્કેતાઅ છે, કેમ કે ઝુમૈલે ઉરવાથી હદીષ નથી સાંભળી, તેમજ ઝુમૈલ મજહૂલ શખ્સ છે. જેથી આ અસ્નાદ ઝઈફ છે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે આ ઝોઅફ નુકસાનકર્તા નથી. કેમ કે ઈબ્ને હબ્બાન વગેરેએ عن جریر ابن حازم عن یحیی ابن سعید عن عروہ عن عائشه રિવાયત કરી. અને ઈબ્ને અબી શયબાએ عن خصیف عن سعید ابن جبیر عن عائشه રિવાયત કરી.

અને તિબ્રાનીએ عن خصیف عن عکرمة عن ابن عباس عن عائشه રિવાયત કરી. અને બઝ્ઝારે عن حماد ابن ولید عن عبید الله ابن عمر و عن نافع عن ابن عمر عن عائشه રિવાયત કરી. અને તિબ્રાનીએ عن محمد ابن عمر و عن ابی سلمه عن ابی هریرة عن عائشه રિવાયત કરી. જ્યારે આટલી સહીહ અસ્નાદો મૌજૂદ છે તો હદીષ સહીહ છે અને તેનાથી દલીલ પકડવી દુરુસ્ત છે જેથી હનફી મઝહબ ખૂબ જ મજબૂત છે.

**★ હદીષ : (૬)-૨૦૮૧ ★**

وَعَن أم عمارَة بنت كَعْب إِنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ عَلَيْهَا فَدَعَتْ لَهُ بِطَعَامٍ فَقَالَ لَهَا: «كُلِي».فَقَالَتْ: إِنِّي صَائِمَةٌ. فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ

*''હઝરત ઉમ્મે અમ્મારા બિન્તે કઅબથી[1] રિવાયત છે કે નબી કરીમ ﷺ તેમની પાસે તશરીફ લાવ્યા તો તેમણે હુઝૂરના માટે ખાવા મંગાવ્યું. હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું, તમે પણ ખાવ. બોલ્યાં, હું રોઝાદાર છું[2] પછી નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે*

وَسَلَّمَ: «إِنَّ الصَّائِمَ إِذَا أُكِلَ عِنْدَهُ صَلَّتْ عَلَيْهِ الْمَلَائِكَةُ حَتَّى يَفْرَغُوا» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيّ وَابْن مَاجه والدارمي

*જ્યારે રોઝાદારની પાસે કાંઈ ખાવામાં આવે તો તેને ફરિશ્તા દુઆઓ આપે છે જ્યાં સુધી કે તે ફારિગ થાય[3]."*

*(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** આપનું નામ નસીબા ઈબ્ને કઅબ ઈબ્ને ઔફ છે. કુન્નિયત ઉમ્મે અમ્મારા. સહાબિયા છે. અન્સારિયા છે. આસિમ ઈબ્ને ઝયદનાં પત્ની છે. બયઅતે ઉક્બા અને બયઅતે રિઝવાનમાં હાજર હતાં. ગઝવએ ઓહદમાં આપે અગ્યાર ઝખ્મો ખાધા, ત્યાં સુધી કે ઝખ્મોના કારણે આપનો એક હાથ કાપવો પડયો હતો. رضی اللہ عنہا તેમ છતાં સર્વ ગઝવાઓમાં હુઝૂરની સાથે રહ્યાં.

**૨.** જેથી હુઝૂરે અન્વર ﷺએ ખાવા ખાધુ અને તેમણે ન ખાધુ. એનાથી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે રોઝાદાર મહેમાનની આગતા સ્વાગતા ખાવાથી કરી શકે છે. **હા ! રમઝાનમાં રોઝા તોડનારા તથા રોઝા છોડનારાઓને ખાવા ન ખવડાવે, ન તેમના માટે રાંધે કે ગુનાહ પર મદદ છે.** અલ્લાહ તઆલા ફર્માવે છે : وَلَا تَعَاوَنُوا عَلَى الْإِثْمِ وَالْعُدْوَانِ (ગુનાહ તથા જુલ્મ પર આપસમાં મદદ ન કરો. –સૂરએ માઈદા, ૫/૨) બીજુ એ કે જો મહેમાનની નારાજીનો અંદેશો ન હોય તો મેજબાન નફલી રોઝો ન તોડે અને મહેમાનથી ઉઝ્ર કરી આપે. (મજબૂરી જાહેર કરી દે)

**૩.** કેમ કે એ રોઝદાર બે ઈબાદતો કરી રહ્યો છે, એક રોઝો અને બીજુ ખાવા ખવાતુ જોઈને સબ્ર, એટલા માટે એનો અજરો સવાબ પણ વધુ છે, અને ફરિશ્તાઓની દુઆઓ નફામાં. જાહેર એ છે કે ફરિશ્તાઓથી મુરાદ અમલો લખનારા અને હિફાઝત કરનારા ફરિશ્તાઓ છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૭)-૨૦૮૨ ★**

عَن بُرَيْدَة قَالَ: دَخَلَ بِلَالٌ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يَتَغَدَّى فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْغَدَاءَ يَا بِلَالُ» . قَالَ: إِنِّي صَائِمٌ يَا رَسُولَ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَأْكُلُ رِزْقَنَا وَفَضْلُ رِزْقِ بِلَالٍ فِي الْجَنَّةِ أشعرت يَا بِلَال أَن الصَّائِم تُسَبِّح عِظَامه وتَسْتَغْفِر لَهُ الْمَلَائِكَةُ مَا أُكِلَ عِنْدَهُ؟» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

*"હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે[1]. ફર્માવે છે કે હઝરત બિલાલ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા જ્યારે કે હુઝૂર નાશ્તો કરી રહ્યા હતા. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે બિલાલ ! નાશ્તો કરી લો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું રોઝાદાર છું[2] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમે અમારી રોજી ખાય રહ્યા છીએ અને બિલાલની બેહતર રોજી જન્નતમાં છે[3]. હે બિલાલ ! શું તમને ખબર છે કે* ***જ્યાં સુધી રોઝાદારની સામે કાંઈ ખાવામાં આવે ત્યાં સુધી તેના હાડકાં તસ્બીહ કરે છે, તેને ફરિશ્તા દુઆઓ આપે છે[4]."***

*(બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** આપ મશ્હૂર સહાબી છે. અસ્લમી છે. સહમી છે. નબવી જમાના તથા ખુલફાએ રાશિદીનના જમાનામાં આપે ઈસ્લામની શાનદાર ખિદમતો કરી. જંગે જુમલ તથા સિફ્ફીનમાં જનાબ અલીએ મુર્તઝા رضی اللہ عنہની સાથે હતા. યઝીદ પલીદના જમાનામાં હિ.સ. ૬૨માં મરૂ સ્થળે વફાત થઈ ત્યાં જ આપનું મઝાર છે જેનાથી લોકો બરકતો હાંસલ કરે છે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે **જો ખાણુ ખાતી વખતે કોઈ આવી જાય તો એને પણ ખાવા માટે બોલાવવું સુન્નત છે, પણ દિલી ઈરાદાથી બોલાવે. જૂઠી તવાઝોઅ્ (આગતા સ્વાગતા) ન કરે. અને આવનારો પણ જૂઠુ બોલીને એવું ન કહે કે મને ઈચ્છા નથી જેથી જૂઠ તથા ભૂખનું સંગમ ન થઈ જાય.** બલ્કે **જો ખાવા ઓછુ જુએ તો કહી દે** بَارَکَ اللہ એ પણ જાણવા મળ્યું કે નબી કરીમ صلی اللہ علیہ وسلمથી પોતાની ઈબાદત છુપાવવી ન જોઈએ બલ્કે જાહેર કરી દેવી જોઈએ જેથી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એના પર ગવાહ બની જાય, એ રિયાનું પ્રદર્શન નથી.

**૩.** એટલે કે આજની રોજી તો અમે અહીં જ ખાઈ લઈએ છીએ અને બિલાલ તેના બદલામાં જન્નતમાં ખાશે. એ એવજ (બદલો) એનાથી બેહતર પણ હશે અને અધિક પણ.

**૪.** હદીષ બિલ્કુલ પોતાના જાહેરી અર્થ પર છે. ખરેખર એ વખતે રોઝાદારોનું દરેક હાડકુ તથા સાંધાઓ બલ્કે નસે નસ તસ્બીહ કરે છે જેની રોઝાદારને ખબર નથી હોતી પણ સરકાર صلی اللہ علیہ وسلم સાંભળે છે. એ તસ્બીહ જો કે વિના ઈખ્તિયારે છે પણ એના પર સવાબ અગણિત છે. જ્યારે લીલી ચીજની તસ્બીહથી મૈયતને ફાયદો પહોંચી જાય છે તો એ હાડકાંની તસ્બીહથી ખુદ રોઝાદારને બલ્કે તેની પાસે બેસનારાને પણ સવાબ મળશે.

## બાબુ લયલતિલ્ કદર[1] باب ليلة القدر

## (શબે કદ્ર વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** શબે કદર આ ઉમ્મતે મુહમ્મદિયાની વિશિષ્ટતાઓમાંથી છે. આપણાથી પહેલા કોઈને ન મળી. قَدْرِ (કદ્ર)નો અર્થ છે અંદાઝો લગાડવો, ઈજ્જત તથા મહાનતા તથા તંગી. કેમ કે એ રાતમાં વરસભરમાં થનારા બનાવો ફરિશ્તાઓના સહીફાઓમાં લખીને તેમને આપી દેવામાં આવે છે. મલકુલ મૌતને વરસભરમાં મરનારાઓની યાદી મળી જાય છે. હઝરત મીકાઈલને રોજી વહેંચવાની યાદી અર્પણ થાય છે. રબ તઆલા ફર્માવે છે : فِيْهَا يُفْرَقُ كُلُّ اَمْرٍ حَكِيْمٍ (એમાં વહેંચી દેવામાં આવે છે દરેક હિકમતવાળુ કામ. –સૂરએ દુખાન, ૪૪/૪) તેમજ **એ રાતમાં એટલા ફરિશ્તા જમીન પર ઉતરે છે કે જમીન તંગ થઈ જાય છે.** ઈર્શાદે બારી તઆલા છે : تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ فِيْهَا (એમાં ફરિશ્તા તથા જિબ્રઈલ ઉતરે છે. –સૂરએ કદ્ર, ૯૭/૪) એટલા માટે એને لَيْلَةِ الْقَدْرِ 'લયલતુલ્ કદ્ર' કહે છે. તેમજ એ રાતની ઈજ્જત તથા અઝમત ખૂબ જ અધિક છે. આ રાત્રિમાં ઈબાદત કરનાર રબ તઆલાને ત્યાં ઈજ્જત પામે છે જેથી તેને لَيْلَةِ الْقَدْرِ 'લયલતુલ્ કદ્ર' કહે છે. એમાં ઘણો મતભેદ છે કે એ રાત ક્યારે થાય છે. અમુકના ખયાલમાં એ નિશ્ચિત નથી. કોઈ વરસ કોઈ મહિના અને કોઈ તારીખમાં. બીજા વરસે કોઈ મહિના અને કોઈ તારીખમાં. અમુકને ખયાલ છે કે રમઝાન શરીફમાં થાય છે પણ તારીખ નક્કી નથી. અમુકનો ખયાલ છે કે રમઝાનના છેલ્લા દસ દિવસોમાં છે. અમુક કહે છે કે એ દસ દિવસોની એકી તારીખોમાં છે. ૨૧,૨૩,..... વગેરે પણ અધિક મજબૂત કૌલ એ છે કે ઈન્ શા અલ્લાહ ! **શબે કદ્ર હમેશાં ૨૭મી રમઝાનની રાત છે, કેમ કે લયલતુલ્ કદ્રમાં નવ અક્ષરો છે. આ શબ્દ સૂરએ કદ્રમાં ત્રણ જગાએ ઈર્શાદ થયો છે. નવ ગુણ્યા ત્રણ બરાબર સત્તાવીસ થાય છે.** તેમજ સૂરએ કદ્રમાં ત્રીસ હરફો છે જેમાંથી સત્તાવીસમો હર્ફ هِيَ એ ઝમીર لَيْلَةِ الْقَدْرِ 'લયલતુલ્ કદ્ર'ની તરફ પલટે છે. (રૂહુલ બયાન) એની પૂરી તેહકીક તથા આ રાતમાં કરવાના આમાલ અમારી કિતાબ ''મવાઈઝે નઈમિયા'' તથા ''ઈસ્લામી ઝિંદગી''માં જુઓ.

**★ હદીષ : (૧)–૨૦૮૩ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَحَرَّوْا لَيْلَةَ الْقَدْرِ فِي الْوِتْرِ مِنَ الْعَشْرِ الْأَوَاخِرِ من رَمَضَان» . رَوَاهُ الْبُخَارِيّ

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ શબે કદ્ર રમઝાનના* V FB ZLN; SFGLV [SLZFTNDFRXMMVI. *(બુખારી)*

**૧.** આ હદીષથી એટલુ જાણવા મળ્યું કે શબે કદ્ર દર વર્ષે માહે રમઝાનમાં થાય છે, અને થાય પણ છે આખરી દસ દિવસોમાં, તે પણ એકી રાતોમાં. કુર્આને કરીમ પણ તેનું સમર્થન કરી રહેલ છે, કેમ કે એક જગાએ ઈર્શાદ છે :

شَهۡرُ رَمَضَانَ الَّذِیۡۤ اُنۡزِلَ فِیۡهِ (રમઝાનનો મહિનો જેમાં કુર્આન ઉતર્યુ. –સૂરએ બકરહ, ૨/૧૮૫) જેનાથી જાણવા મળ્યું કે કુર્આનનું ઉતરાણ રમઝાનમાં છે. બીજી જગાએ ઈર્શાદ છે : اِنَّاۤ اَنۡزَلۡنٰهُ فِیۡ لَیۡلَةِ الۡقَدۡرِ (બેશક ! અમે તેને શબ કદ્રમાં ઉતાર્યુ. –સૂરએ કદર, ૯૭/૧) જેનાથી જાણવા મળ્યું કે કુર્આન શબે કદ્રમાં નાઝિલ થયું. આ બંનેવ આયતો ત્યારે જ ભેગી થઈ શકે છે જ્યારે કે શબે કદ્ર રમઝાનમાં હોય. યાદ રાખશો કે શબે કદ્રને રબ તઆલાએ આપણાથી છુપાવી લીધી જેથી આપણે એની તલાશમાં ઘણી રાતોમાં ઈબાદત કરીએ. તલાશ કરવાથી મુરાદ ઈબાદતો કરવું છે. હક્ક એ છે કે અલ્લહ તઆલાએ હુઝૂરે અન્વર ﷺને શબે કદ્રનો ઈલ્મ આપ્યો પણ તેને પ્રદર્શિત કરવાની ઈજાઝત ન આપી. ઈસ્મે આ'ઝમની જેમ લોકોથી એને છુપી રાખી જેથી તેની તલાશ રહે, અને સારી ચીજની તલાશ પણ ઈબાદત છે, જેથી એ છુપાવવું આપણા માટે બેહતર છે.

**★ હદીષ : (૨)–૨૦૮૪ ★** (مُتَّفَقٌ عَلَيۡهِ)

وَعَن ابْن عمر قَالَ: أَنَّ رَجُلًا مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أُرُوا لَيْلَةَ الْقَدْرِ فِي الْمَنَامِ فِي السَّبْعِ الْأَوَاخِرِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَرَى رُؤْيَاكُمْ قَدْ تَوَاطَأَتْ فِي السَّبْعِ الْأَوَاخِرِ فَمَنْ كَانَ مُتَحَرِّيهَا فَلْيَتَحَرَّهَا فِي السَّبْعِ الْأَوَاخِرِ»

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺના અમુક સહાબાને શબે કદ્ર ખ્વાબમાં દેખાડવામાં આવી કે રમઝાનના અંતિમ અઠવાડિયામાં છે[1] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું જોઉં છું કે તમારા ખ્વાબો આખરી અઠવાડિયા પર એકમત થઈ ગયા છે[2] તો જે શબે કદ્ર તલાશ કરે તે આખરી અઠવાડિયામાં તલાશ કરે[3]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ તર્જુમો ખૂબ જ સાવધાનીપૂર્વક કરવામાં આવ્યો છે. મતલબ એ છે કે કોઈ સહાબીએ ખ્વાબ જોયો કે તે રમઝાનની ૨૧ મી રાત છે. કોઈએ જોયો કે ૨૩ મી છે, કોઈએ ૨૫મી, કોઈએ ૨૭મી કોઈએ ૨૯મી કહ્યું છે. એટલે આખરી દસ દિવસની એકી રાતોમાં. કેમ કે એમાં મોટાભાગની રાતો આખરી અઠવાડિયામાં છે. એટલે ૨૩ થી ૨૯ સુધી એટલા માટે અંતિમ અઠવાડિયુ ફર્માવ્યું. આ વાક્યની શરહમાં શરહકર્તાઓને ઘણી જ મુશ્કેલી થઈ છે. ફકીરે H[Vh"SI ]ÅT[SI F, GLVIWS GÒ SKP! واللّٰہ ورسولہ اعلم

**૨.** એટલે હે સહાબીઓ ! તમારા ખ્વાબો શખ્સી તઅ્યીનમાં તો વિવિધ છે પણ નવઈ તઅ્યીનમાં સહમત છે, (અર્થાત : તમે અલગ અલગ લોકોએ ખ્વાબ જોયા પરંતુ એ ખ્વાબ એક જ પ્રકારના છે.) કે દરેક શખ્સે તેને રમઝાનના અંતિમ અઠવાડિયામાં જોઈ.

**3.** એનાથી જાણવા મળ્યું કે મો'મિનનો ખ્વાબ વિશ્વસનીય છે ખાસ કરીને જ્યારે કે નબીનું સમર્થન પણ થઈ જાય. જુઓ અઝાન ખ્વાબમાં જ સહાબાએ જોઈ હતી જે આજ સુધી ઈસ્લામમાં ચાલુ છે બલ્કે ઈસ્લામનો શિઆર (નિશાની) છે. એ જ પ્રમાણે આ પણ છે જેથી ૨૧,૨૩,૨૫,૨૭,૨૯માં તેની તલાશ કરવામાં આવે. એની તફસીલ આગલી હદીષમાં આવી રહી છે.

**★ હદીષ : (3)–૨૦૮૫ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: الْتَمِسُوهَا فِي الْعَشْرِ الْأَوَاخِرِ مِنْ رَمَضَانَ لَيْلَةَ الْقَدْرِ: فِي تَاسِعَةٍ تَبْقَى فِي سَابِعَةٍ تَبْقَى فِي خَامِسَةٍ تَبْقَى. رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, શબે કદ્રને રમઝાનના આખરી દસકામાં તલાશ કરો, જ્યારે નવ દિવસ બાકી રહે, સાત દિવસ બાકી રહે, પાંચ દિવસ બાકી રહે, એમનામાં[1]." (બુખારી)*

**૧.** અરબમાં દસ્તૂર છે કે પ્રારંભિક મહિનાઓમાં તારીખોનો એતબાર શરૂ મહિનાથી કરે છે. એટલે કે પાંચમી તારીખ તે જેનાથી પહેલા ચાર તારીખો ગુજરી ગઈ હોય. આઠમી તે જેનાથી પહેલાં મહિનાના સાત દિવસ પસાર થઈ ગયા હોય. પણ મહિનાના અંતમાં છેવટના તરફથી હિસાબ લગાડે છે. એ રીતે કે નવમી તારીખ તે જેના બાદ મહિનાના નવ દિવસ બાકી હોય, એટલે કે ૨૧મી, સાતમી તારીખ તે જેના બાદ મહિનાના સાત દિવસ બાકી હોય, એટલે ૨૩મી. અને તેની સાથે શબ્દ تَبْقَى બોલી દે છે. એટલે કે એના બાદ આટલા દિવસ બાકી છે. આ મુહાવરાથી આ ફર્માને આલી છે, તો મતલબ એ થયો કે શબે કદ્ર રમઝાનની ૨૧મી, ૨૫ મી વગેરેમાં તલાશ કરો. શરહકર્તાઓએ આ વાક્યના અન્ય ઘણા અર્થો કરેલા છે કે સાબિઆથી ૨૭મી મુરાદ છે. તાસિઆથી ૨૯મી રાત અને ખામિસાથી પચ્ચીસમી, પણ ફકીરે જે અર્થો કર્યા આસાનતરીન છે. والله ورسوله اعلم ! આ અફસહુલ ફુસ્હા ﷺનું કલામ (વાણી) સમજવું આસાન નથી.

★ હદીષ : (૪)-૨૦૮૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُمْ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ اعْتَكَفَ الْعَشْرَ الْأَوَّلَ مِنْ رَمَضَانَ ثُمَّ اعْتَكَفَ الْعَشْرَ الْأَوْسَطَ فِي قُبَّةٍ تُرْكِيَّةٍ ثُمَّ أَطْلَعَ رَأسه. فَقَالَ: «إِنِّي اعتكفت الْعشْر الأول ألتمس هَذِه اللَّيْلَة ثمَّ اعتكفت الْعَشْرَ الْأَوْسَطَ ثُمَّ أُتِيتُ فَقِيلَ لِي إِنَّهَا فِي الْعشْر الْأَوَاخِر فَمن اعْتَكَفَ مَعِي فَلْيَعْتَكِفِ الْعَشْرَ الْأَوَاخِرَ فَقَدْ أُرِيتُ هَذِهِ اللَّيْلَةَ ثُمَّ أُنْسِيتُهَا وَقَدْ رَأَيْتُنِي أَسْجُدُ فِي مَاءٍ وَطِينٍ مِنْ صَبِيحَتِهَا فَالْتَمِسُوهَا فِي الْعَشْرِ الْأَوَاخِرِ وَالْتَمِسُوهَا فِي كُلِّ وِتْرٍ» . قَالَ: فَمَطَرَتِ السَّمَاءُ تِلْكَ اللَّيْلَةَ وَكَانَ الْمَسْجِدُ عَلَى عَرِيشٍ فَوَكَفَ الْمَسْجِدُ فَبَصُرَتْ عَيْنَايَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَعَلَى جَبْهَتِهِ أَثَرُ المَاء والطين وَالْمَاء مِنْ صَبِيحَةِ إِحْدَى وَعِشْرِينَ. مُتَّفَقٌ عَلَيْهِ فِي الْمَعْنَى وَاللَّفْظُ لِمُسْلِمٍ إِلَى قَوْلِهِ: " فَقِيلَ لِي: إِنَّهَا فِي الْعَشْرِ الْأَوَاخِرِ ". وَالْبَاقِي لِلْبُخَارِيِّ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ રમઝાનના પ્રથમ દસ દિવસો (અશરા)માં એ'તેકાફ કર્યો[1] પછી તુર્કી તંબુની અંદર મધ્યમ અશરામાં એ'તેકાફ કર્યો[2] પછી માથુ મુબારક તંબૂમાંથી કાઢીને ફર્માવ્યું કે અમે એ રાતની તલાશમાં પ્રથમ અશરાનો એ'તેકાફ કર્યો પછી દરમિયાની અશરાનો કર્યો[3] પછી મારી પાસે આવનારો આવ્યો અને મને બતાવ્યું કે એ રાત આખરી અશરામાં છે[4] તો જેણે અમારી સાથે એ'તેકાફ કર્યો હોય તે આખરી અશરાનો પણ એ'તેકાફ કરે[5] મને એ રાત દેખાડી દેવામાં આવી હતી ફરી ભૂલાવી દેવામાં આવી[6]. મેં એ રાતે સવારમાં પોતાને કીચડમાં સજદો કરતાં જોયો છે[7]. જેથી તમે એને આખરી અશરામાં શોધો. દરેક એકી તારીખમાં શોધો[8] રાવી ફર્માવે છે કે તેણે વર્ષા જોઈ અને મસ્જિદ પર છાપરુ હતું[9] તો મસ્જિદ ટપકી અને મારી આંખોએ રસૂલે અકરમ ﷺ ને ૨૧મીની સવારે જોયું કે આપની પાક પેશાની પર કીચડની અસર હતી[10]." (મુસ્લિમ, બુખારી, અર્થ તથા શબ્દો મુસ્લિમના છે એ લખાણ સુધી કે મને બતાવવામાં આવ્યું એ આખરી અશરામાં છે. બાકી બુખારીમાં છે)*

**૧.** અહીં પ્રથમ વાવની તશ્દીદથી પણ થઈ છે. તફઈલનો વાહિદ મુઝક્કર કેમ કે શબ્દ عشر વાહિદ (એકવચન) પણ છે મુઝક્કર પણ. અને હમ્ઝાના પેશવાળા ઝબરથી પણ. ઉલાની જમઅ (બહુવચન). કેમ કે عشر અર્થના હિસાબે

મુઅન્નષ છે અને બહુવચન છે. પ્રથમ કિ઼રાઅત અધિક મશહૂર છે. આગલુ વાક્ય પણ એનું સમર્થન કરે છે કે એમાં اوسط એકવચન મુઝક્કર આવેલ છે. એટલે નબી કરીમ ﷺએ એકવાર રમઝાનના પ્રથમ અશરા (દસકા)માં એ'તેકાફ કર્યો.

**૨.** આ તંબુને અરબીમાં ખરતાન કહે છે અને ફારસીમાં ખર્કા. નમદા (ઉની કપડા) અથવા કંબલનો નાનો સરખો ગોળ તંબુ છે. હુઝૂરે અન્વર ﷺના માટે મસ્જિદમાં લગાડવામાં આવ્યો હતો. **એનાથી જાણવા મળ્યું કે એ'તેકાફ કરનાર મસ્જિદમાં પોતાના માટે જગા ખાસ કરી લે છે જ્યાં ચાદર વગેરે તાણી લે કે જેમાં રજા વિના કાંઈ આવી ન શકે.**

**૩.** એ સમય સુધી હુઝૂરે અન્વર ﷺને શબે કદ્રની ખબર આપવામાં આવી ન હતી. આપે કેવળ ઈજતેહાદથી એ તલાશ કરી, એનાથી જાણવા મળે છે કે હુઝૂરે અન્વર ﷺને પહેલેથી પણ ઈલ્મ હતો કે શબે કદ્ર રમઝાનમાં જ છે, અન્ય મહિનાઓમાં નથી. આ હદીષ એ બુઝુર્ગોની વિરુદ્ધ થશે જેઓ કહે છે કે શબે કદ્ર વરસભરમાં ગમે ત્યારે થઈ જાય છે.

**૪.** કેમ કે એ અશરા (દસકા)ની દરેક રાતમાં શબે કદ્ર થવાની સંભાવના હતી એટલા માટે અહીં اواخر બહુવચન ફર્માવ્યું. (મિર્કાત) એટલે કે વીસમી તારીખે ફરિશ્તાએ આવીને અર્ઝ કરી કે શબે કદ્ર આગલા દસકામાં છે. રબ તઆલા ચાહતો હતો કે મહબૂબનો પૂરો મહિનો એ'તેકાફમાં પસાર થાય એટલા માટે પહેલાં ખબર ન આપી.

**૫.** કે જેથી તેની એ મહેનત ફોગટ ન જાય અને શબે કદ્રની તલાશમાં કામયાબ થઈ જાય. આ વાક્યથી પણ જાણવા મળે છે કે શબે કદ્ર રમઝાનમાં છે અને અંતિમ દસકામાં.

**૬.** મિર્કાતે અહીં ફર્માવ્યું કે લગભગ હુઝૂરે અન્વર ﷺને શબે કદ્રની ખાસ નિશાની બતાવવામાં આવી હતી, પછી તે ભૂલાવી દેવામાં આવી કે જેથી ઉમ્મત તેની તલાશમાં કોશિશ કરે અને સવાબ મેળવે. નિશ્ચિત રાત સ્પષ્ટપણે ન બતાવવામાં આવી હતી કે એને ભૂલવી બુદ્ધિથી દૂરની વાત છે. યાદ રાખશો કે જે ચીજ જરૂરિયાતે દીનથી ન હોય તેને પયગંબર ભૂલવી શકે છે અને એ ભૂલમાં અલ્લાહની ઘણી હિકમતો હોય છે. એ પણ યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺને શબે કદ્ર વગરે તમામ ચીજોનો વિગતે ઈલ્મ અતા થયો. ખુદ ફર્માવે છે : فتجلی لی کل شیئ و عرفت દરેક ચીજમાં શબે કદ્ર પણ યકીનન ! સામેલ છે. ભૂલાવી દેવામાં આવી ફર્માવીને એ બતાવ્યું કે આ ભૂલવું મારી પોતાની ઉણપથી નથી થયું બલ્કે રબ તઆલાની તરફથી થયું. રબ તઆલા ફર્માવે છે : فَلَا تَنْسٰۤی ۙ اِلَّا مَا شَآءَ اللّٰهُ (તમે ભૂલશો નહીં, પણ જે અલ્લાહ ચાહે. –સૂરએ આ'લા, ૮૭/૬)

**૭.** એટલે કે મેં ખ્વાબમાં જોયું છે કે આ વરસે શબે કદ્રમાં વરસાદ પડશે, મસ્જિદે નબવી શરીફ ટપકશે જેનાથી મસ્જિદમાં કીચડ થઈ જાય અને અમે એ કીચડમાં ફજરની નમાઝ અદા કરીશું. એ મતલબ નથી કે દર વર્ષે શબે કદ્રમાં વરસાદ થયા કરશે અને અમે કીચડમાં ફજર પઢયા કરીશું.

**૮.** જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺને શબે કદ્ર બિલ્કુલ ન ભૂલવામાં આવી હતી બલ્કે તેનું નિશ્ચિત હોવું ભૂલાવી દેવામાં આવ્યું હતું. એટલા માટે ફર્માવ્યું કે શબે કદ્ર રમઝાનના છેલ્લા દસકાની એકી રાતોમાં ૨૩મી ૨૫મી વગેરેમાં શોધો.

**૯.** થાંભલાઓને બદલે ખજૂરનાં થડો હતાં અને લાકડાની સાઈઝોને બદલે ખજૂરની ડાળીઓ હતી જેના પર ખજૂરનાં પાંદડાં રાખી દેવામાં આવ્યાં હતાં. તાપ પણ આરપાર આવતો હતો અને વરસાદ પણ, એટલા માટે થોડા વરસાદથી મસ્જિદમાં કીચડ થઈ જતો હતો.

**૧૦.** ત્યારે અમને જાણ થઈ કે આજે ૨૧મી રાતે શબે કદ્ર થઈ ગઈ. આ હદીષના કારણે અમુક ઉલમા ફર્માવે છે કે શબે કદ્ર ૨૧મી રમઝાનમાં છે. અમુકે ફર્માવ્યું કે એ વરસે ૨૧મી રાત હતી, હમેશાં નહીં. અમે દર્શાવી ચૂક્યા છીએ કે દલીલો દરેક રાતના વિશે મૌજૂદ છે પણ ૨૭મી રાતની દલીલો જ મજબૂત તથા અધિક છે. આ હદીષથી જાણવા મળ્યું કે સજદામાં પેશાની જમીન પર જરૂર લગાડે ભલે ફર્શ (ફ્લોર) પર થોડોક થોડોક કીચડ હોય અને નમાઝમાં પેશાની વગેરે લુછે નહીં, માટી કીચડ લાગવા દે. હા ! નમાઝ બાદ લુછી નાખે કે એ ઈબાદતની અસર છે જેના પ્રદર્શનમાં રિયાનો અંદેશો છે.

**★ હદીષ : (૫)-૨૦૮૭ ★**

وَفِي رِوَايَةِ عَبْدِ اللّٰهِ بْنِ أُنَيْسٍ قَالَ: «لَيْلَة ثَلَاث وَعشْرين». رَوَاهُ مُسلم

*"અને અબ્દુલ્લાહ ઈબ્ને અનીસની રિવાયત છે કે ફર્માવ્યું કે તે તેવીસમી રાત છે[1]."*

**૧.** આ વાક્યમાં لَيْلَةً ને ક્યાં તો ઝબર છે તો અર્થ થયો કે વરસાદ વગેરેનો આ બનાવ ૨૩મી રમઝાનની રાતમાં થયો. ત્યારે રાવીઓની યાદમાં મતભેદ છે. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ને યાદ રહ્યું કે ૨૧મી રાતે વર્ષા થઈ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અનીસને ૨૩ મી રાત યાદ રહી. અને ક્યાં તો لیلۃ ને પેશ છે તો અર્થ એ થશે કે શબે કદ્ર ૨૩મી રમઝાનની રાત છે, કેમ કે તેમને હુઝૂર صلی اللہ علیہ وسلم એ એ રીતે ખૂબ જ ઈબાદત કરવાનો હુકમ આપ્યો.

**★ હદીષ : (૬)-૨૦૮૮ ★**

وَعَنْ زِرِّ بْنِ حُبَيْشٍ قَالَ: سَأَلْتُ أُبَيَّ بْنَ كَعْبٍ فَقُلْتُ إِنَّ أَخَاكَ ابْنَ مَسْعُودٍ يَقُولُ: مَنْ يَقُمِ الْحَوْلَ يُصِبْ لَيْلَةَ الْقَدْرِ. فَقَالَ أَرَادَ أَنْ لَا يَتَّكِلَ النَّاسُ أَمَا إِنَّهُ قَدْ عَلِمَ أَنَّهَا فِي رَمَضَانَ وَأَنَّهَا فِي الْعَشْرِ الْأَوَاخِرِ وَأَنَّهَا لَيْلَةُ سَبْعٍ وَعِشْرِينَ ثُمَّ حَلَفَ لَا يَسْتَثْنِي أَنَّهَا لَيْلَةُ سَبْعٍ وَعِشْرِينَ. فَقُلْتُ: بِأَيِّ شَيْءٍ تَقُولُ ذَلِكَ يَا أَبَا الْمُنْذِرِ؟ قَالَ: بِالْعَلَامَةِ أَوْ بِالْآيَةِ الَّتِي أَخْبَرَنَا رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِنَّهَا تَطْلُعُ يَوْمَئِذٍ لَا شُعَاعَ لَهَا. رَوَاهُ مُسْلِمٌ

*"હઝરત ઝિર્રિન ઈબ્ને જુબૈશ رضی اللہ عنہ થી[1] રિવાયત છે ફર્માવે છે, મેં હઝરત ઉબય ઈબ્ને કઅબને પૂછયું. મેં કહ્યું કે તમારા ભાઈ ઈબ્ને મસ્ઊદ ફર્માવે છે, જે વરસભર શબ બેદારી (રાત્રી જાગરણ) કરે તે શબે કદ્ર મેળવી લેશે[2]. અલ્લાહ એમના પર રહમ કરે, તેમણે ચાહ્યું, આ લોકો ભરોસો ન કરી લે, નહીં તો તેઓ જાણે છે કે શબે કદ્ર રમઝાનમાં છે, તેના અંતિમ દસકામાં છે અને તે ૨૭મી રાત છે[3] પછી આપ ઈન્ શા અલ્લાહ કહ્યા વિના કસમ ખાધી કે તે ૨૭મી રાત છે[4]. મેં કહ્યું, આપ કઈ દલીલથી આવુ કહી રહ્યા છો હે અબુલ મુન્ઝર ?! ફર્માવ્યું, એ નિશાની અથવા એ દલીલથી જે અમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ બતાવી કે એ દિવસે સૂરજ વિના કિરણોએ તુલૂઅ થશે[5]." (મુસ્લિમ)*

**૧.** આપ જલીલુલ્ કદ્ર તાબઈનમાંથી છે. આપની ઉમર એકસો વીસ અથવા એકસો ત્રીસ અથવા એકસો પચાસ વરસ થઈ. અડધી ઉમર જાહિલિયતમાં પસાર કરી અને અડધી ઈસ્લામમાં જબરદસ્ત કારી હતા. હઝરત ઈબ્ને મસ્ઊદ તથા ઉબય ઈબ્ને કઅબના સાથીઓમાંથી છે.

**૨.** આપ જલીલુલ કદર તાબઈનમાંથી છે. આપની ઉમર એકસો વીસ અથવા એકસો ત્રીસ અથવા એકસો

પચાસ વરસ થઈ. અડધી ઉમર જાહિલિયતમાં પસાર કરી અને અડધી ઈસ્લામમાં. જબરદસ્ત કારી હતા. હઝરત ઈબ્ને મસ્ઊદ તથા ઉબય ઈબ્ને કઅબના સાથીઓમાંથી છે.

**૨.** શબ બેદારીથી મુરાદ તહજ્જુદની નમાઝ પઢવું છે, કેમ કે આખુ વરસ પૂરી રાત જાગવું શરીઅતની રૂએ મના છે. રબ તઆલા ફર્માવે છે : قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا (રાતમાં કયામ કર સિવાય અમુક રાતના. *–સૂરએ મુઝઝમ્મિલ, ૭૩/૨*) આ હદીષ એ બુઝુર્ગોની દલીલ છે જેઓ કહે છે કે શબે કદ્ર ન તો રમઝાનની કોઈ ખાસ તારીખ ખાસ છે ન ખુદ રમઝાન શરીફથી બલ્કે વરસના કોઈ મહિનામાં જરૂર થાય છે.

**મસ્અલા** : જો કોઈ પોતાના પત્નીને કહે કે તને શબે કદ્રની સવારે તલાક છે તો કહેવાથી વરસભર બાદ તલાક લાગુ થશે, કેમ કે નિકાહ યકીની હતો અને શબે કદ્રની નિશ્ચિતતામાં શક છે. વરસમાં યકીનન ! થાય છે. યકીની ચીજ યકીનીથી જ દૂર થઈ શકે છે.

**૩.** એટલે મારું પણ ગાલિબ ગુમાન લગભગ યકીનની નજીક છે, અને હઝરત ઈબ્ને મસ્ઊદનું પણ કે શબે કદ્ર ૨૭મી રમઝાનની રાત છે પણ તેમણે તેનું પ્રદર્શન કેવળ એટલા માટે ન કર્યું કે તમે લોકો એની તલાશ ન છોડી આપો, તલાશમાં લાગેલા રહો જેથી સવાબ પામતા રહો, કેમ કે સારી ચીજની તલાશ પણ સારી છે.

**૪.** એટલે કે એવું ફર્માવ્યું કે કસમ ખુદાની ! શબે કદ્ર ૨૭મી રમઝાનની રાત છે. એનાથી જાણવા મળ્યું કે ઈજતેહાદી મસાઈલ પર કસમ ખાય શકાય છે. દા.ત. હનફી કહે, કસમ ખુદાની ! આમીન ઉંચા અવાજે પુકારવી મના છે અથવા અલ્લાહની કસમ ! રફએ યદૈન ન કરવું સુન્નત છે. જુઓ, હઝરત ઉબય ઈબ્ને કઅબ પોતાના ઈજતેહાદથી જાણેલી વાત પર કસમ ખાય રહ્યા છે, આપને એટલો વિશ્વાસ છે.

**૫.** એટલે કે શબે કદ્રની નિશાની એ બતાવવામાં આવી છે કે તેની સવારે સૂર્યના ઉગતી વેળા કિરણો નથી પડતાં. સફેદ વિના કિરણોએ ઉગે છે, બાદમાં કિરણો જાહેર થાય છે. અને એ મેં અજમાવી લીધુ કે ૨૭ મી રમઝાને એવું થાય છે. આ દલીલનું કુબરા નસથી સાબિત છે અને સુગરા તેમના ઈજતેહાદથી, જેથી દલીલ ઈજતેહાદી થઈ. અશિઅતુલ લમ્આતમાં આ જગાએ ફર્માવ્યું કે એકવાર હઝરત ઉમર رضی اللہ عنہએ સહાબાને શબે કદ્રના વિશે પૂછયું તો હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે રમઝાનના અંતિમ દસકાની સાતેવ રાત છે, ચાહે સાત બાકી હોય કે સાત પસાર થઈ ચૂકી હોય. એટલે તેવીસમી અથવા સત્તાવીસમી રાત. જનાબ ઉમરે પૂછયું, દલીલ શું છે ? આપે ફર્માવ્યું કે રબ તઆલાએ આસ્માન બનાવ્યાં સાત, જમીન સાત, અઠવાડિયાના દિવસ સાત, માનવનું જન્મવું સાત અંગો (જીભ, કાન, આંખ, દિમાગ, માથુ, હાથ, પગ, શર્મગાહ)થી, તેમજ માણસ ખાય છે સાત અંગો વડે, સજદો કરે છે સાત અંગો પર, તવાફમાં સાત ચક્કર છે, રમી જમાર (શૈતાનને)માં કાંકરી સાત જ મારવામાં આવે છે, જેથી શબે કદ્ર પણ સાતની જ સંખ્યા હોવી જોઈએ. હઝરત ઉમરે ફર્માવ્યું, હવે ઈબ્ને અબ્બાસ તમે તે જ ચીજ જાણી લીધી જે અમારા ઈલ્મમાં પણ હતી.

**★ હદીષ : (૭)–૨૦૮૯ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَجْتَهِدُ فِي الْعَشْرِ الْأَوَاخِرِ مَا لَا يَجْتَهِدُ فِي غَيْرِه. رَوَاهُ مُسلم

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આખરી અશરામાં એટલા પ્રમાણમાં તકલીફ ઉઠાવતા હતા જે અન્ય દિવસોમાં ન ઉઠાવતા હતા[૧]." (મુસ્લિમ)*

**૧.** જેમ કે હુઝૂરે અન્વર ﷺ રમઝાનના અંતિમ અશરામાં એ'તેકાફ પણ કર્યા કરતા હતા અને સામાન્યપણે

શબ બેદારી પણ, ક્યાં તો એટલા માટે કે આ અશરામાં શબે કદ્ર છે અથવા એટલા માટે કે મહેમાન જઈ રહેલ છે, અલ વિદાઅ સામે છે જેથી જે સમયો મળી જાય તે ગનીમત છે, અથવા એટલા માટે કે મહિનાનો ખાત્મો અધિક ઈબાદત પર થાય. **બુઝુર્ગોને જોવામાં આવ્યા છે કે ઘડપણમાં દુનિયાથી કિનારો કરીને ઈબાદત વધુ કરે છે કે હવે જવાનો સમય છે જેથી જે થઈ શકે તે કરી લઈએ.** (શેઅર)

*ઉતરતે ચાંદ ઢલતી ચાંદની જો હો સકે કર લે–અંધેરા કુછ આતા હૈ યહ દો દિનકી ઉજાલી હૈ*

**★ હદીષ : (૭)-૨૦૮૯ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَجْتَهِدُ فِي الْعَشْرِ الْأَوَاخِرِ مَا لَا يَجْتَهِدُ فِي غَيْرِه. رَوَاهُ مُسلم

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આખરી અશરામાં એટલા પ્રમાણમાં તકલીફ ઉઠાવતા હતા જે અન્ય દિવસોમાં ન ઉઠાવતા હતા[૧]." (મુસ્લિમ)*

**૧.** જેમ કે હુઝૂરે અન્વર ﷺ રમઝાનના અંતિમ અશરામાં એ'તેકાફ પણ કર્યા કરતા હતા અને સામાન્યપણે શબ બેદારી પણ, ક્યાં તો એટલા માટે કે આ અશરામાં શબે કદ્ર છે અથવા એટલા માટે કે મહેમાન જઈ રહેલ છે, અલ વિદાઅ સામે છે જેથી જે સમયો મળી જાય તે ગનીમત છે, અથવા એટલા માટે કે મહિનાનો ખાત્મો અધિક ઈબાદત પર થાય. **બુઝુર્ગોને જોવામાં આવ્યા છે કે ઘડપણમાં દુનિયાથી કિનારો કરીને ઈબાદત વધુ કરે છે કે હવે જવાનો સમય છે જેથી જે થઈ શકે તે કરી લઈએ.** (શેઅર)

*ઉતરતે ચાંદ ઢલતી ચાંદની જો હો સકે કર લે–અંધેરા કુછ આતા હૈ યહ દો દિનકી ઉજાલી હૈ*

**★ હદીષ : (૮)-૨૦૯૦ ★** (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا دَخَلَ الْعَشْرُ شَدَّ مِئْزَرَهُ وَأَحْيَا لَيله وَأَيْقَظَ أَهله

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે આખરી અશરા આવતો તો રસૂલુલ્લાહ ﷺ તૈયાર થઈ જતા[૧] રાતોએ પોતે જાગતા ઘરવાળાંઓને જગાડતા[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** ازار મિઝરથી બનેલ છે, તેહબંદ અથવા પાયમાજાના અર્થમાં, શાબ્દિક અર્થ થયો પોતાનું તેહબંદ બાંધી લેતા. જાહેર એ છે કે એનાથી મુરાદ મુશ્કેલ કામો માટે તૈયાર થઈ જતા. જેમ કે કહેવામાં આવે છે કે, ઉઠ ! બાંધ કમર ! શું બેઠો છે ?! અને શક્ય છે કે મક્સદ એ હોય કે હુઝૂરે અન્વર ﷺએ જમાનામાં અઝવાજે પાકથી તદન અલાયદા રહેતા, એ'તેકાફના કારણે પણ અને અધિક ઈબાદતોમાં મશગૂલિયતના કારણે પણ.

**૨.** એટલે કે આ અશરાની રાતોમાં લગભગ પૂરી રાત જાગતા હતા. તિલાવતે કુર્આન, નવાફિલ, ઝિક્રુલ્લાહમાં રાતો પસાર કરતા હતા અને અઝવાજે પાકને પણ એનો હુકમ આપતા હતા. અહીં મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ આખી રાત જાગરણ તથા ઈબાદત કરી. યાદ રાખશો કે અહીં احیاءથી મુરાદ ઈબાદત માટે જાગવું છે. અને لیلہએનો ઝર્ફ છે. એટલે રાતભર ઈબાદત માટે જાગતા. શક્ય છે કે لیلہ મફઉલ બિહ હોય. એટલે રાતના સમયોને પોતાની ઈબાદતથી ઝિંદા કરી આપતા અથવા ઝિંદા રાખતા. **જે સમય અલ્લાહની યાદમાં ગુજરે તે ઝિંદા છે, જે ગફલતમાં ગુજરે તે મુર્દા છે.** જામેઅ સગીરમાં છે કે **જે ઈશાની નમાઝ જમાઅતથી પઢે તેણે જાણે શબે**

**કદ્રમાં ઈબાદત કરી.** તિબ્રાનીએ હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી કે **જે ઈશાની નમાઝ જમાઅતથી પઢે તે જાણે અડધી રાત ઈબાદત ગુઝાર રહ્યો હોય અને જે ફજર પણ જમાઅતથી પઢી લે તે જાણે આખી રાત આબિદ રહ્યો.**

**(વિભાગ : ૨) الفصل الثانی**

**★ હદીષ : (૯)-૨૦૯૧ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ إِنْ عَلِمْتُ أَيُّ لَيْلَةٍ الْقَدْرِ مَا أَقُولُ فِيهَا؟ قَالَ: " قُولِي: اللَّهُمَّ إِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّي ". رَوَاهُ أَحْمد وَابْن مَاجَه وَالتِّرْمِذِيّ وَصَححهُ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો, જો હું જાણી લઉં કે શબે કદ્ર કઈ રાત છે તો એમાં શું પઢું[1] ? ફર્માવ્યું, આ પ્રમાણે અર્ઝ કરો, ઈલાહી ! તું માફ કરનારો છે, માફી પસંદ કરે છે, મને માફી આપી દે[2]. (અહમદ, ઈબ્ને માજહ, તિર્મિઝી) અને તિર્મિઝીએ એને સહીહ કહી છે."*

**૧.** એટલે કે જો કદી મારી આંખોથી પર્દો ઉઠી જાય અને હું વનસ્પતિ તથા પહાડને સજદો કરતાં, ફરિશ્તાઓને ઉતરતા, શબે કદ્રનું નૂર ફેલતાં, રૂહ ફરિશ્તાને જમીન પર આવતાં જોઉં, જેનાથી માલૂમ કરી લઉં કે એ શબે કદ્ર છે તો હું એમાં શું દુઆ માગું. જાણવા મળ્યું કે અમુક અવલિયા કદીક શબે કદ્ર પોતાની આંખથી જોઈ લેતા હતા પણ તેમને પણ છુપાવવાનો હુકમ છે કે શબે કદ્રને છુપાવવી સુન્નત છે. *(મિર્કાત)*

**૨.** આ દુઆ ટૂંકી છે અને ઘણી જ સમૃદ્ધ (જામેઅ) છે, કેમ કે જ્યારે રબ તઆલાએ બંદાને માફી આપી દીધી તો સર્વ કાંઈ આપી દીધું. યાદ રાખશો કે **ગુનેહગાર ગુનાહોથી માફી માગે છે અને નેકોકાર નેકી કરીને માફીના ઈચ્છુક બને છે કે ખુદાવંદા તારી બારગાહને લાયક નેકી ન થઈ શકી ! તું માફ કરનારો છે, માફી પસંદ કરે છે, મને માફ કરી આપ.**

زاہداں از گناہ توبہ کنند عارفاں از اطاعت استغفار

**અર્થાત :** ઈબાદત કરવાવાળાઓ ગુનાહથી તૌબા કરે છે અને અલ્લાહવાળાઓ ઈબાદત કરીને પણ ઈસ્તિગફાર કરે છે.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا રબ તઆલાના ફઝ્લો કરમથી ગુનાહોથી મહફૂઝ છે, છતાંય માફી માગવાનો હુકમ આપવામાં આવ્યો. ગુનાહોથી માફી નહીં બલ્કે તે માફી જે દર્શાવવામાં આવી.

**★ હદીષ : (૧૦)-૨૦૯૨ ★**

وَعَنْ أَبِي بَكْرَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الْتَمِسُوهَا يَعْنَى لَيْلَةَ الْقدر فِي تسع بَقِينَ أَو فِي سبع بَقِينَ أَو فِي خمس بَقِينَ أَوْ ثَلَاثٍ أَوْ آخِرِ لَيْلَةٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત અબૂ બકરહથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે આ રાત એટલે શબે કદ્ર શોધો જ્યારે નવ દિવસ બાકી રહે અથવા સાત દિવસ બાકી રહે, અથવા પાંચ દિવસ બાકી રહે અથવા ત્રણ દિવસ અથવા અંતિમ રાત[1]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે શબે કદ્રને ૨૧મી રમઝાન અથવા ત્રેવીસમી અથવા પચ્ચીસમી કે સત્તાવીસમી કે ૨૯મી રાતોમાં તલાશ કરો. એની તેહકીક હમણા થોડાક પહેલાં વર્ણવવામાં આવી ચૂકી છે કે અરબમાં ક્યારેક મહિનાના અંતથી હિસાબ લગાડે છે. ત્યાં يبقين અથવા بقيت કહી આપે છે. અને હિસાબ એ હિસાબથી છે કે રમઝાન ત્રીસ દિવસનો હોય છે.

★ હદીષ : (૧૧)-૨૦૯૩ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ لَيْلَةِ الْقَدْرِ فَقَالَ: «هِيَ فِي كُلِّ رَمَضَانَ» . رَوَاهُ أَبُو دَاوُد وَقَالَ:رَوَاهُ سُفْيَان وَشعْبَة عَن أبي إِسْحَق مَوْقُوفا على ابْن عمر

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ને શબે કૃદ્રના વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, તે દરેક રમઝાનમાં થાય છે.[1] (અબૂ દાઊદ) અને અબૂ દાઊદે કહ્યું કે આ હદીષ સુફયાન તથા શઅબાએ અબૂ ઈસ્હાક્થી હઝરત ઈબ્ને ઉમર પર મૌકૂફ રિવાયત કરી.''

**૧.** આ જવાબના બે મતલબ થઈ શકે છે : એક એ કે હમેશાં શબે કૃદ્ર રમઝાનમાં થશે, એના સિવાય બીજા મહિનામાં થશે નહીં, ન તો એ થશે કે કોઈ વરસ શબે કૃદ્રથી બિલ્કુલ ખાલી રહે કે કોઈ મહિનામાં શબે કૃદ્ર ન હોય, અને ન એ કે રમઝાનના સિવાય કોઈ અન્ય મહિનામાં થઈ જાય. બીજુ એ કે રમઝાનના દરેક હિસ્સામાં શબે કૃદ્ર થઈ શકે છે. આખરી અશરા (દસકા)થી ખાસ નથી. ક્યારેક શરૂ તારીખોમાં થશે, ક્યારેક મધ્યમાં અને ક્યારેક અંતિમ તારીખોમાં. આ હદીષ એ ઉલમાની દલીલ છે જેઓ કહે છે કે હમેશાં શબે કૃદ્ર રમઝાનમાં જ થશે, પણ તારીખ નિશ્ચિત નથી. કદીક કોઈ તારીખમાં તો કદીક કોઈમાં. واللہ و رسولہ اعلم !

★ હદીષ : (૧૨)-૨૦૯૪ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ أُنَيْسٍ قَالَ: قُلْتُ يَا رَسُولَ اللَّهِ إِنَّ لِي بَادِيَةً أَكُونُ فِيهَا وَأَنَا أُصَلِّي فِيهَا بِحَمْدِ اللهِ فَمُرْنِي بِلَيْلَةٍ أَنْزِلُهَا إِلَى هَذَا الْمَسْجِدِ فَقَالَ: «انْزِلْ لَيْلَةَ ثَلَاث وَعشْرين».قيل لِابْنِهِ: كَيْفَ كَانَ أَبُوكَ يَصْنَعُ؟ قَالَ: كَانَ يَدْخُلُ الْمَسْجِدَ إِذَا صَلَّى الْعَصْرَ فَلَا يَخْرُجُ مِنْهُ لِحَاجَةٍ حَتَّى يُصَلِّيَ الصُّبْحَ فَإِذَا صَلَّى الصُّبْحَ وَجَدَ دَابَّتَهُ عَلَى بَابِ الْمَسْجِدِ فَجَلَسَ عَلَيْهَا وَلحق بباديته. رَوَاهُ أَبُو دَاوُ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉનૈસથી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારું એક જંગલ છે જેમાં હું રહું છું[1]. અને الحمد للہ અને ત્યાં જ નમાઝો પઢું છું[2] મને એક રાત બતાવી દો જેમાં હું આ મસ્જિદમાં આવ્યા કરું[3] ફર્માવ્યું, તેવીસમી રાતે આવી જયા કરો[4] તેમના પુત્રને પૂછવામાં આવ્યું કે આપના પિતા શું કરતા હતા ? ફર્માવ્યું, જ્યારે અસર પઢી લેતા તો મસ્જિદે નબવીમાં ચાલ્યા જતા[5] પછી કોઈ કામના માટે ન નીકળતા, ત્યાં સુધી કે ફજરની નમાઝ પઢી લેતા[6] જ્યારે ફજર પઢી લેતા તો પોતાની સવારી મસ્જિદના દરવાજા પર પામતા, એના પર સવાર થઈને પોતાના જંગલે ચાલ્યા જતા[7]. (અબૂ દાઊદ)[8]''

**૧.** એટલે કે મારું મકાન મદીના મુનવ્વરાથી દૂર મારી જમીનમાં આવેલું છે. જ્યાં મારો કૂવો બાગ વગેરે છે. ત્યાં જ મારાં જાનવરો રહે છે અને ત્યાં જ મારાં બીવી બચ્ચાં રહે છે. અરબમાં એ વાત આમ રિવાજ પામેલી હતી કે બાગો તથા જમીનોવાળા પોતાની જમીનોમાં રહેતા હતા.

**૨.** એ રીતે કે એ જમીનમાં મેં મસ્જિદ બનાવી લીધી છે જ્યાં અમો સૌ ઘરવાળાં બાજમાઅત નમાઝો પઢી લીધા કરીએ છીએ. વટેમાર્ગુ મુસાફરો પણ ત્યાં નમાઝો પઢે છે, જેવું કે પંજાબમાં કૂવાઓની મસ્જિદો હોય છે. જેથી એ સહાબી પર જમાઅત તર્ક કરવાનો વાંધો નથી થઈ શકતો.

**૩.** એટલે કે મસ્જિદે નબવી શરીફમાં હાજર થઈ જયા કરું રાતભર નવાફિલ પઢવા માટે. એટલે કે શબે કદ્ર બતાવી દો જેથી સમય તથા સ્થળ બંનેની બરકતો હાંસલ કરી લીધા કરું. શબે કદ્ર હોય, મસ્જિદે નબવીની પાક ભૂમિ હોય અને મારી જબીને નિયાઝ (ઝુકેલી પેશાની) હોય, એ રીતે નફ્લો અદા કર્યા કરું. રબ તઆલા ક્યારેક અમને પણ એ સઆદત (નેક નસીબી) મયસ્સર કરે. *(આમીન)*

**૪.** એટલે કે ૨૩મી રમઝાનની રાતે અહીં આવીને શબ બેદારી તથા નફ્લો અદા કર્યા કરો કે એ રાત શબે કદ્ર છે. આ હદીષ તે બુઝુર્ગોની દલીલ છે જેઓ કહે છે કે તેવીસમી રમઝાન શબે કદ્ર છે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺને શબે કદ્રનો ઈલ્મ આપવામાં આવ્યો.

**૫.** એટલે મારા પિતા ૨૨મી રમઝાનની અસર પઢીને મસ્જિદે નબવીમાં પ્રવેશી જતા હતા. જાહેર એ છે કે અસરની નમાઝ પોતાના ઘરે પઢીને આવતા હતા અને શક્ય છે કે અસરની નમાઝ અહીં મસ્જિદે નબવીમાં જ પઢતા હોય. ત્યારે પ્રવેશથી મુરાદ રોકાવા માટેનો પ્રવેશ હશે. એ રીતે કે અહીં અસર પઢી, પછી જરૂરિયાતથી ફારિગ થયા પછી રાતભર કયામના ઈરાદાથી મસ્જિદમાં આવી ગયા.

**૬.** જાહેર એ છે કે હાજતથી મુરાદ મુત્લક જરૂરત છે તો આપ સર્વ માનવસહજ જરૂરિયાતોથી એવા ફારિગ થઈને મસ્જિદમાં દાખલ થતા હતા કે પછી વુઝૂના માટે પણ બહાર આવતા ન હતા, વુઝૂ તૂટતુ જ ન હતું. આ વાક્યાની અન્ય ઘણી શરહો કરવામાં આવી છે, પણ આ શરહ ખૂબ યોગ્ય છે. યાદ રાખશો કે આપ મોઅતફિક ન થતા હતા કેમ કે ફર્ઝી એ'તેકાફ તો ૨૪ કલાકનો હોય છે અને સુન્નતે એ'તેકાફ રમઝાનના પૂરા દસકાનો અને નફ્લી એ'તેકાફ એક ઘડીનો પણ થઈ શકે છે, પણ એમાં મસ્જિદથી બહાર આવવું મના નથી. જ્યારે ચાહે મોઅતફિક બહાર આવી જાય અને જ્યારે ચાહે અંદર જાય અને ફરી નિય્યત એ'તેકાફની કરી લે. જે શરહકર્તાઓએ એનાથી એ'તેકાફ સમજ્યો છે તે યોગ્ય નથી જણાતું. આપ એ રાતની હાજરીને ગનીમત જાણતા હતા અને એક મિનિટ માટે પણ બહાર આવતા ન હતા.

**૭.** અને પછી શહેરમાં કદી કદી આવતા. એનાથી નિર્દેશ થઈ રહ્યો છે કે એ રાતને તે શબે કદ્ર જાણીને એ ઈબાદત કરતા હતા. જેવું કે મિર્કાતમાં છે.

**૮.** અબૂ દાઊદે આ હદીષ ઝમુરા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અનીસથી રિવાયત કરી. આ અસ્નાદમાં મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક રાવી છે જેમનો હાલ એ છે કે જો તે حدثنا (હદ્દષના) કહીને રિવાયત કરે તો અસ્નાદ સહીહ હોય છે. અસલ હદીષ મુસ્લિમની છે, બુશ્ર ઈબ્ને સઈદની રિવાયતથી.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૩)-૨૦૯૫ ★**

عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ: خَرَجَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِيُخْبِرَنَا بِلَيْلَةِ الْقَدْرِ فَتَلَاحَى رَجُلَانِ مِنَ الْمُسْلِمِينَ فَقَالَ: «خَرَجْتُ لِأُخْبِرَكُمْ بِلَيْلَةِ الْقَدْرِ فَتَلَاحَى فُلَانٌ وَفُلَانٌ فَرُفِعَتْ وَعَسَى أَنْ يَكُونَ خَيْرًا لَكُمْ فَالْتَمِسُوهَا

*''હઝરત ઓબાદા ઈબ્ને સામિતથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એમને શબે કદ્ર બતાવવા તશરીફ લાવ્યા[૧]. તો બે મુસલમાન પુરૂષ લડી પડયા[૨] હુઝૂરે ફર્માવ્યું કે હું તમને શબે કદ્ર બતાવવા આવ્યો હતો પણ ફલાણો ફલાણો લડી પડયા તો શબે કદ્ર ઉઠાવી લેવામાં આવી[3]. શક્ય છે એ ઉઠાવી લેવામાં*

فِي التَّاسِعَةِ وَالسَّابِعَةِ وَالْخَامِسَةِ» . رَوَاهُ الْبُخَارِيّ

*આવવું તમારા માટે બેહતર જ હોય[૪]. હવે એને અંતિમ નવમી, સાતમી, પાંચમીમાં તલાશ કરો[૫]. (બુખારી)*

**૧.** એટલે હુઝૂરે અન્વર ﷺને શબે કદ્રની ખબર પણ આપી દેવામાં આવી અને બતાવવાની ઈજાઝત પણ આપી દેવામાં આવી જેથી સરકાર ﷺ બતાવવા માટે તશરીફ લાવ્યા. આ હદીષથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને શબે કદ્રનો ઈલ્મ આપ્યો.

**૨.** લગભગ એ હઝરાત અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય હદરદ તથા કઅબ ઈબ્ને માલિક હતા. જેમનો ઝઘડો કરજના સંબંધે હતો જેમાં હુઝૂરે અન્વર ﷺએ અડધુ માફ કરાવી આપ્યું અને બાકીનું અડધુ અદા કરવાનો હુકમ આપી દીધો.

**૩.** એટલે કે મારા ઈલ્મથી તેની નિશ્ચિતતા દૂર કરી દેવામાં આવી અને મને ભૂલાવી દેવામાં આવી. એ મતલબ નથી કે ખુદ શબે કદ્ર જ દૂર કરી દેવામાં આવી કે હવે તે થશે જ નહીં. એ ઝઘડનારાઓનો ઝઘડો નાહક્ક હતો અને મધ્યમ માર્ગથી અધિક પણ હતો, જેની આ અસર થઈ. જાણવા મળ્યું કે દુનિયાવી ઝઘડાઓ મનહૂસ છે, તેનો વબાલ ઘણો જ અધિક છે. તેના કારણે અલ્લાહની આવતી રહ્મતો રોકાય જાય છે.

**૪.** એટલા માટે કે આ બુરાઈના હેઠળ તમારા માટે ભલાઈ છે કે હવે તમો શબે કદ્ર તલાશ કરશો અને તેની તલાશ પણ ઈબાદત છે, જેથી તમો એના પર પણ ઘણો જ સવાબ પામશો. અહીં મિર્કાતે ફર્માવ્યું કે જો કોઈ શખ્સ શબે કદ્રને પોતાની આંખો વડે જોઈ લે તો તે પણ લોકો પર જાહેર ન કરે, કે તેને જાહેર ન કરવું સુન્નત છે. અને જાહેર કરી દેવું સુન્નતની વિરુદ્ધ છે. અલ્લાહ તઆલા હુઝૂરે અન્વર ﷺને એના પર માહિતગાર કરી આપ્યા કરતા હતા પણ હુઝૂરે અન્વર ﷺએ તેની તેહકીકી ખબર ન આપી હતી. અથવા નિશાનીઓ બતાવી અથવા પ્રકારના આધારે (અર્થાત : એ ન જણાવ્યું કે શબે કદ્ર કઈ રાત છે, ક્યા પ્રકારની હોય છે એ બતાવ્યું) જાહેર કર્યું.

**૫.** એટલે કે રમઝાનની ૨૯મી, ૨૭મી, ૨૫મી રાતોમાં અધિક તલાશ કરો. ગાલિબ (અધિક્તર ગુમાન) એ છે કે એમનામાંથી કોઈ રાતમાં છે. આ ફર્માનથી જાણવા મળ્યું કે આ ઝઘડાથી ખુદ શબે કદ્ર ઉઠી ન હતી બલ્કે તેની નિશ્ચિતતા ઉઠી, નહીં તો તેને તલાશ કરવાનો શો અર્થ. તલાશ તે ચીજ કરવામાં આવે જે હોય પણ તેની ભાળ ન હોય.

**★ હદીષ : (૧૪)-૨૦૯૬ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا كَانَ لَيْلَةُ الْقَدْرِ نزل جِبْرِيل عَلَيْهِ السَّلَام فِي كُبْكُبَةٍ مِنَ الْمَلَائِكَةِ يُصَلُّونَ عَلَى كُلِّ عَبْدٍ قَائِمٍ أَوْ قَاعِدٍ يَذْكُرُ اللَّهَ عَزَّ وَجَلَّ فَإِذَا كَانَ يَوْمُ عِيدِهِمْ يَعْنِي يَوْمَ فِطْرِهِمْ بَاهَى بِهِمْ مَلَائِكَتَهُ فَقَالَ: يَا مَلَائِكَتِي مَا جَزَاءُ أَجِيرٍ وَفَّى عَمَلَهُ؟ قَالُوا: رَبَّنَا جَزَاؤُهُ أَنْ يُوَفَّى أَجْرَهُ. قَالَ: مَلَائِكَتِي عَبِيدِي وَإِمَائِي قَضَوْا

*"હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે શબે કદ્ર થાય છે તો જિબ્રઈલ عليه السلام ફરિશ્તાઓની જમાઅતમાં ઉતરે છે[૧] દરેક તે ઉભેલા બેઠેલા બંદાઓને દુઆઓ આપે છે જે અલ્લાહનો ઝિક્ર કરી રહ્યો હોય[૨] પછી જ્યારે બંદાઓની ઈદનો દિવસ થાય છે તો અલ્લાહ તે બંદાઓથી પોતાના ફરિશ્તાઓ પર ફખ્ર ફર્માવે છે[૩]. ફર્માવે છે, હે મારા ફરિશ્તાઓ ! એ મજૂરની મજૂરી શું હોવી જોઈએ જે પોતાનું કામ પૂર્ણ કરી આપે ? અર્ઝ કરે છે, ઈલાહી ! તેની મજૂરી એ છે કે તેને પૂરો સવાબ આપવામાં આવે[૪]. ફર્માવે છે, હે ફરિશ્તાઓ ! મારા*

فَرِيضَتِي عَلَيْهِمْ ثُمَّ خَرَجُوا يَعُجُّونَ إِلَى الدُّعَاءِ وَعِزَّتِي وَجَلَالِي وَكَرَمِي وَعُلُوِّي وَارْتِفَاعِ مَكَانِي لأجيبنهم. فَيَقُول: ارْجعُوا فقد غَفَرْتُ لَكُمْ وَبَدَّلْتُ سَيِّئَاتِكُمْ حَسَنَاتٍ. قَالَ: فَيَرْجِعُونَ مَغْفُورًا لَهُمْ ". رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*બંદાઓ બંદીઓએ મારો ફર્ઝ પૂરો કરી આપ્યો જે એમના પર હતો પછી દુઆઓનો શોર મચાવતા નીકળી પડયા[૬] મને મારા ઈજ્જત તથા જલાલ, મારા કરમ, મારી બુલંદી, મારા મર્તબાના ગલ્બાની કસમ ! હું એમની દુઆઓ કબૂલ કરીશ[૭] પછી ફર્માવે છે, પરત થઈ જાવ મેં તમને બખ્શી આપ્યા[૮] અને તમારી બુરાઈઓને ખૂબીઓ બનાવી દીધી[૯] ફર્માવ્યું, પછી એ લોકો બખ્શાયેલા પરત થાય છે[૧૦].*

*(બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** આ હદીષ આ આયતે કરીમાની તફસીર છે કે تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَ الرُّوْحُ فِيْهَا (એમાં ફરિશ્તા તથા જિબ્રઈલ ઉતરે છે. –સૂરએ કદ્ર, ૯૭/૪) એનાથી જાણવા મળે છે કે ત્યાં રૂહથી મુરાદ હઝરત જિબ્રઈલ علیہ السلام છે અને મલાઈકાથી મુરાદ ફરિશ્તાઓની તે જમાઅત છે જે એમની સાથે ઉતરે છે, એ જમાઅત શબે કદ્ર સિવાય બીજા કોઈ પ્રસંગે નથી ઉતરતી. બુઝુર્ગોએ ક્યારેક એ જમાઅતને જોઈ પણ છે. રૂહની તફસીરો અન્ય ઘણી છે પણ મજબૂત એ જ છે કે હઝરત જિબ્રઈલ علیہ السلام છે.

**૨.** આ તા'લીમથી જાણવા મળ્યું કે શબે કદ્રમાં કેવળ નમાઝ પઢવું જ લાઝિમ નથી બલ્કે નમાઝ, તિલાવતે કુર્આન અને તમામ પ્રકારના ઝિક્રુલ્લાહ કરવામાં આવે. પછી નમાઝ ઉભા રહીને પઢવામાં આવે અથવા બેસીને, તો દરેક રીતે ફરિશ્તાઓની દુઆઓ મળી જાય છે.

**૩.** ફર્માવે છે, હે ફરિશ્તાઓ ! તમો તો કહ્યું હતું કે ખિલાફતે ઈલાહિયા ઈન્સાનોને કેમ અતા થઈ રહી છે ? એ તો ખૂનરેજી કરશે, ઝઘડા ફસાદ ફેલાવશે. જુઓ ઈન્સાનોમાં આવા આબિદો પણ છે જેઓ દિવસે રોઝા રાખીને રાતોમાં આ રીતે જાગી લે છે અને એવી ઈબાદતો કરી લે છે જે કોઈ મખ્લૂકથી ન થઈ શકશે. યાદ રાખશો કે રોઝા, જેહાદ, દીનનો પ્રચાર, શહાદત વગેરે એ ઈબાદતો છે જે કેવળ ઈન્સાન જ કરી શકે છે, ફરિશ્તાઓથી પણ નથી થઈ શકતી. રુકૂઅ, સિજદા તો ઈબાદતો છે જ પણ આ ઈબાદતો ઈન્સાનથી ખાસ છે એટલા માટે રબ તઆલાએ ફર્માવ્યું : وَ حَمَلَهَا الْاِنْسَانُ (અને માનવે ઉઠાવી લીધી. –સૂરએ અહઝાબ, ૩૩/૭૨) જિન્નાત હજ્જના સફરની તથા જેહાદની તકલીફોને શું જાણે !

**૪.** એટલે કે એ બંદાઓએ રમઝાનની ઈબાદતો પૂરી કરી લીધી. રોઝાઓ, તરાવીહ, એ'તેકાફ, શબે કદ્રની શબ બેદારી વગેરે સૌ કામો પૂર્ણ કરી લીધાં, હવે બતાવો ! અમે શું કરીએ અને તેમને શું આપીએ ?! જેથી આ હદીષ પર વાંધો નથી કે માણસનું કામ તો મરતી વખતે પૂર્ણ થાય છે, હમણા આવું શાથી ફર્માવવામાં આવ્યું ? કેમ કે અહીં આ મહિનાથી ઈબાદત પૂરી કરી લેવું મુરાદ છે.

**૫.** કે એ તો એ મજૂરોનો હક્ક છે જે તેં પોતાના કરમના જિમ્મે લાઝિમ ઠરાવી લીધેલ છે, આગળ જો તું કરમ ફર્માવે છે તો તારો કરમ છે જે સૌના વહમ તથા ગુમાનથી પર છે. આ કલામ પર્દા હેઠળ ફરિશ્તાઓની સિફારિશ છે. ખયાલ રહે કે ફરિશ્તાઓ મો'મિનો માટે સામાન્ય રીતે દુઆ તો હમેશાં કરતા રહે છે. રબ તઆલા ફર્માવે છે :

اَلَّذِیْنَ یَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ یُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَ یُؤْمِنُوْنَ بِهٖ وَ یَسْتَغْفِرُوْنَ لِلَّذِیْنَ اٰمَنُوْا (તેઓ જે અર્શ ઉઠાવે છે અને જેઓ એમની આસપાસ છે પોતાના રબની તારીફની સાથે તેની પાકી બોલે છે અને તેના પર ઈમાન લાવે છે, અને મુસલમાનોની મગફેરત માગે છે. –સૂરએ મુઅ્મિન, ૪૦/૭) અને ખાસ દુઆઓ ખાસ મોકાઓ પર કરે છે. આ સર્વ કાંઈ એના બદલામાં છે જે તેમણે બારગાહે ઈલાહીમાં ઈન્સાનોની શિકાયત કરી હતી. એટલા માટે શબે કદ્રમાં ફરિશ્તાઓ જ દુઆઓ કરવા માટે આવે છે, અને આજે ફરિશ્તાઓને જ સંબોધન છે.

**૬.** આ હદીષથી જાણવા મળ્યું કે ઈદુલ ફિત્રની નમાઝ જંગલમાં નીકળીને પઢવી બેહતર છે અને એ નમાઝ હકીકતમાં એ નેઅમતનો શુક્ર છે કે જેણે અમને રમઝાનની ઈબાદતોની તૌફીક બખ્શી. કુર્આને કરીમ ફર્માવે છે : لِتُكْمِلُوا الْعِدَّةَ وَ لِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ (અને અલ્લાહની બડાઈ બોલો એના પર તેણે તમને હિદાયત આપી. –સૂરએ બકરહ, ૨/૧૮૫) બેરોઝા ચોરો અને રોઝા છોડો અને રોઝા તોડોને ઈદની ખુશી મનાવવાનો હક્ક જ નથી, પણ આજકાલ ઈદની અધિક ખુશી એ જ લોકો મનાવતા જોવા મળ્યા છે !

**૭.** એટલે કે ઈદની નમાઝ બાદ જે દુઆ માગશે તે કબૂલ કરીશ. જાણવા મળ્યું કે ઈદની નમાઝ બાદ દુઆ જરૂર માગવામાં આવે. આના પરથી તે લોકો સબક લે જેઓ કહે છે કે ઈદની નમાઝ બાદ દુઆ માગવી બિદઅત છે, ન માગવી જોઈએ.

**૮.** એ રીતે કે તમારા સર્વ ગુનાહો માફ કરી આપે, નાના હોય કે મોટા. એ જ અધિક જાહેર છે.

**૯.** મિર્કાતે ફર્માવ્યું કે માફી તથા બખ્શિશ તો ગુનેહગારો માટે છે અને ગુનાહોને નેકીઓ બનાવી દેવી એ તો તૌબા કરનારાઓ માટે છે. એનું સમર્થન આ આયતથી છે : اِلَّا مَنْ تَابَ وَ اٰمَنَ وَ عَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓئِكَ یُبَدِّلُ اللّٰهُ سَیِّاٰتِهِمْ حَسَنٰتٍ (પણ જે તૌબા કરે અને ઈમાન લાવે અને સારુ કામ કરે તેઓ તો એવાઓની બુરાઈઓને અલ્લાહ તઆલા ભલાઈઓથી બદલી નાખશે. –સૂરએ ફુર્કાન, ૨૫/૭૦) એનો મતલબ એ છે કે આમાલનામાથી ગુનાહ નષ્ટ કરીને એની જગાએ નેકીઓ લખી દેવામાં આવે છે, જેના પર અજ્રો સવાબ મળે છે. આ રબ તઆલાના કરમથી કોઈ દૂરની વાત નથી. શેખ સઅદી ફર્માવે છે : (શેઅર)

ما نبودیم و تقاضا ما نبود ۔ لطف تو نا گفتۂ ما می شنود

**અર્થાત** : "આકા અમે ન હતા અને અમારો તકાદો પણ ન હતો પરંતુ આપની મહેરબાનીની અમારુ ન કહેલું પણ સાંભળી લે છે."

# બાબુલ એ'તેકાફ[1] باب الاعتكاف
## (એ'તેકાફ વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** એ'તેકાફ عکف થી બન્યું થોભવા કે સ્થાયી રહેવાના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે, يَّعۡكُفُوۡنَ عَلٰٓى اَصۡنَامٍ لَّهُمۡ (પોતાની મૂર્તિઓની સામે બેઠક જમાવીને બેઠા. –સૂરએ અઅ્રાફ, ૭/૧૩૮) અને ફર્માવે છે : وَاَنۡتُمۡ عٰكِفُوۡنَ ۙ فِى الۡمَسٰجِدِ (જ્યારે તમો મસ્જિદોમાં એ'તેકાફથી હોવ. સૂરએ બક્રહ, ૨/૧૮૭) શરીઅતમાં ઈબાદતની નિય્યતથી મસ્જિદમાં ખાસ રોકાવાને એ'તેકાફ કહેવામાં આવે છે. એ'તેકાફ ઘણી પૂરાણી ઈબાદત છે. રબ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلام તથા ઈસ્માઈલ علیہ السلامને ફર્માવ્યું : اَنۡ طَهِّرَا بَيۡتِىَ لِلطَّآٮِٕفِيۡنَ وَالۡعٰكِفِيۡنَ وَالرُّكَّعِ السُّجُوۡدِ (મારું ઘર ખૂબ જ સુથરુ કરો તવાફ કરવાવાળાઓ અને એ'તેકાફવાળાઓ અને રુકૂઅ તથા સજદાવાળાઓ માટે. –સૂરએ બક્રહ, ૨/૧૨૫) એ'તેકાફ ત્રણ પ્રકારના છે : **ફર્ઝ એ'તેકાફ** : જેમ કે નઝર (મન્નત) માનેલો હોય તે એ'તેકાફ. એમાં રોઝો શર્ત છે અને તેની મુદ્દત કમસે કમ એક દિવસ તથા રાત છે. **સુન્નત એ'તેકાફ** : એ વીસમી રમઝાનની અસરથી ઈદનો ચાંદ દેખાતા સુધી છે. **નફલ એ'તેકાફ** : એમાં ન રોઝો શર્ત છે ન તેની મુદ્દત નિશ્ચિત હોય છે. જ્યારે પણ મસ્જિદમાં જાય તો કહી દે, મેં એ'તેકાફની નિય્યત કરી જ્યાં સુધી મસ્જિદમાં રહું. હક્ક્ એ છે કે રમઝાનનો એ'તેકાફ "સુન્નતે મોઅક્કદા કિફાયા" છે કે જો આબાદીમાં કોઈએ પણ ન કર્યો તો સૌ સુન્નતને ત્યજનાર બન્યા. જો એક જણે પણ કરી લીધો તો સૌના તરફથી અદા થઈ ગયા. પુરૂષ તો જમાઅતવાળી મસ્જિદમાં જ એ'તેકાફ કરી શકે છે જ્યાં પંજગાના નમાઝ બાજમાઅત થતી હોય. પણ સ્ત્રી પોતાના ઘરમાં કોઈ જગા પાક સાફ કરીને ત્યાં જ એ'તેકાફ કરી લે જેને મસ્જિદ ખાના કહે છે. *(લમ્આત, મિર્કાત વગેરે)*

**★ હદીષ : (૧)–૨૦૯૭ ★** (مُتَّفِقٌ عَلَيۡهِ)

وَعَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَعْتَكِفُ الْعَشْرَ الْأَوَاخِرَ مِنْ رَمَضَانَ حَتَّى تَوَفَّاهُ اللَّهُ ثُمَّ اعْتَكَفَ أَزْوَاجُهُ مِنْ بعده

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم રમઝાનના આખરી દસકામાં એ'તેકાફ કરતા હતા ત્યાં સુધી કે અલ્લાહે તેમને વફાત આપી[1] પછી આપની પત્નીઓએ આપના પછી એ'તેકાફ કર્યો.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હમેશગીથી માલૂમ પડયું કે એ'તેકાફ સુન્નતે મોઅક્કદા છે. અને કેમ કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ એનો હુકમ ઉમ્મતને સ્પષ્ટપણે નથી આપ્યો બલ્કે આકર્ષણ અપાવ્યું. જાણવા મળ્યું કે આ એ'તેકાફ વાજિબ નથી, કેમ કે વાજિબ હોવા માટે હુકમ આપવું જરૂરી છે. જેથી આ હદીષ અહનાફની દલીલ છે કે રમઝાનનો એ'તેકાફ સુન્નતે મોઅક્કદા છે. પછી આખા મદીના મુનવ્વરામાં કેવળ હુઝૂર صلی اللہ علیہ وسلم અને અમુક સહાબા જ એ'તેકાફ કરતા હતા. સર્વ મુસલમાન કરતા ન હતા. જાણવા મળ્યું કે એ'તેકાફ સુન્નતે મોઅક્કદા કિફાયા છે.

**૨.** એટલે કે હુઝૂરે અન્વર ﷺની વફાત પછી આપનાં અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)એ હમેશાં પોતાનાં ઘરોમાં એ'તેકાફ કર્યો, ન કે મસ્જિદે નબવી શરીફમાં. મસ્જિદમાં તો એકવાર એ બીવીઓએ એ'તેકાફ કર્યો હતો. એ'તેકાફના માટે કપડાના તંબુ લગાડયા હતા જે હુઝૂરે અન્વર ﷺએ ઉખેડાવી દીધા હતા. ફક઼ીહો ફર્માવે છે કે જો કે સ્ત્રી મસ્જિદમાં પણ પર્દો રાખીને એ'તેકાફ કરી શકે છે પણ તેણીના માટે ઘરમાં જ એ'તેકાફ ખૂબ જ બેહતર છે.

**★ હદીષ : (૨)-૨૦૯૮ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَجْوَدَ النَّاسِ بِالْخَيْرِ وَكَانَ أَجْوَدَ مَا يَكُونُ فِي رَمَضَانَ وَكَانَ جِبْرِيلُ يَلْقَاهُ كُلَّ لَيْلَةٍ فِي رَمَضَانَ يَعْرِضُ عَلَيْهِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْقُرْآنَ فَإِذَا لَقِيَهُ جِبْرِيلُ كَانَ أَجْوَدُ بِالْخَيْرِ مِنَ الرِّيحِ الْمُرْسَلَةِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ સૌથી વિશેષ દરેક ભલાઈના સખીદાતા હતા.[૧] અને આપ રમઝાનમાં તો ખૂબ જ સખાવત કરતા હતા.[૨] દરેક રાતે જિબ્રઈલે અમીન આપને મળતા હતા. નબી કરીમ ﷺ હઝરત જિબ્રઈલ પર કુર્આન પેશ કરતા હતા[૩] તો જ્યારે આપને જિબ્રઈલ મળતા ત્યારે આપ મોકલેલી તેજ હવાથી પણ અધિક સખી બિલ્ખૈર રહેતા હતા.[૪]" (મુસ્જિદ, બુખારી)*

**૧.** કે હમેશાં જ માલની, આમાલની, ઈલ્મની દરેક રહમતે ઈલાહિયાની સખાવત કરતા હતા. હુઝૂરે અન્વર ﷺના જેવી સખાવત આજ સુધી ન કોઈએ કરી ન કોઈ કરી શકે છે. હુઝૂરે અન્વર ﷺ અલ્લાહની જવ્વાદની સિફતના ઉત્તમ મઝહર (ઉદ્ભવ સ્થાન) છે. કુર્આને કરીમે હુઝૂર ﷺને કરીમ એટલે સખીદાતા ફર્માવ્યા. (શેઅર)

*યા રબ ! તૂ કરીમ વ રસૂલ તૂ કરીમ – સદ શુક્ર કે હસ્તીમ મિયાને દો કરીમ*

**૨.** કે માહે રમઝાનમાં તો કોઈને કોઈ રીતે રદ કરતા જ ન હતા. જન્નત માગનારાઓને જન્નત, રહમતના સાઈલોને રહમત, ખુદ હુઝૂરે અન્વર ﷺથી હુઝૂરને માંગનારાઓને પોતાના કરમની તવજ્જોહ, માલ માગનારાઓને માલ, આમાલ, કમાલ, લિક઼ાએ ઝુલજલાલ, સારાંશ કે જે સાઈલ જે માગતો હતો તે મોં માગ્યું પામતો હતો. અમુક આશિક઼ો આજે પણ રમઝાનમાં હુઝૂરે અન્વર ﷺથી દરેક ચીજ માગે છે. મુસલમાનોએ પણ રમઝાનમાં ખૂબ જ સખાવત કરવી જોઈએ કે એ સુન્નતે રસૂલુલ્લાહ ﷺ છે.

**૩.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે દરેક રમઝાનમાં હુઝૂરે અન્વર ﷺ જિબ્રઈલની સાથે શરૂથી અંત સુધી આખુ કુર્આન તજવીદ તથા અક્ષરોના મખારિજ સાથે દૌર કરતા હતા. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે રમઝાનમાં કુર્આનનો દૌર કરવો અથવા કુર્આનનો દૌરો કરવો સુન્નતે રસૂલ પણ છે અને સુન્નતે જિબ્રઈલ પણ. બીજુ એ કે હુઝૂરે અન્વર ﷺ પહેલેથી જ આખુ કુર્આન જાણે છે. નુઝૂલે કુર્આન તો ઉમ્મત પર અહકામ લાગુ કરવા માટે થયું, કેમ કે દરેક રમઝાનમાં હુઝૂરે અન્વર ﷺ પૂરૂ કુર્આન સાંભળી પણ રહ્યા છે અને હઝરત જિબ્રઈલને સંભળાવી પણ રહ્યા છે, જ્યારે કે હજી આખુ કુર્આન ઉતર્યું ન હતું. ઉતરાણની પૂર્ણતા તો વફાતથી થોડાક અગાઉ થઈ. કેમ કે આ તિલાવત ખાસ રીતે એ'તેકાફમાં થતી હતી એટલા માટે લેખક આ હદીષ એ'તેકાફના પ્રકરણમાં લાવ્યા.

**૪.** એટલે કે જેવી રીતે હવાની સખાવત પર દુનિયા કાયમ છે કે દરેક શખ્સ હવાથી જ શ્વાસ લે છે અને હવાથી જ વરસાદ આવે છે. હવાથી જ ખેતરો બાગો ફલે ફૂલે છે. વળી દરેક જગાએ હવા મૌજૂદ છે. દરેક જાનદાર તથા નિર્જીવને દરેક રીતે ફયઝ પહોંચાડે છે. એવી જ રીતે હુઝૂરે અન્વર ﷺ જિબ્રઈલની મુલાકાતના મોકા પર દરેકને

દરેક રીતે દરેક ચીજ આપે છે. યાદ રાખશો કે રબ તઆલા રમઝાનમાં ખૂબ જ જૂદો કરમ ફર્માવે છે. આ સુન્નતે ઈલાહિયા પ્રમાણે હુઝૂરે અન્વર ﷺ પણ રમઝાનમાં અધિક સખાવત કરતા હતા, કેમ કે જ્યારે રબ તઆલાના શ્રેષ્ઠ મઝહર છે ﷺ.

★ હદીષ : (૩)-૨૦૯૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ يعرض على النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْقُرْآنَ كُلَّ عَامٍ مَرَّةً فَعرَضَ عَلَيْهِ مَرَّتَيْنِ فِي الْعَامِ الَّذِي قُبِضَ وَكَانَ يَعْتَكِفُ كُلَّ عَامٍ عَشْرًا فَاعْتَكَفَ عِشْرِينَ فِي الْعَامِ الَّذِي قُبِضَ. رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ પર આખુ કુર્આન એકવાર પેશ કરવામાં આવતુ હતું. જે વરસે હુઝૂરે અન્વર ﷺ ને વફાત આપવામાં આવી એ વરસે બે વાર રજૂ કરવામાં આવ્યું[1] અને હુઝૂર દર વરસે દસ દિવસ એ'તેકાફ કરતા હતા. વફાતના વરસે વીસ દિવસ એ'તેકાફ કર્યો.[2]"*

**૧.** એટલે નબુવ્વતની શરૂઆતથી હિજરત પછી શરૂથી દરેક રમઝાનમાં હઝરત જિબ્રઈલ અને નબી કરીમ ﷺ એક પારો દરરોજ દૌર કરતા હતા, જેનાથી પૂરા રમઝાનમાં એક ખત્મ થતો હતો. વફાતના વરસે બે પારા દરરોજ દૌર કર્યો જેનાથી મહિનામાં બે ખત્મ થયા. એ રીતે સમજો કે અફઝલ રસૂલ પર અફઝલ મહિનામાં અફઝલ કલામ અફઝલ સ્થળમાં લાવીને સાંભળતા અને સંભળાવતા હતા. અહીં મુઆવેઝાથી મુરાદ મદારિસ્તા છે એટલે દૌર. (શેઅર) *નૂર આયા તો લાયા નૂર પર નૂરાની રાત – ઈસ લિયે રમઝાનકા સારા મહિના નૂર હૈ*

**૨.** એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺને પોતાની વફાતની ખબર હતી કે આ વર્ષે થશે. એટલા માટે એ વરસે સફરે આખેરતની તૈયારી ખાસ રીતે કરી રહ્યા છે. આ હદીષ અહલે સુન્નતના ઘણા મસ્અલાઓની દલીલ છે. એ પણ જાણવા મળ્યું કે દરેક શખ્સ ઘડપણમાં અથવા મૃત્યુ વેળાની બીમારીમાં આખેરત માટે ખાસ તૈયારી કરે, દુનિયવી સંબંધો ઓછા કરવા માંડે, એ પણ સુન્નતે રસૂલ જ છે. અલ્લાહ તૌફીક઼ અતા કરે.

★ હદીષ : (૪)-૨૧૦૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا اعْتَكَفَ أَدْنَى إِلَيَّ رَأْسَهِ وَهُوَ فِي الْمَسْجِدِ فَأُرَجِّلُهُ وَكَانَ لَا يَدْخُلُ الْبَيْتَ إِلَّا لحَاجَة الْإِنْسَان "

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે એ'તેકાફ કરતા તો મસ્જિદમાં રહીને મારા તરફ પોતાનુ માથુ નમાવી દેતા. હું કાંસકો કરી આપતી.[1] અને માનવ જરૂરત સિવાય ઘરમાં તશરીફ ન લાવતા.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** હુઝૂરે અન્વર ﷺના હુજરાનો દરવાજો મસ્જિદમાં હતો. એ'તેકાફની હાલતમાં આપ મસ્જિદમાં રહેતા અને હઝરત આઈશા ઘરમાં. હુઝૂરે અન્વર ﷺ મસ્જિદમાં બેઠા બેઠા સર મુબારક હુજરામાં કરી દેતા. ઉમ્મુલ મો'મિનીન કાંસકો કરી દેતાં હતાં. આ હદીષથી ઘણા બધા મસાઈલ જાણવા મળ્યા : **એક** એ કે મોઅતફિક઼નું પોતાનાં અમુક અંગોને મસ્જિદથી કાઢી નાખવું જાઈઝ છે, એને મસ્જિદથી કાઢવું નથી કહેવામાં આવતુ. **બીજુ** એ જ પ્રમાણે હૈઝવાળી સ્ત્રીનું પોતાનાં અમુક અંગોને મસ્જિદમાં દાખલ કરી દેવું જાઈઝ છે. **ત્રીજુ** એ કે કાંસકો વગેરે મસ્જિદમાં ન કરવું બેહતર છે કે એનાથી વાળ મસ્જિદમાં પડશે તથા ઉડશે. **ચોથુ** એ કે જે કામ મસ્જિદમાં રહીને કરી અથવા કરાવી શકાય છે તેના માટે મોઅતકિફ મસ્જિદથી ન નીકળે.

**૨.** માનવસહજ હાજતથી મુરાદ કેવળ પેશાબ તથા જાજરૂ છે. કેમ કે હુઝૂરે અન્વર ﷺ એહતેલામ (સ્વપ્નદોષ)થી મેહફૂઝ છે. ફક઼ીહો કેવળ ચાર કામોના માટે મોઅતકિફને મસ્જિદેથી નીકળવાની ઈજાઝત આપે છે : પેશાબ, જાજરૂ, જનાબતનું ગુસ્લ, અને જુમ્આની નમાઝ માટે જો એ મસ્જિદમાં જુમ્આ ન થતો હોય અને તેના પર જુમ્આ ફર્ઝ હોય. જુમ્આના ગુસ્લના માટે રિવાયત નથી મળી. હઝરત શયખે અહીં અશિઅહમાં ફર્માવ્યું કે મોઅતકિફ નફલ ગુસ્લ માટે પણ મસ્જિદથી નીકળી શકે છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે જો મસ્જિદમાં રહીને કોઈ ટબ વગેરેમાં એ રીતે ગુસ્લ કરી લે કે મસ્જિદમાં વપરાયેલુ પાણી બિલ્કુલ ન પડે તો ત્યાં જ કરે, (મસ્જિદ બહાર) ગુસલખાનામાં ન જાય.

**★ હદીષ : (૫)-૨૧૦૧ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ عُمَرَ سَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " كُنْتُ نَذَرْتُ فِي الْجَاهِلِيَّةِ أَنْ أَعْتَكِفَ لَيْلَةً فِي الْمَسْجِدِ الْحَرَامِ؟ قَالَ: «فأوف بِنَذْرِك»

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમરે નબી કરીમ ﷺ ને પૂછયું. અર્ઝ કરી કે મેં જાહિલિયતના જમાનામાં[૧] એક રાત મસ્જિદે હરામમાં એ'તેકાફની નઝર માની હતી[૨] ફર્માવ્યું, તમારી નઝર પૂરી કરો.[૩]" (મુસ્લિમ, બુખારી)[૪]*

**૧.** જાહિલિયતનો જમાનો હુઝૂરે અન્વર ﷺની નબુવ્વતથી પહેલાંના જમાનાને કહે છે. જ્યારે અરબવાસીઓ તદ્દન અંધારામાં હતા. આગલા નબીઓની તાલીમ ગુમ થઈ ચૂકી હતી. પણ અહીં નબુવ્વતના પ્રચાર પહેલાંનો જમાનો મુરાદ છે. કેમ કે હઝરત ઉમરની એ નઝર ઈસ્લામ સ્વીકાર્યા પછીની છે કે આપે એ નઝર મુસલમાન થયા બાદ માની પણ પૂરી ન કરી શકયા કેમ કે મક્કાના કાફિરોનું ઘણુ જ જોર હતું. તેઓ આપને મસ્જિદે હરામમાં રાત પસાર કરવા દેતા ન હતા. ત્યાં રોકાવામાં આપને જાનનો ખતરો હતો. *(મિર્ક઼ાત)*

**૨.** રાતથી મુરાદ રાત સાથે દિવસ છે. અરબવાસીઓ રાત બોલીને પૂરા ૨૪ કલાક મુરાદ લે છે, નહીં તો નઝર એ'તેકાફમાં રોઝો શર્ત છે અને તે દિવસમાં જ હોય છે. ઈમામ શાફઈને ત્યાં કેવળ રાતભરનો પણ એ'તેકાફ થઈ શકે છે, તેમને ત્યાં રોઝો શર્ત નથી. તેઓ આ હદીષથી દલીલ પકડે છે. પણ આ દલીલ ઘણી જ કમજોર છે. આગળ સ્પષ્ટપણે હદીષ આવી રહી છે કે રોઝા વિના એ'તેકાફ નથી. આ સ્પષ્ટ હદીષના હોવા છતાં આ નિર્દેશ પર અમલ નથી કરી શકાતો.

**૩.** આ અમ્ર વજૂબી (વાજિબના હુકમમાં) છે. કેમ કે હઝરત ઉમરની નઝર ઈસ્લામ ક઼બૂલ કરી લીધા પછીની છે. મુસલમાન થઈ જાય તો તેણે નઝર પૂર્ણ કરવી મુસ્તહબ છે. જાહેર એ છે કે હુઝૂરે અન્વર ﷺએ હઝરત ઉમરને કા'બા મોઅઝ્ઝમા એટલે મસ્જિદે હરામમાં એ'તેકાફનો હુકમ આપ્યો. અમુક ફક઼ીહો ફર્માવે છે કે જો મસ્જિદે નબવીમાં એ'તેકાફની નઝર માની હોય તો બીજી મસ્જિદમાં એ'તેકાફ નથી કરી શકતો. તેમની દલીલ આ હદીષ છે. અમુકને ત્યાં કરી શકે છે, તેઓ કહે છે કે આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવા પૂરતો) છે.

**૪.** આ હદીષ અબૂ દાઊદ, નિસાઈ તથા દાર કુત્નીએ પણ નકલ કરી પણ તેમની રિવાયતમાં છે કે જનાબ ઉમરે કા'બા મોઅઝ્ઝમાની પાસે એક દિવસ તથા રાત એ'તેકાફ કરવાની નઝર માની હતી. દારકુત્નીએ રિવાયત કરી કે હુઝૂરે અન્વર ﷺએ તેમને એ'તેકાફ તથા રોઝાનો હુકમ આપ્યો. (મિર્ક઼ાત) ફત્હુલ ક઼દીરમાં છે કે મુસ્લિમ તથા બુખારીની રિવાયતમાં પણ છે કે હઝરત ઉમરે એક દિવસ તથા રાતના એ'તેકાફની નઝર પૂરી કરી હતી.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૬)-૨૧૦૨ ★**

عَنْ أَنَسٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعْتَكِفُ فِي الْعَشْرِ الْأَوَاخِرِ مِنْ رَمَضَانَ فَلَمْ يَعْتَكِفْ عَامًا. فَلَمَّا كَانَ الْعَامُ الْمقبل اعْتكف عشْرين. رَوَاهُ التِّرْمِذِيّ

*'હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ રમઝાનના અંતિમ દસકામાં એ'તેકાફ કરતા હતા. એક વરસે એ'તેકાફ ન કરી શક્યા[૧] જ્યારે આગલુ વરસ આવ્યું તો હુઝૂરે અન્વર ﷺએ વીસ દિવસ એ'તેકાફ કર્યા.[૨]'' (તિર્મિઝી)*

**★ હદીષ : (૭)-૨૧૦૩ ★**

وَرَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ عَنْ أُبَيِّ بن كَعْب

*''અને અબૂ દાઊદ તથા ઈબ્ને માજહએ હઝરત ઉબય ઈબ્ને કઅબથી રિવાયત કરી.''*

**૧.** કોઈ મજબૂરીના કારણે નહીં તો હુઝૂરે અન્વર ﷺએ વિના મજબૂરીએ એ'તેકાફ કદી ન છોડયો. હમેશાં રમઝાનના અંતિમ અશરામાં કરતા હતા. *(મિર્કાત)*

**૨.** જાહેર એ છે કે પાછલા રમઝાનના એ'તેકાફની કઝા ન હતી, નહીં તો આ રમઝાન સુધી રાહ ન જોવત. એ રમઝાન પસાર થતાં જ કઝા કરી લેતા. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ આખરી રમઝાનમાં જેના પછી વફાત શરીફ થઈ ૨૦ દિવસ એ'તેકાફ કર્યો હતો. એ જ પ્રમાણે એ રમઝાનમાં કર્યુ. શક્ય છે કે દસ દિવસ પાછલી રમઝાનની કઝા જ હોય, તો કઝા હુઝૂરે અન્વર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. નહીં તો આપના પર એ'તેકાફ ફર્ઝ ન હતો, અને કઝા કેવળ ફર્ઝ અથવા વાજિબની હોય છે. જેવી રીતે એકવાર હુઝૂરે અન્વર ﷺની ઝોહરની સુન્નત ચાર રકાત રહી ગઈ હતી તો અસર બાદ તેની કઝા કરી પછી હમેશાં એ રકાતો પઢતા રહ્યા. એ પણ વિશિષ્ટતાઓમાંથી હતું. મિર્કાતે ફર્માવ્યું કે મૌકૂફ નફલોની કઝા લેવી બેહતર છે, જેમ કે તહજ્જુદના નફ્લ.

**★ હદીષ : (૮)-૨૧૦૪ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَرَادَ أَنْ يَعْتَكِفَ صَلَّى الْفَجْرَ ثُمَّ دَخَلَ فِي مُعْتَكَفِهِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે એ'તેકાફનો ઈરાદો કરતા તો ફજરની નમાઝ પઢતા પછી પોતાના એ'તેકાફગાહમાં દાખલ થઈ જતા.[૧]''*

*(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષની બિના પર ઈમામ અવઝાઈ તથા લૈષે ફર્માવ્યું કે એ'તેકાફ ફજર બાદ શરૂ કરવામાં આવે, પણ બાકીના અન્ય ઈમામોને ત્યાં એ'તેકાફ સુન્નત તથા એ'તેકાફ ફર્ઝ એ અસરના ફર્ઝ પછી શરૂ કરવામાં આવે. એ ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺનું એ સમયથી એ'તેકાફગાહમાં દાખલ થવું એ'તેકાફની તૈયારી માટે રહેતુ હતું. અસલ એ'તેકાફ અસર બાદ શરૂ કરતા હતા. એટલા માટે આપ ફર્માવી રહ્યાં છે કે પોતાની એ'તેકાફગાહમાં દાખલ થઈ જતા. એવું ન ફર્માવ્યું કે એ'તેકાફ શરૂ કરી આપતા હતા. એતેકાફ શરૂ કરવો અલગ છે અને એ'તેકાફગાહમાં દાખલ થવું અલગ છે. એ'તેકાફગાહથી મુરાદ ચટાઈ ગોળાકાર ઉભી કરી દેવામાં આવતી હતી.

★ હદીષ : (૯)-૨૧૦૫ ★

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعُودُ الْمَرِيضَ وَهُوَ مُعْتَكِفٌ فَيَمُرُّ كَمَا هُوَ فَلَا يُعَرِّجُ يَسْأَلُ عَنْهُ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَةْ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ'તેકાફની હાલતમાં બીમારની ખબર એ રીતે પૂછતા હતા કે એ જ પ્રમાણે ચાલતા રહેતા હતા, પાછા ફરતા ન હતા, એ રીતે તેની તબીયત પૂછી લેતા હતા.[૧]" (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે જયારે હુઝૂરે અન્વર ﷺ એ'તેકાફની હાલતમાં પેશાબ જાજરૂના માટે મસ્જિદથી બહાર જતા અને સંજોગો વસાત કોઈ બીમાર મળી જતો તો ચાલતાં ચાલતાં જ ખબર અંતર પૂછી લેતા, ન તો રોકાતા ન તો તેના માટે રસ્તે વળતા. જમહૂર ઉલમાને ત્યાં એ'તેકાફવાળા માટે એ જ હુકમ છે. જો તે બીમારની ખબર પૂછવા માટે એક નમાઝ અદા કરવા જેટલો થોભે તો એ'તેકાફ તૂટી જશે, એનાથી ઓછુ થોભવું મકરૂહ ગણાશે. જમહૂર ઉલમાનો માખઝ આ હદીષ છે.

★ હદીષ : (૧૦)-૨૧૦૬ ★

وَعَن عَائِشَةَ رَضِيِ اللهُ عَنْهَا قَالَتْ: السُّنَّةُ عَلَى الْمُعْتَكِفِ أَنْ لَا يَعُودَ مَرِيضًا وَلَا يَشْهَدُ جنَازَةً وَلَا يَمَسُّ الْمَرْأَةَ وَلَا يُبَاشِرُهَا وَلَا يَخْرُجُ لِحَاجَةٍ إِلَّا لِمَا لابد مِنْهُ وَلَا اعْتِكَافَ إِلَّا بِصَوْمٍ وَلَا اعْتِكَافَ إِلَّا فِي مَسْجِدٍ جَامِعٍ. رَوَاهُ أَبُو دَاوُدَ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મોઅતકિફના માટે સુન્નત એ છે કે ન તો બીમારની ખબર અંતર પૂછે[૧] અને ન જનાઝામાં જાય[૨] ન પત્નીને હાથ લગાડે ન તેને સ્પર્શે[૩] ન કોઈ કામના માટે જાય જરૂરી કામના સિવાય[૪] વિના રોઝાએ એ'તેકાફ નથી થતો[૫] અને કેવળ જામેઅ મસ્જિદમાં જ એ'તેકાફ કરે.[૬]" (અબૂ દાઊદ)*

**૧.** ન મિજાઝપુર્સી (ખબર પૂછવા) માટે મસ્જિદથી નીકળે અને ન મસ્જિદ બહાર એના માટે રોકાય. જેથી આ હદીષ અગાઉ વર્ણવેલ હદીષની વિરૂધ્ધ નથી, કેમ કે ત્યાં ચાલતાં ચાલતાં ખબર પૂછવી મુરાદ હતું અને અહીં થોભીને.

**૨.** એટલે કે જનાઝાની નમાઝના માટે મસ્જિદથી બહાર ન જાય ભલે ખારિજે મસ્જિદમાં નમાઝે જનાઝા થાય, કેમ કે મોઅતકિફે મસ્જિદની અંદરના ભાગમાં રહેવું જોઈએ. **વિના જરૂરતે વુઝૂ ગુસ્લની જગાએ પણ ન જાય, ભલે એ જગા મસ્જિદની હદોમાં હોય.**

**૩.** એટલે કે મોઅતકિફ પોતાની પત્નીને ન વાસના સાથે હાથ લગાડે અને ન ચિમટાવે, ન સોહબત કરે. સોહબતથી તો એ'તેકાફ યક઼ીનન ! જતો રહેશે અને ચૂમવા વગેરેથી અથવા વાસના સાથે સ્પર્શવાથી વિર્ય સ્ખલન થઈ ગયું તો એ'તેકાફ ગયો, નહીં તો સખત મકરૂહ થયો.

**૪.** એનાથી જાણવા મળ્યું કે (જ્યાં મસ્જિદની અંદર વ્યવસ્થા નથી તેમણે) નફલી ગુસ્લ, ગરમીના ગુસ્લ માટે પણ મસ્જિદથી નીકળવું જાઈઝ નથી. કેવળ પેશાબ, જાજરૂર, ગુસ્લે જનાબતના માટે નીકળી શકે છે, ત્યાં સુધી કે જેના પર જુમ્આ ફર્ઝ નથી, જેમ કે સ્ત્રી તથા ગામડાવાસી તે જુમ્આની નમાઝ માટે મસ્જિદથી નથી જઈ શકતો.

**૫.** આ હુકમ ફર્ઝ એતેકાફ અથવા સુન્નત એતેકાફના માટે છે. એ બંનેવમાં રોઝો શર્ત છે. નફ્લ એ'તેકાફમાં ન રોઝો શર્ત છે ન સમયની પાબંદી છે.

**૬.** આ હુકમ પુરૂષના એ'તેકાફ માટે છે. સ્ત્રીઓના એ'તેકાફના માટે મસ્જિદ શર્ત નથી. તેણીઓ પોતાનાં ઘરોમાં એ'તેકાફ કરે. જામેઅ મસ્જિદથી મુરાદ જ્યાં ઈમામ તથા મોઅઝ્ઝિન નિયુક્ત હોય અને પંજગાના નમાઝ બાજમાઅત થતી હોય, એવી જ મસ્જિદમાં એ'તેકાફ કરે. અને એનાથી જુમ્આવાળી મસ્જિદ મુરાદ હોય જ્યાં જુમ્આની નમાઝ પણ થતી હોય, તો આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવાના હુકમમાં) છે કે જુમ્આવાળી મસ્જિદમાં એ'તેકાફ મુસ્તહબ છે. જાઈઝ તો દરેક મસ્જિદમાં છે. રબ તઆલા ફર્માવે છે : وَاَنۡتُمۡ عٰكِفُوۡنَ ۙ فِى الۡمَسٰجِدِ (જ્યારે તમે મસ્જિદોમાં એ'તેકાફથી હોવ. સૂ. બકરહ, ૨/૧૮૭) યાદ રાખશો કે સૌથી અફઝલ એ'તેકાફ કા'બાના હરમ એટલે મસ્જિદે હરામનો છે, પછી મસ્જિદે નબવીમાં, પછી બૈતુલ મુક્દસમાં, પછી જ્યાંનો ઈમામ અફઝલ હોય, પછી ત્યાં જ્યાં જમાઅત મોટી થતી હોય. (મિર્કાત તથા લમ્આત) આ હદીષ હનફીઓની દલીલ છે પુરૂષ મસ્જિદમાં જ એ'તેકાફ કરી શકે છે.

**૭.** આ હદીષ થોડા ફરક સાથે નિસાઈએ પણ નકલ કરી. મોઅત્તા ઈમામ માલિકમાં કાંઈક થોડીક તબદીલી છે. આ હદીષની અસ્નાદમાં અબ્દુર્રહમાન ઈબ્ને ઈસ્હાક્ છે જેમના પર અમુક મુહદ્દિષોએ જરહ (પકડ) કરી છે. પણ અમુક મુહદ્દિષોએ એમને ષિક્હ કહ્યા. અને જ્યારે જરહ તથા તઅદીલમાં ટકરાવ થયો તો તઅદીલને અગ્રતા મળે છે. અને હઝરત આઈશા સિદ્દીક્રાનું આ ફર્માવવું કે સુન્નત આ છે, એ મરફૂખ હદીષમાં છે. કેમ કે એ વાત કેવળ અટકળ તથા ક્યાસથી નથી કહી શકતી.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૧)-૨૧૦૭ ★**

عَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ إِذَا اعْتَكَفَ طُرِحَ لَهُ فِرَاشُهُ أَوْ يُوضَعُ لَهُ سَرِيرُهُ وَرَاءَ أسطوانه التَّوْبَة. رَوَاهُ ابْن مَاجَه

*"હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે આપ જ્યારે એ'તેકાફ કરતા તો આપના માટે બિસ્તર બિછાવી દેવામાં આવતું અથવા સુતૂને તૌબાની પાછળ આપનો તખ્ત પોશ રાખી દેવામાં આવતો[૧]" (ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ હમેશાં સુતૂને તૌબાની પાસે એ'તેકાફ કરતા હતા. ત્યાં ક્યારેક તો આપના માટે બિસ્તર બિછાવી દેવામાં આવતો હતો અને ક્યારેક ચાર પાઈની જેમ તખ્ત પણ. જાણવા મળ્યું કે **મોઅતકિફ મસ્જિદમાં ચારપાઈ કે તખ્ત પર સૂઈ શકે છે, એ શર્તે કે તદ્દન પાક સાફ હોય.** સુતૂને તૌબા મસ્જિદે નબવીમાં તે સુતૂન છે જ્યાં અબૂ લુબાબાએ તૌબા કરી હતી એ સુતૂન સાથે તેમને બાંધી દેવામાં આવ્યા હતા. હવે હાજીઓ ત્યાં ઉભા રહીને તૌબા તથા અસ્તગફાર કરે છે.

**★ હદીષ : (૧૨)-૨૧૦૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي الْمُعْتَكِفِ: «هُوَ يَعْتَكِفُ الذُّنُوبَ وَيُجْرَى لَهُ مِنَ الْحَسَنَاتِ كَعَامِلِ الْحَسَنَاتِ كلهَا» . رَوَاهُ ابْن مَاجَه

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ મોઅ્તકિફના બારામાં ફર્માવ્યું કે એ'તેકાફ ગુનાહોથી દૂર રાખે છે.[૧] અને મોઅતકિફ સર્વ નેકીઓનો સવાબ આપવામાં આવે છે. સર્વ નેકીઓ કરવાળાની જેમ.[૨]" (ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે એ'તેકાફનો ત્વરિત ફાયદો તો એ છે કે એ મોઅ્તકિફને ગુનાહોથી દૂર રાખે છે. عکف અર્થ છે થોભવું, દૂર રહેવું, કેમ કે મોટાભાગના ગુનાહ ગીબત, જૂઠ તથા ચુગલી વગેરે લોકોની ભેળસેળના લીધે થાય છે. મોઅ્તકિફ ગોશાનશીન છે અને જે તેને મળવા આવે છે તે પણ મસ્જિદ તથા એ'તેકાફનો લેહાઝ રાખીને બુરી વાતો ન કરે છે ન કરાવે છે.

**૨.** એટલે કે મોઅ્તકિફ એ'તેકાફના કારણે જે નેકીઓથી વંચિત થઈ ગયો, જેમ કે કબ્રોની ઝિયારત, મુસલમાનોથી મુલાકાત, બીમારની ખબર અંતર લેવી, નમાઝે જનાઝામાં હાજરી, તેને આ સર્વ નેકીઓનો સવાબ એ રીતે મળે છે જેવી રીતે એ કામ કરનારાઓને સવાબ મળે છે. ઈન્શા અલ્લાહ ! ગાઝી, હાજી, તાલિબે ઈલ્મે દીનનો પણ એ જ હાલ છે.

# કિતાબુ ફઝાઈલિલ્ કુર્આન[1] كتاب فضائل القرآن
## (કુર્આનના ફઝાઈલ વિશે પ્રકરણ)

### (વિભાગ : ૧) الفصل الاول

ફઝાઈલ ફઝીલતનું બહુવચન છે. ફઝીલત ફઝ્લ (فضل)થી બન્યું અધિકતાના અર્થમાં. ફઝીલત તે ખાસ બુઝુર્ગીને કહે છે જે અન્યને હાંસલ ન હોય. યાદ રાખશો કે ફઝ્લ સિફત છે અને ફુઝૂલ અયબ, એટલે બેકાર અથવા ફાયદાથી ખાલી, કુર્આનના એ શબ્દ قرءٌ થી બન્યો અથવા قرأٌથી અથવા قرن થી. કુર્આનના ફઝાઈલ અમુક સામાન્ય છે, એટલે સર્વ કુર્આનના ફઝાઈલ, અને અમુક ખાસ છે, એટલે કે અમુક સૂરતોના અથવા અમુક આયતોના ખાસ ફાયદા તથા તાષીરો. જે આયતોમાં હમ્દ તથા નઅત છે તે ઝિક્ર પણ અફઝલ, ઝાકિર પણ આ'લા અને મઝકૂર (જેની ચર્ચા હોય તે) પણ બેહતર. પણ જે આયતોમાં કાફિરોનું વર્ણન છે, ત્યાં ઝિક્ર આ'લા, ઝાકિર અફઝલ પણ મઝકૂર બદતરીન ખલ્ક છે. એટલા માટે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ત્રણવાર પઢવામાં આખા કુર્આનની તિલાવતનો સવાબ છે કે એ હમ્દની સૂરત છે. અને ''તબ્બતયદા'' ત્રણસો વાર પણ પઢી લો છતાં પણ એ સવાબ નથી. કા'બા મોઅઝ્ઝમા આખુ જ ખુદાનુ ઘર છે પણ રુકને અસ્વદ ખૂબ આ'લા છે. મસ્જિદ પૂરી બયતુલ્લાહ છે પણ મેહરાબ તથા મિમ્બર આ'લા છે. જેથી આ ફઝીલત પર હદીષના મુન્કિરોનો એ વાંધો નથી પડી શકતો કે આખુ જ કુર્આન કલામે ઈલાહી છે પછી આ મર્તબાઓનો તફાવત કેવો ? નબીઓ વલીઓમાં મર્તબાઓનો ફરક મૌજૂદ છે, જ્યારે કે તેઓ સર્વે અલ્લાહના પ્યારા છે : تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ (આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર અફઝલ કર્યા. –સૂ. બક઼રહ, ૨/૨૫૩)

**★ હદીષ : (૧)-૨૧૦૯ ★**

عَنْ عُثْمَانَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَيْرُكُمْ من تعلم الْقُرْآن وَعلمه» . رَوَاهُ الْبُخَارِيّ

*''હઝરત ઉષ્માનથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારામાં બેહતર તે છે જે કુર્આન શીખે તથા શીખવાડે.[૧]'' (બુખારી)*

**૧.** કુર્આન શીખવા શીખવાડવામાં ઘણી વિશાળતા છે. બાળકોને કુર્આનની હિજ્જે દરરોજ શીખવાડવું, ક઼ારીઓનું તજવીદ શીખવું શીખવવું, ઉલમાનું કુર્આની એહકામ હદીષ તથા ફિક઼્હ થકી શીખવું શીખવવું, સૂફિયાએ કિરામનું કુર્આનના અસ્રારો રુમૂઝ (રહસ્યો) તરીક઼તના સિલસિલાથી શીખવું શીખવાડવું, સૌ કુર્આનની જ તા'લીમ છે. કેવળ કુર્આનના શબ્દોની તાલીમ મુરાદ નથી. જેથી આ હદીષ ફક઼ીહોના આ ફર્માનની વિરૂધ્ધ નથી કે ફિક઼્હ શીખવું કુર્આનની તિલાવત કરતાં અફઝલ છે. કેમ કે ફિક઼્હ કુર્આનના અહકામ (હુકમો) છે અને તિલાવતમાં કુર્આનના શબ્દો છે. કેમ કે અલ્લાહનું કલામ સર્વ કલામોથી અફઝલ છે જેથી તેની તાલીમ સર્વ કામોથી બેહતર અને અસ્રારે કુર્આન (કુર્આની રહસ્યો) કુર્આનના શબ્દોથી અફઝલ છે. કેમ કે અલ્ફાઝે કુર્આન (કુર્આનના શબ્દો)નું ઉતરાણ હુઝૂરે અન્વર ﷺના કાન મુબારક પર થયું અને અસ્રાર તથા અહકામનું ઉતરાણ હુઝૂર ﷺના દિલ પર થયું. તિલાવત કરતાં

ફિક્હનો ઈલ્મ અફઝલ છે. રબ તઆલા ફર્માવે છે : نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ (તમારા દિલ પર અલ્લાહના હુકમથી કુર્આન ઉતાર્યું. –સૂ. બક્રહ, ૨/૯૭) કુર્આન પર અમલ એ કુર્આનના ઈલ્મ પછી છે, જેથી આલિમ આમિલ કરતાં અફઝલ છે. આદમ علیہ السلام આલિમ હતા અને ફરિશ્તા આમિલ, પણ હઝરત આદમ علیہ السلام અફઝલ તથા મસ્જૂદ છે.

**★ હદીષ : (૨)–૨૧૧૦ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: خَرَجَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَحْنُ فِي الصُّفَّةِ فَقَالَ: «أَيُّكُمْ يُحِبُّ أَنْ يَغْدُوَ كُلَّ يَوْمٍ إِلَى بطحان أَو إِلَى العقيق فَيَأْتِي مِنْهُ بِنَاقَتَيْنِ كَوْمَاوَيْنِ فِي غَيْرِ إِثْمٍ وَلَا قَطْعِ رحم» فَقُلْنَا يَا رَسُول الله نُحِبُّ ذَلِكَ قَالَ: «أَفَلَا يَغْدُو أَحَدُكُمْ إِلَى الْمَسْجِدِ فَيَعْلَمُ أَوْ يَقْرَأُ آيَتَيْنِ مِنْ كِتَابِ الله عز وَجل خير لَهُ من نَاقَة أَو نَاقَتَيْنِ وَثَلَاثٍ خَيْرٌ لَهُ مِنْ ثَلَاثٍ وَأَرْبَعٍ خَيْرٌ لَهُ مِنْ أَرْبَعٍ وَمِنْ أَعْدَادِهِنَّ مِنَ الْإِبِلِ» . رَوَاهُ مُسلم

*''હઝરત ઉક્બા બિન આમિરથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા જ્યારે કે અમે સુફ્ફામાં હતા[૧] ફર્માવ્યું, તમારામાં કોણ એ ચાહે છે કે દરેક સવારે બતહાન અથવા અક્રીક્રની તરફ નીકળી જયા કરે અને ગુનોહ કર્યા વિના અને સંબંધ તોડયા વિના બે ઉંચી ઊંટણીઓ લઈ આવ્યા કરે.[૨] અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એવું તો અમે સૌ ચાહીએ છીએ[૩]. ફર્માવ્યું, તો તમારામાંથી દરેક શખ્સ દરરોજ સવારે કેમ ન મસ્જિદે જતો રહ્યા કરે, ત્યાં કુર્આનની બે આયતો શીખી લીધા કરે અથવા પઢી લીધા કરે.[૪] એ બે ઊંટણીઓ કરતાં અફઝલ છે અને ત્રણ ત્રણ ઊંટણીઓથી બેહતર છે, અને ચાર ચારથી અને એ જ પ્રમાણે ઊંટણીઓથી બેહતર છે.[૫]'' (મુસ્લિમ)*

**૧.** સુફ્ફાનો અર્થ છે ચબૂતરો. મસ્જિદે નબવીથી જોડાઈને પાછળની તરફ થોડોક સરખો ચબૂતરો બનાવી દેવામાં આવ્યો હતો જ્યાં મહેમાન ઉતરતા હતા અને ઈલ્મ શીખવાવાળા ગરીબ સહાબીઓ ત્યાં કાયમી ધોરણે રહેતા હતા. એ હઝરાત અસ્હાબે સુફ્ફા કહેવાયા. એમના જેવી જ સિફત (ખૂબીઓ) રાખનારાઓને આજે સૂફિયા (સૂફીઓ) કહે છે. એટલે દિલની સફાઈ તથા સૌફનો લિબાસ ધરાવનારી જમાઅત. એ હઝરાત વધઘટ થતા રહેતા, ક્યારેક સિત્તેર અને ક્યારેક બસોથી અધિક. જાણે કે એ મદ્રસા નબવી હતો. ઉક્બા બિન આમિર અને અબૂ હુરૈરહ પણ એમનામાંથી હતા.

**૨.** એટલે કે થોડે દૂર જઈને થોડીક વારમાં ઘણો બધો હલાલ માલ આવે. અરબમાં ઊંટણી ઘણો પ્રિય માલ હતો. અક્રીક્ મદીના મુનવ્વરાથી બે ત્રણ માઈલ પર એક બજાર છે જ્યાં જાનવર અધિક વેચાય છે. બત્હાન મદીના પાકનું એક વિશાળ જંગલ છે. بطح વિશાળતા અથવા પથરીલા વિસ્તારના અર્થમાં.

**૩.** એટલે કે યા રસૂલલ્લાહ ! ﷺ એ તો અમો સૌ ચાહીયે છીએ. યાદ રાખશો કે એ હઝરાત જો કે તારીકુદ્દુન્યા હતા પણ દીનના માટે દુનિયા હાંસલ કરવાને ખૂબ જ અફઝલ જાણતા હતા. દુનિયા જો દીનના માટે હોય તો અયન દીન છે અને જો તીન (માટી ગારા)ના માટે હોય તો દુનિયા છે, એટલે ડબલ ચીજ. જેથી હદીષ પર એ વાંધો નથી કે એ લોકો તો દુનિયાની મહોબ્બતવાળા ન હતા તો પછી આવો જવાબ કેમ આપ્યો.

**૪.** આ વાતચીત કેવળ સુફ્ફાવાળા અસ્હાબથી જ નથી, તેઓ તે દરેક સમયે જાણે કે મસ્જિદમાં જ રહેતા હતા, બલ્કે ક્યામત સુધીના મુસલમાનો માટે છે કે દુનિયવી કારોબારમાં મશગૂલ થતા પહેલાં કાંઈક કુર્આનનો ઈલ્મ હાંસલ કરી લીધા કરો. એનાથી જાણવા મળ્યું કે **દીની મદ્રસા મસ્જિદમાં હોવા બેહતર**

**છે.** હુઝૂરે અન્વર ﷺનો મદ્રસો સુફ્ફામાં હતો જે મસ્જિદથી જોડાયેલ હતો, જાણે કે મસ્જિદમાં જ હતો. તેમજ એ પણ માલૂમ પડ્યું કે સવાર સવારમાં ઈલ્મે દીન હાંસલ કરવો અફઝલ અને એનાથી સવારના કામમાં બરકત છે. એ પણ જાણવા મળ્યું કે ઉલમા વિના વિલંબે તલબાને ઈલ્મ શીખવ્યા કરે.

**૫.** એટલે કે પાંચ આયતો પાંચ ઊંટો કરતાં અફઝલ છે, અને છ કે સાત આયતો એટલા જ પ્રમાણમાં ઊંટોથી અફઝલ છે. અરબમાં ابل (એબલ) મુત્લક઼ન ઊંટને કહે છે, નર હોય કે માદા. અને جمل (જુમલ) નર ઊંટને. "નાક઼ા" માદાને કહે છે. જેવી રીતે માનવ તથા આદમી મુત્લક઼ન ઈન્સાનને કહે છે અને رجل "રજુલ" પુરૂષને امرأة "ઈમરાત" સ્ત્રીને કહે છે. યાદ રાખશો કે અહીં આયતથી મુરાદ આયત શીખવવું અથવા તેની તાલીમમાં મશગૂલ રહેવું છે. એટલે એક આયત શીખવું એક ઊંટણીની માલિકી બરાબર છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે આયતે કુર્આની તો તમામ દુનિયાથી બેહતર છે, તો એક ઊંટનો ઉલ્લેખ કેમ થયો. અથવા આ તફસીલ તે અરબવાસીઓને સમજાવવાના માટે છે જેમને ઊંટ ઘણા જ પ્રિય છે. જેવી રીતે મીઠી ઊંઘ સૂનારાઓને ફજરની અઝાનમાં કહે છે : الصلوة خير من النوم નમાઝ આ નીંદથી બેહતર છે, જ્યારે કે નમાઝથી આખી દુનિયાથી બેહતર છે.

**★ હદીષ : (૩)-૨૧૧૧ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُحِبُّ أَحَدُكُمْ إِذَا رَجَعَ إِلَى أَهْلِهِ أَنْ يَجِدَ فِيهِ ثَلَاثَ خَلِفَاتٍ عِظَامٍ سِمَانٍ» . قُلْنَا: نَعَمْ. قَالَ:«فَثَلَاثُ آيَاتٍ يَقْرَأُ بِهِنَّ أَحَدُكُمْ فِي صلَاته خَيْرٌ لَهُ مِنْ ثَلَاثِ خَلِفَاتٍ عِظَامٍ سِمَانٍ» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ એ ચાહે છે કે જ્યારે તે પોતાના ઘરે પરત થાય તો ત્યાં સગર્ભા મોટી અને જાડી ઊંટણીઓ પામે[૧] અમે અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તો ત્રણ આયતો જેને કોઈ પોતાની નમાઝમાં પઢી લે[૨] તે તેને ત્રણ સગર્ભા મોટી તથા જાડી ઊંટણીઓથી બેહતર છે.[૩]"*

*(મુસ્લિમ)*

**૧.** એટલે કે જ્યારે સફર, બજારથી જ્યારે ઘરે પહોંચે તો ત્યાં આ હલાલ દૌલત પામે. અરબવાસીઓ માદા ઊંટણીને ખાસ કરીને જ્યારે સગર્ભા પણ હોય, ઉંચી તથા જાડી પણ હોય તેને ખૂબ જ પસંદ કરતા હતા. એટલા માટે આ દૃષ્ટાંત આપવામાં આવ્યું. કેમ કે ઊંટણીથી વંશવેલો ચાલે છે અને ઊંટથી નથી ચાલતો. અને જાહેર છે કે સારા વંશની ઊંટણીનો વંશવેલો પણ સારો થશે.

**૨.** કુર્આને કરીમ આ'લા ચીજ છે અને જ્યારે નમાઝમાં પઢવામાં આવે તો નૂરુન્ અલા નૂર છે કે નમાઝ તથા કુર્આનની બરકતો ભેગી થઈ જાય છે. અને જો તક઼દીરથી મક્કાના હરમ કે મદીનાના હરમમાં નમાઝ નસીબ થઈ જાય તો એ તિલાવતની બરકતો અગણિત થઈ જાય છે કે ત્રણ ખૂબીઓ ભેગી થઈ ગઈ : નમાઝ, તિલાવત, હરમની ભૂમિ.

**૩.** એ ઊંટણીઓનો ફાયદો કેવળ દુનિયામાં છે અને કુર્આની આયતોનો ફાયદો દુનિયામાં પણ અને આખેરતમાં પણ. અને ફાની કરતાં બાકી બેહતર છે. ખુલાસો એ છે કે દુનિયવી માલમાં વ્યસ્ત થઈને આખેરતથી લાપરવા ન થઈ જાવ. એ મતલબ નથી કે દુનિયા બિલ્કુલ છોડી આપો, કેમ કે ઈસ્લામમાં સન્યાસ લેવો મના છે. બલ્કે જે દુનિયા દીન કમાવાનો ઝરીયો હોય તે પણ દીન છે.

★ હદીષ : (૪)-૨૧૧૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْمَاهِرُ بِالْقُرْآنِ مَعَ السَّفَرَةِ الْكِرَامِ الْبَرَرَةِ وَالَّذِي يَقْرَأُ الْقُرْآنَ وَيَتَتَعْتَعُ فِيهِ وَهُوَ عَلَيْهِ شاق لَهُ أَجْرَانِ»

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કુર્આનનો આલિમ[1] માનવંત ફરિશ્તાઓ તથા મોહતરમ તથા મોઅઝ્ઝમ નબીઓની સાથે હશે[2] અને જે કુર્આન પઢતો હોય કે એમાં અટકતો હોય અને કુર્આન તેના પર ભારે હોય તેના માટે બમણો સવાબ છે.[3]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** કુર્આને કરીમનો માહિર તે આલિમ છે જે કુર્આનના શબ્દો, કુર્આનના ભાવાર્થો, કુર્આનના રહસ્યોનો વાકેફ હોય તે મહાન મર્તબો છે.

**૨.** શયખે ફર્માવ્યું કે અહીં "સફરા"થી ફરિશ્તાઓની જમાઅત મુરાદ છે. અને کرام بررۃ થી અંબિયાએ કિરામ મક્સદ છે. મિર્કાતે ફર્માવ્યું કે આ ત્રણેવ સિફતો (ખૂબીઓ) ફરિશ્તાઓની છે. سَفَرَہ ક્યાં તો سَفَرَ થી બન્યુ છે. એટલે સફર કરતા રહેનારા ફરિશ્તા જેઓ હમેશાં હક્ક તઆલા અને રસૂલોની વચ્ચે આવતા જતા રહે છે, વહી વગેરેના માટે. અથવા سِفْرٌ થી બન્યું છે કિતાબના અર્થમાં. જેનું બહુવચન اسفار છે. یَحْمِلُ اَسْفَارًا એટલે તે ફરિશ્તા જેઓ લોહે મહફૂઝથી લખાણો સહીફાઓમાં નકલ કરતા રહે છે અથવા અમલો લખનાર ફરિશ્તા. અથવા سفار સુધારણાના અર્થમાં બન્યુ, એટલે તે ફરિશ્તા જેઓ રબ તઆલાના તરફથી બંદાઓ પર મસ્લેહત તથા રહમતની ખબરો લાવે છે. કેમ કે એ ફરિશ્તા રબની બારગાહના પ્રથમ કક્ષાના મુકર્રબ (નિકટના) છે. અને ગુનાહોથી ખૂબ જ પાક તથા સાફ છે. એટલા માટે એમના આ ત્રણ લકબ થયા. કુર્આને કરીમનો આલિમ તે ફરિશ્તાઓ તથા નબીઓ જેવાં કામો કરે છે, એટલા માટે એનો હશ્ર પણ એ જ જમાઅતોની સાથે થશે. જાણવા મળ્યું કે કયામતમાં સારાઓના સાથ અલ્લાહ તઆલાની મહાન નેઅમત છે. (શેઅર)

*ગર મુહમ્મદ કા સાથ હો જાએ – ફિર સમજો નજાત હો જાએ (ﷺ)*

અમુકે ફર્માવ્યું કે આ ત્રણેવ સિફતો સહાબાએ કિરામની છે કે તેમણે કુર્આન જમા પણ કર્યું અને તેઓ અલ્લાહને ત્યાં મકબૂલ તથા ગુનાહોથી મહફૂઝ પણ છે. *(મિર્કાત)*

**૩.** સુબ્હાનલ્લાહ ! આલિમ બિલ્ કુર્આનનો તો એ મર્તબો છે જે હમણા વર્ણન પામ્યો અને જે મંદ બુધ્ધિ, તોતડી જીવવાળો કુર્આને પાક શીખી તો ન શકે પણ કોશિશમાં લાગેલો રહે કે મરતા દમ સુધી કોશિશ કર્યે જાય તે ડબલ સવાબનો મુસ્તહિક છે. શૌકે મેહનત. યાદ રાખશો કે આ બમણો સવાબ કુર્આનના આલિમના મુકાબલામાં નથી. આલિમે કુર્આન તો ફરિશ્તાઓ, નબીઓ તથા સહાબીઓની સાથે છે, બલ્કે તેની સરખામણીમાં છે જે બેતકલ્લુફ (નિઃસંકોચ) કુર્આન પઢીને બસ કરી દે.

★ હદીષ : (૫)-૨૧૧૩ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَا حَسَدَ إِلَّا على اثْنَيْنِ: رَجُلٌ آتَاهُ اللّٰهُ الْقُرْآنَ فَهُوَ يَقُومُ بِهِ آنَاءَ اللَّيْلِ وَآنَاءَ النَّهَارِ وَرَجُلٌ آتَاهُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કેવળ બે શખ્સો પર ગબ્તા છે[1] એક તે જેને અલ્લાહ તઆલાએ કુર્આનનો ઈલ્મ આપ્યો, તે દિવસ રાત તેને પઢતો હોય[2] બીજો તે શખ્સ જેને અલ્લાહે માલ આપ્યો તે રાત દિવસ*

اللّٰهُ مَالًا فَهُوَ يُنْفِقُ مِنْهُ آنَاءَ اللَّيْلِ وَآنَاءَ النَّهَار "

*તેનાથી ખૈરાત કરે.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** અહીં હસદ એ ગબ્તા, રશ્ક (મને પણ એના જેવી નેઅમત મળે) છે. હસદ તો કોઈના માટે જાઈઝ નથી, ન દુનિયાદાર પર ન દીનદાર પર. શૈતાનને હઝરત આદમ علیہ السلام પર હસદ તેમની દીની અઝમત પર થયો હતો ન કે દુનિયવી માલો દૌલત પર, પણ માર્યો ગયો. હસદ (ઈર્ષા)નો અર્થ છે બીજાની નેઅમત પર જલવું અને તેની પડતી ચાહવું. રશ્કનો અર્થ છે, બીજાના જેવી નેઅમત પોતાના માટે પણ ચાહવું. દીની ચીજોમાં રશ્ક જાઈઝ છે.

**૨.** એટલે કે આલિમે દીન હોય, રાત દિવસ નમાઝો પઢતો હોય, કુર્આન પર અમલ કરતો હોય, દરેક વખતે તેના મસાઈલ વિચારતો હોય, તેમાં વિચાર વિમર્શ કરતો હોય, يقوم (યકૂમ)માં એ સર્વ કાંઈ સામેલ છે. **મુબારક છે તે જિંદગી જે કુર્આન હદીષમાં વિચાર વિમર્શમાં પસાર થઈ જાય, અને મુબારક છે તે મૌત જે કુર્આન તથા હદીષની ખિદમતમાં આવે.** અલ્લાહ નસીબ કરે. (અમીન)

*નિકલ જાએ દમ તેરે ક઼દમોંકે નીચે—યહી દિલકી હસ્રત યહી આરઝૂ હૈ*

**માણસ જે કામની મશગૂલિયતમાં જીવશે તેમાં જ મરશે. અને ઈન્શા અલ્લાહ ! એનામાં જ ઉઠશે.** અમુક સહાબાએ કિરામ ક઼બ્રમાં પણ સૂરએ મુલ્ક પઢતા સાંભળવામાં આવ્યા. જેવું કે મિશ્કાત શરીફમાં આવશે.

**૩.** કેમ કે ગુપ્ત ખૈરાત એલાનિયા ખૈરાત કરતાં અફઝલ છે, એટલા માટે અહીં રાતનું વર્ણન દિવસથી પહેલાં થયું. એટલે કે તે માલદાર છુપી રીતે પણ ખૈરાત કરે અને જાહેરી રીતે પણ. યાદ રાખશો કે સુન્નતની નિય્યતથી પોતાના તથા પોતાનાં બીવી બચ્ચાં પર ખર્ચ કરવો પણ એમાં સામેલ છે.

**★ હદીષ : (૬)–૨૧૧૪ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مثل الْمُؤمن الَّذِي يقْرَأ الْقُرْآن كَمثل الْأُتْرُجَّةِ رِيحُهَا طيبٌ وَطَعْمُهَا طَيِّبٌ وَمَثَلُ الْمُؤْمِنِ الَّذِي لَا يقْرَأ الْقُرْآن كَمثل التمرة لَا ريح لَهَا وطعمها حلوومثل الْمُنَافِقِ الَّذِي لَا يَقْرَأُ الْقُرْآنَ كَمَثَلِ الْحَنْظَلَةِ لَيْسَ لَهَا رِيحٌ وَطَعْمُهَا مُرٌّ وَمَثَلُ الْمُنَافِقِ الَّذِي يقْرَأ الْقُرْآن مثل الريحانة رِيحهَا طيب وَطَعْمُهَا مرٌّ» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ: «الْمُؤْمِنُ الَّذِي يَقْرَأُ الْقُرْآنَ وَيَعْمَلُ بِهِ كَالْأُتْرُجَّةِ وَالْمُؤْمِنُ الَّذِي لَا يَقْرَأُ الْقُرْآنَ وَيَعْمَلُ بِهِ كَالتَّمْرَةِ»

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મો'મિનનું દષ્ટાંત જે કુર્આન પઢયા કરે છે તુરંજ જેમ છે[૧] જેની ખુશ્બુ પણ સારી અને સ્વાદ પણ ઉત્તમ[૨] અને એ મો'મિનનું દષ્ટાંત જે કુર્આન નથી પઢતો ખારેકની જેમ છે જેમાં ખુશ્બુ કોઈ નથી પણ સ્વાદ મીઠો છે.[૩] અને એ મુનાફિક઼નું દષ્ટાંત જે કુર્આન નથી પઢતો અંદરાઈન (તુમ્મા)ની જેમ છે જેમાં ખુશ્બુ કોઈ નથી અને સ્વાદ કડવો છે[૪] અને એ મુનાફિક઼નું દષ્ટાંત જે કુર્આન પઢે છે, રયહાન ઘાસ જેવી છે જેની ખુશ્બુ સારી અને સ્વાદ કડવો.[૫] (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે એ મો'મિન જે કુર્આન પઢે અને એના પર અમલ કરે તો તુરંજની જેમ છે[૬] અને તે મો'મિન જે કુર્આન પઢે તો નહીં, એના પર અમલ કરે, ખારેકની જેમ છે.[૭]"*

**૧.** એટલે કે કુર્આનની તિલાવત કરતો રહે છે. મંઝિલ નથી છોડતો. જાણવા મળ્યું કે **હમેશાં તિલાવતે કુર્આન**

**કરવું ઘણી જ મહાન ઈબાદત છે, ચાહે અર્થો સમજે કે ન સમજે.** તુરંજ અરબનું મશ્હૂર ફળ છે જેનો રંગ ઘણો જ સારો હોય છે, ખુશ્બુ ખૂબ જ ઉમદા, સ્વાદ ઘણો જ બેહતરીન હોય છે, દિમાગ તથા પેટને ખૂબ જ શક્તિ પૂરી પાડે છે. એના ઘણા બધા ફાયદા તિબ્બની કિતાબોમાં આવેલા છે.

**૨.** એ જ આ મોમિનનો હાલ છે કે લોકો તેની તિલાવતથી ઈમાની લિજ્જત પણ હાંસલ કરે છે અને સવાબ પણ પામે છે. ખુદ તેને પણ લિજ્જત તથા સવાબ બંનેવ મળે છે. કુર્આન શરીફ ખૂબ જ મજેદાર (ટેસ્ટી) ચીજ છે.

**૩.** એ જ પ્રમાણે આ ગાફેલ મુસલમાન છે કે તેનું જાહેર ખાસ સારુ નથી પણ બાતિન ઈમાની નૂરથી મુનવ્વર છે. લોકો તેનાથી જાહેરી ફાયદો નથી ઉઠાવતા પણ તેની સોહબતથી કાંઈ ન કાંઈ બાતિની ફયઝ પામી લે છે. મો'મિનની સાહેબત પણ સારી છે.

**૪.** અન્દરાઈન એક મશહૂર કડવું ફળ છે જેમાં કોઈ પ્રકારની બૂ નથી અને સખત કડવું હોય છે. મુનાફિક્નું ન જાહેર સારુ હોય છે ન બાતિન.

**૫.** એટલે કે બેદીન જે રિયાના માટે અથવા મુસલમાનોને ધોકો આપવાના માટે કુર્આન પઢે, જો કે પોતે બદમઝા (ખરાબ સ્વાદવાળો) છે કેમ કે મુનાફિક છે પણ તેની તિલાવતથી સાંભળનારાઓને કાંઈ ન કાંઈ રાહત જરૂર મળી જાય છે. જેમ કે રયહાના ઘાસ (ન્યાઝબૂ) કે છે તો ખરાબ સ્વાદવાળુ પણ તેની ખુશ્બુથી દિમાગ જરૂર સુગંધિત થઈ જાય છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે કુર્આનની અસર જાહેર તથા બાતિન (અંતર)માં થાય છે કે એનાથી ઝબાન, કાન, દિલ, દિમાગ, ઈમાન સૌ તાજાં થાય છે. બીજુ એ કે કુર્આને પાકની તાષીરો વિવિધ છે, જેવી પઢનારાની ઝબાન તેવી જ કુર્આને પાકની તાષીર હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ એ ઈંડા પર ''કુલ હુવલ્લાહ'' પઢીને દમ કરી આપી તો સોનુ બની ગયું. અને ફર્માવ્યું કે કલામે રબ્બાનીની સાથે ફરીદની ઝબાન હોવી જોઈએ. જુઓ અહીં મો'મિન તથા મુનાફિક્ની તિલાવતોમાં ફર્ક દર્શાવવામાં આવ્યો. વળી જેવો મો'મિન તેવી જ તિલાવતની તાષીર છે. **ત્રીજુ** એ કે દરેક કુર્આનની તિલાવત કરનારાથી ધોકો ન ખાવ, એમાં ક્યારેક મુનાફિક્ પણ હોય છે. કુર્આને કરીમ રેડીયોની પેટી છે. તિલાવત કરનારાના દિલની સોચ જો શૈતાનની તરફ લાગેલી છે તો તેની સાથે તો કુર્આન હશે પણ તેના મોઢેથી શૈતાન બોલશે અને જો દિલની સોચ મદીના પાકની તરફ છે તો ઈન્શા અલ્લાહ ! ઝબાનથી મદીનાના ફયઝાન નીકળશે.

**૬.** મિર્કાતે ફર્માવ્યું કે જે ઘરમાં સંતરુ હોય ત્યાં જિન્નાત નથી આવતા. એક શાઈર કહે છે :

كانكم شجر الاترج طاب معا۔ حملاً ونوراً وطاب العود والورقُ

**અર્થાત** : જાણે તમે સંતરાનુ એવું વૃક્ષ છો જે ફળ, કળી, ડાળી અને પાંદડામાં પણ ઉત્તમ હોય છે.

**૭.** આ હદીષથી જાણવા મળ્યું કે કુર્આને કરીમની તિલાવત પણ મુસ્તકિલ ઈબાદત છે અને એના પર અમલ મુસ્તકિલ નેકી. મહબૂબનો પયગામ, વતનથી આવેલ પત્ર પઢવા સાંભળવામાં પણ મજા આવે છે. એનાથી તે લોકો સબક્ લે જેઓ કહે છે કે કુર્આનની કેવળ તિલાવત બેકાર છે, કુર્આન અમલના માટે છે ન કે પઢવાના માટે. કેમ કે દવા ખાવા, પીવા તથા વર્તવા માટે હોય છે, કેવળ નુસ્ખો વાંચી લેવાથી શિફા નથી મળી જતી. એ બેવકૂફોને ખબર નથી કે અમુક દવાઓને સૂંઘવુ જ ફાયદામંદ હોય છે, અમુકને કેવળ જોવું ફાયદામંદ, લીલોતરી જોવાથી આંખની રોશની વધે છે અને અમુક દવાઓના સાંભળવાથી ફાયદો થાય છે. ઈશ્કના બીમારના માટે મહબૂબનો ઝિક્ર સાંભળવું ખૂબ જ ઉમદા દવા છે. લીંબુ તથા ખાટી ચીજોનો ઉલ્લેખ સાંભળો તો મોમાં પાણી ભરાઈ આવે છે.

★ હદીષ : (૭)-૨૧૧૫ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّاب قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن الله يَرْفَعُ بِهَذَا الْكِتَاب أَقْوَامًا وَيَضَعُ بِهِ آخَرِينَ» . رَوَاهُ مُسلم

*''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ આ કુર્આનના થકી કેટલીક કૌમોને સરબુલંદ કરશે અને અમુકને નીચે પાડી દેશે.[૧]'' (મુસ્લિમ)*

**૧.** એટલે કે જે મુસલમાન કુર્આને કરીમને સહીહ રીતે સમજે, સહીહ રીતે અમલ કરે તો તે દુનિયા તથા આખેરતમાં બુલંદ દરજા પામશે, અને જે એનાથી ગાફિલ રહે અથવા ગલત રીતે સમજે, ગલત રીતે અમલ કરે તે દુનિયા તથા આખેરતમાં ઝલીલ (બેઈજ્જત) થશે. કુર્આને કરીમથી જિંદગી તથા મૌત તૈયબ (પાક) થાય છે, એ મહબૂબોના માટે માઅ (પાણી) અને રોકી દેવામાં આવેલના માટે દમ (લોહી) છે. **આજે પણ કુર્આને પાકનુ સહીહ પાલન કરનારા મહાન ઈજ્જત તથા અઝમતના માલિક છે. આજે પણ કુર્આને પાકના સહીહ અનુસરણ કરનારા અઝમત તથા ઈજ્જતના માલિક છે.** રબ તઆલા ફર્માવે છે : شِفَآءٌ وَّ رَحۡمَةٌ لِّلۡمُؤۡمِنِيۡنَ ۙ وَلَا يَزِيۡدُ الظّٰلِمِيۡنَ اِلَّا خَسَارًا (જે ઈમાનવાળાઓ માટે શિફા અને રહમત છે, અને એનાથી જાલિમોને નુકસાન જ વધે છે. –સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૮૨) હઝરત ઉમરે ઈબ્ને અબઝી ગુલામને મક્કા મોઅઝ્ઝમાના હાકિમ બનાવ્યા. લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે એ ભલે ગુલામ છે પણ કુર્આનનો માહિર છે.

★ હદીષ : (૮)-૨૧૧૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ أَنَّ أُسَيْدَ بنَ حُضَيْرٍ قَالَ: بَيْنَمَا هُوَ يَقْرَأُ مِنَ اللَّيْلِ سُورَةَ الْبَقَرَةِ وَفَرَسُهُ مَرْبُوطَةٌ عِنْدَهُ إِذْ جَالَتِ الْفرس فَسكت فَسَكَتَتْ فَقَرَأَ فجالت الْفرس فَسكت فَسَكَتَتْ الْفرس ثُمَّ قَرَأَ فَجَالَتِ الْفَرَسُ فَانْصَرَفَ وَكَانَ ابْنُهُ يحيى قَرِيبا مِنْهَا فأشفق أَن تصيبه فَلَمَّا أَخَّرَهُ رَفَعَ رَأْسَهُ إِلَى السَّمَاءِ فَإِذَا مِثْلُ الظُّلَّةِ فِيهَا أَمْثَالُ الْمَصَابِيحِ فَلَمَّا أَصْبَحَ حَدَّثَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «اقْرَأْ يَا ابْنَ حُضَيْرٍ اقْرَأْ يَا ابْنَ حُضَيْرٍ» . قَالَ فَأَشْفَقْتُ يَا رَسُولَ اللَّهِ أَنْ تَطَأَ يحيى وَكَانَ مِنْهَا قَرِيبا فَرفعت رَأْسِي فَانْصَرَفْتُ إِلَيْهِ وَرَفَعْتُ رَأْسِي إِلَى السَّمَاءِ فَإِذَا مِثْلُ الظُّلَّةِ فِيهَا أَمْثَالُ الْمَصَابِيحِ فَخَرَجَتْ حَتَّى لَا أَرَاهَا قَالَ: «وَتَدْرِي مَا

*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે ઉસૈદ ઈબ્ને હુદૈર[૧] ફર્માવે છે કે જ્યારે તે રાતમાં સૂરએ બકરહ પઢી રહ્યા હતા ત્યારે તેમનો ઘોડો તેમની પાસે બંધાયેલો હતો એવામાં ઘોડો કૂદવા લાગ્યો[૨] તે ખામોશ થઈ ગયા તો ઘોડો પણ થોભી ગયો. તેમણે ફરી પઢયું તો ઘોડો ફરી કૂદયો, તે ફરી ચુપ થઈ ગયા તો ઘોડો ફરી થોભી ગયો. તેમણે ફરી પઢયું તો ઘોડો ફરી કૂદયો, તો આપે કિ઼રાઅત બંધ કરી દીધી[૩] તેમનો પુત્ર યહ્યા ઘોડાની નજીક હતો જેથી આપ ડરી ગયા કે ઘોડો એના સુધી ન પહોંચી જાય. જ્યારે તેમણે યહ્યાને હટાવ્યો તો પોતાનુ માથુ આસ્માનની તરફ ઉઠાવ્યું. જોયું કે શામિયાનાની જેમ છે જેમાં ચિરાગ જેવું છે.[૪] જ્યારે સવાર થઈ તો નબી કરીમ ﷺ ની ખિદમતમાં બનાવ અર્ઝ કર્યો.[૫] ફર્માવ્યું, હે ઈબ્ને હુદૈર ! પઢયા કરો ! હે ઈબ્ને હુદૈર પઢયા કરો ![૬] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું ડર્યો કે યહ્યાને ઘોડો કચડી કાઢે કે યહ્યા એની નજીક જ હતા, જેથી હું તેમની પાસે ચાલ્યો ગયો[૭] અને મેં આસ્માનની તરફ માથુ ઉઠાવ્યું તો શામિયાના*

ذَاكَ؟» قَالَ: لَا قَالَ: «تِلْكَ الْمَلَائِكَةُ دَنَتْ لِصَوْتِكَ وَلَوْ قَرَأْتَ لَأَصْبَحَتْ يَنْظُرُ النَّاسُ إِلَيْهَا لَا تَتَوَارَى مِنْهُمْ» . مُتَّفَقٌ عَلَيْهِ. وَاللَّفْظُ لِلْبُخَارِيِّ وَفِي مُسْلِمٍ: «عرجت فِي الجو» بدل: «خرجت على صِيغَة الْمُتَكَلّم»

*(ઓરો) જેવું હતું જેમાં ચિરાગ જેવી ચીજો હતી[૮] હું બહાર આવી ગયો જો કે તે નજર ન આવ્યાં. ફર્માવ્યું, શું જાણો છો એ શું હતું ? અર્ઝ કરી નહીં ! ફર્માવ્યું, એ ફરિશ્તા હતા જે તમારા અવાજ પર ઝુકી પડયા હતા.[૯] જો તમે પઢતા રહેતા તો ફરિશ્તા એ રીતે સવાર કરી આપત કે, લોકો તેમને જોતા. ફરિશ્તા તેમનાથી નથી છુપાતા.[૧૦] (મુસ્લિમ, બુખારી) શબ્દ બુખારીના છે. મુસ્લિમમાં મુતકલ્લિમ فخرجت આ પ્રમાણે છે કે શામિયાનુ ઉપર ચઢી ગયું.[૧૧]"*

**૧.** આપ અન્સારના નકૂબા (સરદારો)માંથી છે. જલીલુલકદર સહાબી છે. હિ.સ. ૨૦ અથવા ૨૧માં વફાત પામ્યા. હઝરત ઉમરે આપનો જનાઝો ઉઠાવ્યો અને નમાઝ પઢાવી.

**૨.** લગભગ એ તહજ્જુદનો સમય હતો. આપ નમાઝે તહજ્જુદથી ફારિગ થઈને કુર્આનની તિલાવત કરી રહ્યા હતા. આખર રાતમાં નમાઝ ઉપરાંત તિલાવતમાં પણ સવાબ છે, સહાબાનો અમલ છે.

**૩.** બાળકની જાનના ડરથી. અને આ બનાવમાં વિચાર વિમર્શ કરવાના માટે. કેમ કે તિલાવતમાં દિલી સુકૂન ન રહ્યું હતું. દિલ અન્ય બાજુ ધ્યાનિત થઈ ગયું હતું. દિલી સુકૂન હાંસલ કરવા માટે એ તિલાવત બંધ કરી આપી. જો નમાઝીને અયન નમાઝની હાલતમાં સાપ વીછી નજર આવે તો તેને મારી શકે છે કે જેથી દિલી સુકૂન મયસ્સર થાય. જેથી આ બનાવ પર એ વાંધો નથી થઈ શકતો કે આપે દુનિયવી કારણે દીની કામ કેમ બંધ કરી આપ્યું ?! આ બંધ કરવું નથી બલ્કે એને કામિલ બનાવવાની તદબીર છે.

**૪.** ગાલિબ એ છે કે શામિયાનુ દરરોજ જ તેમની તિલાવત પર લાગી જતુ હતું પણ આજે તેમની નિગાહથી પર્દા ઉઠાવી લેવામાં આવ્યા. એટલા માટે આપની નિગાહોએ એને જોઈ પણ લીધુ. બલ્કે આપની સોહબતના ફયઝથી આપના ઘોડાએ પણ તેને જોઈ લીધું.

**૫.** એનાથી જાણવા મળ્યું કે મુરીદ પોતાના શયખની ખિદમતમાં દિલી હાલતો તથા ગુપ્ત અસરો દર્શાવી શકે છે. એમાં રિયા નથી. બલ્કે ક્યારેક એનાથી પોતાની ખામી દૂર થાય છે અને ક્યારેક દરજાઓમાં પ્રગતિ થાય છે. બીમાર પોતાનો દરેક હાલ ડોકટરને જણાવે છે તંદુરસ્તી પામવા માટે. સારાંશ કે એ બાબતો પબ્લિક પર જાહેર ન કરે, ખાસ લોકો સમક્ષ અને ખાસ કરીને પોતાના શયખ સમક્ષ કરે.

**૬.** એટલે કે ભવિષ્યમાં પણ કુર્આનની તિલાવત કર્યા કરો. આના જેવા બનાવો જોઈને ગભરાવુ નહીં. એ ડરવાની ચીજ નથી. આ જ શરહ અધિક જાહેર છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ અમ્ર ભૂતકાળના અર્થમાં છે, એટલે કે તમે અધિક વધારે તિલાવત કરી હોત, બંધ શા માટે કરી દીધી ? અને બીજી શરહના આધાર પર આગલો જવાબ તદ્દન જાહેર છે જે હઝરત ઉસૈદે અર્ઝ કર્યો.

**૭.** એટલે કે દિલ તો મારું પણ ચાહતુ હતું કે ખૂબ તિલાવત કરું, કોઈ સુસ્તી વગેરેના કારણે મેં તિલાવત બંધ નથી કરી, બલ્કે પ્રસંગ આ બન્યો જેના કારણે મારે તિલાવત બંધ કરવી પડી.

**૮.** આ અજાયબીને પ્રથમ ઘોડાઓએ જોઈ જેનાથી તે ભડકયો. પછી મેં એને જોઈ, તો એનું ભડકવું મારા જોવાનો સબબ બન્યું.

**૯.** હઝરત ઉસૈદનું એ ફરિશ્તાઓને જોઈ લેવું એ કારણે થયું કે આજે રબ તઆલાએ તેમની આંખથી ગયબી પર્દાઓ ઉઠાવી આપ્યા હતા. જેમ કે એકવાર હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ તેજ વરસાદ જોયો. હુઝૂરે અન્વર ﷺ એક અન્સારીને દફન કરવા કબ્રસ્તાન તશરીફ લઈ ગયા હતા. પરત થતાં આપે (હઝરત આઈશાએ) અર્ઝ કર્યું કે હુઝૂર ! આ વરસાદમાં આપ ક્યાં હતા ? પલળ્યા કેમ નથી ?! ફર્માવ્યું, તમારા માથા પર કયુ કપડુ છે ? અર્ઝ કરી, આપનુ તેહબંદ ! ફર્માવ્યું, એ તેહબંદની બરકતથી તમે આ ગયબી નૂરાની વર્ષા જોઈ લીધી. નહીં તો આ વર્ષા કોઈને દેખાતી નથી. મષ્નવી શરીફમાં આ બનાવનું વિગતે વર્ણન કર્યું છે, જેના આખરી શેઅરો આ પ્રમાણે છે :

گفت چه بر سر فگندی از اِزار ۔ گفت کردم آن رِدائے تو از خِمار

گفت بهر آن نمود اے پاك جَیب ۔ چشمِ پاکت را خدا بارانِ غَیب

نیست آن باران ازین ابرِ شما۔ هست ابرے دیگر و دیگر سما

**અર્થાત** : ફર્માવ્યું, માથા પર કયુ કપડુ ઓઢયું હતું ? તેમણે કહ્યું, આપની ચાદરને ઓઢણી બનાવી હતી. ફર્માવ્યું, હે પાક દિલ ! એટલા માટે જ અલ્લાહ તઆલાએ તમારી પાક આંખને એ ગેબી વર્ષા બતાવી. એ વર્ષા તમારા આ વાદળની નથી, તે બીજી વાદળી અને બીજું વાદળ છે.

અમુક બુઝુર્ગ મુરીદના માથા પર હાથ રાખી દે છે તો તેની આંખથી ગયબી પર્દા ઉઠી જાય છે અને આલમે ગયબનો મુશાહેદો (દીદાર) કરી લે છે. મૌલાના રૂમ ફર્માવે છે :

سرمه کن در چشم خاك اولیاء۔ تا به بینی از ابتدا تا انتها

**અર્થાત** : અવલિયાના પગોની માટીને પોતાની આંખોનો સુર્મો બનાવ જેથી તું પ્રારંભથી અંત સુધી (બધું) જોઈ શકે.

**૧૦.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે ફરિશ્તા સફો બાંધીને તેમની તિલાવત સાંભળી રહ્યા હતા. તેમની સામે શામિયાનાની જેમ બની ગયા હતા. તેમના ચહેરાઓ ચિરાગોની જેમ ચમકી રહ્યા હતા. નૂરાની શરીરોની ભીડ આડ બની શકે છે. હુઝૂરે અન્વર ﷺનું આ ફર્માન એવું જ છે જેમ કે ફર્માવ્યું, આજે મેં શૈતાનને પકડી લીધો હતો. ચાહ્યું કે તેને મસ્જિદના થાંભલા સાથે બાંધી દઉં. જો બાંધી આપત તો મદીનાનાં બાળકો તેની સાથે રમત કરત.

**૧૧.** કેમ કે તે આસ્માનના રહેવાવાળા ફરિશ્તા હતા. તિલાવત સાંભળવા અને ક઼ારીથી (તિલાવત કરનારથી) કુર્બ હાંસલ કરવા અહીં આવ્યા હતા. તિલાવત બંધ થઈ જવા પર પોતાના સ્થાને જતા રહ્યા. જમીનવાળા ફરિશ્તા ન હતા કે નીચે આવતા. જો કે ફરિશ્તા આસ્માન પર રહીને પણ જમીનવાળાઓની તિલાવત સાંભળી લે છે પણ કુર્બત (નઝદીકી) હાંસલ કરવા માટે આવી નેકીની મજલિસમાં આવે છે. નઅતખ્વાં એક શેઅર પઢયા કરે છે.

*ફરિશ્તે મહફિલે મીલાદમેં રહમતકે આતે હૈં—રસૂલુલ્લાહ ખુદ ઈસ બઝ્મમેં તશરીફ લાતે હૈં (ﷺ)*

શેઅરનો માખઝ આ હદીષ છે. ઝિક્રની મજલિસમાં આજે પણ હુઝૂર ﷺનું તશરીફ લાવવું ઘણી બધી રિવાયતોથી સાબિત છે. જુઓ અમારી કિતાબ જા અલ્ હક્ક઼ ભાગ—૧.

**★ હદીષ : (૯)-૨૧૧૭ ★**

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: كَانَ رَجُلٌ يَقْرَأُ سُورَةَ الْكَهْفِ وَإِلَى جَانِبِهِ حِصَانٌ مَرْبُوطٌ بِشَطَنَيْنِ فَتَغَشَّتْهُ سَحَابَةٌ فَجَعَلَتْ تَدْنُو وَتَدْنُو وَجَعَلَ فَرَسُهُ يَنْفِرُ فَلَمَّا أَصْبَحَ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ ذَلِكَ لَهُ فَقَالَ: «تِلْكَ السكينَة تنزلت بِالْقُرْآنِ»

*''હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે એક શખ્સ સૂરએ કહફ પઢી રહ્યો હતો. તેની નજીક લાંબી રસ્સીઓથી ઘોડો બંધાયેલો હતો. તો તેના પર એક વાદળ છવાય ગયું. તે નમવા લાગ્યુ અને ખૂબ જ નમવા લાગ્યું અને તેમનો ઘોડો ભડકવા લાગ્યો[૧] પછી જ્યારે સવાર થઈ તો તે સાહબ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા અને આ બનાવ વર્ણવ્યો. ફર્માવ્યું, એ સકીનાએ રહમત છે કુર્આનના કારણે ઉતરી.[૨]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** ઘોડાનું આ ભડકવું એક અજબની ચીજના જોવાના કારણે હતું, જેવું કે વર્ણવવામાં આવ્યું.

**૨.** ફરિશ્તાઓની એક જમાઅતનું નામ ''સકીના'' છે. એમના ઉતરવાથી મો'મિનના દિલને સુકૂન તથા ચૈન હાંસલ થાય છે એટલા માટે તેને સકીના કહે છે. મો'મિન પર અમુક ખાસ સંજોગોમાં પણ અને ખાસ ઈબાદતોના મોકા પર પણ આ ફરિશ્તા ઉતરે છે. રબ તઆલા હિજરતની ગુફાનો બનાવ વર્ણવતાં હઝરત સિદ્દીકે અકબરના વિશે ફર્માવે છે : فَأَنْزَلَ السَّكِينَةَ عَلَيْهِمْ (તો એમના પર ઈત્મિનાન ઉતાર્યું. –સૂ. ફતહ, ૪૮/૧૮) સિદ્દીકે અકબરને એ વખતે હુઝૂરે અન્વર ﷺનો ખૂબ જ ગમ તથા કાફિરોનો અંદેશો હતો, એટલા માટે તેમના પર સકીના ઉતરી. યાદ રાખશો કે બુઝુર્ગોના તબર્રુકાતથી પણ દિલી સુકૂન નસીબ થાય છે. તેમને પણ રબ તઆલાએ ''સકીના'' કહ્યું. જેમ કે તાબૂતે સકીના જેમાં હઝરત મૂસા તથા હારૂન علیہما السلام ના તબર્રુકો અમામા, નાલૈન વગેરે હતાં. તેના સંબંધે રબ તઆલા ફર્માવે છે. فِيهِ سَكِينَةٌ مِّن رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ آلُ مُوسَىٰ وَآلُ هَارُونَ تَحْمِلُهُ الْمَلَائِكَةُ (જેમાં તમારા રબની તરફથી દિલોનું ચૈન છે અને કેટલીક બચેલી ચીજો મોઅઝ્ઝઝ્ મૂસા તથા મોઅઝ્ઝઝ્ હારૂનના વારસાની ઉઠાવીને લાવશે તેને ફરિશ્તા.'' સૂ. બકરહ, ૨/૨૪૮) અમુક લોકો કબ્રો પર કુર્આનની તિલાવત કરાવે છે કે જેથી એ તિલાવતથી મૈયતને દિલી સુકૂન નસીબ થાય. તેનો માખઝ આ હદીષ છે. અને અમુક લોકો પોતાની કબરોમાં પોતાના બુઝુર્ગોના તબર્રુકો અમામા વગેરે અને પોતાનો શજરો, કુર્આની આયતો રાખી દેવાની વસિયત કરે છે જેથી કબ્રમાં સુકૂન મયસ્સર થાય. તેમનો માખઝ કુર્આને કરીમની વર્ણવેલ આયત છે. સહાબાએ કિરામે પોતાનાં કફનોમાં પોતાનું તેહબંદ શરીફ રાખ્યું. એની ચર્ચા અમારી કિતાબ ''જા અલ્ હક્ક'' ભાગ–૧માં જુઓ.

**★ હદીષ : (૧૦)-૨૧૧૮ ★**

وَعَنْ أَبِي سَعِيدِ بْنِ الْمُعَلَّى قَالَ: كُنْتُ أُصَلِّي فِي الْمَسْجِدِ فَدَعَانِي النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فَلم أجبه حَتَّى صليت ثُمَّ أَتَيْتُهُ. فَقُلْتُ يَا رَسُولَ اللَّهِ إِنِّي كنت أُصَلِّي فَقَالَ أَلَمْ يَقُلِ اللَّهُ (اسْتَجِيبُوا لِلَّهِ

*''હઝરત અબૂ સઈદ ઈબ્ને મુઅલ્લાથી રિવાયત છે. ફર્માવે છે કે હું મસ્જિદમાં નમાઝ પઢી રહ્યો હતો[૧] એવામાં મને નબી કરીમ ﷺએ બોલાવ્યો. મેં જવાબ ન આપ્યો, પછી હું હાજર થયો[૨] અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ હું નમાઝ પઢી રહ્યો હતો. ફર્માવ્યું, શું અલ્લાહ તઆલાએ એ નથી ફર્માવ્યું કે,* ***''અલ્લાહ રસૂલ જ્યારે તમને બોલાવે તો તરત***

وَلِلرَّسُولِ إِذَا دعَاكُمْ)ثُمَّ قَالَ لِي: «أَلَا أُعَلِّمُكَ أَعْظَمَ سُورَةٍ فِي الْقُرْآنِ قَبْلَ أَنْ تَخْرُجَ مِنَ الْمَسْجِدِ» . فَأَخَذَ بِيَدِي فَلَمَّا أَرَادَ أَن يخرج قلت لَهُ ألم تقل لأعلمنك سُورَة هِيَ أعظم سُورَةً مِنَ الْقُرْآنِ قَالَ: (الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ)هِيَ السَّبْعُ الْمَثَانِي وَالْقُرْآنُ الْعَظِيمُ الَّذِي أُوتِيتهُ".رَوَاهُ الْبُخَارِيّ

*જ જવાબ આપો.[3]" પછી ફર્માવ્યું કે, શું હું તમને તમારા મસ્જિદમાં જતા પહેલાં કુર્આને કરીમની અઝીમુશ્શાન સૂરત ન બતાવું ?[4] પછી હુઝૂરે મારો હાથ પકડયો. જ્યારે બહાર નીકળવા લાગ્યા તો મેં અર્ઝ કરી, શું રસૂલુલ્લાહ ﷺ આપે ફર્માવ્યું હતું કે હું તમને કુર્આને કરીમની અઝીમુશ્શાન સૂરત બતાવીશ.[5] ફર્માવ્યું, તે اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ છે, આ તો તે સાત મુકર્રર આયતો છે અને કુર્આને અઝીમ છે જે મને અતા થઈ.[6]" (બુખારી)*

**૧.** એ હઝરત મસ્જિદે નબવી શરીફમાં હાજર થયા જ્યારે કે હુઝૂરે અન્વર ﷺ મિમ્બર પર ઉભા રહી ખુત્બો ઈર્શાદ ફર્માવી રહ્યા હતા. અને આયત : قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ (અમે જોઈ રહ્યા છીએ તમારું વારંવાર આસ્માનની તરફ મોં કરવું. સૂ. બકરહ, ૨/૧૪૪) તિલાવત કરી રહ્યા હતા. તેમણે તહિય્યતુલ મસ્જિદ નફ્લની નિય્યત બાંધી અને એક ખૂણામાં નમાઝ પઢયા લાગ્યા.

**૨.** એટલે કે મેં હુઝૂર ﷺનું બોલાવવું સાંભળી લીધું પણ નમાઝમાં વ્યસ્ત હોવાના કારણે હાજર ન થયો. પછી સલામ બાદ હાજર થયો અને માફી ચાહવા આ પ્રમાણે કહ્યું.

**૩.** અહીં અલ્લાહ વ રસૂલના બોલાવવાથી મુરાદ હુઝૂરે અન્વર ﷺનું બોલાવવું છે. નહીં તો રબ તઆલા વિના વાસ્તાએ કોઈને નથી બોલાવતો. એટલા માટે دَعَا એક વચનનો સેગો ઈર્શાદ થયો. (મિર્કાત) આ ફર્માનથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે **જો અયન નમાઝમાં હુઝૂરે અન્વર ﷺ કોઈને બોલાવે તો એ જ સમયે એ જ હાલતમાં બારગાહમાં હાજર થઈ જવું વાજિબ છે.** બીજુ એ કે **એ હાજર થઈ જવાથી બલ્કે જે ખિદમત સરકાર ﷺ સોંપે તેને અંજામ આપવાથી નમાઝ તૂટશે નહીં, તે નમાઝમાં જ રહેશે, અને ખિદમતથી ફારિગ થઈને બાકીની રકાતો પૂરી કરશે. જેવી રીતે હુઝૂરને સંબોધન અને હુઝૂરને સલામ નમાઝ નથી તોડતુ એવી જ રીતે હુઝૂરની આ ઈતાઅત (આજ્ઞાપાલન) નથી તોડતી** (મિર્કાત) નમાઝી વુઝૂ તૂટવા પર પાણી પાસે જાય તો નમાઝ નથી જતી, હુઝૂર ﷺ તો રહમતે ઈલાહીનો સમુદ્ર છે તો આપની પાસે આવવાથી નમાઝ કેવી રીતે જશે ?

**૪.** પહેલાંથી એવું ફર્માવીને રાહ જોતા કરી આપ્યા જેથી સારી રીતે યાદ રાખે. જે ચીજ ઈન્તેઝાર પછી મળે તેની કદર થાય છે. સૂરત કુર્આનનો તે હિસ્સો છે જેમાં વિષય સંપૂર્ણ હોય અને એનું નામ પણ હોય. અહીં મિર્કાતે ફર્માવ્યું કે સર્વ આસ્માની કિતાબોના વિષયો કુર્આન શરીફમાં છે. અને કુર્આન શરીફના વિષયો સૂરએ ફાતિહામાં, અને સર્વ સૂરએ ફાતિહાના વિષયો બિસ્મિલ્લાહમાં અને પૂરી બિસ્મિલ્લાહના વિષયો તેના બા ب ના નુક્તામાં. જુઓ રેલ્વે ટાઈમ ટેબલ અથવા ભૂગોળમાં પૂરા દેશ અથવા પૂરા શહેરની તરફ એક નુક્તાથી નિર્દેશ કરી દેવામાં આવે છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ સૂરએ ફાતિહાને મોટી સૂરત દર્શાવી અને દરેક રકાતમાં એને દોહરાવવામાં આવે છે.

**૫.** હુઝૂરે અન્વર ﷺને પોતાનો વાયદો યાદ હતો પણ આપે શરૂમાં તાલીમ ન આપી કે જેથી તેમના

પોતાના શોખની ખબર પડે કે તેમણે એ વાત યાદ રાખી કે નહીં, અને એમને પૂરો શોખ છે કે નથી.

**૯.** ફર્માનનો ખુલાસો એ છે કે સૂરએ ફાતિહા ઘણી બધી ખૂબીઓની જામેઅ (સમૃધ્ધ) સૂરત છે. એમાં હમ્દે ઈલાહી, નઅતે પાકે મુસ્તફવી, વાયદા તથા ચેતવણીઓ, હશ્ર તથા નશ્રનું વર્ણન, મહબૂબ તથા મરદૂદ બંદાઓની ચર્ચા, રબ તઆલાથી સવાલની તાલીમ, દીને બર હક્ક઼ની પેહચાન વગેરે તમામ વિષયો છે. (જુઓ અમારી તફસીરે નઈમી કલાં) એમાં સાત આયતો છે જે નમાઝની દરેક રકાતમાં દોહરાવવામાં આવે છે તેમનું નુઝૂલ બે વાર થયું : હિજરતથી પહેલાં અને હિજરત પછી. આ સૂરત સાત હર્ફોથી ખાલી છે : ث، ج، خ، ز، ش، ظ، ف જેથી આ સબએ મષાની છે એટલે સાત નિશ્ચિત આયતો. તેમજ આ સૂરત આ ઉમ્મતની વિશિષ્ટતાઓમાંથી છે. કોઈને આપણાથી પહેલાં નથી મળી. એટલા માટે રબ તઆલાએ તેની અતાનો વિશેષ રીતે ઉલ્લેખ કર્યો. જેમ કે ઈર્શાદ થયો :- وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ (અને બેશક ! અમે તમને સાત આયતો આપી જે દોહરાવવામાં આવે છે અને અઝમતવાળુ કુર્આન. સૂ. હિજ્ર, ૧૫/૮૭) જો કે કુર્આને પાકમાં આ સૂરત પણ હતી પણ એનો ઉલ્લેખ મુસ્તક઼િલ તૌર પર કર્યો. (લમ્આત) એનાથી જાણવા મળ્યું કે કુર્આનની કેટલીક સૂરતો અમુકથી આ'લા તથા અફઝલ છે. એની તહક઼ીક઼ અગાઉ આવી ચૂકી છે.

**★ હદીષ : (૧૧)-૨૧૧૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَجْعَلُوا بُيُوتَكُمْ مَقَابِرَ إِنَّ الشَّيْطَانَ يَنْفِرُ من الْبَيْت الَّذِي يقْرَأ فِيهِ سُورَة الْبَقَرَة» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારા ઘરોને ક઼બ્રસ્તાન ન બનાવો[૧] શૈતાન તે ઘરમાંથી ભાગે છે જેમાં સૂરએ બક઼રહ પઢવામાં આવે.[૨]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે ઘરોમાં મુડદાં દફન ન કરો કે એ તો અંબિયાની વિશિષ્ટતા છે. અથવા તમારાં ઘરોને ઝિકુલ્લાહથી ખાલી ન રાખો જેવી રીતે ક઼બ્રસ્તાન ખાલી હોય છે એવી રીતે ઘર ક઼બ્રસ્તાન છે અને ત્યાં રહેવાસીઓ મુડદાં. બીજો અર્થ અધિક યોગ્ય છે. જેમ કે આગલા લખાણથી જાહેર છે. યાદ રાખશો કે મો'મિન મુડદાં પોતાની ક઼બ્રોમાં ઝિકુલ્લાહ કરે છે પણ એ ઝિક્ર આપણે નથી સાંભળતા. આપણને ક઼બ્રસ્તાન સુમસામ જણાય છે. એટલા માટે આ ઈર્શાદ થયો. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૨.** એટલે કે શૈતાનનો અગ્રેસર ઈબ્લીસ એ ઘરથી દૂર રહે છે અથવા સૂરએ બક઼રહ પઢતી વખતે ..... શૈતાન દૂર રહે છે ભલે પછીથી આવી જાય અથવા તે ઘરના રહેવાસીઓને તે જન્નતથી બહેકાવી નથી શકતો. તેમને બેદીન બેઈમાન નથી બનાવી શકતો. ઈન્શા અલ્લાહ ! જેથી હદીષ સ્પષ્ટ છે. યાદ રાખશો કે શૈતાનને દૂર કરવાની આ સૌ તદબીરો છે. નફસે અમ્મારા એનાથી નથી મરતો. એનું મૌત એના વિરોધથી છે એટલા માટે ભલે રમઝાનમાં શૈતાન કેદ થતા હોય પણ લોકો ગુનાહ કરે છે, કેમ કે નફસે અમ્મારા મૌજૂદ છે.

**★ હદીષ : (૧૨)-૨૧૨૦ ★**

عَنْ أَبِي أُمَامَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ

*"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે કુર્આન પઢ્યા કરો[૧] કે તે ક઼યામતના દિવસે પોતાને પઢનારાઓનો*

عَلَيْهِ وَسلم يَقُول: «اقْرَءُوا الْقُرْآنَ فَإِنَّهُ يَأْتِي يَوْمَ الْقِيَامَةِ شَفِيعًا لِأَصْحَابِهِ اقْرَءُوا الزَّهْرَاوَيْنِ الْبَقَرَةَ وَسُورَةَ آلِ عِمْرَانَ فَإِنَّهُمَا تَأْتِيَانِ يَوْمَ الْقِيَامَةِ كَأَنَّهُمَا غَمَامَتَانِ أَوْ كَأَنَّهُمَا غَيَايَتَانِ أَو فِرْقَانِ مِنْ طَيْرٍ صَوَافَّ تُحَاجَّانِ عَنْ أَصْحَابِهِمَا اقْرَءُوا سُورَةَ الْبَقَرَةِ فَإِنَّ أَخْذَهَا بَرَكَةٌ وَتَرْكَهَا حَسْرَةٌ وَلَا تستطيعها البطلة» . رَوَاهُ مُسلم

*સિફારશી આવશે[૨] બે ચમકદાર સૂરતો એટલે સૂરએ બકરહ તથા આલે ઈમરાન પઢયા કરો.[૩] એ બંનેવ કયામતના દિવસે એ પ્રમાણે આવશે જેવી રીતે વાદળના ટુકડા અથવા કપડાનો ઓરો અથવા હારબંધ પક્ષીઓની ટોળીઓ છે[૪] પોતાને પઢનારાઓની તરફથી ઝઘડશે.[૫] સૂરએ બકરહ પઢયા કરો એને લેવું બરકત છે અને એને છોડવું મેહરૂમી[૬] જેને જૂઠાડનારા જૂઠાડી નથી શકતા.[૭]'' (મુસ્લિમ)*

**૧.** એટલે કે હમેશાં તિલાવત કર્યા કરો અને એ મોકાને ગનીમત જાણો. કુર્આને કરીમની તિલાવત મુસ્તકિલ ઈબાદત છે, અર્થ સમજમાં આવે કે ન આવે. મિશ્ર દવાઓનું મિશ્રણ ફાયદાકારક હોય છે, તેના ભાગો માલૂમ હોય કે ન હોય.

**૨.** ગુનેહગારોની મગફિરતની સિફારિશ કરશે, નેકકારોના દરજાઓની બુલંદીની સિફારિશ કરશે. સહાબાથી મુરાદ કુર્આને કરીમની તિલાવત કરનારા, તેને શીખનાર શીખવાડનાર, તેના પર અમલ કરનારા, સૌ મુરાદ હોય છે, પણ અહીં તિલાવત કરનારા મુરાદ છે. જેમ કે આ લખાણથી જાહેર છે.

**૩.** મિર્કાતે ફર્માવ્યું કે આ બંનેવ સૂરતો અન્ય સૂરતોમાં એવી છે જેમ કે તારાઓમાં ચાંદ. એટલા માટે તેમને ઝહ્‌રાએ દીન એટલે ચમકદાર સૂરતો કહેવામાં આવી, નહીં તો આખુ કુર્આન નૂર છે. જેથી હદીષ સ્પષ્ટ છે.

**૪.** ત્રણ તશબીહો (સરખામણીઓ) ત્રણ પ્રકારના તિલાવત કરનારાઓના લેહાઝથી છે જેમ કે કારીનો ઈખ્લાસ કાલે કયામતમાં એવો જ એમનો સાયો. ખૂબ જ મુખ્લિસના માટે આ સૂરતો રહમતનાં વાદળ બનીને સાયો પણ કરશે અને રોશની પણ આપશે. મધ્યમ ઈખ્લાસવાળાના માટે શામિયાના જેમ, અને મામૂલી ઈખ્લાસવાળા માટે પક્ષીઓની જમાઅતની જેમ. એ શક રાવીનો નથી, જેમ કે અમુક શરહકર્તાઓએ સમજ્યું. તેમજ અહીં તિલાવતનો સવાબ મુરાદ નથી બલ્કે ખુદ એ સૂરતો એ શકલોમાં હશે. અહીંની અરજો તથા અમલો ત્યાં શરીર તથા જોહર હશે. આજે આપણે ખ્વાબમાં ભાવિની હાલતોને શારીરિક સ્વરૂપમાં જોઈએ છીએ. મિસરના બાદશાહે ભવિષ્યનાં દુકાળ નાં સાત વરસોને ગાયો અને કંતીઓના રૂપમાં જોયા હતાં.

**૫.** ક્યાં તો તેના દુશ્મનોથી ઝઘડો કરશે અથવા અઝાબના ફરિશ્તાઓથી ઝઘડીને તેને છોડાવશે, અથવા ખુદ રબ તઆલા સાથે ઝઘડી ઝઘડીને તેને બખ્શાવશે. પણ આ ઝઘડવું નાઝના રૂપે હશે ન કે મુકાબલામાં. જેમ કે આજે વહાલો પુત્ર પોતાના પિતા સાથે ઝઘડીને અન્યોની ભલામણ કરે છે. જેથી હદીષ સ્પષ્ટ છે, કોઈ વાંધો નથી.

**૬.** એટલે કે કયામતમાં એ સૂરતોને પઢનારાઓના સવાબને જોઈને ન પઢનારા અફસોસ કરતા રહી જશે. જન્નતી લોકો તમન્ના કરશે કે કાશ ! અમે દુનિયામાં એક પણ ઝિક્રુલ્લાહ વિના ન લીધો હોત.

**૭.** આ વાક્યના કેટલાક અર્થો છે : એક એ કે આ રિયાકાર મુનાફિકો એ સૂરતો યાદ કરી શકશે નહીં. અથવા તેની તિલાવત કરી શકશે નહીં અથવા તેમને એ બંનેવ સૂરતો ઘણી લાંબી તથા ભારે લાગશે. મુખ્લિસો પર આસાન

હશે. બીજુ એ કે જાદૂગર વગેરે એ સૂરતોની અસર પોતાના જાદૂના જોરથી દૂર શક્શે નહીં, અને તેની તિલાવત કરનારાઓને નુકસાન પહોંચાડી શક્તા નથી, ત્રીજુ એ કે તેમની સચ્ચાઈ એટલા પ્રમાણમાં જાહેર છે કે તેમને જૂઠા લોકો જૂઠલાવી શક્શે નહીં.

**★ હદીષ : (૧૩)-૨૧૨૧ ★**

وَعَن النواس بن سمْعَان قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «يُؤْتَى بِالْقُرْآنِ يَوْمَ الْقِيَامَةِ وَأَهْلِهِ الَّذِينَ كَانُوا يَعْمَلُونَ بِهِ تَقْدُمُهُ سُورَةُ الْبَقَرَةِ وَآلُ عِمْرَانَ كَأَنَّهُمَا غَمَامَتَانِ أَوْ ظُلَّتَانِ سَوْدَاوَانِ بَيْنَهُمَا شَرْقٌ أَوْ كَأَنَّهُمَا فِرْقَانِ مِنْ طَيْرٍ صَوَافَّ تحاجان عَن صَاحبهمَا» . رَوَاهُ مُسلم

*''હઝરત નવાસ ઈબ્ને સમ્આનથી રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે ક઼યામતના દિવસે કુર્આન અને કુર્આનવાળા જેઓ એના પર અમલ કરતા હતા તેમને એ રીતે બોલાવવામાં આવશે[1] કે સૂરએ બક઼્ તથા આલે ઈમરાન આગળ આગળ હશે જાણે કે સફેદ વાદળ છે અથવા કાળા શામિયાના[2] (માંડવા) જેમની વચ્ચે થોડુક અંતર હશે[3] જાણે તે સફ બંધી પક્ષીઓની બે ટોળીઓ પોતાના આમિલો (અમલ કરનારાઓ)ની તરફથી ઝઘડતી હશે[4]. (મુસ્લિમ)*

**૧.** ઈજ્જત તથા અઝમતની સાથે પ્રતિનિધિમંડળના સ્વરૂપમાં બારગાહે ઈલાહીમાં પેશ કરવા માટે લાવવામાં આવશે. રબ તઆલા ફર્માવે છે : يَوْمَ نَحْشُرُ الْمُتَّقِينَ إِلَى الرَّحْمَٰنِ وَفْدًا ۝ وَنَسُوقُ الْمُجْرِمِينَ إِلَىٰ جَهَنَّمَ وِرْدًا ۝ (જે દિવસે અમે પરહેઝગારોને રહયાનની તરફ લઈ જઈશું મહેમાન બનાવીને. અને મુજરિમોને જહન્નમની તરફ હાંકીશું તરસ્યા. *–સૂરએ મરયમ, ૧૯/૮૫,૮૬*)

**૨.** એટલે કે આ સૂરતો કેટલાક ખૂબ જ મુખ્લિસોના માટે સફેદ વાદળની જેમ અને તેનાથી કમ દરજાવાળાઓના માટે કાળા મંડપની જેમ ઉપર સાયો કરેલ હશે, જેનાથી એ લોકો મેહશરની ગરમીથી મહેફૂઝ રહેશે. આ વાદળ તથા મંડપો એ લોકોની સાથે ચાલતા હશે. સર્વ મેહશરવાળાઓ તેમને જોતાં જ ઓળખી જશે કે આ હઝરત કુર્આને પાકની તિલાવત કરનારા અને એના પર અમલ કરનારા છે. હવે જે કહે કે ક઼યામતમાં હુઝૂરે અન્વર ﷺને મો'મિન તથા કાફિરની પણ પેહચાન ન થશે તે જૂઠો છે.

**૩.** અરબીમાં શરક઼ બકરીના કાનની ફતન (કાન ફાતેલા હોવા)ને કહે છે. અહીં એનાથી એ સૂરતો વચ્ચેનું અંતર મુરાદ છે. આ અંતર બિસ્મિલ્લાહ શરીફનું થશે. અહીં પણ બિસ્મિલ્લાહ જ બે સૂરતોમાં અંતર તથા તફાવત કરે છે. અમુકે ફર્માવ્યું કે શરક઼ એ નૂર તથા ચમકના અર્થમાં છે. એટલે કે એ બે સૂરતો વચ્ચે રોશની હશે. મક઼સદ એ છે કે સૂરતો ખુદ ગાઢ વાદળની જેમ હશે પણ તેમનાથી અંધારું નહીં થાય બલ્કે મેહશરની જગમગાહટ એની નીચે જ મહેસૂસ થશે. આ ચમક સૂરજ વગેરેની ન હશે પણ નૂરે ઈલાહીની હશે. રબ તઆલા ફર્માવે છે : (وَأَشْرَقَتِ الْأَرْضُ بِنُورِ رَبِّهَا ''અને જમીન જગમગી ઉઠશે પોતાના રબના નૂરથી. *–સૂરએ ઝુમર, ૩૯/૬૮*)

**૪.** એટલે કે અલ્લાહ તઆલાથી ઝઘડી ઝઘડીને પોતાના ક઼ારી (પઢનારાઓ), અમલ કરનારાઓ અને આલિમોને બખ્શાવશે. અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યું છે કે આ ઝઘડો મુક઼ાબલાનો ન હશે બલ્કે નાઝો અંદાઝનો હશે. રબ તઆલા આપણને પણ આ સૂરતોની શફાઅત નસીબ કરે. આમીન.

**★ હદીષ : (૧૪)-૨૧૨૨ ★**

وَعَنْ أُبَيِّ بْنِ كَعْبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا الْمُنْذِرِ أَتَدْرِي أَيُّ آيَةٍ مِنْ كِتَابِ اللَّهِ مَعَكَ أعظم؟» . قَالَ: قُلْتُ اللَّهُ وَرَسُولُهُ أَعْلَمُ قَالَ: «يَا أَبَا الْمُنْذِرِ أَتَدْرِي أَيُّ آيَةٍ مِنْ كِتَابِ اللَّهِ مَعَكَ أعظم؟» . قَالَ: قُلْتُ (اللَّهُ لَا إِلَهَ إِلَّا هُوَ الْحَيُّ القيوم) قَالَ فَضرب فِي صَدْرِي وَقَالَ: «وَاللهِ لِيَهنك الْعلم أَبَا الْمُنْذر» . رَوَاهُ مُسلم

*"હઝરત ઉબય ઈબ્ને કઅબ રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબુલ મુન્ઝિર ! શું જાણો છો કે તમારી પાસે કિતાબુલ્લાહની કઈ શાનદાર આયત છે ?[૧] મેં અર્ઝ કરી : અલ્લાહ રસૂલ જ જાણે. ફર્માવ્યું, હે અબુલ મુન્ઝિર ! શું જાણો છો તમારી પાસે કિતાબુલ્લાહની કઈ શાનદાર આયત છે ? મેં અર્ઝ કરી : اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَۚ اَلْحَیُّ الْقَیُّوْمُ (અલ્લાહ છે જેના સિવાય કોઈની પૂજા નથી, પોતે જીવંત બીજાઓને બાકી રાખનાર. સૂરએ આલે ઈમરાન, ૩/૨)[૩] તો હુઝૂરે મારા સીના પર હાથ માર્યો અને ફર્માવ્યું, તમને ઈલ્મ મુબારક થાય[૪] હે અબૂ મુન્ઝિર !" (મુસ્લિમ)*

**૧.** હઝરત ઉબય ઈબ્ને કઅબ અને આપના ત્રણ કાકાના પુત્રો એ જમાનામાં પૂરા કુર્આનના હાફિઝ હતા. સવાલ એ છે કે હે ઉબય ઈબ્ને કઅબ ! બતાવો કે જે કુર્આન તમે આખુ યાદ કર્યું છે એમાં ઘણી જ શાનદાર આયત કઈ છે ? (મિર્કાત) એ જમાનામાં કુર્આને કરીમની તિલાવત અને તેનું હિફ્ઝ નુઝૂલના પ્રમાણે થતુ હતું.

**૨.** આ'ઝમથી મુરાદ આખેરતનો સવાબ તથા દુનિયવી ફાયદાઓમાં અધિક્તા છે. આ અધિક્તા ઈઝાફી છે. જેથી આ હદીષ પર વાંધો નથી કે કોઈ હદીષમાં કોઈ આયતને આ'ઝમ ફર્માવી અને બીજી હદીષમાં બીજી આયતને.

**૩.** પહેલીવાર ન બતાવવું અને બીજીવાર બતાવવાના બારામાં શરહકર્તાઓએ ઘણા કારણો દર્શાવ્યાં છે. ફકીર (લેખક)ની નજરમાં મજબૂત કારણ એ છે કે એ બે સવાલો દરમિયાનના સમયગાળામાં નબી કરીમ ﷺએ તેમના દિલમાં જવાબ ફૈઝાનરૂપે ઈલ્કા કરી આપ્યો. પછી પૂછયું તો આપે તે જ ઈલ્કા કરેલો જવાબ અર્ઝ કરી આપ્યો. સૂફી હઝરાત ક્યારેક નજરથી ક્યારેક સીના પર હાથ રાખીને, કદી મુરીદને સામે બેસાડીને, કદી કોઈ વાત પૂછીને ફયઝ આપતા હતા. આ તરીકાઓની અસલ (દલીલ) આ હદીષ છે. (અઝ : લમ્આત તથા અશિઅહ) હુઝૂરે અન્વર ﷺએ ઉબય ઈબ્ને કઅબને નજર ભરીને જોયા જેનાથી તેમના સીનામાં ઈલ્મોના દરિયા વહી ગયા.

**૪.** આ ફર્માન અમારા રજૂ કરેલા મતલબનું સમર્થન છે, એટલે કે હે ઉબય ! તમને એ ઈલ્મે લદુન્ની મુબારક થજો કે કિતાબો પઢયા વિના દાતાની દૈન અને રહબરે કામિલની એક નિગાહે કરમથી તેમને સર્વ કાંઈ મળી ગયું.

**★ હદીષ : (૧૫)-૨૧૨૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: وَكَّلَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِحِفْظِ زَكَاةِ رَمَضَانَ فَأَتَانِي آتٍ فَجَعَلَ يَحْثُو من الطَّعَام فَأَخَذته وَقلت

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺએ રમઝાનના ફિત્રાની હિફાઝત માટે નિયુક્ત કર્યો[૧]. તો એક શખ્સ આવ્યો. અનાજમાંથી ખોબા ભરવા લાગ્યો[૨] મેં એને પકડી લીધો અને કહ્યું, હું તને રસૂલુલ્લાહ ﷺની*

પાસે લઈ જઈશ[3]. તે બોલ્યો, હું મોહતાજ છું, મારાં બીવી બચ્ચાં છે અને મને સખત હાજત છે[4] ફર્માવે છે, મેં એને છોડી મૂક્યો[5] જ્યારે સવાર થઈ તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! આજે રાતે તમારા કેદીનું શું થયું ?[6] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેણે સખત હાજત અને બાળ બચ્ચાંનું બહાનું પેશ કર્યું એના પર મેં રહમ કરીને એને છોડી મૂક્યો[7]. ફર્માવ્યું, તે તમારાથી જૂઠ બોલ્યો અને એ ફરી પરત આવશે[8] મને રસૂલુલ્લાહ ﷺ ના ફર્માનના કારણે યકીન થઈ ગયું કે તે પરત આવશે, હું એની તાકમાં રહ્યો[9] તો ફરી આવ્યો અને અનાજના ખોબા ભરવા લાગ્યો. મેં તેને પકડી લીધો અને કહ્યું, આ વખતે તો તને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં જરૂર લઈ જઈશ ! બોલ્યો, મને છોડી દો ! હું મોહતાજ છું અને મારા પર બાળબચ્ચાંનો ઘણો જ બોજ છે, હું હવે આવીશ નહીં. મને રહમ આવી ગઈ જેથી તેને છોડી મૂક્યો[10]. જ્યારે સવાર થઈ તો મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ તમારા કેદીનું શું થયું ? મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેણે સખત મોહતાજી તથા બાળ બચ્ચાનું બહાનુ રજૂ કર્યું તો મને એના પર દયા આવી ગઈ અને તેને છોડી મૂક્યો[11]. ફર્માવ્યું, તે તમારાથી જૂઠ બોલ્યો અને તે ફરી આવશે. મને યકીન થઈ ગયું કે તે જરૂર આવશે. હું તાકમાં રહ્યો. તે આવ્યો અને અનાજમાંથી ખોબા ભરવા લાગ્યો. મેં તેને પકડી લીધો તો કહ્યું કે હવે તને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં જરૂર લઈ જઈશ, આ અંતિમ ત્રીજીવાર છે કે તું કહી જાય છે કે આવીશ નહીં છતાં આવી જાય છે[12]. બોલ્યો, મને છોડી દો ! હું તમને અમુક એવા કલમા શીખવી દઉં છું કે અલ્લાહ તેની બરકતથી તમને નફો આપશે[13]. જ્યારે તમો બિસ્તરમાં જાવ[14] તો આયતુલ કુર્સી اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ આખરી આયત સુધી પઢી લો તો અલ્લાહની તરફથી હિફાઝતમાં રહેશો[15] અને

وَاللهِ لَأَرْفَعَنَّكَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِنِّي مُحْتَاجٌ وَعَلَيَّ عِيَالٌ وَلِي حَاجَةٌ شَدِيدَةٌ قَالَ فَخَلَّيْتُ عَنْهُ فَأَصْبَحْتُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا هُرَيْرَةَ مَا فعل أسيرك البارحة» . قَالَ قُلْتُ يَا رَسُولَ اللَّهِ شَكَا حَاجَةً شَدِيدَةً وَعِيَالًا فَرَحِمْتُهُ فَخَلَّيْتُ سَبِيلَهُ قَالَ: «أَمَا إِنَّهُ قَدْ كَذَبَكَ وَسَيَعُودُ» . فَعَرَفْتُ أَنَّهُ سَيَعُودُ لِقَوْلِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنَّهُ سيعود» . فَرَصَدْتُهُ فَجَاءَ يَحْثُو مِنَ الطَّعَامِ فَأَخَذْتُهُ فَقُلْتُ: لَأَرْفَعَنَّكَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ دَعْنِي فَإِنِّي مُحْتَاجٌ وَعَلَيَّ عِيَالٌ لَا أَعُودُ فَرَحِمْتُهُ فَخَلَّيْتُ سَبِيلَهُ فَأَصْبَحْتُ فَقَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا هُرَيْرَةَ مَا فَعَلَ أَسِيرُكَ؟» قُلْتُ يَا رَسُولَ اللَّهِ شَكَا حَاجَةً شَدِيدَةً وَعِيَالًا فَرَحِمْتُهُ فَخَلَّيْتُ سَبِيلَهُ قَالَ: «أَمَا إِنَّهُ قَدْ كَذبك وَسَيَعُودُ» . فرصدته الثَّالِثَة فَجَاءَ يَحْثُو مِنَ الطَّعَامِ فَأَخَذْتُهُ فَقُلْتُ لَأَرْفَعَنَّكَ إِلَى رَسُول الله وَهَذَا آخِرُ ثَلَاثِ مَرَّاتٍ إِنَّكَ تَزْعُمُ لَا تَعُودُ ثُمَّ تَعُودُ قَالَ دَعْنِي أُعَلِّمُكَ كَلِمَاتٍ ينفعك الله بهَا قلت مَا هُوَ قَالَ إِذَا أَوَيْتَ إِلَى فِرَاشِكَ فَاقْرَأْ آيَةَ الْكُرْسِيِّ (اللَّهُ لَا إِلَهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ)حَتَّى تَخْتِمَ الْآيَةَ فَإِنَّكَ لَنْ يَزَالَ عَلَيْكَ من الله حَافظ وَلَا يقربنك شَيْطَانٌ حَتَّى تُصْبِحَ فَخَلَّيْتُ سَبِيلَهُ فَأَصْبَحْتُ فَقَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا فَعَلَ أَسِيرُكَ؟» قُلْتُ: زَعَمَ أَنَّهُ يُعَلِّمُنِي كَلِمَات يَنْفَعنِي الله بهَا فخليت

سبيلهقال النَّبِي صلى الله عَلَيْهِ وَسلم:«أما إِنَّه قد صدقك وَهُوَ كذوب تعلم من تخاطب مُنْذُ ثَلَاث لَيَال».يَا أَبَا هُرَيْرَة قَالَ لَا قَالَ: «ذَاكَ شَيْطَان» . رَوَاهُ الْبُخَارِيّ

*સવાર સુધી શૈતાન તમારી પાસે ન ફરકશે[૧૬] મેં તેને છોડી મૂક્યો[૧૭] જ્યારે સવાર થઈ તો મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા કેદીનું શું થયું ? મેં અર્ઝ કરી, તેણે કહ્યું કે મને એવા કલમા શીખવાડશે જેનાથી અલ્લાહ મને નફો આપશે. હુઝૂરે ફર્માવ્યું, તે છે તો જૂઠો પણ તમારી સાથે સાચુ બોલી ગયો[૧૮]. શું જાણો છો કે તમે ત્રણ દિવસથી કોની સાથે વાતચીત કરી રહ્યા છો ?! મેં અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, એ શૈતાન છે ![૧૯]" (બુખારી)*

**૧.** એટલે કે સહાબાએ કિરામ જે પોતાના ફિત્રા હુઝૂર ﷺની બારગાહમાં હાજર કરી જતા હતા જેથી હુઝૂરે અન્વર ﷺ ખુદ ફકીરોમાં વહેંચી આપે, જેથી આપના હાથની બરકતથી રબ તઆલા કૃબૂલ ફર્માવી લે. એ એકત્ર થયેલા ફિત્રાઓની હિફાઝત એ વખતે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને સોંપી.

**૨.** ફિત્રાના ઘઉં ચોરવા અને લઈ જવા લાગ્યો. મેં તેને એ હરકત કરતાં જોઈ લીધો. યાદ રાખશો કે ઈબ્લીસ તથા તેની ઔલાદ દાણા, ખોરાક, ફળ, મીઠાઈઓ સર્વ કાંઈ ખાય છે, સાથો સાથ કોલસા વગેરે પણ ખાય છે. હદીષ શરીફમાં છે કે જે શખ્સ બિસ્મિલ્લાહ પઢયા વિના ખાય તો શૈતાન ખાવામાં શરીક થઈ જાય છે. જેથી હદીષ પર વાંધો નથી કે ઈબ્લીસને ખાવાની શું જરૂરત. એનાથી જાણવા મળ્યું કે શૈતાન ચોરી કરે છે, એટલા માટે માલ વગેરે પર આયતુલ કુર્સી વગેરે માલ પર દમ કરી દેવામાં આવે જેથી જિન તથા માણસ થકી ચોરીથી મહેફૂઝ રહે.

**૩.** એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે અવલિયા અલ્લાહ ખાસ કરીને સહાબાએ કિરામ શૈતાનને જોઈ શકે છે. હુઝૂરે અન્વર ﷺના ફયઝની બરકતથી તેમની આંખોથી ગયબી પર્દા ઉઠી જાય છે. એ હઝરાતે તો ઘણીવાર ફરિશ્તાઓને જોયા જેમની શું હકીકત છે. **બીજુ** એ કે શૈતાન તેમની પકડથી છૂટી નથી શક્તો. એ લોકો નૂરાની છે. નૂરની શક્તિ નાર કરતાં અધિક હોય છે. જેમનો હાથ હુઝૂરે અન્વર ﷺના હાથમાં હોય તેની પકડથી કોણ છૂટે ?! **ત્રીજુ** એ કે હુઝૂરે અન્વર ﷺની બારગાહથી શૈતાન ગભરાય છે. ત્યાં હાજરીની હિંમત નથી કરતો. યાદ રાખશો કે કુર્આને કરીમ શૈતાનના વિશે ફર્માવે છે : اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ "તે તથા તેની ઔલાદ તમને જુએ છે પણ તમે તેમને નથી જોતા." (સૂરએ અઅ્રાફ, ૭/૨૭) આયતનો હેતુ એ છે કે તમે એ જિન્નાતને તેની અસલ શકલમાં નથી જોઈ શક્તા. પણ જ્યારે તે માનવ સ્વરૂપમાં હોય તો તેને જોઈ શકો છો. જેથી આ હદીષ કુર્આનની વિરુદ્ધ નથી. મિર્કાત અથવા આયતમાં આમ લોકોનો ઉલ્લેખ છે અને અહીં અલ્લાહના ખાસ બંદાઓનું વર્ણન છે.

**૪.** કર્ઝની અદાયગી વગેરે. જાણવા મળ્યું કે શૈતાન જૂઠુ બોલે છે. એ ન મોહતાજ છે ન તેનાં બાળબચ્ચાંને ફાકા છે. છુપા ખજાના, ખાણો તેની નજરમાં છે. સિફલી અમલ કરનારાઓને તે દરરોજ માલ પહોંચાડે છે જેને નાજાઈઝ દસ્તે ગયબ કહેવામાં આવે છે. જાઈઝ દસ્તે ગયબ રબ તઆલાની રહ્મત છે. નાજાઈઝ દસ્તે ગયબ હરામ છે.

**૫.** અથવા એટલા માટે છોડી આપ્યો કે હજી તેણે ચોરી કરી ન હતી કેવળ ઈરાદો જ કર્યો હતો. અથવા ચોરી

તો કરી લીધી હતી પણ ચોરી હાકિમની પાસે પહોંચતા પહેલાં હક્કુલ અબ્દ (બંદાનો હક્ક઼) રહે છે અને ત્યાં પહોંચી હક્કુલ્લાહ (અલ્લાહનો હક્ક઼) બની જાય છે. પ્રથમ સ્થિતિમાં બંદો તેનાથી માલ છીનવીને તેને છોડી શકે છે. બીજી સ્થિતિમાં બંદો માફ નથી કરી શક્તો, હાથ જ કપાશે. અથવા એટલા માટે કે જો ઝકાત ખૈરાતમાંથી ફકીર ચોરી કરે તો હાથ ન કપાશે, કેમ કે એ માલમાં એનો પણ હક્ક઼ છે, જેવી રીતે પત્ની કંજૂસ પતિના માલથી પોતાના હક્ક઼ જેટલી ચોરી કરે તો મુજરિમ નથી, કેમ કે તેણીએ ચોરી નથી કરી બલ્કે પોતાનો હક્ક઼ લીધો. સારાંશ કે હદીષ પર એ વાંધો નથી કે તેમને ચોરને છોડી દેવાનો શું હક્ક઼ હતો.

**૬.** એટલે કે જ્યારે હું ફજરની નમાઝ માટે બારગાહમાં હાજર થયો તો મારા તરફથી કાંઈપણ કહ્યા વિના હુઝૂરે અન્વર ﷺએ આ સવાલ કર્યો. **જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺની નજર દરેક જાહેર તથા છુપી ચીજ જુએ છે.** કોઈ ચીજ તેમનાથી છુપી નથી. આપ તો ક઼બ્રની અંદરના અઝાબ અને દિલોની હાલતોથી ખબરદાર છે. (શેઅર)

چشم تو بیننده ما فی الصدور (ઈકબાલ) **અર્થાત** : તારી આંખ દિલોના ભેદ જાણનાર છે.

**૭.** આ વાક્યમાં ફક઼ીરના રજૂ કરેલા ખુલાસાનું સમર્થન થયું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને એના પર રહમ કરવાનો પણ હક્ક઼ હતો અને છોડી આપવાનો પણ. જેથી હુઝૂરે અન્વર ﷺએ આપના પર નારાઝગી ન દર્શાવી કે હે અબૂ હુરૈરહ્ ! તમને એને છોડી દેવાનો શું અધિકાર હતો.

**૮.** આનાથી હુઝૂરે અન્વર ﷺનો ઈલ્મે ગયબ સાબિત થયો. જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺને ભવિષ્યના થનારા બનાવોનો રબ તઆલાએ ઈલ્મ બખ્શ્યો જેથી ભાવિમાં જે થવાનું છે તે બતાવી રહ્યા છે. (શેઅર)

خدا مطلع ساخت بر جملہ غیب      علی کل شیئ خبیر آمدی

**અર્થાત** : "અલ્લાહ તઆલાએ દરેક ગેબ પર આપને માહિતગાર કર્યા, આપ દરેક વસ્તુથી બાખબર બનીને આવ્યા."

**૯.** એટલે કે આજે રાતે હું ખૂબ જ સાવચેત રહ્યો હતો, સૂતો નહીં, ગાફેલ ન રહ્યો. તેને પકડવો પણ હતો અને તેનો તમાશો પણ જોવો હતો.

**૧૦.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ તેનો એ ક઼ૌલ કે હવે આવીશ નહીં, તેને તેની તૌબા સમજી એટલા માટે છોડી આપ્યો. તેને સાચો ન જાણ્યો, કેમ કે તેનું જૂઠ હોવું તો હુઝૂરે અન્વર ﷺના ફર્માનથી માલૂમ પડી ચૂક્યું હતું. આ રહમત એની તૌબા પર છે કે ન કે તેને ગરીબ સમજીને. આ વખતે પણ હુઝૂરે અન્વર ﷺએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ પર નારાઝગી ન દર્શાવી. જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે, કોઈ વાંધો નથી. અથવા આપે ખયાલ કર્યો કે એ જૂઠથી તૌબા કરી ચૂક્યો છે અને હવે સાચુ બોલી રહ્યો છે. પહેલાં જૂઠો હતો જેથી હુઝૂરે અન્વર ﷺએ પાછલા જૂઠની ખબર આપી હતી, અને હવે સાચુ બોલી રહ્યો છે.

**૧૧.** આ રહમનું કારણ હમણા વર્ણન કરી દેવામાં આવ્યું. હુઝૂરે અન્વર ﷺના ફર્માને પાકનો વિરોધ નથી કેમ કે હુઝૂરે અન્વર ﷺએ તેમને હવે પણ છોડી દેવાથી મના કર્યું ન હતું.

**૧૨.** યાદ રાખશો કે શૈતાને કેવળ એકવાર એટલે બીજીવારમાં જ કહી આપ્યું હતું કે હવે આવીશ નહીં. પણ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહી રહ્યા છે કે તું કહી જાય છે કે હવે આવીશ નહીં. એટલા માટે શરહકર્તાઓએ ફર્માવ્યું

કે અહીં تزعم મઝારેઅ છે, પણ ભૂતકાળના અર્થમાં છે એટલે કે તું કહી ગયો હતો કે હવે આવીશ નહીં અને પાછો આવી ગયો. અથવા હુકમી તથા હકીકી બંનેવ રીતે કહી જવું મુરાદ છે. એટલે કે તું પહેલીવારમાં હુકમની રીતે અને બીજીવારમાં હકીકતની રીતે કહી ગયો હતો કે હવે આવીશ નહીં. જેથી આ હદીષ સ્પષ્ટ છે.

**૧૩.** એટલે કે હું તમારા પર એક મુજર્રબ અમલ બતાવીને એહસાન કરું છું. આપ એના બદલામાં મારા પર એ એહસાન કરો કે મને છોડી આપો. કેમ કે એહસાનનો બદલો એહસાન હોય છે. ઈબ્લીસની આ ખુશામદથી જાણવા મળ્યું કે તે હુઝૂરે અન્વર ﷺની બારગાહમાં પેશ થતાં ઘણો જ ગભરાય છે, નહીં તો તે હાજર થઈ જવા રાજી થઈ જતો. હવે જેના દિલમાં હુઝૂરે અન્વર ﷺની ધાક ન હોય તો તે શૈતાનથી બદ્તર છે. શૈતાન ક્યાં તો ખુદાથી ડરે છે કે કહે છે : اِنِّیْۤ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِیْنَ (હું અલ્લાહથી ડરુ છું જે માલિક છે સર્વ જહાનનો. –સૂરએ માઈદહ, ૫/૨૮) અથવા જનાબે મુસ્તફા ﷺથી. મુસલમાનના દિલમાં હુઝૂરે અન્વર ﷺની ખૂબ જ ધાક હોવી જોઈએ. ડૉ. ઈકબાલ આ પ્રમાણે દુઆ કરે છે : (શેઅર)

مکن رسوا بروئے خواجہ مارا    حساب من ز چشم او نہاں گیر

**અર્થાત** : "આપની સામે મને રૂસ્વા ન કર, મારો હિસાબ આપની આંખોથી છુપાવી રાખ.

**૧૪.** એટલે કે સૂવા માટે આડા પડયા બિસ્તર પર અથવા માટીની ફર્શ પર અથવા તખ્ત પર. બિસ્તરનો ઉલ્લેખ ઉર્ફના કારણે છે મને સૂવું ચાહે દિવસમાં હોય કે રાતમાં.

**૧૫.** એટલે કે ખુદ રબ તઆલા અને તેનો નિયુક્ત કરેલ ફરિશ્તો આપના જાન તથા માલની હિફાઝત કરશે, કે ઘર તો પડી જવા, આગ લાગી જવા વગેરેથી મહેફૂઝ રહેશે અને માલ ચોરી વગેરેથી અમાનમાં રહેશે, જેમ કે બીજી હદીષોમાં આવેલ છે. આ અમલ ખૂબ જ સચોટ છે.

**૧૬.** એટલે કે દીની કે દુનિયવી નુકસાન પહોંચાડવાના માટે શૈતાન ઈબ્લીસ આપની પાસે આવી શકશે નહીં, મુત્લક્ન નજીક આવવાનો નકાર નથી. જેથી હદીષ પર એ વાંધો નથી રહ્યો કે ઘણીવાર જોવામાં આવ્યું છે કે અમે આયતુલકુર્સી પઢીને સૂઈએ છીએ છતાં એહતેલામ થઈ જાય છે, હા ! આયતુલ કુર્સીની બરકતથી શૈતાન નમાઝ કઝા કરાવી શકશે નહીં કે એ દીની નુકસાન છે. એ જ પ્રમાણે એની બરકતથી પ્રથમ તો ઘરમાં ચોર, સાપ વગેરે આવશે નહીં. જો સંજોગોવસાત આવી ગયા તો શૈતાન તેને એ મોકા પર ગાફેલ ન કરી શકશે કે એમાં દુનિયવી નુકસાન છે, ઈન્શા અલ્લાહ ! આંખ ખુલી જશે અને એ શખ્સ એની બુરાઈથી મહેફૂઝ રહેશે.

**૧૭.** આ વખતે દયા ખાયને ન છોડયો, બલ્કે તેના એહસાનના બદલામાં તેને છોડી દેવામાં પણ હુઝૂરે અન્વર ﷺના હુકમની વિરુદ્ધ ન હતું, કે હુઝૂરે અન્વર ﷺએ એનાથી મના કર્યું ન હતું.

**૧૮.** આ ફર્માને આલીથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે શૈતાન કુર્આન શરીફથી પણ વાકેફ છે અને કુર્આની આયતોના હુકમો તથા ભેદો તથા આદેશોથી ખબરદાર છે. ઈમામ ફખ્રુદ્દીન રાઝીએ ફર્માવ્યું કે શૈતાન દરેક દિવસના સારા બુરા અમલોથી વિગતવાર વાકેફ છે અને દરેક શખ્સની નિય્યત તથા ઈરાદાથી બાખબર છે. તેના વિના તે લોકોને બેહકાવી નથી શકતો. જ્યારે આ બહેકાવનારાના ઈલ્મની આ હાલત છે તો મખ્લૂકના હાદી ﷺના ઈલ્મનું તો પૂછવુ જ શું ?! દવાની શક્તિ બીમારી કરતાં વધુ હોવી જોઈએ. કુર્આને કરીમ ફર્માવે છે :

اِنَّهٗ یَرٰىكُمْ هُوَ وَ قَبِیْلُهٗ مِنْ حَیْثُ لَا تَرَوْنَهُمْ (શૈતાન તથા તેની ઔલાદ તમને સૌને જુએ છે પણ તમે તેમને નથી જોતા. *–સૂરએ અઅ્રાફ, ૭/૨૭*) એટલે કે તે હાઝિર નાઝિર છે, કેમ ?! લોકોને ગુમરાહ કરવાના માટે. તો જેના જિમ્મે લોકોની હિદાયત છે તે (નબી ﷺ) પણ હાઝિર નાઝિર છે. **બીજુ** એ કે શૈતાન કાફિર પણ કદી સાચુ બોલી દે છે. **ત્રીજુ** એ કે મો'મિને જોઈએ કે જ્યાંથી તેને ઈલ્મ મળે લઈ લે. હા ! બેદીનને દીનનો ઉસ્તાદ ન બનાવે. અહીં હઝરત અબૂ હુરૈરહ્એ શૈતાનને ઉસ્તાદ નથી બનાવ્યો. જેવી રીતે કાબિલને કાગડાએ દફનનો તરીકો શીખવાડયો, પણ કાગડો તેમનો ઉસ્તાદ ન હતો. યાદ રાખશો કે કાફિર તથા બેદીનની સારી વાત પર જલ્દી ભરોસો ન કરે, શક્ય છે તે મધમાં ઝહેર આપી રહ્યો હોય. અહીં જનાબ અબૂ હુરૈરહ رضی اللہ عنہએ શૈતાનની વાત ત્યારે માની જ્યારે હુઝૂરે અન્વર ﷺએ તેનું સમર્થન કર્યું. **ચોથુ** એ કે આયતુલ કુર્સી શૈતાન દૂર કરવા માટે અકસીર છે. ખુદ શૈતાન તેની ખબર આપી ગયો કે મારે ભાગવાનો ઝરીયો આયતુલ કુર્સી છે. ભગાડનાર મહબૂબ ﷺએ પણ તેનું સમર્થન કર્યું અને ભાગનારા મરદૂદે પણ તેની ખબર આપી દીધી. **પાંચમુ** એ કે કાફિરની સાચી વાતની પણ મુસલમાન તસ્દીક તથા સમર્થન કરી શકે છે.

**૧૯.** એટલે કે ઈબ્લીસ હતો જે એ માલમાં બરકત મિટાવવા આવ્યો હતો, નહીં તો તેને ચોરી કરવાની શું જરૂરત હતી. આ હદીષ જિન્નાતને તાબે કરવાની દલીલ છે. અમુક આમિલ હઝરાત જિન્નાતને પોતાના અમલથી કૈદ કરી દે છે એ તદન સત્ય છે અને એની દલીલ આ હદીષ છે. ફકીરની આ વર્ણવેલ શરહથી નીચે પ્રમાણેના વાંધાઓ ઉઠી ગયા : **પ્રથમ** વાંધો એ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને શૈતાન નજર કેવી રીતે આવી ગયો ? કુર્આને પાક ફર્માવે છે કે, "તમે એને નથી જોઈ શક્તા." **બીજો** એ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની પકડમાં શૈતાન કેવી રીતે આવ્યો, તે તો હવા અથવા આગના ભડકાની જેમ છે જેને પકડી નથી શકાતો. **ત્રીજો** એ કે શૈતાનને ચોરીની શું જરૂરત છે. **ચોથો** એ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને પકડીને છોડી મૂકવાનો શું હક્ક હતો. **પાંચમો** એ કે જ્યારે હુઝૂર ﷺએ ફર્માવી આપ્યું હતું કે તે જૂઠો છે, તો જનાબ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ એની વાતનો વિશ્વાસ શાથી કર્યો. **છઠ્ઠો** એ કે શૈતાનને શું ખબર કે કુર્આને કરીમની કઈ આયતમાં શું તાષીર છે. **સાતમો** એ કે એનાથી લાઝિમ થયું કે શૈતાન હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો ઉસ્તાદ થાય.

**★ હદીષ : (૧૬)-૨૧૨૪ ★**

وَعَن ابْن عَبَّاس قَالَ: بَيْنَمَا جِبْرِيلُ قَاعِدٌ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَمِعَ نَقِيضًا مِنْ فَوْقِهِ فَرَفَعَ رَأْسَهُ فَقَالَ: «هَذَا بَابٌ مِنَ السَّمَاءِ فُتِحَ الْيَوْمَ لَمْ يُفْتَحْ قَطُّ إِلَّا الْيَوْمَ فَنَزَلَ مِنْهُ مَلَكٌ فَقَالَ هَذَا مَلَكٌ نَزَلَ إِلَى الْأَرْضِ لَمْ يَنْزِلْ قَطُّ إِلَّا الْيَوْمَ فَسَلَّمَ وَقَالَ أَبْشِرْ بِنُورَيْنِ أُوتِيتَهُمَا لَمْ يُؤْتَهُمَا نَبِيٌّ قَبْلَكَ فَاتِحَةُ الْكِتَابِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે હઝરત જિબ્રઈલ علیہ السلام નબી કરીમ ﷺની પાસે બેઠા હતા તો આપે ઉપરથી અવાજ સાંભળ્યો[1]. તો આપે સર મુબારક ઉઠાવ્યું. હઝરત જિબ્રઈલે અર્ઝ કરી, આ આસ્માનનો તે દરવાજો ખોલવામાં આવ્યો છે જે આજના સિવાય કદી ન ખોલવામાં આવ્યો[2]. એનાથી એક ફરિશ્તો ઉતર્યો. જિબ્રઈલ બોલ્યા, આ તે ફરિશ્તો જમીન પર ઉતર્યો છે જે આજના સિવાય કદી નથી ઉતર્યો[3]. તેણે સલામ કરી પછી બોલ્યો, આપ ખુશ તથા ખુર્રમ રહો એ બે*

وَخَوَاتِيمُ سُورَةِ الْبَقَرَةِ لَنْ تَقْرَأَ بِحَرْفٍ مِنْهُمَا إِلَّا أُعْطِيته» . رَوَاهُ مُسلم

*નૂરોથી જે આપને આપવામાં આવ્યાં[૪] આપનાં પહેલાં કોઈને નથી આપવામાં આવ્યાં[૫] સૂરએ ફાતિહા અને સૂરએ બક઼રહની અંતિમ આયતો[૬] આ બંનેવનો એક અક્ષર પણ આપ ન પઢશો પણ આપને એનો અજ્ર મળશે[૭]. (મુસ્લિમ)*

**૧.** سمع (સમઅ્)નો કર્તા હઝરત જિબ્રઈલ علیہ السلام છે અથવા નબી કરીમ ﷺ. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلام છે કેમ કે આગલી ઝમીરો પણ તેમના તરફ વળે છે. નક઼ીદ઼ નક઼દ઼થી બન્યું, તૂટવાના અર્થમાં. કેમ કે લાકડી વગેરેના તૂટવાના સમયે સખત અવાજ પેદા થાય છે, એટલા માટે હવે દરેક સખત અવાજને નક઼ીદ઼ કહી દેવામાં આવે છે.

**૨.** યાદ રાખશો કે આસ્માનના અગણિત દરવાજાઓ છે જેનાથી વિવિધ ચીજો આવજા કરે છે. અમુક દરવાજાઓથી રોજી આવે છે, અમુકથી અઝાબ, અમુકથી દુઆઓ તથા તૌબા જાય છે, અમુકથી ખાસ ફરિશ્તા ઉતરે છે. એક દરવાજો એ પણ છે છે જે કેવળ મેઅરાજની રાતે હુઝૂર ﷺના માટે ખોલવામાં આવ્યો. આજનો આ દરવાજો એ ફરિશ્તા માટે ખોલવામાં આવ્યો હતો, એનાથી પહેલાં ન આ ફરિશ્તો કદી જમીન પર આવ્યો હતો ન એ દરવાજો કદી ખુલ્યો હતો.

**૩.** એટલે કે ન કોઈ કામના માટે એ જમીન પર આવ્યો ન કોઈ પયગામ સંભળાવવા માટે આવ્યો. એ ફરિશ્તો કેવળ આજે જ આવ્યો. અને હુઝૂરે અન્વર ﷺની જ ખિદમતમાં આવ્યો છે. એ ફરિશ્તાનું ઉતરાણ (નુઝૂલ) હુઝૂરે અન્વર ﷺની કરામત તથા ઈજ્જતના પ્રદર્શન માટે છે, નહીં તો એ પયગામ તો હઝરત જિબ્રઈલ પણ અર્ઝ કરી શક્તા હતા.

**૪.** કેમ કે એ બંનેવ સૂરતો દુનિયામાં સીધા રસ્તાની હાદી (હિદાયત કરનાર) છે, અને પુલ સિરાત પર રોશની, જેના થકી તેની તિલાવત કરનાર આસાનીથી તેને પાર કરવા લાગશે. એટલા માટે એને નૂર કહી. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ ખુદ નૂર છે, પછી આપના પર એ નૂર ઉતરે તો બફદ઼લિહી તઆલા નૂરુન અલા નૂર થયા.

**૫.** એટલે કે આપના પહેલાં નબીઓમાંથી કોઈને આવી શાનદાર આયતો તથા સૂરતો નથી મળી. તૌરાત, ઈન્જીલ વગેરેમાં આવી શાનની આયત નથી. આમ તો આખુ કુર્આન શરીફ જ એ કિતાબોથી અફઝલ છે પણ આ આયતો ઘણી જ અફઝલ છે.

**૬.** એટલે કે સૂરએ બક઼રહનો છેલ્લો રૂકૂઅ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ થી عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ સુધી.

**૭.** એટલે કે એ આયતોના દરકે અક્ષરની તિલાવત પર આપને અને આપના સદક઼ાથી આપની ઉમ્મતને ખાસ સવાબ મળશે તિલાવતના સવાબ ઉપરાંત, કે તે સવાબ તો કુર્આન શરીફના દરેક હર્ફો પર છે. (અશિઅહ) અથવા હર્ફ (અક્ષર)થી મુરાદ આયત છે એટલે એમાં જે દુઆની આયતો છે એમાંથી દરેક આયત ક઼બૂલ કરી અને એ આયતની દુઆ ઈન્શા અલ્લાહ ! મંઝૂર થશે. મિર્ક઼ાતમાં આ બંનેવ જગાએ ઘણી જ શાનદાર દુઆઓ છે.

**★ હદીષ : (૧૭)-૨૧૨૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْآيَتَانِ مِنْ آخِرِ سُورَةِ الْبَقَرَةِ من قَرَأَ هما فِي لَيْلَة كفتاه»

*''અબૂ મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બક્રહની આખરી બે આયતો એવી છે કે જે એને રાતમાં પઢે તો તે એને પૂરતી છે.[૧]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે દુ:ખ દર્દ, રંજોગમમાં પૂરતી છે કે એમની તિલાવત કરનાર ઈન્ શા અલ્લાહ ! દુ:ખ દર્દથી મેહફૂઝ રહે છે અને જો સંજોગોવસાત કદીક દુ:ખ આવી પણ પડે તો અલ્લાહ મુશ્કિલ હલ કરી આપે છે. અથવા તમામ વિર્દ વઝીફાઓ તરફથી પૂરતી છે. અથવા તહજ્જુદની નમાઝમાં જે એ આયતોની તિલાવત કર્યા કરે તો એ ઘણી બધી તિલાવત કરતાં પૂરતી છે. તહજ્જુદની નમાઝમાં એની તિલાવત જરૂર કરવામાં આવે કે ખૂબ જ લાભદાયી છે. એક રકાતમાં આ આયત પઢે, બીજીમાં اِنَّ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ થી تُخْلِفُ الْمِيْعَادَ સુધી, ઈન્શા અલ્લાહ ! તેનાથી હુઝૂરે કલ્બી પણ નસીબ થશે અને ઘણો જ ફયઝાન પણ મયસ્સર થશે, જો શરૂ રાતમાં પણ પઢી લેવામાં આવે, અને તહજ્જુદમાં પણ ખૂબ જ લાભદાયી છે.

**★ હદીષ : (૧૮)-૨૧૨૬ ★**

وَعَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ حَفِظَ عشر آيات من أول سُورَةِ الْكَهْف عصم من فِتْنَة الدَّجَّال» . رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે શરૂની સૂરએ કહફની 10 આયતો પર પાબંદી કરે[૧] તે દજ્જાલથી બચી જશે.[૨]'' (મુસ્લિમ)*

**૧.** એ રીતે કે દરરોજ એની તિલાવત કરી લીધા કરે અથવા દર જુમ્આના અમુક લોકો દર જુમ્આએ સૂરએ કહફની તિલાવત કરે છે, તેમનો માખઝ આ હદીષ છે.

**૨.** જાહેર એ છે કે દજ્જાલથી મુરાદ એ જ મોટો દજ્જાલ છે જે કયામત નજીક નીકળશે. તેનો ફિત્નો એટલો સખત હશે કે દરેક નબીએ પોતાની ઉમ્મતને એનાથી ડરાવ્યા. એટલે કે એની તિલાવત કરનારાના જમાનામાં દજ્જાલ હાજર થયો તો ઈન્ શા અલ્લાહ ! તેના ફિત્નાથી એ મેહફૂઝ રહેશે. અને શક્ય છે કે દજ્જાલથી મુરાદ સર્વ ફિત્નાગરની બુરાઈથી બચેલો રહેશે. સૂરએ કહફમાં અસ્હાબે કહફનું વર્ણન છે કે અલ્લાહ તઆલાએ તેમને કાફિર બાદશાહની બુરાઈથી મેહફૂઝ રાખ્યા. તેમની આયતો પઢનારા પર ઈન્ શા અલ્લાહ ! એ જ ફયઝાન થાય છે. અમુક રિવાયતોમાં ત્રણ આયતો ઈર્શાદ થઈ પણ દસમા ત્રણ પણ સામેલ છે. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૧૯)-૨૧૨૭ ★**

وَعَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيَعْجَزُ أَحَدُكُمْ أَنْ يَقْرَأَ فِي لَيْلَةٍ ثُلُثَ الْقُرْآنِ؟» قَالُوا: وَكَيْفَ يَقْرَأُ ثُلُثَ الْقُرْآنِ؟ قَالَ: «قُلْ هُوَ الله أحد»

*''તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમે એનાથી આજિઝ છો કે દર રાત્રે 1/3 કુર્આન પઢી લીધા કરો. લોકો બોલ્યા, કેવી રીતે 1/3 કુર્આન પઢી શકાય છે ?![૧] ફર્માવ્યું : قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ત્રીજા 1/3 કુર્આન બરાબર છે.[૨]'' (મુસ્લિમ)*

| ★ હદીષ : (૨૦)-૨૧૨૮ ★ | |
|---|---|
| وَرَوَاهُ الْبُخَارِيّ عَن أبي سعيد | "બુખારીમાં હઝરત અબૂ સઈદથી આ રિવાયત છે." |

**૧.** એટલે દરરોજ દસ પારાઓની તિલાવત મુશ્કેલ છે. એક બે દિવસ તો હિંમત કરીને પઢી શકાય છે.

**૨.** શરહકર્તાઓએ આ વાકયના ઘણા અર્થો કર્યા છે. શ્રેષ્ઠ અર્થ આ છે કે એકવાર قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ શરીફ) પઢવાનો સવાબ દસ પારા તિલાવત કરવા જેટલો છે. જેથી ત્રણવાર તિલાવત કરી લેવાથી આખુ કુર્આન શરીફ પઢી લેવાનો સવાબ છે. ખતમ શરીફ વગેરેમાં તમામ સૂરતો એક એકવાર પઢવામાં આવે છે પણ સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ત્રણવાર પઢવામાં આવે છે. આ અમલની અસ્લ આ હદીષ છે. યાદ રાખશો કે કુર્આને કરીમમાં ત્રણ પ્રકારના વિષયો છે. અલ્લાહ તઆલાની ઝાત તથા સિફતો, કિસ્સા અને અહકામ (હુકમો), અને સૂરએ ઈખ્લાસમાં ઝાત તથા ઈલાહી સિફતોનું સંપૂર્ણ વર્ણન છે. એટલા માટે એ સૂરત કુર્આને કરીમના ૧/૩નો સવાબ ધરાવે છે. એનાથી જાણવા મળ્યું કે હમ્દની આયતો અન્ય આયતો કરતાં અફઝલ છે.

**★ હદીષ : (૨૧)-૨૧૨૯ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ رَجُلًا عَلَى سَرِيَّةٍ وَكَانَ يَقْرَأُ لأَصْحَابه فِي صلَاتهم فيختم ب (قل هُوَ اللّٰهُ أَحَدٌ) فَلَمَّا رَجَعُوا ذَكَرُوا ذَلِكَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «سَلُوهُ لِأَيِّ شَيْءٍ يَصْنَعُ ذَلِكَ» فَسَأَلُوهُ فَقَالَ لِأَنَّهَا صفة الرَّحْمَن وَأَنا أحب أَن أَقرأ بهَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَخْبِرُوهُ أَن الله يُحِبهُ»

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એક શખ્સને લશ્કરનો સરદાર બનાવીને મોકલ્યો. તે પોતાના સાથીઓની નમાઝની ઈમામત કરતો હતો[૧]. તો હમેશાં قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ) પર કિ઼રાઅત ખત્મ કરતો હતો[૨]. જ્યારે સહાબીઓ પરત થયા તો આ બનાવ નબી કરીમ ﷺ ને અર્ઝ કર્યો[૩] હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, તેમને પૂછો એવું કેમ કરતા હતા[૪] તેમને પૂછ્યું તો તે બોલ્યા, એટલા માટે કે રહમાનની સિફત છે જેથી મને એનું પઢવુ ઘણુ જ પસંદ છે[૫]. ત્યારે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, એને ખબર આપી દો કે અલ્લાહ એની સાથે મહોબ્બત કરે છે[૬]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** કેમ કે ઈમામતનો હક્ક ઈસ્લામના સુલ્તાન અથવા કૌમના સરદારને છે. જ્યારે કે તે શરીઅતનો ઈલ્મ ધરાવતો હોય. કેમ કે એ ફોજના કમાન્ડર હતા, એટલા માટે એમના ઈમામ પણ રહ્યા.

**૨.** એટલે કે દરેક નમાઝની અંતિમ રકાતમાં અને જમાઅતની બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ શરીફ) પઢયા કરતા હતા. "કિ઼રાઅત ખત્મ કર્યા બાદ"નો આ જ મતલબ છે. એ મતલબ નથી કે દરેક રકાતમાં અન્ય સૂરત પઢીને قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતા હતા કે એ તો મકરૂહ છે.

**૩.** ક્યાં તો હિકાયત રૂપે કહેવામાં આવ્યું અથવા શિકાયત રૂપે, કેમ કે સહાબાએ કિરામ નમાઝમાં કોઈ સૂરત નિશ્ચિત કરતા ન હતા. ફર્ઝોમાં એ મકરૂહ પણ છે, હા ! નફ્લોમાં સૂરતો નક્કી કરવી જાઈઝ છે. દા.ત. કોઈ શખ્સ હમેશાં તહજ્જુદમાં قُلْ هُوَ اللّٰهُ જ પઢયા કરે. એનાથી જાણવા મળ્યું કે શાગિર્દની શિકાયત ઉસ્તાદથી, મુરીદની

શિકાયત પીરથી, ત્યાં સુધી કે પોતાના ઈમામની શિકાયત ઈસ્લામી સુલ્તાનથી કરી શકે છે. એ ગીબત નથી બલ્કે ઈસ્લાહ છે.

**૪.** કેવળ નમાઝને ટૂંકી કરવા માટે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતા હતા અથવા એટલા માટે કે એમને અન્ય સૂરતો ઓછી યાદ છે અથવા કોઈ અન્ય કારણે. જાણવા મળ્યું કે બંને પક્ષનું બયાન લઈને હાકિમે ફૈંસલો કરવો જોઈએ. ફત્વો ઔર છે અને ફૈંસલો કાંઈ અલગ. ફત્વો કેવળ એક પક્ષના વર્ણન પર આપી શકાય છે. જુઓ, દાઊદ علیہ السلام એ બકરીઓવાળા ફરિશ્તાઓમાંથી એકનું બયાન સાંભળીને ફત્વો આપી દીધો હતો. આ હદીષ ફૈંસલાની તા'લીમના માટે છે.

**૫.** એટલે કે મને અલ્લાહ તઆલાથી મહોબ્બત છે અને આશિક઼ને પોતાના મહબૂબનું ઝિક્ર પ્યારુ હોય છે અને તે એનું ઝિક્ર (ચર્ચા) મોટાભાગે કરતો હોય છે. એટલા માટે હું પણ નમાઝમાં આ સૂરત મોટાભાગે પઢયા કરું છું, નહીં તો મને અન્ય સૂરતો પણ યાદ છે.

**૬.** અથવા તો આ સૂરતથી મહોબ્બત કરવાના કારણે અથવા અલ્લાહ તઆલાથી મહોબ્બત કરવાના કારણે. એનાથી જાણવા મળ્યું કે કુર્આને કરીમની આયતો, અલ્લાહની ઝાત તથા સિફતોથી મહોબ્બત કરવી એ અલ્લાહ તઆલાના મહબૂબ (પ્યારા) બની જવાનો ઝરીયો છે. એ જ પ્રમાણે હુઝૂરે અન્વર ﷺથી મહોબ્બત બલ્કે એમની ઈતાઅત (આજ્ઞાપાલન) ખુદાની મહબૂબિયતનો ઝરીયો છે. રબ તઆલા ફર્માવે છે : فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ (જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માંબરદાર બની જાવ. *(સૂ. આલે ઈમરાન, ૩/૩૧)* એ પણ જાણવા મળ્યું કે નબી કરીમ ﷺ આપણે સૌ બંદાઓના એવા હાલાતથી વાકેફ છે જેની ખુદ આપણને પણ ખબર નથી. ખુદાના મહબૂબ કે બારગાહના મરદૂદ હોવું એક એવી ગુપ્ત હાલત છે જે કોઈ દલીલ કે નિશાની થકી માલૂમ નથી થઈ શકતી. પણ હુઝૂરે અન્વર ﷺ એના પર પણ ખબરદાર છે. આ એક વાક્યમાં એની તક઼વા પર અડગતા, ઈમાન પર ખાત્મા, ક઼બ્ર હશ્રમાં નજાત, જન્નતમાં પ્રવેશ, સૌની ખબર આપી દેવામાં આવી. જાહેર એ છે કે એ સહાબીને હમેશાં નમાઝમાં સૂરએ ઈખ્લાસ પઢવાની ઈજાઝત આપી દેવામાં આવી. આ ઈજાઝત તેની વિશિષ્ટતામાંથી છે, અન્યોના માટે આ અમલ મકરૂહ છે. એટલા માટે બીજા સહાબીઓએ આ ખુશ ખબરી સાંભળીને પોતે એ અમલ શરૂ નથી કરી આપ્યો. જેથી આ હદીષ ફિક઼્હી મસ્અલાની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૨૨)-૨૧૩૦ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: إِنَّ رَجُلًا قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أُحِبُّ هَذِهِ السُّورَةَ: (قُلْ هُوَ الله أحد)قَالَ: إِنَّ حُبَّكَ إِيَّاهَا أَدْخَلَكَ الْجَنَّةَ ". رَوَاهُ التِّرْمِذِيّ وروى الْبُخَارِيّ مَعْنَاهُ

*"હઝરત અનસથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી[૧] યા રસૂલલ્લાહ ! હું આ સૂરત قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ થી ઘણી મહોબ્બત કરું છું. સરકાર ﷺ એ ફર્માવ્યું, તારી આ મહોબ્બત તને જન્નતમાં પહોંચાડી દેશે.[૨]" (તિર્મિઝી) અને બુખારીએ તેના ભાવાર્થની રિવાયત કરી.[૩]"*

**૧.** આ અર્ઝ કરનારનું નામ કુલ્ષૂમ અથવા કુલ્ષુમ છે. પ્રથમ ક઼ૌલ અધિક મજબૂત છે. *(તિર્મિઝી)*

**૨.** سبحان الله ! કેટલો સંક્ષિપ્ત તથા સમૃધ્ધ જવાબ છે. એટલે કે તું આ સૂરતથી મહોબ્બતની બિના પર

અલ્લાહનો પ્યારો બની જઈશ, અને અલ્લાહના પ્યારાની જગા જન્નત જ તો છે. અમુક લોકો સૂરએ અલિફ લામ મીમ, અલમ નશ્રહ, વદુહા અને સૂરએ ફતહ તથા અહઝાબથી ઘણી મહોબ્બત કરે છે, એટલા માટે કે એ હુઝૂરે અન્વર ﷺની નઅતની સૂરતો છે. તેમની આ મહોબ્બત પણ ઈન્શા અલ્લાહ ! જન્નતી હોવાનો ઝરીયો છે.

**૩.** આ મુસન્નિફ (લેખક) પર વાંધો છે કે તેમણે પહેલા વિભાગમાં તિર્મિઝીની હદીષ નકલ કરી, જયારે કે બુખારીમાં એના મિષ્લ (જેવી) મૌજૂદ છે. જેમ કે બુખારીએ હઝરત અનસથી તઅલીક઼ રૂપે એક મોટો બનાવ રિવાયત કર્યો છે કે એક અન્સારી મસ્જિદે કુબા શરીફમાં ઈમામ હતા. તે દરેક રકાતમાં અલ્હમ્દુ પઢીને પ્રથમ સૂરએ ઈખ્લાસ પઢતા હતા પછી બીજી સૂરત. એના પર મુક્તદીઓએ વાંધો ઉઠાવ્યો. તેમણે ફર્માવ્યું કે હું ઈમામત છોડી દઈશ પણ સૂરએ ઈખ્લાસ પઢવાનું છોડીશ નહીં. કેમ કે એ અફઝલ સહાબીઓમાંથી હતા એટલા માટે લોકો તેમની ઈમામતને ગનીમત જાણતા હતા. એકવાર નબી કરીમ ﷺ મસ્જિદે કુબાની ઝિયારતના માટે તશરીફ લાવ્યા ત્યારે આ કેસ બારગાહે નબવીમાં પેશ કરવામાં આવ્યો. જેના પર સરકાર ﷺએ ઈમામનું બયાન લઈને આ ફેંસલો આપ્યો. (મિર્કાત) આ હદીષને બઝ્ઝાર તથા બયહક઼ીએ પણ રિવાયત કરી.

**★ હદીષ : (૨૩)-૨૧૩૧ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَلَمْ تَرَ آيَاتٍ أُنْزِلَتِ اللَّيْلَةَ لَمْ يُرَ مِثْلُهُنَّ قَطُّ (قل أعوذ برَبِّ الفلق)و (قل أعوذ برَبِّ النَّاس)رَوَاهُ مُسلم

*"રિવાયત છે હઝરત ઉક઼બા બિન આમિરથી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે જોતા નથી કે આજે રાતે તે આયતો ઉતરી છે જેના જેવી જોવામાં નથી આવતી. قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ અને قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ (મુસ્લિમ)*

**૧.** اَلَمْ تَرَમાં આમ મુસલમાનોને સંબોધન છે અને આ ફર્માન આશ્ચર્ય પ્રદર્શિત કરવા અથવા એ સૂરતોનું મહત્વ બતાવવાના માટે છે. એટલે કે તઅવ્વુઝ (અઊઝુબિલ્લાહ) અને પનાહ લેવાના વિશે જેટલી આયતો છે એ સૌમાં એ સૂરતો અફઝલ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ તો એ સૂરતોમાં પણ અફઝલ છે.

**૨.** એનાથી બે મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે બિસ્મિલ્લાહ સૂરતનો હિસ્સો નથી, કે અહીં હુઝૂરે અકરમ ﷺએ બિસ્મિલ્લાહનો ઉલ્લેખ નથી કર્યો. قُلْ اَعُوْذُથી સૂરતની શરૂઆત દર્શાવી. તેમજ પહેલી વહી اِقْرَاْ بِاسْمِ رَبِّكَ છે, એમાં પણ بِسْمِ اللّٰهِ નથી. **બીજુ** એ કે આ બંનેવ સૂરતો કુર્આન મજીદમાં છે. એના પર ઉમ્મતનો ઈજમાઅ છે જેથી જે એને કુર્આન ન માને તે કાફિર છે. એ જે કહેવામાં આવ્યું છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ અને ઉબય ઈબ્ને કઅબે એમને કુર્આન માન્યું એ ગલત છે, આ એ બુઝુર્ગો પર આક્ષેપ છે. *(મિર્કાત)*

**★ હદીષ : (૨૪)-૨૧૩૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَوَى إِلَى فِرَاشِهِ كُلَّ لَيْلَةٍ جَمَعَ كَفَّيْهِ ثُمَّ نَفَثَ فِيهِمَا فَقَرَأَ فيهِمَا (قل هُوَ الله أحد)و (قل أعوذ برَبِّ الفلق)و (قل أَعُوذُ بِرَبِّ النَّاسِ)ثُمَّ يَمْسَحُ بِهِمَا مَا اسْتَطَاعَ مِنْ جَسَدِهِ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ દરેક રાતમાં જ્યારે પોતાના બિસ્તર પર તશરીફ લઈ જતા[1] તો પોતાના હાથ ભેગા કરીને તેમાં ફૂંક મારતા[2] જેમાં قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ) તથા قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ (કુલ અઊઝુ બિરબ્બિલ ફલક઼) તથા قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ (કુલ અઊઝુ બિરબ્બિન્નાસ) પઢતા[3]. પછી શરીરના જે હિસ્સા સુધી બની શકતુ તે*

يَبْدَأُ بِهِمَا عَلَى رَأْسِهِ وَوَجْهِهِ وَمَا أَقْبَلَ مِنْ جَسَدِهِ يَفْعَلُ ذَلِكَ ثَلَاثَ مَرَّاتٍ "وَسَنَذْكُرُ حَدِيثَ ابْنِ مَسْعُودٍ: لَمَّا أُسْرِيَ بِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَابِ الْمِعْرَاجِ إِن شَاءَ الله تَعَالَى

*હાથ ફેરવી લેતા[4]. પોતાના સર મુબારક તથા ચહેરા પાકના સામેવાળા હિસ્સાથી શરૂ કરતા. એવું ત્રણવાર કરતા હતા[5]. (મુસ્લિમ, બુખારી) અને હઝરત ઈબ્ને મસ્ઊદની આ હદીષ કે જ્યારે રસૂલુલ્લાહ ﷺને મેઅરાજ કરાવવામાં આવી....છેવટ સુધી, ઈન્શા અલ્લાહ ! મેઅરાજના પ્રકરણમાં વર્ણવીશું[6]."*

**૧.** "દરેક રાત"ના ફર્માવવાથી જાણવા મળ્યું કે આ અમલ દિવસના કૈલૂલામાં કરતા ન હતા. કેવળ રાતે સૂતી વખતે કરતા હતા. બિસ્તરથી મુરાદ સૂવાની જગા (ખ્વાબગાહ) છે, જેથી જો હુઝૂરે અન્વર ﷺ સફરમાં જંગલમાં પણ રાત્રે સૂતા તો આ અમલ કરીને સૂતા.

**૨.** نَفَخَ અને نَفَثَ બંનેનો અર્થ છે ફૂંકવું. પણ نَفَخَમાં કેવળ શ્વાસ કાઢવાનું હોય છે અને نَفَثَમાં શ્વાસની સાથે કાંઈક લુઆબે દહન (થૂક) પણ સામેલ હોય છે.

**૩.** અહીં فقراء ની ف (ફે) એવી છે જેવું કે રબ તઆલાનું ફર્માન : فَإِذَا قَرَأْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ અથવા જેમ કે إِذَا قُمْتُمْ إِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ એટલે જ્યારે બિસ્તર પર સૂવા અને દમ કરવા ચાહતા તો આ સૂરતો પઢતા. એ મતલબ નથી કે દમ તો પહેલાં કરી લેતા અને સૂરતો બાદમાં પઢતા. જેથી અમારો તર્જુમો દુરુસ્ત છે. ف (ફે)ની વિરુદ્ધ નથી. અમુક નુસ્ખાઓમાં نَفَثَ, વાવથી છે, ત્યારે તો તદ્દન સ્પષ્ટ છે.

**૪.** જેથી કરીને કુર્આનની બરકતની સાથે પોતાના શ્વાસ તથા હાથ શરીફની બરકતો પણ સામેલ થઈ જાય. આનાથી બુઝુર્ગોનું દુરૂદ દમ કરવું અથવા બીમારીની જગા પર હાથ રાખીને અથવા હાથ ફેરવીને દમ કરવું સાબિત થયું.

**૫.** આપણે પણ એના પર અમલ કરવો જોઈએ એનાથી આફતોથી હિફાઝત રહે છે.

**૬.** એટલે કે એ હદીષ મસાબીહમાં અહીં હતી પણ અમે એને મેઅરાજના પ્રકરણમાં વર્ણવીશું કેમ કે એ આ પ્રકરણથી અધિક મુનાસિબત (યોગ્યતા) ધરાવે છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૨૫)-૨૧૩૩ ★**

عَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ عَوْفٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثَةٌ تَحْتَ الْعَرْشِ يَوْمَ الْقِيَامَةِ الْقُرْآنُ يُحَاجُّ الْعِبَادَ لَهُ ظَهْرٌ وَبَطْنٌ وَالْأَمَانَةُ وَالرَّحِمُ تُنَادِي: أَلَا مَنْ وَصَلَنِي وَصَلَهُ اللَّهُ وَمَنْ قَطَعَنِي قَطَعَهُ اللَّهُ ". رَوَاهُ فِي شرح السّنة

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہથી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું કે કયામતના દિવસે ત્રણ ચીજો અર્શની નીચે હશે[1] એક કુર્આને કરીમ જે બંદાઓની તરફથી ઝઘડશે[2] કુર્આનનું એક જાહેર છે એક બાતિન (આંત્રિક)[3] બીજી અમાનત[4] ત્રીજી રહમ[5] જે પુકારશે કે જેણે મને જોડયું અલ્લાહ તેને પોતાનાથી મિલાવશે અને જેણે મને તોડયું અલ્લાહ તેને પોતાનાથી દૂર કરશે[6]." (શરહુસ્સુન્નહ)*

**૧.** એટલે કે ત્રણેવને ખૂબ જ ઈજ્જત તથા કુર્બે (નઝદીકી) ઈલાહી અપર્ણ કરવામાં આવશે કે ખાસ અર્શે આ'ઝમની નીચે તેમને જગા આપી દેવામાં આવશે, જેવી રીતે વઝીરની નિસ્બત બાદશાહની ખૂબ જ નજીક હોય છે. અને તેમના તુફૈલ તેમના આમિલો (અમલદારો)ને પણ ઈજ્જત તથા નિકટતા નસીબ થશે. અલ્લાહ તઆલા તેમનો બદલો વેડફશે નહીં.

**૨.** બંદાઓથી મુરાદ કુર્આને કરીમની તિલાવત અને તેના પર અમલ કરનારા મુસલમાન છે. અને ઝઘડનારાથી મુરાદ ઝઘડી ઝઘડીને તેમની શફાઅત કરવું છે. એટલે કે કુર્આન શરીફ પોતાની તિલાવત કરનારાઓ અને પોતાના આમિલો (અમલ કરનારાઓ)ની શફાઅત રબ તઆલાથી ઝઘડી ઝઘડીને કરશે. એ ઝઘડો મુક઼ાબલાનો નહીં બલ્કે નાઝનો હશે.

**૩.** એટલે કે કુર્આને પાકના અમુક અર્થો જાહેર છે જેને સામાન્ય મુસલમાનો સમજી લે છે. અમુક અધ્યાહન છે જે તાવીલ કરવા વાજિબ છે. જેના સુધી ઉલમાની પહોંચ છે. અથવા તિલાવતે કુર્આને પાકનું એક જાહેર છે, એટલે શબ્દોની જીભ વડે પઢવું. અને એક બાતિન (આંત્રિક) એટલે એમાં વિચાર મંથન કરવું. અથવા શરઈ એહકામ એ કુર્આનનું જાહેર છે અને તરીક઼તના ભેદો તેનું બાતિન છે. જેમ કે માનવ શરીર આપણુ જાહેર છે અને માનવની રૂહ એ આપણુ બાતિન છે. મતલબ એ છે કે કુર્આનની શફાઅત સંબંધના પ્રમાણે હશે. જાહેર કુર્આનવાળાઓની શફાઅત અલગ પ્રકારની કરશે અને બાતિન કુર્આનથી સંબંધ રાખવાવાળાઓની શફાઅત અલગ પ્રકારની કરશે.

**૪.** અમાનતથી મુરાદ ખલ્ક઼ (લોકો) તથા ખાલિક઼ (પેદા કરનાર સર્જનહાર અલ્લાહ)ના હક્ક઼ો છે જે આપણા જિમ્મે અદા કરવા વાજિબ છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْاَرْضِ۔۔الخ (બેશક ! અમે અમાનત પેશ કરી આસ્માનો અને જમીન અને પહાડો પર. સૂ. અહ્ઝાબ, ૩૩/૭૨) અહીં અમાનતના આ અર્થો પણ કરવામાં આવેલ છે. અથવા અમાનથી મુરાદ ઈશ્કે઼ ઈલાહી તથા ઈશ્કે઼ રસૂલ છે કે કુર્આનને ઈશ્ક઼થી ઘણો જ સંબંધ છે.

**૫.** રહમથી મુરાદ માણસોની આપસની સગાઈઓ છે. કેમ કે એ સગાઓનો સંબંધ સ્ત્રીના રહમ (ગર્ભ)થી છે એટલા માટે એ સગાઈઓને 'રહમ' કહેવામાં આવે છે. કેમ કે સગાઓના હક્ક઼ો ખૂબ જ જરૂરી છે. રબ તઆલા ફર્માવે છે : فَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ (અને સગાઓને તેમનો હક્ક઼ આપ. સૂ. રૂમ, ૩૦/૩૮) એટલા માટે એ પણ ત્યાં હશે. યાદ રાખશો કે દુનિયાના અઅ્રાઝ (એવી વસ્તુઓ જે બીજી જાહેરી વસ્તુના સહારે રહે જેમ કે ખુશ્બૂ, રંગ વગેરે) કાલે ક઼યામતમાં જવાહિર (જવહર : એ વસ્તુ જે પોતે કાયમ હોય જેમ કે કાપડ જોહર અને તેનો રંગ અ઼ર્ઝ છે) હશે અને અમલોની શકલો સૂરત (સ્વરૂપો) હશે, એ વાત પણ કરશે જેવી રીતે અહીં ખ્વાબમાં અઅ્રાઝ કોઈ સ્વરૂપ સાથે નજરે પડે છે.

**૬.** એટલે કે દુનિયામાં જેણે પોતાનાં સગા સંબંધીઓના હક્કો અદા કર્યા હતા આજે તેને કુર્બે ઈલાહી અને રહમતે ઈલાહી નસીબ થશે, અને જેણે દુનિયામાં પોતાનાં સગા સંબંધીઓના હક્કો અદા ન કર્યા, તેમનાથી સંબંધ ન રાખ્યો, આજે તેઓ ખુદાની રહમતથી મેહરૂમ રહેશે. 'રહમ'નું એ પુકારવું રબ તઆલાના હુકમથી હશે, જેવી રીતે હાકિમોના પટાવાળા ઓફીસોના દરવાજા પર એલાનો કરે છે. યાદ રાખશો કે બંદા પર ત્રણ પ્રકારના હક્ક઼ો છે : અલ્લાહ તઆલાના, આમ માણસોના અને ખાસ સગાઓના. કુર્આને પાકનો સંબંધ અલ્લાહના હક્ક઼ોથી છે, અમાનતનો સંબંધ આમ લોકોથી, અને ''રહમ''નો સંબંધ પોતાનાં સગાં વહાલાં, કુટુંબીજનોથી છે. એટલા માટે એ ત્રણેવ જ અર્શે આ'ઝમની નીચે હશે. કામયાબ બંદો તે છે જે એ સર્વ હક્ક઼ોને અદા કરીને જાય.

**★ હદીષ : (૨૬)-૨૧૩૪ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " يُقَالُ لِصَاحِبِ الْقُرْآنِ: اقْرَأْ وَارْتَقِ وَرَتِّلْ كَمَا كُنْتَ تُرَتِّلُ فِي الدُّنْيَا فَإِنَّ مَنْزِلَكَ عِنْدَ آخِرِ آيَةٍ تقرؤها ". رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કુર્આનવાળાને કહેવામાં આવશે[1] પઢ અને ચઢ[2] અને આ જ પ્રમાણે આહિસ્તાથી તિલાવત કર જેવી રીતે દુનિયામાં કરતો હતો. આજે તારું ઠેકાણુ તથા મક઼ામ ત્યાં છે જ્યાં તું આખરી આયત પઢે.[3]"*

*(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** કુર્આનવાળાથી મુરાદ તે મુસલમાન છે જે હમેશાં તિલાવત કરતો હોય અને એના પર આમિલ (અમલ કરનાર) હોય. તે શખ્સ નહીં જે કુર્આન પઢતો હોય અને કુર્આન એના પર લઅનત કરતુ હોય, કેમ કે એ તિલાવત તો અઝાબે ઈલાહીનો સબબ છે. અમુક આર્યા તથા ઈસાઈ પણ કુર્આને પાક પર વાંધા ઉઠાવવા માટે કુર્આને પાક પઢે છે બલ્કે હિફ્ઝ પણ કરી લે છે. પંડિત કાલીચરણ ૧૪ પારાનો હાફિઝ થયો. *(મિર્કાત)*

**૨.** જન્નતના દરવાજાઓ ઉપર નીચે છે. જેટલા પ્રમાણમાં દરજાઓની બુલંદી એટલા પ્રમાણમાં બેહતર, ઈન્શા અલ્લાહ ! એ દિવસે તિલાવતે કુર્આન મોમિનોના માટે પાંખોનું કામ આપશે. અથવા એનાથી મર્તબાઓમાં અલ્લાહની નઝદીકીમાં પ્રગતિ કરવી મુરાદ છે. એટલે કે તિલાવત કરતો જા અને મારાથી અધિકતર નજીક થતો જા.

**૩.** એટલે કે જ્યાં તારું પઢવાનું ખત્મ ત્યાં તારું ચઢવાનુ ખત્મ. ત્યાં એટલા પ્રમાણમાં તિલાવત કરી શકશે જેટલા પ્રમાણમાં તિલાવત દુનિયામાં કરતો હતો, અને જેવી રીતે ધીરેથી અથવા જલ્દી અહીં તિલાવત કરતો હતો એ જ પ્રમાણે ત્યાં કરશે. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે જન્નતના છ હજાર છસો છાસઠ દરજા છે, કેમ કે કુર્આને કરીમની આયતો એટલી જ છે અને દરેક આયત પર એક દરજો મળે છે. જો દરજા એનાથી ઓછા હોય તો આ હિસાબ કેવી રીતે બરાબર થાય, અને દરેક બે દરજાઓની વચ્ચે એટલુ અંતર છે જેટલુ જમીન તથા આસ્માન વચ્ચે અંતર છે. (મિર્કાત) **બીજો** એ કે જન્નતમાં કોઈ ઈબાદત ન હશે સિવાય કુર્આનની તિલાવતના પણ એ તિલાવત લિજ્જત તથા દરજાઓની પ્રગતિના માટે હશે, જેમ કે ફરિશ્તાઓની તસ્બીહ. **ત્રીજો** એ કે દુનિયામાં કુર્આને કરીમની તિલાવતનો આદી (આદતવાળો) મૃત્યુ પછી ઈન્શા અલ્લાહ ! કુર્આનનો હાફિઝ થઈ જશે. નહીં તો એ શખ્સ ત્યાં કુર્આન જોયા વિના આખુ કુર્આન કેવી રીતે પઢી શકશે ?! **ચોથો** એ કે તર્જુમો સમજ્યા વિના પણ તિલાવત ઘણી જ લાભદાયી છે, કેમ કે અહીં તિલાવતને મુત્લક઼ (બિનશર્તી) રાખવામાં આવેલ છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે કુર્આનમાં ચિંતન કરવું કેવળ તિલાવત કરતાં અફઝલ છે. એટલા માટે હઝરત સિદ્દીકે અકબર હાફિઝ સહાબીઓ કરતાં અફઝલ થયા. જન્નતમાં સર્વ ઉમ્મતથી ઉચ્ચ દરજામાં આપ જ હશે.

**★ હદીષ : (૨૭)-૨૧૩૫ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الَّذِي لَيْسَ فِي جَوْفِهِ شَيْءٌ مِنَ الْقُرْآنِ كَالْبَيْتِ الْخَرِبِ». رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ صَحِيح

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **જેના સીનામાં કુર્આન નથી તે વેરાન ઘરની જેમ છે**[1] (તિર્મિઝી, દારમી) અને તિર્મિઝીએ કહ્યું કે આ હદીષ સહીહ છે."*

**૧.** جوف (જૌફ)નો હકીકી અર્થ પેટ છે. એટલા માટે મોઅતલે ઐન (અરબી ગ્રામરમાં એ શબ્દો જેમાં ઐનની જગ્યા પર આવનાર શબ્દ હર્ફે ઈલ્લત હોય)ને اجوف (અજવફ) એટલે ખાલી પેટવાળો કહે છે. રબ તઆલા ફર્માવે છે : مَا جَعَلَ اللّٰهُ لِرَجُلٍ مِّنۡ قَلۡبَيۡنِ فِىۡ جَوۡفِهٖ (અલ્લાહે કોઈ માણસની અંદર બે દિલ નથી રાખ્યાં *–સૂ. અહઝાબ, ૩૩/૪)* પણ અહીં જૌફથી મુરાદ દિલ કે સીનો છે, ઘરની આબાદી, માણસ તથા સામાન સૌ છે. દિલની આબાદી કુર્આનથી, બાતિન એટલે રૂહની આબાદી ઈમાનથી. તો જેને કુર્આન તદ્દન યાદ ન હોય અથવા ભલે યાદ હોય પણ કદી તેની તિલાવત ન કરે અથવા એની વિરૂધ્ધ અમલ કરે, તેનું દિલ એવું જ વિરાન (ઉજ્જડ) છે જેવી રીતે માણસ તથા સામાનથી ખાલી ઘર. (શેઅર) *આબાદ વોહી દિલ હૈ કે જિસમેં તુમ્હારી યાદ હૈ–જો યાદસે ગાફિલ હુવા, વિરાન હય, બર્બાદ હૈ*

**★ હદીષ : (૨૮)-૨૧૩૬ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " يَقُولُ الرَّبُّ تَبَارَكَ وَتَعَالَى: مَنْ شَغَلَهُ الْقُرْآنُ عَنْ ذِكْرِي وَمَسْأَلَتِي أَعْطَيْتُهُ أَفْضَلَ مَا أُعْطِي السَّائِلِينَ. وَفَضْلُ كَلَامِ اللَّهِ عَلَى سَائِرِ الْكَلَامِ كَفَضْلِ اللَّهِ عَلَى خَلْقِهِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

*''હઝરત અબૂ સઈદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે રબ તઆલા ફર્માવે છે, જેને કુર્આન મજીદ મારા અન્ય ઝિક્ર અને મારાથી માગવાથી રોકી દે[૧] તેને હું માગનારાઓ કરતાં વધુ આપીશ[૨] અને અલ્લાહ તઆલાના કલામની ફઝીલત સર્વ કલામો પર એવી જ છે જેવી અલ્લાહની અઝમત પોતાની ખલ્ક (મખ્લૂક) પર[૩] (તિર્મિઝી, દારમી, બયહકી, શોઅબુલ ઈમાન)[૪] અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.''*

**૧.** કુર્આનથી મુરાદ કુર્આનનું હિફ્ઝ (યાદ કરી લેવું) અથવા કુર્આનની તિલાવત અથવા કુર્આન પર તફક્કુર તથા તદબ્બુર (ચિંતન મનન) છે. એટલે જો હાફિઝ અથવા કારીએ કુર્આન અથવા તજવીદ યાદ કરવામાં આલિમે દીન કુર્આને કરીમથી મસાઈલ કાઢવામાં એટલો મશ્ગૂલ રહે કે તેને અન્ય વઝીફાઓ દુઆઓનો સમય જ ન મળે. એ જ પ્રમાણે જે મુઅલ્લિમ કુર્આનના ઈલ્મોની તાલીમમાં વ્યસ્તતાને કારણે દુરૂદ તથા વઝીફા, દુઆઓ ન કરી શકે. અહીં દુઆઓ વઝીફાઓથી મુરાદ તે દુઆઓ વઝીફા છે જે કુર્આન મજીદના ઉપરાંત છે, નહીં તો કુર્આન શરીફમાં ખુદ ઘણી દુઆઓ વઝીફા છે.

**૨.** اعطي મુતકલ્લિમનો સેગો છે એટલા માટે સાઈલીન મન્સૂબ આવ્યું. યાદ રાખશો કે રબ તઆલાથી દુઆઓ માગવી એ સ્પષ્ટપણે અને ઉઘાડી રીતે ભીખ માગવું છે. પણ તિલાવતે કુર્આન અથવા તાલીમે કુર્આન ઈન્ડાયરેક્ટ રીતે ભીખ છે. જેમ કે આપણા દરવાજા પર ભીખારી ઉભો રહીને આપણી તારીફ કરે છે કે આપ ઘણા સખી દાતા છે. એ જ પ્રમાણે દુરૂદ શરીફ પર્દા હેઠળ દુઆ છે. ભીખારી માલદારનાં બાળ બચ્ચાંને દુઆઓ આપીને એના હેઠળ ભીખ માગે છે, બાળકો જીવતાં રહે, જાન માલની ખૈર થાય. આપણે પણ રબ તઆલાના મહબૂબને દુઆઓ આપી આપીને તેમનાથી ભીખ માગીએ છીએ. એટલા માટે દુરૂદ શરીફના વિશે પણ મિશ્કાત શરીફમાં આવી ગયું કે જે શખ્સ દુરૂદ શરીફમાં મશગૂલિયતના કારણે દુઆ ન માગી શકે તેની સર્વ જરૂરીયાતો આપોઆપ જ પૂરી થશે. દુ:ખ, દર્દ, રંજો ગમ આપોઆપ જ દૂર થઈ જશે.

**૩.** જાહેર એ છે કે આ વાક્ય પણ હુઝૂરે અન્વર ﷺનું જ ફર્માને આલી છે. એટલે કે કલામની શાન

મુતકલ્લિમ (કલામ વાત કરનાર)ની શાનના પ્રમાણે હોય છે એક વાત ફકીરે બેનવા (લેખક) કહે એના પર કોઈ ધ્યાન પણ નથી આપતું, એ જ વાત બાદશાહ કહે તો દુનિયામાં ધૂમ મચી જાય છે. કેમ કે કલામુલ્લાહ રબ તઆલાનું કલામ છે એટલા માટે સર્વ મખ્લૂકના કલામ (વાત) કરતાં યકીનન ! અફઝલ છે. એ જ પ્રમાણે હુઝૂરે અન્વર ﷺ ખુદા પછી તમામ લોકોથી અફઝલ છે, તો હુઝૂરે અન્વર ﷺની હદીષો સર્વ ખલ્ક (લોકો)ના કલામો કરતાં કુર્આન બાદ અફઝલ ગણશે.

**૪.** આ હદીષના સર્વ રાવીઓ ષિકહ છે અતિયા ઔફી સિવાય, કે એમનામાં કાંઈક ઝોઅફ છે. પણ ફઝાઈલે આમાલમાં ઝઈફ હદીષ પણ વિશ્વસનીય છે. ખાસ કરીને જ્યારે બીજી રિવાયતો અથવા કુર્આની આયતોથી તેને શક્તિ મળી જાય, આ હદીષને બીજી અસ્નાદોથી શક્તિ હાંસલ છે એટલા માટે એને તિર્મિઝીએ હસન કહી.

**★ હદીષ : (૨૯)-૨૧૩૭ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَرَأَ حَرْفًا مِنْ كِتَابِ اللَّهِ فَلَهُ بِهِ حَسَنَةٌ وَالْحَسَنَةُ بِعَشْرِ أَمْثَالِهَا لَا أَقُولُ: آلم حَرْفٌ. أَلْفٌ حَرْفٌ وَلَامٌ حَرْفٌ وَمِيمٌ حَرْفٌ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيب إِسْنَادًا

*"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કિતાબુલ્લાહ કુર્આને કરીમનો એક હર્ફ (અક્ષર) પઢે[1] તો તેને એક નેકી અને નેકીનો દસ ગણો[2] હું નથી કહેતો કે الم એક હર્ફ છે[3] બલ્કે **અલિફ** એક હર્ફ છે, **લામ** એક હર્ફ છે અને **મીમ** એક હર્ફ છે[4] (તિર્મિઝી, દારમી) તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ અસ્નાદથી હસન પણ છે સહીહ પણ ગરીબ પણ."*

**૧.** જાહેર એ છે કે અહીં હર્ફથી મુરાદ તે હર્ફ છે જે અલગ અલગ પઢવામાં આવે, જેથી الٓمٓ ત્રણ હર્ફ છે. જેમ કે અલિફ એક હર્ફ, લાફ એક હર્ફ અને મીમ એક હર્ફ. *(મિર્કાત)* પણ અધિક મજબૂત એ છે કે હર્ફથી મુરાદ મુત્લકન હર્ફ છે, અલાહિદગીના પાત્ર હોય કે ન હોય. કેમ કે હદીષે પાકમાં કોઈ કૈદ નથી. જેથી કુર્આને કરીમમાં શબ્દ અલ્લાહ પઢવાથી ચાલીસ નેકીઓ મળશે. યાદ રાખશો કે કુર્આને પાકમાં ખબીષ (ગંદી, નાપાક) ચીજોનાં નામો પણ છે : અબૂ લહબ, ઈબ્લીસ, શૈતાન, ખિન્ઝીર વગેરે, એ નામોની તિલાવત પર પણ સવાબ એ જ હિસાબથી મળશે કે એ હર્ફો કે એના તર્જુમા બુરા નથી બલ્કે એના મિસ્દાક ખબીષ છે. આ તેહકીક યાદ રાખવામાં આવે.

**૨.** આ ફર્માનમાં આ આયતે કરીમાની તરફ નિર્દેશ છે કે مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તો એના માટે એના જેવી દસ છે. –સૂ. અન્આમ, ૬/૧૬૦) આ તો અદના સવાબ છે, આગળ રબ તઆલાનો ફઝ્લ આપણી ગણત્રીથી બહાર છે : وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ (અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. –સૂ. બકરહ, ૨/૨૬૧) મિર્કાતમાં ફર્માવ્યું કે આ સવાબ આ હદીષથી માલૂમ કરો કે મક્કા મોઅઝ્ઝમામાં એક નેકીનો સવાબ એક લાખ છે અને મદીના પાકમાં પચાસ હજાર છે.

**3.** કેમ કે અરબીમાં હર્ફ, હર્ફે મઆની, હર્ફે મબાની એટલે હર્ફે હિજ્જા (સર્વ લાભદાયી મુત્લકન કલમા સૌને કહેવામાં આવે છે એટલા માટે હુઝૂર ﷺએ ખુદ તફસીર ફર્માવી.

**૪.** અલિફ, લામ, મીમને હર્ફ ફર્માવવું મજાઝત છે, નહીં તો એ હર્ફોનાં નામ એટલે અસ્માએ હુરૂફ છે એમાં બારીક નિર્દેશ એ તરફ છે કે અલિફમાં ત્રણ હર્ફ છે : ا.ل.ف (અલિફ, લામ, ફે) પણ તેને અમે એક હર્ફ જ માનીએ

છીએ કે કુર્આની તિલાવતમાં એ એક હર્ફ બનીને આવે છે. ભલે તેના ભાગો ત્રણ છે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે الم تر (અલમતર કૈફ)માં "અલમ"ની ત્રીસ નેકીઓ છે, અને الٓمٓ ذٰلِكَ الْكِتٰبُમાં الٓمٓની નેવું નેકીઓ છે, કેમ કે એમાં હર્ફ નવ છે. અસ્માએ હુરૂફ (હર્ફોના નામો) ભલે ત્રણ છે. પણ આ કૌલ હદીષની વિરૂધ્ધ છે, કેમ કે અસલમાં લખેલા હુરૂફ (હર્ફો) મુરાદ છે ન કે મફરૂઈ એટલે પઢવામાં આવેલા હર્ફો. અને લખાયેલા હર્ફો સૂરએ ફીલ તથા બકરહમાં સરખા છે.

**★ હદીષ : (૧)-૨૧૩૮ ★**

وَعَنِ الْحَارِثِ الْأَعْوَرِ قَالَ: مَرَرْتُ فِي الْمَسْجِدِ فَإِذَا النَّاسُ يَخُوضُونَ فِي الْأَحَادِيثِ فَدَخَلْتُ عَلَى عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ فَأَخْبَرْتُهُ قَالَ: أَوَقَدْ فَعَلُوهَا؟ قلت نعم قَالَ: أما إِنِّي قَدْ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُول: «أَلا إِنَّهَا سَتَكُون فتْنَة» . فَقلت مَا الْمَخْرَجُ مِنْهَا يَا رَسُولَ اللَّهِ قَالَ: «كتاب الله فِيهِ نبأ مَا كَانَ قبلكُمْ وَخبر مَا بعدكم وَحكم مَا بَيْنكُم وَهُوَ الْفَصْلُ لَيْسَ بِالْهَزْلِ مَنْ تَرَكَهُ مِنْ جَبَّارٍ قَصَمَهُ اللَّهُ وَمَنِ ابْتَغَى الْهُدَى فِي غَيْرِهِ أَضَلَّهُ اللَّهُ وَهُوَ حَبْلُ اللَّهِ الْمَتِينُ وَهُوَ الذِّكْرُ الْحَكِيمُ وَهُوَ الصِّرَاطُ الْمُسْتَقِيمُ هُوَ الَّذِي لَا تَزِيغُ بِهِ الْأَهْوَاءُ وَلَا تَلْتَبِسُ بِهِ الْأَلْسِنَةُ وَلَا يَشْبَعُ مِنْهُ الْعُلَمَاءُ وَلَا يَخْلَقُ على كَثْرَةِ الرَّدِّ وَلَا يَنْقَضِي عَجَائِبُهُ هُوَ الَّذِي لَمْ تَنْتَهِ الْجِنُّ إِذْ سَمِعَتْهُ حَتَّى قَالُوا (إِنَّا سَمِعْنَا قُرْآنًا عَجَبًا يَهْدِي إِلَى الرُّشْدِ فَآمَنا بِهِ)

مَنْ قَالَ بِهِ صَدَقَ وَمَنْ عَمِلَ بِهِ أُجِرَ وَمَنْ حَكَمَ بِهِ عَدَلَ وَمَنْ دَعَا إِلَيْهِ هُدِيَ إِلَى صِرَاطٍ مُسْتَقِيمٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ إِسْنَادُهُ مَجْهُولٌ وَفِي الْحَارِث مقَال

*"હઝરત હારિષથી રિવાયત છે. ફર્માવે છે કે હું મસ્જિદમાં પસાર થયો તો લોકો વાતચીતમાં વ્યસ્ત હતા[૧] હું હઝરત અલી رضی اللہ عنہ ની પાસે ગયો[૨] મેં આપને એની ખબર આપી તો ફર્માવ્યું, શું લોકો આવી હરકત કરવા લાગ્યા ?! મેં કહ્યું, હા ! ફર્માવ્યું, ખબરદાર રહો ! મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે નજીકમાં ફિત્ના થશે[૩] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એનાથી છૂટકારાનો માર્ગ શું છે ?[૪] ફર્માવ્યું, અલ્લાહ તઆલાની કિતાબ[૫] જેમાં તમારા આગલાઓની ખબરો અને પાછલાઓની ખબરો અને તમારા આપસના ફૈસલાઓ છે. કુર્આન ફૈસલો કરનાર છે.[૬] એ ગૈર દુરુસ્ત નથી. જે જાલિમ તેને છોડી દેશે અલ્લાહ તેના ટુકડા ઉડાડી દેશે[૭] અને **જે એના ગૈરમાં હિદાયત શોધશે તેને ગુમરાહ કરી દેશે[૮]** એ અલ્લાહની મજબૂત રસ્સી છે અને એ હિકમતવાળો ઝિક્ર છે. એ સીધો રસ્તો છે[૯] કુર્આન તે છે જેની બરકતથી ખયાલો બગડતા નથી[૧૦] અને જેનાથી અન્ય ઝબાનો શંકાસ્પદ નથી થતી[૧૧] જેનાથી ઉલમા સૈર (તૃપ્ત) નથી થતા[૧૨] જે અધિક દોહરાવવાથી જૂનુ નથી થતુ[૧૩] જેની અજાયબીઓ ખત્મ નથી થતી[૧૪] કુર્આન જ તે છે કે જ્યારે એને જિન્નાતે સાંભળ્યું તો એવું કહ્યા વગર ન રહી શક્યા કે અમે અજબનું કુર્આન સાંભળ્યું છે જે કાબેલિયતની રહબરી કરે છે તો અમે એના પર ઈમાન લઈ આવ્યા[૧૫] જે કુર્આનનો કાઈલ (માનનાર) હોય તે સાચો છે. જેણે એના પર અમલ કર્યો તે સવાબ પામશે અને જે એના પર ફૈસલો કરશે તે ન્યાયી હશે અને જે એની તરફ બોલાવશે તે સીધી રાહની તરફ બોલાવશે.[૧૬] (તિર્મિઝી,*

*દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષની અસ્નાદ મજહૂલ છે અને હારિષમાં કાંઈક વાતચીત થઈ છે.[૧૭]"*

**૧.** અહાદીષથી મુરાદ દુનિયવી વાતો છે જે મસ્જિદમાં હરામ છે ભલે ને જાઈઝ વાતો જ હોય. ત્યાં ગીબત, જૂઠ વગેરે હરામ વાતો તો અધિક સખત હરામ છે અહાદીષથી મુરાદ નબવી હદીષો નહીં, જેવું કે અમુક જાહિલોએ સમજ્યું. મસ્જિદમાં હદીષ શરીફ, ફિક્હ વગેરે દીની ઈલ્મોનો દર્સ બેહતરીન ઈબાદત છે. અસ્હાબે સુફ્ફા મસ્જિદે નબવીમાં રહેતા હતા અને હુઝૂરે અન્વર ﷺથી સર્વ દીની ઈલ્મો શીખતા હતા. આ હારિષ તાબઈ છે. હઝરત અલી كرم الله وجهه الكريم ના ખાસ ખાદિમોમાંથી છે.

**૨.** જો કે તે વખતે અન્ય સહાબીઓ પણ મૌજૂદ હતા છતાં આપ ખાસ કરીને હઝરત અલીની પાસે ગયા કે હઝરત અલી નબુવ્વતના શહેરના દરવાજા છે : انا مدينة العلم وعلیٌّ بابها આ હદીષ જો કે અસ્નાદે મુકર્રરાથી ઝઈફ છે પણ હદીષનું મતન સહીહ છે. *(મિર્કાત)*

**૩.** જાહેર એ છે કે અહીં ફિત્નાઓથી મુરાદ એ લડાઈઓ તથા ઝઘડા છે જે સહાબીઓમાં જાહેર થઈ અને મસ્જિદમાં દુનિયવી વાતો કરવી એ ફિત્નાઓના જાહેર થવાની નિશાની છે. એટલે કે હવે એ ફિત્ના નજીક આવી ગયા, કેમ કે મસ્જિદમાં દુનિયવી વાતો થવા લાગી. અમુકે એનાથી મુરાદ આગનું અથવા દજ્જાલનું નીકળવું મુરાદ લીધું પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. યાદ રાખશો કે ફિત્નો આમ મુસીબત અથવા અજમાઈશને કહે છે.

**૪.** એટલે કે એવુ કયુ કામ કરવામાં આવે જેનાથી એ ફિત્નાઓથી મુસલમાન બચેલો રહે.

**૫.** કુર્આને કરીમ પર અમલ અથવા એની તિલાવતમાં મશગૂલિયત. જાણવા મળ્યું કે **અમુક નેકીઓની બરકતથી માણસ દુનિયવી આફતોથી મેહફૂઝ રહે છે.** દુરૂદ શરીફની અધિકતા મૌત તથા જિંદગીના ફિત્નાઓથી મેહફૂઝ રાખે છે, અલ્લાહના ફઝ્લથી.

**૬.** એટલે કે કુર્આન શરીફ એવી સમૃધ્ધ કિતાબ છે કે એમાં પાછલી ઉમ્મતોના બનાવો, ભાવિના કયામત સુધીના બલ્કે જન્નત દોઝખના હાલાત પણ છે અને ઈબાદતો તથા મામલાઓ તથા રાજનીતિઓ પણ છે.

**૭.** આ વાક્ય ક્યાં તો ખબર છે અથવા બદ દુઆ. એટલે કે જે શખ્સ કુર્આનની વિરૂધ્ધ ચાલે ખુદા તેના ટુકડા ઉડાડી આપશે. અથવા જે એના સિવાય અન્ય રાહ અપનાવશે તેને ખુદા બર્બાદ કરી દેશે, એટલે તે કાફિર થઈ જશે. યાદ રાખશો **કુર્આન શરીફને નાહક્ક જાણીને તેને છોડી આપવું કુફ્ર છે** અને **તેને હક્ક જાણીને અમલ ન કરવો ગુનોહ,** અને **મજબૂરન એના પર અમલ ન કરી શકવું મજબૂરી છે જેના પર પકડ નથી.** અહીં પહેલી સ્થિતિ મુરાદ છે, જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે.

**૮.** ગૈર કુર્આનથી મુરાદ અક્લી ઈલ્મો અથવા કાફિરોની પયરવી છે. હદીષ તથા ફિક્હ ગૈર કુર્આન નથી કે એ બંનેવ કુર્આને કરીમની શરહો છે. જેમ કે કેવળ સરફ તથા નહ્વ કુર્આને પાકના માટે સહાયક છે જેથી આ હદીષની ચકળાલ્વી દલીલ નથી પકડી શકતા.

**૯.** આ સર્વ ચીજો કુર્આને કરીમની ખૂબીઓ પણ છે અને એના નામ પણ. કુર્આને પાકમાં ખુદ એ નામ મૌજૂદ છે. રસ્સી વડે વિખેરાયેલાને એકત્ર કરવામાં આવે છે. રસ્સી વડે કૂવાઓએથી ચરખીને ઉપર કાઢવામાં આવે છે.

કુર્આને કરીમમાં આ સર્વ સિફતો (ખૂબીઓ, ગુણો) મૌજૂદ છે. રબ તઆલાએ ફર્માવ્યું, وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا (અને અલ્લાહની રસ્સી મજબૂત પકડી લો સૌ મળીને. *–સૂ. આલે ઈમરાન, ૩/૧૦૩*) ત્યાં حَبْلِ اللّٰهِથી મુરાદ કુર્આને પાક છે અથવા હુઝૂરે અન્વર ﷺ અથવા બંનેવ. ઝિક્રનો અર્થ ઈજ્જત, ખ્યાતિ, નસીહત, ઉલ્લેખ છે. કુર્આને કરીમમાં આ સર્વ સિફતો મૌજૂદ છે કે એ જ કુર્આનના કારણે અરબવાસીઓની દુનિયામાં ખ્યાતિ તથા ઈજ્જત થશે. એમાં દરેક પ્રકારની નસીહતો, દરેક પ્રકારની ચર્ચાઓ છે. એ ખુદા સુધી પહોંચવાનો સીધો રસ્તો છે, જે એને છોડી આપે તે રબ તઆલા સુધી નથી પહોંચી શકતો.

**૧૦.** એટલે કે જે કુર્આને કરીમથી સહીહ તૌર પર દલીલો કરશે તે પોતાના ખયાલોને બગડવાથી મેહફૂઝ રાખશે. જો કોઈ તેના થકી ગલત દલીલો કરે અને ગુમરાહ થઈ જાય તો કુર્આને કરીમનો વાંક નથી બલ્કે તેની દલીલોનો વાંક છે. કુર્આને કરીમને હદીષ તથા ફિક્હની રોશનીમાં સમજો. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી કે يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّ يَهْدِيْ بِهٖ كَثِيْرًا (અલ્લાહ ઘણાઓને એનાથી ગુમરાહ કરે છે અને ઘણાઓને હિદાયત કરે છે. સૂ. બકરહ, ૨/૨૬) તેમજ આ હદીષથી વર્તમાનકાળના ચકડાલ્વી દલીલ નથી પકડી શકતા કે તે કુર્આને કરીમને સહીહ તૌર પર સમજતા જ નથી. અમુક શરહકર્તાઓએ આ વાક્યનો એ અર્થ કર્યો છે કે કુર્આને કરીમને ગુમરાહ લોકો બદલી નથી શકતા. એ એ જ પ્રમાણે મેહફૂઝ રહેશે. કેમ ન હોય કે રબ તઆલા એનો હાફિઝ છે. ફર્માવે છે : اِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ (બેશક ! અમે ઉતાર્યુ છે આ કુર્આન અને બેશક ! અમે ખુદ એના નિગેહબાન છીએ. સૂ. હિજ્ર, ૧૫/૯) આ સૂરતમાં بِهٖની بِ (બે) તઅદિયહની (સકર્મકને અકર્મક બનાવવા માટે) છે. ઈતિહાસ સાક્ષી છે કે કુર્આને કરીમ માટે ઘણી કોશિશ કરવામાં આવી છતાં બદલનારા નષ્ટ થઈ ગયા પણ કુર્આને કરીમ ન બદલાય શકયું.

**૧૧.** એટલે કે કુર્આને મજીદનું લખાણ અન્ય કલામો કરતાં એવું વિશિષ્ટ છે કે અન્ય અરબી કલામ ભલે ગમે એટલુ ફસીહ તથા બલીગ (ઉમદા) હોય, તેનાથી ભેળસેળવાળુ નથી થઈ શકતું. મખ્લૂકનું કલામ ખાલિકના કલામથી મેળાપવાળુ નથી થઈ શકતુ. અથવા આ વાક્યનો અર્થ એ છે કે આ કલામ મુસલમાનોની જીભ પર ભારે નથી પડતુ, સરળતાપૂર્વક પઢી લેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ (અને બેશક ! અમે કુર્આન યાદ કરવા માટે આસાન કરી આપ્યું. *(સૂ. કમર, ૫૪/૧૭)*

**૧૨.** એટલે કે કુર્આને કરીમના રહસ્યો તથા મુદ્દાઓ (પોઈંટ્સ) કદી ખત્મ નથી થતા. ઉલમા જ્યારે પણ વિચારણા કરે છે તો તેમાંથી નવા મસાઈલ તથા રહસ્યો માલૂમ કરે છે. કુર્આને કરીમની અંતિમ ગહરાઈ સુધી કોઈ નથી પહોંચી શકતું. આ તે મોતીઓનો સમંદર છે જેનાં મોતી કદી ખત્મ નથી થતાં.

**૧૩.** કુર્આને કરીમનો ખુલ્લો મોજિઝો છે કે અર્થ સમજ્યા વિના પણ તેને પઢવું અને સાંભળવું લિજ્જત આપે છે. અને ઉમ્રભર પઢો દરેક વાર નવી લિજ્જત આપે છે. એનાથી દિલ ઉકતાતુ નથી. અન્ય કલામ કેટલાંય આ'લા હોય પણ અમુકવાર પઢી લીધા પછી દિલ ઉકતાઈ જાય છે.

**૧૪.** આ વાક્ય પ્રથમ વાક્યોની ક્યાં તો શરહ છે અથવા દલીલ છે. એટલે એનાથી ઉલમા તૃપ્ત નથી થતા. વારંવાર પઢવાથી એ પૂરાણુ નથી થતુ, કેમ કે એના અજીબ વિષયો કદી ખત્મ નથી થતા, દરેક વખતે અજબનું લુત્ફ (લિજ્જત) આપે છે.

**૧૫.** આ નસ્બિય્યીનના જિન્નાતનો બનાવ છે જે કુર્આન શરીફે સૂરએ જિનમાં વર્ણવ્યો કે જિન્નાતના એક ગિરોહે ઉકાઝના બજારમાં હુઝૂરે અન્વર ﷺથી કુર્આને કરીમ સાંભળ્યું તો પોતાની કૌમમાં જઈને આ વાતચીત કરી.

**૧૬.** આ સર્વ ખૂબીઓ કુર્આને કરીમથી તે હાંસલ કરી શકે છે જે તેને કેવળ પોતાની રાયથી ન સમજે બલ્કે હુઝૂરે અન્વર ﷺની તાલીમથી સમજે. નહીં તો આજે દરેક બેદીન કુર્આને કરીમનું જ નામ લઈને લોકોને ગુમરાહ કરી રહેલ છે.

**૧૭.** આ હદીષની અસ્નાદમાં એક રાવી હારિષ બિન અઊર હતા. તે જો કે હઝરત અલીની સાથે રહયા છે અને તેમનાથી ચાર હદીષો પણ રિવાયત કરી છે, પણ એને નિસાઈએ કહ્યું એ ક઼વી (મજબૂત) નથી. શઅબીએ કહ્યું, એ જૂઠ્ઠો હતો. પણ અબૂ દાઊદે ફર્માવ્યું, એ મહાન ફક઼ીહ, ઈલ્મે ફરાઈઝના ઘણા જ આલિમ, ખૂબ વંશ જાણનાર હતા. ભલે હદીષના શબ્દોમાં કાંઈક ઝોઅફ (કમજોરી) હોય પણ હદીષના અર્થો તદ્દન સહીહ છે. તેમજ ફઝાઈલમાં ઝઈફ હદીષ પણ સ્વીકાર્ય છે. *(મિર્ક઼ાત, લમ્આત)*

**★ હદીષ : (૩૧)-૨૧૩૯ ★**

وَعَن معَاذ الْجُهَنِيّ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ الْقُرْآنَ وَعَمِلَ بِمَا فِيهِ أُلْبِسَ وَالِدَاهُ تَاجًا يَوْمَ الْقِيَامَةِ ضَوْءُهُ أَحْسَنُ مِنْ ضَوْءِ الشَّمْسِ فِي بُيُوتِ الدُّنْيَا لَوْ كَانَتْ فِيكُمْ فَمَا ظَنُّكُمْ بِالَّذِي عَمِلَ بِهَذَا؟» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

*"હઝરત મુઆઝ જુહની રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે. ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કુર્આન પઢે અને તેના હુકમો પર અમલ કરે[૧] તો ક઼યામતના દિવસે તેમનાં માબાપને એવો તાજ પહેરાવવામાં આવશે[૨] જેની રોશની સૂરજની રોશનીથી સારી હશે. જો સૂરજ તમારામાં હશે તો દુનિયવી ઘરોમાં હોત[૩] તો એના સંબંધે તમારો શો ખયાલ છે જે એના પર આમિલ હોય.[૪]"* *(અહમદ, અબૂ દાઊદ)*

**૧.** જાહેર એ છે કે અહીં કુર્આન પઢવાથી મુરાદ દરરોજ એની તિલાવત કરવું છે અને શક્ય છે કે કુર્આન પઢવાથી મુરાદ કુર્આની ઈલ્મો શીખવું હોય. એટલે આલિમે બાઅમલનો સવાબ તે છે જે આગળ વર્ણન થયેલ છે.

**૨.** એટલે કે આલિમે બાઅમલના મોમિન માબાપનો દરજો એ હશે ભલે તેમણે તેને પોતાની કોશિશથી પઢયું હોય કે નહીં. કેમ કે હદીષ મુત્લક઼ છે, પઢાવવાની શર્ત નથી.

**૩.** એટલે કે જો સૂરજ જમીન પર હોત તો બતાવો તેની ચમક, દમક, રોશની તમારા ઘરોમાં કેટલી હોત, એનાથી વધુ એ તાજનાં મોતી ચમકતાં હશે.

**૪.** એટલે કે પછી આલિમે બાઅમલના વિશે વિચારો કે તેને દરજો ક઼યામતમાં શું હશે, એ તો આપણા ખયાલથી પર છે.

**★ હદીષ : (૩૨)-૨૧૪૦ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَوْ جُعِلَ الْقُرْآنُ فِي إِهَابٍ ثُمَّ أُلْقِيَ فِي النَّارِ مَا احْتَرَقَ» . رَوَاهُ الدَّارِمِيّ

*"હઝરત ઉક઼બા ઈબ્ને આમિરથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જો કુર્આને ચામડામાં રાખીને આગમાં નાખવામાં આવે તો એ ન સળગે[૧]"* *(દારમી)*

**૧.** આ હદીષે પાકની ઘણી શરહો કરવામાં આવેલી છે. અધિક મજબૂત શરહ એ છે કે આગથી મુરાદ દોઝખની આગ છે. મતલબ એ છે કે કુર્આને પાકનો કાગળ સળગે ન તે ચામડુ. તો જે મો'મિનના દિલમાં અને

દિમાગમાં કુર્આને પાકના વિષયો (મઝામીન) હોય, શરીર પર કુર્આની અમલ હોય તે દોઝખમાં કેવી રીતે સળગી શકશે ?! અમુકે ફર્માવ્યું કે કુર્આને કરીમનો આ મોજિઝો હુઝૂરે અન્વર ﷺના જમાનામાં જાહેર હતો. જેમ કે હઝરત જાબિરને ત્યાં હુઝૂરે અન્વર ﷺએ કપડાના દસ્તરખાનથી હાથ મોં લુછી કાઢેલ તો તે આગમાં ન સળગ્યું હતું. મૌલાના રૂમ ફર્માવે છે : (શેઅર)

گفت زانکہ مصطفےٰ دست ودھا ۔ نبس بمالید اندریں دستار خواں

اے دل ترسندہ از نار و عذاب ۔ باچناں دست و لبے کن اقتراب

**અર્થાત** : હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે એનું કારણ એ છે કે મુસ્તફા ﷺએ આ દસ્તરખ્વાનથી ઘણીવાર પોતાના હાથ મુબારકને સાફ કર્યા હતા. હે તે વ્યક્તિ ! જેનું દિલ જહન્નમની આગ અને અઝાબથી ડરતુ હોય એને જોઈએ કે આવા મુબારક હાથો અને હોઠથી નજીક થઈ જાય.

અમુકે ફર્માવ્યું કે આ કલામ ફર્ઝ તથા તક્દીર પર છે. એટલે કે કુર્આને પાકની અઝમતનો તકાઝો એ છે કે આગમાં એનો થેલો પણ ન સળગે. જેમ કે રબ તઆલાનું ફર્માન કે :

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ (જો અમે આ કુર્આન કોઈ પહાડ પર ઉતારતા તો જરૂર તું એને જોતો ઝુકેલો ટુકડે ટુકડા થતો અલ્લાહના ડરથી. *(સૂ. હશ્ર, ૫૯/૨૧)* હઝરત અબૂ લબાનાથી રિવાયત છે. ફર્માવે છે કે **કુર્આની સૂરતો હિફ્ઝ કરો કે દિલમાં કુર્આન હશે તેને આગથી અઝાબ આપવામાં નહીં આવે.** (લમ્આત તથા મિર્કાત) યાદ રાખશો કે કુર્આને પાકના આ સર્વ ફાયદા મોમિનના માટે છે. જો કાફિર આખુ કુર્આન પણ હિફ્ઝ કરી લે તો પણ દોઝખી છે. રામચંદ્ર દહેલ્વીને ચૌદ પારા મોઢે યાદ હતા. બેજાન શરીરને કોઈ દવા ફાયદામંદ નથી એવી જ રીતે બેઈમાન દિલને કોઈ અમલ ફાયદામંદ નથી.

**★ હદીષ : (૩૩)-૨૧૪૧ ★**

وَعَنْ عَلِيِّ بْنَ أَبِي طَالِبِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَرَأَ الْقُرْآنَ فَاسْتَظْهَرَهُ فَأَحَلَّ حَلَالَهُ وَحَرَّمَ حَرَامَهُ أَدْخَلَهُ اللَّهُ بِهِ الْجَنَّةَ وَشَفَّعَهُ فِي عَشَرَةٍ مِنْ أَهْلِ بَيْتِهِ كُلُّهِمْ قَدْ وَجَبَتْ لَهُ النَّارُ. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيب وَحَفْص بن سُلَيْمَان الرَّاوِي لَيْسَ هُوَ بِالْقَوِيِّ يَضْعُفُ فِي الْحَدِيثِ

*"હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે કુર્આન પઢે પછી તેને યાદ રાખે[૧] તેના હલાલને હલાલ અને તેના હરામને હરામ જાણે[૨] તેને અલ્લાહ જન્નતમાં દાખલ કરશે અને તેના ઘરવાળાઓમાંથી એવા દસ માણસોમાં એની શફાઅત કુબૂલ ફર્માવશે જેમના માટે દોઝખ જરૂરી થઈ ચૂકી.[૩] (અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે અને હફ્સ ઈબ્ને સુલેમાન રાવી કવી નથી, તેમને હદીષમાં ઝઈફ માનવામાં આવ્યા છે[૪]"*

**૧.** استظهارનો અર્થ છે મદદ લેવી, એટલે કુર્આનમાં પોતાના દિલથી મદદ લે કે એને યાદ રાખે. દર વખતે તેનો ખયાલ તથા લેહાઝ રાખે.

**૨.** એટલે કે કેવળ તિલાવત તથા હિફ્ઝથી સંતોષ પામે બલ્કે તેના અક઼ીદાઓને માને, હુકમો પર અમલ કરે. જેથી એમાં હાફિઝ તથા આલિમે બાઅમલ બંનેવ સામેલ છે.

**૩.** આવા બાઅમલ આમિલને કુર્આને પાકથી બે મહાન ફાયદા હાંસલ થશે : એક એ કે પહેલેથી જ જન્નતમાં દાખલ કરવામાં આવશે. બીજો એ કે એના મુસલમાન સગા કુટુંબીઓમાંથી દસ દોઝખ મુસલમાનોને તેની શફાઅતથી બખ્શી દેવામાં આવશે. જાણવા મળ્યું કે શફાઅત દરજાઓની બુલંદીની જ નહીં થાય બલ્કે ગુનાહોની માફીની પણ થશે. અને ઉલમા, હાફિઝ, શહીદો વગેરેની શફાઅત બરહક્ક઼ છે. યાદ રાખશો કે શફાઅતે કુબરાનો સેહરો કેવળ હુઝૂરે અન્વર ﷺના સર પર છે, શફાઅતે સુગરા હુઝૂરે અન્વર ﷺના ગુલામ પણ કરશે. શફાઅતની તેહક઼ીક઼ તથા વહેંચણી અમારી "તફસીરે નઈમી" ભાગ–૩માં જુઓ.

**૪.** આ હદીષ ગરબી પણ છે અને હફ્સ ઈબ્ને સુલૈમાન રાવીના કારણે એની જે અસ્નાદ જેમાં આ રાવી છે ઝઈફ છે, પણ અમે અગાઉ અર્ઝ કરી ચૂક્યા છીએ કે ફઝાઈલમાં ઝઈફ હદીષ સ્વીકાર્ય છે.

**★ હદીષ : (૩૪)–૨૧૪૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم قَالَ لِأُبَيِّ بْنِ كَعْبٍ: «كَيْفَ تَقْرَأُ فِي الصَّلَاةِ؟» فَقَرَأَ أُمَّ الْقُرْآنِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَالَّذِي نَفْسِي بِيَدِهِ مَا أنزلت فِي التَّوْرَاة وَلَا فِي الْإِنْجِيل وَلَا فِي الزبُور وَلَا فِي الْفرْقَان مِثْلُهَا وَإِنَّهَا سَبْعٌ مِنَ الْمَثَانِي وَالْقُرْآنُ الْعَظِيمُ الَّذِي أُعْطِيتُهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَرَوَى الدَّارِمِيُّ مِنْ قَوْلِهِ: «مَا أُنْزِلَتْ» وَلَمْ يَذْكُرْ أُبَيُّ بْنُ كَعْبٍ. وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઉબય ઈબ્ને ક઼અબને ફર્માવ્યું, તમે નમાઝમાં કુર્આન કેવી રીતે પઢો છો ?[1] તો તેમણે* الحمد *(અલ્હમ્દ શરીફ) પઢી[2] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એની ક઼સમ જેના ક઼બજામાં મારી જાન છે ! આના જેવી સૂરત ન તૌરાતમાં ઉતરી ન ઈન્જીલમાં અને ન ઝબૂરમાં અને ન કુર્આનમાં[3] અને આ સાત મુકર્રર (વારંવાર પઢાતી) આયતો અને કુર્આને અઝીમ છે જે મને અતા થયાં.[4] તિર્મિઝી તથા દારમીએ* ماانزلت *થી રિવાયત કરી અને ઉબય ઈબ્ને કઅબનો બનાવ ન વર્ણવ્યો.[5] તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન તથા સહીહ છે."*

**૧.** એટલે નમાઝની દરેક રકાતમાં કઈ સૂરત પઢો છો અને કેવી રીતે પઢો છો ? મને પઢી સંભળાવો. જાણવા મળ્યું કે શાગિર્દોની પરીક્ષા લેવી સુન્નત છે. ફક઼ીરની આ શરહથી હદીષ પર એ વાંધો ન રહ્યો કે હઝરત ઉબયનો જવાબ સરકારના સવાલના પ્રમાણે નથી, કેમ કે અહીં કિરાઅત, ક઼િરાઅતનો તરીક઼ો અને પઢવામાં આવે તે સૌના વિશે હતું. એટલા માટે જવાબમાં હઝરત ઉબયનું સૂરએ ફાતિહા પઢીને સંભળાવી દેવું એ દરેક સવાલનો જવાબ થઈ ગયું.

**૨.** સૂરએ ફાતિહાના ઘણા નામો છે જેમાંથી એક નામ ઉમ્મુલ કુર્આન પણ છે કે આ સૂરત કુર્આનના સર્વ વિષયોને પોતાનામાં એવી રીતે સમાવેલ છે જેવી રીતે મા બાળકને પોતાના પેટ કે ખોળામાં લીધેલ હોય છે. એની તેહક઼ીક઼ અમારી કિતાબ "તફસીરે નઈમી" પ્રથમ પારામાં જુઓ. એનાથી જાણવા મળ્યું કે શાગિર્દનું ઉસ્તાદને પઢેલો સબક઼ સંભળાવવું સહાબાની સુન્નત છે.

**૩.** એટલે કે આવા ફઝાઈલ તથા ફાયદાઓવાળી સમૃધ્ધ સૂરત કોઈ અન્ય આસ્માની કિતાબમાં તો શું હોતી, ખુદ કુર્આન કરીમમાં પણ નથી સૂરએ ફાતિહાના ફઝાઈલ તથા ફાયદા અગણિત છે. એટલા માટે એ નમાઝની દરેક

રકાતમાં પઢવામાં આવે છે. તેના ફઝાઈલ તથા ફાયદાઓની થોડીક વિગત અમારી કિતાબ ''તફસીરે નઈમી'' પારા પ્રથમમાં જુઓ. આ સૂરએ શિફા છે, અમાન છે, મો'મિનની હિર્ઝે જાન છે.

**૪.** એટલે કુર્આન મજીદમાં ઈર્શાદ થયો : سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ (અને બેશક ! અમે તમને સાત આયતો આપી જે દોહરાવવામાં આવે છે અને અઝમતવાળુ કુર્આન. સૂ. હિજ્ર, ૧૫/૮૭) એનાથી મુરાદ સૂરએ ફાતિહા છે. એમાં સાત આયતો છે અને દરેક રકાતમાં વારંવાર પઢવામાં આવે છે. તેમજ એનું ઉતરાણ હિજરતથી પહેલાં પણ થયું અને બાદમાં પણ, એટલે માટે એ સબએ મષાની છે, એટલે સાત મુકર્રર આયતો. અને એ કુર્આને અઝીમ પણ છે કેમ કે કુર્આને કરીમની દરેક આયત કુર્આન છે. જેમ કે પાણીનું દરેક ટીપુ પાણી છે. જેથી આ આયતે કરીમામાં એ બંનેવ ખૂબીઓ સૂરએ ફાતિહાની છે.

**૫.** એટલે દારમીની રિવાયતમાં હઝરત ઉબય બિન કઅબનો આ બનાવ વર્ણવેલ નથી, કેવળ ફઝાઈલ વર્ણવેલા છે.

**★ હદીષ : (૩૫)-૨૧૪૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَعَلَّمُوا الْقُرْآنَ فَاقْرَءُوهُ فَإِن مثل الْقُرْآن لمن تعلم وَقَامَ بِهِ كَمثل جراب محشو مسكا يفوح رِيحُهُ كُلَّ مَكَانٍ وَمَثَلُ مَنْ تَعَلَّمَهُ فَرَقَدَ وَهُوَ فِي جَوْفِهِ كَمَثَلِ جِرَابٍ أُوكِئَ عَلَى مسك» . رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ وَابْن مَاجَه

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કુર્આન શીખો[1] પછી તેને પઢયા કરો[2] કેમ કે જે કુર્આન શીખે અને તેની કિ઼રાઅત કરે અને એના પર અમલ કરે એનું દષ્ટાંત એ થેલાના જેવું છે જેમાં મુશ્ક (કસ્તૂરી) ભરેલી હોય જેની ખુશ્બુ દરેક જગાએ મહેકી રહી હોય.[3] અને જે એને શીખે પછી સૂતેલો રહે[4] એ રીતે કે તેના સીનામાં કુર્આન હોય તે એ થેલાની જેમ છે જે મુશ્ક પર માથેથી બંધ કરી દેવામાં આવેલ હોય.[5]''*

*(તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** જાહેર એ છે કે કુર્આન શીખવાથી મુરાદ આમ છે જેમાં કુર્આનના શબ્દો, અર્થો, હુકમો શીખવા સૌ સામેલ છે. ફકીહો ફર્માવે છે, હિફ્ઝે કુર્આન ફર્ઝે કિફાયા છે. વિવિધ વસ્તીઓમાં એટલા હાફિઝ જરૂરથી રહે જેમના થકી કુર્આને કરીમનો તવાતુર (સતત ક્રમ) ચાલુ રહે અને કોઈ બેદીન કુર્આનમાં તબદીલી ન કરી શકે. જેથી જો હિફ્ઝ કરી લે તો સૌનો ફર્ઝ અદા થઈ ગયો. ઈલ્મે કુર્આનનો પણ એ જ હાલ છે અને નમાઝ જાઈઝ થાય એટલા પ્રમાણમાં કુર્આન હિફ્ઝ્ કરવું ફર્ઝે અયન છે, જેથી જરૂરત મુજબના મસાઈલ યાદ કરવા શીખવા ફર્ઝે અયન છે અને પૂરા આલિમે દીન બનવું ફર્ઝે કિફાયા છે.

**૨.** એટલે કે કુર્આન શરીફ યાદ કર્યા અને શીખ્યા બાદ તેનો દોર ન છોડી દો અને પોતાના હાફિઝા (યાદ શક્તિ) પર વિશ્વાસ ન કરી લો, કેમ કે એ ખૂબ જ જલ્દી દિમાગથી ઉતરી જાય છે. અથવા મતલબ એ છે કે કુર્આનની કિ઼રાઅત એટલે 'તજવીદ' શીખો. નમાઝ જાઈઝ થઈ જાય એટલા પ્રમાણમાં તજવીદ શીખવી પણ ''ફર્ઝે અયન'' છે અને પૂરા કા઼રી બનવું ફર્ઝે કિફાયા છે. એટલા માટે ઉર્સ, ખતમ, મીલાદ તથા ગ્યારહવીં શરીફ વગેરેમાં કુર્આની રુકૂઅ પંજ આયાત પઢે છે કે જેથી લોકોમાં કિ઼રાઅતનો ચર્ચો રહે. આ ચીજો ખાસ કરીને તરાવીહની નમાઝ કુર્આનની સલામતીનો મહાન ઝરીયો છે.

**૩.** જેથી આવા આલિમ તથા કારીનો સીનો જાણે કે થેલો છે અને એમાં કુર્આન શરીફ જાણે કે થેલામાં ભરેલુ મુશ્ક છે, અને એ કારીનું તિલાવત કરવું એ મુશ્કની મહેક છે જેનાથી સાંભળનારા ફાયદો ઉઠાવે છે. દરેક જગાએથી મુરાદ કુર્આન સાંભળનારા છે. જે કુર્આની ઈલ્મનો પ્રચાર કરી જાય તેની મહેકથી કયામત સુધીના મુસલમાન ફાયદો ઉઠાવતા રહે છે. રબ તઆલા કુર્આનની ખિદમતની તૌફીક બખ્શે.

**૪.** કે એની તિલાવત ન કર્યા કરે અથવા એના પર અમલ ન કર્યા કરે.

**૫.** એ બંધ થેલામાં જો કે મુશ્ક તો છે અને એ જ મુશ્કના કારણે થેલો કિંમતી પણ છે, પણ લોકો એનાથી ફાયદો નથી ઉઠાવતા, એ જ પ્રમાણે આ શખ્સ અલ્લાહની નજીક કિંમતી છે, હાફિઝે કુર્આન કે આલિમે કુર્આન હોવાના કારણે. પણ લોકો એનાથી ફાયદો નથી ઉઠાવતા બલ્કે ખુદ પણ ફાયદો નથી ઉઠાવતા.

**★ હદીષ : (૩૬)-૨૧૪૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:مَنْ قَرَأَ(حم)الْمُؤْمِنَ إِلَى(إِلَيْهِ الْمَصِيرُ)وَآيَةَ الْكُرْسِيِّ حِينَ يُصْبِحُ حُفِظَ بِهِمَا حَتَّى يُمْسِيَ. وَمَنْ قَرَأَ بِهِمَا حِينَ يُمْسِي حُفِظَ بهما حَتَّى يصبح ". رَوَاهُ التِّرْمِذِيّ والدرامي وَقَالَ التِّرْمِذِيّ هَذَا حَدِيث غَرِيب

*"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ સવારના સમયે સૂરએ હા-મીમ મુઅ્મિન اليه المصير સુધી[૧] અને આયતુલકુર્સી પઢી લીધા કરે તો સાંજ સુધી તેની હિફાઝત કરવામાં આવશે[૨] અને જે આ બંનેવને સાંજે પઢી લીધા કરે તો સવાર સુધી તેની હિફાઝત થશે[૩] (તિર્મિઝી, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[૪]"*

**૧.** એટલે કે સૂરએ મોમિનની પ્રથમ આયત :

حٰمٓ ۚ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ۙ غَافِرِ الذَّنْۢبِ وَ قَابِلِ التَّوْبِ شَدِيْدِ الْعِقَابِ ۙ ذِی الطَّوْلِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ اِلَیْهِ الْمَصِیْرُ ۝ સુધી પઢે.

**૨.** કે જે શખ્સ ફજરની નમાઝથી પહેલાં અથવા એના પછી આ બે આયતો પઢી લીધા કરે, ચાહે આયતુલ કુર્સીથી પહેલાં પઢે અને સૂરએ મુઅ્મિનની આ આયત બાદમાં, અથવા એનાથી ઉલ્ટુ. મિર્કાત વગેરે તો સાંજ સુધી તે અલ્લાહની અમાન તથા હિફ્ઝમાં રહેશે કે શૈતાન, જાદૂ તથા અન્ય બીજી દુનિયવી આફતો એના સુધી ઈન્ શા અલ્લાહ ! પહોંચી શકશે નહીં.

**૩.** એટલે કે મગરિબની નમાઝ બાદ આ આયતો પઢી લીધા કરે તો સવાર સુધી અલ્લાહના હિફ્ઝો અમાનમાં રહેશે. **યાદ રાખશો કે નમાઝ વગર કોઈ વઝીફો કે અમલ ફાયદાકારક નથી. સર્વ વિર્દો વઝીફાઓ માટે નમાઝની પાબંદી અનિવાર્ય છે.**

**૪.** આ હદીષ તથા ઈબ્ને હબ્બાને પણ રિવાયત કરી છે.

**★ હદીષ : (૩૭)-૨૧૪૫ ★**

وَعَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ كتب كتابا قبل أَن يخلق السَّمَوَات وَالْأَرْضَ بِأَلْفَيْ عَامٍ أَنْزَلَ مِنْهُ آيَتَيْنِ خَتَمَ بِهِمَا سُورَةَ الْبَقَرَةِ وَلَا تُقْرَآنِ فِي دَارٍ ثَلَاثَ لَيَالٍ فَيَقْرَبُهَا الشَّيْطَانُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيب

*"હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જમીન તથા આસ્માનની પેદાઈશથી બે હજાર વરસ પહેલાં એક કિતાબ લખી[1] જેમાંથી બે આયતો એ ઉતારી જેના પર સૂરએ બકરહ ખત્મ ફર્માવી[2]* **એ અશક્ય છે કે કોઈ ઘરમાં આ આયતો બરાબર ત્રણ રાત સુધી પઢવામાં આવે છતાં શૈતાન તેની પાસે પણ ભટકે[3]** *(તિર્મિઝી, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[4]"*

**૧.** બે હજાર વરસથી મુરાદ એટલા પ્રમાણમાં મુદત કે જો સૂરજ હોત તો એટલી મુદતના બે હજાર વરસ બની જાત, નહીં તો એ વખતે સૂરજ ન હતો ન દિવસ રાત હતાં, પછી દિવસ, મહિના, અઠવાડિયાં તથા વરસો કેવી રીતે બની શકે છે. લખવાથી મુરાદ ફરિશ્તાઓને લખવાનો હુકમ આપવું છે. ખાસ ખાદિમોનું કામ જાણે સુલ્તાનનું જ કામ છે. **યાદ રાખશો કે મખ્લૂક઼ની તક઼દીરો આસ્માન તથા જમીનની પેદાઈશથી પચાસ હજાર વરસો પહેલાં લખવામાં આવી** પણ એનું લખાણ બે હજાર વરસ પહેલાં થયું. જેથી આ હદીષ પચાસ હજાર વરસની રિવાયતની વિરૂધ્ધ નથી કે ત્યાં લોહે મેહફૂઝમાં તક઼દીરોનું લખાણ મુરાદ છે, અને અહીં કુર્આને કરીમનું લખાણ મુરાદ છે. અને શક્ય છે કે અહીં બે હજાર વરસથી લખાણ કરવું મુરાદ ન હોય બલ્કે મુત્લક઼ અધિકતર બયાન કરવાનો હેતુ હોય. *(મિર્કાત)*

**૨.** આ બે આયતો اٰمَنَ الرَّسُوْلُ થી આખર સૂરએ બક઼રહ સુધી છે. જો કે પૂરૂ કુર્આન શરીફ જ લોહે મેહફૂઝમાં હતું અને ત્યાંથી જ નાઝિલ થયું પણ આ આયતોમાં એ વિશિષ્ટતા છે જેનું વર્ણન આગળ થઈ રહ્યું છે, એટલા માટે એનો ઉલ્લેખ ખાસ રીતે કર્યો.

**૩. જ્યારે આ આયતોની બરકતથી તે ઘર, તે ઈમારત, તે જગા શૈતાનથી મેહફૂઝ થઈ જાય છે, તો જ્યાં ત્રણ દિવસ આ આયતો પઢી લેવામાં આવે તો જે ઝબાનમાં આ આયતો રહે ઈન્‌શા અલ્લાહ! તે પણ શૈતાનથી મેહફૂઝ રહેશે.** આના જેવી સર્વ હદીષોમાં શૈતાનથી મુરાદ ઈબ્લીસ હોય છે, નહીં તો શૈતાન અને નફસે અમ્મારા તો જો કે માણસની સાથે રહે છે, એ મૂઝીઓથી બચવાની કોઈ તદબીર નથી. જેને અલ્લાહ બચાવે તે જ બચે.

**૪.** આ હદીષને તિસાઈ, ઈબ્ને હબ્બાન તથા હાકિમે પોતાની મુસ્તદરકમાં પણ રિવાયત કરી.

**★ હદીષ : (૩૮)-૨૧૪૬ ★**

وَعَن أبي الدَّرْدَاء قَالَ ك قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَرَأَ ثَلَاثَ آيَاتٍ مِنْ أَوَّلِ الْكَهْفِ عُصِمَ مِنْ فِتْنَةِ الدَّجَّالِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ

*"હઝરત અબૂ દર્દાથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે સૂરએ કહફ શરૂથી ત્રણ આયતો પઢયા કરે તે દજ્જાલના ફિત્નાથી મેહફૂઝ રહેશે.[1] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે."*

**૧.** એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી કે સૂરએ કહફમાં એ વર્ણન છે કે અલ્લાહ તઆલાએ અસ્હાબે કહફને દક્યાનૂસ બાદશાહના જુલ્મો સિતમથી બચાવી લીધા અને તે બાદશાહ એ બુઝુર્ગોને દીને હક્કથી ન હટાવી શક્યો. હવે આ ઝિક્રમાં તાષીર છે કે દરરોજ અથવા દર જુમ્આએ આ આયતોને પઢનાર દજ્જાલની બુરાઈથી મેહફૂઝ રહેશે, કે જો એની જિંદગીમાં દજ્જાલ આવી જાય તો તેને ઈમાનથી હટાવી શકશે નહીં. બુઝુર્ગોના ઝિક્રમાં પણ તાષીર હોય છે. યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પ્રથમ તો પૂરી સૂરએ હિફઝમાં એ તાષીર રાખી હતી, પછી તેની આગલી દસ આયતોમાં એ તાષીર બખ્શી આપી, પછી તેની ત્રણ આયતોમાં એ જ તાષીર રાખી દેવામાં આવી. રબ તઆલાની અતાઓ વિવિધ રહી જેથી આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ નથી જેમનામાં પૂરી સૂરએ કહફ અથવા તેની દસ આયતોની આ તાષીર વર્ણન થયેલી છે.

**★ હદીષ : (૩૯)-૨૧૪૭ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ لِكُلِّ شَيْءٍ قَلْبًا وَقَلْبُ الْقُرْآنِ (يس)وَمَنْ قَرَأَ (يس) كَتَبَ اللّٰهُ لَهُ بِقِرَاءَتِهَا قِرَاءَةَ الْقُرْآنِ عَشْرَ مَرَّاتٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ هَذَا حَدِيثٌ غَرِيب

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* ***દરેક ચીજનું એક દિલ છે અને કુર્આનનું દિલ સૂરએ યાસીન છે.[1] જે સૂરએ યાસીન પઢે તો અલ્લાહ તેને તેની તિલાવતની બરકતથી દસ વાર કુર્આન શરીફ ખત્મ કરવાનો સવાબ આપશે[2] (તિર્મિઝી, તથા દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[3]''***

**૧.** જેવી રીતે દિલથી અસલ જિંદગી સંબંધિત છે કે જો એ ઠીક છે તો જાનદાર છે, તેને ઠેસ લાગતાં જ બેજાન થઈ જાય છે. એ જ પ્રમાણે કુર્આને કરીમનો મૂળ હેતુ સૂરએ યાસીનથી સંબંધિત છે. આ સૂરત પૂરા કુર્આન શરીફનો જાણે કે ખુલાસો છે કે એમાં ક્યામતની હાલતોનું સંપૂર્ણ વર્ણન છે. તેની તિલાવતથી દિલ ઝિંદા થાય છે, ઈમાન તાજુ થાય છે, રૂહ ખુશ થાય છે. મૃત્યુ નજીક એની તિલાવતથી સકરાતમાં આસાની થાય છે. ઈમામ ગઝાલી ફર્માવે છે કે ઈમાનનું દિલ છે, ક્યામતની હાલતોને માનવું. અને ક્યામતની હાલતો જે વિગતવાર સૂરએ યાસીનમાં વર્ણન થયેલ છે એવું બીજી સૂરતોમાં નથી, એટલા માટે એને કુર્આનનું દિલ ફર્માવ્યું.

**૨.** એનાથી જાણવા મળ્યું, જો કે આખુ કુર્આન જ કલામે ઈલાહી છે પણ તેની સૂરતોની તાષીરો વિવિધ છે. એકવાર સૂરએ યાસીનની તિલાવત દસ કુર્આનનો સવાબ ધરાવે છે. આ તેની અજોડ વિશિષ્ટતા છે. યાદ રાખશો કે દસ ખત્મે કુર્આનનો સવાબ મળવું અલગ ચીજ છે અને હકીકતમાં દસ કુર્આન ખત્મ કરવું અલગ છે. ડોકટરો કહે છે એક સૂકી દ્રાક્ષ ગરમ કરીને ખાવામાં એક રોટીની શક્તિ છે, પણ પેટ તો રોટી ખાવાથી જ ભરાશે. એ જ પ્રમાણે ખત્મે કુર્આન તો તીસ પારા પઢવાથી જ થશે.

**૩.** એટલા માટે કે એની અસ્નાદમાં હારૂન ઈબ્ને મુહમ્મદ છે જે મુહદ્દિષોની નજીક બહુ ક્વી (મજબૂત) નથી.

**★ હદીષ : (૪૦)-૨૧૪૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કે અલ્લાહ તઆલાએ સૂરએ તાહા અને યાસીન જમીન તથા*

وَسَلَّمَ: «إِنَّ اللَّهَ تَبَارَكَ وَتَعَالَى قَرَأَ (طه)و (يس)قبل أن يخلق السَّمَوَات وَالْأَرْضَ بِأَلْفِ عَامٍ فَلَمَّا سَمِعَتِ الْمَلَائِكَةُ الْقُرْآنَ قَالَتْ طُوبَى لِأُمَّةٍ يَنْزِلُ هَذَا عَلَيْهَا وَطُوبَى لِأَجْوَافٍ تَحْمِلُ هَذَا وَطُوبَى لِأَلْسِنَةٍ تَتَكَلَّمُ بِهَذَا» . رَوَاهُ الدَّارِمِيّ

*આસ્માન પેદા કરવાથી એક હજાર વરસો પહેલાં પઢી[1] જ્યારે ફરિશ્તાઓએ કુર્આન સાંભળ્યું તો બોલ્યા, ભલાઈ તથા ખૂબી છે એ ઉમ્મતને જેના પર આ ઉતરશે અને ખૂબી છે એ સીનાઓને જેઓ એને ઉઠાવશે અને ખૂબી છે એ ઝબાનોને જે તેને પઢશે.[2]" (દારમી)*

**૧.** હદીષ બિલકુલ જાહેરી અર્થ પર છે. ખરેખર રબ તઆલાએ આ સૂરતો પઢી, ફરિશ્તાઓએ વિના વાસ્તાએ સાંભળી, હવે રબ તઆલાની તિલાવતનો પ્રકાર આપણી બુધ્ધિથી પર છે. એ પ્રમાણે કિ઼રાઅત કરી જે એની શાનને લાયક છે. મિર્કાતે ફર્માવ્યું કે યાસીન તથા તાહા હુઝૂરે અન્વર ﷺના નામ શરીફ છે. કેમ કે એ સૂરતોની શરૂઆત હુઝૂર ﷺના નામથી થઈ એટલા માટે આ સૂરતો ખૂબ જ અઝમતવાળી છે, એટલા કારણે રબ તઆલાએ ફરિશ્તાઓને સંભળાવી. જાણવા મળ્યું કે નઅતની સૂરતો, આયતો રબ તઆલાને ઘણી પ્યારી છે. આ હદીષથી જાણવા મળ્યું કે ફરિશ્તાઓની પેદાઈશ જમીન તથા આસ્માનની પેદાઈશથી પહેલાં છે.

**૨.** તૂબા જન્નતનું એક ઝાડ પણ છે જેની ડાળીઓ જન્નતના દરેક મહેલમાં છે, અને ખુશ ખબરીના ખર્થમાં પણ. અહીં બંનેવ અર્થો થઈ શકે છે. એટલે સામાન્યતઃ પૂરી ઉમ્મતે મુહમ્મદિયા અને ખાસ કરીને એ સૂરતોના હાફિઝ તથા કા઼રી તૂબા ઝાડના માલિક છે. અથવા તેમને ખાસ ખુશખબરી છે કે એ લોકો ઘણા જ ખુશનસીબ છે.

### ★ હદીષ : (૪૧)-૨૧૪૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَرَأَ (حم)الدُّخَانِ فِي لَيْلَةٍ أَصْبَحَ يَسْتَغْفِرُ لَهُ سَبْعُونَ أَلْفَ مَلَكٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب وَعمر بن أبي خَثْعَمٍ الرَّاوِي يُضَعَّفُ وَقَالَ مُحَمَّدٌ يَعْنِي الْبُخَارِيَّ هُوَ مُنكر الحَدِيث

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે રાતમાં حٰمٓ الدخان (સૂરએ હા–મીમ દુઃખાન) પઢે તે એ રીતે સવાર કરશે કે તેના માટે સિત્તેર હજાર ફરિશ્તા મગફિરતની દુઆ કરશે[1] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે અને ઉમર ઈબ્ને ખશઅમ રાવી ઝઈફ માનવામાં આવેલા છે. ઈમામ મુહમ્મદ બુખારીએ ફર્માવ્યું, તે મુન્કરુલ હદીષ છે.[2]"*

**૧.** એટલે કે તેની તિલાવતના સમયથી સવાર સુધી એટલા ફરિશ્તા તેના માટે દુઆએ મગફિરત કરતા રહેશે. યાદ રાખશો કે આ દુઆથી ખાસ દુઆ મુરાદ છે. રબ તઆલા ફર્માવે છે :

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَ يُؤْمِنُوْنَ بِهٖ وَ يَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا ۚ رَبَّنَا وَسِعْتَ كُلَّ شَيْءٍ رَّحْمَةً وَّ عِلْمًا

(તે જેઓ અર્શ ઉઠાવે છે અને જેઓ એની આસપાસ છે પોતાની તારીફની સાથે તેની પાકી બોલે છે અને એના પર ઈમાન લાવે છે અને મુસલમાનોની મગફિરત માગે છે, હે અમારા રબ ! તારી રહમત તથા ઈલ્મમાં દરેક ચીજ સમાયેલી છે, તું એમને બખ્શી આપ. (સૂ. ગાફિર, ૪૦/૭) જેથી આ હદીષ આ કુર્આની આયતોની વિરુદ્ધ નથી. આ

હદીષથી જાણવા મળ્યું કે સૂરએ દુખાન પઢવી એ માસૂમોની માસૂમ ઝબાનોથી દુઆ લેવાનો દરજ્જો છે.

**૨.** ઈમામ અસ્કલાનીએ "શરહે નખ્બતુલ ફિક્ર"માં ફર્માવ્યું કે મુહદ્દિષોની ઈસ્તેલાહ (બોલી)માં મુન્કરુલ હદીષ કહેવું ઝઈફ કહેવાથી અધિક સખત છે એટલે ઉમર ઈબ્ને અષ્અમને અન્ય મુહદ્દિષોએ તો ઝઈફ કહ્યા છે પણ ઈમામ બુખારીએ તેમને મુન્કર કહ્યા. એટલે ઝઈફથી પણ અધિક સખત. યાદ રાખશો કે આ હદીષ અમલોની ફઝીલત પર છે અને ફઝાઈલમાં ઝઈફ હદીષ સ્વીકાર્ય છે.

**★ હદીષ : (૪૨)–૨૧૫૦ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَرَأَ (حم)الدُّخَانِ فِي لَيْلَةِ الْجُمْعَةِ غُفِرَ لَهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَهِشَام أَبُو الْمِقْدَام الرَّاوِي يضعف

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જે જુમ્આની રાતમાં** حٰمٓ الدخان **(હા–મીમ દુ:ખાન) પઢે તેની બખ્શિશ થશે.**[1] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને હિશામ અબૂ મિક્દામ રાવીને ઝઈફ કહેવામાં આવ્યા છે.[2]"*

**૧.** એનાથી જાણવા મળ્યું કે સૂરએ દુ:ખાન અન્ય રાતોમાં પઢવી તો સારી છે કે એના થકી હજારો ફરિશ્તાઓની દુઆઓ મળે છે, પરંતુ જુમ્આની રાતમાં એની તિલાવત ઘણી જ બેહતર છે કે એનાથી ફરિશ્તાઓની દુઆઓ પણ મળે છે અને રબ તઆલાની મગફિરત પણ મળે છે. એ રાતની તિલાવતથી બે નેઅમતો મળે છે.

**૨.** એ ખબર નથી કે એમના ઝોઅફનું (ઝઈફ હોવાનું) કારણ શું છે. અહનાફને ત્યાં જરહે મજહૂલ વિશ્વસનીય નથી.

**★ હદીષ : (૪૩)–૨૧૫૧ ★**

وَعَنِ الْعِرْبَاضِ بْنِ سَارِيَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقْرَأُ الْمُسَبِّحَاتِ قَبْلَ أَنْ يَرْقُدَ يَقُولُ: «إِنَّ فِيهِنَّ آيَةٌ خَيْرٌ مِنْ أَلْفِ آيَةٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

*"હઝરત અરબાઝ ઈબ્ને સારિયાથી રિવાયત છે કે નબી કરીમ ﷺ સૂતા પહેલાં તસ્બીહવાળી આયતો પઢયા કરતા હતા[1] ફર્માવતા હતા, એનામાં એક આયત હજાર આયતોથી બેહતર છે.[2]"*

*(તિર્મિઝી તથા અબૂ દાઊદ)*

**૧.** એટલે કે જે સૂરતોના શરૂમાં سَبَّحَ અથવા يُسَبِّحُ અથવા سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلَى અથવા سُبْحٰنَ છે તે સૂરતો પઢતા હતા. આ સૂરતો કુલ સાત છે : સૂરએ અસ્રા, હ઼દીદ, હશ્ર, સફ્ફ, જુમ્આ, તગ઼ાબૂન, આ'લા. (મિર્ક઼ાત) જાહેર એ છે કે સરકાર ﷺ આ પૂરી સૂરતો પઢતા નહીં હોય, કેમ કે એ તો ઘણી જ વધારે છે, બલ્કે એની અમુક અમુક આયતો તિલાવત કરતા હશે.

**૨.** આ શબ્દોથી એ જાણવા ન મળ્યું કે એ કઈ છે. અમુકે ફર્માવ્યું કે તે આયત لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ ---الاٰیہ છે. અમુકે ફર્માવ્યું કે એ આયત દરેક સૂરતની શરૂની આયત છે જેમાં سبح અથવા یسبح છે. પણ હક્ક઼ એ છે કે એ આયત રબ તઆલાના ઈસ્મે આ'ઝમ અથવા શબે ક઼દ્રની જેમ સેગાએ રાઝ (અધ્યાહન) રાખવામાં આવી છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે فیھن થી મુરાદ جمیعھن છે એટલે કે એ સર્વ સૂરતોમાં એક એક આયત એવી છે જે હજાર આયતોથી અફઝલ તથા બેહતર છે.

**★ હદીષ : (૪૪)-૨૧૫૨ ★**

وَرَوَاهُ الدَّارِمِيُّ عَنْ خَالِدِ بْنِ مَعْدَانَ مُرْسَلًا وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

*"દારમીએ આ હદીષ ખાલિદ બિન મઅદાનથી મુરસલન રિવાયત કરી[૧] અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.[૨]"*

**૧.** કેમ કે ખાલિદ બિન મઅદાન શામી છે. ફર્માવે છે કે મેં સિત્તેર સહાબીઓથી મુલાકાત કરી છે અમે પહેલાં અર્ઝ કર્યું કે ષિક્હ તાબઈનો ઈરસાલ વિશ્વસનીય છે, અને તેમનાથી મુરસલ હદીષ હુજ્જત (દલીલ) છે કે એ તાબઈ પોતે તો ષિક્હ છે અને સહાબીઓ સર્વ આદિલ છે.

**૨.** એને નિસાઈએ હઝરત અરબાઝ ઈબ્ને સારિયાથી મરફુઅન અને મુઆવિયહ ઈબ્ને સાલેહથી મૌકૂફન રિવાયત કરી.

**★ હદીષ : (૪૫)-૨૧૫૩ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: "إِنَّ سُورَةً فِي الْقُرْآنِ ثَلَاثُونَ آيَةً شَفَعَتْ لِرَجُلٍ حَتَّى غُفِرَ لَهُ وَهِيَ: (تَبَارَكَ الَّذِي بِيَدِهِ الْمُلْكُ)رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَه

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કુર્આનની એકત્રીસ આયતોવાળી સૂરતે[૧] એક શખ્સની ત્યાં સુધી શફાઅત કરી કે તેની બખ્શિશ થઈ ગઈ. તે સૂરત تَبٰرَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ છે.[૨] (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)[૩]*

**૧.** એનાથી જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ શરીફ સૂરતનો ભાગ નથી, નહીં તો સૂરએ મુલ્કની આયતો ૩૧ થઈ જાત. કેમ કે સૂરએ મુલ્કની બિસ્મિલ્લાહ સિવાય ત્રીસ આયતો છે.

**૨.** એટલે કે **એક શખ્સ સૂરએ મૂલ્કનો વિર્દ કરતો હતો. એનાથી ખૂબ જ મહોબ્બત કરતો હતો. તેના મૃત્યુ બાદ એ સૂરતે એની સિફારિશ કરી તો એની બરકતથી તે શખ્સ ક઼બ્રના અઝાબથી મેહફૂઝ રહ્યો.** જેથી અહીં شفعت ભૂતકાળના અર્થમાં જ છે. જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺને એ આલમની દરેક વાત દરેક બનાવની વિગતવાર ખબર મળતી રહે છે અથવા ખુદ જોતા રહે છે. લમ્આતે ફર્માવ્યું કે شفعت ભવિષ્યના અર્થમાં પણ હોય શકે છે. એટલે કે સૂરએ મુલ્ક પોતાના આમિલો (પઢનારાઓ)ની શફાઅત કરશે અને તેની શફાઅતની બરકતથી આમિલની બખ્શિશ થશે. આ સ્થિતિમાં આ ફર્માન આકર્ષવાના માટે છે.

**૩.** એને ઈબ્ને હબ્બાન તથા હાકિમે પણ રિવાયત કરી, હાકિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે બેહતર થાત કે આ સૂરત દરેક મુસલમાનના દિલમાં હોત.

**★ હદીષ : (૪૬)-૨૧૫૪ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: ضَرَبَ بَعْضُ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خِبَاءَهُ عَلَى قَبْرٍ وَهُوَ لَا يَحْسَبُ أَنَّهُ قَبْرٌ فَإِذَا فِيهِ إِنْسَان يَقْرَأُ سُورَةَ (تَبَارَكَ الَّذِي بِيَدِهِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺના કોઈ સહાબીએ એક કબર પર તંબુ રાખ્યો. એમને ખબર ન હતી કે અહીં ક઼બર છે.[૧] જાણવા મળ્યું કે એમાં એક શખ્સ تَبٰرَكَ الَّذِىْ بِيَدِهِ الْمُلْكُ (સૂરએ મુલ્ક) પઢી રહ્યો છે, ત્યાં સુધી કે તેણે ખત્મ*

الْمُلْكُ)حَتَّى خَتَمَهَا فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرَهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هِيَ الْمَانِعَةُ هِيَ الْمُنْجِيَةُ تُنْجِيهِ مِنْ عَذَابِ الْقَبْرِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

*કરી લીધી.[૨] તે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા અને આ બનાવની ખબર આપી[3] નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, આ સૂરત રોકનારી છે[૪] નજાત આપનારી છે, જે અલ્લાહના અઝાબથી નજાત આપશે[૫] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** જો કબ્રની ખબર હોત તો ત્યાં કદાપિ તંબુ ન તાણતા, કેમ કે કબ્ર પર બેસવું, સૂવું, એના પર હરવુ ફરવું મના છે.

**૨.** મિર્કાતે અહીં ફર્માવ્યું કે અમુક મુડદાં કબ્રમાં પણ અમુક તે નેકીઓ કરે છે જે જિંદગીમાં કરતા હતા. હુઝૂરે અન્વર ﷺ એ મૂસા عليه السلام ને કબ્રમાં નમાઝ પઢતા જોયા. સૂફીઓ ફર્માવે છે કે **જે હાલમાં જીવશો એ હાલમાં મરશો.** અને **જે હાલમાં મરશો એમાં જ ઉઠશો.** એટલા માટે કોશિશ કરો કે જિંદગી સારા અમલોમાં પસાર કરો. અમુક લોકો કહે છે કે હઝરત બિલાલ અઝાન આપતા આપતા કબ્રમાંથી ઉઠશે. એનો માખઝ લગભગ આના જેવી રિવાયતો છે. ઈન્શા અલ્લાહ ! નઅતખ્વાં મુસલમાન કબ્રમાં પણ હુઝૂરે અન્વર ﷺ ની નઅત જ પઢશે. રબ તઆલા કબૂલ ફર્માવે. એ સહાબીનું આ તિલાવત સાંભળી લેવું એમની કરામત છે, નહીં તો આપણે લોકો નથી સાંભળી શકતા.

**૩.** અને આશ્ચર્ય પ્રદર્શિત કર્યું કે મુડદુ પણ તિલાવતે કુર્આન કરી રહ્યું હતું.

**૪.** એટલે કે સૂરતની તિલાવત કરનારને જિંદગીમાં ગુનાહોથી, મૌતના સમયે ખાત્માની ખરાબીથી, કબ્રમાં અઝાબ તથા કબ્રથી સંકડાશથી, આખેરતમાં ગભરાહટ તથા સખત અઝાબથી બચાવે છે.

**૫.** એટલે કે કબ્રના તથા હશ્રના અઝાબથી બચાવશે. જવાબનો ખુલાસો એ છે કે એ શખ્સ પોતાની જિંદગીમાં એ સૂરતની તિલાવત કરતો હતો, હવે કબ્રમાં પણ તિલાવત કરી રહ્યો છે અને એનાથી ઉપરોક્ત ફાયદા હાંસલ કરી ચૂક્યો છે, હાલ પણ કરી રહ્યો છે અને ભાવિમાં પણ કરશે.

**★ હદીષ : (૪૭)-૨૧૫૫ ★**

وَعَنْ جَابِرٌ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ لَا يَنَامُ حَتَّى يَقْرَأَ: (آلم تَنْزِيل)و (تَبَارَكَ الَّذِي بِيَدِهِ الْمُلْكُ)رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَالدَّارِمِيُّوقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ صَحِيحٌ. وَكَذَا فِي شرح السّنة. وَفِي المصابيح

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ન સૂતા ત્યાં સુધી કે પઢી લેતા الم تنزیل અને تبارك الذی بیدہ الملك [૧] (અહમદ, તિર્મિઝી, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે. એ જ પ્રમાણે શરહે સુન્નહમાં છે અને મસાબીહમાં છે કે ગરીબ છે.[૨]"*

**૧.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ ઈશાની નમાઝ બાદ અને સૂતા પહેલાં આ બંનેવ સૂરતો હમેશાં પઢયા કરતા હતા, ચાહે મસ્જિદમાં અથવા બિસ્તર પર પહોંચીને. જાણવા મળ્યું કે રાતે આ સૂરતો પઢવી સુન્નત છે અને એમાં ઘણા ફાયદા છે.

**૨.** યાદ રાખશો કે હદીષની ગરાબત (ગરીબ હોવું) તેના સહીહ હોવાની વિરૂધ્ધ નથી. એક જ હદીષ સહીહ

પણ હોય છે ગરીબ પણ. જેથી તિર્મિઝીનું તેને સહીહ કહેવું અને મસાબીહનું ગરીબ કહેવું બંને દુરુસ્ત છે. આ હદીષ નિસાઈ ઈબ્ને અબી શયબા અને હાકિમે પણ હઝરત જાબિરથી રિવાયત કરી.

**★ હદીષ : (૪૮)–૨૧૫૬ ★**

وَعَن ابْن عَبَّاس وَأنس بن مَالك رَضِيَ اللَّهُ عَنْهُمْ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: (إذا زلزلت) تعدل نصف الْقُرْآن (قل هُوَ الله أحد)تعدل ثلث الْقُرْآن و (قل يَا أَيُّهَا الْكَافِرُونَ)تَعْدِلُ رُبْعَ الْقُرْآنِ ". رَوَاهُ التِّرْمِذِيّ

*''હઝરત ઈબ્ને અબ્બાસ તથા અનસ ઈબ્ને માલિક رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે اِذَا زُلْزِلَتِ (ઈઝા ઝુલ્ઝિલત) અડધા કુર્આનના બરાબર છે[1] અને قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ) ત્રીજા ભાગના કુર્આન બરાબર છે.[2] અને قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ (કુલ યા અૅયુહલ્ કાફિરૂન) ચોથાઈ કુર્આનના બરાબર.[3]'' (તિર્મિઝી)*

**૧.** એટલે કે اِذَا زُلْزِلَتِ ની તિલાવતમાં ૧૫ પારા તિલાવત કરવાનો સવાબ છે અથવા કેમ કે કુર્આને કરીમમાં મઆશ તથા મઆદ બંનેનું વર્ણન છે અને اِذَا زُلْزِلَتِ માં મઆદનું વર્ણન છે, એટલે કયામત અને ત્યાંના હાલાતનું. જેથી એનુ મઝમૂન મઝામીન (વાતો, બયાન) કુર્આને પાકનું અડધુ છે.

**૨.** એની શરહ તથા કારણ પહેલાં આ જ પ્રકરણમાં વર્ણન કરવામાં આવી ચૂકેલ છે.

**૩.** કેમ કે કુર્આન મજીદ અસલ બયાનો (વિષયો) ચાર છે : શિર્ક તથા બદઅકીદગીઓથી દૂરી, તૌહીદ તથા રિસાલત, અને સર્વ ઈસ્લામી અકીદાઓનો ઈકરાર, અહકામે કસસ (કિસ્સાઓના હુકમો). સૂરએ કાફિરૂનમાં શિર્કથી બેઝારી (વિમુખતા)નું સંપૂર્ણપણે વર્ણન છે. જેથી કુર્આનનું ૧/૪ મઝમૂન (બયાન) આ સૂરતમાં છે, એટલા માટે આ સૂરત ચારવાર પઢવાથી પૂરા કુર્આને કરીમની તિલાવતનો સવાબ મળે છે. (લમ્આત તથા આશિઅહ વગેરે) જે કોઈ સૂતી વખતે આ સૂરત પઢી લીધા કરે તો ઈન્ શા અલ્લાહ ! તેને ઈમાન પર ખાત્મો નસીબ થશે. ફકીર હકીર (લેખક) બફઝૂલે રબ્બે કદીર આના પર આમિલ છે અને રબ તઆલાથી સારા ખાત્માની ઉમ્મીદ રાખે છે, અલ્લાહ નસીબ કરે.

**★ હદીષ : (૪૯)–૨૧૫૭ ★**

وَعَنْ مَعْقِلِ بْنِ يَسَارٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ قَالَ حِينَ يُصْبِحُ ثَلَاثَ مَرَّاتٍ: أَعُوذُ بِاللَّهِ السَّمِيعِ الْعَلِيمِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ فَقَرَأَ ثَلَاثَ آيَاتٍ مِنْ آخِرِ سُورَةِ (الْحَشْرِ)وَكَّلَ اللَّهُ بِهِ سَبْعِينَ أَلْفَ مَلَكٍ يُصَلُّونَ عَلَيْهِ حَتَّى يُمْسِيَ وَإِنْ مَاتَ فِي ذَلِكَ الْيَوْمِ مَاتَ شَهِيدًا. وَمَنْ قَالَهَا حِينَ يُمْسِي كَانَ بِتِلْكَ الْمَنْزِلَةِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ. وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

*'હઝરત મઅકલ ઈબ્ને યસારથી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે સવારના સમયે ત્રણવાર આ પ્રમાણે કહી લે કે હું સાંભળનારા જાણનારા અલ્લાહની પનાહ માગુ છુ[1] મરદૂદ શૈતાનથી[2] પછી સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો પઢી લે[3] તો* ***અલ્લાહ એના પર સિત્તેર હજાર ફરિશ્તા મુકર્રર (નિયુક્ત) કરી આપશે જેઓ સાંજ સુધી તેને દુઆઓ આપશે,*** *અને જો તે એ દિવસે મરી જાય તો શહીદ મરશે[4] અને જે આ ચીજો સાંજના વખતે પઢી લે તો એ જ દરજામાં હશે.[5] (તિર્મિઝી, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.''*

**૧.** એટલે કે મારી વાત સાંભળનાર, મારું દર્દે દિલ જાણનાર રબની પનાહ માગું છું, યાદ રાખશો કે اعوذ (અઊઝુ) શબ્દ ખબર કરનાર છે ઈન્શા અલ્લાહ ! ના અર્થમાં, એટલે હે અલ્લાહ ! મને તારી પનાહમાં લઈ લે.

**૨.** જેથી કરીને દિવસભર તે મરદૂદ મને બહેકાવી ન શકે, ઈબાદતમાં ધ્યાન ભંગ ન કરી શકે. કેમ કે સવાર જિંદગીની દુકાન ખુલવાનો સમય છે જેથી ખાસ કરીને એ વખતે આ દુઆ પઢાવવામાં આવી.

**૩.** هُوَ اللّٰهُ الَّذِىْથી આખરી સૂરત وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ સુધી આ આયત કેવળ હમ્દની છે.

**૪.** અહીં ફરિશ્તાઓની દુઆઓથી તેમની ખાસ દુઆઓ મુરાદ છે, નહીં તો ફરિશ્તા સામાન્યપણે મગફિરતની દુઆ તો દરેક મુસલમાનના માટે કરતા રહે છે. જેમ કે પહેલાં વર્ણવવામાં આવ્યું. અને શહીદથી મુરાદ હુકમી શહાદત છે કે બંદો ભલે પોતાના બિસ્તર પર મરે, પણ કયામતમાં તેની ગણના એ શહીદોમાં થાય જે રાહે ખુદામાં માર્યા ગયા.

**૫.** લુગત (ડિક્ષનરી)માં સબાહ અડધી રાતથી ઝવાલ સુધીને કહે છે અને મસાઅ્ ઝવાલથી અડધી રાતને કહે છે. પણ અવરાદો વઝાઈફમાં સુબ્હ સાદિક્થી સૂરજ નીકળવાથી કાંઈક બાદ સુધી છે અને "શામ" એનાથી ઉલ્ટુ એટલે સૂરજ આથમવાથી થોડીક રાત જતા સુધી, એટલે કે ઈશાનો સમય આવતા પહેલાં. (મિર્કાત) આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સવાર તથા સાંજની ખૂબ જ ઉમદા તેહકીક પોતાની કિતાબ "અલ વઝીફતુલ કરીમા"માં ફર્માવી છે. વાંચકો એનો જરૂર અભ્યાસ કરે.

**★ હદીષ : (૫૦)-૨૧૫૮ ★**

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ كُلَّ يَوْمٍ مِائَتَيْ مَرَّةٍ (قُلْ هُوَ اللَّهُ أَحَدٌ)مُحِيَ عَنْهُ ذُنُوبُ خَمْسِينَ سَنَةً إِلَّا أَنْ يَكُونَ عَلَيْهِ دَيْنٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَ الدَّارِمِيُّ وَفِي رِوَايَتِهِ «خَمْسِينَ مَرَّةً» وَلَمْ يَذْكُرْ «إِلَّا أَنْ يَكُونَ عَلَيْهِ دين»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે ﷺએ ફર્માવ્યું, જે દરરોજ બસોવાર કુલ્હુવલ્લાહ પઢી લીધા કરે[1] તો તેના પચાસ વરસના ગુનાહ મિટાવી દેવામાં આવશે[2] કર્ઝના સિવાય.[3] (તિર્મિઝી, દારમી) અને એક રિવાયતમાં પચાસ વાર છે અને કર્ઝ ન હોવાનો ઉલ્લેખ નથી."*

**૧.** એટલે કે દિવસ રાતના કોઈ હિસ્સામાં પૂરી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) બસો વાર પઢયા કરે. બેહતર એ છે કે એક સાથે જ પઢે અને જો વિવિધ મજલિસોમાં પઢે તો પણ વર્ણવેલ બદલાની ઉમ્મીદ છે.

**૨.** એટલે કે જીવનભર એ પઢતો રહે તો ઈન્ શા અલ્લાહ ! પચાસ વરસના સગીરા ગુનાહ માફ થઈ જશે અને જો એટલા ગુનાહ ન હોય તો દરજા બુલંદ થશે. કેમ કે જે અમલોથી ગુનેહગારોના ગુનાહો માફ થાય છે તે નેકોકારોના દરજા બુલંદ કરે છે. આ કરમનો કાનૂન છે જેથી હદીષ પર એ વાંધો નથી કે તો પછી નેક લોકો આ અમલ ન કર્યા કરે.

**૩.** કે કરજ તો બંદાનો હક્ક છે જેથી અદા કર્યા વિના અથવા કરજ આપનારથી માફ કરાવ્યા વિના માફ થશે નહીં. સર્વ બંદાઓના હક્કોની આ જ સ્થિતિ છે.

★ હદીષ : (७१)-२१५९ ★

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مِنْ أَرَادَ أَنْ يَنَامَ عَلَى فِرَاشِهِ فَنَامَ عَلَى يَمِينِهِ ثُمَّ قَرَأَ مِائَةَ مَرَّةٍ (قل هُوَ الله أحد)إِذا كَانَ يَوْمُ الْقِيَامَةِ يَقُولُ لَهُ الرَّبُّ: يَا عَبْدِي ادْخُلْ عَلَى يَمِينِكَ الْجَنَّةَ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

*"તેમનાથી જ રિવાયત છે તે નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, જે પોતાની પથારી પર સૂવા ચાહે[1] તો જમણા પડખા પર સૂએ[2] પછી સો વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢી લે[3] તો જ્યારે કયામતનો દિવસ થશે તો રબ તઆલા ફર્માવશે, હે મારા બંદા! તારી જમણી બાજુથી જન્નતમાં જા.[4] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.[5]"*

**૧.** બિસ્તરનો ઉલ્લેખ સંજોગોવસાત છે, જો કોઈ જમીન પર પણ સૂએ તો આ પઢી લે પણ સૂવું ઊંઘી જવા માટે હોય, આમ જ આડા પડવાનો હુકમ નથી. એટલા માટે એ સૈયદુસ્સુફહા ﷺએ સૂવાના ઈરાદાનો ઉલ્લેખ કર્યો.

**૨.** એ રીતે કિબ્લા તરફ ચહેરો હોય અને જમણી હથેળી જમણા ગાલની નીચે રાખે કે સુન્નત આ જ રીતે સૂવું છે. પછી ડાબા પડખે પડીને સૂઈ જાય. સારાંશ કે બિસ્તરનું રુખ કબ્ર જેવું હોય.

**૩.** કેવળ શબ્દ قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ્હુવલ્લાહ અહદ) નહીં બલ્કે પૂરી સૂરત બિસ્મિલ્લાહ શરીફ સાથે દરેક વખતે. જો કે આ અમલ મુશ્કેલ છે પણ ઘણો જ લાભદાયી છે.

**૪.** એટલે કે કેમ કે તું મારા મહબૂબની સુન્નત પર અમલ કરતાં જમણા પડખે સૂતો હતો અને મારી હમ્દવાળી સૂરત પઢીને સૂતો હતો એના ઈનામમાં આજે તું જન્નતના જમણા બાગમાં દાખલ થઈ જા. એ તારુ સ્થાન છે. યાદ રાખશો કે જન્નતી લોકો ત્રણ પ્રકારના હશે : "મુકર્રબીન" હઝરાત ઈલ્લીય્યીનવાળા છે. "અબરાર" એ યમીનવાળા છે. "ગુનેહગાર" જેમની શફાઅતના લીધે બખ્શિશ થઈ ચૂકી. એ યસીરવાળા છે. રબ તઆલાએ ફર્માવ્યું : فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهٖ ۚ وَمِنْهُمْ مُّقْتَصِدٌ ۚ وَمِنْهُمْ سَابِقٌۢ بِالْخَيْرٰتِ (તો એમાં કાંઈ પોતાની જાન પર જુલ્મ કરે છે અને એમાં કોઈ મધ્યમ ચાલ પર છે, અને કોઈ તે છે જે અલ્લાહના હુકમથી ભલાઈઓમાં આગળ નીકળી ગયો. સૂ. ફાતિર, ૩૫/૩૨) આ હદીષથી જાણવા મળ્યું કે જન્નતનો જમણો ભાગ ડાબા કરતાં અફઝલ છે. અને એ કે અર્શની જમણી તરફવાળા ડાબી બાજુવાળાઓ કરતાં બેહતર છે.

**૫.** ઉલમા ફર્માવે છે કે આ હદીષ જો કે સહીહના દરજે નથી પહોંચી એના પર ઉમરમાં કમસેકમ એકવાર જરૂર અમલ કરે કે તેના આમિલને મહાન બશારત છે. અમલોની ફઝીલતમાં ઝઈફ હદીષ પણ કબૂલ છે. *(મિર્કાત)*

★ હદીષ : (૫૨)-૨૧૬૦ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَمِعَ رَجُلًا يَقْرَأُ (قُلْ هُوَ اللَّهُ أَحَدٌ)فَقَالَ: «وَجَبَتْ» قُلْتُ: وَمَا وَجَبَتْ؟ قَالَ: «الْجَنَّةُ» . رَوَاهُ مَالك وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ એક શખ્સને قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલહુવલ્લાહુ અહદ) પઢતાં સાંભળ્યો તો ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ! મેં અર્ઝ કરી, શું વાજિબ થઈ ગઈ? ફર્માવ્યું, જન્નત![1]" (માલિક, તિર્મિઝી, નિસાઈ)*

**૧.** એટલે કે આ સૂરત શરીફની તિલાવતની બરકતથી તેના માટે જન્નત વાજિબ તથા લાઝિમ થઈ ગઈ. યાદ રાખશો કે નેક અમલો જન્નત હાંસલ થવાના સબબોમાં પરિપૂર્ણ સબબ નથી કેમ કે મોટા મોટા નેક લોકો લપસી જાય છે, પણ આ શખ્સ હુઝૂરે અનવર ﷺની આ બશારતના કારણે યક઼ીનન ! જન્નતી થઈ ગયો, કેમ કે આપની ઝબાન રબ તઆલાનો ક઼લમ છે, જેથી એ શખ્સનું જન્નતી થઈ જવું નિશ્ચિત (ક઼તઈ) થઈ ગયું.

**★ હદીષ : (૫૩)–૨૧૬૧ ★**

وَعَنْ فَرْوَةَ بْنِ نَوْفَلٍ عَنْ أَبِيهِ: أَنَّهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ عَلِّمْنِي شَيْئًا أَقُولُهُ إِذَا أَوَيْتُ إِلَى فِرَاشِي. فَقَالَ: «اقْرَأْ (قُلْ يَا أَيُّهَا الْكَافِرُونَ)فَإِنَّهَا بَرَاءَةٌ مِنَ الشِّرْكِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

*"હઝરત ફર્વા બિન નૌફલથી, તે પોતાના પિતાથી રિવાયત કરે છે[૧] કે તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવી ચીજ શીખવાડો જે હું બિસ્તર પર લંબાવતી વખતે પઢી લીધા કરું. તો ફર્માવ્યું : قُلْ يَآيُّهَا الْكٰفِرُوْنَ (કુલ યા ઐયુહલ કાફિરૂન) પઢી લીધા કરો[૨] કે એ શિર્કથી બેઝારીની છે.[૩]"*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)*

**૧.** ફર્વાની સહાબિયતમાં મતભેદ છે, સહીહ એ છે કે આપ સહાબી નથી બલ્કે તાબઈ છે, પણ આપના પિતા નૌફલ સહાબી છે. *(અશિઅહ)*

**૨.** અમુક રિવાયતોમાં એ પણ છે કે قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતાં જ સૂઈ જાવ, એટલે પછી કોઈ દુનિયવી વાત ન કરો, અને જો વાત કરવી પડે તો બીજીવાર પઢી લો.

**૩.** પહેલાં વર્ણવી આપવામાં આવેલ છે કે એનો આમિલ ઈન્શા અલ્લાહ ! ઈમાન પર જ મરશે. ઉલમાએ એની સ્પષ્ટતા કરી છે.

**★ હદીષ : (૫૪)–૨૧૬૨ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: بَيْنَا أَنَا سير مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ الْجُحْفَةِ وَالْأَبْوَاءِ إِذْ غَشِيَتْنَا رِيحٌ وَظُلْمَةٌ شَدِيدَةٌ فَجَعَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُعَوِّذُ(أعوذ برَبّ الفلق)و(أعوذ برَبِّ النَّاسِ) وَيَقُولُ: «يَا عُقْبَةُ تَعَوَّذْ بِهِمَا فَمَا تَعَوَّذَ مُتَعَوِّذٌ بِمِثْلِهِمَا» . رَوَاهُ أَبُو دَاوُدَ

*"હઝરત ઉક઼બા ઈબ્ને આમિરથી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે હું રસૂલુલ્લાહ ﷺની સાથે જુહફા અને અબ્વાની વચ્ચે સફર કરી રહ્યો હતો[૧] કે અચાનક અમને આંધી તથા સખત અંધકારે ઘેરી લીધા.[૨] તો રસૂલુલ્લાહ ﷺ તઅવ્વુઝ ફર્માવવા લાગ્યા. الفلق થી اعوذ برب الناس અને ફર્માવવા લાગ્યા, હે ઉક઼બા ! આ બંનેવ સૂરતોથી તઅવ્વુઝ કર્યા કરો કે કોઈ પનાહ લેવાવાળાએ એના જેવીથી તઅવ્વુઝ ન કર્યું.[૩]" (અબૂ દાઊદ)*

**૧.** જુહફા તથા અબ્વા બંનેવ મક્કા મુઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાના દરમિયાન બે સ્થળો છે. અબ્વા તો એ જ જગા છે જ્યાં હઝરત આમિના ખાતૂન رضی اللہ عنہاની વફાત શરીફ થઈ. જુહફા શામ, મિસર અને મગરિબવાળાઓનો મીક઼ાત છે જ્યાંથી અહીંના હાજી સાહબો એહરામ બાંધે છે. એ જ જગાના વિશે હુઝૂરે અન્વર ﷺએ દુઆ કરી હતી કે, ખુદાયા ! મદીનાની વબા જુહફા તરફ ફેરવી દે. જેથી ત્યાં બીમારીઓ ખાસ કરીને તાવ ખૂબ જ અધિક છે, ત્યાં સુધી કે પક્ષી પણ ત્યાં થઈને પસાર થાય તો તેને પણ તાવ આવી જાય છે. એ જગા રાબિગની

પાસે છે. અમુકનો ખયાલ છે કે હવે એ જ જુહફાનું નામ રાબિગ છે. જુહફા અને અબ્વાની વચ્ચે વીસ માઈલનું અંતર છે. *(લમ્આત તથા મિર્કાત)*

**૨.** એટલે કાળી આંધી આવી ગઈ અને અમે એમાં ઘેરાઈ ગયા. સફરમાં આવી સ્થિતિ ઘણી જ તકલીફદાયક હોય છે.

**૩.** એનાથી જાણવા મળ્યું કે આ બંનેવ સ્થિતિઓ કેવળ જાદૂના માટે જ નથી બલ્કે અન્ય આફતોમાં પણ કામ આવે છે. જો એનું તઅવીઝ લખીને સાથે રાખવામાં આવે તો પણ અમાન મળે છે. કુર્આની આયતોથી તઅવીઝ જાઈઝ છે.

**★ હદીષ : (૫૫)-૨૧૬૩ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ خَبِيبٍ قَالَ: خَرَجْنَا فِي لَيْلَةِ مَطَرٍ وَظُلْمَةٍ شَدِيدَةٍ نَطْلُبُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَدْرَكْنَاهُ فَقَالَ: «قُلْ». قُلْتُ مَا أَقُولُ؟ قَالَ: «(قُلْ هُوَ اللّٰهُ أَحَدٌ) وَ الْمُعَوِّذَتَيْنِ حِينَ تُصْبِحُ وَحِينَ تُمْسِي ثَلَاثَ مَرَّاتٍ تَكْفِيكَ مِنْ كُلِّ شَيْءٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ખોબૈબ رضی اللہ عنہ થી રિવાયત કરે છે. ફર્માવે છે કે અમે એક વરસાદમય તથા સખત અંધારી રાતમાં રસૂલુલ્લાહ ﷺ ને શોધવા નીકળ્યા[૧] તો અમે હુઝૂરને પામી લીધા. હુઝૂરે ફર્માવ્યું, કહો ! હું બોલ્યો, શું કહું ?! સવાર તથા સાંજના સમયે* قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ અને ફલક્ તથા નાસ ત્રણ ત્રણવાર પઢી લીધા કરો[૨] *એ તમને દરેક ચીજથી પૂરતી થશે.[૩]"*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** એટલે કે અમે હુઝૂરે અન્વર ﷺની સાથેસફરમાં હતા. હુઝૂરે અન્વર ﷺ તો આગળ વધી ગયા. અમે લોકો પાછળ રહી ગયા તો અમે તેજ ગતિ કરી દીધી જેથી હુઝૂરે અન્વર ﷺથી મળી જઈએ. જેથી અમે અમારા મતલૂબ તથા મહબૂબ સુધી પહોંચી ગયા અને અમારા હેતુને પામી લીધો.

**૨.** અમારા સિલસિલામાં એક અમલ છે કે ફજર તથા મગરિબની નમાઝ બાદ નીચે પ્રમાણેની સૂરતો પઢી લીધા કરે : સૂરએ હશ્રનો છેલ્લો રુકૂઅ્, قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ,قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ ,اِذَا زُلْزِلَتِ الارض ત્રણવાર, ફલક્, નાસ હમેશાં એના પર અમલ કરે તો ઈન્ શા અલ્લાહ ! **દુનિયવી મુસીબતોથી મેહફૂઝ રહેશે અને ઈમાન પર ખાત્મો નસીબ થશે અને મરતી વખતે પોતાની જન્નતની જગા ખ્વાબમાં જોઈ લેશે અને મૃત્યુ નજીક તેને ખ્વાબમાં ખબર આપી દેવામાં આવશે કે તારો સમય નજીક છે તો તૈયારી કરી લે.** ફકીરે આ અમલ પોતાના બુઝુર્ગોથી પામ્યો છે અને બિહમ્દિહી તઆલા એના પર આમિલ છું. એના પરિણામોની મારા રબથી ઉમ્મીદ રાખુ છું, અલ્લાહ નસીબ કરે.

**૩.** એટલે તારાથી દરેક આફત ટાળવા અને દરેક મુસીબતને દૂર કરવા માટે પૂરતી હશે અથવા તને વિર્દ વઝીફાથી ગની કરી દેશે કે એની હાજરીમાં અન્ય કોઈ વઝીફો કરવો પડશે નહીં. આ બીજા અર્થની તફસીર તે હદીષ છે કે આ સૂરતોથી બેહતર કોઈ તઅવીઝ તથા અમાન છે.

**★ હદીષ : (૫૬)-૨૧૬૪ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قُلْتُ يَا رَسُولَ اللَّهِ أَقْرَأُ سُورَةَ (هُودٍ)أَوْ سُورَةَ (يُوسُفَ)؟ قَالَ: " لَنْ تَقْرَأَ شَيْئًا أَبْلَغَ عِنْدَ اللَّهِ مِنْ (قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ)رَوَاهُ أَحْمد وَالنَّسَائِيّ والدارمي

*"હઝરત ઉકબા ઈબ્ને આમિરથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું હું સૂરએ હૂદ અથવા સૂરએ યૂસુફ પઢયા કરું ? ફર્માવ્યું, તમે قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ થી વધીને કોઈ એવી સૂરત નથી પઢી શકતા જે આસાનતર અને રબની નજીક તમામતર હોય.[૨]"*

*(અહમદ, નિસાઈ, દારમી)*

**૧.** اقراءથી હમ્ઝા ઈસ્તફહામિયા દૂર કરી દેવામાં આવેલ છે. એટલે કે શું હું આફતોથી બચવા અને મુસીબતોને દૂર કરવાના માટે સૂરએ યૂસુફ તથા સૂરએ હૂદનો વિર્દ રાખુ ? (લમ્આત, મિર્કાત) સારાંશ કે અહીં તિલાવતની ઈજાઝત નથી માગી રહ્યા બલ્કે તઅવ્વુઝની ઈજાઝત હાંસલ કરવા ચાહે છે. આ હદીષથી જાણવા મળ્યું કે વિર્દ તથા વઝીફાઓમાં શયખની ઈજાઝત હોવી જોઈએ, નહીં તો સવાબ તો મળી જશે પણ અસર થશે નહીં. આ હદીષ શયખની ઈજાઝતની દલીલ છે.

**૨.** એટલે કે સૂરએ ફલક્ પઢવામાં ખૂબ જ આસાન છે કે ટૂંકી સૂરત છે અને બલાઓ દૂર કરવામાં ધાર્યુ નિશાન પાર પાડનાર જેમ અને સમૃધ્ધ છે, કેમ કે એમાં દરેક મખ્લૂક્ની બુરાઈથી પનાહ માગી લેવામાં આવી છે. અને વઝીફાઓ તથા દુઆઓમાં જામેઅ (સમૃધ્ધ) વઝીફા તથા દુઆઓથી બેહતર છે. મિર્કાતમાં ફર્માવ્યું કે શકય છે એનાથી બે સૂરતો ફલક્ તથા નાસ મુરાદ હોય, એટલે એકનો ઉલ્લેખ કરીને બંનેવની ઈજાઝત આપી હોય. કેમ કે સૂરએ નાસ સૂરએ ફલક્ની સાથી છે. واللّٰه اعلم

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૫૭)-૨૧૬૫ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْرِبُوا الْقُرْآنَ وَاتَّبِعُوا غَرَائِبَهُ وَغَرَائِبُهُ فَرَائِضُهُ وَحُدُودُهُ» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આનને ખૂબ જાહેર કરો[૧] અને કુર્આનની અજાયબીઓની પયરવી કરો. તેની અજાયબીઓ તેના ફર્ઝો અને તેના રહસ્યો છે.[૨]"*

**૧.** હે આલિમો ! કુર્આને કરીમનો લોકોમાં ખૂબ પ્રચાર કરો ! તેને છુપાવી ન રાખો. જેવી રીતે યહૂદીઓ તથા નસારા (ઈસાઈઓ)એ અસલ તૌરાત તથા ઈન્જીલ છુપાવી દીધી. સૂરજ છુપવાના માટે નથી નીકળતો, ચમકવા માટે નીકળે છે. કુર્આનને ચમકવા દો બલ્કે ખુદ પણ ચમકાવો. એઅરાબનો અર્થ છે જાહેર કરવું. અરબીમાં હરકાત એટલે ઝબર, ઝેર, પેશને એટલા માટે એઅરાબ કહે છે કે એનાથી કલમાઓની ફાઈલિયત મફઉલિયત વગેરે જાહેર થઈને લખાણના અર્થો જાહેર થઈ જાય છે.

**૨.** એટલે ગરાઈબથી મુરાદ કુર્આની મુતશાબેહાત નથી, કેમ કે તેમની તાવીલો કરવી મના છે બલ્કે કુર્આની એહકામ મુરાદ છે જે ઘણા જ અનોખા તથા નિરાલા છે. અથવા ફરાઈઝથી મુરાદ કરવાનાં કામોના હુકમો છે અને હદોથી મુરાદ ન કરવાની ચીજો. અથવા ફરાઈઝથી મુરાદ વારસાના હિસ્સા છે અને હદોથી મુરાદ બાકીના અન્ય અહકામ છે. અથવા ફરાઈઝથી મુરાદ સામાન્ય સમજમાં આવતા અર્થો તથા અહકામ છે અને હદોથી મુરાદ કુર્આની ભેદો છે એટલે કુર્આની અહકામ, તેના મોજિઝાઓ, તેના વાયદાઓ તથા ચેતવણીઓ તલબા તથા અવામ પર જાહેર કરી દો. તલબા પર મદ્રસાઓમાં, અવામ પર મજલિસોમાં અને વાઅઝોમાં. કુર્આનનું એક જાહેર છે અને એક બાતિન (આંત્રિક). જેવી રીતે માણસનું જાહેર શરીર છે અને બાતિન દિલ તથા રૂહ છે. ફરાઈઝમાં જાહેરની તરફ નિર્દેશ છે, હદોમાં બાતિનની તરફ. એનાથી જાણવા મળ્યું કે કુર્આન શરીફના માટે ઈલ્મે નહ્વ, સરફ, લુગત, બલાગત વગેરે શીખવું જરૂરી છે કે એ ઈલ્મો વિના કુર્આને કરીમની સર્વ સિફતો (ખૂબીઓ) જાહેર ન થઈ શકે છે અને ન કરી શકાય છે.

**★ હદીષ : (૫૮)-૨૧૯૬ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «قِرَاءَةُ الْقُرْآنِ فِي الصَّلَاةِ أَفْضَلُ مِنْ قِرَاءَةِ الْقُرْآنِ فِي غَيْرِ الصَّلَاةِ وَقِرَاءَةُ الْقُرْآنِ فِي غَيْرِ الصَّلَاةِ أَفْضَلُ مِنَ التَّسْبِيحِ وَالتَّكْبِيرِ وَالتَّسْبِيحُ أَفْضَلُ مِنَ الصَّدَقَةِ وَالصَّدَقَةُ أَفْضَلُ مِنَ الصَّوْمِ وَالصَّوْمُ جُنَّةٌ مِنَ النَّارِ». رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, નમાઝમાં કુર્આન પઢવું નમાઝ બહારની કુર્આનની તિલાવત કરતાં અફઝલ છે[૧] અને નમાઝ બહાર કુર્આન શરીફ પઢવું તસ્બીહ તથા તકબીર પઢવા કરતાં બેહતર છે.[૨] અને તસ્બીહ પઢવું ખૈરાત કરતાં બેહતર છે[૩] અને ખૈરાત રોઝા કરતાં અફઝલ છે[૪] અને રોઝા આગથી ઢાલ છે.[૫]"*

**૧.** કેમ કે નમાઝમાં તિલાવતથી બે ઈબાદતોનુ સંગમ છે અને એક ઈબાદતથી બે અફઝલ છે. તેમજ જે એકાગ્રતા થાય છે તે નમાઝ બહાર મયસ્સર નથી. તેમજ નમાઝમાં જે કુર્બે ઈલાહી નસીબ થાય છે તે નમાઝ બહાર નથી થતો. એનાથી જાણવા મળ્યું કે બે ઈબાદતોનો સમૂહ અફઝલ છે, જેથી ફાતિહા, ખતમ વગેરે બેહતરીન ચીજ છે કે એમાં તિલાવત તથા ખૈરાતનો સમૂહ થાય છે. એટલે એ બે ઈબાદતોનો સમૂહ છે.

**૨.** કેમ કે તસ્બીહ તથા તહલીલ કુર્આનનો ભાગ છે અને તિલાવતમાં પૂરુ કુર્આન છે અને ભાગ કરતાં પૂરુ (કુલ) અફઝલ છે. તેમજ કુર્આનમાં વઝીફા પણ છે. રબ તઆલાના અહકામ પણ છે. ઉલમા ફર્માવે છે કે સજદા તથા રુકૂઅ તશહહુદ કરતાં ક઼યામ અફઝલ છે, કેમ કે ક઼યામમાં કુર્આનની તિલાવત છે. તેમની દલીલ આ છે : શયખે ફર્માવ્યું કે નમાઝ બહારની તિલાવત નમાઝની તસ્બીહ તથા તહલીલ કરતાં પણ અફઝલ છે.

**૩.** એટલે એ ખયરાત કરતાં બેહતર છે જે ઝિક્રુલ્લાહથી ખાલી હોય. કારણ જાહેર છે કે આપણુ કામ સદક઼ો છે અને તસ્બીહ તથા તહલીલમાં રબનું નામ છે, અને આપણા કામ કરતાં રબનું નામ અફઝલ છે, જેથી જોઈએ કે ખૈરાત કરતી વખતે અલ્લાહનો ઝિક્ર પણ કરવામાં આવે.

**૪.** એ કારણે કે સદક઼ામાં માલ ખુદાના માર્ગે ખર્ચ કરવું છે અને રોઝામાં માલ નફસના માટે રોકવું અને બચાવવું છે કે રોઝામાં બપોરનું ખાવા બચી જાય છે અને માલ બચાવવા કરતાં ખર્ચ કરવો ખુદાની રાહમાં બેહતર છે. અમુક સૂફીઓ ફર્માવે છે કે રોઝો તે બેહતર જેમાં બચેલો માલ ખૈરાત કરી દેવામાં આવે. એટલે જ્યારે નફલી રોઝો

રાખે તો બપોરનું ખાણુ ખૈરાત કરી આપે જેથી રોઝો તથા ખૈરાત ભેગાં થઈ જાય. બલ્કે રોઝામાં ઝિકુલ્લાહ અધિક કરે જેથી રોઝા અને તસ્બીહ તથા તહલીલનું સંગમ નસીબ થઈ જાય. અથવા એ કારણે કે કે રોઝામાં કેવળ એ રોઝાદારને ફાયદો છે અને સદકામાં આપનારનો પણ ફાયદો અને ફકીરનું પણ ભલુ છે અને લાઝિમ ઈબાદત (સકર્મક) કરતાં મુતઅદ્દી (અકર્મક) ઈબાદત બેહતર છે. યાદ રાખશો કે આ ફઝીલત જુઝવી (આંશિક) છે નહીં તો કુલ્લિયા રોઝો ખૈરાતથી બેહતર છે. જેથી આ હદીષ રોઝાના ફઝાઈલની હદીષોની વિરુદ્ધ નથી.

**૫.** જ્યારે રોઝો જો આ સર્વ ઈબાદતોથી અંતિમ દરજાની ઈબાદત છે, એનો આ ફાયદો છે તો વિચારી લો કે એનાથી ઉપરવાળી ઈબાદતોનો ફાયદો કેવો હશે તે આપણા ખયાલથી વહેમથી બહારની વાત છે.

**★ હદીષ : (૫૯)-૨૧૯૭ ★**

وَعَنْ عُثْمَانَ بْنِ عَبْدِ اللَّهِ بْنِ أَوْسٍ الثَّقَفِيِّ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قِرَاءَةُ الرَّجُلِ الْقُرْآنَ فِي غَيْرِ الْمُصْحَفِ أَلْفُ دَرَجَةٍ وَقِرَاءَتُهُ فِي الْمُصحف تضعف عل ذَلِكَ إِلَى ألفي دَرَجَة» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અવસ ષકફીથી રિવાયત છે. તે પોતાના દાદાથી રિવાયત છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે કોઈ શખ્સનું કુર્આન શરીફ જોયા વિના તિલાવત કરવું હજાર દરજા છે[૧] અને કુર્આનમાં જોઈને તિલાવત કરવી તેના પર બે હજાર દરજા અફઝલ છે[૨]."*

**૧.** એટલે કુર્આનના હિફ્ઝની તિલાવતનો સવાબ અન્ય ઈબાદતોથી હજાર ગણુ અધિક છે. એનું કારણ પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે.

**૨.** એટલે કે કુર્આને કરીમમાં જોઈને તિલાવત કરવાનો સવાબ બીજી ઈબાદતથી બેહજાર ગણો વધારે અથવા હિફ્ઝની તિલાવત કરતાં બે હજાર ગણો વધારે છે. કેમ કે કુર્આને કરીમ જોવું પણ ઈબાદત છે અને એની તિલાવત પણ ઈબાદત છે, જેથી જોઈને તિલાવત કરનારો બમણી ઈબાદત કરે છે. હિફ્ઝની તિલાવત કરનાર એક ઈબાદત કરે છે. યાદ રાખશો કે અમુક ચીજોને જોવું ઈબાદત છે. કુર્આને કરીમ, કા'બા મોઅઝ્ઝમા, આલિમે દીનનો ચહેરો, મા બાપને પ્રેમાળ નજરે જોવું અને હુઝૂરે અન્વર ﷺને જોવું તો મહાન જ ઈબાદત છે કે એનાથી મો'મિન સહાબી બની જાય છે.

**★ હદીષ : (૬૦)-૨૧૯૮ ★**

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ هَذِهِ الْقُلُوبَ تَصْدَأُ كَمَا يَصْدَأُ الْحَدِيدُ إِذَا أَصَابَهُ الْمَاءُ» . قِيلَ يَا رَسُولَ اللَّهِ وَمَا جِلَاؤُهَا؟ قَالَ: «كَثْرَةُ ذِكْرِ الْمَوْتِ وَتِلَاوَةِ الْقُرْآنِ» . رَوَى الْبَيْهَقِيُّ الْأَحَادِيثَ الْأَرْبَعَةَ فِي شُعَبِ الْإِيمَانِ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું આ દિલ એવાં કાટવાળાં બને છે જેવી રીતે લોખંડ પાણી લાગવાથી થઈ જાય છે[૧] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ એ દિલોની સફાઈ શું છે ?[૨] ફર્માવ્યું, મૌતને અધિક પ્રમાણમાં યાદ કરવું[૩] અને કુર્આને કરીમની તિલાવત[૪] આ ચારેવ હદીષોને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી છે.*

**૧.** એટલે કે ગુનાહો, દુનિયવી ઉલઝનોમાં મશગૂલિયત, મહબૂબના ઝિક્રથી ગફલત વગેરે દિલના કાટનો સબબ છે. એ કાટ ક્યારેક મામૂલી હોય છે જે મામૂલી કોશિશથી જતો રહે છે અને કદી ખૂબ જ સખત હોય છે કે ખૂબ જ કોશિશના પછી દૂર થાય છે અને કદી દૂર કરવો શક્ય નથી હોતો જેને રૈન (રાત) તથા ખતમ કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : كَلَّا بَلْ ۜ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ (કોઈ નહીં બલ્કે એમના દિલો પર કાટ ચઢાવી દીધો છે તેમની કમાઈઓએ. સૂરએ મુતફ્ફિફીન, ૮૩/૧૪) યાદ રાખશો કે અહીં هٰذِهِ القلوب થી મુરાદ આમ માનવોનાં દિલ છે. અંબિયાએ કિરામ અને ખાસ અવલિયા અલ્લાહનાં દિલ એનાથી અપવાદ છે જે હમેશાં અલ્લાહની હિફાઝતમાં રહે છે. તેમના માટે મૌતનો ઝિક્ર તથા કુર્આનની તિલાવત નૂરાનિયતમાં વધારાનો સબબ છે.

**૨.** એટલે કે દરેક ચીજની સફાઈના ઓજારો (માધ્યમો) અલગ અલગ છે અને દરેકની પોલિશ અલગ ટાઈપની છે, તો દિલોની પોલિશ તથા સફાઈ કઈ ચીજથી થશે ?

**૩.** કેમ કે મૌતને યાદ કરવામાં દિલ દુનિયા પ્રતિ ઠંડુ પડી જાય છે અને આખેરતની તરફ આકર્ષાયને ગુનાહોથી નફરત કરતુ અને નેકીઓની તરફ વળી જાય છે. જે શખ્સ દરરોજ મૌતને યાદ કરી લીધા કરે તેને શહાદતનો દરજો મળશે ભલે બીમારીમાં મૌત આવે. (શામી) એટલા માટે કબ્રોની ઝિયારત સુન્નત છે જેથી એનાથી આપણી મૌત યાદ આવતી રહે. મૌત ખામોશ વાઈઝ છે.

**૪.** કેમ કે કુર્આન જાણો કે આપણા રૂહાની વતનનો પત્ર છે જે આપણને પરદેશીઓને ત્યાંની યાદ અપાવે છે. એ વાતની યાદ આ શારીરિક ટેમ્પરરી વતનથી દિલને ઠંડુ કરી આપે છે. આ બોલતુ વાઈઝ છે. એનાથી જાણવા મળ્યું કે મૌતની યાદની ખૂબ અધિક્તા દિલના કાટ દૂર કરે છે અને તિલાવત મુત્લક઼ન ચાહે થોડી હોય કે વધારે એવી અસર કરે છે.

**★ હદીષ : (૬૧)-૨૧૬૯ ★**

وَعَنْ أَيْفَعَ بْنِ عَبْدٍ الْكَلَاعِيِّ قَالَ: قَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ أَيُّ سُورَةِ الْقُرْآنِ أَعْظَمُ؟ قَالَ: (قُلْ هُوَ اللَّهُ أَحَدٌ)
قَالَ: فَأَيُّ آيَةٍ فِي الْقُرْآنِ أَعْظَمُ؟ قَالَ: آيَةُ الْكُرْسِيِّ (اللَّهُ لَا إِلَهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ)قَالَ: فَأَيُّ آيَةٍ يَا نَبِيَّ اللَّهِ تُحِبُّ أَنْ تُصِيبَكَ وَأُمَّتَكَ؟ قَالَ: «خَاتِمَةُ سُورَةِ الْبَقَرَةِ فَإِنَّهَا مِنْ خَزَائِنِ رَحْمَةِ اللَّهِ تَعَالَى مِنْ تَحْتِ عَرْشِهِ أَعْطَاهَا هَذِهِ الْأُمَّةَ لَمْ تَتْرُكْ خيرا من يخر الدُّنْيَا وَالْآخِرَةِ إِلَّا اشْتَمَلَتْ عَلَيْهِ» . رَوَاهُ الدَّارِمِيُّ

*''હઝરત ઐફઅ્ ઈબ્ને અબ્દુલ કલાઈથી[1] રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કુર્આને કરીમની કઈ સૂરત ઘણી જ મોટી છે ? ફર્માવ્યું, قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ અર્ઝ કરી, પછી કુર્આને કરીમની કઈ આયત ખૂબ જ મોટી છે ? ફર્માવ્યું, આયતુલ કુર્સી એટલે اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَیُّ الْقَیُّوْمُ અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! કઈ આયતના વિશે આપ ચાહો છો કે એની બરકત આપને તથા આપની ઉમ્મતને પહોંચે ?[5] ફર્માવ્યું, સૂરએ બક઼રહની અંતિમ આયતો[6] કે તે અલ્લાહની રહમતના અર્શી ખજાના છે જે અલ્લાહે આ ઉમ્મતને બખ્શ્યા. એ આયતોએ દુનિયા તથા આખેરતની કોઈ ભલાઈ એવી નથી છોડી જે પોતાનામાં લઈ લીધી ન હોય[7].'' (દારમી)*

**૧.** આપનું નામ ઐફઅ્ ઈબ્ને નાકૂર કલાઈ છે જે ઝુલ્ કલાઅ્ યમનનો મશહૂર કબીલો છે. શયખે ફર્માવ્યું કે

આપ સહાબી છે પણ મિર્કાતે ફર્માવ્યું કે આપ તાબઈ છે, કેમ કે આપ યમનથી હુઝૂર ﷺના દીદારના માટે રવાના થયા. રસ્તામાં જ હતા એવામાં હુઝૂર ﷺની વફાત થઈ ગઈ.

**૨.** કેમ કે આ સૂરતમાં રબ તઆલાની તૌહીદનું ખૂબ જ સમૃદ્ધ અને સંપૂર્ણ વર્ણન છે. અને કલામની અઝમત (મહાનતા) તેના લખાણની અઝમતથી હોય છે. જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે સૂરએ ફાતિહા ઘણી જ મહાન સૂરત છે કે ત્યાં આ'ઝમિયત અન્ય લેહાઝથી છે કે તે ઘણા વિષયોથી સમૃદ્ધ છે અને અહીં આ'ઝમિયત બીજી હૈસિષયતથી છે. લગભગ સવાલ પણ એ જ આ'ઝમિયતનો હતો, જેથી જવાબ, સવાલના મુજબનો છે.

**૩.** જેમાં રબ તઆલાની ઝાત તથા સિફતોનું સંપૂર્ણ તથા સમૃદ્ધ બયાન હોય. પહેલાં સૂરતના વિશે સવાલ હતો હવે આયતના વિશે સવાલ છે.

**૪.** અંતિમ આયત : وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ સુધી. આયતુલ કુર્સી ખૂબ જ લાભદાયી આયત છે તેના ફઝાઈલ હદથી બહાર છે.

**૫.** અહીં બરકતથી મુરાદ કાયમી સવાબ તથા ફાયદા છે જે કદાપિ ખત્મ ન થાય. બરકત برک (બરક)થી બન્યું, બેસી જવું, ન ઉઠવાના અર્થમાં.

**૬.** اٰمَنَ الرَّسُوْلُ છેવટ સુધી અને બેહતર એ છે કે لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِથી છેવટ સુધી પઢયા કરે. આ ખજાનાઓનું ઉતરાણ અર્શથી થયું છે અને આ ઉમ્મત સિવાય કોઈ અન્ય ઉમ્મતને એના જેવી અઝીમુશશાન નેઅમત નથી મળી.

**૭.** કેમ કે આયતમાં અલ્લાહ તઆલાની તૌહીદ, આમ મિલ્કિયત, ગફ્ફારી, સત્તારી વગેરે સિફતોનું પણ ઉચ્ચ વર્ણન છે અને જામેઅ (સમૃદ્ધ) દુઆઓ પણ છે. અને રબ તઆલાને બંદાનું માગવું ખૂબ જ પ્રિય છે. આ આયત સામાન્યપણે અને ખાસ કરીને તહજ્જુદની નમાઝમાં પઢવી જોઈએ. એના ઘણા ફાયદા જોવામાં આવ્યા છે.

**★ હદીષ : (૯૨)-૨૧૭૦ ★**

وَعَنْ عَبْدِ الْمَلِكِ بْنِ عُمَيْرٍ مُرْسَلًا قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «فِي فَاتِحَةِ الْكِتَابِ شِفَاءٌ مِنْ كُلِّ دَاءٍ» . رَوَاهُ الدَّارِمِيّ وَالْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત અબ્દુલ મલિક ઈબ્ને ઉમરથી મુરસલન રિવાયત છે[1] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **સૂરએ ફાતિહામાં દરેક બીમારીની દવા છે[2]**."*
*(દારમી, બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** આ હદીષ મુરસલ એટલા માટે છે કે અબ્દુલમલિક ઈબ્ને ઉમૈર તાબઈ છે. ઈમામ શઅબી બાદ કૂફાના કાઝી રહ્યા છે. ઘણા મહાન આલિમ તથા મુત્તકી છે. તે ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું. સહાબીનો ઉલ્લેખ નથી કર્યો એનું નામ ઈરસાલ છે.

**૨.** શારીરિક, ખયાલી તથા રૂહાની તમામ બીમારીઓની શિફા મુત્લક છે. ઘણી બધી બીમારીઓમાં વિવિધ તરીકાઓ વડે ઉપયોગમાં લેવામાં આવે છે. અને ઘણી જ લાભદાયી થાય છે, અનુભવો છે. ઈમાન તથા યકીન શર્ત છે.

**★ હદીષ : (૯૩)-૨૧૭૧ ★**

وَعَنْ عُثْمَانَ بْنِ عَفَّانَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: مَنْ قَرَأَ آخِرَ آلِ عِمْرَانَ فِي لَيْلَة كتب لَهُ قيام لَيْلَة. رَوَاهُ الدَّارِمِيّ

*"હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, જે રાતે આલે ઈમરાનની આખરી આયતો પઢે તેને માટે આખી રાતની ઈબાદતનો સવાબ લખવામાં આવશે[1]."*

**૧.** આ હદીષ જો કે હઝરત ઉષ્માન પર મૌકૂફ છે પણ મરફૂઅના હુકમમાં છે, કેમ કે કુર્આની સૂરતોના ફઝાઈલ બુદ્ધિથી નથી. જાણવા મળ્યું કે કેવળ હુઝૂરે અન્વર ﷺના ફર્માન શરીફથી જ જાણી શકાય છે. અંતિમ આલે ઈમરાનથી મુરાદ આયત إِنَّ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ થી છેવટ સુધી છે. હુઝૂરે અન્વર ﷺ આ આયત તહજ્જુદ વખતે ઉઠતી વખતે પણ પઢતા હતા. આસ્માનના તારાઓને જોતા જતા અને આયત પઢતા જતા. બેહતર એ છે કે તહજ્જુદ માટે ઉઠતી વખતે પણ પઢે અને તહજ્જુદની નમાઝમાં પણ પઢે. મતલબ એ છે કે જે કોઈ આ આયતો રાતના કોઈ હિસ્સામાં ખાસ કરીને તહજ્જુદમાં પઢે તો તેને આખી રાત નવાફિલ પઢવાનો સવાબ મળશે. સુબ્હાનલ્લાહ ! રબ તઆલાની અતા આપણા ખયાલથી પર છે.

**★ હદીષ : (૯૪)-૨૧૭૨ ★**

وَعَنْ مَكْحُولٍ قَالَ: مَنْ قَرَأَ سُورَةَ آلِ عِمْرَانَ يَوْمَ الْجُمُعَةِ صَلَّتْ عَلَيْهِ الْمَلَائِكَةُ إِلَى اللَّيْلِ. رَوَاهُ الدَّارِمِيّ

*"હઝરત મકહૂલ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જુમ્આના દિવસે સૂરએ આલે ઈમરાન પઢે તો રાત સુધી ફરિશ્તા એને દુઆઓ કરતા રહે છે[૧]." (દારમી)*

**૧.** એટલે હઝરત મકહૂલ શામી જે મશહૂર તાબઈ છે. ફર્માવે છે કે જે જુમ્આના દિવસમાં પૂરી સૂરએ આલે ઈમરાન પઢી તે ફરિશ્તાઓની દુઆઓનો મુસ્તહિક઼ છે. દુઆઓથી મુરાદ ખાસ દુઆઓ, કેમ કે તેમની સામાન્ય દુઆઓ તો દરેક મુસલમાન માટે વક઼્ફ છે જેમ કે કુર્આને કરીમમાં છે. આ જો કે હઝરત મકહૂલનો કૌલ છે પણ હદીષે મરફૂઅના હુકમમાં છે.

**★ હદીષ : (૯૫)-૨૧૭૩ ★**

وَعَن جُبَير بن نفير رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ اللَّهَ خَتَمَ سُورَةَ الْبَقَرَةِ بِآيَتَيْنِ أُعْطِيتُهُمَا مِنْ كَنْزِهِ الَّذِي تَحْتَ الْعَرْشِ فَتَعَلَّمُوهُنَّ وَعَلِّمُوهُنَّ نِسَاءَكُمْ فَإِنَّهَا صَلَاةٌ وقربان وَدُعَاء» . رَوَاهُ الدَّارِمِيّ مُرْسلا

*"હઝરત જુબેર ઈબ્ને નુફેરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ સૂરએ બક઼રહને આ બે આયતો પર ખત્મ કરી[૧] જે મને તેના અર્શી ખજાનામાંથી અતા થઈ. જેથી એને શીખો અને પોતાની સ્ત્રીઓને શીખવાડો[૨] કે એ નમાઝ અને અલ્લાહની કુર્બત (નઝદીકી)નો સબબ તથા દુઆ છે[૩]. (દારમી) મુરસલન[૪]."*

**૧.** એટલે امن الرسول (આમનર્રસૂલ)થી અંતિમ સૂરત સુધીની બે આયતો અર્શી ખજાનાઓમાંથી છે. ખજાનાઓથી મુરાદ રહમતના મઅનવી (રૂહાની) ખજાનાઓ છે.

**૨.** એટલે આ બંનેવ આયતોનો એક એક કલમો શીખો અને શીખવાડો. એટલા માટે هن જમઅ મુઅન્નષ ઈર્શાદ થયું. નહીં તો બે આયતોના માટે ઝમીર તષ્નિયા આવવી જોઈતી હતી. રબ તઆલા ફર્માવે છે : هٰذٰنِ خَصْمٰنِ اخْتَصَمُوْا (આ તે પક્ષવાળા છે કે પોતાના રબમાં ઝઘડે. સૂરએ હજ્જ, ૨૨/૧૯) અને ફર્માવે છે : وَاِنْ طَآئِفَتٰنِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا ---الخ (અને મુસલમાનોનાં બે ગ્રુપ આપસમાં લડે તો એમનામાં સુલહ કરાવો. –સૂરએ હુજુરાત, ૪૯/૯) સ્ત્રીઓનો ઉલ્લેખ ખાસ કરીને એટલા માટે કર્યો કે પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ અધિક ગુનાહ કરી લેતી હોય છે એટલા માટે એ દોઝખી અધિક છે. એટલે કે આ બે આયતો તમારા સર્વ

ઘરવાળાંઓને શીખવાડો કે એમના શીખવાડવાથી નાના બાળકો જલ્દી શીખી જશે, કેમ કે બાળકોનો પહેલો મદ્રસો માની ગોદ છે.

**૩.** صلوة (સલાત)થી ક્યાં તો ઈસ્તિગફાર છે, જેમ કે اِنَّ اللّٰهَ وَ مَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ (બેશક ! અલ્લાહ તથા ફરિશ્તા નબી પર સલામ મોકલે છે. સૂરએ અહઝાબ, ૩૩/૫૬)માં ફરિશ્તાઓની સલાતથી મુરાદ છે ઈસ્તિગફાર અથવા એ મતલબ છે કે નમાઝમાં તિલાવત કરવામાં આવતી આયતો છે. મતલબ એ છે કે નમાઝ અથવા નમાઝ બહાર આ આયતોને પઢવામાં ઘણા ફાયદા છે. એમાં દુઆ પણ છે, કુર્બતે ઈલાહી પણ, ઈસ્તિગફાર પણ અને એનાથી નમાઝ પણ થાય છે કે એમાં غفرانک (ગુફરાનક) પણ છે અને واليک المصير, છે. અથવા હુઝૂરે અન્વર ﷺથી નઝદીકીનો ઝરીયો છે. આવી સમૃદ્ધતા અન્ય આયતોમાં ઓછી છે. જાણવા મળ્યું કે આયતોના ફઝાઈલ ક્યારેક તેના વિષયોના મહત્વના કારણે પણ હોય છે.

**૪.** કેમ કે જુબેર ઈબ્ને નુફૈર તાબઈ છે. તેમણે ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺએ એ પ્રમાણે ફર્માવ્યું કે સહાબીનો ઉલ્લેખ ન આવ્યો. હાકિમે હઝરત અબૂઝરથી મરફુઅન્ રિવાયત કરી થોડા ફરક સાથે. (મિકાત)

**★ હદીષ : (૯૬)-૨૧૭૪ ★**

وَعَن كَعْب رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى الله عَلَيْهِ وَسلم قَالَ: «اقرؤوا سُورَةَ هود يَوْمَ الْجُمُعَة» . رَوَاهُ الدِّرَامِي مُرْسلا

*''હઝરત કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જુમ્આના દિવસે સૂરએ હૂદ પઢયા કરો[૧].'' (દારમી)*

**૧.** હૂદ મુન્સરિફ પણ છે અને ગૈર મુન્સરિફ પણ. અને જુમ્આ મીમના પેશથી પણ છે અને સુકૂનથી પણ. પણ કુર્આને કરીમમાં મીમના પેશથી છે. એનાથી જાણવા મળ્યું કે **જુમ્આના દિવસે સૂરએ હૂદ પઢવી ખૂબ જ બરકતોનો સબબ છે, જેવી રીતે એ દિવસે સૂરએ કહફની તિલાવત બલાને દૂર કરવાના માટે છે.**

**★ હદીષ : (૯૭)-૨૧૭૫ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «من قَرَأَ سُورَة الْكَهْف فِي يَوْم الْجُمُعَة أَضَاء لَهُ النُّور مَا بَيْنَ الْجُمْعَتَيْنِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي الدَّعْوَاتِ الْكَبِير

*''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જે જુમ્આના દિવસે સૂરએ કહફ પઢે તો તેનું ઈમાની નૂર બે જુમ્આઓના વચ્ચે ચમકે છે[૧].'' (બયહકી, દા'બાતુલ કબીર)[૨]*

**૧.** એ ચમક એના ચહેરા પર હશે અથવા દિલમાં, જિંદગીમાં અથવા કબ્રમાં કયામતના દિવસે. અને બે જુમ્આઓની દરમિયાનથી મુરાદ એટલી મુદ્દત અને એટલો સમય છે. જે શખ્સ દરેક જુમ્આના એને પઢી લીધા કરે તો ઈન્ શા અલ્લાહ ! હમેશાં જ મુનવ્વર છે. આ સૂરત દજ્જાલના ફિતનાથી અમાન પણ છે જેવું કે પહેલાં વર્ણન આવી ગયું, બલ્કે એ નૂર જ દજ્જાલની આફતથી બચવાનો ઝરીયો બનશે. ઈન્શા અલ્લાહ !

**૨.** આ હદીષ વિવિધ તરીકાઓ તથા વિવિધ લખાણો થકી હાકિમ, દારમી, નિસાઈ, તિબ્રાની, બઝ્ઝારે પણ રિવાયત કરી.

★ હદીષ : (૯૮)-૨૧૭૬ ★

وَعَن خَالِد بن معدان قَالَ: اقرؤوا المنجية وَهِي(آلم تَنْزِيل)فَإِن بَلَغَنِي أَنَّ رَجُلًا كَانَ يَقْرَؤُهَا مَا يَقْرَأُ شَيْئًا غَيْرَهَا وَكَانَ كَثِيرَ الْخَطَايَا فَنَشَرَتْ جَنَاحَهَا عَلَيْهِ قَالَتْ: رَبِّ اغْفِرْ لَهُ فَإِنَّهُ كَانَ يُكْثِرُ قِرَاءَتِي فَشَفَّعَهَا الرَّبُّ تَعَالَى فِيهِ وَقَالَ: اكْتُبُوا لَهُ بِكُلِّ خَطِيئَةٍ حَسَنَةٍ وَارْفَعُوا لَهُ دَرَجَةً ". وَقَالَ أَيْضًا: " إِنَّهَا تُجَادِلُ عَنْ صَاحِبِهَا فِي الْقَبْرِ تَقُولُ: اللَّهُمَّ إِنْ كُنْتُ مِنْ كِتَابِكَ فَشَفِّعْنِي فِيهِ وَإِنْ لَمْ أَكُنْ مِنْ كِتَابِكَ فَامْحُنِي عَنْهُ وَإِنَّهَا تَكُونُ كَالطَّيْرِ تَجْعَلُ جَنَاحَهَا عَلَيْهِ فَتَشْفَعُ لَهُ فَتَمْنَعُهُ مِنْ عَذَابِ الْقَبْرِ " وَقَالَ فِي (تبارك)مثله. وَكَانَ خَالِد لَا يَبِيتُ حَتَّى يَقْرَأَهُمَا. وَقَالَ طَاوُوس: فُضِّلَتَا عَلَى كُلِّ سُورَةٍ فِي الْقُرْآنِ بِسِتِّينَ حَسَنَةً. رَوَاهُ الدَّارمِيّ

*"હઝરત ખાલિદ ઈબ્ને મઅ્દાનથી રિવાયત છે[૧] કે તેમણે ફર્માવ્યું, નજાત આપવાવાળી સૂરત પઢયા કર જે الم تنزيل છે[૨]. મને ખબર મળી છે કે એક શખ્સ આ જ સૂરત પઢતો હતો. એના સિવાય કાંઈ ન પઢતો હતો[૩]. અને તે હતો ઘણો જ ગુનેહગાર. એ સૂરતે તેના પર પોતાની પાંખો ફેલાવી દીધી. બોલી, યા રબ ! એને બખ્શી દે[૪] કેમ કે એ મારી ખૂબ જ તિલાવત કરતો હતો. રબ તઆલાએ એના બારામાં એની શફાઅત કબૂલ કરી[૫] અને ફર્માવ્યું, એના માટે દરેક ગુનાહના બદલામાં નેકી લખો અને દરજો બુલંદ કરો[૬] રાવીએ એ પણ ફર્માવ્યું કે આ સૂરત પોતાના પઢવાવાળાના તરફથી કબ્રમાં ઝઘડશે. કહેશે, ઈલાહી ! જો હું તારી કિતાબથી છું તો તેના હક્કમાં મારી શફાઅત કબૂલ કર[૭]. અને જો હું તારી કિતાબથી નથી તો મને એનાથી મિટાવી દે[૮] અને તે પક્ષીની જેમ થઈ જશે કે તેના પર પોતાની પાંખો ફેલાવી દેશે[૯]. તેની શફાઅત કબૂલ કરવામાં આવશે અને એ એને કબ્રના અઝાબથી બચાવી લેશે. અને સૂરએ મુલ્કના બારામાં એ જ પ્રમાણે ફર્માવ્યું[૧૦] અને હઝરત ખાલિદ તેને પઢયા વિના સૂતા ન હતા. હઝરત તાઉસે ફર્માવ્યું, આ બંનેવ સૂરતો કુર્આનની સર્વ સૂરતો પર સાઈઠ ગણી બુઝુર્ગી ધરાવે છે[૧૧]." (દારમી)*

**૧.** આપ મશહૂર તાબઈ છે. સિત્તેર સહાબીઓથી આપની મુલાકાત છે. ષિક્હ છે. આલિમ છે. *(અશિઅહ)*

**૨.** આ સૂરત દુનિયવી આફતો, ક્બ્ર તથા હશ્રના અઝાબથી નજાતનો ઝરીયો છે એટલા માટે એને મન્જિયહ કહે છે. જ્યારે કુર્આની સૂરતને મુન્જિયહ (નજાત આપનાર) કહેવું દુરુસ્ત છે તો હુઝૂરે અન્વર ﷺને પણ મુન્જી એટલે નજાત આપનાર કહી શકાય છે.

**૩.** એટલે કે કેવળ આ સૂરતનો. વઝીફો કરવો, એના સિવાય એનો કોઈ અન્ય વિર્દ વઝીફો ન હતો.

**૪.** એટલે કે જ્યારે તે ક્બ્રમાં ગયો આ સૂરત પક્ષીના રૂપમાં જાહેર થઈ અને એના પર પોતાની પાંખોનો છાંયડો કરી આપ્યો જેથી એ શખ્સ પર અઝાબ ન આવી શકે. જાહેર એ છે કે આ ખબર હુઝૂરે અન્વર ﷺએ સહાબીઓને આપી હોય. અમુક સહાબીથી અમુક ગુનાહ થયા, પણ એમનામાં ફાસિક્ કોઈ નથી. ગુનાહ અલગ છે અને ફિસ્ક્ કાંઈ અલગ છે.

**૫.** એટલે કે આ શફાઅતની બરકતથી ક્બ્રનો અઝાબ દૂર થઈ ગયો. પ્રથમ તો તેણે ક્બ્રના અઝાબથી

બચાવ્યો પછી દૂર કર્યો.

**૬.** એટલે કે એના આમાલનામાથી સર્વ ગુનાહો મિટાવી દો અને દરેક ગુનાહ પર નેકીનો સવાબ આપો. એ મતલબ નથી કે ગુનાહ હટાવીને એવું લખી દો કે એણે નેકીઓ કરી, કે એ તો જૂઠુ છે. રબ તઆલા ફર્માવે છે : فَأُولَٰئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ "(તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓમાં બદલી દેશે. સૂરએ ફુર્કાન, ૨૫/૭૦) બાદશાહ ખુશ થાય છે તો ગાળ પર ઈન્આમ આપી દે છે. કદી ગાળથી પણ ઈન્આમ આપે છે જેથી હદીષ સ્પષ્ટ છે. યાદ રાખશો કે خطيئة થી મુરાદ અલ્લાહના હક્કોના સગીરા ગુનાહ છે ન કે બંદાઓના હક્કોના. જેથી એનાથી એ લાઝિમ નથી કે الم تنزيل પઢનારો લોકોના માલોને મારી ખાય, ચોરી ડાકૂગીરી કરતો રહે અને એ જુર્મો પર સવાબ મળશે.

**૭.** અને તેની કબ્રમાં વિશાળતા તથા નૂર કરી દે અને તેને નકીરૈનના સવાલોમાં કામયાબ કરી આપો. કેમ કે એ મારી ખૂબ જ તિલાવત કરતો હતો તો આજે એનું ફળ એને આપ.

**૮.** એટલે મને લોહે મહેફૂઝથી મિટાવી દે અથવા કુર્આની વરકોથી અથવા એના સીનાથી કાઢી નાખ. આ નાઝની માગણી વિનવણી છે, જેવી રીતે નાઝનો પાળેલો ગુલામ પોતાના માલિકને કહે કે જો હું તારો ગુલામ છું તો મારી વાત માન, નહીં તો મને વેચી નાખ ! અથવા પુત્ર બાપને અર્ઝ કરે કે જો હું તમારો દીકરો છું તો મારા હક્કનો લેહાઝ કરો, જો નથી તો મને તમારા ઘરથી બહાર કાઢી મૂકો. જેથી આ અગર મગર (જો તો) શક તે ઉલઝનના કારણે નથી.

**૯.** જેવી રીતે મરઘી કે પક્ષી પોતાનાં બાળકોને પોતાની પાંખોમાં લઈ લે છે જેથી બચ્ચાં સુધી બહારની તકલીફ નથી પહોંચવા પામતી, એ જ પ્રમાણે આ સૂરત પોતાના આમિલને કબ્ર તથા કયામતમાં પોતાની પાંખોમાં લઈ લેશે જેથી એ શખ્સ સુધી ગરમી, ભય, ગભરાહટ વગેરે પહોંચી શકશે નહીં.

**૧૦.** હઝરત ખાલિદ ઈબ્ને મઅદાન رضي الله عنه એ સૂરએ મુલ્કના ફઝાઈલ પણ લગભગ આ જ પ્રમાણે વર્ણવ્યા.

**૧૧.** એટલે અમુક ખાસ ફાયદાઓમાં અન્ય સર્વ સૂરતો કરતાં સાઈઠ ગણી અધિક છે. અથવા અમુક સંજોગોમાં તેમની તિલાવત બીજી સૂરતોની તિલાવત કરતાં સાઈઠ ગણી અધિક ફાયદાકારક છે. જેવી રીતે કે વિત્રની નમાઝમાં سَبِّحِ اسْمَ رَبِّكَ الْأَعْلَى અને قُلْ يَا أَيُّهَا الْكَافِرُونَ અને قُلْ هُوَ اللَّهُ أَحَدٌ પઢવી ખૂબ જ બેહતર છે. અને જુમ્આની ફજરમાં સૂરએ સજદા તથા સૂરએ દહરની તિલાવત અફઝલ છે. જેથી આ હદીષ પર વાંધો નથી કે સૂરએ ફાતિહા અને સૂરએ ઈખ્લાસના ફઝાઈલ તો ઘણા છે.

**★ હદીષ : (૬૯)-૨૧૭૭ ★**

وَعَنْ عَطَاءِ بْنِ أَبِي رَبَاحٍ قَالَ: بَلَغَنِي أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ (يس)فِي صَدْرِ النَّهَارِ قضيت حَوَائِجه» رَوَاهُ الدَّارِمِيّ مُرْسلا

*"હઝરત અતા બિન અબી રબાહથી[1] રિવાયત છે. ફર્માવે છે, મને ખબર મળી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે દિવસની શરૂઆતમાં સૂરએ યાસીન પઢી લે, તેની સર્વ જરૂરતો પૂરી થશે[2]." (દારમી મુરસલન્)*

**૧.** આપ જલીલુલ કદર તાબઈ, અજોડ આલિમ અને અનુપમ ફકીહ હતા. ઈમામ અબૂ હનીફા رضي الله عنه ફર્માવે છે કે મેં અતાથી મોટો તો શું એમના જેવો આલિમ તથા ફકીહ નથી જોયો. કાળો રંગ, એક આંખ, ચપટી નાક અને એક હાથ લક્વાગ્રસ્ત હતો. પગથી લંગડા હતા. અંતિમ ઉમરમાં નાબીના થઈ ગયા હતા. ૮૮ વરસની ઉમર પામી

હતા હિ.સ. ૧૧૫માં વફાત પામ્યા. ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ફર્માવે છે, જો **ઈલ્મ નસબ (વંશ) અથવા અન્ય વિશિષ્ટતાઓથી મળતો હોત તો અતાને ન મળતો કે એમનામાં કોઈ જાહેરી વિશિષ્ટતા ન હતી, પણ ઈલ્મના ખજાનાઓ તેમના સીનામાં હતા. પાક છે તે જેની અતા કોઈના કમાલ પર આધારિત નથી.**

داد حق را قابلیت شرط نیست　　　بلکہ شرط قابلیت داد اوست

**અર્થાત** : અલ્લાહની અ્તા માટે લાયકાત શર્ત નથી બલ્કે લાયકાતની શર્ત અલ્લાહની અતા છે.

આપે હઝરત ઈબ્ને અબ્બાસ, અબૂ હુરૈરહ્, અબૂ સઈદ ખુદરી, જાબિર ઈબ્ને ઉમર, આઈશા સિદ્દીક્ા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી હદીષો લીધી અને તેમના ફયઝો પામ્યા.

**૨.** અમુક બુઝુર્ગ ફજરની નમાઝ બાદ સૂરએ યાસીનની તિલાવત કરે છે તેમની અસ્લ આ હદીષ છે. આ અમલ ખૂબ જ મુજર્રબ છે. તેનો આમિલ ઈન્ શા અલ્લાહ ! કદી ફક્રો ફાક્ા કે અન્ય આફતોમાં ફસાશે નહીં. હાજતના પૂર્ણ થવા માટે આ સૂરત અકસીર છે.

**★ હદીષ : (૭૦)-૨૧૭૮ ★**

وَعَن معقل بن يسَار الْمُزنِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ (يس)ابْتِغَاءَ وَجْهِ اللَّهِ تَعَالَى غُفِرَ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنبه فاقرؤوها عِنْدَ مَوْتَاكُمْ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*"હઝરત અકલ બિન યસાર મુઝનીથી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે* ***જે અલ્લાહને રાજી કરવા માટે સૂરએ યાસીન પઢે તેના પાછલા ગુનાહો બખ્શી દેવામાં આવશે[૧]****. જેથી એને મરનારાની પાસે પઢયા કરો[૨]. (બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** આ સૂરએ યાસીનનનો આખેરતનો ફાયદો છે. અમુક એની તિલાવત કરનારા દુનિયવી આફતોથી મહેફૂઝ રહેશે અને તેમના ગુનાહો બખ્શી દેવામાં આવશે. ઈન્શા અલ્લાહ ! કબીરા ગુનાહ પણ બખ્શી દેવામાં આવશે. *(મિર્કાત)*

**૨.** જાહેર એ છે કે અહીં موتی (મરનાર)થી મુરાદ તે છે જેની જાન નીકળી રહી હોય. મૃત્યુની નજીક હોય. એવી હાલતમાં સૂરએ યાસીન તિલવાત કરવાનો આમ રિવાજ છે, તેની અસલ આ હદીષ છે. કેમ કે આ સૂરતથી મુશ્કેલી પણ હલ થાય છે અને ગુનાહ પણ માફ થાય છે. એટલા માટે એ વખતે સૂરએ યાસીન પઢવી ખૂબ જ મુનાસિબ છે. અને શક્ય છે કે મૌતાથી મુરાદ મૈયત જ હોય. એટલે ક્બ્ર પર અથવા દફનથી પહેલાં સૂરએ યાસીન પઢયા કરો. પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. *(લમ્આત તથા મિર્કાત)*

**★ હદીષ : (૭૧)-૨૧૭૯ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ أَنَّهُ قَالَ: إِنَّ لِكُلِّ شَيْءٍ سَنَامًا وَإِنَّ سَنَامَ الْقُرْآنِ سُورَةُ الْبَقَرَةِ وَإِنَّ لِكُلِّ شَيْءٍ لُبَابًا وَإِنَّ لباب الْقُرْآن الْمفصل. رَوَاهُ الدَّارِمِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે દરેક ચીજની એક ઊંચાઈ છે અને કુર્આનની ઊંચાઈ સૂરએ બક્રહ છે[૧] અને દરેક ચીજનો એક ખુલાસો છે અને કુર્આનનો ખુલાસો મુફસ્સલ છે[૨]." (દારમી)*

**૧.** એટલે કે ઊંટની ખૂબસૂરતી ઉંચી ખાંધીથી છે, મસ્જિદની ખૂબસૂરતી ઉંચા મીનારાઓથી છે અને કુર્આનની ખૂબસૂરતી સૂરએ બક઼રહથી છે કે મોટાભાગના શરઈ અહકામ આ જ સૂરતમાં છે. અને જેહાદની આયતો પણ એ જ સૂરતમાં છે અને જેહાદથી ઈસ્લામ તથા કુર્આન સૌની સલામતી છે. તેમજ આ સૂરત સર્વ સૂરતો કરતાં મોટી છે.

**૨.** સૂરએ હુજુરાતથી વન્નાસ સુધીને મુફસ્સલ કહે છે. તેના ત્રણ હિસ્સા છે : હુજુરાતથી બુરુજ સુધી તવાલે મુફસ્સલ છે અને બુરૂજથી લમયકુન સુધી મધ્યમ અને લમયકુનથી વન્નાસ સુધી કે઼સાર. મિર્કાતે ફર્માવ્યું કે બાકીના કુર્આનના વિષયો તૌરાત તથા ઈન્જીલના વિષયોના મુશાબિહ (મળતા) છે. પણ મુફસ્સલના વિષયો અનુપમ છે. એ જ પ્રમાણે મુફસ્સલમાં મોટાભાગના એ વિષયોની તફસીલ કરી દેવામાં આવી છે જે બાકીના કુર્આનમાં સંક્ષિપ્તપણે વર્ણન થયા. એટલા માટે એને કુર્આનનો ખુલાસો કહેવામાં આવ્યો.

**★ હદીષ : (૭૨)-૨૧૮૦ ★**

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم يَقُولُ: «لكل شَيْء عروس وعروس الْقُرْآن الرَّحْمَن» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે દરેક ચીજની એક ઝીનત (શોભા) છે અને કુર્આનની ઝીનત સૂરએ રહમાન છે.[૧]"*

**૧.** અમુક કારણોસર સૂરએ રહમાનને કુર્આનની દુલ્હન, ઝીનત કહેવામાં આવી. આ સૂરતમાં અલ્લાહ તઆલાની ઝાત તથા સિફતોનું વર્ણન છે, અને ઝાત તથા સિફતો પર એતેક઼ાદ તથા ઈમાનની ઝીનત છે. આ સૂરતમાં જન્નતની હૂરો, તેમના હુસ્નો જમાલ, તેમના ઘરેણાનું વર્ણન છે. આ ચીજો જન્નતની ઝીનત છે. આ સૂરતમાં આયતે કરીમા : فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ સત્તાવીસ જગાએ ઈર્શાદ થઈ એનાથી સૂરતની શોભા ઓર વધી ગઈ. યાદ રાખશો કે અરબી "ઉરૂઝ" દુલ્હનને પણ કહે છે અને દુલ્હનને પણ. એ "ઉર્સ"થી બન્યું છે. શાદી બારાતના અર્થમાં. કેમ કે દુલ્હા દુલ્હનને ખૂબ જ શણગારવામાં આવે છે. એટલા માટે પછી આ શબ્દ ઝીનત શણગારના અર્થમાં વપરાવા લાગ્યો. અહીં એ જ મજાઝી અર્થમાં ઈર્શાદ થયું છે. જન્નતમાં રબ તઆલા સૂરએ રહમાનની તિલાવત કરશે અને જન્નતી સાંભળશે. એ સાંભળવાથી જે લિજ્જત તથા ખુશી હાંસલ થશે તે વર્ણન કરવાથી બલ્કે ગુમાન કરવાથી પણ પર છે. આજે સારા ક઼ારીની તિલાવત સાંભળીને લોકો લોટપોટ થઈ જાય છે તો રબ તઆલાની તિલાવત કેવી હશે !

**★ હદીષ : (૭૩)-૨૧૮૧ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَرَأَ سُورَةَ الْوَاقِعَةِ فِي كُلِّ لَيْلَةٍ لَمْ تُصِبْهُ فَاقَةٌ أَبَدًا» . وَكَانَ ابْنُ مَسْعُودٍ يَأْمُرُ بَنَاتَهُ يَقْرَأْنَ بِهَا فِي كل لَيْلَة. رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે દરેક રાતે સૂરએ વાક઼િઆ પઢયા કરે તો તેને ફાક઼ો કદી ન થશે[૧]. હઝરત ઈબ્ને મસઊદ પોતાની પુત્રીઓને હુકમ આપતા હતા કે દરેક રાતે આ પઢયા કરે[૨]. આ બંનેવ હદીષો બયહક઼ી, શોઅબુલ ઈમાનમાં રિવાયત પામેલી છે."*

**૧.** અમુક શરહકર્તાઓએ આ હદીષની તાવીલો કરી છે કે તેને ફાક઼ામાં બેસબ્રી નહીં થાય અથવા એને તવક્કુલ નસીબ થશે અથવા તેને દિલી ફાક઼ા એટલે ઈબાદતથી ગફલત ન થશે. પણ હક્ક઼ એ છે કે હદીષ જાહેર પર છે. **સૂરએ વાક઼િઆ દરેક રાત્રે પઢનાર ફક઼્રો ફાક઼ા (તંગદસ્તી ભૂખમરા)થી મહેફૂઝ રહે છે.** આ અમલ ખૂબ જ મુજર્રબ

(સચોટ) છે. અલ્લાહ તઆલાએ અમુક સૂરતો, આયતોમાં દુનિયવી ફાયદા પણ રાખ્યા છે જેથી લોકોને કુર્આનની તિલાવતનું આકર્ષણ થાય. વિવિધ આયતો વિવિધ દુનિયવી તાષીરો પણ રાખવામાં આવી છે. *(લમ્આત)*

**૨.** જેથી કરીને તિલાવતનો સવાબ પણ પામે અને ફકો ફાકાથી મહેફૂઝ પણ રહે. જાણવા મળ્યું કે દુનિયવી લાભ તથા અસરના માટે પણ કુર્આને પાક પઢવું જાઈઝ છે. હા ! નાજાઈઝ મકસદોના માટે કુર્આને કરીમ પઢવું અથવા કોઈ અમલ કરવો જુર્મ છે. હુઝૂરે અન્વર ﷺ કુર્આની આયતો અને બીજી દુઆઓ બીમારીઓથી શિફા માટે ઉપયોગમાં લેતા હતા.

**★ હદીષ : (૭૪)-૨૧૮૨ ★**

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: " كَانَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم يحب هَذِهِ السُّورَةَ (سَبِّحِ اسْمِ رَبِّكَ الْأَعْلَى)رَوَاهُ أَحْمد

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ આ સૂરતથી મહોબ્બત કરતા હતા. سَبِّحِ اسْمِ رَبِّكَ الْأَعْلَى[૧]" (અહમદ)*

**૧.** જેમ કે હુઝૂરે અન્વર ﷺ વિત્રની પ્રથમ રકાતમાં આ જ સૂરત પઢતા હતા. આમ પણ એની તિલાવત અધિક કરતા હતા, એટલા માટે કે આ સૂરતમાં હઝરત ઈબ્રાહીમ તથા મૂસા علیہما السلام અને તેમના સહીફાઓ (કિતાબો)નું પણ વર્ણન છે અને મુશ્કેલીઓ આસાન કરવાનો પણ વાયદો છે. જેમ કે હુઝૂર અન્વર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું સૂરએ ફતહ દુનિયા તથા એમાં જે કાંઈ છે એ સર્વથી પ્યારી છે કે એમાં ફતહે મક્કાનો વાયદો છે, મગફિરતની બશારત છે. મિર્કાતમાં આ જગાએ ફર્માવ્યું કે **માણસ પોતાના સમયોના ત્રણ ભાગ કરી લે : એક હિસ્સામાં પોતાના નફસનો હિસાબ લે કે મેં આજે કેટલા ગુનાહ કર્યા અને શાથી કર્યા. બીજા હિસ્સા અલ્લાહ તઆલાની બનાવટો (સર્જનો)માં વિચારણ કરે. ત્રીજા હિસ્સામાં રોજીની તલાશ કરે.** આ સૂરતમાં આ ત્રણેવ ચીજો સ્પષ્ટપણે, નિર્દેશરૂપે વર્ણન થયેલી છે.

**★ હદીષ : (૭૫)-૨૧૮૩ ★**

وَعَن عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: أَتَى رَجُلٌ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ أَقْرِئْنِي يَا رَسُولَ اللَّهِ فَقَالَ: " اقْرَأْ ثَلَاثًا مِنْ ذَوَاتِ (ألر)فَقَالَ: كَبُرَتْ سِنِّي وَاشْتَدَّ قَلْبِي وَغَلُظَ لِسَانِي قَالَ: " فَاقْرَأْ ثَلَاثًا مِنْ ذَوَاتِ (حم)فَقَالَ مِثْلَ مَقَالَتِهِ. قَالَ الرَّجُلُ: يَا رَسُولَ اللَّهِ أَقْرِئْنِي سُورَةً جَامِعَةً فَأَقْرَأَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ (إِذَا زُلْزِلَتْ الأَرْض)حَتَّى فَرَغَ مِنْهَا فَقَالَ الرَّجُلُ: وَالَّذِي بَعَثَكَ بِالْحَقِّ لَا أَزِيد عَلَيْهَا أبدا ثُمَّ أدبر الرَّجُلُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ મને કુર્આન શીખવાડો[૧] ફર્માવ્યું, الر (અલિફ લામ રા)વાળી ત્રણ સૂરતો ત્રણવાર પઢયા કરો[૨] અર્ઝ કરી, મારી ઉમર ઘણી જ થઈ ચૂકી છે, દિલ સખ્ત અને જીભ જાડી થઈ ચૂકી[૩] ફર્માવ્યું, તો હા-મીમ (حٰمٓ)વાળી ત્રણ સૂરતો પઢયા કરો[૪] તો પછી તેણે એ જ મજબૂરી દર્શાવી પછી બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈ જામેઅ (સમૃદ્ધ) સૂરત શીખવાડો[૫]. તો એને રસૂલુલ્લાહ ﷺ એ اذا زلزلت (ઈઝા ઝુલ્ઝિલત) પઢાવી, ત્યાં સુધી કે એનાથી ફારિગ થઈ ગયા[૬] તે શખ્સ બોલ્યો, એની કસમ ! જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે હું એના પર*

| | |
|---|---|
| أَفْلَحَ الرُّوَيْجِلُ " مَرَّتَيْنِ. رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ | *કદી કોઈ વધારો કરીશ નહીં૭. તેણે પીઠ ફેરવી તો રસૂલુલ્લાહ ﷺએ બીજીવાર ફર્માવ્યું, આ શખ્સ કામયાબ બામુરાદ થઈ ગયો૮. (અહમદ, અબૂ દાઊદ)* |

**૧.** એટલે કુર્આનની તિલાવતની ઈજાઝત આપો અથવા કુર્આની વિર્દ વઝીફા બતાવો જેને હું પઢયા કરું. એ મતલબ નથી કે મને કુર્આની શબ્દોની હિજ્જે કે પઢતાં શીખવાડો, જેમ કે હુઝૂરે અન્વર علیہ الصلوٰۃ والسلامના જવાબથી માલૂમ પડે છે.

**૨.** એટલે કે જે સૂરતોની શરૂઆતમાં ''આલિફ, લામ, રા'' છે એમાંથી ત્રણ સૂરતો દરરોજ પઢી લીધા કરો ઘણા જ ફાયદા પામશો.

**૩.** એટલે કે આ સૂરતો લાંબી છે અને ઘડપણને કારણે મારુ દિલ કાબુમાં છે ન જીભ, અધિક લાંબા વિર્દો નથી પઢી શકતો, ઘણી અધિક તિલાવત નથી કરી શકતો.

**૪.** એટલે જો الر (અલિફ–લામ–રા)વાળી લાંબી સૂરતો દરરોજ નથી પઢી શકતા. તો ''હ઼ા–મીમ''વાળી સૂરતો પઢી લીધા કરો એ એનાથી નાની છે.

**૫.** એટલે એવી સૂરતો બતાવો જે પઢવામાં આસાન હોય, શબ્દો સંક્ષિપ્ત હોય, ફાયદામાં સમૃદ્ધ હોય કે મોટો મોટી સૂરતોના ફઝાઈલ તથા ફાયદા ધરાવતી હોય. જામેઅ (સમૃદ્ધ)થી એ જ મુરાદ છે.

**૬.** એટલે એનાથી એ સૂરત સાંભળી અને સાંભળીને તેના વિર્દની ઈજાઝત આપી દીધી. હઝરત સૂફિયા દલાઈલુલ ખયરાત શરીફ વગેરે વઝીફા મુરીદોને શીખવાડે છે, પછી તેમનાથી સાંભળે છે પછી એની ઈજાઝત આપે છે જેનાથી એની તાષીર ખૂબ ખૂબ જ અધિક થઈ જાય છે. આ સાંભળવા અને ઈજાઝત આપવાની અસલ આ પણ છે કે એ શખ્સે હુઝૂરે અન્વર ﷺથી اذا زلزلتના અમલની ઈજાઝત લીધી, હુઝૂર ﷺએ તેને ઈજાઝત અર્પણ કરી. કલામના અસરની સાથે ઝબાનની તાષીર પણ હોવી જોઈએ. કારતૂસની તાક઼તની સાથે રાયફલની શક્તિ પણ જરૂરી છે.

**૭.** એટલે કે કેવળ આ જ સૂરતનો વઝીફો કર્યા કરીશ, ભલે તિલાવત પૂરા કુર્આન શરીફની કર્યા કરીશ. એ મતલબ નથી કે આ સૂરત સિવાય અન્ય કોઈ આયત કે સૂરત કદી પઢીશ નહીં, કે એ તો ગલત છે. નમાઝમાં અલ્હમ્દુ શરીફ પઢવું વાજિબ છે અને એના બાદ સૂરતો બદલીને પઢવું પણ જરૂરી છે. એનાથી જાણવા મળ્યું કે મુરીદ શયખના બતાવેલા વિર્દ વઝીફામાં ન તો વધારો ઘટાડો કરે ન તબદીલી કરે, નહીં તો અસર થશે નહીં.

**૮.** સૂરત ''ઈઝાઝુલ્ઝિલત'' ફઝાઈલ તથા ફાયદાઓના લેહાઝથી પણ જામેઅ (સમૃદ્ધ) છે અને શરીઅત તથા તરીક઼તના અહકામમાં પણ સમૃદ્ધ છે. એની એક આયતમાં બંનેવ જહાન જમા છે. فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ۝ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ۝ (જે એક રજ માત્ર ભલાઈ કરે તેને જોશે અને જે એક રજ માત્ર બુરાઈ કરે તેને જોશે. –સૂરએ ઝિલ્ ઝાલ, ૯૯/૭,૮) હુઝૂરે અન્વર علیہ الصلوٰۃ والسلامએ આ આયતને جامعہ فاذّۃ ફર્માવી. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺ દરેક શખ્સના ભાવિના અમલ અને તેના ખાત્માને જાણે છે. હુઝૂરે અન્વર ﷺએ અહીં એ શખ્સના વિશે બે ખબરો આપી : **એક** એ કે એને આ અમલને નિભાવવાની તૌફીક઼ મળશે. **બીજુ** એ કે તેનો અંજામ ખૈરથી થશે, કેમ કે કામયાબી એ જ ચીજો પર આધારિત છે.

★ હદીષ : (૭૬)-૨૧૮૪ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلَا يَسْتَطِيعُ أَحَدُكُمْ أَنْ يَقْرَأَ أَلْفَ آيَةٍ فِي كُلِّ يَوْمٍ؟» قَالُوا: وَمَنْ يَسْتَطِيعُ أَنْ يَقْرَأَ أَلْفَ آيَةٍ فِي كل يَوْم؟ قَالَ: " أَمَا يَسْتَطِيعُ أَحَدُكُمْ أَنْ يَقْرَأَ: (أَلْهَاكُمُ التكاثر)؟)رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું તમારામાંનો કોઈ એવું કરી શકે છે કે દરરોજ હજાર આયતો પઢી લીધા કરે. લોકો બોલ્યા, દરરોજ હજાર આયતો કોણ પઢી શકે છે ?![1] ફર્માવ્યું, શું કોઈ એવું નથી કરી શક્તુ કે الهكم التكاثر પઢી લીધા કરે[2]."*
*(બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** એટલે એક બે દિવસ તો માણસ સર્વ કામ બંધ કરીને એક હજાર આયતો પઢી શકે છે, પણ દરોરોજ નથી પઢી શક્તો, નહીં તો બીજા કામોના માટે સમય ન મળશે. અમે લોકો કારોબાર પણ કરીએ છીએ.

**૨.** કે એની તિલાવતમાં એક હજાર આયતોની તિલાવત તથા અમલનો સવાબ છે. કુર્આને કરીમમાં ૬૬૬૬ આયતો છે. કસરને કાઢો તો છ હજાર આયતો રહે છે અને કુર્આનના હેતુઓ છ છે જેમાંથી એક છે આખેરતની પહેચાન. એ સૂરએ તકાષુરમાં મૌજૂદ છે. એટલા માટે આ સૂરત જાણે કુર્આને કરીમનો લગભગ છઠ્ઠો હિસ્સો છે. એમાં વિચારણા કરવાથી દુનિયાથી નિ:આકર્ષણ થાય છે, આખેરત તરફ આકર્ષણ થાય છે, જેનાથી નફ્સ ગુનાહોથી નફરત કરતો થાય છે અને નેકીઓ પ્રતિ આકર્ષાય છે.

★ હદીષ : (૭૭)-૨૧૮૫ ★

وَعَنْ سَعِيدِ بْنِ الْمُسَيَّبِ مُرْسَلًا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ (قل هُوَ الله أحد)عشر مَرَّات بني لَهُ بهَا قَصْرٌ فِي الْجَنَّةِ وَمَنْ قَرَأَ عِشْرِينَ مَرَّةً بُنِي لَهُ بهَا قَصْرَانِ فِي الْجَنَّةِ وَمَنْ قَرَأَهَا ثَلَاثِينَ مَرَّةً بُنِيَ لَهُ بهَا ثَلَاثَةُ قُصُورٍ فِي الْجَنَّةِ» . فَقَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ: وَاللَّهِ يَا رَسُولَ اللَّهِ إِذًا لَنُكَثِّرَنَّ قُصُورَنَا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اللَّهُ أَوْسَعُ من ذَلِك» . رَوَاهُ الدَّارمِيّ

*"હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબથી ઈરસાલન્ રિવાયત છે. તે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* ***જે કુલ્હુવલ્લાહુ અહ્દ ૧૦ વાર પઢે તેના માટે અલ્લાહ જન્નતમાં મહેલ તૈયાર કરશે અને જે વીસવાર પઢે તેની બરકતથી અલ્લાહ જન્નતમાં બે મહેલ બનાવશે, અને જે એને ત્રીસવાર પઢે તેની બરકતથી અલ્લાહ જન્નતમાં ત્રણ મહેલ તૈયાર કરશે[1].*** *હઝરત ઉમર બિન ખત્તાબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ત્યારે તો અલ્લાહની કસમ ! અમે અમારા ઘણા મહેલ બનાવી લઈશું[2]. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યુ, અલ્લાહ એનાથી પણ વધુ વિશાળતાવાળો છે[3]. (દારમી)*

**૧.** ખુલાસો એ છે કે દરેક દસ વાર પઢવા પર એક અજોડ મહેલનો અતિયો છે. આ તકરાર (રીપીટેશન) એટલા માટે વર્ણન પામી કે કોઈ શખ્સ એવું ન સમજે કે મહેલનું અર્પણ કરવું કેવળ પ્રથમ દસવાર પૂરતુ છે, બાદમાં નહીં. અતાની વિશાળતા પ્રદર્શિત કરવા માટે ફર્માવ્યું કે જેટલા દસકા પઢશો એટલા જ મહેલ પામશો.

**૨.** આ કહેવું સાંભળવું આશ્ચર્યના તૌર પર છે કે જો રબની અતાનો આ હાલ છે તો અમારામાંથી દરેક શખ્સ સૂરએ ઈખ્લાસની ખૂબ તિલાવત કરશે અને ખૂબ મહેલ બનાવડાવશે.

**૩.** એટલે હે ઉમર ! તમે આ અતા પર આશ્ચર્ય ન કરો, રબની જન્નત ખૂબ જ વિશાળ છે અને એની અતા ખૂબ જ અધિક છે. જો સર્વ માનવો ઈમાન લાવીને હજારોવાર દરરોજ સૂરએ ઈખ્લાસની તિલાવત કર્યા કરે તો દરેકને એ જ હિસાબથી જન્નતી મહેલ અતા કરશે અને તેના ખજાનાઓમાં કાંઈ પણ કમી થશે નહીં. હુઝૂરે અન્વર ﷺ રબ તઆલાની અતાના ઉત્તમ મઝહર છે. હુઝૂરે અન્વર علیہ الصلوۃ والسلام એ અમુક મોકા પર મામૂલી ખિદમત પર જન્નત બખ્શી આપી. (શેઅર)

*જોલિયાં ખોલે હુએ યૂંહી ન દોળે આતે—હમ કો માલૂમ હૈ દૌલત તેરી આદત તેરી*

**★ હદીષ : (૭૮)-૨૧૮૬ ★**

وَعَنِ الْحَسَنِ مُرْسَلًا: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَرَأَ فِي لَيْلَةٍ مِائَةَ آيَةٍ لَمْ يُحَاجِّهِ الْقُرْآنُ تِلْكَ اللَّيْلَةَ وَمَنْ قَرَأَ فِي لَيْلَةٍ مِائَتَيْ آيَةٍ كُتِبَ لَهُ قُنُوتُ لَيْلَةٍ وَمَنْ قَرَأَ فِي لَيْلَةٍ خَمْسَمِائَةً إِلَى الْأَلْفِ أَصْبَحَ وَلَهُ قِنْطَارٌ مِنَ الْأَجْرِ» . قَالُوا: وَمَا الْقِنْطَارُ؟ قَالَ: «اثْنَا عَشَرَ أَلفا» . رَوَاهُ الدَّارِمِي

*"હઝરત હસનથી[૧] ઈરસાલન રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જે એક રાતમાં સો આયતો પઢે તો કુર્આન શરીફ એ રાતના સંબંધે એની સાથે દુશ્મની (ઝઘડો) કરશે નહીં[૨] અને જે રાતમાં બસો આયતો પઢશે તો તેના માટે આખી રાતની ઈબાદત લખવામાં આવશે અને જે રાતમાં પાંચસોથી હજાર આયતો સુધી પઢે તો તેને સવાર થવા પર સવાબોનો ઢગલો મળશે. અર્ઝ કરી, ઢગલો કેટલો ? ફર્માવ્યું, બાર હજાર[૩]." (દારમી)*

**૧.** મુહદ્દિષો જ્યારે "હસન" મુત્લક઼ બોલે છે તો હઝરત ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ મુરાદ હોય છે, જે જલીલુલક઼દર તાબઈ છે.

**૨.** ક઼યામતમાં કુર્આન શરીફની એક શકલો સૂરત (સ્વરૂપ) હશે, તે પોતાના આમિલોની શફાઅત તથા ગાફિલોની શિકાયત કરશે. કુર્આને કરીમની બે શિકાયતો હશે : **એક** તો એના વિરુદ્ધ અમલ કરનારાઓની. **બીજી** એ હાફિઝની જે કુર્આન કરીમનો દોર ન કરે, ત્યાં સુધી કે તેને ભૂલી જાય. અહીં બીજી શિકાયતનું વર્ણન છે. એટલે **જો હાફિઝ દરેક રાત્રે ૧૦૦ આયતો તિલાવત કરી લીધા કરે તો કુર્આને કરીમ એ હાફિઝની આ શિકાયત કરશે નહીં.** જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે. વિના કારણે કોઈ તાવીલની જરૂરત નથી. કુર્આનથી એ જ કુર્આન મુરાદ છે જે આપણે પઢયા કરીએ છીએ અને શિકાયતથી જાહેરી શિકાયત જ મુરાદ છે.

**૩.** બાર હજાર દિરહમ કે દીનાર અથવા બાર હજાર ઔક઼િયા ખૈરાત કરવાનો સવાબ મળશે. અને એક ઔક઼િયા આસ્માન તથા જમીનની વિશાળતા કરતાં અધિક વિશાળ છે. સારાંશ કે રબ તઆલાની અતા અમારી સમજ તથા સોચથી બહાર છે. (મિર્ક઼ાત વગેરે) અરબીમાં قنطارا (કિન્તાર) ઘણા જ માલને કહે છે. રબ તઆલા ફર્માવે છે : وَّاٰتَيْتُمْ اِحْدٰىهُنَّ قِنْطَارًا (અને તેને ઢગલા માલ આપી ચૂક્યા હોવ. –સૂરએ નિસાઅ, ૪/૨૦)

# બાબુ આદાબે તિલાવત[1] باب آداب تلاوت
## (તિલાવતના આદાબ વિશે)

**૧.** મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં કેવળ પ્રકરણ છે એટલે કે કુર્આને કરીમ વિશે વિવિધ મસાઈલનું પ્રકરણ અને અમુક નુસ્ખાઓમાં "બાબુ આદાબિત્તિલાવત" છે અને અમુક નુસ્ખાઓમાં છે : "બાબુ આદાબિત્તિલાવત વ દર્સિલ્ કુર્આન." *(અશિઅહ)*

**★ હદીષ : (૧)-૨૧૮૭ ★**

عَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَعَاهَدُوا الْقُرْآنَ فَوَالَّذِي نَفْسِي بِيَدِهِ لَهُوَ أَشَدُّ تَفَصِّيًا مِنَ الْإِبِلِ فِي عُقُلِهَا»

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કુર્આનની નિગરાની રાખો[1] એની કસમ જેના કબજામાં મારી જાન છે ! કે કુર્આન રસ્સીમાં બંધાયેલી ઊંટ કરતાં અધિક ભાગી જનારુ છે[2]." (મુસ્લિમ શરીફ)*

**૧.** تعاهد - عہد થી બન્યું હિફાઝત તથા નિગરાનીના અર્થમાં, તથા મજબૂત વાયદાને પણ એટલા માટે "અ્હદ" કહે છે કે એની હિફાઝત કરવામાં આવે છે. કુર્આન શરીફની નિગરાંની કરવાથી મુરાદ તેનો દોર કરતા રહેવું, તેની તિલાવતની આદત રાખવી, ખાસ કરીને હાફિઝ સાહબોના માટે. જાહેર એ છે કે કુર્આનથી મુરાદ કુર્આનના શબ્દો, કુર્આનના અર્થો, કુર્આનના ઈલ્મો અને કુર્આનના મસાઈલ, સર્વ જ છે. એટલે કે હાફિઝો પોતાના હિફ્ઝની, કારી સાહબો તજવીદની, ઉલમા કુર્આની ઈલ્મોની તજદીદ તથા તકરાર કરતા રહે, નહીં તો ભૂલી જવાનો અંદેશો છે.

**૨.** عقل અ્યન તથા કાફના પેશથી છે عقال નું બહુવચન. રસ્સીના અર્થમાં જેનાથી જાનવર બાંધવામાં આવે. અહીં فی એ مع ના અર્થમાં છે. એટલે કે જેવી રીતે ઊંટને બાંધવા છતાં એનાથી ગાફિલ નથી થતા એટલા માટે કુર્આન શરીફ હિફ્ઝ કરવા છતાં પોતાની યાદશક્તિ પર ભરોસો ન કરો, એ ઘણુ જ જલ્દી ભૂલી જવાય છે અને એ આપણા દિમાગોમાં સમાય જાય છે તો આપણી થોડી સરખી ગફલત તથા લાપરવાહીથી આ નેઅમત આપણાથી જતી રહેશે. પાનવાળા હમેશાં પાનના ઢગલાને ઉલટાવતા પલટાવતા રહે છે, તો કુર્આનવાળા હમેશાં તેની ઉલટ પલટ રાખે.

**★ હદીષ : (૨)-૨૧૮૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: " بئس مالأحدهم أَنْ يَقُولَ: نَسِيتُ آيَةَ كَيْتَ وَكَيْتَ بَلْ نُسِّيَ وَاسْتَذْكِرُوا الْقُرْآنَ فَإِنَّهُ أَشَدُّ تَفَصِّيًا مِنْ صُدُورِ الرِّجَالِ مِنَ النَّعَمِ ". مُتَّفَقٌ عَلَيْهِ. وَزَادَ مُسلم: «بعقلها»

*"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈનું એવું કહેવું બુરુ છું કે હું ફલાણી આયત ભૂલી ગયો, બલ્કે એ ભૂલાવી દેવામાં આવ્યું[1] અને કુર્આન યાદ કરતા રહો કેમ કે કુર્આન લોકોના સીનાઓથી જંગલી જાનવર કરતાં પણ અધિક ભાગી જનારુ છે[2] (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમે એ અધિક કર્યું કે પોતાની રસ્સીથી."*

**૧.** એટલે કે જો કોઈ શખ્સને કુર્આન શરીફ અથવા કોઈ યાદ કરેલી સૂરત કે આયત યાદ ન રહે તો એવું ન કહે કે હૂં ભૂલી ગયો, કેમ કે એમાં પોતાના ગુનાહોનું એલાન છે કુર્આન શરીફની બેઅદબી. એનો અર્થ એ થાય છે કે મેં કુર્આન શરીફથી લાપારવાહી વર્તી કે એને છોડી આપ્યું એટલા માટે એને ભૂલી ગયો. આ અયબ કાફિરોની છે : اٰيٰتُنَا فَنَسِيْتَهَا ۚ وَكَذٰلِكَ الْيَوْمَ تُنْسٰى (તારી પાસે અમારી આયતો આવી હતી તેં એને ભૂલાવી દીધી અને એ જ પ્રમાણે આજે તારી કોઈ ન લેશે. –સૂરએ તાહા, ૨૦/૧૨૬) બલ્કે એવું કહે કે મને રબ તઆલાની તરફથી ભૂલાવી દેવામાં આવી. આ વાતમાં અફસોસનું પ્રદર્શન છે. એટલે હાય ! અફસોસ ! હું આ નેઅમતથી વંચિત કરી દેવામાં આવ્યો. રબ તઆલા ફર્માવે છે : مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ۗ (જ્યારે કોઈ આયત મન્સૂખ ફર્માવે અથવા ભૂલાવી દે તો એનાથી બેહતર અથવા એના જેવી લઈ આવીશું. –સૂરએ બક઼રહ, ૨/૧૦૬) ગુનાહના એલાનને બદલે અફસોસ પ્રદર્શિત કરીને, કેમ કે ગુનાહનું એલાન પણ ગુનોહ છે, અને અફસોસનું પ્રદર્શન સવાબ છે. યાદ રાખશો કે આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબના હુકમમાં) છે જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી જેમાં ઈર્શાદ થયો : رجل اُوتی اٰیۃً فَنَسِیَهَا અથવા હુઝૂરે અન્વર ﷺએ કોઈને એક આયતની તિલાવત કરતાં સાંભળ્યો તો ફર્માવ્યું, لَقَدْ اَذْكَرَنِیْ اٰیَةً كُنْتُ اَسْقَطْتُهَا આ વાક્યની અન્ય કેટલીય શરહો (ખુલાસો) કરવામાં આવેલ છે પણ આ શરહ બેહતરીન છે.

**૧.** એટલે કે જેવી રીતે શિકારી જાનવરનું વતન જંગલ છે એ તમારી કેદમાં ત્યાં સુધી જ રહેશે જ્યાં સુધી કે તમે તેની નિગરાની રાખો. એ જ પ્રમાણે કુર્આને કરીમનું વતન આલમે બાલા (ઉપરની દુનિયા) છે, તે તમારા દિમાગોમાં ત્યાં સુધી મહેફૂઝ રહેશે જ્યાં સુધી કે તમે એની નિગાહબાની કરતા રહો, નહીં તો એ પક્ષી એ પિંજરેથી ઉડી જશે. એ અનુભવ પણ છે કે મોટામાં મોટો હાફિઝ અથવા આલિમ જો થોડા દિવસ એમાં વ્યસ્ત ન રહે તો ભૂલી જાય છે એટલા માટે અલ્લામા શામીએ ફર્માવ્યું કે ક઼ાઝીને અમુક દિવસો બાદ કિતાબોના વાંચન માટે છૂટ્ટી આપવામાં આવે જેથી ઈલ્મે કુર્આન શરીફ ભૂલી ન જાય.

**★ હદીષ : (૩)-૨૧૮૯ ★**

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّمَا مَثَلُ صَاحِبِ الْقُرْآنِ كَمَثَلِ صَاحِبِ الْإِبِلِ الْمُعَقَّلَةِ إِنْ عَاهَدَ عَلَيْهَا أَمْسَكَهَا وَإِنْ أَطْلَقَهَا ذَهَبَتْ»

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, કુર્આનવાળાનું દષ્ટાંત બંધાયેલા ઊંટવાળાની જેવું છે જે એની નિગેહબાની કરશે તો તેને રોકી લેશે અને જો છોડી આપશે તો ભાગી જશે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે ઊંટ તો મજબૂત રસ્સીથી ખૂંટા પર રહે છે અને કુર્આન શરીફ હમેશાં દોર કરવા અને તકરાર કરતા રહેવાથી દિમાગમાં ઠહરે છે. પછી જેવી રીતે ઊંટ જો થોભી જાય તો ઘણા ફાયદા પહોંચાડે છે. સવારી, માલવહન, ગોશ્ત, દૂધ, વંશ, ઊન વગેરે સર્વ આપે છે, એવી જ રીતે કુર્આન જો દિમાગમાં અટકી જાય તો ઈમાન, ઈર્ફાન, રઝાએ રહમાન સર્વ કાંઈ એનાથી મયસ્સર થાય છે.

**★ હદીષ : (૪)-૨૧૯૦ ★** (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جُنْدُبِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى

*"હઝરત જુન્દુબ ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યાં સુધી તમારું દિલ લાગે કુર્આન પઢયા કરો[૧] પછી જ્યારે*

اللّٰهُ عَلَيْهِ وَسلم: «اقرؤوا الْقُرْآنَ مَا ائْتَلَفَتْ عَلَيْهِ قُلُوبُكُمْ فَإِذَا اخْتَلَفْتُمْ فقومُوا عَنهُ»

*આમતેમ થવા લાગે તો એનાથી ઉઠી જાવ[૨]."*
*(મુસ્લિમ બુખારી)*

**૧.** એ કાયદો તે ખુશનસીબ લોકો માટે છે જેમને કુર્આન શરીફની તિલાવતમાં લિજ્જત અને હુઝૂરે કલ્બ (દિલની એકાગ્રતા) મયસ્સર થાય છે અને ક્યારેક અધિક તિલાવતના કારણે દિલ ઉકતાઈ જાય છે. તેઓ દિલ લાગતા સુધી પઢતા રહે. પણ તે શખ્સ જેનું દિલ તિલાવતમાં લાગતુ જ ન હોય તે દિલને મજબૂર કરીને તિલાવત કરે. દિલ ન લાગવાના બહાને તિલાવત ન છોડી આપે. શરૂમાં અમુક દિવસ દિલ પર જબરદસ્તી કરવી પડશે પછી ઈન્શા અલ્લાહ ! દિલ લાગવા માંડશે, જેવો કે અનુભવ છે.

**૨.** એટલે કે કેટલીક વાર માટે તિલાવત બંધ કરી દો, ત્યાં સુધી કે એ હાલત જતી રહે. સર્વ ઈબાદતોની આ જ સ્થિતિ છે કે દિલ લગાડીને અદા કરો.

**★ હદીષ : (૫)-૨૧૯૧ ★**

وَعَنْ قَتَادَةَ قَالَ: سُئِلَ أَنَسٌ: كَيْفَ كَانَتْ قِرَاءَةُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: كَانَت مدا مَدًّا ثُمَّ قَرَأَ: بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ يَمُدُّ بِبَسْمِ اللّٰهِ وَيَمُدُّ بِالرَّحْمَنِ وَيَمُدُّ بِالرَّحِيمِ. رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત કતાદાથી રિવાયત છે. ફર્માવે છે, હઝરત અનસને પૂછવામાં આવ્યું કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની તિલાવત કેવી હતી[૧] તો ફર્માવ્યું, મદથી હતી ખેંચીને. પછી આપે પઢયું : بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કે بسم ને ખેંચતા હતા. પછી رحمان ને અને رحیم ને ખેંચતા હતા[૨].*
*(બુખારી)*

**૧.** એટલે કે શું હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام આહિસ્તા તિલાવત કરતા હતા, થોભીને થોભીને અથવા જલ્દી અને ઝડપભેર, જેથી આપણે એ જ પ્રમાણે તિલાવત કર્યા કરીએ. જાણવા મળ્યું કે કુર્આને કરીમની તિલાવતમાં પણ સુન્નતનો લેહાઝ રાખે. કોશિશ કરે કે હુઝૂરે અન્વર ﷺની જેમ તિલાવત કરે, કેમ કે તિલાવતનો તરીકો પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને રબ તઆલાએ જ શીખવાડયો છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ عَلَيْنَا جَمْعَهٗ وَقُرْاٰنَهٗ (બેશક ! એને મહેફૂઝ કરવું અને પઢવું અમારા જિમ્મે છે. *-સૂરએ કિયામા, ૭૫/૧૭*)

**૨.** અહીં મદથી મુરાદ અસલી તબઈ મદ છે કે જો અલિફ, યા, વાવ, સાકિનને થોડોક ખેંચીને ન પઢવામાં આવે તો આ હુરૂફ અદા નથી થતા, બલ્કે ઝબર, ઝેર, પેશ બની જાય છે. એને મદે અસલી કહે છે. એક મદ ફરઈ હોય છે જેના બે સબબ છે, અથવા એ જ હરૂફ એટલે અલિફ, યા, વાવના પછી હમ્ઝા આવી જાય અથવા હરફ સાકિન ચાહે મુશદદ હોય કે ગૈર મુશદદ, તો એને ખેંચીને પઢવું પડે છે. જેમ કે "લામ, મીમ, નૂન"ના અલિફ, યા, વાવ, અથવા દવાબ્બ અથવા દાલ્લીનના "આ" અથવા ઈસ્રાઈલનો અલિફ હમ્ઝા ચાહે એક જ કલામમાં આ હર્ફો પછી આવેલ હોય. જેમ કે جِيْئَ، السُّوْءُ، السَّمَآءُ અથવા બીજા કલામમાં જેમ કે قالوا امنا، مَآ انزل વગેરે. મદની પૂરી તેહકીક તજવીદની કિતાબોમાં જુઓ.

**★ હદીષ : (૬)-૨૧૯૨ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ*

| | |
|---|---|
| صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أَذِنَ اللَّهُ لِشَيْءٍ مَا أَذِنَ لِنَبِيٍّ يَتَغَنَّى بِالْقُرْآنِ» | *તઆલાએ પોતાના નબીને જેટલો ખુશ ઈલ્હાનીથી કુર્આનની તિલાવતનો હુકમ આપ્યો એટલો કોઈ અન્ય ચીજનો હુકમ નથી આપ્યો[1]." (મુસ્લિમ, બુખારી)* |

**૧.** જાહેર એ છે કે અહીં નબી કરીમ عليه الصلوٰة والسلامથી મુરાદ તમામ અંબિયાએ કિરામ છે અને કુર્આનથી મુરાદ સર્વ આસ્માની કિતાબો તથા સહીફા છે. એટલે અલ્લાહ તઆલાએ પોતાના નબીઓને જેટલા પ્રમાણમાં તાકીદી હુકમ એનો આપ્યો કે પોતાની આસ્માની કિતાબ ખુશઈલ્હાનીથી પઢે એટલો તાકીદીનો હુકમ અન્ય ચીજોનો નથી આપ્યો. અને શક્ય છે કે નબીથી મુરાદ હુઝૂરે અન્વર ﷺ હોય અને કુર્આનથી મુરાદ આ જ કુર્આન શરીફ હોય. એટલે અલ્લાહ તઆલાએ હુઝૂરે અન્વર ﷺને જેવો તાકીદી હુકમ આ આપ્યો કે કુર્આને કરીમ ખુશ ઈલ્હાનીથી તિલાવત કરે, એટલો તાકીદી હુકમ બીજો નથી આપ્યો, કેમ કે ખુશ ઈલ્હાની કુર્આને કરીમની ઝીનત છે જેનાથી કુર્આનનું હુસ્ન અધિક વધી જાય છે.

| | |
|---|---|
| ★ હદીષ : (૭)-૨૧૯૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)<br>وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أَذِنَ اللَّهُ لِشَيْءٍ مَا أَذِنَ لِنَبِيٍّ حَسَنِ الصَّوْتِ بِالْقُرْآنِ يَجْهَرُ بِهِ» | *"તેમનાથી જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે કોઈ ચીજનો આટલો હુકમ નથી આપ્યો જેટલો નબીને ખુશ ઈલ્હાનીથી કુર્આન પઢવાનો હુકમ આપ્યો[1]."* |

**૧.** એની શરહ હમણા ઉપરવાળી હદીષમાં વર્ણન થઈ ચૂકી. تغنى بالقرآنનો અર્થ ઈન્ શા અલ્લાહ ! હમણા આગલી હદીષમાં વર્ણવવામાં આવશે.

| | |
|---|---|
| ★ હદીષ : (૮)-૨૧૯૪ ★<br>وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ مِنَّا مَنْ لَمْ يَتَغَنَّ بِالْقُرْآنِ» . رَوَاهُ الْبُخَارِيُّ | *"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કુર્આન ખુશ ઈલ્હાનીથી ન પઢે તે અમારામાંથી નથી[1]." (બુખારી)* |

**૧.** يتغن અથવા તો غِنَاءٌથી બનેલ છે, ખુશઈલ્હાની અને સારા લહેજાથી પઢવું. અથવા غِنا થી બન્યું બેપરવાહી બેનિયાઝીના અર્થમાં. જે શખ્સ કુર્આન શરીફ ખુશ ઈલ્હાનીથી ન પઢે તે અમારા તરીક઼ાથી ખારિજ (બહાર) છે. જાણવા મળ્યું કે બુરા અવાજવાળો પણ યથાશક્તિ ઉમદા રીતે કુર્આન શરીફ પઢે કે ખુશ અવાજ જ કુર્આને કરીમનો અલંકાર છે, જેનાથી તિલાવતમાં આકર્ષણ પેદા થાય છે, લોકોનાં દિલો આકર્ષાય છે, એટલા માટે એ તબ્લીગનો ઝરીયો છે. અથવા જેને અલ્લાહ કુર્આનનો ઈલ્મ આપે અને તે લોકોથી બેનિયાઝ ન થઈ જાય બલ્કે પોતાને તેમનો મોહતાજ સમજે છે તે અમારા તરીક઼ા અથવા અમારી જમાઅતથી બહાર છે. આલિમ કેવળ અલ્લાહ રસૂલનો મોહતાજ છે અને બાક઼ીની મખ્લૂક઼ (લોકો) આલિમે દીનના હાજતમંદ છે. એટલા માટે જાણવા મળ્યું કે કુર્આન પઢીને ભીખ માગવી અથવા ઉલમાનું માલદારોના દરવાજા પર બેઈજ્જતીપૂર્વક જવું મના છે. અલ્લાહ તઆલા ઉલમાએ દીનને કિફાયત પણ આપે અને ક઼નાઅત (થોડામાં) સંતોષ આપે. (આમીન) *(અઝ : લમ્આત)*

★ હદીષ : (૯)-૨૧૯૫ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ لِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ عَلَى الْمِنْبَرِ: «اقْرَأْ عَلَيَّ» . قُلْتُ: أَقْرَأُ عَلَيْكَ وَعَلَيْكَ أُنْزِلَ؟ قَالَ: «إِنِّي أُحِبُّ أَنْ أَسْمَعَهُ مِنْ غَيْرِي» . فَقَرَأْتُ سُورَةَ النِّسَاءِ حَتَّى أَتَيْتُ إِلَى هَذِهِ الْآيَةِ (فَكَيْفَ إِذَا جِئْنَا مِنْ كُلِّ أُمَّةٍ بِشَهِيدٍ وَجِئْنَا بِكَ عَلَى هَؤُلَاءِ شَهِيدًا)قَالَ: «حَسْبُكَ الْآنَ» . فَالْتَفَتُّ إِلَيْهِ فَإِذَا عَيْنَاهُ تَذْرِفَانِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું જ્યારે આપ મિમ્બર પર હતા, મારી સામે તિલાવત કરો ![1] મેં અર્ઝ કરી કે હું આપની સમક્ષ શું પઢું ! આપના પર જ તો કુર્આન ઉતર્યુ[2]. ફર્માવ્યું, હું ચાહું છું બીજાથી સાંભળુ[3]. મેં સૂરએ નિસાઅ્ પઢી ત્યાં સુધી કે હું આ આયત પર પહોંચી ગયો કે, "શું થશે જ્યારે અમે દરેક ઉમ્મતથી ગવાહ લાવીશું અને આપને એ સૌના પર ગવાહ બનાવીશું[4]." ફર્માવ્યું, હવે બસ કરો ! મેં આપને જોયા તો આપની આંખો અશ્રુમય હતી[5]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે તમે કુર્આન પઢો હું સાંભળું. (શેઅર) خوشتر آں باشد کہ سر دلبراں گفتہ آید از حدیث دیگراں

**અર્થાત** : બેહતર તો એ હોય છે કે આશિક઼ોનુ ભેદ અન્યોના કિસ્સા (ઈશારા)માં વર્ણન થઈ જાય.

જાણવા મળ્યું કે કુર્આન શરીફ પઢવું, પઢાવવું, સાંભળવું, સંભળાવવું સૌ ઈબાદત તથા સુન્નતે રસૂલ છે. હુઝૂરે અન્વર ﷺનું આ પઢાવવું ન તો તા'લીમના માટે હતું ન ઈસ્લાહ (સુધારણા) માટે બલ્કે કેવળ સાંભળવા માટે હતું.

**૨.** એટલે કે, હુઝૂર ! આપને તો હઝરત જિબ્રઈલ કુર્આન સંભળાવે છે તો પછી શું હક઼ીક઼ત છે ! અથવા કુર્આને કરીમ હિકમત છે, હુઝૂર હકીમ છે, જેમને અલ્લાહ અઝીઝ હકીમે શીખવાડયું. હિકમત હકીમના મોંથી સજે છે. મારો હુઝૂરની સામે પઢવાનો હોંસલો નથી થતો.

**૩.** કેમ કે કુર્આન પઢવું પણ ઈબાદત છે અને બીજાઓથી પઢાવીને સાંભળવું ઈબાદત છે. પ્રથમ ઈબાદત તો આપણે કરતા રહીએ છીએ, આજે ઈચ્છીએ છીએ કે બીજી ઈબાદત પણ અદા કરીએ. અરબ શરીફમાં હજી પણ દસ્તૂર છે કે જ્યાં થોડાક માણસો ભેગા થાય છે તો ત્યાં એકબીજાથી કુર્આન સાંભળે છે. એ આ હદીષ પણ અમલ છે.

**૪.** એટલે હે મહબૂબ ! ક઼યામતના દિવસે એ કાફિરોનું શું થશે જ્યારે તેમના નબીઓ તેમની વિરુદ્ધ ગવાહી આપશે. અને હે મહબૂબ ! તમે તે સર્વ અંબિયાઓના સમર્થનમાં ગવાહી આપશો કે મૌલા ! આ સર્વ નબીઓ સાચા છે. તેમની ક઼ૌમોએ ખરેખર ખૂબ જ નાફર્માની કરી હતી, પોતાના નબીઓની વાત ન માની હતી. આ આયતે કરીમાની ઉમદા તફસીર અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન" ﷺ તથા "તફસીરે નઈમી"માં જુઓ.

**૫.** એટલે હુઝૂર અન્વર ﷺની મુબારક આંખોથી આંસુઓની હાર બની હતી. ક્યાં તો હયબતે ઈલાહીથી ક઼યામતના આ મુક઼દ્દમાના ખયાલથી અથવા પોતાની ઉમ્મત પર રહ્મતના કારણે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે આ આયત પર અમુક લોકો બેહોશ થઈ ગયા અને અમુક હઝરત મૃત્યુ પણ પામ્યા. જાણવા મળ્યું કે કુર્આન શરીફ પઢીને અથવા સાંભળીને રડવું સુન્નત છે, એ શર્તે કે બનાવટથી ન હોય. બયહક઼ી શરીફમાં છે કે, **કુર્આને કરીમ ગમ તથા રંજ લઈને આવેલ છે એટલા માટે તમે એની તિલાવત પર રડો.** (મિર્ક઼ાત)

★ હદીષ : (૧૦)-૨૧૯૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأُبَيِّ بْنِ كَعْبٍ: «إِنَّ اللَّهَ أَمَرَنِي أَنْ أَقْرَأَ عَلَيْكَ الْقُرْآنَ» قَالَ: آللَّهُ سَمَّانِي لَكَ؟قَالَ:«نَعَمْ».قَالَ:وَقَدْ ذُكِرْتُ عِنْدَ رَبِّ الْعَالَمِينَ؟ قَالَ: «نَعَمْ» . فَذَرَفَتْ عَيْنَاهُ. وَفِي رِوَايَةٍ: " إِنَّ اللَّهَ أَمَرَنِي أَنْ أَقْرَأَ عَلَيْكَ (لَمْ يَكُنِ الَّذِينَ كَفَرُوا)قَالَ: وَسَمَّانِي؟ قَالَ: «نَعَمْ» . فَبَكَى

*'હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઉબય ઈબ્ને કઅબને ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે તમારી સામે કુર્આન પઢું[1] અર્ઝ કરી કે અલ્લાહે મારું નામ લીધું ?! ફર્માવ્યું, હા ! અર્ઝ કરી, શું રબ્બુલ આલમીનની બારગાહમાં મારો ઝિક્ર થયો ?![2] ફર્માવ્યું, હા ! તો આપની આંખોથી આંસુ વહેવા લાગ્યાં[3] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે મને અલ્લાહે હુકમ આપ્યો કે તમારા પર لم یکن الذین کفروا તિલાવત કરું. અર્ઝ કરવામાં આવ્યું, રબ તઆલાએ મારું નામ લીધું ?! ફર્માવ્યું, હા ![4]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** એ રીત કે કુર્આને કરીમની અમુક આયતો અથવા સૂરતો ખાસ કરીને તેમને સાંભળવું, જો કે સામાન્ય રીતે દરેક મુસલમાનને સંભળાવવું, એહકામ બતાવવા અમારો તબ્લીગી ફરીઝો છે. જાણવા મળ્યું કે કોઈ ખાસ વ્યક્તિને કુર્આને પાક સંભળાવવું પણ સુન્નત છે.

**૨.** આ સવાલ આશ્ચર્ય માટે છે કે શું મારા જેવા આજિઝ મુસલમાનનું નામ પણ રબ તઆલાએ આપની સમક્ષ ઈજ્જતની સાથે લીધું ?! શું હું એવો ખુશનસીબ ઈન્સાન છું ? સવાલના ઘણા હેતુઓ હોય છે. એક આશ્ચર્ય પણ છે.

**૩.** આ રડવું અત્યંત ખુશીનું હતું અને એ અંદેશાના કારણે હતું કે હું આજિઝ ઈન્સાન આટલી મહાન નેઅમતનો શુક્રિયા કઈ રીતે અદા કરી શકીશ ? હઝરત ઉબય ઈબ્ને કઅબે કુર્આન શીખવામાં ઘણી જ મહેનત કરી હતી, ત્યાં સુધી કે સહાબીઓમાં ઉચ્ચ કક્ષાના કારી હતા. એના કારણે રબ તઆલાએ ફર્માવ્યું કે, હે મહબૂબ ! કેમ કે દુનિયા એમનાથી કિરાઅત શીખશે જેથી તમો ખાસ કરીને તેમને કિરાઅત સંભળાવો. આપ મારા ઉચ્ચ શાગિર્દ છો એ આપનો લાયક શાગિર્દ બને.

**૪.** ખાસ રીતે આ સૂરત તિલાવત કરવાનું એ કારણ હોય શકે છે. હઝરત ઉબય ઈબ્ને કઅબ યહૂદી ઉલમામાંથી હતા અને આ સૂરતમાં એહલે કિતાબ ઉલમાનું વર્ણન છે, એને સાંભળવાથી એમનું ઈમાન ઔર મજબૂત થશે. આ હદીષથી હઝરત ઉબય ઈબ્ને કઅબની અઝમતનો પતો લાગ્યો. એ પણ જાણવા મળ્યું કે અફઝલ મફઝૂલને મફઝૂલ અફઝલને કુર્આને કરીમ શીખવાડે.

★ હદીષ : (૧૧)-૨૧૯૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِن يُسَافَرَ بِالْقُرْآنِ إِلَى أَرْضِ الْعَدُوِّ. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: «لَا تُسَافِرُوا بِالْقُرْآنِ فَإِنِّي لَا آمن أَن يَنَالَهُ الْعَدو»

*'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ દુશ્મનની જમીનમાં કુર્આનની સાથે સફર કરવાથી મના કર્યુ[1]. (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં એવું છે કે કુર્આન લઈને સફર ન કરો કે મને ઈત્મિનાન નથી કે એને દુશ્મન લઈ લે[2].''*

**૧.** જાહેર એ છે કે કુર્આન શરીફથી મુરાદ એ જ લખેલુ કુર્આન મજીદ છે અને દુશ્મનથી મુરાદ હર્બી કાફિરો છે અને જવાથી મુરાદ એ જવું છે જેમાં કાફિરોથી કુર્આને કરીમની બેહુર્મતીનો મજબૂત અંદેશો હોય. જેથી જો ઈસ્લામનું લશ્કર કુર્આન શરીફ લઈને દારુલ હર્બમાં જાય અથવા એકલો મુસલમાન કાફિરોથી અમ્ન લઈને ત્યાં જાય અથવા જે મુસલમાન કાફિરોની પ્રજા બનીને તેમના દેશમાં રહેતો હોય અને તેમની પાસે કુર્આન શરીફ હોય તો કોઈ વાંધો નથી કે આ સ્થિતિઓમાં કુર્આને કરીમની બેહુર્મતીનો મજબૂત અંદેશો નથી. જેથી હવે કુર્આને કરીમના પાર્સલ કાફિરોના દેશમાં મોકલે અથવા ખુદ કાફિરોના હાથે કુર્આને પાક વેચવું અથવા કાફિરોના પત્રમાં કુર્આની આયત લખવી અથવા તેમને કુર્આન સંભળાવવું સર્વ કાંઈ જાઈઝ છે, કે એ તબ્લીગ છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં કુર્આનથી મુરાદ હાફિઝે કુર્આન છે અથવા તે સહીફા (કિતાબો) જેમનામાં સહાબાના જમાનામાં કુર્આની આયતો લખેલી હતી. મક્સદ એ છે કે આજકાલ હાફિઝ, ક઼ારીઓ એકલા દુશ્મનના દેશમાં ન જાય કે જો તેઓને શહીદ કરી દેવામાં આવ્યા તો કુર્આન મજીદ વેડફાય જશે. અથવા એ સહીફા લઈને દુશ્મનના દેશમાં એકલા ન જાવ કે જો એ બર્બાદ થઈ ગયા તો ઘણો હિસ્સો જતો રહેવાનો અંદેશો છે. લમ્આત તથા મિર્ક઼ાતે ફર્માવ્યું કે એમાં ગયબી ખબર છે કે ભાવિમાં કુર્આને કરીમ કિતાબ સ્વરૂપે હશે, કેમ કે હુઝૂરે અન્વર ﷺના જમાનામાં કુર્આને કરીમ કિતાબી સ્વરૂપમાં હતું નહીં.

**૨.** અને લઈને તેની તૌહીન કરે અથવા તમને પરત ન આપે અથવા તેને ફાડી નાખે અથવા સળગાવી દે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૧૨)-૨૧૯૮ ★**

عَن أبي سعيد الْخُدْرِيّ قَالَ: جَلَست فِي عِصَابَةٍ مِنْ ضُعَفَاءِ الْمُهَاجِرِينَ وَإِنَّ بَعْضَهُمْ لِيَسْتَتِرُ بِبَعْضٍ مِنَ الْعُرْيِ وَقَارِئٌ يَقْرَأُ عَلَيْنَا إِذْ جَاءَ رَسُول اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَامَ عَلَيْنَا فَلَمَّا قَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَكَتَ الْقَارِئُ فَسَلَّمَ ثُمَّ قَالَ: «مَا كُنْتُمْ تَصْنَعُونَ؟» قُلْنَا: كُنَّا نَسْتَمِعُ إِلَى كتاب الله قَالَ فَقَالَ: «الْحَمْدُ لِلَّهِ الَّذِي جَعَلَ مِنْ أُمَّتِي مَنْ أُمِرْتُ أَنْ أَصْبِرَ نَفْسِي مَعَهُمْ» . قَالَ فَجَلَسَ وَسَطَنَا لِيَعْدِلَ بِنَفْسِهِ فِينَا ثُمَّ قَالَ بِيَدِهِ هَكَذَا فَتَحَلَّقُوا وَبَرَزَتْ وُجُوهُهُمْ لَهُ فَقَالَ: «أَبْشِرُوا يَا مَعْشَرَ صَعَالِيكِ الْمُهَاجِرِينَ بِالنُّورِ التَّامِّ يَوْمَ الْقِيَامَةِ تَدْخُلُونَ الْجَنَّةَ قَبْلَ

*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું કમજોર મુહાજિરોની જમાઅતમાં બેઠેલો હતો[૧] તે હઝરત નગ્નતાના કારણે અમુક અમુકની આડ લેતા હતા[૨] એક ક઼ારી અમારા સામે તિલાવત કરી રહ્યા હતા[૩] એવામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. અમે ઉભા થઈ ગયા. જ્યારે રસૂલુલ્લાહ ﷺ આવ્યા તો ક઼ારી ખામોશ થઈ ગયા. હુઝૂરે સલામ કરી[૪] પછી હુઝૂરે ફર્માવ્યું કે શું કરી રહ્યા હતા ?[૫] અમે અર્ઝ કરી કે અમે અલ્લાહની કિતાબ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા[૬] ફર્માવ્યું, શુક્ર છે એ ખુદાનો જેણે મારી ઉમ્મતમાં એ લોકો પેદા કર્યા જેમની સાથે રહેવાનો મને હુકમ આપવામાં આવ્યો. પછી અમારી વચ્ચે[૭] બેસી ગયા જેથી પોતાને અમારા બરાબર રાખે[૮] પછી હાથથી ઈશારો કર્યો કે આ પ્રમાણે થઈ જાવ. લોકો વર્તુળ બની ગયા કે સૌના ચહેરા હુઝૂરની સામે થઈ*

أَغْنِيَاءِ النَّاسِ بِنِصْفِ يَوْمٍ وَذَاكَ خَمْسِمِائَةِ سنة» رَوَاهُ أَبُو دَاوُد

*ગયા[૯] ફર્માવ્યું કે હે મુહાજિરીનના ફક઼ીરોની જમાઅત ! તમને ક઼યામતના દિવસના સંપૂર્ણ નૂરની બશારત થાય[૧૦] તમો જન્નતમાં માલદારો કરતાં અડધો દિવસ પહેલા જશો આ અડધો દિવસ ૫૦૦ વરસ છે[૧૧]." (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે સુફ્ફાવાળા સહાબીઓની સાથે કે જેઓ લગભગ ૭૦ હતા, જેમણે પોતે પોતાને ઈલ્મે દીન શીખવા માટે વકફ કરી આપ્યા હતા.

**૨.** એટલે કે તેમની ગરીબી તથા તંગદસ્તીનો એ હાલ હતો કે અમુકનાં શરીરો પર શરીર ઢાંકવા પૂરતાં કપડાં ન હતાં તો તે બીજાની આડમાં બેઠો હતો કે કાંઈક સતરપોશી થઈ જાય. અલ્લાહુ અકબર ! (શેઅર)

*યહ વો થે જિનસે હક્ક઼ કા બોલબાલા હોનેવાલા થા—યહ વો થે જિનસે દુન્યામેં ઉજાલા હોનેવાલા થા*

**૩.** એટલે કે એ જમાઅતમાં એક ક઼ારી કુર્આનની તિલાવત કરી રહ્યા હતા બાકી તમામ સાંભળી રહ્યા હતા, સૌ એકદમ ન પઢતા હતા કે મના છે.

**૪.** એટલે કે જ્યારે ક઼ારી ખામોશ થઈ ગયો ત્યારે આપે સલામ કરી. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે કોઈ દીની બુઝુર્ગના આગમન પર તિલાવત બંધ કરી દેવી, એમના સન્માન માટે ખામોશ થઈ જવું બિલ્કુલ જાઈઝ છે બલ્કે સહાબીઓની સુન્નત છે. બલ્કે કુર્આન મજીદ બંધ કરીને તેની તા'ઝીમના માટે ઉભા થઈ જવું પણ દુરુસ્ત છે. સહાબાએ કિરામે હુઝૂર ﷺનો અદબ અયન નમાઝની હાલતમાં કર્યો છે કે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની તશરીફ આવરી પર ઈમામત મુસલ્લાથી પાછળ હટીને મુક઼તદી બની ગયા. **બીજુ** એ કે આવનારો તિલાવતની હાલતમાં સલામ કે વાતચીત ન કરે, જ્યારે બંધ થઈ જાય ત્યારે સલામ કરે. **ત્રીજુ** એ કે આવતી વખતે સલામનો મોક઼ો ન હોય તો બાદમાં પણ આવતાની સલામ કરવું જાઈઝ છે.

**૫.** હુઝૂરે અન્વર ﷺનો આ સવાલ આગલી ખુશખબરીની પ્રસ્તાવના છે, નહીં તો સરકાર علیہ الصلوٰۃ والسلامએ તેમની તિલાવત સાંભળી લીધી હતી અને તેમની હાલત જોઈ લીધી હતી. જેવી રીતે રબ તઆલાએ મૂસા رضی اللہ عنہને પૂછયું કે તમારા હાથમાં શું છે ?

**૬.** બરકત તથા ઈમાની લિજ્જતના માટે તિલાવતે કુર્આન બેહતરીન પ્રવૃત્તિ છે. અલ્લાહ નસીબ કરે. **એનાથી માણસ દુનિયાના સર્વ ગમો ભૂલી જાય છે.** એવી જ તાષીર હુઝૂરે અન્વર ﷺની હદીષે પાક પઢવામાં, લખવામાં, તેની શરહ કરવામાં છે. ફક઼ીર (લેખક)નો અનુભવ છે.

**૭.** એટલે મારી ઉમ્મત તથા સહાબીઓમાં એવા ફક઼ીરો તથા મિસ્કીનો પેદા કર્યા જેઓ રબ તઆલા પર મુતવક્કિલ કુર્આનના હામિલ (હાફિઝ) છે અને મને હુકમ આપ્યો કે મહબૂબ ! તમો એ જ ગરીબોમાં રહો, કે وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ (અને તમારી જાન તેમનાથી માનૂસ રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પુકારે છે, તેની રઝા ચાહે છે. સૂરએ કહફ, ૧૮/૨૮) યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ આજે પણ એ જ મિસ્કીનોના સીનાઓમાં રહે છે. જો હુઝૂર علیہ الصلوٰۃ والسلامને શોધવા છે તો એ સીનાઓમાં તલાશ કરો, તેમના સીના રહ઼મતોના ખજાનાઓ છે, મદીના છે.

**૮.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ એ મજલિસમાં અમારામાં એ રીતે બેસી ગયા કે અમે સૌ નઝદીકીમાં સરખા થઈ ગયા, ન ઊંચી બેઠક પર બિરાજમાન થયા ન અમારાથી અલગ બેઠા. એ ફકીરોના ટોળામાં એ મિસ્કીનોમાં વૃંદમાં (વર્તુળમાં) બેસી ગયા જેમ કે તારાઓની વચ્ચે ચાંદ, કુર્બાન એ વૃંદ પર ! એ વૃંદ ફરિશ્તાઓ કરતાં અફઝલ હતું.

**૯.** જેથી સૌના પર હુઝૂરની રહમતની નજર એક સમાન પડે. રબ તઆલાના આ ફર્માન પર અમલ હતો : وَلَا تَعْدُ عَيْنَاكَ عَنْهُمْ (અને તમારી આંખો એમને છોડીને અન્ય પર ન પડે. સૂરએ કહફ, ૧૮/૨૮)

*જો હમ ભી વાં હોતે ખાકે ગુલશન, લિપટ કે ક઼દમોં સે લેતે ઉતરન*
*મગર કરેં ક્યા નસીબમેં તો યેહ નામુરાદી કે દિન લિખે થે*

સામાન્ય મજલિસોમાં હલકા (વર્તુળ, વૃંદ) બનાવવું અફઝલ છે, નમાઝ તથા જેહાદ સફ બનાવવી બેહતર છે.

**૧૦.** જાણવા મળ્યું કે ક઼યામતના દિવસે મુસલમાન ફક઼ીરોનું નૂર મુસલમાન માલદારો કરતાં વધુ હશે. કેમ કે સબ્રનું નૂર શુક્રના નૂર કરતાં અધિક મજબૂત છે જેવી રીતે ચાંદના નૂરથી સૂરજનું નૂર મજબૂત છે.

**૧૧.** એટલે કે ક઼યામતનો દિવસ એક હજાર વરસનો હશે, તેનું અડધુ પાંચસો વરસ થશે. માલદારોને હિસાબ આપવામાં વાર લાગશે. પણ એ ફક઼ીરોથી તે લોકો મુરાદ છે જેઓ સાબિર મુત્તક઼ી હોય, એના કારણે ઈર્શાદ છે કે **સાબિર ફક઼ીર એ શાકિર ગની કરતાં અફઝલ છે.** આ ચર્ચા એક (સમાન) દરજાના ફક઼ીરો તથા માલદારોમાં છે, નહીં તો ગૈર સહાબી ફક઼ીર સહાબીના ક઼દમની ખાકને નથી પહોંચી શક્તો, એ જ પ્રમાણે ખુલફાએ રાશિદીન સુધી એમના હેઠળના હઝરાત નથી પહોંચી શક્તા. જેથી ઉષ્માન તથા ઝુબેર ઈબ્ને અવામ વગેરે ઘણી ઉંચી શાનવાળા છે કે એ હઝરાત બેહિસાબ જન્નતી છે, ન તેમનો હિસાબ થશે ન તેમને મોડુ થશે. યાદ રાખશો કે **ક઼યામતનો દિવસ એક હજાર વરસનો છે પણ કાફિરોને પચાસ હજાર વરસનો લાગશે અને અમુક ખાસ મો'મિનોને ચાર રકાત નમાઝની જેટલો લાગશે.**

**★ હદીષ : (૧૩)-૨૧૯૯ ★**

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «زَيِّنُوا الْقُرْآنَ بِأَصْوَاتِكُمْ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

*"હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કુર્આને કરીમને તમારા અવાજોથી ઝીનત આપો[1]." (ઈબ્ને માજહ, દારમી)[2]*

**૧.** એટલે કે ખુશ ઈલ્હાની તથા બેહતરીન લહેજામાં ગમગીન અવાજે તિલાવત કરો અને દરેક હર્ફ (અક્ષર)ને તેના મખરજ (ઉગમસ્થાન)થી સહીહ અદા કરો, પણ ગાઈને તિલાવત કરવી જેના મદ શદમાં ફરક આવી જાય એ હરામ છે.

**૨.** એને નિસાઈ, ઈબ્ને હબ્બાન, હાકિમે પણ રિવાયત કરી. એમાં એ પણ છે કે સારો અવાજ કુર્આનનું ઘરેણુ છે.

**હિકાયત :** એકવાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ કોઈ મજલિસ પાસેથી પસાર થયા જ્યાં એક ગવૈયો ખૂબ જ સારા અવાજમાં ગાઈ રહ્યો હતો. આપે ફર્માવ્યું, કાશ ! આ અવાજ કુર્આન શરીફ માટે વપરાતો ! આ ખબર ગવૈયાને પહોંચી તો તેણે સાચી તૌબા કરી અને હઝરત ઈબ્ને મસ્ઊદની સાથે રહેવા લાગ્યો, ત્યાં સુધી કે કુર્આને કરીમનો આલિમ તથા ક઼ારી બની ગયો. *(મિર્ક઼ાત)*

**★ હદીષ : (૧૪)-૨૨૦૦ ★**

وَعَنْ سَعْدِ بْنِ عُبَادَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «مَا من امْرِئٍ يَقْرَأُ الْقُرْآنَ ثُمَّ يَنْسَاهُ إِلَّا لَقِيَ اللّٰهَ يَوْمَ الْقِيَامَةِ أَجْذَمَ» . رَوَاهُ أَبُو دَاوُدَ والدارمي

*''હઝરત સઅદ ઈબ્ને ઉબાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવો કોઈ નથી જે કુર્આન પઢીને ભૂલાવી દે પણ તે ક઼યામતના દિવસે અલ્લાહને કોઢી મળશે[1].*

*(અબૂ દાઊદ, દારમી)*

૧. આ હદીષની ઘણી શરહો કરવામાં આવી જેમાં અધિક્તર મજૂબત એ છે કે **જે શખ્સ પૂરુ કુર્આન શરીફ અથવા તેની કોઈ સૂરત હિફ્ઝ કરે, પછી તેનો દોર છોડી દે જેને લીધે તે ભૂલી જાય, તો તે શખ્સ ક઼યામતમાં કોઢી ઉઠશે.** તેનો કોઢ તેના એ જુર્મની બુરાઈ (ફિટકાર) હશે જેના લીધે સર્વ લોકો ઓળખી લેશે. અમુકે ફર્માવ્યું કે اجزم (અજ્ઝમ)થી મુરાદ બોખો હોવું છે. અમુકનો ખયાલ છે કે امزم થી મુરાદ મક્તૂઉદ્દલીલ છે જે રબ તઆલાની સામે બોલી નહીં શકે વગેરે, પણ પ્રથમ તફસીર આ'લા છે.

**★ હદીષ : (૧૫)-૨૨૦૧ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَمْ يَفْقَهْ مَنْ قَرَأَ الْقُرْآنَ فِي أَقَلَّ مِنْ ثَلَاثٍ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ત્રણ દિવસથી ઓછામાં કુર્આને કરીમ ખત્મ કરે તો સમજશે નહીં[1].''*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)*

૧. એટલે જે શખ્સ હમેશાં ત્રણ દિવસથી ઓછામાં ખત્મે કુર્આન કર્યા કરે તે જલ્દી તિલાવતના કારણે ન કુર્આનના અલ્ફાઝ (શબ્દો) સહીહ તૌર પર સમજી શકશે અને ન તો તેના જાહેરી અર્થોમાં વિચારણા કરી શકશે. યાદ રાખશો આ હુકમ આમ મુસલમાનો માટે છે કે તેઓ જો ખૂબ જ જલ્દી તિલાવત કરે તો ઝબાન લપેટાઈ જાય છે, હર્ફ સહીહ અદા નથી થતા, ખાસ લોકોનો હુકમ અલગ છે. ખુદ હુઝૂરે અન્વર ﷺ તહજ્જુદની એક એક રકાતમાં પાંચ પાંચ છ છ પારા પઢી લેતા હતા. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ એક રાતમાં ખત્મે કુર્આન કર્યું છે. દાઊદ علیہ السلام થોડીક મિનિટોમાં ઝબૂર ખતમ કરી લેતા હતા. હઝરત અલી ઘોડા કસવાથી પહેલાં કુર્આન ખત્મ કરી લેતા હતા. મિર્કાતે ફર્માવ્યું કે શયખ મૂસા સદવાની શયખ અબૂ મદયનના લોકોમાંથી હતા. એક દિવસ રાતમાં સિત્તેર હજાર ખત્મ કરી લેતા હતા. એકવાર તેમણે કા'બા મોઅઝ્ઝમામાં સંગે અસ્વદ ચૂમીને કા'બાના દરવાજા પર પહોંચીને કુર્આન ખત્મ કરી લીધું અને લોકોએ એક એક હર્ફ સાંભળ્યો. અરવાહે ષલાષામાં મોલ્વી અશ્રફઅલી થાનવી (દેવબંદી)એ પણ એનું સમર્થન કર્યું કે મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ ખાન દહેલ્વીએ એકવાર અસ્રની નમાઝ પછીથી મગરિબની નમાઝ સુધીમાં પૂરા કુર્આનનો ખત્મ કર્યો કે દરેક હર્ફ અલગ અલગ સાંભળવામાં આવ્યો. જેથી આ હદીષના આધાર પર ન તો વર્તમાનકાળના શબીના પઢનારાઓને હરામ કહી શકાય છે અને ન ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને તે સહાબાએ કિરામ પર વાંધો ઉઠાવી શકાય છે જેઓ એક દિવસ રાતમાં પૂરુ કુર્આન ખત્મ કરી લેતા હતા, કેમ કે એ હુકમ સામાન્ય મુસલમાન માટે છે જેઓ આટલા જલ્દી કુર્આન પઢવામાં સહીહ પઢી શકશે નહીં. ખત્મે કુર્આનમાં આમ બુઝુર્ગોના તરીક઼ા વિવિધ રહ્યા છે : અમુક એક મહિનામાં

એક કુર્આન ખત્મ કરતા હતા, અમુક એ અઠવાડિયામાં એક ખત્મ, ફમી બેશોક (કુર્આનની તિલાવતનો એક તરીકો જેનાથી અઠવાડિયામાં કુર્આન ખત્મ થાય)ની મંઝિલોના લેહાઝથી પ્રથમ મંઝિલ સૂરએ ફાતિહા પર શરૂ થઈ હતી. બીજી માઈદા પર, ત્રીજી યૂનુસ પર, ચોથી બની ઈસ્રાઈલ પર, પાંચમી શોઅરા પર, છટ્ઠી વઝ્ઝારિયાત પર, સાતમી સૂરએ કાફ પર, અમુક હઝરાત ત્રણ દિવસમાં ખત્મ કરતા.

**★ હદીષ : (૧)-૨૨૦૨ ★**

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «اَلْجَاهِرُ بِالْقُرْآنِ كالجاهر بِالصَّدَقَةِ ولامسر بِالْقُرْآنِ كَالْمُسِرِّ بِالصَّدَقَةِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

*''હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એલાનિયા કુર્આન પઢનાર એલાનિયા સદકો આપનારની જેમ છે અને આહિસ્તા કુર્આન પઢનારા ગુપ્ત રીતે સદકો આપનારની જેમ છે[1]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન પણ છે ગરીબ પણ.''*

**૧.** એટલે કે બંને રીતે તિલાવત જાઈઝ તથા સવાબનો સબબ છે જેવી રીતે બંને રીતે સદકો છુપી રીતે કે જાહેરમાં સવાબનો સબબ છે. રબ તઆલા ફર્માવે છે : اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ (જો ખૈરાત એલાનિયા આપો તો એ કેટલી સારી વાત છે અને જો છુપાવીને ગરીબોને આપો એ તમારા માટે સૌથી બેહતર છે. *–સૂરએ બકરહ, ૨/૨૭૧*) પણ અમુક સંજોગોમાં મોટા અવાજે તિલાવત અફઝલ છે કે એનાથી દિલ જાગૃત થાય છે, બીજા લોકોને તિલાવતનો શોખ પેદા થાય છે, ઊંઘ દૂર ભાગે છે, શૈતાન દફેઅ થાય છે, રહમાન રાજી થાય છે. અને અમુક સંજોગોમાં આહિસ્તા તિલાવત અફઝલ છે જ્યારે કે તિલાવતમાં રિયાનો અંદેશો ન હોય, અથવા કોઈ નમાઝી વગેરેને તકલીફ ન થાય. (મિર્કાત તથા શામી) આ હુકમોનો મતભેદ એ તિલાવતોમાં છે જેમાં જહ્ર કે ઈખ્ફા (જોરથી કે ધીમે પઢવું) વાજિબ ન હોય, નહીં તો ઝોહર તથા અસરમાં ધીમેથી પઢવું અને ફજર વગેરેમાં જોરથી પઢવું વાજિબ છે. *(લમ્આત તથા અશિઅહ)*

**★ હદીષ : (૧૭)-૨૨૦૩ ★**

وَعَنْ صُهَيْبٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا آمَنَ بِالْقُرْآنِ مَنِ اسْتَحَلَّ مَحَارِمَهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ لَيْسَ إِسْنَادُهُ بِالْقَوِيِّ

*''હઝરત સુહૈબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તે શખ્સ કુર્આન પર ઈમાન જ નથી લાવ્યો જે એના મુહર્રમાત (હરામ કરેલા)ને હલાલ જાણે[1]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષની અસનાદ કવી (મજબૂત) નથી.''*

**૧.** એટલે તિલાવતે કુર્આન ત્યારે ફાયદામંદ છે જ્યારે કે તેના હુકમો પર ઈમાન હોય, ઈમાન વિના, ન તિલાવત ફાયદાકારક છે ન કુર્આન સાથે રાખવું. જો કે સર્વ હરામ ચીજો હરામ માનવું જરૂરી છે પણ કેમ કે કુર્આને કરીમ ઘણુ જ અઝમતવાળુ છે એટલા માટે ખાસ રીતે એનું વર્ણન કર્યું. હલાલ તથા હરામ પર ઈમાન ન લાવનાર કાફિર છે પછી તિલાવતનો સવાબ કેવી રીતે પામે ! ખોરાક, દવા ઝિંદા માણસ માટે ફાયદકારક છે ન કે મુડદાને !

**૨.** ભલે હદીષ અમુક રાવીઓના કારણે કવી ન હોય પણ કુર્આન તેનું સમર્થન કરી રહેલ છે. ફર્માવ્યું છે :

اَلَّذِيْنَ ضَلَّ سَعْيُهُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ يَحْسَبُوْنَ اَنَّهُمْ يُحْسِنُوْنَ صُنْعًا (તેમના જેમની સર્વ કોશિશ દુનિયાની જિંદગીમાં ગુમાવાઈ ગઈ અને તેઓ એ ખયાલમાં છે કે સારું કામ કરી રહ્યા છીએ. *–સૂરએ કહફ, ૧૮/૧૦૪*)

**★ હદીષ : (૧૮)-૨૨૦૪ ★**

وَعَنِ اللَّيْثِ بْنِ سَعْدٍ عَنِ ابْنِ أَبِي مليكة عَنْ يَعْلَى بْنِ مُمَلَّكٍ أَنَّهُ سَأَلَ أُمَّ سَلَمَةَ عَنْ قِرَاءَةِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَإِذَا هِيَ تَنْعَتُ قِرَاءَةً مُفَسَّرَةً حَرْفًا حَرْفًا. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

*"હઝરત લૈષ ઈબ્ને સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે, તે અબૂ મુલૈકાથી તે યઅ્લા ઈબ્ને મુમલ્લકથી રિવાયત કરે છે[1] કે તેમણે હઝરત ઉમ્મે સલમાથી નબી કરીમ ﷺ ની કિ઼રાઅતે કુર્આન વિશે પૂછ્યું તો આપ હુઝૂરની કિ઼રાઅત એ રીતે બતાવવા લાગ્યાં કે એક એક હર્ફ (અક્ષર) અલગ અલગ[2]."*

*(તિર્મિઝી, નિસાઈ, અબૂ દાઊદ)*

**૧.** લૈષ ઈબ્ને સઅદ મશહૂર તાબઈ ફકી઼હ છે. મિસરના ઈમામ છે, અને ઈબ્ને અબી મુલૈકા તાબઈ છે. મક્કા મોઅઝ્ઝમાના કા઼ઝી હતા હઝરત ઈબ્ને ઝુબૈરની તરફથી. આપે ત્રણ સહાબીઓથી મુલાકા઼ત કરી છે. યઅ્લા ઈબ્ને મુમલ્લક પણ તાબઈમાંથી છે.

**૨.** એટલે હઝરત ઉમ્મે સલમાએ ખુદ કિ઼રાઅત કરીને સંભળાવી તો એ કિ઼રાઅત શરીફમાં બે ખૂબીઓ હતી : એક ખૂબ જ તરતીલની સાથે અટકી અટકીને હતી. બીજી દરેક હર્ફ પોતાના મખરજથી સહીહ અદા થતો હતો. જાણવા મળ્યું કે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا મહાન કા઼રિયા હતાં, નહીં તો હુઝૂરે અન્વર ﷺ ની કિ઼રાઅતની નક઼લ ન કરી શક્તાં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે **મને તરતીલ સાથે એક સૂરત તિલાવત કરવી વિના તરતીલે આખુ કુર્આન પઢવા કરતાં અધિક પસંદ છે. અધિક હુસ્ન સારું છે. એક મોતી હજારો રૂપિયાથી બેહતર હોય છે.**

**★ હદીષ : (૧૯)-૨૨૦૫ ★**

وَعَنِ ابْنِ جُرَيْجٍ عَنِ ابْنِ أَبِي مُلَيْكَةَ عَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُقَطِّعُ قِرَاءَتَهُ يَقُولُ: الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ثُمَّ يَقِفُ ثُمَّ يَقُولُ: الرَّحْمَنِ الرَّحِيمِ ثُمَّ يَقِفُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: لَيْسَ إِسْنَادُهُ بِمُتَّصِلٍ لِأَنَّ اللَّيْثَ رَوَى هَذَا الْحَدِيثَ عَنِ ابْنِ أَبِي مُلَيْكَةَ عَنْ يَعْلَى بْنِ مَمْلَكٍ عَنْ أُمِّ سَلَمَةَ وَحَدِيثُ اللَّيْث أصح

*"હઝરત ઈબ્ને જુરૈહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ઈબ્ને અબૂ મુલૈકાથી, તે હઝરત ઉમ્મે સલમાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અટકી અટકીને તિલાવત કરતા હતા[1] એ રીતે કે પઢતા : اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ પછી થોભી જતા. પછી પઢતા : الرَّحْمٰنِ الرَّحِيْمِ પછી થોભી જતા[2]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષની અસ્નાદ સતત નથી[3] કેમ કે આ હદીષ લૈષએ ઈબ્ને અબૂ મુલૈકાથી, તેમણે યઅ્લા ઈબ્ને મુમલ્લકથી, તેમણે ઉમ્મે સલમાથી રિવાયત કરી. લૈષની હદીષ અધિક સહીહ છે[4].*

**૧.** એટલે કે દરેક આયત પર અટકીને શ્વાસ તોડી આપતા હતા. પછી બીજી આયત તિલાવત કરતા હતા. સક્તા અને વક઼્ફમાં એ ફરક છે કે વક઼્ફમાં શ્વાસ તોડી નાખવામાં આવે છે પછી રોકવામાં આવે છે, પણ સક્તામાં

રોકાય તો પણ શ્વાસ નથી તોડતા.

**૨.** કુર્રા (કારીઓ) કહે છે કે વકફ ત્રણ પ્રકારના છે : વકફે હસન, વકફે કાફી, વકફે તામ. الرَّحْمٰنِ الرَّحِيْمِ પર વકફે કાફી છે, વકફે હસન નથી. બેહતર એ છે કે مٰلِكِ يَوْمِ الدِّيْنِ પર વકફ કરે. એ જ પ્રમાણે رَبِّ الْعٰلَمِيْنَ પર વકફે તામ્મ તો છે હસન નથી. વકફે હસન એ છે કે اَلْحَمْدُથી શરૂ કરીને يَوْمِ الدِّيْنِ પર અટકે. આપણે ત્યાં લોકો رَبِّ الْعٰلَمِيْنَ પર વકફને સખત બુરુ જાણે છે એ પણ દુરુસ્ત નથી, હુઝૂરે અન્વર ﷺથી સાબિત છે. હા ! એવું કહો કે બેહતર નથી.

**૩.** કેમ કે ઈબ્ને અબૂ મુલૈકાએ હઝરત ઉમ્મે સલમાથી મુલાકાત નથી કરી જેથી દરમ્યાનમાં કોઈ રાવી છૂટી ગયા. હદીષ મુન્કતઅ છે.

**૪.** ખુલાસો એ છે કે ઈબ્ને અબી મુલૈકાથી લૈષ ઈબ્ને સઅદે પણ રિવાયત કરી છે અને જુરૈહે પણ. પણ લૈષ ઈબ્ને સઅદની રિવાયત સહીહતર છે કેમ કે એમાં કોઈ રાવી છૂટયા નથી. ઉમ્મે સલમાથી પહેલાં યઅ્લા ઈબ્ને મુમલ્લકનું વર્ણન છે અને જુરૈહની રિવાયતમાં રાવી છૂટી ગયેલ છે. એ મુન્કતઅ છે. લૈષ ઈબ્ને સઅદ ખૂબ જ ષિકહ હતા. તેમણે ઈબ્ને અબી મુલૈકા, અતા ઝુહરીથી રિવાયત લીધી, અને તેમના ઘણા મુહદ્દિષોએ. તેમને વીસ હજાર દીનારની વાર્ષિક આવક હતી પણ તેમના પર કદી ઝકાત વાજિબ ન થઈ. તેમજ આ હદીષનું મતન બલાગત તથા લહેજાની પણ વિરુદ્ધ છે કે الرَّحْمٰنِ الرَّحِيْمِ પર વકફ બેહતર નથી. (મિર્કાત વગેરે)

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૨૦)-૨૨૦૫ ★**

عَنْ جَابِرٍ قَالَ: خَرَجَ عَلَيْنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَحْنُ نَقْرَأُ الْقُرْآنَ وَفِينَا الْأَعْرَابِي والأعجمي قَالَ: «اقرؤوا فَكُلٌّ حَسَنٌ وَسَيَجِيءُ أَقْوَامٌ يُقِيمُونَهُ كَمَا يُقَامُ الْقِدْحُ يَتَعَجَّلُونَهُ وَلَا يَتَأَجَّلُونَهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

*''હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા જ્યારે અમે કુર્આન પઢી રહ્યા હતા. અરબી તથા અજમી સૌ જ હતા[1]. પઢયે જાવ સૌ ઠીક થાય[2]. કેટલીક કૌમો એવી થશે જે તિલાવત એવી રીતે દુરુસ્ત કરશે જેવી રીતે તીર સીધુ કરવામાં આવે છે[3] દુનિયામાં વળતર લેશે, આખેરતના માટે ન રાખશે[4].*

*(અબૂ દાઊદ, બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** એટલે કે એ મજલિસમાં શહેરી સહાબી પણ હતા અને ગામડાવાસીઓ પણ હતા. અરબી તથા ગામડાવાસીમાં એ જ ફરક છે કે અરબી આમ છે, એઅરાબી (ગામડાવાસી) ખાસ. ગામડાવાસીઓ તથા અરબી પણ હતા. અરબ બહારના પણ હતા કે બિલાલ હબ્શાના હતા, સલ્માન ફારસના હતા, સુહૈબ રૂમના હતા. رضوان اللہ تعالیٰ علیہم اجمعین સારાંશ કે : (શેઅર) : *લગાયા થા માલીને એક બાગ ઐસા—ન થા જિસમેં છોટા બડા કોઈ પૌદા*

**૨.** એટલે કુર્આન શરીફ અજમી, અરબી, શહેરી, ગામડાવાસી સૌના માટે આપ્યું છે. સૌ તિલાવત કર્યા કરો. અજમી એવો ખયાલ ન કરે કે અમારો લહેજો અરબ જેવો નથી થઈ શકતો. જેથી અમે તિલાવત જ છોડી દઈશું. જે લહેજો બની શકે એમાં પઢો. હા ! સહીહ પઢો ! લહેજાનો એતબાર નથી, સહીહ હોવાનો એતબાર છે, અને

ઈખ્લાસનો સવાબ છે. (શેઅર) :

مادروں رابنگریم وحال را　　　　ما بروں را ننگریم وقال را

**અર્થાત :** અમે દિલ અને અંદરની હાલત જોઈએ છીએ, જાહેર અને બાહ્ય હાલતને નથી જોતા.

૩. એટલે કે **આખરી જમાનામાં કેવળ રિયા તથા નામના માટે કુર્આનનો લહેજો દુરુસ્ત કરવામાં ખૂબ જ તકલીફ ઉઠાવશે પણ સવાબથી મેહરૂમ રહેશે.** એનું કારણ આગળ આવી રહ્યું છે.

૪. એટલે કે **તેમની એ સર્વ મહેનતો કેવળ લહેજો હસીન કરવા માટે હશે જેથી દુનિયાદારો પસંદ કરે, વાહ વાહ થાય, પૈસા ખૂબ મળે. ઈખ્લાસ ન હોય પછી સવાબ ક્યાંથી પામશે ?!** જાનની કિંમત હોય છે ન કે કેવળ ખોળીયાની. દરેક ઈબાદતનો એ જ હાલ છે. અલ્લાહ તઆલા ઈખ્લાસ નસીબ કરે. હુઝૂરે અન્વર ﷺની આ નારાઝગી તેમની મહેનત પર નથી બલ્કે રિયા તથા નામનાની ભાવના પર છે.

**★ હદીષ : (૨૧)-૨૨૦૭ ★**

وَعَنْ حُذَيْفَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «اقرؤوا الْقُرْآنَ بِلُحُونِ الْعَرَبِ وَأَصْوَاتِهَا وَإِيَّاكُمْ وَلُحُونَ أَهْلِ الْعِشْقِ وَلُحُون أهل الْكِتَابَيْنِ وسيجي بعدِي قوم يرجعُونَ بالْقُرْآنِ ترجع الْغِنَاء وَالنَّوْحِ لَا يُجَاوِزُ حَنَاجِرَهُمْ مَفْتُونَةٌ قُلُوبُهُمْ وَقُلُوبُ الَّذِينَ يُعْجِبُهُمْ شَأْنُهُمْ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

*"હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આન મજીદ અરબી લહેજાઓ અને અરબી અવાજોથી પઢો[1]. ઈશ્કવાળા રાગનીઓ અને તૌરાત તથા ઈન્જીલવાળાઓના લહેજાઓથી બચો[2]. અમારા પછી તે કૌમો આવશે જે કુર્આનમાં એવી ગળાની બાજીઓ કરશે જેમ કે ગાયનો અને નોહામાં[3] કુર્આન તેમના ગળેથી નીચે ઉતરશે નહીં[4] તેમના તથા તેમને પસંદ કરનારાઓનાં દિલ ફિત્નામાં સપડાયેલાં હશે[5] (બયહકી, શોઅબુલ ઈમાન) અને રઝીને પોતાની કિતાબમાં."*

**૧.** અરબવાળાઓની કિતાબમાં કેવળ અવાજનું ઉમદાપણુ, મખારિજની સિહત (સહીહ હોવું), શબ્દો અદા થવાનું ઉમદાપણુ હોય છે, તકલ્લુફ (વધારે પડતી કોશિશ) અને સંગીતના તરીકાઓથી ખાલી હોય છે. કેમ કે કુર્આન શરીફ અરબી છે એને અરબી તરીકાથી પઢો. લહનનો અર્થ છે ખુશ તથા તરબ (ખુશી) અને અવાજની લચક તથા લહેર.

**૨.** એટલે કે ન તો કુર્આન ગીતના નગ્માઓથી ગાવ, જેવી રીતે આશિક ગવૈયા ઠુમરી, દાદરે વગેરે ગાઈ છે, અને ન એવા તકલ્લુફાત (તકલીફો ઉઠાવીને, જાહેરી ઠાઠ)થી પઢો જેવી રીતે યહૂદી તથા નસારા તૌરાત તથા ઈન્જીલ પઢે છે જેનાથી ઈબારત બગડી જાય છે. જ્યાં મદ ન હોય ત્યાં પેદા થઈ જાય છે જ્યાં શદ હોય ત્યાં નથી રહેતો. અલિફ ઝબર બની જાય છે, ઝબર અલિફ બની જાય છે વગેરે. ફકીરે અમુક કવ્વાલોને કુર્આની આયતો તબલા સારંગી પર ગીતોની સાથે ગાતા સાંભળ્યા કે એમના ગીતોમાં આયતો છે એને વાજાંઓ સાથે ગાઈ છે.

**૩.** એટલે કુર્આનમાં ગળાબાજીઓ, રાગ રાગણીના અવાજો ભરવાથી કામ લેશે, તેને ગીત કે કવ્વાલીનો શેઅર બનાવી આપ્યા કરશે. જેમ કે આજે જોવામાં આવી રહ્યું છે. એ ગયબદાં નબીએ પહેલેથી જ એની ખબર

આપી દીધી હતી.

**૪.** એટલે કે કેવળ જીભ પર કુર્આનના શબ્દો હોય દિલ પર કુર્આનની કોઈ અસર ન હશે. ઈમાનમાં તાજગી પેદા થશે નહીં, ન તેમના શ્રોતાઓના. કેમ કે જે મોંઢેથી નીકળે છે તે કાન પર પડે છે, જે દિમાગથી નીકળે છે તે દિમાગ પર પડે છે, જે દિલથી નીકળે છે તે દિલ પર પડે છે.

**૫.** એટલે કે ખુદ એમના તથા શ્રોતાઓનાં દિલ આ તિલાવતથી ફાયદો ઉઠાવશે બલ્કે ઉલ્ટુ નુકસાન પામશે.

**★ હદીષ : (૨૨)-૨૨૦૮ ★**

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «حَسِّنُوا الْقُرْآنَ بِأَصْوَاتِكُمْ فَإِنَّ الصَّوْتَ الْحَسَنَ يَزِيدُ الْقُرْآنَ حُسْنًا» . رَوَاهُ الدَّارِمِيُّ

*''હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને સાંભળ્યા કે કુર્આનને પોતાના અવાજોથી ઝીનત બખ્શો, કેમ કે સારો અવાજ કુર્આનનું હુસ્ન (ખૂબસૂરતી) વધારી દે છે[1]. (દારમી)*

**૧.** એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી કે દરેક શખ્સનો અવાજ એના લેહાઝથી હશે. એક જ વ્યક્તિ પોતાનો અવાજ બુરો પણ કાઢી શકે છે અને કાંઈક સારો પણ. જેથી કુર્આનની તિલાવતમાં સારો અવાજ વાપરો. એ મતલબ નથી કે જેનો અવાજ સારો ન હોય તે કુર્આનની તિલાવત જ ન કરે. હઝરત બિલાલ رضی اللہ عنہ એ એ જ મોટા (જાડા) અવાજ વડે જ અઝાન તથા તિલાવત કરતા હતા. રબ તઆલાને એ જ પ્યારો હતો, કેમ કે ત્યાં દિલનો અવાજ સાંભળ વામાં આવે છે.

گفت ہاتف بازاز بانگ بلال — خوش شدے بر عرش رب ذوالجلال

**અર્થાત** : બિલાલની અઝાન પછી ગેબથી અવાજ આવ્યો કે અર્શ પર રબ્બે ઝુલજલાલ ખુશ થયો.

મતલબ એ છે કે જ્યાં સુધી બની શકે ખુશ ઈલ્હાનથી કુર્આન શરીફ પઢો જેથી સાંભળનારાઓને કુર્આન પ્રતિ આકર્ષણ જાગે. એવું ન બને કે (શેઅર) :

گر تو قرآن بدیں نمط خوانی — میروی رونق مسلمانی

**અર્થાત** : જો તું આ રીતે કુર્આન પઢીશ તો ઈસ્લામની રોનક ખત્મ કરી નાખીશ.

અથવા એ સારા અવાજનો મતલબ એ છે જે આગલી હદીષમાં આવી રહ્યો છે. એટલે દર્દવાળો અવાજ જે દર્દે દિલનો પતો આપે, ખુશૂઅ તથા ખુઝૂઅ જાહેર કરે.

**★ હદીષ : (૨૩)-૨૨૦૯ ★**

وَعَنْ طَاوُوسٍ مُرْسَلًا قَالَ: سُئِلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَيُّ النَّاسِ أَحْسَنُ صَوْتًا لِلْقُرْآنِ؟ وَأَحْسَنُ قِرَاءَةً؟ قَالَ: «مَنْ إِذَا سَمِعْتَهُ يَقْرَأُ أَرَأَيْت أَنَّهُ يَخْشَى اللَّهَ» . قَالَ طَاوُوسٌ: وَكَانَ طَلْقٌ كَذَلِك. رَوَاهُ الدَّارِمِيُّ

*''હઝરત તાઊસથી રિવાયત છે. ઈરસાલન્ ફર્માવે છે કે નબી કરીમ علیہ السلام ને પૂછવામાં આવ્યું, કોણ શખ્સ કુર્આનમાં ખુશ અવાજ તથા સારી કિરાઅતવાળો છે ?[1] ફર્માવ્યું, તે જેને તમે જ્યારે કુર્આન પઢતાં સાંભળો તો મહેસૂસ કરો કે તે અલ્લાહથી ડરે છે[2]. તાઊસ ફર્માવે છે કે તલક એવા જ હતા[3]. (દારમી)*

**૧.** સુબ્હાનલ્લાહ ! શું પ્યારો સવાલ છે ! મક઼સદ એ છે કે લોકો સારો અવાજ તો સૂરીલા રસીલા અવાજને સમજે છે અને નગ્માવાળી તિલાવતને સારી તિલાવત સમજે છે. સરકાર ﷺએ જ સારા અવાજમાં તિલાવતે કુર્આનનો હુકમ આપ્યો છે, એનાથી એ જ મુરાદ છે બીજુ કાંઈ અલગ ?

**૨.** આ હદીષ એ સર્વ હદીષોની શરહ છે જેમાં સારા અવાજ, સારી તિલાવતનો હુકમ આપવામાં આવ્યો એટલે કે દર્દે દિલવાળી અદા અને ખૌફે ખુદાવાળી ક઼િરાઅત સારી છે, અસલ અવાજ પાતળો હોય છે કે જાડો. અમુક બુઝુર્ગોને જોવામાં આવ્યા કે તેમનો અવાજ જાડો હતો પણ તેમની તિલાવતથી ખુદ તેમનાં તથા સાંભળનારાઓની રુંવાટી ઉભી થઈ જતી હતી, દિલો કાંપી ઉઠતાં હતાં. અલ્લાહ તઆલા એવી તિલાવત નસીબ કરે. આમીન !

**૩.** એટલે કે તલક ઈબ્ને અલી, ઈબ્ને અમ્ર નખઈ યમામી એ પ્રમાણે તિલાવત કરતા હતા કે ખુદા યાદ આવી જતો હતો. આપ ક઼ૈસ ઈબ્ને તલક઼ યમાનીના પિતા છે. મશ્હૂર સહાબી છે. હઝરત તાઊસે એમનાથી મુલાકાત કરી છે.

**★ હદીષ : (૨૪)-૨૨૧૦ ★**

وَعَنْ عُبَيْدَةَ الْمُلَيْكِيِّ وَكَانَتْ لَهُ صُحْبَةٌ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَهْلَ الْقُرْآنِ لَا تَتَوَسَّدُوا الْقُرْآنَ وَاتْلُوهُ حَقَّ تِلَاوَتِهِ مِنْ آنَاءِ اللَّيْلِ وَالنَّهَارِ وَأَفْشُوهُ وَتَغَنُّوهُ وَتَدَبَّرُوا مَا فِيهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ وَلَا تَعْجَلُوا ثَوَابَهُ فَإِنَّ لَهُ ثَوَابًا» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

*હઝરત ઓબૈદા મુલૈકી رضی اللہ عنہ થી રિવાયત છે. તેમને જનાબ મુસ્તફા ﷺની સોહબત મયસ્સર હતી[૧]. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે કુર્આનવાળાઓ ![૨] કુર્આનને તકીયો ન બનાવો[૩] અને દિવસ રાત તેની તિલાવત કરો જેવો કે તિલાવતનો હક઼્ક઼ છે[૪] અને કુર્આનનું એલાન કરો. તેને ખુશ અવાજ સાથે પઢો. એના અર્થોમાં વિચારણા કરો કે જેથી તમો કામયાબ થાવ[૫] અને એનો સવાબ જલ્દી ન માગો કે એનો સવાબ ઘણો જ છે[૬]. (બયહક઼ી, શોઅબુલ ઈમાન)*

**૧.** આ વાક્ય વાંધાજનક છે અને ઈમામ બયહક઼ીનો ક઼ૌલ છે. એટલે ઓબૈદા મુલૈકી સહાબી છે કે એમને નબી કરીમ ﷺની સોહબત મયસ્સર છે. યાદ રાખશો કે સહાબી બનવા માટે એક ક્ષણની સોહબત તથા એક નજર હુઝૂરે અન્વર ﷺને જોવું પૂરતું છે, પણ તાબઈય્યતના માટે સહાબીની સાથે રહેવું, સોહબતનો ફૈઝાન હાંસલ કરવો જરૂરી છે.

**૨.** ઈસ્તેલાહમાં અહલે કુર્આન દરેક કુર્આનના માનવાવાળા, પઢવાવાળા, એના પર અમલ કરવાવાળાને કહે છે. અને અહલે હદીષ તે ખાસ જમાઅત છે જે પોતાની જિંદગી ઈલ્મે હદીષ હાંસલ કરવામાં અને શીખવવામાં પસાર કરી દે, એટલે કે મુહદ્દિષ. ન તો એહલે કુર્આનથી ચકળાલ્વી હદીષના મુન્કિરો મુરાદ હોય છે, ન શબ્દ અહલે હદીષથી વર્તમાનકાળના વહાબી ફિક઼્હના મુન્કિરો મુરાદ હોય છે. એટલે કે હે કુર્આન માનનારા મુસલમાનો !

**૩.** એટલે કે કુર્આન શરીફ પર માથુ રાખીને ન સૂઓ કે એ બેઅદબી છે. કુર્આનથી બેફિકર ન થઈ જાવ કે એની તિલાવતમાં સુસ્તી કરો, એના પર અમલ ન કરો. બીજો અર્થ મજબૂત છે, જેવું કે આગલા લખાણથી જાહેર છે.

**૪.** આ વાક્યમાં બે હુકમો છે. હમેશાં કુર્આન પઢવું અને દુરુસ્ત પઢવું. કુર્આનની તિલાવતનો હક઼્ક઼ એ છે કે એની તિલાવત સહી તરીક઼ાથી કરે અને એના પર અમલ કરે. અલ્લાહની રઝા ખાતર પઢે ન કે કેવળ લોકોને ખુશ કરવા માટે. રબ તઆલા ફર્માવે છે :

اِنَّ الَّذِيْنَ يَتْلُوْنَ كِتٰبَ اللّٰهِ وَ اَقَامُوا الصَّلٰوةَ (બેશક ! તેઓ જે અલ્લાહની કિતાબ પઢે છે અને નમાઝ કાયમ રાખે છે. અને અમારા આપેલામાંથી કાંઈક અમારી રાહમાં ખર્ચ કરે છે છુપી રીતે તથા જાહેરમાં, તેઓ એવા વેપારના ઉમ્મેદવાર છે જેમાં કદાપિ નુકસાન નથી. –સૂરએ ફાતિર, ૩૫/૨૯) અહીં મિર્કાતે ફર્માવ્યું કે કુર્આને કરીમ પર તકીયો લગાડવો, એના તરફ પગો ફેલાવવા, એના પર કોઈ અન્ય કિતાબ રાખવી, એના તરફ પીઠ કરવી તેને ફેંકવું વગેરે સખત મના છે. કુર્આને કરીમને ચૂમવું, માથા પર રાખવું મુસ્તહબ છે. એનાથી ફાલ કાઢવું હરામ છે.

**૫.** تَغَنَّوْا ના બે અર્થો અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યા છે. કુર્આને કરીમ ખુશ ઈલ્હાનીથી પઢો અને કુર્આનના થકી લોકોથી ગની તથા બેનિયાઝ થઈ જાવ. ગાવાના અર્થમાં નથી, કેમ કે કુર્આન શરીફ ગાઈને પઢવું હરામ છે. તદબ્બુરે કુર્આન ઉલમાનો અલગ છે અને બેઈલ્મ લોકોનો કાંઈક અલગ છે. ઉલમા તો એના અર્થ તથા અહકામમાં વિચારણા કરે, અવામ એવું સમજીને પઢે કે આ તે શબ્દો છે જે નબી કરીમ ﷺ અને તમામ સહાબાએ પઢયા હતા. અલ્લાહુ અકબર ! અમારાં ક્યાં નસીબ કે એ શબ્દો અમારી જીભ પર પણ આવે !

**૬.** તિલાવતે કુર્આન, તા'લીમે કુર્આન, તજવીદે કુર્આનનો સવાબ આખેરતમાં મળશે જે તમારા ઈલ્મ તથા સમજ બહાર છે. તમો કેવળ અહીં જ એનો સવાબ ન લો. એટલે કે દુનિયાને એનો મકસદ ન બનાવી લો.

# باب
# આદાબે તિલાવત[૧]

## (વિભાગ : ૧) الفصل الاول

**૧.** કુર્આનની કિર્અતના સંબંધે વિવિધ વિષયોનું પ્રકરણ અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે કે باب فى اختلاف القرآن (બાબુ ફી ઈખ્તિલાફિલ કુર્આન) એટલે કુર્આન શરીફની વિવિધ કિ઼રાઅતો અને કુર્આન જમા કરવા વિશેનું પ્રકરણ જમએ કુર્આનથી મુરાદ એક જગાએ કિતાબ સ્વરૂપમાં જમા કરવું.

★ હદીષ : (૧)-૨૨૧૧ ★ (مُتَّفق عَلَيْهِ)

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: سَمِعْتُ هِشَامَ بْنَ حَكِيمِ بْنِ حِزَامٍ يَقْرَأُ سُورَةَ الْفرْقَان على غير مَا أقرؤوها. وَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقْرَأَنِيهَا فَكِدْتُ أَنْ أَعْجَلَ عَلَيْهِ ثُمَّ أَمْهَلْتُهُ حَتَّى انْصَرَفَ ثُمَّ لَبَّبْتُهُ بِرِدَائِهِ فَجِئْتُ بِهِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. فَقلت يَا رَسُولَ اللَّهِ إِنِّي سَمِعْتُ هَذَا يَقْرَأُ سُورَةَ الْفُرْقَانِ عَلَى غَيْرِ مَا أَقْرَأْتَنِيهَا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَرْسِلْهُ اقْرَأْ " فَقَرَأَت الْقِرَاءَةَ الَّتِي سَمِعْتُهُ يَقْرَأُ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَكَذَا أُنْزِلَتْ» . ثُمَّ قَالَ لِي: «اقْرَأْ» . فَقَرَأت. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَكَذَا أنزلت إِن الْقُرْآنَ أُنْزِلَ عَلَى سَبْعَةِ أَحْرُفٍ فَاقْرَءُوا مَا تيَسّر مِنْهُ» . مُتَّفق عَلَيْهِ. وَاللَّفْظ لمُسلم

*"હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મેં હિશામ ઈબ્ને હકીમ ઈબ્ને હિ઼ઝામને સાંભળ્યા[૧] કે એ સૂરએ ફુર્કાન એની વિરુદ્ધ પઢી રહ્યા છે જે હું પઢતો હતો, અને મને એ સૂરત રસૂલુલ્લાહ ﷺએ પઢાવી હતી[૨]. નજીક હતું કે હું એમના પર જલ્દી કરી બેસું પણ મેં તેમને મોહલત આપી ત્યાં સુધી કે ફારિગ થઈ ગયા. પછી મેં તેમને તેમની જ ચાદરમાં લપેટી લીધા[૩] પછી તેમને રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં લાવ્યો અને અર્ઝ કરી યા રસૂલલ્લાહ! મેં એમને સાંભળ્યા કે સૂરએ ફુર્કાન એના સિવાય પઢી રહ્યા છે જે મને હુઝૂરે પઢાવી છે[૪]. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એમને છોડી દો[૫]. હિશામ પઢો! તેમણે એ જ કિ઼રાઅત તિલાવત કરી જે મેં એમને તિલાવત કરતાં સાંભળી હતી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું એ જ પ્રમાણે ઉતરી છે. પછી મને ફર્માવ્યું, પઢો! મેં પઢી. ફર્માવ્યું, આ પ્રમાણે પણ ઉતરી છે. આ કુર્આન સાત કિ઼રાઅત પર ઉતર્યું છે. જે રીતે પણ આસાન હોય તિલાવત કર્યા કરો[૬]. (મુસ્લિમ, બુખારી) અને શબ્દો મુસ્લિમના છે[૭]."*

**૧.** પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે હકીમ ઈબ્ને હિઝામ કુ઼ર્શી છે. હઝરત ઉમ્મુલ મો'મિનન ખદીજતુલ કુબ્રાના ભત્રીજા છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. આપની સર્વ ઔલાદ સહાબી છે, એમનામાંથી હિશામ પણ છે.

**૨.** એટલે કે મને ક઼િરાઅતના સહીહ હોવાનું યક઼ીન હતું, કેમ કે મેં કોઈ અન્યથી શીખી ન હતી ખુદ હુઝૂરે અન્વર ﷺથી શીખી હતી એટલા માટે મને શંકા થઈ કે હિશામ જાણી જોઈને કુર્આન ગલત પઢી રહ્યા છે.

**૩.** એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે દીનમાં કોઈની રિઆયત (છૂટછાટ) નથી, અઝીઝ નજીકનો (સગો) હોય કે અજનબી, મામૂલી માણસ હોય કે મોટો હોય. **બીજુ** એ કે તિલાવતે કુર્આનનો ઘણો એહતેરામ છે. કોઈ શખ્સ સાથે તિલાવત દરમિયાનમાં તેનાથી લડવું ઝઘડવું જોઈએ, ન તેની તિલાવતમાં રુકાવટ કરો. જુઓ હઝરત ઉમર કુર્આનના શબ્દોમાં ફરક જોઈને ગુસ્સામાં આવી ગયા, પણ તિલાવત ખત્મ થવા પર હઝરત હિશામને જાણે કે ગિરફતાર કરી લીધા, કોઈ જાતની તરફદારી કે સગાવાદથી કામ ન લીધું.

**૪.** એટલા માટે હું એમને ગિરફતાર કરીને આપને ખિદમતમાં લાવ્યો છું જેથી કરીને આપ એમને મના કરી આપો અને થયેલા કુસૂર પર સજા આપો. જાણવા મળ્યું કે શક્ય હોય ત્યાં સુધી કોઈ મુજરિમને જાતે સજા ન આપો, બલ્કે હાકિમ પાસે ફેંસલો કરાવો.

**૫.** કેમ કે હઝરત ઉમરનો આ ગુસ્સો નફ્સના માટે ન હતો બલ્કે અલ્લાહના માટે હતો. તેમજ હઝરત ઉમર ઉસ્તાદની જેમ હતા અને હઝરત હિશામ શાગિર્દ જેમ હતા. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ન તો હઝરત ઉમરને કાંઈ કહ્યું અને ન તેમને હઝરત હિશામથી માફી માગવાનો હુકમ આપ્યો. જેમ કે હઝરત મૂસા علیہ السلامએ હઝરત હારૂનની બેકુસૂર દાઢી માથાના વાળ પકડી લીધા, તેમને ખેંચ્યા, કેમ કે મા બાપ, ઉસ્તાદ, શયખ જો ગલતફહમીથી કોઈને સજા નાજાઈઝ તૌર પર પણ આપી દે તો પણ મુજરિમ નથી.

**૬.** મુહદ્દિષો ફર્માવે છે કે કુર્આન શરીફ લુગતે કુરૈશમાં (કુરૈશના શબ્દકોશમાં) નાઝિલ થયું પરંતુ કેમ કે અરબના ઘણા ક઼બીલા હતા જેમની ભાષાઓ વિવિધ હતી. દરેક ક઼બીલાની ભાષા અઘરી જણાતી હતી, પોતાની ભાષા આસાન હતી અને જમાનો બિલ્કુલ નવો હતો. અંદેશો હતો કે અન્ય ક઼બીલા કુર્આનની તિલાવત છોડી દેશે, એટલા માટે સાત, બલ્કે સાતથી પણ વધુ તરીક઼ાઓ વડે તિલાવતની ઈજાઝત આપી દેવામાં આવી હતી. અહીં સાતથી મુરાદ અધિક્તાનું વર્ણન છે ન કે ખાસ એ જ અંક. અને હર્ફથી મુરાદ તિલાવતનો તરીક઼ો છે, ચાહે ખુદ હર્ફની જાતમાં ફરક હોય, જેમ કે نُنْشِزُهَا નُنْشِرُهَاથી અને રાએ ,رائے (نُنْشِرُهَا) મુહમલાથી. અથવા હર્ફની સિફતોમાં ફરક હોય જેમ કે مٰلِكِ يَوْمِ الدِّيْنِ અને مَلِكِ يَوْمِ الدِّيْنِ ચાહે અદના તરીક઼ામાં ફરક હોય જેમ કે ઈદગામ, ઈઝહાર, તફખીમ, તરક઼ીક઼, ઈમાલા, મદ કસ્ર, તલિય્યીન વગેરે. પણ આ મતભેદોના કારણે મુઆફી ન બદલાશે. કુર્આને કરીમની સાત ક઼િરાઅતો તો મુતવાતિર છે અને ૧૪ શાઝ, મુતવાતિર ક઼િરાઅતોની તિલાવત કરે શાઝની ન કરે. જેમ કે فصیام ثلثہ ایام متو الیات અથવા જેમ કે وصلوۃ الوسطی صلوۃ العصر વગેરે. હવે આપણી ક઼િરાઅત અબૂ હફ્સ અને عن عاصم (આસિમવાળી) છે ક઼ારીઓએ જોઈએ કે એની ક઼િરાઅત કર્યા કરે, નહીં તો અવામમાં ફિત્નો ફેલાશે અને લોકો ક઼િરાઅતોનો ઈન્કાર જ કરી દેશે.

**૭.** અમુક મુહદ્દિષોએ ફર્માવ્યું કે આ હદીષ મુતવાતિર છે. એકવીસ સહાબીઓ થકી રિવાયત પામેલી છે. કદાચ મુતવાતિરથી મુરાદ મુતવાતિરુલ મઅના હશે. *(મિર્ક઼ાત)*

| ★ હદીષ : (૨)-૨૨૧૨ ★ | |
|---|---|
| وَعَنِ ابْنِ مَسْعُودٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَجُلًا | *"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, મેં એક શખ્સને તિલાવત કરતાં સાંભળ્યો અને નબી કરીમ علیہ الصلوۃ والسلامને તેની વિરુદ્ધ તિલાવત* |

قَرَأَ وَسَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ خِلَافَهَا فَجِئْتُ بِهِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرْتُهُ فَعَرَفْتُ فِي وَجهه الْكَرَاهِيَةَ فَقَالَ: «كِلَاكُمَا مُحْسِنٌ فَلَا تَخْتَلِفُوا فَإِنَّ مَنْ كَانَ قبلكُمْ اخْتلفُوا فهلكوا» . رَوَاهُ الْبُخَارِيّ

*કરતાં સાંભળ્યા હતા જેથી હું તેમને નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં લાવ્યો. આ સર્વ બતાવ્યું તો મેં હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ના ચહેરા પર નારાઝગી જોઈ[1] ફર્માવ્યું, તમે બંનેવ બરાબર છો[2] આપસમાં ઝઘડો નહીં, કેમ કે તમારા પહેલાં લોકો ઝઘડાથી તબાહ થઈ ગયા[3]."*

રો હતો કે ક્યાંક મુસલમાન કિતાબુલ્લાહમાં યહૂદી તથા ઈસાઈની જેમ મતભેદ ન કરવા લાગે.

**૨.** એટલે કે તમે જે સાંભળ્યું તે બરાબર સાંભળ્યું અને તેમણે જે પઢયું તે દુરુસ્ત પઢયું. તમારું સાંભળવું અને એમનું પઢવું બંનેવ ઠીક છે. કેમ કે તેમને એ ખબર ન હતી કે કુર્આને કરીમની કિ઼રાઅત વિવિધ તરીક઼ાઓથી જાઈઝ છે એટલા માટે આનો ઈન્કાર કરી બેઠા. તમારે એ સહાબીથી સારું ગુમાન કરવું જોઈતુ હતું. એમને મારી પાસે લાવવા જોઈતા ન હતા.

**૩.** એ રીતે કે યહૂદીઓએ તૌરાતના અને ઈસાઈઓએ ઈન્જીલના વિવિધ નુસ્ખા બનાવી લીધા અને દરેક જમાઅતે બીજા નુસ્ખાઓનો ઈન્કાર કરી લીધો, અને કલામે ઈલાહીનો ઈન્કાર કુફ્ર છે.

**★ હદીષ : (3)-૨૨૧૩ ★**

وَعَنْ أُبَيِّ بْنِ كَعْبٍ قَالَ: كُنْتُ فِي الْمَسْجِدِ فَدَخَلَ رَجُلٌ يُصَلِّي فَقَرَأَ قِرَاءَةً أَنْكَرْتُهَا عَلَيْهِ ثُمَّ دَخَلَ آخَرُ فَقَرَأَ قِرَاءَةً سِوَى قِرَاءَةِ صَاحِبِهِ فَلَمَّا قَضَيْنَا الصَّلَاةَ دَخَلْنَا جَمِيعًا عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ إِنَّ هَذَا قَرَأَ قِرَاءَةً أَنْكَرْتُهَا عَلَيْهِ وَدخل آخر فَقَرَأَ سوى قِرَاءَة صَاحبه فَأَمَرَهُمَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فقرآ فَحَسَّنَ شَأْنَهُمَا فَسَقَطَ فِي نَفْسِي مِنَ التَّكْذِيبِ وَلَا إِذْ كُنْتُ فِي الْجَاهِلِيَّةِ فَلَمَّا رَأَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا قَدْ غَشِيَنِي ضَرَبَ فِي صَدْرِي فَفِضْت عَرَقًا وكأنما أنظر إِلَى الله عز وَجل فَرَقًا فَقَالَ لِي: «يَا أُبَيُّ أُرْسِلَ إِلَيَّ أَن اقْرَأِ الْقُرْآنَ عَلَى حَرْفٍ فَرَدَدْتُ إِلَيْهِ أَنْ هَوِّنْ عَلَى أُمَّتِي

*"હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે, હું મસ્જિદમાં હતો. એક વ્યક્તિ આવીને નમાઝ પઢવા લાગ્યો. એણે એવી કિ઼રાઅત કરી જેનો મેં ઈન્કાર કર્યો[1] પછી બીજો શખ્સ આવ્યો તો તેણે પણ તે પહેલાવાળાની કિર્અત કરતાં અલગ અન્ય કિ઼રાઅત કરી[2]. જ્યારે અમે નમાઝ પઢી ચૂક્યા અને અમે સૌ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા[3] તો મેં અર્ઝ કર્યું કે આ સાહબે આવી કિ઼રાઅત કરી છે જેનો હું ઈન્કારી (નકારનાર) છું અને બીજા સાહબ આવ્યા તો તેમણે એના સિવાય અલગ જ કિ઼રાઅત કરી. ત્યારે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ બંનેવને હુકમ આપ્યો તો તેમણે કિ઼રાઅત કરી[4]. તો હુઝૂરે તેમની પ્રશંસા કરી જેનાથી મારા દિલમાં કાંઈ અજંપો પેદા થયો[5] જે જાહિલિયતના જમાનામાં ન થયો હતો[6]. જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મારા પર છવાયેલો અજંપો જોયો તો મારા સીના પર દસ્તે અક઼દસ માર્યો જેનાથી હું પસીનાથી નીચોવાઈ ગયો અને ડરથી હું એવો થઈ*

فَرَدَّ إِلَيَّ الثَّانِيَةَ اقْرَأْهُ عَلَى حَرْفَيْنِ فَرَدَّدْتُ إِلَيْهِ أَنْ هَوِّنْ عَلَى أُمَّتِي فَرَدَّ إِلَيَّ الثَّالِثَةِ اقْرَأْهُ عَلَى سَبْعَةِ أَحْرُفٍ وَلَكَ بِكُلِّ رَدَّةٍ رَدَدْتُكَهَا مَسْأَلَةٌ تَسْأَلُنِيهَا فَقُلْتُ اللَّهُمَّ اغْفِرْ لِأُمَّتِي اللَّهُمَّ اغْفِرْ لِأُمَّتِي وَأَخَّرْتُ الثَّالِثَةَ لِيَوْمٍ يَرْغَبُ إِلَيَّ الْخَلْقُ كُلُّهُمْ حَتَّى إِبْرَاهِيم صلى الله عَلَيْهِ وَسلم» . رَوَاهُ مُسلم

*ગયો જાણે રબને જોઈ રહ્યો છું[૭] મને ફર્માવ્યું, હે ઉબય ! કુર્આન મારા પર એક કિ઼રાઅતમાં મોકલવામાં આવ્યું હતું. મેં રબની બારગાહમાં રુજૂઅ કર્યું કે ઈલાહી ! મારી ઉમ્મત પર આસાની કર ! રબે મને બીજીવાર જવાબ આપ્યો કે બે કિ઼રાઅતો પર પઢી શકો છો. પછી મેં રબની તરફ રુજૂઅ કર્યું કે મારી ઉમ્મત પર આસાની ફર્માવ. રબે ત્રીજીવાર જવાબ આપ્યો કે સાત કિ઼રાઅતો પર તિલાવત કરી શકો છો[૮] અને હે મહબૂબ ! તમને દરેક વખતની અર્ઝના બદલામાં એક ખાસ દુઆ બખ્શીએ છીએ જે તમો અમારાથી માગી લેજો[૯] મેં અર્ઝ કરી, ઈલાહી ! મારી ઉમ્મત બખ્શી દે ! ઈલાહી મારી ઉમ્મત બખ્શી દે[૧૦]. અને મેં ત્રીજી દુઆ એ દિવસના માટે બચાવી રાખી છે જ્યારે સર્વ મખ્લૂક઼ ત્યાં સુધી કે ઈબ્રાહીમ عليه السلام પણ મારા દમ પર શફાઅત લઈને આવશે." (મુસ્લિમ)*

**૧.** લગભગ એ કિ઼રાઅત નમાઝથી ખારિજ હશે, એટલે તેમણે નમાઝથી ફારિગ થઈને કુર્આને કરીમની તિલાવત કરી. એ તિલાવતમાં આ બનાવ બન્યો. ઈન્કારનું કારણ એ બન્યું કે હઝરત ઉબયે હુઝૂર ﷺથી અન્ય તરીક઼ાથી તિલાવત શીખી હતી અને આ બીજી રીતે હતી. તેમના ઈલ્મમાં એ વાત ન હતી કે કુર્આનની તિલાવત વિવિધ તરીક઼ાઓથી દુરુસ્ત છે. અહીં ઈન્કારથી મુરાદ દિલી ઈન્કાર છે, એટલે કે મેં દિલમાં એમના પર વાંધો ઉઠાવ્યો.

**૨.** એટલે કે તે બીજા સાહબની તિલાવત પણ મારી તિલાવતથી અલગ હતી, અને એ પહેલા શખ્સની કિ઼રાઅતથી પણ વિરુદ્ધ હતી, જેનાથી મારું આશ્ચર્ય તથા ઈન્કાર ઔર વધી ગયો.

**૩.** મિર્કાતે ફર્માવ્યું, લગભગ એ ચાશ્તની નમાઝ હતી જે આગળ પાછળ એ બુઝુર્ગોએ પઢી. મસ્જિદે નબવીમાં તે સૌ ભેગા થઈ ગયા. ફર્ઝ નમાઝ હોત તો એક સાથે જમાઅતથી પઢવામાં આવત. જેથી હદીષ બિલ્કુલ જાહેર છે. નમાઝ પછી એ હઝરાત હુઝૂર ﷺના કોઈ હુજરામાં હાજર થયા જ્યાં એ વખતે હુઝૂર ﷺ જલ્વાગર હતા.

**૪.** એ જ કિ઼રાઅતો કરી જે મેં એ બંનેથી સાંભળી હતી. હુઝૂરે અન્વર ﷺએ બંનેની એ વિવિધ કિ઼રાઅતોને સહીહ કહી કે તમે પણ બરાબર પઢી અને તમે પણ.

**૫.** જાહેર એ છે કે سقط મઅરૂફ છે, એટલા માટે એના આ અર્થ કરવામાં આવ્યા. અને તઝકીબથી મુરાદ તેના કલામે ઈલાહી હોવાનો ઈન્કાર કે જો આ કલામે રબ્બાની હોત તો એક જ પ્રકારે હોતું, વધારે પ્રકારથી કેવી રીતે ! યાદ રાખશો કે **વિના અખ્ત્યારે બુરા વિચારો આવે તેને વસવસો કહે છે. એના પર ન અઝાબ છે ન સજા.** વસવસો જ હતો એટલા માટે હઝરત ઉબય પર ન કુફ્રનો ફત્વો લાગી શકે છે ન ફિસ્ક઼નો ફત્વો. એટલા માટે

ﷺ ફર્માવ્યું. એટલે ગૈર ઈખ્તિયારી રીતે દિલમાં બદ્ગુમાની જેવું પેદા થયું.

**૬.** એટલે આજનો આ ઈન્કાર ગૈર ઈખ્તિયારી એટલો મજબૂત હતો કે એનાથી પહેલાં કુફ્રની હાલતમાં આ પ્રકારનો આટલો સખત ઈન્કાર મારા દિલમાં આવ્યો ન હતો. યાદ રાખશો કે આ ઈન્કારને આટલો સખત કહેવું એટલા માટે છે કે પહેલાં તો એ મુસલમાન હતા જ નહીં જેથી એ વખતે ઈન્કાર કરવો એટલો મોટો જુર્મ ન હતો. હવે મુસલમાન બની ચૂક્યા હતા અને મુસલમાન થઈને ઈન્કાર મહાન જુર્મ છે. ખુલાસો એ કે આટલો ખતરનાક ઈન્કાર કુફ્રના જમાનામાં મારા દિલમાં આવ્યો ન હતો. આ ઈન્કારને ખતરનાક જાણવું એ ઈમાનના કમાલની દલીલ છે, અને આ શર્મિંદગી બેહતરીન ઈબાદત છે. શક્ય છે કે ગુપ્ત હોય અને ﷺની તઅલિયા એટલે આ ગૈર ઈખ્તિયારી તકઝીબ (ગૈર ઈખ્તિયારી ઈન્કાર)ના કારણે મને એટલી શર્મિંદગી થઈ અને મારા દિલમાં એવી શર્મિંદગી ઉભી થઈ કે એવી શર્મિંદગી એનાથી પહેલાં કદી થઈ ન હતી, ન કુફ્રમાં ન ઈસ્લામમાં. આ સ્થિતિમાં સર્વ બિલ્કુલ સ્પષ્ટ છે.

**૭.** આ બનાવમાં હુઝૂરે અન્વર ﷺના ત્રણ મો'જિઝા જાહેર થયા : **એક** એ કે હઝરત ઉબય رضی اللہ عنہની શર્મિંદગી માલૂમ કરી લીધી. **બીજો** એ કે દસ્તે અક્દસ રાખીને તે ઈન્કાર તથા શર્મિંદગીને ખત્મ કરી આપી. **ત્રીજો** હઝરત ઉબ્ય ઈબ્ને કઅબને એહસાનના આ'લા દરજા પર પહોંચાડી આપ્યા કે હઝરત ઉબયને એ મહેસૂસ થવા લાગ્યું કે હું રબને જોઈ રહ્યો છું. એ વખતે જે ફયૂઝાન થયો હશે તે અવર્ણનીય છે. હઝરત ઉબયને પરસેવો વળી જવો ફયઝની શક્તિના કારણે હતો. હુઝૂરે અન્વર ﷺને ઠંડીની ઋતુઓમાં વહી નાઝિલ થવા પર પરસેવો આવી જતો હતો. અમુક મશાઈખ પોતાના મુરીદોને તેમના સીના પર હાથ મારીને ફયૂઝ આપે છે. તેમનો માખઝ આ હદીષ છે.

**૮.** સરકારે આલી ﷺનું એ ઈર્શાદ ફર્માવવું જનાની (દિલી) સંતોષ અતા કર્યા બાદ શાબ્દિક (જબાની) કરીતે સંતોષ આપવું છે. હઝરત ઉબયને ઈત્મિનાન તો પહેલેથી જ થઈ ચૂક્યું હતું પણ તે બયાનમાં ન આવી શક્તું હતું પણ હવે બોલી વડે ઈર્શાદ ફર્માવ્યો જેની તબ્લીગ પણ થઈ શકે છે. જાણે પહેલાં તરીકત શીખવાડી પછી શરીઅત બતાવી.

**૯.** એટલે હે મહબૂબ ! અમે તો પહેલેથી જ જાણતા હતા કે કુર્આને કરીમની કિરાઅત સાત હશે, પણ અમારી મન્શા (ઈચ્છા)એ હતી કે એ આસાની તમારી તલબ પર આપીએ જેથી અમારી આ નેઅમત ઉમ્મતને તમારા તુફૈલથી મળે. જેવી રીતે પચાસ નમાઝોની પાંચ રહી, હઝરત મૂસા علیہ السلامની અરજ અને તમારી કોશિશથી. અમને તમારો અરઝો મઅરૂઝ (વિનવણી) એટલી પ્યારી માલૂમ થઈ કે અમે તમને દરેક અરજ પર એક ખાસ ઈનામ બખ્શીએ છીએ કે તમે ત્રણવાર અરજ કરી તો અમે તમને ત્રણ ખાસ દુઆઓ આપીએ છીએ કે જે માગો તે પામો.

**૧૦.** આ રહમતવાળા દાતા પર કુર્બાન ! તેની તેના દૈનના સદકાથી એ વખતે હુઝૂર પોતાના તથા પોતાની ઔલાદના માટે જે ચાહતા તે માગી લેતા પણ ઉમ્મતને યાદ કરી. યાદ રાખશો કે પહેલી બખ્શિશથી કબીરા ગુનાહોની બખ્શિશ મુરાદ છે અને બીજી બખ્શિશથી સગીરા ગુનાહોની મગફિરતનો હેતુ છે. એટલે કે ઈલાહી ! મારી ઉમ્મતના નાના મોટા સર્વ ગુનાહો બખ્શી આપ. કેમ કે આ બખ્શિશ કેવળ મુજરિમ મુસલમાનો માટે જ હોઈ શકે છે એટલા માટે પોતાની ઉમ્મતનો ઉલ્લેખ કર્યો.

**૧૧.** એટલે કે ત્રીજી દુઆ કયામતના માટે રહેવા દીધી છે. આ દુઆનો ફાયદો કાફિરો, મુસલમાન, ગુનેહગાર, નેકોકાર, અંબિયાએ કિરામ, અવલિયાએ એઝામ સૌ જ ઉઠાવશે કે એ દુઆથી હુઝૂરે અન્વર ﷺ શફાઅતે કુબ્રાનો

દરવાજો ખોલશે. તેની બરકતથી કાફિરને હશ્રના મેદાનથી નજાત, અમ ગુનેહગારોને દોઝખથી નજાત, નેકોકારોને દરજાતની બુલંદી મયસ્સર થશે અને સૌના માટે હાજતો અર્ઝ કરવાના દરવાજા ખુલી જશે અને હુઝૂરે અન્વર ﷺના નામની ધૂમ મચી જશે. (શેઅર)

*ગિરતે હુઓં કો મુઝદા સજદામેં ગિરે મૌલા–રો રો કે શફાઅત કી તમ્હીદ ઉઠાઈ હૈ*

الهم صلی وسلم وبارک علی سیدنا محمد و اله وصحبه و سلم

★ હદીષ : (૪)-૨૨૧૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَقْرَأَنِي جِبْرِيل على حرف فَرَاجعه فَلم أزل استزيده ويزيدني حَتَّى انْتهى إِلَى سَبْعَةِ أَحْرُفٍ» . قَالَ ابْنُ شِهَابٍ: بَلَغَنِي أَنَّ تِلْكَ السَّبْعَةَ الْأَحْرُفَ إِنَّمَا هِيَ فِي الْأَمْرِ تَكُونُ وَاحِدًا لَا تَخْتَلِفُ فِي حَلَالٍ وَلَا حرَام

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મને જિબ્રઈલે એક ક઼િરાઅત પર કુર્આન પેશ કર્યું હતું પણ મેં તેમને પરત મોકલ્યા. હું રબથી અધિક માગતો રહ્યો. રબ મને અધિક આપતો રહ્યો, ત્યાં સુધી કે સાત ક઼િરાઅતો સુધી પહોંચી ગયો[૧]. ઈબ્ને શિહાબ ફર્માવે છે, મને ખબર મળી છે કે આ સાત ક઼િરાઅતો હક઼ીક઼તમાં એક જ છે જે હરામ તથા હરામમાં વિવિધ નથી[૨]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે પ્રથમ એક ક઼િરાઅત તો રબ તઆલાની તરફથી મારી તલબ વિના મળી, બાકીની છ ક઼િરાઅતો મારી તલબ પર અર્પણ થઈ. આ કુર્આની આયતો બલ્કે ઈસ્લામી અહકામનો હાલ છે કે અમુક તો ખુદ રબ તઆલાએ અતા કરી અને અમુક હુઝૂરે અન્વર ﷺની તલબ તથા ખ્વાહિશ પર આપવામાં આવી. રબ તઆલા ફર્માવે છે قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ (અમે જોઈ રહ્યા છીએ) વારંવાર તમારું આસ્માનની તરફ જોવું. –સૂરએ બક઼રહ, ૨/૧૪૪) જાણવા મળ્યું કે ક઼િબ્લાની તબદીલીનો હુકમ અને તેની આયત હુઝૂરે અન્વર ﷺની ખ્વાહિશની બિના પર છે. આ ખ્વાહિશમાં હુઝૂર ﷺની મહબૂબિયતનો ઈઝહાર (પ્રદર્શન) છે.

**૨.** ઈબ્ને શિહાબ એટલે ઈમામ ઝુહરીનો મક઼સદ એ છે કે سبعة احرفથી મુરાદ કુર્બાનીના એહકામ નથી જેમ કે અમુક લોકોએ સમજ્યું. તે બોલ્યો કે કિસ્સા, દષ્ટાંતો, અમ્ર, નેહી, હલાલ, હરામ, મોહકમ, મુતશાબિહ વગેરે મઝામિન (વિષયો) જે કુર્આનમાં આવેલાં છે, અહીં એ મુરાદ છે ? ઈમામ ઝુહરી ફર્માવે છે, નહીં એ મુરાદ નથી બલ્કે સાત ક઼િરાઅતો મુરાદ છે કે એ ક઼િરાઅતોમાં કેવળ હુરૂફની હયઅતો (સ્થિતિઓ)માં ફરક થાય છે, અર્થો તથા હુકમો વગેરેમાં ફરક નથી થતો. ઉલમાએ ઉસૂલે ફર્માવ્યું કે કુર્આનમાં મુત્લક઼ મુફીદ, આમ, ખાસ, નસ, ક઼ૌલ, નાસિખ, મન્સૂખ, મુજમલ, મુફસ્સર વગેરે છે. નહાવીઓએ કહ્યું કે એમાં ઝિક્ર, હઝફ, તક઼દીમ, તાખીર, ઈસ્તિઆરા, તકરાર, કિનાયા, હક઼ીક઼ત તથા મજાઝ વગેરે છે. સૂફીઓ ફર્માવે છે કે કુર્આનમાં ઝુહદ તથા ક઼નાઅત, યક઼ીન, હર્ફ, ખિદમત, હયા, કરમ, મુજાહિદા, મુરાકેબા, ખૌફ, ઉમ્મીદ, રઝા, શુક્ર તથા સબ્ર મહ઼બ્બત, શૌક઼, મુશાહિદા વગેરે છે. અહીં એ મુરાદ છે. પણ ઈમામ ઝુહરીનો ક઼ૌલ ક઼વી (મજબૂત) છે કે અહીં સાત ક઼િરાઅતો મુરાદ છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૫)-૨૨૧૫ ★**

عَنْ أُبَيٍّ بْنِ كَعْبٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: لَقِيَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جِبْرِيلَ فَقَالَ: " يَا جِبْرِيلُ إِنِّي بُعِثْتُ إِلَى أُمَّةٍ أُمِّيِّينَ مِنْهُمُ الْعَجُوزُ وَالشَّيْخُ الْكَبِيرُ وَالْغُلَامُ وَالْجَارِيَةُ وَالرَّجُلُ الَّذِي لَمْ يَقْرَأْ كِتَابًا قَطُّ قَالَ: يَا مُحَمَّد إِن الْقُرْآن أونزل عَلَى سَبْعَةِ أَحْرُفٍ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَفِي رِوَايَةٍ لِأَحْمَدَ وَأَبِي دَاوُدَ: قَالَ: «لَيْسَ مِنْهَا إِلَّا شَافٍ كَافٍ» . وَفِي رِوَايَةٍ لِلنَّسَائِيِّ قَالَ: " إِنَّ جِبْرِيلَ وَمِيكَائِيلَ أَتَيَانِي فَقَعَدَ جِبْرِيلُ عَنْ يَمِينِي وَمِيكَائِيلُ عَنْ يَسَارِي فَقَالَ جِبْرِيلُ: اقْرَأِ الْقُرْآنَ عَلَى حَرْفٍ قَالَ مِيكَائِيلُ: اسْتَزِدْهُ حَتَّى بَلَغَ سَبْعَةَ أحرف فَكل حرف شاف كَاف "

*'હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ સાથે જિબ્રઈલ علیہ السلام એ મુલાકાત કરી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! હું ન પઢેલી જમાઅત તરફ મોકલવામાં આવેલો છું. જેમનામાં વૃદ્ધ સ્ત્રીઓ, વૃદ્ધ વડીલો, બાળકો, બાળકીઓ અને એ લોકો પણ જેમણે કદી કોઈ કિતાબ પઢી હોય[1] તેમણે અર્ઝ કરી, હે મુહમ્મદ ! ﷺ આ કુર્આન સાત કિ઼રાઅતો પર ઉતારવામાં આવેલ છે[2]. (તિર્મિઝી) અને અહમદ તથા અબૂ દાઊદની રિવાયતોમાં આ પ્રમાણે છે કે, એ કિ઼રાઅતોમાંથી દરેક કિ઼રાઅત શાફી કા઼ફી (સાફ તથા પૂરતી) છે[3] અને નિસાઈની રિવાયતમાં છે કે ફર્માવ્યું હુઝૂરે અન્વર ﷺ એ કે, જિબ્રઈલ તથા મીકાઈલ મારી પાસે આવ્યા. જિબ્રઈલ તો મારી જમણી બાજુ બેસી ગયા અને મીકાઈલ મારી ડાબી બાજુ[4] જિબ્રઈલ બોલ્યા, કુર્આન એક તિલાવત પર કિ઼રાઅત કરો. હઝરત મીકાઈલે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અધિક્તાની માગણી કરો[5] ત્યાં સુધી કે સાત કિ઼રાઅતો સુધી પહોંચી ગયા. દરેક કિ઼રાઅત શાફી કાફી છે[6]."*

**૧.** ખુલાસો એ છે કે કુર્આને કરીમ કયામત સુધીના લોકોના માટે આવ્યુ અને એમાં સૌ લાયક તથા પાત્ર જ ન હશે બલ્કે દરેક પ્રકારના લોકો હશે. તો જો એની કિ઼રાઅત જો કેવળ એક જ રહી તો ઘણા લોકોને મુશ્કેલી થશે કે અમુક લોકોની ઝબાન પર ઈમાલા આસાન હોય છે. અમુકની ઝબાન પર તફહીમ સરળ હોય છે. એટલા માટે એમાં નરમી હોવી જોઈએ. જિબ્રઈલે અમીનને આવું ફર્માવવું હકી઼કતમાં રબ તઆલાથી અર્ઝ કર્યું, કેમ કે હઝરત જિબ્રઈલ રબ તથા મહબૂબની વચ્ચે વસીલો છે. જેમ કે આપણે હુઝૂર ﷺને આપણુ દર્દ કહેવું હકી઼કતમાં હક્ક તઆલાથી અર્ઝ કરવું છે. જાણવા મળ્યું કે રબના મક઼બૂલ બંદાઓથી અર્ઝ રજૂઆત કરવી એ હકી઼કતમાં રબ તઆલાને જ કહેવું છે. બની ઈસ્રાઈલને જે કાંઈ રબથી કહેવાનું હોતું એ મૂસા علیہ السلامને જ અર્ઝ કરતા હતા. આ વસીલાની સાબિતી થઈ.

**૨.** એટલે કુર્આન સાત તરીકા઼ઓમાં નાઝિલ થયું. જેને જે લુગત (શબ્દકોશ) આસાન હોય તેમાં કિ઼રાઅત કરી લે. તેની વિસ્તારપૂર્વક શરહ પહેલાં થઈ ચૂકી છે.

**૩.** એટલે કે આ સાત કિ઼રાઅતોમાંથી જે કિ઼રાઅત પઢી લેવામાં આવે તો મો'મિનના શિફાનો સબબ છે. અને નબી કરીમ ﷺની નબુવ્વત પર પૂરતી દલીલ છે. અથવા દુનિયામાં શાફી છે, આખેરતમાં સવાબના માટે પૂરતી

છે. દરેક કિ઼રાઅતનો સવાબ એક સરખો છે, કેમ કે કેવળ શબ્દો તથા અદાના તરીક઼ામાં કાંઈક ફરક છે. અર્થો એક સમાન છે.

**૪.** سبحان الله! ફરિશ્તા નૂરાની અને હુઝૂરે અન્વર ﷺ નૂર. નૂરોએ નૂરને ઘેરી લીધું અને મજમો નૂરુન અલા નૂર થઈ ગયો. વહી હઝરત જિબ્રઈલ લાવ્યા અને હઝરત મીકાઈલ કેવળ ક઼દમબોસી માટે હાજર થયા. હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં વિવિધ ફરિશ્તા વિવિધ હેતુઓ લઈને હાજરી આપતા હતા. કોઈ વહી આપવા કોઈ ફયઝ પામવા.

**૫.** જિબ્રઈલે અમીનથી અને તે અર્ઝ કરે રબ્બુલ આલમીનથી, જેથી આપની ઉમ્મતને એ ફયઝ અને એ આસાની હુઝૂરે અન્વર ﷺના વસીલાથી અને ફરિશ્તાઓના ઝરીયાથી મયસ્સર થઈ. યાદ રાખશો કે હઝરત જિબ્રઈલ علیہ السلامનું અર્ઝ કરવું કે એક કિ઼રાઅત પર તિલાવતે કુર્આન કરો, એ રબ તઆલાની તરફથી હતું અને હઝરત મીકાઈલની આ અરજ પણ હકી઼ક઼તમાં રબ તઆલા તરફથી જ છે એ અરજ એમના દિલમાં નાખી દીધી. એની હિકમતો અમે હમણા કાંઈક આગળ વર્ણવી ચૂક્યા છીએ.

**૬.** એ રીતે કે હુઝૂરે અન્વર ﷺના ફર્માન પર જિબ્રઈલે અમીન બારગાહે રબ્બુલ આલમીનમાં હાજર થયા અને બે કિ઼રાઅતોની ઈજાઝત લાવ્યા. પછી બીજીવાર ફર્માને આલી પામીને ફરી ત્યાં પહોંચ્યા અને ત્રણ કિ઼રાઅતોની ઈજાઝત લાવ્યા. સારાંશ કે મોહિબ્બ તથા મહબૂબની વચ્ચે સાત ચક્કર માર્યા. જેવી રીતે હુઝૂર ﷺએ શબે મેઅરાજમાં નમાઝ કમ કરાવવા માટે હઝરત કલીમ તથા બારગાહે રબ્બુલ આલમીનની વચ્ચે દસ વાર ચક્કર કાપ્યા હતા. આ મન્ઝર પણ અજીબ હોય છે.

**★ હદીષ : (૬)-૨૨૧૬ ★**

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّهُ مَرَّ عَلَى قَاصٍّ يَقْرَأُ ثُمَّ يَسْأَلُ. فَاسْتَرْجَعَ ثُمَّ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ قَرَأَ الْقُرْآنَ فليسأل الله بِهِ فَإِنَّهُ سَيَجِيءُ أَقوام يقرؤون الْقُرْآنَ يَسْأَلُونَ بِهِ النَّاسَ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ

*''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہما થી રિવાયત છે કે તે એક કિ઼સ્સા કહેનાર પાસેથી પસાર થયા જે કુર્આન પઢતો અને લોકોથી માગતો હતો[૧] આપે اِنَّا لِلّٰه પઢી પછી ફર્માવ્યું[૨] મેં રસૂલુલ્લાહ ﷺને કહેતાં સાંભળ્યું કે જે કુર્આન પઢે તે એના થકી કેવળ અલ્લાહથી માગે. નજીકમાં જ એવી ક઼ૌમો થશે જે કુર્આન પઢશે અને તેના ઝરીયાથી લોકોથી માગશે. (અહમદ, તિર્મિઝી)[૩].''*

**૧.** મુહદ્દિષોની ઈસ્તેલાહ (બોલી)માં قاصّ ધંધાદારી મુક઼ર્રિર (વાઈઝ)ને કહે છે જે પોતાની તક઼રીરમાં શરઈ હુકમો ન વર્ણવે. કેવળ શેઅર અશ્આર, કિ઼સ્સા કહાનીઓ સંભળાવીને લોકોને ખુશ કરવાની કોશિશ કરે, ભલે કુર્આન શરીફના જ કિ઼સ્સા સંભળાવે પણ હુકમોથી ખાલી હોય. જેમ કે આજકાલના આમ બેઈલ્મ વાઈઝો, એઓ સૌ قاص (ક઼ાશ) છે, વાઈઝ નથી. કેમ કે વાઈઝ તો નસીહત કરનારાઓને કહે છે. તે નસીહત નથી કરતો કેવળ પૈસા માગે છે. હાજતમંદ કોઈને નસીહત નથી કરી શકતો.

**૨.** આ ગુનાહ તથા બિદઅત તથા ક઼યામતની નિશાનીને જોઈને આપને સખત સદમો થયો તો રંજ પ્રદર્શિત કરવા માટે اِنَّا لِلّٰه પઢયું.

**૩.** ક્યાં તો એ રીતે કે તિલાવત દરમ્યાન જ્યારે રહ્મતની આયત પર પસાર થાય તો તેને હાંસલ થવાની દુઆ માગી લે અને જ્યારે અઝાબની આયત તિલાવત કરે તો તેનાથી પનાહ માગી લે. અથવા એ રીતે કે તિલાવતથી ફારિગ થઈને દુઆ માગી છે. જાણવા મળ્યું કે તિલાવતથી ફરાગત પર ખાસ કરીને ખત્મે કુર્આનના મોક઼ા પર દુઆ જરૂર માગવામાં આવે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૭)-૨૨૧૭ ★**

عَن بُرَيْدَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَرَأَ الْقُرْآنَ يَتَأَكَّلُ بِهِ النَّاسَ جَاءَ يَوْمَ الْقِيَامَةِ وَوَجْهُهُ عظم لَيْسَ عَلَيْهِ لحم» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

*''હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે કુર્આન પઢે તેના થકી લોકોથી ખાય[1] તે ક઼યામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેના મોંમાં હાડકાં હશે[2] ગોશ્ત ન હશે[3].''*
*(બયહકી, શોઅબુલ ઈમાન)*

**૧.** જેમ કે આજકાલ જોવામાં આવી રહ્યું છે કે અમુક ભીખારી મસ્જિદોમાં બલ્કે ગલી કૂચાઓમાં તિલાવત કરતા ફરે છે અને હાથ ફેલાવેલા હોય છે. આ હરામ છે, કેમ કે એમાં કુર્આનની તૌહીન છે. યાદ રાખશો કે તલબાથી ખત્મે કુર્આન કરાવીને તેમની દા'વત પણ કરવામાં આવે છે અને કાંઈક રોકડ પણ આપવામાં આવે છે. અથવા ઉલમાએ દીનથી જલસાઓમાં વઅઝ કરાવીને ભાડા પેટે કે નઝરાણા રૂપે આપવામાં આવે છે, આ સર્વ બાબતો આ હુકમથી બહાર છે. કેમ કે ત્યાં ખત્મ તથા વઅઝ ફી સબીલિલ્લાહ છે અને તેમની ખિદમત ફી સબીલિલ્લાહ છે. જેવી રીતે દીની મુદર્રિસોના પગારો અથવા ઈસ્લામી ખલીફાઓને ભારે ભારે વઝીફાઓ, તેમજ દમ તથા તા'વીઝની ઉઝરત (વળતર) પણ આ હુકમથી બહાર છે. કેમ કે એ ઈલાજની છે ન કે તિલાવતે કુર્આનની. ખુલફાએ રાશિદીને ખિલાફત પર પગાર લીધા અને સહાબીઓએ સૂરએ ફાતિહા પઢીને પર દમ કર્યો અને મજૂરી પેટે ત્રીસ બકરીઓ લીધી જેનો ગોશ્ત હુઝૂરે અન્વર ﷺ એ પણ ખાધો. જેવું કે આ જ મિશ્કાત શરીફની કિતાબુલ ઈજારામાં ઈન્ શા અલ્લાહ આવશે.

**૨.** એ રીતે કે ભીખારી થોડાક કોળિયા હાંસલ કરવા માટે દરવાજા પર અવાજ આપવાને બદલે કુર્આને કરીમ પઢે કે જેથી લોકો કાંઈક આપી દે, આને કુર્આન પઢનારાઓની મજૂરી તથા મુદર્રિસો તેમજ ઉલમાના પગારો સાથે કોઈ સંબંધ નથી જેવું રોશન હદીષથી જાહેર છે.

**૩.** એટલે કે એમના ચહેરાઓ પર ઝિલ્લત તથા ખુવારી છવાયેલી હશે, જેમ કે આજે પણ અમુક લોકોને જોતાં જ માલૂમ પડી જાય કે આ ફક઼ીર ભીખારી છે. **યાદ રાખશો કે ઉમ્મતે મુહમ્મદિયાના છુપા અયબો અલ્લાહ તઆલા પણ છુપાવશે.** શાને સત્તારીની જલ્વાગરી થશે. પણ **જે અયબો ખુદ એ લોકોએ જ એલાનિયા કર્યા હોય તો ત્યાં પણ એલાનિયા તૌર પર જાહેર થશે.** જેથી આ હદીષ પર એ વાંધો નથી કે એ ભીખારી તો ઉમ્મતે મુસ્તફવીમાંથી હતો પછી એનું એ અયબ કેમ જાહેર કરવામાં આવ્યું ? કેમ કે એની જાહેરાત તો ખુદ એ પોતે જ કરી ચૂક્યો છે. રબ તઆલા કોઈનો પર્દો ફાશ (ઓપન) નહીં કરે.

**★ હદીષ : (૮)-૨૨૧૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَعْرِفُ فَصْلَ السُّورَةِ حَتَّى يَنْزِلَ عَلَيْهِ بِسْمِ اللَّهِ الرَّحْمَنِ الرَّحِيمِ. رَوَاهُ أَبُو دَاوُد

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ સૂરતોમાં અંતર (ફાસલો) ન પહેચાનતા હતા, ત્યાં સુધી કે આપ પર بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ઉતરી હતી[૧]." (અબૂ દાઊદ)*

**૧.** આ હદીષ મઝહબે હનફીની મજબૂત દલીલ છે કે بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ દરેક સૂરતનો ભાગ નથી, બલ્કે સૂરતો વચ્ચે ફાસલાના માટે નાઝિલ કરવામાં આવી છે. એટલા માટે ઈમામ, જહરી (મોટા અવાજે કિરાઅતવાળી) નમાઝોમાં بِسۡمِ اللّٰهِ મોટા અવાજે નથી પઢતા અને જ્યારે હુઝૂરે અન્વર ﷺ પર સૌથી પહેલી સૂરત એટલે اقرأ باسم ربک ઉતરી તો بِسۡمِ اللّٰهِ ન ઉતરી કે એ નુઝૂલ (ઉતરાણ)માં પ્રથમ સૂરત હતી. અહીં ફાસલો કરવાની જરૂરત ન હતી. અને એટલા માટે بِسۡمِ اللّٰهِ બીજી આયતો સાથે મિલાવીને નથી લખવામાં આવતી બલ્કે અલગ લીટીમાં લખવામાં આવે છે. અને એટલા માટે સૂરએ તૌબામાં بِسۡمِ اللّٰهِ નથી લખવામાં આવી કેમ કે ત્યાં بِسۡمِ اللّٰهِ ની જગા માલૂમ ન થઈ શકી. સૂરએ તૌબાનું અલગ સૂરત હોવું શંકાસ્પદ હતું એટલા માટે ત્યાં સૂરતનું નામ તો લખી દેવામાં આવ્યું પણ بِسۡمِ اللّٰهِ ન લખવામાં આવી. અમુક ઉલમાએ ફર્માવ્યું કે રહમતની આયત છે અને સૂરએ તૌબા અઝાબ તથા કહરની sGFZFHULGLf ; ZT K[V B, FDFB[SCZGL; ZTDFZCDTGLV FT I M] GYLP *(મિર્કાત, લમ્આત મઅ ઈઝાફા)*

**★ હદીષ : (૯)-૨૨૧૯ ★**

وَعَنْ عَلْقَمَةَ قَالَ: كُنَّا بِحِمْصَ فَقَرَأَ ابْنُ مَسْعُودٍ سُورَةَ يُوسُفَ فَقَالَ رَجُلٌ: مَا هَكَذَا أُنْزِلَتْ. فَقَالَ عَبْدُ اللَّهِ: وَاللَّهِ لَقَرَأْتُهَا عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَحْسَنْتَ» فَبَيْنَا هُوَ يُكَلِّمُهُ إِذْ وَجَدَ مِنْهُ رِيحَ الْخَمْرِ فَقَالَ: أَتَشْرَبُ الْخَمْرَ وَتُكَذِّبُ بِالْكِتَابِ؟ فَضَرَبَهُ الْحَد

*"હઝરત અલ્કમા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે હમ્સમાં હતા. હઝરત ઈબ્ને મસ્ઊદે સૂરએ યૂસુફ પઢી તો એક શખ્સ બોલ્યો, એ આ પ્રમાણે નથી ઉતરી. હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું, અલ્લાહની કસમ ! મેં આ સૂરત રસૂલુલ્લાહ ﷺના જમાના પાકમાં પઢી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, બરાબર પઢી[૧]. જ્યારે તે શખ્સ વાતો કરી રહ્યો હતો તો એના મોંએથી શરાબની ગંધ મહેસૂસ કરી તો અબ્દુલ્લાહે ફર્માવ્યું, તું શરાબ પીએ છે અને કુર્આનને જૂઠલાવે છે ! પછી તેને હદ (શિક્ષા) લગાડી[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે તું તો કહે છે કે સૂરએ યૂસુફ આ પ્રમાણે નાઝિલ થઈ અને ખુદ સાહિબે કુર્આન ﷺએ મારી આ જ સૂરત સાંભળી અને સમર્થન તથા દાદ આપી હતી. આપે એવું ઘમંડમાં ન કહ્યું હતું બલ્કે નેઅમતે ઈલાહીના ઈઝહાર માટે ફર્માવ્યું.

**૨.** એંસી કોરડા શરાબ પીવાની સજા, એનાથી અમુક મસ્અલા સાબિત થયા : એક એ કે શરાબની ગંધ મોંઢાથી પામવામાં આવે તો તેનાથી શરાબ પીવાની સાબિત થઈ જશે. મુજરિમ સ્વીકાર કરે કે ન કરે, ગવાહી કાયમ થાય કે ન થાય. પણ શર્ત એ છે કે ગંધ યકીનન ! શરાબની જ હોય, ખાટાં સફજન કે બિહી (સફરજન જેવા ફળ)ની ન હોય. આ જ અહનાફ (હનફીઓ)નો મઝહબ છે. બીજુ એ કે શરાબની ગંધ પામવા પર અથવા શરાબની ઉલ્ટી કરવા પાર

''હદ્દે શરાબ'' એટલે ''શરાબ પાનની સજા'' આપી શકાય છે. ત્રીજુ એ કે નશાવાળાનો ઈર્તેદાદ (દીનથી ફરી જવું) વિશ્વસનીય નથી કેમ કે તે પોતાના હોશમાં નથી હોતો. જુઓ કુર્આન શરીફનો અથવા તેની મુતવાતિર કિ઼રાઅત એટલે અદના તરીક઼ાનો ઈન્કાર કુફ્ર છે, પણ ઈબ્ને મસઊદે તેને મુર્તદ ન ઠરાવ્યો, બલ્કે શરાબી ઠરાવી દીધો. નહીં તો આપ તેને ક્યાં તો ક઼ત્લ કરાવતા અથવા તજદીદે ઈમાન તથા તજદીદે નિકાહ (તૌબા કરીને નવેસર કલમો પઢવાનો તથા નવેસરથી નિકાહ દોહરાવવા)નો હુકમ આપતા. એકવાર હઝરત હમ્ઝાએ નશાની હાલતમાં હુઝૂરે અન્વર ﷺ તથા અન્ય સહાબાને કહી દીધું હતું : هل انتم الا عبيد لابي આ વાતચીત કુફ્ર હતી, પણ તેમને કાફિર ન કહેવામાં આવ્યો. ફક઼ીહો ફર્માવે છે કે જો મૈયતથી સકરાતની હાલતમાં કુફ્રી વાત સાંભળવામાં આવે તો તેને કાફિર માનવામાં નહીં આવશે. તેની જનાઝાની નમાઝ પઢવામાં આવશે તથા દફન કરવામાં આવશે. કેમ કે એ વખતે હોશ ઠેકાણે નથી હોતા જેથી બેહોશીમાં કહી રહ્યો છે. અમુક સૂફીઓ થકી સુકર (બેખુદી)ની હાલતમાં કુફ્રી કલમો સાબિત છે. જેમ કે انا الحق (અનલ હક઼્ક઼) અથવા سبحانی ما اعظم شانی. તેઓ મઅઝૂર છે કેમ કે મદહોશ છે. ઊંઘનો પણ એ જ હાલ (હુકમ) છે.

**★ હદીષ : (૧૦)-૨૨૨૦ ★**

وَعَنْ زَيْدِ بْنِ ثَابِتٍ قَالَ: أَرْسَلَ إِلَيَّ أَبُو بَكْرٍ رَضِيَ اللَّهُ عَنْهُ مَقْتَلَ أَهْلِ الْيَمَامَةِ. فَإِذَا عُمَرُ بْنُ الْخَطَّابِ عِنْدَهُ. قَالَ أَبُو بَكْرٍ إِنَّ عُمَرَ أَتَانِي فَقَالَ إِنَّ الْقَتْلَ قَدِ اسْتَحَرَّ يَوْمَ الْيَمَامَةِ بِقُرَّاءِ الْقُرْآنِ وَإِنِّي أَخْشَى أَنِ اسْتَحَرَّ الْقَتْلُ بِالْقُرَّاءِ بِالْمَوَاطِنِ فَيَذْهَبُ كَثِيرٌ مِنَ الْقُرْآنِ وَإِنِّي أَرَى أَنْ تَأْمُرَ بِجَمْعِ الْقُرْآنِ قُلْتُ لِعُمَرَ كَيْفَ تَفْعَلُ شَيْئًا لَمْ يَفْعَلْهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ فَقَالَ عُمَرُ هَذَا وَاللَّهِ خَيْرٌ فلم يزل عمر يراجعني فِيهِ حَتَّى شرح الله صَدْرِي لِذَلِكَ وَرَأَيْت الَّذِي رَأَى عُمَرُ قَالَ زَيْدٌ قَالَ أَبُو بَكْرٍ إِنَّكَ رَجُلٌ شَابٌّ عَاقِلٌ لَا نَتَّهِمُكَ وَقَدْ كُنْتَ تَكْتُبُ الْوَحْيَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَتَتَبَّعِ الْقُرْآنَ فَاجْمَعْهُ فَوَاللَّهِ لَوْ كَلَّفُونِي نَقْلَ جَبَلٍ مِنَ الْجِبَالِ مَا كَانَ أَثْقَلَ عَلَيَّ مِمَّا أَمَرَنِي بِهِ مِنْ جمع الْقُرْآن قَالَ: قلت كَيفَ تَفْعَلُونَ شَيْئا لم يَفْعَله النَّبِيُّ صَلَّى اللَّهُ

*''હઝરત ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મને અબૂ બક્ર સિદ્દીક઼ે જંગે યમામાના મોક઼ા પર બોલાવ્યો[૧] તો હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ આપની પાસે હતા. અબૂબક્ર સિદ્દીક઼ે ફર્માવ્યું કે જનાબ ઉમર મારી પાસે આવ્યા તો બોલ્યા કે યમામાના દિવસે કુર્આનના ક઼ારી ઘણા બધા શહીદ થઈ ગયા. હું ડરું છું કે જો અધિક અમુક જગાઓમાં ક઼ારી શહીદ થતા રહ્યા તો ઘણુ બધુ કુર્આન વેડફાય જશે[૨] જેથી મારી રાય એ છે કે આપ કુર્આન ભેગુ કરવાનો હુકમ આપી દો[૩] મેં ઉમરને કહ્યું, તમે એ કામ કેવી રીતે કરી શકો જે રસૂલુલ્લાહ ﷺ એ ન કર્યું ?[૪] ફર્માવે છે કે, ત્યારે હઝરત ઉમરે કહ્યું, રબની ક઼સમ ! આ કામ સારું છે ! હઝરત ઉમર વારંવાર આવુ કહેતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહે એ કામના માટે મારો સીનો વિશાળ કરી આપ્યો[૫] અને મેં હઝરત ઉમરની રાયમાં મસ્લેહત જોઈ. હઝરત ઝયદ કહે છે કે જનાબ અબૂબક્રએ ફર્માવ્યું, તમે યુવાન છો, બુદ્ધિશાળી છો, અમને તમારા પર અવિશ્વાસ નથી[૬] અને રસૂલુલ્લાહ ﷺ ની પાસે વહી લખતા રહ્યા છો[૭] જેથી તમો જ કુર્આન તલાશ કરો અને એને એકત્ર કરી દો[૮] અલ્લાહની કસમ ! જો એ મને પહાડોમાંથી કોઈ પહાડને હટાવી દેવાનો હુકમ*

عَلَيْهِ وَسَلَّمَ. قَالَ هُوَ وَاللّٰهِ خير فلم أزل أراجعه حَتَّى شرح الله صَدْرِي للَّذي شرح الله لَهُ صدر أبي بكر وعمر. فَقُمْت فَتَتَبَّعْتُ الْقُرْآنَ أَجْمَعُهُ مِنَ الْعُسُبِ وَاللِّخَافِ وَصُدُورِ الرِّجَال حَتَّى وجدت من سُورَةَ التَّوْبَة آيَتَيْنِ مَعَ أَبِي خُزَيْمَةَ الْأَنْصَارِيِّ لَمْ أَجِدْهَا مَعَ أَحَدٍ غَيْرِهِ (لَقَدْ جَاءَكُمْ رَسُولٌ مِنْ أَنْفُسِكُمْ)حَتَّى خَاتِمَةِ بَرَاءَةَ. فَكَانَتِ الصُّحُفُ عِنْدَ أَبِي بَكْرٍ حَتَّى تَوَفَّاهُ اللّٰهُ ثُمَّ عِنْدَ عُمَرَ حَيَاته ثُمَّ عِنْد حَفْصَة. رَوَاهُ الْبُخَارِيّ

*આપતા તો એ મારા પર એટલો ભારે ન હોતો જેટલો કુર્આન જમા કરવાનો હુકમ મારા પર ભારી પડયો[૯] ફર્માવે છે, મેં કહ્યું, આપ તે કામ શા માટે કરો છો જે રસૂલુલ્લાહ ﷺ એ નથી કર્યું? હઝરત સિદ્દીકે ફર્માવ્યું, ખુદાની કસમ! આ કામ ઘણુ જ સારું છે[૧૦] પછી હઝરત સિદ્દીક વારંવાર મને એવું કહેતા રહ્યા, ત્યાં સુધી કે મારો સીનો પણ એના માટે ખોલી આપ્યો જેના માટે હઝરત સિદ્દીક તથા ફારૂકનો સીનો ખુલ્યો[૧૧]. પછી મેં કુર્આનની તલાશ શરૂ કરી કે તેને ખજૂરની ડાળીઓ, પથ્થરો અને લોકોના સીનાઓથી જમા કરવા લાગ્યો[૧૨] ત્યાં સુધી કે સૂરએ તૌબાનો અંતિમ હિસ્સો હઝરત ખુઝૈમા અન્સારીની પાસે પામ્યો. તેમના સિવાય કોઈની પાસે ન મળ્યો[૧૩] એટલે لقد جاء كم رسول થી સૂરએ બરાત ખત્મ થતા સુધી[૧૪] પછી એ વરકો હઝરત અબૂબકની પાસે રહ્યાં, ત્યાં સુધી કે રબે તેમને વફાત આપી દીધી. પછી હયાત સુધી હઝરત ઉમરની પાસે, પછી હઝરત હફ્સા બિન્તે ઉમર પાસે[૧૫]. (બુખારી)[૧૬]*

**૧.** યમામા એક લીલોતરીવાળુ શહેર છે જે મદીના મુનવ્વરાથી સોળ મંઝિલ પર આવેલુ છે. યમામા સ્ત્રીના નામ પર રાખવામાં આવેલ છે. ત્યાં કબીલા બની હનીફાના એક શખ્સ મુસૈલમાએ નબુવ્વતનો દાવો કર્યો એના પર ઘણા લોકો ઈમાન લાવ્યા. એ મુર્તદો સાથે હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ એ જેહાદ કર્યો. ઘણી જ ઘમસાણની લડાઈ થઈ. બારસો મુસલમાન શહીદ થયા જેમાં સાતસો હાફિઝ તથા કારી સહાબા પણ હતા. કુર્આને કરીમની હિફાઝત ખતરામાં પડી ગઈ. હઝરત ખાલિદ ઈબ્ને વલીદ ઈસ્લામી સિપેહસાલાર (સેનાપતિ) હતા છેવટે હઝરત વહશીએ મુસૈમાને ખત્મ કરી દીધો, એવું કહીને કે આ હઝરત હમ્ઝાના ખૂનનો કફ્ફારો છે. ખૌલા બિન્તે જઅફર હુનૈફા એ જ જંગમાં ગિરફતાર થઈને આવ્યાં જે હઝરત અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને આપવામાં આવ્યાં જેમનાથી મુહમ્મદ ઈબ્ને હુનૈફા પેદા થયા. આ જંગની ખબર કુર્આને કરીમે આ પ્રમાણે આપી : سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِیْ بَاْسٍ شَدِیْدٍ (નજીકમાં જ તમે એક સખ્ત લડાઈવાળી કૌમની તરફ બોલાવવામાં આવશો. *–સૂરએ ફતહ, ૪૮/૧૬*)

**૨.** કેમ કે હજી સુધી કુર્આને કરીમ ન તો જમા થયું છે ન તો કિતાબી સ્વરૂપમાં બાકાયદા લખવામાં આવ્યું છે, કેવળ સીનાઓમાં છે. જો એ સીના જ ખત્મ થઈ ગયા તો કુર્આન પણ ખત્મ થઈ જશે.

**૩.** હે ઉમર ફારૂક! અલ્લાહ તમને અમારા સૌના તરફથી જઝાએ ખૈર આપે, તમે જ કુર્આન જમા કરાવ્યું અને તમે જ કુર્આનની હિફાઝતનો ઝરીયો સ્થાપિત કર્યો. એટલે કે બાકાઈદા તરાવીહની જમાઅતમાં ખત્મે કુર્આન થયું. જો તરાવીહ ન હોત તો હિફ્ઝે કુર્આનનો રિવાજ પણ ખત્મ થઈ ચૂક્યો હોત. તમારા એહસાન હેઠળ મુસલમાન

કયામત સુધી દબાયેલા રહેશે. અલ્લાહ તમારી કબ્રે અન્વર નૂરથી ભરી આપે. رضی اللہ عنہ

**૪.** એટલે કે કુર્આન જમા કરવું બિદઅત છે અને દરેક બિદઅત બુરી હોય છે, જેથી આ કામ પણ બુરુ થશે. એનાથી માલૂમ થયું કે દરેક તે કામ જે હુઝૂરે અન્વર ﷺના જમાના પાકમાં ન હોય તે બિદઅત છે. એટલા માટે હઝરત ઉમર رضی اللہ عنہએ તરાવીહની બાકાઈદા જમાઅત કરીને ફર્માવ્યું : نعمت البدعة "આ ઘણી સારી બિદઅત છે." એટલે સહાબાની સુન્નત શરઈ બિદઅત છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ પોતાની (જાહેરી) હયાતના જમાનામાં કુર્આની આયતોનો ક્રમ તો આપી દીધો હતો કે દરેક આયતના નુઝૂલ પર કહી આપતા હતા કે એને ફલાણી સૂરતમાં ફલાણી આયત બાદ રાખો. આ ક્રમ લોહે મહેફૂઝના ક્રમ મુજબ હતો. પણ કુર્આન જમા ન કર્યું હતું. કેમ કે જમા શક્ય ન હતું. હયાત શરીફના અંતિમ ભાગ સુધી વિવિધ સૂરતોની વિવિધ આયતો આવતી રહી છે. કુર્આન જમા કરવાની આ સઆદત (સદ્‌ભાગ્ય) હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન ગનીના ભાગ્યમાં હતી.

**૫.** અને એ પણ  સમજી લીધું કે દરેક બિદઅત બુરી નથી હોતી, બલ્કે બિદઅતો સારી પણ હોય છે, ત્યાં સુધી કે બિદઅતે હસના ક્યારેક મુસ્તહબ, ક્યારેક વાજિબ, ક્યારેક ફર્ઝ પણ હોય છે. એ વખતે કુર્આન જમા કરવું બિદઅત હતું પણ ફર્ઝ હતું. એનાથી બિદઅતે હસનાની મજબૂત સાબિતી થઈ.

**૬.** મને યકીન થઈ ગયું આ વખતે કુર્આન જમા ન કરવું એ એને વેડફી નાખવાનો સબબ બનશે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે કુર્આન જમા કરવું બિદઅત હતું પણ સારી બિદઅત.

**૭.** એટલે કે કુર્આન જમા કરવામાં શક્તિની પણ જરૂરત છે અને ઈલ્મ તથા હિફ્ઝ તથા દિયાનતદારીની પણ જરૂરત છે. તમારામાં ખુદાના ફઝ્લથી એ સર્વ ગુણો સમાયેલા છે.

**૮.** એટલે કે મોટાભાગે વહીની કિતાબત તમે કરી છે. મિર્કાતે ફર્માવ્યું કે વહી લખનારા ચોવીસ સહાબીઓ હતા, જેમાં ખુલફાએ રાશિદીન પણ છે. અમે અમારી કિતાબ "અમીર મુઆવિયહ"માં સવાઈકે મુહાર્રિકા વગેરેના હવાલાથી લખ્યું છે કે વહીના કાતિબો તેર છે. એટલે કે અધિક્તર લખનાર : (૧–૪) ખુલફાએ રાશિદીન, (૫) આમિર ઈબ્ને ફહીરા (૬) અબ્દુલ્લાહ ઈબ્ને અરકમ (૭) ઉબય ઈબ્ને કઅબ (૮) ષાબિત ઈબ્ને કૈસ (૯) ખાલિદ ઈબ્ને સઈદ ઈબ્ને આસ (૧૦) હન્ઝલા ઈબ્ને રબીઅ સલ્લમી (૧૧) ઝયદ ઈબ્ને ષાબિત (૧૨) મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન (૧૩) શરજીલ ઈબ્ને હસના.

**૯.** એટલે કે આ કામ લગભગ સર્વ સહાબા કરશે પણ એના વ્યવસ્થાપક તમે હશો. જેથી આ વાક્ય પર એ વાંધો નથી કે પછી તો કુર્આને કરીમ મુતવાતિર ન રહ્યું, એક ઝયદ ઈબ્ને ષાબિતની રિવાયતથી શરૂ થયું.

**૧૦.** ક્યાં તો એટલા માટે કે કુર્આન જમા કરવાને મેં બિદઅત જાણ્યું અને નાજાઈઝ સમજ્યું. એટલા માટે પહાડને ખસેડવું શારીરિક તકલીફથી છે અને કુર્આન જમા કરવામાં શારીરિક તથા રૂહાની બંને તકલીફો છે. અથવા એટલા માટે કે પહાડ ટાળી દેવામાં કોઈ જિમ્મેદારી નથી અને કુર્આન જમા કરવામાં કયામત સુધીના મુસલમાનોના ઈમાન તથા અમલોની હિફાઝતની જિમ્મેદારી છે. એક આયતમાં રજમાત્ર પણ ગલતી થઈ ગઈ તો કોઈના ઈમાનની ખૈર છે ન અમલોની.

**૧૧.** એટલે કે ભલે કુર્આન જમા કરવું બિદઅત છે પણ સારી બિદઅત છે. યાદ રાખશો કે સહાબીઓની

શોધોને હુઝૂરે અન્વર ﷺએ સુન્નત કહેલ છે : علیک بسنتی و سنۃ الخلفاء الراشدین શાબ્દિક અર્થમાં તરીકો અથવા મસ્લક. રબ તઆલાએ ફર્માવ્યું : سُنَّةَ مَنْ قَدْ اَرْسَلْنَا قَبْلَكَ مِنْ رُّسُلِنَا (દસ્તૂર એમનો જે અમે તમારાથી પહેલાં રસૂલ મોકલ્યા. *–સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૭*) અને હું પણ સમજી ગયો કે દરેક બિદઅત બુરી નથી હોતી. અમુક બિદઅતો સારી પણ છે. કુર્આન મજીદનું એકત્રિકરણ છે તો બિદઅત પણ સારી છે.

**૧૨.** યાદ રાખશો કે ચાર સહાબીઓને કુર્આને કરીમ સંપૂર્ણ હિફ્ઝ (યાદ) હતું : ઉબય ઈબ્ને કઅબ, ઝયદ ઈબ્ને ષાબિત, મઆઝ ઈબ્ને જબલ તથા અબૂ દર્દા رضوان اللہ تعالیٰ علیہم اجمعین. પણ હઝરત ઝયદે કેવળ પોતાની યાદ પર જમા ન કર્યું બલ્કે સર્વ સહાબીઓથી દરેક આયતનું સમર્થન હાંસલ કર્યું. જેમ કે વિવિધ આયતો વિવિધ સહાબીઓથી વિવિધ રીતે મળી. કોઈને કેવળ યાદ હતી, કોઈની પાસે યાદ હોવા ઉપરાંત પાંદડાં, પથ્થરો વગેરે પર લખેલી પણ હતી. હઝરત ઝયદ બિન ષાબિતે એ સર્વ ચીજોને એકત્ર કરી પછી પોતાની યાદની સાથે સરખામણી કરી પછી તેને વિવિધ વરકો (પાનાંઓ) પરચાઓના સ્વરૂપમાં એક જગાએ કરીને તેને દોરા વડે બાંધીને એક થેલામાં મેહફૂઝ કરી લીધાં. સિદ્દીકે અકબરના જમાનામાં કુર્આન જમા કરવાની એ સ્થિતિ થઈ કે કુર્આની આયતો વિવિધ હતી તે એક દોરા તથા એક થેલામાં એકત્ર થઈ ગઈ. હઝરત ઉષ્માન ગનીના જમાનામાં આ સર્વ ટુકડા તથા વરક (પાનાં) એક કિતાબી સ્વરૂપમાં એકત્ર કરીને તેની વિવિધ નકલો કરાવીને દરેક બાજુ મોકલવામાં આવી. કિતાબી સ્વરૂપમાં કુર્આન શરીફનું આવવું ઉષ્માની યુગમાં થયું. એટલા માટે હઝરત ઉષ્માનને જામિઉલ કુર્આન કહેવામાં આવે છે. ખુલાસો એ કે કુર્આનનું એકત્રિકરણ ત્રણવાર થયું. એકવાર તો નબવી યુગમાં કે હુઝૂરે અન્વર ﷺના હુકમથી લોકોએ પોતાના દિમાગમાં ક્રમ બનાવી લીધો. પછી સિદ્દીકી યુગમાં વિવિધ વરકો (પાનાંઓ) એક દોરા એક થેલામાં જમા થઈ ગયાં. પછી ઉષ્માની યુગમાં કુર્આન શરીફ કિતાબી સ્વરૂપમાં આવી ગયું. (લમ્આત તથા મિર્કાત) આ તકરીરથી સર્વ શંકાઓ દૂર થઈ ગઈ કે હુઝૂરે અન્વર ﷺએ ખુદ કુર્આન જમા કેમ ન કર્યું. બીજુ એ કે કુર્આન જમા કરનાર સિદ્દીકે અકબર છે તો ઉષ્માન ગનીને જામિઉલ કુર્આન શાથી કહેવામાં આવે છે. ત્રીજુ એ કે તો પછી કુર્આની આયતો મુતવાતિર ન રહી, અમુક શંકાસ્પદ થઈ ગઈ જે કેવળ વરકો અથવા પાંદડાંઓ અથવા પથ્થરોથી લેવામાં આવી વગેરે.

**૧૩.** એટલે કે આ આયત અબૂ ખુઝૈમા અન્સારી સિવાય કોઈની પાસે લખેલી મહેફૂઝ ન હતી, યાદ મને પણ હતી અને બીજા સહાબીઓને પણ મેં કેવળ મારી યાદ પર આયતો જમા ન કરી. જેથી એનાથી એ લાઝિમ નથી થતુ કે એ આયત મુતવાતિર ન હતી.

**૧૪.** બરાત સૂરએ તૌબાનું નામ છે, કેમ કે તેના શરૂમાં છે : بَرَآءَةٌ مِّنَ اللّٰهِ એટલે સૂરએ તૌબાની આખરી આયત لَقَدْ جَآءَكُمْ થી رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ સુધી કેવળ અબૂ ખુઝૈમા અન્સારીની પાસે લખેલી મળી. મિર્કાતે ફર્માવ્યું કે કુર્આનના શબ્દો કતઈ દલીલથી સાબિત છે અને કિતાબતનો તરીકે ઝન્ની દલીલ છે.

**૧૫.** કેમ કે સિદ્દીકે અકબરની હયાત શરીફમાં જ હઝરત ઉમર ખલીફા થઈ ગયા હતા. એટલા માટે આયતોના વરકોનો એ થેલો ઉમર ફારૂકને ખુદ સિદ્દીકે અકબરે જ અતા કરી આપ્યો હતો. અને હઝરત ઉમર ફારૂકની જિંદગીમાં ખલીફા નિશ્ચિત ન થયા હતા, બાદમાં પસંદગી થવાની હતી એટલા માટે એ વરકો (પાનાંઓ) જનાબ ઉમરનાં સાહબઝાદી હુઝૂરે અન્વર ﷺના પવિત્ર પત્ની સાહેબા ઉમ્મુલ મો'મિનીન હફ્સાની પાસે અમાનતરૂપે મેહફૂઝ

રહ્યાં. પછી હઝરત ઉષ્માને એમનાથી મગાવી લીધાં, જેનું વર્ણન આગલી હદીષમાં આવી રહ્યું છે.

**૧૯.** અહીં મિર્કાતે હસન હદીષ નકલ કરી કે હઝરત અલી ફર્માવે છે કે મુસલમાનો પર એહસાન કરનાર અબૂબક્ર સિદીક છે. અલ્લાહ એમના પર રહમતોની વર્ષા કરે કે મુસલમાનોને કુર્આન જમા કરીને આપી ગયા. એ જે લોકો કહે છે કે હઝરત અલીએ છુપુ કુર્આન જમા કર્યું તે વાત રાફઝીઓની ઘડેલી છે, નહીં તો તે જરૂર કુર્આનની પ્રસિદ્ધિ કરતા. કુર્આન તો પ્રચાર માટે આવ્યું ન કે ગુફામાં છુપાવવા માટે. રબ તઆલા ફર્માવે છે :

اِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ مَآ اَنْزَلْنَا مِنَ الْبَيِّنٰتِ وَ الْهُدٰى مِنْۢ بَعْدِ مَا بَيَّنّٰهُ لِلنَّاسِ فِى الْكِتٰبِ ۙ اُولٰٓئِكَ يَلْعَنُهُمُ اللّٰهُ وَ يَلْعَنُهُمُ اللّٰعِنُوْنَ ﴿۱۵۹﴾

(બેશક ! તે જેઓ અમારી ઉતારેલી રોશન વાતો અને હિદાયત છુપાવે છે એના પછી કે લોકોના માટે અમે એને કિતાબમાં સ્પષ્ટ કરી ચૂક્યા છીએ **તેમના પર અલ્લાહની લઅનત છે** અને **લઅનત કરનારાઓની લઅનત.** *—સૂરએ બક઼રહ, ૨/૧૫૯*) એટલે કે કુર્આન છુપાવનારાઓ પર અલ્લાહની તથા સર્વ લોકોની લઅનત છે.

**★ હદીષ : (૧૧)–૨૨૨૧ ★**

وَعَنْ أَنَسِ بْنِ مَالِكٍ: أَنَّ حُذَيْفَةَ بْنَ الْيَمَانِ قَدِمَ عَلَى عُثْمَانَ وَكَانَ يُغَازِي أَهْلَ الشَّامِ فِي فَتْحِ أَرْمِينِيَّةَ وَأَذْرَبِيجَانَ مَعَ أَهْلِ الْعِرَاقِ فَأَفْزَعَ حُذَيْفَةَ اخْتِلَافُهُمْ فِي الْقِرَاءَةِ فَقَالَ حُذَيْفَةُ لِعُثْمَانَ يَا أَمِيرَ الْمُؤْمِنِينَ أَدْرِكْ هَذِهِ الْأُمَّةَ قَبْلَ أَنْ يَخْتَلِفُوا فِي الْكِتَابِ اخْتِلَافَ الْيَهُودِ وَالنَّصَارَى فَأَرْسَلَ عُثْمَانُ إِلَى حَفْصَةَ أَنْ أَرْسِلِي إِلَيْنَا بِالصُّحُفِ نَنْسَخُهَا فِي الْمَصَاحِفِ ثُمَّ نَرُدُّهَا إِلَيْكِ فَأَرْسَلَتْ بِهَا حَفْصَةُ إِلَى عُثْمَانَ فَأَمَرَ زَيْدَ بْنَ ثَابِتٍ وَعَبْدَ اللَّهِ بْنَ الزبير وَسَعِيد بن الْعَاصِ وَعبد الرَّحْمَن بْنَ الْحَارِثِ بْنِ هِشَامٍ فَنَسَخُوهَا فِي الْمَصَاحِفِ وَقَالَ عُثْمَانُ لِلرَّهْطِ الْقُرَشِيِّينَ الثَّلَاثِ إِذَا اخْتَلَفْتُمْ فِي شَيْءٍ مِنَ الْقُرْآنِ فَاكْتُبُوهُ بِلِسَانِ قُرَيْشٍ فَإِنَّمَا نَزَلَ بِلِسَانِهِمْ فَفَعَلُوا حَتَّى إِذَا نَسَخُوا الصُّحُفَ فِي الْمَصَاحِفِ رَدَّ عُثْمَانُ الصُّحُفَ إِلَى حَفْصَةَ وَأَرْسَلَ إِلَى كُلِّ أُفُقٍ بِمُصْحَفٍ مِمَّا نَسَخُوا وَأَمَرَ بِمَا سِوَاهُ مِنَ الْقُرْآنِ فِي كُلِّ صَحِيفَةٍ أَوْ مُصْحَفٍ أَنْ

*''હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત હુઝૈફા ઈબ્ને યમાન જનાબ ઉષ્માનની ખિદમતમાં આવ્યા જ્યારે કે આપ અર્મિનિય્યાની ફતહમાં શામવાળા (સીરિયાવાળા)ઓ અને ફતહે આઝરબૈજાનમાં ઈરાકવાળાઓ સાથે જેહાદ કરી રહ્યા હતા. હઝરત હુઝૈફાને લોકોની કુર્આની ક઼િરાઅતની વિવિધતાએ ગભરાવી દીધા હતા[૧] કેમ કે હઝરત હુઝૈફાએ હઝરત ઉષ્માનથી અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! આ ઉમ્મતની એનાથી પહેલાં મદદ કરો જ્યારે કે તે યહૂદી તથા ઈસાઈની જેમ કિતાબુલ્લાહમાં મતભેદ કરી બેસે[૨]. ત્યારે જનાબ ઉષ્માન ગનીએ બીબી હફ્સાને પૈગામ મોકલ્યો કે અમારી પાસે તે વરકો મોકલી આપો જેથી અમો એને સહીફા (કિતાબ રૂપે) નક઼લ કરી લઈએ[૩]. પછી તેમને પરત કરી દઈશું[૪] હઝરત હફ્સાએ તે સહીફા હઝરત ઉષ્માનને મોકલી દીધા. આપે હઝરત ઝયદ ઈબ્ને ષાબિત, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, સઈદ ઈબ્ને આસ, અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ અને ઈબ્ને હિશામને હુકમ આપ્યો[૫] તેમણે તેને વિવિધ સહીફાઓમાં નકલ કર્યું[૬] અને હઝરત ઉષ્માને કુરૈશી જમાઅતને ફર્માવ્યું જેઓ ત્રણ જણ હતા[૭] કે જ્યારે તમે અને ઝયદ ઈબ્ને ષાબિત કુર્આનની કોઈ આયતમાં મતભેદ કરો[૮] તો તેને કુરૈશની*

يُحَرَّقَ قَالَ ابْن شهَاب وَأَخبرنِي خَارِجَة بن زيد بن ثَابت سَمِعَ زَيْدَ بْنَ ثَابِتٍ قَالَ فَقَدْتُ آيَةً مِنَ الْأَحْزَاب حِينَ نَسَخْنَا الْمُصْحَفَ قَدْ كُنْتُ أَسْمَعُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ بِهَا فَالْتَمَسْنَاهَا فَوَجَدْنَاهَا مَعَ خُزَيْمَةَ بْنِ ثَابِتٍ الْأَنْصَارِيِّ (مِنَ الْمُؤْمِنِينَ رِجَالٌ صَدَقُوا مَا عَاهَدُوا الله عَلَيْهِ)فَأَلْحَقْنَاهَا فِي سُورَتِهَا فِي الْمُصْحَفِ. رَوَاهُ الْبُخَارِيُّ

*ઝબાનમાં જ લખજો, કેમ કે કુર્આન કુરૈશની ઝબાનમાં ઉતર્યુ છે[૯] જેથી તેમણે એ જ પ્રમાણે કર્યુ, ત્યાં સુધી કે જ્યારે સહીફા અન્ય સહીફાઓમાં નકલ કરી લીધા તો હઝરત ઉષ્માને એ વરકો (પાનાંઓ) બીબી હફ્સાને પરત કરી આપ્યા અને એ નકલ થયેલાઓમાંથી દરેક બાજુ એક નુસ્ખો મોકલી આપ્યો[૧૦] અને એમના સિવાય બાકીના અન્ય નુસ્ખાઓને સળગાવી દેવાનો હુકમ આપી દીધો[૧૧] ઈબ્ને શિહાબ ફર્માવે છે કે મને ખારિજા ઈબ્ને ઝયદ ઈબ્ને ષાબિતે ખબર આપી[૧૨] કે તેમણે હઝરત ઝયદ ઈબ્ને ષાબિતને ફર્માવતાં સાંભળ્યા કે મેં સૂરએ અહઝાબની એક આયત કુર્આન નકલ કરતી વખતે ગુમ પામી જે હું રસૂલુલ્લાહ ﷺને પઢતાં સાંભળ્યા કરતો હતો[૧૩]. અમે તેને ખૂબ જ તલાશ કરી તો એને ખુઝૈમા ઈબ્ને ષાબિત અન્સારીની પાસે પામી[૧૪] એટલે એ આયત કે મો'મિનોમાં અમુક તે લોકો છે જેમણે અલ્લાહ તઆલાને કરેલા વાયદાને સાચો કરી દેખાડયો. જેથી તેને કુર્આન શરીફમાં એ સૂરત સાથે મેળવી દીધી. (બુખારી)[૧૫]*

**૧.** પશ્ચિમી શહેરોમાં આઝરબૈજાન મશહૂર શહેર છે અને એ શહેરના નામથી વિસ્તારને પણ આઝરબૈજાન કહેવામાં આવે છે. એ વિસ્તારમાં આર્મિનિયા મશહૂર શહેર છે. ઉષ્માનીકાળમાં એ ઈલાકો ફતહ થયો. એ જેહાદમાં શામ તથા ઈરાકના ગાઝી ભેગા થયા હતા. એ હઝરાત કુર્આને કરીમ વિવિધ રીતે પઢતા હતા અને દરેક કહેતો હતો કે મારું કુર્આન સહીહ છે બીજાનું ગલત છે. આ મતભેદ ક્યાં તો વિવિધ કિ્રાઅતોને કારણે હતો જે નબવી યુગમાં રિવાજ પામી ચૂકી હતી. અથવા એટલા માટે કે અમુક સહાબીઓની પાસે કુર્આની આયતોની સાથે અમુક તફસીરી નોંધો હતી જે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવી હતી. તેઓ એને કુર્આન સમજી બેઠા હતા અને કુર્આનની જેમ તેમની પણ તિલાવત કરી લેતા હતા.

**૨.** એટલે કે હે અમીરુલ મો'મિનીન ! હજી તો સહાબીઓનો યુગ છે, જો અત્યારથી જ કુર્આનમાં મતભેદ પેદા થઈ ગયા તો આગળ ચાલીને સેંકડો પ્રકારનાં કુર્આન ભેગાં થઈ જશે જેના કારણે મુસલમાનોમાં ભાગલા પેદા થશે. દરેક ફિર્કો કહેશે મારું કુર્આન દુરુસ્ત છે બીજાનું ગલત છે. જેમ કે આજે તૌરાત તથા ઈન્જીલના નુસ્ખાઓનો હાલ છે.

**૩.** હઝરત ઉષ્માન ગનીએ પહેલાં પચાસ હજાર મુસલમાનોને એકત્ર કરીને તેમનાથી મશવરો કર્યો. સૌએ એકમતિએ કુર્આન જમા કરવાની રાય આપી દીધી. પછી આપે હઝરત ઉમ્મુલ મો'મિનીન હફ્સા બિન્તે ઉમર ફારૂકથી જમા થયેલ થેલો મંગાવ્યો. અહીં મુસ્હફથી મુરાદ તે વરકો (પાનાંઓ) છે જે હઝરત સિદ્દીકે અકબર ભેગાં કરીને દોરાથી બાંધીને એક જગાએ ભેગાં કરીને ગયા હતા. અને મસાફિહથી મુરાદ કુર્આને કરીમના સંપૂર્ણ નુસ્ખા

છે જે કિતાબી સ્વરૂપમાં હોય. જેથી હદીષ સ્પષ્ટ છે.

**૪.** કેમ કે હઝરત હફ્સાની પાસે કુર્આન અમાનતના રૂપે હતું, ન કે એ વરકો. કુર્આન મજીદ નકલ કરીને વરકો તેમને મોકલી દેવામાં આવ્યાં. જેથી હદીષ પર એ વાંધો નથી કે હઝરત હફ્સાને તે વરકો પરત કેમ કરવામાં આવ્યા. (મુસ્હફ : એ ચીજ જેમાં લખેલા કાગળોના ટુકડા ભેગા કરવામાં આવે)

**૫.** એટલે કે કુર્આનના જમા કરવા માટે આ ચાર હઝરાત પસંદગી પામ્યા જેમનામાંથી હઝરત ઝયદ ઈબ્ને ષાબિત તો અન્સારી હતા બાકીના ત્રણ મુહાજિર કુર્શી હતા.

**૬.** ચાર કે સાત નુસ્ખા કુર્આને કરીમના જમા કર્યા જેમનામાંથી એક નુસ્ખો અહીં મદીના પાકમાં રાખવામાં આવ્યો બાકીના સર્વ આસપાસના વિસ્તારોમાં મોકલી દેવામાં આવ્યા.

**૭.** જેમનાં નામ હમણાં જ વર્ણન કરવામાં આવ્યાં : અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, સઈદ ઈબ્ને આસ, અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ.

**૮.** એ રીતે તમારી કિરાઅત કાંઈ અલગ રીતની હોય અને હઝરત ઝયદ ઈબ્ને ષાબિતની કિરાઅત બીજી રીતની. આ વિવિધતાનું કારણ એ છે જે અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે નબવી જમાનામાં કુર્આનની કિરાઅત વિવિધ કિરાઅતોથી થતી હતી.

**૯.** એટલે કે કુર્આનનું ઉતરાણ કુરૈશી ઝબાનમાં થયું પછી આસાની માટે અન્ય લોકોને પોતાના શબ્દકોશમાં તિલાવતની ઈજાઝત આપવામાં આવી હતી. એ સમયના લેહાઝથી જેમ કે નુઝૂલ (ઉતરાણ) તો થયું : مٰلِكِ يَوْمِ الدِّيْنِ પણ ઈજાઝત આપવામાં આવી مَلِكِ يَوْمِ الدِّيْنِ પઢવાની પણ. અથવા નુઝૂલ તો થયું : نَنشِزُھا ઝે નુકતાવાળીથી પણ ઈજાઝત આપવામાં આવી : نَنشِرُھا પઢવાની પણ راء મહમલાથી. ખુલાસો એ છે કે હઝરત અબૂ બક્ર સિદ્દીકે કેવળ કુર્આન જમા કરવાની વ્યવસ્થા કરી લુગતે કુરૈશ (કુરૈશના શબ્દ કોશ) પર હોય કે અન્ય શબ્દકોશ પર. પણ હઝરત ઉષ્માને જમા પણ કર્યું અને અન્ય કિરાઅતોથી અલગ પણ કરી આપ્યું. જમએ સિદ્દીકી અને જમએ ઉષ્માનીમાં એક ફર્ક આ પણ છે. હઝરત હફ્સાથી કુર્આનના અવરાક (વરકો) મંગાવવાનો હેતુ એ હતો કે કોઈ આયત રહી ન જાય ન એ કે જેમનું તેમ નકલ કરી દેવામાં આવે. જેથી આ બનાવ પર વાંધો નથી.

**૧૦.** જેથી કુર્આને કરીમના સાત નુસ્ખા નકલ કરવામાં આવ્યા જેમનામાંથી અકે મદીના પાકમાં રાખવામાં આવ્યો અને એક કૂફા, એક બસરા, એક શામ, એક બહરૈન અને એક મક્કા મોઅઝ્ઝમા મોકલ્યો.

**૧૧.** يحرق-ح મુહમલાથી છે. સળગાવી દેવાના અર્થમાં. અમુક નુસ્ખાઓમાં يخرق-خ મન્કૂતાથી છે. ફાડી નાખવાના અર્થમાં. એટલે કે એના સિવાયના કુર્આનમાં અન્ય વરકોને સળગાવી દેવાનો હુકમ આપ્યો અથવા ફાડી નાખવાનો. પણ يحرق-حاء મુહમલાથી અધિક મશહૂર છે. યાદ રાખશો કે કેટલાક સહાબાની પાસે કેટલાક વરકો હતા જેમાં એ આયતો પણ હતી જે તિલાવતથી મન્સૂખ થઈ ચૂકી હતી. પણ તેમને નસ્ખની (મન્સૂખ થયાની) ખબર ન થઈ હતી અને અમુક તફસીરી નોંધો પણ હતી જે હુઝૂરે અન્વર ﷺએ આયતની સાથે તફસીર રૂપે ઈર્શાદ કરી હતી. એ હઝરાત એ સૌને કુર્આન જ સમજ્યા હતા. જેમ કે હઝરત ઉબય ઈબ્ને કઅબ અથવા ઈબ્ને મસ્ઊદના મુસ્હફો. જો વરકો બાકી રહી જાત તો મુસલમાનોમાં મહાન ફિત્નો ફેલાત. દરેક ફિર્કો કહેત કે આ કુર્આન દુરુસ્ત છે બાકી ગલત, એટલા માટે સર્વ નુસ્ખા સળગાવી દેવામાં આવ્યા. **અમુક બેવકૂફ કહે છે કે**

**હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ તથા અહલે બયતના ફઝાઈલની આયતો સળગાવી દેવામાં આવી, અને હાલનું કુર્આન અપૂર્ણ છે. પણ એ તદ્દન ગલત છે, નહીં તો હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ વખતે ખામોશ ન બેસતા. કુર્આનની હિફાઝતના માટે પોતાની જાન કુર્બાન કરી આપત. કમસે કમ પોતાની ખિલાફતના દૌરમાં એ અસલી કુર્આનને જારી કરતા, અને એ કુર્આનથી નમાઝ વગેરે કદી અદા ન કરતા.** એ પણ યાદ રાખશો કે એ વખતે એ નુસ્ખાઓને સળગાવી દેવું જ બેહતર બલ્કે જરૂરી હતું કે જો તે દફન થાત તો બાદમાં પછી કાઢી લેવામાં આવત અને તેની પ્રસિદ્ધિથી ફસાદ (વાદ વિવાદ વિખવાદ) ફેલાત, અને એટલા વરકોને ધોવું મુશ્કેલ પણ હતું અને ખતરનાક પણ, નહીં તો કુર્આનના બેકાર વરકોને દફન કરી દેવું બેહતર છે. અથવા જો કલમી વરક હોય તો તેને ધોઈને પી લેવું અફઝલ છે કે આ પાણી દરેક બીમારીની શિફા છે. *(મિર્કાત)*

**૧૨.** ઈબ્ને શિહાબ ઈમામ ઝુહરીની કુન્નિયત છે અને પારિજા ઝૈદ ઈબ્ને ષાબિતના પુત્ર છે. મદીના મુનવ્વરાના મહાન આલિમોમાંથી હતા. તાબઈ છે. તેમણે પોતાના પિતા ઝયદ ઈબ્ને ષાબિતથી એ સાંભળ્યું.

**૧૩.** એટલે જ્યારે અમે સહીફાએ સિદ્દીકીથી સહફે ઉષ્માનિયામાં કુર્આન શરીફ નકલ કર્યું તો એ સહીફામાં આ આયત ન મળી. લગભગ એ પરચો એ અરસામાં ગુમ થઈ ગયો હશે અથવા ઉધઈથી ખરાબ થઈ ગયો હશે, નહીં તો હઝરત સિદ્દીકે અકબરના જમાનામાં સર્વ આયતો સર્વ કિરાઅતો સાથે ભેગી થઈ ચૂકી હતી. એ બુઝુર્ગોને આ આયત સારી રીતે યાદ હતી, પણ કોશિશ એ કરવામાં આવી કે ક્યાંકથી એ આયત લખેલી પણ મળી જાય. અને શક્ય છે કે આ બનાવ સિદ્દીકી યુગમાં કુર્આન જમા કરવા સમયનો હોય.

**૧૪.** એટલે કે લખેલી કેવળ હઝરત ખુઝૈમા અન્સારીની પાસે હતી, બાકી અન્ય લોકોને યાદ જરૂર હતી. હઝરત ખુઝૈમાની કુન્નિયત અબૂ અમ્મારા છે. અવસી છે. બદરી છે. બદર તથા તેના પછીના સર્વ ગઝવાતમાં હુઝૂરે અન્વર ﷺની સાથે રહ્યા. જંગે સિફ્ફીનમાં હઝરત અલીની સાથે હતા. એ જ જંગમાં શહીદ થયા. رضی اللہ عنہ

**૧૫.** એ રીતે એ આયત સૂરએ અહઝાબમાં તેના સ્થાને રાખી દેવામાં આવી. મિર્કાતે ફર્માવ્યું કે લગભગ આ બનાવ પ્રથમવાર કુર્આન જમા કરતી વખતે જોયો એટલે કે સિદ્દીકી યુગમાં એ વખતે સૂરએ તૌબાની આયત لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ નું પણ એવું જ થયું હતું, નહીં તો એવું કેવી રીતે બની શકે છે કે સિદ્દીકી યુગમાં આખુ કુર્આન ભેગુ થઈ જાય અને પછી આ આયત એમાં ન હોય ?! આ એકત્રિકરણ હિ.સ. ૨૫માં થયું. મિર્કાતે ફર્માવ્યું કે સિદ્દીકી યુગમાં જમા કરેલું કુર્આન મરવાન ઈબ્ને હકમના જમાનામાં સળગાવી દેવામાં આવ્યું, હઝરત હફસાની વફાત બાદ. અશિઅતુલ લમ્આતમાં શયખે ફર્માવ્યું કે હઝરત અલીએ પણ નુઝૂલના પ્રમાણે કુર્આની આયતો ભેગી કરી હતી પણ ફિત્નાના ડરથી એ કુર્આનની પ્રસિદ્ધિ ન કરી બલ્કે એને ખત્મ કરી નાખ્યું જેથી મુસલમાનોમાં બે કુર્આન થઈ જાય એ સખત ફિત્નાનો સબબ હતો.

**★ હદીષ : (૧૨)-૨૨૨૨ ★**

وَعَن ابْن عَبَّاس قَالَ: قلت لعُثْمَان بن عَفَّان مَا حملكم أَنْ عَمَدْتُمْ إِلَى الْأَنْفَالِ وَهِيَ مِنَ الْمَثَانِي وَإِلَى بَرَاءَةٍ وَهِيَ مِنَ الْمِئِينِ فَقَرَنْتُمْ بَيْنَهُمَا وَلم تكْتبُوا

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, મેં હઝરત ઉષ્માનને પૂછયું કે તમારા માટે એનો શો સબબ બન્યો કે તમે સૂરએ અન્ફાલને જે મષાનીમાંથી છે એને સૂરએ બરાતથી મિલાવી દીધી જે મીઈન (એ સૂરતો જેમાં સો અથવા એના લગભગ*

بَينهمَا سَطْرَ بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ ووَضَعْتُمُوهَا فِي السَّبع الطول مَا حملكم على ذَٰلِك فَقَالَ عُثْمَانُ كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِمَّا يَأْتِي عَلَيْهِ الزَّمَان وَهُوَ تنزل عَلَيْهِ السُّور ذَوَات الْعدَد فَكَانَ إِذا نزل عَلَيْهِ الشَّيْء دَعَا بعض من كَانَ يَكْتُبُ فَيَقُولُ: «ضَعُوا هَؤُلَاءِ الْآيَاتِ فِي السُّورَةِ الَّتِي يُذْكَرُ فِيهَا كَذَا وَكَذَا» فَإِذَا نَزَلَتْ عَلَيْهِ الْآيَةُ فَيَقُولُ: «ضَعُوا هَذِهِ الْآيَةَ فِي السُّورَةِ الَّتِي يُذْكَرُ فِيهَا كَذَا وَكَذَا» . وَكَانَتِ الْأَنْفَالُ مِنْ أَوَائِلِ مَا نَزَلَتْ بِالْمَدِينَةِ وَكَانَتْ بَرَاءَة من آخر الْقُرْآن وَكَانَت قصَّتهَا شَبيهَة بِقِصَّتِهَا فَظَنَنْت أَنَّهَا مِنْهَا فَقُبِضَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَمْ يبين لنا أَنَّهَا مِنْهَا فَمِنْ أَجْلِ ذَلِكَ قَرَنْتُ بَيْنَهُمَا وَلَمَ أكتب بَينهمَا سَطْرَ بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيمِ ووَضَعْتُهَا فِي السَّبْعِ الطُّوَلِ. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

*આયતો હોય) માંથી છે[૧] . અને વચ્ચે بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ન લખી[૨] અને તમે એને સાત મોટી સૂરતોમાં રાખી દીધી એનું શું કારણ બન્યું ?[૩] તો હઝરત ઉષ્માને ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પર સમય પસાર થતો રહેતો હતો તેમ આપના પર વિવિધ સૂરતો નાઝિલ થતી રહેતી હતી[૪] અને જ્યારે પણ આપના પર કોઈ આયત ઉતરતી તો અમુક વહીના કાતિબોને બોલાવતા અને ફર્માવતા કે આ આયતો એ સૂરતમાં રાખો જેમાં ફલાણી ફલાણી ચીજોનું વર્ણન છે[૫] પછી જ્યારે આપના પર કોઈ આયત નાઝિલ થતી તો ફર્માવતા કે આ આયતને આ સૂરતમાં રાખો જેમાં આવુ આવુ વર્ણન છે[૬]. અને સૂરએ અન્ફાલ એ સૂરતોમાંથી છે જે મદીના પાકમાં પહેલાં નાઝિલ થઈ અને સૂરએ બરાત નુઝૂલમાં અંતિમ કુર્આન છે[૭]. હુઝૂરે અન્વર ﷺ ની વફાત થઈ ગઈ અને એ સ્પષ્ટપણે વર્ણન ન કર્યું કે સૂરએ અન્ફાલનો હિસ્સો છે[૮]. એટલા માટે એને મિલાવી તો દીધી પણ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ની લીટી ન લખી અને એને મેં સાત લાંબી સૂરતોમાં રાખી[૧૦]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)[૧૧]*

**૧.** કુર્આને કરીમની વહેંચણી એ પ્રમાણે છે કે અવ્વલ (શરૂ) કુર્આનનું નામ મષાની છે. ત્યાર બાદ مئین પછી તવાં કે તવાબેઅ, પછી મુફસ્સલ. સૂરએ હુજુરાતથી છેવટ સુધી કુર્આનનું નામ મુફસ્સલ છે. મષાની સૂરત ફાતિહાનું નામ પણ છે અને આખા કુર્આને કરીમનું પણ, અને એની આગલી સાત સૂરતોનું પણ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ હઝરત ઉષ્માનથી બે સવાલ કર્યા : એક એ કે સૂરએ અન્ફાલ તમારા જમા પ્રમાણે મષાની હિસ્સાની સૂરત છે. અને સૂરએ તૌબા مئین હિસ્સાની સૂરત છે. આપ હઝરાતે આ બંનેવ સૂરતોને મિલાવી કેમ દીધી ? તેમજ સૂરએ અન્ફાલ નાની સૂરત છે કે ૭૫ આયતોની છે અને સૂરએ તૌબા ઘણી જ મોટી કે એની એકસો ઓગણત્રીસ આયતો છે. જેમ કે મષાની સૂરતો મોટી છે અને مائین નાની. પણ આપે નાની સૂરતને મષાનીમાં દાખલ કરી અને મોટી એટલે તૌબાને مئین માં હોવી જોઈતી હતી એનાથી ઉલ્ટુ થયું.

**૨.** આ બીજો સવાલ છે, એટલે કે સર્વ સૂરતોને بسم اللہ થી શરૂ કરવામાં આવે છે. પણ તમે સૂરએ તૌબાની શરૂમાં بسم اللہ ન લખી. ખુલાસો એ છે કે સૂરતનો સૂરતથી ફઝ્લ બે ચીજોથી થાય છે. એક સૂરતનું નામ આયતો, રુકૂઓની સંખ્યાનું વર્ણન અને બીજુ بسم اللہ. આપે એ બે સૂરતો અન્ફાલ તથા તૌબાની વચ્ચે એક વિભાજન તો રાખ્યું પણ બીજુ વિભાજન بسم اللہ વાળુ ન કર્યું એનું શું કારણ છે ? سبحان اللہ બંને સવાલ ઘણા જ મહત્વના છે.

**૩.** એટલે કે સૂરએ અન્ફાલને જેની આયતો સો (૧૦૦)થી ઓછી પણ છે મષાનીમાં રાખી, જ્યારે કે મષાની સૂરતોની આયતો તો مئین થી પણ અધિક હોવી જોઈએ. યાદ રાખશો કે مئین સૂરતોની આયતો સો કરતાં અધિક છે એટલા માટે એમને مئین કહે છે, અને મષાનીની આયતો તો مئین કરતાં પણ અધિક છે. ખુલાસો એ છે કે સૂરએ તૌબા પહેલાં હોવી જોઈતી હતી કે એ મોટી છે અને સૂરએ અન્ફાલ બાદમાં કે એ નાની છે.

**૪.** એટલે કે ક્યારેક તો અરસા સુધી હુઝૂર ﷺ પર કોઈ વહી આવતી ન હતી અને ક્યારેક સતત સૂરતો આવતી રહેતી હતી.

વળી આયતોના નુઝૂલનો એ હાલ હતો કે ક્યારેક કોઈ સૂરતની કોઈ આયત આવી ગઈ અને ક્યારેક બીજી સૂરતની કોઈ આયત. સૂરતોના નુઝૂલનો પણ એ હાલ હતો કે કદીક પાછલી સૂરત પહેલાં આવી ગઈ અને કદીક આગલી સૂરત પાછળ નાઝિલ થઈ ગઈ. કેમ કે સૂરતો તથા આયતોનું ઉતરાણ જરૂરત મુજબ થતું હતું. આ ક્રમ નુઝૂલના પ્રમાણે નથી બલ્કે લોહે મહફૂઝની ક્રમ પ્રમાણે છે. આ કલામ જવાબના ઉપરાંત છે.

**૫.** એટલે કે જ્યારે કોઈ આયત નાઝિલ થતી તો ફર્માવી દેતા કે આ આયત ફલાણી સૂરતની ફલાણી આયત પછી રાખો. જાણવા મળ્યું કે આયતોની ગોઠવણ (ક્રમ) તૌફીક઼ી ચીજ છે જેમાં બુદ્ધિને દખલ નથી. એટલા માટે ખુદ હુઝૂર ﷺએ પોતાના હુકમ પોતાના (એહતેમામ) સેટિંગ વડે ક્રમ અપાવ્યો કેમ કે હુઝૂરે અન્વર ﷺની નજર લોહે મહફૂઝ પર હતી. જોતા હતા કે ત્યાં કઈ આયત કઈ જગાએ છે, આ બાજુ જોઈને પેલી બાજુ ક્રમ આપતા હતા.

**૬.** આ બંને વાકયો મુકર્રર (બે વાર) માલૂમ પડે છે પણ એમાં ફરક એ છે કે ત્યાં شیئ ફર્માવવામાં આવ્યું જેથી અમુક આયતોનો સમૂહ મુરાદ છે અને અહીં آیۃ ઈર્શાદ થયું એટલે કે એક આયત. મતલબ એ થયો કે જો અમુક આયતો એકદમ આવતી તો એમાં પણ સરકાર પોતે જ ક્રમ આપતા હતા, અને જો કેવળ એક આયત આવતી તો પણ ક્રમ આપતા. યાદ રાખશો આયતોનો ક્રમ તો એકમતિએ તૌફીક઼ી છે જેમાં બુદ્ધિને દખલ નથી, પણ સૂરતોની ગોઠવણમાં મતભેદ છે. અમુકે કહ્યું, એ પણ તૌફીક઼ી છે, અમુકને ત્યાં નથી. *(મિર્ક઼ાત)*

**૦૭.** એટલે કે સૂરએ અન્ફાલ તથા બરાઅત બંનેવ મદની છે એટલા માટે એમને એક સાથે રાખવામાં આવી. વળી સૂરએ અન્ફાલ પહેલાં ઉતરી એટલા માટે એને આગળ રાખવામાં આવી અને સૂરએ બરાત બાદમાં આવી એટલે એને પાછળ રાખવામાં આવી. આ કારણ જમા તથા ક્રમનું બન્યું.

**૮.** એટલે સૂરએ અન્ફાલ તથા બરાતનું મઝમૂન (વિષય) સમાન છે, કે સૂરએ અન્ફાલમાં મોટાભાગે દીનની સરબુલંદી અને કુફ્રની પડતીનું વર્ણન છે. અને સૂરએ બરાતમાં અધિક્તર મુનાફિકોની બેઈજ્જતી, તેમની અયબોનું ખોલવું તથા ધમકીનું વર્ણન છે, જે દીનની બુલંદીનું પરિણામ છે. એનાથી માલૂમ પડે છે કે બંનેવ એક જ સૂરત છે.

**૯.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ બિસ્મિલ્લાહના નુઝૂલથી માલૂમ કરતા હતા કે આ આયત મુસ્તક઼િલ અલગ સૂરત છે, એ જ અમને બતાવી દેતા હતા. પણ સૂરએ બરાતના વિશે હુઝૂરે અન્વર ﷺએ એ ખબર ન આપી કે અહીં بسم الله આવી ગઈ છે, આ સૂરએ અન્ફાલથી અલગ સૂરત છે.

**૧૦.** જવાબનો ખુલાસો એ થયો કે એ બંનેવ સૂરતોનું મદની હોવું, બંનેના મઝામીન (વિષયો)નું ખૂબ જ મળતા હોવું, દરમિયાનમાં બિસ્મિલ્લાહ ન આવવું, એનાથી જાણવા મળે છે કે એ બંનેવ સૂરતો એક જ સૂરત છે એટલા માટે વચ્ચે બિસ્મિલ્લાહ ન લખવામાં આવી, પરંતુ બંનેવના નુઝૂલમાં આટલું અંતર હોવું કે સૂરએ અન્ફાલ હિજરતના

શરૂમાં નાઝિલ થઈ અને સૂરએ તૌબા છેવટમાં એનાથી જાણવા મળે છે કે અલગ અલગ બે સૂરતો છે. એટલા માટે મેં એમની અલાહિદગીની એક નિશાની તો રાખી દીધી, એટલે કે દરમિયાનમાં લાંબી લીટી, સૂરતનું નામ, તેની આયતો, રુકૂઓનું વર્ણન અને અન્ય નિશાની રાખી, એટલે કે બિસ્મિલ્લાહ ન રાખી. જાણવા મળ્યું કે કુર્આનને જમા કરવામાં ખૂબ જ સાવધાનીથી કામ લેવામાં આવ્યું. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફમાવે છે કે બિસ્મિલ્લાહ રહમતની આયત છે, અને સૂરએ તૌબા કાફિરોથી અમાન ઉઠાવવાની, અઝાબ આવવાની આયત છે. એટલા માટે રહમતની આયત એની શરૂમાં ન લખવામાં આવી. (મિર્ક઼ાત તથા લમ્આત) આ પરથી માલૂમ પડે છે કે સૂરતોનો ક્રમ તૌફીક઼ નથી, એમાં કાંઈક બુદ્ધિને પણ દખલ છે.

**૧૧.** આ સવાલ જવાબથી માલૂમ પડયું કે સિદ્દીક઼ી જમા અને ઉષ્માની જમા (કુર્આનના એકત્રિકરણ)માં બે રીતે તફાવત છે : એક એ કે જમા સિદ્દીક઼ કિતાબ સ્વરૂપમાં ન હતું, વરકોને ગોઠવીને દોરો બાંધી દેવામાં આવેલ હતું. અને જમા ઉષ્માનીમાં કુર્આન કિતાબ સ્વરૂપે બન્યું. બીજુ એ કે જમા સિદ્દીક઼ીમાં સર્વ ક઼િરાઅતો મૌજૂદ હતી પણ જમા ઉષ્માનીમાં કેવળ એક ક઼િરાઅત રાખવામાં આવી, કેમ કે વિવિધ ક઼િરાઅતોની હવે જરૂરત રહી ન હતી. લોકો એ ક઼િરાઅતના આદી (આદતવાળા) થઈ ચૂક્યા હતા. અને આ જમાનામાં એ જ ક઼િરાઅત રાખવામાં આવી જે જિબ્રઈલે અમીન લાવ્યા હતા, બાકી ક઼િરાઅતોની લોકોને ઈજાઝત આપી દેવામાં આવી હતી, જરૂરત ખાતર કે પોતાની ઝબાનમાં કુર્આન પઢી લે. એ કબીલાઓની બોલીમાં અમુક શબ્દોમાં સાધારણ ફરક હતો. જેમ કે مَلِكِ مَالِكَ نَنشُرُ અને نَنشُزُ રા મુહમલા વ ઝા મોઅજમા છે.

# કિતાબુદ્દઅવાત[૧] كتاب الدعوات
## (દુઆઓનું વર્ણન)

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** દઅવાત, દઅવતનું બહુવચન છે, દુઆના અર્થમાં. નાનાનું પોતાના મોટા પાસે આજીજી પ્રદર્શિત કરીને માગવું દુઆ કહેવાય છે. કેમ કે દુઆઓ સેંકડો પ્રકારની છે એટલા માટે દઅવાત બહુવચન બોલાયું. દુઆ માગવી પણ એક ઈબાદત છે, બલ્કે ઈબાદતોનું મગ્ઝ (મીજ) છે. (હદીષ) અમુક ઉલમા દુઆને અફઝલ કહે છે અમુક રઝા બિલ ક઼ઝાને (ક઼ઝામાં રાજી રહેવાને), પણ બેહતર એ છે કે જીભ વડે દુઆ માગે અને દિલમાં રઝા રાખે કે જો દુઆ ક઼બૂલ ન થાય તો રંજ ન થાય. આ સ્થિતિમાં દુઆ તથા રઝા બંને પર અમલ થશે. અમુક હઝરાત જણાવે છે કે સામાન્ય સંજોગોમાં દુઆ માગવી બેહતર છે કે એમાં બંદગીનું પ્રદર્શન છે. એટલા માટે સર્વ અંબિયા ખાસ કરીને હુઝૂર સૈયદુલ અંબિયા ﷺએ દુઆ માગી છે. પણ ઈમ્તેહાનના વખતે રઝા બિલ ક઼ઝા અફઝલ છે, એટલા માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ નમરૂદની આગમાં જતી વખતે દુઆ ન માગી બલ્કે હઝરત જિબ્રઈલના અર્ઝ કરવા પર ફર્માવ્યું, کفانی عن سوالی علمہ بحالی જેથી બંને પ્રકારના બનાવો આપસમાં વિરોધીભાસી નથી. (અઝ : લમ્આત મઅ ઝિયાદા) દુઆ કરવા તથા ત્યજવા વિશે અન્ય પણ ખુલાસાઓ કરવામાં આવેલ છે, પણ આ ખુલાસો ખૂબ જ બેહતર છે. હાલતો વિવિધ છે, જેવા સંજોગો તેવા અમલ.

**★ હદીષ : (૧)-૨૨૨૩ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ مُسْتَجَابَةٌ فَتَعَجَّلَ كُلُّ نَبِيٍّ دَعْوَتَهُ وَإِنِّي اخْتَبَأْتُ دَعْوَتِي شَفَاعَةً لِأُمَّتِي إِلَى يومِ القِيامةِ فَهِيَ نَائِلَةٌ إِنْ شَاءَ اللَّهُ مَنْ مَاتَ مِنْ أُمَّتِي لَا يُشْرِكُ بِاللَّهِ شَيْئًا» . رَوَاهُ مُسلم وللبخاري أقصر مِنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દરેક નબીની એક દુઆ ખાસ ક઼બૂલ થાય છે, તો દરેક નબીએ પોતાની તે દુઆ અહીં ઉપયોગમાં લઈ લીધી[૧]. અને મેં મારી દુઆ ક઼યામતના દિવસના માટે બચાવીને રાખી મારી ઉમ્મતની શફાઅતના માટે. જેથી મારી એ દુઆ انشاءاللہ મારા દરેક તે ઉમ્મતીને પહોંચશે જે એ રીતે મરે કે રબ તઆલાની સાથે કોઈને શરીક ન કરતો હોય[૨]. (મુસ્લિમ) અને બુખારીમાં કાંઈક સંક્ષિપ્તમાં છે."*

**૧.** એટલે કે આમ તો અંબિયાએ કિરામની લગભગ દુઆઓ ક઼બૂલ જ છે પણ રબ તઆલાની તરફથી દરેક નબીને એક ખાસ દુઆ અતા થાય છે જેના વિશે રબ તઆલાનો પાકો વાયદો હોય છે કે અમે જરૂર ક઼બૂલ કરીશું. સર્વ નબીઓએ પોત પોતાની દુઆઓ દુનિયામાં વાપરી કાઢી. કોઈ બુઝુર્ગે કાફિરોની હલાકત (તબાહી)ના માટે, જેમ કે હઝરત નૂહ, હઝરત સાલેહ, લૂત તથા હૂદ عَلَيْهِمُ السَّلَامُ અને અમુક નબીઓએ કોઈ અન્ય મકસદ માટે વાપરી કાઢી. જેમ કે હઝરત ઈબ્રાહીમ, ઈસ્માઈલ, યાકૂબ તથા યૂસુફ عَلَيْهِمُ السَّلَامُ. કોઈ બુઝુર્ગે પોતાની દુઆ કોઈ મક઼સદમાં

વપારી લીધી. આ ઘણુ જ વિસ્તારપૂર્વકનો વિષય (લખાણ) છે. *(અશિઅતુલ લમ્આત)*

**૨.** એટલે કે મેં મારી તે દુઆ અહીં ઉપયોગમાં ન લીધી, બલ્કે ક્યામતના માટે રહેવા દીધી છે. એનાથી મારી ઉમ્મતની શફાઅત કરીશ અને એનો જ ફાયદો દરેક તે શખ્સ ઉઠાવશે જેને ઈમાન પર ખાત્મો નસીબ થાય. યાદ રાખશો કે આવા મોકા પર શિર્ક ન કરવાથી મુરાદ કુફ્ર ન કરવું છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ۔۔الخ (બેશક ! અલ્લાહ એને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે. *–સૂરએ નિસાઅ્, ૪/૪૮)* જેથી આ હદીષથી એ લાઝિમ નથી કે હુઝૂરે અન્વર ﷺની શફાઅત મિર્ઝાઈઓ, ચકળાલ્વીઓ વગેરે મુર્તદોને પહોંચશે કે એ લોકો મુશ્રિક તો નથી.

**★ હદીષ : (૨)-૨૨૨૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اللَّهُمَّ إِنِّي اتَّخَذْتُ عِنْدَكَ عَهْدًا لَنْ تُخْلِفَنِيهِ فَإِنَّمَا أَنَا بَشَرٌ فَأَيُّ الْمُؤْمِنِينَ آذَيْتُهُ شَتَمْتُهُ لَعَنْتُهُ جَلَدْتُهُ فَاجْعَلْهَا لَهُ صَلَاةً وَزَكَاةً وَقُرْبَةً تُقَرِّبُهُ بِهَا إِلَيْكَ يَوْمَ الْقِيَامَةِ»

*''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈલાહી ! મેં તારાથી એક વાયદો લઈ લીધો છે કે તું કદાપિ એની વિરુદ્ધ કરીશ નહીં[૧] કે હું બશર (માનવી) છું, જેથી જે મુસલમાનને હું ઈજા આપી દઉં, તેને બુરો કહી દઉં, બદ્દુઆ કરી દઉં, કોરડો મારી દઉં તો તું એના માટે રહમત તથા પાકી તથા કુર્બત બનાવ કે જેના થકી તેને ક્યામતના દિવસે પોતાની નજીક કર[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** જાહેર એ છે કે અહદથી મુરાદ દુઆ છે અને આ કલામે અખ્બાર નથી બલ્કે ઈન્શાઅ્ છે. એટલે હે મૌલા ! હું તારાથી દુઆ કરું છું. મને યકીન છે કે તું મારી દુઆ રદ કરીશ નહીં. કેમ કે નબીની દુઆ રદ નથી થતી. તેમની દુઆ અહદે ઈલાહીની જેમ છે જેના વિરુદ્ધ થવાની સંભાવના નથી. *(મિર્કાત)*

**૨.** કેમ કે તેં મારી અંદર બશરિયત પણ અમાનત રાખેલી અને બશરિયત માટે ગુસ્સો પણ લાઝિમ છે. જો કોઈ વખતે હું ગુસ્સામાં કોઈ ઝબાની કે શારીરિક તકલીફ પહોંચાડી આપું તો તું મારી બદ્દુઆ કે મારા મારને એ શખ્સના માટે રહમત બનાવી દેજે. મારી બદ્ દુઆને ઉલ્ટી કરીને લગાડજે. આ પાક ફર્માનથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂરે અન્વર ﷺએ પોતાની બદ્ દુઆઓને જે કોઈ ઉમ્મતીના માટે થઈ જાય ખુદ દુઆ બનાવી લીધી કે અર્ઝ કરી, હે ખુદા ! એ બદ્ દુઆઓ મારી કબૂલ ન કર બલ્કે એનાથી ઉલ્ટુ કરી દે. **બીજુ** એ કે નબી જો કોઈના પર વિના કારણે સખ્તી કરી દે, બુરો કહી દે, મારી દે તો તેમના પર કેસાસ નથી. જુઓ મૂસા علیہ السلامએ હારૂન علیہ السلامની દાઢી પણ પકડી લીધી અને વાળો વડે પકડીને ઘસેડયા, પણ કેસાસ નથી આપ્યો. **ત્રીજુ** એ કે હઝરત અમીર મુઆવિયહને હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ એમનુ પેટ ન ભરે. આ બદ્ દુઆ યકીનન ! તેમને દુઆ થઈને લાગી કે ગરીબ હતા,પછી એટલા મોટા માલદાર થઈ ગયા કે ઈમામ હસન તથા હુસૈન رضی اللہ عنہما અને હઝરત અલીના ભાઈ અકીલને લાખો રૂપિયા નઝરાણાં આપતા રહેતા હતા. જુઓ અમારી કિતાબ અમીર મુઆવિયહ્. યાદ રાખશો કે આ સર્વથી તે બદ્ દુઆઓ તથા સજાઓ મુરાદ છે જે ગૈર મુસ્તહિક્ને આપવામાં આવે અને શક્ય છે કે આમ બદ્ દુઆઓ તથા સજાઓ મુરાદ હોય. મુસ્તહિક્ને આપવામાં આવે કે ગૈર મુસ્તહિક્ને, એ શર્તે કે તે મુસલમાન હોય (અશિઅહ) અહીં મિર્કાતે ફર્માવ્યું કે એકવાર હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ હુઝૂરે અન્વર ﷺથી કોઈ ચીજ ખૂબ જ આગ્રહપૂર્વક માગી અને સરકારનો દામન પાછળથી પકડીને ખેંચ્યો કે મને એ

ચીજ આપીને જાવ. હુઝૂરે અકરમ ﷺના મોંઢેથી નીકળ્યું કે તમારા હાથ તૂટી જાય ! હઝરત અમીરુલ મો'મિનીન ગમગીન બેસી ગયા. ત્યારે હુઝૂરે અન્વર ﷺએ આ દુઆ માગી. અમુકને ફર્માવી દીધું : عقرٰی حلقٰی અમુકને ફર્માવી દીધું : رغم انف ابی ذر

**★ હદીષ : (૩)-૨૨૨૫ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا دَعَا أَحَدُكُمْ فَلَا يَقُلْ: اللهُمَّ اغفِرْ لِي إِنْ شِئتَ ارْحمْنِي إِنْ شِئتَ ارزُقْنِي إِنْ شِئْتَ وَلِيَعْزِمْ مَسْأَلَتَهُ إِنَّه يفعلُ مَا يَشَاء وَلَا مكره لَهُ ". رَوَاهُ الْبُخَارِيّ

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ દુઆ માગે તો એવું ન કહે, ઈલાહી ! જો તું ચાહે તો મને બખ્શી આપ, જો તું ચાહે તો મારા પર રહમ કર, જો તું ચાહે તો મને રોજી આપ[૧] બલ્કે પૂરા નિશ્ચયપૂર્વક દુઆ માગે, કેમ કે રબ તઆલા જે ચાહે છે તે કરે છે. એને કોઈ મજબૂર નથી કરી શકતું[૨].*

*(બુખારી)*

**૧.** કેમ કે એ શબ્દો વડે કાંઈક નિઃઆકર્ષણ જાહેર થાય છે. મતલબ એ નીકળે છે કે મને એ ચીજની જરૂરત તો નથી પરંતુ જો તું ચાહે છે તો આપી દે. ત્યાં દિલનું આકર્ષણ જોવામાં આવે છે.

**૨.** એટલે કે તમે દિલના યક઼ીનની સાથે દુઆ કરો અને અર્ઝ કરો કે મને જરૂર અતા કરી આપ. રહી અતાની વાત તો એ તો એના કરમ પર જ મૌકૂફ છે. તમે પોતે તો ક઼બૂલ થવાનું યક઼ીન રાખો.

**★ હદીષ : (૪)-૨૨૨૬ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا دَعَا أَحَدُكُمْ فَلَا يَقُلِ: اللَّهُمَّ اغْفِرْ لِي إِنْ شِئْتَ وَلَكِنْ لِيَعْزِمْ وَلْيُعَظِّمِ الرَّغْبَةَ فَإِنَّ اللَّهَ لَا يَتَعَاظَمُهُ شيءٌ أعطاهُ ". رَوَاهُ مُسلم

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ દુઆ માગે તો એવું ન કહે કે ઈલાહી ! જો તું ચાહે તો મને બખ્શી આપ. પરંતુ નિશ્ચય કરે અને ખૂબ જ લાલચ કરે[૧]. કેમ કે રબ તઆલાની નજીક કોઈ ચીજ મોટી નથી, જે ચાહે આપી દે[૨].'' (મુસ્લિમ)*

**૧.** દા.ત. કહે કે ખુદા યા ! આ ચીજ મને જરૂર આપી દે. એની મારે જરૂરત છે. હું તારા દરવાજેથી લઈને જ ઉઠીશ. બતાવ ! તારા સિવાય મારો કયો દરવાજો છે... વગેરે વગેરે. હુઝૂરે અન્વર ﷺથી એ જ પ્રમાણે માગો. (શેઅર)

اگر می رانیم از در بمن بنما در دیگر ۔ کجا نالم کرا خوانم اغثنی یارسول اللہ

**અર્થાત :** જો મને પોતાના દરથી હટાવો તો બીજુ દર બતાવો કોને પૂકારું, ક્યાં રડું, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ ફર્માવો.

**૨.** એટલે કે જે ચીજ આપણા માટે મુશ્કિલથી મુશ્કિલ છે તે રબ તઆલા માટે આસાન છે. **જો સર્વ જહાનની સર્વ તમન્નાઓ પૂરી કરી આપે તો એ સર્વ તેના કરમના સમંદરના એક ટીપા બલ્કે તેનાથી પણ ઓછુ છે.** તેના કુન ફર્માવી દેવામાં આપણો બેડો પાર છે.

★ હદીષ : (૫)-૨૨૨૭ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يُسْتَجَابُ لِلْعَبْدِ مَا لَمْ يَدْعُ بِإِثْمٍ أَوْ قَطِيعَةِ رَحِمٍ مَا لَمْ يَسْتَعْجِلْ» . قِيلَ: يَا رَسُولَ اللّٰهِ مَا الِاسْتِعْجَالُ؟ قَالَ: " يَقُولُ: قَدْ دَعَوْتُ وَقَدْ دَعَوْتُ فَلَمْ أَرَ يُسْتَجَابُ لِي فَيَسْتَحْسِرُ عِنْدَ ذَلِكَ وَيَدَعُ الدُّعَاءَ ". رَوَاهُ مُسلم

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, બંદાની દુઆ ક઼બૂલ થાય છે જ્યાં સુધી ગુનાહ કે સગાંથી સંબંધ કટ કરવાની NJV FG DFU[1]. જ્યાં સુધી કે ઉતાવળથી કામ ન લે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم ઉતાવળ શું છે ? ફર્માવ્યું, એ કે કહે, મેં દુઆ માગી પણ મને ઉમ્મીદ નથી ક઼બૂલ થાય. જેથી એના પર દિલ તંગ થઈ જાય અને દુઆ માગવાનું છોડી આપે[2].'' (મુસ્લિમ)*

**૧.** એનાથી જાણવા મળ્યું કે ગુનાહની દુઆ ન માગે કે હે ખુદા ! મને શરાબ પીવાનું નસીબ કર અથવા ફલાણાને ક઼ત્લ કરી દેવાનો મોક઼ો આપ. તેમજ જે સંબંધોને જોડવાનો હુકમ છે તેને તોડવાની દુઆ ન કરે, કે ખુદા યા ! મને મારાથી બાપથી દૂર રાખ. અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે અશક્ય ચીજોની દુઆ માગવુ પણ મના છે. જેવી રીતે ખુદા મને દુનિયામાં આંખો વડે તારા દીદાર કરાવી દે. ફલાણા મુસલમાનને હમેશાં દોઝખમાં રાખ અથવા ફલાણા કાફિરને બખ્શી દે. એટલા માટે **કાફિરો તથા મુર્તદોને મર્હૂમ, મગફૂર કે** رحمۃ اللہ علیہ **કહેવું જુર્મ છે.** મતલબ હદીષનો એ છે કે દુઆની ક઼બૂલિયતની એક શર્ત એ છે કે નાજાઈઝ ચીજોની દુઆ ન કરે, નહીં તો ક઼બૂલ થશે નહીં.

**૨.** એટલે કે દુઆ ક઼બૂલ થવાની બીજી શરત એ છે કે જો દુઆ ક઼બૂલ થવામાં વાર લાગે તો દિલ સંકૂચિત (તંગ) ન થાય ન નિરાશ. જુઓ હઝરત મૂસા તથા હારૂન علیہما السلام ની દુઆ કે ખુદા ફિરઔનને હલાક (નષ્ટ) કરી દે, જે ચાલીસ વરસો પછી ક઼બૂલ થઈ. એટલે કે ક઼બૂલિયતનું પ્રદર્શન આટલા અરસા પછી થયું. યાકૂબ علیہ السلام યૂસુફ علیہ السلام ના વિરહમાં ચાલીસ કે એંસી વરસો સુધી રડયા પણ રબ તઆલાની રહમતથી નિરાશ ન થયા, બલ્કે પોતાનાં બાળકોને કહ્યું, وَلَا تَايْـَٔسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ ''બાળકો ! અલ્લાહની રહ઼મતથી નિરાશ ન થાવ.'' (સૂરએ યૂસુફ, ૧૨/૮૭) સારાંશ કે **દરેક કામનો એક સમય છે. દુઆ માગતો રહે, માગવું બંદાનું કામ છે અને આપવું રબ તઆલાનું કામ છે.** પોતાના કામને તેના કામ પર મૌકૂફ ન કરો. (શેઅર) :

حافظ وظیفه تو دعا کردن است و بس — دربند آں مباش که شنید یا نه شنید

**અર્થાત** : ''હાફિઝ'' તારુ કામ માત્ર દુઆ કરવાનું છે અને ચિંતા ન કર કે અલ્લાહ તઆલાએ તારી દુઆ ક઼બૂલ કરી છે કે નથી કરી.

દુઆ ક઼બૂલ થવાના ઘણા પ્રકારો છે : હેતુ મળી જવો, દુઆની બરકતથી કોઈ આફત ટળી જવી, દુઆનો સવાબ મળી જવો, દરજા બુલંદ થઈ જવા. જે કાંઈ થઈ જાય પણ આપણો હેતુ હાંસલ છે.

★ હદીષ : (૬)-૨૨૨૮ ★

وَعَنْ أَبِي الدَّرْدَاءِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " دعوةُ الْمُسْلِمِ لِأَخِيهِ بِظَهْرِ الْغَيْبِ مُسْتَجَابَةٌ عِنْدَ رَأْسِهِ مَلَكٌ مُوَكَّلٌ كُلَّمَا دَعَا لِأَخِيهِ

*''હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, મુસલમાનની પોતાના મુસલમાન ભાઈના માટે તેની પીઠ પાછળની દુઆ જરૂર ક઼બૂલ છે[1]. તેના માથાની પાસે ફરિશ્તો નિયુક્ત હોય છે[2] કે તે જ્યારે પોતાના ભાઈના માટે*

بِخَيْرٍ قَالَ الْمَلَكُ الْمُوَكَّلُ بِهِ: آمِينَ وَلَكَ بِمِثْلٍ ". رَوَاهُ مُسلم

*દુઆએ ખૈર કરે છે તો નિયુક્ત થયેલ ફરિશ્તો કહે છે, "આમીન ! અને તને પણ એના જેવું મળે[૩]." (મુસ્લિમ)*

**૧.** કોઈની સામે એના માટે દુઆ કરવામાં ચાપલૂસી, ખુશામદ, રિયા વગેરેની સંભાવના છે, પણ પીઠ પાછળની દુઆમાં એવી કોઈ સંભાવના નથી. એમાં ઈખ્લાસ જ હશે. એટલા માટે પીઠ પાછળની શરત રાખી. એનાથી જાણવા મળ્યું કે મુસલમાન ભાઈની ખિદમત બેહતરીન ઈબાદત છે, અને તેનું ભલુ ઈચ્છવું (ખૈર ખ્વાહી) બેહતરીન અમલ છે.

**૨.** આ ફરિશ્તો કોઈ અન્ય ફરિશ્તો છે કે જેની જિન્મમેદારીમાં એ જ ખિદમત છે કે આવી દુઆઓ પર આમીન કહ્યા કરે. મુહાફિઝ કે અમલ લખનાર ફરિશ્તો નથી. એ ફરિશ્તા તો ડાબે જમણે દરેક સમયે રહે છે.

**૩.** એટલે કે તમે મુસલમાન ભાઈના માટે દુઆ કરો તો ફરિશ્તો તમારા માટે દુઆ કરશે. જો તમારે ફરિશ્તાની દુઆ લેવી છે તો અન્યોને દુઆ આપો. અમુક બુઝુર્ગ જ્યારે કોઈ દુઆ કરવા ચાહે છે તો પ્રથમ અન્ય લોકો માટે દુઆ કરે છે અને પોતાના માટે પણ એમાં બહુવચનના સેગા (સૂચક) સાથે દુઆ કરે છે. આ અમલોનો માખઝ આ હદીષ છે. આ અમલ પણ છે કે પ્રથમ પોતાના માટે દુઆ કરી લે પછી બીજાઓના માટે. ربّ اغفرلی ولوالدیّ

**★ હદીષ : (૭)-૨૨૨૯ ★**

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَدْعُوا عَلَى أَنْفُسِكُمْ وَلَا تَدْعُوا على أَوْلَادكُم لَا تُوَافِقُوا مِنَ اللَّهِ سَاعَةً يُسْأَلُ فِيهَا عَطَاءً فَيَسْتَجِيبَ لَكُمْ» . رَوَاهُ مُسْلِمٌ وَذَكَرَ حَدِيثَ ابْنِ عَبَّاسٍ: «اتَّقِ دَعْوَةَ الْمَظْلُومِ» . فِي كِتَابِ الزَّكَاة

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ન પોતાની જાનો પર બદ્ દુઆ કરો અને ન પોતાની ઔલાદ પર અને ન પોતાના માલો પર[૧]. એવું ન બને કે સંજોગોવસાત તે એવી ઘડી હોય જેમાં અલ્લાહથી જે માગવામાં આવે તે મળે અને તમારી એ જ દુઆ કૂબૂલ થઈ જાય[૨]. (મુસ્લિમ) અને હઝરત ઈબ્ને અબ્બાસની એ હદીષ કે મઝલૂમની બદ્દુઆથી બચો. કિતાબુઝ્ ઝકાતમાં વર્ણવવામાં આવી ચૂકી છે."*

**૧.** દુઆ પછી علیٰ જો આવે તો એ દુઆ બદ્દુઆના અર્થમાં હોય છે, અને લામ આવે તો દુઆએ ખૈરના અર્થમાં હોય છે. અહીં علیٰ છે. મતલબ એ છે કે ગુસ્સા અથવા જુસ્સામાં પોતાની જાન, ઔલાદને ન કોસો. માલ, જાનવર, ગુલામની બર્બાદીની દુઆ ન કરી બેસો. આ હદીષથી તે લોકો બોધ લે જેઓ આવી બદ્દુઆના આદી બની ચૂક્યા છે. વાત વાતમાં કહે છે મરી જઉં તો નાબૂદ થાય, તને સાપ કરડે, તને ગોળી વાગે, મઆઝલ્લાહ ! અને જો કોઈ એવી દુર્ઘટના બની જાય તો પછી માથુ પકડીને રડે છે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે કૂબૂલિયતની ઘડી કેવળ જુમ્આ અથવા શબે કૃદ્ર કે આખરી રાતમાં જ નથી બલ્કે અન્ય સમયમાં પણ હોય છે. પણ કદી કદી તો દરેક ઘડીમાં સંભાવના છે કે તે કૂબૂલિયતની હોય, એટલા માટે હમેશાં સારી દુઆઓ જ માગે, કદી બદ્દુઆ મોંઢેથી ન કાઢે. યાદ રાખશો "લિઆન"માં, એ જ પ્રમાણે "મુબાહિલા"માં પોતાને બદ્દુઆ આપવી હક્કના ઈઝહારના માટે હોય છે, તે કેવળ બદ્દુઆ નથી હોતી, ત્યાં એ

કહેવામાં આવે છે કે જો હું હક્ક઼ પર ન હોઉં તો હલાક (બર્બાદ) થઈ જઉં. જેથી આ હદીષ લિઆનની આયત તથા મુબાહિલાની આયતની વિરુદ્ધ નથી, તે આયતો એના સ્થાને હક્ક઼ છે.

## (વિભાગ : ૨) الفصل الثانى

**★ હદીષ : (૮)-૨૨૩૦ ★**

عَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:«الدُّعَاءُ هُوَ الْعِبَادَةُ»ثُمَّ قَرَأَ:(وَقَالَ رَبُّكُمُ ادْعُونِي أَسْتَجِبْ لَكم)رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجه

*"હઝરત નોઅમાન બિન બશરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દુઆ જ ઈબાદત છે[1] પછી આ આયત તિલાવત કરી કે તમારો રબ ફર્માવે છે, મારાથી દુઆ માગો હું તમારી દુઆ ક઼બૂલ કરીશ[2] ." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** الدعاءમાં અલિફ લામ અહદી છે. એટલે અલ્લાહથી દુઆ કરવી પણ ઈબાદત છે કે એમાં પોતાની બંદગી અને રબની રબૂબિયતનો ઈકરાર તથા ઈઝહાર છે. એ જ ઈબાદત છે જેથી એના પર પણ સવાબ મળશે. જેથી એનો મતલબ એ નથી કે કોઈ બંદાથી કાંઈ માગવું જાણે કે તેની ઈબાદત છે એ શિર્ક છે. જેથી હુઝૂરે અન્વર ﷺથી માગવું, હાકિમથી, હકીમથી, માલદારોથી કાંઈ માગવું ન ઈસ્તેલાહી દુઆ છે, અને ન કુફ્ર તથા શિર્ક છે. બંદાઓ બંદાઓથી દવા દારૂ, દુઆ માગતા જ રહેતા હોય છે. સારાંશ કે શરઈ દુઆ અલગ છે અને લુગ્વી (શાબ્દિક) દુઆ અલગ છે. અને જેવી રીતે સલાતે શરઈ અલગ છે એટલે નમાઝ, દુઆએ લુગવી કાંઈ અલગ નુઝૂલે રહમત, દુઆએ રહમત વગેરે રબ તઆલા ફર્માવે છે : أَقِيمُوا الصَّلٰوةَ અહીં સલાતે શરઈ મુરાદ છે અને صلوا عليه સલાતે લુગ્વી મુરાદ છે. અથવા એવું કહો કે બંદાઓથી દુઆ માગવી રબ તઆલાની ઈબાદત છે ન કે તે બંદાઓની. જેમ કે કા'બા તરફ સિજદો કરવો રબ તઆલાની ઈબાદત છે ન કે કા'બાની. મતલબ કે આ હદીષ વહાબીઓની દલીલ નથી થઈ શકતી.

**૨.** આ આયત શહાદતના રૂપે પેશ કરી કે જેવી રીતે રબ તઆલાએ નમાઝ, રોઝાનો હુકમ આપ્યો છે એવી જ રીતે દુઆનો હુકમ આપ્યો છે. અને એના પર ક઼બૂલિયતનો વાયદો કર્યો છે. પ્રથમ અર્ઝ કરવામાં આવી ચૂક્યું છે કે દુઆની ક઼બૂલિયતની ત્રણ સ્થિતિઓ છે : હેતુ પૂરો કરી દેવો, કોઈ આફત ટાળી દેવી, દરજાઓ વધારી આપવા વગેરે. એના બાદ રબ તઆલા ફર્માવે છે : إِنَّ الَّذِينَ يَسْتَكْبِرُونَ عَنْ عِبَادَتِي (બેશક ! તે જેઓ મારી ઈબાદતથી ઉંચે ખેંચે છે એટલે તકબ્બુર કરે છે, નજીકમાં જહન્નમમાં જશે ઝલીલ થઈને. –સૂ.ગાફિર, ૬૦/૬) દુઆ બાદ ઈબાદતનો ઉલ્લેખ કરવાથી માલૂમ પડયું કે દુઆ ઈબાદત છે. યાદ રાખશો કે દુઆ માગવી મોટાભાગે મુસ્તહબ છે, વાજિબ નથી. જેથી આયતની આ ચેતવણી એના માટે છે જેઓ તકબ્બુરથી દુઆ નથી માગતા, કે એ તો કુફ્ર છે.

**★ હદીષ : (૯)-૨૨૩૧ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «الدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દુઆ ઈબાદતનું મગ્ઝ છે[1]."*

**૧.** એટલે દુઆ ઈબાદતનો રુકને આ'લા (ઉચ્ચ સ્તંભ) છે. જેવી રીતે મગ્ઝ (માવા) વગરનું હાડકુ, માવા

વગરનું છીલકાની કોઈ કિંમત નથી એવી જ રીતે દુઆથી ખાલી ઈબાદતની કોઈ કિંમત નથી. રબ તઆલા માગવાને પસંદ કરે છે. જેમ કે હુઝૂર અન્વર ﷺ ફર્માવે છે : الحج عرفة "હજ્જ અરફાનું નામ છે." એટલે કે અરફાતનું રોકાણ હજ્જનો ઉત્તમ રુકન છે. ઈબાદત નામ છે પોતાની અતિશય કક્ષાની આજીજી, રબ તઆલાની અતિશય કક્ષાની અઝમતના ઈઝહારનું. દુઆમાં આ બંનેવ ચીજો ઉચ્ચતમ કક્ષાએ મૌજૂદ છે કે એમાં બંદો ઈક્રાર કરે છે કે હું કાંઈ નથી, તું કરીમ છે, ગની છે, એટલા માટે હું તારા દરવાજે હાથ ફેલાવીને આવ્યો છું.

**★ હદીષ : (૧૦)-૨૨૩૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ شَيْءٌ أَكْرَمَ عَلَى اللَّهِ مِنَ الدُّعَاءِ»

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહને ત્યાં દુઆથી વધીને કોઈ ચીજ મોંઘેરી નથી[1]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે."*

**૧.** રબ ખુદ ફર્માવે છે : قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّي لَوْلَا دُعَآؤُكُمْ (તમે ફર્માવો, તમારી કાંઈ કદર નથી મારા રબને ત્યાં જો તમે એને ન પૂજો." *(સૂરએ ફુર્કાન, ૨૫/૭૭)* જો તમારી દુઆઓ ન હોય તો રબ તઆલા તમારી પરવા પણ ન કરે. જાણવા મળ્યું કે જો આપણી બારગાહે ઈલાહીમાં કાંઈ ક્દર તથા કિંમત છે તો દુઆઓની બરકતથી છે. દુઆમાં સર્વ ઈબાદત પણ સામેલ છે કે તે પણ બિલ વાસ્તા દુઆઓ છે. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી ! اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ("બેશક અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાળો તે જે તમારામાં અધિક પરહેઝગાર છે." –સૂરએ હુજુરાત, ૪૯/૧૩) કે દુઆ પણ તક્વાનો રુકન છે.

**★ હદીષ : (૧૧)-૨૨૩૩ ★**

وَعَنْ سَلْمَانَ الْفَارِسِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَرُدُّ الْقَضَاءَ إِلَّا الدُّعَاءُ وَلَا يَزِيدُ فِي الْعُمْرِ إِلَّا الْبِرُّ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ક્ઝાને દુઆ સિવાય કોઈ ચીજ નથી પલટાવતી[1]. અને નેક સુલૂકના સિવાય કોઈ ચીજ ઉમર નથી વધારતી[2]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે દુઆની બરકતથી આવનારી બલા ટળી જાય છે. દુઆએ દરવેશાં રદ બલા ક્ઝા. મુરાદ મુઅલ્લક્ તકદીર છે. અથવા મુઅલ્લાહ મુશાબિહ બિલ મુબરમ, કે એ બંનેવમાં તબદીલી તથા ફેરફાર થતો રહે છે. તક્દીરે મુબરમ કોઈ રીતે ટળતી નથી. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી :

اِذَا جَآءَ اَجَلُهُمْ فَلَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ (જ્યારે એમનો વાયદો આવશે તો એક ઘડી ન પાછળ હટે ન આગળ વધે." સૂરએ યૂનુસ, ૧૦/૪૯) કહેવામાં આવે છે કે તાવ આવી ગયો હતો દવાથી ઉતરી ગયો. દવાએ તક્દીરે મુબરમને નથી બદલી નાખી બલ્કે એની અસરથી ચઢેલો તાવ ઉતરી ગયો. તક્દીરમાં એવું લખ્યું હતું કે એને તાવ આવશે અને જો ફલાણી દવા કરશે તો તાવ ઉપરી જશે. એના અન્ય પણ અર્થો કરવામાં આવ્યા છે પણ આ ખુલાસો બેહતર છે.

**૨.** એટલે કે લોકો સાથે સદ્વર્તાવ કરવો, ખાસ કરીને મા બાપ તથા સગા વહાલાં સાથે સારો વર્તાવ કરવો

ઉમર વધારી દે છે. તેની પણ એ જ સ્થિતિ છે કે જે હમણા વર્ણન કરવામાં આવી છે. રબ તઆલા ફર્માવે છે : وَمَا يُعَمَّرُ مِنْ مُّعَمَّرٍ وَّلَا يُنْقَصُ مِنْ عُمُرِهٖۤ اِلَّا فِيْ كِتٰبٍ (અને મોટી ઉમરવાળાને ઉમર આપવામાં આવે અથવા જે કોઈની ઉમર ઓછી રાખવામાં આવે, એ સર્વ એક કિતાબમાં છે. સૂરએ ફાતિર, ૩૫/૧૧) જાણવા મળ્યું કે ઉમરમાં વધ ઘટ થાય છે.

અને ફર્માવે છે : يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ ۖ وَعِنْدَهٗۤ اُمُّ الْكِتٰبِ (અલ્લાહ જે ચાહે મિટાવે અને સાબિત (કાયમ) કરે છે અને અસલ લખેલુ એની પાસે. સૂરએ રઅદ, ૧૩/૩૯) જાણવા મળ્યું કે તક્દીરમાં નષ્ટ થવું તથા બાકી રહેવું થાય છે. ખુલાસો એ છે કે એક છે અલ્લાહનો ઈલ્મ, એક છે અલ્લાહ તઆલાના ફરિશ્તાઓને ઈલ્મ મળવું લખાણ થકી હોય કે વિના લખાણે. એ બંનેનું નામ તક્દીર જ તો છે, પણ પ્રથમ તક્દીરમાં તબદીલી સદંતર અશક્ય છે, બીજી તક્દીરમાં તબદીલી શક્ય છે, બલ્કે થાય છે. એની પૂરી તેહકીક઼ અમારી કિતાબ "તફસીરે નઈમી" ભાગ–૩માં જુઓ. હઝરત દાઊદ عليه السلامની ઉમર આદમ عليه السلامની દુઆથી સાઈઠ વરસથી સો વરસ થઈ ગઈ.

**★ હદીષ : (૧૨)–૨૨૩૪ ★**

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الدُّعَاءَ يَنْفَعُ مِمَّا نَزَلَ وَمِمَّا لَمْ يَنْزِلْ فَعَلَيْكُمْ عِبَادَ اللّٰهِ بِالدُّعَاءِ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهماથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દુઆ નાઝિલ થયેલી આફતમાં પણ લાભકારક છે અને એ બલામાં પણ જે ન ઉતરી હોય[૧]. તો હે અલ્લાહના બંદાઓ ! દુઆને મજબૂતીથી પકડો[૨]." (તિર્મિઝી)*

**★ હદીષ : (૧૩)–૨૨૩૫ ★**

وَرَوَاهُ أَحْمَدُ عَنْ مُعَاذِ بْنِ جَبَلٍ. وَقَالَ التِّرْمِذِيّ هَذَا حَدِيث غَرِيب

*"અને અહમદે મઆઝ ઈબ્ને જબલની રિવાયતથી અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."*

**૧.** એટલે કે દુઆના બે ફાયદા છે : એક એ કે એની બરકતથી આવેલી બલા ટળી જાય છે. બીજુ એ કે આવનારી બલા રોકાઈ જાય છે. જેથી કેવળ બલા આવવા પર જ દુઆ ન કરો બલ્કે દરેક સમયે દુઆ માગો કદાચ કોઈ બલા આવનારી હોય તો એ દુઆથી રોકાય જાય. એનો મતલબ એ જ છે જે હમણા વર્ણન થયો કે આ સૌ મુઅલ્લક તક્દીરના વિશે છે.

**૨.** એ રીતે કે અત્યારે દુઆ માગો, દુઆના માટે બલા આવવાની રાહ ન જુઓ કે જ્યારે આફત આવશે તો દુઆ માગી લઈશું. ઈમામ ગિઝાલી ફર્માવે છે કે જેવી રીતે ઢાલ હથિયારનો વાર રોકી દે છે અને જેવી રીતે પાણી લાગેલી તરસને મિટાવી દે છે. એટલે કે ઢાલ અને પાણી એના સબબો છે એ જ પ્રમાણે દુઆ આવેલી બલાનો વાર રોકી લે છે અને લાગેલી આગને બુઝાવી દે છે. સબબો પણ રબ તઆલાની તરફથી છે અને સબબો પેદા કરનાર પણ તે જ છે. રબ તઆલા ફર્માવે છે : وَلْيَاْخُذُوْۤا اَسْلِحَتَهُمْ (અને જોઈએ કે પોતાની પનાહ અને પોતાનાં હથિયાર લઈને રહે." સૂરએ નિસાઅ્, ૪/૧૦૨) જંગમાં પોતાનો બચાવ તથા હથિયાર લઈને જાવ. જેથી દુનિયામાં પણ માણસ દુઆઓનો બચાવ અને નેક અમલનાં હથિયાર લઈને રહે, નહીં તો આફત કચડી નાખશે.

**★ હદીષ : (૧૪)-૨૨૩૬ ★**

وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ أَحَدٍ يَدْعُو بِدُعَاءٍ إِلَّا آتَاهُ اللَّهُ مَا سَأَلَ أَوْ كَفَّ عَنْهُ مِنَ السُّوءِ مِثْلَهُ مَا لَمْ يَدْعُ بِإِثْمٍ أَوْ قَطِيعَةِ رحم» . رَوَاهُ التِّرْمِذِيّ

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ કોઈ દુઆ માગે તો જરૂર અલ્લાહ તઆલા તેની મોં માગી મુરાદ આપે છે, અથવા એના જેવી કોઈ આફત દૂર કરી દે છે[૧] જ્યાં સુધી ગુનાહ કે કતએ રહમી (સગાઈ કટ કરવાની) દુઆ ન કરે[૨].'' (તિર્મિઝી)*

**૧.** આ હદીષ આ આયતની તફસીર છે કે اُدۡعُوۡنِیۡۤ اَسۡتَجِبۡ لَکُمۡ ''મારાથી દુઆ કરો હું તમારી દુઆ કબૂલ કરીશ.'' (સૂરએ ગાફિર, ૪૦/૬૦) આ હદીષે બતાવ્યું કે દુઆની કબૂલિયતની કેટલીક સ્થિતિઓ છે : એક છે મોં માગી મુરાદ મળી જવી. બીજી એના જેવી આફત ટળી જવી. દા.ત. કોઈને ત્યાં સો રૂપિયાની ચોરી થવાની હતી. એણે અલ્લાહને દુઆ કરી કે, ખુદા યા ! મને સો રૂપિયા આપી દે. તેને સો રૂપિયા તો ન મળ્યા પણ એટલી ચોરી ટળી ગઈ. સાંરાશ દુઆ બેકાર ન થઈ. જેથી માગ્યી મુરાદ ન મળવા પર દિલ તંગ (સંકૂચિત) ન કરવું, કેમ કે અમુક મુરાદો ન મળવી આપણા માટે બેહતર હોય છે.

**૨.** આ દુઆ કબૂલ થવાની શર્ત છે કે માણસ બુરી ચીજની દુઆ ન માગે એ કબૂલ નથી અને ન એ દુઆની આ તાષીરો છે. યાદ રાખશો કે ક્યારેક બંદો બુરી વાત પણ માગી લે છે અને પામી લે છે પણ એ એની દુઆની કબૂલિયત નથી બલ્કે થવાનું એવું જ હતું જેને સંજોગોવસાત તેણે માગી પણ લીધું. તેમજ એ દુઆ પર કોઈ સવાબ નથી મળતો બલ્કે ગુનોહ છે.

**★ હદીષ : (૧૫)-૨૨૩૭ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «سَلُوا اللَّهَ مِنْ فَضْلِهِ فَإِنَّ اللَّهَ يُحِبُّ أَنْ يُسْأَلَ وَأَفْضَلُ الْعِبَادَةِ انْتِظَارُ الْفَرَجِ».رَوَاهُ التِّرْمِذِيّ وَ قَالَ هَذَا حَدِيث غَرِيب

*''હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાથી તેનો ફઝ્લ માગો[૧] કે અલ્લાહ તઆલા માગવાને પસંદ કરે છે[૨]. અને બેહતરીન ઈબાદત રાહતનો ઈન્તેઝાર છે[૩]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** એટલે કે તેનો અદ્લ ન માગો, નહીં તો બર્બાદ થઈ જશો. અદ્લ તે છે જે કામના બદલામાં આપવામાં આવે. ફઝ્લ તે છે જે બદલા રૂપે નહીં પણ કેવળ મહેરબાનીથી આપવામાં આવે. જો રબ તઆલા અદ્લ કરે તો આપણે ગુનેહગાર મોટી સજાના પાત્ર છીએ. ફઝ્લ કરે અને બખ્શી આપે તો તેની મહેરબાની છે. مِنۡ (મિન્) ફર્માવીને એ બતાવ્યું કે તેનો થોડોક ફઝ્લ માગો ન કે બધો, કેમ કે તેનો ફઝ્લ અસીમ છે અને જોલી સીમિત છે. પ્યાલીવાળો આખો સમુદ્ર સમટેવાની કોશિશ ન કરે.

**૨.** અજબની બેનિયાઝ બારગાહ છે. અન્ય સખીઓ માગનારાઓથી ગભરાય જાય છે. રબ તઆલા તે કરીમ છે કે માગનારાઓથી ખુશ થાય છે. દરેક દિલની સાથે તેનુ નવુ રાઝ છે અને એના દરવાજા પર દરેક ભીખારીનો નવો નાઝ તથા અંદાઝ છે. (શેઅર)

اے کہ باہر دل ترا رازے دگر    ہر گدارا بردرت نازے دگر

**અર્થાત** : હે તે જાત કે દરેક દિલ સાથે જેનો ભેદ અલગ હોય છે, તારા દર પર દરેક માગનારના નાઝ અલગ હોય છે.

**૩.** એટલે કે બલામાં સપડાયેલ શિકાયતો કરતો ન ફરે બલ્કે તેની મહેરબાનીની રાહ જુએ. ત્યાં ખાસ આશાવાળાની આશા તોડવામાં નથી આવતી. યાદ રાખશો કે કોઈનાથી દવા કે દુવાની દરખાસ્ત કરવી શિકાયત નથી અને ન આ રાહ જોવાની વિરુદ્ધ છે.

**★ હદીષ : (૧૬)-૨૨૩૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَمْ يَسْأَلِ اللَّهَ يغضبْ عَلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે અલ્લાહ તઆલાથી ન માગે તેના પર અલ્લાહ તઆલા નારાજ થાય છે[૧]."*

**૧.** એટલે કે જે શખ્સ ગુરૂર તથા તકબ્બુર અને પોતાને રબ તઆલાથી બેનિયાઝ સમજીને દુઆ ન માગે તે ગઝબ તથા લઅનતનો મુસ્તહિક છે. ઈબ્રાહીમ علیہ السلام એ આગમાં જતી વખતે દુઆ ન માગી, કેમ કે તે સમજતા હતા કે મારા ઈમ્તેહાનનો સમય છે જેથી ક્યાંક દુઆ કરવી બેસબ્રીમાં ન ગણાય. ફર્માવ્યું, હઝરત રસૂલુલ્લાહ ﷺ એ કે જેને અલ્લાહનો ઝિક્ર કે દુરૂદ શરીફની અતિ અધિક્તા દુઆથી રોકી દે તો તેને દુઆ માગવાવાળાઓ કરતાં અધિક મળશે. આ હદીષ આ બંનેની વિરુદ્ધ નથી.

**★ હદીષ : (૧૭)-૨૨૩૯ ★**

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ فُتِحَ لَهُ مِنْكُمْ بَابُ الدُّعَاءِ فُتِحَتْ لَهُ أَبْوَابُ الرَّحْمَةِ وَمَا سُئِلَ اللَّهُ شَيْئًا يَعْنِي أَحَبَّ إِلَيْهِ مِنْ أَنْ يُسْأَلَ الْعَافِيَةَ» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી જેના માટે દુઆનો દરવાજો ખોલવામાં આવે તો તેના માટે રહમતના દરવાજા ખોલી દેવામાં આવશે[૧]. આફિયત (ભલાઈ)થી વધીને કોઈ ગમે તેવી ચીજ અલ્લાહથી માગવામાં ન આવી હોય જે એને અધિક પ્યારી હોય[૨]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે જેને દરેક સમયે દરેક હાલમાં દુઆઓ માગવાની તૌફીક મળે તો એ એની નિશાની છે કે તેના માટે રબ તઆલાએ રહમતના દરવાજા ખોલી આપ્યા છે. એમાં નિર્દેશરૂપે ફર્માવવામાં આવ્યું કે દુઆની તરફ દિલનું આકર્ષાવું, પછી દુઆ માટે સારા શબ્દો મળી જવા એ રબ તઆલાના જ કરમથી છે. જ્યારે તે કાંઈક આપવા ચાહે છે તો આપણને માગવાની તૌફીક આપે છે.

*મેરી તલબ ભી તુમ્હારે કરમ કા સદકા હૈ–કદમ યહ ઉઠતે નહીં હૈ ઉઠાએ જાતે હૈં*

**૨.** લમ્આતે ફર્માવ્યું કે આફિયતનો અર્થ સલામતી છે. અહીં કામિલ (સંપૂર્ણ) સલામતી મુરાદ છે. એટલે જિંદગી, મૌત, કબ્ર, હશ્રની તમામ જાહેરી બાતિની, નાની મોટી આફતોથી સલામત તથા હિફાઝત. જાહેર વાત છે

કે આ બધુ જામિઉદ્ દુઆ છે. મિર્કાતે ફર્માવ્યું કે રબ તઆલાએ મુસીબતો પેદા જ એટલા માટે કરી છે કે જેથી બંદો તેમનાથી સલામતીની દુઆ માગે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે આફિયત (ભલાઈ) એમાં જ છે જેમાં રબ રાજી છે. જેથી હુઝૂરે અન્વર ﷺનું ખૈબરમાં ઝહેર ખાય લેવું, ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનું મુસ્તફા ﷺના મુસલ્લા પર ખંજર ખાઈને શહીદ થવું, ઉષ્માન ગની رضی اللہ عنہનું કુર્આન પઢતાં પઢતાં ઝબહ થઈ જવું, હુસૈન رضی اللہ عنہનું દાણા પાણી વિના પરવાના જેમ શમ્એ મુસ્તફવી પર નિષાર થઈ જવું સૌ આફિયત જ હતું. જેથી રબ તઆલાથી તે આફિયત માગો જે એના ઈલ્મમાં આપણા માટે આફિયત હોય. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને કોઈ બેહતરીન દુઆ શીખવાડો. ફર્માવ્યું, ચાચા જાન ! અલ્લાહથી દીન તથા દુનિયાની આફિયત માગો.

**★ હદીષ : (૧૮)-૨૨૪૦ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَرَّهُ أَنْ يَسْتَجِيبَ اللَّهُ لَهُ عِنْدَ الشَّدَائِدِ فَلْيُكْثِرِ الدُّعَاءَ فِي الرَّخَاءِ».رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ચાહે કે મુસીબતોના સમયે અલ્લાહ તેની દુઆ કબૂલ કરે તે આરામના જમાનામાં દુઆઓ અધિક માગ્યા કરે[૧].'' (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.*

**૧.** એનું કારણ જાહેર છે કે કેવળ મુસીબતમાં દુઆ માગવી અને રાહતમાં રબ તઆલાથી ગાફેલ થઈ જવું એ સ્વાર્થીપણુ છે. અને દરેક વખતે દુઆ માગવી અબ્દિયત છે. રબને ખુદગર્ઝી (સ્વાર્થીપણુ) નાપસંદ છે, બંદાપણુ પસંદ છે. ખુદ ફર્માવે છે : وَإِذَآ أَنْعَمْنَا عَلَى الْإِنسَانِ أَعْرَضَ وَنَـَٔا بِجَانِبِهِۦ وَإِذَا مَسَّهُ الشَّرُّ فَذُو دُعَآءٍ عَرِيضٍ (અને જ્યારે અમે માણસ પર એહસાન કરીએ છીએ તો મોં ફેરવી લે છે અને પોતાની તરફ દૂર હટી જાય છે, અને જ્યારે તેને તકલીફ પહોંચે છે પહોળી દુઆવાળો છે. –સૂ. ફુસ્સિલાત, ૪૧/૫૧) એ જ પ્રમાણે સ્વાર્થીનો હશ્ર (અંજામ) એ થાય છે કે રબ તઆલા ફર્માવે છે, એના પર મુસીબત રહેવા દો જેથી તે એ બહાને મારા દરવાજા પર હાજર રહે.

**★ હદીષ : (૧૯)-૨૨૪૧ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «ادْعُوا اللَّهَ وَأَنْتُمْ مُوقِنُونَ بِالْإِجَابَةِ وَاعْلَمُوا أَنَّ اللَّهَ لَا يَسْتَجِيبُ دُعَاءً مِنْ قَلْبٍ غَافِلٍ لَاهٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حديثٌ غَرِيب

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહથી દુઆ કરો કબૂલિયતનું યકીન રાખીને[૧] અને જાણી લો કે અલ્લાહ ગાફિલ તથા લાપરવાહની દુઆ કબૂલ નથી કરતો[૨]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** એટલે કે દુઆ કરતી વખતે એ યકીન કરી લો કે રબ તઆલા પોતાના કરમથી મારી આ દુઆ જરૂર કબૂલ કરશે. એવો બારીક નિર્દેશ એ તરફ પણ છે કે દુઆના સમયે કબૂલિયતની સર્વ શરતો તથા દુઆના આદાબ પૂરા કરો જેનાથી તમારા દિલને કબૂલિયતનું યકીન આપો આપ થઈ જાય. પછી સાથોસાથ તેના કરમથી ઉમ્મીદ રાખો. અલ્લાહ તઆલા આશાવાદીઓને નિરાશ નથી કરતો. એનું નામ છે : رجاء السائلین (માગનારાઓની આશા)

*(અઝ : મિર્કાત વ લમ્આત)*

**૨.** દુઆની કૂબૂલિયતની ઘણી બધી શરતો છે, જેમનામાંથી મોટી મહત્વની શર્ત દિલ લાગવું છે એટલા માટે ખાસ કરીને એનું વર્ણન કરવામાં આવ્યું. એનો મતલબ એ છે કે જો દુઆ માગતી વખતે દિલ અન્ય બાજુ હોય અને મોં અન્ય તરફ અને હાથ રબ તઆલાની બારગાહમાં ફેલાયેલો હોય. વિચારો બજાર વગેરેમાં હોય તો દુઆ કૂબૂલ નથી થતી. દુઆની કૂબૂલિયત એ શર્ત સાથે છે કે હાથ, જીભ, દિલ, ધ્યાન સર્વનું કેન્દ્ર એક જ એટલે બારગાહે ઈલાહી હોય.

**★ હદીષ : (૨૦)-૨૨૪૨ ★**

وَعَنْ مَالِكِ بْنِ يَسَارٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا سَأَلْتُمُ اللَّهَ فَاسْأَلُوهُ بِبُطُونِ أَكُفِّكُمْ وَلَا تَسْأَلُوهُ بِظُهُورِهَا»

*"હઝરત માલિક ઈબ્ને યસારથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે અલ્લાહથી દુઆ માગો તો હથેળીઓથી માગો, હાથોની પીઠોથી ન માગો[1]."*

**૧.** એટલે **દુઆના સમયે હથેળીઓ આસ્માનની તરફ ફેલાવો, અને હાથોની પીઠ જમીનની તરફ રાખો, કેમ કે માગનારો દાતાની સમક્ષ હથેળીઓ જ ફેલાવે છે.** તેમજ એમાં આજીજીનું અધિક પ્રદર્શન છે. હા ! જે દુઆઓમાં કાંઈ માગવામાં આવે, કોઈ આફતથી બચવામાં આવે ત્યાં સુન્નત એ છે કે પ્રથમ તો હથેળીઓ ફેલાવો અને પછી આસ્માનની તરફ હાથોની પીઠો કરો. નબી કરીમ ﷺ નમાઝે ઈસ્તસ્કા પછી એવી જ રીતે દુઆ માગતા હતા. આ હાથ પલટવામાં એ નિર્દેશ કરવું કે મૌલા ! દુનિયાનો હાલ બદલી નાખ. સૂકામાંથી લીલોતરી કરી દે, દુકાળથી સમૃદ્ધતા કરી દે, મોંઘવારીથી સોંઘવારી કરી દે.

**★ હદીષ : (૨૧)-૨૨૪૩ ★**

وَفِي رِوَايَةِ ابْنِ عَبَّاسٍ قَالَ: «سَلُوا اللَّهَ بِبُطُونِ أَكُفِّكُمْ وَلَا تَسْأَلُوهُ بِظُهُورِهَا فَإِذَا فَرَغْتُمْ فامسحوا بِهَا وُجُوهكُم» . رَوَاهُ دَاوُد

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતમાં આ પ્રમાણે છે કે, અલ્લાહથી દુઆ કરો હથેળીઓ ફેલાવીને ન હાથની પીઠ વડે. પછી જ્યારે ફારિગ થઈ જાવ તો મોં પર હાથ ફેરવી લો[1]."*

*(અબૂ દાઊદ)*

**૧.** કેમ કે **ફેલાયેલા હાથો પર અલ્લાહની રહ્મત ઉતરે છે. એ હાથોને મોં પર ફેરવી લેવાથી રહમત મોં પર પહોંચી જાય છે.** આ અમલી સુન્નત પણ છે. સુન્નતના અનુસરણમાં બરકત છે. (મિર્કાત) હા ! અમુક ઉલમાએ ફર્માવ્યું કે ખાધા પછી જે દુઆ માગવામાં આવે છે તો જો મજમામાં ખાવા ખાય તો એ દુઆમાં હાથ ન ઉઠાવે જેથી એ લોકોને શર્મિંદગી ન થાય જેઓ હજી સુધી પરવાર્યા નથી. હિસ્ને હસીન શરીફમાં છે કે હાથ ઉઠાવવા દુઆના આદાબમાંથી છે. જે હદીષોમાં છે કે નબી કરીમ ﷺ ઈસ્તિસ્કા સિવાય અન્ય દુઆમાં હાથ ઉઠાવતા ન હતા ત્યાં વધારે ઉંચા હાથ ઉઠાવવું મુરાદ છે. એટલે કે નબી ઈસ્તિસ્કામાં હાથ સર મુબારકથી ઉંચા ઉઠાવતા હતા, બાકી દુઆઓમાં છાતી સામે, જેથી હદીષોમાં ટકરાવ નથી.

**★ હદીષ : (૨૨)-૨૨૪૪ ★**

وَعَن سَلْمَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:

*"હઝરત સલ્માન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "તમારો રબ હયાવાળો છે, એનાથી હયા કરે છે કે બંદો એની*

«إِنَّ رَبَّكُمْ حَيِيٌّ كَرِيمٌ يَسْتَحْيِي مِنْ عَبْدِهِ إِذَا رَفَعَ يَدَيْهِ إِلَيْهِ أَنْ يَرُدَّهُمَا صِفْرًا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالْبَيْهَقِيُّ فِي الدَّعوات الْكَبِير

*બારગાહમાં હાથ ઉઠાવે અને તે એને ખાલી પરત કરે![1] (તિર્મિઝી, અબૂ દાઊદ, બયહકી, દઅવાતુલ કબીર)*

**૧.** એમાં હાથ ફેલાવવાની હિકમતનું વર્ણન છે. ઈન્શા અલ્લાહ ! ફેલાયેલા હાથ રબની બારગાહથી ખાલી પરત નહીં થાય. યાદ રાખશો કે રબ તઆલા હયા શરમ વગેરેના જાહેરી અર્થથી પાક છે, એના માટે એ ચીજોનું પરિણામ મુરાદ છે. એટલે કે અલ્લાહ તઆલા એવું કરતો નથી કે બંદાના ફેલાયેલા હાથોને ખાલી ફેરવે. એનો અર્થ અમે વર્ણવી ચૂક્યા છીએ કે અલ્લાહ તઆલા માગનારને જરૂર આપે છે, ચાહે એ રીતે કે તેની મુરાદ પૂરી કરી આપે, અથવા એ રીતે કે તેની કોઈ આફત ટાળી દે અથવા એ રીતે કે દરજા બુલંદ કરી આપે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે ઘણીવાર હાથ ફેલાવીને દુઆઓ કરવામાં આવે છે અને મુરાદ નથી મળતી.

**★ હદીષ : (૨૩)-૨૨૪૫ ★**

وَعَنْ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا رَفَعَ يَدَيْهِ فِي الدُّعَاءِ لَمْ يَحُطَّهُمَا حَتَّى يمسح بهما وَجهه. رَوَاهُ التِّرْمِذِيّ

*''હઝરત ઉમર રضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે દુઆમાં પોતાનો હાથ ઉઠાવતા તો મોંઢા પર ફેરાવ્યા વિના નીચે ન કરતા[1].'' (તિર્મિઝી)*

**૧. દુઆમાં આસ્માનની તરફ હાથ ઉઠાવવાનું કારણ એ છે કે આસ્માન દુઆનો કિબ્લો છે અને રિઝ્ક તથા રહમત આવવાની જગા છે.** એ કારણ નથી કે રબ તઆલા આસ્માનમાં રહે છે. જેવી રીતે પગાર લેનારા ખજાના (તીજોરી) પર ભેગા થાય છે. ખજાનામાં એમના પગારો છે ન કે ખુદ બાદશાહ.

**★ હદીષ : (૨૪)-૨૨૪૬ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْتَحِبُّ الْجَوَامِعَ مِنَ الدُّعَاءِ وَيَدَعُ مَا سِوَى ذَلِكَ. رَوَاهُ أَبُو دَاوُد

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જામેઅ (સમૃદ્ધ) દુઆઓ પસંદ કરતા હતા, અને એના સિવાયની દુઆઓ છોડી આપતા હતા[1]. (અબૂ દાઊદ)*

**૧.** જામેઅ દુઆ તે કહેવાય છે જેના શબ્દો થોડા હોય અને અર્થો વધારે. જેમ કે رَبَّنَآ اٰتِنَا فِى الدُّنۡيَا حَسَنَةً અને જેમ કે اَللّٰهُمَّ اِنِّىۡ اَسۡئَلُكَ الۡعَفۡوَ وَالۡعَافِيَةَ فِى الدِّيۡنِ وَالدُّنۡيَا وَالۡاٰخِرَةِ અહીં સામાન્ય હાલતો મુરાદ છે. એટલે કે હુઝૂરે અન્વર ﷺ સામાન્ય રીતે જામેઅ દુઆઓ માગતા હતા. ખાસ મોકાઓ પર ખાસ દુઆઓ પણ માગી છે જેમ કે ઈસ્તિસ્કામાં વરસાદની દુઆ વગેરે, જેથી આ હદીષ એ રિવાયતોની વિરુદ્ધ નથી.

**★ હદીષ : (૨૫)-૨૨૪૭ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن أَسْرَعَ الدُّعَاءِ إِجَابَةً دَعْوَةُ غَائِبٍ لِغَائِبٍ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખૂબ જ જલ્દી કબૂલ થનારી દુઆ ગાઈબની ગાઈબના માટે છે[1].'' (તિર્મિઝી, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે **જ્યારે કોઈ મુસલમાન બીજા મુસલમાનના માટે તેની ગેરહાજરીમાં ભલાઈની દુઆ કરે તો ખૂબ જ જલ્દી કબૂલ થાય છે.** એનું કારણ જાહેર છે કે એ શખ્સ મુસલમાન ભાઈનો શુભેચ્છક પણ છે અને નિખાલસ પણ. સામે દુઆ કરવામાં રિયા તથા દિખાવા તથા ખુશામદની સંભાવના થઈ શકે છે.

**★ હદીષ : (૨૬)-૨૨૪૮ ★**

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ اسْتَأْذَنْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْعُمْرَةِ فَأَذِنَ لِي وَقَالَ: «أَشْرِكْنَا يَا أُخَيَّ فِي دُعَائِكَ وَلَا تَنْسَنَا» . فَقَالَ كَلِمَةً مَا يَسُرُّنِي أَنَّ لِيَ بِهَا الدُّنْيَا. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَانْتَهَتْ رِوَايَتُهُ عِنْدَ قَوْلِهِ «لَا تنسنا»

*"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ થી ઉમરા માટે જવાની ઈજાઝત માગી[૧] તો મને ઈજાઝત આપી અને ફર્માવ્યું, હે મારા ભાઈ![૨]* ***અમને પણ તમારી દુઆમાં યાદ રાખશો, અમને ભૂલી ન જશો[૩].*** *હુઝૂરે આ એવી વાત કહી કે મને એના બદલામાં આખી દુનિયા મળી જવું પસંદ નથી[૪]. (અબૂ દાઊદ, તિર્મિઝી) અને તિર્મિઝીની રિવાયત એ કથન પર પૂર્ણ થઈ ગઈ કે, અમને ભૂલી ન જશો."*

**૧.** હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈસ્લામથી પહેલાં ઉમરાની નજર માની હતી જે પૂરી કરી શક્યા ન હતા એવામાં મુસલમાન થઈ ગયા. પછી હુઝૂરે અન્વર ﷺ થી મસ્અલો પૂછયો તો ફર્માવ્યું, નઝર પૂરી કરો, ત્યારે આપ ઉમરાના માટે હુઝૂર ﷺ ની ઈજાઝતથી રવાના થયા.

**૨.** હુઝૂરે અન્વર ﷺ એ જે હઝરત ઉમરને ભાઈ કહ્યું એ અત્યંત કરમે કરીમાના છે. જેમ કે સુલ્તાન પોતાની પ્રજાને કહે છે કે હું તમારો ખાદિમ છું. પણ કોઈ મુસલમાનને હક્ક નથી કે હુઝૂરે અન્વર ﷺ ને ભાઈ કહે. રબ તઆલા ફર્માવે છે : لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا ---الایہ (રસૂલને પુકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવી રીતે તમારામાં એકબીજાને પુકારે છે. સૂ. નૂર, ૨૪/૬૩) એટલા માટે કદી સહાબાએ કિરામે હુઝૂરે અન્વર ﷺ ને ભાઈ કહીને ન પુકાર્યા. હદીષની રિવાયતમાં તમામ સહાબાએ કિરામ એ જ કહેતા હતા : قال النبی ﷺ (નબી ﷺ એ ફર્માવ્યું)

**૩.** એટલે કે મક્કા મોઅઝ્ઝમા પહોંચીને દરેક મકબૂલ દુઆમાં તમારી સાથે મારા માટે પણ દુઆ કરજો. જાણવા મળ્યું કે હાજીથી દુઆ કરાવવી અને ત્યાં પહોંચીને દુઆ કરવાના માટે કહેવું સુન્નત છે. સૂફિયાએ કિરામ આ શબ્દોનો અર્થ એ કરે છે કે, હે ઉમર ! દરેક દુઆમાં અમારા પર દુરૂદ શરીફ પઢજો. અમારા દુરૂદને ન ભૂલશો, કે જેથી એની બરકતથી તમારી દુઆઓ કબૂલ થાય. હુઝૂરના માટે આ'લા દરજાની દુઆ આપના પર દુરૂદ શરીફ પઢવું છે. (ﷺ) કરીમના પ્યારાઓને દુઆઓ આપવી હકીકતમાં તેનાથી માગવાની તદબીર છે. આપણો ભીખારી આપણા દરવાજા પર આવીને આપણા જાન માલ ઔલાદને દુઆએ આપે છે અને આપણાથી ભીખ માગે છે. આપણે પણ રબ તઆલાના મહબૂબને દુઆઓ આપીએ અને રબ તઆલાથી ભીખ લઈએ.

**૪.** હઝરત ઉમરનું આ ફર્માન ફખ્રના રૂપે નથી બલ્કે શુક્રિયાના તૌર પર છે. એટલે કે હુઝૂરે અન્વર ﷺ એ મને ભાઈના સંબોધનથી નવાઝયો. માલૂમ થયું કે હું દુનિયા તથા આખેરતમાં સહીહ મો'મિન છું, વળી મને દુઆનો હુકમ કે હુઝૂરને દુઆઓ આપું. જાણવા મળ્યું કે મારું મોં હુઝૂરે અકરમ ﷺ ની દુઆને લાયક છે. પછી

**★ હદીષ : (૨૭)-૨૨૪૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " ثَلَاثَةٌ لَا تُرَدُّ دَعْوَتُهُمْ: الصَّائِمُ حِينَ يُفْطِرُ وَالْإِمَامُ الْعَادِلُ وَدَعْوَةُ الْمَظْلُومِ يَرْفَعُهَا اللَّهُ فَوْقَ الْغَمَامِ وَتُفْتَحُ لَهَا أَبْوَابُ السَّمَاءِ وَيَقُولُ الرَّبُّ: وَعِزَّتِي لَأَنْصُرَنَّكِ وَلَوْ بعد حِين ". رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ત્રણ શખ્સોની દુઆ રદ નથી થતી[૧]. રોઝાદારની જ્યારે ઈફતારી કરી રહ્યો હોય[૨], ઈન્સાફવાળા હાકિમની[૩] અને મઝલૂમની દુઆને તો અલ્લાહ તઆલા વાદળોના ઉપર ઉઠાવી લે છે[૪] તેના માટે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને રબ તઆલા ફર્માવે છે, મને મારી ઈજ્જતની કસમ ! હું તારી જરૂર મદદ કરીશ, ભલે થોડી વાર પણ થાય[૫]." (તિર્મિઝી)*

**૧.** શખ્સો (વ્યક્તિઓ)થી મુરાદ મુસલમાન છે, પુરૂષ હોય કે સ્ત્રી, કાફિરો એમાં સામેલ નથી. દુઆ રદ ન થવાનો એ મતલબ છે જે અગાઉ વર્ણવામાં આવી ગયો છે. હેતુ પ્રાપ્ત થાય, બલા રદ થાય કે દરજાની બુલંદી થાય.

**૨.** કેમ કે એ ઈબાદતથી ફારિગ થવાનો સમય છે. **ઈબાદત બાદ દુઆઓ કૃબૂલ થાય છે. એટલા માટે નમાઝ, હજ્જ, ઝકાતથી ફારિગ થયા બાદ દુઆઓ કરવી જોઈએ.** જાણવા મળ્યું કે જનાઝાની નમાઝ બાદ દુઆ કરવામાં આવે કે તે પણ રબની ઈબાદત છે અને ઈબાદત બાદ દુઆ કૃબૂલ છે.

**૩.** મિર્કાતે ફર્માવ્યું કે **મુસલમાન હાકિમનું એક ઘડી અદ્લો ઈન્સાફ કરવું સાઈઠ વરસની ઈબાદતથી અફઝલ છે** કે એ અદ્લથી ખલ્કે ખુદા (ખુદાની મખ્લૂક)ની વ્યવસ્થા યથાવત છે.

**૪.** મિર્કાતે ફર્માવ્યું કે મઝલૂમ જાનવર બલ્કે મઝલૂમ કાફિર તથા ફાસિકની પણ દુઆ કૃબૂલ થાય છે, જો કે મુસલમાન મઝલૂમની દુઆ અધિક કૃબૂલ છે. કેમ કે મઝલૂમ બેચેન તથા બેકરાર હોય છે અને બેકરારની દુઆ અર્શ પર કરાર કરે છે. રબ તઆલા ફર્માવે છે : اَمَّنۡ یُّجِیۡبُ الۡمُضۡطَرَّ اِذَا دَعَاہُ (અથવા તે જ લાચારની સાંભળે છે, જ્યારે તેને પુકારે." –સૂરએ નમ્લ, ૨૭/૬૨) દુઆને આસ્માન પર ઉઠાવવા અને તેના માટે આસ્માનના દરવાજા ખોલવામાં આવવાનો મતલબ ખૂબ જ જલ્દી સાંભળવું, અને તેની દુઆની ઈજ્જત તથા મહત્વ પ્રદર્શન કરવું.

**૫.** حین અરબીમાં મુત્લક સમયને કહે છે પણ ઓછામાં ઓછા છ મહીના અને વધુમાં વધુ ચાલીસ સાલ માટે બોલાય છે. મતલબ એ છે કે હું હલીમ (સંયમી) છું જેથી જાલિમને જલ્દી નથી પકડતો. તેને તૌબાનો તથા મઝલૂમથી માફી માગવાનો સમય આપુ છું. જો તે એ મોહલતથી ફાયદો ન ઉઠાવે તો પકડુ છું.

**★ હદીષ : (૨૮)-૨૨૫૦ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " ثَلَاثُ دَعَوَاتٍ مُسْتَجَابَاتٍ لَا شَكَّ فِيهِنَّ: دَعْوَةُ الْوَالِدِ وَدَعْوَةُ الْمُسَافِرِ وَدَعْوَةُ الْمَظْلُومِ".رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **ત્રણ દુઆઓ વિના શંકાએ કૃબૂલ છે[૧] બાપની દુઆ[૨] મુસાફરની દુઆ[૩] અને મઝલૂમની દુઆ."***

*(તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** યાદ રાખશો કે પહેલી હદીષમાં ત્રણ દુઆ કરવાવાળાનું વર્ણન હતું અને અહીં ત્રણ દુઆઓનું વર્ણન છે. એટલે એ ત્રણ દુઆઓ જાતે પોતે ક઼બૂલને પાત્ર છે અને તેને કરનારાઓની બરકતથી પણ ક઼બૂલને પાત્ર છે, એટલા માટે ત્યાં અદ્‌લ તથા રોઝાનું વર્ણન કર્યું જેમાં દુઆ કરનાર તકલીફ ઉઠાવીને મહેનત કરે છે. અહીં મુસાફર તથા બાપનું વર્ણન છે જેમાં તકલીફ કે મહેનત ઉઠાવવું નથી. *(મિર્ક઼ાત)*

**૨.** ઔલાદના હક્ક઼માં બાપની દુઆ ક઼બૂલ છે અને બદ્‌દુઆ પણ ક઼બૂલ છે. પણ કેમ કે બાપ મોટાભાગે દુઆઓ જ આપે છે એટલા માટે દુઆનો ઉલ્લેખ કર્યો. વાલિદથી મુરાદ મા બાપ બંનેવ છે. દાદા પણ એમાં સામેલ છે કે વાસ્તા સાથે તે પણ વાલિદ છે. મા બાપની દુઆ ખૂબ જ અધિક ક઼બૂલ થાય છે.

**૩.** આમ તો મુસાફરની સફરની હાલતમાં તમામ દુઆઓ કબૂલ જ છે પણ પોતાના મોહસિન (એહસાન કરનાર) માટેની દુઆ અને પોતાને સતાવનાર પર બદ્‌દુઆ ખૂબ જ ક઼બૂલ થાય છે. (મિર્ક઼ાત) એ જ પ્રમાણે મઝલૂમની બદ્‌દુઆ ક઼બૂલ પણ સતાવનારના માટે બદ્‌દુઆ અને મદદ કરનાર અથવા બચાવનાર માટે દુઆ ખૂબ જ ક઼બૂલ થાય છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૨૯)-૨૨૫૧ ★**

عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لِيَسْأَلْ أَحَدُكُمْ رَبَّهُ حَاجَتَهُ كُلَّهَا حَتَّى يَسْأَلَهُ شِسْعَ نَعله إِذا انْقَطع»

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, દરેક શખ્સ પોતાના રબથી પોતાની સારી હાજતો માગે, ત્યાં સુધી કે જ્યારે જોડાની દોરી તૂટી જાય તો તેનાથી માગે[૧]."*

**૧.** એટલે કે બંદો એવો ખયાલ ન કરે કે આટલા મહાન આસ્તાનાથી નાની સરખી ચીજ શું માગુ ?! નહીં દરેક હાજત માગો. નાની હોય કે મોટી. જો એનાથી મોટી હાજત માગવામાં આવે તો બતાવો નાની હાજત માટે કયો દરવાજો છે ? ગુલામ પોતાના આક઼ાથી દરેક ચીજ માગ્યા જ કરે છે. જુઓ મૂસા علیہ السلام એ રબ તઆલાથી મદયન પહોંચીને રોટીનો ટુકડો માગ્યો. અર્ઝ કરી : رَبِّ اِنِّیْ لِمَاۤ اَنْزَلْتَ اِلَیَّ مِنْ خَیْرٍ فَقِیْرٌ (હે મારા રબ ! હું એ ખાણાનો જે તું મારા માટે ઉતારે મોહતાજ છું. *-સૂ. ક઼સસ, ૨૮/૨૪*)

**★ હદીષ : (30)-૨૨૫૨ ★**

زَادَ فِي رِوَايَةٍ عَنْ ثَابِتٍ الْبُنَانِيِّ مُرْسَلًا «حَتَّى يَسْأَلَهُ الْمِلْحَ وَحَتَّى يَسْأَلَهُ شِسْعَهُ إِذَا انْقَطع» . رَوَاهُ التِّرْمِذِيّ

*"એક રિવાયતમાં ષાબિત બુનાનીથી મુરસલન આ વધારો પણ છે કે રબથી મીઠુ (નમક) સુદ્ધાં માગે અને જ્યારે જોડાની દોરી તૂટી જાય તો એને પણ માગે[૧]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે એ હાંડલીનુ મીઠુ જે થોડાક તોલા હોય છે, એવી જ રીતે એક જોડાની દોરી જે કોડી બે કોડીની હોય છે પણ રબ તઆલાથી જ માગો.

**★ હદીષ : (૩૧)-૨૨૫૩ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَرْفَعُ يَدَيْهِ فِي الدُّعَاءِ حَتَّى يُرى بياضُ إبطَيْهِ

*'એટલે કે હુઝૂરે અન્વર ﷺ માથાથી ઉંચે હાથ ઉઠાવીને દુઆ કરતા હતા, ત્યાં સુધી કે જો કમીસ મુબારક ન પહેરેલ હોતા તો બગલ શરીફની સફેદી દેખાય આવતી[૧].''*

**૧.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ માથાથી ઉંચે હાથ ઉઠાવીને દુઆ કરતા હતા ત્યાં સુધી કે કમીસ મુબારક ન પહેરેલ હોતા તો બગલ શરીફની સફેદી નજર આવી જતી. યાદ રાખશો કે આટલા પ્રમાણમાં હાથ ઉઠાવવા ક્યાં તો નમાઝે ઈસ્તિસ્કામાં થતુ હતું અને ક્યારેક ક્યારેક જાઈઝ હોવાના વર્ણન માટે અન્ય મોકાઓ પર પણ. નહીં તો **સામાન્ય દુઆઓમાં છાતી કે ખભાઓ સુધી હાથ ઉઠાવતા હતા.** જેથી આ હદીષ છાતી કે ખભાઓ સુધી હાથ ઉઠાવવાની વિરુદ્ધ નથી, અને ન એનાથી એ લાઝિમ ઠરે છે કે હુઝૂરે અન્વર ﷺ કમીસ વિના નમાઝ પઢતા હતા. એ તો સખત મકરૂહ છે. આજકાલ અમુક લોકો કમીસ વિના નમાઝ પઢે છે અને આ હદીષને આડ બનાવે છે પણ એ ગલત છે. નગ્ન ખભાઓ રાખી નમાઝ પઢવાની મનાઈ સતરવાળા પ્રકરણમાં વર્ણન થઈ ગઈ.

**★ હદીષ : (૩૨)-૨૨૫૪ ★**

وَعَن سهل بن سَعْدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: كَانَ يَجْعَل أصبعيه حذاء مَنْكِبَيْه وَيَدْعُو

*''હઝરત સહલ ઈબ્ને સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત ફર્માવે છે કે હુઝૂર દુઆ વખતે પોતાની આંગળીઓ ખભાઓના સમાંતરે રાખતા હતા.''*

**૧.** એટલે કે પહેલાં આપ હાથ શરીફ એટલા ઉઠાવતા કે હાથોની આંગળીઓ ખભાઓ સુધી થઈ જતી પછી દુઆ માગતા હતા. આ મોટાભાગની હાલતોનું વર્ણન છે અને પહેલી હદીષમાં અમુક ખાસ હાલતોનું વર્ણન હતું.

**★ હદીષ : (૩૩)-૨૨૫૫ ★**

وَعَنِ السَّائِبِ بْنِ يَزِيدَ عَنْ أَبِيهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا دَعَا فَرفع يَدَيْهِ مَسَحَ وَجْهَهُ بِيَدَيْهِ رَوَى الْبَيْهَقِيُّ الْأَحَادِيثَ الثَّلَاثَة فِي «الدَّعْوَات الْكَبِير»

*''હઝરત સાઈબ ઈબ્ને યઝીદથી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે દુઆ માગતા તો હાથ શરીફ ઉઠાવતા પછી હાથ મોંઢા પર ફેરવી લેતા[૧] આ ત્રણેવ હદીષોને બયહકીએ દઅવાતે કબીરમાં નકલ કરી.''*

**૧.** એટલે કે જે દુઆઓમાં હુઝૂરે અકરમ ﷺ હાથ ઉઠાવતા હતા તેમાં હાથ મોં પર ફેરવી લેતા હતા અને જેમાં હાથ ન ઉઠાવતા હતા, જેમ કે નમાઝ, તવાફ, ખાધા પછીની દુઆઓમાં તેમાં હાથ મોં પર પણ ફેરવતા ન હતા. જેથી كان اذا دعا નો ફર્ઝ છે ન કે ખબર. એની ખબર તો مسح بيديه છે જેથી હદીષ સાફ છે.

**★ હદીષ : (૩૪)-૨૨૫૬ ★**

وَعَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: الْمَسْأَلَةُ أَنْ تَرْفَعَ يَدَيْكَ حَذْوَ مَنْكِبَيْكَ أَوْ نَحْوِهِمَا وَالِاسْتِغْفَارُ أَنْ تُشِيرَ بِأُصْبُعٍ وَاحِدَةٍ وَالِابْتِهَالُ أَنْ تَمُدَّ

*''હઝરત ઈકરમા رضی اللہ عنہ થી રિવાયત છે તે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, દુઆનો તરીકો એ છે કે પોતાના હાથ ખભાઓ સામે અને એના સુધી ઉઠાવો[૧] અને ઈસ્તિગફારનો તરીકો એ છે કે એક આંગળી વડે ઈશારો કરો[૨] અને આજીજી તથા કાકલૂદીનો તરીકો એ છે કે*

يَدَيْكَ جَمِيعًا وَفِي رِوَايَةٍ قَالَ: والابتهالُ هَكَذَا وَرَفَعَ يَدَيْهِ وَجَعَلَ ظُهُورَهُمَا مِمَّا يَلِي وَجْهَهُ. رَوَاهُ أَبُو دَاوُ

*બંનેવ હાથ ખૂબ ફેલાવો[3] અને એક રિવાયતમાં ફર્માવ્યું, કાકલૂદી આ પ્રમાણે છે કે પોતાના ઉઠાવેલા હાથોની પીઠ ચહેરાએ અન્વર સામે કરે[4]." (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે આમ દુઆઓમાં હાથ છાતી સુધી ઉઠાવવો સુન્નત છે કે આદત મુજબ ભીખારી માગતી વખતે દાતા સામે એટલે સુધી જ હાથ ઉઠાવે તથા ફેલાવે છે. *(લમ્આત)*

**૨.** એટલે કે ઈસ્તિગફાર પઢતી વખતે પોતાની કલમાની આંગળી પોતાના નફ્સ તરફ કરીને અર્ઝ કરે કે, યા અલ્લાહ ! આ નફ્સે અમ્મારા મુજરિમ છે અને આ ગુનેહગાર બંદો હાજર છે એને બખ્શી દે.

**૩.** ابتہالનો અર્થ છે આજીજીનું પ્રદર્શન અને અતિશય ખુશૂઅ, એનાથી મુબાહિલા છે. અહીં એનાથી મુરાદ બલા દફેઅ થવાની દુઆ છે. જેમ કે ઈસ્તિસ્કામાં દુકાળ દૂર થવાની દુઆ માગવામાં આવે છે. આવી દુઆઓમાં હાથ માથાથી ઉપર ઉઠાવવા જોઈએ.

**૪.** એટલે કે હાથ સંપૂર્ણપણે ઉઠાવી દેવામાં આવે ત્યાં સુધી કે હાથોની પીઠ ચહેરા તરફ થઈ જાય.

**★ હદીષ : (૩૫)-૨૨૫૭ ★**

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّهُ يَقُولُ: إِنَّ رَفْعَكُمْ أَيْدِيَكُمْ بِدْعَةٌ مَا زَادَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى هَذَا يَعْنِي إِلَى الصَّدْرِ رَوَاهُ أَحْمد

*"ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે તે ફર્માવતા હતા કે તમારું અધિક હાથ ઉઠાવવું બિદઅત છે[1] રસૂલુલ્લાહ ﷺએ આનાથી વધુ હાથ નથી ઉઠાવ્યા, એટલે છાતી સુધી[2]." (અહમદ)*

**૧.** એટલે હે લોકો ! તમારું દરેક દુઆમાં માથાથી ઉપર હાથ ઉઠાવવું અને દુઆઓમાં ફરક ન કરવું કે કઈ દુઆમાં આટલા ઉંચે હાથ ઉઠાવવામાં આવે એ સુન્નત વિરુદ્ધ છે, એને છોડી દેવું જોઈએ. યાદ રાખશો કે બિદઅતનો એક અર્થ તો છે નવું કામ, એટલે જે કામ હુઝૂર ﷺના બાદ નવુ કાઢવામાં આવ્યું. આ બિદઅતના બે પ્રકાર છે : બિદઅતે હસના તથા બિદઅતે સૈયેઅહ (સારી બિદઅત, બુરી બિદઅત) જેની સંપૂર્ણ ચર્ચા એઅ્તેસામમાં વર્ણન થઈ ચૂકી. કુર્આનના એકત્રીકરણ (જમએ કુર્આન) વખતે અમુક સહાબીઓએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ને અર્ઝ કર્યું હતું કે આપ તે કામ શા માટે કરી રહ્યા છો જે હુઝૂરે અન્વર ﷺએ નથી કર્યું એટલે એ બિદઅત છે. તો હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ ફર્માવ્યું કે, واللہ ھو خیر, "ખુદાની ક઼સમ ! આ સારું કામ છે." એટલે બિદઅતે હસના (સારી બિદઅત) છે. બીજુ સુન્નત વિરુદ્ધનું કામ એ બિદઅત હમેશાં સૈયેઅહ અને બુરી જ હશે. અહીં બીજો અર્થ મુરાદ છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺએ તો સામાન્યતઃ છાતી સુધી હાથ ઉઠાવ્યા અને તમે સામાન્ય રીતે માથાથી ઉંચે ઉઠાવો છો, તો એ સુન્નતને છોડો છો એનાથી રોકાય જાવ.

**૨.** પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે એનાથી આમ દુઆઓ મુરાદ છે. મતલબ એ છે કે હુઝૂરે અન્વર ﷺ સામાન્ય દુઆઓમાં કદીક હાથ ઓછા ઉઠાવતા હતા કદીક વધારે પણ વધારે ઉઠાવવું છાતીથી ઉપર ન હોતું. જેથી આ હદીષ વર્ણન થઈ ગયેલી તે હદીષોની વિરુદ્ધ નથી જેમનામાં ક્યારેક માથાથી ઊંચે હાથ ઉઠાવવાની સાબિતી છે.

**★ હદીષ : (૩૬)–૨૨૫૮ ★**

وَعَنْ أُبَيِّ بْنِ كَعْبٍ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا ذَكَرَ أَحَدًا فَدَعَا لَهُ بَدَأَ بِنَفْسِهِ رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ صَحِيح

*"હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈનો ઉલ્લેખ કરીને તેને દુઆ આપતા તો પોતાની જાતથી દુઆ શરૂ કરતા[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન, ગરીબ, સહીહ છે."*

**૧.** એમાં ઉમ્મતને તા'લીમ છે કે તમે જ્યારે કોઈના માટે દુઆ કરો તો પ્રથમ પોતાના માટે કરો પછી તેના માટે. બીજાના માટે દુઆ કરવામાં પોતાની બેપરવાહી તથા બેનિયાઝીની શંકા ઉદ્‌ભવે છે. પણ આ કાયદો પણ મોટાભાગના માટે હતો કુલ્લિયા ન હતો. જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં આવેલ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, رحمة الله "અલ્લાહ એના પર રહમ કરે." અથવા ફર્માવતા اللهم صلی علی ابی أُبي او فی વગેરે.

**★ હદીષ : (૩૭)–૨૨૫૯ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَا مِنْ مُسْلِمٍ يَدْعُو بِدَعْوَةٍ لَيْسَ فِيهَا إِثْمٌ وَلَا قَطِيعَةُ رَحِمٍ إِلَّا أَعْطَاهُ اللّٰهُ بِهَا إِحْدَى ثَلَاثٍ: إِمَّا أَنْ يُعَجِّلَ لَهُ دَعْوَتَهُ وَإِمَّا أَنْ يَدَّخِرَهَا لَهُ فِي الْآخِرَةِ وَإِمَّا أَنْ يَصْرِفَ عنهُ من السُّوءِ مثلَها " قَالُوا: إِذنْ نُكثرُ قَالَ: «الله أكثر» . رَوَاهُ أَحْمد

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, એવો કોઈ મુસલમાન નથી જે કોઈ એવી દુઆ માગે જેમાં ન ગુનાહ હોય ન સગાંથી સંબંધ કટ થવું[૧] પણ એને અલ્લાહ તઆલા ત્રણમાંથી એક જરૂર આપે છે : ક્યાં તો એની દુઆ અહીં પણ કબૂલ કરી લે છે[૨] અથવા આખેરતમાં તેના માટે ઝખીરો કરી દે છે[૩] અથવા એના જેવી મુસીબત ટાળી દે છે[૪]. સહાબાએ અર્ઝ કરી, તો તો અમે ખૂબ જ અધિક પ્રમાણમાં દુઆઓ કરીશું ! ફર્માવ્યું, રબની અતા ખૂબ જ અધિક છે[૫]." (અહમદ)*

**૧.** એટલે કે એ દુઆમાં ન તો ગુનોહ લાઝિમ થાય ન હદથી અધિક વધવું. દા.ત. કહે કે ફલાણી અજનબી સ્ત્રીથી મુલાકાત નસીબ કર. અથવા મને દોલત આપ જેથી હું મારાં સગાંઓને મારા ગુલામ બનાવીને રાખુ, કેમ કે આવી દુઆઓ મના છે.

**૨.** કે તેની મોં માગ્યી મુરાદ જલ્દી અથવા કાંઈક મોડેથી આપી દેતો.

**૩.** કે દુનિયામાં તો એની મુરાદ પૂરી નથી કરતો પણ આખેરતમાં તેના બદલામાં તેના ગુનાહ માફ કરી આપશે, તેના દરજા બુલંદ કરી આપશે.

**૪.** જાણવા મળ્યું કે દુઆથી બલા દૂર થાય છે. એટલા માટે મુરાદ પૂરી ન થવા પર રંજ ન થવો જોઈએ.

**૫.** કે જો આખુ જગત હમેશાં દુઆઓ માગે તો રબ તઆલાને ત્યાંથી મેહરૂમ ન થશે. પણ શેઅર :–

*જો માંગને કા તરીક़ા હૈ ઈસ તરહ માગો–દરે કરીમ સે બંદે કો ક્યા નહીં મિલતા*

★ હદીષ : (૩૮)-૨૨૬૦ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ " خَمْسُ دَعَوَاتٍ يُسْتَجَابُ لَهُنَّ: دَعْوَةُ الْمَظْلُومِ حَتَّى يَنْتَصِرَ وَدَعْوَةُ الْحَاجِّ حَتَّى يَصْدُرَ وَدَعْوَةُ الْمُجَاهِدِ حَتَّى يَقْعُدَ وَدَعْوَةُ الْمَرِيضِ حَتَّى يَبْرَأَ وَدَعْوَةُ الْأَخِ لِأَخِيهِ بِظَهْرِ الْغَيْبِ".ثُمَّ قَالَ: «وَأَسْرَعُ هَذِهِ الدَّعَوَاتِ إِجَابَةً دَعْوَةُ الْأَخِ لِأَخِيهِ بِظَهْرِ الْغَيْبِ».رَوَاهُ الْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِيرِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે, પાંચ દુઆઓ ખૂબ જ કુબૂલ કરવામાં આવે છે : મઝલૂમની દુઆ ત્યાં સુધી કે બદલો લઈ લે[૧] હાજીની દુઆ ત્યાં સુધી કે પરત આવી જાય[૨] ગાઝીની દુઆ ત્યાં સુધી કે જંગ બંધ થઈ જાય[૩] બીમારની દુઆ ત્યાં સુધી કે તંદુરસ્ત થઈ જાય, મુસલમાનભાઈની પીઠ પાછળની દુઆ. પછી ફર્માવ્યું, આ સૌ મુસલમાન ભાઈની પીઠ પાછળની દુઆ અધિક કુબૂલ થાય છે[૪] આ બંનેવ હદીષો બયહકીએ દઅ્વાતે કબીરમાં રિવાયત કરી."*

**૧.** ઝબાન વડે કે હાથ વડે અથવા હાકિમને ત્યાં ફરિયાદ કરીને જેનાથી તેની મઝલૂમિયત ખત્મ થઈ જાય.

**૨.** ચાહે હજ્જે અકબર એટલે હજ્જ કરે, અથવા હજ્જે અસ્ગર એટલે ઉમરા કરે. બંનેની દુઆઓ પોતાના વતન આવતા સુધી કુબૂલ છે. એટલા માટે હાજીઓથી દુઆઓ કરાવે છે.

**૩.** અથવા એ ગાઝી પોતાના ઘરે પરત આવે. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં حتی یقعد એટલે મુજાહિદ જેહાદથી બેસી રહે અથવા ક્યાં તો જેહાદના કારણે અથવા જેહાદ દરમિયાન પોતાના ઘરે આવી જાય.

**૪.** કેમ કે આ દુઆમાં ખુલૂસ ઘણો જ હોય છે, તેમજ એ શખ્સ બીજાઓના માટે લાભદાયી છે.

## باب ذکر اللّٰہ عزوجل والتقرب الیه
## બાબુ ઝિક્રિલ્લાહ વત્તકર્રુબિ ઈલૈહ
## (અલ્લાહ ﷻનો ઝિક્ર અને એનાથી કુર્બ હાંસલ કરવું[1])

**૧.** ઝિક્રના અમુક અર્થો છે : યાદ કરવું, યાદ રાખવું, તેની ચર્ચા કરવી, શુભેચ્છા, ઈજ્જત, બુઝુર્ગી વગેરે. કુર્આને કરીમમાં ઝિક્ર આ સર્વ અર્થોમાં આવેલ છે. અહીં ઝિક્રના પ્રથમ ત્રણ અર્થો થઈ શકે છે. એટલે કે અલ્લાહને યાદ કરવો, તેને યાદ રાખવો, તેની ચર્ચા કરવી, એનું નામ જપવું, ઝિક્રુલ્લાહ ત્રણ પ્રકારના છે : ઝિક્રે લિસાની, ઝિક્રે જનાની, ઝિક્રે અરકાની. દરેક અંગનું ઝિક્ર અલગ અલગ છે : આંખનું ઝિક્ર છે ખૌફે ખુદામાં રડવું, કાનનું ઝિક્ર છે તેનું નામ સાંભળવું વગેરે. ઝિક્રુલ્લાહ બિલ વાસ્તા પણ હોય છે અને વિના વાસ્તાએ પણ. અલ્લાહ તઆલાની જાત તથા સિફતોનું વર્ણન અથવા તેને વિચારવું વિના વાસ્તાએ ઝિક્રુલ્લાહ છે. તેના મહબૂબોની મહબ્બત સાથે ચર્ચા કરવી તેના દુશ્મનોનો બુરાઈ સાથે ઉલ્લેખ કરવો સૌ બિલ વાસ્તા (વાસ્તા થકી) ઝિક્ર છે. જુઓ આખુ કુર્આન ઝિક્રુલ્લાહ છે પણ એમાં ક્યાં તો ખુદાની ઝાત તથા સિફતોનું વર્ણન છે, ક્યાંક હુઝૂરે અન્વર ﷺની સિફતો (ખૂબીઓ) તથા વખાણો તથા ક્યાંક કાફિરોનું વર્ણન છે. ઝિક્રુલ્લાહ બેહતરીન ઈબાદત છે એટલા માટે રબ તઆલાએ અને તેના મહબૂબ ﷺએ તેનો તાકીદી હુકમ આપ્યો. રબ તઆલા ફર્માવે છે : فَاذْكُرُوْنِیْٓ اَذْكُرْكُمْ "તમે મને યાદ કરો હું તમારી ચર્ચા કરશી." (સૂરએ બકરહ, ૨/૧૫૨) મૌલાના (રૂમ) ફર્માવે છે :–

گر تو خواہی زیستن با آبرو — ذکر اُوکُن ذکر اُوکُن ذکر او
ہر گدا را ذکر او سلطان کند — ذکر او بس زیور ایماں بود
ہر کہ دیوانہ بود در ذکر حق — زیر پائش عرش و کرسی نہ طبق

**અર્થાત** : જો તું ઈજ્જત સાથે જીવવા ઈચ્છે છે તો તેનું ઝિક્ર કર, તેનું ઝિક્ર કર, તેનું ઝિક્ર કર. તેનું ઝિક્ર દરેક ભિખારીને બાદશાહ બનાવી દે છે, તેનું ઝિક્ર ઈમાનની શોભા છે, જે કોઈ અલ્લાહના ઝિક્રમાં દીવાનો થઈ જાય છે, તેના પગોમાં અર્શ, કુર્સી અને નવ તબક (સર્વ આસ્માન) આવી જાય છે.

નક્શબંદી હઝરાતને ત્યાં ઝિક્રે ખફી અફઝલ છે. અન્ય સિલસિલાઓમાં ઝિક્ર બિલ જહ્ર (જોરથી) બેહતર. બંને પક્ષોની દલીલો અમારી કિતાબ "જાઅલ હક્ક" ભાગ–૧માં જુઓ. تقرب الی اللہથી મુરાદ મકાની કુર્બ (નઝદીકી) નહીં, કેમ કે અલ્લાહ તઆલા મકાન તથા જગાથી પાક છે, બલ્કે કબૂલિયતનો કુર્બ મુરાદ છે. મરદૂદ દૂર રહે મહબૂબ દરે હુઝૂર.

★ હદીષ : (૧)-૨૨૬૧ ★

عَنْ أَبِي هُرَيْرَةَ وَأَبِي سَعِيدٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَقْعُدُ قَوْمٌ يَذْكُرُونَ اللَّهَ إِلَّا حَفَّتْهُمُ الْمَلَائِكَةُ وَغَشِيَتْهُمُ الرَّحْمَةُ وَنَزَلَتْ عَلَيْهِمُ السَّكِينَةُ وَذَكَرَهُمُ اللَّهُ فِيمَنْ عِنْدَهُ» . رَوَاهُ مُسْلِمٌ

*"હઝરત અબૂ હુરૈરહ્ અને હઝરત અબૂ સઈદ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવી કોઈ જમાઅત નથી જે અલ્લાહના ઝિક્રના માટે બેસે[1] પણ તેમને ફરિશ્તા ઘેરી લે છે, રહમત ઢાંકી લે છે[2] તેમના પર સકીના ઉતરે છે[3] અને પોતાની નજીકવાળા ફરિશ્તાઓમાં અલ્લાહ તેમનો ઝિક્ર કરે છે[4]."*

*(મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે બેસવાથી મુરાદ ઉભા રહેવાની સરખામણીમાં છે. જેથી આ વાક્યથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ઝિક્રુલ્લાહ બેસીને કરવો અફઝલ છે કે એમાં સુકૂન અધિક હોય છે. બીજુ એ કે ઝિક્રુલ્લાહ જમાઅત (સમૂહ)માં કરવો અફઝલ છે, જેવું કે આગળ આવી રહ્યું છે. શક્ય છે કે બેસવાથી મુરાદ હમેશાં ઝિક્રુલ્લાહ કરવું હોય. નેકી હમેશાં કરવી અફઝલ છે.

**૨.** અહીં ફરિશ્તાઓથી મુરાદ તે ફરિશ્તાઓ છે જેઓ જમીનનો ચક્કર લગાડતા રહે છે. ઝિક્રે ઈલાહીના તબક્રાને શોધતા ફરે છે. અને રહમતથી મુરાદ ખાસ રહમતે ઈલાહી છે જે ઝાકિરો (ઝિક્ર કરનારાઓ) માટે ખાસ છે. આ વાક્ય પર એ વાંધો નથી કે ફરિશ્તા તો માણસને દરેક સમયે ઘેરેલા જ રહે છે, કેમ કે દરેક સમયે સાથે રહેનારા ફરિશ્તા હિફાઝત કરનારા (હાફિઝીન) છે.

**૩.** સકીનાની શરહ (ખુલાસો) બાબુ ફઝાઈલિલ્ કુર્આનમાં વર્ણન થઈ ચૂકી કે ક્યાં તો એનાથી મુરાદ ખાસ ફરિશ્તાઓ છે અથવા દિલનું નૂર અથવા દિલી ચૈન તથા સુકૂન છે. અલ્લાહના ઝિક્રથી દિલોને ચૈન નસીબ થાય છે. રબ તઆલા ફર્માવે છે : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ (સાંભળી લો ! અલ્લાહના ઝિક્રમાં જ દિલોનું ચૈન છે. સૂરએ રઅદ, ૧૩/૨૬) અને ફર્માવે છે : هُوَ الَّذِيْٓ اَنْزَلَ السَّكِيْنَةَ فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ (તે જ છે જેણે ઈમાનવાળાઓના દિલોમાં ઈત્મિનાન ઉતાર્યું. સૂરએ ફતહ, ૪૮/૪)

**૪.** એટલે કે અલ્લાહ તઆલાના મુક્રર્રબ ફરિશ્તાઓ છે જેઓ હમેશાં તેની પાસે રહે છે, દુનિયાની વ્યવસ્થા માટે નથી આવતા. અને અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયાએ એઝામ رحمة الله عليهم اجمعين માં એ લોકોનો ઝિક્ર ઈજ્જત તથા અઝમત સાથે કરે છે. (મિર્ક્રાત) આ હદીષ આ આયતની શરહ છે : فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ (તમે મને યાદ કરો હું તમારી ચર્ચા કરીશ.) વળી જે રીતે બંદો રબને યાદ કરે છે એ જ પ્રમાણે રબ બંદાને. દા.ત. બંદો કહે છે મૌલા ! હું ગુનેહગાર છું ! રબ ફર્માવે છે : બંદા ! ન ગભરા ! હું ગફ્ફાર છું ! વગેરે.

★ હદીષ : (૨)-૨૨૬૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسِيرُ فِي طَرِيقِ مَكَّةَ فَمَرَّ عَلَى جَبَلٍ يُقَالُ لَهُ: جُمْدَانُ فَقَالَ: «سِيرُوا هَذَا جُمْدَانُ سَبَقَ الْمُفَرِّدُونَ»

*"હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મક્કાના રસ્તામાં જઈ રહ્યા હતા, એવામાં એક પહાડ પરથી પસાર થયા જેને જુમ્દાન કહે છે[1]. તો સહાબાને ફર્માવ્યું, ચાલો ! આ જુમ્દાન છે[2] આગળ નીકળી ગયા જુદા રહેનારા[3]*

. قَالُوا: وَمَا الْمُفَرِّدُونَ؟ يَا رَسُولَ اللّٰهِ قَالَ: «الذَّاكِرُونَ اللّٰهَ كثيرا وَالذَّاكِرَاتُ» . رَوَاهُ مُسلم

*સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલગ રહેનારા કોણ લોકો છે ?[૪] ફર્માવ્યું, ખૂબ જ યાદ કરનારા પુરૂષ તથા સ્ત્રીઓ[૫]. (મુસ્લિમ)*

**૧.** આ પહાડ મદીના મુનવ્વરાની નજીક છે મક્કા મોઅઝ્ઝમાના રસ્તા પર છે. અહીંથી મદીના મુનવ્વરા પગપાળા એક રાતના અંતરે છે. તિબ્રાનીએ હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે એકબીજાને દરેકના નામ સાથે પોકારીને પૂછે છે કે શું તારા પરથી કોઈ અલ્લાહનો ઝાકિર પસાર થયો ? જો કોઈ પહાડ કહે છે કે હા ! મારા પરથી પસાર થયો. તો સૌ કહે છે કે મુબારક થજો. અવારિફુલ મઆરિફમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે દરરોજ સવાર સાંજ જમીનના અમુક હિસ્સા અમુકને પૂછે છે કે શું તારા પર કોઈ બંદો એવો પસાર થયો અથવા બેઠો જે અલ્લાહનો ઝિક્ર કરી રહ્યો હોય ? જો કોઈ તબક્ો કહે છે કે હા ! મારા પર પસાર થયો તો અન્ય તબક્ા (ભાગો) કહે છે, તું અમારા સૌથી અફઝલ છે. *(મિર્કાત)*

**૨.** એટલે હે સહાબીઓની જમાઅત ! આ જુમ્દાન પહાડ છે. અહીં અલ્લાહનો ઝિક્ર કરતા ચાલો કે જેથી કાલે ક્યામતમાં તમારો ગવાહ બને.

**૩.** مفردون تفریدથી છે, અલગ કરવાના અર્થમાં, જુદા રાખવું. એટલે કે જેમણે પોતાને દુનિયવી ઉલઝનો ગૈરોની મજલિસથી અલગ રાખ્યા અથવા જેમણે સર્વ ઝિક્રોમાંથી અલ્લાહના ઝિક્રને અલગ કરી લીધું જેમાં તેઓ દરેક સમયે લાગેલા રહે છે.

**૪.** આ ما અહવાલના સવાલ માટે છે ન કે જાતના માટે જેમ કે ફિરઔને મૂસા علیہ السلامને પૂછયું હતું : ومارب العلمین એટલે કે અલ્લાહ તઆલાની સિફતો શું છે ? એટલે માટે અહીં من ન બોલ્યા ما બોલ્યા. અને હુઝૂરે અન્વર ﷺએ જવાબ પણ તે એનાયત કર્યો જે સવાલના પ્રમાણે છે.

**૫.** કેમ કે અલ્લાહના ઝાકિર પુરૂષો અધિક છે અને સ્ત્રીઓ ઓછી. એટલા માટે પુરૂષોનું વર્ણન પ્રથમ થયું સ્ત્રીઓનું બાદમાં થયું. મિર્કાતે ફર્માવ્યું કે અલ્લાહને ખૂબ જ ઝિક્ર કરનારો છે જે કોઈ હાલમાં રબને ન ભૂલે, ખુલૂસ સાથે તેની ઈબાદત કરે, લોકોથી અલિપ્ત રહે, ફિક્ર શુક્રમાં લાલચી હોય, જે ખુદાથી ગાફેલ કરે તેનાથી દૂર રહે, અલ્લાહના ઝિક્રમાં એવી લિજ્જત પામે છે કે કોઈ અન્ય ચીજમાં ન પામે. રબ તઆલા ફર્માવે છે : وَتَبَتَّلْ اِلَيْهِ تَبْتِيْلًا (સૌથી તૂટીને તેના જ થઈ જાવ. સૂરએ મુઝ્ઝમ્મિલ, ૭૩/૮) એટલે ગૈરુલ્લાહથી કપાયને રબના થઈ જાવ.

**★ હદીષ : (3)-૨૨૬૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَثَلُ الَّذِي يَذْكُرُ رَبَّهُ وَالَّذِي لَا يَذْكُرُ مَثَلُ الْحَيِّ وَالْمَيِّت»

*"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એનું દષ્ટાંત જે રબનો ઝિક્ર કરે અને જે ન કરે જીવંત તથા મુડદા જેવું છે[૧]." (મુસ્લિમ બુખારી)[૨]*

**૧.** એટલે કે જેવી રીતે ઝિંદાનું શરીર રૂહથી આબાદ છે અને મુડદાનું ગૈર આબાદ, એવી જ રીતે ઝાકિરનું દિલ ઝિક્રથી આબાદ છે ગાફિલનું દિલ વેરાન. અથવા જેવી રીતે શહેરોની આબાદી ઝિંદાઓથી છે મુડદાંથી નહીં, એવી જ રીતે આખેરતની ગવાહી ઝાકિરોથી છે ગાફિલોથી નથી. અથવા જેવી રીતે જીવતા અન્યોને નફો નુકસાન પહોંચાડી શકે છે, મુડદુ નહીં, એવી જ રીતે અલ્લાહના ઝાકિરથી નફો નુકસાન મખ્લૂક હાંસલ કરે છે ગાફેલથી નહીં. અથવા

જેવી રીતે મુડદાને કોઈ દવા અથવા ખોરાક લાભકારક નથી એવી જ રીતે ગાફેલને કોઈ અમલ વગેરે લાભદાયી નથી. અલ્લાહનો ઝિક્ર કરો પછી બીજા અમલો. ઝાકિર મરીને પણ જીવે છે, ગાફેલ ઝિંદા રહીને પણ મુર્દા છે. મિર્કાતે ફર્માવ્યું કે એમાં નિર્દેશથી આદેશ થયો કે حی لایموت નો ઝિક્ર ઝાકિરને ફના ન થનારી હયાત બખ્શી દે છે. અવલિયા અલ્લાહ મરતા નથી બલ્કે એક ઘરેથી બીજા ઘરે ચાલ્યા જાય છે. *(મિર્કાત)*

**૨.** મુસ્લિમ શરીફમાં છે કે જે ઘર અલ્લાહના ઝિક્રથી આબાદ હોય તે ઝિંદા છે અને જે ઘર એના ઝિક્રથી ખાલી હોય તે મુર્દા છે. ઘરથી મુરાદ મો'મિનનું દિલ છે કે તે અલ્લાહનું ઘર છે. મુબારક છે તે જે આ ઘરને આબાદ રાખે. મન્હૂસ છે તે જે એને વેરાન કરી દે. (શેઅર) :–

*આબાદ વોહ દિલ હૈ જિસમેં તુમ્હારી યાદ હૈ–જો યાદસે ગાફિલ હુવા વિરાન હૈ બર્બાદ હૈ*

**★ હદીષ : (૪)–૨૨૬૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " يَقُولُ اللّٰهُ تَعَالَى: أَنَا عِنْدَ ظَنِّ عَبْدِي بِي وَأَنَا مَعَهُ إِذَا ذَكَرَنِي فَإِنْ ذَكَرَنِي فِي نَفْسِهِ ذَكَرْتُهُ فِي نَفْسِي وَإِنْ ذَكَرَنِي فِي مَلَأٍ ذَكَرْتُهُ فِي مَلَأٍ خير مِنْهُم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે : હું મારા બંદાના ગુમાનની નજીક હોઉં છું જે મારાથી રાખે[૧] જ્યારે બંદો મને યાદ કરે છે તો હું તેની સાથે હોઉં છું[૨] જો બંદો મને પોતાના દિલમાં યાદ કરે છે તો હું પણ તેને એકલો જ યાદ કરું છું અને જો મને મજમામાં યાદ કરે છે તો હું તેને બેહતર મજમામાં યાદ કરું છું[૩]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** અહીં عبد (અબ્દ)થી મુરાદ મો'મિન બંદો છે અને ظن (ઝન્ન) યકીનના અર્થમાં પણ આવે છે. જેમ કે يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ (જેમને યકીન છે કે તેમણે પોતાના રબથી મળવાનું છે. સૂરએ બકરહ, ૨/૪૬) અને નેક ગુમાનના અર્થમાં પણ જેમ કે ظَنَّ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنٰتُ بِاَنْفُسِهِمْ خَيْرًا (મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓએ પોતાનાંઓ પર નેક ગુમાન કર્યું હોત. સૂરએ નૂર, ૨૪૧૨) અને બદ્ગુમાનીના અર્થમાં પણ જેમ કે, اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ (અને અઝાબ ન શોધો. –સૂરએ હુજુરાત, ૪૯/૧૨) અહીં બંને અર્થો દુરુસ્ત છે. એટલે કે **બંદો મારા સંબંધે જેવું યકીન રાખશે હું એવો મામલો તેની સાથે કરીશ. અથવા બંદો મારા વિશે જેવું ગુમાન કરશે હું એવું જ કરીશ.** મતલબ એ છે કે જો બંદો કબૂલિયતની ઉમ્મીદ અથવા યકીન પર દુઆ તથા ઈબાદત કરશે તો હું તેની દુઆ તથા ઈબાદત જરૂર કબૂલ કરીશ. અને જો રદ થવાનું યકીન કે ગુમાન કરશે તો રદ જ કરીશ. મકસદ એ છે કે અમલો પણ કરો અને કબૂલની ઉમ્મીદ પણ રાખો. અમલ ન કરી બખ્શિશની ઉમ્મીદ રાખવી ગુમાન (યકીન) નથી બલ્કે નફસનો ધોકો તથા ઘમંડ છે. યકીન તથા ઘમંડમાં ફરક કરવો જોઈએ. જવ ઓરીને ઘઉં કાપવાની ઉમ્મીદ, ઠંડુ લોખંડ કાપવુ બેકાર છે. મૌલાના ફર્માવે છે : از مکافات عمل غافل مشو گندم از گندم بروید جو ز جو

**અર્થાત** : "ઘઉંથી ઘઉં અને જવથી જવ ઉગે છે, પોતાના અમલોના બદલાથી ગાફિલ ન થાવ."

અમુક લોકો ઉમ્મીદ તથા ધોકામાં ફરક નથી કરતા, તેઓ આ હદીષથી ધોકો ખાય છે.

**૨.** રહમત તથા કરમ, તૌફીક તથા મહેરબાની. યાદ રાખશો કે **બંદો રબથી ઝિક્રુલ્લાહ કરતી વખતે ખૂબ જ નજીક હોય છે. જે દરેક સમયે ઝિક્ર કરે તે દરેક સમયે રબથી નજીક છે.**

**૩.** બેહતર મજમાથી મુરાદ અંબિયા તથા અવલિયાની રૂહો છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી. અને શક્ય છે કે એ મજમાથી મુરાદ મુકર્રબ ફરિશ્તાઓનો મજમો હોય. કેમ કે અમુક લેહાઝથી ફરિશ્તા ઈન્સાનથી અફઝલ છે, કે આપણે નેક તથા બુરા દરેક પ્રકારનાં કામો કરી લઈએ છીએ, ફરિશ્તા કેવળ નેક કામ જ કરે છે, એટલા માટે તેમને خیرًا منھم (ખૈરમ્ મિન્હુમ) કહેવામાં આવ્યા. જેથી હદીષ પર એ વાંધો નથી કે માણસ ફરિશ્તાથી અફઝલ છે પછી અહીં ફરિશ્તાઓને અફઝલ શાથી કહેવામાં આવ્યા.

**મસ્અલા :** ઈન્સાનની હક઼ીક઼ત ફરિશ્તાની હક઼ીક઼ત કરતાં અફઝલ છે. રબ તઆલા ફર્માવે છે, وَلَقَدْ كَرَّمْنَا بَنِیْٓ اٰدَمَ (અને બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી. સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૦) એટલા માટે ઈન્સાનને اشرف المخلوقات (અશ્રફુલ મખ્લૂક઼ાત) કહેવામાં આવે છે. રહ્યા અફરાદ તો એમાં સ્પષ્ટતા એ છે કે ખાસ માનવો જેમ કે અંબિયા તથા અવલિયા, ખાસ તથા આમ સર્વ ફરિશ્તાઓથી અફઝલ છે. પણ સામાન્ય મુસલમાનો કરતાં ખાસ ફરિશ્તા અફઝલ છે. રહ્યા કાફિરો તો એ તો ગધેડા કૂતરાથી પણ બદ્તર છે. રબ તઆલા ફર્માવે છે : اُولٰٓئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ (તેઓ જ સર્વ મખ્લૂકમાં બદતર્ છે. સૂરએ બૈયિના, ૯૮/૬) આ હદીષથી જાણવા મળ્યું કે ઝિક્ર બિલ્ જહર (જોરથી) અફઝલ છે કે ધીમેથી ઝિક્ર કરવાવાળાઓનું ઝિક્ર ત્યાં પણ છુપી રીતે જ થાય છે અને મજમો લગાડીને ઉંચા અવાજે ઝિક્ર કરનારાઓનું ઝિક્ર ત્યાં પણ એલાનિયા થાય છે જેને ફરિશ્તા તથા અંબિયા તથા અવલિયા સાંભળે છે. જોરથી ઝિક્રવાળાઓની આ હદીષ મજબૂત દલીલ છે.

**★ હદીષ : (૫)-૨૨૬૫ ★**

وَعَنْ أَبِي ذَرٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " يَقُولُ اللَّهُ تَعَالَى: مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ عَشْرُ أَمْثَالِهَا وأزيد وَمن جَاءَ بِالسَّيِّئَةِ فجزاء سَيِّئَة مِثْلُهَا أَوْ أَغْفِرُ وَمَنْ تَقَرَّبَ مِنِّي شِبْرًا تَقَرَّبْتُ مِنْهُ ذِرَاعًا وَمن تَقَرَّبَ مِنِّي ذِرَاعًا تَقَرَّبْتُ مِنْهُ بَاعًا وَمَنْ أَتَانِي يَمْشِي أَتَيْتُهُ هَرْوَلَةً وَمَنْ لَقِيَنِي بِقُرَابِ الْأَرْضِ خَطِيئَةً لَا يُشْرِكُ بِي شَيْئًا لَقِيتُهُ بِمِثْلِهَا مَغْفِرَةً ". رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે જે એક નેકી કરે તેને દસ ગણો સવાબ છે અને અધિક પણ આપીશ[૧]. અને જો એક ગુનોહ કરે તો એક બુરાઈનો બદલો તેના સમાન છે અથવા તેને બખ્શી આપુ[૨] અને જે મારાથી એક વેંત નજીક થાય છે તો હું તેની એક ગજ નજીક થઈ જઉં છું અને જે મારાથી એક ગજ નજીક થાય છે તો હું તેનાથી એક બાગ નજીક થઈ જઉં છું[૩] જે મારી પાસે ચાલીને આવે છે હું તેની તરફ દોડુ છું[૪] અને જે કોઈને મારો શરીક ન ઠરાવે પછી જમીનભર ગુનાહ લઈને મારાથી મળે તો હું એટલી જ બખ્શિશની સાથે તેની મળીશ[૫]. (મુસ્લિમ)*

**૧.** એટલે કે નેકી કરનારા મુસલમાનોને એકની દસ (નેકી) તો કાયદેસર વાયદો આપવામાં આવશે અને તેના ઉપરાંત ફઝ્લો કરમથી ઈનામરૂપે અપર્ણ થશે જે આપણા ગુમાન તથા વહેમથી પર છે. યાદ રાખશો કે એકનું દસગણુ આમ હાલમાં છે. રબ તઆલા ફર્માવે છે : مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તેના માટે એના જેવી દસ છે, સૂરએ અન્આમ, ૬/૧૬૦) અને ક્યારેક સમય તથા જગાના ખાસપણાથી એક નેકીનો બદલો સાતસો અથવા પચાસ હજાર બલ્કે એક લાખ સુધી છે.

રબ ફર્માવે છે : كَمَثَلِ حَبَّةٍ اَنۡۢبَتَتۡ سَبۡعَ سَنَابِلَ فِىۡ كُلِّ سُنۡۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ‌ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنۡ يَّشَآءُ (એ દાણાની જેમ જેણે ઉઘાડી સાત કંતીઓ (ડૂંડાઓ) દરેક કંતીમાં સો દાણા અને અલ્લાહ એનાથી પણ અધિક કરે જેના માટે ચાહે. —સૂરએ બક઼રહ, ૨/૨૬૧) આ કેવળ નેકીનો બદલો નથી બલ્કે એ સમય અથવા જગાનું ખાસ હોવું પણ છે. જેથી ન તો વર્ણવેલી મજકૂર આયતોમાં આપસમાં ટકરાવ છે, ન હદીષો અન્ય હદીષોની વિરુદ્ધ છે જેમાં ફર્માવવામાં આવ્યું કે મદીના પાકની એક નેકીનો સવાબ પચાસ હજાર છે અથવા મક્કા મુકર્રમાની એક નેકીનો સવાબ એક લાખ છે.

**૨.** અહીં પણ مَن (મન)થી મુરાદ મો'મિન છે અને આમ ગુનાહ મુરાદ છે. સામાન્ય સંજોગોમાં મો'મિનના એક ગુનાહનો બદલો એક જ છે અથવા તે પણ બખ્શી દેવામાં આવે. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે મક્કા મોઅઝ્ઝમાનો એક ગુનોહ એક લાખ છે.

**૩.** જ્યારે માણસ બંને હાથ સીધા કરીને ફેલાવે તો જમણા હાથની આંગળીથી ડાબા હાથની આંગળી સુધીને એક ''બાગ'' કહે છે. આ વાત દષ્ટાંત રૂપે છે. મતલબ એ છે કે જો તમે ઈખ્લાસની સાથે થોડા અમલના થકી કુર્બે ઈલાહી હાંસલ કરો તો રબ તઆલા પોતાના કરમથી ખૂબ જ અધિક રહમતની સાથે તમારાથી નિકટ થશે. જેથી અમલ કર્યે જ જાવ, થોડુ વધુ ન જુઓ.

**૪.** આ વાત દષ્ટાંત રૂપે સમજાવવાના માટે છે. મતલબ એ છે કે તમારી તલબ કરતાં તમારી રહમત આગળ નીકળી ગઈ છે. જો તમે એવા મામૂલી અમલો કરો જેનાથી મોડેથી અમારા સુધી પહોંચી શકો, તો અમે તમને અમારા કરમથી ખૂબ જ જલ્દી અમારા રહ઼મતના દામનમાં લઈ લઈશું. જો રબ તઆલાથી કુર્બ (નઝદીકી) આપણી કોશિશથી થાત તો ક઼યામત સુધી આપણે એના સુધી ન પહોંચી શકતા, તેના સુધી પહોંચ તેની રહમતથી છે.

**૫.** અહીં શિર્કથી મુરાદ કુફ્ર છે અને બખ્શિશથી મુરાદ મુત્લક઼ન બખ્શિશ છે, વહેલી થાય કે મોડેથી. એટલે કે **મુસલમાન કેટલો પણ ગુનેહગાર હોય તેની બખ્શિશ જરૂર થશે, ચાહે પહેલેથી થઈ જાય અથવા કાંઈક સજા આપીને.** અને જાહેર છે કે બખ્શિશ ગુનાહના પ્રમાણમાં થશે. એક ગુનાહની બખ્શિશ પણ એક અને લાખો ગુનાહોની બખ્શિશ પણ લાખો. મક઼સદ એ છે કે **કોઈ મોટામાં મોટો ગુનેહગાર પણ અલ્લાહની રહ઼મતથી નાઉમ્મીદ ન થાય બલ્કે બખ્શિશની ઉમ્મીદ પર તૌબા કરી લે.** એ મક઼સદ નથી કે બખ્શિશ હાંસલ કરવા માટે ખૂબ ગુનાહ કરે કે એ તો ખુદા પર અમન છે અને અમન કુફ્ર છે. જેથી આ હદીષ ગુનાહોની આઝાદી આપવા માટે નથી, બલ્કે તૌબાની દા'વત આપવા માટે છે. રબ ફર્માવે છે : لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ (અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ. સૂરએ ઝુમર, ૩૯/૫૩) યાદ રાખશો કે રબ તઆલાની રહમત પણ વિશાળ છે અને તેનો અઝાબ પણ સખત છે. માલૂમ નહીં રહમત કોને પહોંચે અઝાબ કોને પકડે. જેથી ઉમ્મીદ તથા ડર બંનેવ રાખો. આ બંનેનો મિશ્રણ (મઅજૂને મુરક્કબ)નું નામ ઈમાન છે.

**★ હદીષ : (૬)-૨૨૬૬ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى قَالَ: مَنْ عَادَى لِي وَلِيًّا فَقَدْ آذَنْتُهُ بِالْحَرْبِ وَمَا تَقَرَّبَ إِلَيَّ عَبْدِي بِشَيْءٍ أَحَبَّ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે,* ***જે મારા કોઈ વલીથી[1] અદાવત રાખે હું તેને જંગનું એલાન આપુ છું[2]*** *અને મારા કોઈ બંદાનું ફર્ઝ ઈબાદતોની સરખામણીમાં અન્ય*

إِلَيَّ مِمَّا افْتَرَضْتُ عَلَيْهِ وَمَا يَزَالُ عَبْدِي يَتَقَرَّبُ إِلَيَّ بِالنَّوَافِلِ حَتَّى أُحِبَّهُ فَإِذَا أَحْبَبْتُهُ كُنْتُ سَمْعَهُ الَّذِي يَسْمَعُ بِهِ وَبَصَرَهُ الَّذِي يُبْصِرُ بِهِ وَيَدَهُ الَّتِي يَبْطِشُ بِهَا وَرِجْلَهُ الَّتِي يَمْشِي بِهَا وَإِنْ سَأَلَنِي لَأُعْطِيَنَّهُ وَلَئِنِ اسْتَعَاذَنِي لَأُعِيذَنَّهُ وَمَا تَرَدَّدْتُ عَنْ شَيْءٍ أَنَا فَاعِلُهُ تَرَدُّدِي عَنْ نَفْسِ الْمُؤْمِنِ يَكْرَهُ الْمَوْتَ وَأَنَا أَكْرَهُ مُسَاءَتَهُ وَلَا بُدَّ لَهُ مِنْهُ ". رَوَاهُ الْبُخَارِيّ

*ઝરીયાથી મારાથી નજીક થવું મને અધિક પસંદ નથી[3]. અને મારો બંદો નફ્લો થકી નજીક થતો રહે છે, ત્યાં સુધી કે હું તેનાથી મહોબ્બત કરવા લાગુ છું [4] પછી જ્યારે એનાથી મહોબ્બત કરું છું તો હું એના કાન બની જઉં છું જેનાથી તે સાંભળે છે અને તેની આંખો બની જઉં છું જેનાથી તે જુએ છે, અને તેના હાથ બની જઉં છું જેનાથી તે પકડે છે, અને તેના પગ બની જઉં છું જેનાથી તે ચાલે છે[5] જો તે મારાથી માગે છે તો તેને આપુ છું અને જો મારી પનાહ લે છે તો તેને પનાહ આપુ છું[6]. અને જે મારે કરવાનુ હોય છે એમાં કદી હું સંકોચ નથી કરતો, જેવી રીતે કે હું એ મો'મિનની જાન કાઢવામાં ઢીલ કરું છું જે મૌતથી ગભરાય છે અને હું તેને નાખુશ કરવાનું પસંદ નથી કરતો, આ તરફ મૌત પણ તેના માટે જરૂરી છે[7]. (બુખારી)*

**૧.** વલી અલ્લાહ તે બંદાઓ છે જેનો અલ્લાહ તઆલા વાલી વારસ થઈ ગયો કે તેને એક ક્ષણ માટે પણ તેના નફ્સના હવાલે નથી કરતો, બલ્કે ખુદ તેનાથી નેક કામ લે છે. રબ તઆલા ફર્માવે છે : وَهُوَ يَتَوَلَّى الصّٰلِحِيْنَ (અને નેકોને દોસ્ત રાખે છે. સૂરએ અઅ્રાફ, ૭/૧૯૬) અને તે બંદો છે જે ખુદ રબ તઆલાની ઈબાદતનો મુતવલ્લી બની જાય. પ્રથમ પ્રકારના વલીનું નામ "મજઝૂબ" અથવા "મુરાદ" છે અને બીજાનું નામ "સાલિક" અથવા "મુરીદ" છે. ત્યાં દરેક મુરાદ મુરીદ છે અને દરેક મુરીદ મુરાદ છે. ફરક કેવળ શરૂઆતમાં છે, આ મક઼ામ قال થી (કહેવાથી) પર છે, "હ઼ાલ"થી માલૂમ થઈ શકે છે.

**૨.** એટલે કે **જે મારા એક વલીનો દુશ્મન છે તે મારી સાથે જંગ કરવા માટે તૈયાર થઈ જાય.** ખુદાની પનાહ ! આ વાક્ય અત્યંત ગઝબનું છે. કેવળ બે ગુનાહો પર બંદાને રબ તઆલાની તરફથી જંગનું એલાન આપવામાં આવ્યું છે, એક વ્યાજખોર બીજો અવલિયાનો દુશ્મન. રબ તઆલા ફર્માવે છે : فَأْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ (યક઼ીન કરી લો ! અલ્લાહ અને અલ્લાહના રસૂલથી લડાઈનું. સૂરએ બક઼રહ, ૨/૨૭૯) ઉલમા ફર્માવે છે કે વલીનો દુશ્મન કાફિર છે અને તેનો કુફ્ર પર મરવાનો અંદેશો છે. (મિર્ક઼ાત) યાદ રાખશો કે એક છે વલી અલ્લાહથી એટલા માટે અદાવત તથા દુશ્મની કે તે વલી અલ્લાહ છે, તો એ તો કુફ્ર છે. એનું અહીં વર્ણન છે. અને એક છે કોઈ વલીથી રાયમાં મતભેદ છે, તો એ ન કુફ્ર છે ન ગુનોહ. જેથી આ હદીષના આધારે યૂસુફ علیہ السلامના ભાઈ અને તે સહાબીઓ જેમની આપસમાં લડાઈઓ રહી તેમને બુરા નથી કહી શકાતા કે ત્યાં મતભેદ મંતવ્યોનો હતો દુશ્મની ન હતી. દુશ્મની તથા મતભેદોમાં ઘણો તફાવત છે. જેમ કે અમારી કિતાબ "અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ" જુઓ. ત્યાં સુધી કે હઝરત સારાને કારણે બુરાં નથી કહી શકતા કે તેમણે હઝરત હાજરા તથા ઈસ્માઈલ علیہ السلامનો વિરોધ કર્યો. એટલે માટે અહીં عادی (આદી) ફર્માવ્યું خالف (ખાલિફ) ન ફર્માવ્યં અને لی ولیا ફર્માવ્યું ولی اللہ નથી ફર્માવ્યું.

**૩.** એટલે કે મારા સુધી પહોંચવાના ઘણા ઝરીયા છે પણ એ સર્વ ઝરીયાઓથી અધિક મહબૂબ ઝરીયો ફર્ઝોની અદાયગી છે. એટલા માટે સૂફીઓ ફર્માવે છે કે ફર્ઝો વગર નફ્લો કબૂલ નથી થતા. તેમનો માખઝ આ હદીષ છે. અફસોસ એ લોકો પર જેઓ ફર્ઝ ઈબાદતોમાં સુસ્તી કરે અને નફ્લો પર જોર આપે. અને હજાર અફસોસ તેમના પર જેઓ ભાંગ, ચરસ, હરામ ગાવા વગાડવાને ખુદારસીનો ઝરીયો સમજે અને નમાઝ રોઝાની નજીક ન જાય !

**૪.** એટલે કે મુસલમાન બંદો ફર્ઝ ઈબાદતોની સાથે સાથે નફ્લો પણ અદા કરતો રહે છે ત્યાં સુધી કે તે મારો પ્યારો થઈ જાય છે, કેમ કે ફર્ઝો તથા નફ્લોનું સંગમ હોય છે. (મિર્કાત) એનો મતલબ એ નથી કે ફર્ઝો છોડીને નફ્લો અદા કરે. મહોબ્બતથી મુરાદ કામિલ મહોબ્બત છે.

**૫.** આ ઈબાદતનો એ મતલબ નથી કે ખુદા તથા વલીમાં હુલૂલ (પ્રવેશ) કરી જાય છે. જેમ કે કોલસામાં આગ અથવા ફૂલમાં રંગ તથા સુગંધ, કેમ કે ખુદા તઆલા હુલૂલથી પાક છે, અને એ અકીદો કુફ્ર છે બલ્કે એનો કેટલાક મતલબો છે : એક એ કે વલી અલ્લાહનાં એ અંગો ગુનાહને લાયક નથી રહેતાં. હમેશાં એનાથી સારાં કામો જ થતાં રહે છે, એના પર ઈબાદતો આસાન થાય છે, જાણે કે સર્વ ઈબાદતો એનાથી હું કરાવી રહ્યો છું. અથવા એ કે પછી તે બંદો તે અંગોને દુનિયાના માટે વાપરતો નથી કેવળ મારા માટે ઉપયોગમાં લે છે, દરેક ચીજમાં મને જુએ છે, દરેક અવાજમાં મારો અવાજ સાંભળે છે. અથવા એ કે તે બંદો ફના ફિલ્લાહ થઈ જાય છે જેનાથી ખુદાઈ તાકતો તેનાં અંગોમાં કામ કરે છે અને તે એવાં કામો કરી લે છે જે બુદ્ધિથી પર છે. હઝરત યાકૂબ علیہ السلام એ કિન્આનમાં બેઠા બેઠા મિસરથી નીકળેલી કમીસે યૂસુફીની ખુશ્બુ સૂંઘી લીધી. હઝરત સુલૈમાન علیہ السلام એ ત્રણ માઈલના અંતરેથી કીડીનો અવાજ સાંભળી લીધો. હઝરત આસિફ બર્ખિયાએ પાંપણ ઝપકારો મારે તે પહેલાં યમનથી બિલ્કીસનો તખ્ત લાવીને શામમાં હાજર કરી આપ્યો. હઝરત ઉમરે મદીના મુનવ્વરાથી ખુત્બો પઢતાં દરમ્યાન નેહાવંદ સુધી પોતાનો અવાજ પહોંચાડી આપ્યો. હુઝૂરે અન્વર ﷺ એ કયામત સુધીના બનાવો આંખો વડે જોઈ લીધા. આ સૌ એ જ તાકતના કરિશ્મા છે. આજે આગની શક્તિ વડે રેડિયો, તાર, વાયરલેસ, ટેલીવિઝન અજબના કરિશ્મા દેખાડી રહ્યા છે તો નૂરાની શક્તિનું શું પૂછવું ! આ હદીષથી તે લોકો બોધ ગ્રહણ કરે જે અવલિયાની શક્તિના મુન્કિર છે. અમુક સૂફીઓ જોશમાં سبحانی ما اعظم કહી ગયા, અમુકે કહ્યું : مافی جبیتی الا اللہ આ સૌ આ ફનાની અસરો હતી. મૌલાના (રૂમ) ફર્માવે છે : (શેઅર) چوں روا باشد انا اللہ از درخت ‏ کے روانہ بود کہ گوید نیک بخت

**અર્થાત** : જ્યારે ઝાડથી હું તારો રબ છું નો અવાજ આવી શકે છે તો અલ્લાહનો નેક બંદો કહે તો કેમ જાઈઝ ન થઈ શકે.

**૬.** એટલે કે તે બંદો મકબૂલુ દુઆ (જેની દુઆ કબૂલ થાવ) બની જાય છે કે મારાથી ભલાઈ માગો અથવા બુરાઈથી પનાહ તેની જરૂર સાંભળુ છું. જાણવા મળ્યું કે અવલિયા રબ તઆલાની પનાહમાં રહે છે, તો જે શખ્સ તેમનાથી દુઆ કરાવે તેની કબૂલ થશે, અને જે એમની પનાહમાં આવે તે રબની પનાહમાં આવી જશે. મૌલાના જામી ફર્માવે છે : (શેઅર) : یا رسول اللہ بہ درگاھت پناہ آوردہ ام ۔ ھمچو کاہ عاجزم کوہ گناہ آوردہ ام

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ હુ આપની બારગાહમાં પનાહ માગુ છું, હું ઘાસની જેમ કમજોર છું પરંતુ ગુનાહોનો પહાડ લઈને આવ્યો છે.

**૭.** سبحان اللہ શું નાઝ તથા અંદાઝવાળુ કલામ છે ! એટલે કે હું રબ છું અને મારા કોઈ ફૈસલામાં કદી ઢીલ કરું છું ન સોચ વિચાર. જે ચાહું હુકમ કરું પણ એક મોકા પર હું ઢીલ કરું છું તે એ કે જ્યારે કોઈ વલીના મૃત્યુનો

સમય આવી જાય અને તે વલી હમણા મરવા ન ચાહે તો અમે તેને તુરત જ નથી મારી દેતા, જન્નત તથા ત્યાંની નેઅમતો તેને દેખાડી દઈએ છીએ અને બીમારીઓ પરેશાનીઓ તેના પર નાઝિલ કરી દઈએ છીએ જેનાથી તેનું દિલ દુનિયાથી નફરત કરતું થઈ જાય છે અને આખેરતનો મુશ્તાક (આતુર) કરી દઈએ છીએ, પછી તે પોતે જ આવવા ચાહે છે અને ખુશી ખુશી હસતો હસતો અમારી પાસે આવી જાય છે. અહીં તરદ્દુદનો અર્થ આશ્ચર્ય તથા પરેશાની નથી કે તે બેઈલ્મીથી થાય છે. રબ તઆલા એનાથી પાક છે બલ્કે મતલબ એ છે કે જે ફકીરે (લેખકે) અર્ઝ કર્યો. મૂસા علیہ السلامની વફાતનો બનાવ આ હદીષની તફસીર છે. હુઝૂરે અન્વર ﷺ ફર્માવે છે કે અંબિયાએ કિરામને મૌત તથા જિંદગીનો અખ્તયાર આપવામાં આવે છે. તે હઝરાત પોતાના અખ્તયારથી ખુશી ખુશી મૌતને કૃબૂલ કરે છે અને યાર હસતા મુખે યારની પાસે જતા રહે છે. ડૉ. ઈકબાલ કહે છે : (શેઅર)

نشان مرد مؤمن با تو گویم　　　چوں قضاء آید تبسم برلب اوست

**અર્થાત** : મર્દે મો'મિનની નિશાની હું તને બતાઉં છું, જ્યારે મૌત આવે છે તો તેના હોઠો પર સ્મિત હોય છે.

સારાંશ કે આપણી મૌત તો છૂટકારાનો દિવસ છે અને અવલિયા અંબિયાની વફાત પ્યારાઓથી મળવાનો દિવસ છે, એટલા માટે એમની મૌતના દિવસને ઉર્સ એટલે શાદી (ખુશી)નો દિવસ કહેવામાં આવે છે. આ હદીષથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાના ઈરાદા મશિય્યત, રઝા કરાહતમાં ઘણો ફરકૃ છે. અમુક ચીજો રબ તઆલાને નાપસંદ છે પણ તેનો ઈરાદો છે, અમુક ચીજો પસંદ નથી પણ એનો ઈરાદો નથી.

**★ હદીષ : (૭)-૨૨૬૭ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ لِلَّهِ مَلَائِكَةً يَطُوفُونَ فِي الطُّرُقِ يَلْتَمِسُونَ أَهْلَ الذِّكْرِ فَإِذَا وَجَدُوا قَوْمًا يَذْكُرُونَ اللَّهَ تَنَادَوْا: هَلُمُّوا إِلَى حَاجَتِكُمْ " قَالَ: «فَيَحُفُّونَهُمْ بِأَجْنِحَتِهِمْ إِلَى السَّمَاءِ الدُّنْيَا» قَالَ: " فَيَسْأَلُهُمْ رَبُّهُمْ وَهُوَ أَعْلَمُ بِهِمْ: مَا يَقُولُ عِبَادِي؟ " قَالَ: " يَقُولُونَ: يُسَبِّحُونَكَ وَيُكَبِّرُونَكَ وَيُحَمِّدُونَكَ وَيُمَجِّدُونَكَ " قَالَ: " فَيَقُولُ: هَلْ رَأَوْنِي؟ " قَالَ: " فَيَقُولُونَ: لَا وَاللَّهِ مَا رَأَوْكَ " قَالَ فَيَقُولُ: كَيْفَ لَوْ رَأَوْنِي؟ قَالَ: " فَيَقُولُونَ: لَوْ رَأَوْكَ كَانُوا أَشَدَّ لَكَ عِبَادَةً وَأَشَدَّ لَكَ تَمْجِيدًا وَأَكْثَرَ لَكَ تَسْبِيحًا " قَالَ: " فَيَقُولُ: فَمَا يَسْأَلُونَ؟ قَالُوا: يسألونكَ الجَنَّةَ " قَالَ: " يَقُول: وَهل

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહના કેટલાક ફરિશ્તા રસ્તાઓમાં ઝિકુલ્લાહવાળાઓની તલાશમાં ઘુમતા રહે છે[1] પછી જ્યારે કોઈ કૌમને અલ્લાહનો ઝિક કરતા પામે છે તો એકબીજાને પુકારે છે કે તમારા મકૃસદની તરફ આવો[2] જેથી તે ફરિશ્તા એ ઝિક કરનારાઓને પોતાની પાંખોમાં ઢાંકી લે છે, આસ્માની દુનિયા સુધી થઈ જાય છે[3] હુઝૂરે ફર્માવ્યું કે રબ તઆલા તો અલીમ તથા ખબીર (જાણનાર તથા ખબર રાખનાર) છે પણ તેમને પૂછે છે કે મારા તે બંદાઓ શું કહેતા હતા ?[4] અર્ઝ કરે છે કે તારી તસ્બીહ તથા તકબીર, તારી હમ્દ અને તારી બુઝુર્ગીઓ વર્ણન કરી રહ્યા હતા[5]. ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે, શું તેમણે મને જોયો છે ? ફર્માવ્યું, તેઓ અર્ઝ કરે છે, તારી કૃસમ ! તેમણે તને કદી નથી જોયો[6] ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે કે જો તેઓ મને જોઈ લે તો શું થાય ? ફર્માવ્યું, અર્ઝ કરે છે કે, જો તેઓ તને જોઈ લે તો તારી ખૂબ જ ઈબાદત*

رأوها؟ " قَالَ: " فَيَقُولُونَ: لَا وَاللَّهِ يَا رَبِّ مَا رَأَوْهَا " قَالَ: " فَيَقُولُ: فَكَيْفَ لَوْ رَأَوْهَا؟ " قَالَ: " يقولونَ: لَو أَنَّهم رأوها كَانُوا أَشد حِرْصًا وَأَشَدَّ لَهَا طَلَبًا وَأَعْظَمَ فِيهَا رَغْبَةً قَالَ: فممَّ يتعوذون؟ " قَالَ: " يَقُولُونَ: مِنَ النَّارِ " قَالَ: " يَقُولُ: فَهَلْ رَأَوْهَا؟ " قَالَ: يَقُولُونَ: «لَا وَاللَّهِ يَا رَبِّ مَا رَأَوْهَا» قَالَ: " يَقُولُ: فَكَيْفَ لَوْ رَأَوْهَا؟ " قَالَ: «يَقُولُونَ لَوْ رَأَوْهَا كَانُوا أَشَدَّ مِنْهَا فِرَارًا وَأَشَدَّ لَهَا مَخَافَةً» قَالَ: " فَيَقُولُ: فَأُشْهِدُكُمْ أَنِّي قَدْ غَفَرْتُ لَهُمْ " قَالَ: " يَقُولُ مَلَكٌ مِنَ الْمَلَائِكَةِ: فِيهِمْ فُلَانٌ لَيْسَ مِنْهُمْ إِنَّمَا جَاءَ لِحَاجَةٍ قَالَ: هُمُ الْجُلَسَاءُ لَا يَشْقَى جَلِيسُهُمْ ". رَوَاهُ الْبُخَارِيُّ

وَفِي رِوَايَةِ مُسْلِمٍ قَالَ: " إِنَّ لِلَّهِ مَلَائِكَةً سَيَّارَةً فُضُلًا يَبْتَغُونَ مَجَالِسَ الذِّكْرِ فَإِذَا وَجَدُوا مَجْلِسًا فِيهِ ذِكْرٌ قَعَدُوا معَهُم وحفَّ بعضُهم بَعْضًا بأجنحتِهم حَتَّى يملأوا مَا بَيْنَهُمْ وَبَيْنَ السَّمَاءِ الدُّنْيَا فَإِذَا تَفَرَّقُوا عَرَجُوا وَصَعِدُوا إِلَى السَّمَاء قَالَ: فَيَسْأَلُهُمُ اللَّهُ وَهُوَ أَعْلَمُ: مِنْ أَيْنَ جِئْتُمْ؟ فَيَقُولُونَ: جِئْنَا مِنْ عِنْدِ عِبَادِكَ فِي الْأَرْضِ يُسَبِّحُونَكَ وَيُكَبِّرُونَكَ وَيُهَلِّلُونَكَ وَيُمَجِّدُونَكَ وَيَحْمَدُونَكَ وَيَسْأَلُونَكَ قَالَ: وَمَاذَا يَسْأَلُونِي؟ قَالُوا: يَسْأَلُونَكَ جَنَّتَكَ قَالَ: وَهَلْ رَأَوْا جَنَّتِي؟ قَالُوا: لَا أَيْ رَبِّ قَالَ: وَكَيْفَ لَوْ رَأَوْا جَنَّتِي؟ قَالُوا: وَيَسْتَجِيرُونَكَ قَالَ: وَمِمَّ يَسْتَجِيرُونِي؟ قَالُوا: مِنْ نَارِكَ قَالَ: وَهَلْ رَأَوْا نَارِي؟ قَالُوا: لَا. قَالَ: فَكَيْفَ

કરે અને તારી ઘણી જ બડાઈ બોલે અને તારી ખૂબ જ તસ્બીહ કરે[7] ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે, તેઓ શું માગતા હતા ? અર્ઝ કરે છે કે તારાથી જન્નત માગતા હતા. ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે, શું તેમણે જન્નત જોઈ છે ? અર્ઝ કરે છે, યા રબ ! તારી ક઼સમ ! નથી જોઈ[8]. ફર્માવ્યું, રબ તઆલા ફર્માવે છે કે જો તે જન્નત જોઈ લે તો શું થાય ? ફર્માવ્યું, તે અર્ઝ કરે છે કે જો તે જન્નત જોઈ લે તો શું થાય ? ફર્માવ્યું, તેઓ અર્ઝ કરે છે કે જો તેઓ જન્નત જોઈ લે તો તેના ખૂબ જ લાલચી તથા ખૂબ જ તલબગાર અને તેના પ્રતિ ખૂબ જ આકર્ષિત થઈ જાય[9] ફર્માવે છે કે તે કઈ ચીજથી પનાહ માગી રહ્યા હતા ? ફર્માવ્યું, તેઓ અર્ઝ કરે છે, આગથી[10]. ફર્માવ્યું રબ તઆલા ફર્માવે છે, તો શું તેમણે આગ જોઈ છે ? ફર્માવ્યું, અર્ઝ કરે છે, યા રબ ! તારી ક઼સમ ! નથી જોઈ. ફર્માવ્યું, રબ ફર્માવે છે, જો તેઓ જોઈ લે તો શું થાય ? ફર્માવ્યું, અર્ઝ કરે છે, જો તેઓ જોઈ લે તો તેનાથી ખૂબ જ ભાગે, એનાથી ખૂબ જ ડરે[11]. ફર્માવ્યું, પછી રબ તઆલા ફર્માવે છે, હું તમને ગવાહ કરું છું કે મેં એ સૌને બખ્શી આપ્યા[12]. ફર્માવ્યું કે એ ફરિશ્તાઓમાંથી એક અર્ઝ કરે છે કે એમનામાં ફલાણો પણ હતો જે ઝિક્રવાળાઓમાંથી ન હતો. તે તો કોઈ કામના માટે આવ્યો હતો[13]. **રબ તઆલા ફર્માવે છે, ઝાકિરીન એવા હમનશીં છે કે તેમની સાથે બેસી જનારો પણ મહેરૂમ નથી રહેતો[14].** બુખારી તથા મુસ્લિમની રિવાયતમાં છે કે હુઝૂરે ફર્માવ્યું કે અલ્લાહના ફાલતુ ફરિશ્તા હરવા ફરવા ઘુમવાવાળા છે જેઓ ઝિક્રની મજલિસો શોધતા રહે છે[15] જ્યારે કોઈ એવી મજલિસ પામે જ્યાં ઝિક્ર થાય. તો ઝાકિરોની સાથે બેસી જાય છે[16] અને અમુક અમુકને પોતાની પાંખો વડે ઘેરી લે છે[17] ત્યાં સુધી કે તેઓ લોકો અને આસમાની દુનિયા વચ્ચેનો અવકાશ ભરી દે છે[18] પછી જ્યારે લોકો વિખેરાય જાય છે[19] તો તે ફરિશ્તાઓ

لَوْ رَأَوْا نَارِي؟ قَالُوا: يَسْتَغْفِرُونَكَ " قَالَ: " فَيَقُولُ: قَدْ غَفَرْتُ لَهُمْ فَأَعْطَيْتُهُمْ مَا سَأَلُوا وَأَجَرْتُهُمْ مِمَّا اسْتَجَارُوا " قَالَ: " يَقُولُونَ: رَبِّ فِيهِمْ فُلَانٌ عَبْدٌ خَطَّاءٌ وَإِنَّمَا مَرَّ فَجَلَسَ مَعَهُمْ " قَالَ: «فَيَقُولُ وَلَهُ غَفَرْتُ هم الْقَوْم لَا يشقى بهم جليسهم»

*આસ્માન પર પહોંચી જાય છે[૨૦]. ફર્માવ્યું કે રબ તઆલા અલીમો ખબીર છે પણ તેમને પૂછે છે, ક્યાંથી આવી રહ્યા છો ? તો તેઓ અર્ઝ કરે છે, અમે તારા તે બંદાઓની પાસેથી આવી રહ્યા છીએ જેઓ જમીનમાં તારી તસ્બીહ, તકબીર, તહલીલ કરી રહ્યા હતા[૨૧] અને તારી હમ્દો ષના કરતા હતા. તારાથી દુઆઓ માગી રહ્યા હતા. રબ ફર્માવે છે, તેઓ મારાથી શું માગતા હતા ? અર્ઝ કરે છે, તારી જન્નત માગતા હતા[૨૨] ફર્માવે છે, શું તેમણે મારી જન્નત જોઈ છે ? અર્ઝ કરે છે, યા રબ ! નહીં ! ફર્માવે છે, જો તે મારી જન્નત જોઈ લે તો શું થાય ? અર્ઝ કરે છે, મૌલા ! તારી પનાહ માગી રહ્યા હતા. ફર્માવે છે, કઈ ચીજથી પનાહ માગી રહ્યા હતા ? અર્ઝ કરે છે, તારી આગથી ! ફર્માવે છે, શું તેમણે મારી આગ જાઈ છે ? અર્ઝ કરે છે, નહીં ! ફર્માવે છે, મારી આગ જોઈ લે તો શું થાય ?[૨૩] અર્ઝ કરે છે તારાથી માફી માગી રહ્યા હતા. ફર્માવ્યું, રબ ફર્માવે છે, મેં તેમને બખ્શી આપ્યા. જે માગે છે એમને આપી દીધું અને જેનાથી પનાહ માગે છે મેં એમને એનાથી બચાવી લીધા[૨૪]. ફર્માવ્યું, ફરિશ્તા અર્ઝ કરે છે, હે રબ !* ***એમાં ફલાણો બંદો મહાન ગુનેહગાર હતો[૨૫] તે એમની પાસેથી પસાર થતાં તેમની સાથે બેસી ગયો હતો.*** *ફર્માવ્યું, રબ ફર્માવે છે,* ***મેં એને પણ બખ્શી આપ્યો. એ એવી ક઼ૌમ છે જેમનો હમનશીં (સાથે બેસનાર) પણ બદનસીબ નથી હોતો[૨૬]."***

**૧.** અહીં ફરિશ્તાઓથી તે ફરિશ્તા મુરાદ છે જેઓ ઝિક્રુલ્લાહ સાંભળવા માટે નિયુક્ત છે. રસ્તાઓથી ખાસ કરીને મુસલમાન ઝાકિરીનના રસ્તા મુરાદ છે. એટલે કે એ ફરિશ્તા ઝાકિરોના રસ્તાઓમાં ચક્કર લગાડતા રહે છે જેથી તેમની ઝિયારત કરે અને તેમનાથી અલ્લાહ તઆલાનો ઝિક્ર સાંભળે. એટલે કે સમયથી પહેલાં તે હઝરાત ઝિક્રની મજલિસની આસપાસ ઘુમતા રહે છે. એ મતલબ નથી કે તેમને ઝાકિરીન તથા તેમના મહોલ્લાઓની ખબર નથી અને બેખબરીમાં શોધતા ફરે છે.

**૨.** આવો ! દોડો ! આ ઝાકિરોની ઝિયારત કરો, તેમની જીભેથી અલ્લાહ વ રસૂલનો ઝિક્ર સાંભળો. જાણવા મળ્યું કે અન્યોથી રસૂલનો ઝિક્ર સાંભળવું પણ મહબૂબ છે અને મેહફિલે મીલાદ શરીફ, ગ્યારહવીં શરીફ વગેરેમાં રહમતના ફરિશ્તા શિર્કત કરે છે કે એ પણ અલ્લાહ વ રસૂલના ઝિક્રની મેહફિલો છે. (શેઅર)

*ફરિશ્તે મેહફિલે મીલાદમેં રહ્‌મત કે આતે હૈં—રસૂલુલ્લાહ ખૂદ ઉસ બઝ્‌મમેં તશરીફ લાતે હૈં*

આ શેઅરની પ્રથમ કડીની મિસ્દાક (લાગુ પડતી) આ હદીષ છે. બીજા મિસરા (કડી)ની અસલ આવનારી હદીષમાં આવશે.

૩. એટલે કે **એ ફરિશ્તાઓ સફો બનાવીને એ મજલિસવાળાઓ પર એવી રીતે છવાય જાય છે જેવાં કે જમીન પર રહમતનાં વાદળો. અને એ સફો આસ્માન સુધી પહોંચે છે કે નીચે એક સફ તેની ઉપર બીજી અને ત્રીજી.**

**૪.** મજલિસ ખત્મ થતાં લોકો તો પોતાનાં ઘરો પર પરત થઈ જાય છે અને આ ફરિશ્તા બારગાહે ઈલાહીમાં હાજર થઈ જાય છે. ત્યારે રબ તઆલા તેમને સવાલ કરે છે, પણ એ સવાલ રબની બેઈલ્મીથી નથી બલ્કે ફરિશ્તાઓને આગલી વિગત પર ગવાહ બનાવવાના માટે હોય છે.

**૫.** ક્યાં તો વાસ્તા સાથે અથવા વિના વાસ્તાએ એ રીતે કે તારા મહબૂબોનો અઝમત સાથે ઝિક્ર કરી રહ્યા હતા અને તારા દુશ્મનોનો તુચ્છકારભેર ઉલ્લેખ કરી રહ્યા હતા. જેવું કે પ્રકરણના શરૂમાં અર્ઝ કરવામાં આવેલ છે.

**૬.** જોયા વિના તારા આશિક઼ છે. અલ્લાહ તઆલા મહબૂબે હક઼ીક઼ી છે કે વિના જોયા દિલોમાં એનો ઈશ્ક઼ છે એનું પ્રતિબિંબ હુઝૂરે અન્વર ﷺ છે કે આજે એમને જોનારો કોઈ નથી અને જાંબાઝ આશિક઼ો કરોડો છે.

**૭.** આ બંને પ્રશ્નો આશ્ચર્યના પ્રદર્શન માટે છે કે જ્યારે મારા બંદાઓ મને જોયા વિના કેવળ મારી સિફતો (ખૂબીઓ) સાંભળીને મારી આવી દિવાનગીભરી ઈબાદત કરી રહ્યા છે તો જો મને જોઈ લે તો તેમની મહોબ્બત તથા ઈબાદતનો શો હાલ થશે ?! એમાં ઈશારા રૂપે ફર્માવવામાં આવી રહ્યું છે કે, હે ફરિશ્તાઓ ! તમે તો કહ્યું હતું, મારા બંદા ખૂના મરકી કરનાર ઝઘડાળુ હશે, જુઓ ! એ જ માનવોમાં આવા નમાઝી ઝાકિર પણ તો છે જેમનાથી આખુ જગત છુપાયેલુ છે. અને આલમે શહાદત એટલે દુનિયાની હજારો ઝંઝટોમાં સપડાયેલા છે તેમ છતાં પણ રબના ઝાકિર તથા પરસ્તાર (ઈબાદતગુઝાર) છે. જાણવા મળ્યું કે ઈમાન બિલ ગયબ (ગયબ પર ઈમાન) રબ તઆલાની મહાન નેઅમત છે.

**૮.** કેવળ સાંભળીને એના પર ઈમાન લાવ્યા અને તેના તલબગાર થઈ ગયા. એનાથી જાણવા મળ્યું કે જન્નત પેદા થઈ ચૂકી છે. જે લોકો કહે છે કે ક઼યામત પછી પેદા થશે, એ ગલત કહે છે. એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "તફસીરે નઈમી" ભાગ–૧ અને "અસ્રારુલ અહકામ"માં જુઓ. એનાથી જાણવા મળ્યું કે રબ તઆલાથી જન્નત માગવી બુરુ નથી. હા ! કેવળ જન્નત હાંસલ કરવા માટે ઈબાદત કરવી બુરુ છે. ઈબાદત તો કેવળ રઝાએ ઈલાહીના માટે હોવી જોઈએ. જન્નત તો તેના ફઝ્‌લથી મળશે.

**૯.** એટલે કે પછી તો એ લોકો જન્નતની તલબમાં તારીકુદ્‌ દુન્યા (દુનિયાનો ત્યાગ કરનાર) બની બેસશે, પત્ની, પુત્રોને ભૂલી જશે, કેમ કે જોઈ લેવું એ ખબર કરતાં અધિક મજબૂત છે. જાણવા મળ્યું કે માણસોથી જન્નત છુપાવવામાં હજારો હિકમતો છે. જો જન્નત દેખાડી આપવામાં આવત તો કોઈ શખ્સ કોઈ દુનિયવી કામ ન કરતો.

**૧૦.** એટલે કે દોઝખની આગથી. યાદ રાખશો કે ફરિશ્તા એવું નથી કહેતા કે દોઝખથી પનાહ માગી રહ્યા હતા, કેમ કે દોઝખમાં પ્રવેશ તો ક઼યામત પછી થશે પણ આગનો અઝાબ મરતાં જ શરૂ થઈ જાય છે, એટલા માટે આગના અઝાબથી પનાહ માગવી જોઈએ. કુર્આને કરીમે જે જામેઅ (સમૃદ્ધ) દુઆ આપણને શીખવી છે તેના

અંતમાં وقنا عذاب النار, તેમજ દોઝખના ઠંડા તબક઼ાઓમાં પણ આગનો જ અઝાબ છે. ગરમ તબક઼ાઓમાં આગની નજીકથી અઝાબ છે, ઠંડા તબક઼ાઓમાં આગની દૂરીથી અઝાબ છે. જેવી રીતે દુનિયામાં ગરમ ઠંડી ઋતુઓમાં સૂરજની દૂરી તથા નઝદીકીથી ઠંડી ગરમી હોય છે.

**૧૧.** એ રીતે કે પછી દોઝખના ડરથી દુનિયામાં એશ આરામ ભૂલી જાય, હમેશાં રડતા રહે, કદી ન હસે. જાણવા મળ્યું કે જો તે આલમ જાહેર કરી દેવામાં આવે તો આ દુનિયા તબાહ થઈ જાય. જો રબ તઆલાનો નઝારો અહીં થઈ જાય તો કોઈ કાફિર ન રહે. (શેઅર)

*કુફ્રો ઈસ્લામ કે ઝઘળે તેરે છુપનેસે બળ્હે—તૂ અગર પર્દા ઉઠા દે તો તૂ હી તૂ હો જાએ*

**૧૨.** પાછલી સર્વ ચર્ચા આ આખરી વાકયના માટે હતી કે ફરિશ્તાઓને એ ઝાકિર મો'મિનોની બખ્શિશ પર ગવાહ બનાવવાના હતા. યાદ રાખશો કે રબ તઆલાએ એવું નથી ફર્માવ્યું કે એમના ગુનાહ બખ્શુ છું, કે એમાં શંકા થાત કે કદાચ પાછલા ગુનાહ બખ્શવામાં આવ્યા, બલ્કે ફર્માવ્યું તેમની બખ્શી દઉં છું એટલે ગુનાહોથી બચવાની તૌફીક઼ આપીશ અને જો કદી તેમનાથી કોઈ ગુનોહ થઈ પણ જશે તો તેની બખ્શિશનો આજે ફેંસલો કરી દઉં છું. ગુનાહને બખ્શવું અલગ છે અને ગુનેહગારને બખ્શવું કાંઈ અલગ છે. અહીં ગુનેહગારને બખ્શી દેવામાં આવ્યો છે.

**૧૩.** એટલે કે ઝિક્રુલ્લાહ સાંભળવા આવ્યો ન હતો બલ્કે કોઈ કામ અર્થે જઈ રહ્યો હતો, રસ્તામાં આ મજલિસ નજર પડી તો થોડીવાર માટે બેસી ગયો અને ઉભા ઉભા કાંઈક ઝિક્ર સાંભળી લીધું. આ અર્ઝ તથા રજૂઆત તેને બખ્શાવવા માટે છે. જાણવા મળ્યું કે ફરિશ્તાઓ ઝાકિરીનના (ઝિક્ર કરનારાઓના) ઘણા શુભેચ્છક છે, આપણે પણ જોઈએ કે તેમના માટે દુઆએ ખૈર કર્યા કરીએ. દલાઈલુલ ખયરાતમાં અમુક દુઆઓ ફરિશ્તાઓ માટે પણ આવે છે. આપણને એમનાથી કામ પડે છે તો એમનાથી સંબંધ રાખવો જોઈએ.

**૧૪.** એટલે કે એ મજલિસવાળાઓને તો ઝિક્રના કારણે બખ્શી આપ્યા અને એ પસાર થનારાને તે સારા લોકોની સોહબતથી બખ્શી આપ્યો. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે નેક સોહબત સર્વ ઈબાદતોથી અફઝલ છે. જુઓ સહાબાએ કિરામ સર્વ જહાનના અવલિયાથી અફઝલ છે. કેમ ? એટલા માટે કે જનાબ મુસ્તફા ﷺના સોહબત પામેલા છે. અવલિયાની સોહબતની બરકતથી અસ્હાબે કહફનો કૂતરો પણ બેહતર થઈ ગયો. મિર્ક઼ાતે ફર્માવ્યું કે અલ્લાહની સોહબત અપનાવો, જો ન થઈ શકે તો અલ્લાહની પાસે રહેનારાઓની સોહબત અપનાવો. મૌલાના ફર્માવે છે :

ہر کہ خواہد ہم نشینی باخدا — او نشیند در حضور اولیاء

**અર્થાત** : જે અલ્લાહની નિકટતા ઈચ્છે તે અવલિયાની પાસે બેસે.

**૧૫.** એટલે કે એ ફરિશ્તાઓના જિમ્મે આ ઘુમવા ફરવા સિવાય અન્ય કોઈ ડયૂટી નથી. અમુક સૂફીઓ હમેશાં સફરમાં રહે છે, જ્યાં ઉર્સ વગેરે ઝિક્રની મજલિસ હોય છે તેમાં શિર્કત કરે છે. તેમનો માખઝ આ જ હદીષ છે. (મિર્ક઼ાત) فضل અમુક નુસ્ખાઓમાં ف ના પેશ અને ض ના ફતહથી છે, એટલે કે અન્ય ફરિશ્તાઓથી અફઝલ.

**૧૬.** એ રીતે કે એ તૂટી ચટાઈ અને ફાટેલી ફર્શ પર બેસી જાય છે જ્યાં ઝાકિરો બેસી જાય છે. કોઈ આ'લા જગા નથી શોધતા જેથી તેમને ફયઝ આપે અને તેમનાથી ફયઝ લે.

**૧૭.** એટલે કે અમુક ફરિશ્તા એ અમુક ઈન્સાનોને અથવા અમુક ફરિશ્તાઓને પોતાની પાંખો વડે ઢાંકી લે છે કે નીચેવાળા ઉપરવાળાઓની પાંખોના સાયમાં થઈ જાય છે.

**૧૮.** જાણવા મળ્યું કે ઝાકિરોનો અવાજ આસ્માન સુધી પહોંચે છે કે ત્યાં સુધી ફરિશ્તા સાંભળે છે. જ્યારે વીજળીના થકી આજે માનવનો અવાજ હજારો માઈલ સુધી પહોંચે છે તો નૂરાની અવાજ ક્યાં સુધી પહોંચશે ?!

**૧૯.** એ રીતે કે મજલિસ ખત્મ થઈ જાય છે, અને લોકો પોત પોતાનાં ઘરોએ કામોએ ચાલ્યા જાય છે.

**૨૦.** કેમ કે એ ફરિશ્તા તો કેવળ મજલિસી ઝિક્ર સાંભળવા આવે છે, એકલાઓનું ઝિક્ર સાંભળવું તેમનું કામ નથી, એના માટે બીજા ફરિશ્તા છે. એનાથી પણ જાણવા મળ્યું કે ઝિક્ર બિલ જહ્‌ર ઝિક્રે ખફીથી (જોરથી ઝિક્ર ધીમા ઝિક્ર કરતાં) અફઝલ છે. આ હદીષ ક઼ાદરિયા ચિશ્તિયા હઝરાતની દલીલ છે. નક઼શબંદી હઝરાતની દલીલો અન્ય આયતો તથા હદીષોમાં છે.

**૨૧.** તે ફરિશ્તા એ બંદાઓના નામ તથા જગાનું પૂરુ સરનામુ અર્ઝ કરે છે. سبحان الله ! એ લોકો અને એ જગાનું ક઼િસ્મત ચમકી જાય છે કે ઝિક્રે ઈલાહીની બરકતથી માસૂમોની ઝબાન પર બારગાહે ઈલાહીમાં તેમના નામ આવી જાય છે. મુબારક છે દીની મદ્‌રસા અને ખાનક઼ાહો જ્યાં હમેશાં જ અલ્લાહનો ઝિક્ર થતો રહે છે. (શેઅર)

زہے مسجد و مکتب و خانقاہے　　　　که در وے بود قیل و قال محمد

**અર્થાત** : મસ્જિદ, મક્તબ અને ખાનક઼ાહ કેટલી સારી જગ્યાઓ છે કે ત્યાં અલ્લાહ અને રસૂલની વાતો થાય છે.

**૨૨.** યાદ રાખશો કે જન્નતની નિસ્બત અલ્લાહ તઆલાની તરફ પણ થાય છે, જેમ કે અહીં છે. કેમ કે રબ તઆલા જન્નતનો ખાલિક઼ (સર્જક) તથા હક઼ીક઼ી માલિક છે. અને ક્યારેક હુઝૂરે અન્વર علیہ الصلوٰۃ والسلامની તરફ થાય છે, કેમ કે **હુઝૂરે અન્વર ﷺ અલ્લાહની અતાથી જન્નતના માલિક છે.** રબ તઆલા ફર્માવે છે : إِنَّآ أَعْطَيْنَٰكَ ٱلْكَوْثَرَ (હે મહબૂબ ! બેશક ! અમે તમને અગણિત ખૂબીઓ અતા કરી. સૂરએ કૌષર, ૧૦૮/૧) અને ક્યારેક મુસલમાનોની તરફ, કેમ કે એ લોકો હુઝૂરે અન્વર ﷺના સદક઼ાથી એના મુસ્તહિક઼ છે. એમના માટે જ બનાવવામાં આવી છે. (શેઅર)

*મુસલમાનોં કો કોઈ ખુલ્દ સે રોકે તો ક્યૂં રોકે—યહ ઉમ્મત હૈ મુહમ્મદ કી વો જન્નત હૈ મુહમ્મદ (ﷺ)*

**૨૩.** મુસ્લિમ બુખારીની રિવાયતોમાં ફરક઼ એ થયો કે બુખારીની રિવાયતમાં આશ્ચર્યનું પ્રદર્શન પણ વર્ણન થયેલું છે અને ફરિશ્તાઓનો જવાબ પણ. પણ મુસ્લિમોની રિવાયતમાં ફરિશ્તાઓનો જવાબ વર્ણવેલ નથી કેવળ આશ્ચર્યના પ્રદર્શનનું જ વર્ણન છે. ફરિશ્તા જવાબ આપે છે, પણ અહીં એનું વર્ણન નથી.

**૨૪.** એનાથી જાણવા મળ્યું કે મુસલમાન આવા મોક઼ાઓ પર ખાસ કરીને આખેરતની નેઅમતો માગે, કેવળ દુનિયા માગવી સારી નથી. આખેરત માગો દુનિયા ઈન્શાઅલ્લાહ ! આપોઆપ મળી જશે. ગુલદસ્તામાં ફૂલ વિનાનાં પાંદડાં નથી હોતાં.

**૨૫.** જાણવા મળ્યું કે ફરિશ્તા દરેક બંદાને પણ ઓળખે છે અને દરેક શખ્સના સર્વ નેક તથા બુરા અમલોની પૂરી પૂરી ખબર રાખે છે અને દરેક શખ્સના દરેક ઈરાદાથી બાખબર છે, નહીં તો એમને શું ખબર પડત કે આ બંદો કોણ છે, નેક છે કે બુરો છે, અહીં કયા ઈરાદાથી આવ્યો છે. જ્યારે આ ફરિશ્તાઓના આ હાલ છે તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈલ્મનું તો પૂછવું જ શું ?!

**૨૬.** જ્યારે આમ ઝાકિરોની મજલિસની આ બરકત છે તો હુઝૂરે અન્વર ﷺની સોહબત પાક કેવી બાબરકત હશે ?! તેમનું નામ લેનારો કદી બદ્‌નસીબ નથી હોતો. (શેઅર)

*સલામ ઉસ પર કે જિસકે ઝિક્રસે સૈરી નહીં હોતી—સલામ ઉસ પર કે જિસકી બઝ્મમેં કિસ્મત નહીં સોતી*

જુઓ એક ગુનેહગાર એ ઝાકિરોની મજલિસમાં એક પળના માટે આવ્યો તો બખ્શાઈ ગયો, તો જે હઝરાત સાયાની જેમ હુઝૂરે અન્વર ﷺની સાથે રહ્યા તેમની મગફિરતમાં શંકા કેવી ?! એમના વિશે રબ તઆલાએ એલાન કરી આપ્યું : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى (અને અલ્લાહે સૌનાથી ભલાઈનો વાયદો કર્યો. —સૂરએ નિસાઅ્, ૪/૯૫)

### ★ હદીષ : (૮)-૨૨૬૮ ★

وَعَن حَنْظَلَة بن الرّبيع الأسيدي قَالَ: لَقِيَنِي أَبُو بكر فَقَالَ: كَيْفَ أَنْتَ يَا حَنْظَلَةُ؟ قُلْتُ: نَافَقَ حَنْظَلَةُ قَالَ: سُبْحَانَ اللَّهِ مَا تَقُولُ؟ قُلْتُ: نَكُونُ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُذَكِّرُنَا بِالنَّارِ وَالْجَنَّةِ كَأَنَّا رَأْيُ عَيْنٍ فَإِذَا خَرَجْنَا مِنْ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَافَسْنَا الْأَزْوَاجَ وَالْأَوْلَادَ وَالضَّيْعَاتِ نَسِينَا كثيرا قَالَ أَبُو بكر: فو الله إِنَّا لَنَلْقَى مِثْلَ هَذَا فَانْطَلَقْتُ أَنَا وَأَبُو بَكْرٍ حَتَّى دَخَلْنَا عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ: نَافَقَ حَنْظَلَةُ يَا رَسُولَ اللَّهُ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَمَا ذَاكَ؟» قُلْتُ: يَا رَسُولَ اللَّهِ نَكُونُ عِنْدَكَ تُذَكِّرُنَا بِالنَّارِ وَالْجَنَّةِ كَأَنَّا رَأْيَ عَيْنٍ فَإِذَا خَرَجْنَا مِنْ عِنْدِكَ عَافَسْنَا الْأَزْوَاجَ وَالْأَوْلَادَ وَالضَّيْعَاتِ نَسِينَا كَثِيرًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الَّذِي نَفْسِي بِيَدِهِ لَوْ تَدُومُونَ عَلَى مَا تَكُونُونَ عِنْدِي وَفِي الذِّكْرِ لَصَافَحَتْكُمُ الْمَلَائِكَةُ عَلَى فُرُشِكُمْ وَفِي طُرُقِكُمْ وَلَكِنْ يَا حَنْظَلَةُ سَاعَةٌ وَسَاعَةٌ» ثَلَاث مَرَّات. رَوَاهُ مُسلم

*''હઝરત હન્ઝલા ઈબ્ને રબીઅ ઉસૈદી رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે, મને હઝરત અબૂબક્ર સિદ્દીક્ મળ્યા. પૂછ્યું, હન્ઝલા કેમ છો ? મેં કહ્યું કે હન્ઝલા તો મુનાફિક્ થઈ ગયો[2]. ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! શું કહી રહ્યા છો ?![3] હું બોલ્યો, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે હોઈએ છીએ, હુઝૂર જન્નત તથા દોઝખનો ઝિક્ર અમને સંભળાવે છે જાણે એ બંનેવ અમારી આંખોની સામે છે[4] પછી જ્યારે અમે રસૂલુલ્લાહ ﷺની પાસેથી હટીએ છીએ તો બીવી બચ્ચાં માલ તથા સંપત્તિમાં ખોવાઈ જઈને ઘણુ બધુ ભૂલી જઈએ છીએ[5] હઝરત અબૂબક્ર બોલ્યા, અલ્લાહની કસમ ! આપણને સૌને એવું થાય છે[6] પછી હું અને હઝરત અબૂબક્ર સિદ્દીક્ ચાલ્યા ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺની બારગાહે અક્દસમાં પહોંચ્યા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હન્ઝલા તો મુનાફિક્ થઈ ગયો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું વાત છે ? મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ અમે આપની પાસે હોઈએ છીએ તો આપ અમને જન્નત તથા દોઝખનો ઝિક્ર આ પ્રમાણે સંભળાવો છો જાણે એ અમારી આંખોની સામે છે[7]. જ્યારે આપની પાસેથી અમે નીકળીએ છીએ તો બીવી બચ્ચાં માલ સંપત્તિમાં મશગૂલ થઈ જઈએ છીએ. ઘણુ બધુ ભૂલી જઈએ છીએ[8]. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એ ખુદાની ક્સમ ! જેના કબજામાં મારી જાન છે, જે તમારો હાલ મારી પાસે હોય છે જો એના પર હમેશાં રહો[9]. તો ફરિશ્તા તમારા બિસ્તરો પર તમારા રસ્તાઓમાં તમારી સાથે મુસાફા કર્યા કરે[10] પરંતુ હે હન્ઝલા ! કદી કદી બે ઘડી. ત્રણવાર ફર્માવ્યું[11] ." (મુસ્લિમ)*

૧. આ હન્ઝલા "ગસીલુલ મલાઈકા" નથી બલ્કે અન્ય સહાબી છે જે કાતિબે વહી હતા. ઉસૈદ ઈબ્ને અમ્ર ઈબ્ને તમીમની ઔલાદથી છે. મોટી ઉમર પામ્યા. હઝરત અમીર મુઆવિયહ્‌ના જમાનામાં આપની વફાત થઈ.

૨. એટલે કે મારી હાલત મુનાફિક઼ોના જેવી થઈ કે એમાં સરખાપણુ નથી અહીં નિફાક઼ (મુનાફિકપણા)થી મુરાદ એતેક઼ાદી નિફાક઼ (અક઼ીદામાં નિફાક઼) મુરાદ નથી. જેમ કે આગલા લખાણથી માલૂમ થઈ રહ્યું છે. અને ન આ વાતમાં પોતાના કુફ્ર અથવા નિફાક઼નો ઈક઼રાર છે. આપનો આ ક઼ૌલ (કથન) અતિશય ખૌફે ખુદા પર અવલંબિત છે. કુફ્રનો ઈક઼રાર તો કુફ્ર છે. પણ ગુનાહનો સ્વીકાર જે ખુદાના ખૌફથી હોય અ઼યન તક઼્વો છે. હઝરત યૂનુસ علیہ السلامએ અર્ઝ કરી હતી : اِنِّیۡ کُنۡتُ مِنَ الظّٰلِمِیۡنَ "બેશક ! મારાથી અયોગ્ય થયું. સૂરએ અંબિયા, ૨૧/૮૭, કન્ઝુલ ઈમાન) હઝરત આદમ علیہ السلامએ અર્ઝ કરી : رَبَّنَا ظَلَمۡنَاۤ اَنۡفُسَنَا (હે અમારા રબ ! અમે પોતે અમારુ બુરુ કર્યું. –સૂરએ અઅ્‌રાફ, ૭/૨૩ કન્ઝુલ ઈમાન) જેવી રીતે એ બુઝુર્ગોને જાલિમ નથી કહી શકાતુ એવી જ રીતે એ સહાબીઓને આ કલામના આધાર પર ગુનેહગાર કે મુનાફિક઼ નથી કહી શકાતા. જેથી આ હદીષ રાફઝીઓની દલીલ નથી બની શકતી.

૩. તમારે નિફાક઼ સાથે શું સંબંધ ?! તમે રસૂલ صلی اللہ علیہ وسلمના સહાબી છો, વહીના લખનારા (કાતિબ) છો, તમારી વાતનો મતલબ ખુદ વર્ણવો.

૪. એટલે કે એ વખતે અમને ખૌફ તથા ઉમ્મીદ એ દરજાની હોય છે જાણે કે જન્નત તથા દોઝખને જોઈને તેનાથી ડરી રહ્યા છીએ, અને તેને ચાહી રહ્યા છીએ. જાણવા મળ્યું કે સહાબાને હુઝૂરે અન્વર علیہ الصلوۃ والسلامની મજલિસમાં અ઼યનુલ યક઼ીન નસીબ થઈ જતુ હતું. ન માલૂમ હુઝૂર અન્વર صلی اللہ علیہ وسلمની પાછળ તેમની નમાઝો કેવી થતી હશે. અલ્લાહ તઆલા એમની તજલ્લી કાંઈક આપણને પણ નસીબ કરે. (આમીન)

૫. ضیعات ضیعۃٌનું બહુવચન છે. ضیعہ તે ચીજ છે જેની સાથે રોજી સંબંધિત હોય છે. મોટાભાગે જમીન, બાગો, ખેતીવાડીને ضیعہ કહેવામાં આવે છે. મતલબ એ છે કે અમારા ઘરે પહોંચીને કાંઈક ગફલત છવાય જાય છે. દિલનો હાલ તે નથી રહેતો જે હુઝૂરની મજલિસે પાકમાં હોય છે. દિલનો એક સમાન હાલ ન રહ્યો, જે હાલની મુનાફિક઼ત છે.

૬. એટલે કે આ હાલની વિવિધતા કેવળ તમારી જ નથી બલ્કે અમે સર્વ સહાબીઓની છે, તો શું અમો મુનાફિક઼ થઈ ગયા ? એવું કેવી રીતે થઈ શકે છે ?! ચાલો, હુઝૂર علیہ الصلوۃ والسلامને પૂછીએ.

૭. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمના બયાનનો મો'જિઝો હતો કે આપના બયાનથી આલમે ગયબ જાણે આલમે શહાદત (નજરે પડતો) બની જતો હતો. અમુક ઉલમાની તક઼રીરમાં સાંભળનારાઓને મહેસૂસ થાય છે કે જાણે બનાવ સામે બની રહ્યો છે. ઘણીવાર મેઅરાજના વર્ણન તથા હિજરતના વર્ણન વગેરેમાં એવું જોવામાં આવ્યું છે. આ બયાન તથા નિખાલસતાનો કમાલ છે.

૮. ભૂલી જવાથી મુરાદ છે સંપૂર્ણ ધ્યાન ન રહેવું ન કે હિફ્ઝ (યાદ રહેવા)ની વિરુદ્ધ. જેથી હદીષ પર વાંધો નથી જ્યારે કે, સહાબીઓની યાદ શક્તિ આટલી કમજોર હતી કે તરત જ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمનું ફર્માન ભૂલી જતા હતા તો તેમના થકી હદીષની રિવાયત કેવી રીતે દુરુસ્ત થશે.

૯.. وَفِی الذِّکۡرનો "વાવ" આતિફા છે અને આ વાક્ય مَاનું બયાન છે. અને ઝિક્રથી મુરાદ મુશાહેદા તથા

સંપૂર્ણ ધ્યાન. એટલે તમારા દિલનો જે હાલ મારી મજલિસમાં હોય છે અને જે કશ્ફ તથા મુશાહેદા, تیقظ તથા બેદારી અહીં હોય છે જો એવી જ દરેક સમયે રહે.

**૧૦.** તો ફરિશ્તા તમારી સાથે જાહેરી રીતે મુલાકાતો મુસાફા કર્યા કરે. નહીં તો સહાબાએ કિરામથી ફરિશ્તા મુસાફા પણ કરતા હતા અને મુલાકાતો પણ કરતા પણ બીજી શકલોમાં.

**૧૧.** એટલે કે જિંદગીની અમુક ઘડીઓ દીની વ્યસ્તતાઓના માટે રહે, અને અમુક ઘડીઓ દુનિયવી કારોબારના માટે, જેથી બંનવે જહાન આબાદ તથા કાયમ રહે. એક હિંદી શાયરે શું સરસ કહ્યું :—

*તૂ દુન્યામેં ઐસા રહ જૂં મુરગાબી સાગરમેં—ડગર પે અપને ઐસે જાના જૂં ચત નારી ગાગરમેં*

મુરગાબી (બતક) દરિયામાં આવીને તરનારુ જાનવર બની જાય છે અને હવામાં પહોંચીને પક્ષી. પહાડી સ્ત્રી બે ઘડા માથા પર રાખે છે અને એક ઘડો બગલમાં અને બીજા હાથમાં લટકાવીને પોતાની સખીઓ સાથે વાતો કરતી રસ્તો પાર પાડી દે છે. એક સમયે રસ્તા પર પણ નજર રાખે છે અને ઘડાઓનું ધ્યાન પણ રાખે છે. અને સખીઓ તરફ પણ ધ્યાન રાખે છે. એ જ પ્રમાણે મુસલમાન મસ્જિદમાં પહોંચીને ફરિશ્તા સિફત બની જાય, બજારમાં જઈ ઉચ્ચ કક્ષાનો વેપારી, દુનિયા તથા દીન બંનેવને સંભાળે. ખાલિક઼ તથા મખ્લૂક઼ સૌના હક્કો અદા કરતો રહી જિંદગીનો માર્ગ પાર પાડે. سبحان الله! શું ઉમદા તા'લીમ છે ! સૂફિયાએ કિરામ ફર્માવે છે કે અમુક લોકોની દરેક ઘડી અલ્લાહના ઝિક્રમાં પસાર થાય છે કે દુનિયવી કારોબાર તેમને અલ્લાહના ઝિક્રથી ગાફેલ નથી કરતો અને અમુક લોકોને ત્યાં વહેંચણી થાય છે કે અમુક ઘડીઓ રબ તઆલાના ઝિક્રમાં અને અમુક ઘડીઓ દુનિયવી કામ કાજની વ્યસ્તતામાં. સહાબાએ કિરામમાં પણ એ જ બે પ્રકારના હઝરાત હતા. હન્ઝલા બીજી જમાઅતથી હતા એટલા માટે એમને એવું ફર્માવવામાં આવ્યું. એટલા માટે હઝરત હન્ઝલાને સંબોધન કર્યું, સિદ્દીકે અકબર رضی اللہ عنہ પ્રથમ જમાઅતથી હતા.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૯)-૨૨૬૯ ★**

وَعَنْ أَبِي الدَّرْدَاءِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلَا أُنَبِّئُكُمْ بِخَيْرِ أَعْمَالِكُمْ وَأَزْكَاهَا عِنْدَ مَلِيكِكُمْ؟ وَأَرْفَعِهَا فِي دَرَجَاتِكُمْ؟ وَخَيْرٍ لَكُمْ مِنْ إِنْفَاقِ الذهبِ والوَرِقِ؟ وخيرٍ لكم مِنْ أَنْ تَلْقَوْا عَدُوَّكُمْ فَتَضْرِبُوا أَعْنَاقَهُمْ وَيَضْرِبُوا أَعْنَاقَكُمْ؟» قَالُوا: بَلَى قَالَ: «ذِكْرُ اللّٰهِ» . رَوَاهُ مَالِكٌ وَأَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ إِلَّا أَنَّ مَالِكًا وقفه على أبي الدَّرْدَاءِ

*"હઝરત અબૂ દર્દાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું હું તમને એવા બેહતરીન અમલો ન બતાવું જે રબની નજીક ઘણા જ સુથરા અને તમારા દરજા ખૂબ જ બુલંદ કરનારા અને તમારા માટે સોનું ચાંદી ખૈરાત કરવાથી બેહતર હોય[1] અને તમારા માટે એનાથી પણ બેહતર હોય કે તમે દુશ્મન સાથે જેહાદ કરો કે તમે એમની ગરદનો મારો અને તઓ તમને શહીદ કરે. સહાબાએ અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, એ અમલ અલ્લાહનો ઝિક્ર છે[2]." (માલિક, અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) પણ માલિકે આ હદીષ અબૂ દર્દા પર મોકૂફ કરી[3].*

**૧.** બદની તથા માલી (શારીરિક તથા આર્થિક) ઈબાદતોથી અફઝલ હોય.

**૨.** જો અહીં ઝિક્રુલ્લાહથી મુરાદ ઝબાની ઝિક્ર છે તો એની અફઝલિયતનું કારણ એ છે કે ઝિક્રુલ્લાહ બિલા વાસ્તા રબ તઆલા સુધી પહોંચાડે છે. તથા અન્ય ઈબાદતો બિલ્વાસ્તા (વાસ્તા થકી). અને જાહેર છે કે વિના વાસ્તાએ પહોંચાડનાર વિના વાસ્તા કરતાં અફઝલ છે. અને જો ઝિક્રથી મુરાદ કલ્બી તથા દિલી ઝિક્રુલ્લાહ છે, તો જાહેર છે કે આ ઝિક્ર દિલી ઈબાદત છે અને બીજી ઈબાદતો બદની ઈબાદત છે અને દિલ બાદશાહ છે અને અંગો તેની પ્રજા. બાદશાહનો અમલ પણ પ્રજાના અમલ કરતાં અફઝલ છે. એટલા માટે રબ તઆલાએ કુર્આને કરીમમાં ઝિક્રુલ્લાહના મહાન દરજા વર્ણવ્યા. ફર્માવ્યું : فَاذۡكُرُوۡنِیۡۤ اَذۡكُرۡكُمۡ (તો મારી યાદ કરો હું તમારી ચર્ચા કરીશ. –સૂરએ બકરહ, ૨/૧૫૨ કન્ઝુલ ઈમાન) હદીષે કુદ્સી છે. انا جليس من ذكرني "હું મારું ઝિક્ર કરનારાઓ (ઝાકિર)નો હમનશીં છું." એનાથી જાણવા મળ્યું કે અમુક આસાન અમલ મુશ્કેલ અમલો કરતાં દરજામાં પણ વધી જાય છે. જુઓ, ઝિક્રુલ્લાહ આસાન છે અને જેહાદ મુશ્કેલ, તેમ છતાં સવાબમાં ઝિક્રુલ્લાહ વધી ગયું. પણ આ તે જેહાદનું વર્ણન છે જે ઝિક્રુલ્લાહથી ખાલી હોય, પરંતુ જો હાથમાં તલ્વાર અને ઝબાન પર ઝિક્રે યાર હોય તો سبحان الله સૌથી બેહતર છે. શયખે ફર્માવ્યું, અમુક લાઝિમ (સકર્મક) અમલ મુતઅદ્દી (અકર્મક) અમલ કરતાં બેહતર બની જાય છે, જેવું કે અહીં થયું. સૂફીઓ ફર્માવે છે કે જેહાદમાં કાફિરોને મારવામાં આવે છે અને ઝિક્રુલ્લાહમાં નફ્સ તથા શૈતાનને, એટલા માટે ઝિક્રુલ્લાહ જેહાદે અકબર છે કે એમાં દિલની સફાઈ છે. વળી ઝિક્રોમાં અમુક ઝિક્ર અન્ય ઝિક્રો કરતાં અફઝલ છે જેમ કે **કુર્આન શરીફની તિલાવત તથા દુરૂદ શરીફ અન્ય ઝિક્રો કરતાં બેહતર છે.**

**૩.** એટલે કે મોઅત્તા ઈમામ માલિકમાં તો આ હદીષ મૌકૂફ છે અને બાકી મુહદ્દિષોને ત્યાં મરફૂઅ છે. એને હાકિમે પણ મુસ્તદરકમાં મરફૂઅન જ નકલ કરી.

**★ હદીષ : (૧૦)–૨૨૭૦ ★**

وَعَن عبد الله بن يسر قَالَ: جَاءَ أَعْرَابِيٌّ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: أَيُّ النَّاسِ خَيْرٌ؟ فَقَالَ: «طُوبَى لِمَنْ طَالَ عُمْرُهُ وَحَسُنَ عَمَلُهُ» قَالَ: يَا رَسُولَ اللَّهِ أَيُّ الْأَعْمَالِ أَفْضَلُ؟ قَالَ: ( «ن تُفَارِقَ الدُّنْيَا وَلِسَانُكَ رَطْبٌ مِنْ ذِكْرِ اللَّهِ» رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુસ્રથી[1] રિવાયત છે. ફર્માવે છે કે એક બદવી નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, કોણ શખ્સ સારો છો ? ફર્માવ્યું,* ***ખુશખબરી થાય તેને જેની ઉમર લાંબી હોય અને અમલો સારા હોય[2]*** *અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કયો અમલ અફઝલ છે ? ફર્માવ્યું, એ કે તમે દુનિયાને એ હાલમાં છોડો કે તમારી જીભ અલ્લાહના ઝિક્રથી તર હોય[3]." (અહમદ, તિર્મિઝી)*

**૧.** આપ ખુદ અને આપના પિતા બુસ્ર, આપના ભાઈ અતિય્યા, આપનાં બહેન સહાઅ્ સર્વ સહાબા છે. એ Ch ZFT V ]S; FY[Ch Z[V gJ Z ﷺની બારગાહમાં હાજર થયા. હુઝૂરે અન્વર ﷺએ તેમને ખાવા ખવડાવ્યું અને તેમના માટે દુઆએ ખૈર ફર્માવી. શામમાં સૌથી અંતિમ સહાબી આપ જ છે. *(અશિઅહ)*

**૨.** જાહેર એ છે કે આ ફર્માન ખબર છે અને તૂબાથી મુરાદ ખુશ ખબરી (મુઝ્દા) છે. અમુકે ફર્માવ્યું કે આ દુઆઈયા કલામ છે. અને તૂબાથી મુરાદ જન્નતનું મશહૂર ઝાડ તૂબા છે. એટલે જેની ઉમર લાંબી અને અમલો નેક

હોય ખુદા કરે તેને તૂબા ઝાડ મળે. પણ આ જાહેરના વિરુદ્ધ છે. *(મિર્કાત)*

**૩.** દુનિયા છોડવાથી મુરાદ મરવું છે. એટલે કે જ્યારે તમને મૌત આવે તો તમારી જીભ અલ્લાહના ઝિક્રમાં ચાલી રહી હોય અથવા હમણા ચાલી ચૂકી હોય. જેથી એમાં તે લોકો પણ સામેલ છે જેમની જીભ મરતી વખતે બંધ હોય છે, પણ બંધ થતી વખતે ઝિક્રુલ્લાહ પર બંધ થઈ હતી. "તર"થી મતલબ એ છે કે અલ્લાહનું નામ સરળતાપૂર્વક તેની જીભ પર જારી થાય. તર (ભીની) લાકડીને આગ નથી સગળાવતી અને તર જીભને દોઝખની આગ સળગાવશે નહીં, ઈન્શાઅલ્લાહ ! હક્ક઼ તઆલા એવી મૌત નસીબ કરે. (આમીન) અમુક ઉલમાએ ફર્માવ્યું કે ઝિક્રે ક઼લ્બી (દિલી ઝિક્ર) કરતાં ઝબાની ઝિક્ર બેહતર છે. તેમની દલીલ પણ આ હદીષ છે. ઝિક્રે ઝબાની નામએ આમાલમાં લખવામાં આવે છે જેના ફરિશ્તા ગવાહ હોય છે, અને ઝિક્રે કલ્બીનું ન લખાણ થાય છે ન ગવાહી. મિર્કાતે અહીં ફર્માવ્યું કે તિબ્રાનીમાં મરફૂઅન્ હદીષ નક઼લ કરી કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, **દરેક સૂકી લીલી ચીજોની પાસે ઝિક્રુલ્લાહ કરો જેથી એ ચીજો તમારા ઈમાનની ગવાહ બને.**

**★ હદીષ : (૧૧)–૨૨૭૧ ★**

وَعَنْ أَنَسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا مَرَرْتُمْ بِرِيَاضِ الْجَنَّةِ فَارْتَعُوا» قَالُوا: وَمَا رِيَاضُ الْجنّ؟ قَالَ: «حلق الذّكر» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે જન્નતની ક્યારીઓથી પસાર થાવ તો ચરી લીધા કરો[1] લોકોએ પૂછ્યું, **જન્નતની ક્યારીઓ શું છે ? ફર્માવ્યું, ઝિક્રના હલકા** (વર્તુળો)[2]." (તિર્મિઝી)*

**૧.** જાણવા મળ્યું કે ઝિક્રુલ્લાહ રૂહાની ગિઝા છે અને ઝિક્રના હલકા રૂહાની લીલોતરી. જ્યારે માણસ બાગ ખેતરથી પસાર થાય છે તો કાંઈક ખાય છે. જેથી જ્યારે ઝિક્રુલ્લાહ પર પસાર થાય તો કાંઈક ઝિક્ર કરી લે અથવા સાંભળી લે.

**૨.** આનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ઝિક્રે ઈલાહીના જલસાઓમાં જવું, ત્યાં શરીક થવું ખૂબ જ બેહતર છે. જેથી મીલાદ શરીફ, દર્સે કુર્આન, ગ્યારહવીં પાક અને બુઝુર્ગોના ઉર્સમાં શિર્કત અફઝલ છે. બીજુ એ કે ઝિક્રુલ્લાહના માટે હલ્ક઼ા (વર્તુળ) બનાવીને બેસવું અફઝલ છે. નમાઝમાં સફબંધી ઉભા રહીને ફરિશ્તા હાજર રહે છે અને ઝિક્રુલ્લાહના વર્તુળો (હલકા) બાંધો કે જન્નતી લોકો હલકા બનાવીને બેસ્યા કરશે. રબ તઆલા ફર્માવે છે : وَيُطَافُ عَلَيْهِم بِآنِيَةٍ مِّن فِضَّةٍ وَأَكْوَابٍ (અને તેમના પર ચાંદીનાં વાસણો કૂજાઓની ફેરવણી થશે જે કાચની જેમ થયેલ હશે. –સૂરએ દહર્, ૭૬/૧૫) ત્રીજુ એ કે એકલા ઝિક્ર કરતાં જમાઅતમાં ઝિક્ર કરવું અને સાંભળવું અફઝલ છે. આનાથી ઝિક્ર બિલજહ્ર (જોરથી ઝિક્ર)ની સાબિતી થઈ. **જો મજમાના ઝિક્રમાં એકનો પણ ઝિક્ર ક઼બૂલ થયો તો સૌનો ક઼બૂલ થશે.**

**★ હદીષ : (૧૨)–૨૨૭૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَعَدَ مَقْعَدًا لَمْ يَذْكُرِ اللَّهَ فِيهِ كَانَتْ عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈ મજલિસમાં બેસે જેમાં અલ્લાહનો ઝિક્ર ન કરે તો એ એના માટે અલ્લાહની તરફથી અફસોસ તથા નુકસાન*

مِنَ اللَّهِ تِرَةٌ وَمَنِ اضْطَجَعَ مَضْجَعًا لَا يذكر الله فِيهِ كَانَ عَلَيْهِ مِنَ اللَّهِ تِرَةٌ» . رَوَاهُ أَبُو دَاوُدَ

*થશે. અને જે કોઈ શયનકક્ષમાં (બેડરૂમ)માં સૂએ કે એમાં અલ્લાહનો ઝિક્ર ન કરે તો એ પણ તેને અલ્લાહની તરફથી શર્મિંદગી થશે[૧] ." (અબૂ દાઊદ)*

**૧.** આ હદીષમાં મજલિસથી મુરાદ દરેક જાઈઝ મજલિસ છે કે જે ગંદકી વગેરેથી ખાલી હોય. જેથી ક઼ઝાએ હાજત (શોચ ક્રિયા)ની મજલિસ, એ જ પ્રમાણે શરાબ પાન કરનારાઓની મજલિસ એનાથી અપવાદ છે, એ મોક઼ાઓ પર ખુદાનું નામ લેવું બેઅદબી છે. મતલબ એ છે કે જ્યારે કોઈ દીની કે દુનિયવી મજલિસમાં બેસો અને જ્યારે પણ સૂવા માટે બિસ્તર પર લાંબા થાવ તો અલ્લાહનો ઝિક્ર જરૂરથી કરી લો, નહીં તો કાલે ક઼યામતમાં એ સમયોના વેડફાય જવા પર અફસોસથી હાથ મસળશે. અમુક લોકો દરેક સમયે દુરૂદ શરીફ પઢતા રહે છે તેની અસ્લ (દલીલ) આ હદીષ છે. મો'મિનની કોઈ હાલત ઝિક્રુલ્લાહથી ખાલી ન હોવી જોઈએ.

**★ હદીષ : (૧૩)-૨૨૭૩ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ قَوْمٍ يَقُومُونَ مِنْ مَجْلِسٍ لَا يَذْكُرُونَ اللَّهَ فِيهِ إِلَّا قَامُوا عَنْ مِثْلِ جِيفَةِ حِمَارٍ وَكَانَ عَلَيْهِمْ حَسرَةً» . رَوَاهُ أَحْمدُ وَأَبُو دَاوُد

*"એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવી કોઈ ક઼ૌમ કે જમાઅત નથી જે કોઈ મજલિસથી અલ્લાહનો ઝિક્ર કર્યા વિના ઉઠી જાય, પણ તે મુરદાર ગધેડાની જેમ ઉઠે છે[૧] અને આ એમના પર અફસોસ થાય છે. (અહમદ, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે એ ગાફિલ લોકો જાણે મુરદાર ગધેડો ખાયને ઉઠયા જે પલીદ (નાપાક) પણ છે અને તુચ્છ પણ, અને પોતાની જિંદગીમાં મૂર્ખતામાં મશહૂર પણ અને શૈતાનનો મઝહર (પ્રદર્શિત થવાની જગા) પણ કે એને બોલવા પર "લા હ઼ૌલ" પઢવામાં આવે છે. સારાંશ કે અલ્લાહના ઝિક્રથી ખાલી મજલિસો મુરદાર ગધેડાની જેમ છે અને એમાં શિર્કત (હાજરી આપનારા)એ મુરદારને ખાનાર છે. الحمد لله મો'મિનની કોઈ મજલિસ અલ્લાહના ઝિક્રથી ખાલી નથી હોતી. વાયદા પર انشاء الله કહે છે. છીંક પર الحمد لله બગાસુ આવતાં لاحول ولا قوة الا بالله ગમની ખબર પર انا لله, સારાંશ વાત વાત પર અલ્લાહ તઆલાનું નામ લે છે. દુરૂદ થાય તે દાફેએ શેરે જિન્નો ઈન્સ પર, સલાત થાય એ ઉમ્મતના ગમખ્વાર પર જેણે આપણી જિંદગીઓ સંભાળી લીધી અને આપણી મજલિસો અલ્લાહના ઝિક્રથી આબાદ કરી આપી. ﷺ

**★ હદીષ : (૧૪)-૨૨૭૪ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا جَلَسَ قَوْمٌ مَجْلِسًا لَمْ يَذْكُرُوا اللَّهَ فِيهِ وَلَمْ يُصَلُّوا عَلَى نَبِيِّهِمْ إِلَّا كَانَ عَلَيْهِمْ تِرَةً فَإِنْ شَاءَ عَذَّبَهُمْ وَإِنْ شَاءَ غَفَرَ لَهُمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નથી બેઠી કોઈ ક઼ૌમ કોઈ મજલિસમાં ન તો અલ્લાહનો ઝિક્ર કરે અને ન પોતાના નબી પર દુરૂદ પઢે[૧] પણ એ મજલિસ એમના માટે અફસોસ થશે. જો રબ ચાહે તેમને એના પર અઝાબ આપે અને જો ચાહે તો બખ્શી આપે[૨]." (તિર્મિઝી)*

**૧.** જો કે ઝિક્રુલ્લાહમાં દુરૂદ શરીફ પણ સામેલ હતું, પરંતુ કેમ કે દુરૂદ શરીફ ઝિક્રુલ્લાહનો બેહતરીન પ્રકાર

છે એટલા માટે એનો ઉલ્લેખ વિશિષ્ટપણે કરવામાં આવ્યો. કેમ કે દુરૂદે પાકમાં અલ્લાહ તઆલાનું નામ પણ છે, હુઝૂરે અન્વર ﷺની ચર્ચા પણ. હુઝૂરે અન્વર ﷺને, તેમની આલ ઔલાદને દુઆઓ પણ.

**૨.** આ વાક્યનો અર્થ એ છે કે સામાન્યતઃ મજલિસોમાં જૂઠ, ગીબત વગેરે ગુનાહ થઈ જાય છે. જો એમાં હમ્દો સલાત વગેરે થતુ રહે તો એની બરકતથી એ ગુનાહ માફ થઈ જાય છે. અને જો મજલિસ એ ખૈર (ભલા) ઝિક્રોથી ખાલી હોય તો ગુનાહ તો પામવામાં આવ્યો અને કફ્ફારો અદા ન થયો. જેથી હવે પકડ તથા સાથનો સખત અંદેશો છે. મિર્કાતે ફર્માવ્યું કે આ વાક્યમાં આ આયતની તરફ નિર્દેશ છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ (અને જો તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે....સૂરએ નિસાઅ, ૪/૬૪) હુઝૂરે અન્વર ﷺનો ઝિક્ર પણ ગુનાહોની માફીનો ઝરીયો છે. આ વાક્યથી એ પણ નિર્દેશરૂપે જાણવા મળ્યું કે જો મજલિસમાં અલ્લાહ વ રસૂલનો ઝિક્ર થાય તો તેના પર ગુનાહ યકીનન ! બખ્શવામાં આવશે. રબ તઆલાનો વાયદો છે.

**★ હદીષ : (૧૫)-૨૨૭૫ ★**

وَعَنْ أُمِّ حَبِيبَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ كَلَامِ ابْنِ آدَمَ عَلَيْهِ لَا لَهُ إِلَّا أَمْرٌ بِمَعْرُوفٍ أَوْ نَهْيٌ عَنْ مُنْكَرٍ أَوْ ذِكْرُ اللَّهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث غَرِيب

*"હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, માણસની દરેક વાત તેના પર વબાલ છે, લાભદાયી નથી[1] સારી વાતોના હુકમ અને બુરી વાતોથી મના કરવા સિવાય, અથવા અલ્લાહના ઝિક્ર સિવાય[2]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** કેમ કે આપણી વાતો ક્યાં તો ગુનાહ હોય છે જેનું નુકસાનકર્તા હોવું જાહેર છે અથવા બેકાર તથા ફાયદા વિનાની વાતો જે ખેલકૂદમાં સામેલ છે. આ પણ વબાલ બની અને જાઈઝ કામ પણ જ્યારે ફાયદા તથા સવાબથી ખાલી રહ્યાં તો આખેરતમાં આપણને વબાલ મહેસૂસ થશે, જેમ કે સફરમાં બિન જરૂરી સામાન. જેથી હદીષ સ્પષ્ટ છે. યાદ રાખશો કે કાલે કયામતમાં બેકાર કામો આપણા પર સવાર થશે અને નેક કામો પર આપણે સવાર થઈશું, જેથી બેકાર કામ પણ વબાલ છે.

**૨.** કે આ ત્રણેવ નેકીઓ વબાલ નથી બલ્કે નેક અમલો છે પ્રથમ બે નેકીઓ મુતઅદ્દી (અકર્મક) છે અને અંતિમ ત્રીજી નેક લાઝિમ (સકર્મક). જો કે તબ્લીગ પણ અલ્લાહનો ઝિક્ર જ છે પણ તે બિલવાસ્તા (વાસ્તા સાથે) ઝિક્ર છે અને અહીં વિના વાસ્તા મુરાદ છે, એટલા માટે એનો ઝિક્ર અલગથી કર્યો. ઝિકુલ્લાહમાં સર્વ અલ્લાહના

**★ હદીષ : (૧૬)-૨૨૭૬ ★**

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُكْثِرُوا الْكَلَامَ بِغَيْرِ ذِكْرِ اللَّهِ فَإِنَّ كَثْرَةَ الْكَلَامِ بِغَيْرِ ذِكْرِ اللَّهِ قَسْوَةٌ لِلْقَلْبِ وَإِنَّ أَبْعَدَ النَّاسِ مِنَ اللَّهِ الْقَلْبُ الْقَاسِي» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઝિકુલ્લાહ વિના અધિક વાતો ન કરો[1]. કેમ કે ઝિકુલ્લાહ વિના અધિક વાતો દિલની સખ્તી છે[2]. અને લોકોમાં સૌથી અધિક અલ્લાહથી દૂર સખ્ત દિલવાળો છે[3]." (તિર્મિઝી)*

**૧.** અહીં અધિક વાતોથી મુરાદ બેકાર વાતો છે જેનો કોઈ ફાયદો ન હોય. જેથી વ્યાપારિક વાતો, ઘરેલુ

ફાયદાકારક વાતો જેટલી પણ થાય અધિક વાતોમાં સામેલ નથી.

**૨.** દિલની સખ્તીનો અંજામ એ થાય છે કે એમાં વઅઝ, નસીહત અસર નથી કરતી. કદી માણસ પોતાના પાછલા ગુનાહો પર રડતો નથી, અલ્લાહની આયતોમાં ચિંતન નથી કરતો. અલ્લાહ બચાવે અધિક વાતોથી. અને ખૂબ જ હસવું દિલને સખત કરી દે છે. અને અધિક ઝિક્રુલ્લાહ અથવા અલ્લાહવાળાઓની સોહબત મોતની યાદ, આખેરતનું ધ્યાન, કબ્રસ્તાનની ઝિયારત દિલમાં નરમી પેદા કરે છે.

**૩.** અહીં દિલથી મુરાદ દિલવાળો છે. એટલે કે સખત દિલવાળો માણસ દુનિયામાં પણ અલ્લાહથી દૂર છે અને આખેરતમાં પણ. એટલા માટે અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં દિલની સખ્તીની ખૂબ જ બુરાઈઓ વર્ણવી છે. ફર્માવે છે : ثُمَّ قَسَتْ قُلُوْبُكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ فَهِيَ كَالْحِجَارَةِ (પછી એના બાદ તમારાં દિલ સખત થઈ ગયાં તો એ પથ્થરોની જેમ છે બલ્કે એનાથી પણ વધુ સખત...... –સૂરએ બક્રહ, ૨/૭૪) અને ફર્માવે છે : اَلَمْ یَاْنِ لِلَّذِیْنَ اٰمَنُوْۤا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ (શું ઈમાનવાળાઓને હજી તે સમય નથી આવ્યો કે એમનાં દિલ ઝુકી જાય અલ્લાહની યાદ અને તેના હક્કના માટે.... –સૂરએ હદીદ, ૫૭/૬) જ્યાં સુધી લોખંડ સખત છે ત્યાં સુધી કાંઈ નથી બની શક્તું પણ જ્યારે નરમ થઈ ગયું તો તેને જે બાજુ ચાહો ઢાળી લો અને જે ચાહો એનું બનાવી લો. એ જ પ્રમાણે **સખત દિલ ન મો'મિન બની શકે ન આરિફ, ન મુત્તકી ન પરહેઝગાર. પણ દિલ નરમ થઈને વલી, ગૌષ તથા કુતુબ સર્વ કાંઈ બની જાય છે.** લોખંડ નરમ કરવા માટે આ આગ જોઈએ અને દિલ નરમ કરવા માટે ઈશ્કની આગ જોઈએ. રબ તઆલા નસીબ કરે. (આમીન) વળી કેવળ ઈશ્કની આગ પૂરતી નથી બલ્કે સાથમાં કોઈ કારીગરના હથોડાના ઘા પણ જરૂરી છે. (મિસ્રા) : સારાંશ કે દિલના માટે ઈશ્કની આગ તો નરમ કરનારી ચીજ છે. નેકીની સોહબત ઉમદા માળખુ છે. મર્દે કામિલની નિગાહ કારીગરનો હુનર છે. આ ત્રણેવ ચીજોથી દિલ કાંઈ કામને પાત્ર બને છે.

**★ હદીષ : (૧૭)–૨૨૭૭ ★**

وَعَنْ ثَوْبَانَ قَالَ: لَمَّا نَزَلَتْ (وَالَّذِينَ يَكْنِزُونَ الذَّهَبَ وَالْفِضَّةَ)كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَعْضِ أَسْفَارِهِ فَقَالَ بَعْضُ أَصْحَابِهِ:نَزَلَتْ فِي الذَّهَبِ وَالْفِضَّةِ لَوْ عَلِمْنَا أَيُّ الْمَالِ خَيْرٌ فَنَتَّخِذَهُ؟ فَقَالَ: «أَفْضَلُهُ لِسَانٌ ذَاكِرٌ وَقَلْبٌ شَاكِرٌ وَزَوْجَةٌ مُؤْمِنَةٌ تُعِينُهُ عَلَى إِيمَانِهِ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ

*"હઝરત ષૌબાનથી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે આ આયત ઉતરી કે, "જે લોકો સોનુ ચાંદી જમા કરે છે.....છેવટ સુધી" તો અમે નબી કરીમ ﷺની સાથે કોઈ સફરમાં હતા. અમુક સહાબીઓએ ફર્માવ્યું કે સોના ચાંદીના વિશે તો આ આયત નાઝિલ થઈ ગઈ[૧] જો આપણને જાણ થઈ જાત કે ક્યો માલ સારો છે તો આપણે તે જ જમા કરત[૨]. હુઝૂરે ફર્માવ્યું,* ***બેહતરીન માલ ઝાકિર ઝબાન, શાકિર દિલ અને મો'મિના પત્ની છે જે ઈમાનમાં તેની મદદ કરે[૩].***

*(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે આ આયતથી આપણને માલૂમ થઈ ગયું કે સોનુ ચાંદી જમા કરવું દોઝખનો ઝરીયો છે અને એ ચીજોના વિના દુનિયવી કામ ચાલતુ નથી, તો હવે શું કરીએ ?

**૨.** અને જરૂરતના સમયે એનાથી કામ કાઢતા, કેમ કે દુનિયવી જરૂરતો માલ વિના પૂરી નથી થતી, એ હઝરાત

લગભગ એવું સમજતા હતા કે મુત્લક્ન સોના ચાંદી જમા કરવું હરામ છે, જ્યારે કે આયતમાં ઝકાત ન આપનારાઓનું વર્ણન છે. તેમની બુરાઈ વર્ણન થઈ રહી છે.

**૩.** આ જવાબ હકીમાના છે કે પ્રશ્નકર્તાઓએ માલના વિશે સવાલ કર્યો હતો પણ જવાબમાં આ ચીજનો આદેશ થયો જે માલ કરતાં પણ અધિક લાભદાયી છે, કેમ કે માલથી શરીરનો નફો છે અને આ ચીજોથી રૂહ તથા ઈમાનનો ફાયદો. યાદ રાખશો કે ઈમાનથી મુરાદ દીની કામ છે, એટલે એ પત્ની જે પુરૂષને ઝિના, ચોરી, બદ્કારી, જૂગાર વગેરેથી બચાવે, નમાઝ રોઝાનો પાબંદ બનાવી દે, એ પત્ની પણ અલ્લાહની રહમત છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૮)-૨૨૭૮ ★**

عَنْ أَبِي سَعِيدٍ قَالَ: خَرَجَ مُعَاوِيَةُ عَلَى حَلْقَةٍ فِي الْمَسْجِدِ فَقَالَ: مَا أَجْلَسَكُمْ؟ قَالُوا: جَلَسْنَا نَذْكُرُ اللَّهَ قَالَ: آللَّهِ مَا أَجْلَسَكُمْ إِلَّا ذَلِكَ؟ قَالُوا: آللَّهِ مَا أَجْلَسَنَا غَيْرُهُ قَالَ: أما إِنِّي لم أستحلفكم تُهْمَة لكم وَمَا كَانَ أَحَدٌ بِمَنْزِلَتِي مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَقَلَّ عَنْهُ حَدِيثًا مِنِّي وَإِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ عَلَى حَلْقَةٍ مِنْ أَصْحَابِهِ فَقَالَ: «مَا أَجْلَسَكُمْ هَاهُنَا» قَالُوا: جَلَسْنَا نَذْكُرُ اللَّهَ وَنَحْمَدُهُ عَلَى مَا هَدَانَا لِلْإِسْلَامِ وَمَنَّ بِهِ علينا قَالَ: " آالله مَا أجلسكم إِلَّا ذَلِك؟ قَالُوا: آالله مَا أَجْلَسَنَا إِلَّا ذَلِكَ قَالَ: «أَمَا إِنِّي لَمْ أَسْتَحْلِفْكُمْ تُهْمَةً لَكُمْ وَلَكِنَّهُ أَتَانِي جِبْرِيلُ فَأَخْبَرَنِي أَنَّ اللَّهَ عَزَّ وَجَلَّ يُبَاهِي بِكُمُ الْمَلَائِكَة» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ સઈદ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત મુઆવિયહ મસ્જિદમાં એક હલકા (કુંડાળુ વળી બેસેલા લોકો) પાસેથી પસાર થયા[૧] પૂછ્યું, તમને અહીં કઈ ચીજે બેસાડયા છે ? અમે અલ્લાહનો ઝિક્ર કરવા બેઠા છીએ[૨]. બોલ્યા, શું અલ્લાહની કસમ ! તમને એ જ ચીજે બેસાડયા છે ?! બોલ્યા, અલ્લાહની કસમ ! અમને એના સિવાય કોઈ અન્ય ચીજે નથી બેસાડયા[૩]. ફર્માવ્યું, મેં તમારા પર આક્ષેપના કારણે તમારા પાસે કસમ નથી લીધી[૪] એવો કોઈ નથી જેને રસૂલુલ્લાહ ﷺ સાથે મારી જેવી નિકટતા હોય[૫] પછી તે આપની સાથે હદીષોનો મુકાબલો કરે, ઓછી રિવાયત કરે. એકવાર રસૂલુલ્લાહ ﷺ પોતાના સહાબાના એક હલકા (વર્તુળ) પર તશરીફ લાવ્યા તો પૂછ્યું તમને અહીં કઈ ચીજે બેસાડયા છે ? તેઓ બોલ્યા, અમે અલ્લાહનો ઝિક્ર કરવા બેઠા છીએ, તેનો શુક્ર કરી રહ્યા છીએ કે તેણે અમને ઈસ્લામની હિદાયત આપી. અમારા પર મહાન એહસાન કર્યું[૬] ફર્માવ્યું, શું ખુદાની કસમ ! તમને કેવળ આ જ ચીજે બેસાડયા છે ? તો બોલ્યા, અલ્લાહની કસમ ! અમને એના સિવાય કોઈ અન્ય ચીજે નથી બેસાડયા. ફર્માવ્યું, મેં તમારા પર તોહમત રાખતાં તમારાથી કસમ નથી લીધી[૭] પરંતુ મારી પાસે જિબ્રઈલ આવ્યા. તેમણે મને બતાવ્યું કે અલ્લાહ તમારાથી ફરિશ્તાઓ પર ફખ્ર કરી રહ્યો છે[૮]." (મુસ્લિમ)*

**૧.** કેટલાક લોકો મસ્જિદે નબવી અથવા કોઈ અન્ય મસ્જિદમાં ઝિકુલ્લાહ માટે વર્તુળ (કુંડાળુ) બનાવીને બેઠા છે. નમાઝની રાહ જોવામાં ન બેઠા હતા, કેમ કે એ વખત સફબંધી કરીને બેસવું જોઈએ, કુંડાળુ વાળીને બેસવું મના છે, જેથી આ હદીષ હલકા (કુંડાળુ) બનાવવાની મનાઈની હદીષની વિરુદ્ધ નથી.

**૨.** એ રીતે કે એક સાહબ ઝિક્ર ખૈર કરી રહ્યો છે અને બાકીના લોકો સાંભળી રહ્યા છે. જાણે કે મજલિસ વઅઝની મજલિસ છે અથવા વારાફરતી દરેક શખ્સ ઝિકુલ્લાહ કરી રહ્યો છે અથવા સૌ મળીને કલ્મએ તૈયેબહ વગેરે પઢી રહ્યા છે.

**૩.** પ્રથમ اللّٰہ અસલમાં االلّٰہ હતું, હમ્ઝા ઈસ્તિફહામિયા વાવ કસ્મિયા, વાવને અલિફથી બદલી નાખવામાં આવ્યું. અને શબ્દ اللّٰہ ને જર (ઝેરની સાથે પઢાય) છે, અમુક નુસ્ખાઓમાં ઝબર પણ છે અને બીજી તવજીહ (સ્પષ્ટતા) છે. એટલે શું ખુદાની કસમ ! તમે લોકો કેવળ ઝિક્રના માટે જ બેઠા છો ?! બીજા اللّٰہ (શબ્દ)ની અસલ ઈબારત (લખાણ) આ છે : اِیْ અથવા نعم نقسم باللّٰہ

**૪.** એટલે કે મેં આપ હઝરાતને જૂઠા સમજીને કસમ નથી લીધી. આપ હઝરત સહાબાએ કિરામ છો. સહાબીઓ સૌ આદિલ છે, બલ્કે સુન્નતની અદાયગી માટે આ કસમ લીધી.

**૫.** કેમ કે હું રસૂલુલ્લાહ ﷺનો સાળો પણ છું કે ઉમ્મે હબીબા رضی اللہ عنہاનો ભાઈ છું અને વહીનો કાતિબ પણ છું. એટલા માટે મૌલાના રૂમે હઝરત અમીર મુઆવિયહ્‌ને મુસલમાનોના ઈમામ ફર્માવ્યા. પણ હદીષની રિવાયત ખૂબ ઓછી કરું છું, સાવધાની ખાતર. જુઓ હઝરત અબૂબક્ર સિદ્દીક જીવનભર હુઝૂર ﷺની સાથે રહ્યા પણ આપે હદીષની રિવાયત ઘણી જ થોડી કરી. આ હદીષનો મતલબ એ નથી કે હઝરત અમીર મુઆવિયહને હઝરત અબૂબક્ર સિદ્દીક તથા ઉમર ફારૂક પણ અધિક હુઝૂરે અન્વર ﷺથી નઝદીકી રહી હોય. બલ્કે આપ જે લોકોને સંબોધન કરી રહ્યા છે અથવા જે આપના જમાનામાં સહાબા મૌજૂદ હતા તેમની સરખામણીમાં પોતાની જુઝવી ફઝીલત કુર્બ (નઝદીકી)ની વર્ણવી રહ્યા હતા. યાદ રાખશો કે જે સહાબીઓએ જાઈઝના અર્થમાં સમજી હતી તેઓ હદીષો અધિક રિવાયત કરતા હતા અને જેમની નજીક રિવાયત જાઈઝના અર્થમાં ન હતી તેઓ ઓછી રિવાયત કરતા હતા. હઝરત અમીર મુઆવિયહ આ બીજી જમાઅતથી છે.

**૬.** જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાની સૌથી મોટી નેઅમત ઈમાનની હિદાયત છે અને સૌથી મોટુ એહસાન હુઝૂરે અન્વર ﷺનો પાક દામન હાથ આવી જવું છે.** ખુદ ફર્માવે છે : بَلِ اللّٰہُ یَمُنُّ عَلَیۡکُمۡ اَنۡ ہَدٰىکُمۡ لِلۡاِیۡمَانِ (અલ્લાહ તમારા પર એહસાન રાખે છે કે તેણે તમને ઈસ્લામની હિદાયત કરી. સૂરએ હુજુરાત, ૪૯/૧૭) અને ફર્માવે છે : لَقَدۡ مَنَّ اللّٰہُ عَلَی الۡمُؤۡمِنِیۡنَ اِذۡ بَعَثَ فِیۡہِمۡ رَسُوۡلًا (બેશક ! અલ્લાહનું મહાન એહસાન થયું મુસલમાનો પર કે એમનામાં એમનામાંથી એક રસૂલ મોકલ્યા જે એમના પર તેમની આયતો પઢે છે. સૂરએ આલે ઈમરાન, ૩/૧૬૪) ઈમાન અને હુઝૂર ﷺની તશરીફ આવરી સિવાય કોઈ અન્ય નેઅમત પર રબ તઆલાએ શબ્દ مَن ઈર્શાદ નથી ફર્માવ્યો. (શેઅર)

*રબ્બે આ'લા કી નેઅમત પર આ'લા દુરૂદ—હક્ક તઆલા કી મિન્નત પર લાખોં સલામ*

એ પણ જાણવા મળ્યું કે **ઈસ્લામ અને હુઝૂરે અન્વર ﷺનું આગમનના શુક્રિયાના માટે મજલિસો કરવી, હલકા (કુંડાળુ) બનાવીને બેસવું સહાબીઓની સુન્નત છે. આ હદીષ મજલિસે મીલાદની દલીલ છે.**

૭. કેમ કે દરેક મો'મિન પર સામાન્ય રીતે અને સહાબાએ કિરામ પર ખાસ રીતે બદ્‌ગુમાની કરવી જાઈઝ નથી. બલ્કે આ કસમ નથી તમારી ઈજ્જત તથા અઝમતના ઈઝહાર માટે છે.

૮. એ રીતે ફરિશ્તાઓને ફર્માવી રહ્યો છે, મારા આ બંદાઓને જુઓ કે નફ્સ તથા શૈતાનના ઘેરાવમાં નથી, દુનિયવી રુકાવટો મૌજૂદ છે, વાસના તથા ગુસ્સો ધરાવે છે, આટલી રુકાવટો હોવા છતાં સૌ પર લાત મારીને મારો ઝિક્ર કરી રહ્યા છે. યકીનન ! તમારા આ ઝિક્ર કરતાં મારો આ ઝિક્ર અફઝલ છે. કેમ કે ફરિશ્તાઓએ જ માણસની શિકાયત કરી હતી કે તેઓ ખૂનરેઝી તથા ફસાદી હશે, એટલા માટે એમને આ જ સંભળાવવામાં આવી રહ્યું છ કે, જુઓ માણસોમાં ફસાદી (ઝઘડાખોરો) છે તો આવા નમાઝ તથા ગાઝી પણ છે જેઓ નફ્સ તથા શૈતાન તથા કાફિરો સૌની સાથે જેહાદ કરતા રહે છે.

**★ હદીષ : (૧૯)-૨૨૭૯ ★**

وَعَن عبد الله بن يسر: أَنَّ رَجُلًا قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ شَرَائِعَ الْإِسْلَامِ قَدْ كَثُرَتْ عَلَيَّ فَأَخْبِرْنِي بِشَيْءٍ أَتَشَبَّثُ بِهِ قَالَ: " لَا يَزَالُ لِسَانُكَ رَطْبًا بذكر اللَّهِ)رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث حسن غَرِيب

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુસ્રથી રિવાયત છે. એક શખ્સે અર્ઝ કરી, ઈસ્લામના શરઈ હુકમો ઘણા છે[1] મને કોઈ એક એવી બતાવી દો જેને હું મજબૂત પકડી લઉં. ફર્માવ્યું, તમારી જીભ અલ્લાહના ઝિક્રમાં તર રહે[2].'' (તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે[3].''*

૧. જે વિગતવાર મને યાદ નથી થઈ શક્તા. એ મારા પર ગાલિબ છે. જાણવા મળ્યું કે સંપૂર્ણ આલિમ બનવું ફર્ઝ નથી બલ્કે ફર્ઝે કિફાયા છે. નહીં તો હુઝૂરે અન્વર ﷺ તેમને સર્વ મસાઈલ શીખવાનો હુકમ આપતા.

૨. લગભગ પ્રશ્નકર્તાનો સવાલ નફ્લોના બારામાં હતો. એટલા માટે એમને આ જવાબ આપવામાં આવ્યો. મકસદ એ છે કે દરેક વખતે ઝબાન પર કોઈ ઝિક્રુલ્લાહ ચાલુ રહે, ખબર નહીં મૌત ક્યારે આવી જાય. જ્યારે પણ મલકુલ મૌત તમારી જાન કાઢવા માટે આવે તો તમને ગાફિલ ન પામે. અલ્લાહ તઆલા એવી જિંદગી નસીબ કરે. رطب ફર્માવીને નિર્દેશ કરવામાં આવ્યો કે જેવી રીતે તર લાકડી આગમાં નથી સળગતી એ જ પ્રમાણે અલ્લાહનો ઝિક્ર ઝબાનની તરી છે જેનાથી બંદો દોઝખમાં સળગી શકશે નહીં.

૩. આ હદીષ ઈબ્ને હબ્બાન, ઈબ્ને અબી શયબા તથા હાકિમે પણ રિવાયત કરી.

**★ હદીષ : (૨૦)-૨૨૮૦ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سُئِلَ: أَيُّ الْعِبَادِ أَفْضَلُ وَأَرْفَعُ دَرَجَةً عِنْدَ اللَّهِ يَوْمَ الْقِيَامَةِ؟ قَالَ: «الذَّاكِرُونَ اللَّهَ كَثِيرًا وَالذَّاكِرَاتُ» قِيلَ: يَا رَسُولَ اللَّهِ وَمِنَ الْغَازِي فِي سَبِيلِ اللَّهِ؟ قَالَ: «لَوْ ضَرَبَ بِسَيْفِهِ فِي الْكُفَّارِ وَالْمُشْرِكِينَ حَتَّى يَنْكَسِرَ وَيَخْتَضِبَ دَمًا فَإِنَّ الذَّاكِرَ لِلَّهِ أَفْضَلُ مِنْهُ دَرَجَةً».رَوَاهُ أَحْمد

*''હઝરત અબૂ સઈદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું, કયા બંદા અલ્લાહની નજીક V Ch, V G[S FDTGFNJ; [A] NNZÔJF FK[m[1] ફર્માવ્યું, અલ્લાહનો ખૂબ જ ઝિક્ર કરવાવાળા અને ખૂબ જ ઝિક્ર કરનારી સ્ત્રીઓ[2]. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહના માર્ગનો ગાઝી કોણ છે ?[3] ફર્માવ્યું, ગાઝી મુશ્રિકો તથા કાફિરો પર તલ્વાર એટલી ચલાવે કે તલ્વાર તૂટી જાય અને લોહીમાં રંગાય જાય[4] તો પણ અલ્લાહનો ઝિક્ર કરનારો એના કરતાં*

| | |
|---|---|
| وَالتِّرْمِذِيّ وَقَالَ التِّرْمِذِيّ: هَذَا حَدِيث حسن غَرِيب | *દરજામાં અધિક હશે[૫]. (અહમદ તથા તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."* |

**૧.** سبحان الله કેટલો પ્યારો તથા સમૃદ્ધ સવાલ છે કે એવો બંદો કોણ છે જેનો સવાબ પણ અધિક હોય અને અલ્લાહનો કુર્બ પણ અધિક. યાદ રાખશો કે સવાબ અલગ છે અને કુર્બ (નઝદીકી) તથા દરજો કાંઈ અલગ. જો બાદશાહ કોઈ મોક઼ા પર એક સિપાહીને લાખ રૂપિયા ઈનામ આપી દે અને વઝીરને કાંઈ ન આપે, એ વખતે ભલે ઈનામ સિપાહીએ મેળવ્યું પણ દરજો વઝીરનો જ વધારે છે.

**૨.** ઝિક્રથી મુરાદ ઝબાન તથા દિલના સર્વ ઝિક્રો છે. ખાસ કરીને તે ઝિક્ર જે હદીષોમાં વર્ણન પામેલ છે કે એ અન્યો ઝિક્રો કરતાં બેહતર છે. એનાથી જાણવા મળ્યું કે ઝિક્રુલ્લાહ સવાબની અધિક્તાનો ઝરીયો છે અને અધિકપણુ કુર્બે ઈલાહીનો પણ વસીલો છે. દીન તથા દુનિયાની નેઅમતો ઝિક્રુલ્લાહથી મળે છે. અધિક્તર ઝિક્રથી મુરાદ છે કે તેના મોટાભાગના સમયો ઝિક્રમાં ઘેરાયેલા હોય. અન્ય કામો માટે ખૂબ જ ઓછો સમય બચે. *(મિર્કાત તથા લમ્આત)*

**૩.** અમુક ગાઝી ગનીમતના માટે, અમુક મુલ્ક જીતવા માટે, અમુક પોતાની બહાદુરી દેખાડવા માટે, અમુક ઈસ્લામ ફેલાવવાના માટે કાફિરો પર જેહાદ કરે છે, એ સૌમાં ફી સબીલિલ્લાહ ગાઝી કોણ છે ?

**૪.** એ રીતે કે ગાઝી પોતાના લોહીમાં લથપથ થઈ જાય એટલે શહીદ થઈ જાય. ખુલાસો એ છે કે એ શખ્સ ગાઝી પર અવ્વલ દરજાનો હોય અને શહીદ પણ ઉચ્ચ કક્ષાનો.

**૫.** એનું કારણ છે કે ઝિક્રે મક઼સૂદી ઈબાદત છે અને જેહાદ ગૈર મક઼સૂદી ઈબાદત છે, કેમ કે જેહાદ અલ્લાહનો ઝિક્ર ફેલાવવાના માટે જ તો થાય છે ! તેમજ જેહાદથી ગાઝીનું કામ અને ઝિક્રુલ્લાહમાં છે અલ્લાહનું નામ. યક઼ીનન ! રબ તઆલાનું નામ આપણા કામથી બેહતર છે. તેમજ જેહાદની જઝા (બદલો) જન્નત છે અને ઝિક્રુલ્લાહનો બદલો عبده રબ તઆલા ફર્માવે છે : فَاذْكُرُونِي أَذْكُرْكُمْ (તમે મારી યાદ કરો હું તમારી ચર્ચા કરીશ. –સૂરએ બક઼રહ, ૨/૧૫૨) કે અહીં દરજાથી મુરાદ ઝિન્સી (જાતિને લગતો) દરજો છે ન કે વ્યક્તિગત દરજો. એટલે કે ઝાકિર (ઝિક્ર કરનાર) મુજાહિદ કરતાં અનંતગણો બેહતર છે. ઈશારા રૂપે એ પણ ફર્માવવામાં આવ્યું કે જેહાદ વખતે ગાઝી અલ્લાહનો ઝિક્ર કરે છે. કોઈ નમાઝ શક્ય ત્યાં સુધી ન છોડે, હાથમાં તલ્વાર ઝબાન પર ઝિક્રે યાર હોય, પછી તો સુબ્હાનલ્લાહ ! શું પૂછવું !

| ★ હદીષ : (૨૧)-૨૨૮૧ ★ | |
|---|---|
| وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الشَّيْطَانُ جَاثِمٌ عَلَى قَلْبِ ابْنِ آدَمَ فَإِذَا ذَكَرَ اللَّهَ خَنَسَ وَإِذَا غفَلَ وسوس» . رَوَاهُ الْبُخَارِيّ تَعْلِيقًا | *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શૈતાન માણસના દિલ પર ચિપકેલો રહે છે[૧] જ્યારે માણસ અલ્લાહનો ઝિક્ર કરે છે તો હટી જાય છે, અને જ્યારે માણસ ગાફિલ થઈ જાય છે તો તે વસવસા નાખે છે[૨]." (બુખારી તઅલીકન્)* |

**૧.** જાહેર એ છે કે શૈતાનથી મુરાદ કરીન શૈતાન છે. દરેક માણસની સાથે અલગ અલગ એક શૈતાન રહે છે, ઈબ્લીસ મુરાદ નથી. તે તો આ સર્વ શૈતાનોનો મેનેજર છે. એટલે કે શૈતાનની મંઝિલ માણસનું દિલ છે, જ્યાં તે એવો ચોંટેલો રહે છે જેવી રીતે મધ સાથે માખી. યાદ રાખશો કે ગાફિલના દિલ પર શૈતાનની મંઝિલ છે અને કાફિરના

દિલમાં શૈતાનનું ઘર છે. આ જગાએ ઈબ્ને આદમથી મુરાદ ગાફિલ મુસલમાન છે ન કે કાફિર. જેવું કે આગલા લખાણથી જાહેર છે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે વસવસાથી ગફલત નથી આવતી બલ્કે ગફલતથી વસવસા આવે છે, જેથી ઝિક્રુલ્લાહ વસવસાઓનો ઈલાજ છે. અહીં ઝિક્રથી મુરાદ મુસલમાનોનું ઝિક્રુલ્લાહ છે ન કે કાફિરોનો. કાફિરના દિલમાંથી શૈતાન તો ઈમાનથી નીકળશે. ઈમાન વગાર આખુ કુર્આન પણ પઢી લે પણ શૈતાન નીકળશે નહીં. કેમ કે મુસાફિરને મંઝિલ પરથી હટાવવો આસાન છે પણ કોઈને તેના ઘરેથી કાઢવો મુશ્કેલ છે. ખુલાસો એ છે કે મો'મિનનું દિલ માલામાલ ઘર છે. શૈતાન ચોર છે, ગફલત અંધકાર છે અને ઝિક્રુલ્લાહ નૂર તથા રોશની છે. ચોર હમેશાં અંધારામાં આવે છે અને અજવાળુ થતાં જ નાસી જાય છે. મો'મિનને જોઈએ કે પોતાના દિલના ઘરમાં ઝિક્રુલ્લાહનું અજવાળુ રાખે જેથી તે ચોરથી અમ્ન રહે. આમ તો દરેક ઝિક્રુલ્લાહ વસવસો દૂર કરવા માટે લાભદાયી છે, પણ લાહૌલ શરીફ અને અઝાન શૈતાન દફેઅ કરવા માટે અકસીર છે. એટલા માટે દફન બાદ કબ્ર પર અઝાન કહેવામાં આવે છે કે મુડદાથી શૈતાન દૂર રહે અને તેને વસવસો ન આપે કે જેથી મુડદુ ઈમ્તેહાનમાં કામયાબ થાય.

**★ હદીષ : (૨૨)-૨૨૮૨ ★**

وَعَنْ مَالِكٍ قَالَ: بَلَغَنِي أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «ذَاكِرُ اللَّهِ فِي الْغَافِلِينَ كَالْمُقَاتِلِ خَلْفَ الْفَارِّينَ وَذَاكِرُ اللَّهِ فِي الْغَافِلِينَ كَغُصْنٍ أَخْضَرَ فِي شَجَرٍ يَابِس»

*''હઝરત માલિક رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે મને ખબર પહોંચી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા[૧] ગાફિલોમાં અલ્લાહનો ઝિક્ર કરનાર એવો છે જેવી રીતે કે ભાગી જનારાઓમાં મુજાહિદ[૨] અને ગાફિલોમાં અલ્લાહનો ઝિક્ર કરનાર એવો છે જેમ કે સૂકા ઝાડમાં લીલી ડાળ.''*

**૧.** ઈમામ માલિક رحمۃ اللہ علیہ તબે તાબઈ છે જેથી આ હદીષમાં શરૂના બે રાવી છૂટી ગયા, તાબઈ તથા સહાબી. પણ કાંઈ વાંધો નથી. ઈમામ માલિક જેવા મુહદ્દિષની આવી હદીષો સ્વીકાર્ય છે. જ્યારે ઈમામ બુખારીની તઅલીક઼ વિશ્વસનીય છે તો ઈમામ માલિકની તઅલીક઼ અધિક અંશે વિશ્વાસપાત્ર છે.

**૨.** કે જ્યારે સર્વ ગાઝી કાફિરોના મુકાબલાથી ભાગી જાય અને એક ગાઝી પોતાની જગાએ અડગ રહે, ત્યાં સુધી કે મારતા મારતાં ખુદ શહીદ થઈ જાય તે મહાન દરજાવાળો છે. એ જ પ્રમાણે ગાફિલ મુસલમાનો ભાગેડુ ગાઝી છે એમનામાં એકલો આ ઝાકિર ઘણો જ બહાદુર મુજાહિદ છે. ઝાકિરો વચ્ચે ઝિક્રુલ્લાહ કરવો આસાન છે પણ જ્યારે માહોલ ગંદો હોય પછી સાફ રહેવું ઘણુ જ મુશ્કેલ છે.

**★ હદીષ : (૨૩)-૨૨૮૩ ★**

وَفِي رِوَايَةٍ: «مَثَلُ الشَّجَرَةِ الْخَضْرَاءِ فِي وَسَطِ الشَّجَرِ وَذَاكِرُ اللَّهِ فِي الْغَافِلِينَ مَثَلُ مِصْبَاحٍ فِي بَيْتٍ مُظْلِمٍ وَذَاكِرُ اللَّهِ فِي الْغَافِلِينَ يُرِيهِ اللَّهُ مَقْعَدَهُ مِنَ الْجَنَّةِ وَهُوَ حَيٌّ وَذَاكِرُ اللَّهِ فِي الْغَافِلِينَ يُغْفَرُ لَهُ بِعَدَدِ

*''અને એક રિવાયતમાં એવું છે કે જેવી રીતે ઝાડોમાં લીલુ ઝાડ[૧] અને ગાફિલોમાં અલ્લાહનો ઝિક્ર કરનાર એવો છે જેમ કે અંધાર્યા ઘરમાં દીવો[૨] અને* ***ગાફિલોમાં અલ્લાહનો ઝિક્ર કરનારને રબ તઆલા જિંદગીમાં જ તેને જન્નતનું ઘર દેખાડી દે છે[૩].*** *અને ગાફિલોમાં અલ્લાહનો ઝિક્ર કરનારાની તમામ*

كُلِّ فَصِيحٍ وَأَعْجَمٍ».وَالْفَصِيحُ: بَنُو آدَمَ وَالْأَعْجَمُ: الْبَهَائِمُ. رَوَاهُ رزين

*બોલનારાઓ અને ગુંગાઓના જેટલા પ્રમાણમાં બખ્શિશ થાય છે. બોલનારા માનવો છે અને મુંગાં જાનવર[૪]." (રઝીન)*

**૧.** જેવી રીતે માળીના દિલમાં એક લીલી ડાળી તથા લીલા ઝાડની મોટી કદર છે એવી જ રીતે રબ તઆલાની બારગાહમાં એવા ઝાકિરનો પણ મર્તબો છે.

**૨.** અંધાર્યા ઘર અને ગાફિલ દિલમાં અંધકાર ગાયબ હોવું (અનઉપસ્થિતિ) તથા નફરત છે. અજવાળા ઘર અને ઝાકિર દિલમાં નૂર છે, હુઝૂર છે અને સુરૂર (ખુશી) છે. اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ (સાંભળી લો ! અલ્લાહની યાદમાં જ દિલોનું ચૈન છે. –સૂરએ રઅદ, ૧૩/૨૮)

**૩.** ક્યાં તો ખ્વાબમાં ક્યાં તો જાગૃતાવસ્થામાં, જેવી રીતે અમુક સહાબાએ જેહાદમાં શહાદતથી પહેલાં જન્નત જોઈ લીધી અને લોકોને ખબર આપી અથવા સકરાતના સમયે મલકુલ મૌત પહેલાં તેને તેનું જન્નતી ઘર બતાવે છે પછી જાન કાઢે છે. રબ તઆલા ફર્માવે છે :

تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلٰٓئِكَةُ اَلَّا تَخَافُوْا وَلَا تَحْزَنُوْا وَاَبْشِرُوْا بِالْجَنَّةِ الَّتِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ (તેમના પર ફરિશ્તા ઉતરે છે કે ન ડરો અને ન ગમ કરો અને ખુશ થાવ એ જન્નત પર જેનો તમને વાયદો આપવામાં આવ્યો હતો. –સૂરએ ફુસ્સિલત, ૪૧/૩૦) આ હદીષ આ આયતની તફસીર છે. યાદ રાખશો કે ઝાકિરોને મૃત્યુ વેળા જન્નત દેખાડવામાં આવે છે અને આશિકોને સકરાતમાં મહબૂબ ﷺનો જમાલ દેખાડવામાં આવે છે જેનાથી મૈયત નઝઅ (સકરાત) તકલીફ તદ્દન મહેસૂસ નથી કરતું. જેવી રીતે મિસ્રી સ્ત્રીઓને જમાલે યૂસુફી જોઈને હાથ કપાવાનું દર્દ મહેસૂસ ન થયું.

**૪.** કેમ કે ઝિક્રુલ્લાહની બરકતથી ઈન્સાનને અઝાબથી અમ્ન (રાહત) મળે છે અને જાનવરોને પણ. જેથી જાનવરોથી સૌ ફાયદો ઉઠાવે છે એટલા માટે એ સૌની સંખ્યા બરાબર તેને સવાબ મળે છે.

**★ હદીષ : (૨૪)–૨૨૮૪ ★**

وَعَنْ مُعَاذِ بْنِ جَبَلٍ قَالَ: مَا عَمِلَ الْعَبْدُ عَمَلًا أَنْجَى لَهُ مِنْ عَذَابِ اللّٰهِ مِنْ ذِكْرِ اللّٰهِ. رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَه

*"હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, બંદાએ મોટો કોઈ એવો અમલ નથી કર્યો જે ઝિક્રુલ્લાહથી વધીને અલ્લાહના અઝાબથી નજાત આપે[૧]." (માલિક, તિર્મિઝી, ઈબ્ને માજહ)[૨]*

**૧.** જાણવા મળ્યું કે ઝિક્રુલ્લાહ અઝાબને દૂર કરવા માટે અકસીર છે. એટલા માટે મૃત્યુ બાદ મૈયતને અધિક્તર ખત્મ શરીફ વગેરેનો સવાબ પહોંચાડે છે કે જો મૈયત અઝાબમાં હોય તો એ ઝિક્રની બરકતથી નજાત પામે. ઝિક્રુલ્લાહ અહીં મુત્લક ફર્માવવામાં આવ્યું, ચાહે માણસ જાતે કરે અથવા કોઈ અન્ય ઝિક્ર કરીને તેને બખ્શી આપે. હદીષ શરીફમાં છે કે **જો બાર હજાર વખતે કલ્મએ તૈયૈબહ પઢીને કોઈને બખ્શવામાં આવે તો તેને અઝાબથી છૂટકારો મળે છે.** એને મોલ્વી કાસિમ નાનોત્વી દેવબંદીએ પણ પોતાની કિતાબ તહઝિરુન્નાસમાં નકલ કર્યું. અમે પણ પહેલાં મિર્કાતના હવાલાથી અર્ઝ કરી ચૂક્યા છીએ કે હદીષ જો કે મૌકૂફ છે પણ મરફૂઅના હુકમમાં છે જેવો કે મુહદ્દિષોનો કાયદો છે.

**૨.** આ હદીષ અહમદ, તિબ્રાની, ઈબ્ને અબી શયબાએ મરફૂઅન રિવાયત કરી.

★ હદીષ : (૨૫)-૨૨૮૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى يَقُولُ: أَنَا مَعَ عَبْدِي إِذَا ذَكَرَنِي وتحركت بِي شفتاه ". رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ અલ્લાહ તઆલા ફર્માવે છે, હું મારા બંદાની સાથે રહું છું જ્યારે કે તે મારો ઝિક્ર કરે છે અને મારા નામથી એના હોઠ હાલે છે[૧]." (બુખારી)*

**૧.** એટલે કે જ્યાં સુધી બંદો મારો ઝિક્ર જપતો રહે છે હું રહમત તથા કરમથી, મહોબ્બતથી, ભલી તૌફીક઼ સાથે એની સાથે રહું છું. યાદ રાખશો કે **ખુદા તઆલા રબૂબિયતથી દરેક બંદાની સાથે છે. કહરો ગઝબથી બેદીનોની સાથે છે. આમ રહમતથી દરેક મો'મિનની સાથે છે. ખાસ રહમતથી દરેક ઝાકિરની સાથે છે અને પોતાના નૂર તથા તજલ્લીથી હુઝૂરે અન્વર ﷺ ની સાથે સાથે હોવામાં ખૂબ જ વિશાળતા છે.** આ હમરાહીઓ (સાથે હોવું) કુર્આને કરીમની વિવિધ આયતોમાં વર્ણન થયેલ છે. આ હદીષથી જાણવા મળ્યું કે **ઝાકિરોની પાસે રહેવું ખુદા તઆલાની પાસે રહેવું છે.**

★ હદીષ : (૨૬)-૨૨૮૬ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ يَقُولُ: «لِكُلِّ شَيْءٍ صِقَالَةٌ وَصِقَالَةُ الْقُلُوبِ ذِكْرُ اللَّهِ وَمَا مِنْ شَيْءٍ أَنْجَى مِنْ عَذَابِ اللَّهِ مِنْ ذِكْرِ اللَّهِ» قَالُوا: وَلَا الْجِهَادُ فِي سَبِيلِ اللَّهِ؟ قَالَ: «وَلَا أَنْ يَضْرِبَ بِسَيْفِهِ حَتَّى يَنْقَطِعَ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِيرِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે હુઝૂર ફર્માવતા હતા કે **દરેક ચીજની સફાઈ છે અને દિલોની સફાઈ અલ્લાહનો ઝિક્ર છે[૧] અન્ય કોઈ ચીજ ઝિક્રુલ્લાહથી વધીને અઝાબે ઈલાહીથી નજાત નથી આપતી.** સહાબાએ અર્ઝ કર્યું કે ન અલ્લાહની રાહમાં જેહાદ ? ફર્માવ્યું, બલ્કે ન એ કે ગાઝી પોતાની તલ્વારથી કાફિરોને મારે ત્યાં સુધી કે તૂટી જાય[૨]."*

*(બયહક઼ી, દા'વાતે કબીર)*

**૧.** દુનિયવી ઉલઝનો તથા ગુનાહ દિલના આઈનાને મેલો કરતાં રહે છે અને ઝિક્રુલ્લાહ એ મેલને દૂર કરીને એ આઈનાને સ્વચ્છ બનાવતુ રહે છે. જો માણસ ગુનાહ ન કરે અને પછી ઝિક્રુલ્લાહ કરે તો દિલ પર એવી પોલિશ થાય છે કે આખુ જગત એ દિલમાં નજર આવે છે, જેવી રીતે કે ઘરનો સઘળો સામાન દીવાલમાં લાગેલા સાફ સ્વચ્છ આઈનામાં જોવા મળે છે. બંદો આલમના દરેક રજકણને હાથની હથેળીની જેમ જુએ છે. હુઝૂર ગૌ઼ આ'ઝમ رضي الله عنه ફર્માવે છે : نَظَرْتُ اِلٰی بِلَادِ اللهِ جَمْعًا ۔ کَخَرْدَلَةٍ عَلٰی حُکْمِ اتِّصَالِیْ

**અર્થ** : મેં અલ્લાહની જમીનોને એક સાથે એ રીતે નિહાળી કે જાણે રાયના દાણા એક સાથે મળેલા હોય.

કુર્આને કરીમ ફર્માવી રહ્યું છે કે આસિફ બિન બર્ખિયાએ શામમાં બેસીને તખ્તે બિલ્ક઼ીસને જે યમનમાં હતો તેને જોઈ પણ લીધો અને ઉઠાવી પણ લાવ્યા. ઉમર ફારૂક઼ رضي الله عنه એ નેહાવંદની જંગની જોઈ પણ લીધી અને હઝરત સારિયાને જંગનો નક઼શો સમજાવી પણ આપ્યો. આ સર્વ દિલની સફાઈના કરિશ્માઓ છે. દરેક ચીજની સફાઈ અલગ અલગ છે. કપડાંની સફાઈ સાબુ વડે, લોખંડની કલઈ વડે અને દિલની સફાઈ ઝિક્રુલ્લાહથી.

**૨.** એટલે કે તમે તો કેવળ જેહાદને કહી રહ્યા છો, જો મુજાહિદ પ્રથમ કક્ષાનો ગાઝી પણ હોય શહીદ પણ હોય છતાં અલ્લાહના ઝિક્ર કરનારાના દરજાએ નથી પહોંચતો. એનું કારણ પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે. અહીં ينقطع નો કર્તા ક્યાં તો તલ્વાર છે ક્યાં તો ગાઝી. એટલે તલ્વાર તૂટી જાય અથવા ગાઝીની જિંદગીનો તાર તૂટી જાય. ઝિક્રુલ્લાહનો જે અર્થ પેશ કરવામાં આવ્યો છે તે **યાદ રાખશો કે અલ્લાહનો ઝિક્ર એ પણ ઝિક્રુલ્લાહ છે અને તેના મહબૂ બંદાઓનો અઝમત સાથે ઝિક્ર એ પણ ઝિક્રુલ્લાહ છે. તેના દુશ્મનોનો બુરાઈની સાથે ઝિક્ર એ પણ ઝિક્રુલ્લાહ છે. એટલા માટે દરેક સમયે દુરૂદ શરીફ પઢનાર પણ એમાં સામેલ છે. કુર્આને કરીમનો દર્સ, હદીષ તથા ફિક્હની તા'લીમ સૌ એમાં સામેલ છે.**

# કિતાબ અસ્માઉલ્લાહિ તઆલા كتاب أسماء الله تعالى
## (અલ્લાહ તઆલાના નામોનું વર્ણન[1])

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** અલ્લાહ તઆલાના ઘણા નામો છે જેમાંથી એક નામ ઝાતી છે અલ્લાહ, બાકી સિફાતી નામો છે. સિફાતી નામો ત્રણ પ્રકારનાં છે : સિફતે સલબી પર દલીલ પૂરી પાડનાર જેમ કે સુબ્હાન, કુદ્દુસ, અવલા વગેરે. સિફતે ષબૂતિયા હકીકિયા પર દલીલ બનનાર જેમ કે અલીમ, કાદિર. અથવા ષબૂતિયા ઈઝાફિયા પર દલીલ બનનાર જેમ કે હમીદ, મલીક, માલિકુલ મુલ્ક વગેરે. અથવા સિફતે ફેઅલિયા પર દલીલ બનનાર જેમ કે રાઝિક, ખાલિક વગેરે. હક્ક એ છે કે અલ્લાહ તઆલાનાં નામ તૌફીકી છે કે શરીઅતે જે બતાવ્યાં એ જ નામો વડે પુકારવામાં આવે. પોતાના તરફથી નામ ઘડવામાં ન આવે ભલે એનો તર્જુમો સહીહ હોય. જેથી રબને આલિમ કહી શકીએ છીએ આકિલ નથી કહી શકતા. અને જવ્વાદ કહી શકીએ છીએ ન કે સખી. હકીમ કહીશું ન કે તબીબ. ખુદા રબનું નામ નથી બલ્કે એક સિફત છે એટલે માલિકનો તર્જુમો છે, જેમ કે પરવરદિગાર, પાલનહાર, બખ્શનાર વગેરે. ખુદા તઆલાનાં અમુક નામ મખ્લૂક માટે પણ બોલવામાં આવે છે. જેમ કે રઉફ, રહીમ, અલ્લાહ તઆલાનું નામ પણ છે અને હુઝૂર ﷺનું પણ, પણ મખ્લૂકના માટે આ નામોના અર્થો અલગ થશે. જ્યારે કોઈ સિફતે ઈલાહીની તજલ્લી બંદા પર પડે છે તો એ વખતે એના પર એ નામ બોલવામાં આવે છે.

**★ હદીષ : (૧)-૨૨૮૭ ★** (مُتَّفِق عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ لِلَّهِ تَعَالَى تِسْعَةً وَتِسْعِينَ اسْمًا مِائَةً إِلَّا وَاحِدًا مَنْ أَحْصَاهَا دَخَلَ الْجَنَّةَ» . وَفِي رِوَايَةٍ: «وَهُوَ وتر يحب الْوتر»

*"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માન છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનાં નવ્વાણુ નામો છે એટલે કે સોમાં એક ઓછું[1] જે આ નામોની મુહાફિઝત કરે તે જન્નતમાં જશે[2] અને એક રિવાયત એ છે કે અલ્લાહ તઆલા તાક (એક) છે અને તાક (એકી સંખ્યા)ને પસંદ કરે છે[3]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** હક્ક તઆલાના બસો એક નામ દલાઈલુલ ખૈરાતમાં વર્ણન થયાં છે અને મદારિજુન્નબુવ્વતમાં શયખે રબ તઆલાનાં એક હજાર નામ ગણાવ્યાં. અહીં તો નવ્વાણુ નામ તે ગણાવવામાં આવ્યાં જેને યાદ કરવું જન્નતી થવાનો ઝરીયો છે. પૂરેપૂરાં નામો આ નથી. આ નામોમાંથી અમુક ઝાતી છે, અમુક સિફાતી, અમુક અફઆલી. જેથી આ હદીષ પર ન તો એ વાંધો છે કે હક્ક તઆલાનાં નામ નવ્વાણુથી અધિક છે, અને એ કે રબની કમાલની સિફતો તો આઠ છે પછી સિફાતી નામ વધારે કેમ થયાં.

**૨.** એટલે કે જે મુસલમાન આ નામો યાદ કરે અને દરરોજ તેનો વિર્દ કર્યા કરે તો ઈન્શા અલ્લાહ ! શરૂથી જ જન્નતમાં જશે.

**૩.** એટલે કે હક્ક઼ તઆલા ઝાત તથા સિફતોમાં "વહ્દહૂ લા શરીક" છે તે એ અમલોને પસંદ કરે છે જેનામાં ઈખ્લાસ હોય, શિર્કનો સાયો ન હોય. અને એ બંદાને પસંદ કરે છે જે દુનિયાથી કપાઈને તેનો થઈને રહે. સારાંશ કે બીજા વિત્ર (શબ્દ)માં ઘણી સંભાવનાઓ છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૨)-૨૨૮૮ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ لِلَّهِ تَعَالَى تِسْعَةً وَتِسْعِينَ اسْمًا مَنْ أَحْصَاهَا دَخَلَ الْجَنَّةَ هُوَ اللَّهُ الَّذِي لَا إِلَه هُوَ الرَّحْمَنُ الرَّحِيمُ الْمَلِكُ الْقُدُّوسُ السَّلَامُ الْمُؤْمِنُ الْمُهَيْمِنُ الْعَزِيزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ الْغَفَّارُ الْقَهَّارُ الْوَهَّابُ الرَّزَّاقُ الْفَتَّاحُ الْعَلِيمُ الْقَابِضُ الْبَاسِطُ الْخَافِضُ الرَّافِعُ الْمُعِزُّ الْمُذِلُّ السَّمِيعُ الْبَصِيرُ الْحَكَمُ الْعَدْلُ اللَّطِيفُ الْخَبِيرُ الْحَلِيمُ الْعَظِيمُ الْغَفُورُ الشَّكُورُ الْعَلِيُّ الْكَبِيرُ الْحَفِيظُ الْمُقِيتُ الْحَسِيبُ الْجَلِيلُ الْكَرِيمُ الرَّقِيبُ الْمُجِيبُ الْوَاسِعُ الْحَكِيمُ الْوَدُودُ الْمَجِيدُ الْبَاعِثُ الشَّهِيدُ الْحَقُّ الْوَكِيلُ الْقَوِيُّ الْمَتِينُ الْوَلِيُّ الْحَمِيدُ الْمُحْصِي الْمُبْدِئُ الْمُعِيدُ الْمُحْيِي الْمُمِيتُ الْحَيُّ الْقَيُّومُ الواجدُ الماجدُ الواحِدُ الأحَدُ الصَّمَدُ الْقَادِرُ الْمُقْتَدِرُ الْمُقَدِّمُ الْمُؤَخِّرُ الْأَوَّلُ الْآخِرُ الظَّاهِرُ الْبَاطِنُ الْوَالِي الْمُتَعَالِي الْبَرُّ التَّوَّابُ الْمُنْتَقِمُ العَفُوُّ الرَّؤوفُ مَالِكُ الْمُلْكِ ذُو الْجَلَالِ وَالْإِكْرَامِ الْمُقْسِطُ الْجَامِعُ الْغَنِيُّ الْمُغْنِي الْمَانِعُ الضَّارُّ النَّافِعُ النُّورُ الْهَادِي الْبَدِيعُ الْبَاقِي الْوَارِثُ الرَّشِيدُ الصَّبُورُ» . رَوَاهُ التِّرْمِذِيُّ والبيهقيُّ فِي الدَّعواتِ الْكَبِير. وَقَالَ التِّرْمِذِيّ: هَذَا حَدِيث غَرِيب

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનાં નવ્વાણુ નામો છે જે એમની હિફાઝત કરશે[૧] જન્નતમાં જશે. અલ્લાહ તે છે કે તેના સિવાય કોઈ મઅબૂદ નથી. મહેરબાન છે, રહમવાળો છે[૨] બાદશાહ છે, પાક છે અમલોથી સલામત છે[3] અમન આપનારો છે, નિગેહબાન છે, ગાલિબ[૪] બદલો કરનાર છે, બુલંદ છે[૫] પયદા કરનાર છે, નવી ચીજ કાઢનાર, સૂરત (સ્વરૂપ) આપનાર[૬] ગુનાહ બખ્શનાર[૭] ગાલિબ છે, ખૂબ અતા કરનાર છે[૮] રોજી પહોંચાડનાર છે[૯] ખોલનાર ઈલ્મવાળો[૧૦] તંગી તથા રાહત આપનાર[૧૧] નીચે લાવનાર તથા ઉચ્ચ કરનાર[૧૨] ઈજ્જત તથા ઝિલ્લત આપનાર[૧૩] સાંભળનાર જોનાર[૧૪] હુકૂમત તથા ઈન્સાફવાળો[૧૫] મહેરબાની કરનાર, ખબર રાખનાર[૧૬] હિલમ (સંયમ) તથા અઝમતવાળો[૧૭] બખ્શનાર ક઼દરદાન[૧૮] બુલંદી તથા બુઝુર્ગીવાળો[૧૯] હિફાઝત કરનાર, શક્તિ આપનાર[૨૦] હિસાબ લેનાર[૨૧] દુઆઓ ક઼બૂલ કરનાર, વૃદ્ધિ આપનાર[૨૨] હિકમતવાળો, બુઝુર્ગીવાળો, ઉઠાવનાર[૨૩] હાઝિર[૨૪] હમેશાંનો કામ બનાવનાર[૨૫] શક્તિ તથા મજબૂતીવાળો[૨૬] મદદગાર પ્રશંસાને પાત્ર[૨૭] સૌને જાણનાર, શરૂ કરનાર, પરત કરનાર[૨૮] જિંદગી તથા મૌત બખ્શનાર[૨૯] ઝિંદા હમેશાં ક઼ાયમ રહેનાર[30] હસ્તીના વજૂદવાળો બુઝુર્ગીવાળો[3૧] એક એકલો[3૨] ભરોસાને પાત્ર[33] કુદરત તથા કુવ્વત સત્તાવાળો[3૪] આગળ પાછળ કરનાર[3૫] સૌથી પ્રથમ સૌથી અંતિમ[3૬] ખુલ્લો છુપો[3૭] મદદગાર અઝમતવાળો, એહસાન ફર્માવનાર[3૮] તૌબા ક઼બૂલ કરનાર, બદલો લેનાર, માફી*

*આપનાર[39] મહેરબાનીવાળો, મુલ્કનો માલિક[40] ગઝબ તથા કરમવાળો[41] ઈન્સાફવાળો, જમા કરવાવાળો, બેપરવા અને બેપરવા કરનાર[42], આપનાર ન આપનાર, નફા નુકસાનનો માલિક[43] રોશન કરનાર હિદાયત આપનાર[44] અજોડ, હમેશાં બાકી, વારિષ[45] હિદાયત આપનાર, સબ્રવાળો[46] (તિર્મિઝી) બયહકી દા'વાતે કબીર. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[47].*

**૧.** કેમ કે રબ તઆલાની સિફતો તથા અફઆલ ઘણા છે એટલા માટે એનાં નામ પણ ઘણા છે. તેમજ તેના બંદાઓની હાજતો ઘણી છે જેથી રબનાં નામો પણ ઘણા છે કે બંદો જે હાજત લઈને આવે તે જ નામ વડે પુકારે. બીમાર પુકારે یاشافی الامراض (યા શાફીયુલ અમરાઝ) ગુનેહગાર પુકારે یاغفار (યા ગફ્ફાર), બદકાર પુકારે یاستار (યા સત્તાર) વગેરે. યાદ રાખશો કે જેટલાં નામ રબનાં છે એટલાં જ નામ રસૂલુલ્લાહ ﷺનાં પણ છે જેવું કે તસવ્વુફની કિતાબો વાંચનારાઓ પર જાહેર છે.

**૨.** આ નામોમાં રબ તઆલાના ઘણા મશહૂર નામો નથી આવ્યાં. જેમ કે :–

قدییم، وتر، شدید،کافی ربا کرم، اعلیٰ، اکرم الاکرمین، ذوالعرش المجید،فعال لما یرید،مالک یوم الدین، رفیع الدرجات، ذو القوۃ المتین، ذو العرش، احسن الخالقین

વગેરે વગેરે એનાથી જાણવા મળ્યું કે રબ તઆલાનાં કુલ નામો આ નથી, જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું. રહમાનનો અર્થ છે દુનિયામાં સર્વ બંદાઓ પર રહમ કરનાર અને રહીમનો અર્થ છે આખેરતમાં કેવળ મુસલમાનો પર રહમ ફર્માવનાર. કેમ કે દુનિયા આખેરતથી પહેલાં છે એટલા માટે રહમાનનો ઝિક્ર રહીમથી પહેલાં થયો. મોટાભાગના ઉલમાએ لاالٰہ الاھو ઈસ્મે આ'ઝમ માનેલ છે.

**૩.** દુનિયાના બાદશાહ થોડી જમીનના થોડા જમાનામાં બાદશાહ હોય છે. રબ તઆલા જાતે પોતે હમેશાંથી બાદશાહ છે, સર્વ આલમોનો માલિકે હકીકી છે. قدوس (કુદુસ)નો અર્થ છે : મુમ્કિન હોવા અને હાદિષ (જે પહેલા ન હોય પછી થાય અને પછી હમેશાં ન રહે)થી પાક, કોઈના વહેમ તથા ખયાલમાં આવવાથી પાક, સલામનો અર્થ છે, અયબોથી પાક, સારાંશ કે રબ તઆલા તથા સિફાતી અયબોથી દરેક રીતે પાક છે. જેથી قدوس (કુદુસ) તથા سلام (સલામ)માં ઘણો ફરક છે અથવા સલામનો અર્થ છે મખ્લૂકમાંથી ઈમાનવાળઓને સલામતી તથા અમ્ન બખ્શનાર.

**૪.** مؤمن (મો'મિન)નો અર્થ છે મખ્લૂકના માટે અમ્નો અમાનનો સામાન પેદા કરનાર. શરીરના માટે હજારો બલાઓ છે. દરેક બલાથી હિફાઝત તથા અમ્ન (સલામતી)નો ઝરીયો અલગ છે. રૂહના માટે પણ લાખો આફતો છે તેની અમાન (સલામતી)ના માટે ઈમાન, તક્વો, ઈર્ફાન પેદા કરનાર. مھیمن (મુહયમિન)નો અર્થ ખલ્કના અમલો, રોજીઓ, અહવાલનો હાફિઝ (રક્ષક). عزیز (અઝીઝ) તે ગાલિબ (સર્વોપરિ) છે જેના આસ્તાના સુધી કોઈની પહોંચ તેના કરમ ફર્માવ્યા વિના ન થઈ શકે. આ અર્થમાં રબ તઆલા સિવાય કોઈ ગાલિબ નથી.

**૫.** جبار (જબ્બાર) جبر થી બન્યું તૂટેલાને જોડવાના અર્થમાં. કોઈનો હાલ દુરુસ્ત (ઠીક) કરવો. એનાથી છે جبر نقصان. એટલે કે રબ તઆલા બંદાની બુરાઈઓનો બદલો ભલાઈઓથી કરનાર. તેમનાં તૂટેલાં દિલો, કફોડી હાલતોને પોતાના ફઝ્લો કરમથી જોડનાર. متکبر تکبر (મુતકબ્બિર, તકબ્બુર)થી બન્યું જેનો માદ્દો کبر تکبر (તકબ્બુર)નો અર્થ છે અતિશય બડાઈ. એટલે મખ્લૂક઼ના ખયાલ તથા ગુમાનથી પર. (શેઅર)

اے برتر از خیال و قیاس و گمان و وهم ۔ وز هر چه گفته اند و شنیدیم و خوانده ایم

**અર્થાત** : હે તે જાત જે ખયાલ, અનુમાન, ગુમાન અને વહેમ તથા દરેક તે ચીજથી પાક છે જે કહેવામાં આવી, અમે સાંભળી અને પઢી.

બંદો મુતકબ્બિર (ઘમંડી) તે કહેવાય છે જે મોટો ન છતાં પોતાને મોટો જાણે, એટલે શયખી (ડંફાસો) મારનાર.

**૬.** આ ત્રણેવ શબ્દો નિકટવર્તી (સમાન સમાન લગભગ) અર્થવાળા છે. باری (બારી)નો અર્થ છે નેસ્તને હસ્ત કરનાર. જે કાંઈ ન હોય તેને સર્વ કાંઈ કરી આપનાર. مصور (મુસ઼વ્વિર)નો અર્થ છે દરેક ચીજને તેના લાયક સૂરત (સ્વરૂપ) અંકિત કરનાર. જેથી خلق પ્રથમ છે પછી برء પછી تصویر. હઝરત ઈસા علیہ السلام એ ફર્માવ્યું : اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ (હું તમારા માટે માટીથી પક્ષી જેવી મૂરત બનાવું છું, પછી તેમાં ફૂંક મારું છું તો તે તરત પક્ષી બની જાય છે. સૂરએ આલે ઈમરાન, ૩/૪૯) રબ ફર્માવે છે : وَّتَخْلُقُوْنَ اِفْكًا (અને નર્યું જૂઠ ઘડો છો. –સૂરએ અન્કબૂત, ૨૯/૧૭) અને રબ ફર્માવે છે : فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ الْخٰلِقِيْنَ (ઘણી બરકતવાળો છે અલ્લાહ સૌથી બેહતર બતાવનાર. –સૂરએ મુઅ્મિનૂન, ૨૩/૧૪) સર્વ આયતોમાં خلق (ખલ્ક઼) અંદાઝો કરવાના અર્થમાં છે.

**૭.** غفار غفر થી બન્યું, છુપાવવાના અર્થમાં غفار (ગ઼ફ્ફાર)નો અર્થ છે દુનિયામાં બંદાઓના ગુનાહ છુપાવનાર અને આખેરતમાં માફ કરનાર. માફી પણ છુપાવવાનો એક પ્રકાર છે. યાદ રાખશો કે غفار (ગ઼ફ્ફાર) પણ મુબાલેગા (અતિશયોક્તિ)નો સેગો છે અને غفور (ગફૂર) પણ. અને આ બંને રબ તઆલાના નામો છે પણ ગફ્ફારમાં માત્રાના લેહાઝથી અતિશયોક્તિ. غفور (ગફૂર)માં કૈફિયતના લેહાઝથી મુબાલેગા (અતિશયોક્તિ) છે. કરોડો ગુનાહોને છુપાવનાર તથા બખ્શનાર અને દરેક રીતે છુપાવનાર તથા બખ્શનાર.

**૮.** قهار قهر (ક઼હ્હાર ક઼હર)થી બન્યુ જાઈઝ ગલ્બાના અર્થમાં નાજાઈઝ દબાણને જુલ્મ કહેવામાં આવે છે. قهار (કહ્હાર) મુબાલેગા (અતિશયોક્તિ) છે. એટલે રબ તઆલા એવો અઝીમુશ્શાન ગાલિબ છે કે મોટામાં મોટી મખ્લૂક઼ તેના દરબારમાં આજિઝ તથા લાચાર છે. وهاب هبه (વહ્હાબ હિબા)થી બન્યું, જેનો અર્થ બદલા વિના, સ્વાર્થ તથા લાલચ વિના આપવું. وهاب (વહ્હાબ) અતિશયોક્તિ છે. એટલે કે રબ તઆલા દરેક મખ્લૂક઼ને દરેક નાની મોટી નેઅમત વિના બદલાએ કોઈ તમઅ (લાલચ) વિના આપે છે. معطی (મુઅ્તી) આમ છે વહહાબ ખાસ છે. રબની અતા વાસ્તા સાથે પણ છે અને વિના વાસ્તાએ પણ છે. ફર્માવે છે : مَا بِكُمْ مِّنْ نِّعْمَةٍ فَمِنَ اللّٰهِ (અને તમારી પાસે જે નેઅમત છે સૌ અલ્લાહની તરફથી છે. *–સૂરએ નહ્લ, ૧૬/૫૩*) જેથી આપણને અંબિયા અવલિયાના થકી અથવા માલદારો થકી કાંઈક મળવું તેના વહ્હાબિયતની વિરુદ્ધ નથી.

**૯.** رزاق رزق (રઝ્ઝાક઼ રિઝ્ક઼)થી બન્યું છે હિસ્સાના અર્થમાં રબ તઆલા ફર્માવે છે : وَتَجْعَلُوْنَ رِزْقَكُمْ اَنَّكُمْ تُكَذِّبُوْنَ (અને તમારો હિસ્સો એ રાખો છો કે જૂઠલાવો છો. સૂરએ વાક઼િઆ, ૫૬/૮૨) رزاق (રઝ્ઝાક઼)નો અર્થ છે દરેકનો હિસ્સો પેદા કરનાર અને તેના મુસ્તહિક઼ને ઓળખનાર. રિઝ્ક઼ (રોજી) બે પ્રકારની છે : રિઝ્કે સૂરી (શારીરિક) જેનો સંબંધ શરીર સાથે છે રિઝ્કે મઅનવી (રૂહાની) જેનો સંબંધ રૂહ તથા દિલ સાથે

છે. રોટી, પાણી, દવા શારીરિક રોજી છે. ઈમાન, ઈર્ફાન, કુર્આન વગેરે રૂહાની રોજી છે. જેવી રીતે શારીરિક રોજીમાં લોકો વિવિધતાવાળા છે, કોઈને વધારે મળી તો કોઈને ઓછી. એ જ પ્રમાણે રૂહાની રોજીમાં લોકો વિવિધતાવાળા છે.

**૧૦.** એટલે કે પોતાની રહમતના દરવાજા પોતાની મખ્લૂક઼ માટે ખોલી આપનાર અને દરેક મુસ્તહિક઼નો હાલ તથા પાત્રતા સારી રીતે જાણનાર. علّام (અ઼લ્લમ) ઈલ્મની અતિશયોક્તિ છે અને علیم (અ઼લીમ) પણ. પણ એમનામાં એ જ તફાવત છે જે غفار તથા غفور (ગફ઼્ફ઼ાર તથા ગ઼ફ઼ૂર)માં અર્ઝ કરવામાં આવ્યો. غفار (ગ઼ફ઼્ફ઼ાર)નો સંબંધ علیم (અલીમ) સાથે ખૂબ જ ઉમદા છે. જે રબ તઆલાના علیم તથા خبیر (અ઼લીમ તથા ખબીર) હોવા પર ધ્યાન રાખે તે ગુનાહ માટે દીલેરી (હિંમત) કરી શક્શે નહીં.

**૧૧.** એ રીતે કે જે બંદાની રોજી ભૌતિક કે રૂહાની જ્યારે ચાહે છે ઓછી કરી દે છે અને જ્યાર ચાહે છે વધારી આપે છે. મોટા ધંધાવાળા ક્યારેક ફક઼ીર (ગરીબ) બની જાય છે અને ઘણા ધંધા વિહોણા ક્યારેક અમીર બની જાય છે. કબ્ઝ વ બસ્ત (દિલનું ખુદાની તરફ કદી ધ્યાનિત થવું કદી ન થવું) દરેક ચીજમાં થતુ રહે છે. અંબિયા તથા અવલિયા ક્યારેક આલમની ખબર રાખે છે ક્યારેક પોતાની પણ ખબર નથી પામતા. (શેઅર)

بگفت احوال آں برق جہاں است — دمے بیدار دیگر دم نہاں است
گہے بر طارم اعلیٰ نشینم — گہے بر پشت پائے خود نہ بینم

**અર્થાત** : કહ્યું, અમારી હાલત ચમકતી વીજળીની જેમ છે. કદી ચમકે છે અને તુરત ગાયબ થઈ જાય છે. કદી હું અલ્લાહના કુર્બના મક઼ામ પર બેસુ છું (જ્યાંથી દરેક વસ્તુ નજર પડે છે) અને કદી પોતાના પગને પણ નથી જોઈ શક્તો.

**૧૨.** કાફિરોને ઝિલ્લત (બેઈજ્જતી)થી નીચા અને મો'મિનોને ઈજ્જતથી ઉંચા, દુશ્મનોને બદ્‌બખ્તીથી નીચા, દોસ્તોને ખુશ નસીબથી ઉંચા કરનાર અથવા ગાફિલોને નફ્સમાં ફસાવીને નીચા, આશિક઼ોને પોતાની મહોબ્બતના આ'લા ઈલ્લીયીનમાં પહોંચાડીને ઉંચા કરનાર. બંદાએ જોઈએ કે પોતાના કોઈ હાલ પર ભરોસો ન કરે. દોરી રબના હાથમાં અને મખ્લૂક઼ પતંગની જેમ તેના કબજામાં છે.

**૧૩.** એટલે પોતાના દોસ્તોને દુનિયામાં ગુનાહોથી બચાવીને, નેકીઓની તૌફીક઼ આપીને, પછી તેમની મગફિરત ફર્માવીને પછી તેમને કરામતના દાર (ઘર) પર પહોંચાડીને, પછી તેમને પોતાનો દીદાર દેખાડીને ઈજ્જત આપનાર. અને પોતાના દુશ્મનોને દુનિયામાં ખૈરની તૌફીક઼થી મેહરૂમ રાખીને, પોતાની મઅરેફતથી અજાણ રાખીને આખેરતમાં દારે અ઼ક઼ૂબત (અઝાબના ઘર)માં દાખલ કરે. પછી પોતાની લઅનતનો તૌક઼ ગળામાં નાખીને ઝિલ્લત તથા ખ્વારી (બેઈજ્જતી) આપનાર. હક઼ીક઼ી ઈજ્જત તથા ઝિલ્લત આ છે.

**૧૪.** એટલે કે દરેકની દરેકે રીતે દરેક સમયે ઝબાન, દિલ તથ ખતરાત (વિચારો)નો અવાજ સાંભળનારો, દરેક હાલ જોનારો પણ કાન તથા આંખથી પાક કે કાન તથા આંખ બદલતા રહે છે, વળી તેની શક્તિઓ સીમિત હોય છે. રબ તઆલા બદલાવા તથા સીમિત હોવાથી પાક છે. યાદ રાખશો કે આ સિફતો ઈલ્મની સિફત સિવાયની છે.

**૧૫.** એવો હાકિમ કે જેના હુકમની ક્યાંય અપીલ નહીં. તેના ફૈંસલામાં ખતા (ભૂલચૂક) તથા ગલતીની સંભાવના નથી એવો આદિલ કે કોઈના પર કોઈ રીતે જુલ્મ નહીં. યાદ રાખશો કે રબ તઆલાના હુકમો બે પ્રકારના

છે : તકવીની તથા તશરીઈ. તકવીની અહકામમાં આપણે મજબૂર છીએ. તશરીઈ અહકામમાં આપણે બાઈખ્તિયાર છીએ. એટલા માટે તકવીની પર સજા તથા જઝા નથી. તશરીઈ અહકામ પર સર્વ કાંઈ છે. અને عدل મસ્દર, આદિલના અર્થમાં. આ અદ્લ જુલ્મનું વિરુદ્ધાર્થી છે ન કે રહમનું. અલ્લાહ તઆલા કાફિરો પર અદ્લ કરશે. મો'મિન ગુનેહગાર પર અદ્લ ન કરશે બલ્કે ફઝ્લ કરમ કરશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે જ્યારે આદિલ છે તો રહીમ કેવી રીતે થયો.

**૧૬.** لطیف (લતીફ)ના ઘણા અર્થો છે. તેની જાત ફહમ (સમજ) તથા ઈદરાક (પહોંચ)થી પરે છે. મૌલાના ફર્માવે છે :–

یا خفی الذات محسوس العطا۔انت کالماء و نحن کالرحا

انت کالریح و نحن کالغبار۔تختفی الریح و غبراھا جھار

**અર્થાત** : હે અલ્લાહ ! તારી જાત છુપાએલ છે પરંતુ તારી અતા જાહેર છે, તું પાણીની જેમ છે અને અમે ચક્કીની જેમ, તું હવાની જેમ છે અને અમે રજકણોની જેમ. હવા દેખાતી નથી અને ધૂળ માટી દેખાય છે.

આવી મહેરબાનીઓ કરનાર જે આપણી બુદ્ધિથી પર છે. (શેઅર)

*જોલિયાં સબ કી ભરતી રહતી હૈં–દેનેવાલા નઝર નહીં આતા*

એવી નેઅમતો આપનાર જે બંદાને બંને જહાનમાં કામ આવે. અથવા લતીફ તથા બારીક ચીજોને જોનાર. ચીજનો અર્થ છે દરેક સમયે દરેક જાહેર તથા છુપા પર માહિતી ધરાવનાર, બલ્કે આપણા જન્મથી પહેલાં આપણા દરેક હાલથી ખબરદાર.

**૧૭.** حلم (હિલ્મ)નો અર્થ છે સંયમ તથા સહનશીલતા. એટલે કે રબ તઆલા સજાના હક્કદારને જલ્દી નથી પકડતો. તૌબાની મોહલત આપે છે અથવા દુનિયામાં બુરાઓ પર પણ કરમ (કૃપા) તથા મહેરબાની કરે છે. عظیم (અઝીમ) અઝમતથી બન્યું બડાઈના અર્થમાં. બડાઈ શારીરિક પણ હોય છે અને માન મર્તબાની પણ. અહીં અઝમત તથા ઈજ્જત (માન મર્તબા)ની બડાઈ મુરાદ છે. એટલે એવી અઝમતવાળો કે કોઈનો વહેમ કે ગુમાન ત્યાં કામ ન કરી શકે. (શેઅર)

*તૂ દિલમેં તો આતા હૈ સમઝમેં નહીં આતા–પેહચાન ગયા મૈં તેરી પેહચાન યહી હૈ*

**૧૮.** غفار (ગફ્ફાર)નો અર્થ પણ બખ્શનાર (માફ કરનાર) અને غفور (ગફૂર)નો અર્થ પણ છે બખ્શનાર. ઘણા બધા ગુનાહોને બખ્શનાર غفار(ગફ્ફાર) હમેશાં મોટા ગુનાહોનો બખ્શનાર, غفور (ગફૂર) એટલે غفار ગફ્ફારમાં માત્રાની અતિશયોક્તિ છે અને غفور (ગફૂર) કૈફિયતની અતિશયોક્તિ છે. (શેઅર)

*ગુનાહે 'રઝા' કા હિસાબ ક્યા વો અગર લાખોંસે હોં સિવા*
*મગર અય ગફૂર ! તેરે અફ્વકા હિસાબ હૈ ન શુમાર હૈ*

શુક્ર જ્યારે બંદાની સિફત (ગુણ) હોય તો એનો અર્થ છે ઈનામ પામીને મુન્ઈમ منعم (ઈનામ આપનાર)ની હમ્દો ષના બજાવી લાવવી, અને જ્યારે રબ તઆલાની સિફત હોય તો અર્થ થાય છે, થોડા અમલ પર ખૂબ જ ફઝ્લ

ફર્માવવો, જેનો તર્જુમો કદરદાન ખૂબ જ યોગ્ય છે કે તે કરીમ ન બંદાને લાયક જઝા આપે ન તેના કામને લાયક, બલ્કે પોતાની શાનને લાયક આપે છે. **એક નેકી પર હજારો જઝાઓ ! (નેકીઓ) એક નમાઝ પર વુઝૂ કરવાની જઝા અલગ, મસ્જિદના દરેક ડગલાની જઝા અલગ, પછી મસ્જિદમાં આવીને નમાઝની રાહ જોવાની જઝા અલગ, પછી નમાઝમાં કયામની જઝા અલગ, રુકૂઅની, સજદાઓની, કિરાઅત તથા તસ્બીહની જઝા અલગ, નમાઝ બાદ દુઆ માગવાની જઝાઓ (નેકીઓ) અલગ અલગ. સારાંશ કે તેની અતાની ગણત્રી નથી ! દરેક ઈબાદતનો આ હાલ છે.** હે શકૂર ! આ ગુનેહગાર બંદાની આ મહેનત કબૂલ ફર્માવ અને સદકએ જારિયા બનાવ. امین بجاہ حبیبک الکریم

**૧૯.** સિફતોની બુલંદી રાખનાર علی (અલી) અને જાતની બુલંદીવાળો کبیر (કબીર). સૂફીઓ ફર્માવે છે કે علی (અલી) તે જેની સિફતો (ખૂબીઓ) સુધી બુદ્ધિ ન પહોંચી શકે. کبیر (કબીર) તે જેની જાતની કલ્પનાથી દિમાગ આજિઝ હોય. علی (અલી)નું વિરુદ્ધાર્થી حقیر (હકીર) છે. کبیر (કબીર)નું વિરુધ્ધાર્થી صغیر (સગીર) છે. હક્ક તઆલાનો રુત્બો સૌથી ઉંચો. સર્વ રુત્બાવાળા તેનાથી નીચે. અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺ પર પોતાની સર્વ સિફતોની સામાન્ય રીતે અને બે સિફતોની ખાસ રીતે તજલ્લી નાખી છે કે હુઝૂરે અન્વર ﷺની ઝાત તથા સિફતો આપણા વહેમ તથા ગુમાનથી પર છે. (શેઅર)

*અલ્લાહ ! અલ્લાહ ! આપ કા રુત્બા ﷺ –પઢતી હૈ દુન્યા રુત્બે કા ખુત્બા ﷺ*

**૨૦.** કે તમામ આલમ અને આલમની ચીજોનું બર્બાદીથી મહેફૂઝ રહેવું તેની હિકમતના સબબે છે. આપણા મિજાઝમાં ચાર દુશ્મનોને જમા કરી આપ્યા, પછી એમાંથી દરેક મહેફૂઝ. આ છે એની શાને હફીઝી ! مقیتقوتથી બન્યું રોજીના અર્થમાં એટલે શારીરિક, દિલી, રૂહાની રોજીઓ પેદા ફર્માવનાર અને દરેકને તેના લાયક રોજી આપનાર કે કીડીને કણ અને હાથીને મણ આપે છે. રિઝ્ક તથા કુવ્વતમાં ફરક છે એ જ રીતે رزاق (રઝ્ઝાક) તથા مقیت (મુકીત)માં ફરક છે.

**૨૧.** حسیب (હસીબ) પૂરતાના અર્થમાં પણ છે, એટલે અલ્લાહ દરેક બંદાને દરેક રીતે પૂરતો પણ છે એટલા માટે બંદા કહે છે : حسبی اللہ. રબ તઆલા ફર્માવે છે : وَ مَنْ یَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ (અને જે અલ્લાહ પર ભરોસો કરે તો એને પૂરતો છે. –સૂરએ તલાક, ૬૫/૩) અથવા હિસાબ લેનારના અર્થમાં કે સર્વ મખ્લૂકનો હિસાબ ચાર કલાકમાં લઈ લઈશ . فَاِنَّ اللّٰهَ سَرِیْعُ الْحِسَابِ (બેશક ! અલ્લાહ જલ્દી હિસાબ લેનારો છે. –સૂરએ આલે ઈમરાન, ૩/૧૯) અથવા દુનિયામાં દરેક બંદાને હિસાબથી રોજી આપી રહ્યો છે. جلیل (જલીલ)નો અર્થ છે જલાલિયહ સિફતથી મૌસૂફ છે એટલે બુઝુર્ગી, જલાલત તથા કદરવાળો. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કબીર ઝાતી કમાલ અને જલીલ : સિફાતી કમાલ પર દલીલ કરે છે. કરીમ તે છે જે મુજરિમ પર કાદિર (શક્તિમાન) થઈને માફી આપી દે, વાયદો કરે પૂરો કરે અને ઉમ્મીદથી વધારે આપે, અને પોતાની પનાહ લેનારને વેડફે નહીં, સર્વ વસીલાઓથી બેનિયાઝ (બેપરવા) હોય. સારાંશ કે એક શબ્દ કરીમ અચ્છાઓનો સમૂહ છે. رقیب (રકીબ) તે હાફિઝ (રક્ષક) જેની હિફાઝતથી કોઈ ચીજ એક પળ માટે બહાર ન થઈ શકે. રકાબત (રક્ષણ)માં ઈલ્મ તથા હિફઝ લાઝમી છે.

**૨૨.** مجیب (મુજીબ)નો અર્થ છે પોકારનારને જવાબ આપનાર અથવા માગનારાઓની દુઆઓ, આરઝૂઓ પૂરી કરનાર, બલ્કે આપણી પેદાઈશથી પહેલાં આપણી જરૂરતો પૂરી કરનાર. (શેઅર)

ما نہ بودیم و تقاضائے ما نبود لطف تو نا گفتہ ما مے شنود

**અર્થાત** : ''ન અમો હતા ન અમારો તકાદો હતો પરંતુ આપની મહેરબાની અમારું ન કહ્યું પણ સાંભળી લે છે.

وسعت وسیع, બન્યું ફર્રાખી (વિશાળતા, સખાવત) અથવા ઘેરાવ. રબ એવો વિશાળતાવાળો છે કે તેનો ઈલ્મ, તેની કુદરત, રહમત, હિકમત અને તેની અતા ફર્શ (જમીન)ને ઘેરેલ છે. وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ (તેની કુર્સીમાં સમાયેલાં આસ્માન તથા જમીન. સૂરએ બક્રહ, ૨/૨૫૫) કુર્સીની ખૂબ જ ઉમદા તફસીર ''તફસીરે નઈમી''માં જુઓ. આયતુલ કુર્સીના હેઠળ.

**૨૩.** حکیم حکم (હકીમ હુકમ)થી છે. એટલે કે દરેક ચીજ પર આ'લા હાકિમ કે એના ફૈસલા પર કોઈને દમ મારવાની મજાલ નથી. અથવા તેનું દરેક કામ હિકમત છે. કોઈ ચીજ બેકાર નથી બનાવી. ودود وُدّ, (વદૂદ વદુન્)થી બન્યું સહીહ મહોબ્બતના અર્થમાં. એટલે પોતાના દોસ્તોથી તેમના સારા અમલોથી મહોબ્બત કરનાર. પોતાના મહબૂબ ﷺની દરેક અદા પસંદ કરનાર. مجید مجد (મજીદ મજદ)થી બન્યું બુઝુર્ગીના અર્થમાં એટલે એવી બુઝુર્ગીવાળો કે તેની બુઝુર્ગી સુધી કોઈના વહેમની પહોંચ નથી. અથવા દરેક રીતે બુઝુર્ગ કે તેની જાત તથા સિફતો તથા ફેઅલો સૌ બુઝુર્ગ. باعث بعث (બાઈષ બઅષ)થી બન્યું, ઉઠાવવાના અર્થમાં. એટલે સૂતેલાઓને ઊંઘથી, મુડદાંને કબ્રએથી, મુર્દા દિલોને ઈલ્મથી ઉઠાવનાર. સારાંશ કે બાઈષમાં ખૂબ જ વિશાળતા છે.

**૨૪.** شھید شھادت (શહીદ શહાદત)થી બન્યું અથવા شھود (શહૂદ)થી. એટલે રબ તઆલા બંદાના દરેક અમલનો ગવાહ છે કે તે દરેક સમયે દરેક અમલને જોઈ રહ્યો છે અથવા દરેક જગાએ હાજર છે. મો'મિનોના ઈમાનમાં હાજર, આરિફોની જાનમાં હાજર. યાદ રાખશો કે રબ તઆલાનું નામ શહીદ છે હાજર નહીં. કેમ કે રબની જાત શારીરિક અથવા જગાની હાજરીથી પાક છે, અને એનો ઈલ્મ તથા કુદરત તથા રહમત દરેક જગાએ મૌજૂદ છે. હુઝૂર (હાજરી) તથા શહૂદમાં ઘણો ફરક છે. રબની જાત દરેક સ્થળમાં નથી કે મકાનથી (સ્થળથી) પાક તથા અલિપ્ત છે.

**૨૫.** હક્ક એ બાતિલનું વિરુદ્ધાર્થી છે. બાતિલ અનઅસ્તિત્વ (મઅદૂમ)ના અર્થમાં છે તો હક્ક, ષાબિત તથા મૌજૂદના અર્થમાં છે. રબ તઆલા એવો મૌજૂદ છે કે તેના વજૂદને ફના નથી અને સર્વ મૌજૂદાત (હાજર મૌજૂદ ચીજો) તેના કરમથી મૌજૂદ છે. જેવી રીતે સર્વ તડકા તથા છાંયડા સૂર્યના ફયઝથી છે. રબ તઆલા જાણે સૂરજ છે, હુઝૂરે અન્વર ﷺ જાણે દીવાલ, સર્વ મખ્લૂક એ દીવાલનો સાયો, કે જો વચ્ચેથી હુઝૂરે અકરમ ﷺની જાત હટી જાય તો રબ જ હોય, ખલ્કત ખત્મ થઈ જાય. મિસ્રો અસ્લથી છે : અસ્લ સે હે ઝિલ્લ બંધા, તુમપે કરોળોં દુરૂદ.

**૨૬.** ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે قوت (કુવ્વત)નો અર્થ છે સંપૂર્ણ શક્તિ. અને متانت (મતાનત)નો અર્થ છે તે કુદરતની પુખ્તગી તથા મજબૂતી. રબ તઆલા ફર્માવે છે : ذُو الْقُوَّةِ الْمَتِيْنُ ''(કુવ્વતવાળો કુદરતવાળો છે. –સૂરએ અઝ્ઝારિયાત, ૫૧/૫૮) એટલે તે મજબૂત કુદરત તથા તાકતવાળો છે. حول.قوت.قدرت માં ઘણો તફાવત છે, જેને મિર્કાતે આ જગાએ ખૂબ જ વિગતે વર્ણવેલ છે.

**૨૭.** ولی, ક્યાં તો ولایۃ,થી છે, કુર્બ અથવા વિલાયતના અર્થમાં વાલી હોવું કે મદદગાર હોવાના અર્થમાં. એટલે કે અલ્લાહ તઆલા પોતાના દોસ્તોની તેમના દુશ્મનોના મુકાબલામાં મદદ કરનાર છે. અથવા તેમનો વાલી, વારિષ તથા કામોનો મુતવલ્લી છે. ફર્માવે છે : وَاللّٰهُ وَلِيُّ الْمُتَّقِيْنَ (અને ડરવાળાઓનો દોસ્ત અલ્લાહ. સૂરએ જાષિયા,

૪૫/૧૯) અને ફર્માવે છે : اَللّٰهُ وَلِیُّ الَّذِیْنَ اٰمَنُوْا અલ્લાહ તઆલા પોતાના દોસ્તોથી નજીક છે. حمید حمد (હ઼મીદ હ઼મ્દ)થી બન્યું ઈસ્મે ફાઈલના અર્થમાં કે ઈસ્મે મફઉલના અર્થમાં એટલે અલ્લાહ પોતાની મહ઼બૂબોની હ઼મ્દ કરે છે, એટલા માટે એનું નામ હ઼ામિદ છે અને હ઼ુઝૂર علیہ الصلوۃ والسلامનું મુહમ્મદ. યાદ રાખશો કે હ઼ુઝૂરે અન્વર ﷺનું નામ મુહ઼મ્મદ છે એટલે ખૂબ જ હ઼મ્દ કરવામાં આવેલ. અને રબનું નામ મહમૂદ છે એટલે હમ્દ કરવામાં આવેલ. કેમ કે હ઼ુઝૂરે અકરમ ﷺ તો અલ્લાહના મુહમ્મદ છે અને અલ્લાહ તઆલા હ઼ુઝૂરે અન્વર ﷺના મહમૂદ. અને જાહેર છે કે અલ્લાહની હમ્દ ખૂબ જ આ'લા છે એટલા માટે હ઼ુઝૂરે અન્વર ﷺની મહમૂદિયત ખૂબ જ અકમલ.

**૨૮.** محصی احصاء (મુહ઼સ઼ી અહ઼સા)થી બન્યું ગણત્રી કરવા અથવા ગુણવાના અર્થમાં. એટલે કે અલ્લાહ તઆલા એવો અલીમ છે કે સૌને વિગતવાર સંખ્યાવાર જાણે છે. તેનો ઈલ્મ ગોલમોલ ઉપર ઉપરથી નથી. જેવી રીતે અઝીમુશ્શાન મજમો જોઈને આપણને મજમાનો ઉપર ઉપરથી ઈલ્મ થાય છે કે દસ હજાર માણસો છે, પણ તેની વિગત માલૂમ નથી હોતી. બલ્કે તેનો ઈલ્મ વિગતવાર છે. તેણે ખલ્ક઼ને પહેલાં પેદા કરી જેથી તે مبدی છે. તે ક઼યામતમાં સૌને બીજી વાર ઉઠાડશે તે معید (મુઈદ) છે. અથવા તેણે આપણને પહેલાં માટીથી બનાવ્યા જેથી તે مبدی (મુબ્દી) છે અને તે જ આપણને મૌત આપીને ફરી માટીમાં પલ્ટાવી દેશે. જેથી તે مبدی (મુબ્દી) છે. યાદ રાખશો કે મુડદુ ચાહે દફન થાય કે સળગાવી દેવામાં આવે અથવા તેને જાનવર ખાય જાય, છેવટે માટી જ બને છે કે સળગાવીને રાખ બનાવવામાં આવે અથવા જાનવરના પેટમાં મળ બન્યું પછી તે માટી અથવા મળ માટી બની ગયું. રબ તઆલાએ ફર્માવ્યું : مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ (અમે જમીનથી જ તમને બનાવ્યા અને તેમાં જ તમને ફરી લઈ જઈશું. સૂરએ તાહા, ૨૦/૫૫) એ બિલકુલ હક્ક઼ છે.

**૨૯.** કે શરીરોને જાનથી અને જાનને ઈમાનથી. દિલને ઈર્ફાનથી, ઈન્સાને ઈલ્મ તથા રહમાનની મઅરેફતથી, જમીનને લીલોતરીઓ વડે જિંદગી બખ્શે છે. પછી કાફિરોને કુફ્રથી, ગાફિલોને ગફલતથી મૌત આપે છે.

**૩૦.** એટલે કે તે ખુદ ઝિંદા તથા ક઼ાયમ છે, બીજાઓને ઝિંદા તથા ક઼ાયમ રાખે છે કે સર્વની બક઼ા (સલામતી) તેનાથી જ છે. જો તેની સાથે નિસ્બત ન રહે તો કોઈ કાંઈ જ ન રહે. સૂફીઓની ઈસ્તેલાહ (બોલી)માં વિલાયતનો એક દરજો પણ ક઼ૈયૂમિયત કહેવાય છે, જેના પર પહોંચીને બંદો ક઼ૈયૂમ કહેવાય છે. ત્યાં ક઼ૈયૂમનો અર્થ છે આલમના ક઼યામનો (દુનિયા ટકી રહેવાનો) સબબ. ક઼ૈયૂમ શબ્દ એક છે પણ રબ તઆલા માટે એક અર્થ છે અને બંદાના માટે બીજો અર્થ છે. જેમ કે حیی۔سمیع۔بصیر અલ્લાહ તઆલાની પણ સિફત છે અને તેના બંદાઓની પણ વિવિધ અર્થોથી. એટલા માટે અવલિયા અલ્લાહને ક઼ૈયૂમે અવ્વલ, ક઼ૈયૂમે ષાની કહેવામાં આવે છે.

**૩૧.** કે તે જ વાજિબુલ વજૂદ છે. સૌ તેના મૌજૂદ કરવાથી મૌજૂદ છે. હક઼ીક઼ી બુઝુર્ગી તેની જ છે અને સૌ તેના બનાવવાથી બુઝુર્ગ બન્યા.

**૩૨.** واحد, (અહ઼દ) એકના અર્થમાં અને احد અહ઼દ એકલા નિહત્તાના અર્થમાં. એક જાતની રીતે પણ એક કે એના સિવાય બીજો રબ નથી. સિફતોની રીતે પણ એક કે એના જેવો કોઈ નથી, ફેઅલોની રીતે પણ એક કે તેના જેવો કોઈ જમીલ અફઆલવાળો નથી. જેથી વાહિદ તથા અહમદમાં તકરાર નથી.

**૩૩.** صمد (સ઼મદ)ના ઘણા અર્થો છે : તે માલિક જ્યાં સરદારી તથા માલિકિપણુ ખત્મ છે. તે નીડર જેને કોઈનો ડર નથી. હાજત તથા આફતથી પાક તથા અલિપ્ત અને તે બાક઼ી જેને ફના નથી. તે મૌલા જેના પર સર્વ બંદા

ભરોસો તથા તવક્કુલ કરે. صمود (સ્મૂદ)થી મુશ્તક્, મક્સદ તથા ઈરાદાના અર્થમાં એટલે કે તવક્કુલ તથા ભરોસાને પાત્ર તેની જ જાત છે. શયખે ફર્માવ્યું કે આ નામની તજલ્લી જેના પર પડી જાય તે કૌનેનથી બેપરવા થઈ જાય છે. જુઓ હુઝૂરે અન્વર ﷺએ ઈલ્મ તથા ઈમાન તથા ઈર્ફાન કોઈનાથી હાંસલ નથી કર્યું. સૌએ સર્વ કાંઈ હુઝૂરથી અને હુઝૂરે પોતાના પરવરદિગારથી હાંસલ કર્યું ﷺ. આ છે સ્મદની તજલ્લી.

**૩૪.** ક્ાદિર તથા મુક્તદિર બંનેવ કુદરતથી બન્યાં, પણ મુક્તદિરમાં મુબાલેગા (અતિશયોક્તિ) છે. ક્ાદિર જે મુખ્તાર હોય, ચાહે કરે કે ન કરે, આપે કે ન આપે. મુક્તદિર તે કે પોતાના કોઈ કામમાં કોઈની મદદનો હાજતમંદ ન હોય.

**૩૫.** ક્યાં તો જાતની રીતે આગળ પાછળ કરનાર, જેમ કે સબબોને આગળ કરી દીધા અથવા મુસબ્બિબાતને પાછળ, મા બાપને આગળ ઔલાદને પાછળ કરી દીધી. સિફતની રીતે કે અંબિયા તથા અવલિયાને દરજા તથા મર્તબાઓમાં સૌથી આગળ કરી આપ્યા, અન્યોને એમની પાછળ કરી આપ્યા. અથવા આપણા હુઝૂરને આગળ પણ કરી દીધા કે હુઝૂરનું જ નૂર સૌ પ્રથમ પેદા થયું (ﷺ) અને પાછળ પણ કરી આપ્યા કે આપનો ઝહૂર પાછળ થયો. (ﷺ) આ આગળ પાછળનો લિજ્જતમય અર્થ અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન" ﷺમાં જુઓ.

**૩૬.** એ રીતે કે હમેશાંથી છે જેનો પ્રારંભ નથી જેથી તે આગળ છે અને હમેશાં સુધી રહેશે જેનો અંત નથી. જેથી તે સૌથી પાછળ પણ છે. અથવા વજૂદમાં અવ્વલ છે સુલૂકમાં આખિર. અથવા સૌની શરૂઆત પણ તેનાથી છે જેથી અવ્વલ છે. અને સૌનો અંત પણ એના પર, જેથી તેઓ આખરે તેના જ તરફ પલટશે. (શેઅર)

*ન ગુલ ચમનમેં રહેગા ન ગુલમેં બૂ બાકી–મિટેંગે સારે તુઝ હી પર રહેગા તૂ બાકી*

**૩૭.** રહમત, અતાની સિફતોથી સૌના પર જાહેર થયો, જાત સૌનાથી છુપી.

*બે હિજાબીમેં યહ કે હર ઝર્રામેં જલ્વા આશકાર–ઉસપે યહ પર્દા કે સૂરત આજ તક નાદીદા હૈ*

*યાર તેરે હુસ્ન કો તશ્બીહ દૂં કિસ ચીઝ સે*–એક તૂ હી દીદા હૈ તેરા સિવા નાદીદા હૈ

**૩૮.** એટલે કે દરેકનો વાલી વારિષ, સૌના ખયાલ તથા વહેમથી પર, સર્વ અયબોથી પાક, સૌના પર એહસાન કરનાર કે જેને જે આપ્યું પોતાના કરમથી આપ્યું ન કે તેના હક્ક દાવાને કારણે, મહાન મહાન ગુનેહગારોની તૌબા ક્બૂલ કરીને તેમને બખ્શનાર, વારંવાર તૌબાની તૌફીક્ આપનાર, બલ્કે ગુનેહગારોને પોકારી પોકારીને બોલાવનાર કે, لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ؕ (અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ. બેશક ! અલ્લાહ સર્વ ગુનાહો બખ્શી આપે છે. સૂરએ ઝુમર, ૩૯/૫૩) જ્યારે તે તૌબાની તૌફીક્ આપે છે તો બંદો તૌબા કરે છે. ફર્માવે છે : ثُمَّ تَابَ عَلَيْهِمْ لِيَتُوْبُوْا ! "પછી એમની તૌબા ક્બૂલ કરી કે અડગતાથી રહે. સૂરએ તૌબા, ૯/૧૧૮) તૌબા બંદાની પણ સિફત (ગુણ) છે, ગુનાહોથી રુજૂઅ કરવાના અર્થમાં અને રબની સિફત છે, અઝાબના ઈરાદાથી રુજૂઅ કરી લેવાના અર્થમાં.

**૩૯.** એટલે કાફિર ગદ્દારથી બદલો લેનાર, મો'મિન ગુનેહગારને માફી આપનાર, તે અદ્લ છે આ ફઝ્લ છે. غفور (ગ્ફૂર)થી عفو (અફ્વ) અધિક અતિશયોક્તિ છે કે غفر (ગ્ફર)નો અર્થ છે છુપાવવું عفو (અફ્વ)નો અર્થ છે મિટાવવું. غفور (ગ્ફૂર) અયબીના અયબ છુપાવનાર عفو (અફ્વ) અયબોને મિટાવનાર.

**૪૦.** رؤف رافتہ (રઉફ, રાફતા)થી બન્યું, બેહદ રહમત જેની સીમા ન હોય એ અર્થમાં. અમુક આશિકોએ ફર્માવ્યું કે બંદાની હાજતની બિના પર એહસાન કરવું રહમત છે અને પોતાની આદતની બિના પર એહસાન કરવું રાફતહ છે. મુલ્ક જાહેરી ખલ્ક અને મલકૂત બાતિની ખલ્ક. અલ્લાહ તઆલા આપણા જિસ્મોનો માલિક, આપણી રૂહનો માલિક છે જેથી તે માલિકુલ મુલ્ક પણ અને માલિકે મલકૂત પણ છે.

**૪૧.** ઝુલ જલાલ રબની ઝાતી સિફત છે. અને ઈકરામ તેની સિફતે ફેઅલિયા છે. એટલે કે જલાલ તેની જાતમાં છે અને ઈકરામ મખ્લૂક પર છે. અમુકે ફર્માવ્યું કે આ ઈસ્મે આ'ઝમ છે.

**૪૨.** قسط (કસત)નો અર્થ જુલ્મ પણ છે. રબ તઆલા ફર્માવે છે : وَاَمَّا الْقٰسِطُوْنَ فَكَانُوْا لِجَهَنَّمَ حَطَبًا (અને જુલ્મ વિના તેઓ જહન્નમનું બળતણ બન્યા. સૂરએ જિન, ૭૨/૧૫) અને અદ્લો ઈન્સાફના અર્થમાં પણ. રબ તઆલા ફર્માવે છે : وَاَقِيْمُوا الْوَزْنَ بِالْقِسْطِ (અને ઈન્સાફની સાથે તોલ કાયમ કરો. સૂરએ રહમાન, ૫૫/૯) પરંતુ જયારે તે બાબે અફઆલમાં આવે તો અદ્લો ઈન્સાફના અર્થમાં જ થાય છે. એટલે અદ્લ કાયમ કરવો અથવા જુલ્મ દૂર કરવો. مقسط (મુકસિત)નો અર્થ થયો મઝલૂમોથી જાલિમોનો જુલ્મ દૂર કરનાર. રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ (બેશક ! ઈન્સાફવાળા અલ્લાહને પસંદ છે. સૂરએ માઈદા, ૫/૪૨) જામેઅનો અર્થ ખુદ તમામ કમાલની સિફતો. (ખૂબીઓ)ના સમૂહ છે, અથવા તમામ વિખેરાયેલી ખલ્કને કયામતમાં જમા કરશે. રબ તઆલા ફર્માવે છે : رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ (હે અમારા રબ ! બેશક ! તું તમામ લોકોને જમા કરનારો છે એ દિવસના માટે જેમાં કોઈ શંકા નથી. સૂરએ આલે ઈમરાન, ૩/૯) અથવા તમામ વિખેરાયેલા માનવોને ઈસ્લામ થકી કુર્આન ઈમાનમાં જમા કરનાર. ખૂદનુમા (પોતાનું પ્રદર્શન કરનાર) છે કે તેને કોઈની હાજત નથી. અને અર્થ પણ છે કે જેને ચાહે પોતાના સિવાયથી ગની તથા બેનિયાઝ કરી આપે, અને તેને રબના સિવાય કોઈની હાજત ન રહે.

**૪૩.** એટલે કે જેને જે ચાહે આપે, જેને જે ચાહે ન આપે. બેપરવા જે થયો અથવા લાયકને આપનાર ન લાયકને ન આપનાર. અથવા અસબાબે ખૈર (ભલાઈના સબબો) આપનાર અને બુરાઈના સબબો ન આપનાર કે બંદો માગે છે પણ તે પોતાના કરમથી નથી આપતો. અને નફો તથા નુકસાન સૌ તેની માલિકીમાં છે. કોઈને નફો આપે છે જેથી તે શાકિર બનીને કુર્બ હાંસલ કરે, કોઈને નુકસાન આપે છે જેથી તે સબ્ર કરીને નજીક થાય.

**૪૪.** નૂર તે જે જાતે પોતે જાહેર થાય અને અન્યોને જાહેર કરે. રબ તઆલા ખુદ નૂર છે કે જાહેર પણ છે અને તેણે પોતાના મહબૂબોને લોકો (ખલ્ક) પર જાહેર પણ કરી આપ્યા. અથવા રબ તઆલા નૂર બખ્શનાર છે, પોતાના મહબૂબોને નૂર બનાવનારો છે. ફર્માવે છે : اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ (અલ્લાહ નૂર છે આસ્માનો તથા જમીનોનું. સૂરએ નૂર, ૨૪/૩૫) અને ફર્માવે છે કે قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ (બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી એક નૂર. સૂરએ માઈદા, ૫/૧૫) હિદાયતનો અર્થ રાહ બતાવવી પણ છે અને હેતુ સુધી પહોંચાડવું પણ. અલ્લાહ તઆલા બંને અર્થોથી હાદી છે.

**૪૫.** بدیع નો અર્થ છે ખુદ બેમિષાલ કે કોઈ ઝાત કે સિફાતમાં તેના જેવો નથી. ફર્માવે છે : لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ (એના જેવો કોઈ નથી. સૂરએ શૂરા, ૪૨/૧૧) અથવા વિના મિષાલ (નમૂના) આલમ બનાવનાર એટલે મૌજૂદ કરે છે. بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ (કોઈ નમૂના વિના આસ્માન તથા જમીનોને પેદા કરનાર. સૂરએ અન્આમ, ૬/૧૦૧)

અથવા પોતાના બંદાઓમાંથી અમુકને બેમિષાલ (અજોડ) કરનાર, કે હુઝૂરે અન્વર ﷺને અજોડ પેદા કર્યા. બાક઼ીનો અર્થ છે દાઈમુલ વજૂદ (ક઼ાયમી અસ્તિત્વવાળા) કે કદી ફના ન થાય. વારિષનો અર્થ છે બંદાઓની ફના બાદ બાકી રહેનાર. જ્યારે કોઈ દાવેદાર ન રહે તો પણ તે રહે. ફર્માવે છે : اِنَّا نَحۡنُ نَرِثُ الۡاَرۡضَ وَمَنۡ عَلَيۡهَا (બેશક! જમીન તથા જે કાંઈ એના પર છે તેના વારિષ અમો થઈશું. સૂરએ મરયમ, ૧૯/૪૦) વારસાના બીજા અર્થથી અલ્લાહ પાક છે. એટલે કે મખ્લૂક઼ પછી માલિક હોય પહેલાં ન હોય. معاذ الله

**૪૬.** રશીદ તથા હાદી બંનેના અર્થોમાં હિદાયત આપનાર, પણ એ બંનેવમાં ફરક એ છે કે ઈલ્હામી ફિતરી હિદાયતને રુશ્દ કહે છે અને ઈખ્તિયારી હિદાયતને હિદાયત કહે છે. સર્વ ઈન્સાનો બલ્કે તમામ જાનવર ખાવા તથા ન ખાવાની ચીજોને પહેચાને છે, એ રુશ્દ છે, અને અંબિયાએ કિરામના થકી અમુકને મળે છે એ રબની હિદાયત છે. રુશ્દનું વિરુદ્ધાર્થી غوايۃ છે અને હિદાયતનું વિરુદ્ધાર્થી ઝલાલત છે. રશીદ, ગની અને મુહતદી, દ઼ાલ આપસમાં વિરુદ્ધાર્થી છે. صبور صبرથી બન્યું. રોકાવાના અટકાવાના અર્થમાં. જો એ બંદાની સિફત હોય તો એનો અર્થ થાય છે, ગભરાહટથી પોતાને રોકવું જો રબ તઆલાની સિફત હોય તો અર્થ થાય છે, મુજરિમોના અઝાબમાં જલ્દી ન કરવું, સમયથી પહેલાં કાંઈ કામ ન કરવું. સબૂર તે જે જલ્દી નહીં પણ મોડેથી સજા આપે. હલીમ તે જે કદી સજા ન દે. રબ તઆલા કાફિરો માટે સબૂર છે અને ગુનેહગાર મો'મિનના માટે હ઼લીમ છે, કરીમ છે, રહ઼ીમ છે.

**૪૭.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે સર્વ અલ્લાહનાં નામો આયતો તથા અન્ય હદીષોમાં પણ આવેલ છે પણ સબૂર આ રિવાયત સિવાય કોઈ હદીષમાં નથી. હા ! એક હદીષ આ છે : مَا اَحَدٌ اَصۡبَرَ عَلٰى اَذًى يَسۡمَعُهٗ مِنَ اللّٰهِ

**★ હદીષ : (૩)-૨૨૮૯ ★**

وَعَن بُرَيْدَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَمِعَ رَجُلًا يَقُولُ: اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ بِأَنَّكَ أَنْتَ اللَّهُ لَا إِلَهَ إِلَّا أَنْتَ الْأَحَدُ الصَّمَدُ الَّذِي لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ وَلَمْ يَكُنْ لَهُ كُفُوًا أَحَدٌ فَقَالَ: «دَعَا اللَّهَ بِاسْمِهِ الْأَعْظَمِ الَّذِي إِذَا سُئِلَ بِهِ أَعْطَى وَإِذَا دُعِيَ بِهِ أَجَابَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

*"હઝરત બરીદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક શખ્સને એવું કહેતાં સાંભળ્યા કે ઈલાહી ! હું તારાથી માગુ છું એટલા માટે કે તું મઅબૂદ છે, તારા સિવાય કોઈ મઅબૂદ નથી. એક છે, ભરોસાને પાત્ર છે જેને ન જણ્યુ અને ન જણવામાં આવ્યો અને ન કોઈ એનો બરાબરીયો[1] તો હુઝૂર અન્વર ﷺ એ ફર્માવ્યું, એણે અલ્લાહના ઈસ્મે આ'ઝમની સાથે દુઆ કરી છે[2] જ્યારે ઈસ્મે આ'ઝમથી માગવામાં આવે તો આપે છે અને જ્યારે આ નામથી દુઆ કરવામાં આવે તો ક઼બૂલ કરે છે[3]."*

*(તિર્મિઝી, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે મૌલા તારા નામોના તવસ્સુલ તથા વસીલાથી તારાથી દુઆ માગી રહ્યો છું. આ નામોના સદક઼ાથી મારું સાંભળી લે. આ દુઆ માગનાર હઝરત અબૂ મૂસા અશઅરી હતા. એનાથી જાણવા મળ્યું કે વસીલાની સાથે દુઆ કરવી બેહતર છે, વસીલો ચાહે અલ્લાહના નામનો હોય ચાહે તેના કોઈ મહબૂબ બંદાનો.

**૨.** અમુક ઉલમાએ ફર્માવ્યું કે **અલ્લાહ ઈસ્મે આ'ઝમ** છે, કેમ કે એ ઈસ્મે ઝાત (ઝાતી નામ) છે **જે ખુદા તઆલા સિવાય કોઈના માટે નથી બોલી શકાતુ.** અમુકે ફર્માવ્યું કે لا الہ الا انت ઈસ્મે આ'ઝમ છે. અમુકના ખયાલમાં રબ તઆલાના અમુક નામ અમુકની સરખામણીમાં ઈસ્મે આ'ઝમ છે, જેમ કે રહ઼માન, રહ઼ીમની

સરખામણીમાં ઈસ્મો આ'ઝમ છે.

**૩.** આ હદીષથી કેટલાક મસાઈલ જાણવા મળ્યા : એક એ કે દુઆમાં اَللّٰهُمَّ કહેવું ખૂબ જ બેહતર છે કે અલ્લાહ ઈસ્મે ઝાત છે અને મીમમાં તમામ એ નામોની તરફ નિર્દેશ છે જેના શરૂમાં મીમ છે. જેમ કે ملك،مالك،منان વગેરે. બીજુ એ કે **દુઆના આદાબમાંથી છે કે પ્રથમ હમ્દે ઈલાહી કરે પછી હુઝૂરે અન્વર ﷺ પર દુરૂશરીફ પછી પોતાના ગુનાહોનો સ્વીકાર કરે, પછી હાજતની અરજ કરે.** ત્રીજુ એ કે الله અથવા اَللّٰهُمَّ અથવા لا اله الا انت ઈસ્મે આ'ઝમ છે.

**★ હદીષ : (૪)-૨૨૯૦ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: كُنْتُ جَالِسًا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَسْجِدِ وَرَجُلٌ يُصَلِّي فَقَالَ: اللَّهُمَّ إِنِّي أَسْأَلُكَ بِأَنَّ لَكَ الْحَمْدَ لَا إِلَهَ إِلَّا أَنْتَ الْحَنَّانُ الْمَنَّانُ بَدِيعُ السَّمَاوَاتِ وَالْأَرْضِ يَا ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ يَا حَيُّ يَا قَيُّومُ أَسْأَلُكَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «دَعَا اللَّهَ بِاسْمِهِ الْأَعْظَمِ الَّذِي إِذَا دُعِيَ بِهِ أَجَابَ وَإِذَا سُئِلَ بِهِ أَعْطَى» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺની સાથે મસ્જિદમાં બેઠો હતો. એક શખ્સ નમાઝ પઢી રહ્યો હતો. તેણે કહ્યું, ઈલાહી ! હું તારાથી માગુ છું કેમ કે તારી જ તારીફ છે. તારા સિવાય કોઈ મઅબૂદ નથી. તું મહેરબાન નેઅમતો આપનાર છે[૧] આસ્માન તથા જમીનનો મૂજિદ (પેદા કરનાર) છે. હે જલાલત તથા કરમવાળા ! હે ઝિંદા ! હે કાયમ રાખનાર ! હું તારાથી માગુ છું[૨]. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે તેણે રબના નામથી દુઆ માગી કે જ્યારે એ નામથી દુઆ માગવામાં આવે તો કબૂલ ફર્માવી લે છે અને જ્યારે એ નામથી કાંઈ માગ્યુ છે તો આપે છે[૩].*

*(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** حنان (હન્નાન)નો અર્થ ઘણો જ મહેરબાન, منان (મન્નાન)નો અર્થ છે ઘણો જ એહસાન કરનાર. એમાં ઈશારા રૂપે અર્ઝ કરવામાં આવ્યું કે **તેં જેને આપ્યું તેને તેની પાત્રતાને લીધે નથી આપ્યું બલ્કે તારા ફઝ્લો કરમથી આપ્યું.** યાદ રાખશો કે બંદાનું બંદાને એહસાન જતાવવું જો ટોણો મારવા માટે હોય તો બુરુ છે, જો મુતીઅ (આજ્ઞાંકિત) કરવા માટે હોય તો સારું છે. અલ્લાહ તઆલા તેમજ રસૂલુલ્લાહ ﷺએ ઘણી જગાએ પોતાની નેઅમતોનાં એહસાન જતાવેલ છે. કે જેથી બંદા તેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે, તેનું એહસાન માને. આ એનો જ કરમ છે. منّان (મન્નાન)નો એક અર્થ આ પણ છે : એહસાન જતાવનાર.

**૨.** તારા સિવાય કોઈથી નથી માગ્યું કે તું જ મારો રબ છે, હું તારો જ બંદો છું. યાદ રાખશો કે અંબિયા, અવલિયા, ગનીઓ, તબીબોથી કાંઈક માગવું વાસ્તા સાથે રબથી જ માગવું છે. સહાબાએ કિરામે હુઝૂર ﷺથી જન્નત માગી છે.

**૩.** આ બંનેવ હદીષોમાં اَللّٰهُمَّ તથા لا اله الا انت સંયુક્તપણે મૌજૂદ છે. એટલા માટે અમુક ઉલમાએ ફર્માવ્યું કે આ બંનેમાં કોઈ નામ ઈસ્મે આ'ઝમ છે. અમુકે ફર્માવ્યું કે જુમ્આની ઘડી દુઆની કબૂલિયત અને કદ્રની જેમ છે. ઈસ્મે આ'ઝમ પણ ગુપ્ત છે જેથી બંદા તેની તલાશમાં રહે. આ તલાશ પણ ઈબાદત છે.

૪. એને અહમદ, ઈબ્ને હબ્બાન, હાકિમ, ઈબ્ને અબી શયબાએ કાંઈક ફરક સાથે રિવાયત કરી. (મિર્કાત)

**★ હદીષ : (૫)-૨૨૯૧ ★**

وَعَنْ أَسْمَاءَ بِنْتِ يَزِيدَ رَضِيَ اللَّهُ عَنْهَا أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " اسْمُ اللَّهِ الْأَعْظَمُ فِي هَاتَيْنِ الْآيَتَيْنِ: (وَإِلَهُكُمْ إِلَهٌ وَاحِدٌ لَا إِلَهَ إِلَّا هُوَ الرَّحْمَنُ الرَّحِيمُ)وفاتحة (آل عمران): (آلم اللَّهُ لَا إِلَهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ)رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

*''હઝરત અસ્મા બિન્તે યઝીદથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાનું ઈસ્મે આ'ઝમ આ બે આયતોમાં છે : તમારો મઅબૂદ એક મઅબૂદ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી. રહમવાળો મહેરબાન છે. અને સૂરએ આલે ઈમરાનના શરૂમાં الم અલ્લાહ તે છે કે તેના સિવાય કોઈ મઅબૂદ નથી. ઝિંદા કાયમ રાખનાર[1]. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)*

૧. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે રબ તઆલાનું ઈસ્મે આ'ઝમ لاالہ الا ھو છે કેમ કે આ બંનેવ આયતોમાં આ જ સંયુક્તપણે (ભેગુ) છે. ઈમામ ફખ્રુદ્દીન રાઝીએ ફર્માવ્યું કે ઈસ્મે આ'ઝમ الحی القیوم છે. ઈમામ જઝરીએ ફર્માવ્યું કે ઈસ્મે આ’ઝમ لا الہ الا ھو الحی القیوم છે. હાકિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા અબૂ દર્દા رضی اللہ عنہماથી રિવાયત કરી કે ઈસ્મે આ'ઝમ رب (રબ) છે. હઝરત ઈમામ ઝયનુલ આબિદીને ખ્વાબમાં જોયું કે કોઈ કહેવાવાળો કહે છે કે ઈસ્મે આ'ઝમ اللہ الذی لا الہ الا ھو ربّ العرش العظیم છે. અમુકે ફર્માવ્યું, કલ્મએ તૈયિબહ ઈસ્મે આ'ઝમ છે. સારાંશ કે ઈસ્મે આ'ઝમમાં ઘણી રિવાયતો છે જેમને ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ પોતાની કિતાબમાં અને મૌલાના અલી ક઼ારીએ મિર્ક઼ાતમાં જમા કરી. યાદ રાખશો કે અલ્લાહ તઆલાના સર્વ જ નામો અ઼ઝીમ છે, કોઈ અપૂર્ણ નથી, પણ અમુક નામો આ'ઝમ છે એટલે ઘણા જ મહાન સવાબ તથા તાષીરવાળાં છે. અમુક સૂફીઓએ ફર્માવ્યું કે જે નામ ખુલૂસ દિલ તથા ઈશ્ક઼ો મહબ્બતથી લેવામાં આવે એ ઈસ્મે આ'ઝમ છે. એ જ ઈમામ જઅફર સાદિક઼નો ક઼ૌલ છે.

**★ હદીષ : (૬)-૨૨૯૨ ★**

وَعَنْ سَعْدٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:دَعْوَةُ ذِي النُّونِ إِذا دَعَا رَبَّهُ وَهُوَ فِي بَطْنِ الْحُوتِ (لَا إِلَهَ إِلَّا أَنْتَ سُبْحَانَكَ إِنِّي كُنْتُ مِنَ الظالمينَ)لَمْ يَدْعُ بِهَا رَجُلٌ مُسْلِمٌ فِي شَيْءٍ إِلاَّ استجابَ لَهُ ". رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

*''હઝરત સઅદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે માછલીવાળા પયગંબરની દુઆ જ્યારે તેમણે માછલીના પેટમાં પોતાના રબથી કરી[1] આ છે : તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તું પાક છે. હું જાલિમોમાં છું[2]. કોઈ મુસલમાન માણસ કોઈ હાજતમાં આ દુઆ ન માગશે પણ ક઼બૂલ થશે[3].'' (અહમદ તિર્મિઝી)*

૧. ઝુન્નૂન હઝરત યૂનુસ علیہ السلامનો લક઼બ છે, કેમ કે આપ કેટલાક દિવસ માછલીના પેટમાં રહ્યા હતા પણ તેનો ખોરાક બનીને નહીં, કેમ કે નબીનું શરીર તો ક઼બ્રની માટી પણ નથી ખાતી, તો પછી કઈ રીતે માછલી ખાય શકે ? બલ્કે અલ્લાહની અમાનત બનીને રહ્યા. કુર્આને કરીમે ફર્માવ્યું : فَالْتَقَمَهُ الْحُوتُ (પછી તેને માછલીએ ગળી લીધો અને તે પોતે પોતાને મલામત કરતો (ભલુ બુરુ કહેતો) હતો. સૂરએ સાફ્ફાત, ૩૭/૧૪૨) એમને માછલીએ ગળી લીધા જેમ કે મોતીને ગળી જાય છે. એવું ન ફર્માવ્યું કે માછલીએ તેમને ખાય નાખ્યા. ઉલમા ફર્માવે છે કે આ

માછલીનું પેટ અર્શે આ'ઝમથી અફઝલ છે કે એક પયગંબરનું કેટલાક દિવસ તજલ્લીગાહ રહ્યું. જ્યારે માછલીનું પેટ અર્શે આ'ઝમથી અફઝલ થઈ ગયું તો હઝરત આમિના ખાતૂન رضی اللہ عنہا નું તે શિકમે પાક (પેટ મુબારક) જેમાં સૈયદુલ અંબિયા નવ મહિના સુધી જલ્વા અફરોઝ રહ્યા છે તો તે અર્શથી કેટલાય અંશે અધિક અફઝલ છે. એની તેહક઼ીક઼ અમારી "તફસીરે નઈમી" ભાગ–૧માં જુઓ. કિંમતી મોતી કિંમતી ડબ્બીમાં રાખવામાં આવે છે.

**૨.** એનાથી પણ નિર્દેશ થયો કે لا الہ الا انت ઈસ્મે આ'ઝમ છે અને આ દુઆ હઝરત યૂનુસ علیہ السلام ને રબ તઆલાની તરફથી ઈલ્કા થઈ. એ જ દુઆની બરકતથી આવેલી આફતો ટળી જાય છે. યાદ રાખશો કે જુલ્મના ત્રણ અર્થો છે : કુફ્ર તથા શિર્ક. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ (બેશક ! શિર્ક મહાન જુલ્મ છે. સૂરએ લુકમાન, ૩૧/૧૩) ગુનાહ, ખતા, ભૂલચૂક. અહીં ત્રીજો અર્થ મુરાદ છે. કેમ કે અંબિયા હઝરાત બદ્અક઼ીદગી તથા બદ્અમલીથી માસૂમ તથા સુરક્ષિત છે. તેમજ હઝરત યૂનુસ علیہ السلام ની આ મોકા પર કેવળ ખતા જ થઈ હતી જેવું કે તેમના બનાવ પરથી માલૂમ પડે છે કે રબ તઆલાએ આપને મક઼ામે નૈનવા મુસલના નબી બનાવ્યા. જ્યારે ક઼ૌમે આપની આજ્ઞાનું પાલન ન કર્યું તો આપે તેમને પરવરદિગારના હુકમથી ખબર આપી કે ત્રણ દિવસ બાદ તમારા પર અઝાબ આવશે. અને આપ નૈનવાથી જે મુસલનું એક શહેર છે રબના હુકમ વિના રવાના થઈ ગયા, એવું સમજીને કે અઝાબના સ્થળેથી પયગબંરે ચાલ્યા જવું જોઈએ. પછી અઝાબનું વાદળ નૈનવા પર છવાઈ ગયું. ત્યાંના રહેવાસીઓએ સાચી તૌબા કરી લીધી અને આવી પડેલો અઝાબ ટળી ગયો. ત્રણ દિવસ બાદ આપે દૂરથી એ શહેરને જોયું તો આબાદ હતું. આપ શહેરમાં એટલા માટે ન આવ્યા કે મેં તો એમને અઝાબની ખબર આપી હતી અને અઝાબ આવ્યો નથી તો હવે મારી ત્યાં ઘણી બેઈજ્જતી થશે, અને બીજી જગાએ ચાલ્યા ગયા. જતાં જતાં દરિયો સામે આવ્યો તો આપ નાવડીમાં બેઠા. સમુદ્રની વચ્ચે નાવડી રોકાઈ ગઈ. નાવિકોએ કહ્યું, આ નાવડીમાં કોઈ ભાગેલો ગુલામ છે જેના લીધે નાવ આગળ નથી ચાલતી. આપે ફર્માવ્યું, એ હું છું ! અને દરિયામાં છલાંગ મારી દીધી. એક માછલી મોં ફાડીને બેઠી હતી તે આપને ગળી ગઈ અને નીલ નદી પછી દજલામાં થઈને શામના વિસ્તારમાં જઈને નીકળી ત્યાં દરિયાએ આપને જમીન પર ઓકી કાઢયા. પછી દૂધીના વેલાએ આપના પર સાયો કર્યો. હરણી આપને દૂધ પીવડાવતી રહી. *(મિર્ક઼ાત વગેરે)*

**૩.** કેમ કે રબ તઆલાનો વાયદો છે કે ફર્માવ્યું, فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَ نَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَ كَذٰلِكَ نُـْۨجِي الْمُؤْمِنِيْنَ (તો અમે એનો પુકાર સાંભળી લીધો અને તેને ગમથી નજાત બખ્શી અને આવી જ નજાત આપીશું મુસલમાનોને. સૂરએ અંબિયા, ૨૧/૮૮) એટલે **આ દુઆની બરકતથી અમે તેમને પણ ગમથી નજાત આપી અને ક઼યામત સુધી મુસલમાનોને પણ એની બરકતથી નજાત આપતા રહીશું.** (મિર્ક઼ાત) જાણવા મળ્યું કે બુઝુર્ગોની જીભેથી નીકળેલી દુઆ ઘણી જ તાસીરવાળી હોય છે. કેમ ન હોય કે દુઆના શબ્દો ગોળી, જીભ રાયફલ જેમ છે, જ્યારે બંનેવ ભેગાં થઈ જાય તો શિકાર નિશ્ચિત છે.

## (વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૭)–૨૨૯૩ ★

عَنْ بُرَيْدَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: دَخَلْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَسْجِدَ عِشَاءً فَإِذَا رَجُلٌ يَقْرَأُ

*"હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સાથે ઈશા વખતે મસ્જિદમાં ગયો તો ત્યાં એક શખ્સ મોટા અવાજે તિલાવત કરી*

وَيَرْفَعُ صَوْتَهُ فَقُلْتُ: يَا رَسُولَ اللّٰهِ أَتَقُولُ: هَذَا مُرَاءٍ؟ قَالَ: «بَلْ مُؤْمِنٌ مُنِيبٌ» قَالَ: وَأَبُو مُوسَى الْأَشْعَرِيُّ يَقْرَأُ وَيَرْفَعُ صَوْتَهُ فَجَعَلَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَتَسَمَّعُ لِقِرَاءَتِهِ ثُمَّ جَلَسَ أَبُو مُوسَى يَدْعُو فَقَالَ:اللّٰهُمَّ إِنِّي أُشْهِدُكَ أَنَّكَ أَنْتَ اللّٰهُ لَا إِلَهَ إِلَّا أَنْتَ أَحَدًا صَمَدًا لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ وَلَمْ يَكُنْ لَهُ كُفُوًا أُحُدٍ فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَقَدْ سَأَلَ اللّٰهَ بِاسْمِهِ الَّذِي إِذَا سُئِلَ بِهِ أَعْطَى وَإِذَا دُعِيَ بِهِ أَجَابَ» قُلْتُ: يَا رَسُولَ اللّٰهِ أُخْبِرُهُ بِمَا سَمِعْتُ مِنْكَ؟ قَالَ: «نَعَمْ» فَأَخْبَرْتُهُ بِقَوْلِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لِي: أَنْتَ الْيَوْمَ لِي أَخٌ صَدِيقٌ حَدَّثْتَنِي بِحَدِيثِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ رزين

*રહ્યો હતો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم શું હુઝૂર ફર્માવે છે કે આ રિયાકાર છે[૧]. ફર્માવ્યું, બલ્કે રુજૂઅ ઈલલ્લાહવાળો બંદો છે[૨]. ફર્માવ્યું, અને અબૂ મૂસા અશ્અરી ખૂબ જ બુલંદ અવાજે તિલાવત કરી રહ્યા હતા તો રસૂલુલ્લાહ صلى الله عليه وسلم તેમની ક઼િરાઅત ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા[3] પછી અબૂ મૂસા બેસીને દુઆ માગવા લાગ્યા. આ પ્રમાણે કહ્યું, ઈલાહી ! હું ગવાહ છું કે તું અલ્લાહ છે, તારા સિવાય કોઈ મઅબૂદ (પૂજાને લાયક) નથી. એકલો છે, ભરોસાને પાત્ર છે[૪]. જેનો કોઈ બરોબરીયો નથી. ત્યારે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, તેમણે અલ્લાહના આ નામથી દુઆ માગી કે જ્યારે આ નામથી કાંઈક માગવામાં આવે તો રબ આપે છે, જ્યારે આ નામથી દુઆ કરવામાં આવે તો ક઼બૂલ કરે છે[૫]. મેં અર્ઝ કરી, હું તેમને એ બતાવી દઉં જે મેં આપનાથી સાંભળ્યું ? ફર્માવ્યું, હા ! મેં તેમને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ના ફર્માનની ખબર આપી. તેમણે મને ફર્માવ્યું, તમે આજથી મારા ભાઈ છો, કેમ કે તમે મને રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની હદીષ પહોંચાડી[૬]. (રઝીન)*

**૧.** એટલે યા રસૂલલ્લલાહ ! صلى الله عليه وسلم આ શખ્સ આપની મસ્જિદ શરીફમાં ચીસ પાડીને (જોરથી) ઝિક્ર તથા તિલાવત કરી રહ્યો છે. શું હુઝૂરે આલી ફત્વો આપો છો કે એ રિયાકાર છે ? જો મુખ્લિસ હોત તો એને આ પ્રમાણે ચીખવાની શું જરૂરત હતી ?! એ લોકોને દેખાડી સંભળાવી રહ્યો છે.

**૨.** એનાથી બે મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે કોઈના પર વિના કારણે બદ્‌ગુમાની ન કરવી જોઈએ. મો'મિનનો દરેક અમલ શક્ય ત્યાં સુધી ઈખ્લાસ પર ધારવો જોઈએ. **બીજુ** એ કે ઝિક્ર બિલ જહ્ર (જોરથી ઝિક્ર) સહાબાની સુન્નત છે. એને હરામ કહેવું સખત ગલતી છે.

**3.** એટલે કે એ સાહબ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ હતા. આપ ઘણા જ ખુશ ઈલ્હાન (સુંદર અવાજ લહેજા)વાળા હતા. હઝરત બુરીદા આપને ઓળખી ન શક્યા એટલા માટે આપના પર રિયાકાર હોવાની સંભાવના દર્શાવી, નહીં તો આપ જલીલુલ ક઼દર સહાબી છે. આપના પર રિયાકારીનો આક્ષેપ ખૂબ જ અસંભવ છે. (મિર્ક઼ાત) હુઝૂરે અન્વર صلى الله عليه وسلم આપની કિરાઅતથી ઘણા જ ખુશ થતા હતા.

**૪.** એનાથી જાણવા મળ્યું કે કુર્આને કરીમ ખુશ ઈલ્હાનીથી પઢવું જોઈએ એ પણ જાણવા મળ્યું કે બીજાની તિલાવત સાંભળવી સુન્નત છે. એ પણ જાણવા મળ્યું કે **તિલાવત બાદ દુઆ માગવી સહાબાની સુન્નત છે.** એ પણ જાણવા મળ્યું કે **દુઆથી પહેલાં રબ તઆલાના સારાં સારાં નામો લેવાં અને એના વસીલાથી દુઆ કરવી સુન્નત છે.**

**૫.** એટલે કે એ નામોમાં રબ તઆલાનું ઈસ્મે આ'ઝમ છે, અને ઈસ્મે આ'ઝમની એ તાષીર છે કે તેની બરકતથી દુઆઓ ક઼બૂલ થાય છે. રબ તઆલાની જનાબથી ભીખ મળે છે. એના કારણે અમુકે ફર્માવ્યું કે لا الٰہ الا انت ઈસ્મે આ'ઝમ છે કેમ કે એમાં એ નામ શરીફ મૌજૂદ છે.

**૬.** એટલે કે કેમ કે તમે મારા મહબૂબ ﷺની હદીષે પાક પહોંચાડી જેથી આજથી તમે મારા મોહસિન (એહસાન કરનાર) ભાઈ છો અને કેમ કે તમે મને એક ખુશ ખબરી પણ સંભળાવી છે જેથી આજથી તમે મારા વલી દોસ્ત પણ છો. એનાથી જાણવા મળ્યું કે **મુહદ્દિષો તથા ફક઼ીહોથી મહ઼બ્બત કરવી જોઈએ, કેમ કે એ હઝરાત આપણા મોહસિન છે કે આપણા સુધી હુઝૂરે અન્વર ﷺનાં ફર્માન પહોંચાડે છે. એ સુન્નત છે. ઘણા જ બદ્નસીબ છે તેઓ જેઓ મુહદ્દિષો અથવા ઉલમા સાથે નફરત તથા અદાવત રાખે.**

## باب ثواب التسبيح والتحميد والتهليل والتكبير
## બાબુ ષવાબિત્તસ્બીહ વત્તહમીદ વત્હલીલ વત્કબીર[1]
## سبحان الله، الحمد لله، لا اله الا الله، الله اكبر કહેવાનો સવાબ

**૧.** આ સામાન્ય વર્ણન બાદ ખાસ વર્ણન છે, કેમ કે પ્રથમ પ્રકરણમાં ઝિક્રુલ્લાહના ફઝાઈલ વર્ણન થયા. ઝિક્રુલ્લાહમાં આ તસ્બીહ વગેરે પણ દાખલ હતી, પણ કેમ કે અન્ય ઝિક્રો કરતાં આ ઝિક્ર અફઝલ છે એટલા માટે એના સવાબના માટે અલગથી પ્રકરણ રચ્યું. યાદ રાખશો કે તસ્બીહનો અર્થ છે અલ્લાહ તઆલાને તમામ નુકસાન તથા અયબોથી પાક જાણવો અથવા પાક બયાન કરવો. અલ્લાહના નામો વિર્દ કરનારા પર આ નામની તજલ્લી પડે છે તો જે سبحان اللهનો વિર્દ કર્યા કરે તો ان شاء الله ખુદ એ બંદો બુરાઈઓથી પાક થઈ જશે. તસ્બીહ ખૂબ જ ઉચ્ચ ઝિક્ર છે એટલા માટે નમાઝ سُبْحٰنَكَ اللّٰهُمَّથી શરૂ કરવામાં આવે છે. રુકૂઅમાં سُبْحٰنَ رَبِّيَ الْعَظِيْمِ સજદામાં سُبْحٰنَ رَبِّيَ الْاَعْلٰى, અજબની ખબર પર سُبْحٰنَ اللّٰهِ કહે છે.

**★ હદીષ : (૧)-૨૨૯૪ ★**

عَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَفْضَلُ الْكَلَامِ أَرْبَعٌ: سُبْحَانَ اللَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ "وَفِي رِوَايَةٍ: " أَحَبُّ الْكَلَامِ إِلَى اللَّهِ أَرْبَعٌ: سُبْحَانَ اللَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ لَا يَضُرُّكَ بِأَيِّهِنَّ بَدَأْتَ ". رَوَاهُ مُسلم

*"હઝરત સમૂરહ બિન જુન્દુબથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અફઝલ કલમા ચાર છે[1] سبحان الله، الحمد لله، لا اله الا الله، الله اكبر[2] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે અલ્લાહને પ્યારા કલમાઓ ચાર છે : سبحان الله، الحمد لله، لا اله الا الله અને الله اكبر જે કલમાથી શરૂ કરો નુકસાનકર્તા નથી[3]. (મુસ્લિમ)*

**૧.** એટલે માનવના કલમાઓ અથવા અન્ય વિર્દ વઝીફાઓ કરતાં આ ચાર કલમા ઘણા જ સવાબના સબબ છે, કેમ કે આ કલમાઓમાં રબ તઆલાની અગણિત હમ્દો (વખાણો) વર્ણન થયેલ છે. سبحانનો અર્થ છે હું અલ્લાહ તઆલાને સર્વ અયબોથી પાક માનુ છું. الحمد للهનો અર્થ થયો સર્વ વખાણો રબ તઆલાનાં છે કે સર્વ કમાલની સિફતો (ખૂબીઓ)નો જામેઅ (સમૂહ) છે. لا اله--الخએ કલમો છે જેને પઢીને બંદો મુસલમાન બને છે અને الله اكبرમાં તેની કિબ્રિયાઈ અને સર્વ મખ્લૂક કરતાં મહાન હોવાનો સ્વીકાર છે. જેથી આ કલમા રબ તઆલાની સિફતોનો સમૂહ છે. હવે હદીષ પર એ વાંધો નથી કે સૌથી અફઝલ તો કુર્આન શરીફ છે, પછી આ કલમા કેવી રીતે અફઝલ થયા. યાદ રાખશો કે આ ચારેવ કલમા કુર્આન શરીફમાં મૌજૂદ છે. આગલા ત્રણ તો સ્પષ્ટપણે અને ચોથો કલમો ઈશારાની રીતે તથા ભાવાર્થની રીતે. બીજી રિવાયતમાં છે કે આ કલમાઓ બાકિયાતે સાલેહાત (નેક

અમલો)માંથી છે. એ પણ યાદ રાખશો કે આ કલમાઓને કલામ કહેવું શાબ્દિક રીતે છે ન કે ઈસ્તેલાહી તૌર પર. જેથી જો કોઈ શખ્સ કલામ (વાત) કરવાની ક઼સમ ખાય તે આ કલમાઓ પઢવાથી હાનિષ (ક઼સમ તોડનાર) ન થશે કેમ કે ક઼સમમાં વાતથી મુરાદ માણસની વાત છે જેને ઈસ્તેલાહમાં કલામ કહેવામાં આવે છે.

**૨.** اللہ اکبرનો અર્થ એ પણ થઈ શકે છે કે અલ્લાહ તઆલા આપણી હમ્દો ષના બલ્કે આપણા ખયાલ તથા વહેમથી મહાન છે. હુઝૂરે અન્વર ﷺ ફર્માવ્યા કરતા હતા لَا أُحْصِيْ ثَنَاءً عَلَيْكَમાં તારીફ–ષના (વખાણ) કમા હક્કુહૂ (જેવો કે હક્ક઼ છે) નથી કરી શકતા.

**૩.** મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે આ ક્રમ ગનીમત છે એના વિરુદ્ધ રુખસત છે. એટલે કે બેહતર એ છે કે આ ક્રમથી તેમનો વિર્દ કરે, જો એના વિરુદ્ધ પણ કર્યું તો વાંધો નથી.

**★ હદીષ : (૨)–૨૨૯૫ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: "لَأَنْ أَقُولَ: سُبْحَانَ اللَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ أَحَبُّ إِلَيَّ مِمَّا طَلَعَتْ عَلَيْهِ الشَّمْسُ".رَوَاهُ مُسلم

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારું* سبحان اللہ، الحمدللہ، لا الہ الا اللہ و اللہ اکبر *અને કહેવું મને એ સૌ કરતાં પ્યારું છે જેના પર સૂરજ ઉગ્યો[૧]. (મુસ્લિમ)*

**૧.** એટલે આ કલમા મને આખી દુનિયા કરતાં પ્યારા છે, કેમ કે દુનિયા ફાની (નાશવંત) છે અને એમનો સવાબ બાક઼ી રહેનાર છે. તેમજ દુનિયા રબ તઆલાથી ગાફિલ કરનાર છે અને આ સૌ રબ તઆલાની યાદ અપાવનાર છે. યાદ રાખશો કે مما طلعت علیہ الشمسથી મુરાદ આખી દુનિયા છે. જમીન કે જમીનની ચીજો હોય અથવા આસ્માન કે આસ્માનની ચીજો હોય. રહ્યું કુર્આન, હદીષ, આપણી ઈબાદતો વગેરે એનાથી અલગ છે, કેમ કે એ ચીજો કે દુનિયામાં છે પણ દુનિયામાં નથી ન એમનામાં દુનિયા છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે આ કલમાઓ અને તેમને પઢવા પર પણ તો સૂરજ ઉગે છે અને એ પણ તો દુનિયામાં છે **સૂફીઓ ફર્માવે છે કે દિલ દુનિયામાં રાખો પણ દિલમાં દુનિયા ન રાખો, નહીં તો બર્બાદ થઈ જશો. નાવડી દરિયામાં રહે તો ભલાઈ છે પરંતુ જો દરિયો નાવડીમાં આવી જાય તો તબાહી છે.**

**★ હદીષ : (૩)–૨૨૯૬ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ: سُبْحَانَ اللَّهِ وَبِحَمْدِهِ فِي يَوْمٍ مِائَةَ مَرَّةٍ حُطَّتْ خَطَايَاهُ وَإِنْ كَانَتْ مِثْلَ زَبَدِ الْبَحْرِ "

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે દિવસમાં સો વખત* سبحان اللہ و بحمدہ *પઢી લીધા કરે તેની સર્વ ખતાઓ (ગુનાહો) બખ્શી દેવામાં આવશે. ભલે સમુદ્રના ફીણના બરાબર હોય[૨].''*

**૧.** ચાહે એકી સાથે અથવા વિવિધ સમયોમાં, સવારના સમયે પઢે કે સાંજના અથવા કોઈ અન્ય સમયમાં. સારાંશ કે કોઈ પાબંદી નથી. જો કે બેહતર એ છે કે સવારે અથવા સાંજે પઢે, જેવું કે બીજી રિવાયતમાં છે.

**૨.** એટલે બેહદ અગણિત. ગુનાહોથી મુરાદ ગુનાહે સગીરા છે જે અલ્લાહના હક્કોથી સંબંધિત હોય. શરઈ

હક્કો અને બંદાઓના હક્કો એનાથી અલગ છે. જેથી છૂટી ગયેલી નમાઝો, રોઝા, બંદાઓના કરજ આ વઝીફાથી માફ થઈ જશે નહીં. તે તો અદા જ કરવા પડશે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**★ હદીષ : (૪)-૨૨૯૭ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ حِينَ يُصْبِحُ وَحِينَ يُمْسِي: سُبْحَانَ اللّٰهِ وَ بِحَمْدِهِ مِائَةَ مَرَّةٍ لَمْ يَأْتِ أَحَدٌ يَوْمَ الْقِيَامَةِ بِأَفْضَلَ مِمَّا جَاءَ بِهِ إِلَّا أَحَدٌ قَالَ مِثْلَ مَا قَالَ أَوْ زَادَ عَلَيْهِ)

*''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે સવાર તથા સાંજના સમયે سبحان الله و بحمده સો વખત પઢી લીધા કરે[૧] તો કયામતના દિવસે કોઈ શખ્સ એનાથી બેહતર અમલ ન લાવશે એના સિવાય જે આ રીતે અથવા એનાથી વધારે પઢયા કરે[૨].'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** અથવા એ રીતે કે કાંઈક તો સવારના સમયે પઢી લીધા કરે, કાંઈક સાંજના સમયે. અથવા એ રીતે કે સવારે સો વખત પઢે અને સાંજે પણ, એટલે દરરોજ બસો વખત. એ જ બેહતર છે. સવારથી મુરાદ પોહ ફાટવાથી ઝવાલ સુધી છે અને સાંજથી મુરાદ ઝવાલથી લઈને સુબ્હ સાદિક સુધી છે. સૂફીઓની બોલીમાં સાંજ તથા સવારનો આ જ અર્થ હોય છે. પણ આમિલોનો તરીકો એ છે કે ફજરની નમાઝ બાદ અને મગરિબની નમાઝ બાદ એને પઢયા કરે છે, જેથી એ જ અફઝલ છે.

**૨.** આ હદીષનો મતલબ એ છે કે કયામતના દિવસે ન તો કોઈ એના બરાબર નેકીઓ લાવી શકશે ન એનાથી વધુ. હા ! જે કોઈ એના બરાબર આ કલમ પઢી લીધા કરે તે તો એના બરાબર નેકીઓ લાવશે અથવા જે એ શખ્સ કરતાં અધિક પઢી લીધા કરે તો એનાથી અધિક નેકીઓ લાવશે. દા.ત. એક શખ્સ દરરોજ બસો વખત એ કલમા પઢે છે અને બીજો ચારસો વાર પઢી લીધા કરે. અહીં આ શબ્દ اَوْ ''વાવ''ના અર્થમાં છે, એટલે જે શખ્સ એ શખ્સના બરાબર પણ પઢે અને એનાથી પણ વધુ પણ. જેથી આ હદીષ પર ન તો એ વાંધો છે કે બરાબર પઢનાર એ શખ્સથી વધી કેમ ગયો. અને ન એ વાંધો છે કે વઝીફાઓની સંખ્યામાં વધઘટ ન હોવી જોઈએ. જે પ્રમાણે મકબૂલ થાય એટલી જ વાર પઢવામાં આવે. જેમ કે ફર્ઝ નમાઝની રકાતો અને ઝકાતની માત્રા. યાદ રાખશો કે આ હદીષનો મકસદ એ છે કે જે પાબંદી સાથે એને પઢી લીધા કરે એને અલ્લાહ તઆલા એટલા પ્રમાણમાં નેકીઓની તૌફીક બખ્શશે કે કયામતમાં તે બીજા કરતાં અધિક નેકીઓ લઈને આવશે. એ મતલબ નથી કે કેવળ આ કલમા પઢનાર હાજીઓ, નમાઝીઓ, શહીદો, ઉલમા, મુજતહિદો મુહદ્દિષો કરતાં વધી જશે. જેથી આ હદીષ સ્પષ્ટ છે.

**★ હદીષ : (૫)-૨૨૯૮ ★** (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " كَلِمَتَانِ خَفِيفَتَانِ عَلَى اللِّسَانِ ثَقِيلَتَانِ فِي الْمِيزَانِ حَبِيبَتَانِ إِلَى الرَّحْمَنِ: سُبْحَانَهُ اللهُ وَبِحَمْدِهِ سُبْحَانَهُ اللهُ الْعَظِيم "

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે કલમા ઝબાન પર હલકા, ત્રાજવામાં ભારે રહમાનને પ્યારા છે.[૧] سبحان الله و بحمده سبحان الله العظيم[૨] (મુસ્લિમ, બુખારી)*

**૧.** سبحان الله ! કેટલી પ્યારી ફસીહ બલીગ (ઉમદા) ઝબાન છે આ મહબૂબ ﷺની. خفيفتان، ثقيلتان

એટલે ભારે હલકા એમાં વિરોધાભાસી શબ્દોનું સંગમ છે. "લિસાન" તથા "મીઝાન"માં આપસમાં એકબીજાથી નિસ્બતવાળાઓનું સંગમ છે. કેમ કે "લિસાન" ઈન્સાની ઝબાનને પણ કહે છે અને ત્રાજવાની ઝબાનને પણ, જે હાથની મુઠ્ઠીમાં તોલતી વખતે રહે છે. حبیبتان ورحمٰن એમાં એવી મુનાસિબત (મળતાપણુ) છે કે سبحان اللّٰہ મહોબ્બત તથા રહમતમાં ઘણો જ સંબંધ છે. એટલે કે **આ બંનેવ કલમા પઢવામાં ઝબાન પર ખૂબ જ આસાન છે પણ કાલે ક઼યામતમાં તેમનું વજન ખૂબ જ ભારે હશે.** કેમ કે આપણા કલામ કરતાં રબ તઆલાનું નામ વજની છે. વળી ખૂબી એ કે રબ તઆલાને આ કલમા ઘણા જ પ્યારા છે, તો જે એનો વિર્દ કરશે તે પણ પ્યારો થશે, તેની જીભ પ્યારી થશે.

**૨.** આ બંનેવ કલમા રબ તઆલાની બંને પ્રકારની હમ્દોને સંપૂર્ણપણે સમાવે છે. અયબોથી પાકીનું સંપૂર્ણ વર્ણન سبحان اللّٰہમાં છે અને કમાલની સિફતોથી મૌસૂફ હોવાનું સંપૂર્ણ વર્ણન وبحمدہમાં છે. એટલા માટે આ કલમા ખૂબ જ જામેઅ (સમૃદ્ધ) છે અને રબ તઆલાને પ્યારા છે.

**★ હદીષ : (૬)-૨૨૯૯ ★**

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ: قَالَ: كُنَّا عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَيَعْجِزُ أَحَدُكُمْ أَنْ يَكْسِبَ كُلَّ يَوْمٍ أَلْفَ حَسَنَةٍ؟» فَسَأَلَهُ سَائِلٌ مِنْ جُلَسَائِهِ: كَيْفَ يَكْسِبُ أَحَدُنَا أَلْفَ حَسَنَةٍ؟ قَالَ: «يُسَبِّحُ مِائَةَ تَسْبِيحَةٍ فَيُكْتَبُ لَهُ أَلْفُ حَسَنَةٍ أَوْ يُحَطُّ عَنهُ ألفُ خطيئةٍ» . رَوَاهُ مُسلم وَفِي كِتَابه: فِي جَمِيعِ الرِّوَايَاتِ عَنْ مُوسَى الْجُهَنِيِّ: «أَوْ يُحَطُّ» قَالَ أَبُو بكر البرقاني وَرَوَاهُ شُعْبَةُ وَأَبُو عَوَانَةَ وَيَحْيَى بْنُ سَعِيدٍ الْقَطَّان عَن مُوسَى فَقَالُوا: «ويُحَطُّ» بِغَيْر ألف هَكَذَا فِي كتاب الْحميدِي

*"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસે હતા તો હુઝૂરે ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ એનાથી લાચાર છે કે દરરોજ એક હજાર નેકીઓ કરી લીધા કરે. સાથીઓમાંથી કોઈએ પૂછ્યું કે કોઈ દરરોજ હજાર નેકીઓ કેવી રીતે કરી શકે છે?[1] ફર્માવ્યું,* ***એક સો વાર سبحان اللّٰہ પઢી લીધા કરે તેના માટે હજાર નેકીઓ લખવામાં આવશે અને તેની હજાર ખતાઓ (ગુનાહો) માફ કરવામાં આવશે[2].*** *(મુસ્લિમ) આ કિતાબ મુસ્લિમમાં અબૂ મૂસા જુહનીથી સર્વ રિવાયતોમાં આ પ્રમાણે છે કે ક્યાં તો માફ કરવામાં આવશે[3] અબૂબકર બર્કાની ફર્માવે છે[4] કે એને શઅબા તથા અબૂ અવાનહ અને યહયા ઈબ્ને સઈદ ક઼ત્તાને હઝરત મૂસાથી રિવાયત કરી, એ સૌએ ویحط ફર્માવ્યું. અલિફ વિના. (કિતાબ હુમૈદીમાં આ જ પ્રમાણે છે.)[5]*

**૧.** એટલે કે સતત દરરોજ એક હજાર નેકીઓ કરતા રહેવું માનવ શક્તિથી બહાર છે. આ આમ માનવોનો હાલ છે, નહીં તો અમુક ખાસ બંદાઓ તો દર શ્વાસે નેકી કરે છે.

**૨.** જાહેર એ છે કે અહીં اَوْ "વાવ"ના અર્થમાં છે. અટલે સો વાર سبحان اللّٰہ પઢી લેવાથી પઢનારાઓને હજાર નેકીઓ પણ મળશે. અને એનાથી હજાર ગુનાહ પણ માફ થશે. અને જો اَوْ પોતાના જ અર્થમાં હોય તો મતલબ એ થશે કે એ રબ તઆલાના કરમ પર અવલંબિત છે, ચાહે તો તેને હજાર નેકીઓ આપે ચાહે એના હજાર ગુનાહ માફ કરી આપે. خطیئۃથી જાણવા મળ્યું કે સગીરા ગુનાહ માફ થશે. બંદાઓના હક્કો અને કબીરા ગુનાહોની

માફી એનાથી થશે નહીં.

**૩.** એટલે કે મુસ્લિમ શરીફમાં હઝરત મૂસા જુહન્નીથી ઘણી બધી રિવાયતો નક્લ થયેલ છે. એ સૌમાં اَوْ છે. એ મૂસા જુહન્ની ઈબ્ને અબ્દુલ્લાહ છે. જુહન્નિયહ ક્બીલાથી છે. કૂફી છે. તેમણે હઝરત મુજાહિદ મુસ્અબ ઈબ્ને સઅદથી રિવાયત લીધી. અને તેમનાથી શઅબા યહયા ઈબ્ને સઈદ ક્ત્તાને હદીષો નક્લ કરી.

**૪.** આપ અબૂ બક્ર અહમદ ઈબ્ને મુહમ્મદ ખારઝમી બર્કાની છે. બર્કાન ખારઝમીન એક વસ્તીનું નામ છે.

**૫.** એટલે આ રિવાયતોમાં اَوْ નથી બલ્કે "વાવ" છે એટલે કે તેને હજાર નેકીઓ પણ મળે છે અને તેના હજાર ગુનાહ પણ માફ થાય છે. પરંતુ જો પ્રથમ રિવાયતના اَوْ "વાવ"ના અર્થમાં હોય અથવા અહીં "વાવે તન્વીઅ્" એટલે પ્રકાર વર્ણવવાના માટે હોય તો બંને રિવાયતોમાં કોઈ ફરક્ નથી, અને શક્ય છે પ્રથમ રિવાયતમાં રબ તઆલાના ક્ાનૂનનું વર્ણન હોય અને આ રિવાયતમાં તેના ફઝ્લો કરમનો. રબ તઆલા ફર્માવે છે : مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તેના માટે એના જેવી દસ છે. સૂરએ અન્આમ, ૬/૧૬૦) બીજી જગાએ ફર્માવે છે : وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ (અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. સૂ. બક્રહ, ૨/૨૬૧)

**★ હદીષ : (૭)-૨૩૦૦ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: سُئِلَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَيُّ الْكَلَامِ أَفْضَلُ؟ قَالَ: " مَا اصْطَفَى اللّٰهُ لِمَلَائِكَتِهِ: سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهِ ". رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું, ક્યું કલામ અફઝલ છે ? ફર્માવ્યું, જે અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓના માટે પસંદ કર્યું سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ[૧]. (મુસ્લિમ)*

**૧.** સર્વ ફરિશ્તા હમેશાં આ પઢયા કરતા : سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ એટલા માટે ફરિશ્તાઓએ અર્ઝ કરી હતી : نَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ ફરિશ્તાઓનું હમેશાં આ પઢવું અલ્લાહ તઆલાની તા'લીમથી છે ન કે પોતાની રાયથી. કુર્આને કરીમમાં છે : لَا عِلْمَ لَنَآ اِلَّا مَا عَلَّمْتَنَا (પાકી છે તને અમને કોઈ ઈલ્મ નથી પણ જેટલો શીખવાડયો. સૂરએ બક્રહ્, ૨/૩૨) એટલે કે આ કલમા ખૂબ જ અફઝલ છે કેમ કે એ ફરિશ્તાઓનું ઝિક્ર છે. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂરે અન્વર ﷺએ ફરિશ્તાઓની ઈબાદતોને પણ જાણે છે અને તેમના હાલાતથી પણ માહિતગાર છે, જેઓ આસ્માનોમાં રહે છે. અર્શી હોય કે કુર્સીવાળા. જેથી હુઝૂરે અન્વર ﷺને ફર્શવાળા ઈન્સાનોના અમલોની પણ યક્ીનન ! ખબર છે. બીજુ એ કે **જે વિર્દો તથવા વઝીફાઓ બુઝુર્ગોથી નકલ થયેલ હોય તે અન્ય વઝીફાઓથી અફઝલ છે.** જુઓ ! ફરિશ્તાઓના વઝીફા અફઝલ ઠરાવવામાં આવ્યા. એક એતબારથી ફરિશ્તા આમ માણસોથી અફઝલ છે. જો કે ઈન્સાનિયત ફરિશ્તાઓની હક્ીક્તથી અફઝલ છે. રબ તઆલા ફર્માવે છે : وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ "(અને બેશક ! અમે આદમની ઔલાદ (માણસ)ને ઈજ્જત આપી." –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૭૦)

★ હદીષ : (૮)-૨૩૦૧ ★

وَعَن جوَيْرِية أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ مِنْ عِنْدِهَا بُكْرَةً حِينَ صَلَّى الصُّبْحَ وَهِيَ فِي مَسْجِدِهَا ثُمَّ رَجَعَ بَعْدَ أَنْ أَضْحَى وَهِيَ جَالِسَةٌ قَالَ: «مَا زِلْتِ عَلَى الْحَالِ الَّتِي فَارَقْتُكِ عَلَيْهَا؟» قَالَتْ: نَعَمْ قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَقَدْ قُلْتُ بَعْدَكِ أَرْبَعَ كَلِمَاتٍ ثَلَاثَ مَرَّاتٍ لَوْ وُزِنَتْ بِمَا قُلْتِ مُنْذُ الْيَوْمِ لَوَزَنَتْهُنَّ: سُبْحَانَ اللَّهِ وَبِحَمْدِهِ عَدَدَ خَلْقِهِ وَرِضَاءَ نَفْسِهِ وَزِنَةَ عَرْشِهِ وَمِدَادَ كَلِمَاته ". رَوَاهُ مُسلم

*"હઝરત જુવૈરિયહ્થી[1] રિવાયત છે કે નબી કરીમ તેમની પાસે થઈને પસાર થયા જ્યારે કે ફજરની નમાઝ પઢી તે પોતાની મસ્જિદમાં હતાં[2]. પછી બપોર પછી પરત થયા અને તે ત્યાં જ બેઠાં હતાં[3] ફર્માવ્યું, શું તમે એ જ પ્રમાણે બેઠેલાં હતાં જેવો કે હું તમને છોડી ગયો હતો ? અર્ઝ કરી[4] હા ! ત્યારે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે મેં તમારી પાછળ ચાર કલમા ત્રણવાર પઢી લીધા[5] જો તેને તમારા સર્વ વઝીફાઓ સાથે તોલવામાં આવે જે તમે આખા દિવસમાં પઢ્યા, તો એના પર ભારી થઈ જશે[6].*

سبحان اللّٰه و بحمده عدد خلقه ورضا نفسه وزنة عرشه و مداد كلماته[7]

*(મુસ્લિમ)*

**૧.** હઝરત જુવૈરિયહ બિન્તે હારિષ હુઝૂરે અન્વર ﷺના પવિત્ર પત્ની સાહેબા (ઝવજએ મુતહ્હરા) છે. મુસલમાનોનાં મા. આપનું નામ બર્રા હતું, નબી કરીમ ﷺએ બદલીને જુવૈરિયહ રાખ્યું. આપ હિ.સ. ૫માં ગઝવએ મરીસીઈમાં ગિરફતાર થઈને હઝરત ષાબિત બિન કૈસના હિસ્સામાં આવ્યાં. તેમણે આપને મકાતબ કરી આપ્યાં. એની કિતાબતનો બદલો નબી કરીમ ﷺએ અદા કર્યો અને તેમને આઝાદ કરીને તેમની સાથે નિકાહ કર્યા. ૬૫ વરસની ઉમર શરીફ થઈ. રબીઉલ અવ્વલ હિ.સ. ૫૬માં વફાત પામ્યાં رضی اللہ عنہا.

**૨.** એટલે કે હુઝૂરે અન્વર ﷺ ફજરની નમાઝ બાદ આપના દોલતખાનાથી બહાર તશરીફ લઈ ગયા તે વખતે આપ આપના મુસલ્લા પર બેસીને ઝિક્રુલ્લાહ તથા વઝીફા પઢી રહ્યાં હતાં. મસ્જિદથી મુરાદ મુસલ્લો છે, એટલે સજદાગાહ અથવા તે જગા જે ઘરમાં નમાઝ માટે ખાસ કરી લેવામાં આવે.

**૩.** એટલે કે હુઝૂરે અનવર ﷺ ચાશતની નમાઝના સમયે (બપોરના) આપની પાસે પરત આવ્યા તો તેમને એ જ મુસલ્લા પર એ જ પ્રમાણે બેઠેલાં જોયાં. અલ્લાહુ અકબર ! આ છે અઝવાજે પાકનો ઈબાદતનો શોખ.

**૪.** યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ પર પોતાની નેકીઓ જાહેર કરવું રિયા નથી બલ્કે કૃબૂલિયતનો ઝરીયો છે. એ જ પ્રમાણે હુઝૂરે અન્વર ﷺને પોતાના ગુનાહ અર્ઝ કરવા પર્દો ખોલવું નથી બલ્કે માફીનો ઝરીયો છે.

**૫.** એટલે કે અમે તમારી પાસેથી ગયા બાદ આ વઝીફો પઢી લીધો જે અમલમાં ઘણો જ હલકો તથા આસાન છે.

**૬.** એટલે કે જો કાલે કૃયામતમાં રબ તઆલા મીઝાનના એક પલ્લામાં તમારો આજનો આખા દિવસનો આ વઝીફો રાખે અને બીજા પલ્લામાં મારા આ કલમા રાખે તો સવાબમાં આ કલમા વધી થશે.

**૭.** એનો મતલબ એ છે કે હું રબ તઆલાની એવી તસ્બીહ કરું છું જે તમામ મખ્લૂકની બરાબર હોય, તેની રઝા (રાજીપા)નો સબબ હોય, તેના અર્શની ઝીનત હોય અને કલેમાતે ઈલાહીની જે રોશનાઈ (શાહી) છે એના બરાબર હોય. આ સમૃદ્ધ શબ્દોમાં સર્વ ચીજો આવી ગઈ, કોઈ ચીજ બાકી ન રહી, જેથી આ જામેઅ વઝીફો છે, એટલા માટે

એનો અજર (સવાબ) પણ વધારે છે.

★ હદીષ : (૯)-૨૩૦૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: " من قَالَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ فِي يَوْمٍ مِائَةَ مَرَّةٍ كَانَتْ لَهُ عَدْلَ عَشْرِ رِقَابٍ وَكُتِبَتْ لَهُ مِائَةُ حَسَنَةٍ وَمُحِيَتْ عَنْهُ مِائَةُ سَيِّئَةٍ وَكَانَتْ لَهُ حِرْزًا مِنَ الشَّيْطَانِ يَوْمَهُ ذَلِكَ حَتَّى يُمْسِيَ وَلَمْ يَأْتِ أَحَدٌ بِأَفْضَلَ مِمَّا جَاءَ بِهِ إِلَّا رَجُلٌ عَمِلَ أَكْثَرَ مِنْهُ "

*"હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જો એક દિવસમાં સો વાર આવું કહી લે[૧] અલ્લાહના એકલાના સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી, તેનો જ મુલ્ક છે, તેની જ તારીફ છે, તે દરેક ચીજ પર ક઼ાદિર (શક્તિમાન) છે, તેના માટે દસ ગુલામ આઝાદ કરવાના બરાબર થશે[૨] અને તેના માટે સો નેકીઓ લખવામાં આવશે અને તેના સો ગુનાહ માફ કરવામાં આવશે, અને તે દિવસે દિવસભરમાં તેની શૈતાનથી હિફ઼ાઝત થશે, ત્યાં સુધી કે સાંજ પામી લે[૩]. અને કોઈ શખ્સ એનાથી બેહતર અફ઼ઝલ અમલ ન કરી શકશે એના સિવાય કે જે એનાથી વધારે એને પઢી લે[૪].*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** ચાહે એકદમ એક જ મજલિસમાં સો વાર કહે અથવા વિવિધ સમયે અને વિવિધ મજલિસોમાં કરે. સારાંશ કે ૨૪ કલાકમાં આ ગણત્રી પૂર્ણ કરે. (મિર્ક઼ાત)

**૨.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે આ તે તૌહીદનો કલમો છે જેના વિશે કુર્આને કરીમ ફર્માવે છે : مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ طَيِّبَةٍ أَصْلُهَا ثَابِتٌ وَّفَرْعُهَا فِي السَّمَاءِ (શું તમે ન જોયું અલ્લાહે કેવું દષ્ટાંત વર્ણવ્યું પાકીઝા વાતનું જેમ કે પાકીઝા ઝાડ જેના મૂળો ક઼ાયમ અને ડાળીઓ આસ્માનામાં.'' સૂરએ ઈબ્રાહીમ, ૧૪/૨૪)

**3.** એનાથી નિર્દેશ રૂપે જણાય રહ્યું છે કે જો બંદો રાતમાં આવું પઢી લીધા કરે તો સવાર સુધી શૈતાનથી મહેફૂઝ રહેશે. પણ કેમ કે બંદો દિવસમાં જાગે છે અને જાગતામાં જ શૈતાન અધિક ગુનાહ કરાવે છે એટલા માટે દિવસનો ઉલ્લેખ કર્યો. જો કે આ કલમા એક સાથે અથવા અલગ અલગ દરેક સમયે પઢવા દુરુસ્ત છે, પરંતુ સવારના સમયે એક સાથે પઢવા અફ઼ઝલ છે. જેથી દિવસભર શૈતાનથી મહેફૂઝ રહે. આ તાષીર તો સો વખત પઢવાની છે, જો એનાથી અધિક પઢે તો અધિક ફાયદો થશે. સારાંશ કે આ અમલ ખૂબ જ તાષીરથી ભરપુર છે. (મિર્ક઼ાત)

**૪.** એની શરહ અગાઉ વર્ણન થઈ ચૂકી છે એટલે કે કોઈ વિર્દો વઝીફ઼ા પઢનારો ન એના જેવો વઝીફો પઢી શકશે ન એના જેવો વઝીફ઼ાનો સવાબ પામી શકશે. આ ફઝીલત બીજા વઝીફ઼ાઓથી છે.

★ હદીષ : (૧૦)-૨૩૦૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ قَالَ: كُنَّا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَفَرٍ فَجَعَلَ النَّاسُ يَجْهَرُونَ بِالتَّكْبِيرِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એક સફરમાં હતા તો લોકો મોટા અવાજે તકબીર કહેવા લાગ્યા[૧] એના પર હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, હે લોકો ! તમારી જાનો પર નરમી કરો[૨] તમે લોકો ન*

أَيُّهَا النَّاسُ ارْبَعُوا عَلَى أَنْفُسِكُمْ إِنَّكُمْ لَا تَدْعُونَ أَصَمَّ وَلَا غَائِبًا إِنَّكُمْ تَدْعُونَ سَمِيعًا بَصِيرًا وَهُوَ مَعَكُمْ وَالَّذِي تَدْعُونَهُ أَقْرَبُ إِلَى أَحَدِكُمْ مِنْ عُنُقِ رَاحِلَتِهِ» قَالَ أَبُو مُوسَى: وَأَنَا خَلْفَهُ أَقُولُ: لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ فِي نَفْسِي فَقَالَ: «يَا عَبْدَ اللَّهِ بْنَ قَيْسٍ أَلَا أَدُلُّكَ عَلَى كَنْزٍ مِنْ كُنُوزِ الْجَنَّةِ؟» فَقُلْتُ: بَلَى يَا رَسُولَ اللَّهِ قَالَ: «لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ»

*બહેરાને પુકારો છો, ન ગાયબને, તમે તો સમીઅ (સાંભળનાર) તથા બસીર (જોનાર)ને પોકારી રહ્યા છો[3] જે તમારી સાથે છે. જેને તમે પોકારી રહ્યા છો તે તમારામાંથી દરેકની સવારીની ગરદનથી પણ અધિક નજીક છે[4]. અબૂ મૂસા ફર્માવે છે કે હું હુઝૂરે અન્વર ﷺની પાછળ હતો. મારા દિલમાં કહી રહ્યો હતો : لا حول ولا قوة الا باالله તો હુઝૂરે ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ! હું તમને જન્નતના ખજાનાઓમાં એક ખજાના પર રહબરી ન કરું? મેં અર્ઝ કરી, હા! યા રસૂલલ્લાહ! ﷺ ફર્માવ્યું : ولاحول ولا قوة الا باالله છે[5]."*

**૧.** એ રીતે કે જોશની સાથે તકબીરના નારા લગાડવા લાગ્યા. નારએ તકબીર اَللّٰهُ اَكْبَر એ નારા બરકતના માટે હતા ન કે કોઈ ખુશીના કારણે, જેવું કે આગલા વિષયથી જાહેર છે. આ સફર ગઝવએ ખૈબરનો હતો. હુઝૂરે અન્વર ﷺ સહાબાએ કિરામ સાથે ખૈબર ફતહ કરવા તશરીફ લઈ જઈ રહ્યા હતા, જેમ કે બીજા સ્થળો પર એની સ્પષ્ટતા છે.

**૨.** અહીં શયખે લમ્આત તથા અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે નારએ તકબીરથી હુઝૂરે અન્વર ﷺનું મના ફર્માવવું એટલા માટે ન હતું કે ઝિક્ર બિલ્ જહ્ર (જોરથી ઝિક્ર) મના છે, બલ્કે એટલા માટે હતું કે સહાબા પર સફર કરતી વખતે આ નારા તકલીફનો સબબ હતો. એટલા માટે ફર્માવ્યું, પોતાની જાનો પર નરમી કરો, નહીં તો ઘણા મોકા પર **સહાબાએ કિરામ બલ્કે ખુદ હુઝૂરે અન્વર ﷺ ખૂબ જ મોટા અવાજે ઝિક્રે ઈલાહી કરતા હતા.** જેમ કે **જમાઅતની નમાઝ બાદ જોરથી ઝિક્ર કરતા હતા.** સહાબા હુઝૂરે અન્વર ﷺના વઅઝ દરમિયાન નરમ તકબીર લગાડતા હતા. તેમજ આ સફરમાં હુઝૂરે અન્વર ﷺના ઈરાદો એ હતો કે ખૈબર પર આપણે અચાનક જઈ ચડીયે કે લોકોને આ હુમ્લાની ખબર પણ ન થઈ શકે કે જેથી કાફિરો તૈયારી ન કરી શકે, અને ખૂબ જ ઓછો ખૂન ખરાબો થાય અને ખૈબર ફતહ થઈ જાય. આ નારાથી એ હેતુ પાર ન પડતો. સારાંશ ઝિક્ર બિલ જહ્ર મના કરનારાઓની આ હદીષ દલીલ નથી બની શક્તી. ઝિક્ર બિલ્ જહરની સંપૂર્ણ તેહકીક અમારી કિતાબ "જા અલ હક્ક" ભાગ–૧માં જુઓ.

**૩.** અહીં ઝિક્ર બિલ જહ્ર (જોરથી ઝિક્ર) લાભદાયી નથી. રબ તઆલા તો આહિસ્તા (ધીમા અવાજનું) ઝિક્ર પણ સાંભળે છે. બલ્કે તમને નુકસાનકર્તા છે કે તમે અત્યારે ઝિક્રથી થાકી જશો અને તમારો દુશ્મન તમારા આગમન પર માહિતગાર થઈ જશે, એટલા માટે ધીમેથી ઝિક્ર કરો.

**૪.** એનાથી જાણવા મળ્યું કે એટલા માટે ચીસ પાડીને (જોરથી) અલ્લાહનું ઝિક્ર કરવું કે ખુદા તઆલા આહિસ્તા ઝિક્ર નથી સાંભળી શકતો એ મના છે, બલ્કે બદ્અકીદગી છે. ઝિક્ર બિલ્ જહ્ર તો પોતાના નફ્સ અને અન્ય ગાફિલોને જગાડવા, શૈતાનને ભગાડવા, દરો દીવારને ગવાહ બનાવવાના માટે હોય છે, પણ આ મોકા પર નુકસાનકર્તા છે. યાદ રાખશો કે અલ્લાહ તઆલાનું આપણી ધોળી નસથી પણ નજીક હોવાનો અર્થ એ છે કે તેનો ઈલ્મ, કુદરત,

રહમત નજીક છે, નહીં તો હક્ક્ તઆલા જગાની નિકટતાથી પાક છે. એની તફસીર આ આયત છે : إِنَّ رَحْمَتَ اللهِ قَرِيبٌ مِّنَ الْمُحْسِنِيْنَ (બેશક ! અલ્લાહની રહમત નેકોથી નજીક છે. –સૂરએ અઅ્રાફ, ૭/૫૬)

**૫.** એટલે કે તમે જે પોતાના દિલમાં لاحول શરીફ પઢી રહ્યા છો અમે એના પર માહિતગાર છીએ અને એના ફઝાઈલની તમને માહિતી આપીએ છીએ. યાદ રાખશો કે لاحول શરીફમાં માણસ પોતાની અત્યંત લાચારીનો સ્વીકાર તથા રબ તઆલાની અત્યંત કુદરતનો સ્વીકાર કરે છે. એ જ બંદગીનો આધાર છે. એટલા માટે એ જન્નતનો ખજાનો છે. حول નો અર્થ છે જાહેર શક્તિ قوۃ નો અર્થ છે બાતિની શક્તિ. અથવા قوۃ થી મુરાદ છે બુરાઈ દૂર કરવાનો હીલો અને قوت થી મુરાદ છે ભલાઈ હાંસલ કરવાનો ઝરીયો. એટલે કે બંદામાં રબ તઆલાની મદદ વિના ન જાહેરી શક્તિ છે ન આંત્રિક શક્તિ. તેના કરમ વિના બંદો ન ગુનાહોથી બચી શકે છે ન નેકીઓ કરી શકે છે. એનાથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાની દૈન, તેના કરમથી બંદામાં જાહેરી તથા આંત્રિક શક્તિઓ આવી શકે છે. જેમ કે અવલિયા તથા અંબિયાની કરામતો તથા મો'જિઝાથી માલૂમ પડે છે. હઝરત સુલૈમાને ત્રણ માઈલ દૂરથી કીડીનો અવાજ સાંભળીને સમજી લીધો. હઝરત આસિફ બિન બર્ખિયા પળવારમાં યમનથી બિલ્કીસનો તખ્ત લઈ આવ્યા. આ રબ્બાની તાકતો તથા રહમાની અતાથી હતું. વીજળીના બલ્બ, પંખા, મશીનો વગેરે પાવર સપ્લાય વિના તદ્દન બેકાર છે. પાવર આવી જાય તો ખૂબ જ શક્તિવાન બની જાય છે. વીજળીનો તાર માણસ શું હાથીને મારી નાખે છે. કુર્આને કરીમમાં જે من دون الله ની બુરાઈઓ આવે છે, એ તેઓ જ છે જે ખુદાથી અલગ અને દૂર છે. રબ તઆલાએ ફર્માવ્યું : وَجَدَ مِنْ دُوْنِهِمُ امْرَاَتَيْنِ تَذُوْدٰنِ (અને એમનાથી એ રીતે બે સ્ત્રીઓને જોઈ કે પોતાનાં જાનવરોને રોકી રહી છે. સૂરએ કસસ, ૨૮/૨૩) એટલે કે મૂસા علیہ السلام એ પુરૂષોથી અલગ દૂર બે સ્ત્રીઓને જોઈ જે પોતાનાં જાનવરોને પકડીને ઉભી હતી. જુઓ دون નો અર્થ અલગ અથવા દૂર છે. હુઝૂરે અન્વર ﷺ એ એ કલામને ખજાનો એટલા માટે ફર્માવ્યો કે આ કલમા જન્નતી નેઅમતોના ખજાના મળવાનો સબબ છે, અથવા અલ્લાહ તઆલાએ બીજી કૌમથી આ કલમા એવા છુપાવ્યા હતા જેવી રીતે ખજાના ગૈરોમાં છુપાવવામાં આવતા હતા.

## (વિભાગ : ૨) الفصل الثانی

**★ હદીષ : (૧૧)-૨૩૦૪ ★**

عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ قَالَ سُبْحَانَ اللَّهِ الْعَظِيمِ وَبِحَمْدِهِ غُرِسَتْ لَهُ نَخْلَةٌ فِي الْجَنَّةِ» . رَوَاهُ التِّرْمِذِيّ

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે سبحان الله العظيم و بحمده પઢે તેના માટે જન્નતમાં ઝાડ રોપવામાં આવે છે[૧]. (તિર્મિઝી)*

**૧.** જન્નતની અમુક જમીન તો મેવાઓ ફૂલોના ઝાડોથી ભરેલી છે. અમુક જમીન ખાલી છે. એ ખાલી જમીનમાં આપણા નેક અમલો ઝાડોના રૂપે પ્રદર્શિત થાય છે. અહીં એ ખાલી જમીનનો ઉલ્લેખ છે. જન્નતમાં બાગો તો છે પણ ખેતરો નથી, કેમ કે ખેતરમાં દાણા હોય છે જે ખોરાકના કામ આવે છે. ત્યાં ન ભૂખ છે ન ખોરાકની જરૂરત. બાગોમાં ફળફૂલ હોય છે જેનાથી લિજ્જત માણવામાં આવે છે. સર્વ ઝાડોમાં ખજૂરનું ઝાડ ખૂબ જ લાભદાયી તથા સ્વાદિષ્ટ છે એટલા માટે لاحول શરીફથી ખજૂર થાય છે.

**★ હદીષ : (૧૨)-૨૩૦૫ ★**

وَعَنِ الزُّبَيْرِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ صَبَاحٍ يُصْبِحُ الْعِبَادُ فِيهِ إِلَّا مُنَادٍ يُنَادِي سَبِّحُوا الْمَلِكَ القدوس» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત ઝુબૈર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એવી કોઈ સવાર નથી જેને બંદા પામે પણ એક પોકારનાર પોકારે છે કે પાક બાદશાહની તસ્બીહ પઢી લો[૧]. (તિર્મિઝી)*

**૧.** એટલે કે દરેક સવારે ફરિશ્તો આ અવાજ આપે છે કે અત્યારે તસ્બીહ પઢો અથવા આજે દિવસભર પઢતા રહેજો. કેમ કે સવારના સમયે દરેક મખ્લૂક તસ્બીહ કરે છે. એટલા માટે ખાસ કરીને માણસોને આ એલાન થાય છે કે તમે અશરફુલ મખ્લૂક છો તો અન્ય મખ્લૂકથી પાછળ ન રહો. તેમજ કેમ કે હુઝૂરે અન્વર ﷺએ આ પોકાર આપણા સુધી પહોંચાડી આપી. એટલા માટે ફરિશ્તાનું પોકારવું બેકાર ન ગયું. જેથી હદીષ પર આ વાંધો નથી કે જ્યારે આપણે ફરિશ્તાનો અવાજ સાંભળતાં જ નથી તો એના પોકારવાથી શો ફાયદો ?! બાદશાહનાં ફર્માન પબ્લિક સુધી વર્તમાન પત્રો, હાકિમો વગેરેના થકી પહોંચતા રહે છે. તસ્બીહ કરવાથી મુરાદ ક્યાં તો મુત્લકન (બિનશર્તી) કોઈપણ તસ્બીહ પઢી લેવું છે سبحان الملك القدوس અથવા આ પઢવું છે : سبحان الله وبحمده سبحان الله العظيم અથવા આ પઢવું છે : سُبُّوحٌ قُدُّوسٌ رَّبُّنَا وَرَبُّ الْمَلٰئِكَةِ وَالرُّوحِ (મિર્કાત)

**★ હદીષ : (૧૩)-૨૩૦૬ ★**

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَفْضَلُ الذِّكْرِ: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَفْضَلُ الدُّعَاءِ: الْحَمْدُ لِلَّهِ ". رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બુઝુર્ગતરીન (શ્રેષ્ઠ) ઝિક્ર لا اله الا الله છે[૧] અને બુઝુર્ગતરીન દુઆ الحمد لله છે." (તિર્મિઝી તથા ઈબ્ને માજહ)*

**૧.** لا اله الا الله થી મુરાદ પૂરો કલમો શરીફ છે એટલે કે محمد رسول الله صلی الله علیه وسلم ની સાથે. નહીં તો કેવળ لا اله الا الله તો ઘણા મુવહ્હિદ કાફિરો બલ્કે ઈબ્લીસ પણ પઢે છે. તે મુશ્રિક નથી મુવહ્હિદ છે જે ચીજથી મો'મિન બને છે તે છે : محمد رسول الله. કેમ કે કલમા શરીફથી કુફ્રની ગંદકી દૂર થાય છે. એનાથી ગફલત જતી રહે છે, દિલમાં જાગૃતિ આવે છે, એ હમ્દે ઈલાહી તથા નેઅમતે મુસ્તફવીનો સમૂહ છે, એટલા માટે એ ઝિક્રોમાં અફઝલ છે. સૂફિયાએ કિરામ ફર્માવેછે કે **દિલની સફાઈ માટે કલ્મએ તૈયિબહ અકસીર છે.**

**૨.** દુઆમાં કરીમની તારીફ અને પોતાની હાજતની અરજ હોય છે. الحمد لله માં બંનેવ ચીજો મૌજૂદ છે એટલા માટે الحمد ને બેહતરીન દુઆ કહેવામાં આવી. જ્યારે ભીખારી સખીના દરવાજે ઉભો રહીને તેની પ્રશંસા કરવા લાગે તો સમજો કાંઈક માગી રહ્યો છે. એ જ પ્રમાણે જ્યારે આપણે ફકીર, રબ્બે કરીમના દરવાજા પર તેની હમ્દો ષના કરીએ તો એના પર્દા હેઠળ એનાથી માગીએ જ છીએ. સૂરએ ફાતિહાને ام القرآن (ઉમ્મુલ કુર્આન) કહે છે, કેમ કે એ الحمد لله થી શરૂ થાય છે.

**★ હદીષ : (૧૪)-૨૩૦૭ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْحَمْدُ رَأْسُ الشُّكْرِ مَا شَكَرَ اللَّهَ عَبْدٌ لَا يحمده»

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હમ્દ શુક્રનું માથુ છે[૧] જે બંદાએ ખુદાની હમ્દ ન કરી તેણે રબનો શુક્ર જ ન કર્યો[૨]."*

**૧.** જેથી જે શુક્ર હ્મ્દ વિના થાય તો શુક્ર સહીહ નથી, જેમ કે માથા વિનાનુ શરીર હકીકતમાં શરીર જ નથી.

**૨.** અમુક સૂફીઓ ફર્માવે છે કે શુક્રની અસલ જગા દિલ તથા જાહેરી અંગો છે. દિલથી રબની નેઅમતોનો સ્વીકાર અને અંગો વડે ઈબાદત એ શુક્ર છે. અને હમ્દની અસલ જગા જીભ છે, અને દિલ વગેરે લોકોથી છુપાં છે ઝબાન લોકો પર જાહેર અને શુક્રમાં પ્રદર્શિત કરવું મૂળ હેતુ છે. એટલા માટે હમ્દને શુક્રનું માથુ ઠરાવવામાં આવ્યું કે શુક્રનો હેતુ હમ્દથી અદા થાય છે. (મિર્કાત) سبحان الله ખૂબ જ ઉમદા તેહકીક છે. રબ તઆલા ફર્માવે છે : وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ (અને પોતાના રબની નેઅમતની ખૂબ ચર્ચા કરો. સૂરએ દુહા, ૯૩/૧૧) આ છે કામિલ શુક્ર, અને ચર્ચા જીભથી થાય છે.

**★ હદીષ : (૧૫)-૨૩૦૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَوَّلُ مَنْ يُدْعَى إِلَى الْجَنَّةِ يَوْمَ الْقِيَامَةِ الَّذِينَ يَحْمَدُونَ اللَّهَ فِي السَّرَّاءِ وَالضَّرَّاءِ» . رَوَاهُمَا الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَان

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલલલાહ ﷺ એ ફર્માવ્યું, જેમને કયામતના દિવસે સૌ પ્રથમ જન્નતની તરફ બોલાવવામાં આવશે, તેઓ હશે જેઓ ખુશી તથા ગમમાં અલ્લાહની હમ્દ કરે છે[૧] આ બંને હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.*

**૧.** એ રીતે કે દરેક હાલતમાં રબની હમ્દ કરતા રહે છે. સંજોગોની તબદીલી એમને નથી બદલતી. રાઝી બ રઝા રહે છે. કેમ કે એ લોકો રબથી રાજી રહ્યા, જેથી રબ પણ તેમનાથી રાજી રહ્યો, તેઓ રબની થોડી રોજીથી રાજી રહ્યા તો રબ તેમની થોડી ઈબાદતથી રાજી થયો. તેઓ રબના મોકલેલા રંજો ગમ પર રાજી તો તેમનાથી ગુનાહ થઈ જવાથી રબ પણ રાજી. ફર્માવે છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ (અલ્લાહ એમનાથી રાજી અને તે અલ્લાહથી રાજી. સૂરએ માઈદા, ૫/૧૧૯) અલ્લાહ તઆલા આ દરજો નસીબ કરે. (આમીન)

**★ હદીષ : (૧૬)-૨૩૦૯ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَالَ مُوسَى عَلَيْهِ السَّلَامُ: يَا رَبِّ عَلِّمْنِي شَيْئًا أَذْكُرُكَ بِهِ وَأَدْعُوكَ بِهِ فَقَالَ: يَا مُوسَى قُلْ: لَا إِلَهَ إِلَّا اللَّهُ فَقَالَ: يَا رَبِّ كلّ عبادك يقولُ هَذَا إِنَّما أيد شَيْئًا تَخُصُّنِي بِهِ قَالَ: يَا مُوسَى لَوْ أَنَّ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મૂસા علیہ السلام એ અર્ઝ કરી હતી, મને બે ચીજો શીખવાડ જે તને યાદ કર્યા કરું અથવા જેના થકી તારાથી દુઆ કરું[૧] રબે ફર્માવ્યું, હે મૂસા ! કહો : لا اله الا الله પછી અર્ઝ કરી, યા રબ ! એ તો તારા સર્વ બંદા કહે જ છે, હું તો કોઈ એવી ખાસ ચીજ ચાહું છું જેનાથી તું મને ખાસ કરે[૨]. ફર્માવ્યું, હે મૂસા ! જો સાતેવ આસ્માન અને મારા*

السَّمَاوَاتِ السَّبْعَ وَعَامِرَهُنَّ غَيْرِي وَالْأَرَضِينَ السَّبْعَ وُضِعْنَ فِي كِفَّةٍ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ فِي كِفَّةٍ لَمَالَتْ بِهِنَّ لَا إِلَهَ إِلَّا اللَّهُ ". رَوَاهُ فِي شرح السّنة

*સિવાય તેમની આબાદી, અને સાતેવ જમીન એક પલ્લામાં રાખી દેવામાં આવે[3] અને لا اله الا الله બીજા પલ્લામાં, તો એ સૌના પર لا اله الا الله ભારે થશે[4]." (શર્હે સુન્નહ)*

**૧.** એટલે કે હે મૌલા ! મને ખાસ ઝિક્ર તથા દુઆ વહીના થકી અથવા ઈલ્હામ થકી શીખવાડ, સામાન્ય ઝિક્ર તથા દુઆઓ તો તેં મને ઘણી અતા કરી છે. જેથી હદીષ પર એ સવાલ નથી થઈ શકતો કે શું હજી સુધી મૂસા عليه السلامને ઝિક્ર તથા દુઆ માલૂમ ન હતી ! એનું સમર્થન આગલા લખાણથી થાય છે.

**૨.** કેમ કે માનવ પ્રકૃતિ છે કે આમ નેઅમતના કરતાં ખાસ નેઅમતથી અધિક ખુશ થાય છે, ભલે આમ નેઅમતનો લાભ અધિક જ હોય. જુઓ હવા, પાણી, મીઠુ વગેરેની સરખામણીમાં સોનુ, ચાંદી, જવાહિરથી અધિક ખુશ થાય છે. પંજગાના નમાઝ કરતાં ઈદની નમાઝની ખુશી મનાવે છે, એટલા માટે આપે આ સવાલ કર્યો. જેથી હદીષ પર વાંધો નથી કે હઝરત મૂસા عليه السلام કલમાથી ખુશ ન થયા. બલ્કે અલ્લાહ તઆલાએ આ સવાલ મૂસા عليه السلامના દિલમાં ખુદ જ નાખ્યો હતો જેથી એના જવાબથી લોકોને કલમા તયબહના મસાઈલની ભાળ મળે. યાદ રાખશો કે અહીં لا اله الا اللهથી મુરાદ કેવળ આ જ શબ્દો છે, કેમ કે શરીઅતે મૂસવીમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلى الله عليه وسلم દાખલ થયેલ ન હતું. આ હિસ્સો તો દીને મુહમ્મદીની વિશિષ્ટતા છે.

**૩.** જવાબનો ખુલાસો એ છે કે હે મૂસા ! તમો કોઈ ખાસ અમલ તથા વઝીફો એવો ચાહો છો જે لا اله الا الله કરતાં અફઝલ હોય તો એવો કોઈ વઝીફો નથી. સર્વમાં બેહતર તથા અફઝલ આ જ કલમો છે. સાતેવ જમીન તથા આસ્માન અને તેના રહેવાસીઓમાં માણસો, જાનવરો તથા તેમના સર્વ અમલો સામેલ છે, જેથી તમામ વઝીફા, અવરાદ, ઈબાદતો સૌથી કલ્મએ તૈયિબહ અફઝલ થયો. કેમ કે રબનું નામ મખ્લૂકથી અફઝલ તથા બેહતર છે. હા ! આ કલમાથી વિવિધ લોકો વિવિધ ફાયદા ઉઠાવે છે. જેટલે સુધી તેની સમજ તથા અમલ વધારે ત્યાં સુધી તેનો ફયઝ વધારે. આપણા કલમો પઢવા કરતાં હુઝૂરે અન્વર صلى الله عليه وسلمનું કલમો પઢવું કેટલાય અંશે અફઝલ તથા બેહતર છે. એ જ હાલ સર્વ ઈબાદતોનો છે. (અઝ : મિર્કાત)

**૪.** એટલે કે આ કલમાનું મઝમૂન (વિષય) અને તેનો સવાબ સર્વ મખ્લૂક કરતાં અધિક વજની છે, એ શર્તે કે ઈખ્લાસ સાથે પઢવામાં આવે. નહીં તો મુનાફિકો પણ કલમો પઢતા હતા. આજે પણ અમુક મુશ્રિકો કલમો પઢી લે છે, તો તેમના કલમાનું ન વજન છે ન સવાબ. વજન કેવળ શબ્દોનું જ નથી. એનો વિષય શું છે ? અલ્લાહ તઆલાની વહદાનિયત (અલ્લાહનું એક હોવું) આ સર્વ અલ્લાહની સિફતોમાંથી આ'લા સિફત છે. તે સર્વ ખલ્કથી આ'લા છે. ફકીર (લેખક)ની આ તકરીરથી એ વાંધો ઉઠી ગયો કે અંબિયાએ કિરામ, ખાસ કરીને હુઝૂર સૈયદુલ અંબિયા صلى الله عليه وسلم તો અશરફુલ ખલ્ક છે અને આ શબ્દો لا اله الا الله પણ ખલ્કમાં સામેલ છે. તો નબી તેમનાથી પણ અફઝલ હોવા જોઈએ. કેમ કે એ શબ્દો ખલ્ક છે પણ તેમનું મઝમૂન એટલે કે રબની વહદાનિયત ખલ્ક નથી, રબની સિફત છે. જેમ કે હુઝૂરે અન્વર صلى الله عليه وسلم કુર્આનના શબ્દો કરતાં અફઝલ છે પણ કુર્આન કલામે ઈલાહી હુઝૂરે અન્વર صلى الله عليه وسلم કરતાં અફઝલ છે, કેમ કે તે સિફતે ઈલાહી છે. એ જ પ્રમાણે કુર્આનના શબ્દો હુઝૂરે અન્વર صلى الله عليه وسلمના તાબે છે કે હુઝૂરે અન્વર અરબી صلى الله عليه وسلم છે તો કુર્આન પણ અરબી છે. જ્યારે હુઝૂરે અન્વર صلى الله عليه وسلم મક્કી હતા તો કુર્આની આયતો મક્કી થઈ.

જ્યારે હુઝૂરે અન્વર ﷺ મદની થઈ ગયા તો કુર્આની આયતો પણ મદની થઈ ગઈ. પણ કુર્આનના મઝમૂન (વિષય)ની હુઝૂરે અન્વર ﷺ ઈત્તેબાઅ્ (અનુસરણ) કરે છે.

**★ હદીષ : (૧૭)-૨૩૧૦ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ وَأَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ صَدَّقَهُ رَبُّهُ قَالَ: لَا إِلَهَ إِلَّا أَنَا وَأَنَا أَكْبَرُ وَإِذَا قَالَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ يَقُولُ اللَّهُ: لَا إِلَهَ إِلَّا أَنَا وَحْدِي لَا شَرِيكَ لِي وَإِذَا قَالَ: لَا إِلَهَ إِلَّا اللَّهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ قَالَ: لَا إِلَهَ إِلَّا أَنَا لِيَ الْمُلْكُ وَلِيَ الْحَمْدُ وَإِذَا قَالَ: لَا إِلَهَ إِلَّا الله وَلَا وحول وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ قَالَ: لَا إِلَهَ إِلَّا أَنَا لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِي " وَكَانَ يَقُولُ: «مَنْ قَالَهَا فِي مَرَضِهِ ثُمَّ مَاتَ لَمْ تَطْعَمْهُ النَّارُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه

*''હઝરત અબૂ સઈદ તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે કહે છે : لا الہ الا اللہ واللہ اکبر તો રબ તઆલા તેનું સમર્થન કરે છે. કહે છે કે ખરેખર મારા સિવાય કોઈ મઅબૂદ નથી અને હું ઘણો મહાન છું[૧] અને જ્યારે બંદો કહે છે કે એકલા અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો કોઈ શરીક નથી. તો રબ ફર્માવે છે, ખરેખર મારા સિવાય કોઈ મઅબૂદ નથી, હું એકલો છું, મારો કોઈ શરીક નથી[૨]. અને જ્યારે બંદો કહે છે, અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તેનો મુલ્ક છે, તેની તારીફ છે. તો રબ ફર્માવે છે, ખરેખર મારા સિવાય કોઈ મઅબૂદ નથી, મારો જ મુલ્ક છે, મારી જ તારીફ છે[૩] જ્યારે બંદો કહે છે, અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, અલ્લાહ વિના ન શક્તિ કુવ્વત. તો રબ ફર્માવે છે, ખરેખર મારા સિવાય કોઈ મઅબૂદ નથી. મારા વગર ન કુવ્વત છે ન તાક઼ત[૪]. હુઝૂર ફર્માવતા હતા કે જે આ શબ્દો પોતાની બીમારીમાં કહે પછી મરી જાય તો તેને આગ સળગાવશે નહીં.''*

*(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે રબ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે મારો ફલાણો બંદો આ પઢી રહ્યો છે અને તે સાચો છે. સાચુ કહી રહ્યો છે ! سبحان اللہ બંદાની ખુશનસીબી છે કે તેની થોડી સરખી હોટોની હરકતથી તેનો ઝિક્ર બારગાહે રબ્બુલ આલમીનમાં ફરિશ્તાઓની સામે આવી જાય અને સાથમાં ખુદ રબ તઆલા સમર્થન પણ કરે.

**૨.** એટલે આ બંદો તે ગવાહી આપી રહ્યો છે જેની હું તથા મારા ફરિશ્તા અને મારી સર્વ મખ્લૂક઼ ગવાહી આપી રહી છે. યાદ રાખશો કે સર્વ નેકીઓ કેવળ બંદા કહે છે પણ ગવાહી તૌહીદની, હુઝૂર પર દુરૂદ (ﷺ), હુઝૂરે અન્વર ﷺની ઈજ્જત અફઝાઈ, હુઝૂરે અન્વર ﷺની મીલાદખ્વાની એ અમલો છે જે રબ તઆલા ફરિશ્તાઓ અને સર્વ મખ્લૂક઼ના અમલ છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللہَ وَ مَلٰٓئِکَتَہٗ یُصَلُّوۡنَ عَلَی النَّبِیِّ (બેશક ! અલ્લાહ તથા તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે એ ગયબ બતાવનાર (નબી) પર. સૂરએ અહઝાબ, ૩૩/૫૬) અલ્લાહ તઆલાએ કોઈ નેકીના હુકમમાં પોતાનો તથા પોતાના ફરિશ્તાઓનો ઉલ્લેખ નથી કર્યો દુરૂદ શરીફ સિવાય. سبحان اللہ ! તૌહીદનો કલમો એવી પાકીઝા નેઅમત છે કે રબ તઆલા પણ એમાં શિર્કત કરે છે.

**૩.** મુલ્ક તથા મલકૂતનો ફરક પ્રથમ વર્ણન થઈ ચૂક્યો છે. મુલ્ક તો મજાઝન બાદશાહનો પણ થઈ જાય છે પણ મલકૂત એ ચીજ છે કે રબ તઆલા સિવાય કોઈના કબજામાં નથી. અહીં لی الملك માં હસ્ર હકીકતના લેહાઝથી છે એટલે કે હકીકતમાં મુલ્ક મારો જ છે ટેમ્પરરી તૌર પર મજાઝન જેને મુલ્ક મળ્યો તે મારી અતાથી મળ્યો. (શેઅર)

در حقیقت مالک ہر شئے خدا است — ایں امانت چند روزہ نزدما است

**અર્થાત :** હકીકતમાં દરેક વસ્તુનો માલિક અલ્લાહ તઆલા છે, આ અમાનત (અલ્લાહની આપેલી નેઅમતો) આપણા પાસે થોડા દિવસો માટે છે.

**૪.** હૌલ તથા કુવ્વતનો ઉમદા ફરક હમણા થોડાક ઉપર વર્ણન થઈ ચૂક્યો અને લા હૌલ શરીફના ફાયદા વર્ણવવામાં આવી ચૂક્યા. બંદો રબથી કપાયને કાંઈ જ નથી ન એનામાં હૌલ રહે છે ન કુવ્વત, પણ રબથી વાસિલ થઈ સર્વ કાંઈ બની જાય છે કે એનામાં હૌલ પણ આવે છે અને કુવ્વત, પણ **ટીપુ દરિયાથી અલગ હોય તો કાંઈ નથી પણ દરિયામાં મળી જતાં જ એમાં વહેણ, તુફાન, વિપુલતા સર્વ કાંઈ આવી જાય છે. અરીસો સાયામાં રહે તો કાંઈ નથી પણ સૂર્ય સામે હોય તો તેમાં કિરણો, પ્રકાશ, તીવ્રતા, તડકો સર્વ કાંઈ આવી જાય છે.** الا باللّٰه માં بની છે એટલે અલ્લાહથી મળીને બંદામાં હૌલ તથા કુવ્વત સર્વ કાંઈ આવી જાય છે.

**૫.** એટલે તેને કબ્ર, હશ્ર તથા હશ્રથી પરવાર્યા બાદ કદી આગનો અઝાબ ન થશે અને જ્યારે તે પુલસિરાતથી પસાર થઈ ગયો તો આગની એના પર અસર ન થશે. سبحان اللّٰه ! આ કલમા એવો રૂહાની મસાલો છે જેને લાગી જવાથી જહન્નમની આગ અસર નથી કરતી.

**★ હદીષ : (૧૮)-૨૩૧૧ ★**

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ أَنَّهُ دَخَلَ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى امْرَأَةٍ وَبَيْنَ يَدَيْهَا نَوًى أَوْ حَصًى تُسَبِّحُ بِهِ فَقَالَ: «أَلَا أُخْبِرُكِ بِمَا هُوَ أَيْسَرُ عليكِ مِنْ هَذَا أَوْ أَفْضَلُ؟ سُبْحَانَ اللَّهِ عَدَدَ مَا خَلَقَ فِي السَّمَاءِ وَسُبْحَانَ اللَّهِ عَدَدَ مَا خَلَقَ فِي الْأَرْضِ وَسُبْحَانَ اللَّهِ عَدَدَ مَا بَيْنَ ذَلِكَ وَسُبْحَانَ اللَّهِ عَدَدَ مَا هُوَ خَالِقٌ وَاللَّهُ أَكْبَرُ مِثْلَ ذَلِكَ وَالْحَمْدُ لِلَّهِ مِثْلَ ذَلِكَ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ مِثْلَ ذَلِكَ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ مِثْلَ ذَلِكَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث غَرِيب

*"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તે નબી કરીમ ﷺ ની સાથે એક બીબીની પાસે ગયા જેમની સામે ઠળિયા અથવા કાંકરીઓ હતી જેના પર તે તસ્બીહ પઢી રહ્યાં હતાં. ત્યારે હુઝૂરે ફર્માવ્યું, શું હું તમને એ ચીજ ન બતાવું જે તમારા પર આનાથી આસાન પણ હોય અને બેહતર પણ[3]. અલ્લાહની પાકી બોલું છું એના બરાબર જેને આસ્માનમાં પેદા કર્યા. અને અલ્લાહની પાકી બોલું છું એના બરાબર જેને જમીનમાં પેદા કર્યા. અને અલ્લાહની પાકી બોલુ છું એના બરાબર જે એમના દરમિયાન છે[4]. અને અલ્લાહની પાકી બોલું છું એના બરાબર જેને તે પેદા કરનાર છે, અને અલ્લાહ ઘણો જ મહાન છે. (એ જ પ્રમાણે) સર્વ તારીફો અલ્લાહની છે. (એ જ પ્રમાણે) અને અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી (એ જ પ્રમાણે) અને અલ્લાહના વિના ન કુવ્વત (એ જ પ્રમાણે)[5] (તિર્મિઝી, અબૂ દાઊદ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."*

**૧.** આ બીબી સાહેબા ક્યાં તો હઝરત સઅદનાં મુહર્રમાતમાંથી છે અથવા આ બનાવ પર્દો ફર્ઝ થવા પહેલાંનો છે, અથવા જવાથી મુરાદ કેવળ એમની પાસે પહોંચે છે ન કે એમને બે પર્દા જોવું. શયખે લમ્આત તથા અશિઅહમાં ફર્માવ્યું કે આ બીબી સાહેબા જનાબ ઉમ્મુલ મો'મિનીન જુવૈરિયહ હતાં. رضی اللہ عنہا

**૨.** એટલે તસ્બીહોની એ દાણાઓ પર ગણત્રી કરી રહી હતી. આ હદીષ રિવાજ પામેલ દોરાવાળી તસ્બીહની દલીલ છે. વિખરેલા દાણાઓ (મણકાઓ) તથા દોરામાં પરોવેલ દાણાઓમાં કોઈ ફરક નથી. **હુઝૂર નબી કરીમ ﷺએ એ તસ્બીહ કદી ઉપયોગમાં નથી લીધી. આપ હમેશાં આંગળીઓનાં વેઢાઓ પર ગણત્રી કરતા હતા, પણ એક સહાબિયાને આવું કરતા જોયાં છતાં મના ન કર્યું. જેથી તસ્બીહ સહાબીની અમલી સુન્નત છે.** અને હુઝૂરે અન્વર ﷺની સુન્નતે સુકૂતી (મૌન). મિર્કાતે ફર્માવ્યું, જે લોકોએ આ તસ્બીહને બિદઅત કહ્યું એ ગલત છે. **મશાઈખ ફર્માવે છે કે તસ્બીહ શૈતાન પર કોરડો છે. હઝરત જુનેદ વિલાયતની ટોચે પહોંચીને પણ તસ્બીહ પઢયા કરતા હતા. કોઈએ એનું કારણ પૂછયું તો જવાબ આપ્યો કે એના થકી અમે ખુદા સુધી પહોંચ્યા છીએ તો એને અમે કેવી રીતે છોડીએ !** (મિર્કાત) અમુક બુઝુર્ગ આયતે કરીમાના ખત્મ માટે થેલાઓ અથવા ગુણોમાં બદામો અથવા ઠળિયા ભેગા કરીને રાખતા હતા. તેમની અસ્લ (દલીલ) પણ આ હદીષ છે.

**૩.** આ اَوْ "વાવ"ના અર્થમાં છે. મતલબ એ છે કે એની દુઆમાં તમારો સમય પણ ઓછો ખર્ચ થશે અને તમને આ તકલીફ ઉઠાવવાની જરૂરત પણ ન પડશે અને એ કલમાઓનો સવાબ તમારી આ કાંકરીઓ કરતાં વધુ થશે અથવા اَوْએ بَلْના અર્થમાં છે, ત્યારે તો મતલબ જાહેર છે.

**૪.** મતલબનો ખુલાસો છે કે રબની તસ્બીહ મારી સંખ્યાની ગણત્રીથી બહાર છે, કેમ કે આસ્માન તથા જમીનની આ ચીજો મારા ઈલ્મ તથા પહોંચથી બહાર છે. રબની અતાઓ આપણી ગણત્રીથી બહાર છે. તો તેની તસ્બીહ પણ આપણી ગણત્રીથી બહારની હોવી જોઈએ.

**૫.** એટલે કે ભૂતકાળમાં તથા ભાવિમાં મખ્લૂકાતની સંખ્યા બરાબર اللہ اکبر પણ કહું છું. અને એ જ પ્રમાણે الحمد للہ પણ, અને એ જ પ્રમાણે لاالہ الا اللہ પણ અને એ જ પ્રમાણે لاحول۔۔الخ પણ. એ જ પ્રમાણે આ કલમા પણ મારા પઢવામાં તો એક છે પણ રબના ફઝ્લથી સવાબમાં એ ચીજોની સખ્યામાં બરાબર છે.

**★ હદીષ : (૧૮)-૨૩૧૨ ★**

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ سَبَّحَ اللَّهَ مِائَةً بِالْغَدَاةِ وَمِائَةً بِالْعَشِيِّ كَانَ كَمَنْ حَجَّ مِائَةَ حَجَّةٍ وَمَنْ حَمِدَ اللَّهَ مِائَةً بِالْغَدَاةِ وَمِائَةً بِالْعَشِيِّ كَانَ كَمَنْ حَمَلَ عَلَى مِائَةِ فَرَسٍ فِي سَبِيلِ اللَّهِ وَمَنْ هَلَّلَ اللَّهَ مِائَةً بِالْغَدَاةِ وَمِائَةً بِالْعَشِيِّ كَانَ كَمَنْ أَعْتَقَ مِائَةَ رَقَبَةٍ

*હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે તે પોતાના વાલિદથી, તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે અલ્લાહના માટે સવારે સો વાર سبحان اللہ પઢે અને સો વાર સાંજે, તો એના જેમ હશે જે સો હજ્જ કરે[1]. અને જે સો વાર الحمد للہ પઢે અને સો વાર સાંજે તો એના જેવો થશે જે અલ્લાહની રાહમાં સો ઘોડા ખૈરાત કરે[2]. અને જે સવારમાં સો વાર لاالہ الا اللہ પઢે અને સો વાર સાંજે તો એના જેવો થશે જે હઝરત*

مِنْ وَلَدِ إِسْمَاعِيلَ وَمَنْ كَبَّرَ اللَّهَ مِائَةً بِالْغَدَاةِ وَمِائَةً بِالْعَشِيِّ لَمْ يَأْتِ فِي ذَلِكَ الْيَوْمِ أَحَدٌ بِأَكْثَرَ مِمَّا أَتَى بِهِ إِلَّا مَنْ قَالَ مِثْلَ ذَلِكَ أَوْ زَادَ عَلَى مَا قَالَ. رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيب

*ઈસ્માઈલની ઔલાદમાંથી સો ગુલામ આઝાદ કરે[૩] અને જે સવારે સો વાર اللہ اکبر પઢે અને સો વાર સાંજે તો કોઈ એનાથી અધિક નેકીઓ એ દિવસે ન કહી શકશે, એના સિવાય જે એટલી જ વાર આ કલમા કહી લે અથવા એનાથી વધુ[૪]. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન પણ છે અને ગરીબ પણ છે."*

**૧.** એટલે કે શરૂ દિવસોમાં સો વાર سبحان اللہ કહે અને શરૂ રાતમાં પણ સો વાર પઢે તો તેને **નફલી સો હજ્જોના બરાબર સવાબ** મળશે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે તસ્બીહથી મુરાદ હુઝૂરે દિલની સાથે આસાન નેકી, ગફલતના મુશ્કેલ અમલો કરતાં અફઝલ હોય છે. યાદ રાખશો કે હજ્જનો સવાબ મળવો અલગ ચીજ છે અને હજ્જની અદાયગી કાંઈક અલગ છે. અહીં સવાબનું વર્ણન છે ન કે હજ્જ અદા થવાનું. જેમ કે ડોકટરો કહે છે કે એક ગરમ કરેલ મુનક્કા (સૂકી મોટી દ્રાક્ષના દાણા)માં એક રોટીની શક્તિ છે, પણ પેટ તો રોટલી જ ભરે છે. કોઈ શખ્સ બંને ટંક ત્રણ ત્રણ મુનક્કા ખાયને જિંદગી નથી પસાર કરી શકતો. ખરેખર એ તસ્બીહોમાં એટલો જ સવાબ છે પણ હજ્જ તો અદા કરવાથી જ થશે. જે રબ બાજરીના એક દાણાથી સાત ડૂંડાં આપી શકે છે જેનાં દાણા આપણી ગણત્રીમાં નથી હોતાં. તે રબ તસ્બીહો પર આટલો સવાબ પણ આપી શકે છે. આ પ્રકારના સવાબોનો વાયદો કુર્આને કરીમમાં પણ કરવામાં આવ્યો છે. રબ તઆલા ફર્માવે છે : مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ... الخ "(તેમની કહેવત જેઓ પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે.... છેવટ સુધી. સૂરએ બક્રહ, ૨/૨૬૧) એટલે કે જે લોકો ખુદાની રાહમાં પોતાના માલ ખર્ચ કરે છે તેમના ખર્ચનું દષ્ટાંત એ દાણાની જેમ છે જેનાથી સાત કંતીઓ (ડૂંડાં) પેદા થાય, દરેક ડૂંડાથી સો દાણા અને અલ્લાહ જેને ચાહે એનાથી પણ કેટલાય અધિક અતા ફર્માવશે. આ પ્રકારની હદીષો તથા આયતોને અતિશયોક્તિ કે જૂઠ સમજવું બેદીની છે. રબ તઆલાની દૈન આપણા ખયાલથી પર છે તેને રોકનાર કોણ છે ?!

**૨.** એટલે કે સો ગાઝીઓને જેહાદ કરવાના માટે સો ઘોડા આપે જેઓ એમના પર સવાર થઈને જેહાદ કરે. યાદ રાખશો કે જેહાદ વગેરેનો અસલી મક્સદ ઝિક્રુલ્લાહનો પ્રચાર છે. મો'મિન મુલ્કગીરી (પ્રદેશ કબજે કરવા) નથી લડતો બલ્કે ઝિક્રથી રુકાવટો દૂર કરવા માટે લડે છે અને હમ્દે ઈલાહી યકીનન ! સો જેહાદો કરતાં અફઝલ છે કે જેહાદ ઈન્ડાયરેક્ટ હેતુ છે અને આ ડાયરેક્ટ હેતુ છે.

**૩.** કે અન્ય ગુલામો કરતાં ઈસ્માઈલ علیہ السلامની ઔલાદના ગુલામોને આઝાદ કરવા અફઝલ છે. મિર્કાતે ફર્માવ્યું કે ઈસ્માઈલ علیہ السلامની ઔલાદથી મુરાદ અરબવાસીઓ છે કે તેઓ સૌ તેમની ઔલાદ છે. કેમ કે અરબ હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمથી નિકટતા ધરાવે છે. એટલા માટે એમના પર એહસાન કરવું અફઝલ છે. એનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની ઔલાદ ખાસ કરીને સાદાતે કિરામથી સારો વર્તાવ કરવો બેહતર છે.

**૪.** આ હદીષ તસ્બીહે કાદરીની અસ્લ (દલીલ) છે. કાદરી સિલસિલામાં દરરોજ સવાર સાંજ سبحان اللہ સો વાર, الحمد للہ સો વાર, لا الٰہ الا اللہ સો વાર, اللہ اکبر ૧૦૦ વાર પઢવામાં આવે છે. આ વઝીફો આ હદીષથી લેવામાં આવેલો છે.

**★ હદીષ : (૨૦)-૨૩૧૩ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «التَّسْبِيحُ نِصْفُ الْمِيزَانِ وَالْحَمْدُ لِلّٰهِ يَمْلَؤُهُ وَلَا إِلَهَ إِلَّا اللّٰهُ لَيْسَ لَهَا حِجَابٌ دُونَ اللّٰهِ حَتَّى تَخْلُصَ إِلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَلَيْس إِسْنَاده بِالْقَوِيّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે سبحان الله અડધી મીઝાન (ત્રાજવુ) છે. الحمد لله એને ભરી દેશે[1]. અને لا اله الا الله ના માટે રબથી કોઈ આડ નથી, સીધુ એના સુધી પહોંચે છે[2]. (તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે. એની અસ્નાદ ક઼વી (મજબૂત) નથી[3]."*

**૧.** એટલે કે મીઝાનની નેકીનું પલ્લુ અડધુ سبحان الله થી ભરી દેશે અને અડધુ الحمد لله થી. આ બંને કલમા મળીને તેને પૂરુ ભરી દેશે, કેમ કે અલ્લાહના ઝિક્રો બે પ્રકારનાં છે : તન્ઝીહ તથા તમ્હ઼ીદ.

سبحان الله માં તન્ઝીહ છે એટલે રબ તઆલાને સર્વ અયબોથી પાક જાણવું. અને الحمد لله માં તહ઼મીદ એટલે તેને સર્વ કમાલોવાળો માનવો. **મીઝાન તો આ બે કલમાથી જ ભરાઈ ગઈ, બાકી નેકીઓ અધિક બચી જેનો સવાબ અલગ થશે. સારાંશ કે આ બે કલમાઓએ સર્વ ગુનાહોને તો ખતમ કરી આપ્યા, કે સર્વ ગુનાહોની સરખામણીમાં તો આ બે કલમા જ પૂરતા થઈ ગયા, બાકી નેકીઓ નફામાં બચી.**

**૨.** એમાં નિર્દેશ રૂપે ફર્માવ્યું કે لا اله الا الله આ બંને કલમાઓ કરતાં પણ અફઝલ છે. કેમ ન હોય કે એ સર્વ તન્ઝીહ તથા તહ઼મીદને સમાવે છે. મતલબ એ છે કે કલ્મએ તૈયિબહ ખૂબ જ જલ્દી ક઼બૂલ થાય છે. ડાયરેક્ટ રબ તઆલા સુધી પહોંચે છે. જેટલા પ્રમાણમાં આપણો ઈખ્લાસ વધારે એટલા પ્રમાણમાં કલમાની ક઼બૂલિયત આ'લા. જેથી હદીષ પર એ વાંધો નથી કે કલમો તો મુનાફિક઼ો પણ પઢતા હતા તો શું એઓ મક઼બૂલે બારગાહ હતા.

**૩.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે આ હદીષની અસ્નાદ ખરેખર ઝઈફ છે પણ કેમ કે એમાં હલાલ તથા હરામના અહકામ વર્ણન થયેલ નથી, કેવળ કલ્મએ તૈયિબહના ફઝાઈલ બયાનમાં છે એટલા માટે મક઼બૂલ છે.

**★ હદીષ : (૨૧)-૨૩૧૪ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا قَالَ عَبْدٌ لَا إِلَهَ إِلَّا اللّٰهُ مُخْلِصًا قَطُّ إِلَّا فُتِحَتْ لَهُ أَبْوَابُ السَّمَاءِ حَتَّى يُفْضِيَ إِلَى الْعَرْشِ مَا اجْتَنَبَ الْكَبَائِرَ» . رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બંદો કદી ખુલૂસ દિલથી لا اله الا الله નથી કહેતો પણ તેના માટે આસ્માનોના દરવાજા ખોલી દેવામાં આવે છે. ત્યાં સુધી કે તે કલમો અર્શ સુધી પહોંચી જાય છે, ત્યાં સુધી કે બંદો કબીરા ગુનાહોથી બચેલો રહે[1]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** ગુનાહે કબીરાથી બચવાની શર્ત સવાબના કમાલ અને મક઼બૂલિયતના કમાલના માટે છે. એટલે **મુત્તક઼ી મુસલમાનનો કલમો આ'લા દરજાનો મક઼બૂલ હોય છે અને ફાસિક઼ તથા ફાજિરનો કલમો ક઼બૂલ તો થાય છે પરંતુ આ દરજ્જાનો નહીં.** તમામ ઝિક્રો કારતૂસ સમાન છે અને ઝાકિરની જીભ રાઈફલ જેમ છે કે

શિકાર ખરેખર કારતૂસ કરે છે પણ રાઈફલની શક્તિ વડે. દિલનો ઈખ્લાસ જાણે દારૂગોળો છે કે શિકાર ગોળી વડે થશે પણ દારૂગોળાની મદદ વડે. જેથી હદીષ પર એ વાંધો નથી કે ગુનાહ નેકીને નથી મિટાવતો, બલ્કે નેકી ગુનાહને મિટાવી દે છે. રબ તઆલા ફર્માવે છે કે : اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂરએ હૂદ, ૧૧/૧૧૪) હદીષ આ આયતની વિરુદ્ધ નથી. **મુત્તકીની નેકી ફાસિકોની નેકીથી અફઝલ છે, બલ્કે જેવો આમિલનો દરજો તેવો જ તેના અમલનો સવાબ. સહાબીઓનુ સાડા ચાર શેર જવ ખૈરાત કરવું આપણા પહાડ જેટલુ સોનુ ખૈરાત કરવા કરતાં અફઝલ છે, શાથી ? એટલા માટે કે તેઓ અફઝલ આમિલ છે.**

**★ હદીષ : (૨૨)-૨૩૧૫ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَقِيتُ إِبْرَاهِيمَ لَيْلَةَ أُسْرِيَ بِي فَقَالَ: يَا مُحَمَّدُ أَقْرِئْ أُمَّتَكَ مِنِّي السَّلَامَ وَأَخْبِرْهُمْ أَنَّ الْجَنَّةَ طَيِّبَةُ التُّرْبَةِ عَذْبَةُ الْمَاءِ وَأَنَّهَا قِيعَانٌ وَأَنَّ غِرَاسَهَا سُبْحَانَ اللَّهِ وَالْحَمْدُ لِلَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ ". رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ إِسْنَادًا

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે શબે મેઅરાજમાં મારી મુલાકાત હઝરત ઈબ્રાહીમ علیہ السلام થી થઈ[1] તેમણે ફર્માવ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમારી ઉમ્મતને મારા સલામ કહી આપો[2] અને તેમને બતાવી દો કે જન્નતની જમીન ખૂબ જ ફળદ્રુપ છે, ત્યાંનું પાણી ખૂબ જ મીઠુ છે. જન્નતમાં સફેદ જમીન ઘણી છે. ત્યાંના ઝાડો પર આ કલમા છે : અલ્લાહ પાક છે. તેની જ તારીફ છે. અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. અલ્લાહ ઘણો જ મહાન છે[3]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ અસ્નાદથી હસન તથા ગરીબ છે."*

**૧.** ખાસ મુલાકાત છઠ્ઠા આસ્માન પર થઈ ત્યાં જ વાતચીત થઈ. આમ મુલાકાત તો સર્વ નબીઓ સાથે બયતુલ મુકદસમાં થઈ ચૂકી હતી પણ ત્યાં આ વાતચીત ન થઈ. ત્યાંની વાતચીત કાંઈ અલગ હતી જે ઈન્શા અલ્લાહ ! મેઅરાજની હદીષની શરહમાં રજૂ કરવામાં આવશે.

**૨.** એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે અલ્લાહના મકબૂલ બંદાઓ વફાત બાદ એકબીજાથી પણ મળે છે અને ઝિંદા મકબૂલ બંદાઓથી પણ મળે છે. **બીજુ** એ કે તે હઝરાત ઝિંદાઓના સલામ સાંભળે પણ છે અને તેમને સલામ કહેવડાવે પણ છે. **ત્રીજુ** એ કે વફાત (મૃત્યુ) પામેલ બંદાઓને અને જેઓ હજી પેદા નથી થયા તેમને પણ સલામ કહેવડાવવા જાઈઝ છે, જયારે કે તેમને પહોંચી શકે. ઈબ્રાહીમ علیہ السلام એ કયામત સુધીના મુસલમાનોને સલામ કહેવડાવી જે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم થકી આપણા લોકો સુધી પહોંચી ગયા. સુલ્તાનુલ આરિફીન બાયઝદી બુસ્તામી رحمۃ اللہ علیہ ખિર્કાન પહોંચ્યા તો લોકોને ખબર આપી કે આ ભૂમિમાં સો વરસ પછી ખ્વાજા અબુલ હસન ખિર્કાની પેદા થશે, જે એમને પામે તે મારા સલામ પહોંચાડે. મૌલાના ફર્માવે છે : (શેઅર)

آن شنیدی داستان بایزید      که از حال ابوالحسن از پیش دید

**અર્થાત :** શું તેં બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ નો કિસ્સો સાંભળ્યો છે કે અબુલ હસન ખિર્કાની رحمۃ اللہ علیہ ની

વિલાદત પહેલા જ તેમના હાલાત તેમણે જાણી લીધા અને બતાવી દીધા.

છેવટમાં મૌલાના ફર્માવે છે : (શેઅર)

بلکہ قبل از زادن تو سالہا — مر مر تراد اند بجملہ حالہا

**અર્થાત** : બલ્કે તારી પેદાઈશથી વરસો પહેલા તારી હાલત જોઈને તેની ખબર પણ આપી.

સહાબાએ કિરામ મૃત્યુ નજીક પહોંચેલ સહાબીને કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺને અમારા સલામ અર્ઝ કરજો. **ચોથુ** એ કે આપણે પણ જોઈએ કે ઈબ્રાહીમ علیہ السلامને સલામ કર્યા કરીએ કે સલામનો જવાબ આપવો જરૂરી છે.

**૩.** એટલે કે જન્નતની અમુક જમીન ઝાડોથી ભરેલી છે અને એ ઝાડો ફળોથી લદાયેલાં છે, એ હિસ્સામાં આદમ علیہ السلامને રાખવામાં આવ્યા હતા અને અમુક જમીન ઝાડોથી ખાલી છે જેમાં તમારા વઝીફા તથા અમલોથી ઝાડો લાગશે. જ્યારે તમે અહીં આવશો તો બંને પ્રકારના બાગ પામશો. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જો ત્યાંની જમીન ઝાડોથી ખાલી છે તો એને જન્નત કેમ કહે છે. જન્નતનો અર્થ તો છે બાગ. અને ન એ વાંધો છે કે નબી કરીમ ﷺએ મેઅરાજમાં ત્યાં બાગ તથા ફળ સર્વ કાંઈ જોયાં.

**★ હદીષ : (૨૩)-૨૩૧૬ ★**

وَعَنْ يُسَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهَا وَكَانَتْ مِنَ الْمُهَاجِرَاتِ قَالَتْ: قَالَ لَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَيْكُنَّ بِالتَّسْبِيحِ وَالتَّهْلِيلِ وَالتَّقْدِيسِ واعقِدْنَ بالأنامِلِ فإنهنَّ مسؤولات مُسْتَنْطَقَاتٌ وَلَا تَغْفُلْنَ فَتَنْسَيْنَ الرَّحْمَةَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

*"હઝરત યુસૈરા رضی اللہ عنہاથી રિવાયત છે. આપ મુહાજિર બીવીઓમાંથી છે[૧]. ફર્માવે છે, અમને રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે બીબીઓ ! તસ્બીહ તથા તહલીલ અને રબની પાકી બોલવાને લાઝિમ કરી લો[૨]. આંગળીઓ પર ગણ્યા કરો[૩] (عقدن انامل) કે આંગળીઓથી સવાલ થશે. તેમને બોલવાની શક્તિ આપવામાં આવશે[૪] અને કદી ગાફિલ ન થશો, નહીં તો રહમતથી ભૂલાવી દેવામાં આવશો[૫]." (તિર્મિઝી તથા અબૂ દાઊદ)*

**૧.** આપનું નામ યુસૈરા બિન્તે યાસર છે. મશહૂર સહાબિયા છે.

**૨.** એ રીતે કે કોઈ હાલતમાં سبّوح قدّوس ربنا ورب الملئكة والروح અથવા سبحان الملك القدوس અથવા અન્ય તસ્બીહો આ પ્રકારની કદી ન છોડો. પોતાનું મોં એ ઝિક્રો વડે તર રાખો.

**૩.** એ રીતે કે એમની ગણત્રી આંગળીઓનાં બેડકાંઓ પર કર્યા કરો અથવા આંગળીઓ થકી ગણત્રી પૂરી આંગળી પર કર્યા કરો. જાણવા મળે છે કે તે બીવીઓ આંગળાં પર ગણત્રી જાણતી હશે, એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ તેમને આંગળાં પર ગણવાનો હુકમ તો આપ્યો પણ એનો તરીકો ન બતાવ્યો.

**૪.** એનું સમર્થન કુર્આને કરીમની આ આયતથી છે : يَّوۡمَ تَشۡهَدُ عَلَيۡهِمۡ اَلۡسِنَتُهُمۡ وَاَيۡدِيۡهِمۡ وَاَرۡجُلُهُمۡ (જે દિવસે એમના પર ગવાહી આપશે તેમની જીભો અને તેમના હાથ જે કાંઈ કરતા હતા. –સૂરએ નૂર, ૨૪/૨૪) અને આ આયતથી છે : وَمَا كُنۡتُمۡ تَسۡتَتِرُوۡنَ اَنۡ يَّشۡهَدَ عَلَيۡكُمۡ سَمۡعُكُمۡ وَلَاۤ اَبۡصَارُكُمۡ وَلَا جُلُوۡدُكُمۡ (અને તમે ક્યાં છુપાયને જતા કે તમારા પર ગવાહી આપે તમારા કાન અને તમારી આંખો અને તમારી ચામડીઓ. સૂરએ ફુસ્સિલાત,

૪૧/૨૨) એનાથી જાણવા મળ્યું કે દાણાઓ (મણકાઓ) પર ગણત્રી કરવા કરતાં આંગળીઓ પર ગણવું અફઝલ છે, અને એ કે **અંગોને સારાં કામોમાં લગાડવાં જોઈએ નહીં તો એ આપણી વિરુદ્ધ ગવાહી આપશે.**

**૫.** એટલે કે જો તમે ખુદાને ભૂલી ગયાં તો રબ તઆલા તમને પોતાની રહમતથી દૂર કરી દેશે. જો તેની રહમત ચાહતાં હોવ તો તેને યાદ રાખો. રબ તઆલા ભૂલચૂકથી પાક છે. એટલા માટે ભૂલાવી દેવામાં આવશો કે એ પણ અર્થ છે જે અર્ઝ કરવામાં આવ્યો એટલે રહમતથી દૂરી. રબ તઆલા ફર્માવે છે : فَاذْكُرُونِيٓ أَذْكُرْكُمْ "તમે મને યાદ કરો મારા ઝિક્રથી હું તમને મારી રહમતથી યાદ કરીશ." (સૂરએ બક્રહ, ૨/૧૫૨) મૌલાના ફર્માવે છે : (શેઅર)

گر تو خواہی زیستن با آبرو ذکرِ اُو کُن ذکرِ او کن ذکرِ اُو

**અર્થાત** : જો તું ઈજ્જત સાથે જીવવા ઈચ્છે છે તો અલ્લાહનું ઝિક્ર કર.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૨૪)-૨૩૧૭ ★**

عَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ قَالَ: جَاءَ أَعْرَابِيٌّ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: عَلِّمْنِي كَلَامًا أَقُولُهُ قَالَ: «قُلْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ اللَّهُ أَكْبَرُ كَبِيرًا وَالْحَمْدُ لِلَّهِ كَثِيرًا وَسُبْحَانَ اللَّهِ رَبِّ الْعَالَمِينَ لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ الْعَزِيزِ الْحَكِيمِ» . فَقَالَ فَهَؤُلَاءِ لِرَبِّي فَمَا لِي؟ فَقَالَ: «قُلِ اللَّهُمَّ اغْفِرْ لِي وَارْحَمْنِي وَاهْدِنِي وَارْزُقْنِي وَعَافِنِي» . شَكَّ الرَّاوِي فِي «عَافِنِي» . رَوَاهُ مُسلم

*"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં એક ગામડાવાસી હાજર થયા. બોલ્યા, મને કોઈ વઝીફો શીખવાડશો જેને હું પઢી લીધા કરું[૧]. ફર્માવ્યું, કહો, એકલા અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. તેનો કોઈ શરીક નથી. અલ્લાહ ઘણો જ મહાન છે. અલ્લાહની ઘણી હ્મ્દ છે. અલ્લાહ પાક છે. જહાનોનો પાલનહાર. અલ્લાહ ગાલિબ હિકમતવાળાના વિના ન શક્તિ છે ન કુવ્વત. તે બોલ્યા, આ તો રબના માટે થયું, મારા માટે શું છે[૨] ફર્માવ્યું, એવું કહો, અલ્લાહ મને બખ્શી આપ અને મારા પર રહમ ફર્માવ, મને હિદાયત આપ, મને રોજી આપ[૩], મને અમ્ન નસીબ કર[૪]. રાવીને عَافِنِي માં કાંઈક શક છે[૫]. (મુસ્લિમ)*

**૧.** વઝીફા રૂપે નમાઝો બાદ અથવા આમ જ નિશ્ચિત સમયોમાં. જાણવા મળ્યું કે મશાઈખથી વઝીફા પૂછવા અને તેમની ઈજાઝત હાંસલ કરવી સુન્નત છે. કેમ કે ઈજાઝતથી ખાસ તાષીર પેદા થઈ જાય છે. સવાબ હાંસલ કરવા માટે કોઈ ઈજાઝત વગેરેની જરૂરત નથી. એ પણ જાણવા મળ્યું કે નમાઝ તથા કુર્આનની તિલાવત સિવાય અન્ય વિર્દ વઝીફા પણ કરવા જોઈએ. નમાઝ તથા તિલાવત તો રૂહાની ગિઝાઓ છે અને આ વઝીફા રૂહાની મેવા છે. ખોરાક તથા મેવા બંને ફાયદાકારક છે.

**૨.** سبحان اللہ ! કેવો મજાનો સવાલ છે ! એટલે હે હબીબલ્લાહ ! ﷺ આ શબ્દોમાં રબ તઆલાની હમ્દ તો થઈ ગઈ પણ કાંઈ દુઆના શબ્દો ન આવ્યા, હું તેની હ્મ્દ પણ કરવા ચાહુ છું અને તેનાથી ભીખ પણ માગવી છે.

**૩.** એટલે મારા ગુનાહ બખ્શી આપ, મગફિરત ફર્માવ, મારા પર રહમ કર કે મને ઈતાઅતો (આજ્ઞાપાલનનો)ની તૌફીક આપ, સારી જિંદગી ગુજારવાની તૌફીક આપ, હિદાયત આપ, મને હલાલ રોજી અતા કર.

**૪.** એટલે કે મને આવી મુસીબતમાં ગિરફતાર ન કર જેનો અંજામ મારા માટે બુરો હોય. (મિર્કાત) આફિયત (ભલાઈ)નો આ અર્થ ખૂબ જ ઉમદા છે. અસલ આફિયત (ભલાઈ) ગુનાહોથી અમ્ન (રક્ષિત હોવું) છે.

**૫.** લગભગ રાવીથી મુરાદ સહાબી હોય એટલે કે અસ્નાદના અંતિમ રાવી. શક્ય છે કે કોઈ અન્ય રાવી મુરાદ હોય. એમનામાં એ શક થયો કે હુઝૂર ﷺએ عَافِنِي ફર્માવ્યું કે નહીં. બેહતર એ છે કે عَافِنِي પણ પઢવામાં આવે. શક્ય એ છે કે એ પણ દુઆનો હિસ્સો હોય. આફિયતમાં દીન તથા દુનિયાની સર્વ નેઅમતો સામેલ છે. યૂસુફ علیہ السلامએ ગુનાહોના મુકબલામાં મુસીબત અપનાવી, કે અર્ઝ કરી : رَبِّ السِّجۡنُ اَحَبُّ اِلَیَّ مِمَّا یَدۡعُوۡنَنِیۡۤ اِلَیۡهِ (હે મારા રબ ! મને કેદખાનુ અધિક પસંદ છે એ કામથી જેના તરફ મને બોલાવે છે. સૂરએ યૂસુફ, ૧૨/૩૩) કેમ કે ગુનાહના મુકાબલમાં મુસીબત આફિયત છે.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૨૫)-૨૩૧૮ ★**

وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّ عَلَى شَجَرَةٍ يَابِسَةِ الْوَرَقِ فَضَرَبَهَا بِعَصَاهُ فَتَنَاثَرَ الْوَرَقُ فَقَالَ: «إِنَّ الْحَمْدُ لِلَّهِ وَسُبْحَانَ اللَّهِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ وَاللَّهُ أَكْبَرُ تُساقطُ ذُنوبَ العَبدِ كَمَا يَتَساقطُ وَرَقُ هَذِهِ الشَّجَرَةِ» . رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حديثٌ غَرِيب

*''હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક સૂકા પાંદડાંવાળા ઝાડ પાસેથી પસાર થયા તો એમાં પોતાની લાઠી શરીફ મારી તો પાંદડાં ખરી પડયા[1]. ફર્માવ્યું, الحمدللہ، سبحان اللہ તથા لاالہ الا اللہ તથા اللہ اکبر બંદાના ગુનાહો આ રીતે ખેરવી નાખે છે જેવી રીતે કે આ ઝાડનાં પાંદડાં ખરી પડયાં[2]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે. ''*

**૧.** જાહેર છે કે એ ઝાડ જંગલી હતું જેનો કોઈ માલિક નથી. તેનાં ફળ, ફૂલ, પાંદડાં દરેક વ્યક્તિ લઈ શકે છે. અને શક્ય છે, કોઈના ઘરે અથવા બાગનું ઝાડ હોય, કેમ કે હુઝૂરે અન્વર ﷺ પોતાના સહાબાની જાન તથા માલના માલિક છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ઈજાઝત વિના ઝાડનાં પાંદડાં ખંખેરી નાખ્યાં. નહીં તો કોઈના માલિકીના ઝાડ પર પથ્થર ફેંકવો, લાઠી વડે તેના પાંદડાં ખંખેરવા આપણા માટે મના છે કે બીજાની માલિકીમાં હેરફેર કરવું છે.

**૨.** سبحان اللہ ! કેટલી સુંદર (ઉમદા) સરખામણી છે ! એટલે કે ગુનાહોમાં સપડાયેલ માનવી સૂકાયેલા ઝાડની જેમ છે અને તેના ગુનાહ પાંદડાં સમાન છે અને કલમા જાણે કે મહબૂબની લાકડી છે જેનાથી એ ગુનાહ ખરતા રહે છે. એમાં સૂફિયાણો ઈશારો એ બાજુ પણ છે કે આ કલમા ગુનાહોથી એ વખતે પાક કરશે જયારે તે કોઈ કામિલના થકી કરવામાં આવશે. કેમ કે જો કે ઝાડમાં લાગેલી લાઠી હતી પણ હુઝૂરે અન્વર ﷺના હાથ મુબારક છે.

**★ હદીષ : (૨૬)-૨૩૧૯ ★**

وَعَنْ مَكحولِ عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَكْثِرْ مِنْ قَوْلِ: لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ فَإِنَّهَا مِنْ كَنْزِ الْجَنَّةِ ". قَالَ مَكْحُولٌ: فَمَنْ قَالَ: لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ وَلَا مَنْجًى مِنَ اللَّهِ إِلَّا إِلَيْهِ كَشَفَ اللَّهُ عَنْهُ سَبْعِينَ بَابًا مِنَ الضُّرِّ أَدْنَاهَا الْفَقْرُ. رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ لَيْسَ إِسْنَادُهُ بِمُتَّصِلٍ وَمَكْحُولٌ لَمْ يَسْمَعْ عَنْ أَبِي هُرَيْرَةَ

*"હઝરત મકહૂલથી રિવાયત છે[૧] તે હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہ થી રાવી. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* لا حول ولا قوة الا بالله *અધિક પ્રમાણમાં પઢયા કરો કે એ જન્નતના ખજાનાઓથી છે[૨]. મકહૂલ ફર્માવે છે, જે કોઈ પઢયા કરે :* لا حول ولا قوة الا بالله *તથા* لا منجا من الله الا اليه *તો* **અલ્લાહ તઆલા એનાથી સિત્તેર મુસીબતોના દરવાજા બંધ કરી દેશે, જેમાંથી અદના મુસીબત ફકીરી (ગરીબી) છે[૩].** *(તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષની અસ્નાદ મુત્તસિલ (જોડાયેલી) નથી. મકહૂલે હઝરત અબૂ હુરૈરહ્થી સાંભળ્યું નથી[૪]."*

**૧.** આપ જલીલુલ કદ્દર તાબઈ છે. હબ્શી વંશથી છે. શામના મુફતી છે. ઈમામ ઝુહરી ફર્માવે છે કે ચાર આલિમો ઘણા કામિલ છે. મદીના મુનવ્વરામાં ઈબ્ને મુસૈયિબ અને કૂફામાં ઈમામ શઅબી, બસરામાં ખ્વાજા હસન બસરી, શામમાં મકહૂલ.

**૨.** એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી. એટલે એ જન્નતની ઉમદા નેઅમતોમાંથી છે જે એ દિવસે કામ આવશે જ્યારે માલ તથા ઔલાદ કાંઈ કામ નહીં આવે. કેમ કે મહેફૂઝ ખજાના ખાસ જરૂરતના સમયે જ ખોલવામાં આવે છે.

**૩.** મિર્કાતે ફર્માવ્યું કે અહીં ફકીરીથી મુરાદ દિલ તથા માલ બંનેની ફકીરી છે. એટલે કે એનો આમિલ માલનો પણ ગની થશે અને દિલનો પણ. કેમ કે જે પોતાને રબને સોંપી દે તે યકીનન ! ગૈરથી બેપરવા (અલિપ્ત) હોય છે. તે શખ્સ પર કદી માલની ગરીબી આવી પણ ગઈ તો તે દિલનો ફકીર નહીં બને.

**૪.** કેમ કે જનાબ મકહૂલે હઝરત અનસ ઈબ્ને માલિક, વાષિલા ઈબ્ને અસ્કઅ અને હિન્દુઝાન સહાબીઓથી મુલાકાત કરી છે, પરંતુ એમાં કોઈ વાંધો નથી કેમ કે મકહૂલ જેવા જલીલુલ કદ્દર (મહાન) તાબઈનું એક રાવીને છોડી આપવું કાંઈ નુકસાનકર્તા નથી. જ્યારે ઈમામ બુખારીની તઅલીક મોઅતબર (વિશ્વસનીય) છે જેમાં એક પણ રાવીનું વર્ણન નથી હોતું તો હઝરત મકહૂલનું એક રાવી છોડી દેવું કઈ રીતે નુકસાનકર્તા થશે ?!

**★ હદીષ : (૨૭)-૨૩૨૦ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ دَوَاءٌ مِنْ تِسْعَةٍ وَتِسْعِينَ دَاءِ أيسرها الْهم»

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે* لا حول ولا قوة الا بالله **નવ્વાણુ બીમારીઓની દવા છે[૧] જેમાં અદના બીમારી ગમ છે[૨]."**

**૧.** બીમારીઓથી મુરાદ શારીરિક, રૂહાની, દુનિયવી, ઉખરવી બીમારીઓ છે, કે لاحول શરીફ એ સૌનો સંપૂર્ણ છે.

**૨.** ગમ દુનિયવી હોય કે દીની કે આખેરત સંબંધે "લા હૌલ" શરીફની બરકતથી દરેક પ્રકારનો

**ગમ દૂર થાય છે. રોજીની તથા આખેરતની ફિક્રથી બંદો આઝાદ થાય છે.** અને જાહેર છે કે ગમથી આઝાદી હક્ક તઆલાની મહાન નેઅમત છે કે હક્ક તઆલાએ યૂનુસ علیہ السلام પર મહાન કરમ એ ફર્માવ્યો કે માછલીના પેટથી તેમને ગમથી નજાત આપી. ફર્માવ્યું : فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّیْنٰهُ مِنَ الْغَمِّ (તો અમે તેની પોકાર સાંભળી લીધી અને તેને ગમથી નજાત આપી. –સૂરએ અંબિયા, ૨૧/૮૮) યાદ રાખશો કે આખેરતનો ગમ રહમત પણ છે અને અઝાબ પણ. અહીં ગમથી મુરાદ બીજા પ્રકારનો ગમ છે. શૈતાનને પણ રબથી ખૌફ છે, તે કહે છે : اِنِّیْۤ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِیْنَ (હું અલ્લાહથી ડરું છું જે સર્વ આલમોનો રબ છે. –સૂરએ માઈદા, ૫/૨૮) અને મો'મિનને પણ છે, પણ શૈતાનનો ખૌફ અઝાબ છે, જેમ કે મુજરિમને હાકિમથી ડર લાગે છે, અને મો'મિનનો એ ગમ રહમત છે, જેમ કે આજ્ઞાંકિત ગુલામને માલિકથી ગભરાહટ હોય છે.

**★ હદીષ : (૨૮)-૨૩૨૧ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أَلَا أَدُلُّكَ عَلَى كَلِمَةٍ مِنْ تَحْتِ الْعَرْشِ مِنْ كَنْزِ الْجَنَّةِ لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ يَقُولُ اللَّهُ تَعَالَى: أَسْلَمَ عَبْدِي واستسلم ". رَوَاهُمَا الْبَيْهَقِيّ فِي الدَّعْوَات الْكَبِير

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું હું તમને એ કલમો ન બતાવું જે અર્શની નીચે આવ્યો[1] જન્નતના ખજાનાઓમાંથી છે[2] તે لا حول ولا قوۃ الا باللہ છે. રબ તઆલા ફર્માવે છે, મારો બંદો આજ્ઞાંકિત થઈ ગયો અને તેણે પોતાને મારા હવાલે કરી દીધો[3]. આ બંને હદીષો બયહક઼ીએ દઅવાતે કબીરમાં નક઼લ કરી.''*

**૧.** આ તર્જુમો ઘણો જ બેહતર છે કેમ કે مِنْ تَحْتِ الْعَرْشِ માં શબ્દ مِنْ (મિન્) ઈબ્તેદાઈયા છે. રોજીના ખજાના આસ્માનમાં છે. રબ તઆલા ફર્માવે છે : وَفِی السَّمَآءِ رِزْقُكُمْ (અને આસ્માનમાં તમારી રોજી છે. સૂરએ ધારિયાત, ૫૧/૨૨) પણ ખાસ રહમતનો ખજાનો અર્શે આ'ઝમની નીચે છે. એ જ ખજાનાથી સૂરએ બક઼રહની અંતિમ આયતો આવી છે, અને એ જ ખજાનાથી ''લા હ઼ૌલ'' શરીફ આવી. જાણવા મળ્યું કે **હુઝૂરે અન્વર ﷺ ને રબ તઆલાના સર્વ ખજાનાઓની ખબર છે, ત્યારે જ તો ફર્માવે છે કે આ ફલાણા ખજાનાનુ મોતી છે.**

**૨.** એટલે ''લા હ઼ૌલ'' શરીફ બની, અર્શની નીચે રહી. જન્નતના ખજાનાઓમાં તેનો ખજાનો તકવીની તથા તખ્લીક઼ી (ખજાનો) અર્શની નીચે છે. ખજાનએ અમાનત જન્નત છે, જેમ કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે **નીલ તથા ફુરાત જન્નતની નહેરો છે.**

**૩.** એટલે કે જે બંદો ''લા હ઼ૌલ'' શરીફની કષરત કરે (ખૂબ જ અધિક પઢે) તો રબ તઆલા તેના સંબંધે ફરિશ્તાઓને કહે છે કે **આ બંદાએ પોતાને તદ્દન મારા હવાલે કરી આપ્યો, હવે હું તેની દરેક વાતનો વાલી વારસ થઈ ગયો.** જેમ કે બાળક પોતાને માના હવાલે કરી દે છે તો તેની સર્વ ફિકરો મા ઉઠાવી લે છે અને બાળક દરેક ફિકરથી આઝાદ થઈ જાય છે. આ રબ તઆલાની મહાન નેઅમત છે જે કોઈક કોઈને મયસ્સર થાય છે.

**★ હદીષ : (૨૯)-૨૩૨૨ ★**

وَعَن ابْن عمر أَنَّهُ قَالَ: سُبْحَانَ اللَّهِ هِيَ صَلَاةُ الْخَلَائِقِ وَالْحَمْدُ لِلَّهِ كَلِمَةُ الشُّكْرِ وَلَا إِلَهَ إِلَّا اللَّهُ

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે આપે ફર્માવ્યું سبحان اللہ સર્વ મખ્લૂક઼ની ઈબાદત છે[1]. અને الحمد للہ શુકનો કલમો છે[2]. અને*

كَلِمَةُ الْإِخْلَاصِ وَاللَّهُ أَكْبَرُ تَمْلَأُ مَا بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ وَإِذَا قَالَ الْعَبْدُ: لَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللَّهِ قَالَ اللَّهُ تَعَالَى: أسلم عَبدِي واستَسلَم. رَوَاهُ رزين

*لا اله الا الله ઈખ્લાસનો કલમો છે[3]. અને الله اکبر આસ્માન તથા જમીનની ફિઝા (વાતાવરણ) ભરી દે છે[4]. અને જ્યારે બંદો કહે છે : لاحول ولا قوة الا بالله તો રબ તઆલા ફર્માવે છે, મારો બંદો મુતીઅ (આજ્ઞાંકિત) થઈ ગયો અને પોતાને મને સોંપી આપ્યો. (રઝીન)*

**૧.** એટલે કે દરેક મખ્લૂક઼ રબ તઆલાની તસ્બીહ બઝબાને ''ક઼ાલ'' કરે છે. રબ તઆલા ફર્માવે છે : وَاِنۡ مِّنۡ شَیۡءٍ اِلَّا یُسَبِّحُ بِحَمۡدِہٖ (અને કોઈ ચીજ નથી જે એને દાદ આપતી એની પાકી ન બોલતી હોય. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૪૪) બીજી જગાએ ફર્માવે છે : قَدۡ عَلِمَ صَلَاتَہٗ وَتَسۡبِیۡحَہٗ (સૌએ જાણી રાખેલ છે પોતાની નમાઝ અને પોતાની તસ્બીહ. –સૂ. નૂર, ૨૪/૪૧) હક઼્ક઼ એ છે કે દરેક ચીજને રબ તઆલાની મઅરેફત હાંસલ છે અને તે બઝબાને ''ક઼ાલ'' ન કે ફક્ત ''હ઼ાલ''થી તસ્બીહ કરે છે. અવલિયા અલ્લાહ એ તસ્બીહોને સાંભળે છે. સહાબાએ કિરામ ખાતી વખતે લુકમાની તસ્બીહ સાંભળતા હતા. ત્યાં સુધી કે લીલી વનસ્પતિની તસ્બીહની બરકતથી અઝાબમાં ઘટાડો થાય છે.

**૨.** એટલે કે શુક્રનો સ્તંભ છે અથવા શુક્રની ટોચ છે જેના વિના શુક્ર સંપૂર્ણ નથી થતું. (અઝ : મિર્ક઼ાત)

**3.** لا اله الا الله થી મુરાદ પૂરો કલમો છે. ઈખ્લાસથી મુરાદ છે છૂટકારો અને મુક્તિ. એટલે આ કલ્મએ તૈયિબહની બરકતથી બંદો દુનિયામાં કુફ્રથી અને આખેરતમાં દોઝખથી મુક્તિ પામે છે, અથવા ઈખ્લાસ એ રિયાનો વિરુધ્ધાર્થી છે, ખુલૂસ નિય્યતના અર્થમાં. આ કલમો જો ખુલૂસ નિય્યતથી પઢવામાં આવે તો ફાયદાકારક છે.

**૪.** કે એનો સવાબ, એની અઝમત એ સર્વ ચીજોને ભરી દે છે. આ આપણને સમજાવવા માટે છે કે આપણી કમીવાળી નજરો આ આસ્માન તથા જમીન સુધી સીમિત છે. નહીં તો રબ તઆલાની કિબ્રિયાઈની સરખામણીમાં આસ્માન તથા જમીનની શું હૈષિયત છે ! એ એવાં છે જેમ કે રબ તઆલાએ ફર્માવ્યું કે : لِلّٰہِ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الۡاَرۡضِ (અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે. *(સૂ. બક઼રહ, ૨/૨૮૪)* જો કે એનું માલિકીપણુ આસ્માન તથા જમીન પૂરતુ સીમિત નથી.

# બાબુલ ઈસ્તિગફાર વત્તૌબા باب الاستغفار والتوبة
## (બખ્શિશ માગવા તથા તૌબા કરવા વિશે[1])

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** ઈસ્તિગફારનો અર્થ છે પાછલા ગુનાહોની માફી માગવી અને તૌબાની હકીકત છે કે ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો નિશ્ચય (પાકો વાયદો) કરી લેવો અથવા જીભ વડે ગુનાહ ન કરવાનો અહદ (પાકો વાયદો) ઈસ્તિગફાર છે અને દિલથી અહદ તૌબા છે. ઈસ્તિગફાર غفرથી બન્યું છુપાવવાના અર્થમાં અથવા છીલકુ અથવા છાલ. કેમ કે ઈસ્તિગફારની બરકતથી ગુનાહ ઢંકાય જાય છે, એટલા માટે એને ઈસ્તિગફાર કહે છે. તૌબાનો અર્થ રુજૂઅ કરવું (પલટવું). જો એ હક્ક તઆલાની સિફત હોય તો એનો અર્થ થાય છે અઝાબના ઈરાદાથી રુજૂઅ કરી લેવું. અને જો બંદાની સિફત હોય તો એનો અર્થ થાય છે ગુનાહથી આજ્ઞા પાલનની તરફ પલટી જવું. **સાચી તૌબા એ છે કે બંદો પાછલા ગુનાહો પર શર્મિંદો થાય, ભવિષ્યમાં ન કરવાનો પાકો નિશ્ચય** કરે અને જેટલા પ્રમાણમાં થઈ શકે એટલા પ્રમાણમાં પાછલા ગુનાહોનો બદલો કરી આપે. નમાઝો હોય તો કઝા કરે, કોઈનું કરજ રહી ગયું છે તો અદા કરી આપે. હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે તૌબાનો કમાલ એ છે કે દિલ ગુનાહની લિજ્જત, બલ્કે ગુનાહ ભૂલી જાય.

**★ હદીષ : (૧)-૨૩૨૩ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَاللَّهِ إِنِّي لَأَسْتَغْفِرُ اللَّهَ وَأَتُوبُ إِلَيْهِ فِي الْيَوْمِ أَكْثَرَ مِنْ سبعينَ مرَّةً» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રબની કસમ! હું એક દિવસમાં સિત્તેરવાર કરતાં અધિક રબથી મગફિરત માગુ છું અને તેની બારગાહમાં તૌબા કરું છું[1]." (બુખારી)*

**૧.** તૌબા તથા ઈસ્તિગફાર રોઝા, નમાઝની જેમ ઈબાદત પણ છે, એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એના પર આમિલ હતા. અથવા આ અમલ આપણને ગુનેહગારોની તા'લીમના માટે છે, નહીં તો હુઝૂરે અન્વર ﷺ માસૂમ છે કે ગુનાહ આપની નજીક પણ નથી ફરકતા. સૂફીઓ ફર્માવે છે કે આપણે લોકો ગુનાહ કરીને તૌબા કરીએ છીએ અને તે હઝરાત ઈબાદત કરીને તૌબા કરે છે. (શેઅર)

زاہداں از گناہ توبہ کنند      عارفاں از عبادت استغفار

**અર્થાત** : ઈબાદત કરવાવાળા ગુનાહથી તૌબા કરે છે અને મારેફતવાળા ઈબાદત કરીને પણ ઈબાદતમાં ઉણપથી ઈસ્તિગફાર કરે છે.

સૈયદના અલીયે મુર્તઝા ફર્માવે છે કે આપણે લોકોના માટે દુનિયામાં બે અમાનો છે, એકે પર્દો કરી લીધો અને બીજી કયામત સુધી આપણી પાસે છે, એટલે નબી કરીમ ﷺ અને ઈસ્તિગફાર.

**★ હદીષ : (૨)-૨૩૨૪ ★**

وَعَنِ الْأَغَرِّ الْمُزَنِيِّ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّهُ لَيُغَانُ عَلَى قَلْبِي وَإِنِّي لَأَسْتَغْفِرُ اللّٰهَ فِي الْيَوْمِ مائة مرّة» . رَوَاهُ مُسلم

*"હઝરત અગ઼ર મુઝની رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મારા દિલ પર પર્દો આવ્યા કરે છે જો કે હું દિવસમાં સો વાર ઈસ્તિગફાર પઢું છું[૧]. (મુસ્લિમ)*

**૧.** لَیُغَانُ غین થી બન્યું, પર્દાના અર્થમાં એટલા માટે સફેદ વાદળને غین કહે છે. આ પર્દાના બારામાં શરહકર્તાઓએ ખૂબ જ લખ્યું છે. અમુકની નજીક એનાથી મુરાદ હુઝૂરની દુનિયામાં મશગૂલિયત છે. અમુકે કહ્યું કે એનાથી સૂવું મુરાદ છે, અમુકના ખયાલમાં એનાથી મુરાદ ઈજતેહાદી ખતાઓ છે. પણ હક્ક એ છે કે અહીં غین થી મુરાદ પોતાની ઉમ્મતના ગુનાહોને જોઈને ગમ કરવું છે, અને ઈસ્તિગફારથી મુરાદ ગુનેહગારો માટે ઈસ્તિગફાર કરવું છે. હુઝૂરે અન્વર ﷺ કયામત સુધી પોતાની ઉમ્મતની સર્વ હાલતો પર માહિતગાર છે. એ ગુનાહોને જુએ છે તો દિલને સદમો થાય છે. એ સદમાના જોશમાં તેમને દુઆઓ આપે છે. (લમ્આત, મિર્કાત, અશિઅહ વગેરે) એનું સમર્થન કુર્આનની આ આયતથી થાય છે : عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ (તમારી ભલાઈના અતિશય ચાહનાર. સૂરએ તૌબા, ૯/૧૨૮) હે મુસલમાનો ! તમારી તકલીફો એમના પર ભારે છે. (શેઅર) :-

آنچہ تو کردی کسے باخود نہ کرو روح پاک مصطفیٰ آمد بدرد

**અર્થાત** : તમે જે પોતાના સાથે કર્યું તે બીજા કોઈએ ન કર્યું હશે, તમારા આ અમલથી મુસ્તફા કરીમ ﷺ ની રૂહે પાકને તકલીફ પહોંચી.

*બદ્ હંસેં તુમ ઉન કે ખાતિર–રાતભર રોઓ કરાહો*
*બદ્ કરેં હરદમ બુરાઈ–તુમ કહો ઉન કા ભલા હો*

**★ હદીષ : (3)-૨૩૨૫ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَيُّهَا النَّاسُ تُوبُوا إِلَى اللّٰهِ فَإِنِّي أَتُوبُ إِلَيْهِ فِي الْيَوْمِ مائةَ مرَّةٍ» . رَوَاهُ مُسلم

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે લોકો ! અલ્લાહની બારગાહમાં તૌબા કરો ![૧] જુઓ ! હું દિવસમાં સો વાર તૌબા કરું છું[૨]." (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે લોકોથી મુરાદ મુસલમાન છે. રબ તઆલા ફર્માવે છે : وَتُوبُوا إِلَى اللّٰهِ جَمِيعًا أَيُّهَ الْمُؤْمِنُونَ (અલ્લાહની તરફ તૌબા કરો હે મુસલમાનો ! તમામે તમામ. સૂરએ નૂર, ૨૪/૩૧) અને શક્ય છે કે સર્વ માનવોને સંબોધન હોય. એટલે હે કાફિરો ! કુફ્રથી તૌબા કરો ! હે ગુનેહગારો ! ગુનાહોથી દૂર થઈ જાવ. હે નેકોકાર ! તમારી નેકીને ઓછી સમજો અને તૌબા કરો. જાણવા મળ્યું કે દરેક શખ્સ તૌબાનો હાજતમંદ છે.

**૨.** જે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું હતું એનું સમર્થન આ વાક્યથી થઈ ગયું. એટલે હુઝૂરે અન્વર ﷺ આપણી તા'લીમના માટે તૌબા કરતા હતા. મતલબ એ છે કે જ્યારે હું માસૂમ થઈને રોજ સો વાર તૌબા કરું છું તો

તમારે જોઈએ કે તમે હજારોવાર તૌબા કર્યા કરો.

**★ હદીષ : (૪)-૨૩૨૬ ★**

وَعَنْ أَبِي ذَرٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِيمَا يَرْوِي عَنِ اللَّهِ تَبَارَكَ وَتَعَالَى أَنَّهُ قَالَ: «يَا عِبَادِي إِنِّي حَرَّمْتُ الظُّلْمَ عَلَى نَفْسِي وَجَعَلْتُهُ بَيْنَكُمْ مُحَرَّمًا فَلَا تَظَالَمُوا يَا عِبَادِي كُلُّكُمْ ضَالٌّ إِلَّا مَنْ هَدَيْتُهُ فَاسْتَهْدُونِي أَهْدِكُمْ يَا عِبَادِي كُلُّكُمْ جَائِعٌ إِلَّا مَنْ أَطْعَمْتُهُ فَاسْتَطْعِمُونِي أُطْعِمْكُمْ يَا عِبَادِي كُلُّكُمْ -[720]- عَارٍ إِلَّا مَنْ كَسَوْتُهُ فَاسْتَكْسُونِي أَكْسُكُمْ يَا عِبَادِي إِنَّكُمْ تُخْطِئُونَ بِاللَّيْلِ وَالنَّهَارِ وَأَنَا أَغْفِرُ الذُّنُوبَ جَمِيعًا فَاسْتَغْفِرُونِي أَغْفِرْ لَكُمْ يَا عِبَادِي إِنَّكُمْ لَنْ تَبْلُغُوا ضَرِّي فَتَضُرُّونِي وَلَنْ تَبْلُغُوا نَفْعِي فَتَنْفَعُونِي يَا عِبَادِي لَوْ أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وإنسكم وجنكم كَانُوا أَتْقَى قَلْبِ رَجُلٍ وَاحِدٍ مِنْكُمْ مَا زَادَ ذَلِكَ فِي مُلْكِي شَيْئًا يَا عِبَادِي لَوْ أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وَإِنْسَكُمْ وَجِنَّكُمْ كَانُوا عَلَى أفجر قلب وَاحِد مِنْكُم مَا نقص مِنْ مُلْكِي شَيْئًا يَا عِبَادِي لَوْ أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وَإِنْسَكُمْ وَجِنَّكُمْ قَامُوا فِي صَعِيدٍ وَاحِدٍ فَسَأَلُونِي فَأَعْطَيْتُ كُلَّ إِنْسَانٍ مَسْأَلَتَهُ مَا نَقَصَ ذَلِكَ مِمَّا عِنْدِي إِلَّا كَمَا يَنْقُصُ الْمِخْيَطُ إِذَا أُدْخِلَ الْبَحْرَ يَا عِبَادِي إِنَّمَا هِيَ أعمالكم أحصها عَلَيْكُمْ ثُمَّ أُوَفِّيكُمْ إِيَّاهَا فَمَنْ وَجَدَ خَيْرًا فَلْيَحْمَدِ اللَّهَ وَمَنْ وَجَدَ غَيْرَ ذَلِكَ فَلَا يَلُومن إِلَّا نَفسه» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એ રિવાયતોમાં હુઝૂર જે પોતાના રબ તઆલાથી રિવાયત કરે છે કે રબે ફર્માવ્યું, હે મારા બંદાઓ ! મેં જુલ્મને મારા નફ્સ પર હરામ કરી દીધેલ છે[૧] અને તમારા આપસમાં પણ જુલ્મને હરામ કરી આપ્યો[૨]. જેથી જુલ્મ ન કરો. હે મારા બંદાઓ ! તમે સૌ ગુમરાહ છો સિવાય કે જેને હું હિદાયત આપી દઉં, જેથી મારાથી હિદાયત માગો, હિદાયત આપીશ[૩]. હે મારા બંદાઓ ! તમો સૌ ભૂખ્યા છો અને સિવાય કે જેને હું રોજી આપુ, જેથી મારાથી ખાવા માગો તો તમને આપીશ. હે મારા બંદાઓ ! તમે સૌ નગ્ન છો એના સિવાય કે જેને હું પહેરાવું, જેથી મારાથી લિબાસ માગો તો હું આપીશ[૪]. હે મારા બંદાઓ ! તમે દિવસ રાતના ખતાકાર છો અને હું સર્વ ગુનાહોને બખ્શતો રહું છું. મારાથી મગફિરત માગો હું તમને બખ્શી દઈશ[૫] હે મારા બંદાઓ ! તમે મારા નુકસાનને નથી પહોંચી શકતા કે મને નુકસાન પહોંચાડો અને ન મારા નફા સુધી તમારી પહોંચ છે કે મને નફો આપો[૬] હે મારા બંદાઓ ! જો તમારા આગલા પાછલા માનવો તથા જિન પોતાના કોઈ મહાન પરહેઝગારના દિલ પર એકમત થઈ જાય[૭] તો તમારો એ એકમતિવાળો તક્વો મારા મુલ્કમાં કાંઈ વધારશે નહીં[૮] હે મારા બંદાઓ ! તમારા આગલા પાછલા માનવો તથા જિન પોતાનામાંથી કોઈ મહાન બદ્કારના દિલ પર એકમત થઈ જાય, તો તમારી આ એકમતિની બદ્કારી મારા મુલ્કમાં કોઈ કમી ન કરી આપશે[૯]. હે મારા બંદાઓ ! જો તમારા આગલા પાછલા માનવો તથા જિન એક મેદાનમાં ઉભા રહીને મારાથી ભીખ માગે પછી હું દરેક માનવનો સવાલ પૂરો કરી આપું તો એ મારા ખજાનાઓના મુકાબલામાં એટલુ તચ્છ (મામૂલી) હશે જેમ કે સોયની તરી જ્યારે તેને*

*દરિયામાં ડૂબાવવામાં આવે[૧૦] હે મારા બંદાઓ ! હું તમારા અમલો ગણત્રીમાં રાખી રહ્યો છું પછી એનો બદલો પૂરે પૂરો આપીશ[૧૧]. નેકી પામે તો તે અલ્લાહની હ્મ્દ કરે અને જે એમના સિવાય પામે તે કેવળ પોતાને બુરો ભલો કહે[૧૨]. (મુસ્લિમ)*

**૧.** અહીં હુર્મત (હરામ હોવાથી) મુરાદ શરઈ હુર્મત નથી, કેમ કે હક્ક઼ તઆલા પર ન કોઈ હાકિમ છે અને ન કોઈ એના પર શરઈ હુકમો લાગુ છે, બલ્કે એનાથી મુરાદ બરતર (બુલંદતર) હોવું, ઐબોથી પાક હોવું. રબ તઆલા માટે કોઈ ચીજ જુલ્મ થઈ શકતી જ નથી, કેમ કે જુલ્મનો અર્થ છે અન્યની માલિકીમાં જબરદસ્તી કરવી, કોઈ ચીજ અયોગ્ય રીતે વાપરવી, આ બંનેવથી પરવરદિગાર પાક છે. કેમ કે દરેક ચીજ તેની માલિકીમાં છે અને જેના ઉપયોગ માટે જે જગા નિશ્ચિત કરી આપે તે જ એનો સહી મસ્રફ (વાપરવાની જગા) છે. તેના અફઆલ (કાર્યો) ક્યાં તો અદ્લ છે ક્યાં તો ફઝ્લ છે. એનો અર્થ એ છે કે હું જુલ્મથી પાક તથા સાફ છું. મારું કોઈ કામ જુલ્મ નથી હોઈ શકતું. અમુકે ફર્માવ્યું કે અહીં જુલ્મથી મુરાદ વિના વાંકે સજા આપવું છે. واللہ تعالیٰ اعلم

**૨.** જેથી તમો કોઈના પર શારીરિક, આર્થિક અથવા આબરૂ લેવાનો જુલ્મ ન કરો કે એ સર્વ જુર્મોથી મોટો જુર્મ છે, કે એ બંદાઓનો હક્ક઼ છે જે તૌબા કરવાથી પણ માફ નથી થતો.

**૩.** એનો મતલબ એ છે કે આપણી પેદાઈશ અંધકારમાં થઈ પછી આપણા પર નૂરનો છાંટો આપવામાં આવ્યો. જો આપણને આપણા નફ્સો પર છોડી દેવામાં આવે તો અમે અક઼ીદાની રૂએ તથા અમલની રૂએ બુરાઈ જ કરીશું. જો તે પોતાનો ફઝ્લ કરે તો આપણે નેકી કરીએ, આપણે બાવળનું ઝાડ છીએ, આપણી પાસે ગુનાહોના કાંટાઓ સિવાય બીજુ શું છે ? આપણી સિફત (ખાસિયત) છે : اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا (તે પોતાની જાનને તકલીફમાં નાખનાર ઘણો નાદાન છે. સૂરએ અહઝાબ, ૩૩/૭૨) જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી જે બાળક ફિતરત એટલે તૌહીદ પર પેદા થાય છે કે ત્યાં દુનિયામાં આવવાનો ઉલ્લેખ છે અને અહીં અમારી અસલ પેદાઈશનો ઉલ્લેખ છે. યાદ રાખશો કે હઝરાત અંબિયા તથા અવલિયા પણ રબ તઆલાની જ હિદાયતથી હિદાયત પામેલ છે પણ તેઓ આપણા માટે હિદાયતના મર્કઝ છે કે આપણે તેમનાથી જ હિદાયત લઈ શકીએ છીએ. જેમ કે સૂરજને નૂર રબ તઆલાએ આપ્યું પણ ચાંદ, તારા તથા જમીન તેનાથી નૂર પામે છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّكَ لَتَهْدِیْۤ اِلٰى صِرَاطٍ مُّسْتَقِیْمٍ "બેશક ! તમો જરૂર સીધી રાહ બતાવો છો. સૂરએ શૂરા, ૪૨/૫૨)

**૪.** એટલે કે તમે રૂહાની તથા શારીરિક ખોરાકોમાં મારા મોહતાજ હોય. એ જ પ્રમાણે દિલ તથા શરીર રૂહના લિબાસમાં મારા હાજતંમદ હોય. ખોરાકનું દરેક પ્રાણી હાજતમંદ છે અને લિબાસનો કેવળ માણસ હાજતમંદ છે. યાદ રાખશો કે તમામ અંબિયા તથા અવલિયા અને બાદશાહ રબ તઆલાના હાજતમંદ છે. રબ તઆલા ફર્માવે છે : اللّٰهُ الْغَنِیُّ وَ اَنْتُمُ الْفُقَرَآءُ (અલ્લાહ બેનિયાઝ છે અને તમો સૌ મોહતાજ. સૂરએ મુહમ્મદ, ૪૭/૩૮) પણ તેના મહબૂબ બંદાઓ મખ્લૂક઼ના હાજતરવા છે અલ્લાહના હુકમથી. રબ તઆલા ફર્માવે છે : اَغْنٰىهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ (અલ્લાહ વ રસૂલે પોતાના ફઝ્લથી તેમને માલદાર કરી આપ્યા. સૂરએ તૌબા, ૯/૭૪) વાદળ પણ રબનું મોહતાજ અને જમીન પણ, પણ વાદળ જમીનનુ મોહતાજ ઈલૈહ (જેની જરૂરત હોય) છે કે દરેક સમયે જમીનને વાદળની જરૂરત છે.

**૫.** خطا (ખતા)નો અર્થ છે ગલત રસ્તા પર ચાલવુ એ ભૂલથી હોય કે જાણીબુજીને, જેથી એમાં ખતાઓ, ભૂલચૂક, જાણીબુજીને કરેલ ગુનાહ સૌ સામેલ છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે અહીં સંબોધન આમ બંદાઓને છે. માસૂમ હઝરાત જેમ કે ફરિશ્તા, અંબિયા આ હુકમથી બહાર છે કે ભલે અમુક અંબિયાથી ખતાઓ થઈ પણ જીવનભરમાં એક કે બે, ન કે દિવસ રાત અને દરેક સમયે. તેમજ તેમની તે ખતાઓ પણ તેમની શાનન લાયક છે, એ આપણી ઈબાદતોથી અફઝલ છે. સર્વ આલમનો ઝહૂર હઝરત આદમ علیہ السلامની એક ખતાની બરકતથી છે, જેથી એનાથી અંબિયાની ઈસ્મત (પાકદામની) પર વાંધો નથી થઈ શકતો.

**૬.** એની શરહ આગલા વાક્યથી થઈ રહી છે કે તમારી ઈબાદતોથી મને કોઈ નફો નથી અને તમારા ગુનાહોથી મારું કોઈ નુકસાન નથી, બલ્કે એમાં નફો નુકસાન ખુદ તમારું જ છે.

**૭.** એટલે કે દુનિયાના કોઈ મોટા પરહેઝગારને લઈ લો, અને પછી વિચારો કે તમામ દુનિયાનું દિલ આ પરહેઝગાર જેવું થઈ જાય અને આખી દુનિયા તે નેક તથા સાલેહની જેમ નેકીઓ હમેશાં કર્યા કરે. આ તર્જુમાથી એ વાક્ય એકદમ સ્પષ્ટ થઈ ગયું. એના પર કોઈ વાંધો નથી રહ્યો.

**૮.** જેથી કોઈ શખ્સ એવું સમજીને ઈબાદત ન કરે કે મારી ઈબાદતથી રબ તઆલાના ખજાના વધી જશે ! બલ્કે એનો એહસાન માને કે તેણે પોતાના આસ્તાના પર બોલાવ્યો.

**૯.** એનો મતલબ પણ એ જ છે જે આગલા વાક્યમાં અર્ઝ કરવામાં આવ્યો કે દુનિયાના બાદશાહોનું પ્રજાના બગડી જવાથી નુકસાન થાય છે, આવકમાં કમી થઈ જાય છે, ખજાનો ખાલી રહી જાય છે. પણ રબ તઆલા તે બેનિયાઝ છે કે આખી મખ્લૂક઼ની બદ્‌કારીથી તેનું કોઈ નુકસાન નથી. યાદ રાખશો કે આ મઝમૂન (લખાણ) એવું જ છે જેમ કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે જો રબ તઆલાની ઔલાદ હોત તો પહેલાં હું જ એનો પૂજતો, ન રબ તઆલાની ઔલાદ શક્ય છે અને ન હુઝૂર صلی اللہ علیہ وسلمનું તેને પૂજવું શકય છે. એવી જ રીતે સર્વ બંદાઓનું ગુનેહગાર થઈ જવું અશક્ય છે. ફરિશ્તા, અંબિયા, માસૂમો છે અને અવલિયા મહફૂઝ લોકોમાંથી છે. ખુદાના ફઝ્‌લથી ગુનાહ કરતા જ નથી. રબ તઆલા ફર્માવે છે : اِنَّ عِبَادِیۡ لَیۡسَ لَکَ عَلَیۡہِمۡ سُلۡطٰنٌ (બેશક ! મારા બંદાઓ પર તારો કાંઈ જ ક઼ાબૂ નથી. સૂરએ હિજ્ર, ૧૫/૪૨) સારાંશ કે આ વાક્યથી અંબિયાની ઈસ્મત (પાકીઝગી) વિરુદ્ધ દલીલ નથી પકડી શકાતી.

**૧૦.** આ વાક્યનો એ જ તર્જુમો દુરુસ્ત છે. એનો એ મતલબ હરગિઝ નથી કે મારી આ અતા મારા ખજાનાઓની સોયની તરી જેટલા ઓછા કરી આપશે, ત્યાં કમીનો સવાલ જ પેદા નથી થતો. સૂર્ય હજારો વરસોથી દુનિયાને રોશની આપી રહેલ છે પણ તેની રોશનીમાં મુત્લક઼ન (તદ્દન) કમી ન થઈ. જ્યારે રબ તઆલાની તજલ્લીઓનો આ હાલ છે તો તેના ખજાનાઓનો શું હાલ થશે ? અને નિસ્બત પણ કેવળ સમજાવવાના માટે છે, નહીં તો રબ તઆલાના ખજાનાઓ અસીમિત છે અને તેની અતાઓ સીમિત છે, કેમ કે લેનારા સીમિત છે અને સીમિતની અસીમિત સાથે નિસ્બત કેવી ?!

**૧૧.** એ રીતે કે નેકોકારની જઝામાં કમી કરીશ નહીં અને બદ્‌કારની સજામાં વધારો કરીશ નહીં. એનો મતલબ એ નથી કે નેકોકારને વધારે ન આપીશ અને ગુનેહગારને માફ ન કરીશ. અહીં અદ્‌લનું વર્ણન છે. અદ્‌લ એ ફઝ્‌લના વિરુદ્ધ નથી. જેથી હદીષ સ્પષ્ટ છે ન કુર્આની આયતોની વિરુદ્ધ છે અને ન અન્ય હદીષોની વિરુદ્ધ છે.

**૧૨.** ખુલાસો એ છે કે બંદો નેકીઓને રબ તઆલાની તૌફીક઼થી સમજે, અને ગુનાહોને પોતાના નફ્સની બુરાઈથી થવાનું જાણે. બલ્કે દરેક ખામીને પોતાની તરફ સંબંધિત કરે અને કમાલને રબ તઆલાની તરફ સંબંધિત કરે. ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું હતું : وَإِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ (અને જ્યારે હું બીમાર થાઉં તો એ જ મને શિફા આપશે. સૂરએ શૂરા, ૨૬/૮૦) બીમાર હું થાઉં છું શિફા તે આપે છે. નહીં તો દરેક ખૈર તથા શર (ભલાઈ તથા બુરાઈ)નો ખાલિક તથા માલિક રબ તઆલા જ છે. જેથી આ હદીષ એના વિરુદ્ધ નથી કે وَالْقَدْرِ خَيْرِهٖ وَشَرِّهٖ مِنَ اللّٰهِ تَعَالٰى

**★ હદીષ : (૫)-૨૩૨૭ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " كَانَ فِي بَنِي إِسْرَائِيلَ رَجُلٌ قَتَلَ تِسْعَةً وَتِسْعِينَ إِنْسَانًا ثُمَّ خَرَجَ يَسْأَلُ فَأَتَى رَاهِبًا فَسَأَلَهُ فَقَالَ: أَلَهُ تَوْبَةٌ قَالَ: لَا فَقَتَلَهُ وَجَعَلَ يَسْأَلُ فَقَالَ لَهُ رَجُلٌ ائْتِ قَرْيَةَ كَذَا وَكَذَا فَأَدْرَكَهُ الْمَوْتُ فَنَاءَ بِصَدْرِهِ نَحْوَهَا فَاخْتَصَمَتْ فِيهِ مَلَائِكَةُ الرَّحْمَةِ وَمَلَائِكَةُ الْعَذَابِ فَأَوْحَى اللَّهُ إِلَى هَذِهِ أَنْ تَقَرَّبِي وَإِلَى هَذِهِ أَنْ تَبَاعَدِي فَقَالَ قِيسُوا مَا بَيْنَهُمَا فَوُجِدَ إِلَى هَذِهِ أَقْرَبَ بِشِبْرٍ فَغُفِرَ لَهُ "

*''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે બની ઈસ્રાઈલમાં એક શખ્સ હતો જેણે ૯૯ માણસો મારી નાખ્યા હતા[૧] પછી મસ્અલો પૂછવા નીકળ્યો તો એક પાદરીની પાસે પહોંચ્યો[૨] તેને પૂછયું કે શું તેની તૌબા થઈ શકે છે ? તે બોલ્યો, નહીં ![૩] તેણે તેને પણ મારી નાખ્યો[૪] અને મસ્લઓ પૂછવા ફરતો રહ્યો. તેને કોઈએ બતાવ્યું કે ફલાણી વસ્તીમાં જા[૫] એ જ હાલતમાં તેને મૌત આવી ગયું તો તેણે પોતાની છાતી એ વસ્તી તરફ કરી આપ્યો[૬] તેના સંબંધે રહમત તથા અઝાબના ફરિશ્તાઓએ ઝઘડો કર્યો[૭] રબે તે વસ્તીની તરફ હુકમ મોકલ્યો કે નજીક આવી જા, અને એ વસ્તી તરફ કે દૂર થઈ જા. પછી ફર્માવ્યું કે એ બંનેવ વસ્તીઓ વચ્ચે માપણી કરો. તો તેને એ વસ્તીની તરફ એક વેંત નજીક પામવામાં આવ્યો. જેથી તેની મગફિરત કરી દેવામાં આવી[૮]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** જાલિમાના રીતે ડાકૂગીરીથી અથવા કોઈ અન્ય રીતે.

**૨.** એટલે કે જ્યારે તેનું મૃત્યુ નજીક આવ્યું તો રહમતે ખુદાવંદીએ દસ્તગીરી કરી. પોતાના કરેલા પર પસ્તાવો થયો. અને એ ગુનાહોના શહેરથી નીકળીને જવા લાગ્યો. મસ્અલો પૂછવા તે સમયના આલિમ પાસે ગયો. راهب رهبٌથી બન્યું ખૌફના અર્થમાં ઈસ્તેલાહ (આમ બોલી)માં રાહિબ તે પાદરી જોગી કહેવાતા હતા જે ખૌફે ખુદામાં દુનિયાનો ત્યાગ કરનાર થઈ જતા હતા. ખૂણામાં બેસીને અલ્લાહ અલ્લાહ જ કરતા હતા. એમાંથી મોટાભાગે આલિમ પણ રહેતા હતા. યહૂદી તથા ઈસાઈને ત્યાં દુનિયાનો ત્યાગ (સન્યાસીપણુ) શ્રેષ્ઠ ઈબાદત હતી, આપણા ઈસ્લામમાં એ મના છે.

**૩.** ક્યાં તો એ રાહિબ (પાદરી) તૌબાના મસ્અલાથી જાહિલ હતો અથવા એનો મતલબ એ હતો કે ક઼ત્લ એ બંદાઓના હક્ક઼નો ભંગ છે, જેથી ક઼ત્લ થનારના વારસોથી એમાં માફી માગવી જરૂરી છે. આટલા બધા ક઼ત્લ થનારાઓના વારસો પાસે એ કેવી રીતે પહોંચશે અને તેમને કેવી રીતે રાજી કરશે. સારાંશ એ રાહિબે મસ્અલો ગલત બતાવ્યો.

**૪.** બખ્શિશથી નિરાશાના કારણે તે ગુનાહો પર દિલેર થઈ ગયો, નિરાશ બિલાડી કૂતરા પર હુમ્લો કરી બેસે છે. એટલા માટે ઈસ્લામે મહાન મહાન મુજરિમોને બખ્શિશથી નિરાશ ન કર્યા. ફાંસીવાળા મુજરિમને તમામ કેદીઓથી અલગ કાળી કોઠરીમાં રાખે છે કેમ કે તે પોતાની જિંદગીથી માયૂસ થઈને ક્યાંક અન્ય બેચારને કત્લ ન કરી આપે. આર્યોને ત્યાં તૌબા કોઈ ચીજ નથી. તેમના મઝહબે ગુનાહ માટે દિલેર કર્યા છે.

**૫.** પ્રથમ كذا નામ બતાવવાના માટે છે અને બીજો كذا ખૂબીઓ વર્ણન કરવા માટે છે, એટલે ફલાણા નામની વસ્તી જે ફલાણી બાજુ છે, જેમાં અલ્લાહના ઘણા નેક બંદાઓ રહે છે, તું ત્યાં જા અને ફલાણાથી મસ્અલો પૂછ.

**૬.** એટલે કે એવી રીતે પડીને મૃત્યુ પામ્યો કે તેનો ચહેરો તથા છાતી તે આલિમની વસ્તીની તરફ હતો જ્યાં જઈ રહ્યો હતો અને પીઠ એ ગુનાહોની વસ્તીની તરફ જ્યાંથી આવી રહ્યો હતો. અલ્લાહ તઆલાને તેની એ અદા પસંદ આવી ગઈ. એનાથી જાણવા મળ્યું કે મસ્અલો પૂછવા માટે આલિમની પાસે જવું ઈબાદત છે. તેમજ આલિમના શહેરની તા'ઝીમ તથા એ તરફ મોં કરીને સૂવું અથવા મરવું પણ રબ તઆલાને પસંદ છે. સુન્નત એ છે કે મો'મિન કા'બા તરફ મોં તથા સીનો કરીને સૂએ. મૈયતને કા'બા રુખ દફન કરો. અમુક આશિકો મદીના મુનવ્વરા તથા બગદાદ શરીફ તરફ ચહેરો કરીને દુઆ કરે છે. નમાઝે ગૌષિયામાં નમાઝ બાદ ૧૧ કદમ બગદાદ શરીફની તરફ મોં કરીને ચાલે છે અને એ જ બાજુ મોં કરીને દુઆ માગે છે, એ સૌની અસ્લ (દલીલ) આ હદીષ છે. જુઓ ! એ શહેરમાં કા'બા કે બયતુલ મુકદ્દસ ન હતું કેવળ એક આલિમની વસ્તી હતી જેની અદબની બરકતથી બખ્શવામાં આવ્યો. રબ તઆલાએ તૌબા કરનારા બની ઈસ્રાઈલને ફર્માવ્યું હતું : ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّ قُوْلُوْا حِطَّةٌ (દરવાજામાં સજદો કરતા દાખલ થાવ. સૂરએ બકરહ, ૨/૫૮)એ નબીઓના શહેરમાં સજદો કરતા કરતા જાવ અને ત્યાં અમારાથી માફી માગો.

**૭.** એટલે કે એ શખ્સ તદ્દન વચ્ચે હતો. એવામાં તેને મૌત આવી ગયું. તેની રૂહને લેવા માટે રહમતના ફરિશ્તા પણ આવી ગયા અને અઝાબના પણ. અઝાબવાળા ફરિશ્તા કહેતા હતા કે આ અમારો છે, મહાન ગુનાહો કરીને આવ્યો હતો. રહમતવાળા ફરિશ્તા કહેતા હતા કે આ અમારો છે, તૌબા કરવા જઈ રહ્યો હતો. એનાથી જાણવા મળ્યું કે ફરિશ્તાઓને રબ તઆલાના તરફથી કાનૂન નિશ્ચિત કરી આપવામાં આવ્યો છે. ક્યા પ્રકારની મૈયતને અઝાબના ફરિશ્તા લે અને અને કયા પ્રકારની મૈયતને અઝાબના ફરિશ્તા લે અને કોને રહમતના. તેઓ એ કાનૂન હેઠળ દરેક મૈયત સુધી પહોંચી જાય છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે ફરિશ્તા તો ખુદાના હુકમથી આવે છે તો અહીં રબ તઆલાએ બંને પ્રકારના ફરિશ્તા મોકલ્યા જ શા માટે ? જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી : وَمَا نَتَنَزَّلُ اِلَّا بِاَمْرِ رَبِّكَ (અમે ફરિશ્તા નથી ઉતરતા હુઝૂરના રબના હુકમથી. –સૂરએ મયરમ, ૧૯/૬૪) કેમ કે ત્યાં અમ્ર (હુકમ)થી મુરાદ કુલ્લી અમ્ર છે, જેમ કે આપણને રબ તઆલાએ નમાઝો વગેરેનો કુલ્લી અમ્ર આપી રાખેલ છે.

**૮.** એટલે કે તેનું મૃત્યુ તદ્દન મધ્યમાં થયું હતું. રબ તઆલાએ તૌબાના ઈરાદાના કારણે તેનો એટલો એહતેરામ કર્યો કે તેની લાશને તે વસ્તીના તરફ ન સરકાવી બલ્કે બંને વસ્તીઓને હરકત આપી કે તેને પાછળ હટાવી આને આગળ વધારી. યાદ રાખશો કે રબ તઆલા જ્યારે બંદાથી રાજી થઈ જાય તો પોતાના હક્ક તો ખુદ માફ કરી આપે છે અને બંદાઓના હક્કો હક્કવાળા થકી માફ કરાવી દે છે. આ મોકા પર પણ રબ તઆલાએ મકતૂલોને (કત્લ થનારાઓને) કાંઈક આપીને માફ કરાવી આપ્યું. જેથી હદીષ પર ન તો વાંધો છે કે જુલ્મની રીતે કત્લ એ બંદાઓના

હક્ક હતા જેથી બંદાઓના માફ કર્યા વિના તેની બખ્શિશ કેવી રીતે થશે ? અને ન એ કે બે વસ્તીઓને કેમ હટાવી, લાશને કેમ ન સરકાવી ?

**★ હદીષ : (૬)-૨૩૨૮ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَوْ لَمْ تُذْنِبُوا لَذَهَبَ اللَّهُ بِكُمْ وَلَجَاءَ بِقَوْمٍ يُذْنِبُونَ فَيَسْتَغْفِرُونَ اللَّهَ فَيَغْفِرُ لَهُمْ» . رَوَاهُ مُسلم

''*હઝરત અબૂ હુરૈરહ્* رضی اللہ عنہ *થી* રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તેની કસમ જેના કબજામાં મારી જાન છે ! જો તમે ગુનાહ ન કરો તો અલ્લાહ તમને લઈ જાય અને એવી કૌમ લાવે જેઓ U]GFC SZ[45 KLDFCLDFU[TMTDG[AbXLV F5 [1. *(મુસ્લિમ)*

**૧.** આ હદીષનો મકસદ લોકોને ગુનાહ માટે દિલેર કરવાનો નથી બલ્કે તૌબાની તરફ આકર્ષવાનો છે. એટલે કે હે માનવો ! જો તમે પણ ફરિશ્તાઓની જેમ સર્વ માસૂમ બેગુનાહ હોત તો કોઈ કૌમ એવી પેદા કરવામાં આવતી જે ગલતી તથા ખતાથી ગુનોહ કરી લીધા કરતી. તેને રબ તઆલા માફ કરતો. કેમ કે ખલ્કત (મખ્લૂક) રબ તઆલાની સિફતનો મઝહર (જાહેર થવાની જગા) છે. અને જેવી રીતે રબની સિફત રઝ્ઝાક છે એ જ પ્રમાણે તેની સિફત ગફ્ફાર પણ છે. રઝ્ઝાકિયતનો ઝહૂર રિઝ્ક તથા મરઝૂક (જેને રોજી આપવામાં આવી)થી થાય છે. ગફ્ફારિયતની જલ્વાગરી ગુનાહ તથા ગુનેહગારથી થાય છે. જે આ હદીષ જોઈને ગુનાહ પર દિલેર થાય અને પછી ગુનાહ કરે તો કાફિર થયો. અને અહીં ગુનાહનો ઉલ્લેખ છે ન કે કુફ્રનો. ખુલાસો એ છે કે **હે ગુનેહગાર ! રબની રહમતથી માયૂસ ન થા, બલ્કે તૌબા કરી લે તે ગફૂર રહીમ છે.** તારાથી ગુનોહ બહાર પડવું અલ્લાહની હિકમતના તકાઝા હેઠળ છે. તમારાથી કોઈ ગુનોહ ન થાય એ અશક્ય છે. અહીં જવાથી મુરાદ તેમને હલાક કરવું નથી બલ્કે તેમને આસ્માનો પર પહોંચાડી, ફરિશ્તાઓની સાથે રાખવું અને જમીન પર બીજી કૌમ ગુનાહ કરવાને પાત્ર વાળીને વસાવવું મુરાદ છે.

**★ હદીષ : (૭)-૨૩૨૯ ★**

وَعَنْ أَبِي مُوسَى رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ يَبْسُطُ يَدَهُ بِاللَّيْلِ لِيَتُوبَ مُسِيءُ النَّهَارِ وَيَبْسُطُ يَدَهُ بِالنَّهَارِ لِيَتُوبَ مُسِيءُ اللَّيْلِ حَتَّى تَطْلُعَ الشَّمْسُ مِنْ مَغْرِبِهَا» . رَوَاهُ مُسْلِمٌ

*''હઝરત અબૂ મૂસા* رضی اللہ عنہ *થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ* صلی اللہ علیہ وسلم *એ ફર્માવ્યું કે* ***અલ્લાહ તઆલા પોતાનો દસ્તે કરમ રાતે ફેલાવે છે જેથી દિવસનો ગુનહેગાર તૌબા કરી લે, અને દિવસે ફેલાવે છે કે રાતનો ગુનેહગાર તૌબા કરી લે[1].*** *આ કરમનવાઝી ત્યાં સુધી થશે જ્યારે કે સૂરજ પશ્ચિમથી નીકળે[2].'' (મુસ્લિમ)*

**૧.** હાથ ફેલાવવાથી મુરાદ અફ્વો કરમનું વિશાળ કરી આપવું છે. મકસદ એ છે કે રબનો કરમ ઘણો જ વિશાળ છે. ગુનેહગારને દરેક વખતે કરમમાં લેવા તૈયાર છે, કોઈ આવનારુ હોય.

**૨.** એ વખતે તૌબાનો દરવાજો બંધ થઈ જશે. રબ તઆલા ફર્માવે છે : يَوْمَ يَأْتِي بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا (જે દિવસે તમારા રબની એ નિશાની આવશે કોઈ જાનને ઈમાન લાવવું કામ ન આપશે. સૂરએ અન્આમ, ૬/૧૫૮) મિર્કાતે અહીં ફર્માવ્યું કે એ સમયથી તે લોકોની તૌબા કબૂલ ન થશે જે સૂરજને પશ્ચિમથી નીકળતો જુએ પરંતુ જે

લોકો આ બનાવ પછી પેદા થાય તેમની કુફ્રની તૌબા પણ ક઼બૂલ થશે કે તેમણે ક઼યામતની નિશાનીઓ જોઈ જ નથી. હઝરત ઉસ્તાઝો મુર્શિદ સદરુલ અફાઝિલ મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે એ સમય પછી માણસની પેદાઈશ જ બંધ થઈ જશે. સારાંશ કે આયત તથા હદીષમાં એ લોકોનું વર્ણન છે જેઓ પહેલાં ગુનાહ કરતા રહ્યા અને તૌબા ન કરી. આ નિશાની જોઈને તૌબા કરવા લાગે તેની તૌબા ક઼બૂલ થશે નહીં, કે ગયબ ખુલી ગયા બાદ કેવી તૌબા ?!

**★ હદીષ : (૮)-૨૩૩૦ ★**

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «إِنَّ الْعَبْدَ إِذَا اعْتَرَفَ ثُمَّ تَابَ تَابَ اللّٰهُ عَلَيْهِ»

*"હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બંદો જ્યારે ગુનાહનો સ્વીકાર કરી લે છે, પછી તૌબા કરે છે તો અલ્લાહ તઆલા તેની તૌબા ક઼બૂલ કરી લે છે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષથી માલૂમ પડયું કે તૌબા ક઼બૂલ થવાની બે શરતો છે : એક પોતાના ગુનાહનો સ્વીકાર. બીજી તૌબા, એટલે ભાવિમાં ગુનાહ ન કરવાનો અહદ (વાયદો) અને કરેલા ગુનાહના બદલાની કોશિશ. સ્વીક઼ાર અને તૌબામાં આ ફરક છે.

**★ હદીષ : (૯)-૨૩૩૧ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ تَابَ قَبْلَ أَنْ تَطْلُعَ الشَّمْسُ مِنْ مَغْرِبِهَا تَابَ اللّٰهُ عَلَيْهِ» . رَوَاهُ مُسلم

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે સૂરજના પશ્ચિમથી નીકળવાના પહેલાં તૌબા કરે તો અલ્લાહ તઆલા તેની તૌબા ક઼બૂલ કરશે[1]." (મુસ્લિમ)*

**૧.** કદાચ અહીં તૌબાથી મુરાદ કુફ્રથી તૌબા છે એટલે **સૂર્યના પશ્ચિમથી નીકળવા પર સર્વ કાફિરો ઈમાન ક઼બૂલ કરી લેશે પણ તે સમયનું ઈમાન કબૂલ ન થશે, કેમ કે તે ઈમાન બિલ ગયબ ન રહ્યું.** ગુનાહોથી તૌબા એ વખતે પણ કબૂલ થશે, જેમ કે ગરાગરાની હાલતમાં (જીવ જવાની નજીક) કુફ્રથી તૌબા કબૂલ નથી પણ ગુનાહોથી તૌબા ક઼બૂલ છે. અમુકને ત્યાં હદીષ પોતાના ઈત્લાક઼ (બિનશર્તી હોવું, મુત્લક઼ હોવું) પર છે કે એ વખતે ન કુફ્રથી તૌબા ક઼બૂલ છે ન ગુનાહોથી. તે ફર્માવે છે કે એ વખતનું ઈમાન ક઼બૂલ હોવું તો કુર્આને કરીમથી સાબિત છે અને તૌબા ક઼બૂલ ન થવું હદીષથી સાબિત છે. બંને બર હક્ક઼ છે. واللہ ورسولہ اعلم *(લમ્આત તથા મિર્ક઼ાત)*

**★ હદીષ : (૧૦)-૨૩૩૨ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَلّٰهُ أَشَدُّ فَرَحًا بِتَوْبَةِ عَبْدِهِ حِينَ يَتُوبُ إِلَيْهِ مِنْ أَحَدِكُمْ كَانَ رَاحِلَتُهُ بِأَرْضٍ فَلَاةٍ فَانْفَلَتَتْ مِنْهُ وَعَلَيْهَا طَعَامُهُ وَشَرَابُهُ فَأَيِسَ مِنْهَا فَأَتَى شَجَرَةً فَاضْطَجَعَ فِي ظِلِّهَا قَدْ أَيِسَ مِنْ رَاحِلَتِهِ فَبَيْنَمَا هُوَ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે બંદો તૌબા કરે છે તો અલ્લાહ તઆલા તેની તૌબાથી એ શખ્સ કરતાં પણ અધિક ખુશ થાય છે[1] જેની સવારી ઉજ્જડ જમીનમાં હોય. તે સવારી ભાગી જાય. તેના પર તેનું ખાવા પાણી હોય. તે એ સવારીથી નિરાશ થઈને કોઈ ઝાડ સુધી પહોંચે. પોતાની સવારીની આશા છોડીને ઝાડના છાંયડામાં સૂઈ જાય. તે એ હાલતમાં હોય કે*

كذلكَ إِذ هُوَ بهَا قَائِمَةً عِنْدَهُ فَأَخَذَ بخِطَامِهَا ثُمَّ قَالَ مِنْ شِدَّةِ الْفَرَحِ: اللَّهُمَّ أَنْتَ عَبْدِي وَأَنَا رَبُّكَ أَخْطَأَ مِنْ شِدَّةِ الْفَرَحِ ". رَوَاهُ مُسلم

*અચાનક તેની સવારી તેની પાસે આવીને ઉભી થઈ જાય, તે તેની લગામ પકડે[૨] પછી અત્યંત ખુશીમાં આવું કહી બેસે, ઈલાહી! તું મારો બંદો અને હું તારો રબ! ખૂબ જ ખુશીમાં બંદો ભૂલ કરી ગયો.[૩]." (મુસ્લિમ)*

**૧.** આવી જગાએ ખુશીથી મુરાદ રઝા હોય છે, કેમ કે આમ બોલચાલની ખુશી આનંદથી રબ તઆલા પાક છે. યાદ રાખશો કે રઝા અલગ છે અને અમ્ર અલગ, પણ ઈરાદો કાંઈ અલગ છે. અલ્લાહ તઆલા દરેક બંદાના ઈમાન તથા શુક્રથી રાજી છે. ફર્માવે છે : اِنْ تَشْكُرُوْا يَرْضَهُ لَكُمْ (અને શુક્ર કરો તો એને તમારા માટે પસંદ કરે છે. *–સૂ. ઝુમર, ૩૯/૭)*

અને દરેક શખ્સને તેણે ઈમાનનો હુકમ પણ આપ્યો છે કે ફર્માવ્યું, اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ (ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર. સૂ. નિસાઅ, ૪/૧૩૬) પણ દરેક શખ્સના ઈમાનનો ઈરાદો નથી કર્યો, નહીં તો દુનિયામાં કોઈ કાફિર ન હોત. અમુકના કુફ્રનો ઈરાદો કર્યો છે અને અમુકના ઈમાનનો. એ ઈરાદાઓમાં સેંકડો હિકમતો છે જે ઈલ્મે કલામમાં વર્ણન થયેલ છે. જુઓ ઈસ્માઈલ (علیہ السلام)ના ઝબહનો હુકમ હતો પણ ઈરાદો ન હતો. અહીં તેની રઝાનું વર્ણન છે ન કે ઈરાદાનું.

**૨** : એટલે કે જેવી રીતે તે શખ્સને નિરાશા બાદ આશાથી અત્યંત ખુશી થાય છે જે અવર્ણનીય છે, કેમ કે એ બંદાને નિરાશા જાનથી પણ થઈ ચૂકી હતી. એ જ પ્રમાણે રબ તઆલાની રઝા આપણે વર્ણન નથી કરી શકતા. આ સરખામણી તશ્બીહે મુરક્કબ છે જેમાં પૂરા બનાવને પૂરા બનાવ સાથે સરખામણી આપવામાં આવે છે ન કે દરેક હાલને દરેક હાલ સાથે. જેથી એ લાઝિમ નથી થતુ કે રબ તઆલા માયૂસ પણ થયો હોય અને બાદમાં તેની આશા બંધાઈ હોય ! મક્સદ એ છે કે રબ તઆલા આપણા પર ખુદ આપણાથી અધિક મહેરબાન છે. જેટલી ખુશી આપણને આપણી જાન બચવાથી થાય છે તેનાથી અધિક ખુશી અલ્લાહ તઆલાને બંદાના ઈમાન બચવાથી થાય છે.

**3** : આ કલામ પણ અત્યંત ખુશી વર્ણવવા માટે છે ન કે સરખામણી માટે, કેમ કે રબ તઆલા ગલતીઓ તથા ખતાથી પાક છે. એટલે કે બંદાની ખુશીથી મતિ મારી ગઈ, એ કહેવા ચાહતો હતો, હે રબ ! હું તારો બંદો અને તું મારો રબ છે, પરંતું ઉલ્ટુ કહી બેઠો. એનાથી જાણવા મળ્યું કે ભૂલથી મોંથી કુફ્ર નીકળી જવાથી બંદો કાફિર નથી થતો, ન એનાથી એ ખતાકારની પત્ની નિકાહથી નીકળશે. કેમ કે હુઝૂરે અન્વર ﷺએ એના પર કુફ્રનો હુકમ નથી આપ્યો. પણ આ ત્યારે છે જ્યારે કે બંદાને એ ખતા પર માહિતી ન હોય, જાણ થતાં તુરંત જ તૌબા કરે. તલાક્નો આવો હુકમ નથી. જેથી આ હદીષથી તે હઝરાત દલીલ નથી પકડી શકતા જેઓ કલમો આવી રીતે પઢી લે છે : لا اله الا الله اشر فعلی رسول الله અને પઢી બેકાબૂ ઝબાનનું બહાનુ કરી દે છે !

**★ હદીષ : (૧૧)–૨૩૩૩ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ عَبْدًا أَذْنَبَ ذَنْبًا فَقَالَ: رَبِّ أَذْنَبْتُ فَاغْفِرْهُ فَقَالَ رَبُّهُ أَعَلِمَ عَبْدِي أَنَّ لَهُ رَبًّا

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંદો જ્યારે કોઈ ગુનોહ કરી લે છે, પછી કહે છે મૌલા! મેં ગુનોહ કરી લીધો મને માફી આપી દે.[૧] રબ ફર્માવે છે કે શું મારો બંદો જાણે છે કે તેનો કોઈ રબ છે જે ગુનાહ માફ પણ કરે છે અને એના પર પકડી પણ લે છે. મેં મારા*

يَغْفِرُ الذَّنْبَ وَيَأْخُذُ بِهِ؟ غَفَرْتُ لِعَبْدِي ثُمَّ مَكَثَ مَا شَاءَ اللَّهُ ثُمَّ أَذْنَبَ ذَنْبًا فَقَالَ: رَبِّ أَذْنَبْتُ ذَنْبًا فَاغْفِرْهُ فَقَالَ رَبُّهُ: أَعَلِمَ عَبْدِي أَنَّ لَهُ رَبًّا يَغْفِرُ الذَّنْبَ وَيَأْخُذُ بِهِ؟ غَفَرْتُ لِعَبْدِي ثُمَّ مَكَثَ مَا شَاءَ اللَّهُ ثُمَّ أَذْنَبَ ذَنبا قالَ: رب أذنبت ذنبا آخر فَاغْفِر لِي فَقَالَ: أَعَلِمَ عَبْدِي أَنَّ لَهُ رَبًّا يَغْفِرُ الذَّنْبَ وَيَأْخُذُ بِهِ؟ غَفَرْتُ لِعَبْدِي فَلْيَفْعَلْ مَا شَاءَ "

*બંદાને બખ્શી આપ્યો[૨] પછી જેટલું રબ ચાહે છે બંદો રોકાયેલો રહે છે, ફરી કોઈ ગુનોહ કરી બેસે છે. કહે છે, હે રબ ! મેં ગુનોહ કરી લીધો બખ્શી આપ.[૩] રબ ફર્માવે છે, શું મારો બંદો જાણે છે કે એનો કોઈ રબ છે જે ગુનાહ બખ્શે છે અને એના પર પકડી પણ લે છે. મેં મારા બંદાને બખ્શી આપ્યો. પછી બંદો રોકાયેલો રહે છે જેટલું રબ ચાહે છે, ફરી ગુનોહ કરી બેસે છે. અર્ઝ કરે છે, હે રબ ! મેં ગુનોહ કરી લીધો ! મને માફ કરી દે. તો રબ ફર્માવે છે, શું મારો બંદો જાણે છે કે તેનો કોઈ રબ છે જે ગુનાહ બખ્શે છે અને પકડી પણ લે છે. મેં મારા બંદાને બખ્શી આપ્યો જે ચાહે કરે.[૪]"*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે ઝબાનથી પણ કહે છે અને અમલથી પણ કે ભૂતકાળ પર શર્મિંદો થાય છે અને ભાવિના માટે બચવાનો વાયદો કરે છે અને યથાશક્તિ પાછલા ગુનાહોનો કફ્ફારો પણ અદા કરી આપે છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે લોકોનો માલ મારી ખાઈને પછી કેવળ કહી દો તો માફી થઈ ગઈ !

**૨.** આ વાત ફરિશ્તાઓ સાથે થાય છે કરમને પ્રદર્શિત કરવા માટે. મક્સદ એ છે કે કેમ કે બંદાએ પોતાને ગુનેહગાર અને મને ગફ્ફાર સમજ્યો, મારા દરવાજા પર માફી માગતો આવ્યો, તો મેં એને માફ કરી આપ્યો.

**૩.** એટલે કે તૌબા વખતે તો એનો ઈરાદો પણ એ જ હતો કે કદી ગુનાહ કરીશ નહીં, પણ ફરી કરી બેઠો. જેથી આ હદીષ કુર્આનની આ આયતની વિરૂધ્ધ નથી : وَلَمْ يُصِرُّوا عَلٰى مَا فَعَلُوْا (અને પોતાના કરેલા પર જાણી બુજીને અડી ન જાય. સૂ. આલે ઈમરાન, ૩/૧૩૫) ગુનાહ પર અડી જવું અલગ છે અને વારંવાર ગુનોહ થઈ જવો અને તૌબા કરતા રહેવું કાંઈ અલગ છે.

**૪.** એટલે કે ગુનાહ કરવાનો આદી (આદતવાળો) અને હું બખ્શવાનો આદી. જ્યારે તું ગુનાહથી દૂર નથી થતો તો હું મારી બખ્શવાની આદત શા માટે છોડી આપું ?! તું કરતો જા હું બખ્શતો જઉં ! આ ફર્માન ગુનાહોની ઈજાઝત આપવા માટે નથી બલ્કે મગફિરતની વિશાળતા પ્રદર્શિત કરવા માટે છે. એટલે આ રીતે બંદો જો લાખોવાર ગુનોહ ન કરવાનો જ નિશ્ચય હોય પણ પછી કરી બેસે. જેથી હદીષ તદ્દન જાહેર છે. **તૌબાના ઈરાદાથી ગુનોહ કરવો કુફ્ર છે, કે ચાલો ! ગુનાહોમાં વાંધો જ શું છે, કાલે તૌબા કરી લઈશું. આ તૌબા નથી બલ્કે શરીઅતનો મઝાક ઉડાડવું છે. અને ખુદા તઆલા પર અમ્ન. એ બંને વાતો કુફ્ર છે.** અથવા એ મતલબ છે કે આવી તૌબા કરનારાને રબ તઆલા પોતાની અમ્નમાં લઈ લે છે કે ફરી તેનાથી ગુનાહ થતા જ નથી. પછી ફર્માવવામાં આવે છે કે જેવું ચાહે કરે. જેમ કે પક્ષીની પાંખ કાપીને તેને કહો કે જા ! ઉડતુ ફર !

★ હદીષ : (૧૨)-૨૩૩૪ ★

وَعَنْ جُنْدُبٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَدَّثَ: " أَنَّ رَجُلًا قَالَ: وَاللَّهِ لَا يَغْفِرُ اللَّهُ لِفُلَانٍ وَأَنَّ اللَّهَ تَعَالَى قَالَ: مَنْ ذَا الَّذِي يَتَأَلَّى عَلَيَّ أَنِّي لَا أَغْفِرُ لِفُلَانٍ فَإِنِّي قَدْ غَفَرْتُ لِفُلَانٍ وَأَحْبَطْتُ عَمَلَكَ ". أَوْ كَمَا قَالَ. رَوَاهُ مُسلم

*"હઝરત જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે[1] કે રસૂલુલ્લાહ ﷺ એ બયાન કર્યું કે એક માણસે કહ્યું, રબની કસમ ! અલ્લાહ તઆલા ફલાણાને બખ્શશે નહીં[2] અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, તે કોણ છે જે મારા પર કસમ ખાય છે કે ફલાણાને બખ્શિશ નહીં ?[3] મેં ફલાણાને બખ્શી આપ્યો અને તારા અમલો ઝબ્ત કરી લીધા[4] જેમ કે હુઝૂરે અન્વરે ફર્માવ્યું.[5]" (મુસ્લિમ)*

**૧.** જુન્દુબ, હઝરત અબૂ ઝર ગફ્ફારનું પણ નામ છે જે મશહૂર સહાબી છે. અને અન્ય સહાબીઓનું પણ. અહીં લગભગ બીજા કોઈ સહાબી મુરાદ છે, કેમ કે મુહદ્દિષો હઝરત અબૂ ઝરને જુન્દુબના નામ સાથે વર્ણન નથી કરતા. અને શક્ય છે કે અબૂ ઝર ગફ્ફારી જ મુરાદ હોય. મિર્કાતે બીજા ખુલાસાને અગ્રતા આપી.

**૨.** એટલા માટે નહીં બખ્શે કે એણે ઘણો જ મહાન ગુનોહ કર્યો અથવા એટલા માટે કે એણે મારા પર જુલ્મ કર્યો છે અને હું ખુદાનો ઘણો મકબૂલ છું. મારા પર જુલ્મ કરવો બખ્શિશને પાત્ર નથી. પ્રથમ સ્થિતિમાં આ વાત કેવળ ગીબત છે. બીજી સ્થિતિમાં ગીબત પણ છે અને પોતાની શૈખી (બડાઈ) પણ છે.

**૩.** يَتَأَلَّى થી બન્યું કસમ ખાવાના અર્થમાં એનાથી ایلاء છે. એ બંનેવ શખ્સ મિસરના રહેવાસી હતા. પહેલો ફાસિક હતો અને બીજો મુત્તકી પણ પોતાને ગુનેહગાર જાણતો હતો. અને એ આબિદ પોતાનો ઝુહ્દો તક્વા પર નાઝાં હતો. (અઝ : અશિઅહ) આ બારગાહે બેનિયાઝમાં કોઈને નાઝ કરવાનો હક્ક જ નથી, ત્યાં નિયાઝ જોવામાં આવે છે.

**૪.** એટલે કે તે શખ્સની શયખી (બડાઈ હાંકવાના)ના સબબે મારી ગૈરતનો દરિયો જોશમાં આવી ગયો. તે ફાસિકને મેં નેક બનવાની તૌફીક આપી દીધી જેનાથી તેના સર્વ ગુનાહો બખ્શવામાં આવ્યા, અને તે ઘમંડી ઝાહિદની તૌફીક છીનવી લેવામાં આવી જેનાથી એ કાફિર થઈને મર્યો, અને તેની સર્વ નેકીઓ ઝબ્ત થઈ ગઈ. આ શરહની બિના પર હદીષ બિલ્કુલ સ્પષ્ટ થઈ ગઈ કે ન કુર્આની આયતોની વિરુદ્ધ રહી ન અન્ય હદીષોની વિરુદ્ધ રહી. અમલની ઝબ્તી (બેકાર કરી દેવું) કુફ્રથી થાય છે ન કે મામૂલી ગુનાહથી. મિર્કાતે ફર્માવ્યું કે અહીં ઝાહિદના અમલ ઝબ્ત થવાથી મુરાદ તેની આ કસમને જૂઠી કરી આપી છે કે ફાસિકને બખ્શી આપ્યો અને ઝાહિદની કસમને જૂઠી કરી આપી. આ સ્થિતિમાં પણ આ હદીષ મઝહબે એહલે સુન્નતની વિરુદ્ધ નથી. એનાથી જાણવા મળ્યું કે કોઈ શખ્સ કોઈના અંજામના વિશે પોતાની રાયથી ફૈંસલો નથી કરી શક્તો કે ફલાણો જન્નતી છે અને ફલાણો દોઝખી. અલ્લાહ તઆલા અંજામ બખૈર કરે. આમીન ! દરેક શખ્સ ડરતો રહે.

**૫.** આ શક રાવીની તરફથી છે એટલે શબ્દો હુઝૂરે અન્વર ﷺના આ જ હતા અથવા કોઈ અલગ પણ વિષય આ જ હતો. જાણવા મળ્યું કે રિવાયત બિલ્મઅ્ના જાઈઝ છે.

**★ હદીષ : (૧3)-૨૩૩૫ ★**

وَعَنْ شَدَّادِ بْنِ أَوْسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " سَيِّدُ الِاسْتِغْفَارِ أَنْ تَقُولَ: اللَّهُمَّ أَنْتَ رَبِّي لَا إِلَهَ إِلَّا أَنْتَ خَلَقْتَنِي وَأَنَا عَبْدُكَ وَأَنَا عَلَى عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ أَعُوذُ بِكَ مِنْ شَرِّ مَا صَنَعَتُ أَبُوءُ لَكَ بِنِعْمَتِكَ عَلَيَّ وَأَبُوءُ بِذَنْبِي فَاغْفِرْ لِي فَإِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوبَ إِلَّا أَنْتَ ". قَالَ: «وَمَنْ قَالَهَا مِنَ النَّهَارِ مُوقِنًا بِهَا فَمَاتَ مِنْ يَوْمِهِ قَبْلَ أَنْ يُمْسِيَ فَهُوَ مِنْ أَهْلِ الْجَنَّةِ وَمَنْ قَالَهَا مِنَ اللَّيْلِ وَهُوَ مُوقِنٌ بِهَا فَمَاتَ قَبْلَ أَنْ يُصْبِحَ فَهُوَ مِنْ أَهْلِ الْجَنَّةِ» . رَوَاهُ الْبُخَارِيّ

*''હઝરત શદ્દાદ ઈબ્ને અવસથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈસ્તિગફારનો સરદાર એ છે[૧] કે તમે કહો, ઈલાહી! તું મારો રબ છે, તારા સિવાય કોઈ મઅબૂદ નથી. તેં મને પેદા કર્યો. હું તારો બંદો છુ[૨]. અને યથાશક્તિ તારા અહદો પયમાન (વાયદાઓ) પર ક઼ાયમ છું[3] હું મારા કરેલાની બુરાઈથી તારી પનાહ માગુ છું[૪] તારી નેઅમતનો જે મારા પર છે તેનો ઈક઼રાર કરુ છું અને મારા ગુનાહોનો ઈક઼રારી (સ્વીકારનાર) છું મને બખ્શી આપ. તારા સિવાય ગુનાહ કોઈ નથી બખ્શી શકતો[૫] હુઝૂરે ફર્માવ્યું કે જે દિલી યક઼ીનની સાથે દિવસમાં આવું કહી લે પછી તે દિવસે સાંજથી પહેલાં મરી જાય તો તે જન્નતી થશે અને દિલી યક઼ીન સાથે રાતમાં એવું કહી લે પછી સવારથી પહેલાં મરી જાય તો તે જન્નતી થશે[૬].*

*(બુખારી)*

**૧.** અરબીમાં સૈયદ તે છે જેની તરફ લોકો પોતાની હાજતોમાં રુજૂઅ કરે. એટલે ઈસ્તિગફારના શબ્દો ઘણા છે પણ આ ઈસ્તિગફાર એ તમામનો સમૂહ છે કેમ કે એમાં પાછલા પર શર્મિંદગી અને ભાવિના માટે નિશ્ચય (વાયદો) છે. રબ તઆલાના ઈનામો, પોતાની એહસાન ફરામોશી, બેવફાઈ સર્વ કાંઈ છે.

**૨.** જાણવા મળ્યું કે ઈસ્તિગફાર, તૌબા બલ્કે તમામ દુઆઓમાં અલ્લાહ તઆલાની હમ્દ તથા પોતાની લાચારી વર્ણવવી બેહતર છે. વળી જેવી દુઆ હોય તેવી જ હ઼મ્દ પણ હોવી જોઈએ. જુઓ અહીં તૌબા કરવી છે તો પ્રથમ અલ્લાહની રબૂબિયત અને પોતાના બંદગી (બંદાપણા)નો ઈક઼રાર કર્યો. એટલે તું પાલનહાર અમે પલનાર. પલનારા કુસૂર કર્યા કરે છે અને પાલનહાર બખ્શ્યા જ કરે છે. બાળકો કપડાં તથા બિસ્તર ગંદુ કર્યા જ કરે છે, મા તેને પાક સાફ કર્યા જ કરે છે, જ્યારે કે તે રબ નથી મુરબ્બી છે.

**3.** એટલે કે જ્યાં સુધી મારાથી બની શક્શે હું તે વાયદો પૂરો કરીશ જે મીષાક઼ના દિવસે તારાથી કર્યો છે. અથવા ઈસ્લામ લાવતી વખતે તારા પ્યારા હબીબ ﷺથી કર્યો. અથવા બયઅત થતી વખતે તારા કોઈ વલીથી કર્યો. કેમ કે આ સર્વ અહદ (વાયદો) તારાથી જ છે. યથાશક્તિની શરત એટલા માટે રાખી કે શક્તિથી અધિકની પરવરદિગાર પણ તકલીફ નથી આપતો.

**૪.** શયખે અશિઅહમાં ફર્માવ્યું કે કર્યાથી મુરાદ ગુનાહ પણ છે અને નેકીઓ પણ. ગુનાહની શરત એ છે કે એનાથી તૌબાની તૌફીક઼ ન મળે, અને નેકીની શર્ત એ છે કે તેના પર તકબ્બુર તથા ઘમંડ ન થઈ જાય. યાદ રાખશો કે **તે ગુનોહ જેના બાદ ગિર્યાઓઝારી (આજીજી સાથે રૂદન), આજીજી તથા નિયાઝમંદી તથા તૌબા નસીબ થાય તે એ નેકી કરતાં બેહતર છે જેના બાદ ઘમંડ તથા ગુરૂર થાય.** આદમ عليه السلام નું ઘઉં ખાઈ

લેવાની ખતા એ શૈતાનના સજદાઓથી અફઝલ હતી.

**૫.** سبحان اللہ ! કેટલી પ્યારી અર્ઝો મઅરૂઝ (રજૂઆત) છે કે હું સ્વીકારું છું કે કાંટા મારી પાસે છે અને ફૂલ તારી પાસે, ખતાઓ મારા તરફથી અને અતાઓ તારા તરફથી. કુર્આને પાકના હુકમથી અતિશય જાલિમ તથા ગલત હું છું, ગફૂર તથા રહીમ તું છે. જેના લાયક હું હતો તેં મેં અર્ઝ કરી લીધું, જે તારી શાનને લાયક છે તે તું કર. બદકારી મેં કરી લીધી, સત્તારી તું કર. ગુનેહગારી મેં કરી લીધી, ગફ્ફારી તું કર. તારા એક છાંટાથી અમારો બેડો પાર છે. (શેઅર)

مایم پر گناہ تو دریائے رحمتی　　　آنجا کہ فضل تست چہ باشد گناہ ما۔

**અર્થાત** : અમે ગુનાહથી ભરેલા અને તું રહમતનો દરિયો છે, તારા ફઝ્લો કરમ સમક્ષ અમારા ગુનાહની શું હૈષિયત.

**૬.** યક઼ીનની કેદ (શર્ત) લગાડી જેથી માલૂમ થાય કે બંદો દુઆ અને તૌબાના સમયે તેના ફઝ્લનું યક઼ીન રાખે. એવું સમજે કે મને રબ તઆલાએ પોતાના દરવાજા પર બોલાવ્યો તો આવ્યો છું, મારી જાતે નથી આવ્યો. અને કરીમ ભીખારીને બોલાવીને આપ્યા જ કરે છે, ખાલી નથી ફેરવતા. જેને એ યક઼ીન હશે તે ઈન્શા અલ્લાહ ! બખ્શાય જ થશે.

## (વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૪)-૨૩૩૬ ★

عَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَالَ اللَّهُ تَعَالَى: يَا ابْنَ آدَمَ إِنَّكَ مَا دَعَوْتَنِي وَرَجَوْتَنِي غَفَرْتُ لَكَ عَلَى مَا كَانَ فِيكَ وَلَا أُبَالِي يَا ابْنَ آدَمَ إِنَّكَ لَوْ بَلَغَتْ ذُنُوبُكَ عَنَانَ السَّمَاءِ ثُمَّ اسْتَغْفَرْتَنِي غَفَرْتُ لَكَ وَلَا أُبَالِي يَا ابْنَ آدَمَ إِنَّكَ لَوْ لَقِيتَنِي بِقُرَابِ الْأَرْضِ خَطَايَا ثُمَّ لَقِيتَنِي لَا تُشْرِكُ بِي شَيْئًا لَأَتَيْتُكَ بِقُرَابِهَا مَغْفِرَةً ". رَوَاهُ التِّرْمِذِيّ

2337 -[15] وَرَوَاهُ أَحْمَدُ وَالدَّارِمِيُّ عَنْ أَبِي ذَرٍّ وَقَالَ التِّرْمِذِيّ: هَذَا حَدِيث حسن غَرِيب

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે રબ તઆલા ફર્માવે છે, હે આદમની ઔલાદ ! જ્યારે તું મારાથી દુઆ માગે અને મારાથી આશા બાંધે તો હું તને તારી અયબોના હોવા છતાં બખ્શતો રહીશ[૧]. હું બેપરવા છું. હે ઈબ્ને આદમ ! (આદમની ઔલાદ !) જો તારા ગુનાહ આસ્માનના કિનારા સુધી પહોંચી જાય[૨] પછી તું મારાથી માફી માગે તો હું તને બખ્શી આપીશ, કાંઈ પરવા કરીશ નહીં. હે આદમની ઔલાદ ! જો તું જમીન ભરીને ખતાઓની સાથે મળે પણ એવી રીતે મળે કે કોઈને મારો શરીક ન ઠરાવતો હોય તો હું જમીનભર બખ્શિશની સાથે તારી પાસે આવીશ[૩]. (તિર્મિઝી, અહમદ, દારમી અન અબી ઝર) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે. ગરીબ છે."*

**૧.** ઉલમાએ કિરામ علی નો અર્થ (તેમ છતાં) કરે છે, એટલે તારા ગમે તેવા ગુનાહ હોય હું બખ્શી આપીશ. હું આવનારાને નથી જોતો પણ મારા દરવાજાને જોઉં છું કે કયા દરવાજા પર આવ્યો. સૂફિયાએ કિરામ એનો અર્થ કરે છે, મુતાબિક઼ એટલે તને તારા ગુનાહના પ્રમાણમાં બખ્શી દઈશ. નાના ગુનાની નાની બખ્શિશ, મોટા ગુનાની મોટી બખ્શિશ, લાખો ગુનાહોની લાખો બખ્શિશ, બલ્કે હક઼ીક઼ત તો એ છે કે : (શેઅર)

*ગુનાહે 'રઝા' કા હિસાબ ક્યા વો અગર લાખોં સે હોં—મગર અય કરીમ ! તેરે અફ્વ કા ન હિસાબ ન શુમાર હૈ*

**૨.** عنان અ્યનના ફતહ (ઝબર)થી છે, વાદળના અર્થમાં અને અ્યનના ઝેરથી, જાહેરના અર્થમાં અને عنان અ્યનનું બહુવચન, કિનારાના અર્થમાં. અમુક નુસ્ખાઓમાં اعنان પણ છે. મતલબ એ છે કે જો તું ગુનાહોમાં એવો ઘેરાય જાય. જેવી રીતે જમીન આસમાનથી ઘેરાયેલી છે કે ચોતરફ તારા ગુનાહ હોય અને વચ્ચે તું હોય. પછી મારાથી માફી માગે તો હું તારા સર્વ ગુનાહો બખ્શી આપીશ. બલ્કે આસ્માન જમીનની ચક્કી સૌને પીસી નાખે છે એના સિવાય કે જે રબને લાગી જાય. કોઈ હિંદી શાયરે શું સરસ કહ્યું છે :–

*ચકિયા ચકિયા સબ કહે ઔર કલ્યાં કહે ન કોઈ–જો કલ્યાં સે લાગા ઉસ કા બાલ ન બિકા હોએ*

**૩.** قراب કાફના ઝેર અથવા પેશથી. માત્રા જેટલુ અર્થમાં. મશારિકમાં ફર્માવ્યું કે قراب કસ્રાની સાથે તલ્વારની મિયાન અને સવારનું હલકુ ભાથુ અને ઝિમ્મા (પેશ)થી નઝદીકીના અર્થમાં. મતલબ એ છે કે જેવી રીતે રાઝિક઼ મરઝૂક઼ને (રોજી આપનાર હાજતમંદને) હાજત પ્રમાણે રોજી આપે છે. હાથીને મણ અને કીડીને કણ આપે છે, એ જ પ્રમાણે એ ગફ્ફાર ગુનાહના પ્રમાણમાં મગફેરત અતા કરશે, પણ શર્ત એ છે કે ગુનેહગાર હોય ગદ્દાર ન હોય. એટલા માટે શર્ત લગાડવામાં આવી કે મારો શરીક ન ઠરાવતો હોય. યાદ રાખશો કે આવી જગાઓએ શિર્ક એ કુફ્રના અર્થમાં હોય છે. રબ તઆલા ફર્માવે છે : إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُّشْرَكَ بِهٖ (બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે. સૂરએ નિસાઅ, ૪/૪૮) અને નબી અથવા કિતાબ અથવા ઈસ્લામી અહકામમાંથી કોઈનો ઈન્કાર એ હક઼ીક઼તમાં રબ તઆલાનો જ ઈન્કાર છે, જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે અને એમાં કાફિરની મગફિરતનો વાયદો નથી. કુફ્ર તથા મગફિરતમાં વિરોધાભાસ છે.

**★ હદીષ : (૧૯)–૨૩૩૮ ★**

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " قَالَ اللَّهُ تَعَالَى: مَنْ عَلِمَ أَنِّي ذُو قُدْرَةٍ عَلَى مَغْفِرَةِ الذُّنُوبِ غَفَرْتُ لَهُ وَلَا أُبَالِي مَا لم تشرك بِي شَيْئا ". رَوَاهُ فِي شرح السّنة

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે તે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જે જાણે કે હું ગુનાહ બખ્શી દેવા માટે ક઼ાદિર છું તો હું તેને બખ્શી દઈશ, કાંઈ પરવા ન કરીશ, જ્યાં સુધી કે તે મારો કોઈને શરીક ન ઠરાવે[૧]." (શરહે સુન્નહ)*

**૧.** سبحان اللّٰہ ! ઘણી ઉમ્મીદ વધારનારી હદીષ છે ! એટલે કે જે મો'મિન રબ તઆલાને અઝાબ તથા મગફિરત પર ક઼ાદિર (શક્તિમાન) માને પછી તેનાથી ગુનાહ થઈ જાય તો રબ તઆલા પોતાના ફઝ્લથી તેને બખ્શી આપશે. مالم یشرك પ્રથમ વાક્યનું સમર્થન છે. કેમ કે જે રબ તઆલાને નબીના બતાવવાથી દરેક ચીજ પર ક઼ાદિર માને તે મો'મિન જ હશે. હદીષથી જાણવા મળ્યું કે ગુનાહે કબીરાની બખ્શિશ (માફી) તૌબા પર આધારિત નથી. એ જ પ્રમાણે હુક઼ૂક઼ુલ એબાદ (બંદાઓના હક્કો)ની માફી ખુદ હક્ક઼વાળા પાસે માફ કરાવવા પર આધારિત નથી કે રબ તઆલા તેના વિના બખ્શી જ ન શકે. કાનૂન અલગ છે અને કુદરત કાંઈ અલગ. આપણે ક઼ાનૂનના પાબંદ છીએ પણ રબ તઆલા પાબંદ નથી. આ હદીષમાં રબ તઆલાની કુદરતનું વર્ણન છે. અને બંદાઓના હક્ક઼ોવાળી હદીષમાં ક઼ાનૂનનું વર્ણન છે, જેથી હદીષોમાં ટકરાવ નથી અને ન એમાં બંદાઓને ગુનાહ પર દિલેર કરવું છે.

**★ હદીષ : (૧૭)-૨૩૩૯ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَزِمَ الِاسْتِغْفَارَ جَعَلَ اللَّهُ لَهُ مِنْ كُلِّ ضِيقٍ مَخْرَجًا وَمِنْ كُلِّ هَمٍّ فَرَجًا وَرَزَقَهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ» . رَوَاهُ أَحْمدُ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***જે ઈસ્તિગફારને પોતાના પર લાઝિમ કરી લે[1] તો અલ્લાહ તેના માટે દરેક તંગીથી છૂટકારો અને દરેક ગમથી નજાત આપશે અને ત્યાંથી તેને રોજી આપશે જ્યાંથી તેનું ગુમાન પણ નહીં હોય[2]."***

**૧.** એ રીતે કે દરરોજ ઈસ્તિગફારના કલમા ઝબાન વડે અદા કર્યા કરે, ગુનાહ કરે કે ન કરે. **બેહતર એ છે કે ફજરની નમાઝ વખતે ફજરની સુન્નત** પછી **ફર્ઝથી પહેલાં સિત્તેરવાર પઢયા કરે કે એ સમય ઈસ્તિગફાર માટે ખૂબ જ યોગ્ય છે.** રબ તઆલા ફર્માવે છે : وَبِالْأَسْحَارِ هُمْ يَسْتَغْفِرُوْنَ (અને પાછલી રાતે ઈસ્તિગફાર કરતા. સૂરએ ઝારિયાત, ૫૧/૧૮)

**૨.** આ અમલ ઘણો જ અજમાવાયેલો છે. રોજીથી મુરાદ માલ, ઔલાદ, ઈજ્જત સર્વ જ છે. ઈસ્તિગફાર કરવાવાળાઓને રબ તઆલા આ સર્વ નેઅમતો ગયબી ખજાનાથી બખ્શે છે. કુર્આને કરીમ ફર્માવે છે : فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ؕ اِنَّهٗ كَانَ غَفَّارًا ۙ يُّرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا ۙ (તો મેં કહ્યું, મારા રબથી માફી માગો, તે મહાન માફી આપનારો છે. સૂરએ નૂહ, ૭૧/૧૦,૧૧) કુર્આને કરીમે ઈસ્તિગફાર પર પાંચ નેઅમતોનો ઉલ્લેખ કર્યો અને આ હદીષે ત્રણ નેઅમતોનો. પણ અમારી આ શરહથી એ પાંચેવ નેઅમતો એ ત્રણમાં આવી ગઈ. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ (અને જે અલ્લાહથી ડરે અલ્લાહ તેના માટે નજાતનો માર્ગ કાઢી આપશે. અને તેને ત્યાંથી રોજી આપશે જ્યાં તેનું ગુમાન ન હોય. સૂરએ તલાક, ૬૫/૨,૩)

**★ હદીષ : (૧૮)-૨૩૪૦ ★**

وَعَنْ أَبِي بَكْرٍ الصِّدِّيقِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أَصَرَّ مَنِ اسْتَغْفَرَ وَإِنْ عَادَ فِي الْيَوْمِ سَبْعِينَ مَرَّةً» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

*"હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માફી માગી લેનારો અડિયલ નથી ભલે દિવસમાં સિત્તેરવાર ગુનોહ કરે[1]." (તિર્મિઝી, અબૂ દાઊદ)*

**૧.** એટલે કે એ જે કુર્આન શરીફમાં ફર્માવવામાં આવ્યું : وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا (અને પોતાના કરેલા પર જાણીબુજીને અડી ન જાય. સૂરએ આલે ઈમરાન, ૩/૧૩૫) કે તે પોતાના ગુનાહ પર અડી નથી પકડતા. અહીં અડીથી મુરાદ ગુનોહ વારંવાર કરે અને તૌબા કદી ન કરે. જે તૌબા કરતો રહે તે અડિયલ નથી. તૌબાનો અર્થ પહેલાં વર્ણન કરી દેવામાં આવ્યો છે કે તૌબાના સમયે ગુનાહથી દૂર રહેવાનો પૂરો ઈરાદો હોય. અને જો તૌબાના સમયે જ એવો ખયલા છે કે ગુનોહ કરતો રહીશ, તો એ તૌબા નથી બલ્કે ઈસ્લામનો મજાક છે.

**★ હદીષ : (૧૯)-૨૩૪૧ ★**

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સર્વ માનવો*

«كُلُّ بَنِي آدَمَ خَطَّاءٌ وَخَيْرُ الْخَطَّائِينَ التَّوَّابُونَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

*ખતાકાર છે[1] બેહતરીન ખતાકાર રુજૂઅ કરનાર (તૌબા કરનારા) છે[2].*

**૧.** અહીં "કુલ" સામૂહિક છે ન કે "કુલ" વ્યક્તિગત. એટલે સર્વ માનવો ગુનેહગાર છે ન કે દરેક ઈન્સાન. કેમ કે અંબિયા હઝરાત ગુનાહોથી માસૂમ છે કે ગુનોહ કરી શકતા જ નથી, અને અમુક અવલિયા મહેફૂઝ છે કે ગુનોહ કરતા નથી. અને જો એ "કુલ" વ્યક્તિગત હોય તો ખત્તાઅમાં લગ્ઝિશ પણ સામેલ થશે અથવા એ આમ મખ્સૂસ મિન્હુલ્ બઅ્ઝ [આમ (General) જેમાંથી અમુકને ખાસ કરી લેવામાં] છે, જેનાથી એ પાક હઝરાત અપવાદ છે. જેથી આ હદીષ ન તો કુર્આની આયતોની વિરુદ્ધ છે અને ન તે હદીષોની વિરુદ્ધ જેમાં આ મક્બૂલોની પાકીઝગીનું વર્ણન છે, અને ન આ હદીષની બિના પર અંબિયા હઝરાતને ગુનેહગાર કહી શકાય છે. ઈસ્મતે અંબિયા (નબીઓની પવિત્રતા)ની તેહકીક્ અમારી કિતાબ "જા અલ્ હક્ક્"ના અંતમાં જુઓ. **૨.** એટલે કે ગુનાહથી નેકીની તરફ પરત થનાર, ખતાથી માફીની તરફ, ગફલતથી જાગૃતિની તરફ, ખલ્ક્થી ખાલિક્ની તરફ, ગાયબથી હુઝૂર (હાજરી)ની તરફ, નફ્સથી રબ્બે ગફૂરની તરફ. સારાંશ કે જેવી ખતા (ગુનો) તેવી તૌબા. આ હદીષ તૌબાના સર્વ પ્રકારનો સમૂહ છે. રબ તઆલા તૌબાની તૌફીક્ આપે.

**★ હદીષ : (૨૦)-૨૩૪૨ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنِ الْمُؤْمِنَ إِذَا أَذْنَبَ كَانَتْ نُكْتَةٌ سَوْدَاءُ فِي قَلْبِهِ فَإِنْ تَابَ وَاسْتَغْفَرَ صُقِلَ قَلْبُهُ وَإِنْ زَادَ زَادَتْ حَتَّى تَعْلُوَ قَلْبَهُ فَذَلِكُمُ الرَّانُ الَّذِي ذَكَرَ اللَّهُ تَعَالَى(كَلَّا بَلْ رَانَ عَلَى قُلُوبِهِمْ مَا كَانُوا يكسبونَ)رَوَاهُ أَحْمَدُوَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيح

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મો'મિન જ્યારે ગુનોહ કરે છે તો એના દિલમાં કાળો ડાઘ લાગી જાય છે[1] જો તૌબા કરે અને માફી માગી લે તો તેનું દિલ સાફ થઈ જાય છે, અને જો ગુનાહ વધારે કરે તો કાળાશ વધી જાય છે ત્યાં સુધી કે દિલ પર છવાય જાય છે. આ જ તે કાટ (મેલ) છે જેનો રબ તઆલાએ ઉલ્લેખ કર્યો છે કે તેમના અમલોએ તેમના દિલો પર કાટ લગાડી આપ્યો[2]. (અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, સહીહ છે."*

**૧.** યાદ રાખશો કે માણસનું દિલ સાફ સ્વચ્છ આઈનાની જેમ છે, જરા સરખી ધૂળથી ઝાંખુ પડી જાય છે. ગુનાહ દિલનો ધૂમાડો છે અને કુફ્ર દિલનો કાટ. દિલનો ખોળિયા સાથે ગાઢ સંબંધ છે જેવી રીતે મૂળનો ડાળીઓ સાથે. એટલા માટે ગુનાહ શરીર કરે છે અને કાળુ દિલ થાય છે જુઓ ગમ તથા ફિકર દિલને થાય છે અને શરીર દૂબળુ તથા પીળુ પડી જાય છે. શરીરને સાફ રાખવાથી, ગુસ્લ કરાવવાથી, સારી હવા આપવાથી દિલને શિફા થાય છે. એ પણ યાદ રાખશો કે જેવી રીતે ગુનાહ ખૂબ જ આહિસ્તગીથી દિલને મેલુ કરે છે એવી જ રીતે તૌબા અને નેક અમલો ખૂબ આહિસ્તાથી (ધીરેથી) મેલા દિલને સાફ કરે છે, પણ નબીની અદાવત એકદમ સાફ દિલને મેલુ નહીં બલ્કે કાટમય કરી દે છે. જેવો કે શૈતાનનો હાલ થયો કે લાખો વરસોની ઈબાદત એક સેકંડમાં બર્બાદ થઈને તેનું દિલ ઈલાજને અપાત્ર કાટમય બની ગયું. અને મક્બૂલ બંદાની નિગાહે કરમ એક ક્ષણમાં કાટમય દિલને સાફ કરીને તેના પર પોલિશ કરી દે છે. મૂસા علیہ السلام ની નજરથી વરસોના મુજરિમ જાદૂગરો મો'મિન, સહાબી, સાબિર તથા શહીદ

થઈ ગયા. હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની એક નજરથી ચોર કુતુબ બની ગયા. એટલા માટે સૂફીઓ ફર્માવે છે : (શેઅર)

یک زمانہ صحبت با اولیا-بہتر از صد سالہ طاعت بے ریا
یک زمانہ صحبت با انبیاء-بہتر از ہزار سالہ طاعت بے ریا
یک زمانہ صحبت با مصطفی-بہتر از لکھ سالہ طاعت بے ریا

**અર્થાત** : અવલિયા સાથે થોડી વાર બેસવું સો વરસોની રિયાકારી વિનાની ઈબાદતથી બેહતર છે. અંબિયા સાથે થોડી વાર રહેવું હજાર વરસોની રિયાકારી વિનાની ઈબાદતથી બેહતર છે. અને મુસ્તફા કરીમ ﷺની સંગતમાં થોડીવાર રહેવું લાખો વરસોની રિયાકારી વિનાની ઈબાદતથી બેહતર છે.

**૨.** તૌબા વિનાના સતત ગુનાહના કારણે દિલમાં કાટ લાગી જાય છે જે પછી કેવળ નેકીઓથી સાફ નથી થતો બલ્કે નિગાહે કામિલથી સાફ થાય છે. એટલા માટે રબ તઆલાએ અરબ જેવા કાટ લાગેલા દેશમાં આવા શાનદાર રસૂલ મોકલ્યા. ઝાંખા આઈનાઓમાં કોઈ ખાસ ચમકવાળો જ ચમકે છે, ત્યાં ચમકવું દરેકનું કામ નથી. ران رین બન્યું કાટ અથવા ઘણી મોટી ગડીવાળો પર્દો.

**★ હદીષ : (૨૧)-૨૩૪૩ ★**

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللّٰهَ يَقْبَلُ تَوْبَةَ الْعَبْدِ مَا لَمْ يُغَرْغِرْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે અલ્લાહ તઆલા બંદાની તૌબા કૃબૂલ કરે છે. ગરગરાથી પહેલાં[૧]."*

**૧.** સકરાત (નઝઅ)ની હાલતમાં જ્યારે મૌતના ફરિશ્તા નજર આવી જાય તેને ગરગરા કહે છે. એ વખતે કુફ્રથી તૌબા કૃબૂલ નથી, કેમ કે ઈમાનના માટે ઈમાન બિલ્ ગયબ જરૂરી છે. હવે ગયબનો અનુભવ થઈ ગયો (જાહેર થઈ ગયું.) એટલા માટે ડૂબતી વખતે ફિરઔનની તૌબા કૃબૂલ ન થઈ. પણ ગુનાહોથી તૌબા એ વખતે પણ કૃબૂલ છે, જો તૌબાનો ખયાલ આવી જાય અને તૌબાના શબ્દો બની જાય. એટલા માટે મિર્કાતે અહીં ફર્માવ્યું કે عبد (અબ્દ)થી મુરાદ કાફિર બંદો છે કે ગરગરાના સમયે તેની તૌબા કૃબૂલ નથી. રબ તઆલા ફર્માવે છે : حَتّٰۤى اِذَا حَضَرَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ اِنِّیْ تُبْتُ الْـٰٔنَ (ત્યાં સુધી કે જ્યારે એમનામાં કોઈને મૌત આવે તો કહે, હવે મેં તૌબા કરી, સૂરએ નિસાઅ, ૪/૧૮) અમુક ઉલમાએ ફર્માવ્યું કે મલકૂલ મૌત દરેક મરનારને દેખાય છે, મો'મિન હોય કે કાફિર. યાદ રાખશો કે રૂહ કાઢવાનું પગની તરફથી શરૂ થાય છે કે જેથી બંદાની એ હાલતમાં દિલ તથા ઝબાન ચાલુ રહે. ગુનેહગાર તૌબા કરી લે, કહેલુ સાંભળેલુ માફ કરાવી લે, કોઈ વસિયત કરવી હોય તો કરી લે. એ પણ યાદ રાખશો કે ગરગરા (સકરાંત)ના સમયે ગુનાહોથી તૌબાનો અર્થ છે પાછલા ગુનાહો પર શર્મિંદા થવું, કેમ કે હવે ભાવિમાં ગુનાહ ન કરવાનો અહદ બેકાર છે કે હવે તો દુનિયાથી જઈ રહ્યો છે, ગુનાહનો સમય જ પામી નહીં શકે. પણ આ તૌબા એ સમયની કૃબૂલ છે કે રબ તઆલા ગફ્ફાર છે.

**★ હદીષ : (૨૨)-૨૩૪૪ ★**

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે શૈતાને અર્ઝ કરી, યા રબ ! તારી ઈજ્જતની કૃસમ ! હું તારા*

وَسَلَّمَ: " إِنَّ الشَّيْطَانَ قَالَ: وَعِزَّتِكَ يَا رَبِّ لَا أَبْرَحُ أُغْوِي عِبَادَكَ مَا دَامَتْ أَرْوَاحُهُمْ فِي أَجْسَادِهِمْ فَقَالَ الرَّبُّ عَزَّ وَجَلَّ: وَعِزَّتِي وَجَلَالِي وَارْتِفَاعِ مَكَانِي لَا أَزَالُ أَغْفِرُ لَهُمْ مَا اسْتَغْفَرُونِي " رَوَاهُ أَحْمَدُ

*બંદાઓને એ સમય સુધી બહેકાવીશ જ્યાં સુધી તેમની જાનો તેમના શરીરોમાં રહે[1] રબ ﷻ એ ફર્માવ્યું, મને મારી ઈજ્જત તથા જલાલત તથા દરજાઓની બુલંદીઓની ક઼સમ ! હું તેમને બખ્શતો જ રહીશ જ્યાં સુધી તેઓ મારાથી માફી માગતા રહેશે[2]." (અહમદ)*

**૧. શૈતાનથી મુરાદ ઈબ્લીસ છે અને બહેકાવવાથી મુરાદ સારા અક઼ીદાઓ અથવા સારા અમલોથી અલગ કરી દેવું છે. એટલે કે હું બંદાઓના મરતા દમ સુધી કોશિશ કરીશ કે તેઓ બદ્અક઼ીદા થઈ જાય. જો એ ન કરી શક્યો તો કમસે કમ એમનાથી ગુનાહ જ કરાવી દઈશ. જો એ પણ ન થઈ શક્યું તો મોટી નેકીથી રોકીને નાની નેકીમાં વ્યસ્ત કરી દઈશ. ઈબ્લીસની આ કોશિશ બંદાના મરતા સમય સુધી રહે છે. મૌત બાદ એ કોશિશ તો ખત્મ થઈ જાય છે, હવે ક઼બ્રના સવાલોના જવાબોમાં બહેકાવે છે એટલા માટે દફન બાદ મૈયતને તલ્ક઼ીન કરવાનો હુકમ છે.** જેથી આ હદીષ ન તો આ હદીષની વિરુદ્ધ છે કે હુઝૂરે અન્વર ﷺએ દફન બાદ મૈયતના માટે શૈતાનથી હિફાઝતની દુઆ ફર્માવી અને ન આ આયતની વિરુદ્ધ છે કે : اِنَّ عِبَادِیْ لَیْسَ لَکَ عَلَیْهِمْ سُلْطٰنٌ (બેશક ! જેઓ મારા બંદાઓ છે એમના પર તારો કાંઈ કાબૂ નથી. સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૬૫) સારાંશ **કોઈ શખ્સ કોઈ હાલમાં પોતાને શૈતાનથી મહેફૂઝ ન સમજે, અલ્લાહની પનાહ માગે.** આદમ علیہ السلام માસૂમ હતા અને જન્નતમાં હતા જે જગાએ હતા એ મહેફૂઝ હતી, પણ છતાંય શૈતાને ત્યાં પોતાનો દાવ ચલાવ્યો, તો આપણે તો ન માસૂમ છીએ ન દુનિયા મહેફૂઝ જગા છે, પછી આપણે કઈ ચીજ પર શયખી મારીએ ?! યા અલ્લાહ ! તારી પનાહ !

**૨.** એટલે કે જો જાન નીકળતાં નીકળતાં બંદો તૌબા કરે તો માફી થઈ જશે. જાણવા મળ્યું કે ગરગરાની ગુનાહની તૌબા સ્વીકાર્ય છે. જેમ કે પહેલાં અર્ઝ કરવાનું આવ્યું.

**★ હદીષ : (૨૩)-૨૩૪૫ ★**

وَعَنْ صَفْوَانَ بْنِ عَسَّالٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى جَعَلَ بِالْمَغْرِبِ بَابًا عَرْضُهُ مَسِيرَةُ سَبْعِينَ عَامًا لِلتَّوْبَةِ لَا يُغْلَقُ مَا لم تطلع عَلَيْهِ الشَّمْسُ مِنْ قِبَلِهِ وَذَلِكَ قَوْلُ اللَّهِ عَزَّ وَجَلَّ:(يَوْمَ يَأْتِي بَعْضُ آيَاتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا إِيمَانُهَا لَمْ تَكُنْ آمَنَتْ مِنْ قبل)رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

*"હઝરત સફવાન ઈબ્ને અસ્સાલ رضی اللہ عنہ થી રિવાયત છે[1]. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ તૌબાના માટે પશ્ચિમમાં એક દરવાજો બનાવ્યો છે જેની પહોળાઈ સિત્તેર વરસનો માર્ગ છે[2]. એ તે સમય સુધી બંધ નહીં થાય જ્યાં સુધી સૂરજ પશ્ચિમથી ન ઉગે[3]. એ જ અલ્લાહ ﷻ નું આલીશાન ફર્માન છે : જે દિવસે તમારા રબની અમુક નિશાનીઓ આપશે તો કોઈ એવા નફસને ઈમાન લાભદાયી ન થશે જે પહેલેથી ઈમાન ન લાવ્યા હોય[4]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** આપ મશહૂર સહાબી છે. કૂફામાં રહેઠાણ રહ્યું. દસ ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. હઝરત

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે આપનાથી હદીષો રિવાયત કરી.

**૨.** એટલે કે આસ્માનોમાં ઘણા દરવાજાઓ છે. અમુક દરવાજા ફરિશ્તાઓને ઉતરવાના માટે છે, અમુક બંદાઓના રિઝ્કને ઉતરવા માટેના છે, અમુક બંદાઓના અમલો ચઢવાના માટે છે, એક દરવાજો તે છે જેનાથી બંદાઓની તૌબા જાય છે, અને બારગાહે ઈલાહીમાં રજૂ થાય છે. એ દરવાજો મદીના મુનવ્વરાથી પશ્ચિમ તરફ આસ્માનમાં આવેલો છે. તેની પહોળાઈ સિત્તેર વરસનો રસ્તો છે તો તેની લંબાઈ તથા ઊંચાઈ કેટલી હશે એ રબ જ જાણે. હદીષ તદ્દન પોતાના જાહેરી અર્થમાં છે, એમાં કોઈ પણ પ્રકારની તાવીલ અથવા ખુલાસાની જરૂરત નથી. આસ્માનના દરવાજા કુર્આને કરીમથી સાબિત છે : وَّ فُتِحَتِ السَّمَآءُ فَكَانَتْ اَبْوَابًا--الخ (અને આસ્માન ખોલવામાં આવશે કે દરવાજાઓ બની જશે. (સૂરએ નબા, ૭૮/૧૯)

**૩.** એટલે કે આસ્માનના અન્ય દરવાજા તો અમુક સમયોમાં બંધ થઈ જાય છે. જેમ કે બંદાના મૃત્યુ પામવાથી તેની રોજી તથા અમલોનો દરવાજો બંધ થઈ જાય છે, પણ તૌબાનો દરવાજો કયામત નજીક જ બંધ થશે.

**૪.** એની તેહકીક પહેલાં થઈ ચૂકી કે જે શખ્સ પહેલેથી દુનિયામાં મૌજૂદ હોય અને હોય કાફિર, અને હવે સૂર્યને પશ્ચિમથી નીકળતો જોઈને ઈમાન લાવે તો તેનું ઈમાન કબૂલ ન થશે, કેમ કે ઈમાનમાં ગયબ પર ઈમાન વિશ્વસનીય છે અને આજે ઈમામ બિશશહાદતવાળુ થઈ ગયું, જેમ કે ગરગરા (સકરાત)ની હાલતમાં અથવા રબનો જાહેરી અઝાબ જોઈને ઈમાન લાવવું કબૂલ નથી. જે એના પછી પેદા થયો તેનું ઈમાન વિશ્વસનીય ગણાશે. એ જ પ્રમાણે ગુનેહગાર મુસલમાનની તૌબા કબૂલ થશે. આ હદીષથી જાણવા મળ્યું કે આયતમાં અમુક આયતોથી મુરાદ પશ્ચિમથી નીકળવું છે. અમુક ઉલમા ફર્માવે છે કે એના પછી ગુનાહોથી તૌબા પણ કબૂલ ન થશે, કેમ કે અહીં ફર્માવ્યું : اَوْ كَسَبَتْ فِيْٓ اِيْمَانِهَا خَيْرًا (અથવા પોતાના ઈમાનમાં કોઈ ભલાઈ ન કમાયી હતી. સૂરએ અન્આમ, ૬/૧૫૮) પણ આ કથન કાંઈક કમજોર જેવું છે خَيْرَ فِي الْاِيْمَانِ કાંઈ અલગ જ છે.

**★ હદીષ : (૨૪)-૨૩૪૬ ★**

وَعَنْ مُعَاوِيَةَ قَالَ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَنْقَطِعُ الْهِجْرَةُ حَتَّى يَنْقَطِعَ التَّوْبَةُ وَلَا تَنْقَطِعُ التَّوْبَةُ حَتَّى تَطْلُعَ الشَّمْسُ مِنْ مَغْرِبِهَا» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

*"હઝરત મુઆવિયા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હિજરત બંધ ન થશે[1] ત્યાં સુધી કે તૌબા બંધ થાય અને તૌબા બંધ નહીં થાય ત્યાં સુધી કે સૂરજ પોતાની પશ્ચિમની તરફથી નીકળે[2]." (અહમદ, અબૂ દાઊદ, દારમી)*

**૧.** હિજરતનો અર્થ છે છોડવું અથવા તબદીલ થવું. અહીં એનાથી મુરાદ કુફ્રથી ઈમાનની તરફ, દારે શિર્કથી દારુસ્સલામની તરફ, ગુનાહોથી તૌબાની તરફ, ગફલતથી જાગૃતિની તરફ, કફરાનથી ગુફરાનની તરફ તબદીલ થવાનું છે. આ હિજરત કયામતની નજીક સુધી થતી રહેશે. મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કુફ્રનો પ્રભાવ ન રહેવાના કારણે ખત્મ થઈ ચૂકી. હુઝૂર ﷺ એ ફતહે મક્કાના દિવસે ફર્માવ્યું : لَا هِجْرَةَ بَعْدَ الْيَوْمِ (આજના પછી કોઈ હિજરત નથી) અને હઝરત અબ્બાસને ખત્મુલ મુહાજિરીન ઠરાવવામાં આવ્યા. એટલે કે મક્કા મોઅઝ્ઝમાથી અંતિમ મુહાજિર. જેથી હદીષમાં કોઈ ટકરાવ નથી.

**૨.** ખુલાસો એ છે કે તૌબા તથા હિજરતોનો ક્રમ કયામતની નજીક સુધી કાયમ રહેશે. **યાદ રાખશો કે ઈસ્લામમાં ન જમીન (પૃથ્વી) ઘુમે છે ન આસ્માન, બલ્કે ચાંદ, સૂરજ તથા તારા આસ્માન પર તરી**

**રહ્યા છે, જેમ કે સમુદ્રમાં કશ્તીઓ (વહાણો).** રબ તઆલા ફર્માવે છે : كُلٌّ فِيْ فَلَكٍ يَّسْبَحُوْنَ (અને દરેક એક ઘેરાવમાં છે. સૂરએ યાસીન, ૩૬/૪૦) તો રબ તેમને હમેશાં પૂર્વથી પશ્ચિમ તરફ તરાવવા પર ક઼ાદિર છે, તે તેનાથી વિરુદ્ધ પણ તરાવી શકે છે.

**★ હદીષ : (૨૫)-૨૩૪૭ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ رَجُلَيْنِ كَانَا فِي بَنِي إِسْرَائِيلَ مُتَحَابَّيْنِ أحدهمَا مُجْتَهد لِلْعِبَادَةِ وَالْآخَرُ يَقُولُ: مُذْنبٌ فَجَعَلَ يَقُولُ: أَقْصِرْ عَمَّا أَنْتَ فِيهِ فَيَقُولُ خَلِّنِي وَرَبِّي حَتَّى وَجَدَهُ يَوْمًا عَلَى ذَنْبٍ اسْتَعْظَمَهُ فَقَالَ: أَقْصِرْ فَقَالَ: خَلِّنِي وَرَبِّي أَبُعِثْتَ عَلَيَّ رَقِيبًا؟ فَقَالَ: وَاللَّهِ لَا يَغْفِرُ اللَّهُ لَكَ أَبَدًا وَلَا يُدْخِلُكَ الْجَنَّةَ فَبَعَثَ اللَّهُ إِلَيْهِمَا مَلَكًا فَقَبَضَ أَرْوَاحَهُمَا فَاجْتَمَعَا عِنْدَهُ فَقَالَ لِلْمُذْنِبِ: ادْخُلِ الْجَنَّةَ بِرَحْمَتِي وَقَالَ لِلْآخَرِ: أَتَسْتَطِيعُ أَنْ تَحْظِرَ عَلَى عَبْدِي رَحْمَتِي؟ فَقَالَ: لَا يَا رَبِّ قَالَ: اذْهَبُوا بِهِ إِلَى النَّار ". رَوَاهُ أَحْمد

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બની ઈસ્રાઈલમાં બે મહોબ્બતવાળા દોસ્ત હતા[૧] જેમનામાંથી એક તો ઈબાદતમાં કોશિશવાળો હતો અને બીજા કહે છે ગુનેહગાર હતો[૨]. આબિદ કહેવા લાગ્યો કે આ કામોમાંથી અલગ થઈ જા જેમાં તું ફસાયેલો છે. તે કહેવા લાગ્યો, મને મારા રબ પર છોડી આપ[૩]. એક દિવસે આબિદે તેને એવા ગુનાહ પર પામ્યો જેને તેણે ઘણો જ મોટો જાણ્યો, તો બોલ્યો, દૂર થઈ જા ! તે બોલ્યો, મને રબ પર છોડ, શું તું મારો નિરીક્ષક નિયુક્ત થયો છે ?[૪] એ બોલ્યો, અલ્લાહની ક઼સમ ! તને રબ ન તો કદી બખ્શે અને ન કદી જન્નતમાં દાખલ કરે[૫] અલ્લાહે એ બંનેની પાસે ફરિશ્તો મોકલ્યો જેણે બંનેની રૂહો ક઼બ્ઝ કરી[૬] એ બંનેવ રબની પાસે ભેગા થયા[૭] તો રબે ગુનેહગારને કહ્યું, તું મારી જન્નતમાં દાખલ થઈ જા[૮] અને બીજાને ફર્માવ્યું, શું તું મારા બંદા પર મારી રહમત રોકી શકે છે ? અર્ઝ કરી, નહીં ! યા રબ ![૯] ફર્માવ્યું, લઈ જાવ એને આગમાં ![૧૦]." (અહમદ)*

**૧.** જેમની મહોબ્બત સગાઈ અથવા કારોબારીના કારણે હતી, ન કે દીન તથા તક઼વાની બિના પર. કેમ કે મોમિન, કાફિર, મુત્તક઼ી, ફાજિરમાં એ મહોબ્બત નથી હોઈ શકતી. રબ તઆલા ફર્માવે છે : لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ (તમે ન પામશો એ લોકોને જેઓ યક઼ીન રાખે છે અલ્લાહ અને પાછલા દિવસ પર કે દોસ્તી કરે તેમનાથી જેમણે અલ્લાહ અને તેના રસૂલથી વિરૂધ્ધતા કરી. સૂ. મુજાદિલા, ૫૮/૨૨)

**૨.** હક઼ એ છે કે يَقُوْلُ નો કર્તા ક્યાં તો ખુદ એ બંદો છે. એટલે એ બંદો કહેતો હતો, હું ગુનેહગાર છું કે આ જમાનાના લોકો છે. એટલે કહેનારા કહેતા હતા કે તે ગુનેહગાર છે. એના કર્તા હુઝૂર નથી. કેમ કે હુઝૂરને તો એ બંનેના અંજામની ખબર હતી કે ગુનેહગાર સઈદ ખુશનસીબ છે અને તે આબિદ (બદનસીબ). એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એ આબિદને સાલેહ નથી કહ્યો બલ્કે મુજતહિદ ફિલ્ ઈબાદત કહ્યો, એટલે ઈબાદતમાં કોશિશ કરનારો. (મિર્ક઼ાત) અમુકના ખયાલમાં يَقُوْلُ નો ફાઈલ (કર્તા) હુઝૂર જ છે, તો મતલબ એ થશે કે હુઝૂર ફર્માવે છે તે વખતે એ

ગુનેહગાર હતો.

**૩.** એટલે કે તું મારી ફિકર ન કર, તારી કર ! મારો મામલો મારા રબની સાથે છે. તેની આ વાત રબ તઆલાથી ઉમ્મીદના કારણે છે ને કે બેખૌફીમાં છે, નહીં તો કુફ્ર થઈ જાય.

**૪.** લગભગ આબિદે એને ખૂબ જ તતડાવ્યો હશે. બેઈજ્જત કરીને લોકોમાં બદનામ કર્યો હશે, એટલા માટે એણે અકળાઈને આવું કહયું. યાદ રાખશો કે તબ્લીગ ઘણી જ સારી ચીજ છે પણ બીજાની અંદર જીદ પેદા કરી દેવી અને તેને બદનામ કરવો એ બુરુ છે, કેમ કે એનાથી સામેવાળો ગુનાહ છોડશે નહીં બલ્કે જીદમાં આવીને અધિક ગુનાહ કરશે. રબ તઆલા ફર્માવે છે : وَجَادِلْهُمْ بِالَّتِیْ هِیَ اَحْسَنُ (અને એમનાથી એ રીતે બહષ કરો જે સૌથી બેહતર હોય. સૂ. નહલ, ૧૬/૧૨૫) જેથી તેનો એ જવાબ પણ કુફ્ર ન હતો.

**૫.** આ તે કલામ (વાત) છે જે એ આબિદ પર અઝાબનો સબબ બન્યો એટલે કે કોઈ ગુનેહગારના સંબંધે કાયમી જહન્નમી હોવાનો ફેંસલો. કેમ કે મગફિરત અથવા અઝાબ અલ્લાહના કબજામાં છે. તેમજ કોઈ ગુનેહગાર કાયમી જહન્નમી નથી. આ લખાણનો મતલબ એ છે કે તને ખુદા બખ્શશે નહીં, મને જરૂર બખ્શશે કેમ કે હું નેકોકાર છું. મતલબ કે આ વાતમાં બે જુર્મ થયા.

**૬ :** આ ફરિશ્તો હઝરત ઈઝરાઈલ علیہ السلام છે જે દરેક મરનારની પાસે પોતાના ખાદિમો સાથે પહોંચે છે. જાહેર એ છે કે એ બંનેવની એક જ સમયે રૂહો કબ્ઝ કરવામાં આવી. ગુનેહગાર પોતાની ભૂલો પર શર્મિંદો થઈને મર્યો અને આબિદ એ પૂરાણા ઘમંડ પર કે હું મોટો આબિદ છું જેથી મારી જરૂર બખ્શિશ થશે.

**૭ :** અર્શે આ'ઝમની નીચે. (મિર્કાત) રબ તઆલા અમુક બંદાઓ સાથે મરતાં જ વાત કરે છે. અહીં પણ એવું જ થયું.

**૮ :** એ રીતે કે મેં મારા ફઝ્લથી તને જિંદગીમાં તૌબાની તૌફીક બખ્શી, અને તારી તૌબા કબૂલ કરી. અને જો વિના તૌબાએ પણ મરી ગયો હતો તો તારા ગુનાહ કેવળ મારા ફઝ્લથી માફ કરી આપ્યા. યાદ રાખશો કે જન્નતમાં દાખલો નેક અમલો વગર થઈ શકે છે. મુસલમાનોનાં બાળકો, પાગલો જન્નતી છે વિના અમલે, પણ દોઝખમાં જુર્મ વિના દાખલો ન થશે. એટલા માટે પાગલ કાફિરો અને કાફિરોની નાસમજ ઔલાદ જહન્નમી નથી.

**૯ :** એ ઈકરાર એ વખતે કરી રહ્યો છે જે વખતે ઈકરાર કરવું લાભકારક નથી હોતું. એની જગા દુનિયા હતી એટલા માટે કબૂલ ન થયું અને સજા આપવામાં આવી.

**૧૦ :** એટલે કે એને કેટલાક દિવસના માટે દોઝખમાં લઈ જાય જેથી એ પોતાના ઘમંડની સજા વેઠે. એ શખ્સ કાફિર ન હતો પણ ઘમંડી હતો. સૂફીઓ ફર્માવે છે કે **તે ગુનાહ જે માણસમાં શર્મિંદગી, આજીજી તથા નમ્રતા પેદા કરે તે એ ઈબાદત કરતાં બેહતર છે જે આબિદમાં ઘમંડ તથા અભિમાન પેદા કરી આપે.** એનો માખઝ આ હદીષ છે. *(મિર્કાત)* જુઓ ! હઝરત આદમ علیہ السلام ની ઘઉં ખાય લેવાની ખતા (ચૂક) એ શૈતાનની હજારો વરસોની ઈબાદત કરતાં અફઝલ થઈ, કેમ કે એ ખતાથી ખાયને ઘણા જ અરસા સુધી તૌબા કરતા રહ્યા અને શૈતાન એ ઈબાદતથી ઘમંડી બની ગયો. એટલા માટે હઝરત આદમના માથા પર ખિલાફતનો તાજ રાખવામાં આવ્યો અને શૈતાનના ગળામાં લઅનતનો તોક પડયો.

★ હદીષ : (૨૬)-૨૩૪૮ ★

وَعَنْ أَسْمَاءَ بِنْتِ يَزِيدَ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يقْرَأ: (يَا عِبَادِي الَّذِي أَسْرَفُوا عَلَى أَنْفُسِهِمْ لَا تَقْنَطُوا مِنْ رَحْمَةِ اللَّهِ إِنَّ اللَّهَ يَغْفِرُ الذُّنُوبَ جَمِيعًا)وَلَا يُبَالِي رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَقَالَ هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ وَفِي شَرْحِ السُّنَّةِ يَقُولُ: بَدَلَ: يقْرَأ

*"હઝરત અસ્મા બિન્તે યઝીદથી[1] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને આ આયત પઢતાં સાંભળ્યા કે હે મારા તે બંદાઓ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કરી લીધો, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ[2] અલ્લાહ તઆલા સર્વ ગુનાહો બખ્શી દેશે અને પરવા પણ ન કરશે.[3] (અહમદ, તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે અને શરહે સુન્નહમાં પઢતા હતા ને બદલે ફર્માવતા હતા છે."*

**૧.** આપ મશહૂર સહાબિયા અન્સારિયા છે. યઝીદ ઈબ્ને સકનનાં પુત્રી છે. ઘણાં જ બુદ્ધિશાળી બહાદુર હતાં. ગઝવએ તબૂકમાં હાજર હતાં. તંબુના ખીલા વડે નવ કાફિરોને કત્લ કર્યા. આપની જિંદગીના હાલાત ભાગ-૧માં વર્ણન થાય છે. *(અશિઅહ)*

**૨.** જાહેર એ છે કે એ કૌલ હુઝૂર ﷺનો પોતાનો છે અને عباد (એબાદ)થી મુરાદ ગુલામ મુસલમાન છે. (અશિઅહ) એટલે હે મારા ગુલામ! હવે તો જેમણે ગુનાહ કરી લીધા તેઓ રબની રહમતથી નાઉમ્મીદ ન થાય. રબ સર્વ ગુનાહો બખ્શી આપશે, કેમ કે તમે મુસલમાન છો. અહીં يَقْرَأُ, يَقُوْلُના અર્થમાં છે. જેમ કે શરહે સુન્નહની રિવાયતથી સાબિત છે કે ત્યાં يَقُوْلُ છે કે આયતે કરીમા قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا (તમે ફર્માવો, હે મારા બંદાઓ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો.... સૂ. ઝુમર, ૩૯/૫૩)માં પણ મુહક્કિક ઉલમાનો આ જ કૌલ છે કે ત્યાં પણ عبادیથી હુઝૂરના બંદા તથા ગુલામ મુરાદ છે, કેમ કે કાફિરોના ગુનાહ માફીને પાત્ર નથી. અને તેઓને રહમતે ઈલાહીથી નાઉમ્મીદ કરી આપવામાં આવ્યા છે. اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ (અલ્લાહ એને નથી બખ્શતો કે એનો કોઈ શરીક ઠરાવવામાં આવે. સૂ. નિસાઅ, ૪/૧૧૬) મૌલાના (રૂમ) ફર્માવે છે. (શેઅર)

بندہ خود خواند احمد در رشاد۔ جملہ عالم را بخوان قل یا عباد

**અર્થાત** : મુહમ્મદ મુસ્તફા ﷺએ હિદાયતમાં સર્વ જગતને પોતાના બંદા કહ્યા "કુલ યા ઈબાદી" પઢો.

એનાથી જાણવા મળ્યું કે અબ્દુર્રરસૂલ અબ્દુન્નબી કહી શકીએ છીએ. રબ તઆલા ફર્માવે છે : مِنْ عِبَادِكُمْ وَاِمَآئِكُمْ (અને પોતાના લાયક બંદાઓ તથા કનીઝો (લોંડીઓ)ના. સૂ. નૂર, ૨૪/૩૨)

**૩.** لَا يُبَالِيْથી પણ માલૂમ થઈ રહ્યું છે કે આ કલામ હદીષ છે, કુર્આની આયતો નથી. કુર્આને કરીમ لا يبالی નથી. (મિર્કાત) એટલે કે સર્વ ગુનેહગાર મુસલમાનોને બખ્શી દેવામાં રબને પરવા પણ નથી. એનાથી જાણવા મળ્યું કે ગુનાહે કબીરા તથા બંદાઓના હક્કો પણ બખ્શિશને પાત્ર છે. કુફ્ર સિવાય દરેક ગુનાહની માફી થઈ શકે છે.

**★ હદીષ : (૨૭)-૨૩૪૯ ★**

وَعَن ابْن عَبَّاس: فِي قَوْله تَعَالَى: (إِلَّا اللمم)قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:إِنْ تَغْفِرِ اللَّهُمَّ تَغْفِرْ جَمًّا وَأَيُّ عَبْدٍ لَكَ لَا أَلَمَّا رَوَاهُ التِّرْمِذِيُّ. وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيب

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે અલ્લાહના આ કૌલ વિશે કે الا اللمم (પણ એટલુ કે ગુનાહની પાસે. સૂ. નજ્મ, ૫૩/૩૨) રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈલાહી ! જો તું બખ્શે તો કબીરા ગુનાહ બખ્શી દે. સગીરા ક્યા બંદાએ નથી કર્યા.[૨] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ ગરીબ છે.[૩].''*

**૧.** આયતે કરીમા આ છે : اَلَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ اِلَّا اللَّمَمَ (તેઓ જેઓ મોટા ગુનાહો તથા બેહયાઈઓથી બચે છે પણ એટલુ કે ગુનાહની પાસે ગયા અને રોકાય ગયા. બેશક ! તમારા રબની મગફેરત વિશાળ છે. સૂ. નજ્મ, ૫૩/૩૨) જે લોકો ગુનાહે કબીરા અને બેહયાઈઓથી બચેલા રહે છે નાના ગુનાહો સિવાય. ઉલમા ફર્માવે છે કે જે ગુનાહો પર શરઈ હદ (શરીઅતની શિક્ષા) નિશ્ચિત છે તે કબીરા છે અને જેના પર કોઈ ચેતવણી નાઝિલ થઈ તે ફાહેશા છે અને જેના પર આ બંનેમાંથી કાંઈ નથી આવ્યું, કેવળ મનાઈ છે તે لمم એટલે સગીરા ગુનાહ છે.

**૨.** આ શેઅર ઉમૈરા ઈબ્ને અબીસ્સલતનો છે. જો કે ઉમૈયા જાહિલિયતના જમાનાના શાયરોમાંથી છે પણ તેના શેઅરો ઘણા હિકમત તથા મઅ્રેફતના છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺ તેના શેઅરો સાંભળતા પણ હતા અને ખુદ પઢતા પણ હતા. જેમ કે આ શેઅર હુઝૂરે અન્વર ﷺએ દુઆ રૂપે પઢયો. મતલબ એ છે કે, હે મૌલા ! તું તો કરીમ છે, તારી બખ્શિશમાં ગુનાહે સગીરાની કૈદ (શર્ત) ન રાખ. તું ચાહે તો મહાન મહાન ગુનાહ પણ બખ્શી આપે. ગુનાહે સગીરા તો સર્વ જ લોકો કરતા રહે છે. મૌલા ! સગીરા પણ બખ્શ અને કબીરા પણ. બતાવ કે ગુનાહે કબીરાવાળા ક્યા દરવાજા પર જાય ! તેમનું ઠેકાણુ પણ તારો જ દરવાજો છે.

**૩.** એટલે કે આ હદીષ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલી છે. જેમાંથી અમુક અસ્નાદો સહીહ છે, અમુક ગરીબ છે, જેથી હદીષનું મતન (મૂળ લખાણ) સહીહ પણ છે, હસન પણ અને ગરીબ પણ. આ હદીષથી માલૂમ થયું કે હુઝૂરે અન્વર ﷺ શેઅર સાંભળતા હતા અને પસંદ પણ કરતા હતા અને ખુદ પણ પઢતા હતા. રબ જે ફર્માવે છે : وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ (અને અમે તેમને શેઅર કહેવાનું ન શીખવ્યું. સૂ. યાસીન, ૩૬/૬૯) ત્યાં શેઅર બનાવવું અને શેઅરને ગાયને પઢવું મુરાદ છે. (મિર્કાત) અથવા શેઅરથી મુરાદ જૂઠુ કલામ છે. એની ચર્ચા અમારી કિતાબ ''જા અલ હક્ક''માં જુઓ.

**★ હદીષ : (૨૮)-૨૩૫૦ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " يَقُولُ اللَّهُ تَعَالَى يَا عِبَادِي كُلُّكُمْ ضَالٌّ إِلَّا مَنْ هَدَيْتُ فَاسْأَلُونِي الْهُدَى أَهْدِكُمْ وَكُلُّكُمْ فُقَرَاءُ إِلَّا مَنْ أَغْنَيْتُ فَاسْأَلُونِي أُرْزَقْكُمْ وَكُلُّكُمْ مُذْنِبٌ إِلَّا

*''હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે, હે મારા બંદાઓ ! તમો સૌ ગુમરાહ છો, સિવાય એના કે જેને હું હિદાયત આપું. જેથી મારાથી હિદાયત માગો તમને હિદાયત આપીશ.[૧] અને તમો સૌ ફકીર છો એના સિવાય કે જેને હું ગની કરી દઉં, જેથી મારાથી માગો હું તમને રોજી આપીશ.[૨] અને*

مَنْ عَافَيْتُ فَمَنْ عَلِمَ مِنْكُمْ أَنِّي ذُو قُدْرَةٍ عَلَى الْمَغْفِرَةِ فَاسْتَغْفَرَنِي غَفَرْتُ لَهُ وَلَا أُبَالِي وَلَوْ أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وَحَيَّكُمْ وَمَيِّتَكُمْ وَرَطْبَكُمْ وَيَابِسَكُمُ اجْتَمَعُوا عَلَى أَتْقَى قَلْبِ عَبْدٍ مِنْ عِبَادِي مَا زَاد فِي ملكي جنَاح بعوضةولو أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وَحَيَّكُمْ وَمَيِّتَكُمْ وَرَطْبَكُمْ وَيَابِسَكُمُ اجْتَمَعُوا عَلَى أَشْقَى قَلْبِ عَبْدٍ مِنْ عِبَادِي مَا نَقَصَ ذَلِكَ مِنْ مُلْكِي جَنَاحَ بَعُوضَةٍ. وَلَوْ أَنَّ أَوَّلَكُمْ وَآخِرَكُمْ وَحَيَّكُمْ وَمَيِّتَكُمْ وَرَطْبَكُمْ وَيَابِسَكُمُ اجْتَمَعُوا فِي صَعِيدٍ وَاحِدٍ فَسَأَلَ كُلُّ إِنْسَانٍ مِنْكُمْ مَا بَلَغَتْ أُمْنِيَّتُهُ فَأَعْطَيْتُ كُلَّ سَائِلٍ مِنْكُمْ مَا نَقَصَ ذَلِكَ مِنْ مُلْكِي إِلَّا كَمَا لَوْ أَنَّ أَحَدَكُمْ مَرَّ بِالْبَحْرِ فَغَمَسَ فِيهِ إِبْرَةً ثُمَّ رَفَعَهَا ذَلِكَ بِأَنِّي جَوَادٌ مَاجِدٌ أَفْعَلُ مَا أُرِيدُ عَطَائِي كَلَامٌ وَعَذَابِي كَلَامٌ إِنَّمَا أَمْرِي لِشَيْءٍ إِذَا أَرَدْتُ أَنْ أَقُولَ لَهُ(كُنْ فَيَكُونُ) رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيّ وَابْن مَاجَه

તમો સૌ મુજરિમ છો એના સિવાય કે જેને હું સલામત રાખુ. તો તમારામાંથી જે એ જાણી લે કે હું બખ્શી દેવા પર શક્તિમાન છું પછી મારાથી માફી માગે તો હું તેને બખ્શી દઈશ.[૩] અને પરવા પણ ન કરીશ. અને જો તમારા આગલા પાછલા, જીવંત, મુડદાં, તર તથા ખુશ્ક (લીલા સૂકા) મારા બંદાઓમાં નેકતરીન બંદાના દિલ પર થઈ જાય[૪] તો એ તેમની નેકી મારા મુલ્કમાં મચ્છર બરાબર પણ વધારો કરશે નહીં[૫] અને જો તમારા આગલા પાછલા, જીવંત મુડદાં, તર તથા ખુશ્ક મારા બંદાઓમાંથી બદબખ્ત તરીન દિલ પર એકમત થઈ જાય તો તેમના એ જુર્મ મારા મુલ્કથી મચ્છરની પાંખ બરાબર ઓછુ કરશે નહીં[૬] અને જો તમારાં પાછલાં જીવંત મુડદાં, તર તથા ખુશ્ક એક મેદાનમાં ભેગાં થાય અને પછી તમારામાંથી દરેક શખ્સ પોતાની અતિશય તમન્ના આરઝૂ મારાથી માગે[૭] પછી હું દરેક માંગનારાને આપી દઉં તો એ મારા મુલ્કની સરખામણીમાં એટલુ જ ઓછુ તથા થોડુ થશે જેવી રીતે તમારામાંથી કોઈ દરિયા પાસેથી પસાર થાય તેમાં સોય ડૂબાડી લે પછી ઉઠાવી લે[૮] આ એટલા માટે છે કે હું દાતા છું[૯] ખૂબ જ આપનાર, જે ચાહું છું કરું છું[૧૦] મારી અતા કેવળ ફર્માવી દેવું છે અને મારો અઝાબ કેવળ ફર્માવી દેવું છે. મારો હુકમ કોઈ ચીજ સંબંધે એ છે કે જ્યારે કાંઈ ચાહું છું ફર્માવી દઉં છું, થઈ જા ! તે થઈ જાય છે[૧૧]."

*(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષે કુદસી આ આયતની શરહ છે : فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ (જો અલ્લાહનો ફઝ્લ અને તેની રહમત તમારા પર ન હોત તો તમે નુકસાન ઉઠાવનારાઓમાંથી થઈ જાત. સૂ. બકરહ, ૨/૬૪) આ હદીષમાં બતાવવામાં આવ્યું રબતઆલાની મોટી નેઅમત હિદાયત છે જેને મયસ્સર થઈ જાય. માણસે જોઈએ કે હિદાયતની દુઆ જરૂર માગે. અમે અગાઉ અર્ઝ કરી ચૂક્યા છીએ કે અંબિયા તથા અવલિયાએ પણ રબ તઆલાથી હિદાયત લીધી છે, પણ એ હઝરાત અલ્લાહના હુકમથી આપણને હિદાયત આપે છે. સૂરજે રબથી જ નૂર લીધું પણ જમીનને નૂર આપે છે. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : اِنَّكَ لَتَهْدِيْۤ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ "હે મહબૂબ ! તમે સીધી રાહની હિદાયત આપો છો. *(સૂ. શૂરા, ૪૨/૫૨)*

**૨.** જાણવા મળ્યું કે રબ તઆલાએ અમુક બંદાઓને ગની (માલદારો) કર્યા, એવા માલદાર કે તેઓ બીજાઓને

પણ પરવરદિગારના હુકમથી ગની કરી આપે છે. રબ તઆલા ફર્માવે છે. اَغْنٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ (અલ્લાહ વ રસૂલે તેમને પોતાના ફઝ્લથી ગની કરી દીધા. સૂ. તૌબા, ૯/૭૪)

**૩.** સુબ્હાનલ્લાહ ! શું હિંમતઅફરોઝ ઉમ્મીદ અફરોઝ કલામ છે ! બંદો પોતાના ગુનાહ કરતાં રબની રહમતને અધિક સમજે અને પોતે પોતાને, પોતાના અમલોને રબની કુદરતમાં માને, ઈન્શા અલ્લાહ ! બખ્શવામાં આવશે.

**૪.** કોઈ અતિશય નેક પરહેઝગાર મુત્તકી બંદાને પસંદ કરી લો. પછી વિચાર કરો કે સર્વ માનવો આ નેક માણસના જેવા બની જાય કે કોઈ શખ્સ કોઈ ગુનોહ જ ન કરે તો તેનાથી મારા ખજાના વધતા નથી.

**૫.** એટલે દુનિયવી બાદશાહોના ખજાના પ્રજાની નેકીથી ભરાય છે. જો પ્રજા બાગી થઈને ટેક્ષ આપવાનો ઈન્કાર કરી દે તો બાદશાહના ખજાના ખાલી રહી જાય. મારા ખજાનાઓનો એ હાલ નથી. સર્વ જહાનની નેકીઓથી અમારા ખજાનામાં મચ્છરની પાંખ બરાબર પણ વધારો નથી થતો. મખ્લૂકની નેકીથી ખુદ તેમનુ પોતાનું ભલુ છે. હું બેપરવા છું.

**૬.** એટલે તમે કોઈ બદતરીન શખ્સને વિચારો, જેમ કે ઈબ્લીસ અને વિચાર કરો કે જો સર્વ મખ્લૂક આ ફાસિક ઈબ્લીસની જેમ ફાસિક તથા ફાજિર અને ગુનેહગાર બની જાય તો તેના ગુનાહોથી મારું કાંઈ બગડતુ નથી, ખુદ તેમનું પોતાનું બગડે છે. યાદ રાખશો કે આ સર્વ કાલ્પનિક સ્થિતિઓ છે જે સમજાવવા માટે રજૂ કરવામાં આવી છે, નહીં તો ફરિશ્તા, અંબિયા તથા અમુક અવલિયા જેમનાથી ગુનોહ થઈ શકે જ નહીં, જેથી આ હદીષ ઈસ્મતે અંબિયાની વિરૂધ્ધ નથી, જેમ કે રબ તઆલાએ ફર્માવ્યું છે કે હે મહબૂબ ! ફર્માવી દો કે જો ખુદાને પુત્ર હોત તો પ્રથમ હું તેને પૂજતો. ન ખુદાને પુત્ર છે ન હુઝૂર તેની પૂજા કરી શકે છે.

**૭.** اُمْنِيَّتُهٗ હમ્ઝાના પેશ અને યા (ی)ના શબ્દથી છે, ખ્વાહિશ તથા આરઝૂના અર્થમાં. તેનું બહુવચન منی અથવા اماني છે. અહીં શક્ય તથા જાઈઝ તમન્ના મુરાદ છે. ક્યારેક નાજાઈઝ તથા નફસાની ખ્વાહિશને امنيه કહે છે રબ તઆલા ફર્માવે છે : تِلْكَ اَمَانِيُّهُمْ (એ એમની કલ્પનાઓ છે. સૂ. બક્રહ, ૨/૧૧૧)

**૮.** અહીં نقص ઓછુ થવાના અર્થમાં છે, ન કે ઓછુ કરવાના. આ તર્જુમો ખૂબ જ સહીહ છે. એટલે કે જો સર્વ મખ્લૂકની ખ્વાહિશો પૂરી કરી દેવામાં આવે અને તેમની તમન્નાઓ આપી દેવામાં આવે તો આ અતિય્યા (ભેટો) અમારા ખજાનાઓ સામે એવા હશે જેમ કે ભીની સોયની તરી સમુદ્રની સરખામણીમાં હોય છે. રબ તઆલા ફર્માવે છે કે દરેક ચીજના ખજાના અમારી પાસે છે. અમે અંદાઝાથી જ ઉતારીએ છીએ. આ નિસ્બત પણ સમજાવવા માટે છે, નહીં તો સીમિત હદવાળાને અસીમિત હદ વગરનાની સામે શું નિસ્બત ?!

**૯.** યાદ રાખશો કે સખી તે જે પોતે પણ ખાય અને બીજાઓને પણ ખવડાવે, પણ જવ્વાદ તે છે જે અન્યોને ખવડાવે અને પોતે ન ખાય. સખીનું વિરૂધ્ધાર્થી કંજૂસ છે અને જવ્વાદનું વિરૂધ્ધાર્થી મુમ્સિક (કંજૂસ). ماجد مجد થી બન્યું વિશાળતાપૂર્વકની અતા, જેની અતા મખ્લૂકના વહેમો ગુમાનથી પર છે.

**૧૦.** એટલે કે હું જે ચાહું છું તે કરું છું, જે મખ્લૂક ચાહે છે તે નથી કરતો, કેમ કે મખ્લૂક મારા તાબા હેઠળ છે ન કે હું મખ્લૂકના તાબામાં. (મિર્કાત) યાદ રાખશો કે જે બંદાઓએ પોતાની મરજી રબની મરજીમાં ગુમ કરી દીધી, પછી જે તે ચાહે છે તે રબ કરે છે, કેમ કે તેઓ ચાહે જ તે છે જે રબ ચાહે, અને રબ ચાહે તે છે જે એ બંદો ચાહે. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી. وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى રબ તઆલા હદીષની સહીહ સમજ નસીબ ફર્માવે.

**૧૧.** અહીં "થઈ જા !" ફર્માવવાથી મુરાદ છે તેનો ઈરાદો કરી લેવો. એટલે જે ચીજનો ઈરાદો કરી લે છે તે થાય છે. ઈરાદા સિવાય કોઈ અન્ય અમલની મારે જરૂરત નથી. જેથી એના પર આર્યોનો એ વાંધો નથી કે અનઅસ્તિત્વવાળી ચીજને કહેવું થઈ જા ! એ બુધ્ધિની વિરૂધ્ધ છે. અસ્તિત્વવિહોણી ચીજ સાંભળવાને પાત્ર નથી. પછી "થઈ જા" કોને કહેવામાં આવે છે.

**★ હદીષ : (૨૯)-૨૩૫૧ ★**

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَرَأَ (هُوَ أَهْلُ التَّقْوَى وَأَهْلُ الْمَغْفِرَة)قَالَ:قَالَ رَبُّكُمْ أَنَا أَهْلٌ أَنْ أُتَّقَى فَمَنِ اتَّقَانِي فَأَنَا أَهْلٌ أَنْ أَغْفِرَ لَهُ ". رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه والدارمي

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ તિલાવત કર્યું એ તક્વા તથા બખ્શિશવાળુ છે. હુઝૂરે ફર્માવ્યું કે તમારો રબ ફર્માવે છે કે હું એના લાયક છું કે મારાથી ડરવામાં આવે[1] જે મારાથી ડરશે હું એના લાયક છું કે એને બખ્શી દઈશ.[2]"*

*(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** એટલે કે તક્વો મસ્દરે મજહૂલ છે અને પોતાના મફઉલની તરફ સંબંધિત અર્થ એ છે કે હું એ લાયક છું કે સર્વ મખ્લૂક મારાથી ડરે. યાદ રાખશો કે ડર એ ગભરાહટ (હયૂબત)ના અર્થમાં સર્વ મખ્લૂકને છે. અંબિયાએ કિરામ, અવલિયા અલ્લાહ, સામાન્ય મુસલમાનો, ખાસુલ ખાસના દિલમાં રબ તઆલાની હયૂબત કુર્બ (નઝદીકી)ના પ્રમાણમાં હોય છે, જેટલા પ્રમાણમાં રબથી કુર્બ વધારે એ જ પ્રમાણે તેની હયબત વધારે. પણ અઝાબનો ડર કેવળ ગુનેહગારોને છે અને અકાબ (અઝાબ) કેવળ કાફિરોને. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ (અને ન તેમને કોઈ અંદેશો થાય ન કાંઈ. સૂ. બક્રહ, ૨/૧૧૨) કે ત્યાં અઝાબના ડરનો નકાર છે, અને અહીં હયૂબતે ઈલાહીની સાબિતી છે.

**૨.** ખુલાસો એ છે કે ખૌફે ખુદા ઘણી જ મોટી નેક છે જેનાથી ગુનાહ માફ થાય છે. اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂ. હૂદ, ૧૧/૧૧૪) જેથી મહાનમાંનો મહાન મુજરિમ પણ મારા ખૌફને કારણે બખ્શી દેવામાં આવશે.

**★ હદીષ : (30)-૨૩૫૨ ★**

وَعَن ابْن عمر قَالَ: إِنْ كُنَّا لَنَعُدُّ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَجْلِسِ يَقُولُ: «رَبِّ اغْفِرْ لِي وَتُبْ عَلَيَّ إِنَّكَ أَنْتَ التَّوَّابُ الْغَفُورُ» مِائَةَ مَرَّةٍ. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના અમે આ ફર્માનને એક મજલિસમાં 100 વાર ગણી લેતા હતા, કે અર્ઝ કરતા હતા : યા રબ ! મને બખ્શી દે ! મારી તૌબા કબૂલ ફર્માવ ! યકીનન ! તું તૌબા કબૂલ કરનારો છે.[1]"*

*(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧ :** એટલે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم જ્યારે કોઈ જગાએ કામને માટે બેઠેલા હોતા તો થોડી થોડી વારે આ કલમા પઢતા હતા અને કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) પઢતા હતા કે ઉઠતા પહેલાં સો વાર કહી લેતા હતા. આ તો આમ મજલિસે પાકનું વર્ણન છે, ખાસ ઈબાદતોની મજલિસનું તો શું પૂછયું ?! મગફિરત તથા તૌબાનો અર્થ પહેલાં વર્ણન કરવામાં આવી ચૂક્યો છે. તેમજ એ પણ કે આ કલમા આપણી તાલીમના માટે છે અને તેને પઢવું ઈબાદત છે.

અને હુઝૂરે અન્વર ﷺ ઉચ્ચ કક્ષાના આબિદ છે જેથી આ હદીષ ઈસ્મતે અંબિયાની વિરૂધ્ધ નથી.

**★ હદીષ : (૩૧)-૨૩૫૩ ★**

وَعَن بِلَال بن يسَار بن زيدٍ مَوْلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: حَدَّثَنِي أَبِي عَنْ جَدِّي أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " مَنْ قَالَ: أَسْتَغْفِرُ اللَّهَ الَّذِي لَا إِلَهَ إِلَّا هُوَ الْحَيَّ الْقَيُّومَ وَأَتُوبُ إِلَيْهِ غُفِرَ لَهُ وَإِنْ كَانَ قَدْ فَرَّ مِنَ الزَّحْفِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ لَكِنَّهُ عِنْدَ أَبِي دَاوُدَ هِلَالُ بْنُ يَسَارٍ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيب

*'હઝરત બિલાલ બિન યસાર બિન ઝયદથી રિવાયત છે. જે નબી કરીમ ﷺના ગુલામ છે.[૧] ફર્માવે છે કે મને મારા પિતાએ મારા દાદાથી રિવાયત કરી કે તેમણે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે આ પઢયા કરે ''માફી માગુ છું એ અલ્લાહથી જેના સિવાય કોઈ મઅબૂદ નથી, તે ઝિંદા છે કાયમ રાખનારો છે. અને એની બારગાહમાં તૌબા કરું છું.'' તો તેની બખ્શિશ કરી દેવામાં આવશે, ભલે તે જેહાદથી ભાગી ગયેલો હોય.[૨] (તિર્મિઝી, અબૂ દાઊદ) પરંતું અબૂ દાઊદની નજીક રાવી હિલાલ બિન યસાર છે. અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.[૩]''*

**૧** : રસૂલુલ્લાહના ગુલામ હોવું એ હઝરત ઝયદની સિફત (ખૂબી) છે ન કે બિલાલની, અને આ ઝયદ ઈબ્ને હારિષા નથી બલ્કે ઝયદ ઈબ્ને નૂબા છે જેમની કુન્નિયત અબૂ યસાર છે. ઝયદ તો સહાબી છે પણ તેમના પુત્ર યસાર અને પૌત્ર બિલાલ વગેરે તાબઈ છે. એ બિલાલથી કેવળ એક જ આ હદીષ રિવાયત પામી છે. જેમ કે ઈબ્ને હજરે તક્રીબમાં અને મુલ્લા અલી કારીએ મિર્કાતમાં ફર્માવ્યું.

**૨** : એટલે કે જેહાદમાં દુશ્મનના મુકાબલાથી બુઝદિલીના કારણે ભાગી જવું બદતરીન ગુનોહ છે, પણ આ ઈસ્તિગફારની બરકતથી ઈન્ શા અલ્લાહ ! તે પણ માફ થઈ જશે. જેવી રીતે દવાઓની જડી બુટ્ટીઓ વિવિધ તાષીર ધરાવે છે, કોઈ મામૂલી બીમારીમાં લાભદાયી હોય છે તો કોઈ સખત ખતરનાક બીમારીમાં. એવી જ રીતે રૂહાની બીમારીઓ માટે દુઆઓના શબ્દો વિવિધ તાષીર ધરાવે છે. આ ઈસ્તિગફાર બદતરીન ગુનાહોની બખ્શિશના માટે લાભકારક છે, પણ એ તાષીરો તબીબ (ડોકટર)ને માલૂમ હોય છે અને આ તાષીરો હબીબને માલૂમ છે, આપણે એનાથી બેખબર છીએ. પણ ઉલમા ફર્માવે છે કે તૌબા સાચા દિલથી હોય ત્યારે એની આ તાષીરો છે કે તૌબા વખતે ભવિષ્યમાં ગુનાહ કરવાથી બચવાનો પૂરો ઈરાદો હોય. ગુનાહ પર કાયમી રહીને મોંથી ''તૌબા ! તૌબા !'' બોલી દેવું એક પ્રકારનો મજાક છે. (મિર્કાત) યાદ રાખશો કે કેટલાક સમયે જેહાદથી ભાગી જવું જાઈઝ પણ હોય છે જયારે કે કાફિરોનો હુમ્લો ખૂબ જ અધિક પ્રમાણમાં થઈ જાય અને હવે રોકાવામાં મરાવાનું જ નક્કી હોય, આ સ્થિતિમાં અડગ રહેવું અને જાન આપી દેવી એમાં ઘણો જ સવાબ છે, પણ ભાગી જવું પણ ગુનોહ નથી. અને ક્યારેક ભાગી જવું જંગી ચાલ હોય છે કે અહીંથી હટીને મજબૂત મર્કઝ પર પહોંચે, પછી ત્યાં જામીને જંગ કરે. રબ તઆલા ફર્માવે છે : اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ (પણ લડાઈની ટ્રીક કરવા અથવા પોતાની જમાઅતમાં જઈને મળવા માટે. સૂરએ અન્ફાલ, ૮/૧૬) આ ભાગવું સવાબ છે અને ન ભાગવું ગુનોહ. એના સિવાયના કારણે બુઝદિલીથી છોડીને ભાગી જવું સખત ગુનોહ છે. એ જ અહીં મુરાદ છે જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે, એના પર કોઈ વાંધો નથી.

**૩.** એટલે બિલાલના નામમાં મતભેદ થઈ ગયો. અમુક મુહદ્દિષો બિલાલ (ب)થી. પણ بથી જ અધિક

મશહૂર છે. હાફિઝ મુન્ઝરીએ ફર્માવ્યું કે આ હદીષ ખૂબ જ જય્યદ છે. તેની અસ્નાદ મુત્તસિલ છે અને એમાં કોઈ રાવી ઝઈફ નથી અને ઘણા તરીક઼ાથી રિવાયત પામેલ છે. واللہ اعلم !

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૩૨)-૨૩૫૪ ★**

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ عَزَّ وَجَلَّ لَيَرْفَعُ الدَّرَجَةَ لِلْعَبْدِ الصَّالِحِ فِي الْجَنَّةِ فَيَقُولُ: يَا رَبِّ أَنَّى لِي هَذِهِ؟ فَيَقُولُ: باستغفار ولدك لَك ". رَوَاهُ أَحْمد

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે* ***અલ્લાહ તઆલા નેક બંદાના જન્નતમાં દરજા બુલંદ ફર્માવે છે[1] તો બંદો અર્ઝ કરે છે, ઈલાહી ! મને આ દરજાની બુલંદી ક્યાંથી મળી ?[2] ફર્માવ્યું, તારા દીકરા તારા માટે દુઆએ મગફિરત કરવાના કારણે[3].*** *" (અહમદ)*

**૧.** એ રીતે કે પહેલાં તો તેની ક઼બ્રમાં મામૂલી દરજાની જન્નતની ખિડકી ખુલે છે, પછી આ'લા દરજાની, પછી એનાથી આ'લાની. અથવા એ રીતે કે તેને ખબર આપવામાં આવે છે કે તારો દરજો બુલંદ થઈ રહ્યો છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે જન્નત તો ક઼યામત બાદ મળશે તો દરજા ક઼બ્રમાં કેવી રીતે બુલંદ થઈ રહ્યા છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે અહીં અ઼બ્દે સાલેહથી મુરાદ ગુનેહગાર મુસલમાન છે જે બખ્શિશની લાયકાત તથા ક઼ાબેલિયત ધરાવે છે. પ્રથમ તે ક઼બ્રના અઝાબમાં સપડાય છે કે અચાનક અઝાબ મૌકૂફ થઈને જન્નતની ખિડકી ક઼બ્રમાં ખુલી જાય છે. જેથી આ હદીષ કેવળ નેક લોકો માટે ખાસ નથી.

**૨.** હું તો ક઼બ્રમાં સૂઈ રહ્યો છું, અમલો કરવાની શક્તિ નથી ધરાવતો, પછી આ સ્થિતિની તબદીલી કેવી રીતે થઈ રહી છે ?! સુબ્હાનલ્લાહ ! રબની અતાઓ બંદાના વહેમથી પર છે.

**૩.** એનાથી કેટલાક મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે નેક ઔલાદ જે મા બાપને તેમના મૃત્યુ બાદ ઈસાલે સવાબ, ઈસ્તિગફ઼ાર, દુઆ વગેરેથી યાદ રાખે, એ જારીયા સદક઼ો છે અને રબ તઆલાની રહમત છે જેના થકી મુડદાને ક઼બ્રમાં ફાયદો પહોંચતો રહે છે. **બીજુ** એ કે મો'મિનોની શફાઅત બર હક્ક઼ છે જેનો ફાયદો મૈયતને પહોંચે છે. વળી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની શફાઅતનું તો કહેવું જ શું ! **ત્રીજુ** એ કે ઔલાદે જોઈએ કે માબાપને દુઆએ ખૈરમાં યાદ રાખે ત્યાં સુધી કે નમાઝમાં સલામ ફેરવતી વખતે رب اغفرلی ولوالدی (રબ્બિગ ફિર્લી વલિવાલિદૈય) પઢે. એવો દીકરો નેકોકારોમાં ગણાશે. યાદ રાખશો કે ولد (વલદ) એટલે બાળકમાં દીકરો દીકરી અને તેમની ઔલાદની ઔલાદ સૌ સામેલ છે. ક્યારેક સાતમી પુશ્તની ઔલાદ સાતમા દાદાને કામ આવે છે.

**★ હદીષ : (૩૩)-૨૩૫૫ ★**

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا الْمَيِّتُ فِي الْقَبْرِ إِلَّا كَالْغَرِيقِ الْمُتَغَوِّثِ يَنْتَظِرُ دَعْوَةً تَلْحَقُهُ مِنْ أَبٍ أَوْ أُمٍّ أَوْ أَخٍ أَوْ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મૈયત ક઼બ્રમાં ડૂબી રહેલા ફરિયાદીની જેમ હોય છે[1] કે મા બાપ, ભાઈ કે દોસ્તની દુઆએ ખૈરની રાહ જોનારી રહે છે[2]. પછી જ્યારે તેને દુઆ પહોંચી જાય*

صَدِيق فَإِذَا لَحِقَتْهُ كَانَ أَحَبَّ إِلَيْهِ مِنَ الدُّنْيَا وَمَا فِيهَا وَإِنَّ اللَّهَ تَعَالَى لَيُدْخِلُ عَلَى أَهْلِ الْقُبُورِ مِنْ دُعَاءِ أَهْلِ الْأَرْضِ أَمْثَالَ الْجِبَالِ وَإِنَّ هَدِيَّةَ الْأَحْيَاءِ إِلَى الْأَمْوَاتِ الِاسْتِغْفَارُ لَهُمْ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

*છે તો તેને એ દુઆ દુનિયાની સર્વ નેઅમતો કરતાં અધિક* %FZLCM K[ **અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી ક્બ્રવાળાઓને સવાબના પહાડ આપે છે** *અને યક઼ીનન ! ઝિંદાનો મુડદાઓના માટે તોહફો તેમના માટે મગફિરતની દુઆ છે."*

*(બયહક઼ી, શોઅ્બુલ ઈમાન)*

**૧.** આમ ગુનેહગાર મુસલમાન તો પોતાના ગુનાહોના કારણે, ખાસ નેક મુસલમાન એ પસ્તાવાના કારણે કે અમે અધિક નેકીઓ કેમ ન કરી લીધી ! મખ્સૂસ મહબૂબો પોતાના છૂટેલા પ્યારાઓના કારણે એવા હોય છે. તાજી મૈયત બરઝખમાં એવી હોય છે જેમ કે નવી દુલ્હન સાસરીમાં, કે ભલે ત્યાં તેને દરેક પ્રકારનો એશોઆરામ હોય છે પણ તેનું દિલ મયકા (પિયર)માં લાગેલુ રહે છે. જ્યારે કોઈ ભેટ અથવા કોઈ માણસ પિયરથી પહોંચે છે તો તેની ખુશીની હદ નથી રહેતી, પછી દિલ લાગતાં ધીરે ધીરે લાગી જાય છે. જાહેર એ છે કે અહીં મૈયતથી તાજુ મૈયત મુરાદ છે કે તેને ઝિંદાઓના તોહફાઓનો ખૂબ જ ઈન્તેઝાર રહે છે. એટલા માટે નવી મૈયતને જલ્દીથી ન્યાઝ, ત્રીજીયા, દસમા, ચાલીસમાં વગેરેથી યાદ કરે છે. ફક઼ીરની આ શરહથી જાણવા મળ્યું કે આ કેવળ ગુનેહગારનો જ હાલ નથી.

**૨.** દોસ્તથી મુરાદ ખાસ દોસ્ત પણ છે અને સામાન્ય દોસ્ત પણ, એટલે કે દરેક મુસલમાન પણ. જીવતાઓએ જોઈએ કે મુર્દાઓને પોતાની દુઆઓ વગેરેમાં યાદ રાખે જેથી કાલે તેમને અન્ય મુસલમાનો યાદ કરે. આ હદીષથી એ લોકોએ બોધ લેવો જોઈએ જેઓ નિયાઝ, ફાતેહા, ઈસાલે સવાબ વડે લોકોને જાત જાતના બહાનાંઓ બનાવીને રોકે છે કે કાલે તેમણે પણ મરવાનુ છે. (શેઅર)

نام نیک رفتگان ضائع مکن      تا بماند نام نیکت برقرار

**અર્થાત :** પાછલા લોકોના નેક નામને વેડફી ન કાઢ જેથી તારુ પણ નેક નામ બાકી રહે.

**૩.** એટલા માટે કે મદદ ખૂબ જ સખત હાજતના વખતે પહોંચે છે તેમજ એ પૂરાણા વતનનો તોહફો તથા હદિયો હોય છે. પરદેશમાં દેશનો પત્ર પણ પ્યારો લાગે છે.

**૪.** સૂફીઓ ફર્માવે છે કે દરેક નેક અમલનો સવાબ એ જ સ્વરૂપમાં પહાડ બનીને મૈયતને પહોંચે છે. જો રોટલી ખૈરાત કરવામાં આવે તો રોટલીના સ્વરૂપમાં તેનો સવાબ મૈયતને મળશે, અને કપડાંની ખૈરાતનો સવાબ કપડાંના સ્વરૂપમાં. પણ એમાં રબની તરફથી ઘણી જ બરકત થાય છે.

**૫.** ચાહે મગફિરતની દુઆ સ્પષ્ટપણે હોય જેમ કે : رب اغفرلی ولوالدی ولجمیع المسلمین ચાહે કોઈ ચીજ હેઠળ હોય જેમ કે તેમની તરફથી સદક઼ા તથા ખૈરાત, કે આ ચીજો મૈયતની બખ્શિશનો ઝરીયો છે. સારાંશ કે આ હદીષ ક઼ૌલી (વાણી થકી) તથા અમલી બંને ઈસ્તિગફારો સામેલ છે. યાદ રાખશો કે આ હદીષો એ આયતોની વિરુદ્ધ નથી لَّيۡسَ لِلۡاِنۡسَانِ اِلَّا مَا سَعٰى (માણસ ન પામશે પણ પોતાની કોશિશ. સૂરએ નજ્મ, ૫૩/૩૯) અને لَهَا مَا كَسَبَتۡ (તેમના માટે છે જે તેમણે કમાયુ. સૂરએ બક઼રહ, ૨/૧૩૪) વગેરે, કે આ આયતોમાં બદની અમલ મુરાદ છે. એટલે કે કોઈ કોઈના તરફથી ફર્ઝ નમાઝ રોઝા નથી રાખી શક્તો. આપણો ફર્ઝ આપણે પોતે જ કરવાથી અદા થશે. અને

આ હદીષો સવાબ પહોંચાડવાના સંબંધે છે કે સવાબ પહોંચાડવો અલગ ચીજ છે અને ફર્ઝની અદાયગી કરવી અલગ છે. અથવા આયતમાં માલિકીપણાનો નકાર છે અને હદીષમાં બખ્શિશની સાબિતી. એટલે કે માણસની મિલ્કત ફકત પોતાના જ અમલો છે કે બીજાઓનો શું ભરોસો ! કોઈ આપે કે ન આપે. બગલમાં તોશો મંઝિલનો ભરોસો. (શેઅર)

*તોશા આમાલ કા અપના સાથ લે જાઓ જી !–કોન પીછે કૃબ્રમેં ભેજેગા સોચો તો સહી*
*બાદ મરને કે તુમ્હેં અપના પરાયા ભૂલ જાએ–ફાતિહા કો કૃબ્ર પર ફિર કોઈ આએ યા ન આએ*

**★ હદીષ : (૩૪)–૨૩૫૬ ★**

وَعَن عبد الله بن يسر قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «طُوبَى لِمَنْ وَجَدَ فِي صَحِيفَتِهِ اسْتِغْفَارًا كَثِيرًا» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَرَوَى النَّسَائِيُّ فِي «عمل يَوْم وَلَيْلَة»

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બસરથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લલાહ ﷺ એ ફર્માવ્યું, એના માટે ઘણી જ ખૂબીઓ છે જે પોતાના આમાલનામામાં ખૂબ જ ઈસ્તિગફાર પામે[૧]. (ઈબ્ને માજહ) અને નિસાઈએ આ હદીષને દિવસ રાતના અમલમાં રિવાયત કરી."*

**૧.** એટલે કે તેણે મક્બૂલ ઈસ્તિગફાર ખૂબ જ કર્યા હોય જે તેના આમાલનામામાં લખવામાં આવી ચૂકેલ હોય. એટલા માટે અહીં ખૂબ જ ઈસ્તિગફાર કરવાનો ઉલ્લેખ ન કર્યો બલ્કે નામાએ આમાલમાં પામવાનો ઉલ્લેખ કર્યો, મક્બૂલ ઈસ્તિગફાર તે છે જે દિલના દર્દ, આંખોનાં આંસુ અને ઈખ્લાસ સાથે કરવામાં આવે. કેવળ ઈખ્લાસ જ પૂરતો છે.

**★ હદીષ : (૩૫)–૨૩૫૭ ★**

وَعَنْ عَائِشَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُولُ: «اللَّهُمَّ اجْعَلْنِي مِنَ الَّذِينَ إِذا أَحْسَنوا استبشَروا وإِذا أساؤوا اسْتَغْفَرُوا» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي الدَّعَوَاتِ الْكَبِير

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ આ પ્રમાણે અર્ઝ કરતા હતા, ઈલાહી ! મને એ લોકોમાંથી બનાવ જેઓ નેકીઓ કરે અને ખુશ થઈ જાય, અને ગુનાહો કરે તો માફી માગી લે[૧]. (ઈબ્ને માજહ) અને બયહકીએ દઅવાતે કબીરમાં."*

**૧.** સુબ્હાનલ્લાહ ! **કેવી પ્યારી દુઆ છે !** એટલે કે **મને એ જમાઅતથી બનાવ જેઓ પોતાની નેકી પર ગર્વ નથી કરતા બલ્કે ખૈરની તૌફીક મળવા પર તારો શુક્ર કરે છે અને ગુનાહો પર લાપરવાહી નથી કરતા બલ્કે એ ધબ્બાને તરત જ તૌબાના પાણીથી ધોઈ નાખે છે.** રબ તઆલા હુઝૂર ﷺના સદકાથી આ સિફતો આપણને પણ નસીબ કરે. આમીન. ગર્વની ખુશી ગુનોહ છે.

રબ તઆલા ફર્માવે છે : لَا تَفْرَحْ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْفَرِحِيْنَ (ઘમંડ ન કર, બેશક ! અલ્લાહ ઘમંડ કરનારાઓને દોસ્ત નથી રાખતો. સૂરએ કસસ, ૨૮/૭૬) શુક્રની ખુશી ઈબાદત છે. રબ તઆલા ફર્માવે છે : فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا અહીં શુક્રની ખુશી મુરાદ છે.

★ હદીષ : (૩૯)-૨૩૫૮ ★

وَعَن الْحَارِث بن سُوَيدٍ قَالَ: حَدَّثَنَا عَبْدُ اللَّهِ بْنُ مَسْعُودٍ حَدِيثَيْنِ: أحدُهما عَنْ رَسُول اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَالْآخرُ عَنْ نَفْسِهِ قَالَ: إِنَّ الْمُؤْمِنَ يَرَى ذُنُوبَهُ كَأَنَّهُ قَاعِدٌ تَحْتَ جَبَلٍ يَخَافُ أَنْ يَقَعَ عَلَيْهِ وَإِنَّ الْفَاجِرَ يَرَى ذُنُوبَهُ كَذُبَابٍ مَرَّ عَلَى أَنْفِهِ فَقَالَ بِهِ هَكَذَا أَيْ بِيَدِهِ فَذَبَّهُ عَنْهُ ثُمَّ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول: " لَلَّهُ أَفْرَحُ بِتَوْبَةِ عَبْدِهِ الْمُؤْمِنِ مِنْ رَجُلٍ نَزَلَ فِي أَرْضٍ دَوِيَّةٍ مَهْلَكَةٍ مَعَهُ رَاحِلَتُهُ عَلَيْهَا طَعَامُهُ وَشَرَابُهُ فَوَضَعَ رَأْسَهُ فَنَامَ نَوْمَةً فَاسْتَيْقَظَ وَقَدْ ذَهَبَتْ رَاحِلَتُهُ فَطَلَبَهَا حَتَّى إِذَا اشْتَدَّ عَلَيْهِ الْحَرُّ وَالْعَطَشُ أَوْ مَا شَاءَ اللَّهُ قَالَ: أَرْجِعُ إِلَى مَكَانِي الَّذِي كُنْتُ فِيهِ فَأَنَامُ حَتَّى أَمُوتَ فَوَضَعَ رَأْسَهُ عَلَى سَاعِدِهِ لِيَمُوتَ فَاسْتَيْقَظَ فَإِذَا رَاحِلَتُهُ عِنْدَهُ عَلَيْهَا زَادُهُ وَشَرَابُهُ فَاللَّهُ أَشَدُّ فَرَحًا بِتَوْبَةِ الْعَبْدِ الْمُؤْمِنِ مِنْ هَذَا بِرَاحِلَتِهِ وَزَادِهِ ". رَوَى مُسْلِمٌ الْمَرْفُوع إِلَى رَسُول صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْهُ فَحَسْبُ وَرَوَى الْبُخَارِيّ الموقوفَ على ابنِ مَسْعُود أَيْضا

*"હઝરત હારિષ સુવૈદથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમને અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે બે હદીષો સંભળાવી : એક તો રસૂલુલ્લાહ ﷺની તરફથી અને બીજી પોતાના તરફથી[૨]. ફર્માવ્યું કે **મો'મિન પોતાના ગુનાહોને એવા સમજે છે જાણે કે તે પહાડની નીચે બેઠો છે, ડરી રહ્યો છે કે એના પર પડી જાય[૩]** અને બદ્કાર પોતાના ગુનાહોને એ માખીની જેમ સમજે છે જે એના નાક પર પસાર થાય તો આવુ કરી દે, એટલે પોતાના હાથ વડે તેને ઉડાડી મૂકે[૪] પછી ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલા પોતાના મો'મિન બંદાની તૌબાથી એ શખ્સ કરતાં પણ અધિક ખુશ થાય છે[૫]. જે કોઈ જાનવરોવાળી હલાકતવાળી (ભયજનક) જમીનમાં ઉતરે. એની સાથે સવારી છે જેના પર એનું ખાવા પાણી છે. તેણે માથુ રાખ્યું કાંઈક સૂઈ ગયો[૬] જાગ્યો તો તેની સવારી ગુમ થઈ ચૂકી હતી. તેને ખૂબ જ શોધી રહ્યો હતો ત્યાં સુધી કે જ્યારે એના પર તડકો અથવા તરસ અથવા જે અલ્લાહે ચાહ્યું ગાલિબ આવી (સવાર થઈ) ગઈ[૭]. તો બોલ્યો, કે હું મારી તે જ જગાએ પરત થઈ જઉં જ્યાં હતો[૮]. ત્યાં વિચાર્યું ત્યાં સુધી કે મરી જઉં, પોતાનાં બાવડાં પર મરવા માટે માથુ રાખી દીધું[૯] પછી જાગ્યો તો તેની સવારી તેની પાસે હતી જેના પર તેનું ભાથુ પાણી હતું[૧૦] અલ્લાહ તઆલા મો'મિન બંદાની તૌબાથી આ શખ્સ કરતાં અધિક ખુશ થાય છે જે આ સવારીથી ખુશ થયો[૧૧]. મુસ્લિમે કેવળ એ જ રિવાયત નક્લ કરી જે રસૂલુલ્લાહ ﷺ સુધી ઈબ્ને મસઊદથી મરફૂઅ છે. અને બુખારીએ ઈબ્ને મસઊદ પર મૌકૂફ હદીષ પણ રિવાયત કરી છે[૧૨]."*

**૧.** આપ જલીલુલ ક્દર તાબઈ છે. કૂફાવાસીઓથી છે. કોઈએ હઝરત ઈમામ ઈબ્ને હંબલથી આપના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું, તેમની ખૂબીઓ વર્ણન કરવાથી પર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના જમાનામાં મૃત્યુ પામ્યા.

**૨.** એટલે કે એક મરફૂઅ હદીષ અને બીજી મૌકૂફ હદીષ વર્ણવી જે ખુદ તેમનો પોતાનો કૌલ છે.

**૩.** એટલે કે મો'મિનની પેહચાન એ છે કે તે સગીરા ગુનાહને પણ હલકો નથી જાણતો. તે સમજે છે કે નાની સરખી ચિન્ગારી પણ ઘર સળગાવી શકે છે એટલા માટે તે તેને કરી લેવા માટે પણ હિંમત નથી કરતો અને જો થઈ જાય તો તરત જ તૌબા કરી લે છે. **ગુનાહોથી ખૌફ એ ઈમાનના કમાલની નિશાની છે.**

**૪.** એટલે કે નાના શું મોટા ગુનાહોને પણ હલકા જાણે છે. કહે છે કે મેં ગુનાહ કરી લીધા તો શું થયું ! રબ ગ઼ફૂરો રહીમ છે ! બખ્શી દેશે ! આ ખયાલ ઉમ્મીદનો નથી બલ્કે ખુદા તઆલાથી બેખૌફી છે, જે કુફ્ર સુધી પહોંચાડી આપે છે. **માણસ પ્રથમ નાના ગુનાહોને હલકા જાણે છે, પછી મોટા ગુનાહોને, પછી કુફ્ર તથા શિર્કને પણ મામૂલી ચીજ સમજવા લાગે છે.**

**૫.** અહીં ખુશીથી મુરાદ રઝા છે જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું. હઝરત ઈબ્ને મસ્ઊદે પહેલાં ગુનાહ હલકા જાણવાની બુરાઈ વર્ણવી, પછી આ હદીષ સંભળાવી જેથી બંદો દરેક નાના ગુનાહ પર પણ તૌબા કરે, તેને હલકો ન જાણે. રબ તઆલા બંદાની દરેક તૌબા ચાહે ગુનાહે સગીરાથી હોય અથવા કબીરાથી હોય, ઘણો જ રાજી તથા ખુશ થાય છે. રબ તઆલાને રાજી કરવો ઈબાદત છે, તો દરેક ગુનાહથી તૌબા પણ ઉચ્ચ કક્ષાની ઈબાદત છે.

**૬.** એટલે ખૂબ જ મામૂલી જેવો સૂતો. કેમ કે સવારીની પણ ફિકર હતી, જંગલી જાનવરોનો પણ અંદેશો હતો. દુનિયા જંગલી જાનવરોવાળુ જંગલ છે. નફ્સ સવારી જેના પર આપણો દરેક પ્રકારનો રૂહાની સામાન છે. અહીં ગાફેલ થઈને સૂવું ખતરનાક છે. આ કેવળ દષ્ટાંત છે.

**૭.** اوماشاء الله ક્યાં તો રાવીનો કૌલ અને او અસમંજસ કે શકના કારણે છે. એટલે કે નબી કરીમ رضی اللہ عنہએ ક્યાં તો ગરમી કે તરસનો ઉલ્લેખ કર્યો અથવા માશા અલ્લાહ ! ફર્માવ્યું અથવા ખુદ હુઝૂરે અન્વર رضی اللہ عنہનો ઈર્શાદે ગિરામી છે. અને او બલ્કેના અર્થમાં. એટલે કેવળ ભૂખ તથા તરસ જ સવાર ન થઈ બલ્કે તમામ તે મુસીબતો ફિકરો, ખૌફ તથા ગમ પણ સવાર થઈ ગયા જે રબે ચાહ્યા.

**૮.** કદાચ ત્યાં સવારી પરત આવી હોય અથવા પરત આવી જાય. કેમ કે તે જગા તેની ઓળખાતી પહેચાનવાળી હતી. અને ન આવી તો મૌત તો આવી જ જશે. ખુલાસો એ કે ક્યાં સવારી પામીશ ક્યાં તો મરી જઈશ.

**૯.** આજે પણ અરબવાસી જ્યારે રણમાં ફસાઈ જાય તો જિંદગીથી નિરાશ થઈને એ રીતે મૌતના ઈન્તેઝારમાં બેસી જાય છે અને ત્યાં જ જાન નીકળી જાય છે. અહીં એ જ નક્શો ખેંચવામાં આવી રહ્યો છે.

**૧૦.** અહીં જાગવાથી મુરાદ માથુ ઉઠાવીને જોવું છે, નહીં તો એવી હાલતમાં ઊંઘ ક્યાં આવે છે. અને શક્ય છે કે જાગવાથી હક઼ીક઼તમાં જાગવું મુરાદ હોય. આ એક દષ્ટાંત છે જેમાં નિરાશા બાદ આશાનો બેહતર નક્શો ખેંચીને પેશ કરવામાં આવ્યો છે.

**૧૧.** એટલે કે જેવી ખુશી એ નિરાશ બંદાને આ આશા પૂરી થવા પર થઈ શકે છે જેણે જાન માલ સર્વ કાંઈ ખોઈને સર્વ કાંઈ મેળવી લીધું, એના કરતાં અધિક ખુશી રબ તઆલાને પોતાના ખોવાયેલા બંદાના પરત આવવા પર થાય છે. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે ઈન્સાનની રૂહ મુસાફર છે, શરીર તેની સવારી જેના પર તેના અમલોનો સામાન છે. દુનિયા ખતરનાક જંગલ છે. અહીંની ગફલત એ મુસાફરનું સૂઈ જવું છે. જ્યારે રૂહ ગાફેલ થઈને જાગી તો જોયું કે શરીર નફ્સાની ખ્વાહિશોમાં ગુમ થઈ ચૂક્યું હતું. રૂહના કબજાથી નીકળી ચૂક્યું હતું. રૂહે ઘણી જ મહેનતપૂર્વક તેને પરત કરવા ચાહ્યું પણ તે પરત ન થયું. નિરાશ થઈને રૂહને પોતાના મૌતનું યક઼ીન થઈ ગયું અને

તેણે સમજી લીધું કે હવે હું કાયમી અઝાબમાં સપડાઉં છું, કે એવામાં અચાનક રહમતે ઈલાહીએ દસ્તગીરી કરી ગુમ થયેલ શરીર તથા નફ્સની ખુદાવંદીની તૌફીકે દસ્તગીરી કરી. રૂહે પોતાનો હેતુ મેળવી લીધો, અથવા એના બાદ એની આશા પૂર્ણ થઈ ગઈ. આવી રૂહ ખૂબ જ મુબારક છે. *(મિર્કાત)*

**૧૨.** સારાંશ કે આ હદીષનો જુઝઅ મરફૂઅ તો મુત્તફિક્ અલૈહ છે અને જુઝ્એ મૌકૂફ મુફર્રદાત બુખારીથી છે. પૂરી હદીષ સહીહ છે.

**★ હદીષ : (૩૭)-૨૩૫૯ ★**

وَعَنْ عَلِيٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ يُحِبُّ الْعَبْدَ المؤمنَ المفتَّنَ التوَّابَ»

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એ મો'મિનને પસંદ કરે છે જે ફિત્નાઓમાં ઘેરાયેલ હોય[1] તૌબા કરતો હોય[2]."*

**૧.** ગુનાહ, ગફલતો એના પર છવાયા કરે છે, હમેશાં નેકીઓ જ ન કરતો હોય, કેમ કે હમેશાં નેકીઓ કરનારો ક્યારેક ઘમંડ તથા બડાઈમાં ફસાય જાય છે અને ગુનાહમાં ફસાયેલો મોટાભાગે શર્મિંદો રહે છે. આ શરહથી જાણવા મળ્યું કે આ કાયદાથી અંબિયા તથા ખાસ અવલિયા હઝરાત અપવાદ છે. કેમ કે એમનામાં કદાપિ ઘમંડ પેદા થતો જ નથી, જેથી હદીષથી એ લાઝિમ નથી થતું કે ગુનેહગાર બંદાઓ અંબિયા તથા અવલિયાથી અધિક પ્યારા હોય. અહીં તેમની સાથે સરખામણી છે જેઓ નેકીઓ પર નાઝ કરે. **આજીજી પેદા કરનારો ગુનોહ એ ઘમંડ પેદા કરનારી નેકીથી અફઝલ છે.**

**૨.** દરેક પ્રકારની તૌબા. ગુનાહથી ફર્માંબરદારી તરફ, ગફલતથી બેદારી તરફ, ગીબતથી હુઝૂરની તરફ અને મઅસિયત (ગુનાહ)થી મુસીબતની તરફ પલટવું છે. સૂફીઓ ફર્માવે છે કે રબ તઆલા ગુનાહોથી નારાજ છે ન કે ગુનેહગારથી. ગુનેહગારથી તો તૌબા કરવા પર ઘણો જ રાજી થઈ જાય છે. આશિકો કહે છે કે નેકો કરતાં સરખામણીમાં બુરાઓ પર અધિક કરમ છે. મા, બીમાર લાચાર બાળક પર અધિક મહેરબાન હોય છે. નકામા પુત્ર માટે કમાઉ પુત્રથી લેતી રહે છે અને કમાઉથી નકામાને અપાવતી રહે છે. આપણે નકામા બંદા છીએ, આપણા માટે હબીબને ફર્માવે છે : اَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ (અને માગનારને ન ધમકાવો. સૂરએ દુહા, ૯૩/૧૦) હે મહબૂબ ! તમારી કમાઈમાંથી નકામાઓને કાંઈક આપ્યા કરો, તેમને તતડાવો નહીં.

**★ હદીષ : (૩૮)-૨૩૬૦ ★**

وَعَنْ ثَوْبَانَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَا أُحِبُّ أَنَّ لِي الدُّنْيَا بِهَذِهِ الْآيَةِ (يَا عِبَادِيَ الَّذِينَ أَسْرَفُوا على أَنْفُسهم لَا تَقْنَطوا)الْآيَةَ» فَقَالَ رَجُلٌ: فَمَنْ أَشْرَكَ؟ فَسَكَتَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ قَالَ: «أَلا وَمن أشركَ» ثَلَاث مرَّاتٍ

*"હઝરત થૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે મને એ પસંદ નથી કે મને આ આયતના બદલામાં આખી દુનિયા મળી જતી[1] હે મારા તે બંદાઓ ! જેમણે પોતાની જાનો પર ઝિયાદતી કરી, નિરાશ ન થાવ....છેવટ સુધી[2] એક શખ્સ બોલ્યો, તો જે શિર્ક કરે ?! નબી કરીમ ﷺ ખામોશ રહ્યા. પછી ફર્માવ્યું, યકીનન ! જે શિર્ક કરે. ત્રણવાર ફર્માવ્યું (એટલે કે તેની તૌબા પણ કબૂલ થશે.)[3]*

**૧.** પછી હું એ દુનિયાથી લિજ્જતો તથા ખૈરાત સૌ હાંસલ કરતો.

**૨.** આ આયતમાં عِبَادِی થી મુરાદ રસૂલુલ્લાહ ﷺના ગુલામ બંદાઓ છે અને ઝિયાદતીથી મુરાદ ગુનાહ કરતા રહેવું છે. તેમનાથી જ મગફેરતનો વાયદો છે. કેમ કે શિર્ક તથા કુફ્રની માફી નથી. રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللّٰهَ لَا یَغْفِرُ اَنْ یُّشْرَكَ بِهٖ (બેશક ! અલ્લાહ એને નથી બખ્શતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે. –સૂરએ નિસાઅ્, ૪/૪૮)

**૩.** એટલે કે **શિર્ક તથા કુફ્ર પણ બખ્શી આપવામાં આવશે, એ શર્તે કે બંદો એનાથી તૌબા કરીને મુસલમાન બની જાય,** ત્યારે જ બખ્શી દેવામાં આવશે. આ હદીષ વર્ણવેલ આયતની વિરુદ્ધ નથી.

**હિકાયત** : હઝરત વહશીએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે ઈસ્લામમાં શિર્ક, કત્લ, ઝિના એ ઘણા જ મહાન મહાન ગુનાહો છે અને મેં એ ત્રણેવ કરેલા છે, તો મારી બખ્શિશ કેવી રીતે થશે ? ત્યારે આ આયત કરીમા આવી اِلَّا مَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا (અને જેમણે તૌબા કરી અને ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા. સૂરએ મરયમ, ૧૯/૬૦) વહશી બોલ્યા કે મગફિરતની આ શર્તો ઘણી જ સખત છે તો આ નેક અમલો વગેરે મારાથી કેવી રીતે થશે ? ત્યારે આ આયત સંભળાવવામાં આવી. وَیَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ یَّشَآءُ (અને કુફ્રથી નીચે જે કાંઈ ચાહે માફ કરી આપે. –સૂરએ નિસાઅ્, ૪/૪૮) વહશી બોલ્યા, હજુ પણ મને તસલ્લી નથી થતી, શું ખબર મારી બખ્શિશ થશે કે નહીં ?! ત્યારે આ આયત નાઝિલ થઈ : قُلْ یٰعِبَادِیَ الَّذِیْنَ اَسْرَفُوْا (તમે ફર્માવો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર ઝિયાદતી કરી, અલ્લાહની રહ્મતથી નાઉમ્મીદ ન બનો. સૂરએ ઝુમર, ૩૯/૫૩) ત્યારે વહશી બોલ્યા, બસ ! બસ ! મારા માટે પૂરતુ છે, પૂરતુ છે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલુલ્લલાહ ! ﷺ શું આ બશારતો કેવળ વહશીના માટે છે ? ફર્માવ્યું, નહીં ! બલ્કે મારી સર્વ ઉમ્મતના માટે છે. (તફસીરે મઆલિમુત્તન્ઝીલ વ મિર્કાત) સારાંશ કે આ આયત ખૂબ જ ઉમ્મીદ અપાવનારી છે.

**★ હદીષ : (૩૯)-૨૩૬૧ ★**

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ تَعَالَى لَيَغْفِرُ لِعَبْدِهِ مَا لَمْ يَقَعِ الْحِجَابُ» . قَالُوا: يَا رَسُولَ اللَّهِ وَمَا الْحِجَابُ؟ قَالَ: «أَنْ تَمُوتَ النَّفْسُ وَهِيَ مُشْرِكَةٌ»رَوَى الْأَحَادِيثَ الثَّلَاثَةَ أَحْمَدُ وَرَوَى الْبَيْهَقِيُّ الْأَخِيرَ فِي كِتَابِ الْبَعْثِ والنشور

*"હઝરત અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા પોતાના બંદાને બખ્શે છે જ્યાં સુધી કે આડ ન આવે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આડ શું છે ? ફર્માવ્યું કે કોઈ શખ્સ શિર્ક કરતાં મરી જાય[૨]. આ ત્રણેવ હદીષોને અહમદે રિવાયત કરી અને બયહકીએ આખરી હદીષ કિતાબુલ બઅષ વન્નુશૂરમાં રિવાયત કરી."*

**૧.** એટલે કે તે બનાવ બની જાય જે બંદા અને રબ તઆલાની રહમતની વચ્ચે આડ છે, શિર્કની આડ. રબ તઆલા ફર્માવે છે : لَا تَتَّخِذُوْٓا اِلٰهَیْنِ اثْنَیْنِ ۚ اِنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ (બે ખુદા ન ઠરાવો, તે તો એક જ મઅબૂદ (પૂજ્ય, ઈબાદતને પાત્ર) છે. સૂરએ નહ્લ, ૧૬/૫૧)

**૨.** શિર્કથી મુરાદ કુફ્ર છે કે કુફ્ર પર મૌત આવી જવી એ અલ્લાહની રહમતથી ઘણી મોટી આડ છે. એનાથી જાણવા મળ્યું કે કાફિરની દરેક તૌબા મૌકૂફ રહે છે. જો ઈમાન લાવીને મર્યો તો સર્વ પાછલી તૌબા કબૂલ થઈ ગઈ.

જો કુફ્ર પર જ મરી ગયો તો સર્વ તૌબા બેકાર થઈ ગઈ. હક્ક એ છે કે કાફિરોની અમુક દુઆઓ કબૂલ થઈ જાય છે. શૈતાને લાંબી ઉમરની દુઆ માગી કે કેટલાક ફેરફાર સાથે કબૂલ થઈ.

**★ હદીષ : (૪૦)-૨૩૯૨ ★**

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَقِيَ اللّٰهَ لَا يَعْدِلُ بِهِ شَيْئًا فِي الدُّنْيَا ثُمَّ كَانَ عَلَيْهِ مِثْلَ جِبَالٍ ذُنُوبٌ غَفَرَ اللّٰهُ لَهُ» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي كتاب الْبَعْث والنشور

*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અલ્લાહ તઆલાને આ રીતે મળે[1] કે દુનિયામાં કોઈ ચીજને તેની બરાબર ન જાણતો હોય[2]. પછી તેના પર ગુનાહના પહાડ હોય, તો અલ્લાહ તેને બખ્શી આપશે[3].'' (બયહકી કિતાબુલ બઅષત વન્નુશૂર)*

**૧.** એટલે કે એ હાલમાં મરે. અહીં અલ્લાહને મળવાથી મુરાદ દુનિયાથી જવું છે ન કે કયામતમાં ઉઠવું, કે મરતાં જ સૌ ઈમાન લઈ આવે છે. પછી કયામતમાં મુશ્રિક કોણ હશે ? કેમ કે મૃત્યુ બાદ દુનિયાના સર્વ સંબંધો ખત્મ થઈ જાય અને બંદાનો સંબંધ કેવળ રબ તઆલાથી રહી જાય છે, એટલા માટે મૌતને અલ્લાહથી મળવું કહેવામાં આવ્યું.

**૨.** એ રીતે કે કોઈને ખુદાનો શરીક ન માનતો હોય. કેમ કે અરબમાં સામાન્યતઃ કાફિરો મુશ્રિકો જ હતા એટલા માટે શિર્કનો ઉલ્લેખ કર્યો, નહીં તો મુવહ્હિદ કાફિરનો પણ એ જ હાલ થશે. યાદ રાખશો કે મુશ્રિક પોતાના મઅબૂદોને ખુદાના બરાબર જરૂર માને છે, કોઈને ખુદાની ઔલાદ, કોઈને ખુદાનો મદદગાર, કોઈને ખુદાની સરખામણીમાં પોતાનો કારસાઝ (કામો બનાવનાર) માને છે : એટલા માટે એ કયામતમાં પોતાના શરીકોથી કહેશે اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ (જ્યારે કે તેમને રબ્બુલ આલમીન બરાબર ઠરાવતા હતા. સૂરએ શૂરા, ૨૬/૯૮) એની તેહકીકી અમારી કિતાબ ''ઈલ્મુલ કુર્આન''માં જુઓ. રબ તઆલા ફર્માવે છે : بِرَبِّهِمْ يَعْدِلُوْنَ (પોતાના રબના બરાબર ઠરાવે છે. સૂરએ અન્આમ, ૬/૧)

**૩.** જો ચાહે તો બખ્શી આપે, ક્યાં તો બિલ્કુલ જ બખ્શી આપે અથવા કાંઈક ચેતવણી આપીને અથવા કાંઈક સજા આપીને. રબ તઆલા ફર્માવે છે : يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ (અને કુફ્રની નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે. સૂરએ નિસાઅ, ૪/૪૮) આ હદીષ ન તો કુર્આની આયતોની વિરુદ્ધ છે ન અઝાબની હદીષોની વિરુદ્ધ છે અને ન એમાં મુસલમાનોને ગુનાહ માટે દિલેર કરવામાં આવ્યા છે.

**★ હદીષ : (૪૧)-૨૩૯૩ ★**

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «التَّائِبَ مِنَ الذَّنْبِ كَمَنْ لَا ذَنْبَ لَهُ» . رَوَاهُ ابْنُ مَاجَهْ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ وَقَالَ تَفَرَّدَ بِهِ النَّهْرَانِيُّ وَهُوَ مَجْهُولٌ. وَفِي (شَرْحِ السُّنَّةِ)رَوَى عَنْهُ مَوْقُوفًا قَالَ: النَّدَمُ تَوْبَةٌ وَالتَّائبُ كمن لَا ذَنْبَ لَهُ

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ગુનાહથી તૌબા કરનાર એવો જ છે જાણે કે તેનો ગુનોહ હતો જ નહીં[1] (ઈબ્ને માજહ, બયહકી, શોઅબુલ ઈમાન) અને બયહકીએ ફર્માવ્યું કે આ હદીષમાં નહરાની એકલો છે અને મજહુલૂલ હાલ છે[2] અને શરહે સુન્નહમાં ઈબ્ને મસ્ઊદથી મૌકૂફન રિવાયત કરી. આપે ફર્માવ્યું, શર્મિંદા થવું તૌબા છે, અને તૌબાવાળો એવો છે કે જાણે ગુનોહ કર્યો જ નથી[3].''*

**૧.** તૌબાથી મુરાદ સાચી તથા મક઼બૂલ તૌબા છે જેમાં સર્વ જાઈઝ હોવાની શરતો તથા ક઼બૂલ થવાની શરતો એકત્ર હોય કે બંદાઓના હક્કો અને શરીઅતના હક્કો અદા કરી દેવામાં આવે, વળી પાછલી ઉણપ પર શર્મિંદગી હોય અને ભવિષ્યમાં ન કરવાનો પાકો નિશ્ચય (અહદ) હોય. આ તૌબાથી ગુનાહ પર મુત્લક઼ન પકડ થશે નહીં, બલ્કે અમુક સ્થિતિઓમાં તો ગુનાહ નેકીઓથી બદલાય જશે. હઝરત રાબિઆ બસરિય્યહ, સુફ઼યાન ષૌરી તથા ફુઝૈલ ઈબ્ને અયાઝને ફ઼ર્માવ્યા કરતાં હતાં કે મારા ગુનાહો તમારી નેકીઓ કરતાં કેટલાય અધિક છે. જો મારી તૌબાથી એ ગુનાહ નેકીઓ બની ગયા, તો પછી મારી નેકીઓ તમારી નેકીઓ કરતાં ખૂબ જ વધી થશે. (મિર્ક઼ાત) યાદ રાખશો કે અહીં كَمَنْ لَّا ذَنْبَ لَهٗ થી અંબિયા, અવલિયા, ફરિશ્તાઓ ખારિજ (અલગ) નથી, કેમ કે ગુનેહગાર તૌબા કરીને એમના જેવો નથી થઈ જતો, જો તેને અઝાબ ન પણ થાય પણ હયા તથા શર્મિંદગી તો થશે, એ હઝરાત તો એનાથી પણ પાક છે. અહીં એ લોકો મુરાદ છે જેઓ મઅસૂમ હોય ન મહેફૂઝ પણ ગુનાહ ન કરે, જેમ કે નાના બાળકો, પાગલ મુસલમાન, કે તૌબા કરનાર તૌબાની બરકતથી એ બેગુનાહોની જેમ થઈ જાય છે, બેગુનાહીમાં.

**૨.** એટલે કે નહરાનીની ખબર ન મળી કે ષિક઼હ હતો કે ઝઈફ, જેથી આ હદીષ સહીહ હોવાના દરજ્જે નથી પહોંચી. ઈમામ ઈબ્ને હજર અને મુલ્લા અલી ક઼ારીએ ફ઼ર્માવ્યું કે, કેમ કે આ હદીષ ફઝાઈલે દુઆ તથા તૌબામાં છે જેથી જો ઝઈફ પણ હોય તો પણ ક઼બૂલ છે. *(મિર્ક઼ાત)*

**૩.** કેમ કે **ભૂતકાળ પર શર્મિંદગી તૌબાનો ઉચ્ચ સ્તંભ છે કે એના પર બાકી સર્વ સ્તંભો આધારિત છે.** એટલા માટે કેવળ શર્મિંદગીનો ઝિક્ર કર્યો. જે કોઈનો હક્ક઼ મારવા પર શર્મિંદો થશે તો હક્ક઼ અદા પણ કરી આપશે, જે બેનમાઝી હોવા પર શર્મિંદા થશે તે પાછલી છૂટેલી નમાઝો ક઼ઝા પણ કરી લેશે. જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે, એના પર કોઈ વાંધો નથી, ભલે આ હદીષ મૌક઼ૂફ઼ છે પણ મરફ઼ૂઅના હુકમમાં છે કેમ કે આ વાત કેવળ ક઼યાસથી નથી કહી શકાતી.

# باب
## પ્રકરણ[1]

## (વિભાગ : ૧) الفصل الاول

**૧.** એટલે પાછલા પ્રકરણોના વધારા તથા અનુસંધાનોનું પ્રકરણ, જેમાં વિવિધ વિષયોની હદીષો છે. મોટાભાગની હદીષો અલ્લાહની રહમત અને બંદાના માયૂસ ન હોવાના સંબંધે છે.

**★ હદીષ : (૧)-૨૩૬૪ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " لَمَّا قَضَى اللَّهُ الْخَلْقَ كَتَبَ كِتَابًا فَهُوَ عِنْدَهُ فَوْقَ عَرْشِهِ: إِنَّ رَحْمَتِي سَبَقَتْ غَضَبِي «. وَفِي رِوَايَةٍ» غَلَبَتْ غَضَبِي "

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહે મખ્લૂક પેદા કરવાનો ફેંસલો કર્યો[1]. તો એક તહરીર (લખાણ) લખ્યું જે રબની પાસે અર્શની ઉપર છે[2] કે મારી રહમત મારા ગઝબ પર ગાલિબ (સવાર) છે, અને એક રિવાયતમાં غلبت છે.[3] (મુસ્લિમ, બુખારી)*

**૧.** એ રીતે કે મખ્લૂકને પેદા કરી આપી અથવા પેદા કરવાની શરૂઆત કરી અથવા મૌજૂદાતના ઝહૂરનો ઈરાદો નજીક કર્યો અથવા જ્યારે મીષાક઼ના દિવસે તમામ રૂહોને પેદા કરી.

**૨.** કિતાબથી મુરાદ લોહે મહેફૂઝ છે, અને લખવાથી મુરાદ ફરિશ્તાને અથવા ક઼લમને લખવાનો હુકમ આપવું છે. અર્શની ઉપરથી મુરાદ દરજા તથા મર્તબામાં ઉપર છે ન કે જગામાં. કેમ કે લોહે મહેફૂઝ અર્શની નીચે છે ન કે તેની ઉપર. અમુક ઉલમાએ ફર્માવ્યું કે લોહે મહફૂઝ હઝરત ઈસ્રાફીલ علیہ السلام ની પેશાની છે કે એમાં સર્વ હાલતો લખેલી છે અને હઝરત ઈસ્રાફીલ અર્શ ઉઠાવનારા ફરિશ્તાઓના સરદાર છે. એના વિશે અન્ય ઘણા ક઼ૌલ છે. *(મિર્ક઼ાત વગેરે)*

**૩.** એ રીતે કે ગઝબના આષાર પર રહમતના આષાર ગાલિબ પણ છે અને અધિક પણ છે. નહીં તો ખુદ રહમત તથા ગઝબ રબ તઆલાની સિફતો છે. ત્યાં અધિક્તા તથા કમી, ગાલિબ તથા મગ્લૂબ (સવાર થવું, દબાવું) અશક્ય છે. મતલબ એ છે કે મારી રહ઼મતનો ઝહૂર (પ્રદર્શન) ગઝબની સરખામણીમાં ખૂબ જ અધિક થશે. જેથી રબ તઆલાની રહમત તમામ મખ્લૂકને પહોંચે છે અને ગઝબ અમુક અમુકને. કાફિરો પણ રબની રહમતથી રોજી પામે છે, બલાઓથી મહેફૂઝ રહે છે. જેમ કે રહમતના બારામાં ખુદ ફર્માવ્યું : رَحْمَتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ (અને રહમતે દરેક ચીજને ઘેરેલ છે. સૂરએ અઅ્રાફ, ૭/૧૫૬) અને અઝાબના બારામાં ફર્માવે છે : عَذَابِيْٓ اُصِيْبُ بِهٖ مَنْ اَشَآءُ (મારો અઝાબ હું જેવો ચાહું આપુ. સૂરએ અઅ્રાફ, ૭/૧૫૬) (અઝ : લમ્આત મઅ્ ઝિયાદહ)

**★ હદીષ : (૨) ૨૩૬૫ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِنَّ لِلَّهِ مائةَ رَحْمَةٍ أَنْزَلَ مِنْهَا رَحْمَةً وَاحِدَةً بَيْنَ الْجِنِّ وَالْإِنْسِ وَالْبَهَائِمِ وَالْهَوَامِّ فَبِهَا يَتَعَاطَفُونَ وَبِهَا

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહની સો રહમતો છે[1] જેમાંથી એક રહમત જિન, માનવો, જાનવરો તથા કીડા મકોડાઓ વચ્ચે ઉતારી, જેનાથી તેઓ આપસમાં એકબીજા પર મહેરબાની તથા રહમ કરે છે[2]. આ*

يَتَرَاحَمُونَ وَبِهَا تَعْطِفُ الْوَحْشُ عَلَى وَلَدِهَا وَأَخَّرَ اللَّهُ تِسْعًا وَتِسْعِينَ رَحْمَةً يَرْحَمُ بِهَا عِبَادَهُ يَوْمَ الْقِيَامَةِ»

*રહમતથી જંગલી જાનવર પોતાનાં બચ્ચાઓ પર મહેરબાન થાય છે[3]. અને નવ્વાણુ રહમતો મહફૂઝ રાખી મૂકેલી છે જેનાથી અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે પોતાના બંદાઓ પર રહમ કરશે[૪]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે અલ્લાહ તઆલાની રહમત સો પ્રકારની છે અથવા સેંકડો પ્રકારની છે જેમાંથી દરેક પ્રકારના હેઠળ હજારો પ્રકારો છે. દરેક પ્રકારના હેઠળ હજારો સિફતો (ખૂબીઓ) છે અને દરેક સિફતના હેઠળ હજારો વ્યક્તિઓ છે. સારાંશ કે આ હદીષ હદબંધી માટે નથી બલ્કે અધિક્તા માટે છે.

**૨.** એટલે એ સેંકડો પ્રકારોમાંથી એક પ્રકાર અથવા કરોડો વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ દુનિયામાં બદાઓમાં વહેંચી દેવામાં આવી છે જેના હિસ્સા બનીને મા બાપ, બહેન ભાઈ, સગા સંબંધીઓ, દોસ્તોને મળ્યા.

**૩.** જંગલી જાનવરોનો ઉલ્લેખ ખાસ કરીને એટલા માટે કર્યો કે તેમનામાં ઉલ્ફત તથા મહોબ્બત ઓછી છે અને નફરત તથા ગુસ્સો વધારે છે. એટલે કે જંગલી જાનવરો પણ આ રહમતના હિસ્સાથી પોતાના બચ્ચાંઓ પર મહેબાન છે. જો રબ તઆલા માના દિલમાં મહોબ્બત પેદા ન કરે તો તે પોતાના બચ્ચાં પર કદાપિ મહેરબાન ન થાય. જેમ કે નાગણ તથા માછલી તો પોતાના બચ્ચાંને ખાય જાય છે. માછલી પોતાનાં બચ્ચાંને ઓળખતી પણ નથી અને જો રબ મહોબ્બત પેદા કરી આપે તો પથ્થર તથા ઝાડ મહોબ્બત કરવા લાગે. જુઓ ઓહદ પહાડ હુઝૂરથી મહોબ્બત SZ[K[4h F0 3F, RFZMCh]Z 5 Z IGK FJ Z K[Ps ﷺ)

**૪.** બંદાઓથી મુરાદ મો'મિન બંદાઓ છે અને નવ્વાણુની સંખ્યા હદબંધી માટે નહીં બલ્કે અધિક્તા દર્શાવવા છે. અથવા એ હેતુ છે કે એક પ્રકારની રહમતનો ઝહૂર તો દુનિયામાં થઈ રહ્યો છે અને નવ્વાણુ પ્રકારની રહમતની જલ્વાગરી આખેરતમાં થશે. જેથી આ હદીષ એ રિવાયતની વિરુદ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે દરરોજ કા'બા મોઅઝ્ઝમા પર એકસો વીસ રહમતો નાઝિલ થાય છે, જેમાંથી સાઈઠ તવાફ કરનારાઓ પર, ચાલીસ ત્યાં નમાઝ પઢનારાઓ પર અને વીસ રહમતો કા'બાને જોવાવાળા પર. (અઝ : મિર્ક઼ાત)

### ★ હદીષ : (3)-૨૩૬૬ ★

وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ عَنْ سَلْمَانَ نَحْوُهُ وَفِي آخِرِهِ قَالَ: «فَإِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ أَكْمَلَهَا بِهَذِهِ الرَّحْمَةِ»

*"અને મુસ્લિમની રિવાયતમાં હઝરત સલ્માનથી એના જ જેમ છે, એના છેવટમાં છે કે ફર્માવ્યું, જ્યારે ક઼યામતનો દિવસ થશે તો અલ્લાહ તઆલા આ રહમતને એનાથી કામિલ (સંપૂર્ણ) કરી આપશે[૧]."*

**૧.** એટલે કે ક઼યામતના દિવસે એ નવ્વાણુ રહમતોને આ દુનિયાની એક રહમતથી મિલાવીને સો કરી આપશે. જાણવા મળ્યું કે ત્યાં દુનિયવી રહમત પણ હશે પણ કેવળ મુસલમાનોમાં કાફિરો તો અઝાબ જોઈને પોતાની ઔલાદ, મા બાપથી પણ બેઝાર છે.

### ★ હદીષ : (૪)-૨૩૬૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો મો'મિન જાણી લેત*

وَسَلَّمَ: «لَوْ يَعْلَمُ الْمُؤْمِنُ مَا عِنْدَ اللَّهِ مِنَ الْعُقُوبَةِ مَا طَمِعَ بِجَنَّتِهِ أَحَدٌ وَلَوْ يَعْلَمُ الْكَافِرُ مَا عِنْدَ اللَّهِ مِنَ الرَّحْمَةِ مَا قَنَطَ من جنته أحد»

*કે અલ્લાહ તઆલાની પાસે કેટલો અઝાબ છે તો કોઈ પણ તેની જન્નતની ઉમ્મીદ ન રાખત. અને જો કાફિર જાણી લેત કે અલ્લાહની પાસે કેટલી રહમત છે તો તેની જન્નતનથી કોઈ નાઉમ્મીદ ન થાત[૧]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આમાં રબ તઆલાની અતિશય રહમત તથા અઝાબનું વર્ણન છે એટલે કે આટલા પ્રમાણમાં વર્ણન કરવા છતાં અલ્લાહ તઆલાની રહમતની તથા અઝાબની વિશાળતા કોઈના ખયાલમાં નથી આવી શકતી. જો એની હકીકત માલૂમ થઈ જાય તો અઝાબ જોઈને મો'મિનની આશા તૂટી જાય, અને તેની રહમતમાં વિચારણા કરીને કાફિરની નિરાશા જતી રહે છે. ખુલાસો એ છે કે નેકોકારે ભૂલવું ન જોઈએ, કેમ કે અલ્લાહ જબ્બાર તથા કહ્હાર છે. અને ગુનેહગારે નિરાશ ન થવું જોઈએ કે અલ્લાહ તઆલા સત્તાર તથા ગફ્ફાર છે. **હઝરત ઉમર ફર્માવે છે, જો ક્યામતમાં રબ એલાન કરે કે કેવળ એક જ બંદો જન્નતી છે તો મને ઉમ્મીદ છે કે કદાચ હું જ હોઈશ. અને જો એલાન થઈ જાય કે કેવળ એક જ બંદો દોઝખી છે તો મને ખતરો થશે કે હું જ છું.** સૂફીઓ ફર્માવે છે કે બંદા પર જિંદગીમાં ખૌફ સવાર હોવો જોઈએ અને મરતી વખતે ઉમ્મીદ.

**★ હદીષ : (૫)-૨૩૬૮ ★**

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْجَنَّةُ أَقْرَبُ إِلَى أَحَدِكُمْ مِنْ شِرَاكِ نَعْلِهِ وَالنَّارُ مِثْلُ ذَلِكَ» . رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જન્નત તમારાથી તમારા જોડાની દોરીથી પણ નજીક છે, અને આગ પણ એવી જ છે[૧]." (બુખારી)*

**૧.** એ રીતે કે **કદીક મોંથી એક બુરી વાત નીકળી જાય છે તો આખી જિંદગીની નેકીઓ બર્બાદ થઈ જાય છે અને બંદો દોઝખી બની જાય છે. અને કદીક મોંથી એક વાત સારી નીકળી જાય છે જે રબને પસંદ હોય તેનાથી બંદાના જીવનભરના ગુનાહ માફ થઈ જાય છે, અને તે જન્નતી થઈ જાય છે.** સારાંશ કે એક શબ્દમાં જન્નત તથા દોઝખ છે. કેમ કે જન્નત તથા દોઝખ પોતાના અમલથી મળે છે અને તેમના રસ્તા અમલના કદમોથી નક્કી થાય છે. એટલા માટે નબી કરીમ ﷺ એ આ નઝદીકીને જોડાની દોરીઓ સાથે સરખાવી છે, એટલે કે એક કદમમાં જન્નત છે અને એક કદમમાં દોઝખ છે.

(مُتَّفِقٌ عَلَيْهِ)

**★ હદીષ : (૬)-૨૩૬૯ ★**

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: " قَالَ رَجُلٌ لَمْ يَعْمَلْ خَيْرًا قَطُّ لِأَهْلِهِ وَفِي رِوَايَةٍ أَسْرَفَ رَجُلٌ عَلَى نَفسِهِ فَلَمَّا حَضَرَهُ الْمَوْتُ أَوْصَى بَنِيهِ إِذَا مَاتَ فَحَرِّقُوهُ ثُمَّ اذْرُوا نِصْفَهُ فِي الْبَرِّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એક શખ્સ જેણે કદી કોઈ નેકી કરી ન હતી તેણે પોતાનાં ઘરવાળાંઓને કહ્યું. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે, એક શખ્સે પોતાની જાન પર ઝિયાદતી કરી હતી. જ્યારે તેને મૌત આવી તો તેણે પોતાની ઔલાદને વસિયત કરી[૧] કે જ્યારે એ મરી જાય તો તેને સળગાવી*

وَنِصْفَهُ فِي الْبَحْرِ فو الله لَئِنْ قَدَرَ اللَّهُ عَلَيْهِ لَيُعَذِّبَنَّهُ عَذَابًا لَا يُعَذِّبُهُ أَحَدًا مِنَ الْعَالَمِينَ فَلَمَّا مَاتَ فَعَلُوا مَا أَمَرَهُمْ فَأَمَرَ اللَّهُ الْبَحْرَ فَجَمَعَ مَا فِيهِ وَأَمَرَ الْبَرَّ فَجَمَعَ مَا فِيهِ ثُمَّ قَالَ لَهُ: لِمَ فَعَلْتَ هَذَا؟ قَالَ: مِنْ خَشْيَتِكَ يَا رَبِّ وَأَنْتَ أَعْلَمُ فَغَفَرَ لَهُ "

*દો, પછી તેને અડધુ જંગલમાં અને અડધુ દરિયામાં ઉડાડી દો[2] રબની ક઼સમ ! જો અલ્લાહે એના પર તંગી કરી તો તેને એવો અઝાબ આપશે જે જહાનોમાં કોઈને ન આપે[3] પછી જ્યારે તે મરી ગયો તો જે તેણે કહ્યું હતું તેવું એ લોકોએ કર્યું. અલ્લાહે દરિયાને હુકમ આપ્યો તો તેણે તેની અંદરનું સૌ ભેગું દીધું, અને જંગલને હુકમ આપ્યો તો તેણે પોતાની અંદરનું સૌ જમા કરી આપ્યું. પછી તેણે ફર્માવ્યું કે તેં આવી હરકત કેમ કરી ? તે બોલ્યો, યા રબ ! તારા ડરથી ! તને તો ખુદ ખબર છે. તો રબે તેને બખ્શી આપ્યો[4]."*

**૧.** અધિક્તર એ છે કે તે શખ્સ કોઈ ઈસ્રાઈલી હતો. કેમ કે બની ઈસ્રાઈલે ઘણીવાર ખૌફે ઈલાહીમાં મોટી મોટી તકલીફો ઉઠાવી છે. અને આ બનાવ એ સમયનો છે જ્યારે અંબિયાએ કિરામની તા'લીમ દુનિયાથી અદશ્ય થઈ ચૂકી હતી. લોકો રબ તઆલાની સિફતોથી બેખબર થઈ ગયા હતા. જેથી આગલા બનાવ પર કોઈ વાંધો નથી.

**૨.** જો કે એ જમાનામાં દફનનો રિવાજ ન હતો પણ એ નાસમજે વિચાર કર્યો કે દફન થવાની સ્થિતિમાં મારી લાશ એક જ જગાએ હશે જેને રબ બીજીવાર જિંદગી બખ્શી દેશે. અને જો મારી માટીનાં રજકણો દરિયા તથા જમીન પર વિખેરી દેવામાં આવશે તો રબ તેને એકત્ર નહીં કરે અથવા જમા કરી શકશે નહીં. એનો આ ખયાલ કુદરતે ઈલાહીથી બેખબરીના કારણે હતો, અને આ બેખબરી (અજ્ઞાનતા) નૂરે નબુવ્વત ન પહોંચવાના કારણે હતી, જેથી એ બંદો મઅઝૂર હતો. અને તેને એ બિના પર કાફિર નથી કહી શકતા, કેમ કે એવા જમાનામાં નજાતના માટે કેવળ તૌહીદનો અક઼ીદો પૂરતો છે.

**૩.** આ અર્થ ઘણો જ ઉમદા છે કે قَدَرَ قَدْرٌથી બન્યું, ન કે قُدْرَةٌથી. રબ તઆલા ફર્માવે છે : وَاَمَّآ اِذَا مَا ابْتَلٰىهُ فَقَدَرَ عَلَيْهِ رِزْقَهٗ (અને જો અજમાવે અને એની રોજી પર તંગ કરી આપે તો કહે છે મારા રબે મને ખવાર (બર્બાદ) કર્યો. સૂરએ ફજર, ૮૯/૧૬) અને યૂનુસ علیہ السلامના બારામાં ફર્માવે છે : فَظَنَّ اَنْ لَّنْ نَّقْدِرَ عَلَيْهِ (તો ગુમાન કર્યું કે અમે એના પર તંગી નહીં કરીએ તો અંધારામાં પકડયો. સૂરએ અંબિયા, ૨૧/૮૭) જો قُدْرَةٌ બનત તો એમાં ખુદાની કુદરતનો ઈન્કાર થાત કે જે કુફ્ર છે. આ જ અર્થ મિર્ક઼ાતે કર્યો. એટલે કે જો રબે મારા પર તંગી કરી અને મારો હિસાબ લીધો તો મને અઝાબ આપશે. સારાંશ કે તમે મારી મૈયતને ખુદ અઝાબ આપી દેજો (સળગાવીને ઉડાડી દેજો) કે જેથી રબ તઆલા મારા પર અઝાબ ન કરે. જો قُدْرَةٌ હોય જેમ કે અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું, તો એ જ કહેવામાં આવશે કે એ બંદો અલ્લાહની સિફતોથી માહિતગાર ન હતો.

**૪.** એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે મુડદાને સળગાવી દેવાથી અને તેની માટીને ઉડાડી દેવાથી મુડદુ હિસાબ તથા અઝાબથી નથી બચી શકતું. રબ તઆલા એક ક્ષણમાં તેના સર્વ રજકણો જમા કરીને હિસાબ પણ લે છે અને અઝાબ તથા સવાબ પણ આપી દે છે. જેમ કે અઝાબે ક઼બ્રના પ્રકરણમાં રજૂ કરી ચૂક્યા છીએ. **બીજુ** એ કે ઝમાનએ ફિતરત (બે નબીઓ વચ્ચેનો જમાનો)ના લોકો કેવળ તૌહીદના અક઼ીદા પર બખ્શી દેવામાં આવશે. અલ્લાહની

સિફતોથી ગફલત અને ગુનાહો પર તેમની પકડ થશે નહીં, બંદાઓના હક્કો સિવાય અને જુલ્મ સિવાય, કે જુલ્મની સજા તો જાનવરોને પણ મળશે. **ત્રીજુ** એ કે ખૌફે ખુદા એ રબ તઆલાની મહાન નેઅમત છે જેનાથી સર્વ ગુનાહો માફ થાય છે. જુઓ, આ બંદો જીવનભર ગુનેહગાર હતો પણ કેવળ ખૌફે ઈલાહીના પ્રભાવ હેઠળ રહેવાથી બખ્શાય ગયો. **ચોથુ** એ કે અઝાબ તથા સવાબનો હુકમ તો મરતાં જ થઈ જાય છે, તેનો ઝહૂર ક઼યામતમાં થશે.

**★ હદીષ : (૭)-૨૩૭૦ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ قَالَ: قَدِمَ عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَبْيٌ فَإِذَا امْرَأَةٌ مِنَ السَّبْيِ قَدْ تَحَلَّبَ ثَدْيُها تسْعَى إِذا وَجَدَتْ صَبِيًّا فِي السَّبْيِ أَخَذَتْهُ فَأَلْصَقَتْهُ بِبَطْنِهَا وَأَرْضَعَتْهُ فَقَالَ لَنَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَتُرَوْنَ هَذِهِ طَارِحَةً وَلَدَهَا فِي النَّارِ؟» فَقُلْنَا: لَا وَهِيَ تَقْدِرُ عَلَى أَنْ لَا تَطْرَحَهُ فَقَالَ: «لَلَّهُ أَرْحَمُ بِعِبَادِهِ مِنْ هَذِهِ بِوَلَدِها»

*"હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ પાસે કેટલાક કેદી આવ્યા તો કેદીઓમાં એક સ્ત્રીની છાતીઓ દૂધથી છલકાઈ રહી હતી[1] તે દોડી રહી હતી. જ્યારે કેદીઓમાં કોઈ બાળકને જોતી તો તેને પકડતી, પોતાના પેટે ચિમટાવી લેતી અને તેને દૂધ પીવડાવતી[2]. ત્યારે અમને નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, શું તમે એ ખયાલ કરી શકો છો કે આ સ્ત્રી પોતાના બાળકને આગમાં ફેંકી દે ? અમે અર્ઝ કરી, જો તેણી ફેંકવા પર શક્તિ હોય તો કદી ન ફેંકે. ફર્માવ્યું, અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર આના કરતાં અધિક મહેરબાન છે જેટલી તે પોતાના બાળક પર[3]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** કેમ કે તેનો બાળક તેનાથી અલગ થઈ ચૂક્યો હતો અને એ નવી માતા હતી. حلب تحلب થી બન્યું જેનો અર્થ છે દૂધ દોહવું. અહીં દૂધની તે અધિક્તા મુરાદ છે જે પિસ્તાન ન સંભાળી શકે અને દૂધ ટપકવા લાગે.

**૨.** કે જેથી દૂધનો જોશ કાંઈક ઓછો થઈ જાય, તેમજ તે પોતાના બાળકને યાદ કરીને અન્ય બાળકો પર મહેરબાની કરતી હતી. *(મિર્ક઼ાત)*

**૩. જેવી રીતે મા નથી ચાહતી કે મારો બાળક આગમાં સળગે એવી જ રીતે રબ તઆલા નથી ચાહતો કે મારો બંદો આગમાં સળગે. તે તો મા કરતા અધિક મહેરબાન છે.** યાદ રાખશો કે અહીં ચાહવું રાજી હોવાના અર્થમાં છે ન કે ઈરાદો કરવાના અર્થમાં. રબ તઆલા ન કુફ્રથી રાજી છે ન ફિસ્ક઼ (ગુનાહ)થી. દુનિયાનું દરેક કામ રબ તઆલાના ઈરાદાથી છે ન કે તેની રઝાથી. લોકો પોતાની હરકતોથી દોઝખમાં જાય છે, રબ તઆલા તેમના આ જવાથી રાજી નથી. જેથી હદીષ સાફ છે. એના પર તક઼દીરના મસ્અલાના વાંધા નથી પડી શકતા.

**★ હદીષ : (૮)-૨૩૭૧ ★** (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَنْ يُنْجِيَ أَحَدًا مِنْكُمْ عَمَلُهُ» قَالُوا: وَلَا أَنْتَ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «وَلَا أَنَا إِلَّا أَنْ يَتَغَمَّدَنِي اللَّهُ مِنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈને તેનો અમલ નજાત આપી શકશે નહીં[1] લોકોએ અર્ઝ કરી, આપને પણ નહીં, યા રસૂલલ્લાહ !?[2] ﷺ ફર્માવ્યું, મને પણ નહીં ! પણ એ કે અલ્લાહ મને મહેરબાનીથી પોતાની રહ઼મતમાં છુપાવી લે[3]. જેથી ઠીક (રીતે) રહો.*

بِرَحْمَتِهِ فَسَدِّدُوا وَقَارِبُوا واغْدُوا وروحوا وشيءٌ من الدُّلْجَةِ والقَصدَ القصدَ تبلغوا»

*મધ્યમ ચાલવાળા રહો, અને સવાર સાંજ અને કાંઈક અંધારી રાતમાં નેકીઓ કરી લીધા કરો. મધ્યમમાર્ગી રહો, મધ્યમમાર્ગી રહો, પહોંચી જાવ*[૪].''*

**૧.** એટલે નેક અમલો દોઝખથી બચવા, જન્નતમાં દાખલ થવાના સબબ તો છે પણ સંપૂર્ણ સબબ નથી. ઘણા લોકો નેક અમલ વિના જન્નતી છે જેમ કે મુસલમાનોનાં નાસમજ બાળકો અથવા પાગલ અથવા તેઓ જે મુસલમાન થતાં જ મૃત્યુ પામે. અને અમુક લોકો નેકીઓ છતાં દોઝખી છે, જેમ કે નેકીઓ કરનારા કાફિરો અથવા નેકીઓ મરદૂદ થઈ ગઈ. જન્નત મળવાનો સંપૂર્ણ સબબ અલ્લાહ તઆલાનો ફઝ્લ છે, કેવળ ઝાડના બીજનો સબબ પૂરતો નથી કેમ કે ઘણીવાર બીજ વેડફાય જાય છે. આ ફર્માનનો મક્સદ લોકોને નેકીઓથી રોકવાનો નથી બલ્કે નેકોને પોતાના અમલો પર નાઝ કરવાથી બચાવવાનો છે કે હે પરહેઝગારો ! પોતાના અમલો પર ઘમંડ ન કરો. રબ તઆલાનો ફઝ્લ માગો. શૈતાનના અમલોથી, તેના અંજામથી સબક્ લો.

**૨.** એટલે કે આપની નેકીઓ તો કૂબૂલિયતની ટોચની મંઝિલ પર છે, તો શું એ પણ જન્નત પ્રાપ્તિ માટે પૂરતી નથી. શું આપને પણ અલ્લાહની રહમતની જરૂરત છે. સહાબા એવું સમજ્યા હતા કે એવા મોકા પર મુતકલ્લિમ (કહેનાર) અપવાદ હોય છે. કદાચ હુઝૂર એ આપણા માટે ફર્માવી રહ્યા છે, એટલા માટે એ સવાલ કર્યો. આ સવાલથી જાણવા મળ્યું કે સહાબીઓ સામાન્ય હુકમોમાં હુઝૂરને સામેલ ગણતા ન હતા.

**૩.** يَتَغَمَّدَنِي غمد થી બન્યું તલ્વારના ગિલાફ (કવર)ના અર્થમાં જે દરેક બાજુથી તલ્વારને છુપાવેલ હોય છે. એટલે કે હું પણ કેવળ અમલ વડે અલ્લાહના ફઝ્લ વિના જન્નતનો હક્ક્દાર નથી. હા ! રબ તઆલાની રહમત દરેક બાજુથી મને ઘેરે તો જન્નત મારી છે. યાદ રાખશો કે આખી દુનિયાના માટે હુઝૂરે અન્વર ﷺ રહમત છે. રબ તઆલા ફર્માવે છે وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ (અને અમે તમને ન મોકલ્યો પણ રહમત સર્વ જહાનના માટે. સૂરએ અંબિયા, ૨૧/૧૦૭) અને અલ્લાહની રહમત જન્નત મળવાનો ઝરીયો છે, તો આપણી જન્નતનો મહાન વસીલો હુઝૂરે અન્વર ﷺ છે. અને હુઝૂરે અન્વર ﷺ પર ખુદ રબ તઆલાનો ફઝ્લે રબ્બાની છે : وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا (અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે. સૂરએ નિસાઅ્, ૪/૧૧૩) જેથી આપણે અલગ રહમતથી જન્નતી છીએ અને હુઝૂરે અકરમ ﷺ અલગ રહમતથી. સૂરજ તથા ચાંદ બંનેને નૂર અલ્લાહ આપ્યું, પણ ચાંદને સૂરજ થકી અને સૂરજને વિના વાસ્તાએ પોતાની તરફથી આપ્યું. જેથી એ હદીષથી હુઝૂરનું આપણા જેવા હોવું સાબિત નથી થતું.

**૪.** એ રીતે કે અકીદા દુરુસ્ત રાખો, ઈબાદતોમાં મધ્યમ ચાલે ચાલો, કે શક્તિ પ્રમાણે નવાફિલ શરૂ કરો પછી હમેશાં નિભાવો અને કેવળ ફર્ઝો પર સંતોષ ન માનો બલ્કે નફલો પણ અદા કર્યા કરો. ખાસ કરીને અંતિમ રાતમાં ઈબાદત કર્યા કરો કે એ ચીજો રહમતે ઈલાહી હાંસલ કરવાનો ઝરીયો છે. ખુલાસો એ છે કે જન્નતનો ઝરીયો અલ્લાહની રહમત છે અને રહમતનો ઝરીયો નેક અમલો છે, જેથી અમલોથી ગાફેલ ન થાવ, મંઝિલ નજીક છે. યાદ રાખશો કે રાતમાં સફર અધિક પાર પડી જાય છે. એવા મુસાફર આખરી રાતના માટે રાતની ઈબાદતથી જલ્દી મંઝિલે મક્સૂદ સુધી પહોંચી જાય છે.

★ હદીષ : (૯)-૨૩૭૨ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُدْخِلُ أَحَدًا مِنْكُمْ عَمَلُهُ الْجَنَّةَ وَلَا يُجِيرُهُ مِنَ النَّارِ وَلَا أَنا إِلا برحمةِ الله» . رَوَاهُ مُسلم

*"હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈને એનો અમલ ન તો જન્નતમાં પહોંચાડી શકશે ન આગથી બચાવી શકશે અને ન મને, પણ અલ્લાહની રહમતથી[૧]." (મુસ્લિમ)*

**૧.** ઉલમા ફર્માવે છે કે જન્નતમાં પ્રવેશ અલ્લાહના ફઝ્લથી છે અને ત્યાંના દરજાઓની પ્રાપ્તિ અમલોના વસીલાથી છે, ચાહે ખુદ પોતાના અમલો હોય અથવા આપણા મા બાપ અથવા ઔલાદના અમલ. આ હદીષનો એ જ મતલબ છે કે જ્યારે હુઝૂરે અન્વર ﷺના અમલો અલ્લાહના ફઝ્લથી જન્નતનો સબબ બન્યા તો આપણી શું ગણત્રી ?!

★ હદીષ : (૧૦)-૨૩૭૩ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا أَسْلَمَ الْعَبْدُ فَحَسُنَ إِسْلَامُهُ يُكَفِّرُ اللّٰهُ عَنْهُ كُلَّ سَيِّئَةٍ كَانَ زَلَفَهَا وَكَانَ بَعْدَ الْقِصَاصِ: الْحَسَنَةُ بِعَشْرِ أَمْثَالِهَا إِلَى سَبْعِمِائَةِ ضِعْفٍ إِلَى أَضْعَافٍ كَثِيرَةٍ وَالسَّيِّئَةُ بِمِثْلِهَا إِلَّا أَنْ يَتَجَاوَزَ اللّٰهُ عَنْهَا ". رَوَاهُ الْبُخَارِيّ

*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે બંદો મુસલમાન હોય અને તેનો ઈસ્લામ સારો હોય[૧] તો અલ્લાહ તઆલા તેના સર્વ કરેલા ગુનાહો મિટાવી દે છે [૨]. તેના પછી કૈસાસ થતો રહે છે[૩] કે નેકી તો દસ ગણાથી લઈને સાત ગણી બલ્કે ઘણી જ અધિક ગણા સુધી છે[૪]. અને ગુનાહ એના બરાબર, પણ એ કે અલ્લાહ તઆલા માફી આપી દેશે[૫]." (બુખારી)*

**૧.** એ રીતે કે ઈખ્લાસની સાથે દિલથી મુસલમાન બને, મુનાફિકતથી કલ્મો ન પઢે.

**૨.** કુફ્રના જમાનાના સર્વ ગુનાહ ઈસ્લામથી ખત્મ થઈ જાય છે, પણ બંદાઓના હક્કો માફ નથી થતા, જેથી કુફ્રના જમાનાનાં કરજો, જુલ્મની રીતે કરેલ કત્લ વગેરે તેના માથે રહેશે. એટલા માટે સૈયિઅહ ફર્માવવામાં આવ્યું. જાણવા મળ્યું કે કુફ્રના જમાનાની નેકીઓ બર્બાદ નથી થતી બલ્કે ઈસ્લામ બાદ તે કબૂલ થઈ જાય છે.

**૩.** એટલે કે મુસલમાન બની ગયા પછી બદલો થયા કરશે. એ બદલાની વિગત આગળ આવશે.

**૪.** આ હદીષ આ આયતની તફસીર છે : مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا (જે એક નેકી લાવે તો એના માટે એના જેવી દસ છે. —સૂરએ અન્આમ, ૬/૧૬૦) અને مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ (એમની કહાવત જેઓ માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે.....છેવટ સુધી સૂરએ બકરહ, ૨/૨૬૧) કુફ્રના જમાનાના સર્વ ગુનાહ ઈસ્લામથી ખત્મ થઈ જાય છે, પણ બંદાઓના હક્કો માફ નથી થતા.

**૫.** આ રબ તઆલાનો ફઝ્લ છે કે એક નેકી પર સાતસો, બલ્કે એનાથી અધિક સુધી બદલો, અને એક ગુનાહનો બદલો કેવળ એક. પણ યાદ રાખશો કે જેવો ગુનોહ તેવો બદલો. અમુક ગુનાહ એવા છે જેમનાથી નેકીઓ બર્બાદ થઈ જાય છે. સારાંશ કે ગુનાહની સજા માત્રામાં નહીં વધે, રહી કૈફિયત તો એમાં ફરક થશે. વળી રબની માફીની બે સ્થિતિઓ છે, ક્યાં તો બંદાઓને તૌબાની તૌફીક આપી દેવામાં આવે અથવા તૌબા વિના આમ જ બખ્શી દેવામાં આવે.

★ હદીષ : (૧૧)-૨૩૭૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ كَتَبَ الحسناتِ والسيِّئاتِ: فَمَنْ هَمَّ بِحَسَنَةٍ فَلَمْ يَعْمَلْهَا كَتَبَهَا اللَّهُ لَهُ عِنْدَهُ حَسَنَة كَامِلَة فَإِن هم بعملها كَتَبَهَا اللَّهُ لَهُ عِنْدَهُ عَشْرَ حَسَنَاتٍ إِلَى سَبْعِمِائَةِ ضِعْفٍ إِلَى أَضْعَافٍ كَثِيرَةٍ وَمَنْ هَمَّ بسيئة فَلَمْ يَعْمَلْهَا كَتَبَهَا اللَّهُ عِنْدَهُ حَسَنَةً كَامِلَةً فَإِن هُوَ هم بعملها كتبهَا الله لَهُ سَيِّئَة وَاحِدَة "

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ નેકીઓ તથા ગુનાહ લખી આપેલ છે[૧] તો જે નેકીનો ઈરાદો કરે પણ કરે નહીં તો તેને અલ્લાહ પોતાને ત્યાં એક પૂરી નેકી લખે છે[૨]. પછી જો ઈરાદો કરે અને નેકી કરે તો તેને પોતાને ત્યાં દસથી સાતસો ગણા સુધી, બલ્કે ખૂબ જ અધિક ગણા સુધી લખે લે છે[૩]. અને જે ગુનાહનો ઈરાદો કરે પછી કરે નહીં તેના માટે પણ અલ્લાહ તઆલા એક પૂરી નેકી લખી લે છે[૪]. વળી જો ગુનાહનો ઈરાદો કરે પછી કરી પણ લે તો તેને અલ્લાહ તઆલા એક ગુનોહ લખે છે[૫].*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એ રીતે રબના હુકમથી ફરિશ્તાઓએ લોહે મહેફૂઝમાં અથવા બંદાની તક઼દીરમાં લખી આપ્યાં અથવા નામએ આમાલ લખનાર ફરિશ્તો લખતો રહે છે. યાદ રાખશો કે નેકી દરેક તે અમલ છે જે સવાબનો સબબ હોય અને ગુનોહ દરેક તે અમલ છે જે અઝાબનો સબબ છે, જેથી મના સમયોમાં નમાઝ પઢવી ગુનોહ છે, અને હુઝૂર પર નમાઝો કે જાન ફિદા કરી દેવી સવાબ છે, ક્યારેક ક઼ઝા નેકી બની જાય છે અને અદા ગુનોહ.

**૨.** જાણવા મળ્યું કે નેકીનો ઈરાદો પણ નેકી છે અને એના પર પણ સવાબ છે. પણ સવાબ અલગ ચીજ છે અને ફર્ઝની અદાયગી અલગ ચીજ છે. જેથી કેવળ ઈરાદાથી ફર્ઝ અદા ન થશે.

**૩.** આ સવાબનો ફરક કે કોઈને એક નેકીનો સવાબ દસ ગણો, કોઈને સાતસો ગણો, કોઈને એનાથી પણ અધિક. આ અમલ કરનારની નિય્યતથી અમલના મોક઼ા તથા અમલથી છે. એકલા નમાઝનો અલગ સવાબ છે અને બાજમાઅત નમાઝનો કાંઈ અલગ છે.

**૪.** યાદ રાખશો કે ગુનાહનો ખયાલ અલગ છે અને ગુનાહનો પાકો ઈરાદો કાંઈ અલગ છે. અને પાકો નિશ્ચય કરી લેવા પર માણસ ગુનેહગાર થઈ જાય છે. અહીં ગુનાહના ખયાલનું વર્ણન છે જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે જ્યારે મુસલમાન લડે અને એક માર્યો જાય તો મારનાર તથા મરનાર બંનેવ જહન્નમી છે, કેમ કે ક઼ત્લ થનારે પણ ક઼ત્લનો ઈરાદો કર્યો હતો, ભલે પૂરો ન કરી શક્યો. અહીં ગુનાહનો પાકો નિશ્ચય મુરાદ છે. એ જ પ્રમાણે જે ચોરી કરવાનો પૂરો ઈરાદો કરે પણ મોક઼ો ન પામે તો પણ ગુનેહગાર થઈ ગયો. **જે કુફ્રનો ઈરાદો કરે તે કાફિર થઈ ગયો.** જેથી હદીષ સ્પષ્ટ છે. ગુનાહનો ખયાલ એ ગુનોહ નથી, બલ્કે બાદમાં એ ખયાલથી તૌબા કરી લેવી નેકી છે.

**૫.** એનાથી જણાય રહ્યું છે કે વિના ઈરાદે ગુનોહ થઈ જાય એ ગુનોહ નથી. ગુનાહમાં ઈરાદો તથા નિશ્ચય અઝાબનો સબબ છે. એટલા માટે હુઝૂર ﷺએ અમલ તથા ઈરાદા બંનેનો ઉલ્લેખ કર્યો.

## (વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૨)-૨૩૭૫ ★

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ مَثَلَ الَّذِي يعْمل السَّيِّئَة ثُمَّ يَعْمَلُ الْحَسَنَاتِ كَمَثَلِ رَجُلٍ كَانَتْ عَلَيْهِ دِرْعٌ ضَيِّقَةٌ قَدْ خَنَقَتْهُ ثُمَّ عَمِلَ حَسَنَةً فَانْفَكَّتْ حَلْقَةٌ ثُمَّ عَمِلَ أُخْرَى فَانْفَكَّتْ أُخْرَى حَتَّى تَخْرُجَ إِلَى الْأَرْضِ» رَوَاهُ فِي شَرْحِ السّنة

*''હઝરત ઉક્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એ શખ્સનું દ્દષ્ટાંત જે પહેલાં ગુનાહ કરતો હોય પછી નેકીઓ કરવા લાગે[1] એના જેવું છે જેના પર તંગ બખ્તર હતું જે તેને ગળુ ઘોંટી રહ્યું હતું[2] પછી તેણે એક નેકી કરી તો એક કડી ખુલી ગઈ, પછી બીજી નેકી તો બીજી ખુલી ગઈ, ત્યાં સુધી કે તે જમીન પર પડી ગઈ[3].*

*(શર્હે સુન્નહ)*

**૧.** ગુનાહ છોડીને અથવા ગુનાહની સાથોસાથ. અમુક લોકો પહેલાં કેવળ ગુનાહ કરતા હતા, બાદમાં ગુનાહો છોડીને કેવળ નેકીઓ કરવા લાગે છે. આ તો આ'લા દરજાના છે. અને અમુક લોકો પછી બાદમાં ભલે ગુનાહ કરતા રહે પણ નેકીઓ પણ કરવા લાગે છે, એ પણ ગનીમત છે. ગાલિબ એ છે કે અહીં પ્રથમ જમાઅત મુરાદ છે.

**૨.** ઘણુ જ ઉમદા દષ્ટાંત છે કે જેવી રીતે બખ્તર સર્વ શરીરને ઘેરી લે છે અને જો તંગ હોય તો સર્વ શરીરને તકલીફ આપે છે. એવો જ ગુનાહોમાં ઘેરાયેલો દરેક રીતે બુરો હોય છે, અલ્લાહની નજીક પણ અને બંદાઓની નજીક પણ. તેને દિલી રંજ પણ રહે છે. નેકીથી દિલને ખુશી થાય છે અને ગુનાહથી દિલને રંજ થાય છે, ભલે એ ખુશી તથા ગમ કેટલાક સમયોમાં મહેસૂસ ન થાય.

**૩.** એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે નેકીઓની બરકતથી ગુનાહો માફ થાય છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે, સૂરએ હુદા, ૧૧/૧૧૪) એ પણ જાણવા મળ્યું કે **શરૂમાં માણસ કોશિશ સાથે નેકી કરે છે પછી ધીમ ધીમે તેનો આદી (આદતવાળો) બની જાય છે અને કુદરતી રીતે ગુનાહોથી નફરત થઈ જાય છે.** કુર્આને કરીમ ફર્માવે છે : اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ (બેશક ! નમાઝ મના કરે છે બેહયાઈ તથા બુરી વાતથી. સૂરએ અન્કબૂત, ૨૯/૪૫) રબ તઆલા એવી નેકીઓ નસીબ ફર્માવે. મતલબ એ કે નેકીઓ થકી છેવટે ગુનાહોનું બખ્તર તદ્દન ખુલીને જમીન પર પડી જાય છે, આપણાથી દૂર થઈ જાય છે.

★ હદીષ : (૧૩)-૨૩૭૬ ★

وَعَنْ أَبِي الدَّرْدَاءِ: أَنَّهُ سَمِعَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُصُّ عَلَى الْمِنْبَرِ وَهُوَ يَقُول: (ولِمنْ خافَ مقامَ رَبِّهِ جنَّتانِ)قُلْتُ: وَإِنْ زَنَى وَإِنْ سَرَقَ؟ يَا رَسُولَ اللَّهِ فَقَالَ الثَّانِيَةَ: (ولِمَنْ خافَ مَقَامَ رَبِّهِ

*''હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે નબી કરીમ ﷺ ને જાહેરમાં મિમ્બર પર વઅઝ કરતાં સાંભળ્યા કે હુઝૂર علیہ الصلوۃ والسلام ફર્માવતા હતા કે, એના માટે જે પોતાના રબની સમક્ષ ઉભા રહેવાથી ડરે બે જન્નતો છે[1] મેં કહ્યું, ભલે ઝિના કરી લે ભલે ચોરી કરી લે[2] યા રસૂલલ્લાહ ! હુઝૂરે ફરી બીજીવાર એ જ ફર્માવ્યું કે તેના માટે જે પોતાના રબ સમક્ષ ઉભા રહેવાથી ડરે*

جنّتان)فقلتُ الثانية: وإنْ زنى وسرق؟ يا رَسُولَ اللّهِ فَقَالَ الثَّالِثَةَ: (وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهِ جَنَّتَانِ)فَقُلْتُ الثَّالِثَةَ: وَإِنْ زَنَى وسرق؟ يَا رَسُولَ اللّهِ قَالَ: «وَإِنْ رَغِمَ أَنْفُ أَبِي الدَّرْدَاءِ» . رَوَاهُ أَحْمد

*બે જન્નતો છે. મેં ફરીવાર કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ભલે ઝિના કરે અને ચોરી કરે ?! હુઝૂરે ફરી ત્રીજીવાર ફર્માવ્યું કે, તેને જે પોતાના રબની સામે ઉભા રહેવાથી ડરે બે જન્નતો છે. ત્રીજીવાર અર્ઝ કરવામાં આવે કે ભલે ઝિના તથા ચોરી કરે, યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું, ભલે અબૂ દર્દાનું નાક રગડી જાય[3]."*

*(અહમદ)*

**૧.** એટલે કે **જે કોઈ એ ડરથી ગુનોહ છોડી દે અથવા તૌબા કરતો રહે કે કાલે મારે રબની સમક્ષ હાજર થવાનું છે અને અમલોનો હિસાબ આપવાનો છે તેને બે જન્નતો અતા થશે.** એક જન્નત ખૌફે ખુદાના બદલામાં અને બીજી ગુનાહ છોડી દેવાના કારણે. અથવા એક જન્નત અદ્લની અને બીજી જન્નત રબના ફઝ્લની. અથવા એક જન્નત જિસ્માની (શારીરિક) બીજી જન્નત દિલી તથા રૂહાની. અથવા એક જન્નત દુનિયામાં કે તેને હમેશાં કુર્બે ઈલાહી મયસ્સર થશે જેથી ખુશ તથા આનંદમાં રહેશે. બીજી જન્નત આખેરતમાં. આ બે જન્નતોની ઘણી તફસીર છે, પણ કેવળ ઝબાની તૌર પર ખૌફે ઈલાહીનો કેવળ દાવો ન હોય બલ્કે અમલ પણ હોય. રબ તઆલા આપણને એ ખૌફ નસીબ કરે જે ગુનાહ છોડવી આપે. આમીન. આ તે મોતી છે જે બાદશાહોના ખજાનાઓમાં નથી મળતું.

**૨.** એટલે કે એના પહેલાં ભલે ચોરી તથા ઝિના કરી ચૂક્યો હોય, ભલે એ ખૌફ બાદ ઝિના તથા ચોરી કરી બેસે તો પણ બે જન્નતનો મુસ્તહિક્ થશે.

**૩.** એટલે હે અબૂ દર્દા ! જો તમે સવાલ કરતાં કરતાં તમારુ નાક પણ રગડી નાખો તો પણ હુકમ એ જ રહેશે કે અલ્લાહથી ડરનાર બે જન્નતનો મુસ્તહિક્ છે ભલે એનાથી પહેલાં કેટલાય મહાન ગુનાહો કેમ ન કરી ચૂક્યો હોય, અને ભલે એના પછી પણ ભૂલથી ગુનાહ કરી બેસે. ખૌફે ઈલાહી એ સાબુ છે જે દિલના સર્વ મેલ ધોઈ નાખે છે, અથવા એ સૂરજ છે જેના કારણે ગંદીથી ગંદી જમીનને શુષ્ક કરી દે છે. ત્યાં સુધી કે જો મો'મિનને મરતી વખતે પણ ખૌફે ખુદા નસીબ થઈ જાય અને એ જ હાતલમાં મરી જાય તો ઈન્શા અલ્લાહ ! એ પણ આ આયત હેઠળ દાખલ છે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે ડરી જનારથી મુરાદ મો'મિન છે. મતલબ એ છે કે મો'મિન કેટલોય મોટો ગુનેહગાર કેમ ન હોય પણ છેવટે બે જન્નતોનો મુસ્તહિક્ થશે, એક પોતાના ઈમાનની જન્નત, બીજી રબની અતા અથવા કાફિરના વારસાની (કાફિર ઈમાન લાવીને જન્નતનો હક્કદાર થતો પરંતુ કાફિર રહ્યો તેના હિસ્સાની જન્નત મો'મિનને મળશે), માફી પામીને ત્યાં પહોંચશે અથવા સજા પામીને.

**★ હદીષ : (૧૪)-૨૩૭૭ ★**

وَعَنْ عَامِرِ الرَّامِ قَالَ: بَيْنَا نَحْنُ عِنْدَهُ يَعْنِي عِنْدَ النَّبِيِّ صَلَّى اللّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ أَقْبَلَ رَجُلٌ عَلَيْهِ كِسَاءٌ وَفِي يَدِهِ شَيْءٌ قَدِ الْتَفَّ عَلَيْهِ فَقَالَ: يَا رَسُولَ اللّهِ مَرَرْتُ بِغَيضَةِ شَجَرٍ فَسَمِعْتُ فِيهَا أَصْوَاتَ فِرَاخِ طَائِرٍ

*"હઝરત આમિરિર્રામ رضی اللہ عنہ થી રિવાયત છે[1] ફર્માવે છે કે અમે એમના એટલે નબી કરીમ ﷺ ની પાસે હાજર હતા કે એવામાં અચાનક એક શખ્સ આવ્યો જેના પર કંબલ હતી. તેના હાથમાં કોઈ ચીજ હતી જેના પર કમ્બલ લપેટલુ હતું. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એક ઝાડની ઝાડી પાસેથી પસાર*

فَأَخَذْتُهُنَّ فَوَضَعْتُهُنَّ فِي كِسَائِي فَجَاءَتْ أُمُّهُنَّ فَاسْتَدَارَتْ عَلَى رَأْسِي فَكَشَفْتُ لَهَا عَنْهُنَّ فَوَقَعَتْ عَلَيْهِنَّ فَلَفَفْتُهُنَّ بِكِسَائِي فَهُنَّ أُولَاءِ مَعِي قَالَ: «ضَعْهُنَّ» فَوَضَعْتُهُنَّ وَأَبَتْ أُمُّهُنَّ إِلَّا لُزُومَهُنَّ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أتعجبون لرحم أم الْفِرَاخ فراخها؟ فو الَّذِي بَعَثَنِي بِالْحَقِّ: لَلَّهُ أَرْحَمُ بِعِبَادِهِ مِنْ أُمِّ الْفِرَاخِ بِفِرَاخِهَا ارْجِعْ بِهِنَّ حَتَّى تَضَعَهُنَّ مِنْ حَيْثُ أَخَذْتَهُنَّ وَأُمُّهُنَّ مَعَهُنَّ ". فَرَجَعَ بِهِنَّ. رَوَاهُ أَبُو دَاوُد

*થયો તો મેં ત્યાં પક્ષીના બચ્ચાંનો અવાજ સાંભળ્યો[૨]. મેં તેમને પકડી લીધાં અને મારા કંબલમાં રાખી લીધાં[૩] એટલામાં તેમની મા આવી ગઈ. તે મારા માથા પર ચક્કર લગાડવા લાગી. મેં તેની સામે તે બચ્ચાં ખોલી આપ્યાં. તે એના પર પડી ગઈ[૪] મેં તે સૌને મારા કંબલમાં લપેટી લીધાં. એ સૌ આ મારી સાથે છે. ફર્માવ્યું, એને મૂકી દો[૫] મેં મૂકી દીધાં. તેમની મા તેમને ચોંટેલી રહી[૬] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શું તમે આ બચ્ચાંની માની પોતાના બચ્ચાંઓથી આટલી મમતા પર આશ્ચર્ય કરો છો ?! એની કસમ જેણે મને હક્કની સાથે મોકલ્યો ! અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર એનાથી અધિક મહેરબાન છે જેટલી બચ્ચાંઓની મા બચ્ચાં પર.[૭] તેને પરત લઈ જાવ ત્યાં સુધી કે એમને ત્યાં જ મૂકી આવો જ્યાંથી પકડયાં છે. અને તેમની મા તેમની સાથે રહી. તે એમને પણ લઈ ગયા[૮]. (અબૂ દાઊદ)*

**૧.** રામ અસલમાં રામી હતું. તીરંદાઝના અર્થમાં કેમ કે એ તીરંદાઝીની કળામાં અનોખા હતા એટલા માટે એમનું સામાન્યપણે નામ રામ (તીરંદાઝ) પડી ગયું.

**૨.** ગયઝા એ જંગલ છે જ્યાં ઘણા જ ગાઢ ઝાડો હોય, જેને ઉર્દૂમાં ઝાડી કહે છે. ક્યારેક એ ઝાડને ક્યારેક ગયઝા કહી દે છે જેનું થડ એક હોય અને ડાળીઓ ઘણી હોય અને ગાઢ હોય જેનાથી તડકો ન પડી શકે. અહીં બીજો અર્થ જાહેર છે. આ હઝરત ચરવાહા હતા જે જાનવરોને ચરાવવા માટે દૂર દૂર નીકળી જાય છે, આવા બનાવો એમને અધિક ઉપસ્થિત થાય છે. ફર્રાખ એ ફર્ખનું બહુવચન છે. ફર્ખ પક્ષીનું તે બચ્ચુ છે જે હજી ઉડી ન શકે અને તેની મા તેને દાણા આપે.

**૩.** જાણવા મળ્યું કે જંગલના પક્ષીઓ અને તેમનાં બચ્ચાં કોઈની માલિકીમાં નથી. દરેક વ્યક્તિ તેને પકડી શકે છે. કેમ કે નબી કરીમ ﷺ એ આ કામ પર તેમને ચેતવણી નથી આપી. ત્યાં એવાં બચ્ચાંને માથી અલગ ન કરવામાં આવે, બલ્કે તેમને મા સાથે પોતાના ઘરમાં પાળી લે અથવા એની જગાએ પહોંચાડી આપે. પણ કોઈનું પાલતુ જાનવર અને તેનાં બચ્ચાં બીજો માણસ નથી પકડી શકતો, જો પકડશે તો મુજરિમ ગણાશે.

**૪.** સૂફીઓ ફર્માવે છે કે ઈશ્ક઼ બેખૌફી પેદા કરે છે. એ જ ઈશ્ક઼થી દિલમાં શક્તિ, શરીરમાં શક્તિ, તબીઅતમાં હિમ્મત પેદા થાય છે. જુઓ પક્ષી માણસથી ડરે છે પણ બાળકોના ઈશ્કે તેના દિલથી ડર, નફરત સર્વ કાઢી નાખ્યું, બલ્કે ક્યારેક આવુ પક્ષી માણસ પર હુમલો કરી દે છે. જ્યારે દુનિયાના ઈશ્ક઼નો આ હાલ છે તો જેને અલ્લાહ તઆલા ઈશ્કે મુસ્તફા નસીબ કરે તેમાં દિલેરી કેમ ન પેદા થઈ જાય ?! કર્બલામાં હુસૈની કાફલો ૭૨ માણસોનો હતો

અને મુક઼ાબલામાં બાવીસ હજાર યઝીદી હતા, પણ હુસૈની કાફલાની હિંમત તથા દિલેરી આજે પણ મશહૂર છે. આ દિલેરી ક્યાંથી આવી, આ જ હઝરતે ઈશ્ક઼ની કરિશ્માસાઝી હતી !

**૫.** એટલે કે પોતાનું કંબલ જમીન પર રાખીને એને ખોલી દો જેથી એ નઝારો અમે સૌ પણ જોઈએ. જાણવા મળ્યું કે જાનવરોની હરકતોનો તમાશો જોવા જો ખેલકૂદની નિય્યતથી ન હોય, બલ્કે બોધ હાંસલ કરવાની નિય્યતથી હોય તો જાઈઝ છે. હરકતોથી મુરાદ તેમનો નાચકૂદ નહીં, બલ્કે એ તો કેવળ ખેલકૂદ છે.

**૬.** એટલે કે લોકોનો આટલો મજમો જોઈને પણ પોતાનાં બલ્કે પોતાની જાન પર ખેલીને તેમને પોતાની પાંખોમાં છુપાવેલી રહી.

**૭.** બંદાઓથી મુરાદ સર્વ બંદાઓ છે, મો'મિન હોય કે કાફિર, મુત્તક઼ી હોય કે ફાજિર. પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે બારગાહે ઈલાહીમાં ગુનાહોથી નફરત છે ન કે ગુનેહગારથી. આ જ રહમતના કારણે રબ તઆલાએ બંદાઓમાં અંબિયા તથા અવલિયા મોકલ્યા. કાફિર તથા મુજરિમ ખુદ પોતાને મુસ્તહિક઼ કરી લે છે, બાકી રબ તઆલા તેમના જહન્નમમાં જવાથી રાજી નથી. મૌલાના અત્તાર ફર્માવે છે : (શેઅર)

خلق ترمبد از تو من تو سم ز خود　　　　کر تو نیکی دیده ام وزخویش

**૮.** આ લખાણની બે ક઼િરાઅતો છે : أُمُّهُنَّનો રફઅ તથા ઝબર. મિર્ક઼ાત તથા અશિઅતુલ લમ્આતે પ્રથમ ક઼િરાઅત અપનાવી અને આ વાક્યને હાલ (વર્તમાન) ઠરાવ્યું. એટલે બચ્ચાંઓની મા એ બચ્ચાંઓની સાથે રહી. બીજી ક઼િરાઅતની બિના પર અર્થ આ મુજબ થશે કે એ બાળકો સાથે એની માને પણ રાખી આવો. એનાથી જાણવા મળ્યું કે જાનવરોનાં નાનાં બચ્ચાંઓને તેમની માથી અલગ ન કરવામાં આવે. ઈસ્લામ જાનવરો પર પણ રહમ કરવાનો હુકમ આપ્યો.

## (વિભાગ : 3) الفصل الثالث

**★ હદીષ : (૧૫)-૨૩૭૮ ★**

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَعْضِ غَزَوَاتِهِ فَمَرَّ بِقَوْمٍ فَقَالَ: «مَنِ الْقَوْمُ؟» قَالُوا: نَحْنُ الْمُسْلِمُونَ وَامْرَأَةٌ تَحْضِبُ بِقِدْرِهَا وَمَعَهَا ابْنٌ لَهَا فَإِذَا ارْتَفَعَ وَهَجٌ تَنَحَّتْ بِهِ فَأَتَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: أَنْتَ رَسُولُ اللَّهِ؟ قَالَ: «نَعَمْ» قَالَتْ: بِأَبِي أَنْتَ وَأُمِّي أَلَيْسَ اللَّهُ أَرْحَمَ الرَّاحِمِينَ؟ قَالَ: «بَلَى» قَالَتْ: أَلَيْسَ اللَّهُ

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે. ફર્માવે છે કે અમે અમુક જેહાદોમાં નબી કરીમ عليه الصلوٰة والسلام ની સાથે હતા. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એક ક઼ૌમની પાસેથી પસાર થયા. પૂછયું, તમે કઈ ક઼ૌમ છો[1] ? તે બોલ્યા, અમે લોકો મુસલમાન છીએ. એક સ્ત્રી હાંડલી નીચે આગ સળગાવી રહી હતી[2]. જેની સાથે એનો બાળક હતો. જ્યારે આગ ભડકીને ઉંચી થતી તો સ્ત્રી બાળકને દૂર હટાવી દેતી[3]. તે નબી કરીમ عليه الصلوٰة والسلام ની ખિદમતમાં હાજર થઈ. બોલી, શું આપ રસૂલુલ્લાહ છો ? ફર્માવ્યું, હા ! બોલી, મારાં મા બાપ આપના પર ફિદા થાય, શું અલ્લાહ સર્વ*

أَرْحَمَ بِعِبَادِهِ مِنَ الْأُم على وَلَدهَا؟ قَالَ: «بَلَى» قَالَتْ: إِنَّ الْأُمَّ لَا تُلْقِي وَلَدَهَا فِي النَّارِ فَأَكَبَّ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَبْكِي ثُمَّ رَفَعَ رَأْسَهُ إِلَيْهَا فَقَالَ: " إِنَّ اللَّهَ لَا يُعَذِّبُ مِنْ عِبَادِهِ إِلَّا الْمَارِدَ الْمُتَمَرِّدَ الَّذِي يَتَمَرَّدُ عَلَى اللَّهِ وَأَبَى أَنْ يَقُولَ: لَا إِلَهَ إِلَّا الله ". رَوَاهُ ابْن مَاجَه

*રહમવાળાઓથી વધીને રહીમ નથી ?! ફર્માવ્યું, હા ! બોલી, શું અલ્લાહ પોતાના બંદાઓ પર માના પોતાના બાળક કરતાં વધારે મહેરબાન નથી ?[૬] ફર્માવ્યું, હા ![૭] તો બોલી કે મા તો પોતાના બાળકને આગમાં નથી નાખતી[૮] ! એના પર રસૂલુલ્લાહ ﷺ એ માથુ ઝુકાવી લીધું. ખૂબ જ રડયા, પછી સર મુબારક તેણી તરફ ઉઠાવીને ફર્માવ્યું, અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાં કેવળ નાફર્માન ઘમંડીને જ અઝાબ આપશે જે અલ્લાહ તઆલા પર સરકશી કરે અને لا اله الا الله કહેવાથી ઈન્કારી બને[૯]." (ઈબ્ને માજહ)*

**૧.** મુસલમાન હોય કે કાફિર, લગભગ એમના પર કોઈ નિશાની મૌજૂદ ન હતી, એટલા માટે એ લોકોએ જવાબમાં مسلمون કહ્યું, ન કે અમે કુરૈશી કે નઝરી છીએ. યાદ રાખશો કે પૂછવું એ બેઈલ્મીની દલીલ નથી. એ પૂછવામાં અન્ય ઘણી મસ્લેહતો હોય છે. રબ તઆલાએ મૂસા علیہ السلام ને પૂછયું હતું કે, તમારા હાથમાં શું છે ?

**૨.** حصب تحصب થી બન્યું. حصب આગ સળગાવવાને પણ કહે છે, અને એ તેલો તથા બળતણને પણ જેના થકી આગ સળગાવવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّكُمۡ وَمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ (બેશક ! તમે અને જે કાંઈ અલ્લાહ સિવાય તમે પૂજો છો સૌ જહન્નમનાં બળતણ છો. સૂરએ અંબિયા, ૨૧/૯૮)

**૩.** એટલે તે સ્ત્રીનું એક બાળક જે ઘૂંટણભેર ચાલતુ હતું તે વારંવાર આગને રમવાની ચીજ સમજીને ડેગચીની પાસે આવી જતુ અને આગને પકડવા ચાહતુ, પણ વારંવાર દૂર બેસાડી દેતી.

**૪.** જાણવા મળ્યું કે તેણીએ એનાથી પહેલાં કદી હુઝૂરે અન્વર ﷺ ની ઝિયારત (દીદાર) કરી ન હતી. અને આજે હુઝૂરે અન્વર ﷺ ના અન્વાર તથા ખુશ્બુ વગેરે જોઈને આપને ઓળખી ગઈ, એટલા માટે કોઈ અન્યને તેણીએ સવાલ ન કર્યો.

**૫.** એટલે કે મખ્લૂકમાં ઘણા રહમ કરવાવાળા છે, મા બાપ, ઉસ્તાદ, સુલ્તાનો, પણ રબ તઆલા સર્વ કરતાં અધિક મહેરબાન છે. આ અરજ આવનાર સવાલની પ્રસ્તાવના છે.

**૬.** કેમ કે મા સૌથી અધિક મહેરબાન છે એટલા માટે તેણીએ માના સંબંધે ખાસ કરીને સવાલ કર્યો, નહીં તો આ સવાલ પણ પાછલા સવાલમાં આવી ગયો હતો અને રહમ કરનારાઓમાં મા પણ સામેલ હતી.

**૭.** જેથી જોઈ લો કે હું બાળકના કારણે વારંવાર ચૂલો છોડું છું અને બાળકને દૂર બેસાડી આવું છું. તો પછી રબ તઆલા પોતાના બંદાઓને દોઝખમાં શાથી મોકલશે ?! سبحان الله ! કેવો પ્યારો સવાલ છે !

**૮.** હુઝૂરે અન્વર ﷺ નું આ રડવું એ સ્ત્રીની મમતા જોઈને અને પછી રબની રહમત યાદ કરીને હતું. રડવું કદી ખૌફથી હોય છે કદીક શોખથી, કદીક ઝોકથી, ક્યારેક જોશથી. આ રડવું જોશથી હતું જે અલ્લાહની રહમત યાદ આવતાં પેદા થયો. અને એ યાદના કારણે સ્ત્રીની હાલતને જોવું હતું. જેથી હદીષ પર એ વાંધો નથી કે આ રડવું શાથી હતું.

**૯.** ખુલાસો એ છે કે અઝાબ કેવળ કાફિરોને થશે, તે પણ તેમના પોતાના કુસૂર તથા સરકશીના લીધે. જેવી રીતે મહેરબાન મા નાલાયક તથા નાફર્માન પુત્રને ફરઝંદ હોવાના હક્કોથી વંચિત કરીને કાઢી મૂકે છે. રહ્યા ગુનેહગાર મુસલમાન, તો તેમને દોઝખમાં અમુક દિવસો માટે નાખવા તઅઝીબ (દુ:ખ દેવું) નથી બલ્કે તહઝીબ (સફાઈ કરવું) છે. એટલે કે એમની સફાઈ કરીને તેમને જન્નતને પાત્ર બનાવવા છે. જેવી રીતે સોનાને આગમાં તપાવીને ઘરેણુ બનાવીને મહબૂબના ગળાના લાયક બનાવવામાં આવે છે. તો એ આગ જાણે કે નાલાયકના માટે રહમત બનશે. મા ગંદીકીમાં ભરેલા બાળકને સખત ઠંડીમાં નવડાવે ધૂએ છે જેનાથી બાળકને તકલીફ થાય છે  પણ તેનાથી તેને સફાઈ મયસ્સર થઈ જાય છે.

**★ હદીષ : (૧૬)-૨૩૭૯ ★**

وَعَنْ ثَوْبَانَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِنَّ الْعَبْدَ لَيَلْتَمِسُ مَرْضَاةَ اللَّهِ فَلَا يَزَالُ بِذَلِكَ فَيَقُولُ اللَّهُ عَزَّ وَجَلَّ لجبريل: إِن فلَانا عَبدِي يتلمس أَنْ يُرْضِيَنِي أَلَا وَإِنَّ رَحْمَتِي عَلَيْهِ فَيَقُولُ جِبْرِيلُ: رَحْمَةُ اللَّهِ عَلَى فُلَانٍ وَيَقُولُهَا حَمَلَةُ العرشِ ويقولُها مَن حَولهمْ حَتَّى يَقُولُهَا أَهْلُ السَّمَاوَاتِ السَّبْعِ ثُمَّ تَهْبِطُ لَهُ إِلى الأَرْض ". رَوَاهُ أَحْمد

*"હઝરત ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, બંદો અલ્લાહની રઝા તલાશ કરતો રહે છે,* V[H H]THÞR̄ZC[K[[1] *અલ્લાહ તઆલા હઝરત જિબ્રઈલને ફર્માવે છે કે ફલાણો મારો બંદો મને રાજી કરવા ચાહે છે, જાણી લો કે એના પર મારી રહમત છે[2]. ત્યારે હઝરત જિબ્રઈલ કહે છે, ફલાણા પર અલ્લાહની રહમત છે. એ જ વાત અર્શ ઉઠાવનારા ફરિશ્તા કહે છે, એ જ તેમની આસપાસના ફરિશ્તા કહે છે, ત્યાં સુધી કે સાતમા આસમાનવાળા એવું કહેવા લાગે છે[3] પછી એ રહમત તેના માટે જમીન પર નાઝિલ થાય છે[4]." (અહમદ)*

**૧.** એ રીતે કે પોતાના દીની તથા દુનિયવી કામ વડે રબ તઆલાની રઝા ચાહે છે કે ખાય, પીએ, સૂએ, જાગે પણ છે તો રઝાએ ઈલાહીના માટે. નમાઝ રોઝા તો ઘણા જ દૂર છે, ખુદા તઆલા એની તૌફીક઼ નસીબ કરે.

**૨.** એટલે કે એના પર મારી કામિલ રહમત છે, એ રીતે કે હું એનાથી રાજી થઈ ગયો. યાદ રાખશો કે **અલ્લાહની રઝા સર્વ નેઅમતોથી ઉચ્ચ નેઅમત છે. જ્યારે રબ તઆલા બંદાથી રાજી થઈ ગયો તો કૌનેન બંદાનાં થઈ ગયાં.** રબ તઆલા ફર્માવે છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ (અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી. સૂરએ માઈદા, ૫/૧૧૯) પછી બંદા પર એ સમય આવે છે કે રબ તઆલા બંદાને રાજી કરે છે. હઝરત સિદીક઼ે અકબર رضی اللہ عنہ ના વિશે ફર્માવ્યું છે : وَلَسَوْفَ يَرْضٰى (અને બેશક ! નજીક છે કે તે રાજી થઈ ગયો. સૂરએ લૈલ, ૯૨/૨૧) અલ્લાહ તઆલા સિદીક઼ને એટલુ આપશે કે તે રાજી થઈ જશે.

**૩.** મતલબ કે આસ્માનોમાં એના નામની ધૂમ મચી જતી, શોર મચી જાય છે કે, "રહ઼મતુલ્લાહિ અ઼લૈહ" એ દુઆનો કલમો છે, એટલે કે અલ્લાહ તઆલા એના પર રહમત કરે. આ દુઆ ક્યાં તો ફરિશ્તાઓની મહોબ્બતના કારણે હોય છે અથવા પોતે તે ફરિશ્તા પોતાનો કુર્બે ઈલાહી વધારવા માટે આ દુઆ આપે છે. સારાઓને દુઆઓ આપવી એ કુર્બે ઈલાહીનો ઝરીયો છે જેમ કે આપણુ દુરૂદ શરીફ પઢવું. (શેઅર)

*કલ્બ કી હાલત ગુન્ચએ બસ્તા, ઉસ્કો કર દો કરમ સે શગુફતા–દે દુઆએઁ હાફિઝે ખસ્તા ﷺ*

**૪.** એ રીતે કુદરતી તૌર પર માણસોના મોંઢેથી એના માટે નીકળવા લાગે છે : "રહ્મતુલ્લાહિ અલૈહ" અથવા "રદ્દિયલ્લાહુ અન્હૂ" અને લોકોનાં દિલ આપોઆપ તેના તરફ ખેંચાવા લાગે છે. દિલોનું કુદરતી આકર્ષણ એ મહબૂબિયતે ઈલાહીની દલીલ છે. જુઓ હુઝૂર ગૌષ પાક, ખ્વાજા અજમેરી જેવા બુઝુર્ગો رحمۃ اللہ علیہم اجمعین ને આપણે લોકોએ જોયા નથી પણ સૌને તેમનાથી દિલી મહોબ્બત છે. મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાથી મહોબ્બત કરે છે તો જિબ્રઈલને કહે છે, હું ફલાણાથી મહોબ્બત કરું છું, તમો પણ તેનાથી મહોબ્બત કરો. હઝરત જિબ્રઈલ આસ્માનોમાં એલાન કરી આપે છે કે ફલાણા સાથે અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે, તમો સૌ પણ તેનાથી મહોબ્બત કરો. જેથી સર્વ ફરિશ્તા તેનાથી મહોબ્બત કરવા લાગે છે. પછી જમીનમાં તેની મક્બૂલિયત ફેલાવી દેવામાં આવે છે. આ હદીષ તેની નજીક નજીક જ (તેના જેવી જ) છે. આ ગયબી તથા કુદરતી મહોબ્બત છે.

**★ હદીષ : (૧)–૨૩૮૦ ★**

وَعَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي قَوْلِ اللَّهِ عَزَّ وَجَلَّ: (فَمِنْهُمْ ظَالِمٌ لِنَفْسِهِ وَمِنْهُمْ مُقْتَصِدٌ وَمِنْهُمْ سابِقٌ بالخيرات)قَالَ: كُلُّهُمْ فِي الْجَنَّةِ". رَوَاهُ الْبَيْهَقِيُّ فِي كِتَابِ الْبَعْثِ وَالنُّشُورِ

*"હઝરત ઓસામા બિન ઝયદથી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. અલ્લાહ ﷻ ના આ ફર્માનના વિશે કે અમુક લોકો પોતાની જાનો પર જાલિમ છે અને અમુક મધ્યમ માર્ગી છે અને અમુક ભલાઈઓમાં અગ્રતા લઈ જનારા છે[૧]. હુઝૂરે ફર્માવ્યું, એ સૌ જન્નતી છે[૨]."*

*(બયહકી, કિતાબુલ બઅ્ષ વન્નુશૂર)*

**૧.** આ આયતે કરીમામાં મુસલમાનોની ત્રણ જમાઅતોનો ઉલ્લેખ કર્યો : ઝાલિમીન, મુકતસિદીન, સાબિકીન ઝાલિમીન જેમના પર ગુનાહો સવાર હોય, મુકતસિદીન તેઓ જેમના બંને અમલ સરખા હોય. સાબિકીન તેઓ જેમની નેકીઓ ગુનાહો પર સવાર હોય અથવા નેકીઓએ ગુનાહ મિટાવી દીધા હોય. આ ત્રણેવ કલમાની અન્ય પણ શરહો કરવામાં આવી છે.

**૨.** એ રીતે કે સાબિકીન (પૂર્વજ) તો વિના હિસાબે જન્નતી છે અને મુકતસિદીન આસાન હિસાબ બાદ જન્નતી, અને ઝાલિમીન ક્યાં તો કેવળ સખત હિસાબ બાદ અથવા કાંઈક સજા પામીને જન્નતી છે. બયહકી અને ઈબ્ને મરદુવિયહએ હઝરત ઉમર رضی اللہ عنہ થી મરફૂઅન રિવાયત કરી કે સાબિક તો સાબિક છે જ અને મુકતસિદ નાજી (નજાત પામનાર) છે અને જાલિમ મગફૂર (મગફેરત પામનાર) છે. ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ફર્માવે છે કે રબ તઆલાએ ત્રણેવ ગૃપોને "ઈબાદિના" ફર્માવ્યા. પોતાના ફઝ્લો કરમથી અલ્લાહ તઆલા પોતાના સાબિકીન બંદાઓના તુફૈલથી અમ જાલિમો પર રહમ ફર્માવે, આપણા ગુનાહ માફ કરે.

آمین آمین یا رب العلمین ! بجاہ نبی الکریم و صلی اللہ تعالیٰ علیٰ خیر خلقہ سیدنا محمد والہ وصحبہ وسلم آمین یارب العلمین

અલ્હમ્દુલિલ્લાહહિલ્ કરીમ કે **મિર્આત શરહે મિશ્કાત (ભાગ–3)** ૬ જમાદિયુલ અવ્વલ હિ.સ. ૧૩૭૯, ઈ.સ. ૧૬–૧૧–૧૯૫૯ સોમવારે શરૂ થઈને ૨૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૮૦, ઈ.સ. તા ૧૫–૧૨–૧૯૬૦ જુમેરાતે પૂર્ણ થઈ. જે એનાથી ફાયદો ઉઠાવે તે મુઝ ગુનેહગારના માટે મગફિરત તથા કબૂલિયતની દુઆ કરે. રબ

તઆલા જઝાએ ખૈર આપશે.

(નાચીઝ) : **અહમદ યારખાં નઈમી અશરફી** (ગુજરાત–પાક.)

હું નાચીઝ હકીર અલ્પજ્ઞાની અનુવાદકની પણ આજીજીભરી વિનંતિ કે નાચીઝે આ અનુવાદ ૨–શાબાન, હિ.સ. ૧૪૪૩, અંગ્રેજી તા. ૬–૩–૨૦૨૨ રવિવારે સવારના ૧૧ કલાકે પૂર્ણ કર્યો. આ મારા રબનો ફઝ્લ છે. મુઝ હકીરના તથા મારા મર્હૂમ મા, બાપ, દાદા, દાદી, નાના, નાની તેમજ સર્વ સગાંઓ માટે બલ્કે કુલ મોમિનો માટે વાંચક મિત્રો જરૂર મગફિરતની દુઆ કરે. ***–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની કિતાબોની યાદી

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email : anjuman2006@hotmail.com

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૫)* | ૩૦૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૧૧૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા ક઼બ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અક઼ીદા | ૧૨૫ |
| **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી શરીફ** (ભાગ : ૧ થી ૯) | ૨૦૦૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૪૫૦ |
| ફિક઼્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગૃપના.....દષ્ટિએ | ૨૫ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૫૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૫૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ ક઼ાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ ક઼ાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| **મામૂલાતે હરમૈન** | |
| હજ્જ કેવી રીતે કરશો ? / હજ્જ શા માટે કરશો ? | |
| આદાબે મદીના | ૧૦૦ |
| હજ્જ તથા ઝિયારતના મસાઈલ | ૨૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્ક઼નો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક઼ વિશે | ૩૦ |
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| સૂફીઈઝમની હક઼ીક઼ત્ અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૧૦ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| મોબાઈલની ખબરોથી શરઈ ઈસ્તેફાદા | ૧૦ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ | ૧૦ |
| રહનુમાએ હક્ક઼ | ૧૦૦ |
| મુકાશફતુલ કુલૂબ | ૨૬૦ |
| ગલતફહમી તથા તેની સુધારણા | ૬૦ |
| ઝલઝલા | ૭૦ |
| બરકાતે શરીઅત, *(ઉર્દૂ, હિન્દી (ભાગ–૧, ૨, ૩) મુકમ્મલ)* | ૨૦૦/૨૦૦ |
| **બરકાતે શરીઅત (ગુજરાતી)** | ૩૫૦ |
| ઈસ્લામિયાત–ઉર્દૂ, ગુજરાતી (ભાગ–૧, ૨) | ૧૦૦ |
| બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૨૫૦/૨૫૦ |
| કાનૂને શરીઅત *(ભાગ–૧, ભાગ–૨)* | ૨૨૫ |
| તોહફાએ નિકાહ | ૫૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો) | ૫૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાં ૩ કોપીમાં)* | ૫૦૦ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૪૦૦ |
| ગૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ, આર્ટ પેપર પર)* | ૨૫ |
| બરકાતે રઝા (આ'લા હઝરતની ખૂબીઓ પર કિતાબ) | ૧૦૦ |
| ઈસાલે સવાબના પ્રકારો | ૧૦૦ |
| નમાઝનુ મહત્વ તથા જરૂરી મસાઈલ | ૫૦ |
| હુઝૂર તાજુશ્શરીઆ علیہ الرحمہના જીવનચરિત્રની ઝલકો | ૧૦૦ |
| સહાબાએ કિરામની કરામતો | ૧૫૦ |
| સમય હજાર નેઅમત | ૧૦૦ |
| **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** | |
| (ભાગ–૧,૨,૩) મિશ્કાત શરીફની શરહો | ૧૦૦૦ |

**નોંધ : રૂા. ૮૦૦/– મેમ્બર ફી ભરી વર્ષભર અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા થકી પ્રકાશિત થતી કિતાબો મફત મેળવો !**

નોંધ : કિંમતના રૂા. ૧૦૦ પર ૧૫ રૂા. ટપાલ ખર્ચ મોકલવો

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

**GRWB/059/Bharuch/02** *C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : **anjuman2006@hotmail.com**

વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી આપની આ પ્યારી સંસ્થાએ નાની મોટી કુલ **૨૪૩**કિતાબો ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફત** પહોંચાડી છે અને સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય કુર્આન, હદીષ, અકવાલથી ભરપૂર દલીલ સભર સાહિત્ય અકીદાની મજબૂતી તથા અમલી ઈસ્લાહ માટે પ્રકાશિત કરવાનું કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે.

★ **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

★ **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

★ આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

★ **ચારસો (રૂા. ૮૦૦/–) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

★ કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

★ **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના** પર **અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

## બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત (ઈન્ડિયા) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નત વ જમાઅત યા'ને **'મસ્લકે આ'લા હઝરત'**નું આ અજોડ માસિક આઠમા વર્ષમાં પ્રવેશ પામવા તૈયારી કરી રહ્યું છે. પાંચ વરસની કારકિર્દીમાં આ માસિકે અજોડ લોકચાહના મેળવી છે.

**બરકાતે ખ્વાજા માસિક** અટલે...........:–

★ અહલે સુન્નત વ જમાઅતનું અનોખુ માસિક !

★ મસ્લકે આ'લા હઝરતનું પ્રચારક માસિક !

★ ડંકાની ચોટ પર એલાને હક્ક કરતું માસિક !

★ ઈસ્લામ તથા સુન્નિયત વિરુધ્ધ ઉઠતા વિરોધ વંટોળનો જડબાતોડ જવાબ આપતુ માસિક !

★ સુન્નીઓના આ પ્યારા માસિકના ગ્રાહક બનો તથા બનાવો !

**● લવાજમ ●**

| | | |
|---|---|---|
| **છુટક નકલ** | **રૂા.** | **૨૫/–** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા.** | **૨૫૦/–** |
| **વિદેશ માટે** | **રૂા.** | **૧૫૦૦/–** |
| **પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) ઈન્ડિયા** | **રૂા.** | **૨૨૦૦/–** |
| **આજીવન (૨૫ વર્ષ માટે) ઈન્ડિયા** | **રૂા.** | **૫૦૦૦/–** |
| **વિદેશ માટે પેટ્રન** | **રૂા.** | **૧૨૦૦૦/–** |
| **વિદેશ માટે આજીવન** | **રૂા.** | **૨૦,૦૦૦/–** |

**બરકાતે ખ્વાજા (માસિક) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦ તા. જિ. : ભરૂચ,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Email : anjuman2006@hotmail.com**

**www.barkatekhwaja.net**

**જાન્યુઆરી–૨૦૦૪**થી અત્યાર સુધીના **'બરકાતે ખ્વાજા' (માસિક)**ના અંકોમાં વિવિધ ઈલ્મી વાનગીઓની લિજ્જત માણો ! અને તમારા દીન ઈમાનને મજબૂતી બખ્શો ! નેક અમલોવાળા બનો !

**ઓનલાઈન પેમેન્ટ કરી શકો છો** | **Phonepay** | **Googlepay** | **Paytm** | **9427464411**